तं त्री

सोहनलाल म. कोठारी

बी.ए., बी.कॉम्. (लंडन),ए.सी.ए.(इंग्लंड)

नयंतीलाल र. शाह

बी.ए., बी.कॉम्. (लंडन)

जान्युआरी १९५९

मूल्य : २५ नये पैसे

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

जैन युग

व्यवस्थापक मंडल

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डी. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी—तंत्री
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह—तंत्री
बी. ए., बी. कॉम. (लंडन)

प्रकाशन		वार्षिक लवाजम
प्रतिमासनी १ली तारीखे थशे	卐	देश : रूपै २) बे
छूटक नकल २५ नया पैसा		विदेश : रूपै ३) त्रण

जैनयुग

卐 जैनधर्म, तत्त्वज्ञान, साहित्य, कळा, स्थापत्य, इतिहास, जीवनचरित्र ने समाजप्रगतिने लतग विषयोनुं उत्तम जैन मासिक.

卐 अभ्यासपूर्ण गद्यपद्य लेखो तेमां आवशे.

卐 श्री जैन श्वे. कॉन्फरन्स (परिषद्) संबंधी वर्तमानकार्यवाहीनो अहेवाल साथेसाथे अपाशे.

दरेक सुज्ञ आ पत्रना ग्राहक बनी पोताना मित्रोने पण ग्राहक बनावशे अने संघसेवाना कार्यमां पुष्टि आपशे.

आ मासिक बहोळा प्रमाणमां फेलावो पामवानी खात्री राखे छे तो जाहेरखबर आपनाराओने माटे ते उपयोगी पत्र छे; तो तेओने नीचेना सरनामे लखवा के मळवा भलामण छे.

लेखको वगेरेने सूचनाओ

१. अभ्यास, मनन अने संशोधनना परिणामे लखायेला लेखो, वार्ताओ ने निबंधोने प्रथम स्थान मळशे.

२. आ पत्रमां प्रकट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.

३. कोई पण लेख पूर्वे जाते के बीजाए अन्य स्थळे प्रसिद्ध कर्यो होय तो ते कृपा करी न मोकलवो.

४. दरेक लेख तेमज मोकलेल ग्रंथनी समालोचना के समाचार समय स्थळ विचारीने जेम बने तेम त्वराए प्रकट करवानी काळजी लेवाशे.

वांचकोने सूचना

—जेओए पोतानां नाम ग्राहक तरीके नोंधाव्यां न होय तेमणे पूरा ठेकाणा साथे वार्षिक लवाजमना बे रुपीआ मोकली आपवा विनंती छे.

श्री जैन श्वे० कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधूनी, कालबादेवी, मुंबई नं. २

न्यायविशारद न्यायाचार्य उपाध्याय श्रीयशोविजयजी महाराजना जीवनकाळनी विचारणामां अभूतपूर्व प्रकाश पाडतो वि. सं. १६६३ मां चीतरायलो ऐतिहासिक कागजपट



આ પટના ચારે ખુણે ક્રમોત્ક્રમે, પ્રાચીન ઢબે, મિશ્રભાષા અને લિપિમાં જે પુષ્પિકા લખી છે, તે નીચે મુજબ છે :—

શ્રીમત્તપગચ્છ [च्छ] શૃંગારહાર જગદ્ગુરુ શ્રી ૫ શ્રીહીરવિજયસૂરિપટ્ટપ્રભાકર શ્રી ૫ શ્રીવિજયસેનસૂરીશ્વરવિજયરાજ્ય [જ્યે] ॥ મહોપાધ્યાય શ્રી ૫ શ્રીકલ્યાણવિજયગણિશિષ્યેણ પં૦ નયવિજયગણિના લિપીકૃતઃ । ગણિજસવિજયયોગ્યં ॥ શ્રીઃ ॥ છઃ ॥ ॥ સંવત ૧૬૬૩ વર્ષે કણસાગરગ્રામે લિપીકૃતઃ ॥ મેરુવર્તુલાકારલક્ષયોજનોચ્ચં ।

ભાવાર્થ : સુશોભિત તપગચ્છને માટે સુશોભિતહારસમા જગદગુરુ શ્રીહીરવિજયસૂરિના સ્થાન ઉપર સૂર્યસરખા શ્રીવિજયસેનસૂરીશ્વરના રાજ્યમાં, મહોપાધ્યાય શ્રીકલ્યાણવિજયગણિના શિષ્ય, પં. નયવિજયગણિએ ગણિજસવિજય માટે આ પટ આલેખ્યો છે.

* વિ. સંવત ૧૬૬૩ ની સાલમાં 'કણસાગર' ગામમાં રહીને આ ચિત્ર દોરેલ છે. * મેરુ (પર્વત) વર્તુલાકાર એક લાખ યોજનનો ઉંચો છે. * બીજો સવિસ્તર વિચાર ક્ષેત્રવિચારથી જાણવો.

પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજના સૌજન્યથી]

[જુઓ પા. ૨૯



१५ मी सदीमां कापडपर चितरायेल वर्धमान–विद्यापट

तसवीर : डॉ. उमाकान्त शाह]

[श्री अमृतलाल पंडितना संग्रहमांथी

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ का મુખપત્ર

卐

વર્ષ : જૂનું ૨૦, નવું ૨ 卐 વીરાત્ સં. ૨૪૮૫, વિક્રમાર્ક ૨૦૧૫ 卐 તા. ૧ જાન્યુઆરી ૧૯૫૯ 卐 અંક ૩

શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તવન

હિતકારી તે હિતકારી, ગોડીપાસ પરમ ઉપગારી રે,
તોરી મૂરતિ મોહનગારી રે, તે તો લાગઈ મુઝનઈ પ્યારી રે ॥ ૨ ॥

વાહઈ જીમ ચંદ ચકોરા રે, જીમ વંછઈ ધનનઈ મોરા રે,
જીમ વાલ્હી ગજનઈ રેવા રે, તીમ વ્હાલ્હી મુઝ તુઝ સેવા રે ॥ ૨ ॥

જે સાહિબ ચતુર સનેહી રે, તેહેસ્યૂં વાત અગોચર કેંહી રે,
સગુણાસ્યૂં તિણિ પરિમિલિઈ રે, જીમ સાકર દૂધિં ભલિઈ રે ॥ ૩ ॥

જે તુઝ ગુણ મઈં ચિતિ ધારિયા રે, તે તો જઈ નવિ વીસારિયા રે,
સૂહણઈ પણિ સાંભરિવાઈ રે, પરના ગુણ ચિતિ ન સુહાવઈ રે, ॥ ૪ ॥

મદ-માત્-મનોભવ દલિયા રે, પર સુર તો સધલા ગલિયા રે,
તેહના ગુણ જે મુખિ ભાખેઈ રે, તે તો દૃષ્ટિરાગ નિજ દાખઈ રે ॥ ૫ ॥

બિહૂંમાંહિ ઈક અધિકાઈ રે, પરખંતાં મુઝ મનિ ભાઈ રે,
તુઝ વચનઈં સધલું સાચું રે, પર વચનઈં સધલું કાચું રે ॥ ૬ ॥

જાણો તિમ જગત જાણો રે, મુઝ મનિ તો તૂઝ સુહાણો રે,
સરવંગી નયની વાણી રે, તૂઝ વિણ અવરઈ નવિ જાણી રે ॥ ૭ ॥

આજ અમિય ઘનાઘન વૂઠા રે, સમકિતદૃષ્ટી સુર તૂઠા રે,
નિજ કરિ ચિંતામણિ આયો રે, જે મઈ તુઝ દરશન પાયો રે ॥ ૮ ॥

સાહિબ તુઝ અરજ કરીજઈં રે, સેવક ઊપરિ હિત કીજઈં રે,
વાચક જશ કહેઈ અવિધારો રે, ભવસાયર પાર ઊતારો રે ॥ ૯ ॥

—મહોપાધ્યાય શ્રી યશોવિજયજી

जैन युग

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

વર્ષ ૨ | ૧ જાન્યુઆરી ૧૯૫૯ | અંક ૩

गुणभवण गहण सुयरयण, भरियं दंसण विसुद्धरत्थाग्गा।
संघनयर भद्दं ते, अखंड चरित्तपागारा॥

— नंदी सूत्र

અર્થ—ગુણરૂપ ભવનોથી ગહન, શાસ્ત્રરૂપ રત્નોથી ભરપૂર, દર્શનરૂપ શુદ્ધ શેરીવાળા અને અખંડ ચારિત્રરૂપ કિલ્લાવાળા હે સંઘરૂપ નગર! તમારું કલ્યાણ હો.

卐

વિદ્વાનો અને કાર્યકરોની જરૂર

કૉન્ફરન્સની સ્થાપના સમયથી, એટલે કે છેલ્લાં છપ્પન વર્ષ દરમ્યાન, ઇતર સમાજોની જેમ, જૈન સમાજમાં પણ નાનીમોટી શિક્ષણ-સંસ્થાઓ કે જાહેર સંસ્થાઓની સ્થાપના અને વૃદ્ધિ થતી રહી છે. તેમાંય, હિંદુસ્તાન સ્વતંત્ર થયા પછી તો, છેલ્લાં દસેક વર્ષમાં આ બન્ને પ્રકારની સંસ્થાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. સમાજના અભ્યુદયની દૃષ્ટિએ આ એક આનંદદાયક અને આવકારવાયોગ્ય હકીકત લેખાય.

શિક્ષણ-સંસ્થાઓનો વિચાર કરીએ તો ધાર્મિક અને સામાન્ય કેળવણી, એ બન્ને પ્રકારની સંસ્થાઓમાં આપણે ત્યાં ઠીક ઠીક વધારો થયો છે. ધાર્મિક શિક્ષણ માટે જુદાં જુદાં ગામો કે શહેરોમાં ચાલતી નાની-મોટી પાઠશાળાઓની સંખ્યા સારા પ્રમાણમાં વધી છે; અને છતાં હજી એમાં ઘણો વધારો થવાને અવકાશ છે. ઘણાં સ્થાનોમાં ધાર્મિક પાઠશાળાઓ જ ચાલતી હોવા છતાં હજી ઘણાં બધાં સ્થળો એવાં છે કે જ્યાં આવી પાઠશાળાઓની સગવડ થવી બાકી છે. ખરી વાત તો એ છે કે આવી પાઠશાળાઓ જ્યાં જ્યાં જૈનોની વસતી હોય ત્યાં બધેય સ્થપાવી જોઈએ. અલબત્ત, હવેની ધાર્મિક પાઠશાળાઓનો અભ્યાસક્રમ આપણી ઊછરતી પેઢીમાં ધર્મભાવના અને એમની રસવૃત્તિને પોષે અને એની જિજ્ઞાસાને ઉત્તેજે તેમ જ સંતોષે એવો નવેસરથી ઘડાયેલો હોવો—જોઈએ, પણ એ બાબતની વિચારણા અહીં પ્રસ્તુત નથી. એટલે એ માટેનો આટલા સૂચન પૂરતો નિર્દેશ બસ લેખાય.

ઉપર સૂચવ્યું તેમ, આપણે ત્યાં જેમ ધાર્મિક અભ્યાસ કરાવતી શાળાઓ અને પાઠશાળાઓનો વધારો થયો છે તેમ, નિશ્ચિત અભ્યાસક્રમની યોજના કરીને સામાન્ય શાળાઓ કે કૉલેજોની ઢબે, મોટા પાયા ઉપર ધાર્મિક પરીક્ષાઓ લેતી જતી સંસ્થાઓ પણ ઉદય પામી છે. મુંબઈનું શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ, મહેસાણાનું શ્રી જૈન શ્રેયસ્કર મંડળ અને રાજનગર (અમદાવાદ)ની શ્રી રાજનગર કેળવણી ધાર્મિક પરીક્ષા સંસ્થા—એ ત્રણ જૂની સંસ્થાઓ તો આ કામ ધોરણસર વ્યવસ્થિત રીતે કરતી હતી, એમાં થોડા સમય પૂર્વે પૂનાની જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ અને મુંબઈના જૈન ધાર્મિક શિક્ષણ સંઘનો ઉમેરો થયો.

સામાન્ય શિક્ષણની સંસ્થાઓનો વિચાર કરીએ તો, સીધે સીધું આવું કેળવણીનું કામ કરતી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ કે ઉચ્ચ શિક્ષણ આપતી મહાશાળાઓ (કૉલેજો) કેટલીક જૈન સમાજે સ્થાપી છે; આમ છતાં એમાં વિશેષ નોંધપાત્ર વધારો નથી થયો. અને હવે, આપણા દેશના નવા રાજ્યબંધારણ પ્રમાણે તો, કેવળ કોમી ધોરણે કે કેવળ જૈન સમાજના વિદ્યાર્થીઓને જ શિક્ષણ આપવાની દૃષ્ટિએ આવી સંસ્થાઓ ચલાવવાનું લગભગ અશક્ય જેવું બની ગયું

છે. કારણ કે કોઈપણ કોમી સંસ્થાને સરકાર તરફથી ગ્રાન્ટ મળી શકે જ નહીં. અને સરકારી મદદ (ગ્રાન્ટ) વગર આવી સંસ્થાઓને કાયમને માટે નભાવવામાં અને ચલાવવામાં જે જંગી ખર્ચ ભોગવવો પડે છે તેને પૂર્ણ રીતે પહોંચી વળવું બહુ મુશ્કેલ છે. એટલે આવી કોઈ શિક્ષણ સંસ્થાની સ્થાપના કેવળ જૈન સમાજના જ પૈસાથી થઈ હોય તો પણ એને વિદ્યાર્થીઓની દૃષ્ટિએ તો સાર્વજનિક જ બનાવવી પડે છે.

આમ છતાં માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ રહેવા-જમવાની જરૂરી સગવડ મેળવીને નિરાકુલપણે પોતાના વિદ્યાભ્યાસમાં આગળ વધી શકે એ માટે આપણે છાત્રાલયો, ગુરુકુળો, વિદ્યાર્થીગૃહો, વિદ્યાલયો જેવી સંસ્થાઓ બહુ મોટી સંખ્યામાં ચલાવીએ છીએ, અને એની પાછળ જૈન સમાજ સમયને પારખીને દર વર્ષે સારું એવું ખર્ચ પણ કરે છે. અત્યારના યુગમાં જ્યારે કેળવણીમાં આગળ વધ્યા વગર કોઈ પણ વ્યક્તિ કે સમાજને ચાલવાનું નથી ત્યારે આવી સંસ્થાઓ એ સાચે જ વિદ્યાર્થીઓને માટે આશીર્વાદ સમાન થઈ પડે છે.

અને હવે તો સમાજની દરેકે દરેક વ્યક્તિને અત્યારના સમયમાં કેળવણીનું મહત્ત્વ અને એની અનિવાર્યતા એવી સમજાઈ ગઈ છે કે આવી છાત્રાયલો વગેરે જેવી સંસ્થાઓ આપણી પાસે સારી એવી સંખ્યામાં હોવા છતાં એ ઓછી પડવા લાગી છે, અને શિક્ષણ લેવા ઇચ્છતા બધા વિદ્યાર્થીઓને એ સમાવી શકતી નથી. એટલે હજી પણ આપણે આવી અનેક સંસ્થાઓ સ્થળે સ્થળે નવી નવી સ્થાપવી પડશે; અને એ માટે નાણાંની પૂરતી જોગવાઈ કરવી પડશે.

ઉપરાંત, હવે તો બહેનોનું શિક્ષણ પણ એટલું જ જરૂરનું થઈ ગયું છે; અને લગભગ બધી જ બહેનો, બની શકે અને સગવડ મળી શકે ત્યાં સુધી, ઓછામાં ઓછું માધ્યમિક શિક્ષણ તો લે જ છે; અને કેટલીક બહેનો, જેમની સંખ્યા પણ કંઈ નાનીસૂની ન હોય, તો ઉચ્ચ શિક્ષણમાં પણ આગળ વધવા લાગી છે અથવા આગળ વધવાની ઝંખના સેવી રહી છે. તો સમાજે વહેલા કે મોડા એમને માટે પણ આર્થિક અને બીજી જોગવાઈ કરવાની રહેશે જ.

વળી, કેળવણી, શિક્ષણ કે વિદ્યાવિકાસનું જ અંગ લેખી શકાય એવી સાહિત્ય પ્રકાશન કરતી નાની-મોટી સંસ્થાઓ પણ આપણે ત્યાં ઘણી છે; અને આવી સંસ્થાઓમાં છેલ્લાં વર્ષો દરમ્યાન નોંધપાત્ર વધારો થયો છે. અલબત્ત, આવી સંસ્થાઓ નિયમિત રીતે વ્યવસ્થિતપણે નક્કર કામ કેટલું કરે છે અને એમનાં પ્રકાશનો અત્યારના સમયની માગણીને કેટલા પ્રમાણમાં સંતોષે છે એ બીજી બાબત છે; આ કસોટીએ પ્રકાશન-સંસ્થાઓનું મૂલ્યાંકન કરવા જતાં બહુ ઓછી સંસ્થાઓ સફળ થયેલી માલૂમ પડે. પણ અહીં તો એટલું કહેવું જ પ્રસ્તુત છે કે ગ્રંથ પ્રકાશન સંસ્થાઓ પણ આપણે ત્યાં વધી છે.

આ તો થઈ ધાર્મિક કે સામાન્ય શિક્ષણનું કે સાહિત્યનું કામ કરતી સંસ્થાઓની વાત.

આ જ રીતે બીજી જાહેર સંસ્થાઓ-જાહેર સેવાની સંસ્થાઓ પણ જૈન સમાજમાં અનેક છે, અને હજી પણ નવી નવી ઊભી થતી જાય છે. એક યા બીજી રીતે સમાજની સેવા માટે સ્થપાયેલી આવી સંસ્થાઓમાં આખા દેશના ધોરણે કામ કરતી આપણી કૉન્ફરન્સ જેવી સંસ્થા પણ ગણી શકાય અને એકાદ ગામ કે શહેરના ધોરણે કામ કરતું સ્વયંસેવક મંડળ કે યુવક મંડળ પણ ગણી શકાય. આવાં સેવા મંડળો તો ગામે ગામ કે શહેરે શહેરોનાં મળીને ઘણાં છે.

તીર્થસ્થાનો, દેવસ્થાનો અને ધર્મસ્થાનોની સારસંભાળ રાખતી અને એનો વહીવટ સંભાળતી સંસ્થાઓ પણ આપણે ત્યાં બહુમોટી સંખ્યામાં અસ્તિત્વ ધરાવે છે. આમાં આખા દેશનો દરજ્જો ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જેવી સંસ્થા પણ આવી જાય અને એક ગામ, શહેર કે પ્રાંત જેવા અમુક વર્તુલ પૂરતો વહીવટ કરતી સંસ્થા પણ આવી જાય.

વળી ભોજનશાળાઓ, ધર્મશાળાઓ, વાચનાલયો, પુસ્તકાલયો કે રુગ્ણાલયો જેવી સંસ્થાઓ પણ જૈન સમાજમાં અત્યારે વિશેષ પ્રમાણમાં નવી નવી સ્થપાતી જાય છે.

આ રીતે વિચાર કરતાં જૈન ધર્મ, જૈન સંઘ અને જૈન સમાજની અનેક રીતે, અનેક ક્ષેત્રોમાં, સેવા કરવાને જાણે ખડે પગે તૈયાર હોય એવી અગણિત સંસ્થાઓ આપણે ત્યાં હોવાનું આપણને લાગે છે; અને આ સંસ્થાઓની આટલી મોટી સંખ્યા જોઈને-જાણીને જાણે આપણું મન ભરાઈ જાય છે અને હર્ષિત બની જાય છે. પરંતુ આપણો આ હર્ષ માત્ર ત્યાં સુધી જ ટકી શકે છે કે જ્યાં સુધી આપણે સંસ્થાઓના આંત-

રિક વહીવટમાં રોકિયું નથી કરતા. આવી સંસ્થાઓના વહીવટનો જો અભ્યાસ કરવામાં આવે તો કેવળ અસંતોષ જ અનુભવવાનો રહે!

ધાર્મિક પાઠશાળાઓ માટે યોગ્ય શિક્ષકો તો નથી મળતા પણ સામાન્ય કોટિના શિક્ષકો પણ પૂરતી સંખ્યામાં નથી મળતા; અને બહેનોને આવું શિક્ષણ આપી શકે એવી સ્ત્રીશિક્ષિકાઓની માગણી તો બહુ ઓછા પ્રમાણમાં સંતોષી શકાય છે.

છાત્રાલયો, વિદ્યાલયો કે ગુરુકુળોને સુયોગ્ય ગૃહપતિ નહીં મળતો હોવાની ફરિયાદ તો હવે જાણે રોજની બની ગઈ છે. આટલું જ શા માટે, કોઈ કોઈ સંસ્થાને તો સાધારણ કક્ષાના ગૃહપતિને મેળવવા માટે પણ ફાંફાં મારવાં પડે છે.

સાહિત્યપ્રકાશનની સંસ્થાઓનું સુચારુરૂપે સંચાલન કરી શકે અને ખાસ કરીને સાહિત્ય સંશોધનના આધુનિક વૈજ્ઞાનિક ગ્રંથોનું સાંગોપાંગ સુંદર અને સુઘડ પ્રકાશન કરી શકે એવા નિષ્ણાવાન અને તલસ્પર્શી જ્ઞાન ધરાવતા વિદ્વાનો તો અત્યારે શોધ્યા જડતા નથી. પરિણામે, આપણી અનેક સાહિત્ય સંસ્થાઓ પાસે પુષ્કળ પૈસો હોવા છતાં એનુ ગ્રંથપ્રકાશન કાર્ય બહુ ધીમું, નબળું અને ઊતરતી કોટીનું થાય છે, જે આજના યુગમાં ભાગ્યે જ આદરપાત્ર બની શકે છે.

જૈનોની મોટી વસતી ધરાવતા દરેક શહેરમાં, વધારે નહીં તો ઓછામાં ઓછો એકાદ વિદ્વાન તો એવો હોવો જોઈએ કે જે જૈનધર્મ, દર્શન અને સંસ્કૃતિનાં વિવિધ અંગોનો અને સાથે સાથે ઇતર ધર્મ કે દર્શન પરંપરાઓનો ઊંડો અભ્યાસી હોય અને કોઈ પણ જિજ્ઞાસુની જિજ્ઞાસાને સારી રીતે સતોષી શકે.

વળી તીર્થસ્થાનો, દેવસ્થાનો કે ધર્મસ્થાનોનો વહીવટ સંભાળતી સંસ્થાઓમાં પણ જનતાને સંતોષ આપી શકે એવી સંસ્થાઓ તો માંડ આંગળીને વેઢે ગણી શકાય એવી જ મળવાની. આ જ હાલત બીજી પણ મોટા ભાગની સંસ્થાઓની છે. આવી બધી સંસ્થાઓના સંચાલનનો ભાર જેમ સવેતન કાર્યકરોને માથે હોય છે તેમ અવેતન (ઑનરરી) જાહેર કાર્યકરોને માથે પણ હોય છે. પણ જાહેર કાર્યકરો બધે જ પહોંચી વળે એટલા આપણી પાસે છે જ નહીં એ હકીકત છે. પરિણામે એક જ જાહેર કાર્યકરને અનેક સંસ્થાઓ સાથે સંકળાવું પડે છે અને છેવટે દરેકને સમય, શક્તિ અને સગવડોની મર્યાદા હોવાથી સંસ્થાના કાર્યને પૂરતો ન્યાય નહીં મળવાને કારણે સંસ્થાનો વહીવટ કથળે છે.

આ બધા વિવેચનનો સાર એ જ નીકળે છે કે સેવાની કે શિક્ષણ અને સાહિત્ય પ્રકાશનની સંસ્થાઓના વહીવટને પહોંચી શકે એવા કાબેલ અને શક્તિશાળી કાર્યકરો અને વિદ્વાનોની આપણે ત્યાં ખોટ છે; અને આ ખોટ જ્યાં સુધી દૂર ન થાય ત્યાંસુધી આપણી સંસ્થાઓનું સંચાલન સંતોષકારક રીતે ચાલે, એ ન બનવા જોગ છે. તો આ માટે શું કરવું જોઈએ?

વિદ્વાનો અને સારા શિક્ષકો માટે પહેલી જરૂર તો એમના પગારના ધોરણમાં અને સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થવો જોઈએ; એમનો માનમર્તબો પણ પૂરેપૂરો જળવાવો જોઈએ, અને બીજા કાર્યકરો માટે પણ પગાર અને પ્રતિષ્ઠાનું ધોરણ વધારવાની સાથે એમને તે કાર્યમાં કેળવવાની જોગવાઈ કરવી જોઈએ. અનુભવી કર્મચારીઓ મળતા રહે તો વહીવટમાં ચોક્કસ ફેર પડે.

વળી, સારા શિક્ષકો અને સારા કાર્યકરો તૈયાર કરવા માટે ટ્રેનિંગ કૉલેજ કે એવી એકાદ સંસ્થાની ઉપયોગિતા પણ અમને વિચારવા અને ધ્યાન આપવા જેવી લાગે છે.

અને અવેતન કાર્યકરો પણ વધવા જ જોઈએ. આ માટે દરેક સંસ્થાએ નવા નવા કાર્યકરોને આંવકારવા જોઈએ, અને એમને સંસ્થાના સંચાલનનો અનુભવ આપવાની સાથે એમના અનુભવ અને એમની શક્તિનો પણ સંસ્થાના સંચાલનમાં બને તેટલો ઉપયોગ કરવો જોઈએ. અત્યારે કંઈક એવું બન્યું હોય એમ લાગે છે કે આ દિશામાં નવા કાર્યકરો ઓછા આકર્ષાય છે. અને તેથી જૂના કાર્યકરોને માથે વધારે પડતો ભાર આવી પડે છે. પણ આવા કાર્યકરોની તો પરંપરા જ ચાલવી જોઈએ.

આવી બધી સંસ્થાઓ સમાજને માટે ઉપયોગી હોવાનું જો આપણને લાગતું હોય તો એના પ્રાણરૂપ વિદ્વાનો અને કાર્યકરોની અછત દૂર કરવા સમાજે પ્રયત્ન કરવો જ જોઈએ.

જો શક્તિશાળી અને સાચા કાર્યકરો અને વિદ્વાનો પૂરતા પ્રમાણમાં નહીં હોય તો, પૂરતા પૈસે અને સાધને આપણી સંસ્થાઓ સંતોષકારક કામ નહીં કરી શકે એટલું આપણે સમજી રાખીએ.

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

આયંબિલની ઓળી અંગે :

આયંબિલની ઓળીની સામુદાયિક આરાધના અંગે કૉન્ફરન્સ તરફથી મુંબઈ સરકારને દર વર્ષે ડેપ્યુટેશનમાં મળી અથવા પત્રવ્યવહારાદિ કરી ઑર્ડર મેળવવામાં આવતા રહ્યા છે. અત્યારે મુંબઈ સરકારના રાઈસ રીસ્ટ્રિક્શન ઑર્ડર–૧૯૫૭ અન્વયે પચાસ અથવા તેથી વધુ વ્યક્તિઓને ચોખા અથવા તેની કોઈ વસ્તુ આપવા ઉપર પ્રતિબંધ મૂકાયેલ છે. આ અંગે ઓળીની આરાધના કરાવતા દેરાસર અને બીજા ખાતાઓને કૉન્ફરન્સના તા. ૨૫–૩–૫૮ ના પત્ર સાથે સરકારના પત્ર નંબર ઇ–સી–એ–૧૦૫૮–૬૫૬૧૫–૫ અન્વયે તે પ્રકારની આરાધના કરાવતા પૂર્વે આયંબિલ કરનારનાં નામ અને સરનામાં વિગેરે યુક્ત બે યાદી–એક સરકારને અને એક પોલીસ કમિશનરને—અગાઉથી મોકલી તે માટેની પરવાનગી મેળવવાની આવશ્યકતા હોય છે તે તરફ પુનઃ લાગતાવળગતાઓનું ધ્યાન ખેંચવા કૉન્ફરન્સ દ્વારા તા. ૧૬–૧૨–૫૮ ના રોજ પરિપત્ર મોકલાયા છે. અને આશા રાખવામાં આવે છે કે જ્યારે જ્યારે તેવી સામુદાયિક આરાધનાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે ડાયરેક્ટર ઑફ સિવિલ સપ્લાઈઝ, મુંબઈ પાસેથી તેની પરવાનગી મેળવવાની વ્યવસ્થા ઘટતા સ્થળેથી કરવામાં આવશે.

પ્રાંતિક અથવા સ્થાનિક સમિતિ :

કૉન્ફરન્સની શ્રી શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ અંતર્ગત વ્યાવહારિક અને ઔદ્યોગિક શિક્ષણની યોજના, નાના નાના ગૃહઉદ્યોગો દ્વારા આજીવિકા પ્રાપ્ત કરવાની સગવડ, જેસલમેર જ્ઞાનભંડાર સૂચિપત્ર પ્રકાશન તેમજ જનતા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શનરૂપ માહિતી, 'જૈનયુગ' પ્રકાશન તેમજ વખતોવખત ઉપસ્થિત થતી સામાજિક અને રાજકીય પ્રશ્નો અંગે માર્ગદર્શન આદિની વિવિધ પ્રવૃત્તિના સંચાલન તેમ જ વિકાસનો આધાર જનસમુદાય અને સભાસદોના સહકાર ઉપર નિર્ભર હોય છે. આ દૃષ્ટિએ કૉન્ફરન્સના બંધારણની કલમ ૨૬માં સ્થાયી સમિતિના પ્રાંતિક અથવા વિભાગવાર સભાસદો ઉપરાંત બીજા સભાસદો બનાવી પ્રાંતિક અથવા સ્થાનિક સમિતિની રચના માટે નીચે મુજબ નિર્દેશ કરવામાં આવેલ છે.

" પ્રાંતિક તથા સ્થાનિક સમિતિઓ :

(૧) કૉન્ફરન્સના અધિવેશન વખતે દરેક પ્રાંતના અખિલ ભારત જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ સ્થાયી સમિતિના જે સભાસદો ચુંટાય તેઓએ તે પ્રાંતના પ્રાંતિક મંત્રીઓની ચુંટણી કરવી. આવા પ્રાંતિક મંત્રીએ તે તે પ્રાંતની સમિતિ તે તે પ્રાંતમાંથી અખિલ ભારત જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ સ્થાયી સમિતિના જે સભાસદો ચુંટાયા હોય તે ઉપરાંત તે વિભાગમાંથી સંસ્થાના નોંધાયેલા સભાસદો ઉમેરીને પ્રાંતિક સમિતિ રચવી અને તે સમિતિ દ્વારા કૉન્ફરન્સને લગતાં કાર્યો કરવા તથા ઠરાવ અમલમાં મુકવા પ્રયત્નો કરવા. આવી પ્રાંતિક સમિતિઓ બીજી સ્થાનિક સમિતિઓ તથા તેના મંત્રીઓ રચી શકશે. આવી સ્થાનિક સમિતિના સભાસદો જ્યે તે સ્થાનમાં રહેતા હોય તો તેઓ તેના સભાસદ ગણાશે.

(૨) આવી રીતે પ્રાંતિક સમિતિઓ યા સ્થાનિક સમિતિઓ કોઈ પણ કારણે ન રચી શકાય તો મુખ્ય મંત્રીઓ તેવી બન્ને પ્રકારની સમિતિઓ તથા મંત્રીઓની રચના તથા નિમણૂક કરશે.

(૩) આવી પ્રાંતિક અને સ્થાનિક સમિતિઓ નોંધણી માટેની ફી ભર્યા સિવાય દર વીસ સભાસદોએ એકના ધોરણે અધિવેશન માટે પ્રતિનિધિ મોકલી શકશે.

(૪) આવી પ્રાંતિક તથા સ્થાનિક સમિતિઓ પોતાના પ્રાંત શહેર યા ગામમાંથી નિભાવ ફંડ ઉઘરાવશે તથા તેમાંથી ઉઘરાવવાનું ખર્ચ બાદ જતાં બાકીની રકમમાંથી પોણો હિસ્સો પોતાના પ્રાંત કે સ્થાનિક સમિતિના ખર્ચ, પ્રચાર કાર્ય

વિગેરે માટે રાખી બાકીની ૨૫% (પચ્ચીસ ટકા) રકમ મુખ્ય કાર્યાલયમાં મોકલશે. ”

ઉપર જણાવ્યાનુસાર સમિતિઓ નીમાય તો કૉન્ફરન્સના કાર્યને વેગ મળી શકે અને જૂદા જૂદા પ્રદેશોમાં ઉપસ્થિત થતા પ્રશ્નો અંગે માર્ગદર્શન કરાવી શકાય એ દૃષ્ટિએ અખિલ ભારત જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સની સ્થાયી સમિતિના સભ્યોને તા. ૮–૧૨–૫૮ ના પરિપત્ર દ્વારા પ્રાંતિક અથવા સ્થાનિક સમિતિઓની રચના કરવા વિનંતી કરવામાં આવી છે. તે તરફ સભ્યોનું ધ્યાન ખેંચીએ છીએ.

સભ્યો અને વાર્ષિક લવાજમ:

કૉન્ફરન્સના બંધારણાનુસાર અખિલ ભારત જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ સ્થાયી સમિતિના પ્રત્યેક સભાસદે દર વર્ષે રૂા. ૫) પાંચ અને સામાન્ય સભ્ય તરીકેની ફી રૂા. ૧) એક મળી કુલ રૂપીઆ ૬ આપવાના હોય છે. (પેટ્રન અને આજીવન સભ્યો માટે રૂા. પાંચ). તદનુસાર સંવત્ ૨૦૧૫ના લવાજમની રકમ સભ્યોને વસૂલ આપવા માટે તા. ૮–૧૨–૫૮ના પરિપત્રથી વિનંતી કરવામાં આવી છે. સભ્યોને પોતાના લવાજમની રકમ ચેક, મનીઑર્ડર અથવા અન્ય રીતે મોકલી આપવા પુનઃ યાદ આપીએ છીએ.

“જૈન યુગ” અને ગ્રાહક:

કૉન્ફરન્સ તરફથી નવેમ્બર ૧૯૫૭થી નિયમિત “જૈનયુગ” સ્થાયી સમિતિના સભ્યોને મોકલાય છે અને તેના ગ્રાહક થવા માટે તા. ૮–૨–૧૯૫૮ અને તા. ૮–૧૨–૧૯૫૮ના પરિપત્રથી જૂદી વિનંતી કરવામાં આવી છે છતાં અત્યારપર્યંત મોટા ભાગના સભ્યોનાં નામ ગ્રાહક તરીકે નોંધાયાં નથી.

“જૈનયુગ” માટે અનેક સ્થળોએથી ઉચ્ચ અભિપ્રાય પ્રદર્શિત કરવામાં આવે છે એટલું જ નહીં પણ તેને વિશેષ સમૃદ્ધ બનાવવા સૂચનાઓ થાય છે. કાર્યવાહકો પણ તેને વિવિધ પ્રકારે વિકસાવવાની ધારણા રાખી રહ્યા છે પણ તે ક્યારે બની શકે? ઓછામાં ઓછા ખર્ચ જેટલી રકમ તો સંસ્થાને અવશ્ય પ્રાપ્ત થવી જોઈએ. અત્યારે ગ્રાહકોની સંખ્યા મર્યાદિત હોઈ પ્રોત્સાહિત કરનારી જણાતી નથી. તેથી ઓછામાં ઓછા ૫૦૦૦ ગ્રાહકો નોંધવાની ભાવનાને વધાવી તે માટે કૉન્ફરન્સની સ્થાયી સમિતિના પ્રત્યેક સભાસદે પ્રયાસ કરવાની આવશ્યકતા છે. સભાસદો અને સેવાભાવી સંસ્થાઓ, મંડળો વ૦ આ બાબતમાં પ્રયત્ન કરી સમાજસેવાની ભાવનાથી પ્રકટ થતા આ માસિક પત્રના ગ્રાહક થઈ અથવા જાહેર ખબર આપી અપનાવશે.

મધ્યમવર્ગના ઉત્થાનના માર્ગો :

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના ‘જૈનયુગ’ વ્યવસ્થાપક મંડળ તરફથી ‘મધ્યમવર્ગના ઉત્થાનના માર્ગો’ એ વિષય ઉપર હિંદી, ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં ૪૦૦૦ શબ્દ પ્રમાણવાળા નિબંધો તા. ૨૮–૨–૧૯૫૯ સુધીમાં મંગાવવામાં આવ્યા છે, જે અંગેની જાહેરાત શિક્ષણસંસ્થાઓ, છાત્રાલયો, પરિપત્ર અને વર્તમાનપત્રાદિ દ્વારા થઈ છે તે તરફ સૌનું ધ્યાન ખેંચીએ છીએ.

એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષાઓ :

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ દ્વારા રવિવાર, તા. ૧૪–૧૨–૫૮ના રોજ ૫૨ સ્થળોએ ધાર્મિક હરિફાઈની ધનાબી પરીક્ષાઓ લેવામાં આવી હતી. આ માટે લગભગ ૨૧૦૦ વિદ્યાર્થીઓના પ્રવેશપત્રો મળ્યા હતા.

સ્વ. શેઠ શ્રી પુરુષોત્તમ સુરચંદ :

“ધીર, વીર, ગંભીર અને નિખાલસપણાની જ્યોતસ્વરૂપ શ્રી પુરુષોત્તમ સુરચંદ જેવી આગેવાન વ્યક્તિઓની દેશ અને સમાજને જરૂર છે. વિરૂદ્ધ પક્ષને જ પોતાનું ન્યાય તોલવાનું સોંપે એવી સાહસિકવૃત્તિ અને જીવનમાં એકમાત્ર સાંધવાનું રચનાત્મક કાર્ય કરનાર એમના જેવી વિભૂતિ ભાગ્યેજ નજરે ચઢશે”–એ પ્રમાણેની અંજલિ શ્રી કાંતિલાલ ઈશ્વરલાલે શ્રી નેમીનાથજી દેરાસરના હૉલમાં શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ, શ્રી ઝાલાવાડ જૈન મૂર્તિ પૂજક સંઘ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, આદિ ૧૭ સંસ્થાઓના ઉપક્રમે મળેલ જાહેર સભામાં ધ્રાંગધ્રાનિવાસી સ્વ. શેઠ પુરુષોત્તમ સુરચંદને અર્પી હતી.

કૉન્ફરન્સના મંત્રી શ્રી જયંતીલાલ રતનચંદ શાહે આજના પ્રસંગની ગંભીરતા રજૂ કર્યા બાદ પ્રારંભમાં કૉન્ફરન્સના ઉપ-પ્રમુખ શ્રી ફુલચંદ શામજીએ કહ્યું હતું કે નામ પ્રમાણે ઉત્તમ પુરુષના ગુણો શ્રી પુરુષોત્તમભાઈમાં હતા. કૉન્ફરન્સના જૂનાગઢ અધિવેશન પ્રસંગે સ્વાગતાધ્યક્ષ તરીકેની તેમણે ઉપાડેલી જવાબદારી એક કસોટી સમાન હતી, જેમાં તેઓએ વિજય મેળવી સમાજસેવાની પોતાની ધગશ અપૂર્વ રીતે દાખવી. જન્મ-મરણ નિર્માણ છતાં પણ જે દેશ અને સમાજને ઉપયોગી થાય

તેનું જ જીવન ધન્ય મનાય છે. શ્રી કેશવલાલ શાહે સ્વર્ગસ્થને આત્મિક સંપત્તિના ખજનારૂપ પુરુષ વર્ણવ્યા. શ્રી ગોવિંદજી શામજીએ પુણ્યનું ભાથું રિઝર્વ રાખી કોઈની પણ મુશ્કેલીમાં સહાય્યભૂત થનાર "દિવ્યપુરુષ"ના બિરૂદથી અંજલિ આપી. શ્રી રતનશી પ્રાગજી, શ્રી જયવંતલાલભાઈ, શ્રી પં. મોતીલાલભાઈ આદિએ સ્વર્ગસ્થને-વિવિધ સમાજ, ધર્મ અને શિક્ષણના કાર્યોને પ્રેરણા અને પોષણ આપવા માટેની હકિકત વર્ણવી ઉચ્ચ શબ્દોથી અંજલિ આપી હતી. ધ્રાંગધ્રા, કાંદિવલી અને મુંબઈ તેમ જ પંજાબના અનેક સ્થળોએ તેઓશ્રી દ્વારા આર્થિક અને સેવાવૃત્તિથી પોષાયેલી સંસ્થાઓ આજે ખૂબ વિકસિત થઈ રહી છે તેની સભામાં વક્તાઓએ વિગતો રજૂ કરતાં એક દાનવીરના દેહ-વિલયથી મહાન ખોટ પડી હોવાનું દશ્ય સર્જાયું હતું. બાદ શેઠ શ્રી કાંતિલાલ ઈશ્વરલાલે પ્રમુખસ્થાનેથી શોક-દર્શક હરાવ રજૂ કરતાં સભાએ ઉભા થઈ શાંતિપૂર્વક તે સર્વાનુમતે પસાર કર્યો હતો. આ પ્રસંગે ધ્રાંગધ્રાના શ્રી આણંદજી કલ્યાણજી અને ધ્રેણરીઆ સંઘ તેમજ ધ્રાંગધ્રા જૈન બોર્ડિંગના તાર સંદેશાઓ મળ્યા હતા.

વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન :

શિક્ષણની ભૂખ જે સમયે વધુમાં વધુ જાગૃત થયેલી છે તે વખતે તેનાં સાધનોની અનભિજ્ઞતાદિને લઈ ઘણા વિદ્યાર્થીઓને મુશ્કેલી અનુભવવી પડે છે એ વાતને વાર્ષિક પરીક્ષા પછી ઘેર ઘેર જઈ માર્ગદર્શન શોધતા વિદ્યાર્થીઓ દ્વારા પુષ્ટિ મળે છે. શહેરો ફરતા ગામડાઓ-માંના કેટલાય વિદ્યાર્થીઓ અને તેઓના વાલીઓ ચોક્કસ માર્ગદર્શન કે સાધનના અભાવે શિક્ષણ લેતા અટકી પડે છે. અને એ રીતે સમાજ તેમજ દેશને ઉગતી પ્રજાના ઉત્થાનમાં અવરોધ ઉપસ્થિત થતાં ઘણું સહન કરવું પડયું છે. આજે પ્રાયઃ સર્વત્ર શિક્ષણ માટેના સાધનો હોવા છતાં આ સ્થિતિ પ્રવર્તે એ વિચારણીય હોઈ કોન્ફરન્સની કાર્યવાહી સમિતિએ નિયુક્ત કરેલ સાહિત્ય પ્રચાર સમિતિ દ્વારા એ વિષે વિદ્યાર્થી-જગતને ઉપયોગી એવી માહિતી એકત્ર કરી પ્રકટ કરવાનું સૂચન થયું અને કોન્ફરન્સની કાર્યવાહી સમિતિએ એનો સ્વીકાર કરતાં "છાત્રાલય અને છાત્રવૃત્તિઓ" નામક પુસ્તક ટૂંક સમયમાં પ્રકટ કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

ભારતવર્ષમાં અનેક ધર્મ અને જાતિઓ છે જેઓએ પોતપોતાના સમાજના બાલક-બાલિકાઓને શિક્ષણ અને વૈદકીય રાહત માટે જુદી જુદી સગવડો છાત્રાલયો અથવા છાત્રવૃત્તિઓ આદિના સ્વરૂપમાં ગોઠી છે. પંચ-વર્ષીય યોજનામાં પણ રાષ્ટ્રે શિક્ષણ કાર્યને મહત્ત્વપૂર્ણ સ્થાન આપી તે માટે સમુચિત પ્રબન્ધ કરવા યોજનાઓ ઘડી છે. જૈન સમાજમાં પણ આજે વિદ્યાર્થીઓ માટે એ પ્રકારના કેટલાંક સાધન વિદ્યમાન હોવા છતાં જનતાને તેની ખબર નહીં હોવાથી છતે સાધને વિદ્યાર્થીઓને અગવડો વેઠવી પડે છે એવા કેટલાએ બનાવો ઉપરથી જણાયું છે. આ સ્થિતિ અટકે એટલું જ નહિ પણ યથા-શક્ય પ્રયાસે સમાજના વિદ્યાર્થીઓને સહાયરૂપ થઈ પડે એ દૃષ્ટિએ કોન્ફરન્સ તરફથી ઉપરોક્ત પુસ્તક પ્રકાશનનું જે કાર્ય આરંભ કરવામાં આવેલ છે તે યોગ્ય અને સમય-સરનું લેખાશે.

આ માટે જ્યાં જ્યાં શ્વે. મૂર્તિપૂજક વિભાગના વિદ્યાર્થી-ઓને લાભ આપતાં છાત્રાલય, ગુરુકુળ, બાલાશ્રમ, હોસ્ટેલ કે તે પ્રકારની કોઈ સંસ્થા હોય અથવા છાત્રવૃત્તિ માટે ફંડ આદિની વ્યવસ્થા હોય તેની વિસ્તૃત નોંધ મોકલી આપવા 'સાહિત્ય પ્રકાશન સમિતિ' એ ફોર્મ વગેરે મોકલાવ્યા છે અને તે તા. ૧૫-૧-૧૯૫૯ સુધીમાં ભરીને અવશ્ય મોકલી આપવા પુનઃ વિનંતી કરવામાં આવે છે. આગેવાન કાર્યકરો, સંસ્થાઓના વ્યવસ્થાપકો આદિએ પોતાના વિભાગમાં જ્યાં જ્યાં તે પ્રકારની સંસ્થાઓ અને ફંડો હોય તેની માહિતી એકત્ર કરી કોન્ફરન્સ કાર્યાલયને મોકલી આપવાથી વિદ્યાર્થી જગતની એક મહાન સેવા બજાવી ગણાશે.

આ અંગે ફોર્મ વગેરે વિગતો નીચેના સ્થળેથી મેળવી લેવા વિનંતી છે :—

ગોડીજી બિલ્ડિંગ
કાલબાદેવી
મુંબઈ-૨

ધીરજલાલ ટોકરશી શાહ
મંત્રી, સાહિત્ય પ્રચાર સમિતિ
શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ

'જૈન યુગ'ના ગ્રાહકબંધુઓને :

નવેમ્બર, ૧૯૫૮થી 'જૈનયુગ'ના દ્વિતિય વર્ષની શરૂઆત થએલ છે. જે ગ્રાહકબંધુઓએ બીજા વર્ષના લવાજમના બે રૂપીઆ ન મોકલ્યા હોય તેમને મોકલી આપવા વિનંતી છે.

સમાચાર સંકલન

તિથિની આરાધના અંગે નિવેદન :

જૈન સમાજના સુપ્રસિદ્ધ અગ્રેસર અને ઉદ્યોગપતિ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ એ એક નિવેદન દ્વારા જણાવ્યું છે કે "ગુરૂવાર તા. ૭-૯-૫૮ ના રોજ સંવત્સરીની આરાધના એકજ દિવસે કરવાની સૌ આચાર્ય મુનિ-મહારાજોની સંમતિ આવતાં જૈન જનતામાં અનેરો ઉમંગ આવ્યો હતો. ત્યારબાદ તિથિ આરાધના પણ એકજ દિવસે કરવા સારુ મેં અનેક પ્રયત્નો કર્યા છતાં તેમાં સફળતા મળી નથી. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે અમુક આચાર્ય મુનિરાજોને બાદ કરતાં મોટાભાગના બન્ને પક્ષોનું વલણ એવા પ્રકારનું છે કે જેમાં તેઓ સમજ્યા એ સાચું મનાવવાની તમન્ના સેવાઇ રહી છે. જ્યારે તેથી જૈન સંસ્કૃતિ અને સમાજને કેટલું પારાવાર નુકશાન થઈ રહ્યું છે અને થવાનું છે તે તેમના ધ્યાન બહાર રહે છે."

શેઠશ્રી કસ્તુરભાઈનું પ્રેરક પ્રવચન :

"જૈન સમાજે જીવવું હોય તો અંદરના ઝગડાઓને તિલાંજલિ આપવી જોઇશે; અને આપણા ઝગડાઓ કોર્ટે નહિ લઈ જતાં સાથે બેસી સમજવા જોઈ શે.

તિથિચર્ચા માટે મારા પ્રયાસો કેમ કામ નહિ આવ્યા તે અંગે સાધુઓનો દોષ નહીં કાઢતાં, આપણે જ અંદર અંદર સાધુઓનો પક્ષ લઈ બેસી જઇએ છીએ અને સમજતા નથી, તેમજ તેને મહત્વ આપીએ છીએ તે ઇચ્છવા યોગ્ય નથી.

શ્વેતાંબરો અંદર અંદરના ઝગડાઓ નહિ મીટાવે તો બધાને એક કરવાની વાત જ ક્યાં? કલકત્તામાં બધા ફીરકાના ભાઇઓ ભાઇચારાથી રહે છે તે માટે મને આનંદ થાય છે.

બધી સંસ્કૃતિઓમાં જૈન સંસ્કૃતિ ઉત્કૃષ્ટ છે એમ જાણી એને આપણે બરાબર સાચવીએ, સમજીએ અને તે પંથે ચાલીએ તો જ 'અહિંસા પરમો ધર્મ' જયજયકાર થયા વગર રહેશે નહિ. સાથોસાથ સન્માન અને આ સભા અંગે આભાર વ્યક્ત કરું છું"

આ રીતે તા. ૨૦ ડિસેમ્બર, ૧૯૫૮ના રોજ કલકત્તા જૈન ભવન હોલમાં શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ એ શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રમુખ શ્રી મોહનલાલ લલ્લુચંદ શાહના પ્રમુખસ્થાને મળેલી સભામાં ભાષણ કરતાં જણાવ્યું હતું. આ સભામાં ચારે ફીરકાના આગેવાનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

રતલામ શિવલિંગ પ્રકરણ અંગે ચુકાદો :

ઈંદોરના વધારાના જીલ્લા ન્યાયાધીશ શ્રી કીર્તનેએ રતલામ શિવલિંગ પ્રકરણમાંથી ફૂટેલા એક ફણગા અંગે ચુકાદો આપતાં શ્રી નેમીચંદ કસ્યાને ફોજદારી ધારાની ૨૯૫મી કલમ હેઠળ આરોપ અંગે નિર્દોષ ઠરાવેલ છે.

ના. ન્યાયાધીશે એકવીસ પાનાના ચુકાદામાં જણાવ્યું છે કે સાક્ષીઓ અને દસ્તાવેજોદ્વારા નીચેના મુદ્દા પુરવાર થાય છે :—

(૧) શ્રી શાંતિનાથજી જૈન મંદિર સરકારી માલિકીનું નથી. (૨) એ મંદિર જૈનોનું છે. (૩) તેમાં કોઈ પણ વખત શિવલિંગ હતું નહી.

મુનિશ્રી માણેકવિજયજી પણ નિર્દોષ ઠરેલ છે બીજા કેસમાં શ્રી ચાંદમલજી અને શ્રી લાલચંદજીને પણ નિર્દોષ ઠરાવ્યા છે.

સંઘની સ્થાપના :

શ્રી ભાયખલા જૈન મૂર્તિપૂજક સંઘની સ્થાપના કરવામાં આવી છે. કાર્યાલય ૧૭૨, મોતીશા જૈન પાર્ક, લવલેન, મુંબઈ ૨૭ માં રાખવામાં આવેલ છે.

શ્રી પુષ્પાબહેન ભગતરાય પારેખ સિલાઈ ખાતું :

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ મુંબઈ સમિતિ દ્વારા ચાલતા ઉદ્યોગગૃહમાં શ્રી

આ વિભાગની આ અંકથી શરૂઆત થાય છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગને સ્પર્શતા સમાચાર તા. ૨૦ મી સુધીમાં દર મહિને નીચે જણાવેલ સરનામે મોકલવા નિમંત્રણ છે. આ સમાચાર ટૂંકા અને મુદ્દાસરના સ્પષ્ટ હસ્તાક્ષરમાં શાહીથી લખેલા હોવા જોઈએ. સમાચાર મોકલનારે પોતાનું પુરું નામ, સરનામું જણાવવું.

તંત્રીઓ, "જૈનયુગ"
c/o શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ
ગોડીજી બિલ્ડીંગ; ૨૦, પાયધુની, મુંબઈ ૨.

પુષ્પાબહેન ભૂપતરાય પારેખ સિલાઈખાતું ખોલવામાં આવેલ છે.

પ્રચાર અને પ્રવાસ :

કૉન્ફરન્સના પૂર્વ પ્રમુખ શ્રી પોપટલાલ રામચંદ્ર શાહે શ્રી વિશાશ્રીમાળી જ્ઞાતિના સંમેલન પ્રસંગે પાધરી, વાંકાનેર, મોરબી, રાજકોટ વગેરે ગામોમાં પ્રવાસ કરી જૈન સમાજના ઉત્થાનાર્થે વ્યાખ્યાનો આપ્યાં હતાં.

સન્માન :

શ્રી સી. ડી. દેશમુખના પ્રમુખપદે પૂના મ્યુનિસિપાલિટીના શતાબ્દિ મહોત્સવ પ્રસંગે શ્રી પોપટલાલ રામચંદ્ર શાહનો જાહેર સત્કાર કરવામાં આવ્યો હતો.

શ્રી શાંતિચંદ્ર સેવા સમાજ :

શ્રી શાંતિચંદ્ર સેવા સમાજ અમદાવાદના એકત્રીશમા વાર્ષિકોત્સવની ઉજવણી તા. ૨૪-૧૧-૫૮ ના રોજ સમારોહપૂર્વક કરવામાં આવી હતી. આ સમાજ તરફથી સંસ્થાના કાર્યાલયમાં (હાજાપટેલની પોળ) રાહતભાવથી કાપડ આપવાનું શરૂ કરવામાં આવેલ છે.

ઉપધાન તપ :

મુંબઈ (ભાયખલા)માં પૂજ્ય જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિશ્વરજી મહારાજ આદિની પ્રેરણા અને સદુપદેશથી શનિવાર, તા. ૧૩-૧૨-૧૯૫૮ થી ઉપધાન તપની શરૂઆત થઈ છે.

જુનાગઢ જૈન ભોજનશાળા :

શ્રી જુનાગઢ-રૈવતગિરિ જૈન ભોજનશાળાના જાણીતા સંચાલક શ્રી વીરચંદ ગોવિંદજી શાહ નાદુરસ્ત તબિયતના કારણે નિવૃત્ત થતાં તેમની કિંમતી સેવાઓની નોંધ લઈ તેમના સ્થાને ગોંડળનિવાસી શ્રી કેવળચંદ કાનજીભાઈની નિયુક્તિ કરવામાં આવી છે.

શ્રી શકુંતલા કાંતિલાલ ગર્લ્સ હાઈસ્કૂલ :

શ્રી શકુંતલા કાંતિલાલ જૈન ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થિની કુમારી નીલા ઈશ્વરલાલ શાહ ૪૯૦ ૭૦૦ માર્ક મેળવી એસ. એસ. સી. બોર્ડની ઑક્ટોબર ૧૯૫૮ ની પરીક્ષામાં છઠ્ઠા નંબરે ઉત્તીર્ણ થયાં છે.

જુનીઅર રેડક્રોસ સોસાયટી-મુંબઈ સ્ટેટ દ્વારા આ વર્ષે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રી શકુંતલા જૈન ગર્લ્સ હાઈસ્કૂલ દ્વારા રાસની આઈટેમ રજૂ થતાં હરીફાઈમાં શ્રી જમશેદજી ડગ્ગન કપ (દ્વિતીય ઈનામ) મેળવેલ જે મુંબઈના રાજ્યપાલ શ્રીપ્રકાશના શુભહસ્તે તે સંસ્થાને અર્પણ થયેલ છે.

ઈન્ડીઅન નેશનલ થીએટર પ્રયોજીત ગરબા-રાસ હરીફાઈમાં શ્રી શકુંતલા કાન્તિલાલ જૈન ગર્લ્સ સ્કૂલ ગરબા હરીફાઇમાં પ્રથમ નંબરે અને રાસ હરીફાઈમાં બીજે નંબરે આવેલ છે.

ગરબા-રાસ હરીફાઈ :

આઈ. એન. ટી. યોજિત સાતમી ગરબા-રાસ હરીફાઈમાં નીચે જણાવેલી જૈન સંસ્થાઓ વિજેતા જાહેર થએલ છે :—

શાળા-કૉલેજ-ગરબા : શ્રેષ્ઠ : શ્રી શકુંતલા કાન્તિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ સ્કુલ.

શાળા-કૉલેજ-રાસ : (પ્રથમ) શેઠ એ. ચ. ખી. અજાણી શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાલય. (બીજી); શ્રી શકુંતલા કાન્તિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ સ્કૂલ.

રાસ પુરુષો : શ્રેષ્ઠ : શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન આઝાદ કચ્છ મંડળ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય :

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થી શ્રી સુમંતલાલ વાડીલાલ શાહને ચિત્રકળાના વિશિષ્ટ અભ્યાસ માટે માસિક રૂા. ૨૫૦ની શિષ્યવૃત્તિ બે વર્ષ માટે આપવાની જાહેરાત ભારત સરકાર તરફથી તાજેતરમાં થએલ છે.

આ વર્ષે ભારત સરકારના વૈજ્ઞાનિક સંશોધન અને સાંસ્કૃતિક બાબતોને લગતા ખાતા તરફથી ભિન્ન ભિન્ન સાંસ્કૃતિક ક્ષેત્રોમાંની (ભારત નાટ્યમ્, કથકલી, લોકનૃત્ય, વાદ્યસંગીત, ચિત્રકળા, શિલ્પકળા, રવીન્દ્ર સંગીત, નાટ્ય, વગેરે) ૪૬ વ્યક્તિઓને શિષ્યવૃત્તિ અપાયેલ છે, જેમાં શ્રી સુમંતલાલ શાહનો સમાવેશ થાય છે.

શ્રી સુમંતલાલ શાહ બી. એ. (ફાઈન આર્ટ્સ)ની પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થતાં તાજેતરમાં સયાજીરાવ યુનિવર્સિટીમાં 'ફેલો' નીમાયેલ છે. હાલ તેઓ 'મ્યુરલ અથવા ફ્રેસ્કો'નો ચિત્રકામનો ખાસ વિષય લઈ એમ. એ. (ફાઈન આર્ટ્સ)નો અભ્યાસ કરે છે.

ગયે વર્ષે શ્રી શાહની ચિત્રકૃતિઓ બૉમ્બે આર્ટ સોસાયટીના ઑલ ઈન્ડીઆ પ્રદર્શનમાં પ્રદર્શિત થવા ઉપરાંત 'દેવી કા રથ' નું ચિત્ર ખાસ નોંધપાત્ર ઠરેલ હતું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની અમદાવાદ શાખાના વિદ્યાર્થી શ્રી હસમુખલાલ ચિમનલાલ મહેતા ઑક્ટોબર, ૧૯૫૮માં લેવાયેલ એમ. બી, બી. એસ.ની ડિગ્રી પરીક્ષામાં બેઠેલ સર્વે વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થએલ છે.

તપોધર્મનો મહિમા

પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી

હરકોઈ દર્શન કિંવા સંપ્રદાયમાં તપોધર્મને યદ્યપિ મહત્ત્વનું સ્થાન આપવામાં આવેલ છે, એમ છતાં જૈન દર્શનના અનુયાયી વર્ગમાં તપોધર્મનું મહત્ત્વ આજે પણ જે જળવાઈ રહેલ છે, પ્રાયઃ અન્યદર્શન અથવા સંપ્રદાયમાં એ મહત્ત્વ જળવાયાનું અલ્પપ્રમાણમાં જોવાય છે.

તપોધર્મથી થતા સુંદર લાભો

બાહ્ય તેમ જ અભ્યંતર ઉભય પ્રકારની સંપત્તિ તપના પ્રભાવથી પ્રાપ્ત થાય છે, તપ એ ભવસાગરનો પારપ્રાપ્ત કરવા માટે અનુપમ સેતુબંધ છે, દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારના રોગોનું નિવારણ કરવામાં તપ અદ્‌ભુત શક્તિ ધરાવનાર છે. તપ એ સકામ નિર્જરાનું અસાધારણ કારણ છે. પ્રબલ વિઘ્નોને દૂર કરવામાં તપ એ અમોઘ સાધન છે, અતિ ચપલ ઇન્દ્રિયોના વશીકરણ માટે તપ એ અચિન્ત્ય-મંત્ર સમાન છે. સર્વ મંગલમાં તપ શિરોમણિ મંગલ છે, ઇષ્ટકાર્યની સિદ્ધિ માટે તપ એ લોકોત્તર કામકુંભ છે. તપના પ્રભાવે દેવો પણ હાજરાહજુર રહે છે અને કામદેવની સેનાનો પરાજય કરવામાં તપ એ અજેય શસ્ત્ર છે.

તીર્થંકરદેવોના જીવનમાં તપનું સ્થાન

ત્રણ જગતના નાથ તીર્થંકર દેવોએ પણ એ તપોધર્મનું ઘણું ઘણું બહુમાન કર્યું છે. ચ્યવન-જન્મ દીક્ષા કેવળ અને મોક્ષ એ પાંચ કલ્યાણક પ્રસંગો પૈકી છેલ્લા ત્રણ કલ્યાણકો પ્રસંગે પ્રત્યેક તીર્થંકરભગવંતોને ઓછો-વધુ તપ અવશ્ય હોય છે. ભરતક્ષેત્રના વર્તમાનચોવીશ તીર્થંકરો કેવલજ્ઞાન પ્રાપ્ત થયા બાદ, જ્યારે જ્યારે નિર્વાણપદને પામ્યા ત્યારે ત્યારે ખાતા-પીતા નિર્વાણપદને નથી પામ્યા, પરંતુ તપોધર્મની આરાધના સાથે જ નિર્વાણપદને પામ્યા છે. પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ મોક્ષે ગયા ત્યારે તેમને ૬ ઉપવાસ હતા, ચરમતીર્થંકર ભગવાન મહાવીર પ્રભુ નિર્વાણપદને પામ્યા ત્યારે છઠ્ઠ-બે ઉપવાસનો તપ હતો. અને અજિતનાથ પ્રભુથી પાર્શ્વનાથ ભગવંત સુધીના સર્વ તીર્થંકરો-મોક્ષે ગયા ત્યારે માસક્ષમણ-એક એક મહિનાના ઉપવાસની તપશ્ચર્યા હતી. કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી પણ તીર્થંકરદેવોના જીવનમાં તપોધર્મનું કેટલું પ્રાધાન્ય હતું ! એ બાબતનું આ પ્રબળ પ્રમાણ છે.

ભગવાન મહાવીરનું તપોમય જીવન

વર્તમાન જૈન શાસનના અધિપતિ શ્રમણ ભગવાન મહાવીરદેવે દીક્ષા ગ્રહણ કર્યા બાદ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું તે દરમ્યાન લગભગ સાડા બાર વર્ષ પર્યન્ત કરેલ તપશ્ચર્યા તરફ દૃષ્ટિ કરવામાં આવે તો કોઈ પણ મુમુક્ષુ આત્મા આશ્ચર્યમુગ્ધ બની જાય. એક સાથે ૬ મહિનાના ઉપવાસ, પાંચમાસ અને પચીસ દિવસના ઉપવાસ નવવાર તો ચાર ચાર માસના સંલગ્ન ઉપવાસ અને તે બધાય ઉપવાસ નિર્જલ–જળપાનવિનાના, એકંદર સાડા બાર વર્ષ દરમ્યાન ૩૪૯ દિવસ ફક્ત ભોજનના, સિવાય સર્વ દિવસો તપશ્ચર્યાના, ઉપરા ઉપરી બે દિવસ ભોજનનો ત્યાગ, ૬ મહિના કે ચાર મહિનાના ઉપવાસનું પારણું થયા બાદ બીજા દિવસથી પુનઃ તપશ્ચર્યાનો પ્રારંભ. આપણા શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીરનું જીવન કેવું ઉગ્ર તપોમય હતું ? તે માટે આથી વધુ શું લખવાનું હોય ! ભગવાન મહાવીર સાક્ષાત્ તપોમૂર્તિ હતા અને એ કારણે જ "श्राम्यति तपस्यतीति श्रमणः" આ વ્યુત્પત્તિ અનુસારે શ્રમણ એવું બિરુદ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

જૈનસંઘે કરેલા તપોધર્મનાં બહુમાન

ભગવાન મહાવીર પ્રભુના નિર્વાણને લગભગ અઢી હજાર વર્ષો થવા આવ્યાં તે દરમ્યાન ભગવાન મહાવીરના ચતુર્વિધ સંઘમાં એ મંગળમય તપોધર્મની આરાધના અખંડિતપણે જળવાઈ રહી છે. આજે પણ આપણા પર્યુષણ વગેરે મહાપર્વની આરાધનાના પ્રસંગોમાં બાલ, યુવાન કે વૃદ્ધ, શ્રીમંત તેમજ ગરીબ, સર્વકોઈ એ તપો-ધર્મની આરાધના સુંદર રીતે કરી રહ્યાનું આપણને પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે. "**તપશ્ચર્યા તો જૈનોમાં જ**" આવાં વાક્યો જૈનેતર વર્ગ પણ અનેક વાર સ્વમુખે ઉચ્ચારે છે. એ જૈનસંઘે ટકાવી રાખેલ તપોધર્મની આરાધનાનો વિશિષ્ટ પુરાવો છે.

કર્મમલથી શુદ્ધ થવા માટે તપ એ અનન્ય સાધન

કર્મમલથી આત્માને શુદ્ધ કરવાના યદ્યપિ અનેક આલંબનો જ્ઞાની મહર્ષિઓએ ફરમાવ્યા છે. એમ છતાં એ બધાય આલંબનોમાં તપનું સ્થાન અતિવિશિષ્ટ છે. "कर्माणि तापयति तत्तपः" કર્મોને જે તપાવે અર્થાત્ આત્મપ્રદેશોમાંથી છૂટા પાડે તેનું નામ તપ છે. લુગડું વધુ મલિન બન્યા બાદ તેને સાફ કરવા માટે ગરમ પાણીના ભઠ્ઠામાં જેમ નાખવું પડે છે, સોનું ચાંદી વગેરે ધાતુઓને શુદ્ધ બનાવવા માટે તેને જેમ અગ્નિનો જોરદાર તાપ આપવો પડે છે, પેટમાં જામેલા મળને દૂર કરવા માટે દીવેલ અથવા તેવા અન્ય કોઈ જુલાબની ગરમી આપવી જરૂરી છે; એજ પ્રમાણે અનન્તકાલથી કર્મવડે મલિન આત્માને શુદ્ધ કરવા માટે તપ એ અતિ આવશ્યક સાધન છે.

બાર પ્રકારનો તપ એજ સકામ નિર્જરા

જીવ અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, નિર્જરા બંધ અને મોક્ષ આ નવતત્ત્વના વિવેચન પ્રસંગે નિર્જરાતત્ત્વની વ્યાખ્યામાં છ પ્રકારના બાહ્ય તેમજ છ પ્રકારના અભ્યંતર તપને નિર્જરાના ભેદો ગણાવ્યા છે. વાસ્તવિક રીતે એ બારેય ભેદો—પ્રકારો તો તપના છે. નિર્જરાના તો સીધેસીધા સકામનિર્જરા અને અકામનિર્જરા એવા બે ભેદો છે. છતાં તપના બારેય ભેદોને નિર્જરાના ભેદો તરીકે વર્ણવવાનું કારણ એક જ છે કે બાહ્ય તેમજ અભ્યંતર બન્ને પ્રકારનો (પેટાભેદોની અપેક્ષાએ બારેય પ્રકારનો) તપ-સકામ નિર્જરાનું અસાધારણ કારણ છે. અને કારણમાં કાર્યનો ઉપચાર કરીને જ તપના ભેદોને નિર્જરાના ભેદો તરીકે ગણાવ્યા છે. 'घृतं वै आयुः', 'नड्वलोदकं पादरोगः', [ઘી એ આયુષ્ય છે. વૃક્ષના મૂળીયા સાથે વધુ સંબંધવાળું પાણી પગમાં થતો વાળાનો રોગ છે.] આવા વાક્યો આપણે ત્યાં પ્રસિદ્ધ છે. ઘી એ ખરી રીતે આયુષ્ય નથી પણ આયુષ્ય ટકાવવામાં ઘી એ બાહ્ય દૃષ્ટિએ પુષ્ટ સાધન છે. વૃક્ષના મૂળીયા સાથે વધુ સંબંધવાળુ પાણી એ વાળાનું દર્દ નથી. પરંતુ પગમાં વાળાનું દર્દ થવામાં એ પાણી મુખ્ય કારણ છે. એમ તપ એ નિર્જરા નથી. પરંતુ મુમુક્ષુ આત્માને સકામનિર્જરાદ્વારા કર્મબન્ધનમાંથી મુક્ત થવા તપ એ અનન્ય સાધન છે.

આહાર સંજ્ઞા એ જ સંસારની જડ

મોહને પરવશ બનેલા આત્માને આહારની લોલુપતા, વિષય ભોગની લોલુપતા; તેના સાધન રૂપે ધન-દોલત બાગ-બંગલા-બગીચાની લોલુપતા, અને એ લોલુપતાના કારણે મન, વાણી, કાયાની એક ધારી ચપળતા રહેલી છે. આહારની લોલુપતાનું નામ આહાર સંજ્ઞા, વિષયભોગની લોલુપતાનું નામ મૈથુન સંજ્ઞા, ધન દોલત વગેરેની લોલુપતા એજ પરિગ્રહ સંજ્ઞા, અને એ લોલુપતાના કારણે મન, વાણી, કાયાની અસ્થિરતા તેનું નામ ભય સંજ્ઞા છે. આહાર સંજ્ઞા મૈથુનસંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞામાં સ્વતંત્ર પણ કર્મવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી આત્માને કર્મના બંધનમાં જકડી રાખવાની શક્તિ નથી, પણ એ સામર્થ્ય મન, વાણી, કાયાની ચપળતા-અર્થાત્ ભય સંજ્ઞામાં છે. આહારાદિ ત્રણેય સંજ્ઞાઓનું જેટલું પ્રાબલ્ય જેટલા પ્રમાણમાં ભય સંજ્ઞાનું-મન, વાણી, કાયાની ચપળતાનું પ્રમાણ વધારે અને એનું જેટલું પ્રમાણ વધારે તેટલાં પ્રમાણમાં કર્મબન્ધન પણ વધારે થાય છે. તાત્ત્વિક દૃષ્ટિએ વિચારાય તો આ ચારેય સંજ્ઞાઓ જ સંસારની અને સર્વ પ્રકારના દુઃખોની જડ છે.

તપોધર્મ એ આત્માની અભયદશા માટે સુંદર સાધન

એ ચારેય સંજ્ઞાઓ—અને તેની પાછળ સંસાર તેમજ સંસારમાં વર્તતા સર્વ પ્રકારનાં દુઃખોનો અંત આણવા માટે જ, દાન, શીલ, તપ અને ભાવ એ ચારેય પ્રકારના પવિત્ર ધર્મનું ઋષિમુનિઓએ પ્રતિપાદન કરેલ છે. આહારની લોલુપતા દૂર કરવા માટે તપોધર્મ, વિષય લાલસાના નિવારણ માટે શીલ ધર્મ, ધનની મૂર્ચ્છાને ઘટાડવા માટે દાન ધર્મ અને મન, વાણી, કાયાની અસ્થિરતા (ભયસંજ્ઞા) દૂર કરી અભયદશા પ્રાપ્ત કરવા માટે જ ભાવધર્મ ભગવંતોએ ફરમાવેલ છે. ચારેય પ્રકારની સંજ્ઞા એ સંસારનું કારણ છે. જ્યારે ચારેય પ્રકારનો ધર્મ એ ચારેય સંજ્ઞાઓને દૂર કરવા સાથે મોક્ષનું કારણ છે.

તપોધર્મ એ મોક્ષપ્રાપ્તિનું કારણ

તપોધર્મની આચરણા દ્વારા જો એક આહારની લોલુપતા ઘટે તો તેની પાછળ, વિષયવાસના અવશ્ય ઘટે, વિષયવાસના ઘટે એટલે પ્રાયઃ ધનની મૂર્ચ્છા પણ ઘટે અને એ ત્રણેય લોલુપતા ઘટે એટલે બાહ્યભાવમાં દોડધામ કરી રહેલા મન-વાણી-કાયાના વ્યાપારો જરૂર ઘટે—અર્થાત્ મન વાણી કાયાની ચંચળતા ઘટે એટલે કર્મબંધન ઓછું થાય, તેમજ આત્મા અમુક પ્રમાણમાં સ્વરૂપસ્થ થતાં પુરાણા કર્મસ્કંધો પણ આત્મપ્રદેશોમાંથી છૂટા પડતા જાય.

પરંપરાએ આત્મા સકલકર્મપંકથી રહિત થતાં સંપૂર્ણ શુદ્ધ બને, અને આત્માનો સંપૂર્ણ શુદ્ધપર્યાય તેનું નામ જ મોક્ષ કહેવાય.

આહાર લેવાનું પ્રયોજન ?

અશન-પાન-ખાદિમ અને સ્વાદિમ આ ચારે ય પ્રકાર પૈકી કોઈ પણ પ્રકારનો આહાર લેવો એ આત્માનો મૂલધર્મ નથી. આત્માનો મૂલધર્મ તો અણાહારીપણું છે. અને એ અણાહારીપદની પરિસ્થિતિએ પહોંચવા માટે જ તપોધર્મની આરાધના છે, સાચા શબ્દોમાં કહેવું હોય તો તપોધર્મ એ અણાહારીપદ અને તેના સાધનભૂત ઇચ્છાનો નિરોધ પ્રાપ્ત કરવા માટે અનુપમ અભ્યાસની શાળા છે. અનંત ઐશ્વર્યનો પ્રભુ આજે પામર થઈ ગયો છે, પરમાત્મસ્વરૂપ આપણો આત્મા અનંતકાળથી બહિરાત્મા બની ગયો છે–પુનઃ પરમાત્મદશા પ્રાપ્ત કરવા માટે શરીર એ બાહ્ય સાધનોમાં મુખ્ય સાધન છે, એ સાધનનો એ રીતે ઉપયોગ કરવા માટે મર્યાદિત આહારનું પોષણ શરીરને આપવું એ પણ આવશ્યક છે. આહાર કિંવા ખાનપાનાદિની પ્રવૃત્તિ શરીરને પુષ્ટપુષ્ટ કરવા માટે તેમ જ ઇન્દ્રિયો અને મનને ઉન્મત્ત બનાવવા માટે નથી, પરંતુ આત્માના ઉત્કર્ષ કિંવા ધર્મની સાધનામાં શરીર એ અનંતર સાધન છે, અને આહાર એ પરંપર સાધન છે. આ મુદ્દો ખ્યાલમાં રાખીને જ સંયમપૂર્વક આહારની પ્રવૃત્તિ અંગે સુજ્ઞ મહાનુભાવોએ ખાસ ધ્યાન આપવાનું છે. " શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્ " વગેરે આપ્ત વાક્યોનું રહસ્ય પણ આ જ છે.

ઇન્દ્રિય અને મનોનિગ્રહ એ સર્વશિરોમણિ તપ

અભક્ષ્યવસ્તુઓનો ત્યાગ, રાત્રિભોજનનો ત્યાગ, વિકારી (માદક) ખાણાપીણાઓનો ત્યાગ વગેરે આહારસંબંધી ધાર્મિક મર્યાદાનું પરિપાલન એ પણ એક પ્રકારનો તપ છે. ઉપવાસ, આયંબિલ, એકાસણું વગેરે જેમ તપ છે તેમ ઉપવાસ વગેરે તપના પારણે અથવા હંમેશના ભોજન પ્રસંગે ઉણોદરી (આહારના પ્રમાણમાં અમુક અંશે ન્યૂનતા) રાખવી એ પણ તપ છે. ઉણોદરી રાખવા સાથે વધુ રસકસ વાળા માદક પદાર્થોનો ઉપયોગ કરવામાં સંયમ રાખવો એ પણ તપ છે. એટલું જ નહીં પરતુ અમુક જગ્યાએ અમુક સમયે અલ્પસંખ્યામાં અનાસક્તપણે ભોજન લેવું એ પણ તપ છે, કોઈપણ આત્માઓની સુખશાંતિ કિંવા પોતાના કલ્યાણ અર્થે કાયિક કષ્ટ સહન કરવું, કાયાનું સુકુમાળપણું છોડી સ્વપર શાંતિમાટે કાયિક ભોગ આપવો એ પણ તપ છે. અને એ બધાયની પાછળ ઇંદ્રિયો અને મનનો સંયમ કેળવવો એ સર્વ શિરોમણિ તપ છે. ઉપવાસ, આયંબિલ વગેરે કરવા છતાં ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાય–કલેશ અને ઇંદ્રિય સંલીનતા જીવનમાં યથોચિત પણે ન પ્રાપ્ત થાય તો એ ઉપવાસ, આયંબિલ વગેરે તપશ્ચર્યા વાસ્તવિક તપ નથી, તપ સંબંધી છ પ્રકારના બાહ્ય ભેદો તેમ જ છ પ્રકારના અભ્યંતર ભેદોનું રહસ્ય ઘણું જ વિચારણીય છે, અને રહસ્યના ચિંતન–મનન સાથે જો તપોધર્મની આરાધના થાય તો એ આરાધના સકામ નિર્જરા દ્વારા મોક્ષનું સાધન અવશ્ય બની રહે એ નિઃશંક બીના છે.



જિનપ્રવચન અને અન્ય વચનની તુલના

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા,
એમ. બી., બી. એસ.

[મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિએ ચૈત્યવન્દનસૂત્ર પર 'લલિત વિસ્તરા' નામક અપૂર્વ વૃત્તિ રચી છે; તેના પર આ લેખકે સુવિસ્તૃત વિવેચનરૂપ ટીકા (Elaborate commentary, exhaustive treatise થોડા વર્ષ પૂર્વે લખેલ છે, તે હવે પછી પ્રગટ થનાર ગ્રંથમાંથી—]

જિનપ્રવચન અને અન્ય વચનની તુલનાત્મક સ્થિતિ વિચારી શ્રેયોમાર્ગ ઉપસંહરે છે—

निरूपणीयं प्रवचनगाम्भीर्यं, विलोकनीया तन्त्रान्तरस्थितिः, दर्शनीयं ततोऽस्याधिकत्वं, अपेक्षितव्यो व्याप्तीतरविभागः, यतितव्यमुत्तमनिदर्शनेष्विति श्रेयोमार्गः।

અર્થ :— નિરૂપણીય છે પ્રવચનગાંભીર્ય, વિલોકનીય છે તન્ત્રાન્તરસ્થિતિ, દર્શનીય છે તેનાથી આનું અધિકત્વ, અપેક્ષિતવ્ય (અપેક્ષવા યોગ્ય) છે વ્યાપ્તિ–અવ્યાપ્તિ વિભાગ, યતિતવ્ય (યત્ન કરવા યોગ્ય) છે ઉત્તમ નિદર્શનોમાં,— એમ શ્રેયોમાર્ગ છે.

વિવેચન

' उदधाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि सर्वदृष्टयः।
न च तासु भवानुदीक्ष्यते, प्रविभक्तासु सरित्स्ववोदधिः।'

—શ્રી સિદ્ધસેન દિવાકરજીકૃત દ્વા. દ્વા. ૪.

આમ અપુષ્ટ અપવાદનો નિષેધ કર્યો. તેની પુષ્ટિરૂપે અત્રે શાસ્ત્રકાર મહર્ષિએ સુંદર લલિત સુભાષિત સૂત્રો ઉપન્યસ્ત કર્યા છે : 'निरूपणीयं प्रवचनगाम्भीर्यं' ઈ.

(૧) જિનપ્રવચન ઉપરછલું કે ક્ષુલ્લક નથી, પણ સાગરવરગંભીર આશયવાળું છે, એમ આ પ્રવચનનું ગંભીરપણું નિરૂપવા યોગ્ય છે. કારણ કે આ પ્રવચન ખરેખર! 'પ્રવચન'—બીજા બધા કરતાં ચઢિયાતું એવું પ્રકૃષ્ટ વચન છે. જ્યાં સૂત્રોરૂપી અર્થગંભીર મધુર નર્મલ જલ ભર્યાં છે, સિદ્ધાંતોરૂપી મોટા મોટા પ્રબળ તરંગો જ્યાં ઉછળી રહ્યા છે, યુક્તિઓરૂપી સરસ સરિતાઓનું જે સંગમસ્થાન છે, મહામતિવંતોની મતિ પણ જેનો તાગ લાવી શકતી નથી, અને જ્યાં ગુણગણરૂપ રત્નો દેખીને ચિત્ત પ્રસક્ત થઈ જાય છે, એવા આ પરમ ગંભીર શ્રુતસમુદ્રને વર્ણવવા કોણ સમર્થ છે? ઇત્યાદિ પ્રકારે આ પ્રવચનનું ગાંભીર્ય વિચારવા યોગ્ય છે.

સૂત્રો જેમાં અમલ જલ છે અર્થગંભીર મીઠાં,
સિદ્ધાંતોના પ્રબળ ઉછળે જ્યાં તરંગો ગરીઠા;
દેખીને જ્યાં ગુણગણમણિ ચિત્ત થાયે પ્રસક્ત, ચારૂ
એવો શ્રુત જલનિધિ વર્ણ'વા કોણ શક્ત?

—સ્વરચિત
(ડૉ. ભગવાનદાસ મ. મહેતાકૃત
પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા)

તથા–(૨) 'તન્ત્રાન્તર સ્થિતિ વિલોકનીય છે.' અન્ય તંત્રનું—વચનનું તેવું ગંભીરપણું નથી એમ અન્ય તંત્રની સ્થિતિ વિલોકવા યોગ્ય છે. કારણ કે ઉપરછલા ક્ષુલ્લક ભાવવાળા વચનો જ્યાં હિંસાદિ દોષથી દૂષિત હોઈ ખારા જલ સમા છે, એકાન્તવાદથી દૂષિત અપસિદ્ધાંતોરૂપ ઉલ્લસતા કલ્પનાતરંગો જ્યાં ક્ષુદ્ર તરંગો જેવા છે, યુક્તિ-સરવાણીનો પણ જ્યાં પ્રવેશ પણ સંભવતો નથી, અલ્પમતિવંતો પણ 'આમાં તે શું છે?' એમ જેનો તાગ લાવી શકે છે, અને જ્યાં હિંસા–કષાયાદિ પોષક દુર્વિધાનોરૂપ કાંકરા દેખી ચિત્ત અપ્રસન્ન થાય છે, એવા આ ક્ષુદ્ર સામાન્ય જલાશયો જેવા તન્ત્રાન્તરોની લૌકિકમાર્ગપ્રરૂપણાદિ સ્થિતિ અવલોકવા યોગ્ય છે.

તથા–(૩) 'તેનાથી આનું અધિકત્વ દર્શનીય છે.'— તન્ત્રાન્તરથી–અન્ય દર્શનોથી આ જિનપ્રવચનનું અધિકપણું (superiority) કષ-છેદ-તાપથી શુદ્ધ તત્ત્વના પ્રકાશકપણા વડે કરીને કેવી રીતે છે તે સ્વયં દેખવા યોગ્ય છે ને બીજાઓને દેખાડવા યોગ્ય છે. જેમકે— કયાં કેવલ શુદ્ધ આત્માર્થપ્રધાન લોકોત્તર માર્ગપ્રરૂપક આ સાગરવરગંભીર જિનપ્રવચન? ને કયાં જનમનરંજનપ્રધાન લૌકિકમાર્ગપ્રરૂપક આ ક્ષુદ્ર જલાશયો સમા અન્ય વચન? જલાશયોનું જલ ઉપરની સપાટી (surface) જોતાં ભલે સમાન

લાગે, પણ તેના ઊંડાણની (Depth) ખબર તો જેમ જેમ તેમાં ઊંડા ઉતરીએ તેમ તેમ જ પડે છે. તેમ ઉપર ઉપરથી જોતાં તન્ત્રાન્તરવચન ભલે જિનપ્રવચન સમાન લાગે, પણ તેના ગાંભીર્યનો અનુભવ તો જેમ જેમ મધ્યસ્થભાવે કષ-છેદ-તાપ પરીક્ષાથી* તે તે દર્શનના તત્ત્વનું અવગાહન કરીએ તેમ તેમ જ થાય છે.

"બાકીના સઘળા ધર્મમતોના વિચાર જિનપ્રણીત વચનામૃત સિંધુ આગળ એક બિંદુરૂપ પણ નથી. × × × એક દેહમાં બે આત્મા નથી; તેમ આખી સૃષ્ટિમાં બે જૈન એટલે જૈનની તુલ્ય બીજું દર્શન નથી. આમ કહેવાનું કારણ શું ? તો માત્ર તેની પરિપૂર્ણતા, નિરાગિતા, સત્યતા અને જગદ્‌હિતૈષિતા."—

શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત મોક્ષમાળા (બાલાવબોધ) પાઠ ૯૫

તથા—(૪) 'વ્યાપ્તિ-અવ્યાપ્તિ વિભાગ અપેક્ષિતવ્ય છે.'—અપેક્ષવા યોગ્ય છે, અને આમ સર્વ નયમાં વ્યાપકપણાથી તાપશુદ્ધિને લીધે જિનપ્રવચનનું સર્વ તન્ત્રાન્તરોમાં વ્યાપકપણું છે, પણ એકનયાનુસારિ તન્ત્રાન્તરોનું જિનપ્રવચનમાં વ્યાપકપણું નથી,—એમ જિનદર્શનની વ્યાપ્તિ (Pervasion) અને ઇતર દર્શનોની અવ્યાપ્તિનો (non-pervasion) વિભાગ-વિશેષ વ્હેંચણ (Distinguishing division) અપેક્ષવા યોગ્ય છે. કારણકે જિનદર્શનનું સર્વદર્શનવ્યાપકપણું તેના સ્યાદ્‌વાદદર્શિપણાને લઈને છે; એટલે યથાયોગ્ય નયવિભાગ પ્રમાણે તે તે દર્શન પોતપોતાના નયની અપેક્ષાએ કથંચિત્-કોઈ અપેક્ષાએ સાચા છે એમ 'સ્યાત્' પદનો ન્યાસ કરીને

* "परीक्षंते कषच्छेदतापैः स्वर्णं यथा जनाः ।
शास्त्रेऽपि वर्णिकाशुद्धिं परीक्षंतां तथा बुधाः ॥"

શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્

તે સમાધાન-સમન્વય (Reconciliation) કરે છે;—આમ જિનદર્શન સર્વ દર્શનોમાં વ્યાપક (All-pervading) થાય છે ને સર્વ દર્શનો જિનદર્શનના અંગભૂત બને છે. પણ અન્ય દર્શનો એકાન્તવાદના આગ્રહરૂપ દૂષણથી દૂષિત હોવાથી એકદેશીય હોઈ સર્વદેશીય જિનદર્શનમાં વ્યાપક થઈ શકતા નથી. સાગરમાં સર્વ સરિતાઓ સમાય છે, પણ સરિતામાં સાગર સમાતો નથી; તેમ જિનદર્શન-સાગરમાં સર્વદર્શન-સરિતાઓ સમાય છે, પણ સર્વદર્શન-સરિતામાં જિનદર્શન-સાગર સમાતો નથી. આમ સર્વદર્શનોને પોતાના વિશાલ પટમાં સમાવવાને જિનદર્શન સમર્થ છે, કારણકે સર્વથા સર્વત્ર નિરાગ્રહી એવી સર્વ-સમન્વયકારી પરમ ઉદાર અનેકાન્ત દૃષ્ટિને ઉપદેશતા જિનભગવાનના ઉપદેશની રચના ત્રણે કાળમાં એવી પરમોત્તમ છે કે તેમાં સર્વ મત-દર્શન હળીમળીને પોતપોતાની સંભાળ કરતા રહે છે.

"જિનવરમાં સઘળા દર્શન છે, દર્શન જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિની સાગર ભજના રે,
ષડ્‌દરિશન જિન અંગ ભણીજે."

—શ્રી આનંદઘનજી

"રચના જિન ઉપદેશકી, પરમોત્તમ તિનુ કાલ;
ઇનમેં સબ મત રહત હે, કરતેં નિજ સંભાળ.'

—શ્રીમદ્ રાજચંદ્રજી

તથા—(૫) 'ઉત્તમ નિદર્શનોમાં યતિતવ્ય છે'—યત્ન કરવા યોગ્ય છે. આમ આ બધો વિચાર કરી, ઉંચા જોણ રાખી, ચઢતા પરિણામની ધારાએ ચઢવા ઉંચા દાખલા લેવા યોગ્ય છે, એમ સમજી લોકોત્તર પ્રકારે યથાસૂત્ર આદર્શ ક્રિયા કરનારા સંત જનોના ઉત્તમ નિદર્શનોમાં-ઉદાહરણોમાં યત્ન કરવા યોગ્ય છે,—કે જેથી કરીને મુક્તિપંથને વિષે પોતાના આત્માની યાત્રા ઊર્ધ્વગામી થાય. 'એમ શ્રેયોમાર્ગ છે,'—એમ ઉક્ત પ્રકારે કલ્યાણમાર્ગ છે, મોક્ષરૂપ શ્રેય-કલ્યાણ પામવાનો રસ્તો છે.

સદ્‌વિદ્યાના બુધપ્રિય જ એ શુભ્ર સંસ્કાર ઝીલી,
પૂર્ણેન્દુવત્ સકલ સુકલા પૂર્ણ ભાવે ય ખીલી;
આત્માર્થી હે ! વિજય વરજે ધર્મ ને મોક્ષકામી !
યાત્રા તહારી મુગતિપથમાં હો સદા ઊર્ધ્વગામી !

—સ્વરચિત
(પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા)

* આ કષ-છેદ-તાપ પરીક્ષાની વિશેષ સમજુતી માટે જુઓ મ કૃત યોગદૃષ્ટિસમુચ્ચય વિવેચન પૃ. ૨૧.

જર્મનીમાં જૈનવિદ્યાનો અભ્યાસ

ડૉ. કલાઉસ બ્રૂન 卐

અનુવાદક : ડૉ. અરુણોદય ન. જાની (મ. સ. યુનિવર્સિટી, વડોદરા)

પ્રથમ તબક્કો

(ઈ. સ. ૧૮૫૮-૧૯૩૫)

એચ. થી. કોલબ્રૂકના "Observations on the Sect of Jains" (જૈનોના સંપ્રદાયસંબંધે અવલોકનો) એ ગ્રન્થથી જૈન વિદ્યાનો આરમ્ભ થયો. અર્વાચીન શતાબ્દી બાદ ઈ. સ. ૧૮૫૮માં આલ્બ્રેખ્ટ વેબરનો "Über das Satruñjaya Māhātmyam" (શત્રુંજય માહાત્મ્ય વિષે) નામનો નિબન્ધ જર્મનીમાં પ્રસિદ્ધ થયો. ગ્રન્થકર્તા તે સમયે બર્લિન યુનિવર્સિટીમાં સંસ્કૃતના પ્રોફેસર હતા. એમણે આ નિબન્ધદ્વારા જર્મનીમાં માત્ર જૈન વિદ્યાના અભ્યાસનો જ નહિ પરંતુ જૈન વિદ્યાના વિવેચનાત્મક અભ્યાસનો પણ પ્રારમ્ભ કર્યો એમ કહેવું ખરેખર ઉચિત છે. વેબરના જૈન વિદ્યાના વ્યાસંગનું ફળ મુખ્યત્વે એના પછીના એ ગ્રન્થોમાં સમાયું છે. Über die heiligen Schriften der Jaina[1] (on the Sacred Texts of the Jains—જૈનોના આગમ ગ્રન્થો–) નામના એમના ગ્રન્થમાં આગમોનું સરવૈયું છે. આ ગ્રન્થે શ્વેતામ્બર ગ્રન્થો વિષે પશ્ચિમમાં સર્વ પ્રથમ આધારભૂત માહિતી પૂરી પાડી. બર્લિનની રૉયલ લાયબ્રેરીના સંસ્કૃત અને પ્રાકૃત હસ્તપ્રતોની એમની ગ્રન્થસૂચી[2]ના છેવટના બે ખંડોમાં ૨૫૯ જૈન હસ્તપ્રતોની યાદી, પૃથક્કરણ અને નમૂનારૂપે પ્રકાશન આપવામાં આવ્યાં છે. આ બીજું પ્રકાશન હસ્તપ્રતોની માત્ર યાદી જ ન રહેતાં જૈન સાહિત્યના અભ્યાસ માટે પુષ્કળ સામગ્રી પૂરી પાડે છે. અને પ્રથમ ગ્રન્થ સાથે ખૂબ નિકટતા ધરાવે છે.

વેબરની પ્રવૃત્તિઓને એક રીતે તે સમયે ન જાણીતા એવા જૈન સાહિત્યના વિશાળક્ષેત્રના સરવૈયારૂપ વર્ણવીએ તો હર્મન યાકોબીની જૈન આગમો તેમ જ અનુ-આગમ ગ્રન્થોની સમીક્ષિત આવૃત્તિઓ અને ભાષાન્તરો દ્વારા જૈન વિદ્યા એક નવી દિશામાં પગરણ માંડે છે. યાકોબી વેબરના તરુણ સમકાલીન અને બૉન યુનિવર્સિટીના પ્રોફેસર હતા. જૈનવિદ્યાની અધિકતર સમજણ માટે એમનું પ્રદાન, વૈદિક સાહિત્યના નિધિને પશ્ચિમમાં ખુલ્લો મૂકવાના અને એની ખરી અગત્યને સ્વીકૃત કરાવવાના માક્ષ મુલ્લરના પ્રયત્નોને સમાન્તર છે. કારણ કે 'જૈનવિદ્યા એ બૌદ્ધવિદ્યાથી તદ્દન નિરપેક્ષ છે અને પોતાના પુરોગામીઓ—જેમાં વેબર પણ ખરા—ના કહ્યા મુજબ એને બૌદ્ધ સમ્પ્રદાય તરીકે ન જ મનાય'—એમ યાકોબીએ જ સર્વ પ્રથમ દર્શાવ્યું.

જ્યારે યાકોબી બૉનમાં પ્રોફેસર હતા ત્યારે એન્સ્ટ લૉયમાન સ્ટ્રાસબુર્ગમાં સંસ્કૃતના સ્થાન પર હતા. લૉયમાન એમના જૈનવિદ્યાના અભ્યાસમાં યાકોબી કરતાં એક કદમ આગે વધ્યા. ગ્રન્થોના અન્તર્ગત સમ્બન્ધો અને સ્તરોની શોધ દ્વારા ભિન્ન ભિન્ન ગ્રન્થોના અભ્યાસની એમણે શરુઆત કરી. શક્ય ત્યાં સાહિત્યિક સામ્યોનું મૂળ દર્શાવ્યું છે અને ભારતીય પરમ્પરાના સન્દર્ભમાં જૈન પરમ્પરાને સામાન્ય રીતે જોઈ છે. 'આવશ્યક'–સાહિત્ય અંગે આગમો ઉપરના ટીકાટિપ્પણ ગ્રન્થોના જૂદા જૂદા સ્તરો પાડ્યા છે. ટીકાઓના અસંખ્ય સ્તરોમાં લગભગ દટાઈ ગએલા મૂળ આવશ્યક સૂત્રને પ્રકાશમાં આણ્યું. દુર્ભાગ્યે લૉયમાનના બીજા અનેક ગ્રન્થોની માફક એનું "Übersicht über die Āvaśyaka-Literatur" (Survey of the Āvaśyaka-Literature—આવશ્યક સાહિત્યનું સરવૈયું), જે શુબ્રિંગના શબ્દોમાં "પોતાના સમય કરતાં દાયકાઓ આગળ" હતું, તે દુર્ભાગ્યે અસમાપ્ત જ રહ્યું. ૧૯૩૩ માં હામ્બુર્ગથી એ દળદાર અંશાત્મક રૂપે પ્રકાશિત થયું હતું.

લૉયમાનના શિષ્ય વાલ્ટર શુબ્રિંગ સાથે આપણે વર્તમાનકાળમાં પ્રવેશ કરીએ છીએ. એમની એ-એક વર્ષ

卐 હામ્બૂર્ગ (પશ્ચિમ જર્મની) યુનિવર્સિટીમાં સંશોધનવૃત્તિભુક્, ડૉ શુબ્રિંગ અને ડૉ. આલ્સડૉર્ફના શિષ્ય.

૧. Indische Studien XVI (Leipzig, 1883), pp. 211-479; and XVII (Leipzig 1885), pp. 1-90.

૨. આખું જર્મન શીર્ષક :— Die Handschriftenverzeichnisse der Kœniglichen Bibliothek zu Berlin, Verzeichnis der Sanskrit- und Prakrit-Handschriften. Berlin, 1886-1892.

વેબર અને શુબ્રિંગે (જુઓ ફુ ૬) વર્ણવેલી જૈનપ્રતોનો મોટો ભાગ આજસુધી સચવાયો છે મહાયુદ્ધ પછી આ હસ્તપ્રતો પશ્ચિમ જર્મનીના માર્બુર્ગ (Westdeutsche Bibliothek) માં ભેગી કરાયાં છે.

પહેલાંની નિવૃત્તિ સુધી શુબ્રિંગ હામ્બુર્ગ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગનું સંચાલન કરતા હતા. આજે પણ તેઓ ત્યાં વ્યાખ્યાનો આપે છે. આગમ ગ્રન્થોની આવૃત્તિઓ ઉપરાંત આપણને એમણે "Die Lehre der Jainas" (The Doctrines of the Jains —જૈનોના સિદ્ધાન્તો) નામનો હામ્બુર્ગથી ૧૯૩૫માં પ્રસિદ્ધ થએલો ગ્રન્થ પણ આપ્યો છે. (એની અંગ્રેજી આવૃત્તિ તૈયાર થઈ રહી છે). આ પુસ્તક અશેષતઃ (શ્વેતામ્બરોના) આગમ ગ્રન્થો પર આધારિત થએલું છે; અને સામગ્રીનું વર્ણન એટલું બધું વ્યાપક છે કે ભવિષ્યમાં થનારા સંશોધન દ્વારા માત્ર નજીવા ફેરફારો કે ઉમેરાઓની જ આશા રાખી શકાય. શુબ્રિંગના તત્પશ્ચાત્ ગ્રન્થો આ લેખના બીજા ભાગમાં ચર્ચાશે.

ઉપર નિર્દિષ્ટ કરવામાં આવેલો ગ્રન્થ તેમ જ એન્સ્ટ વિન્ડિશનો "Geschichte der Sanskrit Philologie" (History of Sanskrit Philology—સંસ્કૃત શબ્દશાસ્ત્રનો ઇતિહાસ) નામનો સ્ટ્રાસબુર્ગથી ૧૯૧૭માં પ્રકાશિત થએલો ગ્રન્થ જર્મનીમાં તે સમય દરમ્યાન થએલા જૈન વિદ્યાના અભ્યાસની રૂપરેખા આપે છે. એટલા માટે ૧૯૩૫ પહેલાં સંશોધનકાર્યની સતત પ્રગતિને સ્પષ્ટતમ રીતે દર્શાવતા પ્રકાશનો તરફ ધ્યાન દોરવાનું અમને યોગ્ય લાગ્યું. યોહાનેસ કલાટ (Studies in the History of the Church—જૈન સંઘના ઇતિહાસનો અભ્યાસ) ગ્યોર્ગ બ્યૂહ્લર (Studies in History and Epigraphy—ઇતિહાસ અને ઉત્કીર્ણ વિદ્યાનો અભ્યાસ), રિખાર્ડ પિશેલ (પ્રાકૃત વ્યાકરણ, ઈ. સ. ૧૯૦૦), યોહાનેસ હૅર્ટેલ (Studies in the non-dogmatical Narrative Literature— સિદ્ધાન્તેતર કથનાત્મક સાહિત્યનો અભ્યાસ), હેરમૂટ ફૉન ગ્લાસેનાપ (Description of the Jain Religion—જૈન ધર્મનું વર્ણન, ઈ. સ. ૧૯૨૫) વિલ્લિબાલ્ડ કિર્ફેલ (Studies in Cosmography— વિશ્વરચનાશાસ્ત્રનો અભ્યાસ) ઇત્યાદિ વિદ્વાનોના ગ્રન્થો સમ્પ્રદાયના ઇતિહાસમાં આગળ વર્ણવેલા ગ્રન્થોના જેટલું જ અગત્યનું સ્થાન ભોગવે છે એ કહેવું બિનજરૂરી છે.

બીજો તબક્કો

(ઈ. સ. ૧૯૩૫-૧૯૫૯)

વિન્ડિશ અને શુબ્રિંગે જેમનો સારાંશ આપી જ દીધો છે એવા પૂર્વ પ્રકાશનોના કરતાં ઈ. સ. ૧૯૩૫ પછી થએલા સંશોધનકાર્યનું વધારે વીગતવાર વર્ણન આપવું તે અસ્થાને નથી છતાં પ્રકાશિત થએલા ગ્રન્થો અને લેખોનું અત્યારના સમયે તટસ્થ સરવૈયું આપવું તે, તે તે વિદ્વાનોના ગુણવિવેચન કરતાં વધારે યોગ્ય છે. તેથી પ્રથમ તબક્કાના સ્વરૂપ કરતાં એનું સ્વરૂપ બદલવું પડશે. ગ્રન્થકર્તાઓ અકારાદિ અનુક્રમની અને ગ્રન્થો આનુપૂર્વીની દૃષ્ટિએ ગોઠવ્યાં છે.

અપવાદાત્મક સ્થળોએ ઈ. સ. ૧૯૩૫ પહેલાં પ્રસિદ્ધ થએલાં પ્રકાશનોનો સમાવેશ કર્યો છે. ગ્રન્થ-સમીક્ષણો અને લોકભોગ્ય લેખોની ગણતરી કરી નથી. જૈનવિદ્યા સાથે નિકટનો સમ્પર્ક ન ધરાવતા લેખોને ટૂંકામાં પતાવ્યા છે. જેનો ખુલાસો આ રીતે ન થઈ શકે એવી અસંગતિઓને માટે લેખક ક્ષમા પ્રાર્થે છે.

પુસ્તકોનાં શીર્ષકો જર્મનમાં અને અંગ્રેજીમાં આપ્યાં છે. ઉપશીર્ષકો અને લેખોના શીર્ષકો માત્ર અંગ્રેજીમાં આપ્યાં છે. જો બીજી રીતે કહેવાયું ન હોય તો ભાષા જર્મન છે એમ સમજવું.

ગ્રન્થોના નામોની વારંવાર આવૃત્તિને કારણે સંક્ષેપોનો ઉપયોગ અનિવાર્ય છે:—

ANIST : Alt-und Neu-Indische Studien (Hamburg, 1928 ff)

ZDMG : Zeitschrift der Deutschen Morgenlandischen Gesellschaft (Leipzig 1847 ff., Wiesbaden 1950 ff).

અપ : અપભ્રંશ; દિ : દિગમ્બર; પ્રા : પ્રાકૃત; સં : સંસ્કૃત; શ્વે : શ્વેતામ્બર; વસુ : વસુદેવહિણ્ડિ.

(૧) લુડવિગ આલ્સડૉર્ફ

(હામ્બુર્ગ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ, શુબ્રિંગના શિષ્ય).

Der Kumārapālapratibodha (કુમારપાલ પ્રતિબોધ) (ANIST 2, 1928):—

યાકોબીએ ભવિસત્તકહા (દિ.) અને સણંકુમારચરિય (શ્વે.)ની સમીક્ષિત આવૃત્તિદ્વારા અપભ્રંશ–ભાષા અને–સાહિત્યના અભ્યાસનો પાયો નાંખ્યો હતો. સોમપ્રભાચાર્યના કુમારપાલપ્રતિબોધ (શ્વે., રચના ઈ. સ. ૧૧૯૫)ના અપભ્રંશ ભાગોના અભ્યાસ દ્વારા આલ્સડૉર્ફ યાકોબીના કાર્યને આગળ ધપાવે છે. સમીક્ષિત આવૃત્તિ અને ભાષાન્તર ઉપરાન્ત તેઓ ભાષા અને છન્દનું પૃથક્કરણ પણ આપે છે. (એની ભાષા

સણંકુમારચરિયને મળતી છે.) વાર્તાઓમાં જીવમનઃકરણ-સંલાપકથા અને સ્થૂલભદ્રકથા સહુથી વધુ અગત્યની છે. સ્થૂલભદ્રકથાના જૂદા જૂદા રૂપાન્તરોનું આવશ્યકચૂર્ણિના પ્રાચીનતમ ઉલ્લેખોમાંથી ગુજરાતી રાસોના એમના છેવટના રૂપ સુધી પગેરું કાઢયું છે. પ્રથમ ભાગમાં કુમાર°ના પ્રા. અને અપ. અંશોની લઘુ ચર્ચાનો સમાવેશ છે. ગ્રન્થમાંની બધી કથાઓ (અન્ય સાહિત્યિક સમાન્તરો સહિત)ની ગ્રન્થના ૭ મા પાનાથી શરુ કરીને યાદી આપી છે.

Remarks on Pischel's 'Materialien zur Kentnis des Apabhraṁśa'

(પિશેલના "*Materialien zur Kentnis des Apabhraṁśa*"—અપ. ના જ્ઞાનમાટેની સામગ્રી-ઉપર ટિપ્પણો) (Festschrift Moritz Winternitz, Leipzig 1933, pp. 29 ff.) અને *Apabhraṁśa-Studien* (અપભ્રંશનો અભ્યાસ) (Leipzig, 1937) :—

આ બે પ્રકાશનો [જેમાં પિશેલે ભેગા કરેલ[૩] અને ભાષાન્તરિત કરેલા અપ. શ્લોકોનું પુનર્વ્યાખ્યાન છે અને જેમાં અપ. અને અર્વાચીન ભારતીય આર્ય (New Indo-Aryan) વ્યાકરણના નિર્ણાયક મુદ્દાઓની ચર્ચા છે] નો જૈન સાહિત્ય સાથે સીધો સમ્બન્ધ જૂજ માત્ર છે. પરંતુ અપ. ગ્રન્થોની વધુ સારી સમજણની દૃષ્ટિએ એક સર્વસાધારણ પ્રદાન પૂરું પાડે છે.

Two New Testimonies for the "Indian origin" of the Arabian Nights (ZDMG, 1935, pp. 275 ff.) ("અરેબીઅન નાઈટ્સના 'ભારતીય ઉદ્ગમ' માટે બે નવા પુરાવા") :—

(૧) બસરાના હસનની કથાનો આરમ્ભ અને સિન્દબાદવૃત્તાન્તોમાંના એકનો આરમ્ભ સંઘદાસના વસુ૰ની ચારુદત્તકથા જેટલો જૂનો છે. (વસુ૰નો ચારુદત્ત=બૃહત્કથાનો સાનુદત્ત). ભારતીય રૂપાન્તરની અધિકતર મૌલિકતા સ્પષ્ટ છે. (૨) રાજકુમાર ફિરોઝ-શાહના જાદુઈ ઘોડાની કથા અંશતઃ (સંઘદાસના વસુ૰માં કહેવાએલી) કોક્કાસકથા પર અને (પઞ્ચતન્ત્રની) "કૌલિકના રૂપમાં વિષ્ણુ"ની કથા પર આધારિત થઇ છે. પઞ્ચતન્ત્રની વાર્તા પણ કોક્કસ કથા દ્વારા જ પ્રેરાએલી લાગે છે.[૩]

હરિવંશપુરાણ (અપ.માં લખાએલ 'મહાપુરાણુ તિસટ્ઠિમહાપુરિસગુણાલંકાર' નામના વિશ્વઇતિહાસનો એક ભાગ) (ANIST 5, 1936):—

હસ્તપ્રતોના અભાવને લીધે અપ. ગ્રન્થોની પહેલાંની આવૃત્તિઓને સહન કરવું પડેલું. તિસટ્ઠિમહા°ની ત્રણ સારી હસ્તપ્રતોએ આલ્સડૉર્ફને પુષ્પદન્તના આ ગ્રન્થના હરિવંશવિભાગનો આધારભૂત ગ્રન્થ નક્કી કરવા અને અપ. વ્યાકરણ(ખાસ કરીને ધ્વનિવિદ્યા)ના આપણા જ્ઞાનને મજબૂત પાયા પર મૂકવા સમર્થ બનાવ્યા. ગ્રન્થનું ભાષાન્તર અને ભાષા (જે ભવિસત્તકહાને મળતી છે) તથા છન્દનું પૃથક્કરણ કર્યું છે. આલ્સડૉર્ફે સર્વ પ્રથમ જેની ચર્ચા કરી છે એવા તિસટ્ઠિમહા° અને મહાપુરાણ (સં) (જિનસેન અને ગુણભદ્રરચિત)ના નામોની વિશિષ્ટ ચર્ચા ખાસ ધ્યાન ખેંચનાર મુદ્દો છે. દા. ત. સુકુસુમ-દસણિય એ પુષ્પદન્ત (નામોની સમાનાર્થતા) માટે અને દેવદત્તૌ જિનાદિકૌ એ જિનદેવ-જિનદત્તૌ (નામોનું બીજગણિત) માટે વપરાયાં છે. તિસટ્ઠિમહા°, જિન-સેનનું હરિવંશપુરાણ (દિ.), હેમચન્દ્રનું ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત પર્વ ૮ (શ્વે.) અને સંઘદાસનું વસુદેવહિણ્ડિ —આ બધાના સંક્ષિપ્ત પૃથક્કરણથી આરંભી ગ્રન્થના પ્રતિપાદ્યવિષયની ચર્ચા હરિવંશપુરાણના સર્વ ઉપલબ્ધ દિ. અને શ્વે. ઉદ્ગમોની સરખામણી સુધી પહોંચે છે. વિશ્વ ઇતિહાસ (૬૩ મહાપુરુષોનો ઇતિહાસ)ના વિભાગની આ વ્યવસ્થિત ચર્ચા સર્વપ્રથમ કરવામાં આવી છે.

જૈન હરિવંશપુરાણ જૈન લેખકોએ સાંકળી દીધેલા પાંચ અંશોનું બનેલું છે : કૃષ્ણ-કથા, મહાભારત, નેમિ-ચરિત, વસુદેવહિણ્ડિ અને પ્રદ્યુમ્નચરિત. આ પૈકી વસુ૰ ખાસ ધ્યાન માગે છે કારણ કે તે બૃહત્કથાનું જૈન રૂપાન્તર છે. આલ્સડૉર્ફે આ શોધ "A New Version of the Lost Bṛhatkathā of Guṇāḍhya" (Atti del XIX Congresso Internazionale degli Orientalisti, Rome 1938, pp. 344 ff.) એ લેખમાં ચર્ચેલી જ છે. એનો આશય ટૂંકમાં આ પ્રમાણે છે :—

ગુણાઢ્યની ખોવાઈ ગએલી બૃહત્કથાના પુનરુદ્ધાર માટે પહેલાં એક બીજાને લગભગ મળતાં બૃહત્કથાના

૩. જૈનસાહિત્યમાં અરેબિયન નાઈટ્સના બે વધુ સમાન્તરો માટે જુઓ-કલાઉસ બ્રૂનઃ શીલાંકની ચઉપ્પણ્ણમહાપુરિસ-ચરિય (§ ૨) પૃ. ૧૧૩.

બે કાશ્મીરી રૂપાન્તરો (સોમદેવનો કથાસરિત્સાગર અને ક્ષેમેન્દ્રની બૃહત્કથામંજરી) અને નેપાળી રૂપાન્તરના અવશેષો (બુધસ્વામીનો બૃહત્કથાશ્લોકસંગ્રહ) જ માત્ર ઉપલબ્ધ હતાં. વિશ્વ ઇતિહાસના દરેક જૈન રૂપાન્તરમાં અસ્તિત્વ ધરાવતા હરિવંશ પુરાણના ભાગ તરીકે મળતી વસુદેવહિણ્ડિની શોધ સાથે અને સંઘદાસના વસુ° ના રૂપમાં સ્વતન્ત્ર ગ્રન્થ (જે ઠીક ઠીક પ્રાચીન છે) દ્વારા વધુ ઉદ્ધરણના કાર્ય માટે દ્વાર ખુલ્લાં થયાં છે. ગુણાઢ્ય અને સન્ઘદાસના ગ્રન્થોના નિકટના સમ્બન્ધ ઉપરથી 'નેપાલી સમ્પ્રદાય જ, કાશ્મીરી નહિ, મૂળને અત્યન્ત વફાદાર રીતે રજૂ કરે છે' એવો લાકોતેનો મત દૃઢ થાય છે.

આલ્સડૉર્ફના 'હરિવંશપુરાણ' પર પાછાં ફરતાં, અત્રે લેખકના જૈનહરિવંશપુરાણ (અને સામાન્યતઃ વિશ્વ ઇતિહાસ) વિષેના નિર્ણયોનો સાર આપીએ છીએ :—

(૧) વિશ્વ ઇતિહાસના શ્વે. અને દિ. રૂપાન્તરોનું ઉદ્ગમ એક જ છે.

(૨) આ આધારગ્રન્થ બ્રાહ્મણસમ્પ્રદાયના હરિવંશ-પુરાણ અને મહાભારત જેવા ગ્રન્થોથી સ્વતન્ત્ર છે. જો કે ઘણા સમય બાદ જૈન પરમ્પરા ઉપર બ્રાહ્મણ-પરમ્પરાના ગ્રન્થોની અસર પડી છે.

(૩) મહાપુરાણ અને મહાપુરાણ તિસટ્ઠિમહા°— વિશ્વ ઇતિહાસના આ બે મુખ્ય દિ. રૂપાન્તરો નજીવી રીતે જ જૂદાં પડે છે. જ્યારે પુષ્પદન્ત પુરોગામી લેખક ગુણભદ્રથી ઓછામાં ઓછો અંશતઃ સ્વતન્ત્ર છે.

(૪) વિશ્વ ઇતિહાસ એનાથી પૂર્વમાં હયાતિ ધરાવનાર હરિવંશ પુરાણ (ઈ. સ. પૂર્વે ૨–૩ સદી ?)ની રચના બાદ વિકસ્યો છે.

(૫) બૃહત્કથા વિશ્વઇતિહાસમાં બે પહેલાંના તબક્કે[૪] સમાવિષ્ટ થએલી હોવાથી (નરવાહનદત્તના સાહસો વિશ્વઇતિહાસના નવમા વાસુદેવ, કૃષ્ણના પિતા વસુદેવના નામે ચઢાવ્યાં છે) એનો રચનાકાળ ઓછામાં ઓછો ઈ. સ. પૂર્વે ૧ લી સદી સુધી ખેંચવો જ રહ્યો.

The Vasudevahiṇḍi, a Specimen of Archaic Jaina-Māhārāṣṭrī (વસુદેવહિણ્ડિ, જૈન આર્ષ માહારાષ્ટ્રીનો નમનો) (અંગ્રેજીમાં), Bulletin of the School of Oriental Studies, Vol. VIII, London, 1935–1937, pp. 319 ff :—

પિશેલે જ્યારે એનું વ્યાકરણ લખ્યું ત્યારે જૈનગ્રન્થોના અનુ-આગમગ્રન્થોની પ્રાકૃતભાષા ઉર્ફે જૈન માહારાષ્ટ્રીના અભ્યાસ માટે પ્રાચીન ગ્રન્થો ઉપલબ્ધ ન હતા. આલ્સડૉર્ફે સંઘદાસના વસુ૦ નું પૃથક્કરણ કરીને ઘણાં એવાં રૂપો શોધી કાઢે છે "જે પિશેલના વ્યાકરણમાં સમ્પૂર્ણતયા અનુપલબ્ધ છે અથવા તો પિશેલે માત્ર અર્ધમાગધીનાં જ નામે ચઢાવ્યાં છે."

Contributions to the History of Jain-Cosmography and-Mythology (જૈન વિશ્વ-રચના અને પુરાણકથાના ઇતિહાસ વિષે પ્રદાન) (ZDMG 1938, pp. 464 ff) :—

બૃહત્કથા અને જૈન પુરાણોમાં સામાન્ય વિશિષ્ટતા એ છે કે બન્નેમાં વિદ્યાધરોને અગત્ય આપવામાં આવી છે (આ વિદ્યાધરો પહેલાંના ગન્ધર્વો અને અપ્સરાઓ સાથે સરખાવી શકાય તેમ છે)[૪]. આલ્સડૉર્ફ બતાવે છે કે જૈન સાહિત્યના વિશ્વરચના-પુરાણકથાના જે ભાગો વિદ્યાધરો સાથે સંકળાએલા છે તે ભાગો મોટે ભાગે બૃહત્કથામાં આવતી નરવાહનદત્તની વિદ્યાધરો પરની ચઢાઈના વર્ણનમાંથી લેવાયા છે. જૈન સાહિત્યની સારી રીતે વિકસેલી શાખામાં પ્રવેશતાં જ બૃહત્કથાના તે અંશો કેટલાક મહત્ત્વના ફેરફારો પામ્યા. એમાં સહુથી વધુ નોંધ-પાત્ર હિમાલયનું એવડાવું તે છે. ગુણાઢ્યનો વિદ્યાધર-હિમાલય આ શાખામાં ખરા હિમાલયને સમાન્તર અને તેનાથી દક્ષિણે બીજી પર્વતમાળા (વેયઢ્ઢ) રૂપે દાખલ થયો. આ ફેરફારનો હેતુ સ્પષ્ટ છે : નરવાહનદત્તની માફક જૈન ચક્રવર્તીએ વિદ્યાધરોનું રાજ્ય જીતવું હોય તો વિદ્યાધરોએ (જૈન વિશ્વરચનામાં) ભારતબહાર આવેલા અને આ ખંડના નિવાસીથી અનાક્રમણીય એવા હિમાલયમાં ન રહેતાં ભારતમાં જ રહેવું જોઈએ.

A New Version of the Agadadatta Story (અગડદત્ત-કથાનું નવું રૂપાન્તર) (અંગ્રેજીમાં) (New Indian Antiquary. 1938–39, pp. 281 ff):—

૪. બીજા ગ્રન્થોમાં વિદ્યાધરોના ઉલ્લેખો બાજુએ જ છે. જુઓ, H. Luders : The Vidyadharas in Buddhist Literature and Art, ZDMG 1939, pp. 89 ff.

દેવેન્દ્ર (उत्तरज्झाय-टीका), शान्तिसूरि (उत्तरज्झाय-टीका) અને સંઘદાસ (વસુ૦) ના રૂપાન્તરોની તુલના દ્વારા આલ્સડૉર્ફ અગડદત્ત-કથાનું મૂળ સ્વરૂપ પાછું આણે છે. દેવેન્દ્રનો ગ્રન્થ બીજા બે ગ્રન્થોની સરખામણીમાં અમૌલિક જણાયો છે. પરન્તુ આ બે વાસ્તવમાં એક જ રૂપાન્તર આપે છે, કારણ કે "શાંતિસૂરિનો લગભગ આખો ગ્રન્થ સંઘદાસમાં મળે છે." જો કે સંઘદાસના વસુ૦ ના સમ્પૂર્ણ કથાનકની સરખામણીમાં શાંતિસૂરિનું રૂપાન્તર માત્ર સંક્ષેપ જ છે.

Further Contributions to the History of Jain-Cosmography and-Mythology (જૈન વિશ્વરચના અને પુરાણકથાના ઇતિહાસમાં વધુ પ્રદાનો) (અંગ્રેજીમાં) (New Indian Antiquary. IX, 1947, pp. 105ff) :—

શ્વેતામ્બરો (जम्बुद्दीवपन्नत्ति) અને દિગમ્બરો (મહાપુરાણ, મહાપુરાણ तिसट्ठिमहा०) કહે છે કે દેવો તીર્થંકરનો જન્માભિષેક મેરુ પર્વત પર કરે છે. શ્વે૦ ની બાબતમાં આ કથાની પહેલાં દિક્કુમારીઓએ આ બાળકના કરેલા કેટલાક સંસ્કારોનો ઉલ્લેખ હોય છે; દિ.ની બાબતમાં એની પહેલાં (શ્રી વગેરે) કેટલીક દેવીઓ દ્વારા બાળકની માતાના અભિષેકનું વર્ણન આવે છે. અભિષેકના દિ. અને શ્વે. રૂપાન્તરોનું ઉદ્ગમ એક જ છે, પરંતુ જ્યારે દિ.એ વાર્તાને "મોટે ભાગે બદલાયા વગરની" રહેવા દીધી ત્યારે શ્વે.એ પાછળથી સમગ્રતયા વિકસેલી પુરાણકથાની પદ્ધતિને સહમત થાય એ હેતુથી અભિષેક (અને તે પહેલાંની ક્રિયા)ના વર્ણનને વિસ્તાર્યું. આ વધારાઓ रायपसेणैज्जમાં સૂર્યાભદેવના વર્ણનમાંથી લેવાયા હતા. શ્વે. માં મળતી દિક્કુમારીઓની ૫૬ની સંખ્યા મૂળ ૩૨ની સંખ્યામાંથી વિકસાવી. આ ૩૨ દિક્કુમારીઓ બૌદ્ધો (મહાવસ્તુ, લલિતવિસ્તર)ને પણ જાણીતી હતી એમ નામોની સરખામણી બતાવે છે. માતાના અભિષેકનો દિ. વૃત્તાન્ત અંશતઃ મહાવસ્તુમાં અને અંશતઃ નિદાનકથામાં ઉપલબ્ધ થાય છે અને આ બન્ને બૌદ્ધ રૂપાન્તરોનો તે સમાવેશ કરતો હોય એમ લાગે છે. પરન્તુ (નિદાનકથામાં સ્વપ્ન તરીકે વર્ણવાય છે તેમ) અભિષેક માટે માતાને હિમાલય પર લઈ જવાને બદલે, દિ. અને શ્વે. રૂપાન્તરમાં માત્ર બાળકને જ અભિષેકાર્થે (મેરુ)પર્વત પર લઈ જવાય છે.

Glimpses of Old Jain Libraries (પ્રાચીન જૈન પુસ્તકાલયોની ઝાંખી) (ANIST 7, 1951, pp. 59 ff) :—

જેસલમીર, પાટણ અને ખમ્ભાતના જૈન હસ્તપ્રતોના અગત્યના સંગ્રહોની મુનિ શ્રી પુણ્યવિજયની પ્રેરણાથી પુનઃરચના અને સૂચીઓ તૈયાર થઈ છે. આલ્સડૉર્ફે ૧૯૫૧ માં આ સ્થળોની મુલાકાત લીધી અને આ લેખમાં તેઓ એમની ૧૯૩૧ ની છેલ્લી મુલાકાત પછી થયેલા સુધારાઓ જણાવે છે.

The Veḍha in the Vasudevahiṇḍi (વસુદેવહિણ્ડિમાં વેઢ) (Asiatica, Festschrift Friedrich Weller, Leipzig 1954, pp. 1 ff) :—

આગમોના વર્ણકોમાંથી ઉપલબ્ધ થયેલા અને ટીકાકારો તેમજ અર્વાચીન સમ્પાદકો દ્વારા ન પ્રમાણાએલા "ગદ્ય અને પદ્યના સમાધાન" રૂપ વેઢ પ્રત્યે સહુ પ્રથમ યાકોબીએ જ ધ્યાન દોર્યું.[૫] આલ્સડૉર્ફે સંઘદાસના વસુ૦માં વેરવિખેર પડેલા ૨૬૦ વેઢની શોધ અને પૃથક્કરણ કરે છે. આ છન્દ બીજા આગમેતર ગ્રન્થોમાં જાણીતો ન હોવાથી અને સંઘદાસના વસુ૦ નો વેઢ આગમોના વેઢ કરતાં ઓછો પ્રમાણભૂત ન હોવાથી આ છન્દના ઉપયોગમાંથી આપણે તે ગ્રન્થની પ્રાચીનતા માટે વધારાનો પુરાવો મેળવી શકીએ છીએ.

वान्तम् आपातुम् (અંગ્રેજીમાં) (Chatterji Jubilee Volume, Madras, 1955, pp. 21 ff) :—

उत्तरज्झाय ૨૨ અને दसवेयालिय ૨ (राजीमतीवृत्तान्त)માં આવતા वान्तमापातुम् અને (अ)गन्धन એ બે શબ્દપ્રયોગોના અર્થ ટીકાઓએ અનાવૃત જ રાખેલા. આ લેખમાં આ બન્ને શબ્દોનું પ્રા. અને પાલી સમાન્તરોમાંથી મળતા પ્રકાશવડે પુનર્વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

The Story of Citta and Sambhūta (ચિત્ત અને સમ્ભૂતની કથા) (અંગ્રેજીમાં) (Dr. S. K. Belvalkar Felicitation Volume, Poona, 1957. pp. 202 ff) :—

---

૫. H. Jaeobi : Indische Studien XVII (Leipzig 1885). pp. 389 ff.

ચિત્ત અને સમ્ભૂતની કથા જાતક નં. ૪૯૮ તેમ જ उत्तरज्झाय ના ૧૩મા અધ્યાયમાં કહેલી છે. અને બને રૂપાન્તરોનો સમ્બન્ધ અનેક વિદ્વાનોએ ચર્ચ્યો જ છે. સામગ્રીની પુનઃ ચકાસણી આલ્સડૉર્ફને એ નિર્ણય પર લાવે છે કે આ બને રૂપાન્તરોનું સામાન્ય ઉદ્ગમ, ઉપજાતિ છન્દમાં રચાએલ એક જૂનું કાવ્ય છે. બને રૂપાન્તરોમાં મળતા બીજા છન્દના શ્લોકો ગૌણ અને નિરપેક્ષ વધારાઓ છે. પરંતુ "જાતક અને उत्तरज्झाय, ના સામાન્ય ઉપજાતિ-શ્લોકો પણ માત્ર જૂજ અલ્પતામાં છે. અને માત્ર ખૂબ ઓછા પ્રસંગોમાં બને શ્લોકોમાં સમ્પૂર્ણ સંવાદ મળે છે." તેથી બને ગ્રન્થોની મદદથી એ પ્રાચીન કથાનું નિશ્ચિત પુનરુદ્ધરણ ભાગ્યે જ શક્ય છે. પરંતુ તેમ છતાં બને રૂપાન્તરોના સાચા વ્યાખ્યાન માટે કાળજીભરી તુલના આવશ્યક છે.

Itthīparinnā, a chapter of Jain monastic poetry (**इत्थीपरिन्ना, જૈન સાધુઓના આચાર સમ્બધી કાવ્યનું એક પ્રકરણ** (ભારતીય છંદઃશાસ્ત્રના પ્રદાનરૂપે સંપાદિત; અંગ્રેજીમાં; ઇન્ડો ઇરાનીઅન જર્નલમાં પ્રસિદ્ધ થશે.) :—

પશ્ચાત્કાલીન અથવા 'સામાન્ય' આર્યા કરતાં જૂદી, જૈન આગમો (દા. ત. आयार° ૧.૯ सूयगड° ૧.૪; અને અંશતઃ उत्तरज्झाय ૮) ના પ્રાચીન સ્તરોમાં અને सुत्तनिपात ૮ અને ૧૪ માં આવતી 'પ્રાચીન' આર્યા તરફ યાકોબીએ જ સર્વપ્રથમ ધ્યાન દોર્યું. आयार° ૧.૯ ની સમીક્ષિત આવૃત્તિ શુબ્રિંગે પ્રકાશિત કરી હતી. सूयगड° ૧.૪ (= इत्थीपरिन्ना) નું યાકોબીએ અને શુબ્રિંગે ભાષાન્તર કરેલું. પરન્તુ ગ્રન્થની સમીક્ષિત આવૃત્તિ હજૂ બહાર પડી નથી. આલ્સડૉર્ફ આ લેખમાં તે કરે છે. આ લેખમાં તદુપરાન્ત છન્દનું પૃથક્કરણ, નવું ભાષાન્તર અને સન્દિગ્ધ ફકરાઓ ઉપર વિસ્તૃત નોંધો પણ આપેલી છે. इत्थीपरिन्ना વિશિષ્ટ ધ્યાન માગે છે કારણ કે એ બ્રહ્મચર્યના પ્રશ્નને ચર્ચે છે અને આદર્શ પરિસ્થિતિને માત્ર રજૂ ન કરતાં "વાસ્તવિક અનુભવના આશ્ચર્યકારક નિખાલસતાથી સ્વીકારાએલા દૂષણોથી પ્રેરાએલી અગત્યની વિનવણી" કરે છે.

(૨) ક્લાઉસ બ્રૂન

(હામ્બુર્ગ યુનિ° માં સંશોધનવૃત્તિભુક્, શુબ્રિંગ અને આલ્સડૉર્ફના શિષ્ય)

Śīlāṅkas Cauppaṇṇamahāpurisacariya (શીલાંકનું चउप्पण्णमहापुरिसचरिय, જૈન વિશ્વઇતિહાસના અભ્યાસ વિષે પ્રદાન) ANIST 8, 1954:—

અપ્રકાશિત ગ્રન્થનું આ પૃથક્કરણ મુનિ શ્રીપુણ્યવિજયજીની મદદથી મળેલી બે હસ્તપ્રતો ઉપર આધારિત થયું છે. શીલાંકના ગ્રન્થ[૬] અને તત્પશ્ચાત્કાલીન, અધિકતર જાણીતા અને અધિકતર વ્યાપક હેમચન્દ્રના ત્રિષષ્ટિ° વચ્ચેના તમામ વિસંવાદો જૂન એકઠા કરે છે. આ તુલના વિશ્વઇતિહાસના બીજા શ્લો. (અને દિ.) રૂપાન્તરો સુધી પણ અંશતઃ લંબાવી છે. અને નિર્ણય કર્યો છે કે શીલાંક શ્લો. સમ્પ્રદાયને અનુસરે છે, છતાં બીજા કોઇ પણ પ્રાચીન કે પશ્ચાત્કાલીન શ્લો. રૂપાન્તરો સાથે નિકટનો સમ્પર્ક ધરાવતો નથી. ગ્રન્થકર્તા સમ્બન્ધે, તે ટીકાકાર શીલાંકથી અભિન્ન નથી અને એણે પોતાનો ગ્રન્થ સં. ૯૨૫ માં રચ્યો, તે સીવાય બીજું કંઈ જાણમાં નથી. લેખનો અન્તિમ ભાગ જૈન કથાઓ અને બ્રાહ્મણ તથા બૌદ્ધ કથાઓ વચ્ચેના સમ્બન્ધો સાથે મુખ્યતયા સમ્બન્ધ ધરાવતા કેટલાક સામાન્ય પ્રશ્નોની ચર્ચા કરે છે. લેખના અન્તે શીલાંકના ગ્રન્થના કેટલાક નમૂનાઓ આપવામાં આવ્યા છે.

The Figures of the Two Lower Reliefs on the Pārśvanātha Temple at Khajuraho (ખજૂરાહોના પાર્શ્વનાથ મન્દિરના નીચલા બે ઉપસેલા ભાગો પરની આકૃતિઓ) (અંગ્રેજીમાં : આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ, મુંબઈ ૧૯૫૬, પૃ. ૭ થી) :—

ઉપર્યુક્ત (દિ.) શિલ્પોના મૂર્તિશાસ્ત્રીય આકારોનું જૂન પૃથક્કરણ કરે છે અને નીચેના નિર્ણયો પર આવે છે :

(૧) ઉપસેલા ભાગો એકંદરે અવ્યવસ્થિત છે.

(૨) પૌરાણિક તાદાત્મ્યવાળી (દા. ત. દિક્પાલો) અને પૌરાણિક અર્થ રહિત (દા. ત. પ્રસાધન કરતી સ્ત્રી) ની આકૃતિઓ ઉપરાન્ત બને પ્રકાર વચ્ચે સમાધાન સાધતી બીજી અનેક મૂર્તિઓ ત્યાં છે.

(૩) બ્રાહ્મણ મૂર્તિશાસ્ત્રમાંથી કરેલી ઉદ્ધરણી સ્પષ્ટ છે, છતાં (જૈન દેવવાદીઓએ પ્રમાણેલી સરસ્વતી જેવી અંગીકૃત કરેલી કૃતિઓ બાદ કરતાં) સો ટકા બ્રાહ્મણ મૂર્તિશાસ્ત્રને અનુસરતી એક પણ મૂર્તિ ત્યાં નથી.

---

૬. (હેમચન્દ્રના ગ્રન્થ "ત્રિષષ્ટિ°ના૦"ના શીર્ષક કરતાં જૂદી રીતે) એનું શીર્ષક चउप्पण्ण° એ પ્રમાણે છે તેનું કારણ એ છે કે ૯ પ્રતિવાસુદેવોને 'મહાપુરુષ' માં ગણ્યા નથી. ભેદ માત્ર શીર્ષક પૂરતો જ છે, પ્રતિપાદ્ય વિષય અંગે નહિ.

(૩) હેલ્મૂટ ફૉન ગ્લાસેનાપ

(ટયુબિંગન યુનિ. ના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ, યાકોબીના શિષ્ય; પ્રથમ તબક્કામાં પણ જુઓ).

The Polemics of the Buddhists and Brahmans against the Jains :—જૈનોની સામે બૌદ્ધો અને બ્રાહ્મણોના વાદગ્રન્થો) (ANIST 7, 1951, pp. 74 ff) :—

(જેમનો સમય કંઈક પાછળ છે એવા) બ્રાહ્મણ સમ્પ્રદાયના વાદગ્રન્થોમાં મહાવીરના દેહ સમ્બન્ધે ઉલ્લેખો ભાગ્યે જ જડે છે. જ્યારે બૌદ્ધ સાહિત્યમાં છેલ્લા તીર્થંકર વિષેના અને એમના જીવન તથા ઉપદેશના વિકૃત વૃત્તાન્તો આપતા અસંખ્ય ફકરાઓ મળે છે. સૈદ્ધાન્તિક તકરારોના ગ્લાસેનાપે દર્શાવેલા મુદ્દાઓ પૈકી કેટલાક દર્શાવી શકાય. (જૈનો દ્વારા કરાતી) કષ્ટમય તપશ્ચર્યાઓની બુદ્ધે કરેલી ઝાટકણી જાણીતી છે. જૈન નીતિશાસ્ત્રમાં દેહ ઉપર વારંવાર એક જ ભાર મૂકવામાં આવે છે : માત્ર શારીરિક ક્રિયા જ જવાબદાર છે, નહિ કે ઇરાદો. માત્ર ઇરાદાને જ પ્રાધાન્ય આપતા બૌદ્ધોએ આ સામે વાંધો ઉઠાવ્યો. બ્રાહ્મણોએ મુખ્ય વાંધો એ ઉઠાવ્યો કે વેદોને અને વેદના વ્યાખ્યાનના બ્રાહ્મણોના અધિકારને જૈનો પ્રમાણ માનતા નથી. જૈનોના કહેવાતા નાસ્તિકપણા વિષે તેઓ થોડીક જ ટીકા કરે છે.

(૪) ફ્રાન્ક-રિખાર્ડ હામ

(હામ્બુર્ગ યુનિ.ના સંસ્કૃત વિભાગમાં સહાયક અધ્યાપક, શુબ્રિંગના શિષ્ય)

હામની મહાનિસીહ ના છઠ્ઠા અધ્યાયની આવૃત્તિ માટે જુઓ § ૯.

Jain Versions of the Sodāsa Story (સોદાસ કથાના જૈન રૂપાન્તરો) (ANIST 7, 1951, pp. 66 ff) :—

બૌદ્ધ અને બ્રાહ્મણ રૂપાન્તરો ઉપરાન્ત આ કથાનું માત્ર એક જ જૈન રૂપાન્તર પહેલાં જાણીતું હતું. જૈન (શ્વે. અને દિ.) સાહિત્યમાંથી હામ બીજાં પાંચ નવાં રૂપાન્તરો પૂરાં પાડે છે. અને બતાવે છે કે જૈન ગ્રન્થો બ્રાહ્મણ સમ્પ્રદાયનું નહિ કિન્તુ બૌદ્ધ સમ્પ્રદાયનું અનુસરણ કરે છે.

(૫) યોસેફ ફ્રીડરીખ કોલ

(લુત્સેબુર્ગ યુનિ. માં સહાયક અધ્યાપક; કિર્ફેલના શિષ્ય)

Die Sūryaprajñapti (સૂર્યપ્રજ્ઞપ્તિ—ગ્રન્થના ઇતિહાસનો અભ્યાસ) Bonner Orientalistische Studien, Heft 20, 1937) :—

પ્રસ્તાવનાના આધારે વિશ્વરચનાને લગતા ઉપાંગોના ગ્રન્થોના સમ્બન્ધોનો નીચે પ્રમાણે સાર આપી શકાય. (જૂઓ પૃ. XL થી); વિશ્વરચના સમ્બન્ધીના અનુમિત કરેલા મૂળભૂત ગ્રન્થ ઉપરથી चन्द्रप्रज्ञप्ति, सूर्यप्रज्ञप्ति, जम्बूद्वीपप्रज्ञप्ति અને द्वीपसागरप्रज्ञप्ति વિકસ્યાં. ગ્રન્થવિકાસને લગતા કેટલાક ફેરફારો બાદ તે ગ્રન્થો પાંચમાં અને છઠ્ઠા ઉપાંગમાં તથા ત્રીજા ઉપાંગ (ના કેટલાક ભાગો)માં "सूर्यप्रज्ञप्ति", "जम्बूद्वीपप्रज्ञप्ति", અને "जीवाभिगम" એ નામે પ્રતિનિધિત્વ પામ્યા. આ ગણ ગ્રન્થોમાંથી "सूर्य-प्रज्ञप्ति"માં (૧) સૂર્યપ્રજ્ઞપ્તિ (૨) ચન્દ્રપ્રજ્ઞપ્તિ અને (૩) નક્ષત્રોની ચર્ચાનો સમાવેશ થાય છે. પહેલો અને બીજો ભાગ અંશતઃ "जम्बूद्वीपप्रज्ञप्ति"ને અને ત્રીજો ભાગ "जम्बूद्वीपप्रज्ञप्ति" અને "जीवाभिगम" ને આવરી લે છે. ગ્રન્થને લગતા પ્રશ્નોની ચર્ચા ઉપરાન્ત ગ્રન્થકર્તા સૂર્યપ્રજ્ઞપ્તિ અને जम्बूद्वीपप्रज्ञप्तिની ખગોળનું પૃથક્કરણ પણ આપે છે. પોતાને મળતા આવતા જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિના અંશો સાથે આપેલા સૂર્યપ્રજ્ઞપ્તિના ગ્રન્થ વડે પુસ્તકનું દળ બને છે.

The Meaning of potaja in the Zoology of the Jains (જૈનોના પ્રાણિશાસ્ત્રમાં પોતજનો અર્થ) (ZDMG 1953, pp. 151 ff) :—

સસ્તન પ્રાણીઓ જરાયુજ (જર્મન–eihaut-geboren–ઑર સાથે જન્મેલા) અને પોતજ એવા વિભાગોમાં વહેંચાયા છે. પોતજ નો અર્થ "ઓળીમાં જન્મેલ" એમ થાય છે અને આ પ્રાણીઓની જન્મ-ક્રિયાની વિશેષતાને દર્શાવે છે.

Plants possessing a common body (Sādhāraṇa-śarīra) according to Jain dogmatics (જૈન સિદ્ધાન્ત મુજબ સાધારણ શરીર ધરાવનારા છોડો) (Zeitschrift für Ethnologie, Vol. 78, 1; Braunschweig 1953).

Some Remarks on the Lists of Animals in the Jain Canon (જૈન આગમોની પ્રાણીઓની યાદીઓ ઉપર કેટલાક શેરાઓ (Asiatica, Fest-schrift Friedrich Weller, Leipzig 1954, pp. 365 ff.) :—

उत्तरज्झाय, जीवाभिगम અને पन्नवणा ઉપર આધારિત થયેલ આ લેખ ઘણા પ્રાણીનામોને ઓળખાવે છે (દા.

ત. મકર, જેનો મૂળ અર્થ dugong[૭] એટલે કે મોટું વનસ્પત્યાહારી સસ્તન દરીઆઈ પ્રાણી એમ કરવામાં આવ્યો છે), અને તે જમાનામાં અનુસરાએલા વર્ગીકરણના સિદ્ધાન્તોની ચર્ચા કરે છે.

Das physialische und biologische Weltbild der indischen Jaina-Sekte (The Physical and Biological Conception of the world in Jainism—ભારતીય જૈન સમ્પ્રદાયમાં ભૌતિક અને પ્રાણિજીવનશાસ્ત્રની દૃષ્ટિએ જગતનું ચિત્ર) (The Jaina Academy Publications, 3, Aliganj 1956) :—

લેખક જૈનવાદની વિશ્વવિદ્યા અને પ્રાણિજીવનશાસ્ત્રનું પૃથક્કરણ કરે છે અને બતાવે છે કે (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ વિ.) દરેક પદાર્થમાં રહેલી અણુશક્તિ જૈનવાદના અત્યન્ત મહત્ત્વપૂર્ણ લક્ષણોમાંનું એક લક્ષણ છે.

(૬) શાર્લોટે ક્રાઉઝે

(સિન્ધીઆ ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ (ઉજ્જૈન)ના ભૂતપૂર્વ ક્યુરેટર; હર્ટેલના શિષ્યા).

List of the Jaina Manuscripts of the Scindhia Oriental Institute Ujjain, 1944 (ઉજ્જૈનના સિન્ધીઆ પ્રાચ્યવિદ્યા મન્દિરની જૈન હસ્તપ્રતોની યાદી, ૧૯૪૪ (અંગ્રેજીમાં) :—

હજૂ પ્રકાશિત થઈ નથી—

Jain Literatur and the Mahākāla Temple (જૈન સાહિત્ય અને મહાકાળનું મન્દિર) (હિંદીમાં) (વિક્રમ સ્મૃતિ ગ્રન્થ, ઉજ્જૈન, સં. ૨૦૦૧, પૃ. ૪૦૧ થી).

પુરાતન ઉજ્જૈન અવન્તિસુકુમાલ-કથા અને (સંવત્સરપ્રવર્તક) વિક્રમાદિત્ય સાથે સિદ્ધસેન દિવાકરની મુલાકાતની કથાનું ધામ છે. બન્ને નોંધો ક્વે. અને દિ.માં સામાન્ય છે.

Some Remarks on the Symbolism of Numbers and on the Animism in the Botanical System of the Jain Canon (સંખ્યાના પ્રતીકવાદ ઉપર અને જૈન આગમોના વનસ્પતિશાસ્ત્ર-પદ્ધતિના પ્રાણીવાદ ઉપર કેટલાક શેરાઓ) (Studia Indologica, Festschrift Willibald Kirfel, Bonn 1955, pp. 125 ff.)

પહેલી તો આગમોની પટ્ટણાઓમાં જ મળી આવે છે. કોઈ એક કુડંગેશ્વર મન્દિર કેટલાક જૈનોએ બાંધેલું. પાછળથી લોકો (=હિન્દુઓ)એ એને કેવી રીતે હસ્તગત કર્યું તે બધું અવન્તિસુકુમાલ-કથામાં આવે છે. સિદ્ધસેને તે જ મંદિરમાં એક ચમત્કાર કર્યો જેના પ્રતાપે અજાએલા (સંવત્સરપ્રવર્તક) વિક્રમાદિત્યે તે મંદિર જૈનોને કેવી રીતે પાછું સોંપ્યું તેનું વર્ણન છે. સિદ્ધસેનને મળેલા વિક્રમાદિત્ય (સંભવતઃ ચન્દ્રગુપ્ત બીજો. જુઓ આ પછીનો લેખ) ને સંવત્સરપ્રવર્તક વિક્રમાદિત્ય સાથે જોડવામાં અને (કેટલાંક રૂપાન્તરો કરે છે તે પ્રમાણે) આ બે કથાના મન્દિરને 'महाकालदेवकुल' ઇત્યાદિ શબ્દોદ્વારા સુપ્રસિદ્ધ મહાકાળના મદિર સાથે જોડવામાં જૈન સમ્પ્રદાય ભૂલ કરે છે. આ વસ્તુ બાદ કરતાં બન્ને ઉલ્લેખો એમની મુખ્ય બાબતોમાં ઐતિહાસિક લેખી શકાય. પાછળના સમયમાં કુડંગેશ્વર મંદિર બીજીવાર હિન્દુઓના હાથમાં આવ્યું જ હશે. કારણ કે અત્યારે કુટુમ્બેશ્વર નામે ઓળખાતા હિન્દુ મન્દિરમાં કેટલાક જૈન અવશેષો છે અને તે જ પ્રાચીન કુડંગેશ્વર મંદિરનું પછીનું રૂપ હશે

Siddhasena Divākara and Vikramāditya (સિદ્ધસેન દિવાકર અને વિક્રમાદિત્ય) (અંગ્રેજીમાં) Vikrama Volume, Ujjain 1948, pp. 213 ff).

કવિ અને તાર્કિક સિદ્ધસેન દિવાકરને સુપ્રસિદ્ધ સંવત્સરપ્રવર્તક વિક્રમાદિત્યના ગુરુ તરીકે એની સાથે માત્ર જૈન સાહિત્ય જ જોડતું નથી. જ્યોતિર્વિદાભરણમાં આપેલા વિક્રમાદિત્યના દરબારના પ્રખ્યાત પુરુષોની યાદીમાં સિદ્ધસેન ('શ્રુતસેન', 'ક્ષપણક' તરીકે) આવે છે એમ માનવાને ચોક્કસ કારણ છે. સિદ્ધસેનનો સમય નક્કી કરવાના પહેલાંના પ્રયત્નો સન્તોષકારક પરિણામ ન લાવી શક્યા. આને અંગે સિદ્ધસેનની गुणवचनद्वात्रिंशिकानुं પૃથક્કરણ પહેલી જ વાર ડૉ. ક્રાઉઝે કરે છે. શૈલી અને બીજા કારણો વડે તે ગ્રન્થનો સમય ગુપ્તોના સામ્રાજ્યના સમયમાં મૂકે છે. ગ્રન્થમાં નિર્દિષ્ટ આશ્રયદાતા રાજા સમ્ભવતઃ સમુદ્રગુપ્ત વિક્રમાદિત્ય છે. પરંતુ સિદ્ધસેનને સમુદ્રગુપ્તના અનુગામી ચન્દ્રગુપ્ત (બીજો) વિક્રમાદિત્યે પણ આશરો આપ્યો હોવો જોઈએ. પાછળના સમયમાં બન્ને વિક્રમાદિત્યો એક મનાયા અને સંવત્સરપ્રવર્તક વિક્રમાદિત્ય તરીકે ઓળખાવા માટે સદીઓને સદીઓ પાછા ફેંકાયા.

૭. મલય નામ dūyong ઉપરથી.—અનુવાદક.

Ancient Jaina Hymns (પ્રાચીન જૈનસ્તવનો) (અંગ્રેજીમાં) (ઉજ્જૈન ૧૯૫૨).

(વિક્રમની) ૧૩ થી ૧૮ મી સદી સુધીમાં લખાએલાં (૭ સંસ્કૃત અને ૧ અપ. એમ) ૮ અપ્રસિદ્ધ શ્વે. સ્તોત્રોની એક સમીક્ષિત આવૃત્તિ ડૉ. ક્રાઉઝે આપે છે. સ્તોત્રો અને તેના રચયિતાઓની વિગતવાર ચર્ચામાં મુનિસુવ્રત (અને અશ્વાવબોધ અથવા શકુનિકાવિહાર નામનું ભરુચમાં એમનું તીર્થ) અને વૈરોટી દેવી (અને વિદ્યાદેવીઓ)ના અભ્યાસોનો પણ સમાવેશ થાય છે.

ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓ (ગુજરાતીમાં), (ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ ૧૯૫૧) :—

(અ) નયસુન્દરરચિત શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ છન્દ :— કાવ્ય(છન્દનો અર્થ આ છે)માં ઊર્મિપ્રધાન અને ઉપદેશાત્મક અંશો છે. ઉપદેશાત્મકમાં હઠયોગનું જૈનમતાનુસાર પુનર્વ્યાખ્યાન આવે છે. હઠયોગચર્ચામાં પાર્શ્વનાથચરિત સમાવી દીધું છે. રચયિતા જૂદા જૂદા ૧૦ છન્દો પ્રયોજે છે. (જૂઓ પ્રસ્તાવના પૃ. ૧૯) અને સંસ્કૃત, ગૂજરાતી, ડિંગળ (રાજસ્થાનના ભાટોની ભાષા) અને ચારણી (સૌરાષ્ટ્રના ચારણોની ભાષા)નું મિશ્રણ કરીને અનેકશઃ ભાષાશ્લેષનો પ્રયોગ કરે છે. નયસુન્દર સં. ૧૬૩૭ અને ૧૬૮૧ વચ્ચે થઈ ગયા અને તેમણે રાસો અને બીજા ગ્રન્થો રચ્યા છે.

(બ) ત્રણસો પાંસઠ પાર્શ્વનામમાળા :—(ઘણા સ્થળોએ તેઓના તે તે તીર્થો પ્રમાણે નામ અપાએલા) ભિન્ન ભિન્ન ૩૬૫ પાર્શ્વોની આ ગ્રન્થમાં ગણત્રી છે. આ ગ્રન્થ સં. ૧૬૫૫ માં અકબરપુર (ખંભાત)માં પ્રેમવિજયે રચ્યો હતો.

(ક) વૃદ્ધ ચૈત્યવન્દન :—સં. ૧૪૬૬ પછી કોઈ સમયે ખીમાએ રચેલી જૂદા જૂદા તીર્થોની આ સ્તુતિ છે.

ગ્રન્થના અન્તે ડૉ. ક્રાઉઝેએ ઓળખાણ સહિતની નિર્દિષ્ટ તીર્થોની યાદી અને સાહિત્યિક ઉદ્ધરણો આપ્યાં છે.

કેટલુંક શંખેશ્વર સાહિત્ય (ગુજરાતીમાં), (જૈન સત્ય પ્રકાશ ૧૯૪૫) :—

મુનિરાજ જયન્તવિજયજીના શંખેશ્વર મહાતીર્થ (વિજયધર્મસૂરિ જૈન ગ્રન્થમાળા પુષ્પ ૫૭, ઉજ્જૈન, સં. ૧૯૯૮; બે ભાગમાં) નામના ગ્રન્થમાં આવેલ શંખેશ્વર પાર્શ્વનાથ સમ્બન્ધી સાહિત્યની આ પ્રરવણી છે. ૧૫ નાનકડા ગ્રન્થોનું પ્રકાશન અગર ઉલ્લેખો આપવામાં આવ્યા છે.

શ્રી શ્રીસારવાચક વિરચિત શ્રી ફલવર્ધિપાર્શ્વનાથસ્તુતિ (ગુજરાતીમાં), (જૈન સત્ય પ્રકાશ ૧૯૪૫) :—

ફલવર્ધિ તે આજનું ફલોદી (રાજસ્થાન). રચયિતા સં. ૧૭૦૦ની આસપાસ થઈ ગયા અને ટીકાટિપ્પણ અને ઐતિહાસિક કાવ્ય ગ્રન્થો તેમજ સ્તોત્રો એમણે રચ્યા છે.

શ્રી હેમવિમલસૂરિરચિત તેર કાઠીયાના સજ્ઝાય (ગુજરાતીમાં), જૈન સત્યપ્રકાશ ૧૯૪૬) :—

સજ્ઝાય એટલે ઉપદેશાત્મક કાવ્ય. આ સજ્ઝાય સદાચારના પરિપન્થી રૂપ આલસ્ય, મોહ વિ. કાઠીઓ એટલે કે લુંટારાઓ વિષે છે. રચયિતા હેમવિમલસૂરિ સં. ૧૫૨૩થી ૧૫૮૩ સુધી જીવ્યા અને સુધારક તથા તપાગચ્છના ૫૫મા સૂરિ તરીકે જાણીતા હતા. ડૉ. ક્રાઉઝેના "પ્રાચીન જૈન સ્તોત્રો" (પૃ. ૧૦૫ થી)માં એમનું વરકાણપાર્શ્વનાથસ્તવન પ્રકાશિત થયું છે.

શ્રી ભાનુમેરુકૃત 'ચન્દનબાલા સજ્ઝાય' (ગુજરાતીમાં) (જૈન સત્ય પ્રકાશ ૧૯૪૬) :—

આ સજ્ઝાય સુપ્રસિદ્ધ અજ્જચન્દણા (જુઓ હેમચંદ્રનું ત્રિષષ્ટિ° ૧૦-૪-૪૭૪-૬૦૦) વિષે છે. રચયિતા કાં તો ખરતરગચ્છના ભાનુમેરુ કે કાં તો વૃદ્ધતપાગચ્છના ભાનુમેરુ છે. બન્ને સં. ૧૬૫૦ ની આસપાસ થઈ ગયા.

માંડવગઢના શ્રીપ્રમદપાર્શ્વદેવ (ગુજરાતીમાં) (જૈન સત્ય પ્રકાશ ૧૯૫૪) :—

જૈન સ્તોત્રસંગ્રહ (શ્રી યશોવિજય જૈન ગ્રન્થમાળા પુષ્પ ૭)ના પ્રથમ ભાગમાં પ્રમદપાર્શ્વનાથ સ્તવન પ્રકાશિત થયું છે. ડૉ. ક્રાઉઝે એના રચયિતાનું સિદ્ધાન્તરુચિ સાથે તાદાત્મ્ય બતાવે છે અને દર્શાવે છે કે પ્રમદપાર્શ્વનાથની મૂર્તિ અને (ખરતરગચ્છના ૫૫ મા સૂરિ અને સિદ્ધાંતરુચિના ગુરુ) જિનભદ્રસૂરિએ (જેસલમીર પ્રશસ્તિ મુજબ) પ્રતિષ્ઠા કરેલી મૂર્તિ એ સંભવતઃ એક જ છે. મણ્ડુના મુસ્લિમ નામ શદીયાબાદ (આનન્દનું ધામ) ઉપરથી પ્રમદપાર્શ્વનાથ નામ પાડવામાં આવ્યું છે.

(૭) ગુષ્ટાફ રોથ

(પટણામાં સંશોધનવૃત્તિભુક્, હોફમાનના શિષ્ય)

Mohanagṛha in Prakrit Texts, in Kauṭilya's Arthaśāstra and in the Annals of Ṭabāri (પ્રાકૃત ગ્રન્થો, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અને

ટબારીના વાર્ષિકગ્રન્થોમાં મોહનગૃહ) (Asiatica, Festschrift Friedrich Weller, Leipzig 1954, pp. 535 ff).

[મલ્લી–નાય (नायाधम्मकहाओ १·८) માં આપણને કહેવામાં આવ્યું છે કે રાજકુમારી મલ્લી પોતાના છ ઉમેદવારોને જ્યાંથી તેઓ સંસારના મિથ્યાત્વ અંગેના તેના કમકમાટીભર્યા પ્રદર્શનને જોઈ શકે એવા મોહનગૃહના ૬ જૂદા જૂદા ગર્ભગૃહોમાં મોકલે છે]. અહીંઆ અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં અનતિ-પ્રસિદ્ધ શબ્દ મોહનગૃહનો અર્થ અનેકવાર 'રતિગૃહ' એ પ્રમાણે ખોટી રીતે કરાયો છે. એનો ખરો અર્થ, લેખકના બતાવ્યા પ્રમાણે, વાસગૃહ વગેરે તરીકે વપરાતા એક અથવા વધારે ગર્ભગૃહો–મધ્યખંડો ધારણ કરનાર (અને એ રીતે રક્ષણ કરનાર) ભૂલભૂલામણીવાળી બાંધણી, એ છે.

(૮) ઓટ્ટો શ્રાઈન્

(પહેલાં પ્રેગ યુનિ.માં; અવસાન ૧૯૪૫ માં)[૮]

The Jinist Studies (જૈન વિદ્યાઅંગેના અધ્યયનો) (અંગ્રેજીમાં), (જૈન સાહિત્ય સંશોધક અધ્યયનો, સંખ્યાંક ૩, અમદાવાદ ૧૯૪૮) :—

આ લેખ મુખ્યત્વે આગમોમાં આવતા નામો ઉપર આધારિત થયો છે અને નીચેના વિષયોનું પ્રતિપાદન કરે છે :— I (૧) પડાવો (૨) કિલ્લાબંધીઓ (૩) શહેર અને ગામના સત્તાધીશો (૪) મકાનો (૫) માલિકીઓ. II (૧) ભૂગોળ. III મેજિસ્ટ્રેટો (૧) રાજ્યાધિકારીઓ (૨) ન્યાયકચેરીના અધિકારીઓ. બીજા પ્રકરણોના નામોથી ઊલટું II (૧) અને III (૨) ક્રના નામો વિશેષ નામો (નં. ૧ ની બાબતમાં શહેરનાં નામો અને નં. ૨ ની બાબતમાં દાસીઓના નૃવંશશાસ્ત્રની દૃષ્ટિએ નામો) છે.

(૯) વાલ્ટર શુબ્રિંગ

(હામ્બુર્ગ યુનિ.ના સંસ્કૃત વિભાગના નિવૃત્ત અધ્યક્ષ, લૉયમાનના શિષ્ય, પ્રથમ તબ્બકો પણ જુઓ).

इसिभासियाइं (ભાગ પહેલો; પ્રાચીન જૈન ગ્રંથ), (Nachrichten der Akademie der Wissenschaften in Goeettingen, Philogiosch—Historische Klasse, 1942, pp. 489 ff). અને इसिभासियाइं (ભાગ બીજો, એજન, ૧૯૫૧, પૃ. ૨૧થી) :—

(૧) इसिभासियाइं એ आयार, सूयगड, उत्तरज्झाय અને दसवेयालिय કોટિના પ્રાચીનતમ જૈન ગ્રન્થોમાંનો એક લાગે છે. ગ્રન્થમાં 'ઋષિ'ઓ એટલે કે પ્રત્યેક બુદ્ધોની ઉક્તિઓ આપવામાં આવી છે. આ ગ્રન્થની કોઈ પણ ટીકા જાણવામાં નથી[૯]. શુબ્રિંગનો ગ્રન્થ ભારતીય આવૃત્તિ અને આધુનિક હસ્તપ્રત પર આધારાએલો છે. (૨) ભાગ બીજો—શુબ્રિંગે પોતે લખેલી સંસ્કૃત છાયા છે.

Die Jaina-Handschriften der Preussischen Staatsbibliothek (The Jain Manuscripts of the Prussian State Library, New Acquisitions Since 1891—પ્રશીઆના રાજકીય પુસ્તકાલયની જૈન હસ્તપ્રતો, ૧૮૯૧ પછીની નવી હસ્તપ્રતો) Leipzig 1944 :—

વેબરની યાદી (જુઓ પ્રથમ તબક્કો)ના પ્રકાશન બાદ રાજકીય પુસ્તકાલયે ૨૩૦૦ નવી ભારતીય હસ્તપ્રતો (બધી કાગળ ઉપર) ખરીદી હતી. આ હસ્તપ્રતોમાં ૧૧૨૭ જૈન ધાર્મિક ગ્રન્થો (૧૦૦૩ શ્વે. અને ૧૨૪ દિ.)નો સમાવેશ થાય છે. ભાષા ભારતીયાર્ય છે. અને અર્વાચીન ભારતીયાર્ય ગ્રન્થોની મોટી સંખ્યા (૩૨૨ હસ્તપ્રતો માત્ર ગુજરાતીમાં) એ આ સંગ્રહનું વિશિષ્ટ લક્ષણ છે. શુબ્રિંગે આ ૧૧૨૭ હસ્તપ્રતોની વિષયવાર યાદી કરી છે; અને અનુક્રમણિકામાંથી સ્પષ્ટ થાય છે કે ધાર્મિક સાહિત્યની બધી શાખાઓ સરખા પ્રમાણમાં સારી રીતે પ્રતિનિધિત્વ પામી છે. નામો અને તવારીખના પરિશિષ્ટો અન્તે જોડવામાં આવ્યાં છે.

Studien zum Mahānisīha (Studies in Mahānisīha, महानिसीह નો અભ્યાસ, પ્રકરણ ૬–૮) by F. R. Hamm and W. Schubring (ANIST 6, 1951).

શુબ્રિંગે જ્યારે ૧૯૧૮માં महानिसीहसुत्त નું પ્રકાશન કર્યું ત્યારે સારી હસ્તપ્રતોના અભાવે તેઓ સમીક્ષિત આવૃત્તિ સ્થાપિત કરી શક્યા ન હતા. પાછળથી મેળવેલી નવી હસ્તપ્રતોની મદદથી એમણે અને એમના વિદ્યાર્થી હામે છેવટના ત્રણ પ્રકરણોની સમીક્ષિત

૮ 'The Jinist Studies' ની પ્રસ્તાવનાનું પૃ. IV જુઓ.

૯ જો કે હાલમાં 'ऋषिभाषितोद्धार' નામની હસ્તપ્રત પ્રકાશમાં આવી છે.

આવૃત્તિ તૈયાર કરી (છઠ્ઠું : હામ; ૭–૮ : શુબ્રિંગ). મહાનિસીહ આપણી પાસે ટીકારહિત ઉતરી આવ્યું છે.

150 Stanzas (of the) Niryukti, A Glimpse of Jain Scholasticism (નિર્યુક્તિના ૧૫૦ શ્લોકો : જૈન ટીકાવાદની ઝાંખી) (Studia Indologica, Festschrift für Willibald Kirfel, Bonn. 1955, pp. 297 ff)

લૉયમાને (ZDMG ૧૯૬૨ પૃ. ૫૮૧ થી) દસવેયાલિય સૂત્ર અને નિર્યુક્તિ પ્રકાશિત કર્યાં છે. નિર્યુક્તિ સૈદ્ધાન્તિક ચર્ચાઓ અને કથાનકો આપે છે. વિષયનું વ્યાખ્યાન આપનાર કે પ્રતિપાદન કરનાર (ઉદાહરણ. હેતુ વિ. જેવા) નૈયાયિક શબ્દો દ્વારા દરેક વિષયનો પ્રારમ્ભ થાય છે. લૉયમાને (પોતાની આવૃત્તિ ઉપરાન્ત) મુખ્યતઃ ગદ્ય અંશોની ચર્ચા કરી હતી જ્યારે શુબ્રિંગનું પૃથક્કરણ નિર્યુક્તિના ૪૩૯ શ્લોકો પૈકી પહેલા ૧૫૦ શ્લોકોના તત્ત્વજ્ઞાનીય અંશો સાથે મુખ્યતઃ સમ્બન્ધ ધરાવે છે.

Is Kundakunda the Author of the Aṭṭhapāhuḍa? (શું કુન્દકુન્દાચાર્ય અટ્ઠપાહુડનો કર્તા છે?) (લેખનું જર્મન શીર્ષક : "Kundakunda echt und unecht"— કુન્દકુન્દાચાર્ય અસલ અને નકલ) (ZDMG, Vol. CVII, pp. 557 ff)

समयसार, पवयणसार, नियमसार, અને पञ्चत्थिकाय ના કર્તા કુન્દકુન્દને નામે પરમ્પરા અટ્ઠપાહુડ પણ ચઢાવે છે. પ્રાકૃત ગ્રન્થ ૫૦૦ શ્લોકો (માટે ભાગે ગાથાઓ)માં જૂદા જૂદા સૈદ્ધાન્તિક વિષયોને ચર્ચે છે. લૉયમાને અને એ. એન. ઉપાધ્યેએ અટ્ઠપાહુડ અંગેનું કુન્દકુન્દનું ગ્રન્થ કર્તૃત્વ સ્વીકાર્યું છે, પરંતુ શુબ્રિંગ બતાવે છે કે આ ગ્રન્થની ભાષા ઉપર અંશતઃ અપભ્રંશની અસર છે અને અંશતઃ તે ખોટી છે; જ્યારે समयसार વિ. નું પ્રાકૃત નિયમિત છે. તેથી અટ્ઠપાહુડ સાહિત્યિક ભાષાના વિકાસમાં પાછળનો તબક્કો દર્શાવે છે. અને ચાર ગ્રન્થોના રચનાર તે જ લેખક સુધી સમ્ભવતઃ તે પાછો જઈ શકતો નથી. માન્યતાને સમર્થન આપવા અટ્ઠપાહુડ અને समयसार માંથી ચૂંટેલા અંશો આ લેખમાં પ્રસિદ્ધ કર્યા છે અને સમજાવ્યા છે.

(૧૦) થેઓડોર ત્સાખારીએ

(હાલે યુનિ.ના સંસ્કૃત વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ, અવસાન ઈ. સ. ૧૯૩૪) *Informations about the Jains from Authors of the 16th and 17th century* (૧૬ મી અને ૧૭ મી સદીના લેખકોમાંથી મળતી જૈનો વિષેની માહિતી) (Festschrift Moritz Winternitz, Leipzig 1933, pp. 174 ff.):—

૧૬ મી અને ૧૭ મી સદીના પર્શિયન, પોર્ચુગીઝ, ડચ અને બીજા લેખકોએ કરેલા જૈનવિષેના ઉલ્લેખોમાંથી તે સમયની જૈનવિદ્યાના આપણા જ્ઞાનમાં ખાસ વધારો થાય એવી આશા ન રાખી શકાય. છતાં ભારતીય સંસ્કૃતિના અધ્યયનાર્થીને માટે ત્સાખારીએના કેટલાંક ઉદ્ધરણો રસપ્રદ છે. ઉપરાંત તે ઉદ્ધરણો બતાવે છે કે Vertia, Ceurawach, અને Tschāiner (જૈનો માટે વપરાએલાં કેટલાંક યુરોપીયન નામો) પ્રાચીન યાત્રાળુઓ વડે કેવી રીતે જોવાયા હતા.[૧૦]

જેવી રીતે બૌદ્ધવિદ્યાના પ્રારમ્ભમાં ફ્રાન્સે તે ક્ષેત્રમાં આગેવાની લીધી હતી તેવી રીતે અમુક સમય માટે જૈનવિદ્યાના ક્ષેત્રમાં જર્મનીએ અગ્રેસરપણું લીધું હતું, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. તેમ છતાં આમાંથી 'આજે પણ જર્મનીમાં આવી પરિસ્થિતિ છે અથવા તો જર્મનીએ પશ્ચિમમાં જૈનવિદ્યાનો એક જાતનો ઇજારો રાખ્યો છે' એ પ્રકારનો અર્થ કાઢવો તે ગેરવાજબી છે. કેટલાક શાખા-સમ્પ્રદાયો સીવાય જૈનવિદ્યા પ્રત્યેના જર્મન અભિસારમાં કંઈક રાષ્ટ્રીય છાંટ જેવું છે એમ પણ નથી. તેથી અમે કરેલી જર્મન અને માત્ર જર્મન ગ્રન્થોની પસન્દગી વિષયની દૃષ્ટિએ અપ્રાકૃતિક છે. જો કે આ પદ્ધતિ માધ્યમની દૃષ્ટિએ સમ્પૂર્ણ વાજબી લાગે છે, કારણ કે આમાંના લગભગ બધાં પ્રકાશનો જર્મનમાં લખાએલાં છે અને તેથી યૂરોપની ભાષાઓ પૈકી અંગ્રેજી અધિકતમ જાણીતી છે એવા ભારતમાં એમના પ્રત્યે ધ્યાન ન દોરાય એ સ્વાભાવિક છે.

'જૈન વિદ્યા' અગર 'જૈન વિદ્વાન્' એવા પ્રયોગોદ્વારા ઉત્પન્ન થતી બીજી ગેરસમજ સંશોધન કાર્ય સાથે સંકળાએલી છે. વિષયના સમ્પૂર્ણ અભ્યાસદ્વારા જર્મન

૧૦. આ જ લેખકના "Der Anekārthasaṁgraha des Hemachandra" (હેમચન્દ્રનો અનેકાર્થસંગ્રહ) (With extracts from the commentary of Mahendra, Bombay, 1893) એ નામના લેખકદ્વારા અનિર્દિષ્ટ ગ્રન્થ પ્રત્યે અનુવાદક ધ્યાન દોરે છે.

વિદ્વાનો હંમેશા જૈન સિદ્ધાન્તોની છેલ્લામાં છેલ્લી વીગતો સુધી અને એની ધાર્મિક લાગણીના સૂક્ષ્મતમ ભેદો સુધી જૈનવિદ્યાની ખૂબીઓ બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. છતાં આનો અર્થ એમ નથી કે જૈનવિદ્યા એ એક જૂદી પાડેલી બાબત છે. ઉલટું બીજા પશ્ચાત્કાલીન સુવિકસિત ધર્મોની માફક જૈન ધર્મ પણ ભારતીય જીવન અને વિચારોની સામાન્ય પાર્શ્વભૂમિમાંથી ક્રમશઃ કેવી રીતે વિકસ્યો અને મૂળનો સમ્બન્ધ પાછળથી બીજા સમ્પ્રદાયોના વિચાર ના વિનિમયથી કેવી રીતે સુદૃઢ થયો તેનો અભ્યાસ કરવો જરૂર જણાવ્યો હતો. આ અર્થમાં જૈન ધર્મના જ્ઞાન માટેનું દરેક પ્રદાન ભારતીય પ્રતિભાની ઐતિહાસિક અભિવ્યક્તિઓમાંની કોઈ ને કોઈ અભિવ્યક્તિના જ્ઞાન પ્રત્યેનું પ્રદાન છે. *

---

* The Voice of Ahinsa [Aliganj (Etah) Uttar Pradesh] Vol. VI, No. 10, October 1956 માં પ્રસિદ્ધ થયેલા લેખનું સુધારા વધારા સહિત ભાષાન્તર.

સદર ભાષાન્તરની અનુમતિ માટે તથા તેના અંગેની અનેકવિધ સાહાય્ય અને સૂચનો માટે મૂળલેખક ડૉ. બ્રૂનનો અને ભાષાન્તરને 'જૈનયુગ'માં પ્રગટ કરવાની તમન્ના દર્શાવી વારંવાર પ્રોત્સાહન આપવા માટે શ્રી કાન્તિલાલ કોરાનો અનુવાદક આભાર માને છે

★

સિદ્ધસેન દિવાકર

મૃત્યુલોકની મહાનગરી, સરસ્વતીના નિવાસસ્થાન–ઉજ્જૈન નગરીમાં મહાકાલેશ્વર મહાદેવના મંદિરમાં એક અવધૂતે ધામા નાંખ્યા. પગ ઉપર પગ ચઢાવી, સાધારણ પાંગલની જેમ એ સાધુ બેઠા.

"અરે બાવાજી, પગ પર પગ ચઢાવ્યા છે તે ઉતારો અને મહાદેવને નમન કરો" પુજારીઓએ કહ્યું. પણ સાધુ બોલે શાના? સિપાઈઓએ ચાબખા મારવાનું શરૂ કર્યું પણ તે તો રાજમહેલની રાણીઓના શરીર પર લાગવા માંડ્યા.

"મહારાજ, કોઈ બાવો મહાદેવના મંદિરમાં આવ્યો છે, બોલતો નથી કે ચાલતો નથી. પગ ઉપર પગ ચઢાવી દેવને પૂંઠ કરી દેવનું અપમાન કરે છે" પુજારીએ રાજાને ફરિયાદ કરી.

"બાવાજી, મહાદેવનું અપમાન કરતાં જરા વિચાર કરજો! જીવનું જોખમ છે. તેની સ્તુતિ કરો." વિક્રમ રાજાએ ત્યાં આવી સાધુને કહ્યું.

"હે રાજા! આ દેવ મારી સ્તુતિ સહન કરી શકે તેટલો શક્તિમાન નથી." જરા ક્રોધથી સાધુએ કહ્યું. રાજાએ કહ્યું. "તમારો પરચો તો બતાવો."

પુણ્ય-પાપ રહિત એવા દેવને મારા નમસ્કાર હો એમ પ્રભુ મહાવીરની બત્રીસ શ્લોક વડે સ્તુતિ કરી સાધુએ પ્રભુ પાર્શ્વનાથની સ્તુતિ એક પછી એક ગાથાઓ દ્વારા કરવા માંડી. એકેક ગાથાએ શિવલિંગમાં અવાજ સાથે ફાટ પડતી અને અગિયાર ગાથા પૂરી થઈ ત્યાં તો એક ભયજનક અવાજ સાથે શિવલિંગ ફાટ્યું અને અવંતિપાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઈ. સૌ આશ્ચર્ય પામ્યા.

રાજાએ વિસ્મયથી કારણ પૂછતાં સાધુએ જણાવ્યું, "રાજા! આ સ્થાન જૈનોનું છે. અવંતિપાર્શ્વનાથની મૂર્તિની અહીં પ્રતિષ્ઠા થઈ છે. પણ બ્રાહ્મણધર્મવાદીઓએ તે મૂર્તિ પર શિવલિંગ સ્થાપેલું હતું. પરિણામે એ શિવલિંગ વડે મારી સ્તુતિ સહન ન થઈ અને અવંતિપાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઈ."

સૌ વિસ્મય પામ્યા અને જૈન શાસનની ઉન્નતિ થવા લાગી!'

— બંસી

જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિજી
અને
'જેજીયા' કર-મુક્તિ

પં. લાલચંદ ભગવાન્ ગાંધી

[પાલી (મારવાડ) થી મુનિશ્રી જનકવિજયજીગણિનો તા. ૧૮-૧૦-૫૮ જણાવેલો પત્ર મુનિ શ્રીઈન્દ્રવિજયજીગણિદ્વારા એ માસના અંતમાં મને મળ્યો હતો. જેમાં શ્રીવલ્લભસૂરિ-સ્મારક ગ્રંથમાંથી બે લેખોના ફકરા ટાંકી 'આ બાબતમાં શું સમજવું?' તેનો ખુલાસો લખવા મને જણાવ્યું છે.]

(૧) "જજિયાવેરો અકબરે માફ કર્યો તેમાં હીર-વિજયસૂરીનો હાથ હતો, પણ ઐતિહાસિક ઘટનાએ એ વાસ્તવિક નથી, કારણ કે જજિયાવેરાની માફી અકબરે હીરવિજયસૂરીનો પરિચય થયો-તે પહેલાં વર્ષો થયાં આપી દીધી હતી."

—આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ,
ગૂ. વિભાગ પૃ. ૧૭, ૧૮
—પ્રા. કે. હિં. કામદારના લેખમાં.

(૨) એ જ ગ્રંથના ગૂ. વિ. પૃ. ૧૫૭માં પ્રા. મં. ૨. મજમુદારના લેખમાં નીચે પ્રમાણે છે:—

"એક શાંતિચંદ્ર નામના મુનિએ પણ 'કપારસકોશ' નામે સંસ્કૃત કાવ્ય રચી અને સંભળાવી અકબરશાહ ઉપર ભારે અસર કરી હતી, જેને પરિણામે જીવદયાના પાલનમાં, તથા 'જજિયા' જેવો કર કાઢી નાખવાની બાદશાહે કૃપા કરી હતી."

—આ સંબંધમાં મ્હારા અભ્યાસમાં આવેલા અને મ્હારી સામે રહેલા તત્કાલીન પ્રાચીન ગ્રંથોનું-ઐતિહા-સિક સાધનોનું અવલોકન કરતાં-વિચારતાં મને જણાય છે કે 'જજિયા' કર નીકળી જવામાં નિમિત્તભૂત થયેલા જૈનાચાર્ય શ્રીહીરવિજયસૂરિને જે યશ અપાય છે એ વાસ્તવિક છે. એમ માનવામાં સમકાલીન અનેક વિદ્વાન કવિ-લેખકોનાં સંસ્કૃત પદ્ય, ગદ્ય અને પ્રાચીન ગૂજરાતી પ્રમાણો દર્શાવી શકાય તેમ છે, જેમાંના કેટલાક વિદ્વાનો એ ઘટનાના સાક્ષીભૂત સમર્થકો છે: એમની પ્રામાણિકતા માટે શંકા લાવવી એ ઉચિત નથી. તેમાંના મુખ્ય પ્રામાણિક ઉલ્લેખો અહીં દર્શાવું છું.

(૧)

—શ્રીશત્રુંજ્યતીર્થ ઉપર મૂલનાયક શ્રીઆદીશ્વર ભગવાનના જિનાલયના દ્વાર પાસે સંસ્કૃત વિસ્તૃત પદ્યમય એક શિલાલેખ છે. ખંભાતના ઓસવાળ શ્રદ્ધાળુ શ્રીમાન સદ્‌ગૃહસ્થ સૌવર્ણિક (સોની) તેજપાલ શાહે ઉદ્ધાર કરાવેલા એ જિનમંદિરની યાત્રા અને પ્રતિષ્ઠા વિ. સં. ૧૬૫૦માં શ્રીહીરવિજયસૂરિજીએ કરી હતી, તેનું વર્ણન અનેક ગ્રન્થકાર વિદ્વાન કવિ શ્રી હેમવિજયજીએ સં. ૬૭ શ્લોકોવાળી પ્રશસ્તિમાં કર્યું છે. તે શિલાલેખની નકલ એપિગ્રાફિઆ ઇંડિકા ૨,૫૦-૫૯માં, તથા તે પરથી શ્રીજિનવિજયજી દ્વારા સંગૃહીતસંપાદિત 'પ્રાચીન જૈન લેખસંગ્રહ' ભા. ૨, પૃ. ૧૧ થી ૨૧ માં લેખાંક ૧૨ તરીકે શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરથી પ્રકાશિત છે. ઉપર્યુક્ત શિલાલેખમાં જણાવ્યું છે કે અકબરપાતશાહે ગૂજરાતમાંથી મેવાતદેશમાં આચાર્ય શ્રીહીરવિજયસૂરિજીને આદરપૂર્વક બોલાવ્યા. સં. ૧૬૩૯માં તેઓ ફતેપુરમાં પધાર્યા તેનું વર્ણન ૧૬ પદ્યોમાં કર્યા પછી, ૧૭મા પદ્યમાં જણાવ્યું છે કે જેમની (હીરવિજયસૂરિજીની) વચન-કળાથી રંજિત થયેલા, હર્ષિત-હૃદયવાળા રાજાધિરાજ શાહ અકબ્બરે સમસ્ત દેશોમાં છ મહિના પર્યંત અમદાવાદની પટહોદ્‌ઘોષણા કરાવી હતી—

"दामेवाखिल भूपमूर्धसु निजामाज्ञां सदा धारयम्,
श्रीमान् शाहिअकब्बरो नरवरो [देशेष्व] शेषेष्वपि।
षण्मासाभयदानपुष्टपटहोद्‌घोषानघध्वंसितः
कामं कारयति स्म हृष्टहृदयो यद्‌वाक्‌कलारंजितः ॥१७॥"

—ત્યાર પછી ૧૮મા પદ્યમાં જજિઆકરને એમના (હીરવિજયસૂરિજીના) ઉપદેશથી અકબ્બર પાતશાહે તજ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે—

"यदुपदेशवशेन मुदं दधन्,
निखिलमण्डलवासिजने निजे।
मृतधनं च करं च सुजीजिआ-
भिधमकब्बरभूपतिरत्यजत् ॥१८॥"

ભાવાર્થ:—જેમના (શ્રી હીરવિજયસૂરિના) ઉપદેશને આધીન થઈ હર્ષ ધારણ કરતા અકબ્બર ભૂપતિએ પોતાના સઘળા મંડળ (દેશ)માં વસતા જન પરના,

મૃત્યુ પામનારના ધનને અને જજિઆ નામના કરને તજ્યો હતો. ૧૮

—તે પ્રશસ્તિ-શિલાલેખના ૬૨મા પદ્યમાં શાહ તેજપાલે સં. ૧૬૫૦માં કરેલી યાત્રા અને ગુરુજી શ્રી હીરવિજયસૂરિજીએ તે ચૈત્યની કરેલી પ્રતિષ્ઠા સૂચવી છે—

"शत्रुंजये गगन-बाण-कला १६५० मितेऽब्दे,
यात्रां चकार सुकृताय स तेजपालः ।
चैत्यस्य तस्य सुदिने गुरुभिः प्रतिष्ठा,
चक्रे च हीरविजयाभिधसूरिसिंहैः ॥६२॥"

ભાવાર્થ :—તે તેજપાલે શત્રુંજય પર સં. ૧૬૫૦માં સુકૃતમાટે યાત્રા કરી હતી અને તે ચૈત્યની પ્રતિષ્ઠા સુદિને ગુરુજી શ્રી હીરવિજયસૂરિ-સિંહે કરી હતી. ૬૨

શત્રુંજયપર્વત પરના નંદિવર્ધન ચૈત્યના પૂર્વોક્ત પ્રશસ્તિકાર કવિ હેમવિજય, પં. કમલવિજયના સુશિષ્ય હતા—એમ તેના અંતિમ પદ્યમાં જણાવ્યું છે. તે કવિએ રચેલા બીજા અનેક ગ્રંથો શ્રીપાર્શ્વનાથચરિત મહાકાવ્ય (રચના સંવત ૧૬૩૨), સદ્ભાવશતક-ઋષભશતક (સં. ૧૬૫૬), કથારત્નાકર (સં. ૧૬૫૭), કીર્તિકલ્લોલિની, સ્તુતિત્રિદશતરંગિણી, કસ્તૂરીપ્રકર, અન્યોક્તિમુક્તામહોદધિ, તથા વિજયપ્રશસ્તિ મહાકાવ્ય (૧૬ સર્ગ પર્યંત) વગેરે જાણવામાં આવ્યા છે. વિશેષ માટે જૂઓ વિજયપ્રશસ્તિમહાકાવ્ય (ય. વિ. ગ્રંથમાળાથી પ્રકાશિત).

(૨)

શ્રીશત્રુંજય તીર્થ પર આદીશ્વર ભગવાનના મંદિરની પશ્ચિમે આચાર્ય શ્રીહીરવિજયસૂરિજીની પાદુકા સં. ૧૬૫૨માં પ્રતિષ્ઠિત કરવામાં આવેલી છે, જેની પ્રતિષ્ઠા તેમના પટ્ટધર શ્રીવિજયસેનસૂરિએ કરી હતી. તે સંબંધના ત્યાંના નાનીમોટી ૧૧ પંક્તિના સં. શિલાલેખમાં સદ્ગત સૂરિજીના સદ્ગુણો સાથે સત્કાર્યોનું સ્મરણ કરવામાં આવ્યું છે, તેમાં પ્રસ્તુત જજીઆ-કર-મોચનનો પણ ઉલ્લેખ છે. એની નકલ એપિગ્રાફિઆ ઇંડિકા ૨,૫૯માં, તથા તેના આધારે શ્રી જિનવિ. પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા. રમાં લેખાંક ૧૩ તરીકે પ્રકાશિત છે, તે અહીં દર્શાવું છું—

"ॐ॥ स्वस्तिश्री संवत् १६५२ वर्षे मार्गे वदि २ सोमवासरे पुष्यनक्षत्रे निष्प्रतिमसंवेग-वैराग्य-निःस्पृहतादिगुणरंजितेन साहिश्रीअकब्बरनरेंद्रेण प्रतिवर्षं षाण्मासिकसकलजंतुजाताभयदानप्रवर्तन-सर्वकालीनगवादिवधनिवर्तन-जीजिआदिकरमोचन-मुंडकाभिधानकरमोचनपूर्वक श्रीशत्रुंजयतीर्थसमर्पणादिपुरस्सरं प्रदत्तबहुबहुमानानां नानादेशीयसंघसमुदायेन सह श्रीशत्रुंजये कृतयात्राणां जगद्विख्यातमहिमपात्राणां सं. १६५२ वर्षे भाद्रसितैकादश्यां उन्नतदुर्गे अनशनपूर्वकं महोत्सवेन साधितोत्तमार्थानां तपागच्छाधिराज-भट्टारक श्रीहीरविजयसूरीणां पादुकाः कारिं स्तंभतीर्थीय सं. उदयकरणेन प्र. भ. श्रीविजयसेनसूरिभिः॥ महोपाध्यायश्रीकल्याणविजयगणयः पं. धनविजयगणिभ्यां सह प्रणमंति। एताश्च भावा.....रा]ध्यमानाश्चिरं [नंद]तु ॥ श्रीः ॥"

—એપિગ્રાફિઆ ઇંડિકા-૨/૫૯
—પ્રાચીનજૈનલેખસંગ્રહ ભા. ૨, લે. ૧૩.

ભાવાર્થ :—સંવત ૧૬૫૨ વર્ષ (ચૈત્રથી શરૂ થતા)ના માર્ગશીર્ષ વદિ ૨ સોમવારે પુષ્પનક્ષત્રમાં; જેમના અસાધારણ સંવેગ, વૈરાગ્ય, નિઃસ્પૃહતા આદિ ગુણોથી રંજિત થયેલા સાહિ શ્રી અકબ્બર નરેન્દ્રે પ્રતિવર્ષ છ મહિના પર્યંત સકળ જંતુ-સમૂહને અભયદાન પ્રવર્તાવવું, સર્વ કાળના ગાય, બળદ વગેરેના વધ અટકાવવા, તથા જીજીઆ વગેરે કર મુકત કરવા અને મુંડકા નામના કરને મુકત કરવા પૂર્વક શત્રુંજયતીર્થ સમર્પણ કરવું વગેરે પ્રકારનાં કાર્યો કરી જેમને બહુ બહુમાન આપ્યું હતું, તથા જેમણે વિવિધ દેશોના સંઘ-સમુદાય સાથે શ્રીશત્રુંજયની યાત્રા કરી હતી, જેઓ જગતમાં વિખ્યાત મહિમાપાત્ર હતા; સં. ૧૬૫૨ વર્ષમાં, ભાદ્રપદ શુકલ એકાદશીએ ઉન્નતદુર્ગ-(ઊના-સૌરાષ્ટ્ર)માં અનશન-પૂર્વક મહોત્સવથી ઉત્તમ અર્થને સાધનારા તે તપાગચ્છના અધિરાજ પૂજ્ય શ્રી હીરવિજયસૂરિજીની પાદુકાઓ ·સ્તંભતીર્થ(ખંભાત)ના સંઘવી ઉદયકરણે કરાવી અને પૂજ્ય શ્રી વિજયસેનસૂરિજીએ પ્રતિષ્ઠિત કરી છે, તેને મહોપાધ્યાય શ્રી કલ્યાણવિજયગણિજી ધનવિજયગણિ સાથે પ્રણામ કરે છે. આ પાદુકાઓ ભવ્યજનોથી આરાધન કરતી ચિર કાળ નંદો." (ક્રમશઃ)

ઐતિહાસિક ચિત્રપટનો પરિચય અને
મહોપાધ્યાય શ્રી યશોવિજયજીની સાલમીમાંસા

પૂ. મુનિશ્રી યશોવિજયજી

અવતરણ

આ અંકમાં ઐતિહાસિક અને મૂલ્યવાન કહી શકાય તેવો ચિત્રપટ છાપવામાં આવ્યો છે. યદ્યપિ આ પટ પહેલવહેલો 'શ્રીવિજયવલ્લભસૂરિસ્મારકગ્રંથ'માં, અને ત્યાર પછી 'મહોપાધ્યાય શ્રીયશોવિજય સ્મૃતિ ગ્રંથ'માં છાપવામાં આવ્યો છે. તો પણ પુસ્તક કરતાં પત્ર વધુ હાથોમાં ફરતું હોવાથી, તેમ જ આ પટ પૂ. ઉપાધ્યાયજી મહારાજની આયુષ્યનિર્ણયમીમાંસા માટે અભૂતપૂર્વ પ્રકાશ અને મહત્ત્વનો વિચાર પૂરો પાડતો હોઈ, અહીં પુનઃ સ્થાન અપાયું છે.

પટની જીવન કથા

—પટનું નામ—મેરુપર્વત.

—આ પટનો જન્મ—વિ. સં. ૧૬૬૩માં થયો હોવાથી તેની આવરદા આજે ૩૫૧ વર્ષની થઈ કહેવાય.

—ઉંચાઈ (અથવા લંબાઈ) ૧ ફુટની અને પહોળાઈ પણ લગભગ તેટલી જ.

—જાત દેશી—અમદાવાદી કાગળ.

—રંગે શ્વેત.

—અલંકારની જગ્યાએ અંદર કાળો, પીળો ને લાલ કલરનો ઉપયોગ.
અને નીચે અસ્તર શ્વેત કાપડાનું.

આ પટમાં જંબૂદ્વીપના મધ્યવર્તિ રહેલા અને આપણા ભારતના મધ્યભાગથી લગભગ ૧૭૯૪૮૮૦૦, —અર્થાત્ એક કરોડ, ઓગણએંશી લાખ, અડતાલીસ હજાર આઠસો ગાઉ—દૂર રહેલા મેરુપર્વતની આકૃતિ જૈન દૃષ્ટિએ અને અમુક રીતિએ દોરી બતાવી છે. આ પર્વત ગોળાકારે ઉચો ગએલો છે. છતાં નયવિજયજીને તો ચારે દિશાવર્તી રહેલી વસ્તુઓનું દર્શન કરાવવું હોવાથી, ભૂમિતિની રીતે વર્તુળાકારે સપાટ કરીને બતાવ્યો છે. જેથી જોનારને, પ્રાથમિક દૃષ્ટિએ તો આ પહાડ છે, તેવો ખ્યાલ આવે તેમ નથી.

ચિત્રપટ શું કહે છે?

આટલો પરિચય આપીને આ પટ ઐતિહાસિક અને મહત્વનો શાથી છે? તે અંગે થોડોક ઉહાપોહ રજૂ કરું છું.

વર્તમાન અપેક્ષાએ આપણા ઉપાધ્યાયજીનું અંતિમ મહામહર્ષિ કે જ્યોતિર્ધર તરીકેનું સ્થાન અદ્યાવધિ અજોડ રીતે જળવાઈ રહ્યું છે. કારણ કે એમનું ખાલી સ્થાન લઈ શકે એવી 'દિવ્ય અને અદ્‌ભુત' શબ્દથી નવાજી શકાય તેવી કોઈ જ વ્યક્તિ તેમના પછી પાકી નથી. એ એક નિર્વિવાદ સત્ય છે. આપણા એ મહાસર્જક સત્તરમી સદીના વચગાળે જન્મ્યા અને અઢારમી સદીના વચગાળે કાળધર્મ (દેવલોક) પામ્યા. આથી આપણા આ પરમોપાસ્ય પુરુષ સાથે બંને સદીઓનુ અર્ધાઅર્ધ સગપણ જોડાયું છે. આ સદીની બાબતમાં પણ કોઈને કશો જ અંદેશો નથી, શંકા છે તેમના ચોક્કસ વર્ષ માટે.

આ માટે ચિત્રપટની પુષ્પિકાના મુદ્દાઓને સમજી લેવા પ્રથમ જરૂરી છે.

૧ મેરુપર્વતનું આલેખન, વિ. સ. ૧૬૬૩માં થયું છે.

૨ આલેખન કરનાર, ઉપાધ્યાયજીના ગુરુ શ્રી નયવિજયજી પોતે જ છે, અને તે વખતે તેઓ ગણિ અને પંન્યાસ પદ ધરાવે છે.

૩ આલેખન, કણસાગર[1] નામના ગામડામાં રહીને કર્યું છે.

૪ અને તે આ. શ્રીવિજયસેનસૂરિજીના રાજમાં કર્યું છે..

---

૧ ઉ. ગુજરાતના મહેસાણા પાસેના ધીણોજ ગામની નજીક ગાંભુ કરીને ઐતિહાસિક ગામ છે. આ જ ગામમાં શીલાંકાચાર્યજીએ આચારાંગની ટીકા પૂર્ણ કરી હતી. આ ગામથી થોડાક ગાઉ દૂર "કણસાગર" ગામ આજે પણ વિદ્યમાન છે, ને ત્યાં આજુબાજુએ પ્રાચીન અવશેષો સારા પ્રમાણમાં પડેલા જોવા મળે છે.

૫ નયવિજયજીએ પોતાને કલ્યાણવિજયજીના શિષ્ય તરીકે-ઓળખાવ્યા છે.

૬ પોતાના જ શિષ્ય જસવિજયજી માટે આ પ્રયાસ કર્યો છે. અને તે ઉલ્લેખમાં તેઓ જસવિજયજીને ગણિ તરીકે સંબોધે છે.

ઉપરના મુદ્દાઓ પૈકી નં. ૧-૨-૩ વાળા મુદ્દાઓ અંગે મહત્ત્વનું કંઈ કથયિતવ્ય નથી.

નં. ચારમાં, વિજયસેન સૂરિરાજ્યે, લખ્યું છે, તે હકીકત બરાબર છે; કારણ કે જગદ્‌ગુરુ ૧૬૫૨માં સ્વર્ગવાસી બની ચૂક્યા હતા, એટલે તેમનું શાસન સ્વાભાવિક રીતે જ બંધ પડ્યું હતું, તેમની પાટે વિજયસેનસૂરિજી સ્થાપિત થયા, એટલે ત્યાર પછીથી તેમનું શાસન શરૂ થયું. એટલે તે વખતના શ્રમણસંઘનો મોટો સમુદાય એક જ બંધારણ ને નિયમ મુજબ વર્તતો હતો અને એક જ આચાર્યની આજ્ઞા સહુ કોઈ શિરોમાન્ય કરતા હતા. ગ્રન્થાદિકની પ્રશસ્તિમાં જેનું શાસન ચાલતું હોય તેનો અંતમાં ઉલ્લેખ કરવાનો એક શિરસ્તો હતો, ને પ્રાયઃ તે પળાતો પણ હતો. એવો ધન્ય સમય આજે આવે તો !.....

નં. પાંચમાં નયવિજયજી, એ કલ્યાણવિજયજીના શિષ્ય લાભવિજયજીના શિષ્ય હતા, આ સર્વથા સત્ય બીના છે. એટલે એમને શિષ્યની આગમ 'પ્ર' વધારીને પ્રશિષ્ય લખ્યું હોત, તો આ ભ્રમ ઊભો ન થાત. પણ એ માટે કશી ચિંતા કરવા જરૂર નથી, એ તો ઉતાવળમાં અથવા અનુપયોગ પણે આવું ઘણીવાર બન્યું છે ને બને છે.*

હવે અંતિમ નં. ૬ વાળો મુદ્દો ખાસ વિચારણા માગીલે છે.

શંકા— ૧૬૬૩માં ઉપાધ્યાયજી ગણિ હતા તો એ ગણિપદ ક્યારે આપ્યું ? ૬૩, માં ગણિ હતા તો તેમની દીક્ષા ક્યારે થઈ? અને પછી તેઓશ્રીનો જન્મ ક્યારે થયો ?

સમાધાન—ગણિ ક્યારે થયા? તે માટે, લઘુદીક્ષા માટે, કે જન્મ સમય માટે કોઈજ જવાબી સાધન પ્રાપ્ત થયું નથી, તેમજ આ પ્રસંગે તેમની ઉમ્મર શી હતી ? તેની કંઈપણ નોંધ મળી નથી.

તો શું અન્ય કોઈ વિચાર-સાધન છે ખરૂં ? તો અંદાજ અનુમાન નીકળી શકે ખરૂં ? કઈ રીતે ? તો જૈન આચાર પરંપરા મુજબ એવો નિયમ છે કે લઘુ દીક્ષા બાદ વડીદીક્ષા પ્રદાન થયા પછી ઓછામાં ઓછો દશ વર્ષનો દીક્ષાપર્યાય ન થાય, ત્યાં સુધી ગણિપદની અનુજ્ઞા-પ્રાપ્તિ થતી નથી. જો આ નિયમનો સમાદર કરવા પૂર્વક, ગણિપદ પ્રદાન થયું હોય તો, સં. ૧૬૬૩ (આ સાલમાં જ ગણિ થયાનું માની લઈએ તો) માંથી દશ વરસ બાદ જતાં સ્થૂલ ગણત્રીએ પણ સં. ૧૬૫૩માં દીક્ષા સંભવી શકે.

તો પછી દીક્ષા વખતે ઉમ્મર શું અંદાજવી ? તો જો તેઓ બાલ દીક્ષિત હતા એવું નિશ્ચિત માનીએ, અને છેવટે આઠેક વર્ષની ઉમ્મર કલ્પીએ તો, સં. ૧૬૫૩ માંથી ૮ બાદ કરતાં, સં. ૧૬૪૫ના અરસામાં જન્મ-સમયની સંભાવના કરી શકાય.

હવે તેમના કાળધર્મની નિશ્ચિત સાલ મળે છે ખરી ? એના જવાબમાં પુરી હા, કે ના, કહી શકાય તેમ નથી. પરંતુ સ્વરચિત જંબૂસ્વામીરાસ, સં. ૧૭૩૯માં રચ્યાનું ખુદ તેઓશ્રીજ જણાવે છે. એટલે આગળ ન વધીએ અને સં. ૧૭૩૯ અને સં ૧૬૪૫ વચ્ચેની ગણત્રી કરીએ તો, ૯૪ વરસનું દીર્ઘાયુષ સ્વાભાવિક રીતે સંભવિત બની જાય છે.

ઉપરોક્ત ચર્ચા અને વયનો અંદાજી નિર્ણય પટના આધારે કર્યો.

સુજસવેલીભાસ શું કહે છે ?

હવે સદ્‌ભાગ્યે મળી આવેલી 'સુજસવેલીભાસ' નામની એક નાનકડી કૃતિ જેની બે[૧] આવૃતિ થઈ ગઈ છે, જેના કર્તા મુનિશ્રી કાન્તિવિજયજી છે, જેઓ ઉપાધ્યાયજીના સમકાલિક હતા, તેઓએ પ્રસ્તુત 'ભાસ' ગુજરાતી પદ્યમાં બનાવેલો છે. જેમાં ચાર ઢાળ અને બાવન કડીઓ છે. આ આખીએ કૃતિમાં ઉપાધ્યાયજીના જીવન પર ટૂંકો છતાં વિસ્તૃત પ્રકાશ પાડ્યો છે. આ કૃતિમાં દીક્ષા વગેરે અંગે, જે સાલનિર્દેશ કર્યો છે, તે પૂર્વોક્ત પટના ઉલ્લેખને ખોટો ઠરાવે છે.

.....

* જ્યારે દાદા ઉપરની વધુ પડતી ભક્તિ વ્યક્ત કરવા, ગુરુ કરતાં દાદાગુરુના શિષ્ય તરીકે ઓળખાવાનો ઉમળકો જાગી જાય છે, ત્યારે આવો ઉલ્લેખ કરવાનું બને છે. નયવિજયજીએ અન્ય સ્થળે પણ એવા ઉલ્લેખો કર્યા છે. પણ એ અંગેનો ઉહાપોહ 'જીવન-કવન' લખવાના પ્રસંગે કરવા ધારૂં છું.

૧ આ કૃતિ 'શ્રીયશોવિજયસ્મૃતિગ્રન્થ'માં પણ પ્રકાશિત થઈ છે.

પણ સુજસવેલીકાર શું કહે છે તે પણ સ્પષ્ટ સમજી લઈએ—તેઓ જન્મની સાલ જણાવતા નથી, પણ

"વિજયદેવગુરુ હાથનીજી, વડીદીક્ષા હુઈ ખાસ;
સંવત સોલ અડયાસિયેંજી, કરતાં યોગ અભ્યાસ."

આ પદ્યથી ૧૬૮૮માં તેમની વડી દીક્ષા થયાનું જણાવે છે, પણ ૧૬૮૮માં લઘુ દીક્ષાની સાલ નોંધતા નથી, એમ છતાં

"સંવત સોલ અડયાસિયેંજી, રહી કુણગિરિ ચોમાસિ,
શ્રીનયવિજય પંડિતવરૂજી, આવ્યા કન્હોડે ઉલ્લાસિ."

આ પદ્યથી ૧૬૮૮માં[1] નયવિજયજી 'કન્હોડુ' પધારેલ છે. અને એજ સાલમાં પાટણમાં વડીદીક્ષા થાય છે, એટલે દીક્ષાની સાલ ૧૬૮૮ની હતી, એ આપોઆપ સિદ્ધ થઈ જાય છે. ભાસના કથન મુજબ દીક્ષા–વડી-દીક્ષાની સાલ ૧૬૮૮ છે. તો દીક્ષા વખતની ઉમ્મર કેટલી ? તો આ નિર્ણય માટે બીજું કોઈ સાધન નથી. પરંતુ ભાસકાર––

"લઘુતા પણ બુદ્ધે આગળોજી, નામે કુમર જસવંત,"

આમાં લઘુતા ને કુમર એ બે શબ્દ જોતાં તેઓ નાની ઉમ્મરના હતા, ને કુમાર શબ્દથી તેઓ 'કુમાર' હતા તે વાત નિશ્ચિત ઠરે છે. કુમારઅવસ્થા હોવાથી આઠ વર્ષથી અધિક વય ગણાવી જોઈએ, એટલે નવેક વર્ષની વય અંદાજી શકાય.

દીક્ષાની ૧૬૮૮ની સાલમાંથી નવ વર્ષ બાદ કરીએ તો, ૧૬૭૯ની સાલ જન્મ સમય માટે અંદાજી શકાય.

હવે સુજસવેલીભાસકાર ત્યાર પછી તેમની ઉપાધ્યાય પદની ૧૭૧૮ ની સાલનો અને––

"સત્તરત્રયાલિ ચોમાસું રહ્યા, પાડક નગર ડભોઈ રે,
તિહાં સુરપદવી અણુસરી, અણસણિકરિ પાતકધોઈ રે"

આ કડીથી ૧૭૪૩માં ચોમાસું કર્યાનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે.

પણ અણુસણ કરી સુરપદવી–સ્વર્ગવાસ ક્યારે કર્યો ? તે અંગે કશી જ સ્પષ્ટતા કરતા નથી. શું '૧૭૪૩ના ચોમાસામાં જ કર્યો કે ચોમાસું પૂર્ણ થયા બાદ ૧૭૪૪માં કર્યો ? 'તિહાં' શબ્દથી તો ડભોઈમાં કર્યો એ વાત સૂચિત થાય છે, પણ જ્યારે અંતિમ ચોમાસાની સાલનો જે લેખક ઉલ્લેખ કરે તે લેખક સ્વર્ગવાસની સાલ, જે ૧૭૪૪ હોય, અને તે ન કરે એ સંભવિત નથી, ને બુદ્ધિ-ગમ્ય પણ નથી.

ચોમાસાનો ઉલ્લેખ કરી તુરત જ તેઓ સ્વર્ગની વાત જ્યારે કરે છે ત્યારે એમ સહેજે લાગે કે સ્વર્ગવાસ ચાતુર્માસમાં જ કર્યો હોવો જોઈએ. અને એ જ કારણસર તેમને બીજી સાલ જણાવવાની જરૂર પણ ક્યાંથી હોય ? ત્યારે સુજસવેલીનો આધાર લઈ ને આગળ ૧૬૭૯,નો આનુમાનિક જન્મસમય જણાવ્યો છે. ને સ્વર્ગવાસ ૧૭૪૩ નો નક્કી કરીએ છીએ. બંને વચ્ચેનો સમય ગણતાં લગભગ ૬૪, વર્ષનું આયુષ્ય સંભવિત બને છે.

હવે આ સંજોગમાં પટના ઉલ્લેખને વધુ વજન આપવું કે સુજસવેલીના ઉલ્લેખને ? એમ સહેજે તર્ક થાય; પણ આનો ચોક્કસ કે વધુમાં વધુ પ્રામાણિકપણે જવાબ આપવા માટે થોડો સમય રાહ જોવી એ જ શ્રેયસ્કર છે. કારણ કે ભવિષ્યમાં કંઈ ને કંઈક આશાસ્પદ સાધનો મળવા સંભવ છે.

આમ છતાં પટના ઉલ્લેખને વધુ વજનદાર ઠરાવતા બીજા ઉલ્લેખો પણ મળ્યા છે.

મહોપાધ્યાય શ્રી. યશોવિજયજીની પોતાની માલિકીની કેશવમિશ્રકૃત 'તર્કભાષા' ની કૃતિનાં અન્તમાં ૧૬૬૫,ની સાલનો, તેમ જ 'દશાર્ણભદ્રરાજર્ષિ સ્વાધ્યાય' જે ઉપાધ્યાયજીએ પોતે જ લખી છે, તેમાં ૧૬૬૯ નો ઉલ્લેખ છે. આ અને આવા અન્ય ઉલ્લેખો ચિત્રપટની સાલને જ પ્રામાણિક * ઠેરવી રહ્યા છે.

આથી 'સુજસવેલી'ની રચના શું ખોટી છે ? તો તેનો જવાબ 'ના'માં છે, કારણ કે તેમાંની અન્ય હકીકતો તદ્દન સાચી છે એમ બીજી રીતે ચકાસતાં સ્પષ્ટ માલુમ પડી આવે છે. સુજસવેલીની સચ્ચાઈનું સમર્થન કરતો પુરાવો ઉપાધ્યાયજી ભગવાને પોતેજ એક ગીત માં કર્યો છે.

"પઢ પઢ કેઈ રિઝાવત પરકું, કષ્ટ અષ્ટ અવધાનમઇ"

અહીંઆ પોતે અષ્ટઅવધાનકાર હતા, એમ જણાવે છે. ને એજ વાત સુજસવેલીકાર કાન્તિવિજયજી—

'સાધિ સાખિ સંઘનેજી, અષ્ટ મહાઅવધાન'

આ પદ્યથી જણાવે છે.

---

૧ આ કથનથી તો નયવિજયજીની કન્હોડુ ચોમાસું રહ્યાની વાત શંકાસ્પદ બને છે. ને જો ચોમાસું રહ્યા ન હોય, તો પછી ઉપાધ્યાયજીના સંસારી માતુશ્રી ચાતુર્માસમાં ભક્તામરસ્તોત્ર નયવિજયજી પાસે જ સાંભળવા જતા હતા, એ પ્રવાદ ચાલ્યો આવે છે તેનું શું ?

* પટને ફરતી પુષ્પિકા ખુદ નયવિજયજીની પોતાની જ છે કે કેમ ? અન્ય પ્રાપ્ત પુરાવાઓ સંપૂર્ણ વિશ્વસનીય છે કે કેમ ? ઇત્યાદિ બાબતો તપાસ હેઠળ છે.

તો પછી શું સુજસવેલીને અપ્રામાણિક ઠરાવીને ઉપાધ્યાયજીની દિવ્યકથા અને જીવનપ્રભાને ખોટી ઠરાવવા કે ઝાંખી પાડવાનો કોઈ તેજોદ્વેષી વ્યક્તિએ સાચી સાલોને છેકી, ખોટી લખી નાંખવાનો હીણપત ભર્યો પ્રયત્ન કર્યો હશે ખરો ?

આ શંકા મને થઈ અને એ માટે તેની અસલ પ્રતિ મેળવવા પ્રયત્ન કર્યો પરંતુ એ પ્રતિ જે ભંડારમાં હતી ત્યાંથી ગુમ થઈ ગયાનું જાણ્યું. એ પ્રતિ ભવિષ્યમાં પ્રાપ્ત થાય અને એની પાણ્ડુલિપિની ચકાસણી થાય, પછી વધુ નિર્ણય ઉપર આવી શકાય.

નિષ્કર્ષ એ આવ્યો કે ઉપાધ્યાયજી ભગવાનનું આયુષ્ય 'પટના' આધારે ૯૦ થી ૧૦૦ વર્ષનું અને 'સુજસવેલી-ભાસ' ના આધારે લગભગ ૬૪ વરસનું આવે છે.

ગણિપદ અંગેના વિમર્શો :

૧. ભૂતકાળમાં પદવી અંગેની દશવર્ષની સામાચારીની ઉત્સર્ગમર્યાદાઓને, કોઈ કોઈ અસાધારણપ્રભાવશાળી અને પ્રભાવક વ્યક્તિઓ માટે. ગૌણ કરી, અપવાદમાર્ગે દીક્ષા દીધા બાદ પાંચ સાત વર્ષની અંદર પણ ગણિ તો શું–યાવત્ આચાર્યપદ પ્રદાન કર્યાના દાખલાઓ પણ આપણે ત્યાં નોંધાયા છે. ને તે પાછા સુવિહિત પુરુષોના હાથે અને સુયોગ્ય વ્યક્તિઓ માટે. જો આવા આપવાદિક માર્ગે ઉપાધ્યાયજી માટે કદાચ પદપ્રદાન થયું હોય તો અસંભવિત નથી. આ માન્યતાનો જો આદર કરીએ તો ઉપરની પટ ગણત્રીમાંથી બહુ બહુ તો પાંચેક વર્ષ ઓછાં કરી શકાય.

૨. વળી કેટલાક એવી પણ શંકા ઉઠાવે છે કે–ભક્તિ, લાગણી કે મોહથી સામાચારીની મર્યાદા કે પદપ્રદાન વિધિ સાચવ્યા સિવાય પદવીઓની નવાજેશ કરવાનું, ને આજે જેવી દુઃખદ ને શરમજનક ઘટનાઓ બને છે તેવું કાં ન બન્યું હોય ? પણ આનો જવાબ એ છે કે, આપણા ઉપાધ્યાયજી માટે તો આવો કશો જ સંભવ નહતો–નથીજ; અને આવા મહર્ષિ આ રીતની નવાજેશ સ્વીકારે એ કોઈ કાળે સંભવિત પણ નથી. અલબત્ત એમની જાણ બહાર બીજાઓ એમના નામ આગળ ગમે તે બિરુદો લગાડે તે સંભવિત છે.

૩. એ પણ તર્ક થઈ શકે કે, ઉપાધ્યાયજીને ઝાંખપ લગાડવા, વિરોધીઓએ તેમના નામે જેમ કેટલીક ખોટી કૃતિઓ ચઢાવી દીધી, એવોજ નિંદ્યચાલકીનો અખતરો આવી પુષ્પિકાઓમાં પણ કર્યો તો નહીં હોય ?!

આ તમામ શંકા–કુશંકાઓનો અંત ક્યારે આવે ? તો તેઓશ્રીએ અંતમાં સૂચિત કરેલ સંવતવાળી અઢારમા સૈકા પહેલાંની સ્વરચિત કૃતિઓ મળી આવે ત્યારે જ. પણ આપણા માટે દુર્ભાગ્યની ઘટના એ છે કે, પ્રાચીન મહાપુરુષો આજની જેમ 'આત્મકથા' લખવામાં રસ ધરાવતા ન હતા, તેથી તેમના જીવનની ઘટનાઓની ખાસ નોંધો આપણને મળતી નથી. જૈનશ્રમણોની આધ્યાત્મિકપરંપરાને આપણા ઉપાધ્યાયજી પણ અનુસર્યા છે; એટલે તેમના જીવનને લગતી કશી હકીકતો જેમ મળતી નથી, તેજરીતે તેઓશ્રીના કવન (ગ્રન્થો)ની જન્મસંવતો પણ આપણને બહુ જ ઓછી ઉપલબ્ધ થાય છે.

'શ્રુતકેવલી' જેવા મહર્ષિઓનું પણ સ્મરણ કરાવે તેવા આ મહાપુરુષની જીવન–ગાથા, શું તેઓશ્રીના શિષ્યો કે સમકાલીન ગુણજ્ઞશ્રમણોએ નહીં જ કરી હોય ? જો એનો જવાબ 'ના'માં હોય તો ખરેખર આપણા માટે એ વસ્તુ કોયડો બની જાય છે. અને જો કરી હોય, તો કાં કાળનો કોળીઓ બની ગઈ હોય, અથવા ખૂણે–ખાંચરે પ્રકાશનો રાહ જોઈ રહી હોય ! અસ્તુ !

વિદ્વાનો ઉપરની હકીકતો વિચારે અને સહાયક કે નિર્ણયાત્મક ઉલ્લેખો કે અન્ય પુરાવાઓ મળે તો મને જણાવવા અથવા તો જાહેર કરવા મારી સાદર વિજ્ઞપ્તિ છે.

किस की शक्ति पसंद है? हाथी की या शेर की?

मुनिश्री दर्शनविजय जी
(त्रिपुटी)

नमः श्री वर्धमानाय सर्व जीव हितैषिणे
सापेक्षवाद पृष्ठाय अहिंसा मूर्तयऽईते ॥ ॥

समय परिवर्तन हो रहा है। विज्ञान भी करवट ले रहा है। आज सब कोई एकता–संगठन व शान्ति की खोज में है।

तीन शताब्दी पहले वह समय था कि शाकाहार की रक्षा के लिये मांसाहार के प्रतिकार में उद्यत थे। आज यह समय है कि बनस्पति आहार की प्रतिष्ठा के लिए मांसाहार का विरोध हो रहा है।

आप अपने मन को शान्त बनाकर, नेत्र बंद कर ध्यान से विचार करें तो आप को ज्ञात होगा कि मानव शरीर का पांच भूतों (तत्त्वों) से सीधा सम्बन्ध हैं। मानवी जीवन का शाकाहार से समीप सम्बन्ध है।

मैं गतवर्ष में मेरठ की जैन धर्मशाला में बैठा था। सामने छत पर दो से पांच वर्ष आयुवाले ५ बालक खेल रहे थे। सब नीचे की चौक पर बने हुए कठहरे की छोटी दिवाल पर चक्कर काटते थे। तेजी से किन्तु १ बच्चा जिसकी आयु २ वर्ष होगी धीरे धीरे चलता था। तेजी से दौड़ने वाले बालक उसे ठीक सम्हाल कर बचाकर चले जाते थे। मैने यह अनुभव किया कि छोटे बच्चे के लिये उन बड़े बच्चों में पर्याप्त सहानुभूति है। मानना पड़ेगा कोमलता व अभिभावुकता असली मानवी जीवन है और यही दैवी जीवन है। किन्तु वही बड़ा होने पर एकदम बदल जाता है। दुष्ट, निर्दय, संहारलीला का नायक, प्राणी मात्र का विनाशक व मनुष्य जाति का शत्रु बन जाता है। दैवी जीवन को हटाकर राक्षसी जीवन को अपना लेता है, उत्तम मनुष्य भी दुष्ट बन जाय उसके कारण है दूषित आहार व दूषित वातावरण आदि। प्राणी मात्र में सत्त्व, रजस व तमस् ये तीन प्रकृतियां होती है जो आहार से बनती है। यह कहावत है कि "जैसा अन्न वैसा मन, जैसा पानी वैसी वाणी, जैसा वातावरण वैसा अनुसरण"।

कुछ प्राणी भी ऐसें है कि जिनका नाम पाकर मनुष्य भी प्रसन्न होता है जैसे कि दिग्गज व भारत केसरी आदि आदि। यह मानना पड़ेगा कि प्राणी संसार में हाथी व शेर ये बलवान प्राणी हैं।

राष्ट्रपति डॉ. राजेन्द्रप्रसाद ने अपने यात्रा वर्णन में बतलाया था कि कहीं कहीं हाथीओं से भी कास्तकारी की जाती है। सब मनुष्य जानते हैं कि बैल, भैंस, खच्चर, कुत्ता, हिरन, ऊंट व हाथी ये गाड़ी में जोते जाते है। किन्तु शेर कहीं जोता जाता नहीं। सरकस में भी शायद ही ऐसा तमाशा होता होगा। हाथी से हल खिंचवाओ या गाडी खिंचवाओ वह सात्त्विक वृति से अपने काम को सफल बनावेगा, किन्तु शेर ऐसा कार्य कर सकेगा नहीं क्योंकि उसमें सात्विक जीवन का अभाव है। हाथी में सात्विक वृत्ति है और शेर में सात्विक वृत्ति नहीं है उसका कारण एक है शाकाहारी और दूसरा है मांसाहारी। अब आप विचार कर लें कि आप को हाथी सा कार्यशील बनना है या शेर सा संहारक, निर्दय बनना है।

आपको सात्विक व कार्यशील बनना है तो मांसाहार का त्याग करना होगा। सम्राट अकबर ने दीनेइलाही धर्म चलाया था वह उसे पुष्ट करने के लिए सब धर्मों का संतुलन कर रहा था। जगद्गुरु आचार्य श्री विजयहीरसूरीजीने उसे उपदेश दिया कि संतुलन सात्विक वृत्ति से आधारित है और मांस व शराब छोड़ने से ही सात्विक जीवन बन पाता है। इसलिये शराब और मांस को छोड़ दो। सम्राट अकबर ने आपके उपदेश से वर्षभर में ६ माह के लिये मांसाहार छोड़ दिया। भारतवर्ष के इतिहास में मुसलमान राजवंशोंमें इन्हें सर्वोत्तम बादशाह माना है। यह है मांसाहार छोड़ने का फल।

यह शरीर से सम्बन्धित अहिंसा की बात हुई। किन्तु धर्म प्रधान भारत में आध्यात्मिक, अहिंसा व सत्य की प्रधानता है। अतः मैं अहिंसाके विषय में कुछ बातें बताता हूं।

पानी से भरे हुए तालाब में पत्थर फेंकने से पानी में एक के बाद एक चक्कर बनते है वे फैल कर किनारे तक पहुंचते है, विभिन्न धर्मों में अहिंसा के ऐसे चक्कर पाये जाते है। अपनी स्वार्थ रक्षा यह छोटा चक्कर है। कुटुम्ब व जाति की व गांव या शहर की रक्षा मध्यम चक्कर है। सारे संसार के जीवों की रक्षा यह बडा चक्कर है।

भगवान् महावीर ने ढाई हजार वर्ष पूर्व सर्व जीवों की हित कामना को सम्पूर्ण शुद्ध अहिंसा बतलाई है। जहाँ यह भाव हो वहां मांसाहार तो होई ही नहीं सकता। जहां भ्रातृ भाव हो, प्रेम हो वहां किसी की हिंसा करना असम्भव है। और भी कहा है कि:—

तुह पियाईमंसाहं, खंडाइ सो छगारिमयं
खाइयां विसमं साइं अग्गिव प्पईणे गसो ॥ ६७ ॥

अर्थः—तुझे यदि मांस या मांस की पकाई हुई वस्तु प्रिय है तो तू भी उसी प्रकार खाया व पकाया जायेगा।

(उत्तर रज्उयण सुत्र प्र० १९ गा० ६७)

भारतवर्ष के कई प्रांतों में मांसाहार त्याज्य माना जाता है, यह भगवान् महावीर के अहिंसा की देन है।

हम देहली गये थे। हमें वहां दो आश्चर्यों का अनुभवहुआ।

१. अहिंसा प्रेमी भगवान महावीर को अपनी पुस्तक में एक मांसाहारी ने मांसाहारी लिख दिया।

२. यदि इस पुस्तक को मांसाहारी संस्था प्रकाशित कराती तो आश्चर्य नहीं होता, किन्तु पंचशील के प्रणेता भारत सरकार की अकादमी ने उसे प्रकाशित किया है यह ज्ञात होकर मुझे अत्यंत आश्चर्य हुआ।

शाकाहारी संघ व जीवदया मण्डलीयां अपने कार्य को सफल बनाना चाहती हैं तो उन्हें प्रथम यह कार्य करना होगा कि "विद्यार्थी भावि राष्ट्र नेता है, उनके पाठ्यक्रम में अहिंसा मूर्ति के सात्विक जीवन को रखना होगा। शाकाहार की आवश्यकता का शिक्षण दिया जाय।"

ऐसा होने पर यह संसार देव भुवन बन जायगा।

"मध्यमवर्गना उत्थानना मार्गो"

जैन युग ईनामी निबंध

श्री जैन श्वेताम्बर कॉन्फरन्सना "जैन युग" व्यवस्थापक मंडळ तरफथी 'मध्यमवर्गना उत्थानना मार्गो" अे विषय उपर हिंदी, गुजराती अथवा अन्ग्रेजी भाषामां निबंधो आवकारवामां आवे छे. ते अंगेनी शरतो आ प्रमाणे छे :—

(१) निबंध फुलस्केप साइझना कागळ उपर एक बाजू चार हजार शब्दोमां चोख्खा अक्षरे लखायेला होवा जोईये.

(२) निबंधो ता. २८ फेब्रुआरी, १९५९ सुधीमां रजीस्टर्ड पोस्टथी नीचेना सरनामे मोकली आपवा.

(३) निबंधो "जैन युग" व्यवस्थापक मंडळ द्वारा तपासवामां आवशे अने तेनो निर्णय छेवटनो लेखकने बंधनकर्ता गणाशे.

(४) प्राप्त थयेल निबंधोनी मालिकी वगेरेना सर्व हक्क श्री जैन श्वेताम्बर कॉन्फरन्सना "जैन युग" व्यवस्थापक मंडळना रहेशे.

(५) श्रेष्ठ निबंध लखनारने अनुक्रमे प्रथम, द्वितीय अने तृतीय रू. १५०), रू. १००) अने रू. ५०) इनामो आपवामां आवशे.

(६) निबंध लखनारे पोतानुं पूरुं नाम, ठेकाणुं, गाम वगेरे निबंध साथे जुदा कागळ उपर निबंधो नीचेना सरनामे मोकलवा :—

तंत्रीओ, जैन युग
C/o श्री जैन श्वेताम्बर कॉन्फरन्स
गोडीजी बिल्डिंग, २०, पायधुनी, कालबादेवी, मुंबई २

LOYALTY TO FAITH

(*Adopted from* YAŚASTILAKA)

Once on a dark night Vārisẹna, the son of Śreṇika, the king of Magadha was absorbed in deep meditation in a desolate cremation ground. Meanwhile, at midnight, Mṛgavega stole a costly necklace belonging to a merchant's wife at the instance of his mistress, a courtesan named Magadhasundarī. Pursued by the police, he flung the necklace in front of Vārisẹna and disappeared under cover of darkness. The police finding the necklace lying near by, suspected Vārisẹna of the theft and reported the matter to the king, who was inexorable in the dispensation of justice and immediately ordered his son to be punished and tortured as a thief. Vārisẹna calmly suffered the indignities inflicted upon him eliciting by his fortitude the praise and admiration of the gods, and soon after renounced the world and became an ascetic. Puṣpadanta, the minister's son, was his intimate friend from childhood, and Vārisẹna prevailed upon him to become as ascetic like himself. Puṣpadanta, however, found it difficult to forget his beautiful newly married wife Sudatī in spite of his vow. Twelve years rolled by, and still her memory haunted him day and night. Vārisẹna fearing that he would one day renounce his vow and return to his wife, hit upon a stratagem and paid a visit to his mother, Celinī, accompanied by his friend. The queen received both of them cordially and Vārisẹna asked her to send for her daughters-in-law. They were soon ushered to their presence resplendent in their dress and adornment, and lovely with the fresh beauty of youth. Vārisẹna then requested his mother to send for the wife of his friend Puṣpadanta ; but during the long period of her separation from her husband, she had lost her beauty and youth, and when she appeared before them, her ugly, emaciated and worn out figure made a sad contrast to the charming ladies who were standing beside her. The sight was too much for Puṣpadanta to bear, and he asked for leave to depart. In this way Vārisẹna confirmed his friend in the resolution to maintain his vow and both thereafter continued their austerities together. Like Vārisẹna, every man should strengthen the loyalty of his fellowman to his faith.

PHILANTHROPY

King Auddāyana was famous for his philanthropic actions. In order to test his piety, a certain god assumed the form of a religious mendicant, a lothsome leper with stinking and decaying limbs, and came to the king's house and asked for food. The king received him with open arms and personally waited upon and treated him to sumptuous meal. Unfortunately, the leper felt sick, and as he lay in a mass of vomitted food, the king raised and washed him with his own hands wiped his body with a

silken scarf, and solaced him with soft and kind words. The god then threw off his disguise and took his departure after praising and honouring the king with divine presents. A person should not hesitate in practising his religion.

HOW MAN BECOMES LIABLE TO REBIRTH

Early youth, charming young women, beautiful mansions, and salutory wealth ; these are the fruits of the tree of life. That there is heaven other than these is definitely untrue. But they have one defect. No means is there in the world to ensure their permanance. If that were possible, the assiduity in religious austerities of those who are conversant with the truth would merely amount to exhaustion of the body. A child is not fit for austerities ownig to his ignorance, and a youth is liable to penalty if he should undertake them ; while a middle-aged man is responsible for the support of his family, and an old man just manages just to subsist. Under the influence of others, a sentient being although he knows the truth, has his mind in the grip of the demon of false belief and is dragged along by the messengers of Fate for undergoing the cycle of births.

卐

ESSAY COMPETITION
WAYS AND MEANS OF UPLIFT OF THE MIDDLE STRATA OF SOCIETY

The Managing Committee of JAINYUG, the official monthly organ of Shri Jain Swetamber Conference invites essays in English, Gujarati and Hindi on **Ways and Means of the Uplift of the Middle Strata of Society.** The essays should be either legibly written or typewritten on fulscap size paper on one side and should not exceed four thousand words. There will be three prizes of Rs. 150, Rs. 100 and Rs. 50.

The last date of receiving the essays is 28th February, 1959. Details and other rules of the essay competition are available from the Editors, JAINYUG, Shri Jain Swetamber Conference, Godiji Building, 2nd floor, 20, Pydhonie, Bombay 2.

J. R. Shah
S. L. Kothari
Editors, JAINYUG

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

રજીસ્ટર્ડ ઓફીસ

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા
અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી
પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ
(પૂર્વ પાકિસ્તાન)

મીલ નં. ૨ બેલઘરીઆ
(કલકત્તા)

कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

पेट्रन 'अ' वर्ग — — रु. १००१ प्रदान कर
पेट्रन 'ब' वर्ग — — रु. ५०१ ,,
आजीवन सभ्य 'अ' वर्ग रु. २५१ ,,
,, ,, 'ब' वर्ग रु. १०१ ,,

कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभाग में (खाता मे) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

जैन युग

वार्षिक उपहार रु. २ ग्राहक बनकर। प्रतिमास ता. १ को प्रकट किया जाता है।

FOR YOUR REQUIREMENTS IN

NUTS & BOLTS

Contact :

BHARAT NUTS & BOLTS INDUSTRIES

(In the approved list of Suppliers to the Railways, Government, Port Trust, Municipality etc.)

MANUFACTURERS OF

QUALITY NUTS, BOLTS, RIVETS, WIRE NAILS, SPIKES, WASHERS, ETC.

We manufacture

BOLTS : Of all types such as Hex, Head, Round neck, Square head, Round or square neck, snap or cup head with square or round neck, CSK head—square or round neck, cheese head square neck, mushroom head, eye bolts, hook bolts, from ¼" to 1" in dia, and from 1" to 72" in length.

RIVETS : Pan head, snap head, flat head, CSK head, etc. ¼" to 1" in dia and 1" and over in length.

NUTS : Hex and square ⅜" to 1".

WASHERS : From ⅜" to 1", round and square.

S. R. ginning sundry parts : Nos. 4, 12, 14, 20, 22, 31, 32, 32A, 37, 57, 58, 61, 71, 82.

AUTOMOBILE : Bolts with S.A.E. or B.S.F. threads.

Our products are manufactured in accordance with B.S.S., and D.G.S.D. specifications and have been approved by Railways and other Government Departments.

ADDRESS :
Udyognagar, Opp. King Circle Station,
Gram : **"GODIPARAS"** Bombay-22 Phone : **61440**

ARE YOU SUFFERING

FROM

COUGH & COLD ?

★

TRY OUR

BITA PASTILLES

YOU WILL BE CONVINCED

THAT

"NOTHING IS BETTER"

★

MANUFACTURERS :

BOMBAY TABLET MANUFACTURING CO.

175, OLD POST OFFICE LANE
MANGALDAS MARKET
BOMBAY 2

Modified DESIGN

M/S MANILAL CHIMANLAL & CO. BOMBAY

Diamond 5 TOLAS FINE 9950 Fine Gold

'Diamond'

PURE GOLD BARS

OF

MANILAL CHIMANLAL & CO.

AVAILABLE IN 5, 1, 1/2 & 1/4 TOLA

WE BUY OLD GOLD AND SILVER ORNAMENTS AND OTHER ARTICLES

MANILAL CHIMANLAL & CO.

188, SHROFF BAZAR, BOMBAY-2

PHONE: 20898

GRAM: "XAKALJI"

સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

NATIONAL REFINERY NR BOMBAY

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન ઍસોસિએશન લિ. મુંબઈ – ૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લેબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭
ફોન નં ૪૨૭૬૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
ઍન્ડ એસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ – ૩. તાર : ARGOR

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri **G. D. Somani,** M. P.

List of Branches

Agra
Ahmedabad
Alwar
Bombay
1 Dadabhoy N. Road
2 Kazi Sayed St. Mandvi
3 Kalbadevi Road
4 Dana Bunder
Bangalore
Bharatpur
Bareilly
Bhilwara
Bisalpur
Beawar
Bikaner
Calcutta
Coimbatore
Dausa
Delhi
Fatehpur
Gangapur
Hindaun
Indore
Jaipur
1 Mansing Highway
2 Chand Pole
3 Jauhari Bazar
4 Secretariat
Jhunjhunu
Jodhpur
Jamnagar
Kotah
Kishangarh
Madras
Nawalgarh
Rajkot
Ratlam
Sawaimadhopur
Sikar
Surajgarh
Tirupur
Udaipur

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager

पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मोज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी वाडी, गिरगांव, मुंबईमां श्री माणेकलाल डी. मोदीए छापयुं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, मोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथी प्रकट कर्युं.

जैन युग

मंत्री

सोहनलाल म. कोठारी

बी.ए., बी.एल. (लंदन), ए.सी.ए. (इंग्लैंड)

जयंतीलाल र. शाह

बी.ए., बी.कॉम. (लंडन

फेब्रुआरी १९५५ मह



श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

जैन युग

व्यवस्थापक मंडल

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डी. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी—तंत्री
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह—तंत्री
बी. ए., बी. कॉम. (लंडन)

प्रकाशन

प्रतिमासनी १ली तारीखे थशे
छूटक नकल २५ नया पैसा

卐

वार्षिक लवाजम

देश : रूपै २) बे
विदेश : रूपै ३) त्रण

जैनयुग

卐 जैनधर्म, तत्त्वज्ञान, साहित्य, कळा, स्थापत्य, इतिहास, जीवनचरित्र ने समाजप्रगतिने लगता विषयोनुं उत्तम मासिक.

卐 अभ्यासपूर्ण गद्यपद्य लेखो तेमां आवशे.

卐 श्री जैन श्वे. कॉन्फरन्स (परिषद्) संबंधी वर्तमानकार्यवाहीनो अहेवाल साथेसाथे अपाशे.

दरेक सुज्ञ आ मुखपत्रना ग्राहक बनी पोताना मित्रोने पण ग्राहक बनावशे अने संघसेवाना कार्यमां पुष्टि आपशे.

आ मासिकनो फेलावो बहोळा प्रमाणमां होवाथी जाहेरखबर आपनाराओने माटे उपयोगी माध्यम छे; तो तेओने नीचेना सरनामे लखवा के मळवा खास विनंती छे.

लेखको वगेरेने सूचनाओ

१. अभ्यास, मनन अने संशोधनना परिणामे लखायेला लेखो, वार्ताओ ने निबंधोने प्रथम स्थान मळशे.

२. आ पत्रमां प्रकट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.

३. कोई पण लेख पूर्वे जाते के बीजाए अन्य स्थळे प्रसिद्ध कर्यो होय तो ते कृपा करी न मोकलवो.

४. दरेक लेख तेमज मोकलेल ग्रंथनी समालोचना के समाचार समय स्थळ विचारीने जेम बने तेम त्वराए प्रकट करवानी काळजी लेवाशे.

वांचकोने सूचना

—जेओए पोतानां नाम ग्राहक तरीके नोंधाव्यां न होय तेमणे पूरा ठेकाणा साथे वार्षिक लवाजमना बे रुपीआ मोकली आपवा विनंती छे.

श्री जैन श्वे० कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधूनी, कालबादेवी, मुंबई नं. २

વાલકેશ્વર (મુંબઈ)ના જૈન મંદિરના મૂળનાયક ભગવાનની મૂર્તિની
ડાબી બાજુની સમ્રાટ્ સંપ્રતિના કાળની મૂર્તિનું સન્મુખ દૃશ્ય



* ઉપરની મૂર્તિના ચિત્રને મોટું કરીને બાજુનો ભાગ બતાવેલ છે. સૂચિત ચિહ્ન જૂઓ. આ ચિહ્ન સંપ્રતિકાળથી ઓળખાતી મૂર્તિઓમાં હોય છે.

પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજના સૌજન્યથી]

[ચિહ્નોના પરિચયની ચર્ચા અંગે જૂઓ પૃ. ૨૧–૨૨

* આ પૃષ્ઠ ઉપરની મૂર્તિઓ સાડાત્રણસો વરસ અગાઉની લાગે છે.
* સૂચિત ચિહ્ન જૂઓ. શિલ્પકારે એમાં બુદ્ધિ-કલાકૌશલ્ય દાખવ્યું છે.

* સૂચિત ચિહ્ન જૂઓ. વૈવિધ્ય બતાવવા ખાતર જુદી રીતે ટેકણ ઉપસાવ્યું છે

પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજના સૌજન્યથી]

[चिह्नो परिचयनी चर्चा अंग जूओ पृ. २१–२२

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ का મુખપત્ર

卐

વર્ષ : જૂનું ૨૦, નવું ૨ 卐 વીરાત્ સં. ૨૪૮૫, વિક્રમાર્ક ૨૦૧૫ 卐 તા. ૧ ફેબ્રુઆરી ૧૯૫૯ 卐 અંક ૪

गुणभवण गहण सुयरयण, भरियं दंसण विसुद्धरत्थागा ।
संधनयर भद्दं ते, अखंड चरित्तपागारा ॥

—નંદીસૂત્ર

અર્થ—ગુણરૂપ ભવનોથી ગહન, શાસ્ત્રરૂપ રત્નોથી ભરપૂર, દર્શનરૂપ શુદ્ધ શેરીવાળા અને અખંડ ચારિત્રરૂપ કિલ્લાવાળા હે સંઘરૂપ નગર! તમારું કલ્યાણ હો.

卐

આપણી કલાસંપત્તિ

મહાકવિ નાનાલાલે 'સૃજ્યા જૈને રસશણગાર, લતામંડપ સમ ધર્માગાર' એમ કહીને જૈનોની કલાપ્રીતિ, કલાભક્તિ અને કલાસંપત્તિને બિરુદાવી છે.

કોઈ પણ ધર્મપરંપરા જ્યારે લોકસમૂહમાં વિસ્તરવા માંડે છે, ત્યારે એ કેવળ આત્મસાધનાનો વિષમ, દુર્ગમ અને કઠોર માર્ગ બની રહેવાને બદલે એમાં બીજાં બીજાં તત્ત્વોનો પણ પ્રવેશ થવા પામે છે; અને એ રીતે જીવનને લગતી અનેક પ્રવૃત્તિઓની અસર એ ધર્મ-પરંપરાના કલેવર ઉપર થાય છે, અને એ ધર્મપરંપરાની અસર જીવનની લગભગ બધી પ્રવૃત્તિઓ ઉપર થવા લાગે છે. આ રીતે ધર્મ અને જીવનની ફૂલગૂંથણી થતાં થતાં જે નૂતન માર્ગનું નિર્માણ થાય છે, એ સંસ્કૃતિના નામે ઓળખાય છે.

અને સંસ્કૃતિમાં તો અમુક જનસમૂહની જીવન જીવવાની અને વ્યવહાર સાચવવાની પદ્ધતિનો જેમ સમાવેશ થાય છે, તેમ એમાં તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ અને અનેકવિધ કળાઓ જેવા વિષયોને પણ સ્થાન મળે છે. અને માનવીના જીવનને ધર્મભાવના અને ભક્તિરસનો જ્યારે સંપર્ક થાય છે, ત્યારે પોતાનું સાર-સર્વસ્વ ધર્મને ચરણે, પોતાના આરાધ્ય ઇષ્ટ દેવને ચરણે સમર્પણ કરવાની ઉદાત્ત વૃત્તિ એનામાં જન્મે છે. કળા પણ આ રીતે પોતાનું સમર્પણ કરીને પોતાની જાતને કૃતકૃત્ય કરવા ઝંખી રહે છે. અને એ રીતે કળાનું મુખ માનવીના વૈભવવિલાસના બદલે ધર્મભાવના તરફ વળે છે; અને ધર્મ કે ઇષ્ટ દેવને નામે કળાનાં વિવિધ અને અવનવાં સર્જનોની વિશ્વને ભેટ મળવા લાગે છે.

આવાં કલા-સર્જનો આખી દુનિયામાં મળી આવે છે; અને ધર્મભૂમિ લેખાતા ભારતવર્ષમાં તો એ, જ્યાં જાઓ ત્યાં, ઠેરઠેર વેરાયેલાં મળે છે. ધર્મપરંપરાને અનુ-લક્ષીને પ્રચલિત થયેલી ભારતની મુખ્ય ત્રણ સંસ્કૃતિઓ : બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ : એ ત્રણે સંસ્કૃતિનાં કંઈ કેટલાં અસંખ્ય લેખી શકાય એટલાં, કલાસર્જનો

આપણને મળે છે; અને આવાં સર્જનો કેવળ પ્રાચીન કાળનાં જ મળે છે એવું પણ નથી; જેમ દરેક સૈકે આવાં સર્જનો થતાં રહ્યાં છે, તેમ આધુનિક યુગમાં પણ એવાં સર્જનો એટલા જ પ્રમાણમાં થઈ રહ્યાં છે. અલબત્ત, એ સર્જનો ઉપર સમયના વારાફેરાની અસર થયા વગર રહેતી નથી.

ભારતવર્ષનાં આવાં કલાસર્જનોમાં અદ્‌ભુત ગુફા-મંદિરો, ભવ્ય ગિરિમંદિરો, સમતળ ભૂમિ ઉપર રચાયેલાં દિવ્ય દેવમંદિરો કે ધર્મોગારોથી લઈ ને તે સુંદર પ્રતિમાઓ, મનોહર શિલ્પ, સજીવ કોરણી, સુરેખ ભિત્તિ-ચિત્રો કે હસ્તલિખિત ગ્રંથોમાંનાં વ્યક્તિચિત્રો, પ્રસંગ-ચિત્રો કે રંગરેખાથી ઓપતાં મનોરમ નાજુક સુશોભનો વગેરેનો સમાવેશ થાય છે. આવાં બધાં કલાસર્જનો જોઈ ને એ કલાના સર્જક કલાકારો, એના પુરસ્કર્તાઓ અને એ બધાનું જતન કરનારાઓ પ્રત્યે અંતરમાં આદર, બહુમાન અને પ્રશંસાની લાગણી જનમ્યા વગર રહેતી નથી.

જૈન કલા એ ભારતીય કલાનો જ એક અગત્યનો વિભાગ છે, અને એમાં ઉપર દર્શાવેલ ગુફામંદિરોથી લઈ ને તે હસ્તપોથીઓમાંનાં સુશોભનો સુધીનાં બધાંય અંગો સારી રીતે ખેડાયેલાં છે; અને અમુક અંશે અત્યારે પણ એનું ખેડાણ થઈ રહ્યું છે.

જૈન કલા એ કોઈ સાવ સ્વતંત્ર કે તદ્‌ન નિરાળી કલા નહીં, પણ જૈનસંઘો કે જૈન ગૃહસ્થોના પ્રોત્સાહનથી વિકસેલી એમના આશ્રયે પોષાયેલી અને અમુક અંશે જૈનધર્મના આદર્શને રજૂ કરતી કલા, એવો એનો અર્થ સમજવો જોઈએ. અલબત્ત, ધાર્મિક આદર્શની અભિવ્યક્તિની દૃષ્ટિએ એમાં બીજી ભારતીય કળા-ઓની દૃષ્ટિએ અમુક વિશેષતા કે અમુક જુદા પણું તો છે જ, અને એ રહેવાનું પણ ખરું; પણ એટલા તફાવત માત્રથી એને તદ્‌ન સ્વતંત્ર કે નિરાળી માની લેવાની જરૂર નથી. ત્રિવેણી સંગમની જેમ બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ એ ત્રણ સંસ્કૃતિમાં વહીને છેવટે એક વિશિષ્ટ રૂપમાં વહેતી ભારતીય સંસ્કૃતિનો જ એ એક પ્રવાહ છે; અને એ રીતે જ એનું વિશેષ ગૌરવ અને મહત્ત્વ છે.

અત્યારે જૈનાશ્રિત કળાના જે નાનામોટા અનેક નમૂના ઉપલબ્ધ છે એ ઉપરથી એટલું તો નિઃશંક રીતે કહી શકાય એમ છે કે જૈન સંઘોએ છેક જૂના સમયથી કળાની અભિવૃદ્ધિમાં પોતાનો પૂરેપૂરો હિસ્સો આપ્યો છે; અને એનું જતન કરવામાં પણ એટલી જ જાગૃતિ દાખવી છે. કળાના ખજાના સમાં દેવમંદિરો અને જ્ઞાનભંડારોની સાચવણી જૈનોએ જે કર્તવ્યબુદ્ધિ અને ધર્મબુદ્ધિથી કરી છે, એ આદર્શ લેખી શકાય એવી છે.

કુદરતી કારણોને લઈ ને કે માનવસર્જિત મુસીબતોને કારણે અનેક દેવમંદિરો કે અનેક જ્ઞાનભંડાર કાળનો કોળિયો બની ગયાં છે કે જીર્ણ-શીર્ણ પણ થઈ ગયાં છે; અને એમાં અમુક અંશે આપણી ઉપેક્ષાવૃત્તિ પણ કારણભૂત છે, એ વાતનો ઇન્કાર થઈ શકે એમ નથી. આમ છતાં, એ કાળપ્રવાહમાંથી જે કલાસંપત્તિ ઊગરી ગઈ છે તે પણ કંઈ ઓછી કે ઓછા મૂલ્યવાળી નથી. કેટલીક કલાકૃતિઓ તો અદ્‌ભુત અને બેનમૂન કહી શકાય એવી ઉચ્ચ કોટિની છે.

એટલે અત્યારે જૈનોની પાસે જે કલાસંપત્તિ છે, તે કોઈ પણ સમાજને ગૌરવ અપાવે એવી મહત્ત્વની છે; અને તેથી એના તરફ આપણું શું કર્તવ્ય છે એનો થોડોક વિચાર કરવાની જરૂર છે.

અમારી સમજ પ્રમાણે આ માટે ત્રણ રીતે વિચાર અને કામ કરવાની આવશ્યકતા છે : એ કલાસંપત્તિની સાચવણી કરવી, એમાં અભિવૃદ્ધિ કરવી, અને એને વિશેષ લોકપ્રિય બનાવવી.

અમુક અંશે તો આપણે આપણી ધાર્મિક કલા-સંપત્તિની સાચવણી કરીએ જ છીએ; આમ છતાં આ માટે વિશેષ વિચાર કરવા જેવો અમને બે કારણોને લીધે લાગે છે. એક તો દેશના કેટલાક પ્રદેશોમાં આપણાં અનેક વિશાળ અને ભવ્ય મંદિરો ભગ્ન અને જીર્ણશીર્ણ હાલતમાં પડ્યાં છે. અરે, કેટલાંક સ્થાપત્યો તો એવાં સ્થળોએ અને એવી બિસ્માર હાલતમાં પડ્યાં છે કે એની આપણને કશી અથવા તો જોઈએ તેટલી માહિતી જ નથી. વળી કેટલીક ઇમારતોના ભગ્ન અવશેષો એવા તો સુંદર હોય છે કે જે જોનાર-નું તરત જ મન હરી લે. પણ ન તો આપણે એ ઉપેક્ષિત મંદિરોની સંભાળ રાખી શકીએ છીએ, કે ન તો એ સુંદર અવશેષોને સાચવી શકીએ છીએ. આવાં સ્થાનો કે અવશેષોનું જતન બે રીતે જ થઈ શકે. એક તો એ કે તે તે પ્રદેશના જૈન સંઘો આ માટે દત્તચિત્ત અને પ્રયત્નશીલ રહે, અને એક કે બે–ચાર મધ્યસ્થ સંસ્થાઓ એ બધા ઉપર નજર રાખે. બીજી વાત છે જુદા જુદા પ્રદેશોમાં થઈ ને પાંચ–સાત સંગ્રહસ્થાનો ઊભાં કરવાની.

આ માટેનો ખર્ચ પ્રથમ દૃષ્ટિએ આપણને કદાચ આપણા ગજા ઉપરાંતનો લાગે; પણ જો આ માટે આપણે કૃત-નિશ્ચય બનીએ તો આ ખર્ચ એવું તો નથી જ કે એ આપણે ન જ ઉપાડી શકીએ. જો આ માટે આપણી પ્રબળ ઇચ્છા હોય તો માર્ગ જરૂર મળી રહે. વળી આ પુરાતન અવશેષો એ કેવળ ભગ્ન પાષાણખંડો નથી, પણ એનું ઐતિહાસિક અને કળાના વિકાસક્રમની દૃષ્ટિએ ઘણું મૂલ્ય છે, એ વાત જો આપણે સમજી શકીએ તો સંગ્રહસ્થાનનું મહત્ત્વ સમજાતાં વાર ન લાગે.

આ માટે વિચાર કરવાનું બીજું કારણ એ છે કે અત્યારે પુરાતન અવશેષો અને ખાસ કરીને પ્રાચીન ગ્રંથોનું સંરક્ષણ કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિઓ શોધાઈ છે, અને હજુ પણ એ દિશામાં નવી નવી શોધો થઈ રહી છે. એટલે ખાસ કરીને આપણા જ્ઞાનભંડારોનું એવી રીતે સંરક્ષણ કરવાની જોગવાઈ કરીને એ ગ્રંથોને દીર્ઘજીવી અને સુરક્ષિત બનાવવા જોઈએ.

કલાની અભિવૃદ્ધિની દૃષ્ટિએ વિચારીએ તો અત્યારે પણ આપણે ત્યાં નવાં નવાં દેવમંદિરો કે જ્ઞાનમંદિરો ઊભાં થતાં જ રહે છે; પુસ્તકો પણ છપાતાં રહે છે. આમાં એક વાત લાગે છે કે એ બધામાં ચિરંજીવી અને ચિત્તાકર્ષક કલાનું તત્ત્વ જોઈએ તેટલા પ્રમાણમાં ભાગ્યે જ જોવા મળે છે; આમ છતાં કોઈ કોઈ સ્થાપત્યો કળાનો સમાદર કરતાં પણ લાગે છે.

પણ અત્યારે જે ખાસ કરવા જેવું છે તે તો આપણી કલાસંપત્તિને લોકપ્રિય બનાવવાની દૃષ્ટિએ જ. એટલે હવે એનો જ વિચાર કરીએ.

અમને પોતાને એમ લાગે છે કે આપણી કળાસંપત્તિ કલાકોવિદોમાં અને વિદ્વાનોમાં તો અમુક અંશે—કદાચ ઠીકઠીક પ્રમાણમાં—જાણીતી અને પ્રિય બની છે; પરંતુ એને જોઈએ તેટલા પ્રમાણમાં લોકપ્રિયતા સાંપડવી બાકી છે. અને આમ થવા માટે સામાન્ય જનસમૂહ નહીં, પણ આપણે પોતે જ જવાબદાર છીએ.

આવી ઉત્તમ કળાસંપત્તિને જોવાની, સમજવાની અને એનું મૂલ્યાંકન કરવાની સામગ્રી જેટલા વિપુલ પ્રમાણમાં જનતા પાસે પહોંચવી જોઈએ તેટલા પ્રમાણમાં આપણે લોકભોગ્ય રૂપમાં પહોંચાડી શક્યા નથી. જો આ બધી સામગ્રી એના યથાર્થ રૂપમાં જાહેર થતી રહી હોત તો આજે જૈનકળાની કીર્તિ ખૂબ વિસ્તરી હોત એટલું જ નહીં, એના જિજ્ઞાસુઓ અને અભ્યાસી-ઓની સંખ્યામાં પણ વધારો થયો હોત.

આપણા જ્ઞાનભંડારોમાં સેંકડો હસ્તપ્રતો સચિત્ર અને સુશોભનોથી યુક્ત છે. એમાંથી કેટલીક તો સોનેરી કે રૂપેરી હસ્તાક્ષરોમાં લખાયેલી છે. આમાંની કેટલીક પ્રતોનાં ચિત્ર આપણે ત્યાં કોઈ કોઈ સ્થળેથી પ્રગટ થયાં છે, અને એટલા માત્રથી પણ જૈનકળાનું ઊંચું મૂલ્ય અંકાયું છે; તો પણ હજી આવાં અસંખ્ય ચિત્રો કે સુશોભનો પ્રકાશનની રાહ જોઈ રહ્યાં છે. આવાં પ્રકાશનો જેમ સુંદર હોય તેમ એ સસ્તાં હોવાં પણ જરૂરી છે. અને આવું કામ કોઈ એક વ્યક્તિ નહીં પણ એક સંસ્થા જ કરી શકે. જો આ કામ માટે અમુક લાખ રૂપિયા પણ ખર્ચ કરવામાં આવે તો પણ તે ઊગી નીકળવાના જ.

આ ભવ્ય અને મનમોહક સ્થાપત્યોથી શોભતાં આપણાં દેવસ્થાનો કે તીર્થસ્થાનો પ્રત્યે આપણી પૂર્ણ ભક્તિ હોવા છતાં એનાં તાદૃશ દર્શન જનતા ઘેર બેઠાં કરી શકે અને એની ધર્મભાવનાનિષિત કલાસંપતિનો આનંદ અનુભવી શકે, એવી સામગ્રી આપણે હજી નહીં જેવી જ પીરસી શક્યા છીએ. રાણકપુર, આબુ, તારંગા, શત્રુંજય, જેસલમેર એવાં અનેક દેવસ્થાનો કે તીર્થસ્થાનો કલાની સંપત્તિથી ઊભરાતાં હોવા છતાં એ બધાંના ચિત્રસંગ્રહો આપણે ક્યાં તૈયાર કરી શક્યા છીએ? આજે તો આ માટે પુષ્કળ સામગ્રી સુલભ છે. અજન્તા કે એવાં બીજા કલાધામોમાં મોટા મોટા ચિત્રસંપુટો જોઈને આપણે મંત્રમુગ્ધ બની જઈએ છીએ. આપણાં દરેક તીર્થસ્થાનોનાં આવા જ ચિત્રસંપુટો તૈયાર કરવાની જરૂર છે. અને આ કામનો બોજ કોઈ પણ એક સંસ્થા ઉપર નાખવાને બદલે જો તે તે સ્થાનનો વહીવટ કરતી સંસ્થા એ કામ ઉપાડી લે તો બહુ જ સહજ રીતે એ કામ થઈ શકે. આ માટે પૈસાની અગવડ પડે એમ અમને મુદ્દલ લાગતું નથી. ડૉ. બર્જેસ જેવા વિદેશી કલાપારખુએ શત્રુંજયનું જે વિશાળ આલ્બમ પ્રગટ કર્યું હતું તે આપણને આવા કાર્યમાં માર્ગદર્શક થઈ શકે એમ છે. આ કામ કરવામાં જૈન કળાની સાથોસાથ જૈન સંઘ અને ધર્મની પ્રતિષ્ઠામાં પણ વધારો થાય. અને જૈનોની કળાસંપત્તિ વિશેષ લોકપ્રિય બને.

જૈનકળાની સાચવણીની દૃષ્ટિએ જેમ સંગ્રહસ્થાનો ઉપયોગી છે તેમ એને લોકપ્રિય બનાવવાની દૃષ્ટિએ પણ ખાસ ઉપયોગી થઈ શકે એમ છે. ધર્મપ્રભાવના જેવા આ કાર્ય તરફ જૈનસંઘ સત્વર વિશેષ ધ્યાન આપે એ જ અભ્યર્થના.

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃત્તની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

શ્રી શાંતિનાથજી જિનાલય રતલામ પ્રકરણ

રતલામના શ્રી શાંતિનાથજી જિનાલયના કેસ વગેરે અંગે અગત્યની બાબતોથી સમાજના અગ્રગણ્ય ગૃહસ્થો અને કાર્યકરો વગેરેને પરિચિત રાખી વિચારવિનિમય કરવા માટે શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી રવિવાર, તા. ૪–૧–૧૯૫૯ના રોજ કૉન્ફરન્સ કાર્યાલયમાં અવિધિસરની સભા યોજવામાં આવી હતી. આ પ્રસંગે મુંબઈના કેટલાક જિનાલયના ટ્રસ્ટીઓ અને આગેવાનો તેમજ કાર્યકરોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

મુખ્યત્વે રતલામના કેસમાં ઘણા જ ઉત્સાહથી કાર્ય કરી રહેલ શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રૉફે લગભગ એક કલાક સુધી રતલામના આ જિનાલયના ઇતિહાસ, વહીવટ અને અત્યારે ઉપસ્થિત થયેલ કેસ વગેરેની વિસ્તૃત માહિતી સભા સમક્ષ પેશ કરી હતી. જિનાલય અંગેના દસ્તાવેજો, વહીવટ અંગેની પરિસ્થિતિ અને આજે જૈન સમાજ સમક્ષના પ્રશ્નોની તેઓશ્રીએ તલસ્પર્શી છણાવટ કરી હતી. શ્રીયુત તેજરાજજી ગાંધીએ (શ્રી સંયુક્ત જૈન સંઘ, રતલામના પ્રમુખ) શ્રી રમણલાલભાઈને ધન્યવાદ આપી આ કેસ માટે તેઓએ જે જહેમત ઉઠાવી છે તે બદલ આભાર માન્યો હતો અને તેઓશ્રીએ આર્થિક બાજુની જે વિગતો રજૂ કરી હતી તે માટે સત્વર પ્રબન્ધ કરવા અપીલ કરી હતી. શ્રી રતિલાલ ચી. કોઠારી, જે. પી. એ પણ આ બાબતમાં દિલ્હીમાં વિવિધ રીતે જે પ્રયત્નો કરેલા તેની હકીકત રજૂ કરી જૈન સમાજ માટે જીવન-મરણ સમા આ પ્રશ્નને માટે મુંબઈ જ નહીં પણ સમગ્ર ભારતના જૈનોને ખાસ થઈ સહાય કરવાની વિનંતી કરી હતી. શ્રી શાંતિલાલ એમ. શાહે આ બાબત માટે તુરત જિનાલયો અને વ્યક્તિઓનો સંપર્ક સાધવા તેમજ કોઈ પણ ભોગે આ પ્રશ્નનો સંતોષકારક ન્યાયી નીવેડો લાવવા સૂચવ્યું.

શ્રી જીવતલાલ પ્રતાપશીએ પણ જણાવ્યું કે આજે શ્રી રમણભાઈ જેવી એક વ્યક્તિએ જે અનુપમ કાર્ય કર્યું છે તે જૈન આગેવાનોને દૃષ્ટાંત સ્વરૂપ લેખાવવું જોઈએ. આજે જૈન સમાજે એમને આ પ્રશ્ન માટે દરેક પ્રકારની ખાત્રી આપવી જ જોઈએ. શ્રી રમણલાલભાઈએ આ પ્રશ્ન પાછળ ભેખ લીધેલ છે અને જૈન સમાજ પોતાની અચૂક ફરજ અદા કરવા પ્રયત્નશીલ રહેશે એમાં શંકા કે બેમત જેવું કશું જ નથી. શ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલે પ્રસંગોચિત સૂચના કરી.

કૉન્ફરન્સના ઉપ-પ્રમુખ શ્રી કુલચંદ શામજીએ જણાવ્યું હતું કે રતલામ અંગેની વિગતો તો જૈન સમાજને પોતાની હસ્તીના ચેલેંજરૂપ ગણાય. આપણા હક્કો સુરક્ષિત રાખવા માટે ગમે તે ભોગો આપવા દરેકે દરેક જૈન વ્યક્તિએ તૈયાર થવાની જરૂર છે. કૉન્ફરન્સના મુખ્ય મંત્રીઓ શ્રી સોહનલાલ મ. કોઠારી અને શ્રી જયંતિલાલ ર. શાહે આ પ્રસંગે સમાજને તન–મન–ધનથી મદદ કરવા જણાવ્યું હતું. બાદ કેટલીક પ્રસંગોચિત વિચારણા કરી અત્યારે સુપ્રીમ કૉર્ટ સમક્ષ જે અપીલ મધ્યપ્રાંત સરકાર તરફથી અને રિટ અરજી સનાતન–ધર્માવલંબીઓ તરફથી રજૂ કરવામાં આવેલી છે તે વગેરે માટે ફંડ એકત્ર કરવાની ઘટતી તજવીજ કરવા નીચેની સમિતિ (સભ્યો ઉમેરવાની સત્તા સાથે) સર્વાનુમતે નીમવામાં આવી હતી.

(૧) મુનિ શ્રી શુભવિજયજી મહારાજ (૨) શ્રી ભોગીલાલ લેહેરચંદ ઝવેરી (૩) શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, બી. એ. (૪) શ્રી કાંતીલાલ ઈશ્વરલાલ (૫) શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રૉફ (૬) શ્રી જીવતલાલ પ્રતાપશી (૭) શ્રી ગોવિંદજી જેવત ખોના (૮) શ્રી રમણલાલ નગીનદાસ પરિખ (૯) શ્રી અમથાલાલ જેસંગલાલ (૧૦) શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, જે. પી. (૧૧) શ્રી મણીલાલ મોહનલાલ ઝવેરી (૧૨) શ્રી ઉદયભાણજી પ્રેમચંદ ગોમાજી અને (૧૩) શ્રી જયંતીલાલ રતનચંદ શાહ–સમિતિના કન્વીનર.

આ સમિતિ તરફથી તુરત કાર્ય આરંભ કરવામાં આવ્યું છે. તા. ૮–૧–૧૯૫૯ ગુરુવારના રોજ આ સમિતિની એક સભા શ્રી અમૃતલાલ કાલીદાસ દોશીની ઑફિસમાં મળી હતી અને મુંબઈના દેરાસરજીના ટ્રસ્ટીઓ

વગેરેને તે અંગે નાણાકીય મદદ મંજૂર કરવાના પત્રો કૉન્ફરન્સે મોકલ્યા છે. કેટલાક ગૃહસ્થોએ યોગ્ય વચનો પણ આપ્યાં છે.

તદુપરાંત શ્રી તેજરાજજી ગાંધી અને શ્રી બાપાલાલભાઈ કલકત્તા ગયા છે ત્યાં કૉન્ફરન્સના પ્રમુખ શ્રી મોહનલાલ લલ્લુભાઈ શાહે પણ દેરાસરજીના ટ્રસ્ટીઓનો સંપર્ક સાધી તે માટે ઘટતી તજવીજ કરી હોવાનું જણાયું છે.

જૈન સમાજ માટે રતલામ જિનાલય પ્રકરણ જીવનમરણનો પ્રશ્ન છે. એ અનેક દૃષ્ટિબિંદુઓથી વિચારી તે માટે મદદ મોકલવાની ખાસ જરૂર છે. સમગ્ર ભારતના જિનાલયોને આ માટે દેવદ્રવ્યમાંથી અને વ્યક્તિઓને સાધારણ ખાતે મદદ આપવા આ તકે ખાસ અપીલ કરીએ છીએ.

ધાર્મિક શિક્ષણ અંગે સરકારની નીતિ

કૉન્ફરન્સના ૨૦મા અધિવેશનમાં ધાર્મિક શિક્ષણ અને સરકારની નીતિ અંગે જે ઠરાવ પસાર કરવામાં આવેલ તે માટે કૉન્ફરન્સ તરફથી મુંબઈ સરકારના શિક્ષણ પ્રધાન શ્રીયુત હિતેન્દ્રભાઈ દેસાઈ ને ડેપ્યુટેશનમાં તા. ૧૩-૧૦-૧૯૫૮ના રોજ મળી સર્વ પરિસ્થિતિની છણાવટ કરવામાં આવી હતી અને તેને અનુલક્ષી તા. ૨૭-૧૦-૧૯૫૮ ના રોજ કૉન્ફરન્સ દ્વારા લખાયેલ પત્રના જવાબમાં મુંબઈ સરકારના શિક્ષણ ખાતાના અંડર સેક્રેટરી તરફથી નીચે મુજબ જવાબ મળેલ છે.

આ અંગેની વિશેષ કાર્યવાહી ચાલુ રાખવાની ધારણા રખાઈ છે.

No. SSN-1657-E-209561
Education Department,
Old Secretariat, Bombay
12th January, 1959. (22 Pausa, 1880)

From :—

The Under Secretary to the Government of Bombay, Education Department.

To,

The Chief Secretary.
Shri Jain Swetamber Conference,
Godiji Building, 20, Pydhoni,
Kalbadevi, Bombay 2.

Subject :—Religious *instructions* in *Secondary Schools.*

Sir,

With reference to your letter dated the 27th October, 1958, addressed to the Minister (Education) on the Subject mentioned above, I am directed to state that your suggestions as contained therein cannot, it is regretted, be accepted.

Yours faithfully,
(Sd) R. S. Gaitonde
Under Secretary to the Government of Bombay, Education Department.

વિદ્યાર્થીઓને ફી અંગે મદદ

કૉન્ફરન્સના શ્રી શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ ફંડમાંથી સને ૧૯૫૮-૫૯ના વર્ષ માટે મેટ્રિક પર્યંતના ૪૦૫ વિદ્યાર્થીઓને કુલ રૂા. ૬૬૪૫)ની મદદ મંજૂર કરવામાં આવી હતી. તેના બીજા અને છેલ્લા હપ્તાની રકમ મુંબઈના વિદ્યાર્થીઓને આપી દેવામાં આવી છે. તેમજ બહારગામ પણ મનીઆર્ડરથી મોકલી આપવામાં આવી છે.

કેન્દ્રોને સહાય

કૉન્ફરન્સના શ્રી શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ ફંડમાંથી સંવત્ ૨૦૧૪ના વર્ષ માટે જે જે કેન્દ્રોને સહાય મંજૂર કરવામાં આવેલી તે પૈકીના કેટલાક કેન્દ્રોના હિસાબો (પત્રો અને રિમાઈન્ડરો લખ્યા છતાં) હજુ સુધી આવ્યા નથી; જેથી તેઓને તે પૈકીની બાકીની રકમ મોકલવામાં આવી નથી. આ અંગે પત્રો લખાયા છે અને પુનઃ આ દ્વારા તે કેન્દ્રોને આખા વર્ષની કાર્યવાહી અંગે રિપોર્ટ અને હિસાબ મોકલી આપવા યાદ આપીએ છીએ.

સભ્યો અને વાર્ષિક લવાજમ

અખિલ ભારત જૈન શ્વે. કૉન્ફરન્સ મહાસમિતિના જે સભ્યોના વાર્ષિક લવાજમની રકમ બાકી છે તેઓને પરિપત્રો અને 'જૈનયુગ'ના છેલ્લા અંક દ્વારા તે મોકલી આપવા વિનંતી કરવામાં આવી છે. પરંતુ ઘણા મોટા ભાગના સભ્યોની લવાજમની રકમ બાકી છે. તે તરફ સભ્યોનું લક્ષ્ય ખેંચી તે મોકલી આપવા પુનઃ વિનંતી કરીએ છીએ.

શ્રી ઉમેદચંદ બરોડિયાનું સન્માન

જૈન સમાજના જૂના કાર્યકર્તા શ્રી. ઉમેદચંદ દોલતચંદ બરોડિયાને ૭૦ વર્ષ પૂરાં થવા બદલ શ્રી જૈન શ્વેતાંબર

કૉન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ જૈન યુવક સંઘ, ઓલ્ડ બૉયઝ યુનિયન (શ્રી મહાવીર જૈન વિદ્યાલય) તરફથી એક મિલન સમારંભ વિદ્યાલયના હૉલમાં યોજવામાં આવ્યો હતો. શ્રી બરોડિયા હાલમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં નિવૃત્તિ ભોગવી રહેલ છે.

પ્રમુખસ્થાનેથી બોલતાં શેરબજારના પ્રમુખ શ્રી. કે. આર. પી. શ્રૉફે શ્રી. બરોડિયાની સામાજિક સંસ્થાઓની જ નહીં પણ તેમની શેરબજારની સેવાઓને પણ અંજલિ આપી હતી, ને જણાવ્યું હતું કે શ્રી. બરોડિયા જેવા નિખાલસ અને નિરભિમાની કાર્યકર્તાઓ માટે તેમને હંમેશાં ખૂબ માન છે. શ્રી બરોડિયાએ તેમના પ્રત્યુત્તરમાં કહ્યું હતું કે, "યુવાન મિત્રોને આ તકે એટલું જ કહીશ કે શક્તિ મુજબ દરેક જણ સમાજસેવાના કોઈ પણ મનગમતા ક્ષેત્રમાં જરૂર ઝંપલાવે. અમારી તો પોણી જિંદગી ગુલામ દેશના રહીશો તરીકે ગઈ, આજે તો દરેક જણ આઝાદ દેશના નાગરિક છે અને પ્રગતિ માટે પૂરતો અવકાશ છે; અને કામનો તો ઢગલો પડ્યો છે. હવે કાંઈ પહેલાની જેમ બધી ક્ષતિઓ માટે આપણે પરદેશની સરકારને ભાંડી શકીએ એમ નથી. જે ક્ષેત્રમાં કામ કરીએ ત્યાં, જ્યાં સિદ્ધાંતનો સવાલ હોય ત્યાં, બાંધ-છોડ કરવાનું તો હું ન જ કહું, પણ નાના અને નજીવા મતભેદોને 'કાગનો વાઘ' કરતાં જરૂર અચકાઈ એ અને 'કાતર બનવા કરતાં સોયદોરો બનવાનું' વધુ પસંદ કરીએ."

શ્રી. કે. આર. પી. શ્રૉફ ઉપરાંત શ્રી મહાવીર જૈન વિદ્યાલયના માનદ્ મંત્રી શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહ, યુવક સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કાપડિયા, શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના મંત્રી શ્રી. સોહનલાલજી કોઠારીએ પણ શ્રી ઉમેદચંદ બરોડિયાની સેવાઓની પ્રશંસા કરી હતી. શ્રી. રતિભાઈ કોઠારીએ સમારંભના પ્રમુખ શ્રી. શ્રૉફનો પરિચય આપ્યો હતો અને ઓલ્ડ બૉયઝ યુનિયનના પ્રમુખ શ્રી. મોહનસિંહ મહેતાએ આભારવિધિ કર્યો હતો.

'જૈન યુગ'ના ગ્રાહકબંધુઓને :

નવેમ્બર, ૧૯૫૮ થી 'જૈન યુગ'ના દ્વિતીય વર્ષની શરૂઆત થએલ છે. જે ગ્રાહકબંધુઓએ બીજા વર્ષના લવાજમના બે રૂપીઆ હજુ ન મોકલ્યા હોય તેમને તુરત મોકલી આપવા ખાસ વિનંતી છે.

卐

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

જૈન સંસ્થાઓને

આથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજનાં છાત્રાલયો અને છાત્રવૃત્તિ આપતી સંસ્થાઓને વિનંતી કરવામાં આવે છે કે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી "છાત્રાલય અને છાત્રવૃત્તિઓ" નામનું એક પુસ્તક તૈયાર કરી જનહિતાર્થે પ્રકટ કરવાનું છે. તેમાં દરેક સંસ્થાનો ટૂંક પરિચય આપવાનો છે. તો જે સંસ્થાઓએ હજુ સુધી પોતાનો પરિચય મોકલ્યો ન હોય તેમણે નીચેના સરનામે પત્ર લખી તે માટેનાં ખાસ ફૉર્મ મંગાવી લેવાં.

ગોડીજી બિલ્ડીંગ; ૨૦, પાયધૂની
ઝાલબાદેવી; મુંબઈ ૨
૨૨-૧-૫૯

ધીરજલાલ ટોકરશી શાહ
મંત્રી, સાહિત્ય પ્રકાશન સમિતિ
શ્રી જન શ્વેતાંબર કૉન્ફરન્સ

સમાચાર સંકલન

પં. સુખલાલજી

પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીને તેમના ચિંતનવિષયક ગ્રંથ "દર્શન અને ચિંતન" (ભાગ ૧ અને ૨)ને સાહિત્ય અકાદમીના કાર્યવાહક મંડળ તરફથી ૧૯૫૮ના વર્ષનું રૂા. ૫૦૦૦નું પારિતોષિક આપવાનું જાહેર થયું છે.

સાહિત્ય અકાદમી તરફથી પ્રતિવર્ષ ભારતની મુખ્ય મુખ્ય ભાષાઓમાં પ્રગટ થતા શ્રેષ્ઠ ગ્રન્થોને રૂા. પાંચ પાંચ હજારનાં પારિતોષિક આપવામાં આવે છે.

વડોદરામાં કોઓપરેટિવ બૅન્ક અને ઉદ્યોગગૃહ

જૈન શ્વે. કૉન્ફરન્સ વડોદરા સમિતિના ઉપક્રમે તા. ૧૯–૧–૫૯ના રોજ શ્રી વાડીલાલ જેઠાલાલ શાહના પ્રમુખપદે મળેલ જૈનોની સભામાં શ્રી નાગકુમાર મકાતીએ ઉદ્યોગગૃહ સ્થાપવા યોજના મૂકી, જેને શ્રી શાંતિલાલ ભગુભાઈ ઝવેરીના અનુમોદન બાદ 'શ્રી વલ્લભ ઉદ્યોગગૃહ અને કોઓપરેટિવ ક્રેડિટ બૅન્ક'ની સ્થાપના કરવાનું નક્કી કરી તે મતે દસ ભાઈઓ અને પાંચ બહેનોની સમિતિ નીમવામાં આવી છે. ઉદ્યોગગૃહના મંત્રીઓ તરીકે શ્રી. તારાબેન અમૃતલાલ શાહ અને શ્રી. શાંતિભાઈ ભગુભાઈ ઝવેરીની વરણી થએલ છે.

જીર્ણોદ્ધારાર્થે સહાય

શ્રી ગોડીજી પાર્શ્વનાથજી જૈન દેરાસર, મુંબઈ દ્વારા કદંબગિરિની ટેકરી ઉપરના જિનાલય માટે રૂા. પચ્ચીસ હજાર અને ઉનામાં શ્રી. વિજયહીરસૂરિજી અને શ્રી. વિજયદેવસૂરિજીની પાદુકાઓના જીર્ણોદ્ધારાર્થે રૂપીઆ પંદર હજાર મંજૂર થયા છે.

શ્રી ગોડીજી જ્ઞાન સમિતિ

શ્રી ગોડીજી પાર્શ્વનાથજી દેરાસર જ્ઞાન સમિતિ, મુંબઈ તરફથી "શ્રી ત્રિશષ્ટિશલાકાપુરુષચરિત્ર પર્વ ૧–૨" હિંદીમાં પ્રકટ થયેલ છે, જે પ્રચારાર્થે રૂપીઆ પાંચમાં આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી

પૂ. આચાય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજના આંખના મોતીયાનું ઑપરેશન ઉદયપુર (રાજસ્થાન)માં ડૉ. સત્યદેવ શર્માએ તા. ૩ અને ૧૦ જાન્યુઆરી, ૫૯ ના દિવસોએ સફળતાપૂર્વક કરેલ છે.

વિદ્યાર્થીદિનની ઉજવણી

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ દ્વારા તા. ૧૮–૧–૧૯૫૯ રોજ ભાયખલા (મુંબઈ)માં પૂ. આચાર્ય શ્રી વિજયધર્મ-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં વિદ્યાર્થીદિન યોજાતાં શ્રી હીરાલાલ છગનલાલ શાહના શુભ હસ્તે રૂા. ૬૩૦૦) નાં ઇનામો ૨૪ સંસ્થાઓને વહેંચવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ધાર્મિક શિક્ષણના પ્રચારાર્થે પ્રવચનો થયાં હતાં.

શ્રી મહાવીર જન્મકલ્યાણક

મૈસૂર રાજ્યે શ્રી મહાવીર જન્મકલ્યાણકની રજાને સ્વીકૃતિ આપી છે.

સ્વ. આચાર્ય શ્રી વિજયભક્તિસૂરિજી

આચાર્ય શ્રી વિજયભક્તિસૂરિજી મહારાજ શ્રી શંખેશ્વરજી તીર્થમાં પોષ શુદ ૩ સોમવાર ૧૨–૧–૧૯૫૯ ના રોજ સ્વર્ગવાસ થયા છે.

જૈનિઝમ ઇન તામીલ

જૈનિઝમ ઇન તામીલ પુસ્તકના લેખક માયલીસેની વેંકટસ્વામીને મદ્રાસ સરકારે રૂા. એક હજાર પારિતોષિક આપેલ છે.

પ્રતિમાજી નિકળ્યા

કળસાર (મહુવા-સૌરાષ્ટ્ર)માં એક મકાનમાંથી ખોદકામ સમયે ધાતુના ત્રણ પ્રતિમાજી, ધૂપીયું અને ઘોડી નિકળેલ છે.

અન્દોર (શિરોહી-રાજસ્થાન)માં સુથારના ઘરના પાયામાં ખોદકામ થતાં સંપ્રતિ મહારાજાના સમયના સાત પ્રતિમાજી મળેલ છે.

આ વિભાગની છેલ્લા અંકથી શરૂઆત થયેલ છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગને સ્પર્શતા સમાચાર તા. ૨૦મી સુધીમાં દર મહિને નીચે જણાવેલ સરનામે મોકલવા નિમંત્રણ છે. આ સમાચાર ટૂંકા અને મુદ્દાસરના સ્પષ્ટ હસ્તાક્ષરમાં શાહીથી લખેલા હોવા જોઈએ. સમાચાર મોકલનારે પોતાનું પૂરું નામ, સરનામું જણાવવું જરૂરી છે

તંત્રીઓ, "જૈનયુગ"
C/o શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ
ગોડીજી બિલ્ડીંગ; ૨૦, પાયધુની, મુંબઈ ૨

શ્રેયોમાર્ગના અધિકારી

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, એમ. બી., બી. એસ.

[મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિએ ચૈત્યવન્દનસૂત્ર પર 'લલિત વિસ્તરા' નામક અપૂર્વ વૃત્તિ રચી છે; તેના પર આ લેખકે સુવિસ્તૃત વિવેચનરૂપ ટીકા થોડાં વર્ષ પૂર્વે લખેલ છે તે હવે પછી પ્રગટ થનાર ગ્રંથમાંથી—]

આ શ્રેયોમાર્ગ અપુનર્બન્ધકાદિનો વ્યવસ્થિત છે, અન્યનો અહીં અનધિકાર જ છે, એમ સ્પષ્ટ પ્રકાશે છે—

व्यवस्थितश्चायं महापुरुषाणां क्षीणप्रायकर्मणां विशुद्धाशयानां भवाबहुमानिनां अपुनर्बन्धकादीनामिति। अन्येषां पुनरिहानधिकार एव, शुद्धदेशनाऽनर्हत्वात्।

અર્થ:—અને આ (શ્રેયોમાર્ગ) મહાપુરુષ, ક્ષીણપ્રાયકર્મવાળા, વિશુદ્ધ આશયી, ભવઅબહુમાની એવા અપુનર્બન્ધકાદિનો વ્યવસ્થિત છે,—અન્યોનો પુનઃ અહીં અનાધકારજ છે, શુદ્ધ દેશનાનું અનર્હપણું (અયોગ્યપણું) છે માટે.

વિવેચન

" કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થે નિવાસ.
દશા ન એવી જ્યાંલગી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહિ, મટે ન અંતર રોગ. "

—શ્રીમદ્‌રાજચંદ્રજીપ્રણીત શ્રીઆત્મસિદ્ધિ

અત્રે કોઈ એમ શંકા કરે કે—વારુ, આચાર્યજી! આપ તો આદર્શવાદી (Idealistic) હોઈ, આપશ્રીએ આવી પ્રવચનગાંભીર્યનિરૂપણ આદિ ઉચ્ચ કક્ષાની આદર્શવાદી વાત કહી શ્રેયોમાર્ગનો નિર્દેશ કર્યો; પરંતુ વાસ્તવવાદી (Realistic) દૃષ્ટિએ જોતાં આપની આ શ્રેયોમાર્ગની વાત તો 'તક્ષક ફણિધરના ચૂડામણિને ગ્રહવા જેવી' અશક્ય અનુષ્ઠાનરૂપ લાગે છે.

આ શંકાને નિર્મૂલ કરતાં ભાવિતાત્મા મહર્ષિ શાસ્ત્રકાર વદે છે—મહાનુભાવ! તમારી શંકા અસ્થાને છે. આ શ્રેયોમાર્ગ તો મહાપુરુષ—અપુનર્બન્ધકાદિનો વ્યવસ્થિત જ છે,—'व्यवस्थितश्चायं महापुरुषाणां—अपुनर्बन्धकादीनाम्.' આ અપુનર્બન્ધકાદિ* કેવા છે?—

(૧) મહાધર્મપુરુષાર્થપણાને લીધે તે મહાસત્ત્વવંત 'મહાપુરુષો' હોય છે. (૨) એટલા માટે જ આત્મપુરુષાર્થ વડે કરીને અંતઃકોટાકોટિ સાગરોપમ જેટલી કર્મસ્થિતિ શેષ હોઈ, કર્મ લગભગ ક્ષીણ કરી નાંખ્યા હોવાથી તેઓ 'ક્ષીણપ્રાય કર્મવાળા' હોય છે. (૩) આમ કર્મમલ ઘણો ક્ષીણ થયો હોઈ, તેઓના ચિત્ત-આશયની અત્યંત શુદ્ધિ થઈ હોવાથી તેઓ 'વિશુદ્ધ આશયી' હોય છે. (૪) અને આમ આશય વિશુદ્ધિને લીધે તેઓનું સંસાર પ્રત્યેનું બહુમાન ઉતરી ગયું હોવાથી, ભવાભિનંદીપણું મટી ગયું હોવાથી તેઓ 'ભવઅબહુમાની' હોય છે. આવા લક્ષણસંપન્ન ખરેખરા મુમુક્ષ—ભવબંધનથી છૂટવાની નિર્દંભ અંતરંગ ઇચ્છાવાળા જે છે, તે અપુનર્બન્ધકાદિનો જ આ શ્રેયરૂપ મોક્ષમાર્ગ વ્યવસ્થિત (Well-established) છે. અત્રે આદિ શબ્દથી એના કરતાં ઉંચી દશાવાળા સમ્યગ્‌દૃષ્ટિ, ચારિત્રી આદિ સમજવા; એટલે અપુનર્બન્ધકાદિક જેમાં આદિ છે તે અપુનર્બન્ધકાદિ. અર્થાત્ અપુનર્બન્ધક દશાવાળો જ મોક્ષમાર્ગનો પ્રાથમિકમાં પ્રાથમિક અધિકારી હોઈ, અપુનર્બન્ધકથી માંડીને જ આ મોક્ષમાર્ગના અધિકારની શરૂઆત થાય છે; અને પછી તો સમ્યગ્‌દૃષ્ટિ આદિ દશામાં તો તે અધિકાર ઉત્તરોત્તર વધતો જાય છે. તાત્પર્ય કે—જેને કષાયની ઉપશાંતતા થઈ છે, માત્ર મોક્ષ સિવાય બીજી

* અપુનર્બન્ધક લક્ષણ—

" भवाभिनन्दिदोषाणां प्रतिपक्षगुणैर्युतः
वर्धमानगुणप्रायो अपुनर्बन्धको मतः ॥

શ્રીહરિભદ્રસૂરિકૃત યોગબિંદુ, ૧૭૮

" पावं न तिव्वभावा कुणइ ण बहु मण्णई भवं घोरं।
उचियठियं च सेवइ सव्वत्थ वि अपुणबन्धोत्ति ॥ "

શ્રીહરિભદ્રસૂરિપ્રણીત પંચાશક

અર્થાત્—જે પાપ તીવ્રભાવથી ન કરે, ઘોર સંસારને ન બહુમાને અને સર્વત્ર ઉચિત સ્થિતિને સેવે, તે અપુનર્બન્ધક છે.

અભિલાષા જેને વર્તતી નથી, ભવ પ્રત્યે જેને અંતરંગ વૈરાગ્ય ઉપજ્યો છે અને સર્વ પ્રાણી પ્રત્યે જેને અનુકંપા વર્તે છે, એવા સાચા આત્માર્થી–અપુનર્બન્ધકાદિ દશાવાળા સાચા મુમુક્ષુ જોગી જનો જ આ શ્રેયરૂપ મોક્ષમાર્ગના યોગ્ય અધિકારી છે.

" અપુનર્બન્ધકથી માંડીને, જાવ ચરમ ગુણઠાણ;
ભાવ અપેક્ષાયે જિન આણા, મારગ ભાષે જાણ. "

—શ્રી યશોવિજયજીકૃત સાડા ત્રણસો ગા. સ્ત.

પણ અન્યોનો—સકૃદ્બન્ધકાદિનો તો અહીં મોક્ષમાર્ગમાં અનધિકાર જ છે,—' अन्येषां पुनरिहानधिकार एव. ' અર્થાત્ ઉક્ત લક્ષણથી વિપરીત લક્ષણવાળા એવા હીનસત્ત્વ, ભારેકર્મી, મલિનઆશયી અને ભવબહુમાની (ભવાભિનંદી) જીવો આ મોક્ષમાર્ગના પ્રાથમિકમાં પ્રાથમિક અધિકારી પણ નથી. કારણ કે સંસાર ભલો છે, રૂડો છે, એમ સંસારથી રાચનારા, ભવને અભિનંદનારા એવા ભવાભિનંદી જીવો આ મોક્ષમાર્ગ પામવા ધારે તોપણ પામી શકે નહિં. ભવબંધનથી છૂટવા માગતો હોય તે જ છૂટે, પણ રાજીખુશીથી બંધાવા માગતો હોય તે કેમ છૂટી શકે ? એટલે ખરેખર છૂટવા જ ન માગતા હોય અને શ્લેષ્મમાં માંખીની જેમ આસક્તિથી ભવમાં બંધાવા માગતા હોય તે સકૃદ્બંધકાદિ દશાવાળા જીવો મોક્ષમાર્ગના અનધિકારી જ છે. કારણ કે તેઓનું શુદ્ધ દેશનાનું અનર્હપણું–અયોગ્યપણું છે માટે,–' शुद्धदेशनानर्हत्वात् '. અર્થાત્ શુદ્ધ દેશના ઝીલી શકવાનું કે જીરવી શકવાનું તેમનામાં બીલકુલ સામર્થ્ય નથી, એટલે આ અનધિકારી જીવો શુદ્ધ દેશના શ્રવણ કરવાને સર્વથા નાલાયક છે.

શુદ્ધ દેશના ક્ષુદ્રસત્ત્વ મૃગયૂથને સંત્રાસનસિંહનાદ છે, એમ હરિભદ્રજી હરિગર્જના કરે છે—

शुद्धदेशना हि क्षुद्रसत्त्वमृगयूथसंत्रासनसिंहनादः । ध्रुवस्तावदतो बुद्धिभेदस्तदनु सत्त्वलेशाचलनं कल्पितफलाभावापत्त्या दीनता, स्वभ्यस्तमहामोहवृद्धिः, ततोऽधिकृतक्रियात्यागकारी संत्रासः ।

અર્થ :—શુદ્ધ દેશના ખરેખર ! ક્ષુદ્રસત્ત્વવાળા મૃગયૂથને સંત્રાસન (સંત્રાસ ઉપજાવનાર) સિંહનાદ છે. આ થકી પ્રથમ તો ધ્રુવ બુદ્ધિભેદ, તે પછી સત્ત્વલેશનું ચલન, કલ્પિત ફલની અભાવઆપત્તિથી દીનતા, સ્વભ્યસ્ત (સારી પેઠે અભ્યાસેલ) મહામોહની વૃદ્ધિ, પછી અધિકૃત ક્રિયાનો ત્યાગકારી સંત્રાસ હોય છે.

વિવેચન

" હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને. "

—શ્રી પ્રીતમભક્ત

આ ઉક્ત અનધિકારી ભવાભિનંદી જીવો શુદ્ધ દેશના શ્રવણ કરવા શા માટે અયોગ્ય છે ? તેનું સ્પષ્ટીકરણ કરતાં હરિભદ્રજી હરિગર્જના કરે છે કે—' शुद्ध देशना हि क्षुद्रसत्त्वमृगयूथसंत्रासनसिंहनादः । '—આ જે શુદ્ધ દેશના છે તે ક્ષુદ્રસત્ત્વવાળા મૃગયૂથને સંત્રાસ ઉપજાવનાર સિંહનાદ છે. એટલે આ થકી (૧) પ્રથમ તો ' ધ્રુવ બુદ્ધિભેદ '–ચોક્કસ બુદ્ધિભેદ ઉપજે છે. અર્થાત્ અધિકૃત ક્રિયામાં આસ્થા નથી અને ક્ષુદ્રસત્ત્વપણાથી શુદ્ધ કરવાનું સામર્થ્ય નથી, એટલે ક્રિયા કરવાના તેના પરિણામ જ સચોડા છૂટી જાય છે. (૨) એટલે પછી ' સત્ત્વલેશચલન ' થાય છે; સત્ક્રિયા કરવાનો અલ્પ પણ ઉત્સાહ હોય છે તે ડગી જાય છે. (૩) એટલે પછી આમાં કાંઈ નથી એમ દેશનાકર્ત્તાના વચનથી ' કલ્પિત ફલની અભાવઆપત્તિથી દીનતા ' ઉપજે છે; પોતે કલ્પેલા ફલના અભાવ પ્રસંગથી ક્રિયા કરવાની શક્તિનો જ સચોડો ક્ષય થવારૂપ લાચારી ઉપજે છે. (૪) એટલે ચિરકાળથી સારી પેઠે અભ્યાસેલ–' સ્વભ્યસ્ત મહામોહની વૃદ્ધિ ' થાય છે. (૫) એટલે પછી પ્રસ્તુત ક્રિયા સર્વથા છોડી દેવારૂપ ' સંત્રાસ ' ઉપજે છે. આમ અનુક્રમે અનર્થપરંપરા નીપજે છે. માટે ક્ષુદ્રસત્ત્વવાળા અનધિકારી જીવો શુદ્ધ દેશનાને અપાત્ર જ છે.

શાસ્ત્રમાં ત્રણ પ્રકારની સભા—શ્રોતાપરિષદ્ કહી છે. તે પ્રમાણે શ્રોતાના ગુણ–અવગુણ તપાસીને ઉપદેશ દેવાની શાસ્ત્રકારોની શૈલી છે. અપાત્ર શ્રોતાને તેને અયોગ્ય એવી ઉપદેશવાર્તા કરવામાં આવે તો ઉલટી અનર્થકારક થઈ પડે છે, કારણકે તે તેને ઝીલી શકવાને સમર્થ નથી, અને ઉંધા અનર્થકારક અર્થમાં લઈ જાય છે. આ શ્રોતાના પ્રકારનું સ્વરૂપ શ્રી નંદીસૂત્રથી જાણવા યોગ્ય છે.

" સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદીસૂત્રે દીસેજી :
એ જાણી આ ગ્રંથ યોગ્યને, દેજ્યે સુગુણ જગીશેજી.
ગુહ્ય ભાવ એ તેહને કહિએ, જેહશું અંતર ભાંજેજી;

જેહશું ચિત્ત પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજેજી.
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી;
ખમશે તે પંડિત પરષદમાં, મુષ્ટિપ્રહાર ને લાતોજી."

—શ્રી યશોવિજયજીકૃત યોગદૃષ્ટિસજ્ઝાય

તેમાં જે મૃગપરિષદ્ જેવા હીનસત્ત્વ શ્રોતાજનો છે તે, સિંહનાદ સાંભળી મૃગલાંના ટોળાની જેમ સિંહનાદ જેવી ચોખ્ખીચટ નગ્ન સત્યરૂપ વીરવાણી સાંભળી ત્રાસે છે! ને ભડકીને ભાગે છે! એટલે ગતાનુગતિક ગાડરીઆ ટોળા જેવા રૂઢ ને મૂઢ મૃગલાં જેવા હીનસત્ત્વ જીવો આ સત્ય તત્ત્વવાર્તા કેમ ઝીલી શકે? આ મહર્ષિ હરિભદ્રજી જેવા સાચા વીરપુત્રની સિંહનાદ જેવી વીરવાણી શ્રવણ કરવાને કેમ યોગ્ય હોય? કારણ કે અહીં તો તથાભાવરૂપ અપુનર્બન્ધકાદિ દશાવાળી 'નગદ નારાયણ'ની વાત છે, તથારૂપ અધ્યાત્મપરિણતિમય ભાવક્રિયા તત્ત્વસમજણપૂર્વક કરવાની વાત છે, નિષ્કામ શુદ્ધ ભક્તિરૂપ સાચા આત્મપુરુષાર્થથી કર્મક્ષય કરી આશયશુદ્ધિ કરવાની વાત છે, ભવાભિનંદીપણું ત્યજી સાચું મુમુક્ષુપણું ભજવાની વાત છે, માનાર્થ વિષપાન છોડી આત્માર્થ અમૃતપાન કરવાની વાત છે, પ્રથમ અહંકારરૂપ માથું મૂકીને નિષ્કપટ આત્માર્પણપણે પ્રભુનું નામ લેવાની વાત છે. આવો આ 'હરિ'નો—કર્મને હરનારા વીર પ્રભુનો માર્ગ શૂરાનો માર્ગ છે, એમાં કાયરનું કામ નથી. એમ આ હરિભદ્રની હરિગર્જના પોકારે છે—ત્રાડ પાડે છે.

卐

આત્મપ્રાપ્તિ

(રાગ : ધન્યાશ્રી)

ચેતન! આપા કૈસે લહાઈ. ચેતન.
સત્તા એક અખંડ અબાધિત, ઇહ સિદ્ધાંત પખ જોઈ. ચેતન, ૧

અન્વય અરુ વ્યતિરેક હેતુ કો, સમજ રૂપ ભ્રમ ખોઈ;
આરોપિત સબ ધર્મ ઔર હૈ, આનંદઘન તત સોઈ.
ચેતન આપા કૈસે લહોઈ. ચેતન. ૨

卐

આનંદમય મહિમા–આનંદ સર્વસ્વ

(રાગ : જયજયવંતી)

મેરે પ્રાન આનંદઘન, તાન આનંદઘન. (ટેક)

માત આનંદઘન, તાત આનંદઘન;
ગાત આનંદઘન, જાત આનંદઘન. મેરે. ૧

રાજ આનંદઘન, કાજ આનંદઘન;
સાજ આનંદઘન, લાજ આનંદઘન. મેરે. ૨

આભ આનંદઘન, ગાભ આનંદઘન;
નાભ આનંદઘન, લાભ આનંદઘન. મેરે. ૩

આર્યકાલકાચાર્યજી અને પ્રશિષ્ય સાગરાચાર્યજીનો રોમાંચક પ્રસંગ

પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

જૈનશાસનમાં સૂર્યસમા આચાર્યભગવંત કાલકસૂરિ જેવા સમર્થ તારક ગુરુદેવની નિશ્રા છતાં કાળદોષના કારણે શ્રમણસમુદાયની એ ઉપકારી મહર્ષિ માટે કેવી ઉપેક્ષાવૃત્તિ હશે! તેમ જ શિષ્યાદિ સમુદાયને છોડીને એકાકી ચાલ્યા જવા સુધીની વિચારણાનો આચાર્ય ભગવંતને અમલ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો એ શિષ્યાદિ સમુદાયમાં જ્ઞાન-ધ્યાન સંયમયોગમાં કેવો પ્રમાદ પ્રવેશ્યો હશે! તેનો પરામર્શ કરવા માટે પ્રબલ સાધન છે. આજે તો એથી પણ વધુ દુર્દશા છે. તે કાલે તો શ્રમણોપાસક વર્ગ આવા સંજોગોમાં સાધુ-સમૂહ માટે માતા-પિતા બની પોતાની ફરજ અદા કરવા સદા તૈયાર રહેતો. વર્તમાનમાં એવા ઉત્તમ શ્રમણોપાસકો ભાગ્યે જ કોઈ દૃષ્ટિગોચર થાય છે. શ્રમણસંઘનું સ્થાન જૈનશાસનમાં સર્વોચ્ચ કોટિનું હોવા છતાં કાલાદિદોષના કારણે એ શ્રમણસંઘમાં અમુક અંશે પ્રગટેલી શિથિલતાના નિવારણ માટે ધીર-વીર-ગંભીર અને પરિણત શ્રાવકોની પણ ઘણી જરૂર છે.

જેમનું પવિત્ર નામાભિધાન જૈન શાસનમાં અમર છે અને શાસનના સ્થંભ તરીકે જેમની પ્રસિદ્ધિ છે એ પરમતારક કાલકાચાર્ય ભગવંત એક અવસરે એકાંત સ્થળે બેસીને પોતાની પાસે બેઠેલા શ્રાવકોને કહે છે કે મહાનુભાવો, "તમો બન્ને પરિણત શ્રાવક છો. તમારું દિલ સાગર સમું ગંભીર છે. સૂત્રમાં શ્રાવકોને સાધુઓના માતા-પિતા તરીકે જે અપેક્ષાએ વર્ણવ્યા છે, તમો બન્ને તેવી યોગ્યતાને ધરાવનારા છો, માટે આજે તમોને મારા દિલની વાત જણાવવા બોલાવ્યા છે. મારી સાથેના શિષ્ય સમુદાયને આજ સુધીમાં જ્ઞાન-ધ્યાન-સંયમગુણમાં ઉજમાવળ રહેવા માટે અવસરોચિત વારંવાર હિતશિક્ષા આપી, મધુરતાથી ઘણીવાર સમજાવવા છતાં મારા કથનનો અમલ ન થયો એટલે હૈયામાં હિતબુદ્ધિ રાખીને ચોયણા-પડિચોયણાનો પણ અમલ કર્યો, પરંતુ મને લાગે છે કે 'વસ્તુની કિંવા વ્યક્તિની તેની હાજરીમાં જેટલી કિંમત નથી તે કરતાં ગેરહાજરીમાં તેની વધુ કિંમત થાય છે.' આ ન્યાયને અનુસરીને આ સર્વ શિષ્યાદિ સમુદાયને છોડી સુવર્ણભૂમિમાં મારા પ્રશિષ્ય જે ઘણા ગીતાર્થ હોવાનું સંભળાય છે તેમના પાસે કોઈને ખબર ન પડે તે પ્રમાણે ચાલ્યા જવાનો મને વિચાર થયો છે. મારા ચાલ્યા ગયા બાદ આ શિષ્યો મારી તપાસ કરે અને જાણીતા શ્રાવક તરીકે તમોને પૂછે ત્યારે તમારે તુરતજ મારા સુવર્ણભૂમિ તરફ સાગરાચાર્ય પાસે વિહાર કરીને ગયાના સમાચાર ન આપવા, પરંતુ અંતઃકરણમાં સાધુપદ તરફ પૂજ્યભાવ રાખીને પ્રારંભમાં તમારે પણ ઉપાલંભરૂપે કહેવા યોગ્ય કહેવું અને પછી મારા વિહારાદિના સમાચાર આપવા."

આચાર્યદેવ કાલકસૂરિ ભગવંતની હકીકત શ્રવણ કરીને ધર્મપરિણત બન્ને શ્રાવકોએ ગુરુદેવની આજ્ઞાનો સ્વીકાર કર્યો. આચાર્ય ભગવંત પણ સાધુઓને ખ્યાલ ન આવે તે રીતે એકાકીપણે ઉજ્જયિનીથી સુવર્ણભૂમિ તરફ વિહાર કરી ગયા.

પ્રભાત થયું. આચાર્ય ભગવંતની ગેરહાજરી જાણવામાં આવતાં સાધુઓ પરસ્પર ધુસપુસ કરવા મંડી ગયા. કોઈ કહે કે સ્થંડિલભૂમિએ ગયા હશે, કોઈ કહે કે દેવાધિદેવના દર્શને ગયા હશે, કલાક બે કલાક બલકે તેથી વધુ પ્રહર જેટલો સમય થવા છતાં સંઘાડાના સુકાની આચાર્યભગવતનો પત્તો ન લાગ્યો એટલે સાધુઓ વધુ મુંઝાયા. પોતાની બેદરકારીનો હવે એમને ખ્યાલ આવ્યો અને દરેક સાધુઓના હૈયાં ગુરુદેવની નિશ્રા વિના ગમગીન બની ગયાં. હંમેશના રિવાજ પ્રમાણે શ્રાવકો વંદન કરવા આવવા લાગ્યા. પેલા બન્ને પરિણત શ્રાવકો પણ આવી પહોંચ્યા. જાણવા છતાં ઈરાદાપૂર્વક સાધુઓને પૂછ્યું કે આચાર્યભગવંત ક્યાં વિરાજે છે? સાધુઓ નિરુત્તર રહ્યા, એટલું જ નહીં પરંતુ દરેક સાધુઓના મુખ ઉપર ગ્લાનિ છવાઈ ગઈ. છેવટે એ સાધુ સમુદાયમાંથી આગળ પડતા સાધુએ શ્રાવકને જણાવ્યું કે—"આજે વહેલી સવારથી

જ આચાર્યભગવંતનું સ્થાન ખાલી પડેલ અમે જોઈ એ છીએ. હમણાં પધારશે, હમણાં પધારશે, કાં તો સ્થંડિલભૂમિએ અથવા કોઈ જિનાલયમાં દર્શને પધાર્યા હશે ! તેમાં કેટલી વાર લાગે ! હમણાં તેઓશ્રી આવી પહોંચશે. આમ આશામાં ને આશામાં અમે રહ્યા એટલું જ નહીં પરંતુ અમોએ આજુબાજુમાં તપાસ પણ કરાવી છતાં એ પરમોપકારી તારક ગુરુદેવના કશા સમાચાર મળ્યા નથી. તમો પરિણત અને કૃપાળુ ગુરુદેવના પરમ ઉપાસક છો. એટલે અમો તમોને બોલાવવાના હતા ત્યાં તો તમો આવી પહોંચ્યા. મહાનુભાવો ! એ કૃપાળુ ગુરુદેવની પાવનકારી શીતલ છાયા વિના અમો સહુ સાધુઓ ખૂબ ઉદાસીન બની ગયા છીએ. આમ બનવાનું કારણ બીજું કાંઈ નથી; પરતુ અમારી સહુ કોઈની એ કરુણાસાગર પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ હોવાનું આજે અમોને બરાબર સમજાય છે. એ પરમ ઉપકારી ગુરુદેવે અમારા ઉપર ઉપકાર કરવામાં કશી જ કમીના નથી રાખી. અંધકારમાં અનંતકાલથી આથડતા અમ સરખા પામર આત્માઓને પ્રકાશભર્યા પવિત્ર પંથે લઈ જનારા એ પરમકૃપાળુ આચાર્ય ભગવંત જ છે. એ ઉપકારી મહર્ષિનો ઉપકાર ભવોભવ પણ વાળી શકાય એમ નથી. અમારા સ્વાધ્યાય તેમજ સંયમયોગમાં પ્રવેશેલા પ્રમાદને દૂર કરવા એ ગુરુદેવે આજસુધી ઘણીવાર પોતાની ફરજ બજાવી; પરંતુ અમોએ એ સાધુશિરોમણિના વચનો તરફ ધ્યાન ન આપ્યું એનું જ આ પરિણામ છે. એ વાતનો અમોને આજે બરાબર ખ્યાલ આવે છે." એમ કહેતાં કહેતાં સાધુનું હૈયું ભરાઈ આવ્યું અને ચક્ષુઓ પણ અશ્રુભીનાં બની ગયાં, એટલું જ નહીં પરંતુ સમુદાયના સર્વસાધુઓએ પણ એ ભાવનું અનુકરણ કર્યું અને સમગ્ર વાતાવરણ રોમાંચક થઇ ગયું.

બન્ને શ્રાવક મહાનુભાવો ઘણા વિવેકી હતા. ભૂલ થવી એ તો છદ્મસ્થ આત્મા માટે સહજ વસ્તુ છે. પણ ભૂલ થયા બાદ ભૂલને ભૂલ રૂપે સમજવી, ભૂલનો સ્વીકાર કરવો અને સાચા દિલથી ભૂલનો પશ્ચાત્તાપ થવો એ અત્યન્ત દુષ્કર છે. ભૂલ થયા બાદ ભૂલનો વાસ્તવિક રીતે થતો પશ્ચાત્તાપ એ આત્માની યોગ્યતા માટે પ્રબલ પ્રતીતિ છે. અને એવા આત્માઓ ભૂલને સુધારી પોતાના સંયમમાર્ગમાં શીઘ્રતયા સ્થિર થઈ જાય છે. અરે ! કોઈ કોઈ વાર તો થયેલી ભૂલનો અંતઃકરણથી પશ્ચાત્તાપ કરવાના પ્રસંગમાં અષ્ટમિત્તા મુનિ જેવાને કેવલજ્ઞાન પ્રગટ થયાના કથાનકો પણ અનેક સ્થળોએ ઉપલબ્ધ થાય છે. બન્ને શ્રાવકો આ વાતને જાણતા હતા. એટલે એ ગુણવંત શ્રમણ સમુદાયને વિવેકપૂર્વક કહેવા યોગ્ય કહ્યા બાદ આચાર્યદેવ સુવર્ણભૂમિ તરફ સાગરાચાર્ય પાસે જવા વિહાર કરી ગયાનું જણાવ્યું એટલે સાધુઓએ પણ તુરત તૈયારી કરી અને ગુરુદેવની પાછળ વિહાર શરૂ કર્યો.

પરંતુ આચાર્ય ભગવંત કાલકસૂરિ વયોવૃદ્ધ હોવા છતાં શારીરિક બલની અનુકૂળતાના કારણે ઉગ્ર વિહારી હતા, વળી તેમને તો પોતાને એકલા જ વિહાર કરવાનો હતો. જ્યારે શ્રમણસમુદાયને બાલ, વૃદ્ધ, ગ્લાન તપસ્વી વગેરે સર્વની સંભાળ રાખીને વિહાર કરવાનો હતો; એટલે આચાર્ય ભગવંત તો સુવર્ણભૂમિમાં સાગરાચાર્ય પાસે શીઘ્ર પહોંચી ગયા; જ્યારે પાછળના સાધુઓને એ સ્થળે પહોંચવામાં થોડા દિવસનું અંતર પડ્યું.

ભવિતવ્યતા કોઈ એવા પ્રકારની હતી કે સાગરાચાર્ય પોતાના એ દાદાગુરુ આચાર્ય ભગવંત કાલકસૂરિના નામથી પરિચિત હતા. પરંતુ પ્રત્યક્ષ પરિચય થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ન હતો. આ સંજોગોમાં કાલકાચાર્ય ભગવંત જ્યારે સાગરાચાર્ય પાસે પહોંચ્યા ત્યારે તેમને પોતાના દાદાગુરુ તેમજ ગચ્છના નાયક તરીકે ન ઓળખી શકે એ સ્વાભાવિક હતું અને 'આચાર્ય ભગવાન કાલકસૂરિ જેવા શાસનના શિરતાજ એકલા હોય જ કેમ ? એ મહાપુરુષ તો જ્યાં જ્યાં પધારે ત્યાં શિષ્ય-પ્રશિષ્યોના વિશાલ પરિવાર સાથેજ પધારે' આ કારણે પણ આ કાલકાચાર્ય ભગવંત છે એ કલ્પનાને અવકાશ ન મળે તે સ્વાભાવિક હતું.

વિહાર કરતા કરતા આચાર્ય ભગવાન સાગરાચાર્યની વસતિમાં જ્યારે પહોંચ્યા ત્યારે તેમના મુખમંડળની પ્રતિભા ઉપરથી કોઈ વિશિષ્ટ મુનિમહાત્મા તરીકે સમજીને તેમનું યોગ્ય સ્વાગત બહુમાન કરવા સાથે તેઓને ઉચિત સ્થાન અર્પણ કરવામાં આવ્યું. કાલકાચાર્ય પોતે "હું તમારા બધાયનો ગુરુ છું" એવું તો બોલે જ નહીં. મહાન આત્માઓ પ્રાયઃ પોતાના ગુણની કિંવા ગૌરવની સ્વયંકથા કરતા નથી, અને તેમાં પણ આ તો શાસનના ધોરી, સમયના જાણ એટલે પોતાની પીછાન એમ ને એમ ન થવા દે. પોતાના પ્રશિષ્ય સાગરાચાર્ય તેમજ તેમના પરિવારના અંતરંગ સાધુજીવનનો પરિચય પોતાના

વ્યક્તિત્વને પ્રગટ કરવા કરતાં અપ્રગટ રાખવામાં વધુ પ્રાપ્ત થાય એ આશયથી એ પૂ. મહાત્માએ પોતાના વ્યક્તિત્વ માટે અક્ષર સરખો પણ ન ઉચ્ચારેલ હોય તે બનવા યોગ્ય હતું.

ગોચરી વગેરે સાધુ યોગ્ય પ્રવૃત્તિ બાદ બપોર પછી જ્યારે વાચનાનો સમય થયો અને અન્ય શિષ્યાદિ સમુદાયે સાગરાચાર્ય પાસે વાચનાનો પ્રારંભ કર્યો ત્યારે પોતાના સાધુ મારફત સાગરાચાર્યે કાલકાચાર્ય ભગવંતને જણાવ્યું કે તમારે પણ આ સાધુઓની સાથે વાચનામાં બેસવું હોય તો સુખેથી આવો અને બેસો. એમ જણાવવામાં બાહ્ય દૃષ્ટિએ એ વૃદ્ધ સાધુને કોઈ જાતનો સંકોચ ન રહે એ આશય હોય. પણ અંતરંગ દૃષ્ટિએ 'પોતાની વિદ્વત્તા સાથે આગમાદિ શાસ્ત્રોના અર્થોનું મને કેવું વિશિષ્ટ જ્ઞાન છે' એ બાબતથી આગન્તુક વૃદ્ધ સાધુને પરિચિત કરવાની અહંવૃત્તિ હતી.

કોઈપણ આત્માને વિશિષ્ટ ગુણ પ્રાપ્ત થવો જેટલો દુષ્કર છે તેથી પણ તેને પચાવવો એ વધુ દુષ્કર છે. ગમે તેટલો વિશિષ્ટ બોધ હોય છતાં તેની પાછળ જો અંતઃકરણમાં અહંપણાનું સ્થાન હોય તો એ સમ્યગ્જ્ઞાની નથી, પણ જ્ઞાનજડ છે. ગમે તેટલી સુંદર ક્રિયા કરનાર સાધુ હોય, પણ ક્રિયાના રહસ્યનો જરા ય ખ્યાલ ન હોવા સાથે, 'ક્રિયા તો અમારીજ ઊંચામાં ઊંચી, બીજા બધા ય તો ઠીક' આ વૃત્તિ જો વર્તતી હોય તો એ સાધુ ક્રિયાજડ છે. ગમે તેટલી ઉગ્ર તપશ્ચર્યા થતી હોય પણ એની પાછળ ક્ષમાધર્મનો પ્રકાશ અમુક અંશે પણ ન પ્રગટ થાય અને આહારની લોલુપતા ટાળવાનું કિંવા ઇચ્છાનિરોધનું લક્ષ્ય ન રહે તો એ તપોજડ છે. જ્ઞાન, ક્રિયા કે તપ એ તો આત્માના શુદ્ધ ચૈતન્યને પ્રગટાવવાના પ્રબલ સાધનો છે. અને એ અપેક્ષાએ જ એ જ્ઞાન, ક્રિયા કે તપને ધર્મ તરીકે ગણવામાં આવેલ છે.

આચાર્યભગવંત કાલકસૂરિને તો પોતાના પ્રશિષ્યની જે ખ્યાતિ સાંભળેલ તેની ખાત્રી કરવાની ઇચ્છા હતી જ, તેમાં આ તક મળી એટલે પોતાના દરજ્જાનો કાંઇ પણ વિચાર કર્યા સિવાય વાચના લેનાર સાધુઓની પંક્તિમાં પોતે પણ યોગ્ય સ્થળે બેસી ગયા, વાચના તો યદ્યપિ રોજે ચાલતી હતી. પરંતુ આજની વાચનામાં સાગરાચાર્યજી ખૂબ ખીલ્યા હતા. પંક્તિએ પંક્તિનું રહસ્ય વધુ ઊંડાણથી સમજાવતા હતા અને વચ્ચે વચ્ચે આગન્તુક વૃદ્ધ સાધુ સામે જોવા ઉપરાંત તેમને ઉદ્દેશીને સાગરાચાર્ય સ્વયં કહેતા કે "—કેમ? હું કહું છું તે બરાબર છે ને? ન સમજાય તો સુખેથી જણાવશો, પુનઃ સમજાવીશ. પ્રશ્ન કરવાની ઇચ્છા થાય તો તે માટે પણ સંકોચ ન કરશો." આપણા આચાર્ય ભગવંત હૈયામાં બધું સમજવા છતાં મુખાકૃતિનું ગાંભીર્ય બરાબર ટકાવી રાખતા હતા. આમને આમ થોડા દિવસો પસાર થયા ત્યાં તો પોતાના ગુરુદેવ કાલકાચાર્ય ભગવંતની પાસે પહોંચવા નીકળેલો શ્રમણ સમુદાય ગ્રામાનુગ્રામ વિહાર કરતો કરતો એ સ્થળે આવી પહોંચ્યો.

આવનાર શ્રમણ સંઘે સાગરાચાર્યને તથા તેમના શિષ્યોને વંદનાદિ ઉચિત વિધિ સાચવ્યો, સાગરાચાર્ય અને તેમના સમુદાય તરફથી પણ તેમનું યોગ્ય બહુમાન કરવામાં આવ્યું. તેમજ "તમો કયા સંઘાડાના છો? તમારા ધર્માચાર્ય-ધર્મગુરુનું શું નામાભિધાન છે? તમો બધાય સુખશાંતિથી સંયમયાત્રામાં વિચરો છો ને?" વગેરે પરિપૃચ્છા પણ કરવામાં આવી.

શ્રમણ ધર્મનો એ આચાર છે કે પોતે જે ઉપાશ્રયાદિ સ્થળે રહેલા હોય ત્યાં સ્વસમુદાયના કે પરસમુદાયના સ્વગચ્છીય કે અન્યગચ્છીય સંવિગ્ન સાધુ ભગવંતો પધારે ત્યારે ઉપર જણાવ્યા પ્રમાણે તેમનો યોગ્ય સત્કાર કરે, સમાન મંડલીવાળા સાધુઓ હોય તો ગોચરી, પાણી વગેરે માટે પણ આવનાર સાધુઓને વિનંતી કરે અને ભિન્ન મંડલીવાળા સાધુઓ હોય તો પણ ગોચરી વગેરે પ્રસંગે તેમની સાથે જાય અને શ્રાવકોનાં ઘર બતલાવે.

સાગરાચાર્ય અને તેમના સાધુઓ તરફથી સાધુઓનો યોગ્ય સત્કાર થતાં તેમણે પૂછેલા પ્રશ્નોનો તુરત જવાબ આપ્યો કે આપના જે દાદાગુરુજી કાલકાચાર્ય ભગવંત છે તે જ અમારા તારક પરમોપકારી ગુરુદેવ છે. દુઃખની ગતિમાંથી અમારો ઉદ્ધાર કરી અનુપમ સુખશાંતિના માર્ગે લઈ જનાર એ પરમોપકારી અમારા સદ્ગુરુ ભગવંત છે, એટલું જ નહીં પણ તેઓશ્રી તો અમારા પહેલાં અહીં આપની પાસે પહોંચી ગયાનું જાણ્યું છે.

સાગરાચાર્ય તુરત ઉભા થઈ ગયા અને બોલ્યા કે—શું એ મારા પરમગુરુ અહીં પધારેલા છે? અહીં થોડા દિવસો અગાઉ એક તેજસ્વી પ્રતિભાસંપન્ન વૃદ્ધ મુનિરાજ જરૂર પધાર્યા છે, તેઓ સાગરસમા ગંભીર છે, ક્ષમાના નિધાન જેવા દેખાય છે, પોતાના આત્મધ્યાનમાં જ ઘણો ખરો સમય પસાર કરે છે; પણ એ પોતેજ કાલકાચાર્ય ભગવંત છે એ હું નથી જાણતો. એ કૃપાનિધાનના પવિત્ર

દર્શનનો આજ સુધીમાં મને કોઈવાર પણ યોગ નથી મળ્યો એટલે હું ક્યાંથી જાણું? અને એ શાસનશિરોમણિ મહાપુરુષ એકલા અહીં પધારે! એ તો કલ્પનામાં પણ કેમ આવે? ચાલો મારી સાથે, હું એ વૃદ્ધ મહાપુરુષ તમોને બતાવું. એમ કહી આવનાર સાધુઓ સાથે સાગરાચાર્ય એ આગન્તુક વૃદ્ધ પુરુષ પાસે પહોંચ્યા, એ વૃદ્ધ મહાપુરુષને દેખતાંજ નવા આવેલા સાધુઓ તુરત જ બોલી ઉઠ્યા કે 'એજ અમારા તારક ગુરુદેવ કાલકાચાર્ય ભગવંત છે' એમ કહેતાંની સાથે સર્વ સાધુઓ એ પરમ કૃપાળુ આચાર્ય ભગવંતના ચરણમાં મસ્તક નમાવી પોતાનાથી થયેલ અવિનય અપરાધની વારંવાર ક્ષમા માગવા લાગ્યા.

આ દૃશ્ય જોઈને સાગરાચાર્ય તો ક્ષણવાર શૂન્ય બની ગયા. સ્વસ્થ થતાં વિચારવા લાગ્યા કે વર્તમાનમાં જેઓ શ્રુતસાગરના પારંગત છે, હજારો આત્માઓના ઉદ્ધારક છે અને જેના પ્રતાપે જૈનશાસન આજે જયવંતુ છે, મારા દીક્ષાગુરુના પણ જે ગુરુ છે, તેઓશ્રીને વંદન, નમસ્કાર કરવાનું તો બાજુમાં રહ્યું; પણ વાચના પ્રસંગે અન્ય સાધુઓની સાથે તેમને પણ મેં વાચનામાં બેસાડ્યા. મારા જેવી એ તારક પરમગુરુદેવની અવજ્ઞા કરનાર બીજો કોણ હશે! આ અવજ્ઞા–આશાતનામાંથી મારી કેવી રીતે મુક્તિ થશે! આમ હૈયામાં પશ્ચાત્તાપનો પ્રવાહ શરૂ થયો તેમ જ કાલકાચાર્ય ભગવંતના ચરણમાં ઢળી પડ્યા, હૈયાનો પશ્ચાત્તાપ અશ્રુના પ્રવાહ રૂપે બહાર આવ્યો, આચાર્યભગવંતના ચરણકમલો એ અશ્રુની અવિરત ધારાથી ભીંજાઈ ગયા. ક્ષમાના સાગર! આપના બાળકના થયેલા અપરાધની માફી આપો. એમ સાગરાચાર્ય વિનીતભાવે વારંવાર પ્રાર્થના કરવા લાગ્યા.

આચાર્ય ભગવંત કાલકસૂરિ તો સાગર સમા ગંભીર અને સાક્ષાત્ ક્ષમામૂર્તિ હતા, સાગરાચાર્યના મસ્તક તેમ જ પીઠ ઉપર વારવાર પોતાનો પવિત્ર હાથ ફેરવતા બોલ્યા, વત્સ! તું મુંઝા નહિ. તારો જરા પણ દોષ નથી. આજ સુધીના દીક્ષા પર્યાયમાં આપણા બન્નેના પ્રત્યક્ષ પરિચયનો પ્રસંગ આ વખતે પ્રથમ છે એટલે કાલકસૂરિ તરીકે તને મારું જાણપણું ન થાય એ સ્વાભાવિક છે, અને હું એકલો આવ્યો એટલે તારા દાદાગુરુ તરીકેની મારા માટે કલ્પના થવાનો અવકાશ પણ ક્યાંથી હોય? માટે વત્સ! સ્વસ્થ થા! તારો જરા પણ દોષ તેમજ અવજ્ઞા-આશાતના નથી; પરંતુ તારી વિદ્વત્તા–અને સ્વ-પર કલ્યાણમાર્ગની મંગલમય પ્રવૃત્તિથી હું ઘણો પ્રમુદિત થયો છું. ફક્ત વિદ્વત્તાસાથે જરા અહંપણું મારી દૃષ્ટિએ જે અનુભવાયું છે તે તારા જેવા શાસનના સંરક્ષક તરીકે થનાર સાધુ માટે યોગ્ય નથી. જે હું તને દૃષ્ટાન્ત દ્વારા આ વાત સમજાવું. એમ કહીને કાલકાચાર્ય ભગવંતે એક સાધુપાસે રેતી મંગાવીને એક હેકાણે તેની ઢગલી કરી, તુરત ત્યાંથી તે ઢગલી ઉપાડી બીજી જગ્યાએ મૂકી, પુનઃ ત્યાંથી તે ઢગલી ઉપાડીને ત્રીજી જગ્યાએ મૂકી. અને ત્યારબાદ સાગરાચાર્યને ઉદ્દેશીને કહ્યું;—"આ ઢગલીઓનું રહસ્ય એ છે કે આપણા જેવા છદ્મસ્થ આત્માઓને ગમે તેટલો બુદ્ધિવૈભવ હોય છતાં તેમાં અહંપણું લેશપણ લાવવાની જરૂર નથી. આ રેતીની ઢગલી પ્રથમ જેટલી હતી તેટલી બીજી જગ્યાએ મૂકી ત્યારે નથી. ત્રીજી જગ્યાએ મૂકી ત્યારે પુનઃ વધુ નાની ઢગલી થઈ છે. કારણ કે એક હેકાણે કરેલી ઢગલીને બીજી જગ્યાએ મૂકતાં પહેલાની જગ્યામાં થોડી રેતી રહી જ જાય છે. બીજી જગ્યાએ સંપૂર્ણ રેતી નથી હોતી. એ પ્રમાણે તીર્થંકર ભગવંતોએ અર્થરૂપે જે દેશના આપી, ગણધર ભગવંતોએ તેનો અનંતમો ભાગ જ સૂત્રરૂપે ગૂંથ્યો, ગણધરો પાસે જે જ્ઞાન હતું ત્યારપછીના આચાર્યો પાસે તેથી પણ એ જ્ઞાન ક્રમશઃ ઘટતું ગયું. અને મારી કે તારી પાસે જે જ્ઞાન છે તે તો સાગરપાસે બિંદુ સમાન છે. આ સ્થિતિમાં જન્માન્તરીય ક્ષયોપશમ તેમજ ગુરુના શુભાશીર્વાદથી ગમે તેટલો બુદ્ધિવૈભવ હોય પરંતુ તેમાં અહંપણું ન લાવતાં લઘુતા જ રાખવી એ આપણો પરમ ધર્મ છે."

સાગરાચાર્ય એ પરમગુરુદેવના અમૃતથી અધિક મધુર વચનો એકચિત્તે શ્રવણ કરી રહ્યા હતા. એ કૃપાળુના વચનામૃતોએ આજસુધીના જીવનમાં જે આનંદ કોઈપણ અવસરે અનુભવાયો ન હતો તેવું અવર્ણનીય આનંદનું પૂર પ્રગટાવ્યું હતું. અને એ અનુપમ આનંદના પૂરમાં તરબોળ થયેલા સાગરાચાર્ય પુનઃ ક્ષમાના સાગર આચાર્યદેવ કાલકાચાર્યના ચરણોમાં ઢળી પડ્યા.

આજના શ્રમણ સંઘમાં આવી લઘુતા પ્રગટ થાય તો જૈન શાસનનો સૂર્ય સંપૂર્ણ પ્રકાશથી ઝગમગી ઊઠે.

★

મહોપાધ્યાય પૂજ્ય શ્રીયશોવિજયજીની સ્વર્ગવાસ સાલ અને તિથિ કઈ ?

પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજ

ગતાંકમાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ-શ્રીની આવરદા કેટલી હતી તે અંગે કેટલીક ચર્ચા–મીમાંસા રજૂ કરી હતી. આ વખતે ઉપાધ્યાયજી ભગવાનનો કાળધર્મ (અવસાન અથવા સ્વર્ગવાસ) કઈ સાલમાં અને કઈ તિથિએ થયો એ અંગે કિંચિત્ પરામર્શ કરીશ.

છેલ્લા પચાસેક વર્ષમાં જે જે આચાર્યો, મુનિવરો, સાક્ષરો કે લેખકોએ ઉપાધ્યાયજીનું સ્વતંત્ર જીવન કે ફુટકલ પ્રસંગો આલેખ્યા અથવા તો તેને અંગેની પ્રસ્તાવના વગેરે લખ્યું ત્યારે તેઓએ ઉપાધ્યાયજીની સ્વર્ગવાસતિથિ માટે, સંવત તરીકે ૧૭૪૫ અને તિથિ માગશર સુદિ દશમ લખી. અને પછી તો આપણાં વાર્ષિક પ્રગટ થતાં ભીંતિયાં પંચાંગોમાં પણ 'પર્વ અને તહેવારો'ના વિભાગમાં માગશર માસના તહેવારોની નોંધમાં 'માગશર સુદ ૧૧, મહોપાધ્યાય શ્રીયશોવિજયજીની જયંતી કે સ્વર્ગવાસ'–આ રીતનો ઉલ્લેખ શરૂ થયો, જે (પૂ. આચાર્ય શ્રી પ્રતાપસૂરિજી સંપાદિત પંચાંગોને છોડીને[1]) આજસુધીના પ્રાયઃ બધાય પંચાંગોમાં ચાલુ રહ્યો છે.

તો ઉપરોક્ત ઉલ્લેખ સાચો છે કે ખોટો ? સીધો જવાબ 'ના'માં છે. કારણ શું ?

આપણી આધ્યાત્મિકદૃષ્ટિપ્રધાન સંતપરંપરાના શ્રમણો અને શ્રમણીઓ પોતાનાં જીવનચરિત્રો કે વિસ્તૃત માહિતીઓ લખવામાં રસ ધરાવતા જ ન હતા. પરિણામે વિસ્તૃત વાત તો બાજુએ રહી પણ ખાસ ખાસ મહત્ત્વની તવારીખો કે નોંધો અંગે પણ પરાંગમુખ રહ્યા. આના પરિણામે શ્રમણ પરંપરાના અનેક જ્ઞાનીઓ, તપસ્વીઓ, વાદીઓ, શાસનપ્રભાવકો અને મહાન ગ્રન્થસર્જકોના જીવનપટ ઉપર અંધકાર જ પથરાયેલો રહ્યો.

શ્રમણો માટે જ્યારે આ પરિસ્થિતિ હોય ત્યારે આપણી આર્યા–સાધ્વીજીઓની (શ્રમણો કરતાં પ્રાયઃ ત્રિગુણાધિક સંખ્યામાં સદાય હોવા છતાં) માહિતી અંગેનો પોકાર પાડવાની વાત જ શી ?

શ્રમણ ભગવાન મહાવીરે પોતાના સમગ્ર સંઘને (૧) સાધુ (૨) સાધ્વી (૩) શ્રાવક અને (૪) શ્રાવિકા–એમ ચાર વિભાગમાં વહેંચી નાખ્યો ત્યારે સાધ્વીજીને બીજું જ સ્થાન આપવામાં આવ્યું હતું.

સાધ્વી બનેલા સ્ત્રીવર્ગને આટલું મહત્ત્વપૂર્ણ સ્થાન આપવા છતાંય અને વળી જૈનસંઘના ઊગતા બાળકો અને ખાસ કરીને બાલિકાઓ (ભવિષ્યની જૈન શ્રાવિકાઓ)માં ધર્મશ્રદ્ધાનું બીજાધાન કરવામાં અનન્ય ફાળો આપનાર છતાંય, આ પવિત્ર સંઘની પટ્ટાવલીઓ રચવામાં કેમ નરી ઉપેક્ષા જ સેવાઈ હશે ? અસ્તુ !

જ્યારે ઉપાધ્યાયજી મહારાજની નોંધ ક્યાંય ન મળી ત્યારે ખોજકોનું લક્ષ્ય તેઓશ્રીની દર્ભાવતી અપરનામ ડભોઈ (વડોદરા શહેરથી ૧૯ માઈલ દૂર) શહેરમાં તેઓશ્રીના સમાધિસ્થળે સ્થાપિત કરેલી ચરણપાદુકા તરફ ગયું; કારણકે પાષાણ અને ધાતુશિલ્પો એ જૈન સંઘના ભૂતકાલીન ઈતિહાસની મહત્ત્વની કડીઓ મેળવવા માટેનાં ખરેખર પ્રામાણિક સાધનો છે; એટલે આ બાબતમાં લાગણી અને રસ ધરાવનારાઓએ ડભોઈના ગુરુમંદિરની પાદુકા ઉપર ઉત્કીર્ણ થયેલો નીચે મુજબનો લેખ વાંચ્યો :—

[2] સંવત્ ૧૭૪૫ વર્ષે ॥ શા ॥ ૧૬૧૧, પ્રવર્ત્તમાને માર્ગશીર્ષમાસે શુક્લપક્ષે એકાદશીતિથૌ ॥ છ ॥ શ્રી શ્રીહીરવિજયસૂરીશ્વર॥ શિષ્ય ॥ શ્રીકલ્યાણવિજય ગ ॥ શિષ્ય। પં। શ્રીલાભવિજય ગ। શિષ્ય। પં। શ્રી જીતવિજય ગ। સોદર। સતીર્થ્ય। પં। શ્રી નયવિજય ગ। શિષ્ય। પં। શ્રી જસવિજય-

---

૧ આ પંચાંગોમાં 'સ્મૃતિદિન' લખાય છે.

૨ પ્રસ્તુત લેખ વાળાકુંચીના નિત્યના આક્રમણથી ઘસારાનો સારા જેવો ભોગ બન્યો છે. જો એનાથી હજુ પણ ડભોઈ જૈનસંઘ રક્ષણ નહીં કરે તો એક મૂલ્યવાન લેખ થોડાં વર્ષોમાં નષ્ટ થશે; જો કે મેં તે લેખને દેરીના ગર્ભગૃહમાં આરસના મજબૂત પાટડામાં ઉત્કીર્ણ કરાવેલ છે.

गणीनां पादुका कारापिता । प्रतिष्ठितात्रेयं । तच्चरणसेवक... विजयगणिना श्रीराजनगरे ॥

અર્થ : સંવત ૧૭૪૫ના વર્ષમાં શક સંવત ૧૬૧૧ ચાલતી હતી. ત્યારે માગશર માસના શુક્લપક્ષની અગિયારસ તિથિએ શ્રી શ્રીહીરવિજયસૂરીશ્વર શિષ્ય, પં. શ્રી કલ્યાણવિજય ગણિ, તેમના શિષ્ય પં. શ્રી લાભ વિજય ગણિ, તેમના શિષ્ય પં. શ્રી જિતવિજય ગણિ, તેમના ગુરુભાઈ સમાનતીર્થી પં. શ્રી નયવિજય ગણિ, તેમના શિષ્ય [૩] પં. શ્રી જસવિજયગણિની આ પાદુકા ઉપાધ્યાયજી મહારાજના [૪] ચરણસેવક...રાજનગરમાં કરાવી અને પ્રતિષ્ઠા કરાવી.

આ લેખના આધારે આ પાદુકા ઉપરની ૧૭૪૫ની સાલ ને માગશર સુદ ૧૧ ની તિથિ એ કાલધર્મની જ છે, એટલે પછી દેરીની ભીંતે પણ આ જ સાલ આરસની તકતી ઉપર કોતરાવીને ચોંટાડી દીધી. આ જાહેરાતથી સહુ પ્રસન્નમય થવાથી તે નિર્ણય વહેતો પણ કરી દીધો. અને મારી સામાન્ય જાણ મુજબ આ સાલ અને તિથિ લખવાનો શિરસ્તો લગભગ ચાલીસેક વર્ષથી ચાલ્યો આવેલો જોવા મળે છે.

હવે આપણે એ વિચારવાનું છે કે એ પાદુકાની શિલોત્કીર્ણ પુષ્પિકા ઉપરથી કાળધર્મની જે તિથિ પ્રસિદ્ધિમાં મૂકાઈ તે સાચી હતી ખરી? તેનો જવાબ છે : 'ના'—એમ શા માટે?

તો પ્રસ્તુત શિલાલેખમાં ઉક્તકથનસૂચક કશો જ નિર્દેશ નથી તેમજ તેવો કોઈ ધ્વનિ પણ તેમાંથી નીકળતો નથી.

શિલાલેખની પંક્તિઓ તો નીચેની હકીકતો સ્પષ્ટ રીતે રજૂ કરે છે.

જે સાલ લખી છે તે તો રાજનગર–અમદાવાદમાં પ્રતિષ્ઠા કરાવી તેની છે, નહિ કે કાલધર્મની. પણ પ્રથમ પ્રથમ જેણે વાંચ્યું હશે તેઓ કરવી જોઈતી ચકાસણી કરી ન શક્યા, એટલે મારી દૃષ્ટિએ આ સાલ બરાબર નથી.

---

૩ આ લેખમાં 'જસવિજયજી'ના નામની આગળ પાછળ 'ઉપાધ્યાય' પદનો ઉલ્લેખ કેમ નહીં કર્યો હોય? લેખમાં 'યશ' નહિ પણ સુપ્રસિદ્ધ 'જસ' નામનો આદર કર્યો છે.

૪ ચરણસેવક કોણ હતા તે અક્ષરો ઘસાવાથી ઓળખાયા નથી.

શિલાલેખની સાલ સ્વર્ગગમનની ન હોવા છતાં, સુજ્ઞ લેખકોએ કેમ સાહસ કર્યું?

તો તેના કારણમાં ઉપાધ્યાયજી મહારાજે ગૂર્જર ભાષામાં, પદ્યમાં રચેલા બે સ્વાધ્યાયો–સજ્ઝાયો છે.

૧. પ્રતિક્રમણ ગર્ભ હેતુ. ૨ અગિયાર અંગ.

આ બન્નેના અંતિમ પદ્યમાં તેઓશ્રીએ કૃતિનો રચના-કાળ દર્શાવ્યો છે.

સુરતિ ચોમાસુ રહી રે, વાચક જસકરિ જોડી,
યુગ-યુગ-મુનિ વિધુવત્સરઈ રે દિયોમંગલ કોડી.

[પ્રતિ. હેતુ. સ્વા]

યુગ-યુગ-મુનિ વિધુ વત્સરઈ રે શ્રીજસ—
વિજય ઉવજ્ઝાય;
સુરત ચોમાસું રહી રે કીધો એ સુપસાય. ટો.

[અગિયાર અંગ સ્વાધ્યાય]

ઉપરની બંને કૃતિઓ સુરતના એક જ ચોમાસામાં રચી છે.

એક બાજુ પાદુકોત્કીર્ણ ૧૭૪૫ ની સાલનો ખ્યાલ પુરોગામીઓના મગજમાં સ્થાપિત થઈ ગયો હતો એટલે પદ્યનો વાસ્તવિક ઘટમાન અર્થ જે વિચારવો જોઈએ એને બદલે જામી ગયેલા ખ્યાલને જ પુષ્ટ કરવા સંખ્યા દર્શક 'યુગ–યુગ' શબ્દના બે અને ચાર આ બે વિકલ્પો-માંથી એમ ને ચારનો જ વિકલ્પ સ્વીકારી લીધો, એટલે સુરતના બંને સ્વાધ્યાયો સં. ૧૭૪૪માં રચ્યાનું દૃઢપણે માની લીધું.

પછી અન્ય વિચાર કરવાનું રહે જ ક્યાંથી? અને ૪૪ પછી જ ૪૫, આવે છે એટલે યુગનો અર્થ ચાર કરવાનું સ્વાભાવિક રીતેજ અનુકૂલ આવી ગયું.

જો પાદુકાશિલ્પનો લેખ પૂરેપૂરો મનનપૂર્વક ધ્યાનમાં લેવાયો હોત, તો આ એક આશ્ચર્યપ્રેરક અસત્ય ચાલ્યું આવ્યું તે ન ચાલત.

ત્યારે સાચી સાલ કઈ છે?

તો આ માટે 'સુજસવેલી ભાસ'નું નીચેનું પદ્ય મદદે આવે છે.

સત્તર ત્રયાલિ ચોમાસું રહ્યા, પાટક નગર હબોઈ રે;
તિહાં સુરપદવી અણુસરી, અણસણિ કરિ પાતક ધોઈ રે

[ઢાલ ૫. કડી ૪]

આ પદ્યમાં 'સત્તરત્રયાલિ'નો જે ઉલ્લેખ છે તે સીધેસીધો ચોમાસું રહ્યાની વાતને સ્પર્શ કરે છે. પરંતુ

બીજી દૃષ્ટિએ જોઈએ તો ગતાંકમાં જણાવ્યા મુજબ આપણને ૧૭૪૩ એ જ સ્વર્ગગમનની સાલ છે એમ સ્વીકારવા પ્રેરણા કરે છે.

આથી નિષ્કર્ષ એ આવ્યો કે સુરતીય સ્વાધ્યાય પદ્યના 'યુગ-યુગ'નો અર્થ જેઓ ચાર ચાર કરવાનો આગ્રહ સેવે છે તે અસંગત છે. એમ સ્વતઃ પુરવાર થાય છે.

ત્યારે 'યુગ'નો અર્થ શો કરવો ?

'યુગ' શબ્દ એ સંખ્યાનો વાચક છે અને ગુજરાતીમાં પણ યુગલ-જોડલું આ અર્થમાં વપરાયો છે જ.

એટલે સં. ૧૭૨૨માં બંને સ્વાધ્યાયો રચ્યા હતા, એમ માનવું મુનાસિબ છે.

જો બન્ને 'યુગ' શબ્દનો અર્થ ચાર ચાર કરીએ તો ૧૭૪૪ની સાલમાં સુરતના ચાતુર્માસમાં બંને સ્વાધ્યાયોની રચના કરી એમ નિશ્ચિત થાય. એટલે જૈન સાધુના નિયમ મુજબ કાર્તિક સુદિ ચૌદસ સુધી (ચાતુર્માસ સમાપ્તિદિન) ત્યાંજ રહ્યા હતા તે સુનિશ્ચિત થયું. હવે પાદુકા ઉપરના લેખમાં ૧૭૪૫ની સાલ અને માગસર સુદિ ૧૧ ની અંજનશલાકા અને વળી તે રાજનગર-અમદાવાદમાં કર્યાનું જણાવ્યું છે. તેમનો દેહ ડભોઈમાં જ પડ્યો તે વાત સુનિશ્ચિત છે. સુરતનું ૧૭૪૪નું ચાતુર્માસ કાર્તિક સુદિ ચૌદસે પૂર્ણ થાય, એટલે વહેલામાં વહેલો વિહાર કાર્તિક સુદિ પૂનમે કરી શકે. પૂનમે વિહાર કરી ડભોઇ તરફ પ્રયાણ કર્યું હોય એમ માનીએ તો પૂનમ અને પાદુકાની અંજન પ્રતિષ્ઠા (તેય અમદાવાદમાં) વચ્ચેનો ગાળો માત્ર ૨૭ દિવસનો છે. અહીંયાં વિચારવાનું એ છે કે, આટલા દિવસોમાં, તેઓ એકાએક વિહાર કરે, સુરતથી ૮૦ માઈલ દૂર ડભોઈ આવી પહોંચે, તુરતા તુરત અનશન કરવાના સંયોગો ઊભા થાય, કાલધર્મ પામે, પાછા રેલગાડી કે મોટરના સાધન વિનાના જમાનામાં અમદાવાદ સમાચાર પહોંચી જાય, સંગેમરમર પાષાણની કમલાસનસ્થ પાદુકા પણ બની જાય, અને અંજન પણ થઈ જાય, આ બધું સંભવિત લાગે છે ખરૂં ? મારો અંગત જવાબ તો 'નકાર'માં છે. છતાંય ઘડીભર માનો કે સંભવિત છે, તો પછી ડભોઈમાં ચાતુર્માસ કર્યાની સાલ કઈ નક્કી કરવી ? આ બધી વિષમાપત્તિ ટાળવા યુગયુગનો અર્થ ચાર ન કરતાં જો એ કરીએ તો બધી સમાપત્તિ થઈ જાય.

પ્રસ્તુત પાદુકા ૧૭૪૩માં સ્વર્ગવાસ થયા પછી ભરાવીને ૧૭૪૫માં પ્રતિષ્ઠા, અમદાવાદમાં કરવામાં આવી છે.

ચોક્કસ સાલ જાણવા માટે 'સુજસવેલી' સિવાય બીજો કોઈ આધાર પ્રાપ્ત થયો નથી. ભવિષ્યમાં તેઓશ્રીની સ્વહસ્તલિખિત કે અન્યલિખિત કૃતિ કે જેના અંતમાં ગ્રન્થરચનાસાલ કે લેખનસાલ લખી હોય તેવી મળી જાય, તો બધાય વિકલ્પોનો અંત આવી જાય.

જેમ સાલ જાણવાનું સાધન નથી તેમ તિથિ જાણવાનું પણ સાધન નથી એવું ખરું ? 'ના' તિથિ જાણવાનું સાધન સર્વત્ર નથી એમ કેમ કહી શકાય ?

એક સાધન સુજસવેલીકારે સ્પષ્ટ બતાવ્યું છે. વાંચો—

૫ શીત-તલાઈ પાખતી; તિહાં થૂભ અછૈ સસનૂરો રે;
તે માંહિથી ધ્વનિ ન્યાયની, પ્રગટે નિજ દિવાસિં પડૂરો રે.

[ઢાળ ૪-૬]

અર્થ :—શીત તળાવ પાસે તેજસ્વી સ્તૂપ છે અને તેમાંથી પોતાના સ્વર્ગવાસના દિવસે ન્યાયનો ધ્વનિ પ્રકટ રીતે પ્રગટે છે.

ન્યાયનો ધ્વનિ એટલે શું ? તે કેવો હશે ? વર્ણાત્મક કે નાદાત્મક ? એ રહસ્ય અગમ્ય છે. બારેય માસ-૩૬૦ દિવસ-પાદુકા પાસે કોઈ દક્ષ, સુજ્ઞ અને અપ્રમત્ત ઉપયોગી આત્મા સજાગ બેસી રહે ત્યારે એ ધ્વનિનું શ્રવણ સ્પષ્ટ કરી શકે ને સમજી શકે; તો સ્વર્ગતિથિ પકડી શકાય.

પંચાંગ કાઢનારાઓને વનંતી

અંતમાં, ભીંતિયાં પંચાંગો કાઢનાર-કઢાવનાર મુનિરાજને તથા સંસ્થાઓને સાદર વિનંતી કે પંચાંગની પર્વ તહેવારોની તપસીલમાં હવેથી માગશર માસની નોંધમાં નીચે મુજબ ઉલ્લેખ કરવાનું નોંધી રાખે.

'માગશર સુદિ ૧૧, મહોપાધ્યાય પૂ. શ્રીમદ્ યશોવિજયજી સ્મૃતિદિન'

---

૫ 'શીત-તલાઈ' આ તળાવ આજે પણ વિદ્યમાન છે. લાંબા કાળે તલાઈનો 'ત' બોલાતો બંધ થયો ને આજે ડભોઈના પ્રજાજનો 'શીતલાઈ' થી ઓળખાવે છે.

જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિજી
અને
'જેજીયા' કર-મુક્તિ

પં. લાલચંદ ભગવાન્ ગાંધી

[૨]

(૩) ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્રજી (વાચક સકલચંદ્રજીના શિષ્ય) ઉચ્ચ પ્રતિભાશાળી સુયોગ્ય સમર્થ વિદ્વાન થઈ ગયા, જેમણે જંબુદ્વીપપણત્તી (જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ) નામના ઉપાંગની વિદ્વત્તાભરી વ્યાખ્યા (પ્રમેયરત્નમંજૂષા) સં. ૧૬૫૨ માં રચી હતી; તેઓ પ્રભાવક આચાર્ય શ્રીહીર-વિજયસૂરિજીના આજ્ઞાંકિત શિષ્ય-પ્રશિષ્ય-સમુદાયમાં વિશિષ્ટ કાર્યકર હતા. આચાર્ય શ્રીહીરસૂરિજી સમ્રાટ્ અકબરના સન્માનભર્યા આમંત્રણથી ગૂજરાતદેશથી લાટદેશના તિલકસમાન ગંધારનગર (બંદર)થી પાતશાહની રાજધાની ફતેપુરસીકરી (મેવાતમંડલ) તરફ પગે ચાલીને જઈ રહ્યા હતા, ત્યારે સિદ્ધપુર (ગૂજરાત)થી તેઓ સાથે ગયા હતા. સં. ૧૬૩૯ નાં પાતશાહ અકબરની મુલાકાત વખતે શ્રીહીરસૂરિજી સાથે જે ૧૩ વિદ્વાન સાધુ-શિષ્યો હતા, તેમાં તેઓ પણ હતા. અકબર બાદશાહના પ્રીતિપાત્ર, ત્યાંના શ્રદ્ધાળુ શ્રીમાન થાનસિંહે સૂરિજી-હસ્તક જિનમંદિર-પ્રતિષ્ઠા કરાવી મહોત્સવ કરાવ્યો હતો, ત્યારે આ વિદ્વાન શ્રીશાંતિચંદ્રજીને સૂરિજીએ ઉપાધ્યાય-પદવી આપી તેમનું ગૌરવ કર્યું હતું. જ્યારે શ્રીહીરસૂરિજી આગરા, ફતેપુર વગેરે સ્થળમાં-મેવાત મંડલમાં ચાર ચોમાસાં કરી ગૂજરાત તરફ આવવા નીકળ્યા, ત્યારે પોતાના પ્રતિનિધિ-મંત્રી વિશિષ્ટ કાર્ય-સાધક ધર્મોપદેશક તરીકે તે શ્રીશાંતિચંદ્રજી ઉપાધ્યાયને પાતશાહની પ્રેરણાથી પાતશાહ પાસે મૂકીને ગયા હતા. શ્રીશાંતિચંદ્રજીએ પોતાની સુયોગ્યતાથી સમ્રાટ્ અકબર પર સારી અસર કરી હતી, તેની અત્યંત પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી, અકબરના દરબારમાં સારું સન્માન મેળવ્યું હતું. સંસ્કૃતભાષાના શ્રેષ્ઠ કવિએ ઉપાધ્યાયજીએ પાતશાહ અકબરનો પરિચય આપતું, તેના જીવનના પાછળના ભાગમાં તેણે કૃપાળુ બની, અહિંસાના સન્માર્ગે ચાલી, પોતાના અધીન સમસ્ત દેશોમાં જીવ-દયાનાં-જલચર, સ્થલચર, ખચર જીવોની રક્ષાનાં-અમારિ-અભયદાનનાં જે ફરમાનો જાહેર કર્યાં, બન્દી-કેદીઓના બંધ છોડાવ્યા અને જજિઆ-કર નિવાર્યો–એવાં તેનાં સત્કાર્યોની પ્રશંસા–અનુમોદના કરતું અને તેને શુભ આશીર્વાદ આપતું ૧૨૮ સંસ્કૃત પદ્યમય સંક્ષિપ્ત સરસ કાવ્ય રચેલું છે, જે 'કૃપારસકોશ' એવા નામથી પ્રસિદ્ધ છે. શ્રી. જિન-વિજયજી જેવા વિદ્વાન સંપાદકના પ્રયત્નથી હિંદી ભાષામય પ્રાસ્તાવિક કથન, કાવ્યના સંક્ષિપ્તસાર, તથા ઉપયોગી સંબંધ ધરાવતાં બે શાહી ફરમાનો અને તેના અનુવાદ સાથે, એ ગ્રથ, સન ૧૯૧૭ માં શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરદ્વારા પ્રકાશિત થઈ ગયેલ છે.

એ કાવ્યનાં અંતિમ ૭ પદ્યોમાં સૂચવ્યું છે કે–અત્યંત પરિચય થવાથી જેનો સ્વભાવ જાણી લીધો છે, એવા મેં શ્રીવાચકેન્દ્ર સકલચંદ્ર ગુરુના પ્રસાદથી ઉત્પન્ન થયેલ બુદ્ધિ–વિભવથી ધાર્ષ્ટ્ય ધારણ કરીને આ નૃપતિ (પાતશાહ અકબર) પાસે કૃપા માટે યાચના કરી હતી. ૧૨૧

વર્તમાનકાળમાં, ભારતવર્ષના સાધુઓમાં અત્યંત શ્રેષ્ઠ એવા જેમને સાંભળ્યા હતા, તેમનાં દર્શન કરીને સત્સંગતિમાં અત્યંત રસિક સ્વભાવવાળા આ મહીશે (પાતશાહ અકબરે) પોતે જાતે શ્રવણો અને લોચ-નોનો વિવાદ પરિસમાપ્ત કર્યો; વિશેષ સુકૃતમાટે સહાયક થયેલા તે શ્રીયુક્ત હીરવિજય નામના સૂરિરાજને, દયાથી આર્દ્ર થયેલા આ પાતશાહે જંતુઓ–પ્રાણીઓની અમારિ (અહિંસા)નું જે કથન કર્યું–(ફરમાન અર્પણ કર્યું), તેના પુણ્યના પ્રમાણને સર્વવેદી (સર્વજ્ઞ) જ જાણે છે. ૧૨૨–૧૨૩

જળમાંથી છૂટી ગયેલ માછલાં વગેરે જલચરોનો ગણ, જે માછલાંઓને મળ્યો, તથા પક્ષીઓના સમૂહે

પાશ–બંધનથી મુક્ત થઈને પોતાનાં બચ્ચાંઓને જે ચુંબન કર્યું, તથા દૂધ–ભરી સુરભી (ગાયો)ના કુલે, જે વેગથી ગમન કર્યું, તે આ કૃપાળુ–મૂર્તિ (પાતશાહ)નો પ્રભાવ છે. ૧૨૪

ઉદારભાવ જીવોને જીવિત–સંબંધી સુખ આપનારા આ પાતશાહે જે ઉદાર પુણ્ય ઉપાર્જન કર્યું, તેના વડે, રાજન્ય લોક સાથે અને શાહજાદાઓ સાથે આ પાતશાહ ચિરકાળ પર્યન્ત અભ્યુદયવાળા થાઓ. ૧૨૫

આ પાતશાહે જે જજિઆ–કરનું નિવારણ કર્યું, અને દુર્દમ (નિરંકુશ–ઉદ્ધત) મોગલોથી ચૈત્યો (જિન–મંદિરો) પણ મુક્ત થયાં, તથા કૃપાળુ થઈને આ પાતશાહે બંદીઓનાં (કેદીઓનાં) બંધનને દૂર કર્યાં; તથા અધમ (દુષ્ટ) રાજ–ગણ પણ યતીન્દ્રોનો જે સત્કાર કરે છે, તથા જંતુ–ગણ જે પ્રતિવર્ષ પ્રત્યેક છ મહિના–પર્યન્ત અભય (નિર્ભય) થયો, અને ગાયોનો સમૂહ, જે વિગત–ભય થયો–એ વગેરે શાસન (અહિંસામય જૈન-પ્રવચન)ની સમુન્નતિનાં કારણોમાં આ ગ્રંથ જ પરમ નિમિત્ત થયો છે. ૧૨૬–૧૨૭ *

—શ્રીહીરસૂરિજીના સહાધ્યાયી ઉપાધ્યાય શ્રીધર્મ-સાગરજીએ સં. ૧૬૪૮ લગભગમાં રચેલી પ્રા. તપાગચ્છ ગુર્વાવલી (પટ્ટાવલી)ની સં. વૃત્તિમાં ભગવાન મહાવીરની પટ્ટ-પરંપરામાં ૫૮મા પટ્ટધર તરીકે આચાર્ય શ્રીહીર-વિજયસૂરિજીનો પરિચય કરાવતાં પૂર્વોક્ત અમારિ–ફરમાન સાથે જજિઆ–કરને મુક્ત કરવાનાં ફરમાનો પાતશાહ પાસેથી લાવી શ્રીશાંતિચંદ્રગણિએ ગુરુજીને ભેટ કર્યાં હતાં–તેવા આશયનું સૂચવ્યું છે.

"अथ पुरा श्रीसूरिराजैः श्रीसाहिहृदयालवालरोपिता कृपालतोपाध्यायश्रीशान्तिचन्द्रगणिभिः स्वोपज्ञकृपारसकोशाख्यशास्त्रश्रावणजलेन सिक्ता सती वृद्धिमती बभूव। तदभिज्ञानं च श्रीमत्साहिजन्मसम्बन्धी मासः, श्रीपर्युषणापर्वसत्कानि द्वादश दिनानि, सर्वेऽपि रविवासराः, सर्वसंक्रान्तितिथयः, नवरोजसत्को मासः, सर्वे ईदीवासराः, सर्वे मिहिरवासराः, सोफीआनवासराश्चेति षाण्मासिकामारिसत्कं फुरमानं, जीजीआभिधानकरमोचनसत्कानि फुरमानानि च श्रीमत्साहिपार्श्वात् समानीय धरित्रीदेशे श्रीगुरूणां प्राभृतीकृतानीति। एतच्च सर्वजनप्रतीतमेव॥"

—કૃપારસકોશ–પ્રાસ્તાવિક કથન, પૃ. ૨૩માં ઉદ્ધૃત

—પટ્ટાવલી-સમુચ્ચય (સં. મુનિ દર્શનવિજયજી) પૃ.૭૬

ભાવાર્થ :—પહેલાં શ્રીસૂરિરાજે (શ્રીહીરવિજયસૂરિ-જીએ) શ્રીસાહિ(પાતશાહ અકબર)ના હૃદયરૂપી ક્યારામાં રોપેલી કૃપારૂપી લતા, ઉપાધ્યાય શ્રીશાંતિચંદ્રગણિજીએ

---

* "भूयस्तरां परिचितेर्विदितस्वभावः,
स्वामी नृणामयमयाचि मया कृपार्थम्।
श्रीवाचकेन्द्रसकलेन्दु गुरुप्रसादाद्,
उत्पन्नबुद्धिविभवाद् धृतधार्ष्ट्यकेन॥ १२१॥

यान् सांप्रतं भरतसाधुषु लब्धसीमान्,
दृष्ट्वा श्रुतान् श्रवण–लोचनयोर्विवादम्।
निन्ये स्वयं परिसमाप्तिमसौ महीशः,
सत्सङ्गतावतितरां रसिकस्वभावः॥ १२२॥

श्रीयुक्तहीरविजयाभिधसूरिराजां,
तेषां विशेषसुकृताय सहायभाजाम्।
जन्तुष्वमारिमदिशद् यदयं दयाऽऽर्द्रः,
तत्पुण्यमानमधिगच्छति सर्ववेदी॥ १२३॥

जालच्युतस्तिमिगणस्तिमिभिर्ममेल,
पोतांश्चुचुम्ब खगवृन्दमपास्तपाशम्।
स्तन्योपनीतसुरभीकुलमार वेगाद्,
यत् तद् विजृम्भितममुष्य कृपालुमूर्तेः॥ १२४॥

जीवेषु जीवितसुखं ददता ह्यनेन,
यत् पुण्यमर्जितमुदारमुदारभावात्।
राजन्यलोकसहितः सह साहिजातै—
स्तेनायमभ्युदयवान् भवताच्चिराय॥ १२५॥

यज्जीजिआकरनिवारणमेष चक्रे,
या चैत्यमुक्तिरपि दुर्दममुद्गलेभ्यः।
यद् बन्दिबन्धनमपाकुरुते कृपाज्ञो,
यत् सत्करोत्यवमराजगणो यतीन्द्रान्॥ १२६॥

यज्जन्तुजातमभयं प्रतिमासषट्कं,
यच्चाजनिष्ट विभयः सुरभीसमूहः।
इत्यादिशासनसमुन्नतिकारणेषु,
ग्रन्थोऽयमेव भवति स्म परं निमित्तम्॥ १२७॥"

મહોપાધ્યાય શ્રીશાંતિચંદ્રગણિરચિત કૃપારસકોશ શ્લોક ૧૨૧ થી ૧૨૭

—જૈન આત્માનંદ સભા, ભાવનગરથી પ્રકાશિત, પૃ. ૨૦–૨૧

પોતે રચેલ કૃપારસકોશ નામના શાસ્ત્રને સંભળાવવારૂપી પાણીવડે સિંચી છતી વૃદ્ધિ પામી હતી. તેનું અભિજ્ઞાન આ પ્રમાણે—

—શ્રી સાહિ (પાતશાહ અકબરનો) જન્મ-સંબંધી મહિનો, પર્યુષણાપર્વ સંબંધીના ૧૨ દિવસો, સર્વ રવિવારો, સર્વ સંક્રાંતિ-તિથિઓ, નવરોજ-સંબંધી મહિનો, સર્વ ઈદના દિવસો, સર્વ મિહિરના દિવસો, અને સોફીઆનના દિવસો—એ પ્રમાણે છમહિનાનું અમારિ (અહિંસા) સંબંધી ફરમાન, તથા જજીઆ નામના કરને મુક્ત કરવાનાં ફરમાનો શ્રીસાહિ (પાતશાહ અકબર) પાસેથી લાવીને ધરિત્રીદેશ (ગૂજરાતદેશ)માં શ્રીગુરુજીને (શ્રીહીરવિજયસૂરિજીને) ભેટ કર્યાં હતાં— અને તે સર્વજન-પ્રતીત જ છે. (ક્રમશઃ)

[સુધારીને વાંચો—ગત અંક પૃ. ૨૭ના બીજા કોલમમાં પં. ૧૮માં અમદાવાદને બદલે અભયદાનની સુધારીને વાંચવું-તંત્રી]

卐

"मध्यमवर्गना उत्थानना मार्गो"

जैन युग ईनामी निबंध

श्री जैन श्वेताम्बर कॉन्फरन्सना "जैन युग" व्यवस्थापक मंडळ तरफथी "मध्यमवर्गना उत्थानना मार्गो" એ વિષય ઉપર હિંદી, ગુજરાતી અથવા અન્ગ્રેજી ભાષામાં નિબંધો આવકારવામાં આવે છે. તે અંગેની શરતો આ પ્રમાણે છે :—

(१) निबंध फुलस्केप साइझना कागळ उपर एक बाजू चार हजार शब्दोमां चोख्खा अक्षरे लखायेला होवा जोईये.

(२) निबंधो ता. २८ फेब्रुआरी, १९५९ सुधीमां रजीस्टर्ड पोस्टथी नीचेना सरनामे मोकली आपवा.

(३) निबंधो "जैन युग" व्यवस्थापक मंडळ द्वारा तपासवामां आवशे अने तेनो निर्णय छेवटनो अने लेखकने बंधनकर्ता गणाशे.

(४) प्राप्त थयेल निबंधोनी मालिकी वगेरेना सर्व हक श्री जैन श्वेताम्बर कॉन्फरन्सना "जैन युग" व्यवस्थापक मंडळना रहेशे.

(५) श्रेष्ठ निबंध लखनारने अनुक्रमे प्रथम, द्वितीय अने तृतीय रू. १५०), रू. १००) अने रू. ५०) इनामो आपवामां आवशे.

(६) निबंध लखनारे पोतानुं पूरुं नाम, ठेकाणुं, गाम वगेरे निबंध साथे जुदा कागळ उपर लखवां.

निबंधो नीचेना सरनामे मोकलवा :— तंत्रीओ, जैन युग
C/o श्री जैन श्वेताम्बर कॉन्फरन्स
गोडीजी बिल्डिंग, २०, पायधुनी, कालबादेवी, मुंबई २

મૂર્તિનાં ચિહ્નોનો પરિચય—

શું ટેકાવાળી મૂર્તિ, સંપ્રતિની હોય જ ખરી ?

પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજ

આ અંકમાં શિલ્પચિત્રોદ્વારા એક નવી વિગત જે જૈન અખબારોનાં પાને પ્રાયઃ ચઢી નથી તેને રજૂ કરું છું. જેથી જૈનમૂર્તિશિલ્પમાં કોણીની નીચેના ભાગમાં કેવાં કેવાં ચિહ્નો ઉપસાવવામાં આવ્યાં હતાં ? શા માટે કરવામાં આવ્યા હતાં ? અને એ ચિહ્નો શેનાં સૂચક હતાં ? તેનો કંઈક ખ્યાલ શ્રીસંઘને મળી શકે.

આપણા શ્રીસંઘમાં વરસો જૂનો એક અત્યન્ત જોરદાર પ્રઘોષ ચાલ્યો આવે છે કે, "શ્રીતીર્થંકરની મૂર્તિની બંને કોણી નીચે પથ્થરનો જે [નં. ૧ માં ગોળ કિનારી દોરીને બતાવ્યો છે તે] ટેકો કે ઢેકો હોય, તો તે મૂર્તિઓને મહારાજા સંપ્રતિની જ ભરાવેલી સમજવી" આનો અર્થ એ જ થાય કે સંપ્રતિએ સ્વનિર્માપિત મૂર્તિઓને શીઘ્ર ઓળખવા માટે, પ્રસ્તુત ચિહ્ન [Symbol–સીમ્બોલ] નિશ્ચિત રાખ્યું હતું, અને આજે ય કોઈ પણ જાણકાર મુનિવરો કે શ્રાવકોને પૂછશો તો આવું ચિહ્ન જોઈને તુરત જ કહી દેશે કે આ મૂર્તિ સંપ્રતિની છે.

પ્રશ્ન – આવું ચિહ્ન સંપ્રતિસ્થાપિત છે, તેમાં પ્રમાણ શું ?

ઉત્તર – વર્ષોથી ચાલ્યો આવતો પ્રઘોષ એ જ પ્રમાણ. બાકી કોઈ પ્રાચીન લિખિત પ્રમાણ મારા જાણવામાં આવ્યું નથી.

એમ છતાં પ્રસ્તુત ચિહ્ન સંપ્રતિનું ન સ્વીકારવા માટે આપણી પાસે કોઈ વિરોધી પ્રમાણ ઉપલબ્ધ નથી એટલે તેને સાદર સ્વીકારી લઈએ તો શું ખોટું ?

પ્રશ્ન – 'ટેકાવાળી મૂર્તિ સંપ્રતિની જ છે,' એવું નિશ્ચિત વિધાન કરાય ખરું ?

ઉત્તર– : 'ના'

માત્ર ટેકા ઉપરથી જ નિર્ણય આપી દેવામાં આવે –અને આવે છે જ—તો ભૂલ થવાનો સંભવ છે. કેમકે પરમાર્હત રાજર્ષિ કુમારપાલે[1] ભરાવેલી મૂર્તિમાં પણ આવું જ ચિહ્ન છે, એવું મૂર્તિકલા વિષયજ્ઞોનું[2] માનવું છે.

પ્રશ્ન – જો એ વાત યથાર્થ હોય તો પછી, સંપ્રતિની મૂર્તિ નિશ્ચિત કરવા માટે અન્ય સાધનો ખરાં ?

ઉત્તર– "હા"

આ માટે મૂર્તિનું શીર્ષ, મુખાકૃતિ, અંગરચના, ને ગાદીનું કોતરકામ અને છેવટે મૂર્તિનું સમગ્રશિલ્પ, આ બધુંય નજરમાં લઈને જે પ્રઘોષ ચાલ્યો આવે છે, તેના આધારે નિશ્ચિત નિર્ણય આપી શકાય. અને 'મૂર્તિ સંપ્રતિની છે' એવું કહી શકાય.

પ્રશ્ન – શું પ્રસ્તુત ચિહ્ન, 'મૂર્તિ સંપ્રતિની જ છે' એમ સમજી શકાય, એવા ઉદ્દેશથી જ સંપ્રતિએ કરાવ્યું હશે એવું ખરું ?

ઉત્તર– આનો ચોક્કસ જવાબ આપવાનું સાધન કોઈ નથી. પરંતુ એક અનુમાન કરી શકાય કે—સંપ્રતિની મૂર્તિઓ ઉપર[3] શિલાલેખો હોતા નથી, એટલે સંભવ છે કે તેના બદલામાં આવું કોઈ ચિહ્ન[4] જ નિર્માણ કર્યું હોય.

---

૧ કુમારપાલ નિર્મિત મૂર્તિનું ચિહ્ન પ્રતિકૃતિના અભાવે આપી શકાયું નથી.

૨ મારા ધર્મ સ્નેહી મિત્ર ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહે પણ આ વાતને ટેકો આપ્યો છે.

૩ કોઈને જોવામાં આવ્યા હોય તો તે ખુલાસાવાર જરૂર જણાવે.

૪ એક વાત એ પણ ધ્યાનમાં રાખવી કે પ્રાચીન મૂર્તિ જેવી જતની હોય તેવી જ, તેના અનુકરણ રૂપે ભરાવાની ચાલ અદ્યાવધિ જોવા મળે છે. માટે સમયનિર્ણય કરતી વખતે ભૂલાવો ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું ઘટે.

પ્રશ્ન – કોણીનો ભાગ શરીરથી બહાર નીકળતો હોવાથી, કોઈ વખતે એ ભાગને શીઘ્ર ઈજા ન પહોંચે, અને એનું સંરક્ષણ થાય એ ખાતર આ ટેકો મૂક્યો હોય એ શું સંભવિત નથી?

ઉત્તર– જરૂર સંભવિત છે, અને વધુ કહું તો આપણી બુદ્ધિનો ઝોક પણ વધુ પડતો એ તરફ જાય છે. ને તેને માટે પ્રાપ્ત અન્ય સાધનો પૌષ્ટિક પુરાવો આપે છે અને તે સાધનો છે છપેલા શ્લોકના નં. ૨ અને નં. ૩ થી નિર્દિષ્ટ ચિહ્નો-

આ ચિહ્નો, એક સાથેજ ભરાયેલી મૂર્તિમાં પણ ભિન્ન છે. આ ચિહ્નો સુસ્પષ્ટ રીતે એ જ વાત સમજી જાય છે કે, આવાં ચિહ્નો ભૂજા કે ભૂજાની કોણીના રક્ષણ માટે જ નિર્માણ થતાં હતાં.

જો ભરાવનારે સ્વકૃતિની છાપ તરીકે પસંદ કર્યું હોત, તો એક જ સમયની મૂર્તિમાં ચિહ્નભેદ ન જ હોઈ શકે, છતાં આમાં છે. આ ભેદ સ્પષ્ટ સૂચિત કરે છે કે આ ચિહ્નોને કોણી ભાગનાં રક્ષણ ખાતર શિલ્પીએ બનાવ્યાં છે. અને અન્યમૂર્તિઓ માટે પણ આ જ હેતુ લાગુ પાડવો સમુચિત અને બુદ્ધિસંગત છે.

મારૂં મંતવ્ય અને વિકલ્પો એટલા માટે મેં રજૂ કર્યા છે કે આ વિષયના નિષ્ણાતો આપણને સત્ય શું છે તે જણાવી શકે.

卐

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ

શ્રી ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા સ્મારક નિબંધ

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તરફથી સ્વ. ડાહ્યાભાઈ બાલાભાઈ કોરાના સ્મારક ફંડની યોજનાનુસાર 'પ્રભાવિક પુરુષો' (તીર્થંકર અને કેવળી સિવાય) ઉપર નિબંધો આવકારવામાં આવે છે. નિબંધ મોકલનારે નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છે: (૧) નિબંધ ગુજરાતી, હિંદી અથવા અંગ્રેજી ભાષામાં ફુલસ્કેપ સાઈઝના કાગળ પર ૨૫૦ થી ૩૦૦ લીટી સુધીમાં સ્પષ્ટ અક્ષરે લખાયેલા હોવા જોઇએ. (૨) તે માટે 'પ્રભાવક ચરિત્ર' (આત્માનંદ સભા), શ્રી હેમચંદ્રસૂરિકૃત 'પરિશિષ્ટ પર્વ', 'શ્રી ભરહેસર બાહુબલી' (ભાષાંતર), શ્રી મોહનલાલ ચોકસીકૃત 'પ્રભાવિક પુરુષો' ભાગ–૪ મુખ્યત્વે આધારભૂત લેખાશે. (૩) નિબંધ **તા. ૩૧ માર્ચ, ૧૯૫૯** સુધીમાં રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવા. (૪) નિબંધો બોર્ડની વ્યવસ્થાપક સમિતિએ નીમેલ સમિતિ દ્વારા તપાસવામાં આવશે અને તેનો નિર્ણય છેવટનો અને બંધનકર્તા ગણાશે. (૫) પ્રાપ્ત થયેલા સર્વ નિબંધના માલિકી વગેરેના હકક શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડના રહેશે અને યોગ્ય જણાશે તો જ છપાશે. (૬) શ્રેષ્ઠ નિબંધ લખનારને સમિતિના નિર્ણયાનુસાર અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ કુલ રૂા. ૧૫૦) દોઢસો રૂપિયા સુધીનાં ઇનામો (નિબંધ ઇનામને યોગ્ય હશે તો જ) વહેંચવામાં આવશે. (૭) નિબંધ લખનારે પોતાનું પૂરૂં નામ, ઠેકાણું, ગામ વગેરે નિબંધ સાથે જુદા કાગળ પર લખવા. નિબંધો—માનદ્ મંત્રી, શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ, ગોડીજી બિલ્ડીંગ, ૨૦, પાયધુની, કાલબાદેવી, મુંબઈ–૨ ના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

जीवन

श्री कृष्णलाल वर्मा

मनुष्यका जन्म उसके पूर्वसंचित कर्मों के अनुसार उच्च कुल में या नीच कुल में होता है।

उसके पूर्व जीवन के संस्कारों के अनुसार जन्म लेने के बाद वह भली या बुरी चेष्टाएँ करता है।

जो आत्मा पूर्व जन्म में भक्त था वह इस जन्ममें भी भक्तों की सी चेष्टाएँ करता है।

जो पूर्व भव में धर्मद्रोही था वह इस जन्ममें भी इस तरहकी चेष्टाएँ करता है जो धर्मद्रोहियों की सी होती हैं।

आज मनुष्यका जो जीवन है वह उसके बचपनसे अबतक किये हुए विचारों, कामों और उसपर पड़े हुए संस्कारोंका पका हुआ फल है। उस फल में पूर्व जन्म के संस्कारोंका भी प्रभाव है; पर वह प्रभाव नगण्यसाही है।

कर्म के कानून के अनुसार प्रत्येक वस्तु नियंत्रित होती है। मानसिक विचारों के साथ साथ बाहरी आसपासकी परिस्थितियोंका असर भी जीवन पर होता है। और कई बार तो बाहरी परिस्थितियाँ उसके आंतरिक विचारों से ऊंचे उठ जाती हैं। वे मनुष्य के जीवन को उसके विचारों को दबाकर, अपना सेवक बना लेती हैं।

एक लडका था। उसके विचार उत्तम थे। उसके घरके संस्कार अच्छे थे; परंतु वह कुछ ऐसे लडकों की संगतिमें जाने-आने लगा जो बुरे विचारों के थे और जबान तो उनकी बहुत ही गंदी थी। गाली तो उनमें से हरेक के जबान पर ही रहती थी। इसका परिणाम यह हुआ कि यह लडका भी अनायासही गालियां देना सीख गया और उसके घरके लोगोंकी दृष्टिहीमें नहीं पास-पडौसके लोगोंकी निगाहसे भी गिर गया।

एक आदमी था जिसकी जबान बहुत गंदी थी। बात बातमें उसकी जबानसे गाली निकलती थी। भले लोगोंमें आनेजाने लगा जिनकी जबानपर कभी गाली नहीं आती थी। वह ऐसी पुस्तकें पढने लगा जिनमें गाली गलोज और कटु भाषासे दूर रहनेका उपदेश था। धीरे धीरे उसकी गाली देनेकी आदत छूट गई और वह भला आदमी समझा जाने लगा।

इनसे यह स्पष्ट होता है कि मनुष्य का जीवन विचारों और परिस्थितियों से बुरा या भला बनता है।

जिस आदमी की समझमें यह सिद्धांत आ जाता है और जो अपने जीवनको उत्तम बनाने का संकल्प करता है वह सबके साथ मधुर व्यवहार करता है।

यदि कोई उसका तिरस्कार करता है तो वह उसे अपना दिया हुआ कर्ज आया समझता हैं; कोई उसे मारता है या सताता है तो वह समझता है यह मैंने पहले दिया था वह ऋण ब्याज सहित वसूल हो रहा है। वह यही सोचकर न तिरस्कार करने वालेको बुराभला कहता है न मारने पीटने और सतानेवालोंसे लडने झगडने बैठता है। वह प्रत्येक स्थितिमें शांत रहता है, और यह समझता है कि मुझे जो कुछ मिल रहा है वह मेरे ही बोये हुए बीजोंका फल हैं।

वह सभी मनुष्यों से प्रेम करता है, वह सभी प्राणियों पर दया रखता है। वह सदा इस बातका ध्यान रखता है कि कीड़ीसे कुंजरतक सभी जीव मुझसे निर्भय रहें। मुझे देखकर सभी यहां समझें कि हम यह सुरक्षित हैं।

वह निरंतर अपने आत्म भावोंमें लीन होने का प्रयत्न करता है। वह जगतके जीवों के सभी व्यवहारोंको कर्मका खेल समझता है। उस खेलमें यह स्पोर्ट्समॅनकी तरह भाग लेता है। उसकी हार जीतमें समान भाव रखता है।

जीतने पर या हारने पर दोनों दशाओंमें वह प्रतिद्वंदियों से स्नेह के साथ गले मिलता है। हारजीतको खेलके मैदानमें ही झाड़ पोंछ कर डाल देता है।

अगर कभी गुस्सेकी आग भभक उटती है तो उसे अंतःकरणमें भरे हुए शांतिके जलसे बुझाता है। और तत्कालही भगवानका स्मरण करने लगता है।

अगर कभी लालचरूपी सर्प उस पर आक्रमण करता है तो वह त्यागरूपी सर्पके मत्रसे उसका विष उतार देता है।

वह सदा इस बातको याद रखता है कि आज मेरा जो जीवन है वह मेरे भूतकालमें किये हुए विचारों और कार्योंका पका हुआ फल है।

SOME GEMS OF JAINISM

AHIṂSĀ

Ahiṃsā is the most important principle that permeates the Jaina outlook on life. In simple language, it means the greatest possible kindness towards the animate world. Jainism has prepared a graded series of living beings; and a religious person has to strive his best to minimise harm to them. Every living being has a sanctity and a dignity of his own; and one has to respect it as one expects one's own dignity to be respected. A man of kindly temperament sheds around him an atmosphere of kindness. Jainism has firmly held that life is sacred irrespective of species, caste, colour, creed or nationality. A resident of Hiroshima or Nagasaki is as sacred as one in New York or London; what his colour is, what he eats, and how he dresses–these are external adjuncts. Thus the practice of Ahiṃsā is both an individual and a collective virtue; and this kindly attitude, which requires that hearts be free from baser impulse like anger, pride, hypocrisy, greed, envy and contempt, has a positive force and a universal appeal.

Dr. A. N. Upadhye,
(Mahāvīrā and His Philosophy of Life)

SYĀT

The Jaina is a scrupulous stickler for precision of thought and speech and so always qualifies his statements by a restrictive expression syāt. The expression syāt has been a source of confusion. We shall say that this insertion is a safeguard against the consequences which the absolutist reading of the import of proposition involves. It emphasises the fact that a real is only a part of a system knitted together by a network of relations, from which it cannot be divorced. Abstract ways of thinking, indulged in by professional adherents of a *priori* logic, have been responsible for the hopelessly discordant conclusions of philosophers and their lack of unanimity. The Jaina has succeeded in evolving a philosophy in which the results are synthesised and the differences have been adjusted by alloting each a distinctive place in a synthetic view. It has made agnosticism impossible and reconciled the claims of idealism and realism.

Dr. Satkari Mukerjee
(Jaina Philosophy of Non-absolutism)

SELF RESTRAINT

If a man practices self–restraint without swerving from his status in life, he will appear much higher than a high mountain. He should inhibit the unnecessary and useless activities of control of body, mind and speech in order to achieve success in life. Then he will be respected and honoured in the society at large. A person is expected to maintain his conduct upright according to his status in society. The status he occupies in society may be according to the various classes based upon profession. He may be an agriculturist or a trader or a soldier or a priest. These professional classes may vary. But each individual has to function in society according to his legitimate duties. Whoever he may be, whether a landholder or a trader, a priest or a soldier, every one is expected to practice self–restraint because without it he cannot successfully discharge his duties and obtain the recognition and approval of the society at large.

Tirukkural.

कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

पेट्रन 'अ' वर्ग — — रु. १००१ प्रदान कर
पेट्रन 'ब' वर्ग — — रु. ५०१ ,,
आजीवन सभ्य 'अ' वर्ग रु. २५१ ,,
,, ,, 'ब' वर्ग रु. १०१ ,,

कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभाग में (खाता में) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

जैन युग

वार्षिक उपहार रु. २ ग्राहक बनकर। प्रतिमास ता. १ को प्रकट किया जाता है।

FOR YOUR REQUIREMENTS IN

NUTS & BOLTS

Contact :

BHARAT NUTS & BOLTS INDUSTRIES

(In the approved list of Suppliers to the Railways, Government, Port Trust, Municipality etc.)

MANUFACTURERS OF

QUALITY NUTS, BOLTS, RIVETS, WIRE NAILS, SPIKES, WASHERS, ETC.

We manufacture

BOLTS : Of all types such as Hex, Head, Round neck, Square head, Round or square neck, snap or cup head with square or round neck, CSK head—square or round neck, cheese head square neck, mushroom head, eye bolts, hook bolts, from ¼" to 1" in dia, and from 1" to 72" in length.

RIVETS : Pan head, snap head, flat head, CSK head, etc. ¼" to 1" in dia and 1" and over in length.

NUTS : Hex and square ⅜" to 1".

WASHERS : From ⅜" to 1", round and square.

S. R. ginning sundry parts : Nos. 4, 12, 14, 20, 22, 31, 32, 32A, 37, 57, 58, 61, 71, 82.

AUTOMOBILE : Bolts with S.A.E. or B.S.F. threads.

Our products are manufactured in accordance with B.S.S., and D.G.S.D. specifications and have been approved by Railways and other Government Departments.

ADDRESS :

Udyognagar, Opp. King Circle Station,

Gram : **"GODIPARAS"** Bombay-22 Phone : **61440**



સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

NATIONAL REFINERY BOMBAY NR

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન ઍસોસિએશન લિ. મુંબઈ-૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે
N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લૅબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
ઍન્ડ એસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. તાર : ARGOR

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

રજીસ્ટર્ડ ઑફીસ

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ (પૂર્વ પાકિસ્તાન)	મીલ નં. ૨ બેલઘરીઆ (કલકત્તા)

ARE YOU SUFFERING

FROM

COUGH & COLD ?

★

TRY · OUR

BITA PASTILLES

YOU WILL BE CONVINCED

THAT

"NOTHING IS BETTER"

★

MANUFACTURERS :

BOMBY TABLET MANUFACTURING CO.

175, OLD POST OFFICE LANE
MANGALDAS MARKET
BOMBAY 2

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri G. D. Somani, M. P.

List of Branches

Agra

Ahmedabad

Alwar

Bombay

1 Dadabhoy N. Road

2 Kazi Sayed St. Mandvi

3 Kalbadevi Road

4 Dana Bunder

Bangalore

Bharatpur

Bareilly

Bhilwara

Bisalpur

Beawar

Bikaner

Calcutta

Coimbatore

Dausa

Delhi

Fatehpur

Gangapur

Hindaun

Indore

Jaipur

1 Mansing Highway

2 Chand Pole

3 Jauhari Bazar

4 Secretariat

Jhunjhunu

Jodhpur

Jamnagar

Kotah

Kishangarh

Madras

Nawalgarh

Rajkot

Ratlam

Sawaimadhopur

Sikar

Surajgarh

Tirupur

Udaipur

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager

आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी वाडी, गिरगांव, मुंबईमां श्री माणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथी प्रकट कर्युं.

श्री जैन-श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

जैन युग

तंत्री

सोहनलाल म. कोठारी
बी.ए.,बी.कॉम्. (लंडन), ए.सी.ए. (इंग्लंड)

जयंतीलाल र. शाह
बी.ए.,बी.कॉम्. (लंडन)

मार्च १९५९

मूल्य : २५ नये पैसे

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

जैन युग

व्यवस्थापक मंडल

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डी. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी—तंत्री
बी. ए., बी कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह—तंत्री
बी. ए., बी. कॉम. (लंडन)

प्रकाशन

प्रतिमासनी १ली तारीखे थशे
छूटक नकल २५ नया पैसा

卐

वार्षिक लवाजम

देश : रूपै २) बे
विदेश : रूपै ३) त्रण

जैनयुग

卐 जैनधर्म, तत्त्वज्ञान, साहित्य, कळा, स्थापत्य, इतिहास, जीवनचरित्र ने समाजप्रगतिने लगता विषयोनुं उत्तम मासिक.

卐 अभ्यासपूर्ण गद्यपद्य लेखो तेमां आवशे.

卐 श्री जैन श्वे. कॉन्फरन्स (परिषद्) संबंधी वर्तमानकार्यवाहीनो अहेवाल साथेसाथे अपाशे.

दरेक सुज्ञ आ मुखपत्रना ग्राहक बनी पोताना मित्रोने पण ग्राहक बनावशे अने संघसेवाना कार्यमां पुष्टि आपशे.

आ मासिकनो फेलावो बहोळा प्रमाणमां होवाथी जाहेरखबर आपनाराओने माटे उपयोगी माध्यम छे; तो तेओने नीचेना सरनामे लखवा के मळवा खास विनंती छे.

लेखको वगेरेने सूचनाओ

१. अभ्यास, मनन अने संशोधनना परिणामे लखायेला लेखो, वार्ताओ ने निबंधोने प्रथम स्थान मळशे.

२. आ पत्रमां प्रकट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जवाबदार रहेशे.

३. कोई पण लेख पूर्वे जाते के बीजाए अन्य स्थळे प्रसिद्ध कर्यो होय तो ते कृपा करी न मोकलवो.

४. दरेक लेख तेमज मोकलेल ग्रंथनी समालोचना के समाचार समय स्थळ विचारीने जेम बने तेम त्वराए प्रकट करवानी काळजी लेवाशे.

वांचकोने सूचना

—जेओए पोतानां नाम ग्राहक तरीके नोंधाव्यां न होय तेमणे पूरा ठेकाणा साथे वार्षिक लवाजमना बे रुपीआ मोकली आपवा विनंती छे.

श्री जैन श्वे० कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधूनी, कालबादेवी, मुंबई नं. २



अमदावादमां शेठ हठीभींगे बंधावेल कलामय देरासरनी दीवालपरनी कलामय शिल्पसमृद्धि

श्री महावीर जैन विद्यालयना सौजन्यथी]

કલામય સ્તંભોની રચના અને શિલ્પવૈભવ માટે ખાસ ગણનાપાત્ર
ઠરેલ રાણકપુરના ચતુર્મુખ દેરાસરની દીવાલપરની શિલ્પસમૃદ્ધિ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સૌજન્યથી]

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ का મુખપત્ર

卐

વર્ષ : જૂનું ૨૦, નવું ૨ 卐 વીરાત્ સં. ૨૪૮૫, વિક્રમાર્ક ૨૦૧૫ 卐 તા. ૧ માર્ચ ૧૯૫૯ 卐 અંક ૫

कुम्मसुसंठियचलणा अमलियकोरंटबेंटसंकासा। वियसिअअरविंदकरा नासियतिमिरा सुयाहिया देवी।
सुयदेवया भगवई मम मतितिमिरं पणासेउ ॥ १ ॥ मज्झं पि देउ मेहं बुहविबुहनमंसिया णिच्चम् ॥ २ ॥

— भगवतीसूत्र

અર્થ—કૂર્મ જેવા સુસંસ્થિત ચરણવાળી અને કોરંટપુષ્પના નિર્મળ વૃન્ત જેવી કાન્તિવાળી, ભગવતી શ્રુતદેવતા મારી બુદ્ધિના તિમિરનો નાશ કરો! ૧.

વિકસિત કમળ જેવા હાથવાળી, અજ્ઞાનતિમિરનો નાશ કરનારી તથા બુધ અને વિબુધ–પંડિતો અને દેવો–વડે નિત્ય નમસ્કૃત એવી શ્રુતદેવી મને મેધા આપો! ૨.

卐

કલાનું સર્જન અને રક્ષણ

જ્યારે સુભાષિતકારે માનવજીવનમાં કલાનું સ્થાન અને મહત્ત્વ સમજાવતાં साहित्यसंगीतकला-विहीनः साक्षात् पशुः पुच्छविषाणहीनः એમ કહીને સૂચવ્યું કે જે માનવીમાં સાહિત્ય, સંગીત અને કળા પ્રત્યેની અભિરુચિની ઊર્મિઓ ન હોય તેને પશુ જેવો સમજવો; ત્યારે 'કળા' શબ્દથી એને શું ઉદ્દિષ્ટ છે એ જરા સમજી લેવું જરૂરી છે.

જે કૃતિ માનવીના ઊર્મિતંત્રને જગાડીને એના ચિત્તને રસતરબોળ બનાવે એનું નામ કળા. અને તેથી નાટક, કાવ્ય અને કથા જેવી સાહિત્યકૃતિઓ; સંગીત, નૃત્ય અને અભિનય જેવી શ્રાવ્ય અને દૃશ્ય ક્રિયાઓ અને ચિત્ર અને શિલ્પ જેવી ચક્ષુ દ્વારા ચિત્તને આહ્લાદ આપતી અને સંતૃપ્ત બનાવતી કૃતિઓ–એ બધાનો કળામાં સમાવેશ થાય છે. આમ છતાં જ્યારે સુભાષિતકારે સાહિત્ય અને સંગીતથી જુદી તારવીને કળાનો નિર્દેશ કર્યો છે ત્યારે એનો ખ્યાલ ચિત્ર અને શિલ્પકળાનો નિર્દેશ કરવાનો જ હોવો જોઈએ એમ સહેજે સમજી શકાય છે. અલબત્ત, ભરત, ગૂંથણ જેવી સામાન્ય જનસમૂહમાં પ્રવર્તતી હસ્તકલા વગેરેનો સમાવેશ એમાં થઈ જ જાય છે.

અહીં 'કળા' શબ્દથી આપણને જે અભિપ્રેત છે તે ચિત્રકલા અને શિલ્પકલા જ છે, અને એમાં એના બધાય અવાંતર પ્રકારોનો સમાવેશ થઈ જાય છે.

જ્યારે પણ કલાનો, સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને ધર્મ જેવા વિષયોનો વિચાર કરીએ છીએ ત્યારે સહેજે મન ભૂતકાળના સીમાડા ભેદીને પ્રાચીન સમયમાં ડોકિયું કરવા દોડી જાય છે અને કંઈક આપણને એવો ભ્રામક ખ્યાલ થઈ આવે છે કે ઉચ્ચ કોટીનાં આવાં બધાં

સર્જનો કે વિચારો તો ભૂતકાળમાં જ થયાં હતાં અને અત્યારે તો કેવળ એના લીસોટા જ રહ્યા છે ! પણ જૂનું એટલું સોનું અને નવું એટલું કથીર એમ માની લેવા પ્રેરતી આ માન્યતા બરાબર નથી. ભૂતકાળના ખજાનામાં પણ સારું અને નરસું બન્ને હોઈ શકે; અને વર્તમાનમાં પણ ઉચ્ચમાં ઉચ્ચ અને નબળામાં નબળી કૃતિઓ હોઈ શકે. એટલે શું સારું અને શું સાર વગરનું એ નક્કી કરવાનું કામ સમયનું નહીં પણ કેવળ માનવીની દૃષ્ટિ અને ખાસ કરીને વિવેકશક્તિનું જ છે.

જેને અત્યારે ભવ્ય ભૂતકાળ લેખવામાં આવે છે એ પણ એક કાળે વર્તમાન જ હતો; અને અત્યારનો વર્તમાન એ પણ કાળક્રમે ભૂતકાળ જ થવાનો છે. એટલે ભૂતકાળ કે વર્તમાનકાળ સાથે સારાખોટાપણાનો સંબંધ જોડી ન દેતાં એ બન્નેથી પર બનીને કળાને કળા તરીકે જાણવાની, માણવાની અને મૂલવવાની જે દૃષ્ટિ અને વિવેકશક્તિ કેળવવામાં આવે તો જ કળાનું સાચું મૂલ્યાંકન થઈ શકે; અને તો જ કલાનું સર્જન અને રક્ષણ કેવી રીતે કરવું જોઈએ એની સાચી દિશા મળી શકે.

પહેલાં કલાના સર્જનનો વિચાર કરીએ. જૈન સંઘે જેમ ભૂતકાળમાં ચિત્રકલા અને શિલ્પકલાને આશ્રય અને ઉત્તેજન આપ્યું હતું તેમ અત્યારે પણ એ દિશામાં એ કંઈક કામ કરે જ છે. નવાં નવાં જિનમંદિરોનું નિર્માણ અત્યારે પણ આપણે ત્યાં થઈ રહ્યું છે અને એ જિનમંદિરોની દિવાલોને કે આપણી સાહિત્યકૃતિઓને સુશોભિત બનાવવા નિમિત્તે તેમ જ બીજી રીતે પણ ચિત્રકલાને ઠીક ઠીક પ્રોત્સાહન મળી રહ્યું છે. એ બન્ને ક્ષેત્રોમાં જૈન સંઘની ઉદારતા દેખાઈ આવે છે; અને તે એના ભવ્ય ભૂતકાળને શોભાવે અને આનંદ ઉપજાવે એવી છે.

પણ શિલ્પ અને ચિત્રનાં કલાસર્જનોમાં આપણે ઉદારતાપૂર્વક ધનનો ઉપયોગ કરીએ એટલું જ બસ નથી; એમાં વિશિષ્ટ દૃષ્ટિ અને સમજણ દાખવવાની ખાસ જરૂર છે. એવી દૃષ્ટિ અને સમજણપૂર્વક ધનનો ઉપયોગ કરવામાં આવે તો જ એ કલાકૃતિ માનવીના અંતરમાં ઉદાત્ત ભાવોને જગાડી શકે અને કાળના પ્રવાહમાં ઝટ વિલીન થઈ જવાને બદલે એના ઉપર સવાર થઈ ને ચિરજીવી બની શકે અને સૈકાઓ સુધી માનવીને ધર્મ અને સમર્પણની પ્રેરણાનું અમૃતપાન કરાવી શકે. આપણા દેશનાં અજંતા, ઈલોરા, સિતન્નવાસલ, તારંગા, આબુ, રાણકપુર, જેસલમેરનાં કલાસર્જનો આપણને આ જ રહસ્ય ઉદ્‌બોધી રહ્યાં છે.

કોઈપણ શિલ્પકૃતિને કળામય બનાવવા માટે એ વિશાળકાય જ હોવી જોઈએ કે નાની હોવી જોઈએ એવો કોઈ નિયમ નથી. આવી કૃતિ મોટી હોય કે નાની હોય, પણ એને જોતાવેંત સજીવતાની છાપ માનવીના અંતરપર ઉપર જેટલા પ્રમાણમાં પડે તેટલા પ્રમાણમાં એ કલાપૂર્ણ લેખી શકાય. માંડણીની સપ્રમાણતા અને ભવ્યતા તેમજ કોરણીની કુમાશ અને નૈસર્ગિકતા એ કોઈપણ સ્થાપત્યને મનોહર, આકર્ષક અને કલામય બનાવી શકે છે.

છેલ્લાં સો સવાસો વર્ષમાં આવી કેટલીક કલામય સ્થાપત્યકૃતિઓનું આપણે સર્જન કર્યું છે અને અત્યારે પણ એ દિશામાં આપણે કંઈક ને કંઈક કાર્ય કરી જ રહ્યા છીએ. એમાં જેટલા પ્રમાણમાં આપણે કલાતત્ત્વનો સમાદર કર્યો છે એટલા પ્રમાણમાં એ સામાન્ય જનસમૂહનું પણ આકર્ષણ કરી શકેલ છે.

અમદાવાદનું શેઠ હઠિભાઈની વાડીના દેરાસર તરીકે પ્રસિદ્ધ પામેલું જિનમંદિર આવી જ એક કલાપૂર્ણ કૃતિ તરીકે જનસમૂહને આકર્ષી રહ્યું છે. અને શિલ્પ અને કોરણી કરતાં પોતાના ભપકા અને વૈભવને કારણે વિશેષ ખ્યાત બનેલું કલકત્તાનું રાય બદ્રીદાસબાબુનું મંદિર પણ આપણી છેલ્લા સૈકાની કલાસંપત્તિ તરીકેનું સ્થાન પામ્યું છે.

સ્વર્ગસ્થ આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીની અવિરત જ્ઞાનસાધનાના કીર્તિસ્તંભ સમું ગિરિરાજ શત્રુંજયની તળેટીમાં આવેલું આગમમંદિર પોતાની અનોખી માંડણી અને વિશિષ્ટ રચનાને કારણે તેમ જ જિનપ્રતિમા અને જિનવાણીના એક સાથે દર્શન કરાવનાર વિશિષ્ટ સ્થાપત્ય તરીકે આપણાં સેંકડો વર્ષોમાં રચાયેલ સ્થાપત્યોમાં અનોખું સ્થાન ધરાવે છે; પોતાની આ વિશિષ્ટતાને કારણે એને બેનમૂન પણ કહી શકાય. આ જ રીતે આ આગમમંદિર પછી સૂરત શહેરમાં ઊભું થયેલ તામ્રપત્ર આગમમંદિર પણ આપણા સમયની આવી જ એક અનોખી કલાકૃતિ ગણી શકાય.

પાંચ સાત વર્ષ પહેલાં પ્રભાસપાટણમાં ત્રણ કે ચાર નાનાં નાનાં જિનમંદિરોનું એકીકરણ કરીને તૈયાર કરવામાં આવેલ ભવ્ય અને સુવિશાળ ચંદ્રપ્રભ જિનાલય, તાજેતરમાં પાવાપુરીમાં તૈયાર થયેલ નવીન જિનમંદિર

વગેરે સ્થાપત્યોને અત્યારના સમયની કલાકૃતિઓ તરીકે લેખી શકાય.

આ બધી કલાપૂર્ણ શિલ્પકૃતિઓની સાથે એક નાની સરખી, પણ કોતરણી (મીનાની કારીગરી)ની દૃષ્ટિએ ભારે મૂલ્યવાન અને મનોહર એવી એક કૃતિ તરફ ધ્યાન દોરવું જરૂરી લાગે છે. આગ્રા શહેરમાં રોશન મહોલ્લામાં એક જૂનું જિનમંદિર છે. એના પાછળના ભાગમાં શ્રી શીતલનાથ ભગવાનનું નાનું સરખું જિનમંદિર છે. એમાં છેલ્લાં ત્રીસ ચાલીસ વર્ષ દરમ્યાન મીનાકારીથી ભરેલી જે ઝીણામાં ઝીણી કોતરણી કરવામાં આવી છે તે કોઈપણ દર્શકના દિલને ડોલાવી મૂકે એવી છે. તાજમહેલ જેમ એની વિશાળતા અને ભવ્યતાને કારણે નામાંકિત બનેલ છે, તેમ એની મીનાકારીને કારણે પણ એ નામાંકિત બનેલ છે. શીતલનાથ ભગવાનનું આ મંદિર નાનું સરખું (૨૦-૨૨ ફૂટ લાંબું અને લગભગ એટલું જ પહોળું) છે, અને એમાંની મીનાકારીની કોરણી પ્રમાણમાં ઓછી છે; છતાં જેટલી છે તેટલી એવી તો સભર, સજીવ અને ઝીણવટ ભરેલી છે કે એ તાજમહેલના એવા નમૂનાઓ કરતાં ચડી જાય છે. આવી એક સુંદર, નાજુક અને કલાપૂર્ણ શિલ્પકૃતિ તરફ આપણું ધ્યાન જવું જોઈએ તેટલું ગયું નથી. વર્તમાનકાળની આપણી કલાશક્તિનો પરિચય આપતી આ કૃતિનું સૌ કોઈ જરૂર દર્શન કરે.

સ્વ. આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ અને બીજાઓએ પણ આ સૈકામાં મોટી સંખ્યામાં જે જિનબિંબો ભરાવ્યાં છે તેમાં પણ કેટલાંક કલામય છે.

ચિત્રકલાની દૃષ્ટિએ વિચાર કરતાં કલાના સાચા પારખુ, કલાને ચરણે પોતાના લાખો રૂપિયા અર્પણ કરનાર, સ્વનામધન્ય કલકત્તાનિવાસી સ્વ૦ બાબૂ બહાદુરસિંહજી સિંધીનું નામ સહેજે યાદ આવી જાય છે. એમણે લાખો રૂપિયા ખર્ચીને જેમ જૈન અને જૈનેતર ચિત્રોનો સંગ્રહ ભેગો કર્યો હતો તેમ પોતાની કલાપારખુ દૃષ્ટિની સામે નવી નવી કલાકૃતિઓનું નિર્માણ પણ કરાવ્યું હતું. પ્રાચીન જૈન કલાના સંરક્ષક તરીકે તો જાણીતા ઇતિહાસપ્રેમી સ્વર્ગસ્થ બાબૂ પૂરણચંદ્રજી નાહરનું નામ પણ સોનેરી અક્ષરે લખાય એવું છે. આ બન્ને કલાપ્રેમી શ્રીમંતોનું સ્થાન અત્યારે તો આપણે ત્યાં ખાલી પડ્યું છે!

અત્યારે પણ આપણાં જિનમંદિરોમાં ચિત્રો ચિતરાવવાની પ્રવૃત્તિ ચાલુ જ છે. ક્યાંક ક્યાંક પ્રાચીન ગ્રંથો માટે કે બીજી દૃષ્ટિએ કાગળ ઉપર પણ નવાં નવાં ચિત્રો આપણે દોરાવીએ જ છીએ. પણ આમાં ચિરજીવી અને સાચું કલાતત્ત્વ કેટલું છે એ વિચારવાની જરૂર છે. આવાં ચિત્રોમાંના મોટા ભાગમાં ચિત્રો રંગરેખા અને સપ્રમાણતા તેમ જ સજીવતાની દૃષ્ટિએ બહુ ઊતરતી કોટિનાં હોય છે. ભભકભર્યા રંગો એ જ જાણે ચિત્ર-કલાનું સારસર્વસ્વ હોય એમ આપણે માની બેઠા છીએ!

આમ છતાં કેટલીક ઉત્તમ ચિત્રકૃતિઓ પણ આપણે સર્જી છે. ભાઈશ્રી ગોકુળદાસ કાપડિયાનાં ભગવાન મહાવીરના જીવનનું દર્શન કરાવતાં ચિત્રો એ આ સદીની આપણી યાદગાર કલાસંપત્તિ છે. એ જ રીતે શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ શત્રુંજયના પુંડરીકસ્વામીના મંદિર માટે શ્રીમતી બહેન ટાગોર અને બીજા એક ચિત્રકારભાઈના સંયુક્ત પ્રયાસથી તૈયાર કરાવેલ ભગવાન ઋષભદેવના જીવનની વિવિધ ઘટનાઓનું દર્શન કરાવતાં રંગ, રેખા અને સપ્રમાણતાથી શોભતાં છ મોટાં ચિત્રો પણ યાદ રહી જાય એવાં છે.

આમ હોવા છતાં હજુ આ દિશામાં ઘણું કરવું બાકી છે, અને ઘણું કરી શકાય એમ પણ છે. સુવિશાળ અને ભવ્ય જિનમંદિરની દીવાલો ઉપર ભગવાન મહાવીરના જીવનના વિવિધ પ્રસંગોનું હૃદયસ્પર્શી અને સુરેખ દર્શન કરાવે એવાં ભિત્તિચિત્રો દોરાવવાનું તો હજી બાકી જ છે. આવી અનોખી ચિત્રસમૃદ્ધિથી શોભતાં જિનમંદિરોનું સર્જન આપણે જેટલા પ્રમાણમાં કરી શકીશું એટલા પ્રમાણમાં આપણે સામાન્ય જનસમૂહને જૈન સંસ્કૃતિ પ્રત્યે આકર્ષી શકીશું, અને જૈનધર્મનો વિશ્વવાત્સલ્યનો પૈગામ વિસ્તારી શકીશું.

કોઈપણ કલાકૃતિના સર્જન સમયે આપણે એક વાત યાદ રાખવી જોઈએ કે કલાનું અને કલાકારનું મૂલ્ય ન હોય; એનો તો પુરસ્કાર જ થવો ઘટે.

આબુની જગવિખ્યાત કોરણી જોઈને સૌ કોઈ મુગ્ધ બની જાય છે. એ કોરણીની કથા સૌ કોઈ કલા-પ્રેમીઓએ યાદ રાખવા જેવી છે. એમ કહેવાય છે કે મંત્રી વસ્તુપાલ તેજપાલના આબુના લુણવસહિ જિન-મંદિરમાં કોતરણીનું કામ અમુક પ્રમાણમાં થયા બાદ એમાં વધારે સજીવતા અને સૂક્ષ્મતા લાવવા માટે એવી જાહેરાત કરવામાં આવી હતી કે હવે પછી જે શિલ્પી કોરણી માટે પાષાણમાંથી જેટલો ભૂકો પાડશે તેને

તેટલું સોનું આપવામાં આવશે. કલાકાર પ્રત્યે કલા-વાંચ્છુની ઉદારતા કેવી હોવી જોઈએ એ આ કથા ઉપરથી જાણી શકાય છે. આવી ઉદારતાએ જ એ મંદિરની કોરણીને અમરપદ અપ્યું છે.

નવીન કલાકૃતિઓ, ભલે પછી એ શિલ્પ હોય કે ચિત્ર હોય, એમાં ભાવના, સમજણ અને શક્તિ એ ત્રણેનો સુભગ સંયોગ થાય તો જ એ સર્જન સાચું કલાસર્જન બને અને ચિરજીવી બની શકે.

એટલે કલાનું જે કંઈ સર્જન કરવું હોય એમાં ઉપરચોટિયા વિચારમાત્રથી પ્રવૃત્ત ન થતાં તે તે બાબતના નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવીને જ એ કાર્યમાં પ્રવૃત્ત થવું જોઈએ.

કલાના રક્ષણ માટે પણ કલાના સર્જન અંગે જે કહેવામાં આવ્યું છે તે જ મુખ્યપણે કહેવા જેવું છે. આમ છતાં એમાં ચિત્રકૃતિઓ કરતાં શિલ્પ અને સ્થાપત્યના રક્ષણનો જ સવાલ મુખ્ય છે એટલું સ્વીકારવું જોઈએ.

પ્રાચીન શિલ્પ સ્થાપત્યના રક્ષણમાં એના જીર્ણો-દ્ધારનો પણ સમાવેશ થઈ જાય છે, એ કહેવાની જરૂર ન હોય. અને જીર્ણોદ્ધારની મહત્તા આપણા શાસ્ત્ર-કારોએ ખૂબ ખૂબ વર્ણવી છે.

પણ પ્રાચીન સ્થાપત્યોનું રક્ષણ કરવામાં તેમજ એનો જીર્ણોદ્ધાર કરવામાં એની પ્રાચીન વિશેષતા બરાબર જળવાઈ રહે એ બાબત તરફ આપણે બહુ ઓછું ધ્યાન આપીએ છીએ એ બરાબર નથી. જીર્ણોદ્ધાર કરતી વેળાએ આપણે એટલો ખ્યાલ રાખવો જ જોઈએ કે આપણે એક પ્રાચીન કલાકૃતિનો ઉદ્ધાર કરીએ છીએ, અને તેથી એની પ્રાચીનતા કે એની કલાને જરાય નુકશાન ન થવું જોઈએ.

ગિરનાર તીર્થનાં પ્રાચીન જિનમંદિરોનો આપણે જીર્ણોદ્ધાર તો કરાવ્યો, પણ એમાં આપણે એવી અર્વાચીનતા પેસાડી દીધી કે જે જોઈને પુરાતત્ત્વજ્ઞો આપણને ઠપકો આપે છે. આની સામે જીર્ણોદ્ધાર કેવી રીતે કરવો જોઈએ, એના એક આદર્શ નમૂના તરીકે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ કરાવેલા રાણકપુર તીર્થનો જીર્ણોદ્ધાર અને એની જ દેખરેખ નીચે ચાલી રહેલ આબુ તીર્થનો જીર્ણોદ્ધાર લેખી શકાય.

આપણે નવી કલાકૃતિનું સર્જન કરીએ કે પ્રાચીનનું રક્ષણ કરીએ, પણ એ બધામાં એનું કલાતત્ત્વ ઉચ્ચકોટિનું અને ચિરજીવ રહે એનો નિરંતર ખ્યાલ રાખીએ તો જ આપણે સાચી દિશામાં પ્રસ્થાન કર્યું લેખાય.



શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

સાહિત્ય પ્રચાર સમિતિ

સાહિત્ય પ્રચાર સમિતિ દ્વારા કૉન્ફરન્સ તરફથી 'છાત્રાલય અને છાત્રવૃત્તિઓ' નામક પુસ્તક પ્રસિદ્ધ કરવા અંગેની જરૂરી સામગ્રી એકત્ર કરવા માટે જુદા જુદા સ્થળે પત્રો અને પત્રકો મોકલવામાં આવ્યા બાદ બીજા ત્રણ યાદપત્રો (રિમાઈન્ડરો) મોકલાયા છે. પરિણામે ૭૦ સંસ્થાઓ તરફથી માહિતીપત્રકો મળ્યાં છે, જે સાહિત્ય પ્રચાર સમિતિની શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહના પ્રમુખપદે મળેલી તા. ૭–૨–૧૯૫૯ની સભામાં રજૂ કરવામાં આવ્યાં આવ્યાં હતાં. સર્વ સામગ્રીના અવલોકન પછી સમિતિ માને છે કે હજુ ઘણી સંસ્થાઓએ અને ટ્રસ્ટોએ માહિતી મોકલી નથી. એક અથવા બીજા કારણસર તેઓને આ ઉપયોગી પુસ્તકની મહત્તા કદાચ નહિ સમજાઈ હોય એમ ટ્રસ્ટ રજીસ્ટ્રેશનના દફ્તરમાં નોંધાયેલ આ પ્રકારના ટ્રસ્ટોની નોંધ ઉપરથી સહેજે લાગે છે. તેથી આવી સંસ્થાઓ અને ટ્રસ્ટોના માર્ગદર્શનરૂપ ખૂબ જ ઉપયોગી પ્રકાશન તરફ પુનઃ લક્ષ ખેંચી તે તે સંસ્થાઓને સત્વરે જરૂરી માહિતી મોકલી આપવા વિજ્ઞપ્તિ કરીએ છીએ.

પ્રાપ્ત થયેલ માહિતીનું સંકલનકાર્ય કૉન્ફરન્સ કાર્યાલયમાં હાથ ધરવામાં આવ્યું છે. ટૂંક સમયમાં શ્રી ધીરજલાલ ટોકરશી શાહ તેનું લેખનકાર્ય પૂર્ણ કરશે. પ્રસ્તુત પુસ્તક નવું સત્ર શરૂ થાય તે પહેલાં વિદ્યાર્થીઓને મળી જાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે.

જેસલમેર જ્ઞાનભંડાર સૂચિપત્ર

શ્રી જેસલમેર જ્ઞાનભંડારના સૂચિપત્ર પ્રકાશનનું કાર્ય લગભગ પૂર્ણ થવા આવ્યું છે. તેને છેવટનું સ્વરૂપ આપવા માટેની વ્યવસ્થા કરવા સમિતિના મંત્રી શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી પૂજ્યપાદ આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજને મળી આવ્યા છે. તદુપરાંત જેસલમેર જઈ એ અંગે થયેલ કાર્ય તેઓ જોઈ આવ્યા છે.

આ સૂચિપત્ર ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવાની ધારણા રાખવામાં આવે છે.

'જૈન રિલીજીઅન એન્ડ લિટરેચર'

'જૈન રિલીજીઅન એન્ડ લિટરેચર' નામક પુસ્તક અંગ્રેજી ભાષામાં પ્રગટ કરવાનું કાર્ય મદ્રાસના શ્રી રિષભદાસજી જૈન દ્વારા શ્રી. ચીમનલાલજી રીખવચંદ કોઠારી બી. એ; એલએલ.બી. ને સોંપવામાં આવ્યું છે.

રતલામ—શ્રી શાંતિનાથ જિનાલય પ્રકરણ

રતલામના શ્રી. શાંતિનાથ જિનાલય પ્રકરણ અંગે કલકત્તામાં શ્રી મોહનલાલ લલ્લુચંદ શાહ અને અન્ય ભાઈઓ તેમજ મદ્રાસમાં શ્રી. લાલચંદજી ઢઢ્ઢા, શ્રી. રિષભદાસજી જૈન અને બીજા ભાઈઓના પ્રયાસથી ફંડમાં સારી એવી રકમ એકત્ર કરવામાં આવી છે. આ અંગે કૉન્ફરન્સ તરફથી ઉપરોક્ત બન્ને સ્થળે તેમજ અન્યત્ર પ્રયાસો કરવામાં આવ્યા હતા.

આજીવન સભાસદ

શ્રીયુત મોહનલાલ ગુલાબચંદ ઝવેરી (હાલ કલકત્તા) કૉન્ફરન્સના આજીવન સભાસદ થયા છે, જે બદલ તેઓશ્રીનો આભાર માનીએ છીએ.

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ : નિબંધ હરિફાઈ

શ્રી એજ્યુકેશન બોર્ડ તરફથી સ્વ. શ્રી ડાહ્યાભાઈ બાલાભાઈ કોરાના સ્મારક ફંડની યોજનાનુસાર "પ્રભાવિક પુરુષો" (તીર્થંકર અને કેવળી સિવાય) ઉપરના નિબંધો સ્વીકારવાની છેલ્લી તારીખ લંબાવી તા. ૧૫–૫–૧૯૫૯ રાખી છે.

"જૈન યુગ" ઈનામી નિબંધો

"જૈન યુગ" વ્યવસ્થાપક મંડળ તરફથી "મધ્યમ-વર્ગના ઉત્થાનના માર્ગો" એ વિષય ઉપર હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં નિબંધો તા. ૨૮–૨–૧૯૫૯ સુધીમાં મંગાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીવર્ગને આ સમય પરીક્ષાનો હોઈ નિબંધો સ્વીકારવાની છેલ્લી

તારીખ લંબાવવાની વિનંતીઓ થતાં તા. ૧૫–૫–૧૯૫૯ રાખેલ છે.

મુંબઇ જૈન શ્વે. કો. શ્રા. શ્રા. ઉ. સમિતિ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ સમિતિ, મુંબઇના મંત્રી શ્રી શાંતિલાલ એમ. શાહ જણાવે છે કે નવેમ્બર-ડિસેમ્બર, ૧૯૫૮ અને જાન્યુઆરી. ૧૯૫૯માં ઉદ્યોગગૃહમાં લાભ લેનારની સંખ્યા વગેરે નીચે પ્રમાણે હતી :—

	બહેનો	ભાઈઓ	વધુમાં વધુ મેળવનાર	ઓછામાં ઓછું મેળવનાર
ઉત્પાદન વિભાગ	૩૭૦	—	૧૨૧·૬૫	૧·૮૦
ફ્રેન્સી કામ	૪૦	—	૧૭૩·૬૫	
પરચુરણ કામ	૩૫	—	૧૬·૧૩	
અંબર ચરખા વ૦	૧૨	—		
હાથશાળ વિભાગ	૧૦	૩		
પુષ્પાબહેન સિલાઈ વિભાગ	૪૭	—		
વિદ્યાર્થીગૃહ	—	૩૫		
સ્ત્રી સિવણ-શિક્ષણ (ડિપ્લોમા)	૧૧૪	૧૦૦		
સ્ત્રી સિવણ-શિક્ષણ (જનરલ)	૨૧૨	—		
દેશીનામું	—	૩૩		
ટાઇપરાઇટિંગ-શોર્ટહેન્ડ	૭	૬૬		

જૈન શ્વે. કૉન્ફરન્સ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ મુંબઇ સમિતિ અને ધી પ્રગતિ મંડળ કો. ક. સોસાયટીના આશ્રયે ઉપરોક્ત ઉદ્યોગગૃહમાં તા. ૧૪–૨–૧૯૫૯ શનિવારના રોજ બહેનો માટે પ્રાથમિક સારવારના શિક્ષણવર્ગોનું ઉદ્‌ઘાટન મુંબઇરાજ્યના નાયબ-આરોગ્ય પ્રધાન શ્રી એન. એન. કૈલાસના શુભ હસ્તે કરવામાં આવેલ છે. આ વર્ગો દર શનિવારે સાંજના ૪ થી ૫ સુધી ચલાવવામાં આવે છે.

'જૈન યુગ'ના ગ્રાહકબંધુઓને :

નવેમ્બર, ૧૯૫૮ થી 'જૈન યુગ'ના દ્વિતીય વર્ષની શરૂઆત થએલ છે. જે ગ્રાહકબંધુઓએ બીજા વર્ષના લવાજમના બે રૂપીઆ હજુ સુધી ન મોકલ્યા હોય તેમને તુરત મોકલી આપવા ખાસ વિનંતી છે.

卐

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

જૈન સંસ્થાઓને

આથી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજનાં છાત્રાલયો અને છાત્રવૃત્તિ આપતી સંસ્થાઓને વિનંતી કરવામાં આવે છે કે જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી "છાત્રાલય અને છાત્રવૃત્તિઓ" નામનું એક પુસ્તક તૈયાર કરી જનહિતાર્થે પ્રકટ કરવાનું છે. તેમાં દરેક સંસ્થાનો ટૂંક પરિચય આપવાનો છે. તો જે સંસ્થાઓએ હજુ સુધી પોતાનો પરિચય મોકલ્યો ન હોય તેમણે નીચેના સરનામે પત્ર લખી તે માટેનાં ખાસ ફૉર્મ મગાવી લેવાં.

ધીરજલાલ ટોકરશી શાહ
મંત્રી, સાહિત્ય પ્રકાશન સમિતિ
શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

ગોડીજી બિલ્ડીંગ; ૨૦, પાયધૂની
કાલબાદેવી, મુંબઈ ૨
૨૨–૧–૫૯

સમાચાર સંકલન

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ અંગે વ્યાખ્યાનો

ગયા ફેબ્રુઆરી માસમાં તા. ૧૦–૨–૧૯૫૯ થી તા. ૧૪–૨–૧૯૫૯ એ પાંચ દિવસ દરરોજ પ્રખર દાર્શનિક અને ચિંતક પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ મુંબઈ યુનિવર્સિટીના આલયમાં યુનિવર્સિટીને આશ્રયે ૧૯૫૭–૫૮ની દક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાનાં વિદ્વત્તાભર્યાં અને ઊંડા પરિશીલનાત્મક વ્યાખ્યાનો આપ્યાં હતાં.

"ભારતીય દાર્શનિક અને યોગિક પરંપરામાં ગુજરાતના અગ્રણી આચાર્ય હરિભદ્રસૂરિનો ફાળો" એ વ્યાખ્યાનોનો વિષય હતો. પ્રથમ વ્યાખ્યાનમાં પંડિત સુખલાલજીએ આચાર્ય શ્રી હરિભદ્રના જીવનની રૂપરેખા આપી હતી. બીજામાં તેમણે દર્શનો અને યોગનાં ઉદ્‌ભવસ્થાનો, તેનો પ્રચાર, ગુજરાત સાથે તેનો સંબંધ અને તેના વિકાસમાં આચાર્ય શ્રી હરિભદ્રનું સ્થાન–વગેરે વિશે ચર્ચા કરી હતી. ત્રીજા વ્યાખ્યાનમાં તેમણે દાર્શનિક પરંપરામાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ નવું શું ઉમેર્યું તે અંગે વિચાર કર્યો હતો; જ્યારે ચોથા અને પાંચમા વ્યાખ્યાનમાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ યોગ-પરંપરામાં શી અને કેવી વિશેષતા અર્પી તેનું યથાસંભવ વિસ્તૃત વિવેચન કર્યું હતું.

પંડિતવર્ય સુખલાલજી

સાહિત્ય અકાદમીનો પારિતોષિક સમારંભ તા. ૨૧–૨–૧૯૫૯ના રોજ નવી દિલ્હીમાં વિજ્ઞાનભવનમાં યોજાતાં વડા પ્રધાન શ્રી નહેરુએ ૧૯૫૫–૫૭ના વર્ષ દરમ્યાન હિંદની પ્રાદેશિક ભાષામાં પ્રગટ થએલ ખાસ વિશિષ્ટ પુસ્તકોના દસ લબ્ધપ્રતિષ્ઠ લેખકોને પારિતોષિકો આપ્યાં, જે વખતે પંડિતવર્ય સુખલાલજીને પણ આ પ્રસંગના સ્મારકરૂપ સાહિત્ય અકાદમીનું પ્રતીક દર્શાવતી તાંબાની કળામય તખ્તી અને પાંચ હજાર રૂપીઆનો ચેક આપવામાં આવ્યો હતો. પંડિતવર્ય સુખલાલજીને તેમના ચિંતનવિષયક ગ્રંથ "દર્શન અને ચિંતન" (ભાગ ૧–૨) માટે આ પારિતોષિક આપવામાં આવેલ છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર : વડોદરા

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યા મન્દિરને ભેટ આપેલ ૬૦૦૦ પ્રાચીન હસ્તપ્રતોના સંગ્રહનો (શ્રીપૂજ્ય જૈનાચાર્ય લોંકાગચ્છાધિપતિ શ્રી ન્યાયચન્દ્રસૂરિજી તથા પૂજ્ય મહારાજ શ્રીસ્વરૂપચન્દ્રજી સ્મારક જ્ઞાનભંડારનો) ઉદ્‌ઘાટનવિધિ યુનિવર્સિટીના વાઇસ–ચાન્સેલર ડૉ. જ્યોતીન્દ્ર મહેતાએ તા. ૨૦ ફેબ્રુઆરી, ૧૯૫૯ને રોજ કરેલ છે. આ પ્રસંગે સંગ્રહની વિશિષ્ટ અને સચિત્ર કૃતિઓનું પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. આ પ્રસંગનો વિસ્તૃત અહેવાલ અન્યત્ર આપેલ છે.

એફ. આર. સી. એસ.

શ્રી વિમળાબહેન ભોગીલાલ ઝવેરીએ એફ. આર. સી. એસ. (લંડન) ની પરીક્ષા જનરલ સર્જરીનો વિષય લઈ તાજેતરમાં પસાર કરી છે.

આત્માનંદ જૈન સભા

વાર્ષિક જનરલ સભામાં પ્રમુખ તરીકે શ્રી નાનચંદ રાયચંદ ઝવેરી અને ઉપપ્રમુખ તરીકે શ્રી હજારીમલ ચંદુલાલ ખુશાલચંદની વરણી થઈ છે. ખજાનચી તરીકે શ્રી જેસંગલાલ લલ્લુભાઈ ઝવેરી ચૂંટાયા છે. બીજા ત્રણ કાર્યવાહકો અને ૧૪ સભ્યોના વ્યવસ્થાપક મંડળની ચૂંટણી થઈ.

જૈન સ્વયંસેવક મંડળ

મુંબઈ જૈન સ્વયસેવક મંડળની વાર્ષિક સભામાં શ્રી હીરાભાઈ રામચંદ મલબારીની પ્રમુખ તરીકે વરણી થઈ છે. ચૂંટાયેલા તેમજ એક્સ ઑફિસીઓ મળી કુલ ૨૮ સભ્યોની કાર્યવાહક સમિતિ રચાઈ છે.

સ્વ. આચાર્ય શ્રી મેઘસૂરિજી

અમદાવાદના લુણસાવાડના ઉપાશ્રયે આચાર્ય શ્રી મેઘસૂરિજી મહારાજ પોષ વદ અમાસ, તા. ૭–૨–૧૯૫૯ના રોજ કાળધર્મ પામ્યા છે.

આ વિભાગની તાજેતરમાં શરૂઆત થયેલ છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગને સ્પર્શતા સમાચાર તા. ૨૦મી સુધીમાં દર મહિને નીચે જણાવેલ સરનામે મોકલવા નિમંત્રણ છે. આ સમાચાર ટૂંકા અને મુદ્દાસરના સ્પષ્ટ હસ્તાક્ષરમાં શાહીથી લખેલા હોવા જોઈએ. સમાચાર મોકલનારે પોતાનું પૂરું નામ, સરનામું જણાવવું જરૂરી છે.

તંત્રીઓ, "જૈનયુગ"
C/o શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ
ગોડીજી બિલ્ડીંગ; ૨૦, પાયધુની, મુંબઈ ૨

વડોદરાના પ્રાચ્યવિદ્યા મન્દિરને છ હજાર પ્રાચીન હસ્તપ્રતોની અમૂલ્ય ભેટ

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યા મન્દિરને યતિ શ્રી હેમચન્દ્રજીએ ૭ હજાર પ્રાચીન હસ્તપ્રતોની ભેટ આપી તે પ્રસંગે એક સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રસ્તુત હસ્તપ્રતોના સંગ્રહમાંથી (શ્રીપૂજ્ય જૈનાચાર્ય લોંકાગચ્છાધિપતિ શ્રીન્યાયચન્દ્ર-સૂરિજી તથા પૂજ્ય મહારાજ શ્રીસ્વરૂપચન્દ્રજી સ્મારક જ્ઞાનભંડાર) કેટલીક મહત્ત્વની કૃતિઓના પ્રદર્શનનો ઉદ્‌ઘાટન વિધિ તા. ૨૦-૨-૧૯૫૯ને શુક્રવારના રોજ યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર ડૉ. જ્યોતીન્દ્ર મહેતાના અધ્યક્ષપદે કરવામાં આવ્યો હતો, જે પ્રસંગે અનેક વિદ્વાનો અને સાહિત્યપ્રેમીઓએ હાજરી આપી હતી.

પ્રાચીન કાળમાં આપણા દેશમાં જે જે વિદ્યાઓનો વિકાસ થએલો તે બધા જ વિષયના સંસ્કૃત, પ્રાકૃત, માગધી, જૂની ગુજરાતી ભાષાના ગ્રંથો આ સંગ્રહમાં છે. આયુર્વેદ, જ્યોતિષ, તંત્ર વ્યાકરણ, અલંકાર, કાવ્ય, નાટક, સ્તોત્ર, પ્રાકૃત સૂત્રો, વિધિ વિધાનના ગ્રંથો, ચરિત્રો, ગદ્યપદ્ય ગ્રન્થો અને ભાષાંતરોની વિવિધ રચનાઓ આ સંગ્રહમાં છે. પ્રાચ્યવિદ્યા મંદિર પાસે હાલ પંદર હજાર પ્રાચીન પ્રતો છે, તેમાં ૭ હજાર પ્રતનો બહુ જ અમૂલ્ય ઉમેરો થયેલ છે.

શરૂઆતમાં પ્રાચ્યવિદ્યા મંદિરના ઉપનિયામક ડૉ. ઉમાકાન્તભાઈ શાહે ભારતના જુદા જુદા સ્થળેથી આવેલ પ્રેરણાદાયી સંદેશાઓનું વાચન કર્યું હતું.

ત્યારબાદ પ્રાચ્યવિદ્યા મંદિરના નિયામક ડૉ. ભોગી-લાલભાઈ સાંડેસરાએ પ્રાસંગિક પ્રવચન કરતાં છેલ્લી અડધી સદીથી વડોદરામાં સ્થપાયેલ પ્રાચ્યવિદ્યા મંદિરના વિકાસક્રમની ઝાંખી કરાવી હતી. સંસ્થાના આદ્ય નિયામક સ્વ. ચીમનલાલ દલાલને તેમની કર્તવ્યનિષ્ઠા, અભ્યાસ-પરાયણતા, સંશોધન કાર્ય અંગેની સૂઝ આદિ ગુણોને યાદ કરી ભાવભીની અંજલિ અર્પી હતી.

જૈનોની જ્ઞાનસાધનાનો નિર્દેશ કરતાં ડૉ. સાંડેસરાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં જ્ઞાનસાધનાની પરંપરા જૈનાચાર્ય શતગુણસૂરિથી શરૂ થઈ, સોલંકી યુગમાં સિદ્ધરાજ અને કુમારપાળના સમયમાં આચાર્ય હેમચંદ્ર દ્વારા એ પરાકાષ્ઠાએ પહોંચી; અને એ જ પરંપરાનો તંતુ આજસુધી ચાલુ રહ્યો છે. જૈનો માત્ર આગમસાહિત્યનો જ નહિ પરંતુ અન્ય શાસ્ત્રોનો અભ્યાસ પણ કરતા : જ્યારે ગુજરાતમાંથી બૌદ્ધધર્મ લુપ્તપ્રાય થયો હતો ત્યારે પણ બૌદ્ધ તર્કશાસ્ત્ર જેવા નિર્વિશેષ (Abstract) વિષયનો ચૌદમી પંદરમી સદીમાં અભ્યાસ કરવામાં આવતો હતો. આ બધાં શાસ્ત્રોનો અભ્યાસ જૈન યતિઓના વિદ્યાપીઠોમાં થતો. જૈન સાધુઓની જ્ઞાનાર્જન માટેની ઉપાસના અને જ્ઞાન-ભંડારોના સંરક્ષણ-સંવર્ધન માંટેની સતત જાગૃતિને પરિણામે ગુજરાતમાં હસ્તપ્રતોની સમૃદ્ધિ-Manuscript Wealth of Gujarat—અસાધારણ છે એવો વિશ્વવિખ્યાત ભાષાશાસ્ત્રી ડૉ. આર. એલ. ટર્નરનો મત ટાંકી તેમણે સિંહલદ્વીપમાં બૌદ્ધસાહિત્યની હસ્તપ્રતોના સંગ્રહની વિપુલતાનો ખ્યાલ આપ્યો હતો. જૈનોની સાહિત્યસાધનાનાં ઉદાહરણો આપી, ગુજરાતમાં નવમી સદીના પ્રારંભથી શરૂ થયેલી જ્ઞાનસાધનાની પ્રાચીન પ્રણાલી આજસુધી ચાલુ છે તે સમજાવ્યું હતું.

૭ હજાર પ્રતોની ભેટ આપનાર પૂજ્ય યતિ શ્રી હેમચન્દ્રજીની ઊંચી ભાવનાની પ્રશંસા કરતાં ડૉ. સાંડેસરાએ જણાવ્યું હતું કે સાધુઓ અને અપરિગ્રહ એક બીજા સાથે અવિનાભાવે જોડાયેલાં છે, પરંતુ એ અપરિગ્રહ તો ભૌતિક સાધનોનો; વિદ્વાનો માટે જ્ઞાનો-પાર્જનના સાધનરૂપ પુસ્તકોનો ત્યાગ કરવો, એ વિષયમાં પણ અપરિગ્રહવ્રત ધારણ કરવું એ દુર્લભ સ્થિતિ પણ યતિશ્રીએ સિદ્ધ કરી બતાવી છે. છેલ્લાં ત્રણસો વર્ષથી જે જ્ઞાનભંડાર સાથે ભાવનાબળે એમના ગુરુઓ અને તેઓ પોતે સંકળાયેલા છે તેને માટે પણ પરિગ્રહ છોડી યુનિવર્સિટીને તેમણે જે અપૂર્વ દાન આપ્યું છે તેમાં વિજય છે તેમની વ્યાવહારિક બુદ્ધિનો. યુગબળને ઓળખી, માનવધર્મથી પ્રેરાઈ નવી જ પ્રણાલી ઊભી કરનાર યતિશ્રીની વિવેકશક્તિ અને નીડરતાની તેઓએ ખૂબ જ પ્રશંસા કરી હતી.

ભેટ મળેલ સંગ્રહનું મહત્ત્વ સમજાતાં તેમણે કહ્યું

હતું કે આ ભંડારનું આજના અર્થની પરિભાષામાં મૂલ્ય ન થાય; એ અમૂલ્ય છે. પરિગ્રહ છોડીને દાન કરવું એ વિરલ છે. યતિશ્રીમાં પરિગ્રહ છોડવાની જે આધ્યાત્મિક દૃષ્ટિ ન હોત તો આજનો આ પ્રસંગ ઊભો જ ન થાત. અર્વાચીન પરિસ્થિતિને લક્ષમાં રાખતાં આ જ્ઞાનધન સાર્વજનિક થાય એ હકીકત અતિ મહત્ત્વની છે; આ ભંડાર અમને મળ્યો કે બીજાને મળત તે મહત્ત્વનું નથી. અખંડ જ્ઞાનાર્જનપ્રવૃત્તિ વિના દેશની ઉન્નતિ થઈ શકે નહિ. આજનો આ જ્ઞાનભંડાર પ્રદાનવિધિનો પ્રસંગ એ એક મહત્ત્વની રાષ્ટ્રીય ઘટના છે. વ્યક્તિગત સંગ્રહો જાહેર જનતાના ઉપયોગમાં ન આવે; એનું સંરક્ષણ કે સંવર્ધન પણ ન થાય એ સૂચવી ડૉ. સાંડેસરાએ પ્રેમાનંદની બાબતમાં પ્રચલિત બનેલ દંતકથાનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે પ્રેમાનંદનાં પુસ્તકોની પ્રતોના વારસા માટે તેમના વંશજોએ ટુકડા કરી વહેંચી લીધા હતા. જ્યારે વિદ્યામઠો અને ઉપાશ્રયોમાં આ પ્રકારનું સાહિત્યધન સચવાઈ રહ્યું તેનો યશ એ જૈનપરંપરાને છે. એ પરંપરામાં નવી પરંપરા ઊભી કરનારાઓમાં અગ્રણીઓ યતિશ્રી હેમચન્દ્રજી અને મુનિશ્રી પુણ્યવિજયજી છે. એમના અગ્રગામિત્વ માટે તેમને માત્ર ધન્યવાદ શી રીતે અપાય? તેમને તો વંદના જ ઘટે.

અંતમાં યતિશ્રી સાથેની મુલાકાતના પ્રસંગનો ઉલ્લેખ કરતાં ડૉ. સાંડેસરાએ કહ્યું હતું કે આ હસ્તપ્રતો લેવા માટે મારા બીજા સહયોગીઓ સાથે હું યતિશ્રીના ઉપાશ્રયે ગયો ત્યારે મને માનસિક વ્યથા થઈ. 'જે ઉપાશ્રયમાં અનેક વિદ્વાનો અભ્યાસ કરતા હશે, જ્યાં જ્ઞાનોપાર્જનની અવિરત પ્રવૃત્તિ થતી હશે, વિદ્વત્તાની પરંપરા ચાલુ રહી હશે એ સ્થળેથી આ સમૃદ્ધિ બીજે જઈ રહી છે એ પ્રસંગ મારા હૃદયને ઉત્કટ રીતે સ્પર્શી ગયો. હું ગદ્‌ગદ્‌ થઈ ગયો, પણ યતિશ્રીના મુખ ઉપર સ્વસ્થતા અને શાંતિ હતાં, જે એમના યતિપણાને મૂર્તિમંત કરતાં હતાં.' પરંતુ આ કાર્ય એક વિશેષ ઉમદા કાર્ય હતું અને તેની ખાત્રી આપતાં તેમણે જણાવ્યું કે: "આ સંગ્રહનું અમે સંગોપન અને સાચવણી કરીશું. દેશવિદેશ અભ્યાસીઓને એનો ઉપયોગ કરવાની સરળતા અને સગવડ કરી આપીશું તથા અમારાં આર્થિક સાધનોની મર્યાદામાં રહીને એમાંની મહત્ત્વની કૃતિઓનું સંપાદન અને પ્રકાશન કરીશું. અને એ રીતે આજના આ ભંડાર-પ્રદાન-ગ્રહણ વિધિને ઉજ્જવળ બનાવીશું."

ત્યારપછી પ્રા. ગોવિંદલાલ ભટ્ટ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરી એ પ્રસંગની મહત્તાનું બ્યાન આપ્યું હતું. આ બધાં પ્રવચનોનો જવાબ આપતાં યતિશ્રીએ કહ્યું કે: "આ સંગ્રહ એના મૂળસ્થાન વડોદરામાં રહે એમાં જ ઔચિત્ય હતું. પ્રાચ્યવિદ્યા મંદિર એને માટે અધિકારી સંસ્થા છે એની મારા અંતરે સાક્ષી પૂરી; પરિણામે આજનો આ પ્રસંગ ઉપસ્થિત થયો. આ ઉત્સવ મારો નથી, આ જ્ઞાનભંડારનો છે. જ્ઞાનનો છે. મારા માનસિક સમાધાન માટે. નિમિત્તરૂપ બની, મેં આ જ્ઞાનભંડાર અધિકારી સંસ્થાને આપ્યો છે; એનો યથાર્થ ઉપયોય થતો રહે એટલે આ પ્રસંગની કૃતાર્થતા સિદ્ધ થઈ કહેવાય."

વિશેષમાં યતિશ્રીએ ભારતીય જ્ઞાનપરંપરા અને તેમાં જૈન સાધુઓ અને યતિઓએ આપેલા ફાળાનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, "અર્વાચીન ભારતીય આર્ય ભાષાઓની જેમ, દક્ષિણ ભારતની પ્રાચીન દ્રાવિડકાળની ભાષાઓમાંથી વિકસેલી તામીલ, તેલુગુ, મલયાલમ, કર્ણાટકી જેવી અર્વાચીન ભાષાઓને એના ઉદ્‌ગમકાળમાં વિકસાવવામાં અને તેમાં સાહિત્યસર્જનની પ્રવૃત્તિ કરી તેમને સમૃદ્ધ કરવામાં પણ જૈનાચાર્યોનો નોંધપાત્ર ફાળો છે. પૂર્વાચાર્યના પરિશ્રમથી સુલભ બનેલાં જ્ઞાનનાં સાધનો આજે પણ વિપુલ પ્રમાણમાં છે; એવાં સાધનો તો ઘણાંય છે, પણ સાધના ક્યાં છે?" એવો પ્રશ્ન મૂકી પૂજ્ય યતિશ્રીએ પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

છેવટે સમારંભના પ્રમુખ ડૉ. જ્યોતીન્દ્ર મહેતાએ આવો અમૂલ્ય સંગ્રહ ભેટ આપી એક નવીન પ્રાણાલિકા પાડવા બદલ ધન્યવાદ આપતાં એવી આશા અને શ્રદ્ધા વ્યક્ત કરી હતી કે યુનિવર્સિટીને અપાયેલા આ જ્ઞાનભંડારનો સંશોધકો સારો ઉપયોગ કરી એમાં રહેલા અમૂલ્ય જ્ઞાનરાશિને પ્રકાશમાં લાવશે." પછી ડૉ. મહેતાએ જ્ઞાનભંડાર અને પ્રદર્શનને ખુલ્લાં મુકાયેલાં જાહેર કર્યાં હતાં.

卐

જૈન સમાજ માટે એક ઉપયોગી શિક્ષણ દિશા

પ્રા. કેશવલાલ હિં. કામદાર, એમ. એ.

સમસ્ત ભારતને અત્યારે એક મોટો પ્રશ્ન મૂંઝવી રહ્યો છે, કે ઉચ્ચ શિક્ષણનું માધ્યમ શું હોઈ શકે? બીજો પ્રશ્ન એવી જ મૂંઝવણ ઊપજાવી રહ્યો છે—અંગ્રેજી ભાષાનું જ્ઞાન વિદ્યાર્થીએ મેળવવું જોઈએ કે નહિ? અને જો એ જ્ઞાન તેને આપવું જોઈએ તો તેનો અભ્યાસ વિદ્યાર્થીએ કયારે શરૂ કરવો? આઠમા ધોરણથી કે ચોથા ધોરણથી? આ પ્રશ્ન વિદ્યાપીઠના શિક્ષણને અનુલક્ષીને વિદ્વાનોએ છણવો જોઈએ કે એક સ્વતંત્ર પ્રશ્ન તરીકે? આ ત્રીજો પ્રશ્ન અત્યારે બધે ચર્ચાઈ રહ્યો છે.

આ પ્રશ્નો સમસ્ત ભારત માટે ઉપયોગી છે, તેમાંયે જૈન સમાજ માટે તેની ખાસ ઉપયોગિતા છે. મારી દૃઢ માન્યતા છે કે જૈન સમાજ માટે અંગ્રેજી ભાષાનું જ્ઞાન, અને તે પણ ઉચ્ચ કોટિનું, માત્ર તાર-ટપાલ-પત્ર વ્યવહાર પૂરતું નહિ, એવું જ્ઞાન અતિ આવશ્યક છે. વિશેષ, જૈન સમાજ માટે જ નહિ પણ સમસ્ત ભારતીય સમાજ માટે આ જ્ઞાન આવશ્યક છે. અને તેને સિદ્ધ કરવા માટે કોઈ અવરોધ થવો જોઈએ નહિ, એટલું જ નહિ, પણ તે માટે જરૂરી સંસ્થાઓ, સવડો, ખર્ચ, મકાન, શિક્ષકવર્ગ, વગેરેનો બંદોબસ્ત થવો જોઈએ.

જૈન સમાજ મુખ્યત્વે વ્યાપાર સેવતો સમાજ છે. જૈનો નોકરીઆત હશે તો તે પણ વ્યાપારના વિષયને સ્પર્શીને હશે. જે કોઈ થોડા ઘણા જૈનો ઉચ્ચ નોકરી સરકારી કે બિન-સરકારી, કરતા હશે તેમની સંખ્યા થોડી હશે, તેમને તો અંગ્રેજીનું ઉચ્ચ જ્ઞાન, બોલવા માટે, લખવા માટે અને સમજવા માટે, આવશ્યક રહેશે. અત્યારે અંગ્રેજી રાજ્યભાષા છે. નગરવ્યવહારની, બૅંકોની, વીમાવ્યવહારની, વેપારરોજગારની, રેલ્વેવ્યવહારની, આંતરદેશીય, આંતર-રાષ્ટ્રીય ભાષા છે. વિદ્વત્તા માટે તેની સિદ્ધિ આવશ્યક છે. ખુદ જૈન આગમ-સાહિત્યનો યથાર્થ વિચાર સમજવા માટે તેનું જ્ઞાન આવશ્યક છે; જૈન વિદ્યાની યોગ્ય સમજ માટે પણ તેનું જ્ઞાન આવશ્યક છે. જેમને તે જ્ઞાન નથી સાંપડ્યું તેમનો અનુભવ આ વિધાનના પક્ષમાં ચોક્કસ સાક્ષીભૂત થશે. જે કોઈ સ્થળે, દૃષ્ટાંતમાં, ગ્રામ કસ્બાઓમાં કે સરકારી કાર્યાલયોમાં પ્રાદેશિક ભાષાઓનો આશ્રય લેવામાં આવતો હશે તે આશ્રય અંગ્રેજી ભાષાના રૂપાંતરરૂપે જ લેવામાં આવે છે તે સ્પષ્ટ છે. આપણા કાયદાઓ પ્રથમ અંગ્રેજીમાં સ્વરૂપ પકડે છે. પછી તેમનાં ભાષાંતરો પ્રાદેશિક ભાષાઓમાં તૈયાર કરવામાં આવે છે. આપણી સંસદ્—પાર્લમેન્ટનો વ્યવહાર મુખ્યત્વે અંગ્રેજીમાં જ ચાલે છે. આપણાં ઉચ્ચ ન્યાયાલયોનો વ્યવહાર એ જ ભાષામાં છે. આપણો આંતર-રાષ્ટ્રીય વ્યવહાર, આપણી તમામ સરકારી બિનસરકારી વિધઓ અંગ્રેજીમાં થાય છે. આવી પરિસ્થિતિમાં એમ કહેવું કે અંગ્રેજીને હવે ગૌણસ્થાન મળવું જોઈએ તે સમજણનો નર્યો અભાવ છે. માત્ર નિરક્ષર પ્રજા જ આવી દલીલ કરી શકે!!

શાળાઓમાં ભલે પ્રાદેશિક ભાષાઓનો ઉપયોગ થાય; પણ તેથી ત્યાં ભણતાં વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થિનીઓને અંગ્રેજી ભાષાના જ્ઞાનથી વંચિત રાખવાં જોઈએ નહિ, અથવા તો તેમને એ જ્ઞાન માટે અર્ધદગ્ધ દશામાં રાખવાં જોઈએ નહિ.

વિદ્યાપીઠોનું શિક્ષણ ભલે પ્રાદેશિક ભાષામાં આપવામાં આવે; તે માટે જરાય વાંધો નથી; પણ તેથી અંગ્રેજી ભાષા આ અભ્યાસવિધમાં ગૌણસ્થાને રહે છે. શાળાઓમાં અને વિદ્યાપીઠોમાં તો ખાસ, અંગ્રેજી ભાષાની તાલીમ એવી મળવી જોઈએ કે શાળા છોડતાં, અને વિદ્યાપીઠ છોડતાં અભ્યાસીને, અંગ્રેજી ભાષામાં આવી જતા વિચારોને સમજવામાં, સમજાવવામાં, કે લખવામાં કશો વાંધો ન પડે, કારણ એ છે કે અત્યારે સાહિત્ય, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ફિલસૂફી, વિજ્ઞાન એ બધા વિષયોની છણાવટ યુરોપિય ભાષામાં જ થાય છે, કોઈ હિન્દની પ્રાદેશિક ભાષામાં નહિ.

કોઈ પણ વ્યાપાર કરતી પ્રજા માટે અત્યારે ભાષા-જ્ઞાન આવશ્યક છે. વ્યાપારી પ્રજાનું સાક્ષરત્વ—Literacy હંમેશાં ઊંચું હોય છે. ભારતની જૈન પ્રજાનું સાક્ષરત્વ—પ્રમાણ ઊંચું હોય તેમાં નવાઈ નથી. એ પ્રમાણ ઊંચું રહેવાનું, અને વધતું રહેવાનું.

ભારતનો વેપાર હવે માત્ર આંતરપ્રદેશનો રહ્યો નથી, એ આંતરરાષ્ટ્રીય, દુન્યવી વેપારની કોટિમાં આવતો જાય છે. આ સાથે આપણાં ગામડાંનો વેપાર જૈનોના હાથમાંથી સરતો જાય છે. જૈનો ગામડાં છોડતા જાય છે અને શહેરોમાં વસવા માંડ્યા છે. એક સમય એવો હતો, જ્યારે નબળી આર્થિક સ્થિતિમાં જૈન કુટુંબો ગામડામાં વસવા જતાં અને દસ વીસ વર્ષે તાજાં થઈ પાછાં શહેરોમાં આવી વસતાં. હવે પરિસ્થિતિ ઉલટી થઈ ગઈ છે. અત્યારે ગામડાં ભાંગે છે એ વાત પણ બરાબર નથી. માત્ર ગામડાંનો નગર માનસવાળો સમાજ તુટતો જાય છે, અને મુંબઈ, કલકત્તા એવી મોટી નગરીઓમાં વસવા માંડ્યો છે.

અત્યારે જૈન વેપારી વર્ગ માટે એક બીજી વિષમ પરિસ્થિતિ આવતી જાય છે. હમણાં સુધી તો આ વર્ગ આફ્રિકા, બર્મા, લંકા, મલાયા વગેરે પ્રદેશોમાં જતો અને ત્યાં કામકાજ જમાવતો. હવે એ પરિસ્થિતિ જૈનો માટે તેમ ભારતવાસીઓ માટે બંધ થતી થાય છે. પરદેશ સાથેનો આપણો વ્યાપારી વ્યવહાર વધતો જાય છે, તે જ સાથે આપણો વેપાર ત્યાંના સ્થાનિક લોકોના કે ત્યાંની સ્થાનિક સરકારના હાથમાં જતો જાય છે. આ બંને પ્રકારના વ્યાપારી વ્યવહાર માટે અંગ્રેજી ભાષાનું જ્ઞાન આવશ્યક છે. ગામડાંમાં સહકારી પ્રવૃત્તિ પકડ લેતી જશે ત્યારે પણ એ જ્ઞાન આવશ્યક રહેશે. પ્રવાસ માટે અંગ્રેજી જ્ઞાન જરૂરનું છે તે હરકોઈ સમજી શકશે, આંતરપ્રવાસ માટે પણ તે વિધાનનો સ્વીકાર કરવો પડશે. દક્ષિણ હિન્દમાં જ્યાં સુધી હિન્દીનો પ્રચાર સર્વત્ર થયો નથી, ત્યાંસુધી ખુદ ભારતના અર્ધ પ્રદેશના પ્રવાસ માટે પણ આ જ્ઞાન જરૂરનું રહેશે.

કેટલીક વાર એવી દલીલ કરવામાં આવે છે કે જૈનો વેપારીઓ છે, એટલે તેમણે નોકરી ઉપર નજર કરવી જ નહિ. આ દલીલ વાસ્તવિક નથી. બીજી દલીલ એ છે કે જૈનોએ સરકારી નોકરી કરવી જોઈએ નહિ. આ દલીલ એટલીજ ગેરવ્યાજબી છે. આ દલીલ વિશેષ ચર્ચા, વિશેષ ઊહાપોહ માંગે છે. દુર્ભાગ્ય એ છે કે ભારતનો એક પક્ષ આ દલીલને પોતાની નીતિના મૂળ સૂત્ર તરીકે અને તે પણ ગાંધીજીને નામે વળગી રહ્યો છે, અને તે દલીલને મહાત્માઓ, સન્તો, કેટલાક વિચારકો છાશવારે રજૂ કરે છે!! આશ્ચર્યની વાત તો એ છે કે એ લોકોનાં સગાંસંબંધીઓ, પુત્રોપુત્રીઓ, પૌત્રો, પૌત્રીઓ, દૌહિત્રો, દૌહિત્રીઓ ઉચ્ચ નોકરી કરે છે એટલું જ નહિ, તેઓ તેમને માટે પરદેશના અભ્યાસની સગવડ કરવા કરાવવામાં પ્રથમ હોય છે!! આ મનોવૃત્તિ કેવળ દંભ છે, "પારકાં છોકરાંને જતિ કરવાં" એવી વાત છે.

વસ્તુતઃ નોકરી સામે કોઈને સૂગ હોવી જોઈએ નહિ. બધા વેપારીઓ થઈ શકે નહિ. ખુદ વેપારમાં પણ નોકરી જરૂરની હોય છે. નોકરીથી સારી તાલીમ મળે છે. મનુષ્યસ્વભાવ જાણી શકાય છે; દેશપરદેશનો વ્યવહાર સમજી શકાય છે. નોકરીમાત્ર નીચ હોતી નથી. અધિકારપદ ઉચ્ચ બાબત લેખાય છે, તેથી પ્રજાની સેવા કરવાનો અનુપમ લાભ મળી શકે છે. દરેક રાષ્ટ્રે નોકરીઆતવર્ગની આવશ્યકતા સ્વીકારી છે. સોશ્યાલિસ્ટ રાજતંત્રમાં તો નોકરીઆતવર્ગ–Bureaucracy–વિશિષ્ટ સ્થાને હોય છે. આપણું રાષ્ટ્ર હવે કલ્યાણરાષ્ટ્ર થતું જાય છે. કલ્યાણરાષ્ટ્રનું પ્રાથમિક લક્ષણ નોકરીઆત વર્ગની સારી સજ્જવટ છે. જે નોકરીઆતવર્ગની સજ્જવટ વિશેષ, તેમ તેમની સત્તા પણ વિશેષ. અત્યારે બધાં રાજ્યો એક યા બીજા પ્રકારે Socialistic સોશ્યાલીસ્ટિક, અને કલ્યાણરાજ્યો થતાં જાય છે. ઈંગ્લંડ, ફ્રાંસ, અમેરિકા જેવાં વ્યક્તિમૂલક રાષ્ટ્રો પણ આ કોટિમાં આવતાં જાય છે. તેમનો નોકરીઆતવર્ગ મોટો હોય છે. ભારત તેમાં અપવાદ હોઈ શકે નહિ.

આવા કલ્યાણરાજ્યનો લાભ બધાને મળવો જોઈએ; તેની નોકરીઓનો ય લાભ બધાંને મળવો જોઈએ, એ સારી રાજ્યવ્યવસ્થાનું મુખ્ય લક્ષણ છે. રાષ્ટ્રની કોઈ પણ સારી પ્રવૃત્તિથી તેનો હરકોઈ વિભાગ વંચિત રહેવો જોઈએ નહિ. નોકરી કરવામાં કશી હીણપ નથી. નોકરીઆતની વ્યવસ્થા–Public Administration સમાજશાસ્ત્રનો અગત્યનો વિભાગ છે, એ વ્યવહારૂ કળા છે, વિજ્ઞાન-સાયન્સ છે, માનવ વ્યવહારને તે દરેક રીતે સ્પર્શે છે, નોકરી કરવા માટે ઉચ્ચ કોટિનાં જ્ઞાન અને શક્તિ જોઈએ છે. આ દેશમાં હજુ અનેક વાડાઓ છે. તેનું અસ્તિત્વ વર્ષો સુધી રહેવાનું. જો કે ક્રમશઃ તે ઢીલા થવાના. એક સમયે તે નાબૂદ પણ થવાના. આ વહીવટવિદ્યા, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર વગેરેને સ્પર્શે છે, તે મતે અંગ્રેજી ભાષાના સારા જ્ઞાનની જરૂર છે. અત્યારે તો

એ માટે આપણે દેશાવરનાં વિદ્યાપીઠોનો આશ્રય સેવીએ છીએ, અને તેમાં આપણું ધન ખરચાઈ જાય છે; જૈન સમાજે આ જ્ઞાનથી વંચિત રહેવું જોઈએ નહિ. જેમ વ્યાપારના ક્ષેત્રમાં જૈન સમાજ અગ્રસ્થાન ધરાવે છે તેમ વહીવટના ક્ષેત્રમાં પણ એ સમાજે અગ્રસ્થાન મેળવવું જોઈએ. ગ્રામ પ્રજા માટે પણ આનું ઉચ્ચ કોટિનું જ્ઞાન જરૂરનું છે. આપણા રાષ્ટ્રની આગેવાની હવે ગ્રામપ્રજા તરફ ઢળતી રહેશે. તેથી આપણી શિક્ષણસંપત્તિના બધા પ્રકારોની સિદ્ધિ આ દબાઈ રહેલા ગ્રામ વિભાગને પણ સુલભ થવી જોઈએ.

કેટલીક વાર એવી દલીલ કરવામાં આવે છે કે અંગ્રેજી ભાષાના જ્ઞાનથી વિદ્યાર્થીનો બોજો વધે છે. આ વજૂદ વગરની દલીલ છે, અને તે શિક્ષણશાસ્ત્રમાં માન્ય નથી. વસ્તુસ્થિતિ જુદી જ છે. ઉચ્ચ વિચારોને વિદ્યાર્થીઓ ગ્રાહી શકતા નથી. પરીક્ષાઓનું ધોરણ ક્રમશઃ નીચું જતું જાય છે. ઉત્તીર્ણ થવા માટે પરીક્ષાની ટકાવારી વધારવાનો કશો અર્થ નથી. આપણાં વિદ્યાપીઠોના અધ્યયનોનું મૂલ્ય દેશાવરનાં પ્રસિદ્ધ વિદ્યાપીઠોમાં ઊતરતું જાય છે. એ મૂલ્ય આપણે અત્યારે તો ઈરાદાપૂર્વક ઘટાડતા જઈએ છીએ !! અમેરિકા જેવા દેશમાં વિદ્યાપીઠોને સ્થપાયાં એકસો વર્ષો થયાં છે. ત્યાં તો તેમની સિદ્ધિઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ વરી ચૂકી છે. આપણે ત્યાં તેથી ઉલટી પરિસ્થિતિ છે : પછી ભલે આપણે ભાષણોદ્વારા નાલંદા, વિક્રમશીલા, વલભી, ઉજ્જયિની, તક્ષશિલાની વાતો કરીએ !!

અત્યારે શિક્ષણ લેતા જૈન સમાજ ઉપર સરકારી નીતિને પરિણામે ખરચનો બોજો વધતો જાય છે. બાળકોએ અંગ્રેજી ભણવું તો જોઈએ, એટલે તેમને શાળા કૉલેજ બહાર બાનગી શિક્ષણદ્વારા તે જ્ઞાન આપવામાં આવે છે. પરિણામે ખર્ચ વધ્યું છે, અને બાળકોમાં મગજ ઉપરનો બોજો પણ વધ્યો છે. દુર્ભાગ્ય તો એ છે કે આવું બાનગી શિક્ષણ ગુણવત્તાએ રોજ-બ-રોજ ઊતરતું જાય છે, એટલે પરિણામે ભયંકર નુકસાન થઈ રહ્યું છે ! પરદેશ જતા વિદ્યાર્થીને તે કારણે, વધારે સમય ગાળવો પડે છે, અને તેનું ખરચ વધારે લાગે છે ! સમસ્ત જૈન સમાજને મારો આગ્રહ છે કે તેણે અંગ્રેજી ભાષાના જ્ઞાનને અભ્યાસક્રમમાં અતિ આવશ્યક અંગ તરીકે ગણવું, તે માટે સરકાર ઉપર દબાણ લાવવું; કોઈ પક્ષને નામે, ગાંધીજીને નામે, તેમણે છેતરાઈ જવું નહિ. જ્યાં જ્યાં વિદ્યાદાન આપો ત્યાં દરેક સ્થળે આ આગ્રહ રાખો. દાનના અમુક ભાગને એ કર્તવ્યની સિદ્ધિ માટે અલગ રાખો, બહુલક્ષી શાળા હોય તો ત્યાં તે વિષયને આવશ્યક અભ્યાસક્રમમાં મૂકાવો. ઉચ્ચ શિક્ષણ સંસ્થા હોય, સંશોધન સંસ્થા હોય, તો ત્યાં પણ, આ જ્ઞાનને આવશ્યક અંગ તરીકે મૂકો મૂકાવો, તેના જાણકારોને વહિવટી વર્ગમાં મૂકો મૂકાવો.

જૈન સાધુસાધ્વીઓએ આ દિશાની દક્ષતા મેળવવી જોઈએ. પૂર્વે જિનપ્રભસૂરી વગેરેએ ફારસી વિદ્યાનું જ્ઞાન મેળવેલું; આ સમયમાં તેમના અનુગામીઓએ અંગ્રેજી, જર્મન. રશિયન, ફ્રેંચ વિદ્યાઓનું જ્ઞાન યથાશક્તિ મેળવવું જોઈએ.

આ બાબત સિદ્ધ થશે ત્યારે ઊતરતો જતો જૈન સમાજ તરતો થશે, જો કે આ દલીલો સમસ્ત ભારતીય સમાજને લાગુ પાડી શકાય.

કવિવર શ્રીસમયસુંદરજીનું એક માર્મિકકાવ્ય

પૂ. મુનિશ્રી યશોવિજયજી

સત્તરમી સદીની પહેલી પચીસીમાં જન્મેલા અને ૧૭૦૨માં સ્વર્ગવાસી થયેલા ખરતરગચ્છીય શ્રી જિનચંદ્રસૂરિ શિષ્ય શ્રીસકલચંદ્રગણિના શિષ્ય કવિવર શ્રી સમયસુંદરે ગદ્ય–પદ્યમય સાહિત્યમાં નાની મોટી શતશઃ કૃતિઓ બનાવી છે. એમની કૃતિઓએ સાહિત્યના અનેક પ્રકારોની રક્ષા કરી છે. વિવિધલક્ષી કૃતિઓ પૈકી કોઈ કોઈ કૃતિઓ તો—તાત્કાલિક ઐતિહાસિક ઘટના, સામાજિક પરિસ્થિતિ, કુદરતી આફત, સ્વસંવેદન અને આત્મકથાના પ્રસંગોને આબેહૂબ રજૂ કરે છે. રચનાની વિશિષ્ટતાના કારણે, કેટલીક કૃતિઓ સુવાચ્ય, રસિક અને રોમાંચક બની ગઈ છે. આ કાવ્યની ભાષા સરલ, રોચક અને પ્રવાહી છે.

અહીં તેઓશ્રીવિરચિત પોતાની યથાતથ્ય આત્મ-સંવેદનાને વાચા આપતું અદ્‌ભુત અને કરુણરસથી મિશ્રિતકાવ્ય રજૂ કરું છું. આ કાવ્ય વર્તમાનમાં શિષ્ય-દુઃખથી દુઃખિત ગુરુઓ હશે તો તેઓને વાચારૂપ અને આશ્વાસનપ્રદ બનશે. અને શિષ્યો માટે "ભવિષ્યમાં રખે આપણે પણ, આપણા ગુરુના મનસા કે વાચા, કવિશ્રીએ કાઢેલા ઉદ્‌ગારોના અધિકારી ન બની જઈએ" એવી પ્રેરણા આપશે.

અહીં અપાતું કાવ્ય 'गुरुदुःखितवचनम्'ના મથાળા હેઠળ શ્રીનાહટા બેલડી સંપાદિત શ્રીસમયસુંદર કૃતિ કુસુમાંજલિમાં છપાયું છે. શ્રીજૈનશાસનને સમર્પિત થયેલા જૈન શ્રમણોનાં જીવનો પ્રાયઃ વિનયપ્રધાન હોય છે—હોવાં જોઈએ. "धम्मस्स विणओ मूलं—" ધર્મનું મૂળ વિનય. આવી ઉદ્‌ઘોષણા કરનારા વીતરાગ શાસનમાં સ્થળે સ્થળે વિનયગુણનો મહિમા ગાવામાં આવ્યો છે. આજે ભારતીય પ્રજામાં 'સબ સરખા'નો ચેપ અનેક ક્ષેત્રમાં ફેલાઈ ગયો છે. વિષમ કાળના પ્રભાવે એ ચેપની અસર જૈન શ્રમણ–શ્રમણી સંઘના દેહ ઉપર થવા છતાંય હજુ પણ શ્રમણ–શ્રમણી સંઘના વિશાળ સંઘમાં નાના મોટાની મર્યાદાઓ અને પરસ્પરના વિનયભાવો, અન્યને અને યાવત્ ભારતીય પ્રજાજનોને આર્યસંસ્કૃતિના પાયારૂપ વિનયધર્મનો મહામૂલો આદર્શ પૂરો પાડી શકે તેમ છે.

એમ છતાંય સાધક અવસ્થામાં રહેલા જૈનશ્રમણો આખરે માનવ તો છે જ, અને માનવ સ્વભાવમાં ગુણસ્થૈર્ય ટકી જ રહે એવું હોતું નથી. "सव्वे जीवा कम्म वसा"નો મહાનિયમ અન્ય પ્રાણીઓની જેમ જૈન શ્રમણોને પણ લાગુ પડે છે. એના પ્રભાવે કોઈ કોઈ વખતે સંતહૃદયમાં પણ અહં અને મમતાદિ દૂષિત તત્ત્વો પોતાનો દાવ ખેલવા હાજર થઈ જાય છે. કાળદોષ એમાં મદદે આવે છે. કોઈ દુર્ભાગી પળે નાના-મોટા, ક્ષુદ્ર અને ક્ષુલ્લક નિમિત્તોની દુઃખદ સારડી ફરવા માંડે છે, અને ગુરુ-શિષ્યના લોખંડી સંબંધોમાં નાનુંશું છિદ્ર પાડી જાય છે. પછી એ છિદ્ર વાટે ભરેલાં સ્નેહનીર વહેવા માંડે છે. એની ખાલી પડતી જગ્યામાં વૈર-વિરોધ, દ્વેષ-કલેશ, કલહ-ધર્ષણની જમાત પોતાનું થાણું જમાવે છે. આપણા પરમપૂજ્ય ગણાતા ક્ષમા-શ્રમણો પણ અક્ષમા-શ્રમણોની સ્થિતિમાં મૂકાઈ જાય છે. છદ્મસ્થ પર્યાય એક એવી વસ્તુ છે કે, એ સમયની જીવન-સાધનાના માર્ગમાં જીવનવિકાસના માર્ગમાં જાગૃતિની ચેતનાએ જરાક સુષુપ્તિ અનુભવી કે અવરોધી ખડકો ઊભા થયા જ સમજો. ઇતિહાસનાં પૃષ્ઠો આ વાતના સાક્ષીભૂત છે. મહાન્ ગુરુઓ અને મહાન્ શિષ્યોના અમૃત સંબંધો વિષરૂપ બની ગયાના દાખલાઓ* નોંધાયા છે. અને આજે નવા દુઃખદ દાખલાઓ ઇતિહાસનાં પાનાંઓ ઉપર અંકિત થઈ રહ્યા છે.

સત્તરમા સૈકાની કવિશ્રીની અહીં મુદ્રિત થતી કૃતિ પણ એ જ વાત કહી જાય છે. આ કૃતિને કવિએ સંસ્કૃત ભાષામાં અને પુનઃ પદ્યમાં રચીને વિશિષ્ટ બનાવી દીધી છે. એમાં શબ્દ અને રચનાનું જે કૌશલ્ય વાપર્યું છે, તેમ જ વિગતોને ઝીણવટભરી રીતે જે રજૂ કરી છે તે જોતાં અપેક્ષાએ શિષ્યોની જડતી લેવાના ક્ષેત્રમાં "કવિએ કમાલ કરી છે" એવા ઉદ્‌ગારો સરી પડે છે. કવિએ સ્વવ્યથા વ્યક્ત કરવા, યદ્યપિ સંસ્કૃત અને ભાષા બેયનો આશ્રય લીધો છે; પરંતુ સંસ્કૃત કાવ્યમાં જે ઉભરો ઠાલવ્યો છે તેવો નાનકડા ભાષાકાવ્યમાં નથી.

* પ્રાચીન હસ્તલિખિત સંગ્રહમાંથી પ્રાપ્ત થયેલાં પાનાંઓ આ વાતની શહાદત આપે છે.

કવિશ્રીએ સ્વગૃહનો કલહ જગતના ચોકમાં મૂકવાની અને શિષ્યોને સાફ સાફ શબ્દોમાં નગ્નસત્યો સંભળાવવાની હિંમત કરી છે તે ખરેખર એક આશ્ચર્ય ઉપજાવે એવી છે. પ્રત્યેક શ્લોકના ઉત્તરાર્ધમાં એકને એક જ પદ્યનો કરેલો ઉપયોગ આપણને વગર કહે ગર્ભિત સૂચન કરી જાય છે, કે તેમના શિષ્યોએ તેમને વધુ પડતી કદર્થના અને વ્યથા ઊભી કરી હતી. પાકી વયે પહોંચેલા વયોવૃદ્ધ ને જ્ઞાનવૃદ્ધ કવિશ્રીને આવું કાવ્ય રચવામાં કંઈ આનંદ નહીં આવ્યો હોય! પણ અવસ્થાગ્રસ્ત શરીર જર્જરિત બન્યું હોય, વિષમ પરિસ્થિતિ ઊભી થઈ હોય એવા પ્રસંગે જીવનનું હીર નીચોવીને પોતાના શિષ્યોને જેઓએ ભણાવી–ગણાવી, અનેક રીતે વિદ્વાન ને યશસ્વી બનાવ્યા હોય, એવા શિષ્યો, સેવા–શુશ્રૂષા કરવાને બદલે, પોતાને જ છોડીને જ્યારે ચાલ્યા જાય, ત્યારે ગુરુનો આત્મા ને હૈયું કકળી ઉઠે તે સહજ છે. ભારેલો દુઃખાગ્નિ હૈયામાં સમાઈ ન શકે ત્યારે હૈયામાંથી હોઠ બહાર પ્રગટ થાય તે સ્વાભાવિક છે. અસ્તુ!

હવે ગુરુ અને શિષ્ય બંનેયને માર્મિક પ્રેરણા આપતું પ્રથમ સંસ્કૃત કાવ્ય અને પછી ભાવાર્થ વાંચો—

गुरुदुःखितवचनम्

क्लेशोपार्जितवित्तेन, गृहीता अपवादतः ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥१॥
वञ्चयित्वा निजात्मानं, पोषिता मृष्टभुक्तितः ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥२॥
लालिताः पालिताः, पश्चान्मातृपित्रादिवद् भृशं ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥३॥
पाठिता दुःखपापेन, कर्मबन्धं विधाय च ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥४॥
गृहस्थानामुपालम्भाः, सोढा बाढं स्वमोहतः ।
यदि ते न गुरोर्भक्ता, शिष्यैः किं तैर्निरर्थकैः ॥५॥
तपोऽपि वाहितं कष्टात्, कालिको कालिकादिकम् ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥६॥
वाचकादि पदं प्रेम्णा, दायितं गच्छनायकात् ।
यदि ते न गुरोर्भक्ता, शिष्यः किं तैर्निरर्थकैः ॥७॥
गीतार्थ नाम धृत्वा च, वृहत्क्षेत्रे यशोऽर्जितम् ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥८॥
तर्क-व्याकृति-काव्यादि, विद्यायां पारगामिनः ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकै ॥९॥
सूत्र-सिद्धान्त-चर्चायां, याथातथ्यप्ररूपकाः ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥१०॥
वादिनो भुवि विख्याता, यत्र तत्र यशस्विनः ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥११॥
ज्योतिर्विद्या–चमत्कारं, दर्शितो भूभृतां पुरः ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥१२॥
हिन्दू-मुसलमानानां, मानाश्च महिमा महान् ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥१३॥
परोपकारिणः सर्वगच्छस्य स्वच्छहृच्चितः ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥१४॥
गच्छस्य कार्यकर्तारो, हर्तारोऽर्तेश्चऽभूस्पृशाम् ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥१५॥
गुरुर्जानाति वृद्धत्वे, शिष्याः सेवाविधायिनः ।
यदि ते न गुरोर्भक्ताः, शिष्यैः किं तैर्निरर्थकैः ॥१६॥
गुरुणा पालिता नाऽऽज्ञा-ऽईतोऽतोऽतिदुःखभागभूत् ।
एषामहो! गुरुर्दुःखी, लोकलज्जापि चेन्नहि ॥१७॥
न शिष्य-दोषो दातव्यो, मम कर्मैव तादृशम् ।
परं भद्रकभावेन, लोला लोलायते मम ॥१८॥
संवत्यष्टनवत्यग्रे, राजधान्यां स्वभावतः ।
स्वरूपं प्रकटीचक्रे, गणिः समयसुन्दरः ॥१९॥

—समयसुन्दरकृति कुसुमाञ्जलि–પૃષ્ઠ ૪૧૭થી ૪૨૦

ભાવાર્થ :

પ્રારંભના સાત શ્લોકમાં કવિશ્રી, પોતાના શિષ્યો માટે આપેલા અનેક ભોગો, * ઊઠાવેલ કષ્ટો અને

* આ કાવ્યના ઉત્તરાર્ધના તમામ શ્લોકોમાં શિષ્ય આગળ 'મમ-મારા' એવો શબ્દપ્રયોગ કરવાનું મુનાસિબ ન ધારતાં સમષ્ટિનો ખ્યાલ રાખીને શબ્દયોજના કરી છે આ માટે પહેલું અનુમાન એ થઈ શકે કે ઉદાત્તચરિત વ્યક્તિઓ હંમેશાં સમષ્ટિનો યા માધ્યસ્થભાવનો જ આશ્રય લે છે. બીજું અનુમાન એ પણ થઈ શકે કે શિષ્યો વધુ પડતા માથાભારી ને પ્રતિકૂલ બની ગયા હોય, ને સુસ્પષ્ટ શબ્દોમાં કહેવાની હિંમત ન કરી શક્યા હોય! ગમે ત હોય, પણ કવિશ્રીએ સ્વકૃતિને સર્વોપયોગી અને સાર્વકાલિક બનાવી દીધી છે. એટલે કવિ જેવી સ્થિતિ ભોગવતા ગુરુદેવો માટે ખરેખર આ કાવ્ય એક આશ્વાસક ને સહાયકમિત્રનો ગરજ સારે તેવું બની ગયું છે એમ કહું તો શું ખોટું છે?

તકલીફોની વાત કરે છે. આટલું કરવા છતાંય જ્યારે શિષ્ય એ ગુરુની આંતરડી કકળાવી, ઉપકારનો બદલો અપકારથી વાળ્યો, એટલાથી જ ન અટકતાં ગુરુશ્રીને તજીને ચલતી પકડી. ત્યારે જરાવસ્થામાં અસહાય બની ગયેલ કવિનું હૃદય કેવું આક્રંદ કરે છે તે વાંચો—

(૧) સંસારી ગૃહસ્થો મહાકષ્ટથી ધનોપાર્જન કરે છે. શાસ્ત્રીય અપવાદ માર્ગનો આશ્રય લઈને દીક્ષાની આડે આવતી મુશ્કેલીઓ ને અવરોધો દૂર કરવા, કષ્ટસાધ્ય ધન અપાવીને પણ તમને મેં દીક્ષા આપી, છતાંય તમો જો ગુરુભક્ત ન રહ્યા તો એવા નિરર્થક શિષ્યો વડે કરીને શું? અર્થાત્ કંઈ જ નહીં.

(૨) મારી જાતની વંચના કરીને પણ શુદ્ધ ને સુંદર આહાર-પાન કરાવ્યાં.

(૩) એટલું જ નહીં પણ જે રીતે માતા-પિતા સ્વપુત્રનું લાલન-પાલન અને પોષણ કરે, એ જ રીતે મેં પણ માતાની લાલના, સ્નેહ ને મમતા તથા પિતાનું પ્રેમ-વાત્સલ્ય અર્પણ કરીને તમારું પાલન-પોષણ કર્યું. અર્થાત્ જે જે ઇચ્છાઓ કરી તે પૂર્ણ કરી—

(૪) ત્યાર પછી તમોને ભણાવી-ગણાવી વિદ્વાન બનાવવા ખાતર મેં અનેક દુઃખ પાપ સહન કર્યાં, ને તેથી મેં કર્મબંધો પણ બાંધ્યા—

(૫) બાકી હતું, તે વળી તમારા ઉપરના મારા વધુ પડતા મોહના કારણે તમારી ભૂલો અને ક્ષતિઓને ચલાવી લેતો, ત્યારે સુશ્રાવક ગૃહસ્થો મને અત્યન્ત ઉપાલંભ આપતા, છતાંય મેં અકારણ તમારી ખાતર તે ય સહન કર્યા.

(૬) તમોને કાલિક-ઉત્કાલિક વગેરે યોગ-તપાદિક સાધનાનુષ્ઠાનો પણ અનેક કષ્ટ તકલીફો વેઠીને પણ કરાવ્યાં—

(૭) એથી આગળ વધીને-ગચ્છનાયકને વિનંતી કરીને, તેઓશ્રીના હાથેજ પ્રેમપૂર્વક ઉપાધ્યાય-પંન્યાસાદિ પદવીઓ અપાવી—

એમ છતાંય જો તેઓ ગુરુભક્ત ન રહ્યા તો એવા કુશિષ્યો વડે કરીને સર્યું.

❀ ❀ ❀

હવે કવિ એક બીજી વાત કરે છે.

ગુરુ તજ્યાનો દુઃખ કે પસ્તાવો થવાને બદલે, પોતાની શક્તિ ઉપર ગર્વિષ્ઠ બનીને મુસ્તાક રહેતા શિષ્યોને હૃદય નેત્રોન્મિલનનું અંજન આંજતા હોય તે રીતે કહે છે કે—

(૮)

—'અમે ગીતાર્થ-સકલશાસ્ત્રવેત્તા છીએ,' એવું નામ ધારણ કરીને મોટા મોટા શહેરોમાં રહીને યશ મેળવ્યો—

(૯) ન્યાય, વ્યાકરણ, સાહિત્યાદિ વિદ્યાઓમાં પારંગત બન્યા—

(૧૦) શાસ્ત્ર, સિદ્ધાંતચર્ચાના પ્રસંગમાં યથાર્થ સત્યની પ્રરૂપણા કરવામાં કુશળ બન્યા—

(૧૧) જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં વાદિ તરીકે વિખ્યાતિને પામ્યા,ને યશસ્વી તરીકે પંકાયા—

(૧૨) રાજાઓની આગળ જ્યોતિષવિદ્યાના ચમત્કારો બતાવ્યા—

(૧૩) હિન્દુ અને મુસલમાનો, બન્નેય પ્રજાઓના તમો માનનીય બન્યા, તમારો મહિમા ઘણો ફેલાયો—

(૧૪) સર્વગચ્છોના પરોપકારકરવાવાળા અને સ્વચ્છ હૃદય અને જ્ઞાન-બુદ્ધિવાળા ભલે થયા—

(૧૫) વળી ગચ્છનાં કાર્યોને કરવાવાળા, અને ભૂતાદિક દેવોના ઉપદ્રવને દૂર કરવાવાળા હોય;—

છતાં પણ જો ગુરુભક્ત ન નીવડ્યા તો એવા નિરર્થક શિષ્યો વડે કરીને શું?

(૧૬)

ગુરુએ આશા સેવેલી કે 'મારા ચેલાઓ, વૃદ્ધાવસ્થામાં મારી સેવા-ચાકરી કરશે!, પરંતુ એ જ અવસ્થા આવી ત્યારે જ ગુરુને છોડી ગયા. એવા અગુરુભક્ત શિષ્યો હોય તેથી શું?

(૧૭) લોકો જ્યારે એમ કહેતા કે 'અરે તમે ગુરુ જેવા ગુરુને દુઃખી કર્યા?' ત્યારે લોકલાજને નેવે મૂકીને ઊલટું શું કહે છે કે 'એમાં અમો શું કરીએ, અમારા ગુરુએ તીર્થંકરોની આજ્ઞાનું પાલન ન કર્યું, તેથી મહાદુઃખના ભાગી બન્યા.'

કવિનું દુઃખ, ચિંતા, ને સંતાપપરક હૈયું, પોકાર પાડ્યા બાદ, આખર સંતકવિ છે, એટલે પાછા વળે છે; અને જૈન ધર્મની તાત્ત્વિક ફિલસૂફીને સ્મૃતિપથમાં લાવીને કહે છે કે, નિમિત્ત કારણો ઉપર ગુસ્સો ન કરતાં ઉપાદાન-જાત-નો જ દોષ કાઢવો અર્થાત્ પોતાના જ

ભાગ્યનો દોષ કાઢી, સુજ્ઞ આત્માઓએ સમભાવમાં સ્થિર રહેવું જ ઇષ્ટ છે. આથી કવિના પુણ્યપ્રકોપનો પારો શીઘ્ર ઊતરવા માંડે છે, ને પછી વદે છે કે—

(૧૮)

અરે! અરે! મારા શિષ્યોને શા માટે દોષ દેવો જોઈએ? દોષ ખરેખર જો કોઈનો હોય તો મારા તથાપ્રકારના પૂર્વકૃત કર્મનો જ છે.

જો એવું સમજતા જ હતા તો પછી શા માટે સ્વઘરની વાત જાહેર મૂકી શિષ્ય ગુરુ બંનેની પ્રતિષ્ઠાને ક્ષતિ પહોંચાડે તેવી વાતો કરી, શા માટે કષાયાધીન બન્યા? તેનો જવાબ આપતાં કહે છે કે—

મારામાં બેઠેલા ભદ્રક ભાવે જ મારી જીહ્વાને બોલવા માટે પ્રેરણા કરી છે.

(૧૯) અંતિમ પદ્યમાં કવિ, સ્વનામોલ્લેખ કરીને કહે છે કે, મેં મારી સ્વેચ્છાથીજ રાધનપુરમાં (ઉત્તર ગુજરાત) રહીને મારી આંતરિક પરિસ્થિતિને આ કાવ્ય દ્વારા પ્રગટ કરી છે.

❀

ગુરુ દુઃખિત વચન

નોંધ : સંસ્કૃત કાવ્યના જ ભાવને સંક્ષેપમાં રજૂ કરતું કવિનું લઘુ ભાષાકાવ્ય.

ચેલા નહીં તઉ મ કરઉ ચિંતા,
દીસઈ ઘણે ચેલે પણ દુકખ;
સંતાન કરંમિ હુયા શિષ્ય બહુલા
પણિ સમયસુંદર ન પાયઉ સુકખ ૧

કેઈ મુયા ગયા પણિ કેઈ,
કેઈ જૂયા રહઈ પરદેશ;
પાસિ રહઈ તે પીડન જાણઈ,
કહિયઈ ઘણઉ તઉ થાયઈ કિલેસ. ૨

જોડ ઘણી વિસ્તરી જગત મઈ,
પ્રસિદ્ધિ થઈ પાતસાહ પર્યંત;
પણિ એકણિ વાત રહી અણૂરતિ,
ન કિયઉ કિણ ચેલઈ નિશ્ચિન્ત. ૩

સમયસુંદર કહઈ સાંભલિજ્યો,
દેતઉ નહી હું ચેલાં દોસ;
જિન આણા ન પાલી જમંતરિ,
તઉ શિષ્યાં દિસિ કિસઉ કરૂ સોસ. ૪

સમયસુંદર કહઈ કર જોડિ,
ઊપરલા સુણિજે અરદાસ;
મનોરથ એક ધરૂં છું ધુમ રઉ;
એ તૂં પૂરિ અમ્હારી આસ. ૫

'જૈનયુગ'ની માલિકી અને તેને અંગેની અન્ય માહિતી

રજીસ્ટ્રેશન ઑફ ન્યુઝપેપર (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે

૧ પ્રકાશન સ્થળ : શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ
ગોડીજી બીલ્ડિંગ; ૨૦, પાયધુની, કાલબાદેવી રોડ, મુંબઈ ૨.

૨ પ્રકાશન સમય : માસિક

૩ મુદ્રકનું નામ : શ્રી માણેકલાલ ડી. મોદી
રાષ્ટ્રિયતા : ભારતીય
સરનામું : શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, ૨૦, પાયધુની, મુંબઈ ૨

૪ પ્રકાશકનું નામ : શ્રી માણેકલાલ ડી. મોદી
રાષ્ટ્રિયતા : ભારતીય
સરનામું : શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, ૨૦, પાયધુની, મુંબઈ ૨.

૫ તંત્રીનું નામ : (૧) શ્રી સોહનલાલ મદનસિંહ કોહારી, બી.એ., બી.કૉમ. સી.એ. (ઇંગ્લંડ)
(૨) શ્રી જયંતિલાલ રતનચંદ શાહ, બી. એ., બી. કૉમ (લંડન)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, ૨૦, પાયધુની, મુંબઈ ૨.

૬ માલિકનું નામ : શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ
સરનામું : ગોડીજી બિલ્ડિંગ; ૨૦, પાયધુની, કાલબાદેવી રોડ, મુંબઈ ૨.

હું માણેકલાલ ડી. મોદી આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા તદ્દન સાચી છે.

તા. ૧–૩–૧૯૫૯

માણેકલાલ ડી. મોદી
પ્રકાશક

માતા કે માનુની ?

શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

અમરતાનાં પાન કરીને કાળપ્રવાહમાં અવિચલ ઊભેલી એક પુરાતન છતાં નિત્યનૂતન કથા સાંભળીએ.

વસંતઋતુના વાયરા વાયા, અને વેરાન ધરતી હસી ઊઠી. પાનખરમાં હાડપિંજર બનેલો પલાશ કેસરિયા વાઘા સજીને કોડીલા વરરાજાની જેમ શોભી રહ્યો.

વેલે વેલે ફૂલો આવ્યાં. વૃક્ષે વૃક્ષે ફળ આવ્યાં. વનરાજી માનવીનાં મનને મસ્ત બનાવી રહી.

આંબો આમ્રમંજરીઓનાં તોરણ ધારણ કરીને વસંતનાં વધામણાં કરી રહ્યો.

મંજરીના સ્વાદે કોકિલના ગળાને મોકળું બનાવી દીધું. એના પંચમ સ્વરની જાણે આભમાં સરિતા રેલાવા લાગી.

વસંત આવે ને ધરતીના શણગાર જોઈ નેત્રો ધન્ય બની જાય. વસંત આવે ને કોમલના મધુર ટહુકારથી કાન કૃતકૃત્ય બની જાય. વસંત આવે ને માનવીના અંતરમાં યૌવનના અશ્વો થનગનવા લાગે.

તગરા નગરીના વ્યવહારિયા દત્ત શ્રેષ્ઠી અને ભદ્રા શેઠાણીનાં અંતરમાં એક દિવસ આવા જ ભાવનાના અશ્વો દોડી રહ્યા.

પણ એ અશ્વો રંગ-રાગ, વૈભવ-વિલાસ કે ભોગ-શૃંગારના ન હતા; એમાં તો તપ, ત્યાગ અને સંયમનો વિલક્ષણ થનગનાટ જાગી ગયો હતો.

દુનિયાને તો એ થનગનાટ સાવ અજાણ્યો હતો, અનોખો હતો—અરે એને મન તો આવો થનગનાટ એ સાચો થનગનાટ જ ન હતો !

સુખ અને વૈભવભર્યું જીવન માણતાં દત્ત અને ભદ્રા હજી યૌવનનો માર્ગ વટાવી ન ગયાં ત્યાં તો ધર્મોપદેશની અમર વસંતના અનોખા વાયરા એમનાં અંતરને સ્પર્શી ગયા.

એ વાયરાએ એમનાં અંતરમાં કંઈ કંઈ ફૂલો ખીલવી દીધાં. એ ફૂલો હતાં ત્યાગનાં, તપનાં, સંયમનાં, તિતિક્ષાનાં, વૈરાગ્યનાં.

અને એ ફૂલડાંની ફોરમે એમના અંતરમાં ધર્મમાર્ગના પ્રયાણના અશ્વોને થનગનાવી મૂક્યા.

પતિ-પત્ની વિચારતાં હતાં : આટઆટલાં સુખ વૈભવ માણ્યાં, છતાં મનને સંતોષ ન થયો; હવે પછી પણ, ગમે તેટલા વૈભવ-વિલાસ માણીશું, છતાં એને સંતોષ થશે, અને એ દિશામાંથી એ પોતાનું મુખ આનંદપૂર્વક ફેરવી લેશે, એની ખાતરી પણ ક્યાં છે? તો પછી પાતાળ કૂવા જેવા મનને ભરભર કરવાથી શો લાભ? સર્યું આ વૈભવવિલાસથી, અને સર્યું આ ધન-સંપત્તિથી!

એ સંપત્તિ કદી કોઈની થઈ નથી કે કોઈની સાથે ગઈ નથી ! તો પછી એની પાછળ જ આખી જિંદગી શા માટે ખરચી દેવી ? કંઈક એવું કાર્ય ન કરવું કે જે આ જિંદગીના સંકેલાયા પછી પણ સાથે આવે ?

અને પતિ-પત્નીએ એક દિવસ સંસારને તજીને વૈરાગ્યના ચરણ સેવવાનો સંકલ્પ કર્યો.

પણ એ સંકલ્પને પાર પાડવામાં એક મોટો અંતરાય હતો. એમનો એકનો એક પુત્ર અર્હન્નક હજી સાવ બાળ હતો.

કાળજાની કોર જેવા, આવા લાડકવાયા પુત્રને બાલ વયે તજવા કોણ માબાપ તૈયાર થાય? વાત્સલ્યનાં બંધનોને દૂર કરવાં એ સહેલું નથી.

આમ માતાપિતા ભારે વિમાસણમાં પડી ગયાં, એક બાજુ વૈરાગ્યનો સાદ ગાજી રહ્યો હતો; બીજી બાજુ વાત્સલ્યનો નાદ ઘોરી રહ્યો હતો. અને વૈરાગ્ય અને વાત્સલ્ય પતિ-પત્નીના અંતરમાં ભારે મનોમંથન જગવી રહ્યાં હતાં.

એમાંય ભદ્રા માતાની સ્થિતિ તો કથી કથાય એવી ન હતી. એને થતું: આવા ફૂલ જેવા બાળકને કોને ભરોસે તજી દેવો? આટઆટલી સંપત્તિ કોને સોંપવી? અને સંપત્તિની લાલચે એનું જતન કરવાનું વચન આપનાર પણ છેવટે છેતરી નહીં બેસે એની શી ખાતરી?

પણ પતિપત્નીનું મનોમંથન ભારે વેગીલું હતું. એમને ઘરમાં રહેવું હવે અસહ્ય બની ગયું. એટલે એ મનોમંથનમાંથી એમણે એક નવનીત શોધી કાઢયું: જે માર્ગે માતાપિતા એ માર્ગે જ પુત્ર! પોતે મુક્તિને માર્ગે જવું, અને પુત્રને બંધનને માર્ગે વાળવો એ ન બને.

એમણે વૈરાગ્ય અને વાત્સલ્ય એયનો સુમેળ સાધી લીધો અને એક દિવસ પતિ, પત્ની અને પુત્ર–શ્રેષ્ઠી દત્ત, શેઠાણી ભદ્રા અને બાળક અર્હન્નક–ત્રણે ઘર તજીને ગુરુને ચરણે જઈ બેઠા!

એમને મન હવે ધર્મના શરણ સિવાય બીજાં બધાં શરણ નકામાં બની ગયાં હતાં.

(૨)

બાળ મુનિ અર્હન્નકના આંતરમાં હજી સંસાર અને વૈરાગ્યના ભેદ નહોતા પ્રગટ્યા. એ તો પોતાનું બાળ-જીવન સહજ આનંદમાં વિતાવતો હતો.

અને મુનિ દત્તે પણ મુનિવેશ ધારણ કર્યો હતો; પણ એમના અંતરમાંથી પુત્રવાત્સલ્યની મંગલ સરવાણી સુકાઈ ગઈ નહોતી. મસ્તકનું મુંડન ભલે થયું; મનનું મુંડન થવું સહેલી વાત ન હતી!

એટલે એમનું મન તો સદાસર્વદા અર્હન્નકમાં જ લાગેલું રહેતું. મુનિજીવનના આચારો અને આચરણો તો પાળવાનાં હતાં જ, પણ એથી એમનો પુત્ર પ્રત્યેનો અનુરાગ ઓછો ન થતો.

અર્હન્નક પ્રસન્ન રહે, એને કોઈ વાતે ખામી ન આવે, એની બધી સગવડ સચવાય અને એનું મન મૂંઝાય નહીં, એ માટે દત્ત મુનિ સદા સાવધાન રહેતા—જાણે બાળ મુનિની સારસંભાળ એ જ એમનું જીવનધ્યેય બની ગયું! ગમે તેમ તોય પિતાનું મન ને!

બાલ મુનિ ઉંમરલાયક થવા આવ્યા તોય પિતાને મન તો એ બાળ જ રહ્યા! ગોચરીભિક્ષા લેવા જવાનું કોઈ કહે તો દત્ત મુનિ પોતે જ એની વતી ભિક્ષા લેવા જાય! એમને એમ કે રખે ને મારો અરણિક ભિક્ષા લેવા જતાં શરમાઈને કરમાઈ જાય! એના મનને કયાંક ઓછું આવી જાય! અને ગોચરી જવાના એના દિવસો હજી કયાં વહી ગયા છે?

સાધ્વી ભદ્રા પણ અરણિકને વીસરી ન શકયાં. એનું અંતર તો જાણે "મારો અરણિક! મારો અરણિક! એ કેમ સૂતો હશે અને કેમ રહેતો હશે? કેમ ભણતો હશે અને કેમ સાધુ જીવન જીવતો હશે? એને કોઈ વાતની તકલીફ તો નહીં હોય?" એમ નિરંતર અરણિકને જ સંભાર્યા કરતું.

માતૃત્વની અમર ગંગા એવી તો અવિરત વહેતી રહી કે એને કોઈ ત્યાગ, કોઈ તપ, કોઈ સંયમ કે કોઈ વૈરાગ્યનો ઉગ્ર તાપ પણ સૂકવી ન શકયો!

કોઈક અવસર મળ્યે એ અરણિકને મન ભરીને નીરખી જતાં અને એને પ્રસન્ન જોઈને અંતરમાં અનેરી ટાઢક અનુભવતાં.

આ રીતે લોહીના સગપણે બંધાયેલા ત્રણ સાધકોનો સમય પસાર થતો હતો.

એક વાર ત્રણે એક ગામમાં હતાં. ઉનાળાનો સમય હતો. દત્તમુનિ આત્મવૈરાગ્ય અને પુત્રવાત્સલ્યમાં કાયાને ઘસીને એક દિવસે સ્વર્ગે સંચરી ગયા.

યૌવનમાં ડગ માંડતા મુનિ અરણિકને માટે દુઃખના દહાડા આવી પહોંચ્યા.

છતાં કોઈ કોઈ વાર માતાનું દર્શન એને આશ્વાસન આપી જતું અને સંયમમાં સ્થિર થવાની પ્રેરણા આપતું.

હવે તો પિતા-દત્તમુનિ-નહોતા એટલે વડીલ અને વૃદ્ધ શ્રમણોની શુશ્રૂષા કરવાનું અને ગોચરી લાવવાનું કામ મુનિ અરણિકને માથે આવી પડયું.

કદી કામ નહીં કરેલું એ કામ કરવાનું માથે આવ્યું, અને એમાંય અંતરમાં નમ્રાતિનમ્ર ભાવ ધરીને–અરે, નામશેષ જેવા બનીને–ભિક્ષા લેવા જવાનું માથે આવ્યું! મુનિ અરણિકને માટે તો એ કોઈ રાજકુમારને નોકરી કરવા જવું પડે એવું વસમું થઈ પડયું.

પણ આ તો શ્રમણ જીવન: એમાં શરમ કરી ન ચાલે! પ્રમાદ સેવ્યો ન પાલવે! કર્તવ્યનું અણીશુદ્ધ પાલન એ જ એનો એકમાત્ર માર્ગ.

યુવાન મુનિએ એ માર્ગે પોતાના મનને પલોટવા પ્રયત્ન આદર્યો.

[૩]

નગરના એક માર્ગ ઉપર એક સુંદર હવેલી: ભારે મોટી તો નહીં પણ બે ઘડી જોઈ રહેવાનું મન થાય એવી નમણી—જાણે યૌવનમાં ડગ માંડતી કોઈ યુવતી જ જોઈ લ્યો.

ઝીણી ઝીણી કોરણી, માપસરની માંડણી, નાજુક નાજુક એનાં છજાં ઝરૂખા, ઠેર ઠેર દોરેલી સુરેખ ચિત્રાવલી અને રંગોની મિલાવટથી શોભતી એ હવેલી જાણે એના માલિકના સુખી અને સમૃદ્ધિશાળી જીવનની શાખ પૂરતી હતી.

કોઈ કોઈ વાર એ હવેલીમાંથી સંગીતની મધુર સૂરાવલીઓ રેલાતી અને ત્યાંથી પસાર થતા વટેમાર્ગુના મનને રોકી લેતી. વટેમાર્ગુ પળવાર થંભી જતો અને નયનમનોહર હવેલીને જોઈને અને કર્ણમધુર સૂરાવલીને સાંભળીને પ્રસન્ન પ્રસન્ન થઈ જતો. એ ક્યારેક વિચારતો : કેવાં સુખી હશે આ હવેલીનાં વસનારાં !

પણ ઊજળું એટલું બધું દૂધ નહીં અને પીળું એટલું બધું સોનું નહીં !

હવેલીયે ભવ્ય હતી અને સંપત્તિયે અઢળક હતી; પણ ભર્યા સરોવર વચ્ચેય ચાતકનું ભાગ્ય તરસે મરવાનું હોય, એવું આ હવેલીને થયું હતું.

એ હવેલીમાં વસતી હતી માત્ર એક જ નારી. દાસ દાસી તો ઘણાં હતાં, પણ ઘરનું સ્વામીપણું તો માત્ર એ નારીનું જ હતું.

એ નારી પણ કેવી ! જાણે જાજરમાન રૂપ જ જોઈ લ્યો. એવી જ પાતળી દેહયષ્ટિ, એવું જ લાવણ્યભર્યું મુખ, એવો જ ઓજસભર્યો વર્ણ ! જાણે કોઈ શિલ્પીએ સંગેમરમરમાં કોતરેલી કોઈ દેવાંગના જ સામ્મને ! એને તે નારી કહીએ ? માનુની કહીએ ? ભામિની કહીએ ? કે કામિની કહીએ ? એ બધુંય જાણે એમાં સાકાર થતું હતું.

એના બોલ પણ એવા મીઠા ! એની ચાલ પણ એવી મોહક !

ખાવાપીવાની એને ત્યાં કોઈ કમીના ન હતી. સોનારૂપાનાં સોગઠે એ રમતી અને હીરામાણેક અને મણિ-મુક્તાફળનાં આભૂષણોનો એને ત્યાં કોઈ પાર ન હતો ! હીર-ચીર તો એને ત્યાં જાણે અભરે ભરાતાં.

આ બધુંય હતું, છતાં એની દશા 'વન વગડામાં રૂપબાઈ એ...ક...લી' જેવી હતી.

એ પ્રોષિતભર્તૃકા હતી—એનો અંતરનો સ્વામી પરદેશ સિધાવ્યો હતો. પિયુના વિયોગમાં એ ઝૂરતી હતી, અને એનું યૌવાન તો હિલોળે ચડ્યું હતું. પિયુ હોય કે ન હોય, યૌવન તો પોતાની પાંખો પસારવામાં કોઈની વાટ જોતું નથી.

એ સ્વસ્થ રહેવા પ્રયત્ન કરતી અને એનું મન એકાકી બની જતું.

એ સાદાં વસ્ત્રો પહેરતી, અને એની કાયા વધારે રૂપ કાઢી બેસતી.

એનું દિલ પ્રિય જનના કંઠાશ્લેષ માટે તલસી રહ્યું હતું. ભર સરોવર વચ્ચે જાણે ચાતકી તૃષામાં તરફડતી હતી.

છતાં યૌવનને તો કશી જ શરમ ન હતી !

ઘીનો ઘડો જાણે એના ઓગાળનાર અગ્નિની રાહ જોતો હતો !

બિચારી પ્રોષિતભર્તૃકા !

(૪)

અરણિક મુનિએ હજી ગોચરી માટે નીકળવાનો પ્રારંભ જ કર્યો હતો. મન કોઈ રીતે માનતું નહીં, પણ શ્રમણ જીવનનો ધર્મ તો પાળવો જ પડતો !

એક દિવસની વાત છે. બે પ્રહર દિવસ વીતી ગયા છે. ગ્રીષ્મ ઋતુનો સમય છે. સૂર્ય બરાબર મધ્યાહ્ને આવ્યો છે અને અરણિક મુનિ અને બીજા શ્રમણો ગોચરી માટે નીકળ્યા.

બીજા શ્રમણો તો ટેવાયેલા અને કાબેલ એટલે ઝટ પોતાના માર્ગે આગળ નીકળી ગયા, અને મુનિ અરણિક એકલા પડી ગયા.

ઉપર આકાશમાંથી જાણે આગ વરસતી હતી; ધરતી જાણે તવાની જેમ તપી ગઈ હતી; ઉઘાડા પગ અને ઉઘાડું માથું, અને શરીરે જીર્ણ-શીર્ણ આછાં વસ્ત્રો ! અરણિક મુનિની સુકોમળ કાયા જાણે આ પંચાગ્નિ પાસે ત્રાહ્ય ત્રાહ્ય પોકારી રહી હતી.

આખી કાયા તપી ગઈ છે, બધાં અંગો પરસેવાથી રેબઝેબ થઈ ગયાં છે, ચહેરો તાંબા જેવો રક્તવર્ણો બની ગયો છે. એનું ચિત્ર આ અસહ્ય યાતના આગળ જાણે રાંક બની જાય છે. અરે, હવે તો ભિક્ષાની ઝોળી પણ ભારરૂપ લાગે છે ! આ જીવન પણ ભારભૂત થઈ પડ્યું છે.

એ પાંચપચ્ચીસ ડગ માંડ ચાલે છે અને વળી પાછા છાંયો જોઈને ખડા રહી જાય છે, પણ જાણે રસ્તાનો

અંત આવતો નથી. એમનું ચિત્ત તો વધુ વિષાદઘેરું બની જાય છે.

ચાલતા ચાલતા એ પેલી હવેલી નીચે આવી પહોંચે છે. હવેલીનો લાંબો પડછાયો જાણે એમને ઉદ્યાનસમો શીતળ લાગે છે. એ ત્યાં રોકાઈ જાય છે. પગ જાણે હવે આગળ વધવા તૈયાર નથી. અને ચિત્ત તો જાણે હવે સાવ પાંગળું બની ગયું છે !

કરમાયેલા કમળની જેમ શ્રમણ અરણિક ત્યાં ખિન્ન વદને ઊભા છે. એટલામાં એકાએક એમના કાને શબ્દો આવે છે : "મુનિવર ! આપ અંદર પધારો ! આ હવેલીની સ્વામિની આપને બોલાવે છે."

"ત્યાં ભિક્ષાલાભ થશે ?"

"ત્યાં બધું તૈયાર છે."

મુનિનું મન જાણે શાતા અનુભવી રહ્યું.

મુનિ હવેલીમાં દાખલ થયા. હવેલીની સ્વામિનીએ સામે આવીને મુનિવરને ભારે આદરમાન દીધાં, અભિવાદન કર્યું.

મુનિનો વિષાદ ધીમે ધીમે ઓસરવા લાગ્યો.

માનુનીએ મુનિવરને ભાવપૂર્વક મોદક વહોરાવ્યા.

મુનિવરનો સંતપ્ત આત્મા શાંત થયો. એમણે ધર્મલાભ આપીને પોતાની ઝોળી સંકેલી લીધી, અને જવાની તૈયારી કરી.

માનુની સામે આવીને ઊભી રહી અને કટાક્ષભર્યું હાસ્ય કરતી બોલી : "મુનિવર ! આવા ધોમધખતા બપોરે ક્યાં ઉપાશ્રયે પાછા જશો ? જરા આપની કાયા સામે તો જુઓ ! કેવો રૂપાળો યૌવનભર્યો દેહ ! અને કેવો કરમાઈ ગયો છે ! અહીં જગ્યાની ક્યાં કમી છે ? આપ સુખેથી એક ઓરડામાં બેસો, ગોચરી કરો, આરામ કરો ! ઉપાશ્રયે જવાની વેળા ક્યાં વીતી જવાની છે ?"

મુનિવરને તો રોતીને પ્રિયરીઆ મળ્યા જેવું કે દોડતાને ઢાળ મળ્યા જેવું થયું. પિતાનો સ્વર્ગવાસ અને રોજ ભિક્ષા માગવાનો પરિસહ, અને બીજી પણ કંઈ કેટલી માથાકૂટો ! એ બધાથી એ કંટાળી ગયા હતા. એમાં આવું સુખવૈભવભર્યું આરામ માણવાનું ભાવભર્યું આમંત્રણ મળ્યું. મનને ઊંડે ઊંડે જે જોઈતું હતું તે કહેનાર જાણે વૈદ્ય મળી ગયો.

પછી તો માનુની અને મુનિવર વચ્ચે કંઈ કંઈ વાતચીત થઈ; અને વાતે વાતે મુનિવરનું મન, સુંવાળી ભૂમિ ઉપર પગ લપસવા લાગે એમ, આરામ અને આનંદ તરફ લપસતું જતું હતું.

પછી તો માનુની અને મુનિવરનાં મનોએ કંઈ કંઈ અબોલ બોલી લીધા.

મુનિવરનું અપકવ મન રમ્ય હવેલી અને મનહર માનુનીની છાયામાં આરામ શોધી રહ્યું.

મુનિ અરણિકની ભિક્ષાઝોળી તે દિવસ ઉપાશ્રયે પાછી ન આવી !

(૫)

ગોચરીનો સમય વીતી ગયો, છતાં શ્રમણ અરણિક પાછા ન આવ્યા.

બીજા શ્રમણોએ વિચાર્યું : તાપને કારણે ક્યાંક રોકાઈ ગયા હશે; હમણાં આવી પહોંચશે.

બીજો એક પ્રહર વીત્યો, છતાં મુનિ તો ન જ આવ્યા.

બીજા શ્રમણોએ નગરમાં તપાસ કરી, પણ એનો પત્તો ન જ લાગ્યો. શ્રમણો વિમાસણમાં પડી ગયા. પણ એ કરે શું ?

પછી તો વાત નગરમાં ચર્ચાનો વિષય બની ગઈ. આ રીતે મુનિ અદૃશ્ય થઈ જાય એમાં કોઈને અચંબો લાગ્યો, કોઈને કુતૂહલ થયું, કોઈને ધર્મની હાનિ થતી લાગી અને કોઈના મનમાં ગ્લાનિ અને કરુણાના ભાવ ઊભરાઈ આવ્યા.

પણ બધા મનમાં જ લાગણીઓ અનુભવતા; કોઈને હવે શું કરવું એ જાણે સૂઝતું જ ન હતું.

વાત ચાલતી ચાલતી સાધ્વી ભદ્રાને કાને પહોંચી ગઈ.

એ તો માતા ! સાંભળીને એને થયું : શું, મારો અરણિક ખોવાઈ ગયો ? અલોપ થઈ ગયો ? અદૃશ્ય થઈ ગયો ? પણ એવું બને ખરું ? માનવી જેવો માનવી આમ ક્યાં ખોવાઈ જાય ?

ધીમે ધીમે એનું માતૃહૃદય જાગ્રત થવા લાગ્યું. સાધ્વીનો વેષ, સાધ્વી જીવનની સાધના અને આટલા લાંબા સમયનું વૈરાગ્ય અને તપ ત્યાગ સંયમનું આરાધન એના માતૃહૃદયને ન દબાવી શક્યાં !

અર્હન્નક ! અરણિક ! પોતાનો એકનો એક પુત્ર ! અને પોતાના પતિ મુનિ દત્તના સ્વર્ગગમન પછી પોતાને

સોંપાયેલી અમૂલખ થાપણ ! મુનિ બનેલો અરણિક ! શું એ વગર મોતે મરી ગયો ?

એનું માતૃવાત્સલ્ય આજે કોઈ પ્રતિબંધને ગણકારવા તૈયાર ન હતું.

એ તો પહોંચી ઉપાશ્રયે અને શ્રમણોને વિધવિધ પ્રશ્નો પૂછીને જાણે એમને મૂંઝવી માર્યા ! છતાં એના હૈયાને સંતોષ ન થયો.

એ પોતાના સાધ્વીજીવનને જાણે વીસરી ગઈ.

એ શ્રમણોપાસકોને ઘેર ઘેર ફરવા લાગી અને પૂછવા લાગી કે " મારો અરણિક તમારે ત્યાં ભિક્ષા લેવા આવ્યો હતો ? " પણ એને ક્યાંય સંતોષ ન થયો.

એનું માતૃહૃદય વધારે ઉત્તેજિત થઈ ગયું. એ બહાવરી બની ગઈ, અને રસ્તે ચાલતા જે તે માનવીને પૂછવા લાગી : " ભાઈ ! તમે ક્યાંય મારા અરણિકને જોયો ? "

જવાબમાં ના સાંભળતી અને એનાં નેત્રો અશ્રુથી ઊભરાઈ જતાં.

એક તો પોતાનો પુત્ર અને એમાંય ધર્મમાર્ગને વરેલો ! ભલા, એની અધોગતિ થવા દેવાય ખરી ? એને થયું: મેં કાચી ઉંમરે એને ત્યાગને માર્ગે વાળ્યો, એનું તો આ દુષ્પરિણામ નહીં હોય ?

એ વિચારથી તો ભદ્રા પાગલ બની ગઈ !

એણે માનવીઓને પૂછવાનું પણ માંડી વાળ્યું અને ' અરણિક ', ' મારો અરણિક 'ના પોકારો પાડતી એ શેરીઓ અને બજારોમાં, ચોરે અને ચૌટે ઘૂમવા લાગી.

ભદ્રાના દુઃખનો કોઈ પાર નથી. એનું પુત્રઘેલું હૃદય આજે લોકલાજને વીસરી ગયું છે, અને એના રોમરોમમાંથી જાણે ' અરણિક ', ' અરણિક 'નો સાદ જ ઊઠી રહ્યો છે.

અને લોકોને તો જાણે ભારે કુતૂહલ થયું છે.

પાગલ બનીને અરણિકના નામનો પોકાર પાડતી ભદ્રાની પાછળ લોક ટોળે વળ્યું છે અને ગોકીરો મચાવી રહ્યું છે.

" અરણિક, અરણિક કરતી મા ફિરે,
ગલીએ ગલીએ બજારોજી !
કહો, કેણે દીઠો રે મારો અરણીલો,
પૂંઠે લોક હજારોજી ! "

ભદ્રા ! ઘેલી ભદ્રા ! તારા માતૃહૃદયનાં મૂલ પામર માનવીઓ શું પામી શકે ?

એના પોકાર તો ચાલુ જ રહ્યા.

પેલી માનુની અને કુમાર અરણિક હવેલીના ઝરૂખામાં બેહાં બેહાં સોગઠે રમી રહ્યાં છે. દાસદાસીઓ પક્કો બોલ ઝીલવા તૈયાર ખડાં છે. હાસ્ય અને વિનોદ ચાલી રહ્યાં છે. જાણે સાક્ષાત્ સ્વર્ગનું સુખ ત્યાં વિલસી રહ્યું છે. ન કોઈ દુઃખ, ન કોઈ અશાતા, ન કોઈ ચિંતા કે ન કોઈ પરવા !

ત્યાં પોતાના નામનો પોકાર અરણિકના કાને અથડાય છે. પળભર એ સ્તબ્ધ બને છે. પણ ફરી પાછો માનુનીના મોહપાશમાં એ ડૂબી જાય છે. એને થાય છે : આ તો માત્ર ભ્રમણા ! અહીં મારું નામ ઉચ્ચરનાર કોણ હોય ભલા ?

ફરીવાર એ જ અવાજ સંભળાય છે, અને અરણિક ચમકી જાય છે. પણ વળી પાછો પાસા અને સોગઠાંની રમઝટમાં એને વીસરી જાય છે.

પણ પછી તો ' અરણિક ! ' ' અરણિક 'ના પોકારો નિરંતર આવવા લાગ્યા. જાણે આકાશના ગુમ્બજમાં એ નામ ઘોરવા માંડ્યું હતું.

હવે તો એની ઉપેક્ષા કરવી અશક્ય હતી. કુમાર અરણિક ઝરૂખામાં ઊભો થઈ ગયો, અને અવાજની દિશામાં પોતાની નજરને દોડાવી રહ્યો.

એણે ત્યાં શું જોયું ?

એણે જોયું કે એક વૃદ્ધા ચાલી આવે છે. એની પાછળ ઘણાં લોક ટોળે વળ્યાં છે. ઉજ્જડ એનો ચહેરો છે; બહાવરી એની આંખો છે; અસ્તવ્યસ્ત એનાં વસ્ત્રો છે: અને એના મુખમાંથી જાણે મંત્રની જેમ ' અરણિક ! મારો અરણિક ! 'ના શબ્દો નીકળી રહ્યા છે.

અરણિક તો વધારે તીણી નજરે તાકી રહ્યો : આ કોણ ભલા ?

પેલી વૃદ્ધા વધુ નજીક આવી.

એના છેલ્લા અવાજે અરણિકના હૃદયનાં પડળને ભેદી નાંખ્યાં. માતૃત્વનો સાદ એના હૃદયસોંસરો ઊતરી ગયો.

એણે જોયું : અરે ! આ તો ભદ્રામાતા ! મારી માતા ! મારી જનની !

એ તો પેલી માનુનીને એક શબ્દ પણ કહેવા થોભ્યા વગર માતાના ચરણોમાં આવીને ખડો થયો !

માતાને પુત્ર ઓળખતાં વાર ન લાગી : "મળ્યો, છેવટે મારો પુત્ર મને મળ્યો ! વત્સ અરણિક !"

અને એની આંખો માતૃવાત્સલ્યનાં અમી વર્ષાવીને પ્રણમતા પુત્રનો અભિષેક કરી રહી.

એનું ગાંડપણ ક્યાંક ચાલ્યું ગયું. એનું બહાવરાપણું પણ અદૃશ્ય થઈ ગયું !

એ સંપૂર્ણ સ્વસ્થ બનીને પુત્રને નીરખી રહી, એનાં અંગોને પંપાળી રહી : મારો અરણિક !

દેવને પણ દુર્લભ એવું માતા-પુત્રનું એ મિલન જેમણે નિહાળ્યું એ ધન્ય બની ગયા.

માતા અને પુત્ર જાણે મૌન વાણીમાં વાતો કરી રહ્યાં.

* * *

શરમ અને પશ્ચાત્તાપનાં આંસુ સારતા અરણિકને આશ્વાસન આપતાં સાધ્વી ભદ્રા બોલ્યાં : "વત્સ ! આત્માને અજવાળવાનો મારગ તારાથી તજાય ખરો ? તારા પિતાને તો સંભાર ! ક્યાં તારો ધર્મ અને ક્યાં તું ?"

"વચ્છ ! તુજ ન ઘટે રે ચારિત્રથી ચૂકવું,
જેહથી શિવસુખ સારીજી !"

અરણિક શરમાઈ ગયો. એની વાણી જાણે સિવાઈ ગઈ.

સુંવાળપને માર્ગે ચાલવા ટેવાઈ ગયેલું મન સંયમ-જીવનની કઠોરતાના વિચારથી વિહ્વળ બની ગયું.

પણ માતાને શું જવાબ આપવો ?

એક તરફ સાધ્વી માતા હતી, બીજી તરફ મદભર માનુની હતી ! એક તરફ ધગધગતી ધરતી હતી, બીજી તરફ શીતતલા અર્પતી હવેલી હતી ! એક તરફ વૈરાગી શ્રમણ જીવનનાં આકરાં તપ, ત્યાગ અને સંયમ હતાં, બીજી તરફ સંસારનાં સર્વ સુખ, વૈભવ અને વિલાસો હતા !

અરણિક વિમાસી રહ્યો : કયે મારગ જવું ? માતાને કે માનુનીને ? પણ કઠોર માર્ગ એને રુચતો ન હતો. અજાણતાં જ એનાથી બોલી જવાયું :

"હું કાયર છું રે, મારી માવડી !
ચારિત્ર ખાંડાની ધારોજી"

"માડી ! માડી ! મને ક્ષમા કર ! ચારિત્રની ખાંડાની ધાર ઉપર ચાલવાનું મારું ગજું નથી !"

ભદ્રા તો સાંભળી જ રહી : મારો અરણિક આ શું કહી રહ્યો છે ? આવો કાયર બની ગયો ?

પણ હવે વાણીનું કામ ન હતું. સાધ્વી ભદ્રાએ છેલ્લી નજર અરણિક ઉપર સ્થિર કરી. એ નજરમાં જાણે વિદ્યુતની વેધક શક્તિ ભરી હતી.

એમાં શું શું ભર્યું હતું ! એમાં અપાર વેદના ભરી હતી, અમાપ કરુણા ભરી હતી અને અસીમ શિક્ષા ભરી હતી !

એ દૃષ્ટિ અરણિકના અંતરને સ્પર્શી ગઈ, અને એ માતાની ચરણરજ માથે ચડાવીને એની સાથે ચાલી નીકળ્યો !

એ દિવસે માતૃત્વનો અપૂર્વ વિજય થયો !

★



જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિજી
અને
'જેજીયા' કર-મુક્તિ

પં. લાલચંદ ભગવાન્ ગાંધી

[૩]

(૫) ગુજરાતના મહાન સુપુત્ર પુણ્યશ્લોક આચાર્ય શ્રીહીરવિજયસૂરિજીનું સવિસ્તર ચરિત્ર જાણવા માટે સંસ્કૃતભાષામાં ૧૭ સર્ગોવાળું ઐતિહાસિક 'હીર સૌભાગ્ય' નામનું મહાકાવ્ય રચી યશસ્વી કાર્ય તેમના સમકાલીન મહાકવિ પં. દેવવિમલગણિએ બનાવ્યું છે. પ્રાચીન પ્રસિદ્ધ મહાકાવ્યો સાથે સ્પર્ધા કરતા એ સ્વોપજ્ઞ કાવ્યના ભાવને વિશેષ સ્પષ્ટ કરતી 'સુખાવ-બોધા' નામની વિસ્તૃત દસહજાર શ્લોક-પ્રમાણવૃત્તિ સાથે રચીને કવિએ એને વિશિષ્ટ ઉપયોગી બનાવ્યુ છે. કવિએ એ કાવ્યના પ્રત્યેક સર્ગના અંતિમ શ્લોકમાં પોતાનો પરિચય કરાવતાં પિતા શિવ સાધુ(શાહ) અને માતા સૌભાગ્યદેવીના પુત્ર તરીકે, તથા ગુરુ પં. સીહ-વિમલગણિના શિષ્ય તરીકે પોતાને ઓળખાવેલ છે. કવિના ગુરુ સિંહવિમલ, ઉપાધ્યાય વિમલહર્ષ સાથે પાતશાહ અકબરની પહેલાં મુલાકાત કરી આવ્યા હતા, અકબરનો સ્વભાવ, અભિપ્રાય અને બીજી જરૂરી હકી-કત પ્રથમથી જાણી આવ્યા હતા, તથા ગુરુજી હીર-વિજયસૂરિજીના આગમનના સમાચાર આપી આવ્યા હતા.

ઉપર્યુક્ત હીરસૌભાગ્ય મહાકાવ્યને આજથી ૫૮ વર્ષો પહેલાં ઈસ્વીસન ૧૯૦૦માં પોતાની કાવ્યમાલામાં નં. ૬૭ તરીકે પ્રકાશિત કરવાનું શ્રેય મુંબઈ-નિર્ણય-સાગર પ્રેસના સંચાલકોને પ્રાપ્ત થયું. તેના સંપાદક વિદ્વાનોને એક જ પ્રતિને આધારે સંશોધન કરવું પડ્યું હોવાથી તથા જૈનસાહિત્ય, પ્રાકૃતભાષા, પ્રાચીન ગુજરાતી ભાષાનો વિશેષ પરિચય ન હોવાને કારણે વૃત્તિમાં આવેલાં તેવાં અવતરણોમાં ઘણી સ્ખલનાઓ-અશુદ્ધિઓ રહી ગયેલી કે થઈ ગયેલી જણાય છે. એથી પદ-ચ્છેદ અને પદ-યોજના કરવામાં ઘણે સ્થળે ખામીઓ જોવામાં આવે છે. એનું વિશુદ્ધ નવીન સંસ્કરણ પ્રકાશિત થાય-એ ઇચ્છવાયોગ્ય છે. માત્ર જૈનોએ જ નહિ, સર્વ કોઈ જિજ્ઞાસુ-સંસ્કૃત અભ્યાસીઓએ પઠન-પાઠન કરવા યોગ્ય આ શ્રેષ્ઠ મહાકાવ્ય છે. કોઈ ઉત્સાહી અભ્યાસી ધારે તો એનો વિશિષ્ટ અભ્યાસ કરી એના પર મહાનિબંધ લખી પીએચ.ડી. જેવી ડીગ્રી મેળવી શકે-એવી વિવિધ વિશાલ સામગ્રી એમાં ભરેલી પડી છે. એની વૃત્તિમાં વ્યાકરણ, કોશકાવ્ય, સાહિત્ય આદિ વિવિધ પ્રમાણો, અવતરણો સ્થળે સ્થળે ટાંકેલાં છે એમ પ્રાસંગિક સૂચવી શકાય.

પ્રસ્તુતમાં સંબંધ ધરાવતું કથન, એ હીરસૌભાગ્ય-કાવ્યના ચૌદમા સર્ગમાં મળે છે. ત્યાં 'હીરવિજયસૂરિ એ ગુજરાતમાં-અણહિલ્લપુર પત્તન (પાટણ) ને અલંકૃત કર્યું'—એ વર્ણન કર્યા પછી કવિએ શ્લોક ૨૭૦માં છે કે "વાચકવર (ઉપાધ્યાય) શ્રીશાંતિચંદ્રગણિએ શાહ અકબર પાસેથી વિદાય માગતાં કહ્યું કે ગુરુજીની આજ્ઞાથી, સમસ્ત ઉચિતકર્મમાં કુશળ બુદ્ધિશાળી અને વચન વડે બૃહસ્પતિ જેવા ભાનુચંદ્ર નામના શ્રેષ્ઠ વિદ્વાનને અહીં ફતેપુરમાં (આપની પાસે) મૂકી ગુરુજી શ્રીહીરવિજય-સૂરિજીને નમન કરવા ઉત્સુક હું આપની આજ્ઞા હોય તો તે તરફ પ્રયાણ કરું—જાઉં."

શ્લો૦ ૨૭૧માં હીરવિજયસૂરિ-ચંદ્રના આદેશથી કૃપારસકોશને નિરંતર સંભળાવવામાં ચતુર એ વાચક-શ્રેષ્ઠ શાંતિચંદ્રને, પાતશાહ અકબરે એ પછી ઘણા હર્ષથી પોતાની પાસેથી ગુરુ શ્રીહીરવિજયસૂરિ પાસે મોકલ્યા હતા. પાતશાહે ગુરુજીને આપવાની પોતાના તરફની ભેટ તરીકે જેજીયક નામના ગૂજરાતના કર-વિશેષને મુક્ત કરવાના અને અમારિ (અહિંસા જીવદયા) ના ફરમાન (પોતાની નામમુદ્રાથી અંકિત લેખ) સાથે તથા પોતાના સંદેશ સાથે તેમને મોકલ્યા હતા. ત્યાં શ્લો૦ ૨૭૨માં સૂચવ્યું છે કે ઉપાધ્યાય શાંતિચંદ્રે પાટણ

(ગૂજરાત)માં આવી પાતશાહે આપેલ એ ફરમાન-વૃત્તાન્ત સૂરીન્દ્ર આગળ નિવેદિત કર્યો હતો.

શ્લો૦ ૨૭૩ થી ૨૭૫માં ગુરુજીના વચનથી પાતશાહ અકબરે હિંદુ અને મ્લેચ્છભૂમિમાં પોતાના અધીન આર્ય અને અનાર્ય સર્વ દેશોમાં પ્રત્યેક વર્ષમાં ૬ મહિના અને ૬ દિવસ સુધી અમારિ (અહિંસા) પ્રવર્તાવી હતી–તેની વિગત આપેલી છે (લે. ૨માં જણાવ્યા પ્રમાણે).

શ્લો૦ ૨૭૬માં જેજીયાકર-વિમુક્તિ સંબંધમાં જણાવ્યું છે કે આ જેજીયા નામનો કર (દંડ) ગૂજરાત વગેરે દેશોમાં પ્રસિદ્ધ હતો, આ કર વડે જનપદ (ગૂર્જર-મંડલ) ઉદ્વેગ–ક્લેશ પામ્યો હતો. જેમ ક્ષયરોગ ધીમે ધીમે શરીરને ક્ષીણ (દુર્બલ) કરતાં દેહનો ત્યાગ કરાવે છે, એથી દેશ અને લોક ઉદ્વેગ પામે છે. તેમ આ જેજીયાકર પણ લોકને પોતાની અને દેશની ક્ષીણતા–દરિદ્રતા કરાવનાર હોઈ તથા દ્રવ્યના અભાવથી, દેવાની અશક્તિથી જલ્દીથી પોતાના પુરને–નિવાસનગરને પણ તજાવનાર થઈ ભયકર નીવડ્યો હતો. જેમ તીર્થંકરની દેશના વડે શ્રેયના અભિલાષી વડે સંસાર તજાય છે, તેમ આવા આ જેજીયાકરને સૂરિ (હીરગુરુ)ના વચનથી મહીશક-પાતશાહ અકબરે વિમુક્ત કર્યો હતો—સર્વ દેશોમાં નિવાર્યો હતો.

ત્યાં શ્લો૦ ૨૭૭થી ૨૭૯માં જણાવ્યું છે કે પં. ભાનુચંદ્રજી અત્યન્ત હિમની શીત-પીડા સહીને પણ કાશ્મીરના માર્ગમાં ભૂષણરૂપ દસયોજન (૪૦ કોશ પ્રમાણ) જય-નલલંકા નામના સરોવરમાં, વહાણમાં નૌકા વિહારમાં વિહરતા પાતશાહ અકબરને હીરસૂરિજી ગુરુજીના સંદેશ વચનથી પ્રેરાઈને મળ્યા હતા અને શત્રુંજયગિરિની યાત્રા કરવા ઇચ્છતા લોકોને તે સમયે જે કર આપવો પડતો હતો, તેને મૂળથી જ મુક્ત કરાવવા તેમણે વિજ્ઞપ્તિ કરી હતી. કવિએ શ્લો૦ ૨૮૦માં જણાવ્યું છે કે યુક્ત કરનાર આ શ્રેષ્ઠ પાતશાહે, જેણે પહેલાં કુમારિકા જેવી અમારી (અહિંસા–જીવદયા)નું પોતાની જેજિયા નામના કર-મોચનથી અલંકૃત કરેલી પ્રભુ (હીરવિજયસૂરિ)ને હર્ષથી પ્રદાન કર્યું હતું તેણે પૃથ્વીને શુલ્ક (દાણ–જકાત)થી રહિત કરીને, જિન-મતને નિત્ય ઉત્સવવાળો કરીને તેના દાયજ્જમાં–પહેરામણીમાં શ્રીસિદ્ધગિરિ (શત્રુંજયપર્વત)ને કરરહિત કરી અર્પણ કર્યો હતો. *

શ્રીહીરવિજયસૂરિનો સં. ૧૬૫૨માં સ્વર્ગવાસ થયા પછી તેમના શિષ્ય પં. વિજયચંદ્રના શિષ્ય પં. નય-

* "निःशेषोचितकर्मकर्मठधियं वाचैव वाचस्पतिं,
मुक्त्वा तत्र च भानुचन्द्रविबुधाधीशं गुरूणां गिरा ।
श्रीमद्वाचक शान्तिचंद्रगणिने याख्यायि साहेः पुरः,
शिष्टिः स्याद् यदि वः प्रयामि तदहं नन्तुं गुरूनुत्सुकः ॥

प्रह्लादेन ततो गुरून् प्रति निजात् पार्श्वात् स जेजीयका-
मारीणां फुरमानढौकनकरः सन्देशवाचो वहन् ।
श्रीमत्सूरिसितांशुशासनकृपाकोशानिशश्रावण—
च्छेकः प्रैषि नृपेण वाचकवरः शान्त्यादिचन्द्राभिधः ॥

येनोद्वेगमवापितो जनपदः स्वक्षीणताकारिणा,
तूर्णं त्याजयता निजं पुरमपि प्राणिव्रजान् यक्ष्मवत् ।
शम्भार्देशनया भवस्तनुमतेवांशसुना श्रेयसे,
जेजीयाख्यकरो व्यमोचि च महीशक्रेण सूरेर्गिरा ॥

भूभृत्कुकुद एष जेजियकर-व्यामुक्त्यलंकारितां,
योऽमारिं स्वकुमारिकामिव मुदा पूर्वं प्रदाय प्रभोः ।
निःशुल्कां पृथिवीं पुनर्जिनमतं निर्माय नित्योत्सवं,
श्रीमत्सिद्धधराधरं प्रददिवांस्तद् यौतके युक्तकृत् ॥"

"जेजीयकाख्यो गौर्जरकरविशेषस्तन्मोचनयुक्ता—
मारीणां फुरमानं स्वनाममुद्राऽङ्कितलेखः स एव
ढौकनं प्राभृतं."

"सूरेर्हीरगुरोर्गिरा वाङ्मात्रेण स गूर्जरादिजनपदप्रसिद्धो जेजीया इत्याख्या यस्य तादृङ्नामा करो दण्ड एव महीशक्रेण भूमीन्द्रेण साहिना व्यमोचि-सर्वेष्वेव निवारितः ।...

येन जेजीयाभिधकरेण जनपदो गूर्जरमण्डलमुद्वेगं क्लेशमवापितो नीतः । किंभूतेन ? स्वस्य देशस्यात्मनः क्षीणताया दारिद्र्यस्य कारिणा करणशीलेन । पुनः किं कुर्वता ? प्राणिव्रजान् जननिकरान् निजमपि पुरं स्वकीयमपि निवास-नगरं तूर्णं द्रविणाभावाद् दातुमशक्ततया शीघ्रं त्याजयता मोचयता ।"

"जेजीयाख्वो यः करो जन–दण्डस्तस्य या व्यामुक्ति-र्मोचनं"

હીરસૌભાગ્ય મહાકાવ્ય સર્ગ ૧૪, શ્લો. ૨૭૦, ૨૦૧, ૨૭૬, ૨૮૦.
હીરસૌભાગ્ય—વૃત્તિ સર્ગ ૧૪, શ્લો૦ ૨૭૧, ૨૭૬, ૨૮૦

વિજયના શિષ્ય* કુંવરવિજય કવિએ તે સમયની ગૂજરાતી ભાષામાં શ્રીહીરવિજયસૂરિસલોકો નામની ૮૧ કડીની સક્ષિપ્ત કૃતિ રચેલી છે, તેમાં સૂરિજીના સદુપદેશથી પાતશાહ અકબરે જે સત્કાર્યો કર્યાં, તેની યાદીમાં પણ જીજીઆ-કરમુક્ત કર્યાનો નોંધ છે.

" જાનું રહિમ મેરા મહિલમેં આયા, જબ મિં તેરા દીદાર પાયા; પેસકસી તબ પુસ્તક કેરી, અકબર કીધી તાંમ ઘણેરી. ભી કછુ માંગો ભણેઅ નરિંદ, ચીંતીને જંપે હીરસૂરિંદ; સરોવર ડાબર નામે ઉદાર, રોજ ઘાલે જિહાં જાલ હજ્જાર. તિહાં ન ઘાલે જલચર કોઈ હજરતિ હમકું માંગ્યા ઘો સોઈ; અકબરિ દીધી તિહાં કરી છાપ, તિહાં કિણ ટાલ્યો પાપનો વ્યાપ. રાખે ચોમાસો ગુરૂ ગુણ-ખાણી, દિન પ્રતિ નિસુણિ હીરજીની વાણી; ગુરૂ પ્રતિબોધે અકબર ભૂપ, જીવ-દયાનો કહી સરૂપ. બાંન મેલાવ્યા કરી ઉપગાર, જીવ છોડાવ્યા લાખ હજ્જાર; ગાય ન મારિં કોઈ દેસ-મઝારિ, વરતાવી મહિના છની અમારિ. સબલ ઘણા કર જીજીઆ-નામ, તે પિણ મુંકાવ્યો તિહાં તિણ ઠામ; શેત્રુંજેતીરથ ગિરનારૈં જેહ, અવિચલ મુગતા કરાયાં તેહ. જીવ જલાવી ચડીઅ ઘણેરી, જીભ કઢાવી ચિડકલા કેરી; સેર સવા જે તોલ બત્રીસ, અકબર ખાતો જે નિસ-દીસ. તે પિણ ટાલ્યો દેં ઉપદિસ, અકબર શ્રાવક કીધો વિશેસિં; જગમાંહે હીરજી ! તેં જસ લીધો, અકબર 'જગ-ગુરૂ' બિરૂદ જ દીધો. "

—જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય-સંચય પૃ. ૨૦૧, કડી ૬૭ થી ૭૪. પ્ર. જૈન આત્માનંદ સભા, ભાવનગર.

એ જ સમયમાં એ જ પ્રમાણે સૂરિજીના શિષ્ય વાચક કલ્યાણવિજયના શિષ્ય * કવિ જયવિજયવિજયજીએ વિજયસેનસૂરિના આધિપત્યમાં 'શ્રીહીરવિજયસૂરિ-પુણ્યખાણિ' એ નામની ૨૩ કડીની સજ્ઝાય રચેલ છે, તેમાં પણ આવો ઉલ્લેખ મળે છે—

" વચન સુણી ગુરૂ હીરનાં, તૂહઉ નર-નાહ;
બિરૂદ જગત્ગુરુ થાપીઉં, મનિં ધરી ઉચ્છાહ.
જીવ અમારિ ખટમાસની એ, અકબર સર ગુરૂ દીધ,
ગાય-બલદ-વધ ટાલીયા, મહિષી મહિષ પ્રસિદ્ધ.
મૂંકાવ્યા કર જીજીયા, બહુ બંધ છોડાવ્યા;
શત્રુંજય મુગતઉ કરી, ફુરમાન અણાવ્યાં.
હીર-સમાન સૂરીસરુ એ, દૂઓ નિં હોસઈ કોઈ; "

હીરવિજયસૂરિ પુણ્યખાણિ સજ્ઝાય કડી ૧૨, ૧૩
જૈન ઐ. ગૂ. કાવ્ય-સંચય, પૃ. ૨૦૮
જૈ. આ. સભાથી પ્ર.

(૮)

એ જ પ્રમાણે તેમના સમકાલીન કવિરાજ હર્ષાણંદના શિષ્ય પં. † વિવેકહર્ષે 'શ્રીહીરવિજયસૂરિ-નિર્વાણ' સ્વાધ્યાય નામના ૨૨ કડીના કાવ્યમાં સં. ૧૬૫૬માં લિ. પ્રતિમાં પણ આવો ઉલ્લેખ મળે છે—

" જિણિ જિનધર્મ જગાવિઉ, ગો-વધ નિત્યઈં વારિ,
વરસ પ્રતિં ખટમાસની, વરતાવી જીવ-અમારિ રે.
—જગગુરૂ ગાઈઈ, માન્યઉ અકબરશાહિરે.
જિણિ છોડાવ્યોઓ જજિઉ, મુકાવ્યું જગિ દાંણ,
બંદી લાખ મેહલાવીઆ, ઇમ કીધાં જગત્ર
આશાનરે. જગ૦ "

— શ્રીહીરવિજયસૂરિ નિર્વાણ, કડી ૫, ૬
જૈન ઐ. ગૂ. કાવ્ય-સંચય પૃ. ૨૦૩
જૈ. આ. સભા, ભાવનગર પ્ર૦

સુપ્રસિદ્ધ શ્રાવક કવિ ઋષભદાસે ખંભાતમાં સં. ૧૬૮૫માં રચેલા શ્રીહીરવિજયસૂરિરાસમાં તેમનાં સત્કાર્યોમાં જજીઆ કર મૂકાવ્યાનો પણ ઉલ્લેખ છે—

" હીરવિજયસૂરિનો કહું રાસ, ભણતાં ગણતાં પોંચે આશ;
સુણતાં હોએ જયજયકાર, હીરમુનિ મોટો ગણધાર.
જિણે પ્રતિબોધ્યો અકબર મીર, ગળી પિયે તે મોગલનીર;
અમારી-પડહ વજડાવ્યો જિણેં દંડ દાણ મૂકાવ્યાં તિણેં.
જજીઓ ધૂમો પુંછી જેહ, ઉંબર વરાડ મુકાવ્યો તેહ;
શત્રુંજગિર સો મુગતો કરે, શત્રુંજ ગિરનારેં સંચરે. "

—ઢાળ ૧લી, કડી ૧-૩

" હીર કહે તુમ્હ ભલા સુજ્ઞાણ, છોડા પુંછી જજીઆ-દાણ;
અકર અન્યાય તીરથ મુંડયુકું, તે કિમ હોઈ પાતશા થકું ?
કહે પાતશા છોડયા સબ્બ, કછુ ભી માંગો જગગુરૂ ! અબ્બ;
હીર કહે બોહોત તુમ દીઆ, કોઈ ન કરે તે તમહિં કીઆ."

—સં. ૧૯૭૨માં દે. લા. પુ. ફં. પ્ર. આનંદકાવ્ય મહોદધિ મૌ. પમું, પૃ. ૩, ૧૩૮.

* " હીરજીનો ચેલો વલીઅ વખાણો, નામે વિજયચંદ્ર પંડિત જાણો; નયવિજય પંડિત જગીસ, તસ સીસ કુંઅરવિજય કવીસ. ૮૦ " —હીરવિજયસૂરિ-સલોકો.

* " સિરિકલ્યાણવિજય વાચક-પતિ, દીઠઈ મન મોહઈ.
તાસ સીસ જયવિજય ભણઇ એ, પુરૂ મનહ જગીસ;
સિરિવિજયસેન સૂરીસરુ, પ્રતપઉ કોડિ વરીસ ૨૩ "

† " ઈઅ શ્રીવીર-શાસન જગત્રિ ભાસન શ્રીહીરવિજય સૂરીસરો,
જસ શાહિ અકબર-દત્ત છાજઈ બિરૂદ સુદર 'જગગુરો';
જસ પટ્ટ પ્રગટ પ્રતાપી ઉગ્યઉ શ્રીવિજયસેન દિવાકરો,
કવિરાજ હરષાણંદ પંડિત વિવેકહર્ષ સુહંકરો. ૨૨"

(૧૦)

સદ્‌ગત ઇતિહાસ-પ્રેમી મુનિરાજ શ્રીવિદ્યાવિજયજીએ ગુજરાતી, સંસ્કૃત, હિંદી, ઉર્દુ, અંગ્રેજી જૈન, જૈનતર ૯૬ ગ્રંથોના આધારે રચેલ 'સૂરીશ્વર અને સમ્રાટ' નામના ગુજરાતી ગ્રંથમાં, તથા તેના હિંદી અનુવાદમાં પણ આ 'જજીયાવેરા' સંબંધમાં સૂચનો કર્યો છે. ય. વિ. ગ્રંથમાળા, ભાવનગર તરફથી સં. ૧૯૭૯માં પ્રકાશિત થયેલી તેની બીજી આવૃત્તિમાં પૃ. ૧૪માં જણાવ્યું છે કે—

"અમે જે 'જજીયાવેરા'નું નામ ઉપર લઈ ગયા છીએ, તે જજીયાવેરો સાધારણ કર નહોતો. કેટલાક વિદ્વાનોનો મત છે કે આ કર ભારતીય પ્રજા ઉપર ઈ. સ. ના આઠમા સૈકામાં મુસલમાન કાસિમે દાખલ કર્યો હતો. તેણે પ્રથમ તો આર્ય પ્રજાને ઇસલામ ધર્મ સ્વીકારવા માટે ફરજ પાડી હતી. આર્યપ્રજાએ તે વખતે અખૂટ ધનસંપત્તિ આપીને પણ પોતાના ધર્મની રક્ષા કરી હતી. આ ધર્મના બચાવ માટે અર્પણ કરાતી રકમને 'જજીયાવેરો' કહેવામાં આવતો, તે પછી ધીરે ધીરે ત્યાં સુધી ફરાવવામાં આવ્યું હતું કે—'આર્ય લોકો ખાતાં-પીતાં જે કંઈ મિલકત બચાવે, તે બધી મિલકત 'જજીયાવેરા' રૂપે ખલનામાં આપી દેવી.'

ફિરસ્તાના શબ્દોમાં કહીએ તો "મૃત્યુ-તુલ્ય દંડ આપવો-એ જ જજીઆવેરાનો મુખ્ય ઉદ્દેશ હતો" આવો દંડ આપીને પણ આર્યપ્રજાએ પોતાના ધર્મની રક્ષા કરી હતી. આવો તદ્દન અસહ્ય જજીયા વેરો થોડો વખત ચાલીને બંધ થઈ જવા પામ્યો હતો; એમ પણ નહોતું. અલ્લીફ ઉમરે આ જજીયાવેરાને ત્રણ વિભાગોમાં મુકરર કર્યો હતો. મનુષ્યદીઠ વાર્ષિક ૪૮, ૨૪ અને ૧૨ દરહામ ('દરહામ' એ તે વખતના નાણા વિશેષનું નામ છે.) અને ઈ. સ. ના ચૌદમા અને પંદરમા સૈકામાં પણ ફીરોજશાહ તુગલકે ધનવાન ગણતા ગૃહસ્થોના ઘરમાં જેટલાં ઉમર લાયક મનુષ્યો હોય, તે દરેક મનુષ્ય દીઠ વાર્ષિક ૪૦, સામાન્ય સંપત્તિવાળા ગૃહસ્થ પાસેથી મનુષ્ય દીઠ ૨૦, અને દરિદ્રી પાસેથી મનુષ્ય દીઠ ૧૦ ટાંક 'જજીયા વેરા' રૂપે લેવાનું ફરાવ્યું હતું. ત્યાંથી આગળ વધીને તપાસીએ તો આપણા પ્રસ્તુત કાળમાં એટલે સોળમા સૈકામાં પણ આ જજીયા વેરો હયાત હતો."

ઉપર્યુક્ત પુસ્તકમાં પૃ. ૫૬માં જણાવ્યું છે કે—

"આ જજીયા વેરાની ઉત્પત્તિ ભારતવર્ષમાં ક્યારથી થઈ હતી; તેનો ચોક્કસ સમય જો કે નિર્ધારિત નથી કરી શકતા, તો પણ તેની ટૂંકી માહિતી આપણે પ્રથમ પ્રકરણમાં જોઈ ગયા છીએ. પ્રસિદ્ધ ઇતિહાસકાર વિન્સેન્ટ સ્મિથના પ્રમાણે ફીરોજશાહે નાખેલો કર અકબરના વખત સુધી ચાલુ રહ્યો હતો."

તે પુસ્તકના પૃ. ૧૪૫માં—

"શાંતિચંદ્રજીએ ઉપર્યુક્ત જીવદયાનાં ફરમાનો મેળવવા ઉપરાન્ત 'જજીયાવેરો' બંધ કર્યાનું પણ ફરમાન મેળવ્યું હતું.' પૃ. ૧૬૩માં હીર વિ. ના કાર્યોમાં તથા "ગુજરાતમાંથી 'જજીયાવેરો' દૂર કરાવ્યો"

એ જ પુસ્તકમાં ચર્ચાસ્પદ ફકરો પૃ. ૫૬માં છે કે—

"તેની (અકબરની) આ દયાળુવૃત્તિને પરિણામે જ તેણે રાજ્યની લગામ હાથમાં લીધા પછી આઠમે વર્ષે 'યાત્રા વેરા'ના નામે લેવાતો કર પોતાના રાજ્યમાંથી દૂર કર્યો હતો. અને નવમે વર્ષે 'જજીઆ વેરો' પણ કાઢી નાખ્યો હતો. (ઈ. સ. ૧૫૬૨) આ બન્ને કરોથી પ્રજાને ઘણું જ કષ્ટ ઉઠાવવું પડતું હતું."

મારા ધારવા પ્રમાણે આ છેલ્લા ફકરાથી પ્રેરાઈને પ્રો. કે. હિં. કામદારે આ લેખ-પ્રારંભમાં દર્શાવેલ કથન કર્યું જણાય છે; પરંતુ મળી આવતાં અને ઉપર જણાવેલાં તે જ સમયનાં પ્રમાણો વાંચતાં વિચારતાં સ્પષ્ટ જણાય છે કે આચાર્ય શ્રીહીરવિજયસૂરિ અને અને તેમના વિદ્વાન શિષ્યોના સમાગમ થયા પછી, તેમની સદુપદેશભરી પ્રેરણાથી અકબરે યાત્રા-વેરા અને જજીઆવેરા બંધ કર્યા હતા. એથી છેલ્લા ફકરામાં જણાવેલ વર્ષ, સન વાસ્તવિક લાગતું નથી. વિક્રમસંવત ૧૬૩૯ અર્થાત્ ઈસ્વીસન ૧૫૮૩ અથવા તે પછીનું વિ. સંવત્ ૧૬૪૫=ઈસ્વીસન ૧૫૮૮ લગભગનું એ વર્ષ હોવું જોઈએ. ફારસી પરથી અંગ્રેજી અને તેના ભાષાંતરકારોએ કંઈક સમજ ફેરથી જૈનોને બદલે બૌદ્ધો અને હિંદુઓને જણાવ્યા છે, તેમ આમાં પણ હીઝરીસાલ તથા સન સંવત લખવા સમજવામાં ગેરસમજ થઈ લાગે છે. પાતશાહ અકબરની દયાળુવૃત્તિ સંવત્ ૧૬૩૯માં આચાર્ય શ્રીહીરવિજયસૂરિ જેવા પરમદયાળુ સન્તોના સમાગમ પછી ખીલી જણાય છે, તેના પરિણામે ઉપર જણાવેલાં જનહિતનાં, પ્રાણિ-હિતનાં સત્કાર્યો થયાં હતાં એમ માનવું ઉચિત લાગે છે.

'સૂરીશ્વર અને સમ્રાટ' પુસ્તકના પૃ. ૩૮૮-૩૮૯માં પરિશિષ્ટ ઘમાં સને ઇલાહી ૫૫ના ફરમાન નં. ૪નો

જે અનુવાદ ફરમાનની નકલ સાથે આપ્યો છે, તે પરથી જણાય છે કે શાહ સલીમ ગાજી (પાતશાહ જહાંગીરે) યતિ ભાનુચંદ્રજી અને 'ખુશફહમ' ખિતાબવાળા સિદ્ધિચંદ્ર યતિની અરજ પરથી પાતશાહ અકબરના ફરમાનને તાજું કરી આપ્યું હતું–તેમાં પણ ઉલ્લેખ છે કે— 'જીજીઓ, જકાત, ગાય, ભેંશ, પાડા અને બળદ— એ જનવરોની બિલકુલ હિંસા, બીજા દરેક મહિનાના મુકરર દિવસોમાં હિંસા, મરેલાના માલનો કબજો કરવો, લોકોને કેદ કરવા અને શત્રુંજય પર્વત ઉપર માથાદીઠ સોરઠ–સરકાર જે કર લેતા તે, આ બધી બાબતો આલા હજરતે (અકબર બાદશાહે) માફ અને તેની મનાઈ કરી છે.' તેથી અમે પણ દરેક લોકો ઉપર અમારી સંપૂર્ણ મહેરબાની છે, તેથી એક બીજો મહિનો, કે જેની અંતમાં અમારો જન્મ થયો છે, તે ઉમેરીને નીચે લખેલી તપસીલ મુજબ માફી આપી".....વિ. વિ.

'સૂરીશ્વર અને સમ્રાટ' પુ. ના. પૃ. ૧૩૯માં [સૂરિજીએ પાતશાહને પાસે પ્રસંગે માગણી કરી હતી]— "આપને ત્યાં જે જીજીયા વેરો[1] લેવામાં આવે છે તે, અને તીર્થોમાં જે મૂડકું લેવામાં આવે છે તે–આ બન્ને બાબતો આપે બંધ કરી દેવી જોઇએ. કારણ કે આ બન્ને બાબતોથી લોકોને ઘણો ત્રાસ ભોગવવો પડે છે,"

સૂરિજીના વચનને માન આપી બાદશાહે તુર્તજ તે બન્ને બાબતો બંધ કરાવી દીધી અને તે સંબંધી સરકારી હુકમો બહાર પાડ્યા."

લેખકે ત્યાં[1] ટિપ્પણીમાં પોતાની માન્યતા જણાવી છે કે—"જો કે, ખરી રીતે તો બાદશાહે પોતાના રાજ્યમાંથી આ વેરો ગાદીએ બેઠા પછી નવમે વર્ષે જ (ઈ. સ. ૧૫૬૨માં) કાઢી નાખ્યો હતો, અને તે વાત આપણે ત્રીજા પ્રકરણમાં જોઈ પણ ગયા છીએ, પરન્તુ ગુજરાતમાંથી આ કર દૂર થયો નહોતો. કારણ કે તે વખતે ગુજરાત દેશ અકબરના આધિપત્ય નીચે નહોતો આવ્યો. અતઃ એ સિદ્ધ થાય છે કે–હીરવિજયસૂરિના ઉપદેશથી જીજીયાવેરો બંધ કર્યા સંબંધી બાદશાહે જે ફરમાન આપ્યું હતું તે ગુજરાતને લગતું હતું." (એ વાતના સમર્થનમાં હીરસૌભાગ્ય કાવ્ય સર્ગ ૧૪, શ્લો૦ ૨૭૧ની ટીકામાં જણાવેલ 'गोर्जरकरविशेषः' જેજીયકે–શબ્દાર્થ ટાંકેલ છે.)

(૧૧)

એ જ પ્રમાણે સદ્‌ગત સાક્ષર શ્રી મોહનલાલભાઈ દલીચંદ દેશાઈએ ઘણાં વર્ષોના પરિશ્રમથી તૈયાર કરેલ અને સંવત્ ૧૯૮૯માં શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફિસ મુંબઈ તરફથી પ્રકાશિત "જૈન સાહિત્યના સંક્ષિપ્ત સચિત્ર ઇતિહાસ"માં હીરવિજયસૂરિવાળા પ્રકરણમાં પૃ. ૫૪૯માં પણ સૂચવ્યું છે કે "શાંતિચંદ્ર ઉપાધ્યાયે... રજા માગી, ત્યારે બાદશાહે પોતાના તરફથી સૂરિને ભેટ કરવા અર્થે જજીયા નામનો હજુ પણ ગૂજરાતમાં કર લેવાતો તે કાઢી નાખનારું ફરમાન સ્વમુદ્રાંકિત આપ્યું વિશેષમાં....."

ત્યાં પૃ. ૫૫૦ ની ૪૯૧ની ટિપ્પણીમાં જણાવ્યું છે કે "આનું વર્ષ ભાષાંતરકાર ૯૯૧ હીઝરી મૂકે છે માટે કૌંસમાં તેણે મૂકેલ છે તે બરાબર નથી તે વર્ષ ૯૯૬ હીઝરી જોઈએ."

મારા વિદ્વાન મિત્ર પ્રો. કામદારને પૂર્વોક્ત પ્રમાણે દર્શાવી મેં તેમનું ધ્યાન ખેંચ્યું છે એથી આશા છે કે આઈન–ઈ–અકબરી કે બદાઉની જેવાના ઉલ્લેખો સાથે તે સમયના સાક્ષી સમીપવર્તી પ્રામાણિક જૈન વિદ્વાનોના ઐ. ઉલ્લેખોને પણ લક્ષ્યમાં લઈ જજિયાવેરાને મુક્ત કરવામાં હીરવિજયસૂરિને અપાતો યશ ઐતિહાસિક દૃષ્ટિએ સિદ્ધ છે તે સ્વીકારશે અને સત્યનો પ્રચાર કરશે.

મુનિરાજ શ્રીજનકવિજયજીના પત્ર પછી મેં પ્રો. કામદારને આ સંબંધમાં પત્ર દ્વારા પૂછાવેલું, તેના તા. ૨૭–૧૦–૧૯૫૮ના પત્રમાં મને જણાવ્યું છે—

"જૈન વિદ્વાનોએ આપ લખો છો તે પ્રમાણે હીરવિ. સૂરીએ ઝઝીયાની માફી અપાવ્યાના મતનો સ્વીકાર કર્યો છે, પણ બીજા વિદ્વાનોએ નહીં. અકબરનામામાં ઈ. સ. ૧૫૬૪ લગભગ અકબરે મુંડકાવેરો, ઝઝીયાવેરો, વગેરે હિન્દુઓ ઉપરના વેરાઓ માફ કર્યાની વાત છે. અબુલ્ફઝલે એ વાત લખી છે. વિન્સેન્ટ સ્મિથે અકબર ઉપર અંગ્રેજીમાં ૧૯૧૬–૧૭માં ગ્રન્થ લખ્યો છે, તેમાં એ જ વાત લખી છે. એ જ લેખકે 'ઑકસફર્ડ હિસ્ટરિ ઑફ ઇન્ડિયા' પુસ્તક લખ્યું છે—તેમાં એ જ હકીકત છે. અકબરે ૧૫૭૨–૭૩માં ગુજરાત સર કર્યું, ત્યારે તેણે આ ફરમાનો ગુજરાતને માટે કાઢ્યાં હતાં–એ ફરમાનો મિરાતે અહમદીમાં ફારસીમાં આપ્યાં છે અને તેમનાં ભાષાંતરો.....આપ્યાં છે. મેં મારા History of Mogul Rule in India, 1526–1761 આમાં

વિગત આપી છે. હીરવિ. સૂરી ૧૫૮૨ પછી અકબરને મળ્યા ત્યારે ફરમાન કઢાવેલાં. એમાં ઝઝીયાનો ઉલ્લેખ છે એ સાચું છે, પણ આ બનાવ તો બહુ મોડો બન્યો. અને અકબરની ઉમર ૨૨ વર્ષની હતી (જન્મ ઈ. સ. ૧૫૪૨) માફી આપેલી તે તેણે આપ સુઝથી આપેલી. અબુલ્ફઝલ વગેરેનો મેળાપ તેને ઈ. સ. ૧૫૮૬ પછી થયો હતો. હીરસૂરિએ કઢાવેલા ફરમાનમાં ઝઝીયાની માફી તાજી કરાવી–એ સાચું, વિશેષ નહિ..... સમકાલીન લેખકો બદાયુની, નિજામુદ્દીન બક્ષી વગેરેએ એ જ લખાણ કર્યું છે. વિશેષ આપણે લાયબ્રેરીમાં મળીએ, ત્યારે સંદર્ભ–સાહિત્ય આપને બતાવીશ " (આ માટે તત્કાલીન મૂળ સાહિત્ય તે ભાષા લિપિ વિષય જાણનાર પ્રામાણિક સુજ્ઞદ્વારા ફરી તપાસી જવાની આવશ્યકતા છે—લા. ભ.)

卐

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ

શ્રી ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા સ્મારક નિબંધ

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તરફથી સ્વ. ડાહ્યાભાઈ બાલાભાઈ કોરાના સ્મારક ફંડની યોજનાનુસાર 'પ્રભાવિક પુરુષો' (તીર્થંકર અને કેવળી સિવાય) ઉપર નિબંધો આવકારવામાં આવે છે. નિબંધ મોકલનારે નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છે : (૧) નિબંધ ગુજરાતી, હિંદી અથવા અંગ્રેજી ભાષામાં ફુલસ્કેપ સાઈઝના કાગળ પર ૨૫૦ થી ૩૦૦ લીટી સુધીમાં સ્પષ્ટ અક્ષરે લખાયેલા હોવા જોઇએ. (૨) તે માટે 'પ્રભાવક ચરિત્ર' (આત્માનંદ સભા), શ્રી હેમચંદ્રસૂરિકૃત 'પરિશિષ્ટ પર્વ', 'શ્રી ભરહેસર બાહુબલી' (ભાષાંતર), શ્રી મોહનલાલ ચોકસીકૃત 'પ્રભાવિક પુરુષો' ભાગ–૪ મુખ્યત્વે આધારભૂત લેખાશે. (૩) નિબંધ **તા. ૧૫, મે, ૧૯૫૯** સુધીમાં રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવા. (૪) નિબંધો બોર્ડની વ્યવસ્થાપક સમિતિએ નીમેલ સમિતિ દ્વારા તપાસવામાં આવશે અને તેનો નિર્ણય છેવટનો અને બંધનકર્તા ગણાશે. (૫) પ્રાપ્ત થયેલા સર્વ નિબંધના માલિકી વગેરેના હક્ક શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડના રહેશે અને યોગ્ય જણાશે તો જ છપાશે. (૬) શ્રેષ્ઠ નિબંધ લખનારને સમિતિના નિર્ણયાનુસાર અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ કુલ રૂા. ૧૫૦) દોઢસો રૂપિયા સુધીનાં ઇનામો (નિબંધ ઇનામને યોગ્ય હશે તો જ) વહેંચવામાં આવશે. (૭) નિબંધ લખનારે પોતાનું પૂરું નામ, ઠેકાણું, ગામ વગેરે નિબંધ સાથે જુદા કાગળ પર લખવા. નિબંધો—માનદ્ મંત્રી, શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ, ગોડીજી બિલ્ડીંગ, ૨૦, પાયધુની, કાલબાદેવી, મુંબઈ–૨ ના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

ભવાભિનંદી અનધિકારી

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, એમ. બી., બી. એસ.

(મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિએ ચૈતન્યવન્દનસૂત્ર પર 'લલિતવિસ્તરા' નામક અપૂર્વ વૃત્તિ રચી છે; તેના પર આ લેખકે સુવિસ્તૃત વિવેચનરૂપ ટીકા થોડાં વર્ષ પૂર્વે લખેલ છે તે હવે પછી પ્રગટ થનાર ગ્રંથમાંથી—)

ભવાભિનંદી અનધિકારીઓને અનાદૃત કરી, અધિકારીઓને અધિકૃત કરી, પ્રસ્તુત વિષય કહીએ છીએ, એમ ઉપસંહાર કરે છે—

भवाभिनन्दिनां स्वानुभवसिद्धमप्यसिध्धमेतद्, अचिन्त्यमोहसामर्थ्यादिति, न खल्वेतानधिकृत्य विदुषा शास्त्रसद्भावः प्रतिपादनीयो, दोषभावादिति। उक्तं च—

"अप्रशान्तमतौ शास्त्रसद्भावप्रतिपादनम्।
दोषायाभिनवोदीर्णे शमनीयमिव ज्वरे॥" *

इति कृतं विस्तरेण। अधिकारिण एवाधिकृत्य पुरोदितान् अपक्षपातत एव निरस्येतरान् प्रस्तुतमभिधीयत इति॥

અર્થ : ભવાભિનંદીઓને આ સ્વાનુભવસિદ્ધ છતાં અસિદ્ધ છે,—અચિન્ત્ય મોહસામર્થ્યને લીધે. એટલા માટે ખરેખર! એઓને અધિકૃત કરી (આશ્રી) વિદ્વાને શાસ્ત્રસદ્ભાવ પ્રતિપાદન કરવા યોગ્ય નથી,—દોષભાવને લીધે. કહ્યું છે કે—

અપ્રશાંત મતિવંત પ્રત્યે શાસ્ત્રના સદ્ભાવનું પ્રતિપાદન દોષાર્થે હોય છે,—અભિનવ ઉદીર્ણ જ્વરમાં શમન કરનારા ઔષધની જેમ.

એટલે વિસ્તરથી સર્યું! પૂર્વોક્ત અધિકારીઓને જ અધિકૃત કરી, અપક્ષપાતથી જ ઇતરોને (બીજાઓને) નિરસ્ત કરી, પ્રસ્તુત કહેવામાં આવે છે.

વિવેચન

" મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ...મૂળ મારગ.
નો 'ય પૂજાદિની ને કામના રે,
નો'ય ન્હાલું અંતર ભવદુઃખ...મૂળ મારગ."

—પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી

આ જે સિંહનાદથી મૃગયૂથસંત્રાસ' આદિ વસ્તુ કહી, તે 'ભવાભિનંદીઓને સ્વાનુભવસિદ્ધ' છે, છતાં મહદ્ આશ્ચર્ય છે કે 'અચિન્ત્ય મોહસામર્થ્યને લીધે અસિદ્ધ છે!'—असिद्धमेतद् अचिन्त्यमोहसामर्थ्यात्. અર્થાત્ ભવને અભિનંદનારા આ ભવાભિનંદી જીવો મોહમાં એટલા બધા ડૂબેલા છે, કે તેઓ તે તે અનર્થપરંપરા સ્વાનુભવથી જાણતાં છતાં જાણે ન જાણતા હોય એમ ભવાભિનંદીપણું ત્યજતા નથી અને મોક્ષમાર્ગ પરત્વે મૃગ જેવું હીનસત્ત્વ કાયરપણું ભજે છે! એ ખરેખર! મહામોહનું જ વિલસિત છે!

સંસાર જેને મીઠો લાગે છે એવા સંસારથી રાચનારા આ ભવાભિનંદીનું લક્ષણ શ્રી યોગદૃષ્ટિસમુચ્ચયમાં આ કહ્યું છે—'ક્ષુદ્ર લાભરતિ, દીન, મત્સરવંત, ભયવાળો, શઠ, અજ્ઞાની એવો ભવાભિનદી નિષ્ફળ આરંભથી સંયુક્ત એવો હોય છે.' અર્થાત્ તે ક્ષુદ્ર એટલે કૃપણ, પામર, તુચ્છ હોય છે, કારણ કે તુચ્છ-પામર સાંસારિક વિષયોને તે બહુમાનનારો હોઈ તેના આદર્શો ને વિચારણાઓ પણ તુચ્છ, પામર, કંજુસ જેવા અનુદાર ને છીંછરા હોય છે. તે **લાભરતિ**—લોભી–લાલચુ હોય છે, અને આવો લોભી–લાલચુ હોવાથી તે યાંચાશીલ, યાચના કરવાના સ્વભાવવાળો, માગણ વૃત્તિવાળો વિષયનો ભિખારી હોય છે. તે **દીન**—સદાય અકલ્યાણદર્શી હંમેશા ભૂંડું જ દેખનારો (Pessimistic) નિરાશાવાદી જ હોય છે. તે **મત્સરવંત**—અદેખો હોય છે, એટલે તે પરની ગુણસંપત્તિ પ્રત્યે દ્વેષવાળો, પુણ્યદ્વેષી, ગુણદ્વેષી હોય છે; પારકાનું ભલું દેખી કે પારકાનો ગુણ દેખી, તેને મનમાં બળતરા થાય છે, આગ ઊઠે છે. તે **ભયવાન** હોય છે, સદા ભયાકુલ–ભયથી ફફડતો રહ્યા કરે છે. તે **શઠ**—માયાવી, કપટી, દાંભિક હોય છે. તે **અજ્ઞ**—અજ્ઞાની, મૂર્ખ, સારાસારના ભાન વિનાનો હોય છે.

" क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठः।
अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसंगतः॥"

श्री योगदृष्टिसमुच्चय, ७६

* શ્રી હરિભદ્રસૂરિકૃત લોકતત્ત્વનિર્ણય, શ્લો. ૭

"લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર હાણ;
ભવાભિનદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ."

—શ્રી યશોવિજયજીકૃત યોગદૃષ્ટિસઝ્ઝાય

અને આવા લક્ષણવાળો હોઈ તે નિષ્ફલારંભી હોય છે; અર્થાત્ અતત્ત્વાભિનિવેશને લીધે તેનો મૂળ આરંભજ ખોટો હોવાથી તેના સર્વ આરંભ–બધા મંડાણ નિષ્ફળ–અફળ જાય છે. કારણ કે તેનો બોધ 'અસત્ પરિણામથી અનુવિદ્ધ'*—સંકળાયેલો–જોડાયેલો હોય છે, એટલે તે 'વિષમિશ્રિત અન્ન'ની જેમ નિયમથી 'અસત્' હોય છે. આ ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે કે ભવાભિનંદી જીવ ભલે ગમે તેટલો પંડિત હોય, ગમે તેટલો દ્રવ્યશ્રુતજ્ઞાની હોય, ગમે તેવો આગમવેત્તા—આગમધર–શાસ્ત્રવિશારદ કહેવાતો હોય, તોપણ તેના પરિણામ અસત્–મિથ્યા વાસનાથી વાસિત હોવાથી તેનો તે સર્વ બોધ 'વાસિત બોધ આધાર' હોઈ વાસ્તવિક રીતે અબોધ જ છે, અજ્ઞાન જ છે; અને તેની અનંત દ્રવ્ય ક્રિયા પણ અક્રિયા વા વિક્રિયા જ છે. આમ 'આંધળો વણે ને પાડો ચાવે' તેની જેમ ભવાભિનંદીનું સર્વ જ્ઞાન નિષ્ફળ છે ને સર્વ ક્રિયા નિષ્ફળ છે, એટલુંજ નહીં પણ તેની સર્વ યોગક્રિયા પણ પરમાર્થથી તેવી જ નિષ્ફળ હોય છે. કારણકે તેની મતિના યોગ વિષયવિકારયુક્ત દુર્વાસનામય છે, અંતરંગ પરિણતિ-વૃત્તિ વિભાવમાં રાચી રહી છે, પરિણામની વિષમતા વર્તે છે એટલે વિષમિશ્રિત અન્નની જેમ તેને યોગ પણ 'અયોગ' થઈ પડે છે, એટલે જ ભવાભિનંદીના બધા મંડાણ નિષ્ફળ હોવાથી તેને 'નિષ્ફલારંભી' કહ્યો છે તે યથાર્થ છે.

"વિષયવિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ."

—પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી

"દ્રવ્યક્રિયા સાધન વિધિ યાંચી, જે જિનઆગમ વાંચી;
પરિણતિ વૃત્તિ વિભાવે રાચી, તિણે નવિ થાયે સાચી."

—તત્ત્વરંગી મહામુનિ શ્રીદેવચંદ્રજી

* "इत्यसत्परिणामानुविद्धो बोधो न सुंदरः ।
तत्संगादेव नियमाद् विषसंपृक्तकान्नवत् ॥"

શ્રીયોગદૃષ્ટિસમુચ્ચય, ૭૭

"આગેકો ઢુંકત ધાય પીછે બછરા ચરાય,
જૈસે દૃગહીન નર જેવરી વટતુ હૈ;
"તૈસે મૂઢ ચેતન સુકૃત કરતૂતિ કરી,
સેવત હસત ફલ ખોવત ખટતુ હૈ."

—કવિવર શ્રી બનારસીદાસજી

વળી યોગબિન્દુમાં કહ્યું છે તેમ ભવાભિનંદી જીવ માનાર્થનો–લોકેષણાનો ભૂખ્યો હોઈ 'લોકપંક્તિ'માં* લોકની પંગતમાં બેસનારો હોય છે, અર્થાત્ લોકારાધનહેતુએ—લોકને રીઝવવા ખાતર મલિન અંતરાત્માથી સત્‌ક્રિયા કરે છે, અને તેથી તે તેને મહાઅનર્થકર—દુરંતફલદાયી થઈ પડે છે; કારણ કે જગતને રૂડું દેખાડી ધર્મીમાં ખપવા ખાતર ભવાભિનંદી જીવ, કેવળ આત્માર્થે જ કરવા યોગ્ય એવી ધર્મક્રિયાનો પણ માનાર્થે ઉપયોગ કરે છે, અને તુચ્છ એવા લૌકિક માન-પૂજા-સત્કારાદિ ખાતર મહત્ એવી તે ધર્મક્રિયાનું લીલામ કરવા જેવો હીન ઉપયોગ કરે છે, અને આમ તેનું ખુલ્લું અપમાન કરી ઘોર આશાતના કરે છે. આવી લોકેષણારૂપ લોકપંક્તિ અને લોકોત્તર એવું આત્મકલ્યાણ એ એને કદી મળતી પાણ આવે નહીં. અને પરમાર્થ વિચારીએ તો લોકોત્તર કલ્યાણરૂપ આત્માર્થ પાસે લોકેષણારૂપ માનાર્થનું મૂલ્ય બે બદામનું પણ નથી. છતાં મહદ્ આશ્ચર્ય છે કે એક ભવના તુચ્છ કલ્પિત લાભની ખાતર અનંત ભવનું દુઃખ વહાલું ગણી 'ભવાભિનંદી' પોતાના નામને સાર્થક કરે છે! એ જ પ્રકારે અંતરમાં જેને ભોગાદિની ને પૂજાદિની કામના બળ્યા કરે છે, છતાં મુખેથી જે જ્ઞાનની ને 'અનાસક્ત' યોગની 'વાતો' કરે છે, તે સદ્‌યોગરહિત વિદ્વાનોની–પંડિતમન્યોની પણ એ જ દશા છે! યોગબિન્દુમાં શ્રીહરિભદ્રસૂરિજીએ કહ્યું છે તેમ મૂઢ જનોનો જેમ પુત્ર-દારાદિ સંસાર છે, તેમ સદ્‌યોગરહિત વિદ્વાનોનો ×

* "लोकाराधनहेतोर्या मलिनेनान्तरात्मना ।
क्रियते सत्क्रिया सात्र लोकपंक्तिरुदाहृता ॥
भवाभिनन्दिनो लोकपक्त्या धर्मक्रियामपि ।
महतो हीनदृष्ट्योच्चैर्दुरन्तां तद्विदो विदुः ॥"

—યોગબિન્દુ

× "पुत्रदारादिसंसारः पुंसां संमूढचेतसाम् ।
विदुषां शास्त्रसंसारः सद्योगरहितात्मनाम् ॥"

—યોગબિન્દુ

'શાસ્ત્રસંસાર' છે! આમ મૂઢ હોય કે વિદ્વાન્ હોય,—જેને અંતરમાં ભવદુઃખ વહાલું હોય અને પૂજાદિની કામના અંતરમાં વર્ત્યા કરતી હોય, એવો ભવાભિનંદી જીવ મોક્ષના આ મૂળમાર્ગના શ્રવણનો પણ અધિકારી કેમ હોય?

"જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે; એમ હું લઘુત્વભાવે સમજ્યો છઉં, અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે."

—શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૪૮.

અને એટલા માટે જ આચાર્યજી અત્ર સખેદ વદે છે કે—ખરેખર! આ ભવાભિનંદી અનધિકારીઓને આશ્રીને તત્ત્વજ્ઞ વિદ્વાને શાસ્ત્રનો સદ્ભાવ પ્રતિપાદન કરવા યોગ્ય નથી,—'न खल्वेतानधिकृत्य विदुषा शास्त्रसद्भावः प्रतिपादनीयो, दोषभावात्;' કારણ કે તેથી તેને દોષ ઉપજે છે માટે. આ અંગે તેઓશ્રીએ અત્રે સ્વરચિત श्लोकतत्त्वनिर्णयनु सुभाषित टांकयुं छे के—'જેની મતિ પ્રશાંત થઈ નથી એવા પ્રત્યે શાસ્ત્રના સદ્ભાવનું પ્રતિપાદન કરવું તે દોષનું કારણ થાય છે,—જેમ તાજ્જ ઉબરી આવેલા તાવમાં શમન કરનારૂં ઔષધ દોષ કરે છે તેમ.' એટલે વિસ્તરથી સર્યું! સુજ્ઞ વિચક્ષણ જનો આટલું કહ્યું છે તે પરથી થોડું કહ્યું ઝાઝું કરી જાણશે! અમને અધિકારી જીવો પ્રત્યે રાગ નથી ને અનધિકારી જીવો પ્રત્યે દ્વેષ નથી, પણ સર્વ જીવો પ્રત્યે અમને સમભાવયુક્ત સદ્ભાવ છે, એટલે નિષ્પક્ષપાતપણે જ પૂર્વોક્ત અધિકારીઓને જ અધિકૃત કરી અને ઇતરને—અનધિકારીઓને અનાદત કરી, પ્રસ્તુત ગ્રંથનો વિષય હવે કહીએ છીએ.

卐

"मध्यमवर्गना उत्थानना मार्गो"

जैन युग ईनामी निबंध

श्री जैन श्वेताम्बर कॉन्फरन्सना "जैन युग" व्यवस्थापक मंडळ तरफथी "मध्यमवर्गना उत्थानना मार्गो" ए विषय उपर हिंदी, गुजराती अथवा अन्ग्रेजी भाषामां निबंधो आवकारवामां आवे छे. ते अंगेनी शरतो आ प्रमाणे छे :—

(१) निबंध फुलस्केप साइझना कागळ उपर एक बाजू चार हजार शब्दोमां चोख्खा अक्षरे लखायेला होवा जोईये.

(२) निबंधो ता. १५ मे, १९५९ सुधीमां रजीस्टर्ड पोस्टथी नीचेना सरनामे मोकली आपवा.

(३) निबंधो "जैन युग" व्यवस्थापक मंडळ द्वारा तपासवामां आवशे अने तेनो निर्णय छेवटनो अने लेखकने बंधनकर्ता गणाशे.

(४) प्राप्त थयेल निबंधोनी मालिकी वगेरेना सर्व हक्क श्री जैन श्वेताम्बर कॉन्फरन्सना "जैन युग" व्यवस्थापक मंडळना रहेशे.

(५) श्रेष्ठ निबंध लखनारने अनुक्रमे प्रथम, द्वितीय अने तृतीय रू. १५०), रू. १००) अने रू. ५०) इनामो आपवामां आवशे.

(६) निबंध लखनारे पोतानुं पूरुं नाम, ठेकाणुं, गाम वगेरे निबंध साथे जुदा कागळ उपर लखवां.

निबंधो नीचेना सरनामे मोकलवा :— तंत्रीओ, जैन युग

C/o श्री जैन श्वेताम्बर कॉन्फरन्स

गोडीजी बिल्डिंग, २०, पायधुनी, कालबादेवी, मुंबई २

महर्षि मेतार्य

श्री ऋषभदासजी वी. जैन

पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम्
अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥

वास्तवमें अहिंसा, सत्य, अस्तेय, त्याग और ब्रह्मचर्य ही संसारके सारे धर्मोंकी नींव हैं। जैन धर्मने भी इन पाँचों सिद्धांतोंको चरम सीमा तक स्वीकार किया है और तदनुयायी अनेक संतोंनें इनका पालन करनेमें अपनें प्राणोंतककी परवा नहीं की है। ऐसे ही महात्मा महर्षि मेतार्यका जन्म एक शूद्रकुलमें हुआ था, तथापि बाल्यकालसे हि संस्कारी होने के कारण घरसे विरक्त होकर वनखण्डोंमें घोर तपश्चर्या द्वारा उन्होंने सिद्धिलाभ किया था। उनके आदर्श और पवित्र जीवनकी केवल एक घटना यहाँ दी जाती है।

ग्रीष्म ऋतुका मध्याह्नकाल था। महर्षि मेतार्य एक मासके उपवासका व्रत पूरा करके भिक्षाके लिये मगध-देशकी राजधानी राजगृहमें एक सुवर्णकार (सोनार) के द्वार पर खड़े थे। सुवर्णकार किसी सुन्दर आभूषणको तैयार करनेके लिये सोनेके छोटे-छोटे गोल-गोल दाने बनानेमें तन्मय हो रहा था। इतनेमें उसने अतिथिको द्वारपर खड़ा देखा। देखते ही वह सब कुछ वहीं छोड़-छाड़कर अतिथिकी सेवाके लिये शुद्ध भिक्षाकी सामग्री लाने अपने भोजनगृहमें चला गया। किन्तु जब वह घरसे बाहर निकला तब उसके बेशकीमती सोनेके सभी दाने ग़ायब हो गये थे। बात यह हुई थी कि सामनेकी एक दिवाल पर बैठे हुए पक्षीने सुवर्णकी गोलियोंको अन्नकण समझा और सुवर्णकारके हटते ही उड़ कर उन्हें उदरस्थ कर गया। किन्तु सुवर्णकार इस बात को कैसे समजे? उसके मनमें साधु पर ही संदेह हुआ। उसने सोचा कि अभी अभी मैं भीतर गया हूं इतनेमें ही कौन आ गया! हो न हो उसी ढोंगी साधुवेशाधरीकी यह करतूत है। इसे अवश्य हि अपराधका दंड देना चाहिये। उसने डाँट कर कहा, 'अरे चोर, तूने मेरी जिन सुवर्णगोलियोंको चुराया है। उन्हें वापस कर दे, वरना अभी मैं तुझको इसका दंड दूँगा, मुनि धर्मसंकटमें पड़ गये यदि पक्षी को अपराधी बतलाते हैं तो उसकी हत्या होती है और इससे उनको अहिंसाव्रत पर आघात पहुँचता है। यदि अपनेको निर्दोष बतलाते हैं तो सुवर्णकारके सामने उस कथनकी कोई किंमत नहीं हैं। निदान महर्षि मेतार्य मौन ही रह गये। इस पर सुवर्णकारको और भी क्रोध आया, और उसे पक्का विश्वास हो गया कि, "इसी धूर्तकी कारवाई है"। निदान उस सुवर्णकारने महर्षि मेतार्यको पकड़ कर पृथ्वी पर पटक दिया और मजबूत रस्सीसे उनके हाथ-पैर बांध दिये। पश्चात् अपराध स्वीकार करनेके लिये उसी चिलचिलाती हुई धूपमें उसने एक भीगी खाल को महर्षिके मस्तक पर कस कर बांध दिया।

पाठक जरा विचार करें, मध्यान्हकालकी प्रखर धूपमें महर्षि मेतार्यकी कैसी दुर्दशा हो रही थी। ज्यों ज्यों ख्याल सूखती थी त्यों त्यों उनके मस्तककी नसें दबती जाती थीं। गर्मी के मारे आँखोंसे अग्निके स्फुलिंग निकलते थे। शरीरका चमड़ा जला जा रहा था, परंतु फ़िर भी उन्होंने 'उफ' तक नहीं किया और न वे अपने दृढ़ विचारसे हि विचलित हुए। उनके हृदयमें परम शांति विराज रही थी। महिनेभरके उपवाससे जीर्ण-शीर्ण हुए उनके शरीरमें किसी प्रकारके कष्टकी अनुभूति नहीं होती थी, बल्कि उलटे उन्होंने उस सुवर्णकारको अपने उस अहिंसाव्रतके पालनमें सहायक समझा और भीतर ही उसका आभार मानने लगे। थोड़ी देर बाद महर्षि मेतार्य अपने मनो-मंदिरमें ब्रह्मका ध्यान करते हुए तल्लीन हो गये। उन्हें किसी प्रकारका बाह्य ज्ञान न रहा। इतनेमें सुवर्णकारने देखा कि उसके सामनेकी दिवाल पर जो पक्षी बैठा था वह विष्टाके द्वारा इन सुवर्ण-गोलियोंको नीचे गिरा रहा है। यह देख कर उसके आश्चर्यका ठिकाना न रहा। अब उसकी आंखें खुलीं। उसने दौडकर महर्षि मेतार्यको बंधनमुक्त किया और उनके चरणोंमें गिरकर अपने सारे अक्षम्य अपराधोंकी क्षमा माँगी। क्षमासिंधु महर्षि मेतार्यके लिये यह कोई बडी बात नहीं थी, उन्होंने प्रसन्नतापूर्वक उस सुवर्णकारको क्षमा कर दिया। किन्तु उसके थोड़ी ही देर बाद महर्षि मेतार्य उस भौतिक शरीरका परित्याग कर आनंद स्वरूप हो गये। धन्य है ऐसे करुणासिंधु संत। धन्य है ऐसे अहिंसाव्रतपालक महात्मा।

THE GEMS OF JAINISM

The ocean keeps grass on its surface and puts the gems at the bottom; the master despises the good servant but honours the wicked.

* * *

By virtues one can get only fame but not wealth; people get fruit which is written on their forehead by destiny; a lion is not worth a cowrie but elephants cost lacs.

* * *

People take fruit from a tree but neglect the bitter leaves; and yet the great tree, like a noble man, places them on its lap.

* * *

A wicked man, by taking a long jump, kills himself as well as others; a stone fallen from the mountaintop powders others along with itself.

* * *

I offer my homage to the noble man, rare in this world, who conceals his own virtues and menifests those of others.

* * *

God has created ripe fruits on trees in the forest for birds; it is better to have that pleasure but not to have words of the wicked falling on our ears.

* * *

Anybody can get without any distinction a slab of stone from mountain to lie and fruit from tree to eat; and still men do not like the forest when they leave home.

* * *

Even ascetics get barks from trees to wear and fruits to eat; the servants get these from their masters only after showing courtesy and respect.

* * *

Swarms of bees leave the lotuses and desire to go to the temples of elephants; those that aim at getting what is difficult, do not mind the distance.

* * *

To whom is life not dear? Who does not wish for wealth? But a noble man counts them as straw in hours of difficulty.

* * *

There is no doubt that the eyes of the people recollect their previous birth and incidents of previous birth; for when they see things they do not like, their eyes are closed, and when they see things or persons they like, the eyes dilate.

* * *

The whole world is striving for greatness; but greatness is obtained by hand that is freely distributing charities.

* * *

Even that God Visnu became a dwarf while begging alms of Bali; if therefore you desire greatness, give to others but do not beg of any one.

* * *

The days pass away quickly; the cherished desires lag behind; whatever is in possession is to be respected and accepted; do not sit idle saying: "It will come to me."

* * *

Sesamum can be so called so long as the oil is not pressed out; but when it is pressed out, the same sesamum loses its quality of being a sesamum and becomes oilcake–wicked.

* * *

Adopted from
KUMĀRAPĀLACARITRA
of Hemachandracharya

FOR YOUR REQUIREMENTS IN

NUTS & BOLTS

Contact :

BHARAT NUTS & BOLTS INDUSTRIES

(In the approved list of Suppliers to the Railways, Government, Port Trust, Municipality etc.)

MANUFACTURERS OF

QUALITY NUTS, BOLTS, RIVETS, WIRE NAILS, SPIKES, WASHERS, ETC.

We manufacture

BOLTS : Of all types such as Hex, Head, Round neck, Square head, Round or square neck, snap or cup head with square or round neck, CSK head—square or round neck, cheese head square neck, mushroom head, eye bolts, hook bolts, from ¼" to 1" in dia, and from 1" to 72" in length.

RIVETS : Pan head, snap head, flat head, CSK head, etc. ¼" to 1" in dia and 1" and over in length.

NUTS : Hex and square ⅜" to 1".

WASHERS : From ⅜" to 1", round and square.

S. R. ginning sundry parts : Nos. 4, 12, 14, 20, 22, 31, 32, 32A, 37, 57, 58, 61, 71, 82.

AUTOMOBILE : Bolts with S.A.E. or B.S.F. threads.

Our products are manufactured in accordance with B.S.S., and D.G.S.D. specifications and have been approved by Railways and other Government Departments.

ADDRESS :

Udyognagar, Opp. King Circle Station,

Gram : **"GODIPARAS"** Bombay-22 Phone : **61440**

कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

पेट्रन 'अ' वर्ग	रु. १००१	प्रदान कर
पेट्रन 'ब' वर्ग	रु. ५०१	,,
आजीवन सभ्य 'अ' वर्ग	रु. २५१	,,
,, ,, 'ब' वर्ग	रु. १०१	,,

कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभाग में (खाता में) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

जैन युग

वार्षिक उपहार रु. २ ग्राहक बनकर। प्रतिमास ता. १ को प्रकट किया जाता है।



સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

NATIONAL REFINERY
NR
BOMBAY

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન એસોસિએશન લિ. મુંબઈ – ૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લેબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટસ બુલિયન મેલ્ટિંગ
એન્ડ એસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ – ૩. તાર : ARGOR

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

રજીસ્ટર્ડ ઓફીસ

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ (પૂર્વ પાકિસ્તાન)	મીલ નં. ૨ બેલઘરીઆ (કલકત્તા)

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri G. D. Somani, M. P.

List of Branches

Agra
Ahmedabad
Alwar
Bombay
1 Dadabhoy N. Road
2 Kazi Sayed St. Mandvi
3 Kalbadevi Road
4 Dana Bunder
Bangalore
Bharatpur
Bareilly
Bhilwara
Bisalpur
Beawar
Bikaner
Calcutta
Coimbatore
Dausa
Delhi
Fatehpur
Gangapur
Hindaun
Indore
Jaipur
1 Mansing Highway
2 Chand Pole
3 Jauhari Bazar
4 Secretariat
Jhunjhunu
Jodhpur
Jamnagar
Kotah
Kishangarh
Madras
Nawalgarh
Rajkot
Ratlam
Sawaimadhopur
Sikar
Surajgarh
Tirupur
Udaipur

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager



आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी वाडी, गिरगांव, मुंबईमां श्रीमाणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथी प्रकट कर्युं.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

जैन युग

श्री महावीर जन्म कल्याणक विशेषांक

★

तंत्री

सोहनलाल म. कोटारी
बी.ए.,बी.कॉम्. (लंडन), ए.सी.ए. (इंग्लंड)

जयंतीलाल र. शाह
बी.ए.,बी.कॉम्. (लंडन)

एप्रिल १९५९

卐 જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કળા, સ્થાપત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયોનું ઉત્તમ માસિક 卐

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ કા મુખપત્ર

: વ્યવસ્થાપક મંડલ :

શ્રી ચંદુલાલ વર્દ્ધમાન શાહ, જે. પી.
શ્રી સૌભાગ્યચંદ્ર સિંગી, એમ. એ.
શ્રી કાંતિલાલ ડી. કોરા, એમ. એ.
શ્રી સોહનલાલ મ. કોઠારી (તંત્રી)
બી. એ., બી. કૉમ. (લંડન), એ. સી. એ. (ઇંગ્લંડ)
શ્રી જયંતિલાલ રતનચંદ શાહ (તંત્રી)
બી. એ., બી. કૉમ. (લંડન)

દરેક ૧લી તારીખે પ્રગટ થાય છે. ભારતમાં વાર્ષિક લવાજમ રૂપૈ ૨) બે

આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે લેખના લેખકો જ સર્વ રીતે જોખમદાર રહેશે.

અનુક્રમ : એપ્રિલ ૧૯૫૯

	પૃષ્ઠ નં.	
વિશ્વવત્સલ ભગવાન	૧	
શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ	૪	કાર્યાલય પ્રવૃત્તિ નોંધ
સમાચાર સંકલન	૭	
પ્રથમ નયસારનો ભવ	૧૧	પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરિજી મહારાજ
મહાવીર (કાવ્ય)	૧૬	શ્રી મગનલાલ દલીચંદ દેશાઈ
ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા	૧૭	પં. સુખલાલજી
જ્ઞાનભંડારનો પરિચય	૨૫	
શ્રીમહેન્દ્રસૂરિદ્વારા નૈષધીયચરિતનો સર્વપ્રથમ ઉલ્લેખ	૩૦	ડૉ. અરુણોદય ન. જાની
ચિત્રપરિચય	૩૩	પૂ. મુનિ શ્રીયશોવિજયજી મહારાજ
પુષ્પ અને પરાગ	૩૫	શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
श्रमण भगवान् श्रीमहावीर	४३	श्री ऋषभदास जैन
श्रमण – ब्राह्मण	४९	श्री दलसुख मालवणीया
महान दार्शनिक आचार्य श्रीहरिभद्रसूरि	५१	मुनिश्री जिनविजयजी
बिहार के मानभूम ज़िले में जैन पुरातत्त्वावशेष	५२	मूल लेखक : श्री पी. सी. राय चौधरी अनुवादक : श्री कस्तुरमल बांठिया
Lord Mahāvīra : An Evaluation	65	Dr. S. B. Deo
Jain Tirthas in Madhyadesha : Chandpur	67	Dr. Klaus Bruhn
Opposition to Immorality	71	Dr. H. Bhattacharyya
Ahimsa the Law of Nature	76	Shri G. C. Dhariwal

શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફિસ, ગોડીજી બિલ્ડિંગ, ૨૦, પાયધૂની, કાલબાદેવી, મુંબઈ નં. ૨



जैन मंदिरोनी सामूहिक अस्मिता–खजूराहो

फोटो : श्री जगन महेता]

खजूराहोना भगवान पार्श्वनाथ मंदिरनी एक कलामय दिवाल परनी अगत्यनी ऐतिहासिक शिल्पकळा

फोटो : श्री जगन महेता]

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ का મુખપત્ર

卐

વર્ષ : જૂનું ૨૦, નવું ૨ 卐 વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૫ 卐 તા. ૨૧ એપ્રિલ ૧૯૫૯ 卐 અંક ૬

सुअदेवया भगवई, नाणावरणीअ-कम्म-संघायं ।
तेसिं खवेउ सययं, जेसिं सुअ-सायरे भत्ती ॥ (प्रतिक्रमणसूत्र)

कुंदिंदुगोक्खीरतुसारवण्णा
सरोजहत्था कमले निसण्णा ।
वाएसिरी पुत्थयवग्गहत्था
सुहाय सा अम्ह सया पसत्था ॥ (' कल्लाण-कंदं 'स्तुति)

શ્રુત સાગરમાં જેમની ભક્તિ છે તેમનાં જ્ઞાનાવરણીય કર્મના સમૂહનો ભગવતી શ્રુતદેવતા સતત ક્ષય કરો !

કુન્દપુષ્પ, ચંદ્ર, દૂધ અને તુષાર જેવા વર્ણવાળી, સરોજયુક્ત હાથવાળી, કમલાસના, જેનો (બીજો) હાથ પુસ્તકથી રોકાયેલો છે એવી પ્રશસ્ત વાગીશ્વરી અમને સદા સુખદા થાઓ !

卐

વિશ્વવત્સલ ભગવાન

ભગવાન મહાવીરે આત્મસાધનાનું અતિઆકરું મંથન કર્યું અને એમાંથી પોતાને માટે અને સમસ્ત વિશ્વને માટે मित्ति मे सव्वभूएसु ના—વિશ્વવાત્સલ્યના—સંદેશાનું નવનીત નિપજાવ્યું અને એ નવનીતની પ્રાપ્તિ માટે અહિંસા, સંયમ અને તપનો ધોરી ધર્મમાર્ગ ઉદ્‌બોધ્યો.

પણ વિશ્વના માનવીઓને અને બીજા જીવોને પણ આ ધર્મમાર્ગનું ઉદ્‌બોધન કરતાં પહેલાં ભગવાને એ માર્ગનો પૂરો પ્રવાસ કરી લીધો હતો; અને એ દુર્ગમ માર્ગમાં આવતાં અનેક અસહ્ય કષ્ટોને હર્ષ અને વિષાદથી પર બનીને પૂર્ણ સમભાવપૂર્વક સહન કર્યાં હતાં. એટલે એ માર્ગ એમના જાતઅનુભવથી પરિપૂત બનેલો હતો.

આત્મસાધના કરવા માટે ભગવાને બાર-સાડાબાર વર્ષ લગી કેવું ઉગ્ર તપ કર્યું, સાંભળતાં પણ રોમાંચ થઈ આવે એવાં કેવાં કેવાં કષ્ટો સહન કર્યાં, ભલભલાને પણ વિચલિત બનાવી દે એવા અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોના મહાઝંઝાવાતની વચ્ચે પણ ભગવાન મેરુની જેમ કેવા નિષ્પ્રકંપ રહ્યા, વાસનાઓ અને કષાયો ઉપર વિજય પ્રાપ્ત કરીને આત્માના કુંદનને સર્વથા મળમુક્ત કરવા માટે એમણે કેવી કેવી આકરી પ્રક્રિયાઓ આદરી અને મનના ચાંચલ્યને જીતવા માટે કેવાં ઉત્કટ ધ્યાન કર્યાં એની કથા બહુ લાંબી છે, ભારે રોમાંચકારી છે અને પ્રેરણા આપે એવી પણ છે.

ભગવાન મહાવીરની આ ઉગ્ર સાધનાની વિશિષ્ટતા

એ હતી કે એમાં પળેપળની-સમયેસમયની-આત્મજાગૃતિ રહેતી હતી અને એ આકરું દેહદમન કે તપશ્ચરણ કેવળ દેહકષ્ટરૂપ બની ન રહેતાં એમાંથી ક્લેશમુક્તિ, કષાય-મુક્તિ અને કર્મમુક્તિ નિષ્પન્ન થાય, એનું સતત ધ્યાન રાખવામાં આવતું.

અને તેથી ભગવાનની એ ઉગ્ર સાધનાનું પરિણામ, જાણે કોઈ ગણિતનો દાખલો હોય એમ, નક્કર, સ્પષ્ટ અને નિશ્ચિતરૂપે દુનિયાની સમક્ષ રજૂ થયું. સમસ્ત દુઃખોનો નાશ કરવો હોય તો એના કારણરૂપ સમસ્ત કર્મોનો નાશ કરવો ઘટે. જે જે માર્ગે કર્મોનો નાશ થાય એ ધર્મમાર્ગ, અને તે અહિંસા, સંયમ અને તપની રત્નત્રયીમાં સમાઈ જાય. ક્લેશમળને દૂર કરવાથી કષાયમળ દૂર થાય અને કષાયમળ દૂર થવાથી કર્મમળ દૂર થાય; અને કર્મમળથી સર્વથા મુક્તિ એનું નામ જ મોક્ષ.

આ ધર્મમાર્ગ કે મોક્ષમાર્ગ સાધનાની દૃષ્ટિએ આકરો હોવા છતાં સમજવા માટે તો 'બે ને બે ચાર' જેવો સાવ સરળ છે. અને આવો સરળ માર્ગ શોધવા માટે ભગવાન કષ-છેદ-તાપની કેવી કેવી આકરી કસોટીમાંથી પસાર થયા હતા, એનું થોડુંક છતાં તાદૃશ વર્ણન આપણા પ્રાચીનમાં પ્રાચીન આગમગ્રંથ પ્રથમાંગ શ્રી આચારાંગસૂત્રમાં સચવાયું છે. આત્મમંથન કે મનોમંથનને માટે એમાંથી થોડુંક વર્ણન વાંચીએ. આપણા આત્માના તારને જાગ્રત બનાવતું એ વર્ણન કહે છે કે :—

"અરણ્યમાં વિહરતા ભગવાનને નાનાં-મોટાં અનેક જંતુઓએ ચાર મહિનાઓ સુધી ઘણો ત્રાસ આપ્યો અને એમનાં લોહી-માંસ ચૂસ્યાં"

"વસ્ત્ર ન હોવા છતાં તથા સખ્ત ટાઢમાં તે હાથ લાંબા રાખીને ધ્યાન ધરતા. ટાઢને કારણે કોઈ દિવસ તેમણે હાથ બગલમાં ઘાલ્યા નથી. કોઈ કોઈ વાર શિયાળામાં તે છાયામાં જ બેસીને ધ્યાન ધરતા અને ઉનાળામાં તાપમાં જ ખુલ્લે ડિલે ઉભડક બેસી ધ્યાન ધરતા."

"વસ્ત્રવિનાના હોવાથી તૃણના સ્પર્શો, ટાઢના સ્પર્શો, તાપના સ્પર્શો અને ડાંસ તથા મચ્છરના સ્પર્શો—એમ અનેક પ્રકારના સ્પર્શો ભગવાન મહાવીરે સમપણે સહ્યા હતા."

"ઉજ્જડ ઘર, સભાસ્થાન, પરબ અને હાડકાં—એવાં સ્થાનોમાં ભગવાન કોઈવાર રહેતા, તો કોઈવાર લુહારની કોઢમાં કે પરાળના ઢગલાઓ પાસે, તો કોઈવાર ધર્મ-શાળાઓમાં, બગીચાઓમાં, ઘરોમાં કે નગરમાં રહેતા હતા. કોઈવાર સ્મશાનમાં, શૂન્ય ઘરમાં કે ઝાડની નીચે રહેતા હતા."

"તે તે રહેઠાણોમાં ભગવાનને અનેક પ્રકારનાં ભયંકર સંકટો પડ્યાં. તે તે સ્થળમાં રહેનારાં જીવડાં કે પક્ષીઓ તેમને ઉપદ્રવ કરતાં. હલકા માણસો પણ ભગવાનને ઘણો ત્રાસ આપતા. કોઈવાર ગામના રખવાળો હાથમાં હથિયાર લઈને ભગવાનને કનડતા."

"કોઈ પૂછે તોપણ તેનો જવાબ નહોતા આપતા. કોઈ તેમને પ્રણામ કરતું તો તેના તરફ પણ નજર નહોતા કરતા. એવે વખતે તેમને નિષ્પુણ્ય મનુષ્યો દ્વારા માર તેમજ ત્રાસ પડતો. તે બધું તે સમ-ભાવે સહેતા.....સહી ન શકાય એવાં દુઃખો વટાવીને પરાક્રમ કરતા તે મુનિ સર્વત્ર સમભાવે રહેતા; તથા એ મોટા સંકટ પાર કરતાં કોઈનું શરણ ન શોધતા."

"લાઢ પ્રદેશના લોકો પણ તેમને બહુ મારતા; ખાવાનું બહુ લૂખું મળતું.....કેટલીક વાર કૂતરાઓ ભગવાનને કરડતા અને તેમની માંસની પેશીઓ ખેંચી કાઢતા. છતાં એવા દુર્ગમ લાઢ દેશમાં હિંસાનો ત્યાગ કરીને અને શરીરની મમતા છોડીને તે અનગાર ભગવાને આવી પડતાં સંકટોને સમભાવે સહ્યાં; અને સંગ્રામમાં મોખરે રહેતા વિજયવંત હાથીની જેમ ભગવાને એ દુઃખો ઉપર જય મેળવ્યો."

"કોઈ જગ્યાએ ગામની ભાગોળ પાસે આવતાં જ ગામના લોકો બહાર નીકળીને તેમને મારતા અને હાંકી કાઢતા; કોઈવાર તેઓ ભગવાનના શરીર ઉપર બેસી તેમનું માંસ કાપી લેતા; કોઈવાર તેમના ઉપર ધૂળ વરસાવવામાં આવતી; કોઈવાર તેમને ઊંચેથી નીચે પટકવામાં આવતા; તો કોઈવાર આસન ઉપરથી તેમને ગબડાવી નાખવામાં આવતા."

("મહાવીરસ્વામીનો આચારધર્મ")

આવા ઉગ્ર કષ્ટસહનની પાછળ પણ ભગવાનની મુખ્ય દૃષ્ટિ તો હિંસાના સર્વથા ત્યાગ—અહિંસાના સંપૂર્ણ પાલન તરફ તેમ જ સમભાવની સાધના તરફ જ રહેતી. અને અહિંસા અને સમભાવના સાક્ષાત્કારરૂપ બે ચક્રો દ્વારા

આત્મસાધનાનો રથ અચૂક રીતે મુક્તિનગરે પહોંચવાનો છે, એવી ભગવાનની પ્રતીતિ હોવાથી, દેહના ભયંકરમાં ભયંકર કષ્ટે પણ એમને વિચલિત નહોતા બનાવ્યા.

ભગવાન તો સમુદ્રના અતલ તળિયે ડૂબકી મારનાર પેલા મોતીનાં મૂલ જાણનારા મરજીવા જેવા હતા–જેમને મન આત્મભાવનાં અમૂલ્ય મોતીનો જ મહિમા હતો, અને પુદ્‌ગલભાવ એ તો કેવળ ઔપાધિક અને ત્યાજ્ય જ હતો.

જેમણે આત્માના અમરપદનો વિશ્વાસ મેળવી લીધો હોય એમને ભલા, શરીરની આળપંપાળ શી હોય? અને એને ગમે તેટલાં કષ્ટ પડે તોપણ એ પોતાના મૂળ ધ્યેયને કેમ કરી ત્યાગે?

અને ભગવાનની આવી અપૂર્વ આત્મસાધના અહિંસા અને કરુણાની પતિતપાવની નિર્મળ સરિતારૂપે વિશ્વમાં વહેવા લાગી.

એ સરિતાને કાંઠે કાંઠે પ્રેમ અને સેવાના ઘાટ બંધાયા અને એ ઘાટે ઘાટે માર્ગભૂલ્યો માનવ આત્મભાન અને વિશ્વમૈત્રીના મંત્રો શીખવા લાગ્યો.

વિશ્વવત્સલ ભગવાને સમજાવ્યું: કર્મનો માર્ગ તો વિભેદનો, મારા-તારાનો, સાચજૂઠનો, રાગ-દ્વેષનો, મોહ-મમતાનો. એ માર્ગે જશે એ આત્માને ખોઈ બેસશે, વિશ્વપ્રેમથી વંચિત બનશે અને સંસારસાગરમાં ગોથાં ખાયાં કરશે.

માટે એ કર્મનો માર્ગ છોડી ધર્મને માર્ગે વળો. ધર્મનો માર્ગ એ તો અભેદનો, આત્મૌપમ્યનો, વિશ્વના જીવમાત્રની સાથે મૈત્રી સાધવાનો અમૃતમાર્ગ. ત્યાં ન કોઈ પોતાનું, ન કોઈ પરાયું; ન કોઈના પ્રત્યે રાગ, ન કોઈના પ્રત્યે દ્વેષ; ન કોઈ મોટો, ન કોઈ નાનો; ન કોઈ ઊંચ, ન કોઈ નીચ; ત્યાં તો સદાકાળ સમતારસમાં મગ્ન રહીને અહિંસા, કરુણા અને વિશ્વમૈત્રીના ત્રિવેણીના આરે આત્માને વધુ ને વધુ ઊજળો બનાવવાનો; અને અંતે વિશ્વના સમસ્ત જીવો સાથે મૈત્રીનો પવિત્ર સંબંધ બાંધીને આત્માને કૃતાર્થ કરવાનો.

ભગવાને આવા સરળ, સુલભ ધર્મમાર્ગની પ્રરૂપણા કરી અને માનવજીવનમાં અને પ્રાણીજીવનમાં જાણે નવચેતનાનો સંચાર થયો.

ભગવાનના એ ધીર ગંભીર કરુણાભર્યા ધર્મનાદે કંઈક પતિતો, દલિતો અને અધમોના આત્માનો ઉદ્ધાર કર્યો; શું રાજા કે શું રંક, શું શ્રેષ્ઠી કે શું ચાકર–સૌને એ નાદ મુગ્ધ બનાવી રહ્યો. અને નારીજગતને માટે તો એ નાદ નવજીવનની પ્રેરણા જ બની ગયો. કંઈક નારીઓએ એ નાદને અંતરમાં ઉતારીને પોતાના આત્માને મુક્ત બનાવ્યો.

એમ કહી શકાય કે વિશ્વવત્સલ ભગવાને વિશ્વને અહિંસા અને કરુણાના આત્મૈક્યના માર્ગે દોરવાને સમાજનાં સ્થાપિત હિતો, અજ્ઞાન, અહંકાર, અંધશ્રદ્ધા અને જડતાને વેરવિખેર બનાવીને, જેમાં ગુણ હોય તે જ ગુણવાન અને જે ધર્મનું પાલન કરે તે જ ધર્મી—પછી ભલે એ લોકવ્યવહારમાં નાનો લેખાતો હોય કે મોટો, રાજા તરીકે પંકાતો હોય કે રંક તરીકે અવહેલના પામતો હોય—એવાં સાચાં અને નવાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરી.

માતાનું હૈયું સંતાન માટે કેટકેટલી યાતના વેઠે છે! અને છતાં એ હૈયાના હેતનાં અમી કદી સુકાય છે ખરાં?

ભગવાન તો આખા વિશ્વના સમસ્ત જીવો પ્રત્યે હેતના અમર કૂંપાઓ પોતાના આત્મામાં પ્રગટાવે છે; અને સૌ કોઈને માટે એ વહાવ્યા કરે છે.

એ હેતનાં અમી પામી જેઓ અહિંસા, કરુણા અને વિશ્વમૈત્રીના માર્ગે વળે છે તેઓ કૃતાર્થ બની જાય છે.

વિશ્વવત્સલ ભગવાનની અહિંસા અને કરુણાનાં એ અમૃત આપણે ઝીલીએ અને આપણા જીવનને કૃતાર્થ બનાવીએ!

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

કાર્યવાહી સમિતિની સભા

કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની સભા મુંબઈમાં શનિવાર, તા. ૨૧-૩-૧૯૫૯ અને તા. ૨૨-૩-૧૯૫૯ ના રોજ શ્રી કુલચંદ શામજીના નિવાસસ્થાને (કલ્પના, નેતાજી સુભાષ રોડ) મળી હતી, જે સમયે આઠ સભ્યો ઉપસ્થિત હતા.

પ્રમુખસ્થાને શ્રી મોહનલાલ લલ્લુચંદ શાહ હતા. આ સભામાં થયેલ કામકાજની ટૂંક નોંધ નીચે પ્રમાણે છે :—

(૧) કાર્યવાહી સમિતિની તા. ૩૦-૧૦-૧૯૫૮ની સભાની કાર્યનોંધ બહાલ રાખવામાં આવી હતી. (૨) સંવત્ ૨૦૧૪ ના વર્ષના કાચા બેલેન્સશીટની રજુઆત થતાં તેની નોંધ લેવાઈ અને કેટલાક હવાલાઓ નાખવા વગેરેની સ્વીકૃતિ અપાઈ. (૩) અને (૪) શ્રી કૉન્ફરન્સ નિભાવ ફંડ એકત્ર કરવા અને જૂની ઉઘરાણી વસૂલ લેવા અંગે કાર્યવાહકોએ ઘટતું કરવું (૫) શ્રી આવક-આવિકાક્ષેત્ર ઉત્કર્ષ ફંડની યોજનાનુસાર સંવત્ ૨૦૧૫ ના વર્ષ માટે સમિતિઓને મદદ મંજૂર કરવાની સત્તા ઉપ-પ્રમુખ શ્રી કુલચંદ શામજી અને મંત્રીઓને અપાઈ. આ અંગે રૂા. ૪૦૦૦૦) ચાલીસ હજાર સુધીની રકમ ખર્ચવાની મંજૂરી આપવામાં આવી હતી. (૬) 'જૈનયુગ'ના ગ્રાહકો વધારવા માટે કાર્યવાહકોએ યોગ્ય કાર્યવાહી કરવી.

(૭) કૉન્ફરન્સનું આગામી અધિવેશન મેળવવા અંગે નીચે પ્રમાણે ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો :—

"શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનું આગામી એકત્રીસમું અધિવેશન કલકત્તામાં મોડામાં મોડું ઓકટોબર ૧૯૫૯ સુધીમાં મેળવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે અને આ અંગેની ઘટતી સર્વ કાર્યવાહી કરવા પ્રમુખ શ્રી મોહનલાલ લલ્લુચંદ શાહ, ઉપ-પ્રમુખ શ્રી કુલચંદ શામજી અને કાર્યવાહી સમિતિના સભ્યો શ્રી સવાઈલાલ કેશવલાલ શાહ (કલકત્તા) શ્રી તાજમલજી બોથરા (કલકત્તા) અને મુખ્ય મંત્રીઓને સત્તાસહ વિનંતી કરવામાં આવે છે."

'તદુપરાંત આ અંગે પ્રચાર અને પ્રવાસાદિ મે ૧૯૫૯ લગભગ અને અધિવેશન પૂર્વે ગોઠવવાની સર્વ સત્તા કૉન્ફરન્સના અધિકારીઓને આપવામાં આવે છે.'

(૮) સાહિત્ય પ્રચાર સમિતિના નિવેદનની વધુ વિચારણા અને વ્યવસ્થા હાલ તુરત મુલતવી રાખવામાં આવી હતી. (૯) શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ મુંબઈ સમિતિ સંચાલિત ઉદ્યોગ ગૃહની ગ્રાંટ અંગે સમિતિના મંત્રી અને મકાનના 'લીઝ' અંગે શ્રી કાંતિલાલ ઈશ્વરલાલના અનુક્રમે તા. ૪-૨-૧૯૫૯ અને ૩-૧૨-૧૯૫૮ ના પત્રો વિષે વિચારણા થતાં ઠરાવ્યું કે (અ) કૉન્ફરન્સની શ્રી શ્રા. શ્રા. ઉ. ફંડની યોજના અને ઉદ્યોગગૃહના બંધારણની પરિસ્થિતિ અંગે કાયદાની સલાહ લઇ કાર્યવાહી સમિતિએ તા. ૩૦-૧૦-૧૯૫૮ની સભામાં જે ઠરાવ કરેલ છે તેને અખિલ હિંદ સમિતિની બહાલી મળે ત્યાં સુધી એ વાત સ્થગિત રહે તેવી પરિસ્થિતિ છે. (બ) શ્રી કાંતિલાલ ઈશ્વરલાલના પત્રની નકલ ઉદ્યોગગૃહને મોકલી યોગ્ય કરવા જણાવવું વગેરે. (૧૦) શ્રી મહાવીર જન્મકલ્યાણક ઉત્સવની ઉજવણી સંયુક્ત રીતે (બધા ફિરકા સાથે) કરવા મંત્રીઓને સત્તા આપવામાં આવી હતી.

બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઈ હતી.

જબલપુરમાં તીવ્ર કોમી લાગણી

જબલપુરમાં ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહમાં એક દિગમ્બર આમ્નાયના પત્રના લખાણ અંગે કેટલીક ગેરસમજૂતી ફેલાવવામાં આવી, જેના પરિણામે હિંદુ-સમાજના તોફાની તત્ત્વોએ જૈનોની દુકાનો લૂંટી, મંદિરની મિલકત લૂંટી મૂર્તિઓ ખંડિત કરી અને કોમી લાગણી તીવ્ર બનાવી. પોલીસને ફરફ્યુ અને સત્તાધીશોને ૧૪૪મી કલમ જાહેર કરવા ફરજ પડી. આ સર્વ સમાચારો કૉન્ફરન્સને પ્રાપ્ત થતાં તેની પત્રાદિદ્વારા તપાસ કરાવવામાં આવી હતી અને દિલ્હીમાં સંયુક્તરીતે એ માટે ગૃહમંત્રીને મળવા ગોઠવણ થઈ હતી. તે લક્ષમાં

રાખી તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી.

ચૈત્રી આયંબિલની ઓળી

મુંબઈ આદિ સ્થળે ચૈત્ર માસની આયંબિલની ઓળી સામુદાયિક રીતે ઉજવવાના સંબંધમાં મુંબઈ સરકારના એસિ. ડાઇરેક્ટર ઑફ સિવિલ સપ્લાઈઝને શ્રી હીરાલાલ-ભાઈ ગાંધી અને શ્રી માણેકલાલ ડી. મોદી (એસિ. સેક્રેટરી)એ કેટલીક વિગતો સમજાવી હતી. આ બાબતમાં સ્થાનિક દેરાસરો અને સંસ્થાઓના ટ્રસ્ટીઓને કૉન્ફરન્સ દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ છે.

શ્રી શ્રાવક શ્રાવિકા ઉત્કર્ષના કેન્દ્રોને ગ્રાંટ

કૉન્ફરન્સના શ્રી શ્રાવક શ્રાવિકાક્ષેત્ર ઉત્કર્ષ ફંડમાંથી સંવત્ ૨૦૧૫ના વર્ષ માટે કેન્દ્રોને ગ્રાંટ આપવા કાર્યવાહી સમિતિએ સંમતિ આપી છે તે નિયમાધીન નીચેની વિગતો મોકલી આપવા ધ્યાન ખેંચવામાં આવે છે :—

(૧) સંવત્ ૨૦૧૫ના વર્ષ અંગે આવક–ખર્ચની વિગતોયુક્ત બજેટ.

(૨) ઉપરોક્ત બજેટ પૈકી સ્થાનિક સમિતિ કેટલી રકમ એકત્ર કરશે અને કૉન્ફરન્સ તરફથી કેટલી ગ્રાંટની અપેક્ષા રાખવામાં આવે છે.

(૩) છેલ્લા (સંવત્ ૨૦૧૪ના) વર્ષના કામકાજનો રિપોર્ટ, બંધારણ અને ઑડિટેડ હિસાબની નકલ.

ઉપરોક્ત વિગતો મે ૧૯૫૯ની આખર સુધીમાં અવશ્ય મોકલી આપવા વિનંતી છે.

એસ. એસ. સી. સુધીના શ્વે. મૂર્તિ.
વિદ્યાર્થીઓના ફી અંગે સહાય

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના શ્રી શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ ફંડના શિક્ષણ વિભાગમાંથી એસ. એસ. સી. પર્યન્તના જે જૈન શ્વેતામ્બર મૂર્તિ. વિદ્યાર્થીઓને ફી અંગેની સહાયની જરૂર હોય તેમણે નીચેના સ્થળે ૨૦ નયા પૈસાની ટિકિટ મોકલી છાપેલ અરજીપત્રક મંગાવી લેવા. અરજીપત્રક મોડામાં મોડા તા. ૧૫ જૂન, ૧૯૫૯ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથે ભરી મોકલવા. સ્થાનિક વિદ્યાર્થીઓને કૉન્ફરન્સ કાર્યાલયમાંથી રૂબરૂ બાર નયા પૈસામાં અરજીપત્રકો મળી શકશે.

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, ગોડીજી બિલ્ડીંગ, કાલબાદેવી, મુંબઈ ૨.

જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ

વ્યવસ્થાપક સમિતિની સભા તા. ૩–૪–૧૯૫૯ ના રોજ શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહના પ્રમુખસ્થાને મળી હતી, જે વખતે નીચે પ્રમાણે કામકાજ થયું હતું :—

(૧) શ્રી બાઈ પાનકોર તે શ્રી કાનજી નાનજીની વિધવાના ટ્રસ્ટીઓ તરફથી બોર્ડને રૂ. ૪૦૦૧)ની રકમ કાયમી ટ્રસ્ટ તરીકે પ્રદાન કરવા તા. ૨૮–૩–૧૯૫૯ના પત્રથી આવેલ ઑફર નીચેની શરતો અનુસાર સર્વાનુમતે આભારસહિત સ્વીકારવામાં આવી :—

(અ) બોર્ડે રૂ. ૪૦૦૧)ની રકમ "બાઈ પાનકોર તે કાનજી નાનજીની વિધવા માંગરોળવાસી કાયમી ટ્રસ્ટ ફંડ" ખાતે જમા રાખવી.

(બ) આ રકમ સરકારમાન્ય જમીનગીરીમાં રોકાણ કરી તેના વાર્ષિક વ્યાજની ઉત્પન્ન નીચે પ્રમાણે વાપરવી :—

બોર્ડની પ્રતિવર્ષ લેવામાં આવતી ધાર્મિક પરીક્ષાઓના બાળધોરણ ૧ અને ૨ અને કન્યા ધોરણ ૧ અને ૨ અથવા તેની જગ્યાએ શરૂઆતના પુરૂષ અને સ્ત્રી વિભાગના ધાર્મિક શિક્ષણ અંગેનાં જે ધોરણ ભવિષ્યમાં નક્કી થાય તેમાં પ્રથમ આવનાર જે વિદ્યાર્થી ભાઈ કે બહેન જે આગળના બોર્ડના ધોરણ માટે અભ્યાસ ચાલુ રાખે તો તેની યોગ્ય ખાત્રી મેળવી તેને તે અભ્યાસાર્થે વાર્ષિક રૂ. ૨૫) ૨૫)ની એવી ૪ છાત્રવૃત્તિ ઉપરોક્ત નામે આપવી.

આ ફંડના વ્યાજની રકમમાંથી પ્રથમ વર્ષે એક શિલ્ડ ઉપરોક્ત નામે લેવી જેમાં ૧૦ ચંદ્રકો રાખવા. આ ચંદ્રકો ઉપરોક્ત બાળ અને કન્યા ધોરણો (૪ ધોરણો) માંથી જે ધોરણમાં જૈન પાઠશાળા કે કન્યાશાળાના બાળક-બાલિકાઓ બેસી વધુમાં વધુ પાસ થાય તે સંસ્થાને આપી તેની નોંધ શિલ્ડ ઉપર રાખવી. આ રીતે ૧૦ વર્ષના અંતે જે પાઠશાળા કે કન્યાશાળાને વધુ ચંદ્રકો મળ્યા હોય તેને બોર્ડ તરફથી શિલ્ડ આપવી. દસ વર્ષ પછી પણ ઉપરોક્ત ક્રમે શિલ્ડની યોજના ચાલુ રાખવી.

(ક) આ યોજના અંગેની જાહેરાત બોર્ડે પ્રતિવર્ષ યોગ્ય રીતે કરવી.

(ડ) બોર્ડના પેટ્રન તરીકે 'બાઈ પાનકોર તે શ્રી કાનજી નાનજીની વિધવા માંગરોળવાસી' ને સ્વીકારવા.

(ઇ) આ યોજનાનો અમલ કરવા માટે વધુ સગવડતા ઉત્પન્ન કરવાની દૃષ્ટિએ ટ્રસ્ટીઓ બીજી કોઇ

સૂચના કરે તો બોર્ડ તે ઉપર લક્ષ આપશે. (૨) શ્રી ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા સ્મારક નિબંધના ફંડની શરત મુજબ દાતા તરફના એક સભ્ય તરીકે નિબન્ધ તપાસવાની સમિતિ ઉપર શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરાને નિયુક્ત કરવામાં આવ્યા (૩) શ્રી દીપચંદ શવરાજ ગાર્ડિ, સોલિસિટરને પેટ્રન અને શ્રી જયંતિલાલ રતનચંદ શાહને આજીવન સભ્ય તરીકે આભાર સહ સ્વીકારવા ઠરાવ્યું. (૪) વ્યવસ્થાપક સમિતિના એક સભાસદ તરીકે શ્રી જયંતિલાલ રતનચંદ શાહને નીમવામાં આવ્યા.

(૫) ચાલુ અભ્યાસક્રમમાં પુસ્તકો વગેરેના ફેરફાર અંગે રિપોર્ટ કરવા શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ, શ્રી પ્રાણજીવનદાસ હ. ગાંધી અને શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીની પેટાસમિતિ નીમવામાં આવી હતી.

જન શ્વે. કો. શ્રા. ઉ. ચાણસ્મા સમિતિ

ચાણસ્મામાં ચાલતી સમિતિના કામકાજનો રિપોર્ટ નીચે પ્રમાણે છે :—

"સંસ્થામાં પાંચ પગસંચા છે જેના ઉપર બ્હેનો કાર્ય શીખે છે. સમય બપોરનાં ૧૨ થી ૪ છે. જે વખતે કટિંગ-ઓટણ અને સિલાઈ વગેરેની તાલીમ અપાય છે.

સંવત્ ૨૦૧૪માં ૪૨ બ્હેનોએ આ સંસ્થાનો લાભ લીધો છે. ૧૧૦૦ કપડાં સીવી તૈયાર કરેલા છે. સિલાઈનું જે કામ આ સંસ્થામાં આવે છે તે બજારભાવથી અર્ધે ભાવે કરી આપવામાં આવે છે.

શીવણ શિખવવા માટે રૂા. ૮૦)ના પગારથી એક ભાઈ ને રાખવામાં આવ્યા છે. બીજા એક ભાઈ પાર્ટ ટાઈમ રૂા. ૨૦)ના પગારથી છે તેમજ નોકરને રૂા. ૩) પગાર અપાય છે.

આ સંસ્થા (કોન્ફરન્સ) તરફથી મદદ ન મળે તો અહીંની સંસ્થા ચાલી શકે તેમ નથી. આ સંસ્થાની સ્થાપના પણ કોન્ફરન્સની પ્રેરણાથી જ થયેલ છે અને દર સાલ સારી રકમ (કોન્ફરન્સ) તરફથી મળે છે. તેથી ૧૦–૧૨ બ્હેનો સંચા અંગેનું કામ સંપૂર્ણ રીતે શીખી તૈયાર થઈ છે, જે હાલ કુટુમ્બને મદદરૂપ થઈ રહી છે અને આ સંસ્થાના ગુણગાન કરે છે. આ સાલે (૨૦૧૪) પણ રૂા. ૮૪૦)ની મદદ મળી છે. વધુ મદદ મળે તો કામ વધારી શકાય."

અખિલ ભારત સમિતિના સભ્યોને :—

અખિલ ભારત જૈન શ્વે. કોન્ફરન્સ સ્થાયી સમિતિના સભ્યોએ પ્રતિવર્ષે લવાજમના રૂા. ૫)+૧ (સામાન્ય સભ્ય) મળી રૂા. ૬) બંધારણાનુસાર વર્ષની શરૂઆતથી ચાર માસમાં આપવા આવશ્યક છે. તે માટે ફ્રેબ્રુઆરી મહિનાના "જૈન યુગ" તેમજ તા. ૮-૧૨-૧૯૫૮ના જૂદા પરિપત્રથી સૂચના મોકલાયેલ છે તે તરફ પુનઃ લક્ષ ખેંચી જે સભ્યોએ પોતાનું લવાજમ મોકલ્યું ન હોય તેઓને તે તુરત મોકલવા વિનંતી છે. (પેટ્રન અને આજીવન સભ્યોએ રૂા. પાંચ જ મોકલવાના હોય છે).

"मध्यमवर्गना उत्थानना मार्गो"

जैन युग ईनामी निबंध

श्री जैन श्वेताम्बर कॉन्फरन्सना "जैन युग" व्यवस्थापक मंडळ तरफथी "मध्यमवर्गना उत्थानना मार्गो" ओ विषय उपर हिंदी, गुजराती अथवा अन्ग्रेजी भाषामां निबंधो आवकारवामां आवे छे.

(१) निबंध फुलस्केप साइझना कागळ उपर एक बाजू चार हजार शब्दोमां चोख्खा अक्षरे लखायेला होवो जोईये. (२) निबंधो ता. १५ मे, १९५९ सुधीमां रजीस्टर्ड पोस्टथी मोकली आपवा. (३) निबंधो "जैन युग" व्यवस्थापक मंडळ द्वारा तपासवामां आवशे अने तेनो निर्णय छेवटनो अने लेखकने बंधनकर्ता गणाशे. (४) प्राप्त थयेल निबंधोनी मालिकी वगेरेना सर्व हक्क श्री जैन श्वेताम्बर कॉन्फरन्सना "जैन युग" व्यवस्थापक मंडळना रहेशे. (५) श्रेष्ठ निबंध लखनारने अनुक्रमे प्रथम, द्वितीय अने तृतीय रू. १५०), रू. १००) अने रू. ५०) इनामो आपवामां आवशे. (६) निबंध लखनारे पोतानुं पूरुं नाम, ठेकाणुं, गाम वगेरे निबंध साथे जुदा कागळ उपर लखवां.

निबंधो नीचेना सरनामे मोकलवा :— तंत्रीओ, जैन युगc/o श्री जैन श्वेताम्बर कॉन्फरन्स
गोडीजी बिल्डिंग, २०, पायधुनी, कालबादेवी, मुंबई २

સમાચાર સંકલન

શ્રેષ્ઠ પુસ્તકો માટે પારિતોષિક

૧૯૫૭-૫૮માં મુંબઈ રાજ્યમાં ગુજરાતી ભાષામાં નાટક, નવલકથા, વિવેચન, ભાષાશાસ્ત્ર વગેરે વિષયને લગતાં શ્રેષ્ઠ પુસ્તકોને મુંબઈ રાજ્ય તરફથી પારિતોષિકો અપાયાં. તેના લેખકોમાં પં. સુખલાલજી, ડૉ. ભોગીલાલ સાંડેસરા શ્રી ચુનીલાલ મડીઆ, શ્રી વસંત જોષીનો વગેરેનો સમાવેશ થાય છે.

સાહિત્ય અકાદમી

સાહિત્ય અકાદમીએ સને ૧૯૫૮માં 'કે રાજવાડે. લેખ-સંગ્રહ' પ્રકાશિત કરેલ છે, જેના પૃષ્ઠ ૯૫ ઉપર શ્રી મહાવીરસ્વામીને નટ જાતિના દર્શાવ્યા હોવાથી એ બાબતમાં શ્રી શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ તરફથી અકાદમી સાથે પત્રવ્યવહાર થતાં તા. ૧૯-૩-૧૯૫૯ ના પત્રદ્વારા જણાવવામાં આવેલ છે કે "આ વાક્ય હિંદી તથા અન્ય ભાષાઓના અનુવાદોમાંથી કાઢી નાખવામાં આવશે તેમજ આ ગ્રંથની હવેની મરાઠી આવૃત્તિમાં પણ આ વાક્ય પ્રકટ કરવામાં નહિ આવે."

શ્રી શિક્ષા-સ્મૃતિ સમારોહ

શ્રી જૈન સાહિત્ય પ્રકાશન મન્દિર દ્વારા તા. ૭-૩-૧૯૫૯ ના રોજ મુંબઈમાં સુંદરબાઈ હૉલમાં શ્રી શિક્ષા-સ્મૃતિ સમારોહ મધ્યપ્રાંત અને મુંબઈ પ્રાંતના પૂર્વ રાજ્યપાલ શ્રી મંગળદાસ પકવાસાના પ્રમુખસ્થાને ઉજવાયો હતો. અતિથિવિશેષ મુંબઈ રાજ્યવિધાન પરિષદના અધ્યક્ષ શ્રી ભોગીલાલ લાલા હતા. આ પ્રસંગે પૂજ્ય મુનિશ્રી યશોવિજયજી મહારાજ, પૂજ્ય મુનિશ્રી જયાનંદવિજયજી આદિ મુનિવરો તેમજ ભિન્ન-ભિન્ન ક્ષેત્રની અનેક અગ્રગણ્ય વ્યક્તિઓએ હાજરી આપી હતી. સમારોહના પ્રારંભમાં શ્રી ઘનશ્યામ જોષી, શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, શ્રી ગણપતિશંકર દેસાઈ તથા રેવ. ફાધર જે. એસ. વિલિયમ્સનાં મનનીય પ્રવચનો થયા બાદ સાહિત્યવારિધિ શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહે વિનંતી કરતાં 'જૈન શિક્ષાવલી'ની પ્રથમ શ્રેણીનાં બાર પુસ્તકોની પ્રકાશનવિધિ શ્રી મંગળદાસ પકવાસાએ કરી હતી. ત્યારબાદ શ્રી ધીરજલાલભાઈ એ છેલ્લા બે વર્ષમાં સિદ્ધ કરેલ અનુપમ અવધાનના પ્રયોગો કર્યા હતા. શ્રી મૂળશંકર વ્યાસે અતીન્દ્રિય જ્ઞાનના પ્રયોગો કર્યા હતા.

વસન્ત વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે માર્ચ માસમાં વસન્ત વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ યોજ્યો હતો. વ્યાખ્યાતાઓમાં ડૉ. ઉમાકાન્તભાઈ શાહ, શ્રી ગગનવિહારી મહેતા, શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી નવલભાઈ શાહ, શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી ગૌરીપ્રસાદ ઝાલા અને શ્રી ઉષાબહેન મહેતા હતા. તે ઉપરાંત નૃત્યપ્રયોગો દ્વારા મણિપુરી નર્તનની સમજુતી આપતું એક સંસ્કાર સંમેલન પણ યોજવામાં આવ્યું હતું. નૃત્યપ્રયોગો ઝવેરી-ભગિનીઓએ રજૂ કર્યા હતા.

શ્રી વિનોબાજીનો મહત્વનો અભિપ્રાય

"પંડિતો ગમે તે માને કે લખે, હું તેમની સાથે ચર્ચામાં ઊતરવા નથી માંગતો; પણ નિઃસંશયપણે કહું છું કે ભગવાન મહાવીર કદાપિ માંસાહાર કરે નહીં. જો ભગવાન મહાવીરમાં સહેજ પણ ક્ષતિ હોત તો જૈન સમાજ જેવો પાકો નિરામિષાહારી સંઘ ઊભો કરવાનું મહાન કાર્ય તેઓ કરી ન શકત."

પાટણની શ્રી હેમચન્દ્રાચાર્ય સભા તરફથી તાજેતરમાં પ્રગટ થયેલ શ્રી રતિલાલ મફાભાઈના "ભગવાન મહાવીર અને માંસાહાર" નામક પુસ્તકની પ્રસ્તાવનામાં ઉપરોક્ત અભિપ્રાય દર્શાવવામાં આવેલ છે.

પ્રતિમાજી નીકળ્યા

ઉજ્જૈન (મધ્યપ્રદેશ)માં જીર્ણોદ્ધાર નિમિત્તે ખોદકામ કરતાં ૭ મૂર્તિઓ તથા ૧ અર્ધું પરિકર નીકળેલ છે. તેમાં ૩૩ ઇંચની એક શ્રી પદ્મપ્રભુની પ્રતિમા વિ. સં. ૩૨૪માં પ્રતિષ્ઠિત થઈ હોય તેવો ઉલ્લેખ હોવાનું જણાય છે.

સુશોભિત કાષ્ટ દેરાસર

રાધનપુરના સાગરગચ્છના ભોંયરામાંથી એક સુંદર કારીગરીવાળું તાંબા તથા સોનાથી મઢેલું નાજુક સુશોભિત કાષ્ટ દેરાસર મળી આવ્યું છે. ભોંયરાને કેટલાક સમય અગાઉ સમારકામ કરાવતાં અખંડિત પ્રતિમાઓના ઢગલામાંથી એક પેટી હાથ લાગી, જેમાંથી આ દેરાસર મળી આવ્યું છે. પ્રથમ માહિતી પ્રમાણે આ દેરાસરની શિલ્પકૃતિ આચાર્ય શ્રી. હેમચન્દ્રાચાર્યના સમયની

લાગે છે. આ દેરાસરમાં ત્રણ ગભારા, રંગમંડપ, નંદીશ્વરદ્વીપ, ત્રિશલાદેવીનાં ચૌદ સ્વપ્નો વગેરેની સુંદર કોતરણી છે. તે ઉપરાંત ચતુર્વિધ સંઘની ભગવંત સમક્ષ ભક્તિ કરતાં દશ્યવાળી કાષ્ટની મૂર્તિઓ અને વાજિંત્રો સાથે નૃત્ય કરતી પુતળીઓ ફરીફરી શકે એવું આ જિનાલય છે.

અગત્યના ચુકાદાની નકલ

રતલામના શ્રી શાંતિનાથ જૈન મન્દિરના હાઈકૉર્ટ અને ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ કૉર્ટના ચુકાદાનો હિંદીમાં અનુવાદ કરી પુસ્તિકારૂપે પ્રગટ કરવામાં આવેલ છે. આ અગત્યના ચુકાદાની નકલની જરૂરત હોય તેમણે શ્રી સંયુક્ત જૈન સંઘ, માનકચોક, રતલામ (મ. પ્ર.) ને સરનામે લખવાથી વિના મૂલ્યે મળશે.

જબલપુર પ્રકરણ

સમસ્ત જૈન સમાજ તરફથી તા. ૧૬-૩-૧૯૫૯ ના રોજ દિલ્હીમાં ગૃહમંત્રી શ્રી પંતજીને ડેપ્યુટેશનમાં મળી મેમોરેન્ડમ રજૂ કરતાં શ્રી પંતજીએ સહાનુભૂતિ પ્રકટ કરવા ઉપરાંત આ બાબતની તપાસ કરવા કહ્યું હતું.

શ્રી મહાવીર જન્મકલ્યાણક રજા

શ્રી મહાવીર જન્મ કલ્યાણક રજા ઉત્તરપ્રદેશ, બંગાળ, કેરળ, મદ્રાસ અને કેન્દ્રીય સરકારમાં સ્વીકારવામાં આવે તેવી તજવીજ કરવા શ્રી સંઘને શ્રી મહાવીર જૈન સભા માંડવળાએ સૂચન કર્યું છે.

સ્વ. મુનિરાજ શ્રી ભુવનવિજયજી

પૂજ્ય વયોવૃદ્ધ મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજ શંખેશ્વર તીર્થમાં મહા સુદી ૮ ના રોજ કાળધર્મ પામ્યા છે. જૈન સાહિત્ય સંશોધન કાર્ય અંગે પોતાન શિષ્ય પૂ. મુનિશ્રી જંબુવિજયજીને તૈયાર કરવામાં અને 'નયચક્ર' જેવા દર્શનશાસ્ત્રના મહાન ગ્રંથના સંપાદનકાર્યમાં તેઓશ્રીએ મહત્વનો ફાળો આપ્યો હતો.

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ

શ્રી ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા સ્મારક નિબંધ

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તરફથી સ્વ. ડાહ્યાભાઈ બાલાભાઈ કોરાના સ્મારક ફંડની યોજનાનુસાર 'પ્રભાવિક પુરુષો' (તીર્થંકર અને કેવળી સિવાય) ઉપર નિબંધો આવકારવામાં આવે છે. (૧) નિબંધ ગુજરાતી, હિંદી અથવા અંગ્રેજી ભાષામાં ફુલસ્કેપ સાઈઝના કાગળ પર ૨૫૦ થી ૩૦૦ લીટી, સુધીમાં સ્પષ્ટ અક્ષરે લખાયેલા હોવા જોઇએ. (૨) તે માટે 'પ્રભાવક ચરિત્ર' (આત્માનંદ સભા) શ્રી હેમચંદ્રસૂરિકૃત 'પરિશિષ્ટ પર્વ', 'શ્રી ભરહેસર બાહુબલી' (ભાષાંતર), શ્રી મોહનલાલ ચોકસીકૃત 'પ્રભાવિક પુરુષો' ભાગ-૪ મુખ્યત્વે આધારભૂત લેખાશે. (૩) નિબંધ તા. ૧૫, મે, ૧૯૫૯ સુધીમાં રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવા. (૪) નિબંધો બોર્ડની વ્યવસ્થાપક સમિતિએ નીમેલ સમિતિ દ્વારા તપાસવામાં આવશે અને તેનો નિર્ણય છેવટનો અને બંધનકર્તા ગણાશે. (૫) પ્રાપ્ત થયેલા સર્વ નિબંધના માલિકી વગેરેના હક્ક શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડના રહેશે અને યોગ્ય જણાશે તો જ છપાશે. (૬) શ્રેષ્ઠ નિબંધ લખનારને સમિતિના નિર્ણયાનુસાર અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ કુલ રૂા. ૧૫૦) દોઢસો રૂપિયા સુધીનાં ઇનામો (નિબંધ ઇનામને યોગ્ય હશે તો જ) વહેંચવામાં આવશે. (૭) નિબંધ લખનારે પોતાનું પૂરું નામ, ઠેકાણું, ગામ વગેરે નિબંધ સાથે જુદા કાગળ પર લખવા. નિબંધો—માનદ્ મંત્રી; શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ, ગોડીજી બિલ્ડીંગ, ૨૦, પાયધુની, કાલબાદેવી, મુંબઈ-૨ ના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

રજીસ્ટર્ડ ઓફીસ

૨૨, કેનાંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ (પૂર્વ પાકિસ્તાન)	મીલ નં. ૨ બેલઘરીઆ (કલકત્તા)



સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન ઍસસિએશન લિ. મુંબઈ-૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લેબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
ઍન્ડ ઍસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. તાર : ARGOR

॥ णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स ॥

પ્રથમ નયસારનો ભવ યાને ભગવાન મહાવીર બનવાના પુન્યસમયનો પ્રારંભ

પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરિજી મહારાજ

જીવાત્મા એ જ પરમાત્મા

સર્વનયશુદ્ધ સનાતન જૈન શાસનના મંતવ્ય પ્રમાણે પરમાત્મદશાએ પહોંચેલા કોઈપણ આત્મા અનાદિથી પરમાત્મા નથી હોતા. પરંતુ સંસારી જીવાત્મા સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રની ક્ષાયિકભાવે આરાધના કરવા દ્વારા પરમાત્મદશા પ્રાપ્ત કરે છે. સર્વથી પહેલો કોણ આત્મા પરમાત્મા થયો ? એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં પ્રવાહની અપેક્ષાએ પરમાત્મા અનાદિ છે એ વાત જેમ યથાર્થ છે તેમ વ્યક્તિની અપેક્ષાએ જીવાત્મા (સંસારી આત્મા) એ જ પરમાત્મા થાય છે એ વાત પણ એટલી જ બરાબર છે. " પરમાત્મા એ અનાદિથી પરમાત્મા જ છે અને જીવાત્મા એ સદાય જીવાત્મા જ રહે છે " એવું કોઈ દર્શનકારનું કથન કેટલે અંશે સત્ય છે? તે ઘણું વિચારણીય છે.

અભવ્ય–જાતિભવ્ય અને ભવ્ય

શ્રમણ ભગવાન મહાવીર, મહાવીરના ભવમાં પરમાત્મા–તીર્થંકર-દેવાધિદેવ-યાવત્ સિદ્ધ બુદ્ધ મુક્ત નિરંજન નિરાકાર થયા. પરંતુ એ ભગવાન મહાવીરનો આત્મા અનાદિ કાળની અપેક્ષાએ તો આપણા જેવો કર્મના આવરણોવાળો અશુદ્ધ, સંસારવર્તિ ચોરાશી લાખ જીવયોનિ કિંવા ચારગતિમાં પરિભ્રમણ કરનાર જીવાત્મા હતો. અખિલ વિશ્વમાં વર્તતા અનંત જીવાત્માઓ પૈકી અમુક આત્માઓ એવા હોય છે કે જેમનો જીવાત્મા પરમાત્મદશા અને તેનાં અંતરંગ સાધનો સમ્યગ્ દર્શન વગેરે સદ્ગુણો પ્રાપ્ત કરવા માટે અયોગ્ય છે. આવા જીવાત્માઓને **અભવ્ય**ના નામથી જૈન શાસનમાં સંબોધવામાં આવ્યા છે. અમુક જીવાત્માઓમાં પરમાત્મદશા અને તેના અંતરંગ સાધનો સમ્યગ્દર્શન વગેરે સદ્ગુણો પ્રાપ્ત કરવાની યોગ્યતા હોવા છતાં પંચેન્દ્રિયપણું, મનુષ્યત્વ, વિચારશક્તિ અને તેને લાયક બહિરંગ સાધનો પ્રાપ્ત થતાં નથી. જેથી પરમાત્માપદની યોગ્યતા છતાં અનાદિ–અનંતકાળ પર્યંત પરમાત્મદશાથી એ જીવાત્માઓ વંચિત રહે છે. એવા પ્રકારના આત્માઓને '**જાતિભવ્ય**' કહેવામાં આવ્યા છે. અને જે જીવાત્માઓમાં પરમાત્મદશા તેમજ તેનાં અંતરંગ સાધનો સમ્યગ્દર્શન વગેરે પ્રાપ્ત કરવાની યોગ્યતા હોવા સાથે, બાદરપણું ત્રસપણું પંચેન્દ્રિયપણું વિચારશક્તિ મનુષ્યત્વ વગેરે બહિરંગ વિકાસક્રમની પણ યોગ્યતા છે તેવા આત્માઓને '**ભવ્યાત્મા**'ના નામથી સંબોધન કરવામાં આવેલ છે.

ભવ્યાત્મા હોય તે જ પરમાત્મા થાય

બીજમાં ઉદ્ગમ શક્તિનો જે અભાવ હોય તો કાળી માટી તેમજ પાણી વગેરે વિપુલ સાધનો મળવા છતાં ફળ પ્રાપ્તિ નથી થતી. બીજમાં ઉદ્ગમ્ શક્તિ હોવા છતાં ઉદ્ગમશક્તિના વિકાસ માટે બાહ્ય સાધન માટી તેમજ પાણીનાં યથાયોગ્ય સાધનો ન મળે તો પણ એ ઉદ્ગમશક્તિ ફળસ્વરૂપે પ્રગટ થતી નથી. બીજમાં ઉદ્ગમ શક્તિ હોય અને સાથે એ શક્તિના વિકાસમાં સહાયક અનુકૂળ બાહ્ય સાધનો હાજર હોય તો તો બીજમાં વર્તતી શક્તિ ફળસ્વરૂપે પ્રગટ થતી પ્રત્યક્ષ અનુભવાય છે. જીવાત્મા માટે પણ આ જ વ્યવસ્થા છે. અભવ્ય જીવાત્મામાં ઉદ્ગમશક્તિનો જ અભાવ છે. તેથી તે અભવ્ય આત્માઓ મનુષ્યત્વ, વિચારશક્તિ, દેવ ગુરૂની સામગ્રી વગેરે અનુકૂલ બાહ્ય સાધનો મળવા છતાં ઉદ્ગમશક્તિનો અભાવ હોવાથી પરમાત્મદશાને પ્રગટાવી શકતા નથી. જાતિભવ્યમાં ઉદ્ગમશક્તિ છે. પણ ભવિતવ્યતાના કારણે મનુષ્યત્વ વગેરે શક્તિવિકાસનાં બાહ્ય સાધનો તેને મળતાં નથી. જ્યારે ભવ્યાત્માને ઉદ્ગમશક્તિનું અસ્તિત્વ હોવા સાથે વહેલા મોડા પણ મનુષ્યત્વ વગેરે વિકાસનાં સાધનો પ્રાપ્ત થાય છે. અને તેથી તે ભવ્યાત્મા પરમાત્મદશાએ પણ વહેલો મોડો અવશ્ય પહોંચે છે.

ભગવાન મહાવીરનો આત્મા ભૂતકાળમાં સંસારીજ હતો

બીજી એક વિશેષતા એ છે કે જેમ જીવ એ ત્રણ કાળમાં અજીવ થતો નથી અને અજીવ જેમ જીવ થતો નથી. તેમ જીવમાં પણ જે અભવ્યજીવ છે તે સદાને માટે અભવ્ય છે. કોઈપણ કાલે અભવ્ય ભવ્ય થતો નથી. તેમ ભવ્ય અભવ્ય થતો નથી. જાતિભવ્ય માટે પણ આજ વ્યવસ્થા છે. અભવ્યપણું જાતિભવ્યપણું કે ભવ્યપણું એ અનાદિ પારિણામિક ભાવો છે. એ અનાદિ પારિણામિક ભાવમાં પરિવર્તનની શકયતા નથી. આટલી વાત તો પ્રાસંગિક જણાવેલ છે. આ પ્રાસંગિક જણાવેલ બાબત ઉપરથી એક નિર્ણય થાય છે કે કોઈ પણ પરમાત્મા ભલે પછી ભગવાન મહાવીર હોય કે બીજા કોઈ હોય પરંતુ તેમનો આત્મા પરમાત્મદશા પ્રાપ્ત થવા અગાઉ અનાદિસંસારમાં જીવાત્મા રૂપે વિદ્યમાન હતો અને એ પરમાત્માના આત્માને પણ આ સંસારી અવસ્થામાં અનંત જન્મમરણની પરંપરાનો અનુભવ થયો હતો. પરમાત્મદશા અથવા સિદ્ધાવસ્થામાં વર્તમાનકાળે વિદ્યમાન અનન્ત આત્માઓ પૈકી એક પણ એવો આત્મા નથી કે જેને ભૂતકાળમાં સંસાર પરિભ્રમણ અને જન્મ મરણની પરંપરા તેમજ કામક્રોધાદિની વાસનાઓ ન વર્તતી હોય.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિથીજ ભવની ગણતરી

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ માટે પણ આ જ વ્યવસ્થા સમજવાની છે. આ પરિસ્થિતિમાં ભગવાન મહાવીરના આત્માને આત્મિકવિકાસનો પ્રારંભ ક્યારે ક્યા ભવમાં કેવા સંજોગોમાં થયો ? વિકાસનો પ્રારંભ થયા બાદ એકધારો આધ્યાત્મિક વિકાસજ ચાલુ રહ્યો કે તેમાં ઉત્ક્રાન્તિ–અપક્રાન્તિના પ્રસંગો પણ પ્રાપ્ત થયા ? વગેરે જાણવા માટે એ પ્રભુના ભૂતકાલીન છવ્વીશ ભવો અને તેમાં પણ પ્રથમ ભવ તરફ સિંહાવલોકન કરવાની ખાસ જરૂર છે. જૈન શાસનમાં વર્તમાન અવસર્પિણી કાલે આ ભરત ક્ષેત્રમાં થયેલા ચોવીશ-તીર્થંકર ભગવંતો પૈકી પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ-પ્રભુના તેર ભવ, ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુના દશ ભવ, બાવીશમા તીર્થંકર નેમનાથ પ્રભુના નવ ભવ વગેરે ભવોની સંખ્યા જેમ પ્રસિદ્ધ છે, તે પ્રમાણે ભગવાન મહાવીરપ્રભુના સત્તાવીશ ભવની પણ પ્રસિદ્ધિ છે. કોઈપણ આત્માના અનન્ત ભવો છતાં તેર, દશ, નવ અથવા સત્તાવીશ વગેરે ભવોની જે પ્રસિદ્ધિ છે તે આધ્યાત્મિક વિકાસના પ્રારંભની અપેક્ષાએ છે. જે જન્મમાં પોતાને પોતાના આત્મસ્વરૂપનું ભાન થાય છે; "હું અનન્ત ઐશ્વર્યનો માલિક છતાં કર્મની પરાધીનતાના કારણે પામરનો પામર બની ગયો છું. હું જુદો છું. શરીર જુદું છે. મારું સ્વરૂપ ભિન્ન છે. શરીરાદિ સંયોગી પદાર્થોનું સ્વરૂપ ભિન્ન છે. હું ચૈતન્યસ્વરૂપ છું. શરીરાદિ પદાર્થો અચેતન સ્વરૂપ છે." આવો અભૂતપૂર્વ પ્રકાશ આત્મામાં જે પુન્ય ઘડીએ પ્રગટ થાય છે. અને આજ સુધી ભૌતિક સુખ તથા તેનાં સાધનો તરફ જે રુચિ હતી તેને બદલે અંતરંગ સુખ અને તેનાં સાધનો તરફ ત્યારે અભિરુચિ પ્રગટ થાય છે. એ આધ્યાત્મિક વિકાસનો પ્રારંભ ગણાય છે. એ પ્રારંભિક વિકાસનું નામ **સમ્યગ્દર્શન** છે. એ સમ્યગ્દર્શનની જે ભવમાં જે આત્માને પ્રાપ્તિ થાય ત્યારથી તેના જીવનની કિંવા ભવોની ગણતરી ગણાય છે. તે પહેલાંનું જીવન બાહ્ય-વિકાસથી ગમે તેટલું ભરપૂર હોય કે રહિત હોય પણ તેની કશી ગણતરી નથી.

સમ્યગ્દર્શન એ પરમાત્મદશાનું બીજક છે.

જ્યાં સુધી–આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય અને એ અનુપમગુણની પ્રાપ્તિ દ્વારા આત્માને સ્વ-સ્વરૂપના ભાવ સાથે નિજસ્વરૂપની અભિલાષા ન પ્રગટે ત્યાં સુધી એ સ્વ-સ્વરૂપના આવિર્ભાવ માટે અનુકૂળ પુરુષાર્થ પણ ન થાય. એ સમજી શકાય તેવી વાત છે. આજના ભૌતિકવાદના ભીષણ કાળમાં ભૌતિક સુખના પોષણ માટે કેટલો પુરુષાર્થ ચાલી રહ્યો છે ? અને આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ માટે મોટાભાગનું જગત કેવું શૂન્ય બની ગયું છે ? તે આપણાથી અજાણ્યું નથી. આપણી પોતાની પણ પ્રાયઃ એ જ દશા છે. આ અનંતકાળના અવળી દિશાના વહેણ સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થયા સિવાય કોઈપણ આત્માને પલટાતાં નથી. અને એ કારણેજ સમ્યગ્દર્શનને પરમાત્મદશાના બીજક તરીકે મહાપુરુષોએ વર્ણવેલ છે. આપણા શાસનપતિ શ્રમણભગવાન મહાવીર-પ્રભુના આત્માને કયા ભવમાં અને કેવા સંજોગોમાં એ સમ્યગ્દર્શન પ્રગટ થયું ? તે બાબત સંક્ષેપમાં આપણે વિચારીએ અને સાથે સાથે તેનું ચિંતન-મનન કરવા પૂર્વક આપણે પણ એ માર્ગે ચાલવાનો પ્રયાસ કરીએ, તો આપણા આત્મમંદિરમાં એ સમ્યગ્દર્શનનો સૂર્ય ઉદય પામે. અનંતકાળનો ભાવાંધકાર વિનષ્ટ થઈ જાય અને નિર્મળજ્ઞાન પ્રકાશના યોગે આપણા

કલ્યાણમાર્ગનું દર્શન આપોઆપ થઈ જવાની સુભગ ઘડી આપણા માટે હાજર થાય.

નયસારના સમયનો યુગ

ભગવાન મહાવીર પ્રભુ, મહાવીરના ભવથી પશ્ચાનુપૂર્વીએ સત્તાવીશમા ભવમાં નયસાર નામે એ ગામના મુખી હતા. એ કાળે એ પ્રદેશમાં સંસ્કૃતિની સુવાસ સર્વત્ર પ્રસરેલ હતી. અહિંસા-કરુણા સત્ય-સદાચાર સંયમ તેમજ સેવાની ભાવનાઓ પ્રાયઃ હરકોઈ માનવના મનોમંદિરમાં વિદ્યમાન હતી. સ્વાર્થવૃત્તિ અને સંગ્રહખોરીની પૈશાચિક ભૂતાવળથી પ્રત્યેક માનવ દૂર રહેવા સદાય જાગૃત રહેતો. દાનધર્મ, શીલધર્મ, તપોધર્મ અને ભાવધર્મના પ્રવાહો અસ્ખલિતપણે તે અવસરે ચારેય બાજુ પથરાયેલા હતા. આવા સંસ્કૃતિમય સતયુગમાં માનવનો અવતાર મળવો એ પ્રબળ ભાગ્યોદય ગણાતો. કોઈપણ કાળ એવો નથી કે જ્યારે આ પૃથ્વી માનવ સંખ્યાથી સર્વથા રહિત હોય. પરંતુ સતયુગના માનવમાં અને કલિયુગનાં (ચોથા આરાના માનવમાં અને પંચમ આરાના માનવમાં) માનવમાં આભ ધરતી જેટલું અંતર હોય છે. સતયુગના સમયે માનવ સમુદાયના મનોમંદિરમાં માનવતાની જ્યોત જીવંત હોય છે. અને એ કારણે એ કાળના માનવ-કિંવા પશુ-પક્ષી વગેરે સર્વ નાના મોટા પ્રાણીઓ બહુલતાએ નિર્ભય તેમજ નિરાકુલ હોય છે, જ્યારે કલિયુગમાં તેથી વિપરીત રૂપે માનવ ગણાતા મનની મહેલાતમાં પાશવતાનો ઘોર અંધકાર જામેલો હોય છે. આવા સંજોગોમાં ભૌતિક વિકાસના ઓઠા નીચે માનવો-પશુ-પક્ષીઓ તેમજ અન્ય નાના મોટા પ્રાણીઓને નિર્ભયતા અને નિરાકુલતાના સ્થાને સદાય રાત્રિદિવસ સભયપણું અને એકધારી આકુલવ્યાકુલતા વળગેલી હોય છે. કોઈ વ્યક્તિ વિશેષ અપવાદ તરીકે નિર્ભય દૃષ્ટિગોચર થાય તો તે જુદી વાત છે.

ગ્રામમુખી નયસારનું સંસ્કારી જીવન

નયસારની હયાતીનો યુગ સંસ્કૃતિના વિકાસનો હતો. નયસારનું જીવન પણ સંસ્કારની સૌરભથી મઘમઘતું હતું. ગૃહસ્થજીવન અને ઘરબાર માટે ઉપયોગી લાકડાંની જરૂરિયાત હોવાથી પોતાના માણસો સાથે ગ્રામમુખી નયસાર ભોજન વગેરે સામગ્રી સહિત એક અવસરે નજીકના કોઈ જંગલ પ્રદેશમાં પહોંચ્યા. આપણાદેશની પ્રાચીન પ્રણાલિકા તરફ દૃષ્ટિ કરીએ તો તે કાળે ગૃહસ્થજીવનને ઉપયોગી વસ્તુઓ માટે નાણાકીય વ્યવહાર કરવાનો બહુ ઓછો પ્રચાર હતો. તે સમયના ગૃહસ્થો સામાન્યરીતે જમીન જાગીરવાળા, પશુધનનું પાલન કરનારા અને શ્રમજીવી વર્ગને સુંદર આશ્રય આપનારા હતા. અનાજ, દૂધ ઘી, બળતણ તેમજ ઈમારતને ઉપયોગી સાધનો માટે પરાવલંબીપણું લગભગ ન હતું. આપણા નયસાર પણ એ ઉચ્ચકક્ષાના ગૃહસ્થ હતા. અટવી પ્રદેશમાં પહોંચ્યા બાદ શુષ્ક થયેલા વૃક્ષોમાથી જરૂરી લાકડાં કાપવાનું કાર્ય પોતાના માણસો મારફત શરૂ થયું. મધ્યાહ્નનો સમય થતાં માણસોને ભોજન તેમજ ત્યાર બાદ થોડો સમય આરામ માટે આજ્ઞા થઈ. પોતાના માણસોને પોતાની સાથે એક પંક્તિમાં ભોજન માટે બેસાડ્યા "હું માલિક છું. આ મારા નોકરો છે" એવો ભેદ નયસારના ઉદાર જીવનમાં ન હતો, નયસાર એમ માનતા કે હું આ મારા માણસોની મદદથી સુખી છું. સેવકોના દિલમાં સદાય એ ભાવના હતી કે અમો અમારા માલિકના પ્રતાપે સુખી છીએ. શેઠ અને નોકર વચ્ચે આવો મીઠો સંબંધ આપણા દેશમાં પ્રાચીન કાળે ઘણો સુંદર હતો અને ઉભય વર્ગ પોતપોતાની ફરજમાં પરાયણ રહેતો હોવાથી સહુ કોઈના જીવનમાં શાંતિ હતી. ગ્રામમુખી નયસારના આત્મમંદિરમાં તો તીર્થંકર પદની યોગ્યતા વિદ્યમાન હતી. એટલે એમના જીવનમાં સેવકો પ્રત્યે આવી ઉદારતા ભરી કૌટુંબિક ભાવના અંગે શું આશ્ચર્ય હોય!

નોકર–ચાકર પ્રતિ પ્રાચીન કાળની કૌટુંબિક ભાવના

આપણા સુપ્રસિદ્ધ કલ્પસૂત્રના મૂળમાં સેવક કિંવા નોકરવર્ગ માટે **કૌટુંબિકપુરુષ** શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે. સિદ્ધાર્થરાજા જ્યારે સેવકને બોલાવવાની જરૂર પડે છે અને બોલાવે છે તે પ્રસંગમાં "तएणं सिद्धत्थेणं राया कोटुंबिय पुरिसे सद्दावेई" આવા વાક્યના ઉલ્લેખો છે. આપણા દેશમાં જ્યાં સુધી નોકર–ચાકરો પ્રતિ શ્રીમંતવર્ગના દિલમાં કૌટુંબિક ભાવના હતી ત્યાંસુધી નોકરિયાત ધારો, સામ્યવાદ કે સમાજવાદને સ્થાન નહતું. પરંતુ નોકર–ચાકર પ્રતિ શ્રીમંતવર્ગની કૌટુંબિક ભાવનામાં જ્યારથી પરિવર્તન થયું. અને નોકરિયાત વર્ગ પણ પોતાના કર્તવ્યથી—પોતાની વફાદારીમાંથી ક્રમશઃ શિથિલ થતો ગયો ત્યારથી જુદા-જુદા ધારાઓ અને વાદોનો પ્રારંભ થયો. અને ઉભય વર્ગમાં શાંતિ તેમ જ વિશ્વાસના સ્થાને

અશાંતિ અને અવિશ્વાસનું સ્થાન પ્રગટ્યું. મહાપુરુષોના જીવન ચરિત્રો ફક્ત વાંચીને કે શ્રવણ કરીને જ સંતોષ માનવામાં કાંઈ વિશેષતા નથી. પરંતુ એ મહાપુરુષોના પ્રત્યેક જીવનપ્રસંગોનું ચિંતન-મનન કરીને આપણો જીવનપથ ઉજ્જવળ અને કલ્યાણકારી બને એ એનું મુખ્ય ફળ છે.

નયસારના દિલમાં દાનધર્મની ઉદારભાવના

નયસાર અને એના માણસો એક પંક્તિમાં ભોજન માટે બેસી ગયા. ભોજનની સામગ્રી પણ સહુને યથેચ્છ પીરસવામાં આવી. પરંતુ ભોજનનો પ્રારંભ થાય એ પહેલાં આપણા નયસારે પોતાના માણસોને સંબોધીને ઉચ્ચાર્યું કે " આવા નિર્જન પ્રદેશમાં આપણે ભોજન કરવા બેઠા છીએ, એટલે કોઈ સંત સાધુ-અતિથિ કે પ્રાહુણાની આશા ક્યાંથી રખાય ! ઘરના આંગણે તો નયસારનો લગભગ એ નિયમ હતો કે કોઈ સંત સાધુના પાત્રમાં અથવા દીન-દુઃખીના મુખમાં ભોજન આપ્યા સિવાય મુખમાં અન્ન ન નાંખવું ' પણ આ તો જંગલ હતું, વિકટ અટવીનો પ્રદેશ હતો. આવા નિર્જન વન-વગડાના સ્થાનમાં સંત સાધુ કે સુપાત્રની આશા ક્યાંથી રખાય ? છતાં હૈયામાં રહેલી એ સુંદર ભાવના તો જરૂર પ્રગટ થાય ! હૈયું જરૂર અંતરમાંથી અવાજ આપે કે આજે કમભાગી છું જે સંત સાધુ અથવા કોઈ માનવ બંધુની સેવા વિના વાંઝિયું અન્ન ખાવાનો પ્રસંગ આવ્યો છે. આપણા નયસાર એ ભાવના ભાવી રહ્યા એટલું જ નહિ પણ કકડીને ક્ષુધા લાગેલી હોવા છતાં પાંચ-દશ મિનિટ ઉભા થઈ ચારેય દિશામાં કોઈ સંત સાધુની પધરામણી માટે પ્રતીક્ષા કરવા લાગ્યા. ઉત્તમ આત્માઓની ભાવનાઓ જેમ ઉત્તમ હોય છે. તે પ્રમાણે તેઓનું પુન્યબલ ઘણું ઉચ્ચકક્ષાનું હોય છે. અને એ પુન્ય-બલના પ્રભાવે તેમના ઉત્તમ મનોરથો પણ સહજ રીતે પૂર્ણ થાય છે. ચારે ય દિશામાં પ્રતીક્ષા કરી રહેલા ગ્રામમુખી નયસાર પણ ઉત્તમ આત્મા હતા. ભોજન કરતાં સાધુ સંતની ભક્તિ તેમને વધુ વહાલી હતી. તેમના પ્રબલ પુન્યોદયે અતિવિકટ અટવીના પ્રદેશમાં રસ્તો ભૂલી જવાના કારણે જાણે ચારે ય બાજુ માર્ગ શોધી રહેલા હોય તેવા તપસ્વી મુનિવરને દૂરથી દેખ્યા. મુનિદર્શન થતાં નયસાર એ દિશામાં સામે ચાલી મુનિવરની પાસે પહોંચી તે પવિત્ર આત્માના ચરણોમાં ઝૂકી પડ્યા. મુનિવરે પણ 'ધર્મલાભ'ના મંગલ ઉચ્ચારણ દ્વારા શુભાશિષ સમર્પણ કર્યા. નયસારની વિનંતીથી મુનિવર જે સ્થાને અન્ય સેવકો ભોજનની તૈયારીમાં બેઠા હતા ત્યાં આવી પહોચ્યા. નયસાર તેમજ તેના સેવકોના હૈયામાં નિરવધિ આનંદ પ્રગટ થયો. ઘરના આંગણે સાધુ-સંતની ભક્તિનો લાભ મળતાં જે આનંદ પ્રગટે તે કરતાં આવા નિર્જન-વિકટ અટવીના પ્રદેશમાં સાધુ-મુનિવરની ભક્તિનો લાભ પ્રાપ્ત થતાં ઉત્તમ આત્માને જે આનંદ પ્રગટે તે અવર્ણનીય હોય. સર્વ સેવકોએ મુનિરાજને વંદન કર્યું એટલે મુનિરાજે પણ સર્વને ધર્મલાભ આપ્યા.

નયસારે કરેલ મુનિવરનું ભક્તિ-બહુમાન

મુનિવર યોગ્ય આસને બિરાજમાન થયા બાદ નયસારે તેઓને પૂછ્યું "કૃપાળુ ! આવા વિકટ પ્રદેશમાં આપ ક્યાંથી આવી ચઢ્યા ?" મુનિવર બોલ્યા " મહાનુભાવ ! વિશાલ સાધુ સમુદાય સાથે એક ગામથી બીજે ગામ વિહાર કરીને જતાં જરા પાછળ રહી જવાના કારણે માર્ગ ભૂલી જવાયો. માર્ગ શોધવા માટે પ્રયાસ કરવા છતાં જે ગામ જવું હતું તે ગામના માર્ગનો પત્તો ન લાગ્યો અને આ અટવી પ્રદેશમાં આવી પહોંચ્યો. હું માર્ગ ભૂલી ગયો અને અહીં આવી ચઢ્યો. ક્ષુધાતૃષા વગેરે પરીસહો સહન કરવાનો પ્રસંગ મને પ્રાપ્ત થયો તેનું મારા દિલમાં જરા ય દુઃખ નથી, પરંતુ મારા સમુ-દાયના સાધુઓ મારી ચિંતા કરી રહ્યા હશે એ બાબતનું મારા દિલમાં દુઃખ છે." નયસારે એ મુનિવરને કહ્યું " ગુરુદેવ ! આપ યોગ્ય ભિક્ષાગ્રહણ કરી અમોને સુપાત્ર દાનનો લાભ આપો આપ માર્ગ ભૂલ્યાં અને આ અટવીમાં અનેક કાંટા કાંકરાનાં કષ્ટો સહન કરવાં પડ્યા એ યદ્યપિ ઠીક નથી થયું એમ છતાં અમારું તો આજે અહોભાગ્ય જાગ્યું કે આવા જંગલ પ્રદેશમાં આપ જેવા તારક પૂજ્ય મુનિવરના પવિત્રદર્શનનો અને સુપાત્રદાનનો અમોને લાભ મળ્યો. કૃપાળુ ! આપ યોગ્ય ભિક્ષા ગ્રહણ કરો. આપની સાધુ ધર્મની મર્યાદા પ્રમાણે આપ આહાર વાપરવાનો ઉપયોગ કરી લો. અમો પણ ભોજન કરી લઈએ. પછી આપને જે ગામ જવું છે અને આપના સાધુઓ જે તરફ ગયા છે ત્યાં આપને અમો ભેગા કરી દઈએ."

નયસારને મુનિવરે બતાવેલ ભાવ માર્ગ

ગૃહસ્થ જીવનમાં સાધુ સંત પ્રત્યે કેવું બહુમાન અને અંતરનો આદર હોવો જોઈએ તેનું આ અનુપમ દૃષ્ટાન્ત

છે. આજે તો વિહાર કરીને સાધુઓ કોઈ શહેર અથવા ગામમાં પધારે, જિનાલય કે ઉપાશ્રયના અજાણ સાધુ કપાળમાં પીળો ચાંલ્લો દેખી રસ્તામાં મળતા અથવા દુકાને બેઠેલા શ્રાવકને પૂછે કે 'ભાઈ! ઉપાશ્રય દેરાસર કઈ બાજુ આવ્યાં?' જવાબમાં પેલા ભાઈ કહી દે કે–'સીધા ચાલ્યા જાઓ, થોડું આગળ ચાલીને ડાબી બાજુ જે રસ્તો આવે તે રસ્તે વળી જશો' આજની લગભગ આ મનોદશા જ્યારે નયસારના જીવનની કેવી પ્રશંસનીય ઉદારવૃત્તિ! નયસારની વિનંતીથી સાધુ મુનિરાજે યોગ્ય નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરી લીધી. બાજુમાં બેસીને સાધુ ધર્મની મર્યાદાને બાધ ન પહોંચે તે પ્રમાણે ગોચરી વાપરી. નયસાર તેમજ સેવકોએ પણ અટવી જેવા પ્રદેશમાં તપસ્વી મુનિવરની ભક્તિનો લાભ મળવા બદલ વારંવાર પરસ્પર અનુમોદના કરતાં કરતાં જમી લીધું. ભોજન થઈ ગયા પછી નયસાર પોતાના કોઈ સેવકને મુનિરાજ સાથે માર્ગ બતાવવા ન મોકલતાં 'મને આવો ઉત્તમલાભ ક્યાંથી મળે' આ ભાવનાના યોગે પોતેજ મુનિરાજની સાથે ચાલ્યા રસ્તે ચાલતાં ચાલતાં મુનિવરે નયસારના આત્માની યોગ્યતા પારખી લીધી અને ધર્મોપદેશ શરૂ કર્યો.

કર્મપ્રવાહની પરંપરાનું કારણ

"આત્મા અનાદિ છે, એનો સંસાર અનાદિ છે અને સંસારના કારણરૂપ કર્મસંયોગ પણ પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે. ચોરાશી લાખ જીવાયોનિ અથવા ચારગતિમાં પરિભ્રમણ કરવું એ આત્માનો મૂલ સ્વભાવ નથી. એમ છતાં અનાદિકાલીન કર્મસત્તાના કારણે સંસારમાં પરિભ્રમણ કરતાં અનંત પુદ્ગલ પરાવર્તન જેટલો કાળ આત્માએ પસાર કર્યો છે. હજુ પણ જ્યાં સુધી આત્માને આત્મસ્વરૂપનું ભાન નહિ થાય ત્યાં સુધી એ પરિભ્રમણ સતત ચાલુ રહેવાનું છે. કર્મના કારણે કોઈ પણ ગતિમાં જન્મ લેવો પડે છે. જન્મ લીધા બાદ શરીર અવશ્ય તૈયાર થાય છે, શરીરની પાછળ તે તે જાતિને યોગ્ય ઇન્દ્રિયો પ્રાપ્ત થાય છે. અને ઇન્દ્રિયો પ્રાપ્ત થયા બાદ તેને અનુકૂલ વિષયોની પ્રાપ્તિમાં સુખની કલ્પના અને પ્રતિકૂલ વિષયોની પ્રાપ્તિમાં દુઃખની કલ્પના ખડી થાય છે. સુખની કલ્પના આત્મામાં રાગ ભાવ પ્રગટ કરાવે છે. દુઃખની કલ્પના આત્મામાં દ્વેષ ભાવ પ્રગટ કરાવે છે. અને એ રાગ દ્વેષ દ્વારા પુનઃ નવાં કર્મ બંધાતાં જાય છે. બીજમાંથી ફળ અને ફળમાંથી બીજની માફક, અથવા ઈંડામાંથી કુકડી અને કુકડીમાંથી ઈંડાની માફક રાગ-દ્વેષ રૂપી ભાવકર્મથી દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મથી ભાવકર્મ આ પ્રમાણે કર્મપ્રવાહની અવિચ્છિન્ન પરંપરા ચાલ્યા કરે છે. કર્મપ્રવાહના કારણે જન્મ, જરા, મરણ, આધિ-વ્યાધિ, ઉપાધિ, રોગ, શોક, સંતાપ, વગેરે દુઃખોથી ભરપૂર સંસારમાં પરિભ્રમણ પણ કાયમ અવસ્થિત રહે છે.

માનવ જીવનને સફળ બનાવવા માટે શું કરવું જોઈએ?

મહાનુભાવ! ઇન્દ્રિયના વિષયોની અનુકૂલતા પ્રતિકૂલતામાં સુખ-દુઃખની કલ્પના કરવી એ ભયંકર અજ્ઞાન ભાવ છે. ખરું સુખ આત્માના ગુણોની અનુકૂલતામાં જ છે. આત્મામાં પોતાના જ્ઞાન-દર્શન ચારિત્ર ગુણોના કારણે જે અનંત સુખ ભર્યું છે. તે અખિલવિશ્વના સમગ્ર ભૌતિક સુખને એકઠું કરવામાં આવે તો પણ આત્મિક સુખના એક અંશની તુલનામાં તે સુખ આવી શકે તેમ નથી. ભૌતિક સુખ જીવનમાં ગમે તેટલું પ્રાપ્ત થાય છતાં તે સુખ ક્ષણ વિનાશી છે. જ્યારે આત્મિક સુખ અવિનાશી છે. ભૌતિક સુખની પરાધીનતા આત્માનું અધઃપતન કરનાર છે જ્યારે આત્મિક સુખની સ્વાધીનતા આત્માનો ઉત્કર્ષ સાધનાર છે. આમ છતાં અજ્ઞાન વડે અંધ બનેલા આત્માએ આજસુધીના અનંતકાળ દરમ્યાન એ ભૌતિક સુખ માટે જ પુરુષાર્થ કરેલ છે. અને પોતાના જીવનને નિષ્ફળ બનાવ્યું છે. માનવ જીવન-આર્યક્ષેત્ર-પંચેન્દ્રિયની પૂર્ણતા વગેરે અનુકૂળ સાધનોની સફળતા ભૌતિક સુખની પ્રાપ્તિમાં નથી. મનુષ્યત્વ વગેરે માટેનાં સાધનોની સફળતા માર્ગાનુસારિતા પૂર્વક–દાન શીલ તપ–અને ભાવ વગેરે ચારે ય પ્રકારના ધર્મનું સુંદર આરાધન કરી સમ્યગ્દર્શન વગેરે સદ્ગુણોને પ્રાપ્ત કરવામાં છે. અનંતનો માલિક આત્મા કર્મસત્તાના કારણે માયકાંગલો બની ગયો છે. તેને અનંતનો પ્રભુ બનાવવાના પુરુષાર્થમાં જ માનવ જીવન વગેરે સામગ્રી ધન્ય બને છે, કૃતકૃત્ય બને છે.

મુનિરાજ અને ભાવિકાળના ભગવાન મહાવીર પણ વર્તમાનના નયસાર બન્ને ઉત્તમ આત્માઓ માર્ગે ચાલ્યા જાય છે. નયસાર મુનિરાજને દ્રવ્ય માર્ગ બતાવે છે. જ્યારે મુનિરાજ નયસારને ભાવમાર્ગ, મોક્ષમાર્ગ સમજાવે છે. ચાલતાં ચાલતાં મુનિરાજના મુખમાંથી ધર્મોપદેશની અમૃતધારા અસ્ખલિત ચાલી રહેલ છે. નયસાર પણ આજ સુધીના જીવનમાં કોઈ વાર નહિ પીધેલા એ

ધર્મામૃતના ઘૂંટડા પ્રેમપૂર્વક અંતઃકરણમાં ગટગટાવી રહ્યા છે. નયસારના આત્મામાં સમ્યગ્દર્શનાદિ સદ્‌ગુણો યાવત્ તીર્થંકર પદ અને અસંખ્ય આત્માઓના તારણહાર થવાની યોગ્યતા તો ભરેલી પડી હતી, ફક્ત વચ્ચે આછો પાતળો મોહના આવરણનો પડદો હોવાના કારણે એ યોગ્યતા તિરોભાવે હતી. પરંતુ તપસ્વી અને શાન્ત પ્રશાન્ત મુનિવરના મંગલ વચનામૃતો ગ્રામમુખી નયસારના કર્ણવિવર દ્વારા જ્યાં આત્મસ્પર્શી બન્યાં એટલે તુરત સૂર્યનાં કિરણો દ્વારા અંધકારનો નાશ થાય અને બીડાયેલ કમળ પુષ્પ જેમ વિકસ્વર બની જાય તેમ નયસારના આત્મા ઉપર વર્તતું મોહનું આવરણ વિલીન થતાં કેવલજ્ઞાનના અંશ સમા સમ્યગ્દર્શનનું દિવ્ય તેજ પ્રગટ થયું. ગ્રામમુખી નયસારનું આત્મકમળ વિકસ્વર બની ગયું અને મહાનુભાવ નયસાર માટે ભાવિ કાળે ભગવાન મહાવીર બનવાનો પુન્ય સમય પ્રારંભાયો.

મ હા વી ર

પૃથ્વી છંદ (સોનેટ)

ખરા ફળ ફૂલે લચે લલિત દેહ નીલાંબરે!
કથે કથન લોક કે 'પરમ આત્મ કો જન્મશે!'
ઝુલે કનક પારણે મધુર ગાય મા ત્રીશલા
ઢળે ચરણ ઈન્દ્ર જ્યાં પુનિત ભાગ્ય શા ભોમના!
વહે જીવન લગ્નનું જનક માત આજ્ઞા શિરે,
છતાં સમય ધ્યાનમાં અનુપ ધ્યેય ના વિસ્મરે;
તજી સકળ દાનમાં વસન એક દિક્ષા સમે,
અહો! પણ ન તે રહ્યું વન ગયા દિવ્યાંબરે;
તપોબળ અમાપ છે સબળ સંયમી શૂરની—
ફળી સતત સાધના અગમ પ્રાપ્તિ કૈવલ્યની
હુબી અગમ ચિંતને મધ જલે લહે મૌક્તિકો
ધરે જગત સન્મુખે ગણધરો મહા તત્ત્વ કો
"ન કો અધમ ઉચ્ચ છે, નિયમ કર્મનો જીવને
મળે પરમ સિદ્ધિ, જો મનુજ ઓળખે આત્મને."

—શ્રી મગનલાલ દલીચંદ દેશાઈ



राणकपुरना १४४४ कलामय अजोड थांभलावाळा गगनचुंबी चतुर्मुख मन्दिरनी सुंदर छत

कॉपीराईट : आर्किओलॉजिकल डिपार्टमेंन्ट ऑफ इंडिया]



सत्तरमा सैकानी अनोखी विशेषता दर्शावती धातुमूर्ति

पू. मुनि श्रीयशोविजयजी महाराजना संग्रहमांथी]

१



२

मुंबईना एक जन देरासरना चोकमां प्राचीन पाषाण शिल्पस्तूप

[चित्रपरिचय माटे जुओ पा. ३३-३४

ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા*

પં. સુખલાલજી

મિત્રો,

ભારતીય તત્ત્વજ્ઞાનની પરિષદમાં એક જુદા વિભાગ તરીકે ગુજરાતી વિભાગનું સમ્મેલન આ વર્ષે પહેલવહેલું ગોઠવાયું છે. આ વિભાગીય અધિવેશનનો નિર્ણય બહુ મોડો લેવાયો છે, તેથી તેની જાણ જોઈએ તેટલા પ્રમાણમાં ગુજરાતમાં વસતાં કે ગુજરાત બહાર રહેતાં ભાઈબહેનોને થઈ નથી શકી. છતાં ઉપક્રમ તો થાય જ છે, અને સંભવ છે કે આગળની પરિષદોમાં ગુજરાતના આ દાખલાને અનુસરી ઇતર પ્રદેશોમાં પણ ભારતીય તત્ત્વજ્ઞાન પરિષદના ભાગ તરીકે ત્યાંની પ્રાદેશિક ભાષામાં આવા વિભાગીય અધિવેશનની ગોઠવણ ચાલુ રહે.

ગુજરાતમાં તત્ત્વજ્ઞાન કે ગુજરાતીમાં તત્ત્વજ્ઞાન, એનો અર્થ એવો નથી કે કોઈ ખાસ વિશિષ્ટતા ધરાવે એવું તત્ત્વજ્ઞાન ગુજરાતમાં ઉદ્‌ભવ્યું છે, કે વિકસ્યું છે. એનો એવો પણ અર્થ નથી કે ગુજરાતીભાષી કોઈ ચિંતકે ગુજરાતી ભાષામાં ભારતીય તત્ત્વજ્ઞાનથી કાંઈક જુદું પડે કે કાંઈક જુદી વિશિષ્ટતા ધરાવે એવું તત્ત્વજ્ઞાન ખેડ્યું હોય. વળી એનો એવો પણ અર્થ નથી કે કોઈ તત્ત્વજ્ઞાનનો આંતરિક સંબંધ કે વિકાસ એ માત્ર ગુજરાત કે ગુજરાતીની ખાસિયત સાથે વધારે મેળ ખાતો હોય. એનો સીધો અને સાદો અર્થ એટલો જ છે કે જે જે તત્ત્વજ્ઞાન ગુજરાતી ભાષામાં અવતર્યું છે કે અનેક રીતે પ્રસર્યું છે, તે ગુજરાતી કે ગુજરાત સાથે સંબંધ ધરાવનારું તત્ત્વજ્ઞાન.

ઉપર કહી તે વાત ગુજરાત સિવાયના ઇતર પ્રદેશો અને ઇતર પ્રાદેશિક ભાષાઓને પણ લાગુ પડે છે. તત્ત્વજ્ઞાન એ વસ્તુના યથાર્થ સ્વરૂપનો વિચાર કરે છે. વિચાર કરનાર કોઈ પણ દેશ, જાતિ, પંથનો હોય કે ગમે તે ભાષાભાષી હોય પણ એનું તત્ત્વચિંતન એ ખરી રીતે માનવીય તત્ત્વચિંતન છે. અને એને દેશ, જાતિ, પંથ કે ભાષાનાં બંધનો આડે નથી આવતાં.

છેલ્લાં લગભગ સોએક વર્ષમાં પાશ્ચાત્ય વિદ્યાઓના સંપર્કને પરિણામે ગુજરાતમાં તત્ત્વજ્ઞાનને લગતું વિવિધ કાર્ય ગુજરાતી ભાષામાં થયું છે. અને એ પ્રમાણમાં ઓછું નથી; ગુણવત્તામાં તો કદાચ એ, તે વિષયના બંગાળી સાહિત્ય કરતાં બીજે જ નંબરે આવી શકે, તેમ મને લાગ્યું છે. આ સાહિત્યમાં વૈદિક, બૌદ્ધ, જૈન, જરથોસ્ટ્રી, યાહૂદી, ક્રિશ્ચિયન અને ઇસ્લામ એ બધાનો સમાવેશ થાય છે. માત્ર ગુજરાતી ભાષા દ્વારા કોઈ તત્ત્વજ્ઞાન વિષે પરિચય કરવા ઇચ્છે તોય એને પુષ્કળ સામગ્રી મળી શકે તેવી ભૂમિકા તૈયાર છે. આ સામગ્રીમાં થોડું પણ એવું લખાણ મળી આવશે, કે જેને મહદંશે મૌલિક પણ કહી શકાય. આવા તત્ત્વજ્ઞાનીય સાહિત્યના વિવિધ પ્રકારોનું વિસ્તૃત વર્ણન આપવા જેવું છે જ; તે વર્ણન શ્રીયુત મુકુલભાઈ કલાર્થી, એમ એ., એમણે તૈયાર કર્યું છે, જે અહીં યથાસમયે વંચાશે, અને જે ઘણું જ માહિતીપૂર્ણ છે.

આ બીજી બાબતો ચર્ચવાની પાછળ મારી નેમ એ છે કે જેઓ તત્ત્વજ્ઞાનમાં રસ લેતા હોય અને જેઓ ભારતીય તત્ત્વજ્ઞાનની પરંપરાઓને ઠીક ઠીક સમજવા ઇચ્છતા હોય, તેઓને એના મૂળ પ્રવાહોનો તેમ જ તેના વિકાસનો ટૂંકમાં પણ પ્રામાણિક ખ્યાલ આવે. પહેલાં હું તત્ત્વજ્ઞાનનો વિકાસ કયે ક્રમે થયેલો મને જણાય છે તે જણાવવા પ્રયત્ન કરું છું.

તાત્ત્વિક મુદ્દાઓ અને તેનો વિકાસક્રમ

સામાન્ય રીતે તત્ત્વજ્ઞાનના મુખ્ય ત્રણ વિષયો મનાય છે અથવા છે : ભૌતિક યા અચેતન તત્ત્વ-અધિભૂત; જીવ, આત્મા યા ચિત્તતત્ત્વ–અધિદૈવ; પરમચેતન પરમાત્મા યા બૃહત્–અધિબ્રહ્મ. આમાંથી જે ભૌતિક જગત છે, તે નેત્ર આદિ બાહ્ય ઇન્દ્રિયો દ્વારા એક યા બીજી રીતે

* ભારતીય તત્ત્વજ્ઞાન પરિષદના ૩૩ મા અધિવેશનના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે આપેલ ભાષણ

ગમ્ય થવાની શક્યતા ધરાવે છે અને તે જગત સર્વ ચેતન માટે યા સર્વ દ્રષ્ટાઓ માટે સાધારણ છે. અર્થાત્ ભૌતિક વિશ્વ યા તેની ઘટનાઓ એ કેવળ એક જ વ્યક્તિ દ્વારા ગમ્ય થઈ શકે તેવી નથી હોતી. તેથી ભૌતિક વિશ્વ પરત્વે અનેક ચિંતકો પોતપોતાની શક્તિ અને રુચિ અનુસાર અવલોકન તેમ જ ચિંતન કરતા રહ્યા છે. પણ આથી ઊલટું અધિદેવ યા ચિત્તત્ત્વ વિશે છે. ચિત્ત એ આંતરિક તત્ત્વ છે. એનું સીધું અવલોકન કે ચિંતન એ માત્ર તે જ કરી શકે છે. ક ચિત્ત યા ક જીવનું સાક્ષાત્ નિરીક્ષણ યા ચિંતન એ ખ કે ગ વ્યક્તિ કરી ન શકે. તેથી જીવ, આત્મા કે ચિત્ત પરત્વેનાં અવલોકનો યા અનુભવો એ દરેક વ્યક્તિનાં આગવાં હોય છે; ભલે એમાં પરસ્પરના વિચાર-વિનિમયથી સામ્ય દેખાય. ભૌતિક વિશ્વના નિરીક્ષણ વખતેય અનુભવ કરનારને પોતાના ચિત્તનું કાંઈક ને કાંઈક ભાન તો થતું જ રહે છે; પણ જ્યારે અનુભવિતા મુખ્યપણે અંતર્મુખ થઈ પોતાના આંતરિક સ્વરૂપનું અવલોકન કરે છે, ત્યારે એનું ભાન અને ચિંતન વધારે વિશાળ તેમ જ સ્પષ્ટ બને છે. અંતરિન્દ્રિયની યા મનની ગૂઢ શક્તિનો વિકાસ થયા પછી એની એવી પણ ભૂમિકા આવે છે કે જ્યારે તે સર્વ જીવાત્મા કે સર્વ ચિત્તતત્ત્વના અધિષ્ઠાન યા અન્તર્યામી તત્ત્વનો વિચાર કરવા પ્રેરાય છે. અને તે જાણવા પ્રયત્ન કરે છે કે કીટ-પતંગથી મનુષ્ય સુધીની ચડતી ઊતરતી કક્ષાઓના ચેતન-વર્ગમાં કાંઈ એવું છે કે જે વસ્તુસ્થિતિએ એક જ હોય યા સમાન હોય ? આ પ્રયત્ન છેવટે પરમાત્મા, ઈશ્વર કે બૃહત્તત્ત્વની શોધમાં પરિણમે છે. તત્ત્વજ્ઞાનને લગતો આ વિકાસક્રમ ભારતીય પરંપરાઓમાં કેવી કેવી રીતે વ્યક્ત થયો છે, તે હવે આપણે જોઈ એ.

ભૌતિક અણુવાદ

ભૌતિક જગત પરત્વે આપણે ત્યાં મુખ્ય બે પરંપરાઓ છે : એક અણુવાદી અને બીજી પ્રકૃતિવાદી. અણુવાદીમાં પહેલાં ચાર્વાકો આવે. તેઓ આખું જગત ભૌતિક તત્ત્વમય માનતા, અને એમાં ગ્રીક ચિંતકોની પેઠે, ચાર કે પાંચ મૌલિક તત્ત્વનો સમાસ કરતા. એ તત્ત્વોની સૂક્ષ્મતા પણ તે કાળમાં બહુ દૂર સુધી ગયેલી નહીં; ઇન્દ્રિયગમ્ય થઈ શકે એવાં ભૌતિક તત્ત્વો એ જ ઘણું કરી એમને મતે મૂળ અને પ્રાથમિક તત્ત્વ હતાં. પણ કાંઇક નિરીક્ષણે અને વિશેષે તો કલ્પનાએ ચિંતકોને ઊંડાણ ભણી પ્રેર્યા. તેમણે કલ્પ્યું અને સ્થાપ્યું કે વધારેમાં વધારે શક્તિ ધરાવનાર ઇન્દ્રિયો જે દેખી શકે તેથી પણ અતિસૂક્ષ્મ તે તે ભૌતિક અણુઓ હોવા જ જોઇએ. આ વાદ વૈશેષિક પરંપરા-રૂપે વિકસ્યો અને વૈશેષિકો અતીન્દ્રિય પરમાણુવાદ સુધી ગયા. તેમણે એ પણ કહ્યું કે પૃથ્વી, પાણી આદિ ભૌતિક તત્ત્વોના અંતિમ પરમાણુઓ અતીન્દ્રિય છે, પણ તે પરસ્પર તદ્દન વિજાતીય છે. એટલે પાર્થિવ પરમાણુ કદી પાણી કે તેજ આદિરૂપે બદલાઇ ન શકે. આ વૈશેષિક વિચાર-ધારાથી આગળ વધનાર અણુવાદીઓ પણ અસ્તિત્વમાં આવ્યા. તેઓની વિચારધારા વૈશેષિક કહેવાતી વિચાર-ધારા પછી જ અસ્તિત્વમાં આવી કે પહેલાં યા સમાના-ન્તર—એ કહેવું સરલ નથી. પણ એ વિચારધારા વૈશે-ષિક વિચારધારાથી વધારે સૂક્ષ્મ અને વધારે સત્યની નજીક છે, એટલું તો ચોક્કસ. આ વિચારધારા જૈન પરંપરામાં બહુ વિસ્તાર પામી છે. તેણે કલ્પ્યું અને સ્થાપ્યું કે પાર્થિવ આદિ ભૌતિક પરમાણુઓ તે તે વ્યવ-હાર્ય ગુણધર્મને કારણે ભલે જુદા કહેવાતા અને મનાતા હોય, પણ મૂળમાં એ પરમાણુઓમાં કોઈ પાર્થિવત્વ આદિ સ્વતઃસિદ્ધ વિભાજક તત્ત્વ નથી. પરિસ્થિતિ અને પરિવર્તનવશ જે પરમાણુ પાર્થિવ હોય તે સંયોગ બદલાતાં જલીય પણ બની શકે અને વાયવીય પણ. જેમ આ પરંપરાએ પરમાણુઓમાંના સ્વતઃસિદ્ધ વિભાજક તત્ત્વને લોપી નાખ્યું, તેમ એણે સૂક્ષ્મતાની દિશામાં પણ બહુ જ વિશેષ પ્રગતિ કરી. વૈશેષિક પરંપરામાં મનાતો અંતિમ પરમાણુ જૈન કલ્પના પ્રમાણે એક મોટો સ્કંધ યા અનંત અવિભાજ્ય પરમાણુઓનો સમુદાય બની ગયો. આ અણુવાદની પ્રક્રિયા એથીયે આગળ વધી. બૌદ્ધ પરંપરાએ પરમાણુ માનવા છતાં કહ્યું કે પરમાણુનો એવો અર્થ નથી કે કોઈ એક દ્રવ્ય સદા ધ્રુવ રહે અને તેમાં ગુણધર્મો રૂપાંતર પામતા જાય પણ એનો અર્થ એ છે કે એવું કોઈ ધ્રુવ પરમાણુ–દ્રવ્ય ન હોવા છતાં તેના ગુણધર્મોની પ્રતિસમય નવનવી બદલાતી ધારા ચાલ્યા જ કરે છે, એ અવિચ્છિન્ન ધારા તે જ દ્રવ એટલે પ્રવાહરૂપે વહેતી હોવાથી દ્રવ્ય કહેવાય છે. આમ બૌદ્ધ પરંપરાએ પહેલેથી મનાતા એક ધ્રુવ પરમાણુનો છેદ ઉડાડી તેના સ્થાનમાં પ્રતિસમય યા પ્રતિક્ષણ ઉદય પામતા નવનવા રૂપ, રસ આદિ ગુણધર્મોને જ પરમાણુ માન્યા. ટૂંકમાં ઉપર સૂચિત પરમાણુવાદને લગતી ચાર કલ્પનાઓ ભારતીય તત્ત્વ-

જ્ઞાનમાં છે, એની આસપાસ અનેક કલ્પનાઓની સૃષ્ટિ ઊભી થયેલી છે, પણ મૂળમાં આ ચાર જ છે.

ભૌતિક પ્રકૃતિવાદ

ભૌતિક જગત પરત્વેની બીજી પરંપરા તે પ્રકૃતિવાદી, જે સાંખ્ય પરંપરા તરીકે સુવિદિત છે. આગળ જતાં આ જ પ્રકૃતિવાદ અનેક વેદાન્તી વિચારસરણીઓની ભૂમિકા બની ગયો છે. આ પરંપરા પ્રથમ પરંપરાની પેઠે મૌલિક અનંત પરમાણુઓ ઉપરથી ભૌતિક જગતનું સર્જન નથી માનતી. તે કહે છે કે વિશ્વના મૂળમાં અખંડ તત્ત્વ તો એક જ છે, અને તે પ્રકૃતિતત્ત્વ. આ તત્ત્વમાં જુદા જુદા ગુણધર્મો ધરાવનાર અને તેને વ્યક્ત કરનાર એવા પરસ્પર અવિભાજ્ય અંશો કે ઘટકો છે, પણ તે મૂળ પ્રકૃતિતત્ત્વથી છૂટા નથી. પ્રકૃતિતત્ત્વ એક જ અને કોઈ ને મતે અનેક છતાં તે સમગ્ર વિશ્વમાં વ્યાપક છે. તે તત્ત્વ અણુવાદી પરંપરાની પેઠે પરમાણુ કહેવાય તો એ અર્થમાં કે તે ઇન્દ્રિયાતીત અને અતિસૂક્ષ્મ છે; પણ એ અર્થમાં નહીં કે એનું કદ યા પરિણામ અતિ અલ્પ છે. પ્રકૃતિવાદીએ મૂળ એક પ્રકૃતિ માનીને પણ તેનામાં એટલી બધી સર્જકશક્તિ માની છે કે જેથી તે વિશ્વવૈવિધ્ય યા વૈશ્વરૂપ્યનો પૂરો ખુલાસો આપી શકે છે.

બન્ને વાદની સર્જનપ્રક્રિયાની તુલના

અહીં ઉપર સૂચિત બે ભૌતિક વાદોની સર્જનપ્રક્રિયાને લઇ ટૂંકમાં સરખામણી કરીએ તો બન્નેના દૃષ્ટિકોણ સમજવામાં સરળતા થાય. દરેક અણુવાદી એમ માને છે કે પરમાણુઓના નાનામોટા સમુદાય દ્વારા છેવટે ઇન્દ્રિયગમ્ય બની શકે એવી ભૌતિક સૃષ્ટિ નિર્માણ થાય છે; જ્યારે પ્રકૃતિવાદી એમ માને છે કે અણુવાદીઓનાં પરમાણુ દ્રવ્યો કે એના સ્કંધો, એ તો પ્રકૃતિના સર્જન વ્યાપારનો એક ભાગ છે, અને તે પણ બહુ આગળ જતાં આવે છે, પહેલાં તો પ્રકૃતિમાંથી જે સર્જન થાય છે, તે જ્ઞાયક કોટિનું યા જ્ઞાનપક્ષીય હોય છે. પ્રાથમિક સર્જનમાં જીવાત્મા દ્વારા જે સુખ, દુઃખ, જ્ઞાન ઇચ્છા આદિ સ્વસંવેદ્ય ભાવો અનુભવાય છે, તે અસ્તિત્વમાં આવે છે, અને ક્રમેક્રમે તેમાંથી જ્ઞાન મેળવનારી અને જ્ઞાનને વ્યવહાર્ય બનાવનારી શક્તિઓ યા ઇન્દ્રિયો રચાય છે. આ જ્ઞાતૃ, આ જ્ઞાનસાધન અને જ્ઞાનનું વાહન એ ત્રિવર્ગ રચાય ત્યારે જ સૂક્ષ્મ-સ્થૂળ ભૌતિક સૃષ્ટિના આવિર્ભાવનો કાળ આવે છે; પહેલાં જ્ઞાતૃ યા જ્ઞાયકપક્ષીય સૃષ્ટિ; અને પછી જ્ઞેય યા ઉપભોગ્ય સૃષ્ટિ. અણુવાદી સર્જનપ્રક્રિયામાં આવું કાંઈ નથી. તેમાં તો પ્રથમથી જ જ્ઞેય યા ઉપભોગ્ય સૃષ્ટિ રચાતી મનાય છે, અને કોઈ પણ અવસ્થામાં પરમાણુઓની બનેલી સૃષ્ટિ જ્ઞાયકપક્ષમાં પડતી જ નથી. આમ અણુવાદી સર્જનપ્રક્રિયા પ્રારંભથી અંત સુધી ભોગ્ય સૃષ્ટિના ઉત્પાદનવિનાશનો જ વિચાર કરે છે; ત્યારે પ્રકૃતિવાદી સર્જનપ્રક્રિયા પ્રથમ જ્ઞાતા યા ભોક્તાના સર્જનને લગતો વ્યાપાર ઘટાવી ત્યાર બાદ ભોગ્ય સૃષ્ટિનો વિચાર ઘટાવે છે. આ મૌલિક ભેદ ઉપરથી એમ લાગે છે કે કદાચ તત્ત્વજ્ઞાનની કોઈ પ્રાચીન અવસ્થામાં એક પરંપરાએ મુખ્યપણે બહિર્મુખ થઈ સૃષ્ટિનો વિચાર પ્રારંભ્યો, અને અંતે પરમાણુ સુધી તે ગયો; જ્યારે બીજી પરંપરાએ અન્તર્મુખ થઈ એ વિચાર પ્રારંભ્યો અને છેવટે તે સ્થૂળ વિશ્વના સર્જનને ઘટાવવામાં વિરમ્યો.

આ ભેદ જોતાં અને આગળ ઉપર જે જીવતત્ત્વ વિશે વિચાર ખેડાતો ગયો તે જોતાં, એમ લાગે છે કે પ્રથમ અણુવાદી ચાર્વાકે જીવનતત્ત્વ તો પોતે માનેલાં ભૌતિક તત્ત્વોમાંથી જ ઘટાવ્યું; ચૈતન્ય યા જીવન, એ ભૌતિક તત્ત્વોથી ખાસ સ્વતંત્ર નથી. પણ ભૌતિક તત્ત્વોનાં વિવિધ મિશ્રણોમાં જે મિશ્રણો શરીર આકાર ધારણ કરે અને સેન્દ્રિય બને તે મિશ્રણોમાં સુખદુઃખ આદિની લાગણી જેવું જ જીવન પ્રગટે. પણ બીજા અણુવાદી પક્ષોએ તેથી જુદા પડી એમ કહ્યું કે અણુસૃષ્ટિ એ તો ભોગ્યસૃષ્ટિ છે, અને જે ભોગ્ય હોય તેનો કોઈ ભોક્તા સચેતન હોવો જ જોઈએ. આ દલીલને આધારે તેમણે બધાએ ભોક્તાનું યા જીવનું અસ્તિત્વ સ્વતંત્ર માન્યું. કારણ કે એમની સર્જનપ્રક્રિયામાં મૂળ પાયારૂપે તો પરમાણુઓ જ હતા; અને તેમાં તેમણે ચૈતન્ય સ્વીકાર્યું ન હતું, તેમ જ ચૈતન્ય પ્રગટ થાય એવી ચાર્વાકસંમત શક્તિ પણ સ્વીકારી ન હતી. આથી ઊલટું પ્રકૃતિવાદની સર્જનપ્રપ્રક્રિયામાં દેખાય છે એ પ્રક્રિયા પ્રમાણે જ્ઞાન, સુખદુઃખ, ઇચ્છા આદિ સ્વસંવેદ્ય મનોગત ભાવો એ તો પ્રકૃતિના સર્જનક્રમમાં આવિર્ભાવ પામતાં, પહેલા જ તબક્કે અસ્તિત્વમાં આવે. તેથી શરૂઆતના વખતમાં પ્રકૃતિવાદીને પણ કદાચ પ્રકૃતિથી ભિન્ન એવા ચેતનતત્ત્વની કલ્પના કરવી નહીં પડી હોય. અને જ્યારે એ કલ્પના કરવી પડી ત્યારે પ્રકૃતિવાદીને ચેતન સાથે પ્રકૃતિનો મેળ બેસાડવામાં અને પ્રકૃતિના બુદ્ધિ, જ્ઞાનેન્દ્રિય

અને કર્મેન્દ્રિય એ ત્રિવર્ગને સાર્થક ઠરાવવામાં પણ ભારે મુશ્કેલી અનુભવવી પડી હોય તેમ દેખાય છે.

ભૌતિક તત્ત્વોનાં સ્વરૂપ પરત્વે જે જે કલ્પનાઓ થતી ગઈ અને વિકસતી ગઈ, તે કલ્પનાઓ પ્રયોગની કસોટીએ ચડેલી નહીં. બે કે અનેક કલ્પનાઓના પુરસ્કર્તા પરસ્પર ચર્ચા કરે; એક બીજાની કલ્પનામાં ત્રુટિ કે અસંગતિ બતાવે. બીજો પોતાના બચાવ ઉપરાંત પહેલાની માન્યતામાં અસંગતિ દર્શાવે. આમ તર્ક-પ્રતિતર્કના પરિણામે દરેક વાદી પોતાનાં મંતવ્યોમાં કાંઈક ને કાંઇક સુધારો કે ઉમેરો કરતો ગયો છે, પણ કોઈ ભૌતિકવાદી પરંપરાએ પોતાની કલ્પનાને પ્રયોગની કસોટીએ ચડાવી તેની સારાસારતા સિદ્ધ નથી કરી. જેમ છેલ્લાં ચારસો-પાંચસો વર્ષમાં વૈજ્ઞાનિકોએ ભૌતિક તત્ત્વની પોતપોતાની કલ્પનાઓને અનેક પ્રયોગો દ્વારા કસવાનો પ્રયત્ન કર્યો છે, અને તેને પરિણામે અનેક જૂની માન્યતાઓ ભૂંસાઈ પણ ગઈ છે; નવી માન્યતા અસ્તિત્વમાં આવતી ગઈ છે, અને તે પણ પ્રયોગમાં સાબિત થાય તો જ ટકી રહે છે, નહીં તો માત્ર ઐતિહાસિક નોંધમાં જ એનું સ્થાન રહે છે, તેમ ભારતીય તત્ત્વજ્ઞાનની ભૌતિક વિશ્વ પરત્વેની સૈકાઓ વર્ષોમાં ખેડાયેલી વિવિધ કલ્પના વિશે કયારેય બન્યું નથી તેથી આ કલ્પનાઓ આજે એ જ રૂપમાં સિદ્ધાન્ત કોટીમાં આવી શકે નહીં, અને છતાં એ તત્ત્વજ્ઞાનનો એક ભાગ તો ગણાય જ છે. આનો અર્થ મારી દૃષ્ટિએ એટલો જ થઈ શકે કે તે તે ચિંતકો મૂળે તો વસ્તુના યથાર્થ દર્શનની શોધમાં જ પ્રવૃત્ત થયેલા. તેમનાં સાધનો તે કાળે પરિમિત, અને વૈજ્ઞાનિક પ્રયોગની દિશા તેમણે ઉઘાડી જ ન હતી. તેથી આજના વૈજ્ઞાનિક પ્રયોગોના સમયમાં એ કલ્પનાઓનું મૂલ્ય અવશ્ય સિદ્ધાન્તકોટિનું નથી જ, છતાં ઉત્કટ જિજ્ઞાસુઓના પ્રાથમિક અને દીર્ઘકાલીન પ્રયત્ન રૂપે તો એનું ઐતિહાસિક મૂલ્ય છે જ. અહીં એ પણ નોંધવું યોગ્ય ગણાશે કે ભૌતિક તત્ત્વોની વિવિધ કલ્પનાઓ સાથે બૌદ્ધિક સૂક્ષ્મતા, તાર્કિક સચોટતાનો સંબંધ જોડી શકાય; પણ ત્રૈકાલિક સર્વજ્ઞત્વ કે અબાધિત સ્વાનુભવનો સંબંધ જોડી ન શકાય. આ વિચારને વધારે સ્પષ્ટપણે સમજવામાં ઉપયોગી થઈ શકે એવો, એક લેખ હમણાં જ "પ્રસ્થાન" માસિકના ગત કારતક માસના અંકમાં 'પરમાણુની ભીતરમાં' શીર્ષકથી પ્રસિદ્ધ થયો છે. એના લેખક છે ડૉ. અશ્વિન મ. ત્રિવેદી અને શ્રી મહેન્દ્ર દેસાઈ.

ચેતનવિષયક માન્યતાની ભૂમિકાઓ

હવે તત્ત્વજ્ઞાનના બીજા વિષય ચૈતન્ય ભણી વળીએ. વિચારકોને પહેલાં એમ તો લાગ્યું જ કે જ્ઞાન યા ચૈતન્યશક્તિ એક વિશિષ્ટ વસ્તુ છે. પણ તેનું ભૌતિક તત્ત્વથી નિરાળું અસ્તિત્વ તેમણે માન્યું નહીં. તેઓએ માન્યું કે, જેમ ભૌતિક તત્ત્વોમાં બાહ્ય ઇન્દ્રિયથી ગ્રહણ થઇ શકે એવા ગુણધર્મોનું અસ્તિત્વ છે, તેમ માત્ર મનથી જ ગ્રહી શકાય અને સમજી શકાય એવા જ્ઞાન કે ચૈતન્યગુણનું પણ અસ્તિત્વ છે-ભલે એ અસ્તિત્વ અમુક પરિસ્થિતિમાં જ દેખા દે. આ દૃષ્ટિએ તે ભૂતવાદી વિચારકોએ ચૈતન્યનું કેન્દ્ર ભૂતતત્ત્વોમાં માન્યું અને કહ્યું કે જીવન્ત દેહવિલય પામે ત્યારે ભૌતિક તત્ત્વો વીંખાઈ જાય, અને ચૈતન્ય પણ ત્યાં જ અસ્ત પામે. કોઈ પ્રાણી જન્મ લે ત્યારે તેના શરીરમાં કોઈ પહેલાંનું સ્વતંત્ર ચૈતન્ય દાખલ નથી થતું, પણ નવા દેહ સાથે નવીન ચૈતન્યશક્તિ નિર્માણ થાય છે. આજે આ ભૂતચૈતન્યવાદ ભારતના સામાન્ય માનસપ્રદેશમાંથી જાણે સાવ સરી ગયો હોય તેમ લાગે છે. પણ એ વિચારના થરો તો સાહિત્યમાં અનેક રીતે નોંધાયા છે. આ ચૈતન્યવાદની પ્રાથમિક ભૂમિકાથી આગળ વધી બીજા વિચારકોએ ચેતન યા ચૈતન્યનું ભૂતતત્ત્વોથી સ્વતંત્ર અને નિરાળું અસ્તિત્વ સ્થાપ્યું. આવા સ્વતંત્ર ચેતનવાદી અનેક પંથો અસ્તિત્વમાં આવ્યા. દરેકની દૃષ્ટિ એના સ્વરૂપ પરત્વે, ગુણધર્મ પરત્વે તેમજ વિકાસની પરાકાષ્ઠા પરત્વે જુદી જુદી ઘડાતી હતી. અંતે આ ચૈતન્યવાદી વર્ગમાંથી એક એવી દૃષ્ટિ પણ પ્રગટ થઈ કે જે અમૂર્ત જ્ઞાન યા ચૈતન્ય સિવાય બીજી કોઇ ભૌતિક વસ્તુનું સ્વતંત્ર અસ્તિત્વ જ ન માનતી. આમ ચેતનતત્ત્વની બાબતમાં મુખ્ય મુખ્ય જે વિચારપ્રવાહો ચાલ્યા તેનેય ત્રણ ભાગમાં મૂકી શકાય. પહેલો ભાગ ભૂતચેતનવાદી, જેમાં ભૌતિક શક્તિઓ, ગુણધર્મો અને ચૈતન્ય યા જ્ઞાનશક્તિ એ માત્ર ભૂતતત્ત્વના કેન્દ્રમાં જ મનાયાં. આ ભૂતતત્ત્વાદ્વૈતવાદ થયો. બીજો ભાગ એ કે જેમાં ભૌતિક તત્ત્વોથી ભિન્ન સ્વતંત્ર ચેતનતત્ત્વોનું શાશ્વત અસ્તિત્વ મનાયું. ત્રીજો ભાગ એ કે જેમાં જ્ઞાન, ચૈતન્ય યા સ્વસંવેદ્ય અમૂર્ત તત્ત્વ સિવાય બીજી કોઈ ભૂત-ભૌતિક જેવી વસ્તુઓનું સ્વતંત્ર અસ્તિત્વ જ નહીં. આ રીતે પહેલો ભાગ અને

બીજો ભાગ, બન્ને પોતપોતાની રીતે અદ્વૈતી. પહેલાને ચૈતન્યનું ભાન ભૂતોમાંથી ઘટાવવાનું તો બીજાને ભૌતિકતા યા બાહ્યતાનું ભાન ચૈતન્ય યા જ્ઞાનશક્તિમાંથી ઘટાવવાનું; પહેલા અદ્વૈતમાં અવિદ્યાની કલ્પના કરવી ન પડતી; જ્યારે બીજા અદ્વૈતમાં અવિદ્યાનો આશ્રય અનિવાર્ય હતો. વિજ્ઞાનવાદી બૌદ્ધ હોય કે કેવલાદ્વૈતવાદી વેદાન્તી હોય, બન્નેને ઇન્દ્રિયગમ્ય બાહ્ય સૃષ્ટિના અનુભવની ઉપપત્તિ એકમાત્ર અવિદ્યા, અજ્ઞાન યા માયાશક્તિનો આશ્રય લઈને જ કરવી પડતી. અને એ અવિદ્યા નામનું તત્ત્વ પણ કોઈ સ્વતંત્ર ન મનાતાં એક ચિરકાલીન વાસનારૂપે તેમ જ ચેતનના એક પાસા લેખે કલ્પાયું.

આત્મદૃષ્ટિની પ્રયોગસિદ્ધતા

ચેતનતત્ત્વને લગતી ભારતીય પરંપરાઓની માન્યતાઓનો આ તો અતિસંક્ષેપ થયો. પણ અત્રે જે મુખ્ય વક્તવ્ય છે તે એ છે કે ચેતનવાદી દરેક પરંપરાના પુરસ્કર્તાઓમાં થોડા પણ પ્રામાણિક સાધકો પહેલેથી આજ લગી એવા થતા આવ્યા છે, કે જેમણે પોતપોતાની પરંપરાની આત્મદૃષ્ટિ સ્વીકારીને તેની સત્યતાનો અનુભવ કરવા પ્રયોગો કર્યા છે. તેઓ માત્ર કલ્પનામાં વિહર્યા નથી, પણ તે તે આત્મદૃષ્ટિની યથાર્થતાનો અનુભવ કરવા બહુ મથ્યા પણ છે. એટલે ભારતીય આત્મદૃષ્ટિની પરંપરાઓને માત્ર કલ્પનામૂલક કહી અવગણી શકાય તેમ નથી, કેમ કે એ કલ્પનાઓ પ્રયોગની કસોટીએ કોઈ ને કોઈ રૂપે ચડી છે. એ પ્રયોગની કસોટી તે જ યોગવિદ્યાને નામે પ્રસિદ્ધ છે. યોગવિદ્યાનું મુખ્ય ધ્યેય જ પહેલેથી એ રહ્યું છે કે સાધક પોતાના ચૈતન્યનો અનુભવ કરે.

આવો અનુભવ કરવાની પ્રયોગશાળા એ કાંઈ ભૌતિક પ્રયોગશાળા જેવી નથી હોતી, કે જેમાં દૂરદર્શક અને સૂક્ષ્મદર્શક યંત્રોની પૂરી સગવડ તેમ જ ગણિત આદિ વિદ્યાઓને બળે જ માત્ર આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થઈ શકે. એની પ્રયોગશાળા એ સાવ નિરાળી રચના છે. આવા પ્રયોગમાં જેણે જેણે ઝંપલાવ્યું તેઓએ પ્રથમ તો પોતાના મનને સ્થિર કરવા, શરીરને સમતોલ બનાવવા અને ચિંતનશીલ મનને વિઘ્નરૂપ થતા ક્લેશોને નિવારવાની યોજના કરી, અને તે દ્વારા આત્માનુભવનું એક શાસ્ત્ર ધીરે ધીરે ખીલવ્યું. જે જે પ્રામાણિક સાધકો થયા તે બધાની આત્મદૃષ્ટિ ભલે નોખી નોખી હોય, છતાં એના અનુભવપ્રયોગોનાં મુખ્ય અને સ્થિર પરિણામો સરખાં જ આવેલાં નોંધાયાં છે. સાધનાની પદ્ધતિ અને તેનાં ભિન્નભિન્ન અંગો ઉપર ભાર આપવાની બાબતમાં તેઓ ભલે જુદા પડતા હોય, પણ એ સાધનાપ્રયોગનાં અંતિમ પરિણામો તેમ જ વચગાળાની વિકાસમુખી યા શુદ્ધિલક્ષી અવસ્થાઓમાં બધાનો જ અનુભવ એકસરખો નોંધાયેલો છે. તે ઉપરથી એમ કહી શકાય કે ભારતીય ચિંતકો અને સાધકોએ ભલે ભૌતિક વિશ્વની બાબતમાં કલ્પનાવિહાર કર્યો હોય, પણ જીવ, આત્મા યા ચેતનતત્ત્વની બાબતમાં એમણે માત્ર કલ્પનામાં રમણ નથી કર્યું, પણ પોતપોતાની કલ્પના યા Hypothesisને અનુસરી એ અધ્યાત્મતત્ત્વને અનુભવવાનો પ્રયત્ન કર્યો છે. તેથી જ આજ્ઞેય ભારત એક આધ્યાત્મિક દેશ તરીકે જાણીતો છે. એની આ ખ્યાતિમાં જો કાંઈ પણ સત્ય હોય તો તે આત્મદૃષ્ટિ ઉપર પ્રયોગ કે યોગ કરવો એ છે.

યોગની સાધના કરતાં કરતાં તેને ઉપયોગી થઈ શકે અને સામાજિક જીવનમાં પણ સહાયક થઈ શકે એવાં કેટલાંય શાસ્ત્રો ખીલ્યાં છે. માનસશાસ્ત્ર એ મનની શક્તિઓ અને મનનાં કાર્યોને લગતું શાસ્ત્ર છે. શરીરની અને પ્રાણવહનની ગતિ–વિધિને નિયમમાં રાખે એવું એક હઠયોગશાસ્ત્ર પણ અસ્તિત્વમાં આવ્યું છે. મનની અને ચૈતન્યની ગૂઢ શક્તિઓ કઈ રીતે ખીલે, એનાં આવરણો કઈ રીતે દૂર થાય, એને દર્શાવતું શાસ્ત્ર પણ રચાયું છે. આવાં શાસ્ત્રો પણ પરંપરાભેદે જુદાં જુદાં છે. પણ બધાંયનો સૂર એક જ છે તેથી તે યોગવિદ્યાને નામે, ધ્યાન કે સમાધિને નામે પ્રસિદ્ધ હોય છતાં એ છેવટે તો ચેતનના સ્વાનુભવની પ્રયોગવિદ્યા જ છે.

પરમાત્મતત્ત્વ

તત્ત્વજ્ઞાનનો ત્રીજો વિષય છે પરમાત્મતત્ત્વ. આ તત્ત્વ વિશે પણ તત્ત્વજ્ઞાનમાં અનેક પરંપરાઓ પ્રવર્તે છે. કોઈ ઈશ્વરતત્ત્વને જીવાત્માઓથી અને ભૌતિક તત્ત્વથી સાવ નિરાળું અને સ્વતંત્ર કલ્પે છે; તો બીજા અનેક એવા છે, જે પરમાત્મતત્ત્વને બાહ્ય વિશ્વ અને ચેતનતત્ત્વ એ બેથી સાવ નિરાળું ન માનતાં તેમાં એકરસ યા ઓતપ્રોત હોય તેવું માને છે. અથવા એમ કહો કે ભૂત અને આત્મા એ બન્ને પરમાત્મતત્ત્વના જ અંશો યા આવિર્ભાવો છે. કોઈ પરમાત્મતત્ત્વને સ્વતંત્ર ન માનતાં તમામ જીવાત્માઓમાં શક્તિરૂપે વિદ્યમાન માને છે અને એ જ શક્તિ વિકસતાં જીવાત્માઓ જ પરમાત્મા બની રહે છે.

મનુષ્ય ગમે તેટલો વિકાસશીલ હોય તોય એને વિકાસ કરતાં કરતાં જ્યારે કાંઈક પોતામાં ઊણપ ભાસે છે, ત્યારે તે કોઈ આવા પરિપૂર્ણ અને સર્વવ્યાપી શુદ્ધ તત્ત્વને માની તેને અવલંબી તેની ઉપાસનામાં લીન થાય છે. પછી એ તત્ત્વ તેનાથી જુદું હોય કે શક્તિરૂપે તેનામાં જ પડ્યું હોય. પણ એની ઉપાસનાની ઝંખના એને દ્વૈતભૂમિકામાં પ્રેરે જ છે. આવી ઉપાસનાઓ પણ માત્ર કલ્પનામાં નથી રહી. તે પણ પ્રયોગ યા સાધનાની કસોટીએ ચડી છે અને તેનાં પણ પરિણામો બધી જ પરંપરાઓમાં લગભગ એકસરખાં નોંધાયાં છે. એટલે એમ કહી શકાય કે પરમાત્મતત્ત્વની માન્યતા એ માત્ર કલ્પનારૂપ નથી રહી; એ માનવજીવનના ઊંડા સ્તર સુધી સાકાર થઈ છે.

તત્ત્વજ્ઞાન અને ધર્મનો સંબંધ તેમ જ વિચારોત્ક્રાંતિનાં કેટલાંક પાસાં

તત્ત્વજ્ઞાનની પરંપરાઓનો સાધના તેમ જ ઈશ્વરોપાસના સાથે સંબંધ થયો, અને તે તત્ત્વજ્ઞાન ધર્મ સાથે સંકલિત થઈ ગયું. ધર્મ એ મુખ્યપણે શ્રદ્ધા અને સાધનાનું ક્ષેત્ર હોય છે. તેથી તેમાં જે જે તત્ત્વજ્ઞાનના મુદ્દાઓ સંકળાય તે પણ મોટે ભાગે શ્રદ્ધાના વિષયો બની જાય છે. એટલે જેટલું બળ પ્રયોગવિદ્યામાં આવશ્યક હોય છે તે ધર્મક્ષેત્રે રહેવા નથી પામતું. આને લીધે અનેક કલ્પનાઓ પ્રયોગ વિના પણ સિદ્ધાંતનું રૂપ લઈ લે છે. અને દરેક પરંપરાના વિચારકો ઘણી વાર યુક્તિ યા તર્કને બળે જ વિચાર કરે છે. આ વિચારનાં પરિણામો પણ એકંદર ઉત્ક્રાંતિગામી જ આવેલાં દેખાય છે.

જુદાં જુદાં ભારતીય શાસ્ત્રોમાં અનેક શબ્દયુગલો એવાં છે કે જે ઉપર સૂચવેલી વિચારોત્ક્રાંતિનાં સૂચક છે; જેમ કે લૌકિક અને લોકોત્તર, વ્યવહાર અને નિશ્ચય, સંવૃતિ અને પરમાર્થ, વ્યાવહારિક અને પરમાર્થિક, નેયાર્થ અને નીતાર્થ, માયા અને સત્ય ઇત્યાદિ.

જ્યારે માત્ર ભૂતવાદ હતો ત્યારે એનું કોઈ વિશિષ્ટ નામ ભાગ્યે જ પડ્યું હશે. પણ આત્મવાદ અસ્તિત્વમાં આવતાં જ ભૂતવાદને લોકાયત યા લૌકિક દૃષ્ટિ તરીકે ઊતરતું સ્થાન મળ્યું. અને આત્મવાદ લોકોત્તર યા અલૌકિક ગણાયો.

આત્મવાદ સ્થિર થયા પછી પણ એના સ્વરૂપ પરત્વે ઊંડાણ કેળવાવું શરૂ થયું. જે કલેશો, વાસનાઓ કે બળો ચૈતન્ય સાથે સંકલિત હોય તે સામાન્ય રીતે ચેતનના ભાગ જ ગણાય. પણ જૈન જેવી પરંપરાઓએ તારવ્યું કે ચેતનનું ખરું સ્વરૂપ એથી જુદું છે. એ વસ્તુ સ્પષ્ટ કરવા તેમણે કહ્યું કે રોજિંદા જીવનમાં અનુભવાતું વાસનામિશ્રિત ચૈતન્ય એ વ્યવહાર છે; નિશ્ચયદૃષ્ટિએ તો એનું સ્વરૂપ કલેશ–વાસનાઓથી સર્વથા મુક્ત છે. એ જ રીતે જ્યારે એમની સામે પ્રશ્ન આવ્યો કે જો એક પરમાણુ અવિભાજ્ય એવા આકાશખંડમાં રહેતો હોય તો અનંતાનંત અણુઓ અને તેના સ્કંધો આકાશમાં સમાઈ ન શકે. આ પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું કે અવિભાજ્ય આકાશક્ષેત્રમાં એક પરમાણુ સમાય છે એ વાત સાચી, પણ એ પરમાણુ બીજા અનેક અથવા અનંત પરમાણુઓને પણ પોતાના ક્ષેત્રમાં અવકાશ આપે છે. આ ઉપરથી પ્રશ્ન થયો કે અવિભાજ્ય આકાશક્ષેત્રમાં એક પરમાણુ પણ સમાય અને પરમાણુઓનો સ્કંધ પણ સમાય, તો એ મૂળ પરમાણુ અને સ્કંધ બે વચ્ચે પરિમાણનો ભેદ શો રહ્યો? આના ઉત્તરમાં એ જૈન વિચારકોને વ્યવહાર અને નિશ્ચયદૃષ્ટિ મદદે આવી. તેમણે ખુલાસો કર્યો કે જે એક પરમાણુ તે નિશ્ચય પરમાણુ અને તે જ પરમાણુના અધિષ્ઠાન-ક્ષેત્રમાત્રમાં સમાતો અનંતાણુમય સ્કંધ એ વ્યવહારપરમાણુ. આ રીતે જડ અને ચેતનતત્ત્વમાં જેમ જેમ વિચારનું ઊંડાણ વધતું ગયું અને પ્રથમની કલ્પનાઓમાં અસંગતિ દેખાવા લાગી તેમ તેમ વ્યવહાર અને નિશ્ચયની દૃષ્ટિનો આશ્રય લઈ તત્ત્વવિચાર ખીલતો ગયો.

બુદ્ધે સ્થાયી દ્રવ્યનો છેદ તો ઉડાડ્યો જ હતો અને બાહ્ય તેમ જ આન્તર વિશ્વમાં ક્ષણિક ધર્મોનું અસ્તિત્વ જ સ્થાપ્યું હતું. પણ એ જ બૌદ્ધ પરંપરામાં જ્યારે એવો તબક્કો આવ્યો કે તેમાં બાહ્ય ભૌતિક તત્ત્વનું અસ્તિત્વ જ નકારાયું, ત્યારે એ વિજ્ઞાનવાદને બાહ્ય વિશ્વના થતા ઇન્દ્રિયગમ્ય અનુભવની સત્યતાને ખુલાસો કરવાનો વારો આવ્યો. એણે તરત જ કહી દીધું કે બાહ્ય વિશ્વ એ સત્ય છે, પણ તે સત્ય પારમાર્થિક નથી; માત્ર સંવૃતિસત્ય. સંવૃતિ એટલે અવિદ્યાનું ઢાંકણ. આ અવિદ્યાને લીધે જે ભાન થાય તે અવિદ્યાકાલીન સત્ય કહેવાય. આમ વિજ્ઞાનવાદે પોતાના ઉત્ક્રાન્ત યા વિકસિત દર્શનને સ્થાપવા પરમાર્થસત્યનો આશ્રય લીધો, અને પોતાના જ સમાનધર્મા ઇતર બૌદ્ધોની માન્યતાને સંવૃતિસત્ય કહી તેને પણ એક ખૂણામાં ગોઠવી.

બાહ્ય અને આંતર જગતના દ્વૈત તેમ જ અદ્વૈત વિશેની દીર્ઘકાલીન ચર્ચાઓ પછી જ્યારે શંકર જેવા આચાર્યોએ કેવલાદ્વૈત સ્થાપ્યું ત્યારે તેમને પહેલાંથી પ્રચલિત, શાસ્ત્રોમાં રૂઢ અને લોકમાનસમાં ઘર કરેલ દ્વૈત તેમ જ જીવોના અસ્તિત્વ અને પારસ્પરિક ભેદનો ખુલાસો તો કરવો જ રહ્યો. વળી, સ્વતંત્ર ઈશ્વર વિશેના મંતવ્યનું સ્થાન પણ ગોઠવવું જ રહ્યું. એટલે તેમણે પણ અખંડ સચ્ચિદાનંદ બ્રહ્મને પારમાર્થિક સત્ય રૂપે પોતાના દર્શનમાં નિરૂપ્યું અને બીજાં વિરોધી દેખાતાં મંતવ્યો કે લોકપ્રવાદોને વ્યાવહારિક સત્યની કોટિમાં કોઈ ને કોઈ રૂપે ગોઠવ્યાં. માયાનો આશ્રય લઈ ઈશ્વરતત્ત્વનું નિરૂપણ કર્યું અને અવિદ્યાનો આશ્રય લઈ જીવોનું અસ્તિત્વ, તેમનો પારસ્પરિક ભેદ અને બાહ્ય જગતનો આભાસ—એ બધું ગોઠવ્યું. એક રીતે આ પ્રક્રિયા સંવૃતિસત્ય અને પરમાર્થસત્યના જેવી જ છે. નાગાર્જુને જે કહ્યું હતું અને વસુબંધુએ ત્રિસ્વભાવ નિર્દેશમાં જે નિરૂપ્યું હતું, તે કેવલાદ્વૈતવાદમાં કાંઈક રૂપાંતરથી નિરૂપાયું.

વિજ્ઞાનવાદે બાહ્ય જગતનું અસ્તિત્વ નકારી બૌદ્ધ પરંપરામાં વિચારની એક નવી દિશા ઉઘાડી હતી. પણ ક્ષણવાદી અને ધ્યાની બૌદ્ધો ત્યાં જ થોભે તેવા ન હતા. તેમાં શૂન્યવાદ અસ્તિત્વમાં આવ્યો. એ વાદે વિજ્ઞાનસંતતિ જેવાં આંતરિક સત્યોને પણ નિઃસ્વભાવ કહી એક રીતે સંવૃતિસત્યની કોટિમાં મૂકી દીધાં, અને કહ્યું કે તે નિરૂપણ નેયાર્થક છે, એટલે કે કલ્પના-સ્થાપનીય છે. નીતાર્થ એટલે બુદ્ધનું અંતિમ તાત્પર્ય તો માત્ર શૂન્યતામાં છે. જ્યાં મનની ગતિ નથી અને શાબ્દિક કલ્પનામાં જે બદ્ધ થઇ શકે નહીં તે તત્ત્વ અંતિમ અને એ બધા અભિનિવેશો, દૃષ્ટિઓ અને કલ્પનાઓથી શૂન્ય છે. એમાં શૂન્યતાની દૃષ્ટિ–અભિનિવેશને પણ સ્થાન નથી. આ રીતે એક જ બૌદ્ધ પરંપરામાં ઉત્તરોત્તર વિચારક્રાન્તિ થતાં પૂર્વ મંતવ્યોને ગૌણ સ્થાને ગોઠવવાં પડ્યાં.

છેલ્લે એક શબ્દયુગલ વિશે પણ થોડું કહી દેવું પ્રાસંગિક છે. માયા અને સત્ય એ બે શબ્દો બહુ જાણીતા છે, અને અતિ પ્રાચીન પણ છે. તેના અર્થોની છાયાઓ અનેક છે. જ્યાં કાલ્પનિકતા અને અવાસ્તવિકતાનો ભાવ સૂચવવો હોય ત્યાં સામાન્ય રીતે માયા પદ વપરાય છે, અને જ્યાં વાસ્તવિકતા યા અબાધિતતાનો ભાવ સૂચવવો હોય ત્યાં સત્ય પદ વપરાય છે. પણ જેમ જેમ સત્યની પ્રતીતિ વિકસતી તેમ જ સ્પષ્ટ થતી જાય તેમ તેમ પૂર્વ પૂર્વની સત્યપ્રતીતિઓને તત્ત્વચિંતકો લૌકિક, વ્યાવહારિક, સાંવૃત્તિક, નેયાર્થક અને માયિક કહી ઊતરતા ક્રમમાં ગોઠવતા આવ્યા છે. આ ક્રમ જેમ તત્વજ્ઞાનમાં તેમ ધાર્મિક આચારમાં પણ દેખાય છે. જેમ જેમ ધર્મની સૂક્ષ્મતા વિચારાતી ગઈ અને આચરણમાં વ્યક્ત થતી ગઈ, તેમ તેમ સ્થૂળ કોટિના લોકગમ્ય બાહ્ય ધર્માચારોને લૌકિક, વ્યાવહારિક કે અપારમાર્થિક રૂપે ઓળખાવવાનું વલણ વધતું રહ્યું છે.

ઉપર જે ચર્ચા કરી છે તેના વિષયોને વિશેષ સ્ફુટપણે સમજવામાં ઉપયોગી થઈ શકે એવી બે મારી પુસ્તિકાઓની ભલામણ કરું તો તે અસ્થાને નહીં લેખાય. ગુજરાત વિદ્યાસભા તરફથી પ્રસિદ્ધ થયેલ 'અધ્યાત્મ વિચારણા' અને વડોદરા ઓરિયેન્ટલ ઇન્સ્ટીટ્યૂટ તરફથી પ્રસિદ્ધ થયેલ 'ભારતીય તત્ત્વવિદ્યા'. આ બંને પુસ્તિકાઓમાં મેં તે તે વિષયને કાંઈક વધારે વિગતથી યથાસંભવ ઐતિહાસિક દૃષ્ટિથી અને ઉપપત્તિપૂર્વક ચર્ચ્યા છે. સંભવ છે કે એનું વાચન તત્ત્વાભ્યાસીને ઉપયોગી નીવડે.

ઉપસંહાર

હું તત્ત્વજ્ઞાનના અભ્યાસ પરત્વે જે દૃષ્ટિ ધરાવું છું તેનો નિર્દેશ કરવો યોગ્ય છે.

૧. તત્ત્વજ્ઞાનનો અભ્યાસી માત્ર સત્ય તરફ જ દૃષ્ટિ રાખે તો જ એ અભ્યાસમાંથી સારતત્ત્વ મેળવી શકે. તે માટે પ્રથમ તો એણે કોઈ પણ જાતના પૂર્વગ્રહને વશ ન જ થવું ઘટે.

૨. પોતે જે વિચાર સેવતો હોય કે જે નિષ્કર્ષ ઉપર પહોંચ્યો હોય, તેનાથી વિરુદ્ધ મતો, વિચારો કે સ્થાપનાઓ સામે ઉપસ્થિત થાય ત્યારે એણે એના પ્રત્યે એટલો જ આદર કેળવવો જોઈએ, જેટલો પોતાના વિચાર પ્રત્યે હોય. આવા સમત્વ વિના પૂર્વગ્રહથી છૂટી જ ન શકાય.

૩. તત્ત્વજ્ઞાનના અભ્યાસનું ક્ષેત્ર જે રીતે વિસ્તરી રહ્યું છે, તે જોતાં અભ્યાસીએ કોઈ એક જ પરંપરાના તદ્વિષયક સાહિત્યમાં પુરાઈ ન રહેતાં બને તેટલી દૃષ્ટિમર્યાદા વિસ્તારતા જ જવું જોઈએ.

૪. તત્ત્વજ્ઞાન શબ્દથી સીધો અર્થ તો ફલિત એટલો જ થાય છે કે તે એક પ્રકારનું સત્યલક્ષી જ્ઞાન છે. પણ જીવન એ માત્ર જ્ઞાનમાં પરિસમાપ્ત નથી થતું. જ્ઞાન એ તો જીવનને દોરનાર એક ભોમિયા જેવું છે, અથવા આગળ પ્રગતિ કરવાના માર્ગ ઉપર પ્રકાશ પાથરનાર છે. જો તેને પરિણામે જીવનનો બીજો અને મહત્ત્વનો ભાગ જે નૈતિકતા છે તે ન ખીલે તો એ તત્ત્વજ્ઞાન વન્ધ્ય બની રહે. તેથી નિષ્ઠાવાન તત્ત્વજ્ઞો નૈતિકતા યા ચારિત્ર-ની સાથે જ તત્ત્વજ્ઞાનનું મૂલ્યાંકન કરે છે.

૫. મને મારા અતિ અલ્પ અભ્યાસને પરિણામે પણ એવું જણાયું છે કે જુદી જુદી અનેક પરંપરાઓની વિચારસરણીઓ, એને પ્રગટ કરનારી પરિભાષાઓ અને એનાં વર્ગીકરણો ઘણી વાર ઉપર ઉપરથી પરસ્પર વિરુદ્ધ લાગે તોય એના મૂળમાં ઊંડા ઊતરતાં એમાં એક જાતનો સુસંવાદ જ રહેલો હોય છે. જો તત્ત્વજ્ઞ એ મૌલિક સંવાદી સૂરને પકડી લે તો એની આસપાસ બધી વિચારસરણીઓ યોગ્ય રીતે ગોઠવાઈ જાય છે.



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યા મન્દિરને ભેટ મળેલ

જ્ઞાનભંડારનો પરિચય

પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ભારતના પ્રત્યેક સંપ્રદાયનો ફાળો છે. પ્રાચીન શ્રમણસંસ્કૃતિના બે મુખ્ય જાણીતા વિભાગો–જૈન અને બૌદ્ધ–એમનો હિસ્સો એમાં વિશિષ્ટ મહત્ત્વનો છે. વૈદિક અથવા હિંદુ, જૈન તેમ જ બૌદ્ધ સંપ્રદાયોએ એકમેક ઉપર ખૂબ અસર પાડી છે; અને આ તેમ જ બીજા અનેક નાના મોટા સંપ્રદાયના આચાર્યો કે પંડિતો ફક્ત પોતાના જ ધર્મના સાહિત્યનું નહિ પણ ભારતના પ્રત્યેક મુખ્ય સંપ્રદાયના સાહિત્યનું ઝીણવટથી અધ્યયન કરતા. આ રીતે જૈન કે બૌદ્ધ ગ્રન્થભંડારોમાંથી પુષ્કળ જૈનેતર કે બૌદ્ધેતર ગ્રન્થોની અમૂલ્ય હસ્તપ્રતો મળી આવી છે. વળી પ્રાચીન ગુર્જરદેશ હાલના ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાનનો મોટો ભાગ–જેને આપણે મારુ-ગુર્જરદેશના નામથી ઓળખાવીએ–તેની સાંસ્કૃતિક એકતા હતી અને સંસ્કૃતિના અભ્યાસ માટે, ખાસ કરીને ઈ. સ. ૧૦૦૦થી આજ સુધીના ઇતિહાસ માટે ભારતીય સંસ્કૃતિના પ્રત્યેક અભ્યાસીએ જૈન ભંડારોમાંથી મળતી પ્રચુર ગ્રન્થસામગ્રીનો અભ્યાસ કરવો અનિવાર્ય છે.

એ રીતે છ હજારથી પણ વધુ હસ્તપ્રતોનો આ સંગ્રહ ખૂબ મૂલ્યવાન છે. એમાં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, વ્રજ-હિંદી, તેમ જ મરાઠી ગ્રન્થ પણ છે. આમાં જૈન તેમ જ બ્રાહ્મણ ગ્રન્થો પણ છે. જૈન આગમસાહિત્ય, આચારાદિ ગ્રન્થો અને પ્રકરણ ગ્રન્થો ઉપરાંત જૈન તેમ જ જૈનેતર ચરિત્રો, કાવ્યો, કથાઓ, નાટકો, સુભાષિતો, જ્યોતિષ, આયુર્વેદ, વ્યાકરણ, ન્યાયવૈશેષિક આદિના-ગ્રન્થો, સ્તોત્રો, સ્તવનો, મંત્રશાસ્ત્રના ગ્રન્થો, પુરાણોમાંના સંગ્રહગ્રન્થો, ગીતા, પિંગલ-ગ્રન્થો, કામશાસ્ત્રના ગ્રન્થો, તેમ જ ગુજરાતી જૈન અને જૈનેતર રાસ, ચોપાઈ, સવૈયા, સજ્ઝાય, ફાગ, સ્તવનો, પ્રભાતિયાં, બારમાસા, બત્રીસીઓ, પદ્યાત્મક તેમ જ ગદ્યાત્મક કથાઓ, ચરિત્રો, કાવ્યો, નાટકો, ઐતિહાસિક કાવ્યો, હરિઆલી, હમચડી, ધૂધરી જેવા કાવ્યપ્રકારો, વર્ણકગ્રન્થો, વિજ્ઞપ્તિપત્ર, જૂના પંચાંગોના નમૂના, સંગીતની રાગમાલાઓ, સામુદ્રિક શાસ્ત્રના ગ્રન્થો, સ્વરોદય શાસ્ત્રના ગ્રન્થો, બોલપત્રો, દંડકો, આલાપો વગેરે છે.

ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિનો, તેના પદ્ય અને ગદ્ય પ્રકારોનો છેલ્લાં લગભગ પાંચસો વર્ષોનો ક્રમબદ્ધ ઇતિહાસ આ સંગ્રહ રજૂ કરે છે. સ્તબકો-ટબાઓ એ મૂલ સંસ્કૃત અથવા પ્રાકૃત ગ્રન્થ સાથે એના શબ્દશઃ ગુજરાતી અર્થ રજૂ કરે છે. સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થોની સંસ્કૃતમાં ટીકાઓ રચાતી તેવી જ રીતે ગુજરાતી બાલાવબોધો મળે છે. એક જ ગ્રન્થના અનેક સમયના ટબાઓ અને બાલાવબોધો મળે છે, જેથી ભવિષ્યના અભ્યાસીઓને વૈજ્ઞાનિક દૃષ્ટિથી ગુજરાતી ભાષા અને તેની જુદી જુદી બોલીઓનો અભ્યાસ કરવો સુગમ થઈ પડે છે. આ જ રીતે એક જ ગ્રન્થ જેમ કે શાલિભદ્રસૂરિનો પ્રાચીન ગુજરાતીમાં સં. ૧૨૪૧ આસપાસમાં રચાએલો બુદ્ધિરાસ–એની અનેક સમયની જુદી જુદી પ્રતો મળે છે. આ પ્રકારની બીજી અનેક કૃતિઓ છે. આવી રીતે જુદા જુદા અગત્યના ગ્રન્થોની વિવિધ સમયની અને જુદાં જુદાં સ્થળોએ રચાએલી પ્રતો આ સંગ્રહમાં મળવાથી પ્રતોમાં પાઠફેરનો તુલનાત્મક અભ્યાસ કરી ભાષાનો વિકાસ અને પરિવર્તન સમજી શકાય છે તેમ જ મૂળ ગ્રન્થની ભાષા અને પાઠ નક્કી કરવાં સુગમ થઈ પડે છે.

આ સંગ્રહમાંની મોટા ભાગની પ્રતો ગુજરાત અને સૌરાષ્ટ્રનાં ગામો અને નગરોમાં લખાઈ છે. તેમ જ કેટલીક પ્રતો કચ્છ, મેવાડ અને મધ્ય ભારતમાં પણ લખાઈ છે. કેટલાંક એવાં પ્રાચીન નામો જે હાલના કયાં ગામ કે નગરનું નામ હશે તે ભવિષ્યના સંશોધનનો વિષય રહેશે. આ સંગ્રહમાં ઘણી પ્રતો દીવબંદર, ગોંડલ, વીરમગામ, પાટણ, અમદાવાદ, સ્તંભતીર્થ (ખંભાત), રત્નપુર, વડોદરા, સુરત, પોરબંદર, માંગરોળમાં લખાઇ છે. આ ઉપરાંત મળતાં કેટલાંક સ્થળનામો નીચે પ્રમાણે છેઃ—ગંધારબંદર, જંબૂસર, સિદ્ધપુર, પાલણપુર, રાધનપુર, બાણીગામ, નૂતનપુર (નવાનગર), કુન્તલપુર મહા-

* શ્રી પૂજ્ય જૈનાચાર્ય લોંકાગચ્છાધિપતિ શ્રીન્યાયચંદ્રજીસૂરિજી તથા પૂજ્ય શ્રી સ્વરૂપચન્દ્રજી સ્મારક ભંડાર મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યા મન્દિરને યતિશ્રી હેમચન્દ્રજીએ તા. ૨૦–૨–૧૯૫૯ના રોજ ભેટ આપ્યો તેનો પરિચય.

નગર, કોરટાનગર, વાલ્હી અથવા વાલી (પ્રાચીન વલ્લભીપુર), વેરાવળબંદર, દેવકપત્તન (સોમનાથ પાટણ), કચ્છમાંનું ભૂજ, ભાવનગર, બિલાડાગામ, રાજપુર, રાજનગર (અમદાવાદ), સરલબાદ, જીર્ણદુર્ગ (જૂનાગઢ), લખતર, ધોલકા, લેવગ્રામ, પંડપ (ખંડપ–ખેડાપા) નગર, સાવરગ્રામ, ક્રાંગક્રા, ધોરાજી, ક્રાકૃા, સમાણા ગામ, સાદડી (મારવાડમાં), સિરોહી, જેસલમેર, વૈરાટ (જયપુર રાજ્ય), અલવર, ઉદયપુર, નાગપુર, ચિત્રકૂટ (ચિતોડ), મોહમય્યી અથવા મુંબઈ, સૂર્યપુર (સૂરત), તરણિપુર (સૂરત?), હાલાર દેશમાં કલ્પવટગ્રામ (કાલાવડ?), અમરાવતી, મારવાડનું સાચોરનગર, હરિદુર્ગ (?), કૃષ્ણચટગ્રામ (?), સોહીગ્રામ (?), કચ્છ દેશે અર્જુનપુર અંજાર?), દોરડાગ્રામ (?), ચાપોલ, રાણપર (સૌરાષ્ટ્ર), આમોદ (ભરૂચ કે સુરત જિલ્લાનું), ભોપાવર, કોટડાગ્રામ, ધનારીગ્રામ, ક્ષીરપુરગ્રામ, સુદામાપુર (પોરબંદર), મેદનીપુર (?), જીડોતરીગ્રામ, માંધાતા (જૂનું માહેશ્વર, નર્મદાકાંઠે), ધંધાણીગ્રામ (?), મોહનપુર (?), રોહિતાસનગર (રોહીડા કે રોહતક?), કાચોલીગ્રામ, સીતામોનગર, કર્મવાટી (?), શ્રીપ્રીતપુર (?), સોઝતનગર (મારવાડનું સોજત), ગુદવચનગર (સૌરાષ્ટ્રમાં?) ગમડમાણી (?), કાસ્મેરપુર (?), પારક્કરદેસ (પારકર જિલ્લા) નું પારડીયાગ્રામ, સાંડેરાનનગર (મારવાડનું સાંડેરાવ?), મંડપદુર્ગ (માંડવી કે માંડૂ), સિલવાડાગ્રામ, (?), શકંદરપુર (સિકંદરાબાદ?) સ્યાણાનગર (સીયાણા), પેથાપુર, વગડી (?) મહેવા, (મહુવા?), મધુમતી (મહુવા), પોસીના (ઉત્તર ગુજરાત, જૂના ઇડર રાજ્યમાં), કેલવાગ્રામ, સુનામનગર (?), ખમણોરનગર (?), ડાકગ્રામ (ડાકોર?), તાજપુર, જલાપુર, વઢવાણ, રાજકોટ, મહેસાણા, લીમ્બડી, ખેરાલુ, બગસરા, વીરમપુર, મેડતાનગર, વિક્રમપુર, સિન્ધુદેશનું સામૂટીનગર, રાધિકાપુર, (રાધનપુર?), યોધપુર (જોધપુર), વિછુદ્યગ્રામ, શિવપુરી, મનચર, દેહોર, ખેરાલુ—આ સ્થળોમાં લખાએલી પ્રતો પ્રસ્તુત સંગ્રહમાં છે.

આ સંગ્રહ મુખ્યતઃ કાગળ ઉપરની પ્રતોનો છે. કાગળ ઉપરની પ્રતો ઈ. સ. ૧૨-૧૩મા સૈકાની ક્વચિત્જ મળે છે. એથી પૂર્વની મળી નથી. ચૌદમા સૈકાની પણ પ્રમાણમાં થોડીક જ પ્રતિઓ મળે છે. આ સંગ્રહમાં મળતી સૌથી જૂની પ્રત, જેની નીચે લેખનસંવત હોવાથી ખાત્રીપૂર્વક જેનો સમય આપી શકાય છે તેવી, સં. ૧૪૪૩માં લખાએલી કલ્પસૂત્ર તેમ જ કાલિકાચાર્ય કથાની પ્રાચીન પ્રતિ છે. સં. ૧૪૭૧માં (ઈ. સ. ૧૪૧૫) લખાએલી સુન્દર હસ્તાક્ષરની અજ્ઞાતનામ કર્તાની મેઘદૂતચૂર્ણિકા, ઈ. સ.ના પંદરમા સૈકામાં લખાએલી અને એ જ સૈકામાં રચાએલી, અંચલગચ્છના મેરુતુંગસૂરિએ કાલિદાસના મેઘદૂતના અનુકરણમાં પણ અન્ય વિષય લેઈ રચેલા મેઘદૂત કાવ્યની પ્રાચીન પ્રત, સોમપ્રભાચાર્યના સિંદૂરપ્રકર-કાવ્યની ઈ. સ. પંદરમા સૈકામાં લખાએલી પ્રત, સં. ૧૪૭૬ (ઈ. સ. ૧૪૨૦)માં લખાએલું ઉત્તરાધ્યયનસૂત્ર, સં. ૧૫૩૮માં લખાએલું હેમચંદ્રાચાર્યનું શબ્દાનુશાસન, શિવદાસની રચેલી સંક્ષિપ્ત વેતાલપંચવિંશતિ કથાની સં. ૧૫૪૪માં જસ્તલપુરમાં લખાએલી પ્રત, ગુજરાતી ચૂર્ણિકા સાથેની ભાનુદત્તની રસમંજરીની સં. ૧૫૬૫માં લખાએલી પ્રત, રામચંદ્રસૂરિએ રચેલી સિંહાસનદ્વાત્રિંશિકાની સં. ૧૬૦૯માં ખંભાતમાં લખાએલી પ્રત, અનુભૂતિસ્વરૂપાચાર્યના સારસ્વત વ્યાકરણની સં. ૧૬૨૬માં લખાએલી પ્રત, ભાવદેવસૂરિના રચેલા પાર્શ્વનાથ-ચરિત્રની ઈ. સ. ૧૫મા સૈકામાં લખાએલી પ્રતિ, સંગ્રહણીપ્રકરણ ઉપર પ્રાચીન ગુજરાતી બાલાવબોધ સાથે વિ. સં. ૧૫૨૮ (ઈ. સ. ૧૪૭૨)માં ચિત્રકૂટ (ચિતોડ)માં લખાએલી પ્રતિ, પદ્મપ્રભસૂરિના ભુવનદીપકના પ્રાચીન ગુજરાતી અનુવાદ સાથેની સં. ૧૬૦૧ (ઈ. સ. ૧૫૪૫)માં લખાએલી પ્રત, દિગમ્બર આચાર્ય ભટ્ટારક સકલકીર્તિના રચેલા વૃષભનાથ ચરિત્રની સં. ૧૬૪૮ (ઈ. સ. ૧૫૯૨)માં મહેસાણામાં લખાએલી પ્રત આદિ પ્રતો નોંધપાત્ર છે. જૈન આગમગ્રન્થોની સંસ્કૃત ટીકા અને ટબા, બાલાવબોધો સાથેની જુદા જુદા સમયમાં લખાએલી પ્રતો છે.

સંસ્કૃત પ્રાકૃત ચરિત્રોમાં વિજયકુશલના વિક્રમાદિત્ય-પંચદંડછત્ર ચરિત્રની સં. ૧૭૭૭માં કેલવામાં લખાએલી પ્રતિ, પ્રાકૃત વસુદેવચરિત્ર, જિનમાણિક્યે રચેલ, સં. ૧૮૪૦માં વટપદ્ર (વડોદરા)માં લખાએલ કૂર્મપુત્ત-ચરિય, સં. ૧૭૯૨માં લખાએલ ભરહચરિત્ર, ભાવદેવસૂરિના પાર્શ્વનાથ ચરિત્રની પ્રતો, જિનસૂરિનું રચેલ પ્રિયકરનૃપ ચરિત્ર, શ્રીપાલ કથાનક, જમ્બૂસ્વામી ચરિત્ર, વત્સરાજ ચરિત્ર, ચિત્રસેનપદ્માવતી ચરિત્ર, ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર, અજિતપ્રભસૂરિનું શાંતિનાથ-ચરિત્ર, જેની વીરક્ષેત્રે વડોદરામાં લખાએલી પ્રત છે, કરકંડૂચરિત્ર, સં.૧૨૨૫ આસપાસ મુનિરત્નસૂરિએ રચેલ અંબડકથાનકની સં. ૧૭૦૫માં લખાએલી પ્રત આદિ છે.

ગુજરાતી ચરિત્રોમાં મલ્લિનાથચરિત્ર(ગદ્ય)ની સોળમા સૈકામાં લખાએલી પ્રત છે.

સંસ્કૃત પ્રાકૃત કથાગ્રન્થોમાં રામચંદ્રસૂરિની રચેલી સિંહાસન દ્વાત્રિંશિકા, શુભશીલગણિની ભરતેશ્વર-બાહુબલિવૃત્તિ, શિવદાસની વેતાલપંચવિંશતિકા, મણિ-સુંદરનો વિમલબોધ, કામઘટચરિત્ર, ભરટકકથા, ઉપદેશરત્નમાલા ટબા સાથે, અનન્તહંસગણિની દૃષ્ટાન્ત-રત્નમાલા, સમયસુંદરના બાલાવબોધ સાથેની કાલિકા-ચાર્ય કથા જેની નકલ સં. ૧૬૬૬માં વીરમપુરનગરમાં 'રાહુલ નૃપ તેજસી રાજ્યે' થએલાની નોંધ છે; હર્ષનન્દનગણિની મધ્યાહ્નવ્યાખ્યાનપદ્ધતિ, રવિસાગરની મૌન એકાદશી કથા, કનકકુશલની સૌભાગ્યપંચમી કથા, પર્વકથા, હરિશ્ચંદ્રકથા, રોહિણી કથા, શેખરકુમાર કથા આદિ ગ્રન્થો છે.

કાવ્ય ગ્રન્થોનો મોટો સંગ્રહ છે. કૃષ્ણદાસનું કર્ણા-નન્દકાવ્ય, જે જૈનેતર કૃતિની સં. ૧૬૫૧માં પ્રલ્હાદનપુર (પાલણપુર)માં લખાએલી પ્રતિ છે; તે ઉપરાંત, રઘુવંશ, કુમારસંભવ, મેઘદૂત, શિશુપાલવધ આદિની પ્રતો, જયદેવના ગીતગોવિંદની શ્રીધંધાણી ગ્રામે, શ્રીમાલદેવના રાજ્યે, ઉકેશગચ્છના કકુદાચાર્યના સંતાને દેવગુપ્તસૂરિની પાટે, શીલસૂરિના શિષ્ય ચારિત્રલાભે સં. ૧૫૯૫ (ઈ. સ. ૧૫૩૯)માં લખેલી પ્રતિ, ઘટખર્પરકાવ્ય, ટબા સાથેની ભર્તૃહરિના શતકત્રયની પ્રાચીન તેમ જ આર્વાચીન જુદી જુદી પ્રતો, લોંકાગચ્છના મુનિરાજ તેજસિંઘના રચેલા દૃષ્ટાન્તશતક કાવ્યની ટબા સાથેની પ્રતિઓ; આમાં સં. ૧૭૬૩ માં રામચંદે રચેલા ટબાની ટબાકારના હસ્તાક્ષરની પ્રતિ, ઝાંઝણના નેમિદૂત મહાકાવ્યની ઉદયપુરમાં લખાએલી પ્રતિ, ભવવૈરાગ્યશતક, મેરુતુઙ્ગસૂરિનું મેઘદૂતકાવ્ય, કાલિદાસના મેઘદૂતની પ્રાચીન ચૂર્ણિકાની સં. ૧૪૭૧ માં લખાએલી પ્રતિ, ઈ. સ. ના પંદરમા સૈકામાં લખાએલી તેમ જ ફક્ત ૮૨ શ્લોકોવાળી, ભર્તૃહરિના વૈરાગ્યશતકની અગત્યની પ્રતિ, વૈરાગ્યશતકના ટીકાકાર મુકુન્દના હસ્તાક્ષરની પોતાની ટીકાની પ્રતિ (આ ટીકા આચાર્યશ્રી કાહાનજીના આદેશથી શ્રીદીપજી શિષ્ય મુકુન્દે રચી છે), ગુણવિનયનું વૈરાગ્યશતકવિવરણ, જિનવલ્લભસૂરિનું સંઘપટ્ટકકાવ્ય, ગોવર્દ્ધનાચાર્યનું રચેલ સપ્તશતીકાવ્ય, લુંકાગચ્છના મુનિશ્રી તેજસિંધે રચેલું સિદ્ધાન્તશતકકાવ્ય, સિંદૂરપ્રકર, કર્પૂર-પ્રકર આદિ સંસ્કૃત પ્રાકૃત કાવ્યો છે.

ન્યાયના ગ્રન્થોમાં ચિન્તામણિની સં. ૧૬૪૭ માં લખેલી પ્રત, શિવાદિત્ય મિશ્રની સપ્તપદાર્થી, તર્કસંગ્રહ દીપિકા સાથે, તર્કભાષાવિવરણ, સ્યાદ્વાદમંજરી જેવા ગ્રન્થો છે. નયચક્રવિવરણ (દેવચંદ્રનું) ની આચાર્ય મેઘરાજરચિત ગુજરાતી પદ્યાનુવાદવાળી પ્રતિ ખાસ નોંધપાત્ર છે. ન્યાયના નયચક્ર જેવા અઘરા ગ્રંથના વિવરણની ગુજરાતી પદ્યાનુવાદ રચના લુંકાગચ્છના મુનિશ્રીએ કરેલી છે અને એની આ પ્રતિ વટપદ્રપત્તનમાં (વડોદરામાં) એ જ શ્રીમેઘરાજમુનિના પ્રશિષ્ય મહાનંદ મુનિએ શ્રીદામસિંહ ભૂપ (શ્રીદામાજીરાવ ગાયકવાડ)ના રાજ્યકાળમાં લખેલી છે.

વ્યાકરણગ્રન્થોમાં, સારસ્વતવ્યાકરણ પંચસન્ધિ, આચાર્યશ્રી હેમચંદ્રનું શબ્દાનુશાસન, લિંગાનુશાસન, પાણિનિની અષ્ટાધ્યાયી, સિદ્ધાન્તચંદ્રિકા, વરદરાજની સારસિદ્ધાન્ત-કૌમુદી, કાતન્ત્રવિભ્રમસૂત્ર અવચૂરિ સાથે, ધર્મસિંહનો વાકયપ્રકાશ—આદિ ગ્રંથો છે.

વૈદ્યકના ગ્રન્થોમાં નયનશેખરે ગુજરાતીમાં કરેલા છન્દોબદ્ધ અનુવાદની યોગરત્નાકર (મૂળ સંસ્કૃત)ની પ્રતિ ખાસ નોંધપાત્ર છે. આ ઉપરાંત અષ્ટાંગહૃદય, સુશ્રુત, વૈદ્યવલ્લભ, વૈદ્યમનોત્સવ આદિ ગ્રન્થો છે. સં. ૧૭૬૦માં લખાએલી ગુજરાતી બાલાવબોધ સાથે અશ્વચિકિત્સાની કૃતિ નોંધપાત્ર છે.

સપ્તશતી ભગવદ્ગીતા, મહાભારતનો પિતાપુત્ર-સંવાદનો ભાગ, પુરાણસાર આદિ ગ્રન્થોની લોંકાગચ્છના મુનિઓની લખેલી પ્રતો છે.

સ્તોત્રોમાં જૈન સંસ્કૃત પ્રાકૃત સ્તોત્ર, સ્તવનો ઉપરાંત, શંકરાચાર્યનું કનકધારા સ્તોત્ર, નર્મદાષ્ટક, ભવાનીસહસ્ર-નામ, વિષ્ણુસહસ્રનામ, ભૈરવભુજંગસ્તોત્ર, મહિમ્નસ્તોત્ર, સૌંદર્યલહરી, રામરક્ષાસ્તોત્ર, સૂર્યસહસ્રનામની સં. ૧૭૪૭-માં પૂજ્ય ઋષિશ્રી ગાંગાજીના શિષ્ય સેવક નારાઈણે લખેલી પ્રતિ આદિ પ્રતિઓ નોંધપાત્ર છે.

લોંકાગચ્છના પૂ. ઋષિશ્રી ગાંગાજીની પ્રેરણાથી નારાઈણે લખેલી ઘણી પ્રતિઓ આ સંગ્રહમાં છે. આ સંગ્રહની પ્રતિઓની પુષ્પિકાઓ ઉપરથી લોંકાગચ્છનો છેલ્લા બસો અઢીસો વર્ષનો ઘણો ઇતિહાસ મળી આવે છે. આ પુષ્પિકાઓમાં મળતા અને શ્રીપૂજ્ય આચાર્યોના, ઋષિઓનાં નામો વગેરે ગચ્છના ઇતિહાસની દૃષ્ટિએ ખાસ નોંધપાત્ર છે.

જ્યોતિષગ્રંથોમાં નરચંદ્રસૂરિનું નારચંદ્ર જૈનજ્યોતિષ, તાજીકસાર, વૃદ્ધયવનજાતકનો એક અધ્યાય, જાતકાભરણ, જાતકાલંકાર, ભુવનદીપક, કરણકુતૂહલ, મુહૂર્તદીપક, વસંતરાજ શાકુનશાસ્ત્ર, હરિરત્ન શિષ્ય સામન્તકૃત તાજીકસાર-ટીકા, હરિભટ્ટનો તાજિકસાર, શીઘ્રબોધ, ગ્રહલાઘવ, ભુવનદીપક, વિવાહપટલ, જન્મપત્રિપદ્ધતિ આદિ ગ્રન્થો છે. સામુદ્રિકશાસ્ત્ર, સ્વરોદય આદિના ગ્રન્થો પણ છે.

ગુજરાતી કથાગ્રન્થોમાં, વ્યાસ ભૂદરશિષ્ય સ્તંભતીર્થના શિવદાસની લખેલી એકાદશીની કથાની સં. ૧૭૭૧ની પ્રતિ, દેવશીલની વેતાલપંચવીશી કથાની સં. ૧૬૪૩ની પ્રતિ, મુનિ નારાયણે સં. ૧૬૮૪માં રચેલી શ્રેણિક નૃપકથા, સંઘવિજયે સં. ૧૬૭૮માં રચેલી સિંઘાસણ બત્રીસી કથાની અનેક પ્રતો, ત્રવાડી અનંતસુત રાંકૈયાએ લગભગ સોળમા સૈકામાં રચેલ સુદામા ચરિત્રની સં. ૧૬૫૫માં લખેલી મહત્ત્વની પ્રત, ગુજરાતી ગદ્યાત્મક મલ્લિનાથ ચરિત્રની ઈ.સ.ના સોળમા સૈકામાં લખાએલી પ્રતિ, તેર કાઠિયાની કથા, સાગરદત્તની કથા, શકબહૂત્તરી કથાની સં. ૧૭૩૮માં લખાએલી પ્રતિ વગેરે છે.

સજ્ઝાયો (સ્વાધ્યાયો) નામથી ઓળખાતાં સ્તવનોના પ્રકારની ઘણી જુદી જુદી પ્રતિઓ છે. એ જ પ્રમાણે છંદો સ્તવનો છે, જેમાં જૈનસ્તવનો ઉપરાંત સરસ્વતીના, ભવાનીના, બ્રહ્માંડશક્તિના, જગદંબાના છંદો, નવગ્રહસ્તોત્ર, જૈન માણિભદ્રવીરનાં સ્તવનો, મતિસારનું નાગદમન, રાબડી સ્તવન, જૂના તપસીના શ્લોકો, હરિયાલી ગૂઢાર્થ, જગત શેઠનું સ્તવન, આદિ સ્તવનો છે.

પ્રકીર્ણ ગ્રન્થોમાં કેટલાક મહત્ત્વના ગુજરાતી ગ્રન્થો છે. કૃષ્ણજીના બારમાસા, છપ્પાઓના ગ્રન્થો, ભાષાભૂષણ, સભાભૂષણ રાગમાળા, જસુરામ ચારણની રાજનીતિ, ફલબત્રીસી, ટાકરપચીસી, કથલો ઉપરાંત વર્ણકના અગત્યના ગ્રન્થો જેવા કે જમણનું વર્ણન, સભાશૃંગાર આદિ આલંકારિક ગુજરાતી ગદ્યના નમૂના છે. જૂના સમયમાં આંક લખાતા તેના નમૂના છે. પંચાંગોના નમૂના છે, જૂના જ્યોતિષની સારણીઓના કોષ્ટકોના નમૂના છે, ધનેર જૈન કોષ્ટકોના નમૂના છે.

કેટલાક અગત્યના સુભાષિતસંગ્રહો છે, કેટલાક સંસ્કૃત-પ્રાકૃતમિશ્ર, કેટલાક માત્ર ગુજરાતીના સારા એવા સુભાષિતસંગ્રહો છે.

સ્તબકો–ટબાઓ ઈ. સ. ના સોળમા સત્તરમા સૈકાથી માંડીને આજ સુધીના અગત્યના ટબાઓ છે. પ્રાચીન બાલાવબોધો છે, જેમાંના કેટલાક ઉપર નોંધ્યા છે. સં. ૧૭૧૬માં લખાએલો ગૌતમપૃચ્છાનો ટબો, સં. ૧૭૧૫નો ભરતેશ્વરના આલાપોનો ટબો, સં. ૧૬૪૩નો ક્ષેત્રસમાસ પ્રકરણનો ટબો, અનુત્તરોપપાતિક સૂત્રની ટબા સાથેની ઈ. સ. ના સોળમા સૈકાની પ્રતિ તેમ જ સં. ૧૭૦૬ની ટબા સાથેની પ્રતિ, ગુજરાતી બાલાવબોધ સાથેની આવશ્યકસૂત્રની સં. ૧૬૪૩ની પ્રતિ, ઉત્તરાધ્યયન સૂત્રની પ્રાચીન બાલાવબોધ સાથેની ઈ. સ. ના સોળમા સૈકાની પ્રતિ, સં. ૧૬૩૪ની ટબા સાથેની કલ્પસૂત્રની પ્રતિ, આદિ નોંધપાત્ર છે.

કેટલાક ગ્રંથોની અંતિમ પુષ્પિકાઓમાં અગત્યની ઐતિહાસિક હકીકતો મળે છે. આમાં સૌથી વિશેષ મહત્ત્વની એક નોંધ અહીં શબ્દશઃ આપી છે— સં.૧૭૬૬માં રચાએલી ગુજરાતી ટબા સાથેની કલ્પસૂત્રની એક પ્રત ગામસ્યાણા મધ્યે મોતીવિજયે સં. ૧૯૧૪ (ઈ. સ. ૧૮૫૮)માં લખેલી મળી છે, જેની અન્તેની નોંધ આમ છે—"સં. ૧૯૧૪ રા જેઠ મહિના દેશમે રાજવિગ્રહ જાગ્યો. દલી આગરે નિ બજરિ સાચણિ કાલો લોક ફરંગીરી નોકર હતા. તે સર્વ હકાણે સાચાણી હતી તકો લૂટી સાહિબ રો ગોરો લોક ઘણો મારાંણો પછે શ્રીઆબુજી તથા વડગાંવરી સાચણી સૂની થઈ. દેશમે વિગ્રહ થયો. મંમોઈ સુરત મારવાડ સર્વ દેસરા વ્યાપારી ચલચિત્ત થયા. ફરંગીરો ગોરાં લોક એકવીસ હજાર મારાંણો સત્ય વાત છે."

ચોપાઈઓ તથા રાસમાં મતિસારની કર્પૂરમંજરી ચોપાઈ, હરિરાજની ઢોલામારૂ ચોપાઈ, સારંગની બિલ્હણપંચાશિકા ચોપાઈ, કુશલલાભની માધવાનલ કામકંદલા ચોપાઈ, હર્ષકુલની વસુદેવકુમાર ચોપાઈ, રવિમુનિની મુનિપતિઋષિરાજ ચોપાઈ, આણંદઉદયની વિદ્યાવિલાસ ચોપાઈ, નરપતિની વિક્રમાદિત્ય પંચદંડકથા, સુમતિહંસની વૈદર્ભી ચોપાઈ આદિ પ્રાચીન કૃતિઓ, ઋષભદાસનો અજ્જકુમારરાસ, શ્રીપતિનો આનંદશ્રાવકનો રાસ, જયવંતસૂરિનો ઋષિદત્તાનો રાસ, વિજયભદ્રનો કમલાવતીનો રાસ, કડવાશાહનો સં. ૧૬૧૬ માં રચેલો ઐતિહાસિક કાવ્યરૂપ કરમસિંહ ચૌહાણનો રાસ, પંદરમા સૈકામાં સોમદેવે રચેલો કામદેવશ્રાવક રાસ, શાલિભદ્રસૂરિએ વિ. સં. ૧૨૪૧ આસપાસ રચેલા પ્રાચીન બુદ્ધિ,

રાસની વિવિધ સમયની અનેક પ્રતિઓ, મતિશેખરનો મદનરેખા રાસ, આદિ બહુસંખ્ય કૃતિઓ તથા પ્રતિઓ છે.

સવૈયાઓમાં સં. ૧૫૩૨ માં રચાએલા સુંદર શેહના કવિત, જગજીવનના સં. ૧૭૦૧માં રચાએલ વણારસી-વિલાસ સવૈયા, તેમ જ ગોવિંદદાસનું નાગદમન જેની સં. ૧૭૬૬માં અંન્દરમાં લખાએલ પ્રતિ છે. હમીર કવિના સં. ૧૭૬૮ માં રચાએલા ગુણપિંગલપ્રકાશની પ્રતિ, કવિ સંકરદાસના સૌંદર્યલહરીકવિત્ત-સવૈયાની સૂરતમાં લખાયેલી પ્રતિ, સુંદરદાસનો સુંદરવિલાસ, બિહારીના સતસૈયાની પ્રતો, હરિસાગરની વૃંદપંચાસકા, મહારાન્ન રતનજી રી વચનિકા, રાઠોડ કલ્યાણમલ્લસુત પૃથ્વીરાજની કૃષ્ણરુકમણી રી વેલી (સં. ૧૬૩૮ માં રચાએલી)ની સં. ૧૭૦૮, સં. ૧૭૨૩ વગેરેમાં સંસ્કૃત ટીકા સહિત લખાએલી પ્રાચીન પ્રતો, મહારાજકુમાર ઇન્દ્રજિતના રસિકપ્રિયા કાવ્યની પ્રતો, પ્રબોધપચીસી, મદનમંજરી નામમાલા, કવીશ્વરની યોગપાવડી, રૂપદીપ, જસરાજ રાજનીતિ, જસરાજભાવની, કેશવદાસભાવની, કિરતારભાવની, નન્દદાસની અનેકાર્થમંજરી, કોકશાસ્ત્ર વગેરે પ્રાચીન વ્રજ, રાજસ્થાની હિન્દી કૃતિઓ આ સંગ્રહમાં છે. પંચાખ્યાન (હિતોપદેશ)ના હિન્દી રૂપાન્તરની એક કૃતિ પણ છે.

આ ગ્રન્થભંડારોમાં પ્રાચીન ગ્રન્થોને સાચવવાનાં કલામય પાટાઓ, દાબડાઓ, વેષ્ટનો આદિ રહેતાં. આવા પ્રાચીન દાબડાઓ, વેષ્ટનો, પાટાઓના નમૂના પણ આ સંગ્રહમાં છે. આમાંનાં કેટલાંક વેષ્ટનો અને પાટાઓનું કાપડ પ્રાચીન હોવાથી પ્રાચીન ભારતીય કાપડના અભ્યાસીઓને પણ આ સામગ્રી મહત્ત્વની છે. જૈન ચિત્રપટો, મંત્રપટો કપડા ઉપર તેમ જ કાપડ ઉપર ચિતરેલા પણ મળી આવે છે. આમાંના થોડાક ચિત્રપટો તથા એક જૂનું સચિત્ર વિજ્ઞપ્તિપત્ર પણ આ સંગ્રહમાં જોવાલાયક તેમ જ નોંધપાત્ર છે.



શ્રીમહેન્દ્રસૂરિદ્વારા નૈષધીય ચરિતનો સર્વપ્રથમ ઉલ્લેખ

ડૉ. અરુણોદય ન. જાની
એમ. એ., પીએચ. ડી.; કાવ્યતીર્થ.

નળ અને દમયન્તીનો વિવાહ અને તેઓની રતિક્રીડા પર્યન્તના જીવનનું આલેખન કરતા મહાકવિ શ્રીહર્ષના નૈષધીયચરિતનામના સંસ્કૃતના છેલ્લા છતાં અદ્વિતીય કાવ્યનો અભ્યાસ અને પ્રચાર ગુજરાતમાં તે કાવ્યની રચના પછી થોડા જ સમયમાં થવા લાગ્યાના અનેક પુરાવા ઉપલબ્ધ છે[1] તે પૈકી આજ સુધી અનુદ્દિષ્ટ પુરાવો એ છે કે કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચન્દ્રજીના શિષ્ય મહેન્દ્રસૂરિએ આચાર્યશ્રીના અવસાન બાદ થોડાજ સમયમાં આચાર્યશ્રીના અનેકાર્થસંગ્રહ નામના ગ્રન્થ ઉપર લખેલી અનેકાર્થકૈરવાકરકૌમુદી નામની પોતાની ટીકામાં અનેકવાર નૈષધીયચરિતમાંથી ઉદાહરણો ટાંકયા છે. તે નીચે પ્રમાણે છે:—

(૧) શાકો દ્વીપે નૃપે દ્રુમે (૨·૧૮)

[શાક શબ્દ દ્વીપ, રાજા અને વૃક્ષ એટલા અર્થોમાં વપરાય છે.]

ઉદાહરણ (અ) દ્વીપ એ અર્થમાં :—

नन्वत्र हव्य इति विश्रुतनाम्नि शाक–
द्वीपप्रशासिनि सुधीषु सुधीभवन्त्याः। नै. ११·३७

વિદ્વાનોમાં વિદ્વાન બનતી એવી તારા મનમાં શાક દ્વીપમાં રાજ્ય કરતા, 'હવ્ય' એવું જેનું નામ પ્રસિદ્ધ છે. એવા આ રાજા પ્રત્યે (પ્રેમ ઉત્પન્ન નથી થતો શું?)

(બ) વૃક્ષ એ અર્થમાં :—

शाकः शुकच्छदसमच्छविपत्रमाल–
भारी हरिष्यति तरुस्तव तत्र चित्तम्। नै. ११·३८

[ત્યાં (શાકદ્વીપમાં) પોપટની પાંખ જેવા પાંદડાઓના સમૂહને ધારણ કરનાર શાકવૃક્ષ તારા ચિત્તનું હરણ કરશે.]

(૨) क्रौञ्चो द्वीपे खगे गिरौ (૨·૫૬)

[ક્રૌંચ શબ્દ દ્વીપ, પક્ષી અને પર્વતના અર્થમાં વપરાય છે.]

ઉદાહરણ (અ) દ્વીપના અર્થમાં :—

द्वीपस्य पश्य दयितं द्युतिमन्तमेतं
क्रौञ्चस्य चञ्चलदृगञ्चलविभ्रमेण। નૈ. ૧૧·૪૯

[ચંચલ કટાક્ષોના વિલાસવડે ક્રૌંચદ્વીપના આ અધિપતિ દ્યુતિમાનને જો]

(બ) પર્વતના અર્થમાં :—

तत्राद्रिरस्ति भवदङ्घ्रिविहारयाची
क्रौञ्चः स्फुरिष्यति गुणानिव यस्त्वदीयान्। નૈ. ૧૧·૫૦

[ત્યાં (ક્રૌંચદ્વીપમાં) તારા ચરણોના વિહારની યાચના કરતો ક્રૌંચ નામનો પર્વત છે.]

(૩) मृत्स्ना मृत्सा तुवर्यपि (૨·૨૭૪)

[મૃત્સ્ના શબ્દ મૃત્સા = ઉત્તમ માટી અને તુવેર આ બે અર્થોમાં વપરાય છે] :—

ઉદાહરણ :—ઉત્તમ માટીના અર્થમાં :—

जाम्बूनदं जगति विश्रुतिमेति मृत्स्ना
कृत्स्नाऽपि सा तव रुचा विजितश्रि यस्याः। નૈ. ૧૧·૮૬

[જમ્બૂનદીની ઉત્તમ (ફળદ્રુપ) માટી જગતમાં સોના તરીકે જાણીતી છે. તે સમસ્ત માટીની કાન્તિ તારી કાન્તિથી જીતાઈ છે.]

---

૧ જુઓ : ડૉ. સાંડેસરા ભો. જે. : ગુજરાતમાં નૈષધીયચરિતનો પ્રચાર તથા તે ઉપર લખાએલી ટીકાઓ; નિબન્ધસંગ્રહ (સિંધી સ્મૃતિગ્રન્થ), મુંબઈ (૧૯૪૫) પૃ. ૨૧–૩૦.

(૪) जम्बूर्मेरुतरङ्गिण्यां द्वीपवृक्षविशेषयोः । (૨·૨૯૯)

[જમ્બૂ શબ્દનો અર્થ મેરુ પર્વતમાંથી નીકળતી નદી, દ્વીપ અને વૃક્ષ એ પ્રમાણે થાય છે.]

ઉદાહરણ (અ) :—નદીના અર્થમાં :—

तज्जाम्बवद्रवभवाऽस्य सुधाविधाम्बु-
र्जम्बुः सरिद्वहति सीमनि कम्बुकण्ठि ॥ નૈ. ૧૧·૮૬
उत्तरार्ध.

[તે જંબુઓના રસથી ઉત્પન્ન થયેલી, અમૃત તુલ્ય જળવાળી જંબુ નદી તે દ્વીપની સીમામાં વહે છે.]

(૫) गर्भः कुक्षौ शिशौ सन्धौ भ्रूणे पनसकण्टके ।
मध्येऽम्भावपवरके ॥ નૈ. ૨·૩૦૩

[ગર્ભ શબ્દ, કૂખ, નાનું બાળક, (નાટકમાં વપરાતી ગર્ભનામની) સન્ધિ, ગર્ભ, ફણસનો કાંટો, વચલો ભાગ અને મકાનનો અન્દરનો ભાગ એટલા અર્થોમાં વપરાય છે.]

ઉદાહરણઃ—શિશુ અને મધ્ય એ અર્થોમાં :—

अम्भोजगर्भरुचिराऽथ विदर्भसुभ्र
स्तं गर्भरूपमपि रूपजितत्रिलोकम् । નૈ. ૧૧·૮૦

[કમળના મધ્યભાગ જેવી સુન્દર દમયન્તીએ નાની ઉમરના છતાં રૂપથી ત્રણે લોકોને જીતનાર (તે મેઘાતિથિ રાજાને વૈરાગ્યથી કઠોર રીતે જોયો].

આ શ્લોકમાં પહેલા ગર્ભ શબ્દનો અર્થ મધ્યભાગ થાય છે અને બીજા ગર્ભરૂપ શબ્દ માટે अत्र हि प्रशस्तो गर्भो गर्भरूपम्–અહીં પ્રશસ્ત (સુંદર) ગર્ભ (યુવાવસ્થાના પ્રારમ્ભવાળો બાલક) એ અર્થમાં गर्भरूप શબ્દ વપરાયો છે—એ પ્રમાણે ટીકાકારે ખુલાસો કર્યો છે.

(૬) शिविर्भूर्जे नृपान्तरे (૨·૫૨૭)

[શિવિ શબ્દ ભૂર્જવૃક્ષ અને એ નામના રાજાના અર્થમાં વપરાય છે.]

तत्तद्विरागमुदितं शिविकाधरस्थाः
साक्षाद्विदुः स्म न मनागपि यानधुर्याः । નૈ. ૧૧·૧૨

[પાલખીની નીચે રહેલા પાલખી ઊંચકનારાઓ તે તે રાજા પ્રત્યેના દમયન્તીના વૈરાગ્યને (અણુગમાને) પ્રત્યક્ષ રીતે જરાપણ જાણી ન શકયા. (માત્ર તે તે રાજાના પડી ગયેલા મુખથી જ તે વસ્તુનું તેઓ અનુમાન કરતા હતા].

આ શ્લોકમાં શિવિ શબ્દના ઉપર આવેલા બે અર્થોથી ભિન્ન એવો ત્રીજો અર્થ આવ્યો છે. શિવિ શબ્દના ભૂર્જ અર્થ ઉપરથી એમ અનુમાન નીકળી શકે કે પાલખી બનાવવામાં ભૂર્જ વૃક્ષનું લાકડું—તે વજનમાં હલકું હોવાના કારણે–કદાચ વપરાતું હશે. આ અનુમાન સાચું હોય તો ભૂર્જ શબ્દ દ્વારા શિવિકા એ અર્થ આવી શકે.

(૭) ·····ऽभिजनः कुले ।
कुलध्वजे जन्मभूम्याम्····· ॥ ૪·૧૫૫

[અભિજન શબ્દ ઉચ્ચ કુળ, કુલધ્વજ અને જન્મભૂમિ એ અર્થમાં વપરાય છે.]

ઉદાહરણ :—જન્મભૂમિના અર્થમાં :—

तस्यार्चनां रचय तत्र मृगाङ्कमौले-
स्तन्मात्रदैवतजनाभिजनः स देशः । નૈ. ૧૧·૫૧

[હે દમયન્તિ ! ત્યાં (ક્રૌંચદ્વીપમાં) ચન્દ્રમૌલિ (શિવ)ની તું પૂજા કર. તે દેશ, જે લોકોનો શિવ જ એક માત્ર આરાધ્ય દેવ છે તેવા લોકોની જન્મભૂમિ છે.]

(૮)·····तनूरुहस्तु ।
पुत्रे गरुति लोम्नि च·····॥ ૪·૩૩૯ ॥

[तनूरुह શબ્દના અર્થ પુત્ર, પાંખ અને રૂવાંટી એ પ્રમાણે થાય છે.]

ઉદાહરણ :—પાંખના અર્થમાં :—

अधुनीत खगः स नैकधा
तनुमुत्फुल्लतनूरुहीकृताम् । નૈ. ૨·૨

તે પક્ષીએ (હંસે) જેમાં પાંખો ઊંચી કરી છે એવા પોતાના શરીરને અનેક વાર હલાવ્યું.

આ પ્રકારના ઉલ્લેખો ખૂબ જ અગત્યના છે. રાજશેખરસૂરિ વિરચિત પ્રબન્ધકોશાન્તર્ગત હરિહરકવિ પ્રબન્ધમાં શ્રીહર્ષના વંશમાં ઉત્પન્ન થયેલા હરિહર નામના કવિએ અમાત્ય વસ્તુપાલને નૈષધીયચરિતના શ્લોકો સંભળાવી પ્રભાવિત કરેલા અને મુગ્ધ બનેલા અમાત્ય વસ્તુપાલે હરિહર કવિ પાસેથી એક રાત માટે નૈષધીયચરિતની હસ્તપ્રત લઈ રાતોરાત તેની નકલ કરાવી લીધી એ પ્રમાણે ઉલ્લેખો છે. આ ઉલ્લેખો ઉપરથી ડૉ. સાંડેસરાએ અનુમાન કરેલું કે નૈષધીયચરિતને ગૂજરાતમાં સર્વપ્રથમ લાવવાનું માન હરિહર કવિને ફાળે જાય છે. પરન્તુ ઉપર નોંધેલા મહેન્દ્રસૂરિએ ટાંકેલા નૈષધીયચરિતના ઉદાહરણો સ્પષ્ટ બતાવી આપે છે કે

નૈષધીયચરિતનો પ્રચાર ગૂજરાતમાં હરિહર કવિના આગમન પૂર્વે જ થયો હતો. આ ઉલ્લેખો નૈષધીયચરિતકાવ્ય ગૂજરાતમાં કેટલું પ્રસિદ્ધ થયું હતું તેનો ઉત્તમ પુરાવો છે. એટલું જ નહિ પરન્તુ ગૂજરાતના વિદ્યાવ્યાસંગ અને ગૂજરાતમાં તે સમયે સંસ્કૃતનું કેટલું ઊંચું સ્થાન અને કેટલું ઊંડું અધ્યયન હતું તે પણ સૂચિત કરે છે. નૈષધીયચરિતની રચના પ્રબન્ધકોશ પ્રમાણે કનોજના રાજા જયચન્દ્રના આશ્રિત કવિ શ્રીહર્ષે કરેલી. આમ કનોજમાં રચાએલ નૈષધીયચરિતમાંથી તેના રચના કાળ પછી (૧૨ મી સદીના પૂર્વાર્ધનો અન્તભાગ) તરતજ હર્ષશ્રીના વૃદ્ધ સમકાલીન શ્રી હેમચન્દ્રાચાર્યના અવસાન બાદ થોડા જ સમયમાં એમના શિષ્ય મહેન્દ્રસૂરિદ્વારા રચાએલા ટીકાગ્રન્થમાં મળતા ઉલ્લેખો બતાવે છે કે નૈષધીયચરિતના રચના કાળને ભાગ્યેજ એ એક દાયકા વીત્યા હશે ત્યાં તો તે જમાનામાં તેનો ગૂજરાતમાં એટલો ઊંડો અભ્યાસ–ખાસ કરીને શ્રીહેમચન્દ્રાચાર્યજીના મંડળમાં–થયો હતો કે તે તે શબ્દોના જૂદા જૂદા અર્થોનાં ઉદાહરણમાં તેનો અનેકધા ઉલ્લેખ થયો છે.

આ હતી આપણી ગૂજરાતની વિદ્યાસમૃદ્ધિ અને આ હતું ગૂજરાતમાં સંસ્કૃતનું માન અને સ્થાન[૨].

૨ આ લેખમાં અનેકાર્થસઙ્ગ્રહના આપેલા ઉદાહરણો માટે જુઓ:–

Theodor Zachariae નામના જર્મન વિદ્વાને સંપાદિત કરેલ ગ્રન્થ 'Der Anekārthasamgraha des Hemacandra (with extracts from the commentary of Mahendra)' (Bombay, 1893) ના પૃષ્ઠો ૮, ૧૩, ૪૩, ૪૭, ૭૭, ૧૭૩, અને ૧૮૪.



મથુરા શિલ્પ

ચિત્રપરિચય

પૂ. મુનિ શ્રીયશોવિજયજી મહારાજ

ધાતુમૂર્તિ ચિપરિચયત્ર

આ ચિત્ર સત્તરમા સૈકાના અર્થાત્ ચારસો વરસ જૂના એક ધાતુશિલ્પનું છે. આ શિલ્પ એક જૈન મૂર્તિનું છે. મૂર્તિ ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની છે અને તે પંચધાતુની બનેલી છે.

આ ચિત્ર તેની એક અનોખી વિશેષતાના કારણે જ પ્રસિદ્ધિમાં મૂકયું છે. તે વિશેષતા એ છે કે ભગવાન પાર્શ્વનાથની મૂર્તિને હ્રીંકાર બીજમાં સ્થાપિત કરેલી બતાવી છે.

અલબત્ત પાષાણ, કાષ્ટ, ધાતુ, વસ્ત્ર, કે કાગળ ઉપર સાદા કે રંગીન પ્રકારનાં, આલેખનમાં તરેહતરેહનું વૈવિધ્ય ધરાવતા હ્રીંકારની અંદર, (વિશેષતયા) શ્રી પાર્શ્વનાથજીની મૂર્તમાં સ્થાપિત કરેલાં પ્રાચીન કાળનાં ચિત્રો ઘણાં જોવા મળે છે. અર્વાચીન કાળમાં પણ આવાં આલેખનો ચાલુ જ છે.

પરંતુ ધાતુશિલ્પમાં હ્રીંકાર સહિત મૂર્તિશિલ્પનું સર્જન મારી નજરે પ્રથમ જ ચડયું છે.* વળી, બીજી વિશેષતા એ છે કે હ્રીંકારને ખોદીને ન બનાવતાં ઉપસાવીને (એમ્બોસ) બતાવવામાં આવ્યો છે.

હ્રીંકાર બીજ એ મન્ત્રશાસ્ત્રના અનેક બીજોમાં સાર્વભૌમચક્રવર્તીની જેમ સર્વોચ્ચ ને શિરોમણિ સ્થાન ભોગવતું બીજ છે. જૈન-અજૈન મન્ત્રગ્રંથોમાં આની માયાબીજ તરીકેની પ્રસિદ્ધિ ખ્યાતનામા છે. એમ છતાં કાર્ય ને સંપ્રદાયભેદે આને અન્ય વિશેષણોથી+પણ ઓળખાવ્યું છે.

ગૂઢ અને ગંભીર રહસ્યોથી પૂર્ણ વરિવસ્યારહસ્ય નામના મન્ત્રશાસ્ત્ર ગ્રંથમાં મંત્રશાસ્ત્રની બે શાખાઓનું સૂચન કર્યું છે. તેમાં એક શાખા કાદિ મતની અને બીજી શાખા હાદિ મતની જણાવી છે. જો એ સૂચન કદાચિત્ મન્ત્રબીજોના ઉપયોગને અનુલક્ષીને હોય, તો જૈનતંત્ર હાદિ મત પ્રધાન એમ સૂચવી શકાય. 'હ' વર્ણ મહાપ્રાણસંજ્ઞક છે, અને આપણે ત્યાં હકારપ્રધાન મન્ત્રબીજોનો ઉપયોગ સહુથી વધુ પ્રમાણમાં થયો છે. આપણા અંજનશલાકા-પ્રતિષ્ઠાવિધાન, તથા શાન્તિક અને પૌષ્ટિક આદિ ધર્માનુષ્ઠાનોમાં વ્યાપક રીતે તેનું સ્થાન છે. આ મૂર્તિમાં પણ શિલ્પીએ હ્રીંબીજને ચતુરાઈ ને સુમેળપૂર્વક ઉપસાવી એવું મેળવી દીધું છે કે પ્રથમદૃષ્ટિએ તો ખ્યાલ પણ ન જાય.

છસો વરસથી હ્રીંકારનું આલેખન ભિન્નભિન્ન× પ્રકારે થતું આવ્યું છે. આ શિલ્પમાં સહુથી વધુ જે પ્રકાર પ્રચલિત છે તે આપ્યો છે. આ મૂર્તિ ચારસો વર્ષ જૂની હોવાથી આ પ્રકારનો ધાતુશિલ્પમાં પણ આદર થયો છે.

આ હ્રીંકારમાં લગભગ ત્રણસો વર્ષથી ભૂલાઈ ગયેલા નાદ બીજનું ચિહ્ન દર્શાવ્યું નથી; એટલે ऋषिमंडलस्तोत्रમાં આવતા 'बहुधा नादमालितः' પાઠની ચરિતાર્થતા અહીં સ્પષ્ટ જોવા મળે છે.

મૂર્તિપરિચય

મૂર્તિ ઉપર સાત ફણા છે અને છેક નીચે ગાદીના અંતિમ ભાગ ઉપર સર્પલંછનાકૃતિ બતાવી છે. મૂર્તિને ઘણો ઘસારો પહોંચ્યો છે. મોઢું ને પગના ભાગો તો સાવ જ ઘસાઈ ગયા છે. મૂર્તિ ઉપર છત્ર છે. મૂર્તિની બન્ને બાજુએ બે ત્રિછત્રધારક વ્યક્તિઓ વિનયભાવપૂર્વક હાથ જોડીને વંદન કરી રહી છે.

શિલાલેખ

મૂર્તિની પાછળનો શિલાલેખ નીચે મુજબ છે :—

"संवत १६१६ वर्षे ज्येष्ठ सुदि १२ बुधे स्तंभतीर्थे उपकेशवंशे सो. सहिजू सो. लखमसीः, श्री पार्श्वनाथ बिंब[बं]कारापितं। श्री वृद्धतपापक्षे भ. श्री कल्याणरत्नसूरिभिः प्रतिष्ठितं ॥ श्रेयोर्थं ॥ छः

મૂર્તિની સલામતી ખાતર તેનું માપ અને મૂર્તિસ્થળનું સૂચન મુલતવી રાખું છું.

---

* જૈનમૂર્તિશિલ્પોમાં, કારણ ગમે તે હોય પણ વૈવિધ્યનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

+ આની જૈન મંત્રશાસ્ત્રોમાં ત્રૈલોક્ય અને જિનરાજ વગેરે સંજ્ઞાઓ પણ છે.

× હ્રીંકારનાં આલેખનો ભિન્નભિન્ન રીતિએ થયાં છે અને હાલમાં પણ થાય છે.

પાષાણ શિલ્પ સ્તૂપનો પરિચય

આ સ્તૂપપ્રકારના શિલ્પો * મુંબઈના એક જૈન દેરાસરના ચોકમાં છે. તે કાળમીંઢ જાતના, ભૂખરા જેવા રંગના એક પ્રકારના મજબૂત પથ્થરના છે. પથ્થરની જાડાઈ આશરે ત્રણ ઇંચની છે. શિલ્પ નં. ૧ માં ઊંચાઈ ૩ ફુટ ૧૦ ઇંચ અને પહોળાઈ ૧ ફુટ ૪ ઇંચની છે. શિલ્પ નં. ૨ માં ઊંચાઈ ૪ ફુટ અને પહોળાઈ ૧ ફુટ ૩½ ઇંચની છે. દરેકમાં બબ્બે ચિત્રતકતીઓ કોતરેલી છે; અને એમાં દેવવંદન–પૂજન અને ધર્મકથા-શ્રવણને લગતા પ્રસંગો ઉપસાવી કાઢેલા છે. બન્ને શિલ્પો ઉપર સુવિસ્તૃત લેખો કોતરેલા છે.

પરંતુ દુઃખ અને ખેદની વાત એ છે કે આપણા સુજ્ઞ કાર્યકર્તાઓને મન પણ આવા પ્રાચીન અવશેષો કે સામગ્રીનું મૂલ્ય જોઈએ તેવું તેમના હૈયે વસ્યું ન હોવાથી અથવા અન્ય ગેરસમજો અને વહેમાદિકના કારણે–ઉપયોગી અને મૂલ્યવાન સામગ્રીને પણ અનુકૂળ સ્થળે સાચવી રાખવા જેટલો ખ્યાલ પણ તેમને આવતો નથી. પરિણામે અવશેષોનો વિધ્વંસ અને લેખોનો વિનાશ થાય છે. આ શિલ્પોની પણ એ જ દશા થઈ છે. શિલ્પ અને લેખ ખંડિત થયાં છે, એમાં ખાસ કરીને એક લેખ તો ઘસારાનો ઠીક ઠીક ભોગ બન્યો છે.

શિલ્પ નં. ૧ નો પરિચય :—

આ સ્તૂપના ટોચના કેન્દ્રભાગમાં પુષ્પમાળથી યુક્ત, ગ્રાસમુખ બતાવીને બન્ને બાજુએ ભારતીય સંસ્કૃતિ અને કલાના પ્રતીક સમા કમળદંડોથી કમાનાકાર બતાવ્યો છે. કમાન વચ્ચે શિખરાનુકરણ કરતો ઘાટ બતાવ્યો છે, અને ત્યારપછી બે ચિત્રાકૃતિઓની તકતીઓ છે.

પહેલી તકતીમાં જિન-તીર્થંકરનું દર્શન, વંદન, પૂજનના પ્રસંગો કંડારેલા છે. વચ્ચોવચ્ચ અર્ધપદ્માસનસ્થિત જૈન પ્રતિમા છે. તેને પાષાણના ઉચ્ચાસન ઉપર બેસાડેલી છે. છત્રત્રયયુક્ત છે. બન્ને બાજુએ ચામરધારી ઇન્દ્રો છે. જમણી અને ડાબી બાજુએ ઉપાસકો છે. તેમાં ડાબી બાજુએ એક ઉપાસિકા બેસીને, હાથ જોડીને વંદન કરતી બતાવી છે; જમણી બાજુએ એક ઉપાસક પુષ્પોના ગજરા લઈને ઉભેલો બતાવ્યો છે.

બીજી તકતીમાં વચ્ચોવચ્ચ, આંતરરાષ્ટ્રીય આદર પામેલું અને ખાસ કરીને ભારતીય સંસ્કૃતિનું પુરાણકાળ-પ્રસિદ્ધ શ્રુતાસન (ચાપડો) કે શાસ્ત્ર-પુસ્તકાસન બતાવ્યું છે. એની ઉપર શાસ્ત્રો પધરાવેલાં દેખાય છે. આપણી જમણી બાજુએ એક શ્રમણ-જૈની ડાબી કાખમાં જૈન શ્રમણના પ્રતીકરૂપ ગણાતું અહિંસક રજોહરણ (ઓઘો) છે. તેઓ પગ ઉપર પગ રાખીને બેઠા છે, તેમનો એક હાથ ટેકેલો છે અને જમણો હાથ ઊંચો કરીને જમણી બાજુએ બે હાથ જોડીને બેઠેલી શ્રમણોપાસિકાને ઉપદેશ આપી રહ્યા દેખાય છે.

બન્ને તકતી વચ્ચેની પટ્ટી અને ચારેય બાજુની ફરતી જગ્યામાં લેખ કંડારેલો છે.

શિલ્પ નં. ૨ નો પરિચય

આ સ્તૂપનો ઉપરનો ભાગ ખંડિત છે. વિદ્યમાન ભાગને વેલપત્તીથી કંડાર્યો છે. પ્રથમ સ્તૂપની જેમ આમાં પણ બે તકતીઓ છે : એક મોટી અને એક નાની. ઉપરની મોટી તકતીમાં અર્ધપદ્માસનાલંકૃત સિંહાસનસ્થ જિનમૂર્તિ છે, જે ખંડિતા છે. બન્ને બાજુએ ચામરધારી દેવ-દેવી ઊભા છે.

નીચેની તકતીમાં પટ્ટસ્થિત જૈન શ્રમણ-સાધુ પગ ઉપર પગ ટેકવીને, એક હાથને ટેકાવીને બેઠા છે. જમણો હાથ પ્રવચનમુદ્રાનું આંશિક અનુકરણ કરતો બતાવ્યો છે. તેઓશ્રીની સામે હાથ જોડીને બેઠેલી શ્રમણોપાસિકા-શ્રાવિકાને તેઓ ઉપદેશ આપી રહ્યા છે. બન્ને વચ્ચે શ્રુતાસન ચાપડાનું * વ્યવધાન છે, જેના ઉપર શ્રુત પધરાવેલું છે.

---

* આ શિલ્પોનું પ્રથમ ધ્યાન મુંબઈ વિકટોરીઆ મ્યુઝિયમના કયૂરેટર અને મારા ધર્મસ્નેહી મિત્ર ડૉ. શ્રી શાંતિલાલ ઉપાધ્યાયે ખેંચ્યું હતું.

* સામાન્ય માણસો 'ચાપડો' બોલવાને બદલે અપભ્રંશ કરી 'સાપડો' બોલે છે.

પુષ્પ અને પરાગ

ભગવાન મહાવીરના જીવનના કેટલાક પ્રસંગો

શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

: ૧ :

સૌરભ બિચારી શું કરે ?

માતા ત્રિશલા અને પિતા સિદ્ધાર્થ સ્વર્ગે સંચર્યાં.

વીર વર્ધમાનનો માતા-પિતા જીવતાં હોય ત્યાં સુધી ગૃહત્યાગ નહીં કરવાનો નિયમ પૂરો થયો. સંસારત્યાગને માટે વર્ધમાનનું મન તાલાવેલી અનુભવી રહ્યું.

પણ મોટા ભાઈ નંદીષેણનું હેત વચમાં આવ્યું, અને મહાવીર બે વર્ષ ઘરમાં વધુ રોકાવાને કબૂલ થયા. માતાપિતાનાં હેત જાળવ્યાં તો ભાઈનાં હેત કંઈ ઓછાં હતાં કે એને ઉવેખી શકાય ?

વિશ્વવત્સલ બનનાર કુટુંબવત્સલ બનવાનું કેમ ચૂકે ?

પણ એ બે વર્ષનો ઘરવાસ તો કેવળ જળકમળની ક્રીડા જ બની રહ્યો : ઘરમાં રહે છતાં સદા ત્યાગી ને ત્યાગી ! ખાનપાન પણ એવાં જ રસ-કસ વગરનાં લેવા લાગ્યા—જાણે ઘરને ઉગ્ર અને દીર્ઘ તપસ્વી જીવનની શાળા જ બનાવી જાણ્યું.

એ બે વર્ષની અવધિ પણ પૂરી થઈ.

પોતાનું ગણાય એવું ધન, ધાન્ય, રૂપ્ય, સુવર્ણ, હીરા, માણેક, રથ, અશ્વ, હાથી વગેરે બધું હસતે મોંએ, હોંશે હોંશે એક વર્ષ લગી દાનમાં અપાઈ ગયું.

વર્ધમાનનું વાર્ષિકદાન અમર બની ગયું.

હવે તો દીક્ષાનો દિવસ આવી પહોંચ્યો.

સ્વજનો સહુ ભેગાં મળ્યાં.

અંગ ઉપર સુગંધી દ્રવ્યો—ચંદન આદિ—નાં ઘેરાં ઘેરાં વિલેપન થયાં. મહામૂલાં સુગંધી દ્રવ્યોથી સુવાસિક જળના અભિષેક થયા.

ચારેકોર સૌરભ સૌરભ મહેકી રહી.

કાયા તો જાણે મનોહારી સુગંધનો પુંજ બની ગઈ.

આત્માની સૌરભના જાણે એ મંગળ એંધાણ હતાં !

વીરવર્ધમાને અલિપ્ત ભાવે, કાયાની માયા વિસારીને, સ્વજનોને સંતુષ્ટ થવા દીધા.

દીક્ષાયાત્રા નીકળી અને ઉદ્યાનમાં આવી પહોંચી. મહાવીરે સર્વ વસ્ત્ર અને આભૂષણોનો ત્યાગ કર્યો. અને સંયમીનું જીવનવ્રત સ્વીકારીને એ ચાલી નીકળ્યા.

સ્વજનો કોઈ સાથે ન આવી શક્યા—સૌ આંસુભીની આંખે એ યોગીની વસમી વિદાયને વધાવી રહ્યા.

વસ્ત્ર, આભૂષણો અને સ્વજનો બધાંય પાછળ રહી ગયાં, પણ શરીરને વળગેલ વિલેપન અને અંતિમ અભિષેકની સૌરભ બિચારી કેવી રીતે છૂટી પડી શકે ?

એ સાથે આવી અને ભગવાનને માટે આફત નોતરતી આવી : ચારચાર મહિનાઓ લગી એ ભભક ભરી સૌરભના પ્રેર્યા ભમરાઓ અને બીજાં જંતુઓ ભગવાનની કાયાને ડંખતા રહ્યાં !

અને આવી ઊંચી સુગંધના ધારક સ્વામીને જોઈને યૌવનમાં મદમાતાં નરનારી ભગવાનને કંઈ કંઈ પરેશાનીઓ અને પૃચ્છાઓ કરવા લાગ્યાં !

પણ એમાં બિચારી સૌરભ શું કરે ?

પ્રભુ તો એ બધા પ્રત્યે સાવ ઉદાસીન હતા.

એમને મન તો કાયાની સૌરભે નોતરેલ આ કષ્ટો આત્માની સૌરભને પ્રગટાવવાનાં અમોઘ સાધન બની ગયાં !

: ૨ :

વાદળનો અમર રંગ !

ભગવાનનો તેવીસમો પૂર્વભવ પ્રિયમિત્ર ચક્રવર્તીનો.

ચક્રવર્તીના ભોગ-વિલાસની સામગ્રીનો કોઈ પાર ન હતો; અને ભોગ-વિલાસની વાસના તો જાણે હુતાશનની જેમ ભડકે બળતી હતી—જેટલું ભોગવો એટલું સ્વાહા, અને છતાં સંતપ્ત અને સંતપ્ત જ !

પણ વખત આવ્યે માનવીને વૈભવ-વિલાસનો અને વાસનાનો થાક લાગવા માંડે છે; અને ત્યારે જાણે માનવીનું મન પલટો લેવા માંડે છે.

ચક્રવર્તી પણ કંઈક એવા જ દિવસો અનુભવતા હતા: ભોગ ભોગવે છતાં વાસના તો સદાય ભૂખીને ભૂખી જ !

ચક્રવર્તી એક દિવસ પોતાના મહેલની અગાસીમાં ફરી રહ્યા હતા. સામે નજર કરી તો આકાશમાં શી શોભા રચાઈ રહી લાગી !

આકાશનો દેવ જાણે રંગ-બેરંગી વાદળોના રૂપકડા વાઘા સજીને જોનારની આંખોને હરી રહ્યો છે. એના આકારો પણ જાણે એવા કે એક જુઓ અને એક ભૂલો !

ચક્રવર્તી તો જોઈ જ રહ્યા : વાહ રે વાદળ દેવ !

પણ અરે, આ શું ? પળવારમાં જ બધું હતું ન હતું બની ગયું : રંગ રંગને ઠેકાણે અને આકાર આકારને ઠેકાણે—જાણે આંખના પલકારામાં આખો ખેલ અલોપ થઈ ગયો.

ચક્રવર્તી સમજી ગયા : અરે, આ તો વાદળનો નહીં, પણ વૈભવવિલાસનો રંગ-કુરંગ-અરંગ મેં જોયો.

ચક્રવર્તીનું મન તે દિવસથી વિલાસથી પાછું વળી ગયું.

એ ત્યાગની પરાકાષ્ઠા ભગવાન મહાવીરે કરી બતાવી. તે દિવસે વાદળનો પળજીવી રંગ અમર બની ગયો !

: ૩ :

કષ્ટ સહનનો પ્રતાપ

શૂલપાણિ યક્ષનું નામ તો અસ્થિકગ્રામમાં ભયનું પ્રતીક બની ગયું હતું : એના નામથી તો ભલભલાનાં હાજાં ગગડી જતાં.

મહાવીર અસ્થિક ગ્રામમાં ગયા, અને એમણે બધી વાત જાણી.

જૂના કાળમાં કોઈ એક વણિક એ પ્રદેશમાંથી પસાર થતો હતો. એમાં એનો એક બળદ ગળિયો બની ગયો. એણે એની સારવાર માટે પૈસા આપીને એ બળદને ગામ લોકોને સોંપ્યો.

પણ લોભિયા ગામલોકોએ એ પૈસા તો લઈ લીધા, પણ બિચારા બળદની કશી સારવાર ન લીધી. બળદ બા પડો છેવટે ભૂખ્યો તરસ્યો રિબાઈ રિબાઈને મરી ગયો; અને મરીને શૂલપાણિ નામે વ્યંતર થયો.

એણે તો ગામલોકો પાસેથી જાણે વ્યાજ સાથે વેર વસૂલ કરવા માંડયું. ગામલોકોનો સોથ બોલાવી દીધો ! અને ત્યાં હાડકાં-અસ્થિ-ના ગંજના ગંજ ખડકાઈ ગયા. ત્યારથી એ ગામ વર્ધમાનના બદલે અસ્થિક ગ્રામ નામે ઓળખાવા લાગ્યું.

છેવટે ગામલોકોએ એ વ્યંતરને રીઝવ્યો અને એનું મંદિર ચણાવીને એમાં એની સ્થાપના કરી. એની પૂજા રોજ થવા લાગી. લોકો તો એમ પણ કહેતા કે એ મંદિરમાં કોઈ રાત રહી શકતું નથી; રહેવાની જીદ કરે તો એ હેરાન હેરાન થઈ જાય છે.

મહાવીરને થયું : આ વાત સાચી હોય તો આવા આત્માનો ઉદ્ધાર કરવો ઘટે—ભલે એમ કરવા જતાં ગમે તેટલાં કષ્ટ વેઠવાં પડે !

મહાવીર તો રાત એ મંદિરમાં જ રહ્યા. પણ પેલા યક્ષે એમને રાતભર કંઈ દુઃખ આપ્યાં, કંઈ દુઃખ આપ્યાં કે એનું વર્ણન સાંભળીનેય મન થરથરી જાય !

પણ મહાવીર તો સમભાવપૂર્વક બધું સહન કરવાનો નિશ્ચય કરીને જ ત્યાં રાત રહ્યા હતા. એમને મન તો જાણે કષ્ટોની વર્ષા અમૃત વર્ષા સમી બની જતી !

યક્ષ બિચારો કષ્ટ આપી આપીને થાક્યો; હવે તો જાણે એની કષ્ટ આપવાની બધી શક્તિ ખલાસ થઈ ગઈ !

યક્ષના અંતરમાં અન્યને કષ્ટ આપવાની વૃત્તિનું બધું ઝેર જાણે ભગવાને હસતે મુખે, સમભાવપૂર્વક, એ મહા-કષ્ટો સહન કરીને ઉતારી લીધું—પેલા ચંડકોશિયા નાગની જેમ આ યક્ષને પણ પ્રભુએ સાવ નિર્વિષ બનાવી દીધો, દાસ બનાવી દીધો !

પ્રાતઃકાળે ઊગતા સૂર્યની સાક્ષીએ અસ્થિકગ્રામ પ્રભુના આ પ્રભાવને અભિવંદી રહ્યું.

: ૪ :

સૌને માટે કરુણા

ભગવાનને દીક્ષા લીધાને બીજું વર્ષ ચાલતું હતું.

પ્રભુ બીજું ચતુર્માસ નાલંદમાં રહ્યા હતા; તાપસ ગોશાલક પણ ત્યાં જ ચતુર્માસ રહેલ. પ્રભુના સંસર્ગથી એનું મન પ્રભુની સાથે રહેવા લલચાયું, અને એ પ્રભુનો સાથી બની ગયો.

ગોશાલક પણ સંયમી તરીકેનું જીવન જીવતો; પણ ક્યારેક એને કોઈકની મશ્કરી કરવાનું મન થઈ આવતું.

ભગવાનની સાથે રહેતાં ગોશાલકને પાંચેક વર્ષ વીતી ગયાં.

એકવાર ગોશાલક અને ભગવાન કૂર્મ ગ્રામે જઈ પહોંચ્યા. ત્યાં વૈશિકાયન નામના તપાસને ઉગ્ર તપસ્યા કરવા છતાં જટા વધારીને તાપને કારણે બહાર પડી જતી જૂઓને ફરી પાછી જટામાં મૂકતો, અને એ રીતે એમની અહિંસા કરવામાં કાળક્ષેપ કરતો જોઈને

ગોશાલકને હસવું આવ્યું. અને એણે એ તાપસનો ઉપહાસ કર્યો.

વૈશિકાયન ગમે તેવો તોય ઉગ્ર તાપસ હતો; અને એનો ગુસ્સો પણ કંઈ નાશ નહોતો પામ્યો.

એણે તો પોતાના તપના પ્રભાવથી ગોશાલકને ભસ્મસાત કરવા તેજોલેશ્યા છોડી—જાણે કામદેવને ભસ્મ કરવા મહાદેવનું ત્રીજું લોચન ઊઘડ્યું.

મામલો જીવ સટોસટનો બની ગયો : ગોશાલક ભસ્મ થયો કે થશે!

પણ કરુણાસાગર ભગવાનથી આવી હત્યા કેમ જોઈ જાય? એમણે સામે શીતલેશ્યાનો પ્રયોગ કરીને ગોશાળકને બચાવી લીધો.

ચંડકોશિક નામનો અને શૂલપાણિ યક્ષનો ઉદ્ધાર કરનાર ગોશાલકને બચાવ્યા વગર કેમ રહી શકે?

કરુણાસાગર!

: ૫ :

નહીં રસ, નહીં કસ, માત્ર દેહને દાણું!

ભગવાનને અણગાર બન્યાને દશ વર્ષ થઈ ગયાં હતાં, અને શ્રાવસ્તીમાં ચોમાસું કરીને પ્રભુ સાનુયષ્ટિક ગામે આવ્યા હતા. ત્યાં એમણે ભદ્રા નામની પ્રતિમાનું ઉગ્ર તપ આદર્યું.

ઉગ્ર તપશ્ચરણ અને આકરી પ્રક્રિયા સાથે એ તપ દસ દિવસ ચાલ્યું, અને ભગવાનને દસ દિવસના ઉપવાસ થયા.

તપની પૂર્ણાહુતિ થઈ અને ભગવાન પારણા માટે ભિક્ષા લેવા નીકળ્યા.

ભિક્ષા માટે પ્રભુ આનંદ નામના ગૃહસ્થને ત્યાં પહોંચ્યા.

પ્રભુએ જોયું કે બહુલાદાસીએ વાસી અન્ન કાઢી નાખ્યું હતું અને એ વાસણ સાફ કરતી હતી.

પ્રભુએ એ અન્ન આરોગીને પોતાના આકરા તપનું પારણું કર્યું અને દેહને દાણું આપ્યું,

ધન્ય, રસ-કસના વિજયી પ્રભુ, ધન્ય!

: ૬ :

ભક્તિ અને અભક્તિ

પૈસો જતો રહ્યો અને જિનદત્ત શેઠને લોકોએ જીર્ણ શેઠના નામે ઓળખવા માંડ્યા. અને બીજા એક અભિમાની શેઠને લોકોએ અભિનવ શેઠનું બિરુદ આપ્યું: દુનિયા દોરંગી તે આનું નામ!

એકવાર ભગવાન વૈશાલીમાં ચોમાસું રહ્યા ભગવાનના દર્શન કરીને જીર્ણશેઠ એમનો ભક્ત બની ગયો. એને થયું : ભગવાનને હું ભિક્ષા આપું તો કેવું સારું! પણ ભગવાને તો ચાર માસના ઉપવાસ કરેલા, એટલે જીર્ણશેઠની ભાવના તરત ન ફળી. એ ભક્તશ્રેષ્ઠી રોજ રોજ ભાવના કરતા રહ્યા. મન તો જાણે ભક્તિની પુષ્કરણીમાં નિમગ્ન બની ગયું!

ત્યાં ભગવાનના ઉપવાસનો છેલ્લો દિવસ આવી પહોંચ્યો. જીર્ણશેઠના હર્ષનો પાર ન રહ્યો. એને તો એમ કે ક્યારે વખત પાકે અને પ્રભુ મારે આંગણે પધારે! એ તો ભગવાનને ભિક્ષા માટે ભાવપૂર્વક વીનવી રહ્યા.

પારણાને દિવસે પ્રભુ ભિક્ષાએ નીકળ્યા. એમને તો નિર્દોષ ભિક્ષા જ જોઈએ.

પહેલું આવ્યું પેલા અભિમાની અભિનવ શ્રેષ્ઠીનું ઘર. પ્રભુને માન કે અપમાન સરખાં જ હતાં.

પ્રભુ એ ઘરમાં ભિક્ષા લેવા ગયા. પેલા શેઠે તો તિરસ્કારથી કહ્યું : "આને કંઈક આપીને વિદાય કરો!"

દાસીએ લાકડાની પાલીમાં અડદના બાકળા લાવીને ભગવાનને વહોરાવ્યા.

એ બાકળા આરોગીને પ્રભુએ પોતાની દીર્ઘ તપસ્યાનું પારણું કર્યું; અને ત્યાંથી પાછા ફરી ગયા.

અને બિચારા ભાવિક ભક્ત જીર્ણશેઠના મનના મનોરથો મનમાં જ રહી ગયા.

પણ ભગવાનના ગયા પછી જ્ઞાનગુરુઓએ લોકોને સમજાવ્યું કે અભિનવશ્રેષ્ઠીની ભિક્ષા સફળ ન થઈ; કેમ કે એમાં ભક્તિ નહતી; અને પેલા જીર્ણશેઠની ભિક્ષા વગર આપે ફળી; કેમકે ત્યાં ભક્તિ ભરી હતી.

સાંભળનાર નરનારી ભક્તિ—અભક્તિનો ભેદ સમજ્યાં અને કૃતાર્થ થયાં.

: ૭ :

મારાં માબાપ!

ભગવાન તો વીતરાગ!

પણ એ તો રાગ અને દ્વેષના ત્યાગી. અંતરના સાચાં હેત તો એમનેય ખપે.

એ તો વિશ્વવાત્સલ્યની મૂર્તિ!

એક વાર પ્રભુ બ્રાહ્મણકુંડ ગ્રામમાં આવ્યા જાણીને વૃદ્ધ ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણી દોડ્યાં દોડ્યાં એમના દર્શને આવ્યાં.

પ્રભુને જોઈ ને દેવાનંદાની આંખો આંસુ ભીની થઈ; અને વૃદ્ધાવસ્થામાં પણ એના સ્તનો દૂધથી ઊભરાવા લાગ્યાં.

ગૌતમે પૂછ્યું "ભગવાન! આ શું?"

ભગવાને કહ્યું: "ગૌતમ, આ તો મારાં સાચાં માતાપિતા!"

ગુરુ ગૌતમ પ્રભુની વાણીને વંદી રહ્યા.

: ૮ :

મારું કર્યું મેં ભોગવ્યું!

પ્રભુને દીક્ષા લીધાને બારમું વર્ષ ચાલતું હતું.

ભગવાન જંગલમાં ધ્યાનસ્થ ઊભા હતા. એક ગોવાળિયો પ્રભુ પાસે આવીને પોતાના બળદ સાચવવાનું કહીને ગામમાં ચાલતો થયો.

થોડીવારે પાછા આવીને એણે જોયું તો બળદ ત્યાં ન મળે.

બળદને ત્યાં નહીં જોઈ ને એણે ભગવાનને પૂછ્યું.

પણ ભગવાન તો મૌન ભાવે ધ્યાનસ્થ ખડા હતા. એ શું જવાબ આપે?

ગોવાળિયાને તો આથી એવો ક્રોધ વ્યાપ્યો કે "તારે તે કાન છે કે કોડિયાં?" એમ કહીને એણે એ શળો લઈ ને પ્રભુના કાનમાં ખોસી દીધી! અને રખેને કોઈ એ શળો ખેંચી કાઢે, એમ વિચારીને એ શળોના બહારના ભાગ કાપી નાખ્યા!

પ્રભુ તો અચલજ રહ્યા: ન ઊંહ કે ન આહ!

જેમણે પ્રભુના આ કષ્ટને જાણ્યું એમણે એવું કષ્ટ આપનારની નિંદા કરવા માંડી.

પ્રભુએ આ અપાર કષ્ટનો ભેદ સમજાવતાં કહ્યું: "સૌને પોતાનાં કર્યાં ભોગવવાં પડે છે; આમાં મેં મારું કર્યું જ ભોગવ્યું છે! એમાં એ બિચારા ગોવાળિયાનો શો દોષ?"

વાતનો ભેદ વધારે સમજાવતાં પ્રભુ બોલ્યા; ત્રિપૃષ્ઠ વાસુદેવના મારા અઢારમા પૂર્વ ભવમાં મેં ભાન ભૂલીને શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસુ રેડાવ્યું હતું, એનો જ આ વિપાક"

પ્રભુનો સૌને માટે સમાન ન્યાય અને નિયમ જાણીને લોકો પ્રભુમહિમાને વધુ પિછાનવા લાગ્યા.

: ૯ :

જ્ઞાની ગૃહસ્થની પણ પ્રશંસા

ભગવાનને અણગાર બન્યાને ચોવીસમું ચોમાસું ચાલતું રહ્યું.

એકવાર પ્રભુ કાંપિલ્ય નગરીમાં ગયા. ત્યાં એમની પાસે કુંડકોલિક નામના શ્રીમંતે પ્રભુ પાસે ગૃહસ્થધર્મની દીક્ષા લીધી.

આ ગૃહસ્થને આજીવક સંપ્રદાયના અનુયાયી સાથે ચર્ચા થયેલી અને એણે એ ચર્ચામાં પોતાના જ્ઞાનથી એમને નિરુત્તર કર્યા હતા.

ભગવાને કુંડકોલિકના જ્ઞાનની પ્રશંસા કરી અને પોતાનાં સાધુ–સાધ્વીઓને એ પ્રસંગ કહી બતાવીને પ્રભુએ કહ્યું: "જ્યારે આવા ઘરમાં રહેનારા ગૃહસ્થો અર્થ હેતુ અને પ્રશ્નોદ્વારા અન્ય તીર્થિકોને નિરુત્તર કરી શકે છે, તો દ્વાદશાંગ ગણિપિટકને ભણનારા તમે તો જરૂર કરી શકો જ."

પ્રભુની વાણીનો મર્મ શ્રમણો સમજ્યા અને જ્ઞાનધ્યાનમાં વધુ દત્તચિત્ત બન્યા.

ધન્ય પ્રભુની ગુણગ્રાહકતા.

WITH THE COMPLIMENTS

of

SHAPARIA DOCK & STEEL Co.

Private Ltd.

★

Sewree Fort Road, Sewree

BOMBAY 15

Telephone No. 60071-72

W O R L D ' S B E S T

TALC POWDER

Imported by

Maxfactors, Johnson & Johnson, Colegate Palmolive
Warner Hundnuts, Etc. All over the world

★

Locally consumed by all the Textile, Paper &
Rubber Mills and sundry consumers

★

Manufactured by

The Jaipur Mineral Development Syndicate Private Ltd.
The Udaipur Mineral Development Syndicate Private Ltd.
The Associated Soapstone Distributing Co. Private Ltd.

JAIPUR (Rajasthan)
(Distributors all over the world)

Always Remember

"ASHA FABRICS"

&

'USHA PRINTS'

FOR THE NEWEST AND THE BEST

IN

NYLONS, GEORGETTES, CREPES, SATINS
& OTHER VARIETIES

Contact For Your Requirements :

ASHA SILK MILLS PRIVATE Ltd.

AGRA ROAD, VIKHROLI, BOMBAY 40

With The Compliments of

JIVRAJ & VRAJLAL

Pipes, Fittings and Hardware Merchants

★

122, Nagdevi Street

BOMBAY 3

★

Phone 30138

Grams : 'SANIPIPES'

श्रमण भगवान् श्रीमहावीर*

श्री ऋषभदास जैन

जन्म कल्याणक महोत्सव केवल भारतवर्ष के लिये ही नहीं; मानव समाज के लिये ही नहीं; परन्तु अखिल विश्व के प्राणी-मात्र के लिये गौरवान्वित, परम कल्याणकारी, मांगलिक एवं पवित्र है। लगभग २५०० वर्ष पूर्व एक ऐसी महान् विभूति का जन्म हुआ था कि जिसने विचार-वाणी और वर्तन से विश्व के प्राणी-मात्र के कल्याण के लिये ही अपनी अमूल्य जीवन-यात्रा सफल बनाई थी। वैसे तो कथनी और करनी में आकाश-पाताल का अन्तर है और प्रत्येक युग में कथनी के उपासक करोड़ों की संख्या में उपलब्ध होते हैं, परंतु करनी के घर तक पहुँचनेवाला कोई विरला ही व्यक्ति युग-युगांतरों में पाया जाता है। यही कारण है कि इस वसुन्धरा पर हरेक शताब्दी में संख्या-बद्ध मानव कीटों की उत्पत्ति और लय होते रहते हैं। किन्तु इतिहास की विराट भूमि में उनके नामोनिशान तक नहीं पाये जाते।

इसलिये हजारों वर्ष पूर्व अस्तित्व में होनेवाली एक आदर्श विभूति को आज हमें अपने जीवन के अवलम्बन के लिये, अभ्युदय के लिये और अभ्युत्थान के लिये याद करना अनिवार्य है। हमारे आज के समारोह और महोत्सव के चरित्र-नायक, स्वनामधन्य, सर्व-सत्त्वक्षेमंकर, सिद्धार्थ महीपति के कुमार **श्री वर्धमान महावीर** हैं, जो वास्तव में ही प्राणी-मात्र के लिये पूजनीय और परमोपकारी महापुरुष थे। उनके शांतिमय साम्राज्य को अक्षुण्ण धाराप्रवाही बनानेवाले पारमार्थिक सिद्धांत को अमल में रखना कोई साधारण बात नहीं थी; इसलिये स्वार्थ-परायण प्रजा उनके सिद्धान्तों का परिपूर्ण पालन करने में जैसे-जैसे शिथिल बनती गई वैसे वैसे उन महान् सिद्धान्तोपासकों की संख्या करोड़ों से कम होती हुई लाखों की सीमा तक पहुँच गई। और बहुमति लघुमति की दृष्टि से वह एक संप्रदाय के नाम से संबोधित होने लगी। दर-असल देखा जाय तो उनके सिद्धान्त सांप्रदायिक नहीं थे परन्तु सर्वश्रेय के लिये सार्वभौमिक थे। भले ही लोग आज उन्हें एक धार्मिक संप्रदाय के प्रवर्तक मानें परन्तु इतिहास और विज्ञान तो आज भी उनको विश्वकल्याण-कारक—विश्व गुरु के स्थान पर अधिष्ठित रखते हैं। क्योंकि चाहे आज या कल जब कभी भी संसार सुख-शांति के समीप पहुँचना चाहेगा तब उसे उन्हीं के पवित्र सिद्धान्तों का हार्दिक स्वागत करना पड़ेगा। तथा दूसरे जितने भी प्रयत्न हैं वे सारे निष्फल और निरर्थक बनेंगे। भले ही उसमें हमें किंपाक वृक्ष के विष-फल समान क्षणिक शांति का अनुभव होता हो किंतु वह केवल मृगतृष्णा है। और बिच्छू को द्वार बाहर करने के प्रयत्न में भयंकर सर्प का प्रवेश कराना है।

आज आधुनिक जगत के महान् विचारक लोग महात्मा गान्धी, डॉ. टागोर और बर्नार्डशॉ आदि को इसी निर्णय पर आना पड़ा है और कहना पड़ा है कि, सत्ता का नाश सत्ता से हो जाता है अर्थात् सत्ता से शांति नहीं परन्तु समता से शांति मिलती है। समता का अर्थ है—वासनाओं से विरक्त होना, कषायों से विमुक्त होना और विषयों से विमुख होना। इसी समता को प्रभु महावीर ने अपनी परिभाषा में सामायिक कहा है। तथा उद्घोषणा पूर्वक उन्होंने बतला दिया था कि सामायिक से ही सर्वत्र सुख और शांति शाश्वत रूप से निर्माण हो सकती है। अपने आज के राष्ट्र-सूत्रधारों को भी कहना पड़ा है कि जितने जितने प्रमाण में तृष्णा कम उतने उतने प्रमाण में विशेष सुख है। परन्तु प्रभु का "संजोगमूला जीवेण पत्ता दुक्ख-परंपरा" यह संदेश तो विश्व में उन दिनों में भी पहुँच गया था आशय यह है कि—"जे जे अंशे निरुपाधिपणुं ते ते अंशे धर्म।" इसलिये मूर्च्छा (परिग्रह) में सुख नहीं है परन्तु अनासक्ति में आसक्ति मानने में आनन्द है। और योग्यता की अधिकार भूमि पर उसी सामायिक के दो विभाग किये थे। एक है सर्वविरति अर्थात् सम्पूर्ण; दूसरा है देशविरति अर्थात् अपूर्ण (मर्यादित)। सर्वविरति का अर्थ है कि मन, वचन, और

* मद्रास में मनाए गए श्री महावीर जन्म कल्याणक महोत्सव प्रसंग के प्रवचन में से।

काया से किसी भी प्राणी के अधिकार पर त्राप न मारना, किसी को अहितकारी वचन न कहना, बिना आज्ञा के किसी की तृण जैसी चीज़ को भी न लेना, नैष्ठिक ब्रह्मचर्य के बल से सब इन्द्रियों का दमन करना, किसी वस्तु पर मूर्च्छा न रखना तथा संग्रह न करना।

दूसरे देशविरति में उपर्युक्त का सर्वथा पालन करने का सामर्थ्य न होने से उदासीनतापूर्वक जितने प्रमाण में हो सके उतने प्रमाण में निरन्तर पालन करने की चेष्टा करना।

प्रथम सामायिक (सर्वविरति) के पालक श्रमण, अणगार, यति, निर्ग्रन्थ अथवा मुनि कहलाते हैं। और मर्यादित पालनेवाले श्रमणोपासक, श्राद्ध, श्रावक, और गृहस्थ कहलाते हैं। दोनों में आचार-भेद होते हुए भी विचार-भेद कदापि न था। दोनों के साध्य की पराकाष्ठा अहिंसा, सत्य, अस्तेय, ब्रह्मचर्य और निष्परिग्रह में है। इन्हीं को क्रमशः महाव्रत और अणुव्रत भी कहते हैं।

इस विश्व विभूति ने जगत के प्राणियों को जिस महान् पवित्र सिद्धांत का उपदेश दिया था उसका आचरण उनके रोम रोम में था तथा उसमें उनकी पूर्णतया आत्मरमणता थी। अर्थात् जो कुछ वह जगत के प्राणियों को आचरण करने के लिये उपदेश देते थे उसका वे स्वयं भी पालन करते थे।

आज से लगभग २५०० वर्ष पूर्व आर्यावर्त का यह हाल था कि धर्म की यथार्थ भावना नष्ट हो चुकी थी। वर्णाश्रम धर्म की व्यवस्था स्खलना पा चुकी थी और मानव संसार में सत्यता की प्रधानता नष्ट होकर उसका स्थान स्वार्थता ने लिया था कि जिसके वश में होकर सभ्य और शिक्षित जाति भी अमानुषिक कर्तव्यों को करने के लिये कटिबद्ध हो गई थी। प्रजा को धर्मान्धता के तंत्र में फंसाने के लिये उनके मेधा और प्रज्ञा पर प्रबल अत्याचार किया जाता था। और सृष्टि के अहिंसात्मक अकाट्य नियमों का उल्लंघन करने में भी निर्भयता को स्थान दिया जाता था। और महारुद्राणी रूप चार अंगुल प्रमाण रसनेन्द्रिय की लोलुपता पूर्ति में संख्याबद्ध निरपराधी और जगत के महान उपयोगी और उपकारी प्राणियों के रक्त के खप्पर खूनी खंजरों द्वारा भरे जाते थे। धर्म के सिद्धान्तों को तोड़कर ऐसे अन्धविश्वास (Blind faith) के "नियोगपर्यनुयोगानर्हं मुनेर्वचः" जैसे सूत्र निर्धार किये जाते थे। ऐसे कटोकटी के समय में एक विश्वोद्धारक विभूति की प्रतीक्षा बड़े ज़ोर–शोर से हो रही थी। यदि विधि की महासत्ता ने इस विभूति की भेंट न की होती तो न मालूम हम अवनति के रसातल पर पहुँचकर महा-प्रलय के ग्रास बन जाते। किन्तु भारत का भाग्य बड़ा ही प्रबल था कि एक अनुपम महान् विभूति प्राप्त हो गई तथा इक्ष्वाकु वंश जैसे वैभव, ऐश्वर्य और समृद्धि सम्पन्न राजकुल के राजकुमार होते हुए भी उस ऋद्धि, सिद्धि और सम्पत्ति को तृण समान गिनते हुए तिलांजलि देकर सकल संसार के श्रेय हेतु प्रथम सामायिक के पंच महाव्रतों की भीषण प्रतिज्ञा-रूप त्याग-भूमि पर क्षमा खड्ग लेकर खड़े हो गये।

भारत के महान् धारा-शास्त्री सर अल्लाडी कृष्णस्वामी अय्यर ने कहा था कि मैं धारा-शास्त्र का अभ्यासी होने से धार्मिक तत्त्वज्ञान में विशेष अध्ययन का लाभ नहीं उठा सका। परंतु तार्किक ढंग से कहना पड़ता है कि मृग और गाय आदि प्राणी जो तृण-भक्षण से अपना जीवन व्यतीत करते हैं वे यदि मांस-भक्षण के विमुख बनें तो उसमें विशेषता ही क्या है? तत्त्व तो वहाँ है कि सिंह का बच्चा मांस का विरोध करे। यानी उनके कहने का अभिप्राय यह है कि घन, कनक, ऋद्धि, सिद्धि और ऐश्वर्य के झुले में झुला हुआ और खूनी संस्कृति से भरे हुए क्षत्रिय-कुल के वातावरण में चमकती हुई तलवार के तेज में तल्लीन होता हुआ बालक कुल-परम्परा की कुलदेवी समान खूनी खंजर के विरुद्ध महान् आन्दोलन करने के लिये सारी ऋद्धि, सिद्धि और सम्पत्ति को मिट्टी के समान मानकर और भोग को रोग-तुल्य समझकर घृणा करता हुआ योग की भूमिका में खूनी वातावरण को शांतिमय बनाने के लिये वन खंड और पर्वतों की कन्दराओं में निस्पृही बनकर सारा जीवन व्यतीत करे। मात्र दिनों तक ही नहीं, किन्तु महीनों एवं वर्षों तक भूपति भूखपति बनकर भटकता फिरे। बारह वर्ष की घोर संयम यात्रा में अंगुलियों पर गिने जानेवाले नाम-मात्र के दिनों में पारणे रूखे सूखे टुकडों से करे और सारा काल अहिंसा के आदर्श सिद्धांतों को पालन करने में निमग्न रहे। संयम की सर्वोत्कृष्ट साधना करने में तीव्रातितीव्र तप की ज्वालाओं से अपनी आत्मा को कंचन समान निर्दोष बनाने में तल्लीन रहे। उनकी ये घोर तपस्या, संयम आदि अमूल्य जीवन-यात्रा के परदे में बड़ा भारी रहस्य था कि जिसमें मात्र मानव समाज का ही नहीं, परन्तु प्राणी-मात्र के परमश्रेय का लक्ष्य था।

मुझे तो यह तार्किक अनुमान बड़ा ही सुन्दर प्रतीत होता है। दया के परम्परागत संस्कार वाले कुल में जन्म लेने वाला व्यक्ति दया का पालन और उसकी पुष्टि के लिये बातें

करे यह तो स्वाभाविक है तथा भोग सामग्री के अभाव में वैराग्य के वातावरण का असर अनेकों पर संभव है किन्तु राजकुल की ऋद्धि और ऐश्वर्य के सागर में से बाहिर कूदकर त्याग भूमि पर आने वाले तो कोई अलौकिक व्यक्ति ही नजर आते हैं।

जो उन्होंने उपसर्ग तथा परिषह सहन किये हैं उनकी कथनी करते हुए यह कायर हृदय कांपता है। धन्य है उस महावीर को कि जिस के हृदय में मित्रों के श्रेय से भी शत्रुओं के श्रेय का स्थान प्रथम है। उस महाभाग की क्या बात करें। गोपालक के, चण्डकौशिक के, शूलपाणि के, मंखलीपुत्र के और संगमादि के अनेक घोरातिघोर उपसर्गों में, मेरु की तरह धीर और सागर की तरह गंभीर बनकर भयंकर अटवियों में पर्वत की कन्दराओं में गर्जते हुए सिंह, चीते, भालू आदि भयंकर प्राणियों के बीच में, वर्षा ऋतु की घन-घोर घटाच्छादित अमावस्या की घोर रात्रि में, चमकती हुई विद्युत के उद्योत में, फाँ-फूँ करते हुए फणिधर-मणिधर, आदि के बीच में और श्मशान भूमि पर जलते हुए मृतकलेवरों को भक्षण करनेवाले भूत-प्रेत योनि के यक्ष और राक्षसों के बीच में ज्ञान, ध्यान की अस्खलित-धारा में आरूढ होकर पवित्र भावनाओं द्वारा भवाटवी के भयंकर ताप से पीड़ित प्राणियों को अपनी प्रशान्त मुद्रा का प्रशमरसरूपी सुधारस पिलाकर शांति पहुँचा रहा था। उस महान् अवधूत योगी के चरणारविंद में शिरसा बंदन के सिवाय और क्या कहूँ?

कलिकाल सर्वज्ञ श्री हेमचन्द्राचार्य महाराज उस कारुण्य हृदय का चित्र चित्रण करते हुए कहते हैं कि :—

कृतापराधेऽपि जने कृपामंथरतारयोः।
ईषद्बाष्पार्द्रयोर्भद्रं, श्रीवीरजिननेत्रयोः ॥ १ ॥

छः महीनों तक घोरातिघोर प्राणान्त कष्ट देनेवाले संगम नामक दानव के श्रेय की चिंता में अश्रुधारा बहानेवाले हे योगी! तेरे दयारूप महासागर का माप कैसे दर्शाऊँ? तेरी अकल कला के सामने मेरी काव्यकला क्या काम आ सकती है? कहने का आशय यह है कि जितना भी इस महापुरुष के जीवन सम्बन्धी कहा जाय उतना ही थोड़ा है। शास्त्र में कहा है कि वे एक क्षमा में ही वीर न थे किन्तु दानवीर, दयावीर, शीलवीर, त्यागवीर, तपवीर, धर्मवीर, कर्मवीर और ज्ञानवीर आदि सर्व गुणों में वीरशिरोमणि होने से उनका वर्धमान नाम गौण होकर महावीर के नाम से प्रख्यात हुए। यानी जन्म नाम तो उनका वर्धमान ही था किन्तु वीरता के क्षेत्र में अतुल अद्वितीय तथा अनुपम होने से गुणाश्रित नाम महावीर पड़ा।

जब वे अपनी आत्मा को परिशुद्ध करके ईश्वरीय महाशक्तियों का आविर्भाव करके कैवल्य पद पर आरूढ़ हुए तब पहले-पहल वर्णाश्रम व्यवस्था के लिये अर्थात् क्षत्रिय, ब्राह्मण, वैश्य और शूद्रों को अपने कर्तव्य का भान कराने के लिये समवसरण में विराजमान होकर अपना सत्य धर्म सन्देश प्रकट किया था। समवसरण उस काल के ऐसे विराट सभा-मंडप का पारिभाषिक नाम है जिसमें यह विश्व-विभूति विराजमान होकर अशांत विश्व को शांति का उपदेश देती थी।

शास्त्रों में समवसरण का वर्णन इस प्रकार है :—

मानस्तंभाः सरांसि प्रविमलजलसत्खातिका पुष्पवाटी।
प्राकारो नाट्यशाला द्वितयमुपवनं वेदिकान्तर्ध्वजाद्याः ॥
शालः कल्पद्रुमाणामुपरि वृतिवनं स्तूपहर्म्यावली च।
प्राकारः स्फाटिकोऽन्त र्नृसुरमुनिसभा पीठिकाग्रे स्वयंभूः ॥

उस समय मानव समाज की बागडोर ब्राह्मणों के हाथ में थी इसलिये श्री महावीर प्रभु ने सर्व प्रथम अपने तप, तेज और ज्ञान के प्रभाव से ब्राह्मण वर्ग के महारथी इन्द्रभूति-गौतम तथा सुधर्म आदि ४४०० ब्राह्मणों का हृदय पलटा किया। पशु-बलिदान की मनोवृत्ति से निवृत्त कर स्व-इन्द्रिय-दमन तथा विश्व के प्राणीमात्र से मैत्री, कारुण्यादि भावना का गुरु मंत्र पढाकर अनासक्ति रूप दीक्षा मार्ग में अधिष्ठित किये। उनके इस अमूल्य उपदेश का मौलिक रहस्य इस प्रकार था कि :—

सव्वे पाणा पियाउआ दुक्ख पडिकूला, अप्पिय वहा
पिय जिविणो जीविउ कामा सव्वेसिं जीवियं पियं (तम्हा)

"णातिवाएज्जे किंचणं"

सारांश यह है कि प्राणी मात्र को प्राण प्रिय हैं, जीवन प्रिय है, मरण और दुःख अप्रिय हैं। इसलिये किसी को दुःख मत दो अर्थात् किसी के जीवन के अधिकारों पर प्रत्याघात न करो। सब सुखपूर्वक जिओ और सब को जीनें दो क्योंकि विश्वरचना का नैसर्गिक विधान ही ऐसा है कि बीजानुसार ही फलोत्पत्ति होती है। यानी आम की गुठली से आम तथा नीम के बीज (निबोड़ी) से नीम की उत्पत्ति होती है इसी तरह दुःख से दुःख और सुख से सुख प्राप्त होता है। अतः जहाँ तक तुम दूसरे प्राणियों के लिये जितने अंश में दुःख के

कारणभूत होंगे वहाँ तक उतने-जितने अंश में तुम्हें भी दुःख भोगना ही पड़ेगा। भगवान् महावीर के इस अनुपम संदेश को एक पाश्चात्य तत्त्ववेत्ता ने इन सुन्दर शब्दों में प्रकट किया है—So long thou shalt not refrain thyself from causing pains and troubles to thy fellow-creatures, thou needst not dream to be emancipated from the appalling dangers of the same.

अर्थात्—तू जब तक दूसरों को दुःख देना चाहता है तब तक दुःख मुक्त होने की आशा में सुख के स्वप्न देखना निरर्थक है। उनका अटल आत्मविश्वास था कि अपने सुख और दुःख का कारण स्वयं आत्मा ही है। वही अपना मित्र-शत्रु है। वही अपना स्वर्ग-नरक है। जन्ममरण का हेतु भी वही है। बन्ध-मोक्ष का कारण भी वही है। इसलिये अन्य किसी को दोष देना अज्ञान के सिवाय और कुछ नहीं।

हिंसा, मैथुन, परिग्रहादि में आसक्त होने से आत्मा का महापतन है और अहिंसा, संयम, तप आदि से उसका महा उत्थान है। और यही उत्कृष्ट धर्म है। कहा है कि:—

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो।
देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥ १ ॥

उपर्युक्त अहिंसा संयम और तप रूप उत्कृष्ट धर्माराधन से मानव देवाधिदेव बन सकता है। रंक से राव तथा प्राणी-मात्र का पूजनीय बन सकता है। इसलिये जाति और कुलादि के अभिमान में किसी भी प्राणी के प्रति ग्लानि तथा घृणा करना अनुचित है। प्रत्येक प्राणी गुणविशेषता से शिष्टपदारूढ़ हो सकता है। प्रत्येक सच्चरित्र आत्मा के लिये धर्म और मुक्ति के द्वार खुले हैं। अंधश्रद्धा के अनुसंधान में मुक्ति नहीं है। मुक्ति है तत्त्व-चिंतन और परिशीलन में।

हिताहित, सत्यासत्य, भक्ष्याभक्ष्य, पेयापेय, कृत्याकृत्य और धर्माधर्म इत्यादि सब का विवेक-पूर्वक निर्णय करो। कहा है कि :—

निकषच्छेदतापेभ्यः सुवर्णमिव पण्डितैः।
परीक्ष्य भिक्षवो ग्राह्यं मद्वचो न तु गौरवात् ॥ १ ॥

अर्थात् कंचन की परीक्षा करने के लिये कसौटी, छेद और तपन करना बहुत ही जरूरी है इसी तरह हे भिक्षुओ! तुम भी मेरे वचन को मात्र मेरे भक्तिवश नहीं, परन्तु परीक्षा करके मानो। प्रमाण, नय, निक्षेप और लक्षण ये तत्त्व-परीक्षा के अमूल्य साधन हैं। इनका उपयोग यथार्थ रीति से करने के लिये मानव-मात्र को प्रज्ञा और मेधा का विकास करना बहुत ही ज़रूरी है। क्योंकि मानव-मेधावी और प्रज्ञा-प्रौढ़ है। पशुओं की भांति प्रज्ञामूढ़ नहीं है। तथा सब प्राणियों से मानव को विशेष प्रकार की नैसर्गिक सुविधाएँ प्राप्त हैं। इस प्रज्ञा तथा मेधा के विकास-द्वार को खोलकर हित साधो, नहीं तो पशु जन्म से मनुष्य जन्म की कोई विशेष महत्ता नहीं है। "बाबा वाक्यं प्रमाणम्" मानने की मूढ़ता में मानवजन्म की कोई सार्थकता नहीं। वस्तु को सम्यक् प्रकार से समझकर हम संसार के घोरातिघोर दुःख—जैसे जन्म, मरण, शोक, संताप, संयोग, वियोग, आधि, व्याधि आदि का अन्त लाकर मुक्ति के शाश्वत सुखों को प्राप्त कर सकेंगे। मुक्ति ही हमारे जन्म-जन्मांतरों की जीवन-यात्रा का अंतिम विश्रामधाम है। किसी देश, राष्ट्र और जगत को जीतकर वश में करनेवाला सच्चा विजेता नहीं, किन्तु जिसने अपनी आत्मा को जीता है वही सच्चा विजेता है। प्रभु महावीर ने मुक्ति के संदेश को ज़ोर-शोर से प्रजा को सुनाया जिसके फल-स्वरूप प्रजा के जीवन में बड़ी ही जागृति आ गई। तथा धर्म की वास्तविक महत्ता का दिग्दर्शन कराया। उसी के समर्थन में कवि सम्राट रवीन्द्रनाथ टागोर ने सुन्दर शब्दों में कहा है कि Mahāvīra proclaimed in India the message of salvation that religion is a reality and not a mere Social Convention, that salvation comes from taking refuge in that true religion....

अर्थात् भगवान् महावीर ने डिंडिम् नाद से उद्घोषित किया था कि धर्म अनादिनिधन तथा स्वतःसिद्ध है। वह मानव कल्पना का ढकोसला नहीं है। इन्द्रिय दमन और संयम के यथार्थ पालन में वास्तविक मुक्ति उपलब्ध हो सकती है। मात्र बाह्याडम्बरों से कभी भी मुक्ति सिद्ध नहीं होती। आत्मा का अन्तरावलोकन और अन्तर शुद्धि मुक्ति के सरल हेतु हैं। इसलिये दैहिक भ्रांति में मानव का मानव के प्रति घृणा-भाव होना भूल है। इस अमूल्य उपदेशामृत का प्रभाव आर्यावर्त की प्रजा पर इतना सुन्दर पड़ा कि धार्मिक विधान के व्यास-पीठ पर पुनः क्षत्रिय अधिष्ठित हो गये तथा प्रजा उनकी आज्ञापालन करने लगी। इस तरह से भगवान् महावीर का उत्क्रांतिवाद बड़ा प्रशंसनीय तथा आदरणीय बना। इसी प्रकार उनका

दर्शाया हुआ अहिंसावाद, कर्मवाद, तत्त्ववाद, स्याद्वाद, सृष्टिवाद, आत्मवाद, परमाणुवाद और विज्ञानवाद, इत्यादि प्रत्येक विषय इतना विशाल और गंभीर है जिसका यथार्थ वर्णन करना मेरे जैसे अल्पज्ञ व्यक्ति की शक्ति से बाहर है। वास्तव में ये सब विषय विश्व के लिये बहुत निधान रूप तथा कल्याणकारी सिद्ध हुए। इसके समर्थन में अनेक प्रमाण उपलब्ध हैं तथापि यहाँ पर मात्र लोकमान्य तिलक आदि जैसे एक आध देशनेता और इतिहासज्ञ के प्रमाण देना उचित समझता हूँ। उन्होंने ओरिएंटल कॉन्फरंस में कहा था कि आज ब्राह्मणों की संस्कृति में जो अहिंसात्मक वृत्ति दृष्टिगत हो रही है वह सब जैन-धर्म के प्रभाव से ही है। कहने का तात्पर्य यह है कि यदि भगवान् महावीर ने इस अहिंसात्मक महान् उद्धार का झंडा न उठाया होता तो आर्य संस्कृति नष्ट हो जाती।

आर्य संस्कृति के अन्तिम श्वास लेते समय संजीवनी-दाता भगवान् महावीर ही थे। मानव संसार को मानवता का पाठ पढ़ानेवाले परमगुरु महावीर ही थे। बलिदान की जलती ज्वालाओं में नष्ट होते हुए उपकारी और उपयोगी पशुओं के प्राण-दाता महावीर ही थे। अनेक प्रकार के मत-भेदों से उत्पन्न होनेवाले विग्रहों का स्याद्वाद शैली से समाधान कर—सबको एक-सूत्र में संगठित करनेवाले सूत्रधार महावीर ही थे। पशुधन के ह्रास से कृषिह्रास और उससे होनेवाले अन्नसंकट और रोगभय से रक्षण करनेवाले महाप्रभु महावीर ही थे। इस मायावी मृगजल की तृष्णा में तडपते हुए प्राणियों को आत्मज्ञान का अमृतपान करानेवाले महातत्त्वज्ञ महावीर ही थे। सृष्टि के निर्माता की कल्पना में पुरुषार्थहीन बनकर बैठनेवाली प्रजा को अपने पुरुषार्थ भरे कर्त्तव्य का भान करानेवाले मार्गदर्शक महावीर ही थे। अनेक प्रकार की विडम्बनाओं से निराधार बने हुए आत्माओं के लिये सच्चे आधार-स्तम्भ महावीर ही थे।

उन गुण सागर का जितना भी वर्णन किया जाय उतना ही थोड़ा है, अर्थात् समुद्र में बिन्दु-तुल्य है। उन्होने सर्वसाधारण जनता को मानव संस्कृति विज्ञान के विकास की पराकाष्ठा पर पहुँचने के लिये मुक्ति महातीर्थ का राजमार्ग (Royal road) सम्यग् दर्शन, सम्यग् ज्ञान और सम्यक् चारित्र रूप अपूर्व साधन द्वारा पद्धति सर दर्शाया इसलिये वे तीर्थंकर कहलाए।

संसार में तीर्थंकर पद सर्वोत्कृष्ट, सर्वोपरि और सर्वपूज्य होने के कराण उस काल में भौतिकवादी-अजितकेश कम्बलि, नियतिवादी-मंक्खलि गोशालक, अक्रियावादी-पूर्णकाश्यप, नित्यपदार्थवादी-प्रक्रुध कात्यायन, क्षणिक पदार्थवादी-गौतमबुद्ध और संशयवादी-सञ्जय-वेलट्ठिपुत्त आदि भिन्न-भिन्न धर्मों के संस्थापक और संचालक अपने आप को तीर्थंकर कहलाने में उत्सुकतापूर्वक प्रतिस्पर्द्धा की दौडधाम मचा रहे थे। अर्थात् उस समय मत प्रतिस्पर्द्धा (Religious rivalry) की होडा-होड मच रही थी जैसे कि आज सत्ता और श्लाघा के लिये मच रही है। परन्तु कहावत है कि पीला सो सोना नहीं। कहा भी है कि "साधवो न हि सर्वत्र चंदनं न वने वने" तात्पर्य यह है कि श्रुति, युक्ति और अनुभूति द्वारा सुज्ञ और विज्ञ जन के लिये सच-झूठ का निर्णय करना कोई कठिन विषय नहीं था। और वैसे तो प्रभु महावीर के परम पवित्र प्रवचन का आधार मनःकल्पना और अनुमान की भूमिका पर तो था ही नहीं, परन्तु उनके प्रवचन में लोकालोक के मूल तत्त्वभूत द्रव्य गुण-पर्याय के त्रिकालवर्त्ती भावों का दिग्दर्शन था। अथवा आधुनिक परिभाषा में कहा जाय तो उसमें विराट विश्व या अखिल ब्रह्माण्ड की विधिविहित घटनायें, उनके द्वारा होती हुई व्यवस्था, विधि का विधान और नियम का प्रतिपादन तथा प्रकाशन था। और महान् तत्त्वभूत पदार्थों के स्वभाव, विभाग की चित्र-विचित्र प्रक्रियामय चराचर विश्व की अखण्ड नियमबद्ध रचनात्मक वैज्ञानिक ढंग से विवेक-कुशल व्यवस्था हो रही है उस नैसर्गिक महासत्ता—के महाशासन का मूलाधार रूप उत्पाद व्यय ध्रौव्य का तात्त्विक विवेचन था आधुनिक महान् विज्ञानवेत्ता (Great Scientists) मेलर, व्हाईट हेड और कोल्डींग आदि जितने प्रमाण में विश्व रचना सम्बंधी अधिकाधिक अध्ययन करते गये उतने प्रमाण में उनकी मान्यता भी इस विषय में दृढ़ होती गई।

जैन शास्त्रों में तो साफ उल्लेख है कि अनादि काल से तीर्थंकर भगवंतों ने अखिल ब्रह्माण्ड और ज्ञान का बीज "उत्पाद-व्यय-ध्रौव्य" इस त्रिपदी रूप ही प्रकाशित किया है और भगवान् महावीर जब सर्वज्ञ पदपर पहुँचे अर्थात् केवलज्ञान प्राप्त कर तीर्थंकर बने तब उनके प्रधान शिष्य-गणधर ने प्रश्न किया कि 'भंते किं तत्तं किं तत्तं?' प्रत्युत्तर में उन्होंने भी "उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा" इस त्रिपदी द्वारा ही अपनी दिव्यध्वनि का मंगलाचरण किया। उन्होंने अत्यंत सूक्ष्म दृष्टि से इस विश्व के

वरूप का यथार्थ अवलोकन कर उपर्युक्त सार्वभौमिक सत्य को जगत् के सामने प्रकाशित किया। इसमें किसी भी प्रकार से उनका मतकदाग्रह और दम्भ नहीं था। यह उनके वीतरागता का लक्षण है और तीर्थंकर होने का सबल प्रमाण है। तात्पर्य यह है कि जैसा पदार्थ-विज्ञान का स्वरूप है वैसा ही प्रतिपादन है। मुझ अल्पज्ञ के लिये उपरोक्त महातत्त्व का भावार्थ पूर्णतया समझाना तो सागर को गागर (छोटे घडे) में समावेश करने जैसा विषय है। फिर भी विचारक और वैज्ञानिक वर्ग मर्यादित मत्यनुसार संक्षेप अर्थ यह करते हैं कि "Permanence underlying change" यानी पदार्थ अपने स्वभाव में कायम (नित्य) रहते हुए भी अनेक अस्वस्थाओं (पर्यायों) में परिवर्त्तत होता रहता है। वास्तव में तो इस महावाक्य का यथार्थ स्वरूप महाप्रभु के समान सर्वज्ञ पद पर पहुँचे तब ही समझा जा सकता है। उन ध्यानधीर और ज्ञान-गम्भीर महान् तत्त्वज्ञ का हरएक सिद्धान्त अतिगहन और सारगर्भित था। धर्म की व्याख्या करते हुए "वत्थुसहावो धम्मो" इस एक छोटे से सूत्र में इतना गम्भीर रहस्य भर दिया है कि वर्षों तक भी इसपर विचार किया जावे तो अन्त नहीं आ सकता। मैं न तो उनके प्रवचन की व्याख्या कर सकता हूँ और न उसका अधिकारी हूँ। मैंने तो सिर्फ़ यहाँ पर उनकी मधुर सत्य वाणी दम्भ कदाग्रह रहित तथा आत्मश्लाघा से कितनी परे थी और कैसी निर्दोष, निष्पक्ष और युक्तिगम्य थी उसका साधारण उदाहरण रखा है। भगवान् हरिभद्रसूरि जो कि इस मध्य युग के महाविद्वान् और तार्किक (Dynamic force of logic and philosophy) माने गये हैं स्पष्ट फ़रमाते हैं कि।

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥१॥

तात्पर्य यह है कि मुझे किसी से पक्षपात और द्वेष नहीं है जिसका वचन युक्तिसंगत है वही मुझे मान्य है। यही कारण था कि भगवान् महावीर के उपदेश को जनता ने जयध्वनि से बधा लिया था। सामान्य प्रजा तो क्या परंतु राजगृही (मगध देश) के राजा श्रेणिक-बिंबिसार, कौशांबी (वत्सदेश) के राजा शतानिक, चंपा [अंगदेश] के राजा जितशत्रु, वीतभयपट्टन (सौवीर सिन्धु देश) के राजा उदायी, मृतिकावती (दशार्ण देश) के राजा दशार्णभद्र, और विशाला (विदेह देश) के राजा चेटक, काशी कोशल नव लिच्छवी तथा नव मल्ल राजा आदि अनेक नरेन्द्र सम्राट उनके अनुयायी बने और कितने ही दीक्षाग्रहण कर निर्ग्रंथ मुनि बने। उनका उपदेश समुद्र पारके युनान, मिश्र तक भी पहुँचा और वहाँ के विदेशी युवराज आर्द्र-कुमार भी यहाँ आकर दीक्षा ग्रहण कर मुनि बने। पायथागोरस जैसे ग्रीक तत्त्व-वेत्ता ने भी पुनर्जन्म और पूर्वजन्म के सिद्धांत को प्रभु महावीर की शैली रूप ही स्वीकार किया। कहने का आशय यह है कि प्रभु महावीर की संस्कृति दिगन्तव्यापी बनी।

कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

पेट्रन 'अ' वर्ग	रु. १००१	प्रदान कर
पेट्रन 'ब' वर्ग	रु. ५०१	,,
आजीवन सभ्य 'अ' वर्ग	रु. २५१	,,
,, ,, 'ब' वर्ग	रु. १०१	,,

कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभागमें (खातामें) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

जैन युग

ग्राहक बनकर वार्षिक उपहार रु. २ (प्रतिमास ता. १ को प्रकट किया जाता है)

श्रमण--ब्राह्मण

श्री दलसुख मालवणिया

निशीथचूर्णि उस काल के श्रमण और ब्राह्मणों के पारस्परिक संबंध की और श्रमणों के विषय में भी महत्त्वपूर्ण सामग्री उपस्थित करती है। अतएव उस सामग्री का संकलन मैंने यहाँ नमूने के तौर पर कर दिया है, जिससे कि जिज्ञासु वर्ग इस दृष्टि से उसका अध्ययन करना चाहे तो उसे कई नये तथ्य प्राप्त होंगे।

श्रमण और ब्राह्मण का परस्पर वैर प्राचीन काल से चला आता था वह निशीथ की टीकोपटीकाओं के काल में भी था (नि. जा. १०८७ चू.)। अहिंसा के अपवाद की चर्चा के समय श्रमणद्वारा ब्राह्मणों की राजसभा में की गई हिंसा की चर्चा निशीथ में है (गा.४८७)। ब्राह्मणों के लिये चूर्णि में प्रायः सर्वत्र धिज्जातीय (नि.गा. १९,३२२,४८७,४४४१) शब्द का प्रयोग किया गया है। जहाँ ब्राह्मणों का प्रभुत्व हो वहाँ अपवाद से श्रमण यह झूठ बोले कि हम कमंडल में (कमढग) भोजन करते हैं—ऐसी अनुज्ञा है (नि. गा. ३२२)। श्रमणों में भी पारस्परिक सद्भाव नहीं था (नि. सू. २·४०)। बौद्ध भिक्षुओं को दान देने से लाभ नहीं होता है ऐसी मान्यता थी, किन्तु ऐसा कहने से यदि वह भय हो कि बौद्ध लोग मारेंगे तो अपवाद से यह कह दे कि दिया हुआ दान व्यर्थ नहीं जाता (नि. गा. ३२३)।

आज के श्वेताम्बर संभवतः उन दिनों लोगों में 'सेयवड' या सेयभिक्खु (नि. गा. २५७३ चू.) के नाम से प्रसिद्ध रहे होंगे (नि. गा. २१४, १४७३ चू.)। साधुवर्ग और श्रमणवर्ग के बीच पासत्था अर्थात् शिथिलाचारी साधुवर्ग तो था ही। उसके अतिरिक्त सारूवी और सिद्धपुत्र–सिद्धपुत्रियों के वर्ग भी थे।

साधुकी तरह वस्त्र और दंड को धारण करनेवाले, कच्छ नहीं बाँधनेवाले सारूवी होते थे। वे भार्या नहीं रखते थे (नि. गा. ४५८७; ५५४८, ६२६६)। उनमें चारित्र नहीं होता था, मात्र साधुवेश था (नि. गा. ४६०२ चू.)। सिद्धपुत्र गृहस्थ होते थे और वे दो प्रकार के थे सामयिक और असामयिक *। ये सिद्धपुत्र नियमतः शुक्लांबरधर होते थे। उस्त्रे से मुंडन कराते थे और शिखा रखते या नहीं रखते थे १। ये शुक्लाम्बरधर सिद्धपुत्र संभवतः 'सेयवड' वर्ग से पतित या उससे निम्न श्रेणी के लोग थे और उनकी बाह्य वेशभूषा प्रायः साधु की तरह थी (नि. जा. ५८६)—ऐसा प्रतीत होता है। आज जो श्वेताम्बरों में साधु और यति वर्ग है, उन दोनों वर्गों के पुरोगामी ये दो वर्ग हों तो आश्चर्य नहीं। सिद्धपुत्रों के वर्ग से निम्नश्रेणी में 'सावग' का वर्ग था। ये 'सावग' —श्रावक दो प्रकार के थे: अणुव्रती और जिन्होंने अणुव्रतों का स्वीकार नहीं किया है (नि. गा. ३४६ चू.)। अणुव्रती को 'देश सावग' और अनणुव्रती को 'दंसणसावग' कहा जाता था (नि. गा. १४२ चू.)।

मुंडित मस्तक का दर्शन अमंगल है ऐसी भावना (नि. गा.२००५ चूर्णि) लोगों में हो गई थी–यह भी श्रमण-द्वेषका ही फल समझना चाहिए।

श्रमणों में—निर्ग्रन्थ, शाक्य, तापस, गेरु, और आजीवकों का समावेश होता था (नि. गा. ४४२०;२०२० चू.)। निशीथभाष्य और चूर्णि में अनेक मतों का उल्लेख है जो तत्काल में प्रचलित थे और जिनके साथ जैन भिक्षुओं की टक्कर होती थी। उनमें बौद्ध, आजीवक और ब्राह्मण परिव्राजक मुख्य थे। बौद्धों के नाम विविध रूप से मिलते हैं—भिक्खुग, रत्तपड, तच्चणिय, सक्क, आदि। ब्राह्मण परिव्राजकों में उलूक, कपिल, चरक, भागवत तापस, पंचग्गितावस, पंचगव्वासणिया, सुईवादी, दिसापोक्खिय, गोव्वया, ससरक्ख आदि मुख्य हैं। इनके अतिरिक्त कापालिक, वैतुलिक, तडिय कप्पडिया आदि का भी उल्लेख है—देखो, नि. गा. १, २४, २६, ३२३, ३९७, ४९८, १४०४, १४४०, १४७३, १४७५, २३४३, ३३१०,

(१) दंडकारण्य की उत्पत्ति के मूल में श्रमण–ब्राह्मण वैर कारण है–(निशीथ गा. ५७४०–३)।

* अभार्यक को मुंड भी कहते थे–५५४८ चू.।

१ नि. गा. ३४६ चू; गा. ५३८ चू.। गा. ५५४८ चू.। गा. ६२६६, बृ. गा. २६०३। गा. ४५८७ में शिखा का विकल्प नहीं है।

३३५४, ३३५८, ३७००, ४०२३, ४११२ चूर्णि के साथ। परिव्राजकों के उपकरणों का भी उल्लेख है–मत्त, दगवारग, गडुअअ, आयमणी, लोट्टिया, उल्लंकअ, वारअ, चडुयं, कव्वय-गा. ४११३।

यक्षपूजा (गा. ३४८९), रुद्रधर (६३८२) तथा मल्ली-तीर्थ (गा. २३४३) का भी उल्लेख है। भृगुकच्छ के एक साधुने दक्षिणापथ में जाकर वासुदेव को किस प्रकार भाला लगा और मर गये तथा उसके स्मरण में मल्लीतीर्थ की रचना हुई यह कथा एक भागवत के समक्ष कही तो वह रुष्ट हुआ और श्रमण को मारने को तैयार हुआ। तब ही शांत हुआ जब वह स्वयं मल्लीतीर्थ देख आया। अन्त में अपने बुरे विचार के लिये उसने क्षमा याचना की।

जैनोंने उक्त मतांतरों को लौकिक धर्म कहा है; वे अपने मतको लोकोत्तर मानते रहे। लौकिक महाभारत रामायणादि शास्त्रों की असंगत बातों की हँसी भी उडाई है और उसके लिये चूर्णि में पाँचधूर्तों की एक रोचक कथा दी गई है (नि. गा. २९४६)। इतना ही नहीं विरोधी मत को अनार्य भी कह दिया है (५७३२)।

जैनमतमें भी जो परस्पर मतभेद के कारण सम्प्रदायभेद हुए उन्हें 'निह्नव' कहा गया है और उनका क्रमशः इतिहास दिया हुआ है—(गा. ५५९६–५६२६)।

'पासंड'[1] शब्द निशीथ भाष्यतक धार्मिक सम्प्रदाय के अर्थमें प्रचलित रहा है। उसमें जैन और जैनेतर–सभी का समावेश होता था।

निशीथ में कई जैनाचार्यों के विषय में भी ज्ञातव्य सामग्री मिलती है। आर्य मंगु और समुद्र के दृष्टान्त आहार में गृद्धि और विरक्ति के लिये दिये गये हैं (गा. ११९६)। स्थूलभद्र के समय तक सभी जैनश्रमणों का आहार-विहार साथ था अर्थात् सभी श्रमण सांभोगिक थे। स्थूलभद्र के दो शिष्य थे—आर्य महागिरि और आर्य सुहत्थी। आर्य महागिरि ज्येष्ठ थे किन्तु स्थूलभद्र ने आर्य सुहत्थी को पट्टधर बनाया। फिर भी ये दोनों प्रीतिवश साथ ही विचरण करते रहे। सम्प्रतिराजाने भक्तिवश अपने पूर्वभव के गुरु जानकर सुहत्थी के लिये आहारादि का प्रबंध किया। कुछ दिन तक इस प्रकार सुहत्थी और उनके शिष्य राजपिंड लेते रहे। आर्य महागिरि ने उन्हें सचेत किया किन्तु माने नहीं। अतएव उन्होंने उनके साथ आहार–विहार करना छोड दिया अर्थात् असांभोगिक बना दिया। बाद में सुहत्थी ने मिथ्या दुष्कृत दिया तब दोनों का पूर्ववत् व्यवहार शुरु हुआ। इस प्रकार तब से श्रमणों में सांभोगिक और विसंभोगिक ऐसे दो वर्ग होने लगे (नि. गा. २१५३–२१५४ की चूर्णि)। यही भेद आगे चलकर श्वेताम्बर और दिगम्बर रूप से दृढ हुआ ऐसा विद्वानों का कहना है।

आर्यरक्षित ने उपाधि में मात्रक (पात्र) की अनुज्ञा दी उसको लेकर भी संघ में काफ़ी विवाद खडा हुआ होगा ऐसा निशीथ भाष्य को देखने पर लगता है। कुछ लोग यहां तक कहते थे कि यह तो तीर्थंकर की आज्ञा का भंग है। किन्तु निशीथ भाष्य जो स्थविर कल्प का अनुसरण करनेवाला है तदनुसार तो ऐसा कहनेवाले को ही प्रायश्चित्त आता है। आर्यरक्षित ने देशकाल देखकर जो किया उचित ही किया और तीर्थंकर की आज्ञा का भंग नहीं किया है। जिस पात्र में खाना उसी पात्र का उपयोग शौच में भी करना यह लोकविरुद्ध था। अतएव गच्छवासियों के लिये लोकाचार की दृष्टि से दो पृथक् पात्र रखना आवश्यक हो गया था—ऐसा प्रतीत होता है और उसी आवश्यकता की पूर्ति आचार्य आर्यरक्षित ने की (नि० गा० ४५२८–से)।

लाटाचार्य (११५०), आर्यखपुट (२५८७), विष्णु (२५८७), पादलिप्त (४४६०), चंद्ररुद्र (६६१३), गोविंद वाचक (२७६६, ३४२७, ३५५६) आदि का भी उल्लेख निशीथ भाष्य-चूर्णि में मिलता है।

पांच प्रकार के 'पोत्थय' पुस्तकों का उल्लेख है। वे ये हैं—गंडी, कच्छभी, मुट्ठी, संपुड तथा छिवाडी'। इनका विशेष परिचय मुनिराज श्री पुण्यविजयजी ने 'भारतीय जैन श्रमण संस्कृति और लेखनकला' इस निबंध में (पृ. २२–२४) दिया है।

इन पांचों प्रकार के पुस्तकों का रखना निषिद्ध था, क्योंकि उनके भीतर जीवों की संभावना होने से उन जीवों के घात की संभावना थी (नि. गा. ४०००) किन्तु जब यह देखा गया कि ऐसा करने में श्रुत का ही ह्रास होने लग गया तब यह अपवाद करना पडा कि कालिक श्रुत-अंग ग्रंथ[2] तथा निर्युक्ति के संग्रह की दृष्टि से पांचों प्रकार के पुस्तक रखे जा सकते हैं—(नि. गा. ४०२०)।

१ नि. गा. ६२६२।

१. नि० गा० १४१६; ४००० चू. बृ० गा० ३८२२ टी० ४०९९।
२. 'कालियसुयं' आचारादि एक्कारस अंगा—नि० गा० ६१८९ चू०।

महान दार्शनिक १४४४ ग्रंथकर्ता आचार्य श्रीहरिभद्रसूरि*

मुनिश्री जिनविजयजी

एक बहुत ही महत्त्व की ऐसी और बात है जो बहुत कम लोग जानते हैं। वह यह है कि इस भूमि में आज से कोई १२०० वर्ष पहले आप ही के जैसे एक ऐसे महान् ज्ञानी और महान् दार्शनिक साधुशिरोमणि ने विचरण किया था, जिसकी दार्शनिकता और तत्त्वज्ञता की तुलना में आ सके, वैसा शायद ही कोई अन्य शास्त्रकार हुआ हो।

अहिंसा, अपरिग्रह और अनेकान्त तत्त्व का रहस्य और निष्कर्ष बतानेवाला उनके जैसा महाज्ञानी, भारतीय साहित्य क्षेत्र में विरला ही दृष्टिगोचर होगा। समूचे भारतीय वाङ्मय में, सर्व दर्शनों का समुच्चय और समन्वय की दृष्टि से अध्ययन और आलेखन करनेवाला उनके जैसा कोई अन्य दार्शनिक अद्यावधि ज्ञात नहीं। यही एक ऐसे दार्शनिक हुए जिनने चार्वाक मत अर्थात् नास्तिकवाद को भी एक तत्त्वदर्शन के रूप में मानकर षड् दर्शन की पंक्ति में बिठाने का समादर किया। षड्दर्शन अथवा सर्वदर्शन समुच्चय नामक विशिष्ट ग्रन्थ की रचना द्वारा उनने अपना सर्वदर्शन समदर्शितत्त्व का अद्वितीय परिचय दिया है। इसी तरह का शास्त्रवार्ता समुच्चय नाम का एक और महान ग्रंथ बनाकर उसमें सर्वशास्त्रों की बहुत ही माध्यस्थ्यभरी शैली में अत्यन्त तात्त्विक आलोचना की है। अहिंसा और अनेकान्त तत्त्वकी मीमांसा करनेवाले अनेक छोटे-बड़े ग्रन्थ बनाये जिनमें भिन्न-भिन्न प्रकार से और भिन्न-भिन्न दृष्टि बिन्दुओं से, इन तत्त्वों की मार्मिक आलोचना-प्रत्यालोचना की गई है। प्राकृत भाषा का एक सर्वश्रेष्ठ कथाग्रन्थ उनकी अन्यतम महान् देन है।

धर्मतत्त्व का व्यावहारिक आकार क्या होना चाहिये और उसके आचरण में कैसे नियमोपनियम लाभदायक हो सकते हैं इसके लिये 'धर्मबिंदु' नामक विशिष्ट शास्त्र की रचना की। आध्यात्मिक शक्ति का विकास योगमार्ग की प्रक्रिया द्वारा होता है। योगसाधना में किस दृष्टि का अनुसरण करना चाहिये, इसके लिये योगदृष्टि समुच्चय, योगशतक, योगबिंदु आदि बहुत ही विलक्षण और प्रौढतत्त्व दर्शक ग्रन्थों की रचना की। अनेकान्तवाद का दृष्टिकोण और स्वरूप समझाने के लिये अनेकान्तवाद प्रवेश, अनेकान्तजयपताका आदि उच्च कोटि के तर्कपद्धतिपूर्ण शास्त्रों की रचना की। हिंसा, मद्यपान, मांस-भक्षण, मैथुन-कर्म, कुरूढिप्रवृत्ति, धर्ममूढता आदि अनेक प्रकार के समाजविरोधी तत्त्वों के निरसनरूप में संस्कृत-प्राकृत भाषा में छोटे-बड़े अनेक प्रकरण ग्रन्थ एवं निबन्ध आदि बनाये। इस प्रकार अपने जीवन में उनने १४४४ ग्रन्थों की रचना की जो भारतीय वाङ्मय के शास्त्रकारों के इतिहास में, सर्वथा अद्वितीय माने जाने योग्य एक महत् तथ्य है।

उन महान् दार्शनिक का नाम था आचार्य हरिभद्रसूरि। पूर्वावस्था में चित्तौड़ के राजघराने के वे राजपुरोहित थे। चतुर्दश विद्या के पारगामी और सर्व शास्त्रों के रहस्यवेदी महाब्राह्मण थे। बाद में एक साक्षात् शीलमूर्ति जैन आर्या, याकिनी महत्तरा नामक साध्वी की प्रशमरसपरिपूर्ण जीवनचर्या के प्रभाव से प्रभावित होकर वे उस महासाध्वी के धर्मपुत्र बन गये। उनके विषय का साहित्य और इतिहास विविध रूप में मिलता है। यूरोप के और इस देश के कई प्रखर पंडितों ने उनके अनेकानेक ग्रंथों का संपादन-प्रकाशन आदि कार्य किया है और आज भी कर रहे हैं। मैंने भी इनके विषय में कुछ महत्त्व के निबन्ध लिखे हैं; और कुछ ग्रन्थों को प्रकट भी किया है।

* सर्वोदय साधना आश्रम चन्देरिया में श्री विनोबाजी के स्वागत निवेदन में से।

बिहार के मानभूम जिले में जैन पुरातत्त्वावशेष

[मूल लेखक : श्री. पी. सी. राय चौधरी]

अनुवाद : श्री कस्तुरमल बांठिया

आज हम यह भूल ही गए हैं कि बिहार राज्य के छोटा-नागपुर प्रान्त का मानभूम जिला कभी जैन धर्म का एक महान् केन्द्र रहा था। भारतवर्ष के अन्य किसी भी जिले में कदाचित् ही इतने अधिक जैन पुरातत्त्वावशेष हों जितने कि आज तक इस मानभूम जिले में उपेक्षित और यत्र-तत्र-सर्वत्र बिखरे हुए पडे हैं। मानभूम जिले में हो कर ही एक समय बंगाल और बिहार दोनों ही राज्यों से उत्कल याने उडीसा राज्य में पहुँचा जाता था।

यह तो सर्व विदित ही है कि एक समय जैन धर्म का उड़ीसा पर बहुत भारी अधिकार रहा था। खण्डगिरि गुहाओं के पुरातत्त्व जैन पुरातत्त्वावशेषों के अद्वितीय नमूने हैं। उत्कल याने उड़ीसा का सुविख्यात जैन राजा महा-मेघवाहन खारवेल गया प्रदेश की बरबर पहाड़ियों तक पहुँच गया था जहाँ उसके चिह्न स्पष्ट ही देखे जाते हैं। मानभूम द्वारा ही बिहार और उड़ीसा का पारस्परिक सम्पर्क था। इस जिले में चारों ओर बिखरे हुए प्रचुर जैन पुरातत्त्वावशेष जो आज तक प्राप्त हो रहे हैं, इसका यही कारण होना चाहिए।

ह्यूएनत्सांग, सातवीं सदी ईसवी का भारत का सुप्रसिद्ध चीनी पर्यटक, कहता है कि उसने एक प्रदेश जिसको वह 'सफ' कहता है, देखा था। जनरल कनिंघम ने लिखा है कि मानभूम जिले के बारभूम परगने का बड़ाबाजार नगर इस 'सफ' प्रदेश का सदर-मुकाम था। श्री हिबर्ट ने पटकूम के निकटवर्ती डालमी को 'सफ' प्रदेश का मुख्य नगर अनुमान किया है। डालमी पहाड़ी पर कुछ पुरातन अवशेष हैं जो स्पष्टतया जैन उद्गम के हैं। जिले के इस भाग में एक समय श्रावकों याने जैन गृहस्थों का बड़ा ही दबदबा था। मानभूम जिले के महत्त्व के क्षेत्रों में ये श्रावक बसे हुए थे और वे ही इस जिले की भूमिज आदिजाति के पूर्व-पुरुष थे ऐसा कहा जाता है। अधिकांशतः ये लोग किसी न किसी प्रकार का वाणिज्य-व्यापार ही करते थे। यह मानभूम जिला अन्तर-जिला और अन्तर-प्रान्तीय उन व्यापार मार्गों के लिए महत्त्व का था कि जो बनारस, जगन्नाथपुरी और बंगाल के प्रसिद्ध बंदर ताम्रलिप्ती को आपस में मिलाते थे। आज भी इस जिले में सर्वत्र जैन बसे हुए हैं। मैंने सुविधा के लिए धनबाद का उपजिला भी इसी जिले के अन्तर्गत विचारार्थ ले लिया है कि जो अनति काल में एक परिपूर्ण और स्वतंत्र जिला ही बन जानेवाला है।

प्राचीन परम्परानुसार भगवान् महावीर धर्म-प्रचारार्थ एक समय 'सफ' प्रान्त में भी आए थे। ऐसा कहा जाता है कि इस 'सफ' प्रान्त के आदिवासियों ने जो कि बहुसंख्यक थे, महावीर का धर्मोपदेश सुनने या उनका अनुसरण करने की अधिक उत्सुकता नहीं दिखाई, इतना ही नहीं अपितु उनने उन्हें अनेक प्रकार से हैरान-परेशान तक भी किया था। परन्तु महावीर भयाक्रान्त हुए बिना अपना धर्म-प्रचार वहाँ करते ही रहे थे। अन्त में उनकी घोर तपस्या एवम् स्थैर्य से ये आदिवासी प्रभावित हुए बिना रह ही नहीं सके एवम् अधिकांश जैन हो ही गए।

बलरामपुर, जिसे सामान्यतया पालमा-बलरामपुर कहते हैं, ओर जो पुरुलिया से चार मील दूर आज एक गांवमात्र है, कसाई नदी के तट पर है। इस बलरामपुर के एक मंदिर में अनेक जैन मूर्तियां हैं जिनमें कितनी ही तो निःसंदेह जैन तीर्थंकरो की हैं। कुछ मूर्तियों पर जैन चिह्न भी हैं जिनसे उनके तीर्थंकरों की मूर्ति होने में कोई भी संदेह नहीं रहता है। ये मूर्तियाँ स्पष्टतः पर्याप्त प्राचीन लगती हैं। इसी गांव में एक शिला पर खुदा लेख भी मिला था जो कि एक स्तम्भ में जड़ा हुआ था। ऐसा कहा जाता है कि यह शिलालेख कई वर्ष पूर्व लगानबन्दी के किसी अधिकारी ने वहाँ से हटवा लिया और अब वह कचहरी के आहते में सड़कपार्श्व जड़ा हुआ है।

रेल के जैपुर नामक स्टेशन से दक्षिण ओर चार मील दूर स्थित बोरम गांव में तीन मंदिरों के खण्डहर हैं कि जो श्रावकों याने जैन गृहस्थों के बनाए हुए कहे जाते हैं। ये तीनों ही मन्दिर आकल्पना में समान हैं। इनमें जैन

मूर्तियाँ हैं और ये मूलतः जैन मंदिर ही थे। इस बोरम से एक मील दूर दक्षिण दिशा में एक ओर मंदिर है जिसमें नग्न मूर्तियाँ हैं। मूर्तियों की यह नग्नता ही इसका स्पष्ट प्रमाण है कि वे जैन हैं। मंदिर को तो अब हिन्दू मंदिर मान लिया गया है।

चन्दनकियारी, मानभूम जिले के सदर-मुकाम पुरुलिया से कुछ ही मील दूर स्थित गाँव में अकस्मात् कितने ही जैन पुरातत्त्व प्राप्त हो गए थे। इस गाँव में प्राप्त जैन तीर्थंकरों की मूर्तियों का जो संग्रह पटना संग्रहालय में है, भारतवर्ष में पाए गए जैन पुरातत्त्वों का एक सर्वोत्कृष्ट संग्रह माना जाता है। इन मूर्तियों में से अधिकांश उनके चिह्नों के कारण पहचान ली गई हैं, याने वे तीर्थंकरों की ही मूर्तियाँ हैं। कुछ मूर्तियों की आकृतियाँ ललितकला की दृष्टि से अति रम्य हैं। उनकी कारीगरी सूक्ष्म और उत्कृष्ट है। ये सब ११ वीं सदी ईसवी की हैं। चन्दनकियारी गाँव से पांच मील वाले, कुम्हरी और कुमरदगा, नामक दो गाँवों में भी कुछ प्राचीन जैन मूर्तियाँ हैं। इन दोनों गाँवों में शिलालेख भी मिले थे जिनमें से एक स्थानीय किसी सम्भ्रान्त व्यक्ति द्वारा हडप लिया गया भी कहा जाता है।

मानभूम जिले के अन्य जैन पुरातत्त्वावशेषों में से विशेष उल्लेखनीय है पकबीर नामक छोटे से गाँव के जैन मंदिर और मूर्तिशिल्प। यह गाँव बड़ाबाजार से उत्तर-पूर्व में २० मील दूर या पुरुलिया–पूंच सड़क से ३२ मील पर है। यहाँ के पुरातत्त्वों ने सरकार के पुरातत्त्व विभाग का ध्यान आकर्षित किया था। इस विभाग के तात्कालिक अध्यक्ष जे. डी. बेगलर ने आर्चियालॉजिकल सर्वे ऑफ इण्डिया, भाग ८ में पकबीर के पुरातत्त्वावशेषों के विषय में इस प्रकार उल्लेख किया था :—

यहाँ अनेक मंदिर और मूर्तियाँ हैं जो मुख्यतया जैन हैं। बड़े मंदिर के स्थान पर बने एक झोंपडे में मुख्य मुख्य पुरातत्त्व संग्रहीत हैं। इस बड़े मंदिर की नींव आज भी दीख पड़ती है। यहाँ के आकर्षण की मुख्य वस्तु है एक महान् नग्न मूर्ति जिसके पादपीठ पर चिह्नरूप कमल आकीर्ण है। यह मूर्ति ७॥ फुट ऊंची है। इसी के पास और दीवाल के सहारे सहारे और भी अनेक शिल्पाकृतियाँ रखी हैं। दो छोटी मूर्तियों में वृषभ का, एक छोटी अन्य मूर्ति में कमल का चिह्न खुदा है। चारों दिशा में तक्षित किया हुआ एक उत्सर्गित(वोटिव) चैत्य भी है। इसकी चारों दिशा की मूर्तियों के प्रतीक अनुक्रम से सिंह, मृग, वृषभ और मेष सा कोई पशु है। इस चैत्य की प्रमुख मानवाकृति मूर्तियों के ऊपर ही हंस या बतक हार लिये हुए आकीर्णित है। एक दूसरा उत्सर्गित(वोटिव) चैत्य भी वहाँ हैं। इन पुरातत्त्वों के अतिरिक्त और भी पुरातत्त्व वहाँ हों परन्तु उन्हें मैं देख नहीं पाया। जिस मंदिर में यह भीमकाय मूर्ति प्रतिष्ठापित थी वह पश्चिमाभिमुख होगा और वह बहुत बड़ा भी होगा और उसमें सभी आवश्यक भवन और मूल गर्भगृह के सामने सभामण्डप भी रहा होगा।

इसके उत्तर में पाषाण के चार मंदिरों की एक पंक्ति है जिनमें से तीन साबुत और एक का खण्डहर आज भी खड़ा है। ये सब मंदिर एक घुमटी के ही हैं। इनकी डयौढ़ी दो भागों में विभक्त नहीं है। ये और एक ईंटों का बना सुमंदिर जो अभी अभी ही मैंने देखा है, सब मूलतः एक घुमटी के ही होंगे, परन्तु पीछे किसी भी समय इनमें मण्डप भी बना दिए गए होंगे जो सब टूट-फूट गए हैं। इन मंदिरों के सन्मुख भाग ही आज तक पूरेसूरे बचे हैं और इन्हीं से न केवल इतना ही पता लग जाता है कि इनमें मण्डप पीछे से जोड़े गए थे, अपितु यह भी स्पष्ट हो जाता है कि ये मण्डप मूल मंदिरों की भींतों के साथ बांधे नहीं गए थे। इनके जोड़ जहाँ भी वे बचे रह गए हैं, बिलकुल सादे हैं। ये सब मंदिर उत्तराभिमुख हैं।

इस पंक्ति के उत्तर में एक और परन्तु अनियमित पंक्ति मंदिरों की है जिनकी संख्या पांच है। इनमें से दो तो पाषाण के हैं और तीन ईंटों के। ईंटों के मंदिर सब ध्वंस हो गए हैं। पाषाण मंदिरों में भी एक ही समूचा खड़ा है।

इसके भी उत्तर में फिर एक बार मंदिरों की पंक्ति है, तीन पाषाण के और एक ईंट का। परन्तु ये चारों ही ध्वंस हो गए हैं।

इन मंदिरों के अतिरिक्त वहाँ कुछ दड़े या टीबे भी हैं जो किसी बडे मंदिरों के या स्तूपों के भी ध्वंसावशेष हों। कुछ बड़े सरों के अवशेषों में और उनके पड़ोस के कुछ और टीबों में भी जैन परम्परा दिखलाई पड़ती है। यह खेद की बात है कि ये मंदिर एवम् वहाँ बिखरे हुए अन्य पुरातत्त्व सब नष्ट होने दिए जा रहे हैं। इनकी खुदाई जैन संस्कृति के महत्त्वपूर्ण काल को प्रकाश में लानेवाली भी हो सकती है।

पकबीरा गांव में चैत्र के महीने में प्रतिवर्ष एक मेला लगता है। पहले उस मेले में पशुबलि दी जाया करती थी। पिछले कुछ वर्षों से जैनों के अध्यवसाय और प्रेरणा से यह पशुबलि बंद हो गई है। पुरुलिया और रांची के प्रमुख जैनी पकबीरा में जैन मंदिर बनाने और वहाँ के जैन पुरातत्त्वावशेषों की सुरक्षा का प्रयत्न कर रहे हैं! वर्षों की उपेक्षा से हुई कलाविध्वंसकों की लीला के बावजूद भी वहाँ कुछ मूर्तियाँ सुरक्षित दशा में पाई जाती हैं। आज वहाँ तीन मंदिरों के खण्डहर हैं और लगभग २० मूर्तियाँ जो तीन स्थानों में संगृहीत हैं। मंदिर तो भूमि में दब गए हैं, परन्तु उनके शिखर बाहर निकले हुए आज भी दीखते हैं। कितनी ही मूर्तियाँ भी भूमि में आधी दबी पड़ी हैं। एक तो उनमें से ५ हाथ की ऊँची है। यह बाहुबलिजी की मूर्ति है। खेद की बात है कि बाहुबलिजी की इस मूर्ति में एक दरार पड गई है। गाँव के लोग इसकी पूजा आज कल भैरोंनाथ के रूप में करते हैं। बाहुबलि की इस मूर्ति के मस्तकाभिषेक करने का भी प्रबंध किया हुआ है। इस समय तो इस मूर्ति पर तेल, सिंदूर और मालीपन्ना खूब ही बढ़ा है क्योंकि हिन्दू भैरोंनाथ के नाम से इसकी पूजा करते हैं। इन इधर-उधर बिखरी पड़ी मूर्तियाँ में से कितनी ही खड्गासनवाली हैं। इनमें पार्श्वनाथ, महावीर, पद्मावती और ऋषभदेव की मूर्तियाँ भी हैं। ये मूर्तियाँ पुरानी ही दीख पड़ती हैं। कोई-कोई तो उन्हें २००० वर्ष पुरानी भी कहते और मानते हैं। उनका उत्कीर्ण काम अत्युत्तम है और अधिकांश मूर्तियाँ आज पूर्ण और साबुत हैं।

स्पष्ट ही यह पकवीरा गाँव किसी समय जैनों का एक महत्त्व का स्थान रहा होगा। इसके पड़ोस के छोटे छोटे कई गाँव, यद्यपि उन सब के नाम अलग अलग ही थे परन्तु, वे सब आज पकबीरा में सम्मिलित कर दिए हैं और इस तरह उनका स्वतंत्र नाम लुप्त हो गया है। इन छोटे गाँवों में से कुछ उत्कृष्ट तक्षण काम के पाषाण द्वार-स्तम्भ हैं। पड़ोस के पंखा नामक गाँव में चार क्षत-विक्षत मूर्तियाँ हैं जिनमें से एक श्री ऋषभदेवजी की है और उसके पार्श्वों में २४ तीर्थंकरों की मूर्तियाँ खुदी हैं। इसी गाँव में एक और भी दुष्प्राप्य चीज है और वह है एक पाषाण-शिला पर दो हाथ का ऊँचा उत्कीर्णित एक वृक्ष। उसके शीर्ष पर एक बालक बैठा है। वृक्षतल में जो दो मूर्तियाँ हैं वे सम्भवतया उस बालक के मातापिता ही हों ऐसा अनुमान होता है। माता एक शिशु के साथ है (?)। पिता—प्रतीकात्मक मूर्ति—यज्ञोपवीत पहने हैं। इन दोनों के पास ही ७ व्यक्ति और खड़े हैं। इस प्रतीक का सही सही निरूपण करना कठिन है। फिर भी ऐसा लगता है कि यह कदाचित् तीर्थंकर के जन्म का प्रतीक हो।

पड़ोस के गांव, बुधपुर, में भी कितनी ही मूर्तियाँ हैं जिनकी प्रति वर्ष साल में एक दिन पूजा होती है। इनमें से कुछ जैन नमूनों की मूर्तियाँ हैं। कुछ मूर्तियाँ लोग उठा कर ले भी गए कहा जाता है।

दारिका नामक एक दूसरे गाँव में जो कि चेवगांवगढ़ के खण्डहरों से ३ मील पश्चिम-दक्षिण में है, कितने ही प्राचीन ध्वंसावशेष, तालाब, टीबे और कुटियाँ हैं जो सब स्पष्टतया जैन लगती हैं। बेगलर ने यहाँ काले आग्नेय पाषाण की एक जैन मूर्ति देखी थी। वह लिखता है कि 'चन्दनकियारी से आगे के पहले ही गाँव में काले आग्नेय पाषाण की जैन तीर्थंकर की एक मूर्ति है। यह स्वाभाविक पद्मासन मुद्रा में है। इसके पादपीठ पर वृषभ का चिह्न है। यह मूर्ति एक बड़े परन्तु अब सूखे तालाब के तट पर है और यह तालाब मिदनापुर से बनारस जानेवाली पुरानी उस सड़क के पास ही है कि जो चास और पारा के बीच से जाती है।'

मानभूम जिले के सदर मुकाम, पुरुलिया, से लगभग ४ मील दूर के गाँव छारी में प्राचीन मंदिरों के ध्वंसावशेष हैं। इन मंदिरों में से कुछ स्पष्ट ही जैन हैं। उत्सर्गित (वोटिव) चैत्य भी वहाँ अनेक हैं जिन पर जैन तीर्थंकरों की भ्रंशित मूर्तियाँ हैं। कहा जाता है कि छोटे छोटे अनेक अवशेष यहाँ से उस समय हटा लिये गए थे जब कि द्वितीय विश्व महायुद्ध के समय यहाँ पर फौजी छावनी लगी थी।

इस लेखक ने इस गाँव में कुंथुनाथ, चन्द्रप्रभु, धरणेन्द्र-पद्मावती, ऋषभदेव और महावीर की मूर्तियाँ देखी थीं। धर्मस्थान नामक पूजा के स्थान में भी भिन्न भिन्न तीर्थंकरों को अनेक टूटी फूटी मूर्तियाँ और मस्तकों के सुन्दर नमूने उपलब्ध हुए थे। छारी में ५ पाषाण के और १ ईंटों का बना मंदिर था। उनमें से अब दो पाषाण के मंदिर ही अस्तित्व में हैं, परन्तु उनकी भी मूर्तियाँ तो गुम हो ही गई हैं। टूटे मंदिरों के पत्थरों को जैसा कि देश के इस भाग की सामान्य लोकप्रथा है, गाँव के लोगों ने अपने निजी घर बनाने में उपयोग कर लिया है। पड़ोस के गाँव मानग्रह में एक मूर्ति के दो टूटे टुकड़े पाए गए

हैं और एक तीसरा टुकड़ा ईंटों के एक ढ़ेर में से खोज निकाला गया था। तीनों टुकड़ों को जोड़ कर ऋषभदेव की एक सुन्दर मूर्ति वहाँ निकल आई है।

जैन मंदिरों के ध्वंसावशेषों का दूसरा प्रमुख समूह बारा-बाजार से पश्चिम २५ मील दूर डालमी में पाया जाता है। डालमी सुवर्णरेखा नदी के तट पर स्थित एक छोटा सा गाँव है। यहाँ बहुत टीबे हैं–कुछ पाषाण के तो कुछ ईंटों के। बेगलर के अनुसार जैन मंदिर तो प्राचीन नगर के एकदम उत्तरी सिरे पर ही एकान्त भावे हैं। डालमी एक प्राचीन स्थान है।

बेगलर को पूर्ण विश्वास हो गया कि यह क्षेत्र एक समय जैनों के प्राधान्य का केन्द्र था। और वहाँ के जैन प्रभाव का स्थान कालान्तर में हिन्दूधर्म-प्रभाव ने ले लिया था। वह कहता है कि मूर्तियों में से कुछ तो स्पष्टतया जैन हैं और यह बहुत ही सम्भव प्रतीत होता है कि और भी मूर्तियाँ जिनके विषय में कुछ संदेह है, जैन हैं। इसलिए नवीं दसवीं शती ईसवी में यह जैनों का एक प्रमुख स्थान होना चाहिए और ११ वीं सदी के लगभग हिन्दूधर्म उसका उत्तराधिकारी बन गया होगा (बंगाल प्रान्त की यात्रा की प्रतिवेदना, आर्चियालोजिकल सर्वे ऑफ इण्डिया, भाग ८ सन् १८७८)। इस क्षेत्र में दोनों धर्मों का मिश्रण हुआ था इसकी साक्षी यहाँ मिलने-वाले सनातन हिन्दूधर्मी पुरातत्त्वावशेषों से भी मिलती है। यह एक बड़े दुर्भाग्य की बात ही है कि इस स्थान की जैन मूर्तियाँ सब की सब प्रायः लुप्त हो गई हैं।

डालनी से कुछ मील दूर देवली नामक एक छोटा सा गाँव है। यहाँ भी प्राचीन मंदिरों का एक समूह है और वे सब जैन मंदिर थे ऐसा ही लगता है। सब से बड़े मंदिर के गर्भगृह में तीर्थंकर अरनाथ की मूर्ति स्वस्थाने ही विराजमान है। परन्तु हिन्दू सर्वमतगुणग्राहकत्व ने इसे अनेक हिन्दू देवताओं में की एक होना घोषित कर दिया है और इसलिए हिन्दू ही इसकी पूजा अब करते हैं। यह मूर्ति तीन फुट ऊँची है और एक पादपीठ पर आसीन है। पादपीठ पर उत्कीर्णित मृग और शीर्ष पर तीन नग्न मूर्तियों की दोनों ओर दो पंक्तियाँ स्पष्टतः उसके मूलतया जैन होने का विश्वास दिलाती है। मुख्य मंदिर, जो कि आज ध्वस्त दशा में है, में एक गर्भगृह, एक अन्तराल, और एक महामण्डप है। इस मुख्य मंदिर के बाजू में कितने ही छोटे छोटे मंदिर भी हैं। यहाँ से आधा मील दूर एक वृक्ष के नीचे एक नग्न जैन मूर्ति मस्तक पर नागफणी छत्रवाली है। इस क्षेत्र की शोध-खोल अवश्य ही अनेक पुरातत्त्वावशेष प्रकट करेगी यही कहा जा सकता है।

जब बेगलर देवली के निकटवर्ती गाँव सुइस्सा में गया था तब उसने वहाँ बटवृक्ष के नीचे मूर्तियों का एक संग्रह देखा था। उन मूर्तियों के विषय में वह कहता है कि—

"वृक्ष के नीचे संगृहीत मूर्तियाँ जैन और ब्राह्मणीय हैं। उनमें से मुख्य मुख्य नीचे लिखे नामों से" आज प्रसिद्ध हैं :—

मोनसा : सर्पचिह्नवाली एक नग्न जैन मूर्ति।
शिव : वृषभचिह्नवाली नग्न जैन मूर्ति।
शिव : चारों दिशाओं पर चार नग्न आकार मूर्तिवाला एक उत्सर्गित (वोटिव) चैत्य, स्पष्टतः जैन।
शंखचक्र : विष्णु चतुर्भुज की मूर्ति।
पार्वती : सिंह पर बैठी एक स्त्रीमूर्ति।

इनके अतिरिक्त दो और छोटी जैन मूर्तियाँ है... वृक्ष के नीचे एक स्त्री जो साल वृक्ष के नीचे मरुदेवी माता का प्रतीक हो ऐसा मैं मानता हूँ। एक वृक्ष के नीचे दूसरी स्त्री जिसके मस्तक के चारों ओर पाँच बौद्ध या जैन मूर्तियाँ वृक्ष की शाखाओं पर बैठी हैं। प्रत्येक पक्ष की ओर हाथी और घोटकमुख दो मनुष्यों की चार चार पंक्तियाँ हैं। स्त्री मूर्ति के मस्तक के चारों ओर फूलों के गुच्छे और फल लटक रहे हैं (भाग ८, आर्चि. सर्वे ऑफ इंडिया)। फिर वहाँ एक आहता है जिसके चारों कोनों पर चार और केन्द्र में एक मंदिर है। केन्द्रस्थ मंदिर बहुत बड़ा है और उसमें सुन्दर सुन्दर मूर्तियाँ हैं। यह मंदिर निःसंदेह ही प्राचीन है। यह दुःखान्त घटना है कि हमारी उपेक्षा ने कलादस्युओं एवम् कलाविध्वंसकों को उत्साहित किया जिसके फलस्वरूप जो मूर्तियाँ बेगलर ने वहाँ देखी थीं उनमें से कुछ आज उस स्थान पर नहीं हैं।

यह भी द्रष्टव्य है कि मानभूम जिले के भिन्न भिन्न स्थानों में अनेक शिलालेख भी बिखरे पड़े हैं। अभी अभी ही पुरुलिया के ऐतिहासिक प्रतिष्ठान द्वारा इन्हें संग्रह करने और पढ़ने का प्रयत्न किया जाने लगा है। करचा, भवानीपुर, पालमा, अनाई, बौरुडीह, कुम्हरी, कुमारदग, चालियाना, सीमागुण्डा और जैदा गाँवों में जो कि सभी मानभूम सदर में हैं, शिलालेख उपलब्ध हैं।

इन लेखों में से कुछ, विशेषतया करचा, भवानीपुर, पालमा, अनाई और बोरुडीह के लेखों में जैनों का सम्भवतया उल्लेख होगा क्योंकि जहाँ शिलालेख उपलब्ध हुए हैं उन स्थानों में अनेक जैन पुरातत्त्वावशेष भी पाए गए हैं। सब से बड़ा शिलालेख निमिडीह रेल स्टेशन के पास के सीमागुण्डा में पाया गया है और उसमें ६ पंक्तियाँ हैं।

जिन गाँवों का जिक्र बेगलर ने नहीं किया है उनमें भी उस समय स्पष्टतया एकान्तभावे जैन मूर्तियाँ थीं जब कि उसने सारे जिले की यात्रा की थी। इन जैन पुरातत्त्वों में से कुछ आज भी देखे जा सकते हैं हालाँकि उन पर कलादस्युओं द्वारा पर्याप्त आक्रमण किए जा चुके हैं। ऐसे गाँवों में से प्रमुख गाँव करचा है जो कि पुरुलिया से लगभग ६ मील दूर स्थित है। वहाँ अनेक जैन मूर्तियाँ हैं और ५ पुराने टीबे भी जिनकी खुदाई फलप्रद होने की पूरी पूरी सम्भावना है। भवानीपुर में जोकि करचा से पूर्व की ओर एक मील के लगभग दूर है, जैन तीर्थंकर ऋषभनाथ की मूर्ति के पादपीठ पर एक लेख खुदा पाया गया है।

पुरुलिया से पूर्व में लगभग ८ मील दूर के इस भवानीपुर गाँव में जैनों का केन्द्र प्राचीन काल में था। वहाँ की स्पष्ट ही ऋषभनाथकी मूर्ति के दोनों पार्श्वों पर २४ तीर्थंकरों की मूर्तियाँ उत्कीर्णित हैं और उस में चमर कुमारियाँ, धूपकुमारियाँ और यक्षियों की मूर्तियाँ भी स्पष्ट ही हैं। इस प्रमुख मूर्ति के पार्श्व में ही एक वृक्ष के नीचे लेखक ने चक्रेश्वरीदेवी की भी एक छोटी मूर्ति देखी थी। पास के ही दूसरे वृक्ष के नीचे उसी भवानीपुर गाँव में एक मकर जैसे पशु पर आरूढ व्यक्ति की जैन मूर्ति भी मिली है। आरोही पुरुष के एक हाथ में तलवार है और दूसरे में घंटा। इस मूर्ति का यह वाहन पशु श्वान है ऐसा भी कोई कोई कहते हैं। परन्तु कुक्कुरवाहन मूर्ति का जैनों में कोई भी वर्णन उपलब्ध नहीं है। इस वृक्ष के नीचे पद्मावती और धरणेन्द्र की भी एक मूर्ति है। ऐसा लगता है कि यह मूर्ति अपने परिपार्श्व से अलग की हुई है। इस पद्मावती और धरणेन्द्र की मूर्ति को अब हर-पार्वती की मूर्ति का रूप लोगों द्वारा दे दिया गया है।

कसाई नदी पर करचा गाँव से ३ मील दूर पर अनई नाम का एक गाँव है। इस गाँव के आसपास ईंटों के बने प्राचीन मंदिरों के खण्डहर हैं। इनमें से कुछ में टूटी-फूटी मूर्तियाँ भी हैं और कुछ में कोई भी मूर्ति नहीं है। इन जैन मंदिरों में तीस वर्ष पूर्व देखी गई जैन मूर्तियों में से अनेक आज लोप हो गई हैं। लाधुरक के पास का बोरुडीह गाँव पुरुलिया-हूरा सडक के ११ वें मील पर है। इस गांव सें पुरुलिया ऐतिहासिक प्रतिष्ठान को अभी अभी ५ जैन मूर्तियाँ प्राप्त हुई थीं जिनमें से तीन ऋषभदेव, चन्द्रप्रभु और पार्श्वनाथ की थीं जैसा कि उन पर के चिह्नों से स्पष्ट ही प्रतीत होता था। शेष दो २४ वें तीर्थंकर भगवान महावीर की थीं। यह एक अजीब सी ही बात है कि इस गाँव के एक कुए की कोठी के बांधकाम में एक शिलालेख उपयोग में आया हुआ है। इससे यह स्पष्ट हो जाता है कि मूर्तियों और शिलालेखों-वाले शिलाखण्डों का द्विधाशून्यजनों द्वारा निर्मुक्त दुरुपयोग किया जाने लगा था और ललितकला और संस्कृति के ये अवशेष इस प्रकार नष्ट किए जा रहे हैं। कुछ पुरातत्त्वावशेषों पर पाल युग का प्रभाव स्पष्ट ही दीख पडता है।

यह भी द्रष्टव्य योग्य है कि जो विशिष्टता व्यक्तिगत रूप से मुझे इन गाँवों में दीख पड़ी थी वह यह है कि इस क्षेत्र में अनेक धर्म साथ साथ ही प्रचलित रहे थे क्योंकि जैन पुरातत्त्वावशेषों के साथ ही साथ सनातनी हिन्दुओं के, महायानी बौद्धों के ही नहीं अपितु वैष्णवधर्म के चिह्न और अवशेष भी उपलब्ध हुए हैं। ऐसा प्रतीत होता है कि यह क्षेत्र अत्यन्त ही सर्वमतगुणग्राही था और एक के पश्चात् दूसरा धर्म अपनाता ही रहा था। पुरुलिया से १८ मील दूर, बोरम के निकटवर्ती देउरघाट गाँव में अति सुरक्षित दशा में मूर्तियों की श्रेणियों की श्रेणियां अभी अभी उपलब्ध हुई थीं। ये मूर्तियाँ अधिकांशतया बौद्ध हैं। परंतु यह सम्भव लगता है कि इस क्षेत्र की अधिक खोज, पर्यटन और परीक्षण की जाए तो जैन मूर्तियाँ भी मिल जाएँ क्योंकि कितने ही जैन पुरातत्त्वावशेष इस गाँव के एक मील के घेरे में उपलब्ध हो चुके हैं। यह अत्यन्त ही महत्त्व की बात है कि पुरुलिया–हूरा सडक (२१मील) पर जानेवाला आकस्मिक द्रष्टा भी इस सडक पर के प्राय सारेः ही गाँवों में यत्र–तत्र–सर्वत्र जैन मूर्तियाँ पडी देखे बिना नहीं रहेगा। वृक्षों के नीचे, घरों के वराण्डों में जैन मूर्तियाँ बिलकुल ही उपेक्षित रखी हैं।

और कितनी ही हिन्दुओं द्वारा किसी हिन्दू देवता की प्रतीक मानी जा कर उस रूप मे पूजी भी जा रही हैं। बिहार और पश्चिमी बंगाल के नगरों के एवम् पुरुलिया के स्थानीय निवासियों द्वारा अनेक मूर्तियाँ हडप भी ली गई हैं। कितने ही पर्यटक, विशेषतया मोटर पर्यटक, उधर से गुजरते हुए अनेक छोटी छोटी मूर्तियाँ उटा ले गए ऐसा भी कहा जाता है। कुछ को पुजारियों ने अथवा स्थानीय निवासियों ने पाँच पाँच रुपए या ऐसे ही नगण्य मूल्य पर अपनी ही सम्पत्ति समझ कर बेच दिया यह भी कहा जाता है। मानवीय दुराचरण की यह एक अति दुःखद अभिव्यक्ति है कि संस्कृति और कला की प्रतीक ऐसी मूर्तियाँ व्यापार की अथवा लुब्धक कलादस्युओं की शिकार बन जाएँ। इस क्षेत्र के पर्यटनों में इस लेखक को यह सूचना मिली थी कि लाधुरका (पुरुलिया-हूरा सड़क पर का एक बडा गाँव) के आसपास अनेक पुरातत्त्व सड़क के पास ही पूजा के लिए की गई खुदाई में सहज ही जो पाए गए थे उन्हें कुछ व्यक्तियों ने तुरत ही हड़प लिया था।

कत्रासगढ़ जिसका कि महत्त्व कोयले की खानों के कारण इन दिनों बहुत ही बढ़ गया है, एक समय जैन कला और संस्कृति का केन्द्र था। कत्रासगढ़ रेल स्टेशन के दक्षिण की ओर करीब आधा मील दूर, दामोदर नदी के दोनों ओर कई उपेक्षित प्राचीन जैन मूर्तियाँ हैं। स्थानीय सूचनाओं के अनुसार इनमें से कुछ लोप भी हो गई हैं। नदी के दक्षिण में एक बृहद् जैन नग्न मूर्ति और कई छोटी छोटी मूर्तियाँ हैं। वहाँ लगभग १६ मंदिर हैं जिनमें से कुछ जैन मंदिरों के से हैं। इन मंदिरों में से एक में एक लेख भी है और उसकी दो पंक्तियाँ पढ़ी भी जा चुकी हैं। एक पंक्ति में श्रावकों के संरक्षण का उल्लेख है और दूसरी में यह कि मंदिर जैनियों ने बनवाए थे।

दामोदर नदी के तटवर्ती धनबाद जिले के चेचगढ़गाँव में अनेक ध्वंसावशेष और मंदिर हैं। सब से बड़े मंदिर के पास ही और पूर्व दिशा में उपनदी के पश्चिमी तटस्थित एक शिला के ताकरूप उद्गत अंश पर दो पंक्तियाँ लेख रूप लिखी हैं जिनमें से पहली में चिचितागढ़ का और दूसरी में श्रायकी रछवंसिद्र का उल्लेख है। बेगलर ने इस क्षेत्र का भी दौरा किया था और अपनी प्रतिवेदना में उसने निश्चयतापूर्वक लिखा था कि वहाँ जैन या श्रावकी मंदिर थे। भामण्डल सहित बैठी मूर्ति–उत्कीर्णित द्वारपिण्डी इसलिए सम्भवतया जैन मंदिर का ही अवशेष है। परन्तु यह आश्चर्य की ही बात है कि इस क्षेत्र का सब से बड़ मंदिर शैवमंदिर है। यह मंदिर पीछे बनाया गया होगा ऐसा लगता है। इस बड़े मंदिर के कुछ ही पूर्व की ओर इस क्षेत्र के दूसरे बड़े मंदिर के अवशेष हैं। दोनों ही मंदिर मूर्तिशिल्प द्वारा खूब ही सजे हुए हैं। इन मूर्तिशिल्पों में जैन प्रभाव का अभाव नहीं है। यह क्षेत्र एक समय जैन प्रभाव में था ही यह बिलोंजा के आसपास के गाँवों में मिली कुछ जैन मूर्तियों से भले प्रकार प्रमाणित होता है। जब बेगलर ने सन् १८७२–७३ में बिलोंजा की यात्रा की थी उसे वहाँ एक नग्न जैन मूर्ति मिली थी जो कि चेचगाँवगढ़ के ध्वंसावशेषों में से लाई गई कही जाती थी।

आश्चर्यजनक बात तो यह है कि मानभूम जिले में जैन पुरातत्त्व इतनी प्रचुरता में खुले और उपेक्षित देखे जाते हैं। जितनी ही अधिक पूछताछ कोई वहाँ करता है उतने अधिक अवशेषों का उसे पता लगता जाता है। बारभूम परगने का प्रायः अप्रसिद्ध गाँव पबनपुर भी प्राचीन काल में स्पष्टतया ही जैनों का एक महान् केन्द्र था। वहाँ कितने ही ध्वंस मंदिर और टूटेफूटे पुरातत्त्व हैं। इन मंदिरों में से कुछ में उत्कृष्ट तक्षण-काम हुआ हुआ है। पालवंश का प्रभाव इन पर भी स्पष्ट दीख पड़ता है। मंदिर की सभी दिशाओं में तीर्थंकरों की क्षतविक्षत मूर्तियाँ हैं। अनारा रेल स्टेशन से ४ मील दूरस्थ छोटे से गाँव पार में भी कुछ जैन पुरातत्त्व हैं, परन्तु अभी तक इस क्षेत्र में कोई खोज नहीं हुई है। इस क्षेत्र के कुछ पुरातत्त्व कलकत्ता संग्रहालय को भेजे गए थे जो वहाँ सुरक्षित हैं। इनमें ही एक २ फुट ऊँची श्री शांतिनाथजी की खड्गासन की प्रतिमा है। यह प्रतिमा कुछ कुछ क्षत है।

सम्भवतः इसलिए कि जैन मूर्तियाँ जिनमें से अनेक अभी तक भी साबुत हैं, वृक्षों के नीचे अथवा ऐसे स्थानों में जहाँ कि कभी मंदिर होंगे, पड़ी हैं, उनकी ओर किसी ने कोई ध्यान नहीं दिया है। जो मूर्तियों के समूह इस लेखक ने जिले के अनेक स्थानों में उपेक्षित पड़े देखे थे, वे सहज ही यह स्मरण दिलाते हैं कि यदि ये सब किसी खुदाई में पाई गई होतीं तो उनकी उपलब्धि का शोरगुल देश में मच गया होता। परन्तु इन्हें राज्य का कोई भी संरक्षण प्राप्त नहीं होने से ये छूट के साथ निजी गृहों या मंदिरों की भींतों की चुनाई में प्रयोग की जा रही

हैं। जैन धर्म के इस क्षेत्र में विकास का और सनातनी हिन्दू धर्म, शैव धर्म और वैष्णव धर्म से उसके संबंधों की खोज का मानभूम का यह क्षेत्र उपयोगी है। यहाँ कुछ मूर्तियों के पादपीठों पर कितने ही लेख उपलब्ध हुए हैं। ये अभी तक बराबर पढ़े और मनन नहीं किए जा सके हैं। लेखों और मूर्तियों के उचित अध्ययन एवम् जैन संस्कृति के जाने-चीन्हे क्षेत्रों के उत्खनन से देश के इस भाग में पिछले दो हजार वर्षों तक के सांस्कृतिक इतिहास पर पर्याप्त प्रकाश मिल सकता है।

छोटा-नागपूर जिले के जैन पुरातत्त्वावशेषों के विषय में भी कुछ कह देना यहाँ उचित है क्योंकि इस पुस्तिका का लक्ष्य बिहार राज्य के अनेक जैन विस्मृत पुरातत्त्वावशेषों की ओर इतिहासज्ञों, पुरातत्त्वज्ञों, साधारण जनों और विशेषतया जैनों का ध्यान आकर्षित करने का भी है। हजारीबाग जिले की पारसनाथ पहाड़ी का शिखरजी का मंदिर, पटना जिले की पावापुरी एवम् राजगिरि के मंदिर तो सब सुविख्यात हैं। परन्तु इनके अतिरिक्त अनेक पुरातत्त्वावशेष और विशेषतः छोटा-नागपुर जिले के अवशेष एकदम ही उपेक्षित रहे हैं। इस विभाग के प्राचीन स्मारकों की सूची में भी जो कि सरकार द्वारा १८९६ में प्रकाशित हुई थी, यहाँ के अनेक प्रमुख जैन पुरातत्त्वों का नाम तक भी उल्लेख नहीं किया गया है। कुलुहा पहाड़ी का उल्लेख नीचे उद्धृत थोडे से शब्दों में ही समाप्त हो गया है। जिन अवशेषों पर टिप्पण किया गया है, उस टिप्पण में जैन धर्म के प्रभाव का कोई भी उल्लेख नहीं है। कुलुहा पहाड़ी के विषय में लिखा गया है कि :—

"शिलालेख ८वीं से १२वीं शती ईसवी तक के हैं। ये प्रायः एकान्त भावे बौद्धलेख ही हैं। ये सब बहुत ही बुरी दशा में हैं। मूर्तिशिल्प भी इसी युग का है और वह बौद्ध एवम् ब्राह्मणीय दोनों प्रकार का है। यह स्थान प्रायः अज्ञात सा है। यहाँ तक पहुँच भी कठिन है। इसका पर्यवेक्षण भी अच्छी प्रकार से नहीं किया गया है। उचित पर्यवेक्षण आवश्यक है। अवशेषों की वर्तमान स्थिति और भावी संरक्षण के विषय में बस इतना हीं उल्लेख है कि "वे ऋतु प्रहार से नष्ट हो रहे हैं।" इनके संरक्षण पर तो एक शब्द भी नहीं कहा गया है। पारसनाथ पहाड़ी के जैन मंदिरों ने अवश्य ही इस पुस्तक में कुछ विस्तार से स्थान पाया है। वहाँ इस के विषय में उल्लेख है कि :—

"पारसनाथ पहाड़ी की विशिष्ट पवित्रता कि जिसके कारण भारत के दर दर के स्थानों से प्रति वर्ष दस हजार यात्री यहाँ आया करते हैं, इसलिए है कि इस पर चोवीस में से कम से कम दस[1] तीर्थंकरों को कि जो जैनों की पूजा-उपासना के विषय हैं, निर्वाण प्राप्त हुआ था। इनमें से अन्तिम पार्श्व या पार्श्वनाथ से इस पहाड़ी को इसका दूसरा और सुप्रख्यात नाम पारसनाथ पहाड़ी मिला है हालाँकि इसका मूलतः नाम समेत शिखर है।"

"मंदिर जिसमें मूर्ति पर प्रतिष्ठा की प्राचीनतम तिथि है, और जो प्राचीनता के महानतम चिह्न कोई भी नहीं दिखाता है, ईंटों का बना एक अच्छा भवन है। इस पर चूने का पलस्तर ताजा ही हुआ है। इसकी सफेदी प्रति वर्ष होती है। इसमें प्रतिष्ठित मूर्ति के पादपीठ पर के संस्कृत लेख में इसके मंदिर में प्रतिष्ठित किए जाने का सम्वत् लिखा हुआ है, याने ईसवी १७६८।"

मानभूम और सिंहभूम जिलों के अवशेषों को इस सरकारी प्रकाशन में नगण्य स्थान मिला है। डालमी अथवा पालमा के ध्वंसावशेषों के विषय में यह कहा ही नहीं गया है कि ये जैन मूल के हैं। यह बड़े ही दुर्भाग्य की बात है कि पालमा के मंदिरों के खण्डहरों के विषय में उनके जैन होने का उल्लेख ही नहीं किया जाए हालाँकि यह अवश्य ही कहा गया है कि भिन्न भिन्न स्थानों में पाद-पीठों पर खड़ी और छतों पर भी एकदम नग्न पुरुषों की मूर्तियाँ है जिनकी शिरोभूषा मिस्र देश की सी है, भुजाएँ ऐसी लंबी लटकी हुई हैं कि हाथ घुटनों तक पहुँच गए हैं और हथेलियाँ भीतर की ओर हैं। यद्यपि देवली, सुइस्सा और पकबीरा के अवशेषों के विषय में संक्षेप में कहा गया है कि वे जैन मूल के हैं, परंतु बोरम के मंदिर के खण्डहर के विषय में ऐसा नहीं कहा गया है। छर्रा के मंदिर के विषय में अस्पष्ट रूप से यह कहा गया है कि कुछ मंदिर जैन या बौद्ध थे। अनेक भ्रंश मूर्तियोंवाले उत्सर्गित चैत्य जिनकी मूर्तियाँ बुद्ध की हो या जैन तीर्थंकरों की, गाँव में पडे हुए हैं। परन्तु इधर-उधर पड़े हुए मूर्तिशिल्पों से ऐसा लगता है कि अधिकांश ब्राह्मणीय और उसमें भी विशेषतया वैष्णवीय हैं। उनके सम्बन्ध में मात्र यह किम्वदन्ती है कि ये और उस अंचल के कुछ

१. पारसनाथ पहाड़ी पर २० तीर्थंकरो का निर्वाण हुआ हैं १० का नहीं जैसा कि लिखा गया है। (मूल लेखक)

बडे तालाव श्रावकों द्वारा बनाए गए थे कि जिन्हें यहाँ सराक कहा गया है।

यह संकेत करते हुए कि छोटा-नागपुर विभाग के प्राचीन स्मारकों की सन् १८९६ में प्रकाशित सरकारी सूची में जैन मंदिरों और अन्य जैन अवशेषों की सूचना बिलकुल नगण्य एवम् कुछ भ्रामक है, इसके बनानेवालों को इसका दोषी नहीं कहा जा रहा है। सन् १८५७ से पहले की कई सदियों से ही जैन पुरातत्त्वों की उपेक्षा होती रही थी जिससे सहज ही यह समझ में आता है कि बुचानन के यात्राविवरणों अथवा बेगलर के वृत्तान्तों में क्यों इनकी इतनी संक्षिप्त सूचना है।

छोटा-नागपुर जिले में हो या मानभूम, सिंहभूम अथवा अन्य किसी क्षेत्र में सर्वत्र जैन धर्म की कहानी की एक रोचक पृष्ठभूमि है। इसमें कोई भी संदेह नहीं है कि मानभूम और सिंहभूम जिला का भौगोलिक स्थान बिहार से उड़ीसा जाने के राजमार्ग पर होने से ही उनमें जैन धर्म के प्रसार को इतना प्रोत्साहन प्राप्त हुआ था। परन्तु इन क्षेत्रों में इस धर्म के प्रसार का कारण राज्य सहाय भी विशेष रूप से था। राजा बिम्बिसार, राजा खारवेल ही नहीं, परन्तु राष्ट्रकूट एवम् चंदेले राजवंशों के राजा कि जिनने इस क्षेत्र पर राज्य किया था, सभी जैन धर्म के सक्रिय सहायक यदि नहीं थे तो भी वे सब उसके प्रति पूर्ण सहानुभूति रखनेवाले थे ही। और इस सहानुभूति का लाभ इन प्रान्तों में जैन धर्म के प्रसार को अवश्य ही मिला। परन्तु इस विषय में एक दूसरी बात भी कही जाती है और वह यह कि मानभूम में रहनेवाले ब्राह्मणों में एक ऐसा समूह है जो अपने को पच्छिम ब्राह्मण कहता है और ये पच्छिम ब्राह्मण वर्धमान महावीर के कुल के कहे जाते हैं। इस भाग में बसनेवाले आर्यों के ये ब्राह्मण अपने को प्रथम पुरुष मानते हैं। इन ब्राह्मणों ने जैन धर्म के प्रति सहानुभूति रखनेवाले राजाओं और उनके राज्यपालों को उदारता की जैनधर्म प्रसार में पूरा पूरा लाभ उठाया है यह भी संभव है।

तथ्य जो भी हो, परन्तु छोटा-नागपुर विभाग में महावीर के अपने धर्मप्रसार के वैयक्तिक प्रयत्नों के पश्चात् उसका प्रचार पाते रहने की बात समझ में आती है। परन्तु इस विभाग में फिर जैन धर्म का ह्रास किस कारणों से हुआ और विशेष कर उसके मंदिरों व मूर्तियों का नाश कैसे हुआ? इसका विचार किया जाना आज आवश्यक है। क्यों कितनी ही सदियों तक यहाँ जैन प्रायः रहे ही नहीं? इसलिए इतिहासज्ञों के लिए यह एक अति रोचक खोज का विषय है जिसकी ओर उनमें से किसी को प्रगति करना चाहिए और पता लगाना चाहिए कि छोटा-नागपुर जिले में और विशेष कर मानभूम में भिन्न भिन्न धर्मों का विकास और अन्ततः परस्पर मिश्रण कब और कैसे हो गया? ऐसा अनुमान किया जाता है कि राजेन्द्र चोला देव के अभियान में आनेवाले चोला सैनिकों ने इधर आते और बंगाल के महिपाल को पराजित कर लगभग १०२३ ई० में इधर से लौटते समय मानभूम जिले के जैन मंदिरों और मूर्तियों को विध्वंस किया था। यह भी ऐतिहासिक सत्य है कि पाण्ड्य धर्मांध मूर्तिभंजक थे। फिर लिंगायत शैवों के इस प्रान्त में उद्भव और प्राबल्य ने भी यहाँ से जैन धर्म के ह्रास और विनाश में योगदान दिया। इस धर्म का ह्रास उस समय तक प्रायः समाप्त हो चुका था जब कि तेरहवीं सदी ईसवी में मानभूम जिले में अनेक प्राचीन राजपूत कबीले आए और उनने अपने अपने राज्य स्थापित कर लिये। काशीपुर, पटकुम आदि जैसे प्रमुख जमींदार उन्हीं कबीलों में से है। इन कबीलों के साथ ही धर्म के अनेक सम्प्रदाय आए जिनका प्रचलित धर्मों से संघर्ष हो कर मिश्रण हुआ। कुछ समय पश्चात् यहाँ तान्त्रिक महायान शैवधर्म ने अपना अड्डा जमा लिया। परन्तु फिर जल्दी ही मुगल युग के अन्तिम समय में यहाँ ऐसा युग आया कि जब यहाँ ही नहीं अपितु अधिकांश धर्मों ने सारे भारतवर्ष में ही अपना पृथक व्यक्तित्व या हस्ति भुला कर उस परम उदार हिंदूधर्म को जन्म दिया कि जिसने सभी सम्प्रदायों को अपना लिया और आस्तिकों और नास्तिकों के अनेक दलों को अपने में प्रायः आत्मसात कर लिया। पस जैन धर्म भी प्रायः हिन्दू धर्म की छाया में आ गया और उसके तीर्थंकरों की मूर्तियाँ भैरोनाथ, हर-पार्वती आदि आदि नामों से खुले पूजी जाने लगीं। फिर मानभूम और सिंहभूम जिलों में वैष्णव सम्प्रदाय ने अड्डा जमाया। महाप्रभु शिवराम गोस्वामी (आरा-आद्रा के) और उनके दक्षिणी सहयोगी त्रिलोचन गो-स्वामी ने इस मानभूम की धर्म-उर्वर भूमि में वैष्णवधर्म का खूब ही प्रचार-प्रसार किया। इनने पंचकोटराज को जो कि इस जिले का प्रमुख जमींदार या सामन्त था, सन् १८५७ ई. के महान् आन्दोलन के कुछ वर्ष पूर्व ही शाक्तधर्म छुड़ा कर वैष्णवधर्म अंगीकार करा दिया। ये ही कदाचित् कुछ

कारण है कि छोटा-नागपुर के प्राचीन जैन अवशेष जिनमें से कुछ सहस्रों वर्ष प्राचीन भी हैं, यत्र-तत्र-सर्वत्र उपेक्षित बिखरे हुए पडे हैं। जो कारण इस दशा के मानभूम जिले के लिए यहाँ कहे गए हैं हजारीबाग जिले और छोटा-नागपुर के सिंहभूम को भी उतने ही लागू होते हैं। परन्तु ये ही कारण होंगे ऐसा निश्चय से नहीं कहा जा सकता है। ऐसे सम्भव कारणों का आनुमानिक सूचन मात्र ही यहाँ किया गया है और आशा की जाती है इन पर इतिहास अन्वेषक विद्वान अवश्य ही विचार करेंगे।

श्री पी. सी. राय चौधरी, एम. ए., बी. एल., विशेष अधिकारी, बिहार राज्य गजेटीअर संशोधन विभाग, ने अंग्रेजी में "जैनीज़म इन बिहार" नाम की एक पुस्तक सन् १९५६ में लिख कर प्रकाशित की है। उसमें कुल्हा पहाड़ी, मानभूम, सिंहभूम, गया, शाहाबाद, भागलपुर, पटना और मुजफ्फरपुर के जैन पुरातत्त्वों का जिस विशद रीति से वर्णन किया है, ऐसा अब तक कोई प्रकाशित नहीं हुआ। जिस प्रान्त में जैनों के २२ तीर्थंकरों का निर्वाण हुआ, जहाँ २३ ने जैन धर्म का प्रचार किया वहाँ जैन धर्म निःशेष हो जाए, यह प्रत्येक जैन के लिए अवश्य ही विचारणीय है। वहाँ के पुरातत्त्व आज हम जैनों की उपेक्षा से किस प्रकार नष्ट होते जा रहे हैं, इसका इस पुस्तक में भली प्रकार दिग्दर्शन कराया गया है। अब भी समय है कि हम जैन सचेत हों और इन पुरातत्त्वों के संरक्षण के लिए एवम् संग्रह के लिए केन्द्रीय और प्रान्तीय सरकारों को तैयार करें। इसी लक्ष्य से उस अंग्रेजी पुस्तक से 'मानभूम के पुरातत्त्वावशेष' अध्याय का हिन्दी अनुवाद प्रकाशित किया जा रहा है और आशा की जाती है कि जैन संस्कृति और कला के रक्षक साधु और श्रावक दोनों ही को इससे प्रेरणा प्राप्त होगी।

For Your Requirements in

NUTS & BOLTS

Contact :

BHARAT NUTS & BOLTS INDUSTRIES

(In the approved list of Suppliers to the Railways, Government, Port Trust, Municipality etc.)

Manufacturers of

QUALITY NUTS, BOLTS, RIVETS, WIRE NAILS, SPIKES, WASHERS, ETC.

We manufacture

BOLTS : Of all types such as Hex, Head, Round neck, Square head, Round or square neck, snap or cup head with square or round neck, CSK head—square or round neck, cheese head square neck, mushroom head, eye bolts, hook bolts, from ¼" to 1" in dia, and from 1" to 72" in length.

RIVETS : Pan head, snap head, flat head, CSK head, etc. ¼" to 1" in dia and 1" and over in length.

NUTS : Hex and square ⅜" to 1".

WASHERS : From ⅜" to 1", round and square.

S. R. ginning sundry parts : Nos. 4, 12, 14, 20, 22, 31, 32, 32A, 37, 57, 58, 61, 71, 82.

AUTOMOBILE : Bolts with S.A.E. or B.S.F. threads.

Our products are manufactured in accordance with B.S.S., and D.G.S.D. specifications and have been approved by Railways and other Government Departments.

ADDRESS :

Udyognagar, Opp. King Circle Station,

Gram : **"GODIPARAS"** Bombay-22 Phone : **61440**

ARE YOU SUFFERING

FROM

COUGH & COLD ?

★

TRY OUR

BITA PASTILLES

YOU WILL BE CONVINCED

THAT

"NOTHING IS BETTER"

★

MANUFACTURERS :

BOMBAY TABLET MANUFACTURING CO.

175, OLD POST OFFICE LANE
MANGALDAS MARKET
BOMBAY 2

With The Compliments of

The General Tubes Private Ltd.

Specialist in Cast Iron Pipes, Specials & Water Meters.

Pipe Fittings, Mill Gin Stores & Hardware Merchants.

★

142/44, Nagdevi Street,

BOMBAY 3

Phone : 29214 *Telegrams* : GENTUBES

With Best Compliments

of

Federal Book Mfg Depot

23, Mirza Street

BOMBAY 3

WITH BEST COMPLIMENTS

of

Messrs. C. RAMON & Co.

18I, PRINCESS STREET
BOMBAY 2

Telegram
'INDENTMAN'
BOMBAY

TELEPHONE
29339

FOR

GENUINE DISPOSAL TRUCK PARTS

×

Specialists For

DODGE, FORD & CHEVROLET TRUCKS

×

CAN ALSO UNDERTAKE
ALL KINDS OF
FOREIGN ENQUIRIES

×

Please Contact

C. RAMON & CO. LIMITED
29, MUSEUM STREET, LONDON W. C. 1.

CABLE
RAMONCO
LONDON

PHONE
LANGHAM
5169 OR 5160
LONDON

Lord MAHĀVĪRA : An Evaluation

Dr. S. B. Deo
M. A., Ph. D.

It is well over two and a half thousand years that the personality of Lord Mahāvīra illumined the religious horizon of India. And yet with the passage of several centuries, the influence of his teachings, instead of waning, as happened in the case of several others, is on the increase. His name still remains a revered memory and an envigorating spiritual force to thousands of people. What then, is the secret of this everlasting popularity ?

The answer lies in the review of the work done by the Lord during his life-time. With his towering personality, his struggles against various hardships and hence his wisdom arisen out of his own experiences coupled with the zeal of a reformer and the patience of a missionary, he could rise to the occasion.

The two hundred and fifty years which are supposed to have elapsed between Pārśvanātha and Mahāvīra possibly saw, as evidenced by the *Sūtrakritāṅga*, the rise of numerous sects and subsects loosely grouped into several monastic communities. The ritualistic practices in Brahmanism were again coming up to the forefront. The ideas about the superiority by birth and the privileged position of the priestly class were gaining ground. The commanding personality of Pārśvanātha was no more on the scene. Against such a chaotic background Mahāvīra had to work.

He immediately grasped the situation and had the courage to declare—

न वि मुंडिएण समणो, न ओंकारेण बंभणो ।
न मुणी रण्णवासेणं, कुसचीरेण न तावसो ॥

The external appearances are no test. What is really required is the mental purity and the behaviour which would lead to such mental purity and the consequent equanimity. Therefore,

समयाए समणो होई, बंभचेरेण बंभणो ।
नाणेण य मुणी होइ, तवेणं होइ तावसो ॥

Otherwise fake ascetics would take the field. Hence the real brahmin should be—

तवस्सियं किसं दंतं, अवचियमंससोणियं ।
सुव्वयं पत्तनिव्वाणं, तं वयं बूम माहणं ॥

It is the penance and celibacy that make a real brahmin. It is the ideal behaviour which implies non-attachment towards worldly matters that idealises a person.

जहां पोमं जले जायं नोवलिप्पइ वारिणा ।
एवं अलित्तं कामेहिं, तं वयं बूम माहणं ॥

Once this emphasis on actual behaviour, rather than mere sermons on it, was laid bare before the then somewhat demoralised society, Mahāvīra led his attack on the caste system. He had the courage to declare that—

कम्मुणा बंभणो होइ, कम्मुणा होइ खत्तिओ ।
कम्मुणा वइसो होइ, सुद्दो हवइ कम्मुणा ॥

It is the Karman and not the birth that determines the social status of a person. These ideas were revolutionary ideas indeed ! And the receptive intelligent ideological elements in Brahmanism welcomed these ideas. It is significant to note that the gaṇadharas of Lord Mahāvīra were brahmins !

And yet more significant reformist aspect of Mahāvīra life is that he did not simply point the faults of others, and

rest content. With the sweeping grasp of a real reformist, he expanded the cāujjāma dhamma of Pārśvanātha into the pañcajāma dhamma. The addition of the vow of celibacy to the fourfold dharma of Pārśvanātha has been explained in the Uttarādhyayana as follows :

पुरिमा उजुजडा उ वंकजडा य पच्छिमा ।
मज्झिमा उज्जुपन्ना उ तेण धम्मे दुहा कए ॥२३·२६
पुरिमाणं दुव्विसोज्झो उ चरिमाणं दुरणुपालओ ।
कप्पो मज्झिमगाणं तु सुविसोज्झो सुपालओ ॥ २३·२७

Whatever this explanation might mean, Dr. JACOBI rightly points out that there might have been a decay in the morals of the monastic order during the period intervening Pārśva and Mahāvīra. Therefore he thought it fit to put the Jaina church first in order and whatever was helpful for that he advocated boldly, for celibacy was essential to mental purity. Therefore he said—

दुपरिच्चया इमे कामा, नो सुजहा अधीरपुरिसेहिं ।
अह संति सुव्वया साहू; जे तरंति अतरं वणिया वा ॥

For out of sex, attachment comes and attachment indeed is the worst possesssion which a nirgrantha shall never think of.

मुच्छा परिग्गहो वुत्तो...।

What is, however, still more important is that Mahāvīra showed the timely courage to emphasise this most important aspect of monastic life.

So far we have seen how Lord Mahāvīra denounced the caste system and at the same time set right the Jaina monastic order. He kept the doors of his church open to all deserving persons and thus became pioneer in the field of spiritual democracy.

This spiritual democracy was applicable to all irrespective of caste or class. Therefore besides persons belonging to the kshatriyas, brahmaṇas or vaiśyas, even high dignitaries like kings, queens and princes, became the disciples of Mahāvīra. Kings like Seṇiya, Pajjoya, Udāyaṇa, queens like Pabhāvai, Migāvai and others became his devotees. Thus it goes to the credit of Mahāvīra that he channelled the political personalities of his times into the more ennobling field of spiritualism.

In conveying the principles of his system to the people, Lord Mahāvīra had a unique system. He always preferred to preach to the masses in their own language. To his disciples he never prevented them from asking difficulties. The whole of the Bhagavati Sūtra is a remarkable embodiment of the remarkable relation between an inquisitive disciple and a guru who was ever willing to satisfy intelligently his pupils. Clear-cut in his thoughts, Lord Mahāvīra was also clear-cut in his expressions as well. Thus he was an ideal guru. With this essential quality of a spiritual leader, he could, as given in the *Kalpasūtra*, organise around him an astounding number of followers.

It is therefore due to these rare qualities of an ideal reformer, an able organiser, a patronising guru, a convincing debator, a zealous missionary and an upholder of the equality of all human beings, that the name of Lord Mahāvīra still remains and shall ever remain a cherished inspiration to humanity at large.

Jain Tīrthas in Madhyadesha

2. CHANDPUR[1]

Dr. **Klaus Bruhn**
(HAMBURG)

The deserted and dilapidated town of Chandpur in the Jhansi District has lent its name to a group of medieval temples, Hindu and Jain, whose remains are scattered over a wide area near the ruins of the former town. The temples are situated on both sides of the railway track, about three miles to the north of Dhaura Railway Station (Bhopal–Jhansi Line) and midway between Dudahi and Deogadh. As one comes from Bhopal, one will find the Hindu temples to the left and the Jain temples to the right of the rails. Nearby is the small modern village of Jājpur. The Hindu remains include a theriomorph Varāha with an inscription dated saṁvat 1207, an inscribed monolithic pillar, and a fine Nandi bull lying in front of a ruined Śiva temple whose garbhagṛha houses a well-preserved sahasraliṅga. Noteworthy for their artistic merits are the Nandi-bull and most of the numerous slabs built by the Public Works Department into the enclosure wall round the Śiva temple. The Varāhamūrti and the Śiva temple are situated on the banks of an artificial lake. The Jain monuments include the colossal image of a Jina (housed in a closed structure with plain walls), the extant porch of a temple, and numerous slabs out of which we have selected two for a more detailed description. Tradition has it that the Jain temples were built by a Jain merchant "Parah Sah" (Mukherji [see below] p. 32). Almost all the Jain remains are situated within a small fenced compound bordering on the railway track.

Before entering into a discussion of the two pieces reproduced as Figs. 1 and 2, we have to acknowledge that it was Stella Kramrisch who for the first time directed the attention of the art-historians to the sculptural remains of Chandpur. In vol. II of her book on the Hindu Temple, she reproduced two photos (by R. Burnier) from Chandpur, one a partial view of the Nandi-bull (Pl. LVIII), the other a full view of a seated Jina (Pl. LVII)[2]. The credit for the exploration of the site goes again to Cunningham and P. C. Mukherji[3]. We hope that the present contribution helps to elicit some

(1) For the first article (on Dudahi) refer to Jain Yug, November 1958, pp. 29–33. — In footnote 2 (p. 29) of that article read "(purānas etc.)" after "literature.". On p. 32, left column, line 13 from bottom read "executed" instead of "expected". On p. 33, left column, line 9 from top read "received" instead of "receive".

(2) On p. 397 of the Hindu Temple it is stated that Pl. LIV shows an image from Chandpur. Actually the reproduced slab is built into the right outer wall of Jaina temple No. 24 at Deogaṛh.

(3) A. Cunningham : Archaeological Survey of India, Vol. X, p. 96 ff., Calcutta 1880. —P. C. Mukherji : Reports on the Antiquities in the District of Lalitpur, p. 31 ff., Roorkee 1899. — H. Hargreaves : Annual Progress Report of the Superintendent, Hindu and Buddhist Monuments, Northern Circle, for the year ending 31st March 1915, Appendix p. VIII; .... 1916, Appendix p. II.

interest for this solitary place.

The two images to be described here have been kept in the aforesaid Jain compound. The motif represented has so far puzzled all the scholars and no satisfactory explanation has yet been proposed. We have tried to shed some light on the motif in an article on Indian iconography to be published this year in the Deccan College Bulletin. The present investigation is confined to a number of details which have no direct bearing on the problem of identification and which appear only on a limited number of specimens. Since we have no name for the two figures we shall refer to them simply as the "sacred couple".

(Fig. 1) The most interesting features of the first piece are the tree and the relief with the horsemen. The crown of the tree has the shape of two round arches. They consist of lanceolate leaves (forming as it were a garland) with clusters of berries or small fruits. Such "garlands" of lanceolate leaves recur on two representations of the sacred couple as Dalmī and Pākbirā (both in Mānbhūm) respectively[4]; but there the fruits seem to be missing. The trunk of our tree resembles that of a date-palm. We have to explain the tree either as a highly stylized date-palm[5] or as an imaginary tree which has no model in reality but whose constituent elements reflect existing botanical forms[6]. A final solution will only be possible on the basis of a general study of tree-stylizations in Indian art. Friezes with horsemen appear in quite a few cases below the sacred couple, but serial representations of other figures (children etc.) are more common. On an image at Būḍhi Chanderi (kept in the temple in the south-west corner of the dharmshala compound) horse-riders alternate with elephant-riders. On the Pākbirā image mentioned above the bottom frieze shows various scenes with children, including a child riding on a lion. A Gandhāra sculpture in the Peshawar Museum has on the bottom frieze among other children one seated on an unidentified mount[7]. It may be tempting to connect the riders which appear on medieval representations of the sacred couple with the riding children of Hellenistic art. But not only is the distance in time considerable, not only are the motifs different (the medieval images show riding men instead of riding children[8]), we also find no support for this theory in Gandhāra art; there the the children below the sacred couple (appearing here in its Buddhist version) are not shown as riders. The solitary riding child of the Peshawar image on

(4) Jas. Burgess : The Ancient Monuments, Temples and Sculptures of India, Pt. II, Pl. 293 f.

(5) I am indebted to Shri S. K. Chopra (B. Sc. Ag.) for the following information regarding the tree in Fig. 1 : "The tree seems to be a date-palm. (1) The trunk clearly shows persistent leaf-bases which is the most characteristic feature of the date-palm. (2) At least some varieties of the date-palm have a crown which is similar to that represented by our sculptor. (3) The fruits also appear to be of a date-palm (perhaps in an early stage of maturity)."

(6) Normally the tree above the sacred couple is of a very general character and has no relation whatsoever to existing vegetable objects (see Fig. 2). The three cases mentioned above and the tree on a specimen from Vaibhara Hill (Rajgir; see Arch. S. of India, Annual Rep. 1935-36, Pl. XVII, g) are among the exceptions.

(7) Arch. Survey of India, Annual Report 1906–07, Pl. XXXII, c.

(8) In our photograph, some of the riders seem to have a female bosom, but this impression is only due to the peculiar distribution of light and shadow.

Fig. 1

Fig. 2

Jain Image at Chandpur **("SACRED COUPLE")**



चीतोडगढनुं कलामय सतबीसी मंदिर

कॉपीराईट : आर्किओलोजिकल डिपार्टमेन्ट ऑफ इंडिया]

the one hand and of the Pākbirā image on the other are too weak a link to establish a firm connection between the medieval horsemen and the Hellenistic riding children.

The other elements of our image (adorants to the lower left and right, jar-bearers to the left and right of the heads, a seated Jina on the crown of the tree) are common features of medieval mūrtis and have no special connection with our motif. A child climbing the tree is found on a very large number of images of the sacred couple. That the male as well as the female figure carry a tall headdress is not very common but finds a parallel in an image at Khajurāho9. Since all the arms are broken it is impossible to say anything about the attributes in the hands. But the left upper arm of either figure is slightly damaged and it may be inferred that both figures carried in their left hand a child which was partly attached to the upper arm.

Although the piece has no stylistic peculiarities, we think that the tree and the horsemen-frieze display a realism seldom found on such images.

(Fig. 2) The second image is less carefully executed than the first but has also a few features which call for a brief comment. At the height of the heads of the principal figures a miniature-replica of the crown of the tree projects from its trunk. This is only one out of several possible elaborations of the tree of the sacred-couple-motif which may here be discussed in short :

(1) Since the Jina is usually represented under a tree, the artist adds a second crown (smaller than the first) above the crown proper on which the Jina is seated. Iconographically speaking, this second crown is only an appendix to the miniature image of the Jina; but actually it forms a very conspicuous element within the composition. (Small image in Jaina temple No. 31 at Deogaṛh.)

(2) The Jina being normally seated on a lotus, the artist represents a lotus flower—sometimes emerging from a thick stalk—in front of or rather on the crown of the tree. (Image in Jaina temple No. 16 at Deogaṛh.)

(3) A campanulate or bell-shaped member appears immediately below the crown, representing as it were the big lower branches of the tree. (Image on the south-west corner of the great wall at Deogaṛh.)

(4) A miniature-replica of the crown is added immediately below the crown proper, serving as a seat for the Jina. (U. P. Shah, l. c. Fig. 46.)

(5) A miniature crown appears far below the crown proper and serves as a seat for a child. (Our image.)

The seats of the two principal figures are clearly characterized as "moḍhā". In Fig. 1 we find similar round seats, but there they are of a simpler type which is very common in representations of the sacred couple. Moreover the seat of fig. 1 is influenced by the lotus-seat of the Jina : lotus-petals are incised on its upper and lower zone, only the middle zone being plain.

The right foot of the male figure rests on a roughly carved lotus, the right foot of the female touches the ground. In other cases it is the other way round, or both figures place their right foot on the ground, or the lotus is completely absent. The presence of the lotus below the foot of only one of the two figures does not seem to express inequality of rank or any other difference. The artists simply availed themselves of all these four possibilities.

(9) U. P. Shah : Studies in Jaina Art, Banaras 1955, Fig. 45.

Caparisoned horses as they appear on the bottom frieze (first and third horse from the left) are unusual. The motif recurs on a memorial pillar from Terahi, now on the premises of the Gujari Mahal Museum, Fort Gwalior[10]. The unidentified figures on the extreme left and right of the bottom panel have nothing to do with the horsemen. On account of the remaining portions and on account of numerous parallels, we can restore the attributes in the hands of the principal figures as follows :

fruit / child fruit / child[11].

An exact dating of our two images will hardly be possible. Medieval pieces of the same style need not be contemporaneous, and medieval pieces of different style do not necessarily belong to different periods. It seems therefore hazardous to assign on stylistic grounds an accurate date to sculptures of the 10th-11th centuries.

(10) Annual Administration Report of the Archaeological Department Gwalior State for 1934-35, Pl. Vb : left-most pillar, third panel from top.

(11) St. Kramrisch, l. c. Pl. LIV.

Mahāvīra was one of the great teachers of mankind. He was indeed one of those teachers through whom the problem of the perfection of man came to be recognized as the highest problem before progressive humanity. All the rules of religious life which he had enjoined, were intended to be a practical aid to the attainment of perfection of the self. He did not preach to others which he had not practised himself. The goal set before mankind was the blissfulness of the entire being which could not be brought by the wealth and pomp and power of the world. This happy state is to be attained through patience, forbearance, self-denial, forgiveness, humanity, compassion, and consideration, in short, sufferings and sacrifice, love and kindness.

—Dr. B. C. Law

× × ×

Mahāvīra was never indifferent to the well-being of his *Sangha*. He worked strenuously for and took interest in the minutest details of the organization. One is amazed to find in him this rare combination af absolute negation of desires and immense interest in action. Mahāvīra was neither a 'delicate mystic' nor an 'energetic prophet'. He was a thorough-going rationalist who would base his action on his conviction, unmindful of the context of established custom or inherited tradition. This is the keynote of the personality of Lord Mahāvīra.

—Dr. Bool Chand

Opposition to Immorality

Sri Harisatya Bhattacharyya
M.A., B.L., Ph.D.

The influx of the unpsychical forms (Karma) in the soul causes its bondage and makes life an immoral one. This is the crux of Lord Vīra's teaching. Therefore, he took care, not only to describe the manner of the immoral material elements influencing the free nature of the soul (the Āsrava), but also to show the cause of thwarting these immoral forces (the 'Samvara' and the 'Nirjarā') —in other words, the ways of slowly yet successfully, opposing those forces. In fact, this is the central theme of Lord Vīra's teaching and for the matter of that of the Jaina philosophy and ethics.

The soul's bondage to material elements is not a superficial contact with them; so that if the goal of life be the complete emancipation of the self from the thraldom of these foreign influences, —it should never be forgotten that it is not an easy task. The Bandha in one of its aspects is described by the Jainas as the 'Prakṛtibandha', indicating that in the state of bondage, the nature of the self is permeated by the material elements, through and through,—'Pradeśa' by 'Pradeśa', as they call it. The extrication of the self from the foreign forces is necessarily an enormous affair and in the Indian systems of philosophy, its enormity is fully recognised. The Vedic schools assert on the one hand that not a moment passes, in which Karma's or acts are not done and on the other, that one is bound to experience the fruits of those acts. The Karma's and their Fruitions go on multiplying,—making the Mokṣa more and more inattainable. To show, however, that the final eradication of the Karma's, though difficult, is not impossible, the Vedic thinkers draw a distinction between Karma's, to the effect that (1) at a particular moment, some of the Karma's are actually yielding Fruits, (2) some of them are about to do so, (3) some lie in a potential state, and (4) some acts which are being presently done are to bear fruits in suitable future. It is said that the first two modes of the Karma cannot be avoided; their results must be experienced; and a person wanting to attain liberation in the shortest time possible, is only to hasten his experience of their fruitions by having recourse to such practices as the creation of the 'Kāya-Vyūha' or a number of simultaneous bodies, in and through which he finishes his experience of these Karma-fruits within a very short time. The first and the second forms of the Karma's are thus to be done away with, only by enjoying their fruits. As regards the 'potential' Karma's as well as the Karma's that are being presently done, it is believed that their coming to actual fruition may be prevented, nay, destroyed, by moral practices. It is in this way that the final emancipation is said to be realisable, through the eradication of the accumulating and the accumulated Karma's.

The Jaina doctrine of the Karma and the possibility of the eradication of its effects from the soul need not be thought to be very much different from the doctrine of the Vedic school. The Jaina's emphatically assert that Mokṣa is inattainable so long as the least taint of Karma is left in the soul. The first step

towards the realisation of emancipation is the 'Samvara' or the stoppage of the further in-flow of the Karma. Mere stoppage, however, of the further in-flow of the Karma does not yield the Mokṣa; for, there are the Karma-particles, already introduced into the soul. These accumulated Karma's are also to be shaken off, in order that complete emancipation may be attained. This elimination of the accumulated Karma's is necessarily a long and gradual process. At first the accumulatedKarma's are destroyed only partially; this is called the process of 'Nirjarā', by the Jaina's. When all the Karma's are radically removed from the soul, it attains emancipation. The possibility of the annihilation of the Karma's and of the final emancipation, consequent thereon, is thus affirmed by the Jaina's.

To come back to our point. The Samvara, the first step on the way to the moral progress consists in the stoppage of the further in-flow of the Karmic matter. The way of effecting this is of course the avoidance of the acts and attitudes (described before) which call in the Karma-particles. This is Samvara, viewed from a negative standpoint. From the positive and the practical view-point, the Samvara or the stoppage of the further in-flow of the Karmic matter into the soul appears as the effect of the following practices, viz.—

1. The 'Gupti'. This consists in the strict suppression of the 'Yoga' or unstable inclinatory vibrations, set up in the soul by the activities of the mind, the body and speech. The Gupti is of three sorts in as much as the control may relate to either of the three sorts of the vibrations, set up in the soul, respectively by any of those forms of activities of the body, the mind and speech.

2. The 'Samiti'. This is of five modes and means carefulness in the acts of 'Īryā' or walking, 'Bhāṣā' or speaking, 'Eṣanā' or eating, 'Ādāna-nikṣepa' or taking and laying a thing and 'Utsarga' or excreting.

3. The 'Dharma'. The Dharma is a system of good acts or attitudes in their perfect forms, ten in number, which are, —(i) 'Kṣānti' or forgiveness, (ii) Mārdava' or humility, (iii) 'Ārjava' or straightforwardness, (iv) Śauca' or contentment, (v) 'Satya' or truthfulness, (vi) 'Samyama' or self-control, (vii) 'Tapa' or penances, (viii) 'Tyāga' or renunciation, (ix) 'Ākiṁcanya' or non-attachment to what is other than one's self and (x) 'Brahmacarya' or sexual purity.

4. The 'Anuprekṣā'. It consists in meditations of the following twelve facts. (i) The 'Anitya',—that all things are transitory. (ii) The 'Aśaraṇa',—that one's self is helpless except in so far as it can help itself. (iii) The 'Saṁsāra',—that the self is moving through the series of mundane existences, one after the other. (iv) The 'Ekatva'—that none but one's own self reaps the fruits of what it does. (v) The 'Anyatva',—that the external world with its things and phenomena together with all one's body and mind, friends and relations are distinct from his true self. (vi) The 'Aśuci', —that all non-psychical things, including one's own body and even one's own self when connected with Karma-dirt are impure. (vii) The 'Āsrava',—that as a result of the passionate attitude etc., the Karmic matter flows into the self and this causes and continues the series of its unhappy mundane existences. (viii) The 'Samvara',—that the Karmic in-flow can be and should be stopped. (ix) The 'Nirjarā'—that the Karmic matter can be and should be shaken off from the self. (x) The 'Loka',—that the universe is of such and such a nature, extent and form. (xi) The 'Bodhi-

durlabha',—that it is difficult to be possessed of the right faith, the right knowledge and the right conduct. (xii) The 'Dharma-svākhyātattva',—that the right faith, the right knowledge and the right conduct put one on the path to liberation.

5. The 'Parīṣaha-jaya'. This means that one on the moral path must develop a perfectly patient and unperturbed attitude in the midst of the following twenty-two trying circumstances, viz., the 'Kṣut' or hunger; the 'Pipāsā' or thirst; the 'Śīta' or cold; the 'Uṣṇa' or heat; the 'Daṁśa-masaka' or the bites of mosquitoes etc.; the 'Nāgnya' or nakedness; the 'Arati' or languor; the 'Strī' or women; the 'Caryā' or fatigue due to long walking in accordance with the rules laid down in the scriptures or the preceptor's command; the 'Niṣadyā' or a tendency to deviate from the prescribed posture of sitting when in the face of imminent dangers e.g. attacks of lions, snakes etc.; the 'Sayyā' or a liking for comfortable beds; the 'Ākrośa' or abuse; the 'Vadha' or assault; the 'Yācanā' or a tendency to beg, when in need; the 'Alābha' or the attitude of displeasure, when the thing needed is not got; the 'Roga' or diseases; the 'Tṛṇa-sparśa' or contact with thorns; the 'Mala' or dirt and dust; the 'Satkāra-puraskāra' or respect and disrespect; the 'Prajñā' or pride for being possessed of vast knowledge; the 'Ajñāna' or a spirit of despair arising from non-possession of knowledge, even after all efforts for attaining it; the 'Adarśana' or the waning of faith due to non-attainment of some expected supernatural powers.

6. The 'Cāritra'. This refers to a group of five practices, which are,—(1) the 'Sāmāyika,' a positive and active refrainment from all evil things, such as injuring life in any form; (2) the 'Chedopasthāpana,' re-establishment of one's self in the moral life of non-injury after deviation from it; (3) the 'Parihāra-viśuddhi', the development of a stable disposition consisting in a pure spirit of non-violence; (4) the 'Sūkṣma-Sāmparāya', the development of a psychical state in which Kaṣāya's or the passions are deprived of all active force or power of action; (5) the 'Yathā-khyāta' the establishment of one's self in a perfectly passionless state. These five forms of the Cāritra or moral conduct may be arranged in an ascending order, the preceding one leading to the succeeding. Thus, the Sāmāyika is the first stage consisting in turning away from all acts of injuring life. The next stage strengthens it by re-instating the conduct in the practice of non-violence, if for some reason it deviated from it. The Parihāra-viśuddhi is the third stage in which the spirit of non-violence is stable and undislodgeable. In the next stage, the very roots of a violent spirit, the Kaṣāya's are thoroughly enfeebled. The Yathā-khyāta is the last stage in the course of right conduct, in which the passions are completely up-rooted.

The practice of the above six, viz., the Gupti, the Samiti, the Dharma, the Anuprekṣā, the Parisaha-jaya and the Caritra stops the further in-flow of Karma-matter into the self. The practice of 'Tapa' or austerities also is helpful to the prevention of the Āsrava. As we have said already, the mere stoppage of the in-flow of Karma-activities into the self is not, however, sufficient for the realisation of the Mokṣa; for, there are Karma's already accumulated there and without a destruction of these accumulated Karma's, the attainment of the final liberation remains distant still.

'Nirjarā' is the process connected with

this elimination of the accumulated Karma-mass.

The Jaina's point out that the Karma's themselves in due course, fall off from the self after their respective fruits, good or bad, have been fully experienced. In such cases, the operation of the Nirjarā is called the 'Savipāka'. The Savipāka Nirjarā, however, takes a long, long time, making the Mokṣa a far-off attainment, if not an unrealisable one altogether. The other mode of the Nirjarā annihilates the accumulated Karma's without allowing their fruition. This is called the 'Avipāka' Nirjarā, which hastens the attainment of the Mokṣa. The Avipāka Nirjarā involves 'Tapa' or the practice of ascetic austerities. The Tapa thus effects Samvara on the one hand and on the other, culminates in the Nirjarā or the destruction of the accumulated Karma's.

The Tapa's or ascetic practices are either 'Vāhya' or external or 'Ābhyantara' or subjective. There are six such forms of the external practices which are,—the 'Anaśana' or fasting; the 'Avamaudarya' or eating less and less than what one has the appetite for; the 'Vṛtti-parisaṁkhyāna' or acceptance of food from a house-holder, only on certain conditions (which the Tapa-practiser divulges to nobody) being fulfilled; the 'Rasa-parityāga' or giving up daily the use of one or more of the following six delicious fluids, viz., butter, milk, curd, sugar, salt and oil; the 'Vivikta-śayyāsana' or sitting and sleeping in a lonely place which is devoid of all animals; and the 'Kāya-kleśa' or subjecting the body to privations and penances until the mind is disturbed.

The subjective Tapa's also are six in number, which are as follows :—

1. The 'Prāyaścitta' or expiation. Nine forms of expiation which are recognised by the Jaina's are respectively, the 'Ālocana' or confession before the head of the order; the 'Pratikramaṇa' or repentance for the bad acts done; the 'Tadubhaya', i.e., confession combined with repentance; the 'Viveka' or discontinuance of the enjoyment of a much-liked object, e.g. a particular food or drink; the 'Vyutsarga' or unattachment to body; the 'Tapa' or practice of a penance, specially prescribed; the 'Cheda' or degrading a transgressing person before the Order; the 'Parihāra' or expulsion of a trangressor from the Order; and the 'Upasthāpana' or re-admission of the transgressor into the Order after his expulsion therefrom.

2. The 'Vinaya' or reverence. It is of four modes,—relating respectively, to the reverence for the 'Jñāna' or right knowledge, for 'Darśana' or right faith, for 'Cāritra' or right conduct or relating to 'Upacāra' or such reverential acts as bowing, folding of hands, etc, etc.

3. The 'Vaiyāvṛtya' or service. It is of ten forms, in accordance with its being rendered to the 'Ācārya' or the head of the Order of saints, the 'Upādhyāya' or the preceptor, the 'Tapasvī' or a saint practising penances, the 'Śaikṣya' or a student saint, the 'Glāna' or a sick saint, the 'Gawa' or the believers belonging to the same Order, the 'Kula' or the fellow-disciples, the 'Samgha' or the whole Order consisting of the four classes of noble believers* the 'Sadhu's or saints

* These four classes refer either to the 'Ṛṣi's or saints, with superhuman powers, the 'Yati's' or saints, possessed of the power of self-control, the 'Muni's' or saints possessed of clairvoyant and telepathic knowledge and the 'Anagara's' or homeless ascetics,—or to the 'Yatis' or monks' the 'Aryika's' or nuns, the 'Śravaka's' or believing lay men and the 'Śravika's' or believing lay women.

well confirmed and the 'Manojña' or the saints who are very popular.

4. The 'Svādhyāya' or study. It has five aspects, viz., the 'Vācanā' or reading, the 'Pṛcchanā' or questioning, the 'Anuprekṣā' or reflection on what is read, the 'Āmnāya' or retention and recitation and the 'Dharmopadeśa' or teaching.

5. The 'Vyutsarga' or avoidance. It is of two kinds, viz., the avoidance of objects which are unidentified with the self and the avoidance of the subjective feelings of grief etc. and passions.

6. The 'Dhyāna' or contemplation. It consists in confining one's attention exclusively to one object and is said to be of four kinds. viz., the 'Ārta,' the 'Raudra', the 'Dharmya' and the 'Śukla',—of which the last two only lead to Mokṣa.

(i) The Ārta is painful contemplation. It is due either to a contact with some unpleasant object or phenomenon or to a separation from what is pleasant or to an affliction from which one thinks of freeing himself or to an intense expectation for getting in future some wished for objects which are not presently obtained.

(ii) The Raudra consists in a vicious delight in acts of violence, in speaking falsely, in stealing and in preserving things of sensuous enjoyments.

(iii) The Dharmya is four-fold, arising from the 'Vicaya' or contemplation, firstly, of the nature of the scriptural commands as infallible, being the teachings of the Omniscient Lord; secondly, of the ways removing the wrong belief, the wrong knowledge or the wrong conduct of the people; thirdly, of the fruition of the Karma; and lastly, of the nature and the constitution of the universe.

(iv) The Śukla or the pure contemplation also is of four kinds,—rather of four stages of development and perfection. The Śukla concerns itself with the contemplation of the self. To begin with, the self is thought of as a bundle of attributes, each separate from the other. In the next stage, one aspect alone of the self is attended to, in a steadfast manner. The third mode of the Śukla consists in an apprehension of very subtle vibrations within the self, though the self is deeply absorbed in itself. In the last stage, the absorption of the self in itself is complete and the self is apprehended as perfectly steady and unmoved.

This finishes the consideration of the nature of the Samvara which stops the further in-flow of the causes of the soul's bondage,—the Karma-āsrava,—and of the Nirjarā which destroys the Karma-dirt which has already accumulated in the soul. When the Karma's are completely eradicated from the self, so that not a trace of them is left there, the Jīva attains the Mokṣa, the state of liberation which is the 'summum bonum' of a moral life and the ultimate goal of all moral activities.

Ahimsa the Law of Nature

Shri G. C. Dhariwal

Every living being wants to live and live in peace, free from fear of any kind, in a state of *Abhaya*. We can better appreciate such a state of existence, if we compare it with our present state of living surrounded as we are with all sorts of turmoils, fears and worries. A state of existence free from fear, may appear impossible of attainment in the world, but that fact cannot in any way detract from the beauty and the bliss of such an existence if it were possible. If we regard the two sorts of existence as two extremes, there must certainly be intermediate stages. We see around us, that all beings are not miserable or happy to the same degree. We can, therefore, accept the state of complete freedom from fear as an ideal, keeping which in view, we can, step by step, reduce our miseries and increase our happiness. This is a common-sense view of our state of existence and no scriptures need be quoted in support of it.

If you want to live in peace and free from fear, it is natural that you should be surrounded by such an atmosphere of perfect ideal peace and naturally the prerequisite for it is that you should be an object which creates no fear in the mind of others. And, if everybody leads such a life, there would be no misery or unhappiness or fear in this world. But leading such a life presupposes that man is free from those vices which create fear, for example, anger, avarice, greed, hatred, jealousies, etc., which we may call callousness, and possesses the opposite qualities which we may include in the term compassion.

If we accept freedom from fear as an ideal, we must individually and collectively restrain ourselves, if not completely abstain from acts which create or encourage callousness or *Himsa* and do acts which create compassion or *Ahimsa*. Thus *Ahimsa* is a rule of life and a giver of peace and freedom from fear which is a natural desire of every living being, and *Himsa* i. e. callousness in all its forms is just the opposite, the cause of misery, worry, unhappiness, ill-will, enmity between individuals as well as groups of individuals, nations and blocks of nations.

Now, it is easier to get angry than to control anger, easier to hate than to love, easier to be cruel or callous than to be merciful and compassionate. Compassion or *Ahimsa,* the rule of life, requires the control of Self against evil propensities. This should, therefore, be the basis of all education and training. Then only we can expect the world to travel along the path of peace and freedom from fear and not by increasing callousness in the world.

Now let us consider the realities of the world, the actions and reactions of human conduct, and see how the world is moving more and more towards callousness. You try to kill a man. As soon as the other man comes to know of your intention, the fear of death and the instinct of self-preservation creates an urge for self-defence and hatred against you. He comes to the conclusion 'Kill or be killed'. The same feeling arises in you also. Each one of you thinks of nothing else but to kill the other. Callousness increases in both of you. Then both of

you seek allies and the fight between the individuals takes the form of fight between two groups and factions, and the field of callousness becomes wider and wider.

What has been said about killing applies equally to other spheres of human life, e. g., the economic spheres where competition and not co-operation has become the watchword. The basis of the Eastern culture was ' live and let live ', a corollary of *Ahimsa,* while that of the West is 'survival of the fittest or the strongest', i. e. extermination of the weak by the strong. In the one there is co-operation and mutual service; in the other, there is competition and exploitation. One gave rise to village panchayats, joint family system, charkha and village industries and mutual exchange of service; and the other gave rise to big industries, big organisations, trading on human weaknesses, concentration of power and money in a few hands and misuse of power in exploiting the weak individuals and nations. One gave birth to a succession of preachers who preached renunciation, service, selflessness, self-control, compassion, self-sacrifice and humanism. The other gave birth to ever-increasing selfishness, greed, avarice, slavery, colonialism and callousness. The first contained the seeds of peace and the other of wars and the theory of kill or to be killed pervaded all spheres of human life. One forms the basis of Sarvodaya which we may call voluntary socialism, and the other of capitalism, communism and all sorts of socialism which in fact are based on sanction of force in one form or other and create opposition, resistance and ultimately the spirit of 'kill or be killed'.

Thus callousness has entered all the spheres of life, so much so, that even progress has become synonymous with callousness. Look at the progress man has made in the art of fighting. From fighting with blows he progressed to arrows, then to swords and then to gunpowder. Then further progress meant tanks, bombs, bombers and poison gas. From fight between individuals, it became a fight between armies where only the combatants were involved, next step was total war with atom and hydrogen bombs which do not spare even innocent women and children. We are now approaching a stage where nuclear weapons will destroy even innocent neutrals. Human 'progress' may move towards a stage when even planets and their possible inhabitants will not remain safe and even God, who for fear of man has gone into hiding, may find himself not immune from destruction. Is it not an irony that what we boast of as stages of human progress, have their origin in wars ? Whether it be the progress of industrialisation and of machinery or of scientific researches and inventions the incentives have almost always been wars and desires for destruction of others with whatever high-sounding names we may cover our callousness to soothe our conscience. Even wars, it is pretended, are engineered and fought for the preservation of peace. Nations are said to be kept in slavery for their benefit, while in fact they are so for exploitation in the interest of the organised 'civilised' nations. Diplomacy and statesmanship are nothing but synonyms for hypocrisy. Our very ways of living and thinking have so much been imbued with callousness that our very sensitiveness to callousness has become dead and paralysed.

Even a meat-eater shudders to kill a goat but a butcher does not, and a vegetarian will shudder even at the sight of meat. In the butcher the sense of callousness has completely gone, he does not think his action to be callous, while in

the meat-eater it still exists but not in the degree in which it exists in the vegetarian. Repeated acts dull the sense. The same is the case with other acts of the human society. The leaders of the world forget that their policies which guide the world, are only encouraging callousness, with whatever high-sounding name like service of mankind, peace among nations, or progress of sciences, etc., etc., they may call it. It looks as if to hide the hideousness of their crimes, they have invented high-sounding slogans. Colonial nations proclaim that they keep undeveloped nations, under their sway for their good, just as a priest says that he slays a goat before a goddess for the latter's *nirvana*. Powerful nations keep thousands of planes hovering in the sky loaded with nuclear bombs for the proclaimed object of protection of mankind, but in fact to spread fear and callousness. Big industrialists all the world over pretend to work for the service of the consumers and to feed the labour while in fact their real motive is to exploit both as much as they can in their own interests to amass wealth and power.

In every-day life it is a normal thing to notice that the strong bully the weak, the intelligent exploit the simpler people, just as the 'advanced' nations exploit the backward ones. Everywhere the same principle 'kill or be killed' prevails. And yet the statesmen the leaders of mankind talk of peace on earth, while all the time they are propagating this principle of callousness.

It must be clearly understood that it is merely an idle dream to expect peace in this World unless the basic principle that 'every living being is desirous to live a life free from fear of any kind' is fully respected and all acts, policies, the ways of thought and the ways of living of individuals or nations are framed bearing this principle in mind. This means that callousness must be replaced by compassion, *Himsa* by *Ahimsa*, and unless this is done even in every-day acts of life, it is idle to expect the world to change its complexion, howsoever one may swear by co-existence or *Panchasila* or other high principles like the principles of UNO.

Wars start in human mind and not elsewhere and if the human mind is tuned to *Ahimsa* all the world over, there would be no callousness and no wars. But the mind cannot be so tuned merely by chanting the word '*Ahimsa*'. *Ahimsa* has to be practised in word, thought and in daily action by each individual with a conviction that it is a law of nature, breach of which will be avenged by nature and that the imbalance and explosiveness we see in the world is nothing but the vengeance of nature. There is no need to bring in a God or a Supreme Being or any religious commandments or a fear of hell in the next world, for those who commit *Himsa*. *Himsa* has created hell in this very world. What was Hiroshima if not hell? Is this world anything but hell for the poor, the exploited, the residents of the slums, all of which are the results of man's *Himsa* and exploitation and callousness. If man had appreciated this law of nature, viz. *Ahimsa*, there would have been no hell either in this world or the next. This is not a commandment of any God, that may or may not exist, or that may be bribed by prayers and offerings, but it is an immutable law of nature just as the law of gravity is a law of nature, the only difference is that while the latter concerns matter, the former concerns non-matter or soul.

This law has been recognised by the various seers and sages, prophets and preachers of the world. So far as India

is concerned *Ahimsa* has been universally accepted as the highest law or principle—*Ahimsa paramo dharmah*—and it has influenced the culture of India throughout the ages. But the pity is that perhaps, except Mahāvīra amongst the ancients and Gandhiji amongst the moderns, none of the sages have preached its practice in life to the fullest extent. Even Buddha who, next to Mahāvīra, is regarded the biggest apostle of *Ahimsa* and his followers have not abstained from eating meat. Others, while preaching *Ahimsa*, have sanctioned animal sacrifice in the name of religion. When even sages have thus compromised with principles and thus connived at a breach of law of nature, what can be expected from the common ignorant people? They just succumb to temptations and find out all sorts of excuses for their acts. They even go to the extent of bribing Gods or making them co-sharers in the act of killing of animals and on the plea that thereby all their sins will be excused and they will enter heaven. That is how callousness has spread to all spheres of life as we have seen above and the world has reached a stage when it may explode at any moment.

Some of the leaders, notably the Indian leaders, are trying their best to avoid the world catastrophe, but if they want to succeed in their attempts, they should instead of negotiating with the political heads of thc world blocs, approach the world masses and convince them of the truth that *Ahimsa* is a law of nature which can be transgressed only at a peril to the world, and show to the world that they do not mean to pay only lip homage to this law, but mean to live their life according to this law in the minutest detail. Then only they can hope to convert the human mind to the principle of *Ahimsa* and make it impossible for the political leaders to play with the lives of millions of human beings. *Ahimsa* or compassion must be made a living basis of human thought, word and deed, in individual lives, to have any effect on the collective, national or international spheres. Wars can be outmoded only if callousness i. e. *Himsa* is uprooted from the world and this can be possible only if the whole outlook of the world is changed. This cannot be brought about either by slogan-mongering or by resolutions of world bodies or by summit conferences. Practice is always more effective than precept. The thinking peoples, the national and international leaders of various religious groups, must put the principle in practice in the minutest details of their individual lives, then only they can in some generations control and uproot callousness and free the world from the ever-growing threat of destruction. They must know and understand the principle, having living and burning faith in it, and must act upto it.

"I say with conviction that the doctrine for with the name of Lord Mahāvīra is glorified nowadays is the doctrine of Ahimsa. If anyone has practised to the fullest extent and propagated most the doctrine of Ahimsa, it was Lord Mahāvīra."

—Mahatma Gandhi

A PROUD ACHIEVEMENT

Our share in building a better and prosperous nation

We proudly rejoice over the fourfold increase in our production which is now increased to 4,15,000 tons per annum, an achievement made by us within a short period of just nine years of our production career

Shree Digvijay Cement Co. Ltd.,

SIKKA—BOMBAY STATE

Bombay Office : Shree Niwas House, Waudby Road, Bombay 1

With the Best Compliments of

Divecha Glass Works

DECORATIVE MIRRORS & DOOR PANELS

★

Stockists

HARGOVIND DHARAMSI & Co.

New Nagpada Road
BOMBAY 8
Telephone : 75717

35, Mirza Street
BOMBAY 3
Telephone : 39428

SERVICE IS OUR TRADITION

★

KAMANI

IN THE SERVICE OF THE INDUSTRIAL INDIA

Design, Fabrication and Erection of
Transmission Line Towers
Non-ferrous Sheets and Strips for Industrial
and commercial requirements
Copper and Cadmium copper conductors
Electric House Service Meters
Tractmount Road Rollers
ZINC OXIDE
etc., etc.,

★

KAMANI ENGINEERING CORPORATION LTD.
KAMANI METALS & ALLOYS LTD.

Kamani Chambers
Nicol Road
BOMBAY-1

With the Best Compliments

of

SHREE SHAKTI MILLS LTD.

Podar Chambers

Parsi Bazar Street

BOMBAY-1

PHONE: 42884 GRAMS: FLUSHPIPE

CROWN SANITARY SUPPLIERS.

NO. 9 1ST. COOPER STREET, POST BOX. NO 3052
BOMBAY. 3.

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri G. D. Somani, M. P.

LIST OF BRANCHES

Agra

Ahmedabad

Alwar

Bombay

1 Dadabhoy N. Road

2 Kazi Sayed St. Mandvi

3 Kalbadevi Road

4 Dana Bunder

Bangalore

Bharatpur

Bareilly

Bhilwara

Bisalpur

Beawar

Bikaner

Calcutta

Coimbatore

Dausa

Delhi

Fatehpur

Gangapur

Hindaun

Indore

Jaipur

1 Mansing Highway

2 Chand Pole

3 Jauhari Bazar

4 Secretariat

Jhunjhunu

Jodhpur

Jamnagar

Kotah

Kishangarh

Madras

Nawalgarh

Rajkot

Ratlam

Sawaimadhapur

Sikar

Surajgarh

Tirupur

Udaipur

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager



आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी वाडी, गिरगांव, मुंबईमां श्रीमाणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथीप्रकट कर्युं.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

जैन युग

मे १९५०

मूल्य : २५ नये पैसे

तंत्री

सोहनलाल म. कोठारी
बी.ए., बी.कॉम्. (लंडन), ए.सी.ए. (इंग्लंड)

जयंतीलाल र. शाह
बी.ए., बी.कॉम. (लंडन)

卐 જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કળા, સ્થાપત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયોનું ઉત્તમ માસિક 卐

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ का મુખપત્ર

દરેક 1લી તારીખે પ્રગટ થાય છે.

: व्यवस्थापक मंडल :

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डी. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन)

भारतमां वार्षिक लवाजम रूपये २) बे

आ पत्रमां प्रकट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.

★

અનુક્રમ : મે ૧૯૫૯

	પૃષ્ઠ નં.	
એકવીસમા અધિવેશનનો નિર્ણય	૧	
શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ	૪	કાર્યાલય પ્રવૃત્તિ નોંધ
સમાચાર સંકલન	૫	
ભારતીય દાર્શનિક અને યૌગિક પરંપરામાં ગુજરાતના અગ્રણી આચાર્ય શ્રીહરિભદ્રસૂરિનો ફાળો	૭	પંડિત સુખલાલજી
અક્ષતપૂજાનું ફળ	૧૩	શ્રી નવીનચંદ્ર અ. દોશી
महावीर शासनकी विशेषताअें	१३	श्री अगरचंद नाहटा
मध्य देशके जैन तीर्थ-देवगढ़	२१	मूल लेखक : डॉ. क्लाउस ब्रून अनुवादक : श्री तिलक राज चोपड़ा
Causes of Misery	24	Nivagsutta

★

श्री जैन श्वे० कॉन्फरन्स ऑफिस
गोडीजी बिल्डिंग, २०, पायधूनी,
कालबादेवी, मुंबई नं. २

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ કા મુખપત્ર

卐

વર્ષ : જૂનું ૨૦, નવું ૨ 卐 વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૫ 卐 તા. ૧ મે ૧૯૫૯ 卐 અંક ૭

बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥ —षोडशक प्रकरण-हरिभद्रसूरि

વિવેકરહિત અજ્ઞાની બાહ્યવેષને પ્રધાનપણે જુએ છે, કારણ કે વેષમાં જ તેની રુચિ હોય છે. તે દ્વારા તે ધર્મનો નિર્ણય કરે છે. મધ્યમબુદ્ધિવાળો આચરણનો વિચાર કરે છે. એટલે તે આચરણને જ મુખ્યપણે માને છે. પરંતુ વિશિષ્ટ વિવેકસંપન્ન સર્વ પ્રકારના યત્નથી આગમતત્ત્વનો-સિદ્ધાંતના પરમાર્થનો વિચાર કરે છે. માટે આત્મ-તત્ત્વમાં તન્મયતા કરવી એ ચારિત્ર છે.

न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति ॥ —તત્ત્વાર્થભાષ્યકારિકા

હિતકારી શાસ્ત્રનું શ્રવણ કરવાથી બધા શ્રોતાને એકાંતથી ધર્મ થતો નથી, પરંતુ બીજાને ઉપકારબુદ્ધિથી કહેનાર વક્તાને એકાંતથી ધર્મ થાય છે.

卐

એકવીસમા અધિવેશનનો નિર્ણય

કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિએ કૉન્ફરન્સનું એકવીસમું અધિવેશન, આવતા ઑક્ટોબર મહિનામાં કલકત્તા મુકામે ભરવાનો નિર્ણય તા. ૨૧-૩-૧૯૫૯ ના રોજ કર્યો છે. એ વાતની જાહેરાત 'જૈન યુગ'ના ગયા અંકમાં કરવામાં આવી છે. અમે આ નિર્ણયથી હર્ષની લાગણી અનુભવીએ છીએ અને અમને આશા છે કે કૉન્ફરન્સના ચાહકો અને બધા સમાજહિતચિંતકો આ સમાચારને આનંદપૂર્વક વધાવી લેશે.

આ નિર્ણય બે-ત્રણ રીતે મહત્ત્વનો છે : પહેલી વાત તો એ છે કે કૉન્ફરન્સનું વીસમું અધિવેશન સને ૧૯૫૭ના જૂન મહિનામાં મુંબઈમાં મળ્યું ત્યારપછી લગભગ સવાબે વર્ષના ગાળે એકવીસમું અધિવેશન ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

બીજી અને વિશેષ નોંધપાત્ર વાત તો એ છે કે કૉન્ફરન્સનું અઢારમું અધિવેશન મુંબઈ બહાર જૂનાગઢમાં મળ્યા બાદ એનું ઓગણીસમું સુવર્ણજયંતી અધિવેશન વિ. સં. ૨૦૦૮ ની સાલમાં અને વીસમું અધિવેશન વિ. સં. ૨૦૧૩ ની સાલમાં, એમ છેલ્લાં બન્ને અધિવેશનો મુંબઈ મુકામે મળ્યા હતાં; અને આ એકવીસમું અધિવેશન મુંબઈ બહાર ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

કાર્યવાહક સમિતિના આ નિર્ણયનો કલકત્તા શહેરની દૃષ્ટિએ વિચાર કરીએ તો કૉન્ફરન્સનું અગિયારમું

અધિવેશન વિ. સં. ૧૯૭૪ની સાલમાં, શેઠ શ્રી. ખેતસી ખીયસી, જે. પી. ના પ્રમુખપદે કલકત્તામાં મળ્યું, તે બાદ નવ અધિવેશનો બીજે બીજે સ્થળે ભરાયા બાદ, અને બે વીશી કરતાં પણ વધુ વર્ષ–પુરાં એકતાલીસ વર્ષ–વીત્યા બાદ, આ એકવીસમું અધિવેશન મોડામાં મોડું આ વર્ષના છેલ્લા માસ સુધીમાં કલકત્તા શહેરમાં બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, એ વાત તરફ અમે સૌ કોઈનું અને ખાસ કરી મુંબઈ બહારના અને તેમાંય કલકત્તામાંના કૉન્ફરન્સના સભ્યોનું અને ચાહકોનું તેમ જ સમાજ-હિતચિંતકોનું ધ્યાન દોરવાની રજા લઈ એ છીએ.

કૉન્ફરન્સના અધિવેશન માટે છેલ્લા ૮–૯ વર્ષો દરમ્યાન, બહાર ગામનાં નિમંત્રણો ઉમળકાભેર નથી આવતાં, એ કડવી છતાં સત્ય હકીકતનો ઈનકાર કરવાની જરૂર નથી. આમ થવાનાં જેમ કેટલાંક આંતરિક કારણો છે તેમ કેટલાંક બાહ્ય કારણો પણ છે. આંતરિક કારણોમાં વળી જેમ કેટલાંક વ્યક્તિગત કારણો છે, તેમ કેટલાંક સામૂહિક કારણો પણ છે. આનો થોડોક વિચાર કરવા જેવો છે.

વ્યક્તિગત આંતરિક કારણોનો વિચાર કરીએ તો છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન શું શ્રીમંતવર્ગ, શું મધ્યમવર્ગ કે શું મધ્યમથી પણ ઊતરતો વર્ગ, એ બધાયને, કોઈને પોતાના વેપાર-ઉદ્યોગના તો કોઈને પોતાના ધંધા-નોકરીના તો કોઈને પોતાની આજીવિકાના સવાલોને કેમ પહોંચી વળવું એની ચિંતાની એવી તો જાતજાતની ઉપાધિઓ વળગી છે કે એમાંથી તેઓ ભાગ્યે જ ઊંચે આવી શકે છે, અને ચિંતામુક્ત મને સમાજને મૂંઝવતા પ્રશ્નોનો અભ્યાસપૂર્ણ વિચાર કરવાનો અવકાશ મેળવી શકે છે. એમ કહી શકાય કે પોતપોતાની ઊંડી જળોજથામાં કોઈને ઇચ્છા હોય તો પણ આ માટે નિરાંત કે સમય મળતાં જ નથી. આ સ્થિતિમાં જે સમાજહિતચિંતકો પોતાનો જે કંઈ સમય અને શક્તિ આ દિશામાં વાપરતાં હોય એ સાચે જ ધન્યવાદને પાત્ર છે.

આંતરિક સામૂહિક કારણોનો વિચાર કરીએ તો બહારનાં પરિબળો જેમ આપણને એકતા સાધવાની હાકલ કરે છે અને પ્રેરણા આપે છે, તેમ આપણા સમાજની અંદર અત્યારના સમયમાં પણ કેટલાંય એવાં વિભેદક પરિબળો છૂપી અને જાહેર એમ બન્ને રીતે એવું કામ કરી રહ્યાં છે કે જેથી આપણો આખો સમાજ આવી કારમી ભીંસ હોવા છતાં, એકતા અને સંપને પ્રત્યક્ષ કરવાની દિશામાં બહુ આગળ વધી શકતો નથી.

બાહ્ય કારણોની મીમાંસા કરવી હોય તો કહી શકાય કે દેશની પલટાતી સૂરતને કારણે એટલા બધા પ્રશ્નો ચોમેર ઊભા થયા છે; અને એટલા બધા કાયદાઓ ઘડાઈ રહ્યા છે; અને એ બધાની એટલી બધી ચર્ચાઓ છાપાંઓ મારફત અને બીજી રીતે જાગી પડી છે કે એથી આપણું જીવન અને ચિત્ત સાવ સંકુલ બની ગયું છે, અને જાણે બીજા કોઈ પ્રશ્નોની ચર્ચા–વિચારણાને માટે વખત જ બચતો નથી. વળી દેશનું અને દુનિયાનું રાજકારણ જે ઝડપથી પલટો લઈ રહ્યું છે અને દુનિયાના દૂર દૂરના પ્રદેશમાં બનેલી ઘટનાઓ પણ આપણા જીવનના પ્રશ્નો ઉપર જે રીતે અસર પાડવા લાગી છે, તેથી પણ આપણાં ચિત્ત એક જાતનું રોકાણ અનુભવવા લાગ્યાં છે; અને પરિણામે બીજી ખૂબ જરૂરી બાબતો તરફથી પણ આપણું ધ્યાન ચોરાઈ જાય છે.

દેશમાં સ્વરાજ્યનો ઉદય થયા પહેલાં જેમ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જનતાનો એક પ્રકારનો જુસ્સો દેખાતો હતો તેમ સામાજિક–ખાસ કરીને સમાજસુધારાના –પ્રશ્નોમાં પણ જુદા જુદા સમાજોમાં ખૂબ જુસ્સો અને ઉત્સાહ પ્રવર્તતો હતો. ગમે તે કારણ હોય, પણ એ રાષ્ટ્રીય અને સામાજિક બન્ને જુસ્સાઓમાં હવે જાણે ઓટ આવી છે અને બધે શિથિલતા પથરાવા લાગી છે.

આમ છતાં, એ વાત પણ એટલી જ સાચી છે કે, દરેક સમાજ માટે—ખાસ કરીને ઊજળિયાત લેખાતા મધ્યમવર્ગના સમાજો માટે—હવે એવો કપરો કાળ આવી પહોંચ્યો છે, અને વધુ કપરો કાળ આવવાનાં એંધાણ ચોખ્ખાં કળાઈ રહ્યાં છે કે જ્યારે આપણી સમાજ-કલ્યાણની પ્રવૃત્તિને વેગવતી કરવા માટે અને અણીને વખતે સમાજનું સાચું યોગક્ષેમ—સંગોપન-સંવર્ધન—કરવા માટે કૉન્ફરન્સ જેવી સંસ્થાને વિશેષ સાથ અને સહકાર આપીને એને વધારે શક્તિશાળી અને વધારે ગતિશીલ બનાવવી જ પડશે. સમાજને માટે આ પ્રશ્ન બહુ જ અગત્યનો છે અને એ તરફ વધારે વખત ઉદાસીન રહેવાનું આપણને પાલવે એમ નથી.

આનો અર્થ એમ થયો કે, દેશની અને દુનિયાની પલટાતી પરિસ્થિતિ અને ગતિ સાથે સમાજને ગતિશીલ રાખવા માટે સામાજિક પ્રવૃત્તિની અત્યારે પહેલાં કરતાં પણ વધારે જરૂર છે. તેથી કૉન્ફરન્સનું એકવીસમું અધિવેશન કલકત્તામાં મળે, એ બીના એ દિશામાં થોડાંક પગલાં માંડવારૂપ લેખાશે અને આવકારદાયક થઈ પડશે.

આગામી અધિવેશન કલકત્તામાં બોલાવવાનો કાર્યવાહક સમિતિએ કરેલ નિર્ણય આ રીતે આવકારદાયક હોવા છતાં, એ માટે અત્યારથી વધારે પડતા હરખાઇ જવાની પણ જરૂર નથી. કારણ કે છેવટે તો એનું સાચું મૂલ્યાંકન કલકત્તામાં ભેગા મળીને આપણે કેવું કામ કરી બતાવી છીએ, અને એ અધિવેશનને સાચા અર્થમાં કામિયાબ બનાવવામાં કૉન્ફરન્સના જુદા જુદા પ્રદેશના સભ્યો કેવા ઉત્સાહ, ધગશ અને દૂરંદેશીપૂર્વક આત્મભોગ આપી શકે છે, એના ઉપરથી જ થવાનું છે.

આ નિર્ણય અત્યારથી લેવામાં આવ્યો છે એનો એક વિશેષ લાભ એ છે કે આ માટે પૂરતી તૈયારી કરવા માટે આપણને ચાર પાંચ મહિના જેટલો લાંબો સમય મળ્યો છે. આ સમયનો બને બરાબર ઉપયોગ કરી લેવામાં આવે અને કૉન્ફરન્સના કાર્યકરો, સભ્યો અને ચાહકો અત્યારથી જ આ તરફ દત્તચિત્ત બનીને વર્તમાનપત્રો દ્વારા, ભાષણો દ્વારા તેમજ અંદર અંદરની વાતચીતો દ્વારા પ્રચાર કરીને અનુકૂળ વાતાવરણ ઊભું કરે, તો આગામી અધિવેશનને સફળ બનાવવા માટે આપણે ઘણી પૂર્વતૈયારી કરી શકીએ. કલકત્તા શહેરને પણ આ અધિવેશનને યશસ્વી બનાવવા માટે પૂરતો સમય મળી રહે છે, એ કહેવાની જરૂર નથી.

બે એક વર્ષ પહેલાં કૉન્ફરન્સનું વીસમું અધિવેશન મુંબઈમાં મળ્યું. એમાં સૌથી વધારે મહત્ત્વનો ઠરાવ (ઠરાવ ૧૩ મો) એ થયો હતો કે કૉન્ફરન્સનો વહીવટ સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ને હસ્તક હતો, તેના બદલે એ એકવીસ સભ્યોની કાર્યવાહક સમિતિને સોંપવામાં આવ્યો.

આ ફેરફાર કરવાની પાછળનો ઉદ્દેશ એ હતો કે વહીવટીતંત્ર બહુ વિશાળ હોવાને બદલે બને તેટલું મર્યાદિત હોય તો કામનો નિકાલ વધારે ઝડપથી થઇ શકે. એ અને ઘણા બંધારણનિષ્ણાતોના અભિપ્રાયનો અને ઘણા વહીવટી અનુભવ ધરાવનારાઓના અનુભવોનો લાભ લઈને કૉન્ફરન્સના વહીવટી તંત્રને વધુ કાર્યક્ષમ અને ઝડપી બનાવવું. એક અનુભવપૂર્ણ સિદ્ધાંત તરીકે આ બાબત અત્યારે પણ અમને એટલી જ કામની લાગે છે.

આમ છતાં, આપણે જ્યારે થોડાક મહિનાઓમાં મળવાના જ છીએ ત્યારે, જુદી જુદી અગત્યની બાબતો સાથે આ ફેરફારના ગુણદોષની કે લાભાલાભની મુક્તપણે ચર્ચા-વિચારણા કરવામાં આવે એ દરેક રીતે ઇષ્ટ અને આવકારદાયક છે. આ વિચારણાથી આ ફેરફારનું કેવું ધાર્યું પરિણામ આવ્યું એનો તેમ જ આપણી ધારણા મુજબ પરિણામ ન આવ્યું લાગે તો એનાં કારણોનો પણ આપણે કયાસ કાઢી શકીશું, અને એ કયાસના પ્રકાશમાં આગળ કેવી રીતે કામ કરવું એનો પણ નિર્ણય કરી શકીશું.

સમાજને મૂંઝવતા પ્રશ્નોની હારમાળામાં અત્યારે તો દિવસે દિવસે ઉમેરો જ થતો જાય છે. એ સ્થિતિમાં સમાજને યોગ્ય દોરવણી આપવાની આપણી જવાબદારીમાં પણ વધારો થાય, એ સ્વાભાવિક છે. એટલે આગામી અધિવેશનમાં આપણે અનેક પ્રશ્નોની વિચારણા કરીને એ માટેના યોગ્ય અને વ્યવહારૂ ઉપાયો શોધી કાઢવાના રહે છે.

અત્યારના આપણને મૂંઝવતા પ્રશ્નો એવા તો જાણીતા છે કે અહીં એની યાદી આપવાની કે અત્યારે એની ચર્ચા કરવાની જરૂર નથી. અત્યારે તો જે કાંઈ જરૂર છે તે સમય અને શક્તિનો ભોગ આપીને, એ માટે ગંભીરતાપૂર્વક વિચાર કરવાની અને નિષ્ઠાપૂર્વક કામ કરવાની. આગામી અધિવેશન આપણને આ માટે પૂરતી તક આપી રહે એમ છે. આપણે એ તકનો પૂરો લાભ લઈ એ અને કૉન્ફરન્સના આગામી આધવેશનને સફળ બનાવવા અત્યારથી જ કામે લાગીએ, એજ અભ્યર્થના.

卐

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

પ્રભુ શ્રી મહાવીર જન્મકલ્યાણક ઉત્સવ

પ્રભુ શ્રી મહાવીર સ્વામીના જન્મકલ્યાણકની ઉજવણી અંગે આ વર્ષે મંગળવાર તા. ૨૧–૪–૧૯૫૬ના રોજ રથયાત્રા અને મુંબઈના માનનીય રાજ્યપાલ શ્રીપ્રકાશજીના પ્રમુખસ્થાને મુંબાદેવી તળાવના મેદાનમાં જાહેરસભા યોજવા વિચારેલ, પણ " જૈન યુગ "ના ગતાંકમાં જણાવ્યાનુસાર જબલપુરમાં તા. ૧૯–૨–૧૯૫૬ના રોજ સમાજવિરોધી તત્ત્વોએ જૈનોને લૂંટી ભગવાનની પ્રતિમાઓ વગેરે ખંડિત કરી જે ધર્મવિરોધી કૃત્ય કરેલ તેનો વિરોધ દર્શાવવા માત્ર દિલ્હીમાં કે મુંબઈમાં જ નહિ પણ સર્વત્ર તેવી ઉજવણી બંધ રાખવા માટે સોમવાર તા. ૨૦ મી એપ્રિલ ૧૯૫૬ના રોજ કૉન્ફરન્સને શ્રી શ્રેયાંશપ્રસાદજી જૈન (મુંબઈ) દ્વારા અને ત્યારબાદ શ્રી સંયુક્ત જૈન સમાજ, દિલ્હીના તાર મારફતે આગ્રહ થતાં તુરત ચારે ફિરકા અને જીવદયા મંડળીના કાર્યવાહકોની સભા બોલાવી, મુંબઈની જાહેરસભા અને શ્વેતામ્બર અને દિગમ્બર સમાજની રથયાત્રા બંધ રાખવા નિર્ણય કરવામાં આવેલ. આ અંગે તાત્કાલિક હેંડબિલ છપાવી અને જૂદા જૂદા સ્થાનિક વર્તમાનપત્રોમાં ઉત્સવો રદ કર્યાના સમાચારો પ્રકટ કરાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ અંગે જનતાને જે અગવડ થઈ તે બદલ ઉત્સવ યોજનાર ક્ષમા ચાહે છે.

" છાત્રાલયો અને છાત્રવૃત્તિ " નું પ્રકાશન

" છાત્રાલયો અને છાત્રવૃત્તિ " પુસ્તક પ્રકાશન અંગે કૉન્ફરન્સના કાર્યને દરેક સંસ્થાનો સહકાર મળ્યો છે અને તેને લગતી બધી માહિતી એકત્ર થઈ ચુકી છે. મુદ્રણકાર્ય પણ અમદાવાદમાં શરૂ કરવામાં આવેલ છે. આ પુસ્તક તા. ૧૫ મે, ૧૯૫૯ સુધીમાં કૉન્ફરન્સ તરફથી પ્રગટ થઈ જશે. પુસ્તકની કિંમત ૫૦ નવા પૈસા (પોસ્ટેજ અલગ) રાખવામાં આવેલ છે. કૉન્ફરન્સ કાર્યાલયમાંથી તે પ્રાપ્ત થઈ શકશે.

શ્રાવક-શ્રા. ઉ. મુંબઈ સમિતિ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ મુંબઈ સમિતિના કાર્યવાહકો (પ્રમુખ અને મંત્રી તથા સભ્યો) સાથે ઉદ્યોગગૃહની પ્રવૃત્તિના વિકાસ અને ગ્રાંટ અંગે તા. ૧૭–૪–૧૯૫૬ના રોજ કૉન્ફરન્સના મુખ્ય મંત્રીઓએ કૉન્ફરન્સ કાર્યાલયમાં અવિધિસર રીતે કેટલીક સંતોષકારક વિચારણા કરી હતી.

સ્વર્ગસ્થ આગેવાનો

કૉન્ફરન્સની પ્રવૃત્તિને અપનાવનાર જુનાગઢનિવાસી ડૉ. પ્રભુદાસભાઈ ત્રિ. શાહના વઢવાણમાં તા. ૨૨–૩–૫૬ના રોજ થયેલ સ્વર્ગવાસની દુઃખ સાથે નોંધ લઈએ છીએ.

કૉન્ફરન્સના ભૂતપૂર્વ ટ્રસ્ટી અને તેના કાર્યમાં ઓતપ્રોત થઈ ભાગ લેનાર લિંબડીનિવાસી શ્રી ભીખાભાઈ ભુદરદાસ કોઠારીના મુંબઈમાં તા. ૧–૪–૧૯૫૬ના રોજ થયેલ સ્વર્ગવાસથી સમાજને એક સહૃદયી કાર્યકરની ખોટ પડી છે. શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂર્તિ સંઘ વગેરેના ઉપક્રમે શ્રી નમીનાથજી દેરાસરના ઉપાશ્રયમાં શનિવાર તા. ૨૫–૪–૧૯૫૬ના રોજ શ્રી છગનલાલ ડુંગરશી સલોતના પ્રમુખપદે જાહેરસભા મળી હતી, જે સમયે શ્રી શાંતિલાલ એમ. શાહ અને શ્રી જેસંગલાલ સુંદરજીએ સ્વર્ગસ્થની ધાર્મિક, સામાજિક અને વ્યાપારી ક્ષેત્રની સેવાઓ બદલ અંજલિ અર્પી હતી. પ્રમુખસ્થાનેથી શોકપ્રદર્શક ઠરાવ રજૂ થતાં ઊભા થઈ ને પસાર કરવામાં આવ્યો હતો.

બોડેલી સમિતિને ગ્રાંટ

કૉન્ફરન્સના શ્રી શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ ફંડમાંથી સંવત ૨૦૧૫ના ચાલુ વર્ષ માટે હાલ તુરત ગત વર્ષની ગ્રાંટના ધોરણે એડવાન્સ ગ્રાંટરૂપ રૂા. ૧૫૦૦) પંદરસો કૉન્ફરન્સ તરફથી આપવામાં આવ્યા છે.

સ મા ચા ર સં ક લ ન

જૈન સંઘને પ્રતિમાજી સોંપાયા

પાટણવાવ નજીકના ડુંગરની તળેટીમાંથી ગયા વર્ષે નીકળેલા પ્રભુ શ્રી પાર્શ્વનાથસ્વામીની પ્રતિમાજી રાજકોટ જૈન સંઘને સોંપવામાં આવ્યા છે. આ પ્રતિમાજી રાજકોટ જૈન દેરાસરમાં બિરાજમાન કરવામાં આવેલ છે. આ અંગે શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી પણ કેટલીક કાર્યવાહી કરવામાં આવેલી હતી.

સ્વયંસેવક પરિષદની આગામી બેઠક

અ. ભા. જૈન સ્વયંસેવક પરિષદની આગામી બેઠક બોડેલીમાં તા. ૧૪, ૧૫ મે ૧૯૫૯ના દિવસોના રોજ મળનાર છે.

ચોખા અને તેની વાનીઓ વગેરે

મુંબઈ સરકારે શ્રી મહાવીર જન્મકલ્યાણકના શુભ દિવસે (૨૧–૪–૧૯૫૯) ચોખા અને તેની વાનીઓના કંટ્રોલ ઑર્ડરમાંથી મુક્તિ આપવાના નિર્ણયને મુંબઈની જૈન જનતાએ આવકાર્યો હતો.

મધ્ય પ્રદેશ સરકારના ઑર્ડર નં. ૫–૧૨–એલ–એ ૭૬૮૧૫૪ તા. ૨૪–૩–૧૯૫૯ અનુસાર ઈન્દોરમાં શ્રી મહાવીર જયંતીના દિવસે કતલખાનાં બંધ રખાયાં હતાં.

દિલ્હી–રૂપનગરમાં નવીન જિનાલય

હિંદના ભાગલા થતાં પાકિસ્તાન વિભાગના કેટલાક સ્થળોના જૈન શ્વે. મૂર્તિ. કુટુંબો રૂપનગર દિલ્હીમાં આવી વસ્યાં હતાં. તેઓના તથા આજુબાજુના જૈનો માટે જિનાલયની અત્યંત આવશ્યકતા જણાતાં નૂતન જિનાલય નિર્માણ કરવાનું કાર્ય શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈની આજ્ઞાનુસાર હાથ ધરવામાં આવ્યું છે. આ જિનાલય નિર્માણ માટે રૂપનગર સંઘ દિલ્હી તરફથી નાણાકીય સહાયતા પ્રદાન કરવા અપીલ થઈ છે. ઠે. શ્રી આત્માનંદ જૈન સભા, ૨/૭૮, રૂપનગર, દિલ્હી નં. ૬.

ન્યુ દિલ્હીમાં 'વિશ્રામગૃહ'

અ. ભા. જૈન શ્વે. સ્થાનકવાસી કૉન્ફરન્સ ભવનની સાથે ન્યુ દિલ્હીમાં 'વિશ્રામગૃહ'ની વ્યવસ્થા રાખવામાં આવી છે. અહીં ઊતરવાની સાથે ભોજનની સગવડતા રખાઈ છે. આઠ દિવસ રહી શકાય છે અને જૈનો માટે પ્રતિદિવસના રૂા. ૩) મુજબ ચાર્જ રાખવામાં આવેલ છે. ઠે : અ. ભા. શ્વે. સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ, ૧૨, લેડીહાર્ડિંજ રોડ, ન્યુ દિલ્હી.

અવધાન પ્રયોગ

વડોદરામાં શ્રી મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ પ્રસંગે ડૉ. પન્નાલાલ મણિલાલ વૈદ્ય, એમ. ડી.ના પ્રમુખસ્થાને તા. ૨૧–૪–૧૯૫૯ના રોજ શ્રીયુત ધીરજલાલ ટોકરશી શાહે શ્રુતપ્રજ્ઞા અને પુસ્તકની મનોગતવાચના વગેરેના અનેક વિસ્મયકારક અવધાનપ્રયોગો રજૂ કર્યા હતા.

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા

ઓરિસામાં ભુવનેશ્વર ખાતે મળનાર આગામી ઈન્ડીઅન ઓરિયેન્ટલ કૉન્ફરન્સના પ્રાકૃત ભાષા અને જૈન ધર્મ વિભાગના અધ્યક્ષ તરીકે ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ., પીએચ. ડી. ની વરણી થયેલ છે.

શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગને સ્પર્શતા સમાચાર તા. ૨૦મી સુધીમાં દર મહિને નીચે જણાવેલ સરનામે મોકલવા નિમંત્રણ છે. આ સમાચાર ટૂંકા અને મુદ્દાસરના સ્પષ્ટ હસ્તાક્ષરમાં શાહીથી લખેલા હોવા જોઈએ. સમાચાર મોકલનારે પોતાનું પૂરું નામ, સરનામું જણાવવું જરૂરી છે.

તંત્રીઓ, "જૈનયુગ"
C/o શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ
ગોડીજી બિલ્ડીંગ; ૨૦, પાયધુની, મુંબઈ ૨



'Diamond'

PURE GOLD BARS

OF

MANILAL CHIMANLAL & CO.

AVAILABLE IN 5, 1, 1/2 & 1/4 TOLA

WE BUY OLD GOLD AND SILVER ORNAMENTS AND OTHER ARTICLES

MANILAL CHIMANLAL & CO.

188, SHROFF BAZAR, BOMBAY 2.

PHONE: 20898

GRAM: "KANAJAN"

સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન ઍસોસિએશન લિ. મુંબઈ – ૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લેબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
ઍન્ડ ઍસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ – ૩. તાર : ARGOR

ભારતીય દાર્શનિક અને યૌગિક પરંપરામાં ગુજરાતના અગ્રણી આચાર્ય શ્રીહરિભદ્રસૂરિનો ફાળો*

પંડિત સુખલાલજી

બહુશ્રુત, ઇતિહાસકોવિદ્, એવા બ્રાહ્મણવૃત્તિના શ્રી દુર્ગાશંકરભાઇએ 'ભારતીય સંસ્કારોનું ગુજરાતમાં અવતરણ' એ વિષય ઉપર આપેલાં ઉદાત્ત પાંચ ભાષણો સાંભળતો હતો ત્યારે જ મનમાં વિચાર આવ્યો કે શું ગુજરાતે ભારતીય સંસ્કારોનું માત્ર અવતરણ જ ઝીલ્યું છે કે અવતરણ ઝીલી, આત્મસાત્ કરી, પચાવી પોતાની વિશિષ્ટ પ્રતિભા અને પરંપરાને બળે એ અવતરણને કોઈ અપૂર્વ કહી શકાય એવો આકાર પણ આપ્યો છે, કે જે આકાર ભારતીય સંસ્કારોમાં એક મનોરમ અને નવી ભાત પાડે. આ વિચારથી જ્યારે હું મારા પરિશીલનનું પ્રત્યવેક્ષણ અથવા પુનરાવલોકન કરવા પ્રેરાયો ત્યારે મારા માનસપટ ઉપર ગુજરાતમાં થયેલી એવી કેટલી યે વિભૂતિઓ અંકિત થઇ ગઇ, પણ આજે તો મેં એ વિભૂતિઓમાંથી એકને જ પસંદ કરેલ છે. તે એક વિભૂતિ એટલે યાકિનીસૂનુ આચાર્ય હરિભદ્ર.

પ્રાચીન ગુજરાતે જન્માવેલ, પોષેલ અને વિદ્યાનાં વિવિધ ક્ષેત્રો ખેડવાની તક આપેલ એવી આ વિભૂતિ છેલ્લાં લગભગ દોઢસો વર્ષ પહેલાં તો માત્ર જૈન પરંપરામાં જ જાણીતી હતી. હું જાણું છું ત્યાં સુધી આચાર્ય હરિભદ્ર વિષે એ કાળમાં જૈનપરંપરા સિવાય બીજું કોઇ જાણતું હોય તો તે 'ललिता सहस्र नाम' ગ્રંથના ભાષ્યકાર ભાસ્કરાચાર્ય એક જ. ભાસ્કરાચાર્ય મૂળે કર્ણાટકનિવાસી, તે કાશીમાં આવીને રહેલા. એમણે ગુજરાતના સૂરત શહેર નિવાસી પ્રકાશાનન્દ નામના ઉપાસના માર્ગના આચાર્ય પાસે પૂર્વાભિષેક દીક્ષા લીધેલી. ભાસ્કરાચાર્ય વિક્રમના અઢારમા સૈકામાં થયેલા છે. તેમણે પોતાના એ "સૌભાગ્ય ભાસ્કર" નામના ભાષ્યમાં

प्रभावती प्रभारुपा प्रसिद्धा परमेश्वरी ।
मूलप्रकृतिरव्यक्ता व्यक्ताव्यक्त स्वरुपिणी ॥

એ પદ્યની વ્યાખ્યા કરતાં આચાર્ય હરિભદ્રના ધર્મસંગ્રહણી નામક પ્રાકૃત ગ્રંથની એક ગાથા પ્રમાણરૂપે ટાંકી છે. નવાઈ જેવું તો એ છે કે શ્વેતાંબર સિવાયના બીજા જૈન ફિરકાઓ સુદ્ધાં જ્યારે હરિભદ્ર જેવા પ્રતિભાસંપન્ન વિદ્વાનની કૃતિઓ વિષે સાવ મૌન દેખાય છે, ત્યારે એક કર્ણાટકનિવાસી અને કાશીવાસી પ્રકાંડ પંડિત ભાસ્કરાચાર્ય ધ્યાન હરિભદ્રના ગ્રંથ તરફ જાય છે અને તે મૂળ ગ્રંથ પણ સંસ્કૃત નહીં પણ પ્રાકૃત. આવા પ્રાકૃત ગ્રંથ તરફ એક દૂરવર્તી વૈદિક વિદ્વાનનું ધ્યાન જાય અને તે પણ એક દાર્શનિક મુદ્દાને લક્ષીને, ત્યારે એમ માનવું રહ્યું કે આચાર્ય હરિભદ્ર એ બીજી રીતે ભલે અજ્ઞાન જેવા રહ્યા હોય છતાં એમની કૃતિ અને તેમના વિચારોમાં બહુશ્રુત વિદ્વાનોને આકર્ષવા જેટલું સામર્થ્ય તો છે જ.

સાહિત્યના અનન્ય વિદ્વાન

યાકોબી લૉય મેન, વિન્ટરનિત્સ સુવાલી અને શુબ્રિંગ આદિ અનેક વિદ્વાનોએ જુદે જુદે પ્રસંગે આચાર્ય હરિભદ્રના ગ્રંથો અને જીવન વિષે ચર્ચા કરી. યાકોબી લૉયમેન, શુબ્રિંગ સુવાલી આદિ વિદ્વાનોએ તો હરિભદ્રના જુદા જુદા ગ્રંથોનું સંપાદન કર્યું એટલું જ નહિ પણ તેમાંથી કોઈ કોઈએ એમના ખાસ ગ્રંથોનું ભાષાંતર પણ કર્યું. આ રીતે હરિભદ્ર જર્મન, અંગ્રેજી આદિ પાશ્ચાત્ય ભાષાઓ જાણનાર વિદ્વાનોના ધ્યાન ઉપર એક વિશિષ્ટ વિદ્વાન તરીકે ઉપસ્થિત થયા. બીજી બાજુ પાશ્ચાત્ય સંશોધન દૃષ્ટિનાં જે આન્દોલનો ભારતમાં

* છેલ્લા ફેબ્રુઆરી માસમાં પંડિત સુખલાલજીએ મુંબઇ યુનિવર્સિટીને આશ્રયે ૧૯૫૭-૫૮ની હંસ્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાનાં પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતા. તેનો શ્રી કૃષ્ણવીર દીક્ષિતે તૈયાર કરેલો સાર અહીં રજૂ કરવામાં આવ્યો છે.

ઊહ્યાં તેને લીધે પણ હરિભદ્ર વધારે પ્રકાશમાં આવ્યા. ઓગણીસમી સદીના ચોથા પાદમાં સાક્ષરશિરોમણિ મણિલાલ નભુભાઇનું ધ્યાન આચાર્ય હરિભદ્રના ગ્રંથો ભણી ગયું. એ પુરુષાર્થી વિદ્વાને હરિભદ્રના જે ગ્રંથો હાથ લાગ્યા અને જે એમની મર્યાદા હતી તદનુસાર તેમાંથી ખાસ ખાસ ગ્રંથોનાં ગુજરાતી ભાષાંતરો પણ કર્યાં. આ રીતે જોઇએ છીએ તો નવા યુગને પ્રભાવે આચાર્ય હરિભદ્ર એ માત્ર કોઇ એક ધર્મપરંપરાના વિદ્વાન ન રહેતાં સાહિત્યના અનન્ય વિદ્વાન અને ઉપાસક લેખે વિદ્વાનોમાં સ્થાન પામ્યા.

હરિભદ્રના જીવનને લગતી માહિતી આપનાર ગ્રંથોમાં વધારે પ્રાચીન લેખાતી ભદ્રેશ્વરની અદ્યાપિ અમુદ્રિત "કહાવલી" નામની પ્રાકૃત કૃતિ છે. તેનો રચનાસમય નિશ્ચિત નથી, પણ ઐતિહાસિક વિચારકો એ કૃતિને વિક્રમના દશમા સૈકાની આસપાસ મૂકે છે. એમાં આચાર્ય હરિભદ્રના જન્મસ્થાન તરીકે "પિવંગુઇ બભપુણી" એવો ઉલ્લેખ વંચાય છે, જ્યારે ઇતર ગ્રંથોમાં એમના જન્મસ્થાન તરીકે ચિતોડચિત્રકૂટ સૂચિત છે. આ બે નિર્દેશો જુદા હોવા છતાં વસ્તુતઃ એમાં ખાસ વિરોધ જેવું નથી લાગતું. 'પિવંગુઇ' એવું મૂળ નામ શુદ્ધ રૂપમાં સચવાઈ રહ્યું હોય કે કાંઇક વિકૃત રૂપે પ્રાપ્ત થયું હોય એ કહેવું કઠણ છે, પણ એની સાથે 'બભપુણી' એવો જે ઉલ્લેખ છે તે 'બ્રહ્મપુરી'નું જ વિકૃત લખાણ છે. આ રીતે એ બ્રહ્મપુરી કોઇ નાનું ગામ હોય, કસબો હોય કે કોઇ નગર-નગરીનો એક ભાગ હોય તોય તે ચિતોડની આસપાસ હશે.

જ્ઞાતિએ બ્રાહ્મણ

હરિભદ્રના માતાપિતાનું નામ માત્ર 'કહાવલી'માં મળે છે. માતાનું નામ ગંગા અને પિતાનું નામ શંકર ભટ્ટ છે. ભટ્ટ શબ્દ જ સૂચવે છે કે તે જ્ઞાતિએ બ્રાહ્મણ છે. ગણધર સાર્ધ શતકની સુમતિગણિકૃત વૃત્તિ (રચના સં. ૧૨૯૫) માં તો હરિભદ્રનો બ્રાહ્મણ તરીકે સ્પષ્ટ નિર્દેશ છે જ. જ્યારે પ્રભાવક ચરિત્રમાં એમને રાજાના પુરોહિત કહ્યા છે. સાર એ છે કે તે જન્મે બ્રાહ્મણ હતા. જો બ્રહ્મપુરી નામ વિષેની કલ્પના સાચી હોય તો હરિભદ્ર બ્રાહ્મણ હોવાની માન્યતાને એનાથી વધારે પુષ્ટિ મળે છે.

તેમનો સમય

હરિભદ્રના સમયનો પ્રશ્ન વિવાદાસ્પદ હતો. પ્રાચીન ઉલ્લેખો પ્રમાણે મનાતું આવતું કે હરિભદ્ર વિક્રમ સંવત ૫૮૫ માં સ્વર્ગવાસી થયા, પણ આ મુદ્દા પરત્વે છેવટનો નિર્ણય શ્રી જિનવિજયજીના તે વિશેના ઈ.સ. ૧૯૧૯ની ઓરિયેન્ટલ કૉન્ફરન્સમાં વંચાયેલા હરિભદ્રાચાર્યસ્ય સમય નિર્ણય : નામક નિબંધે કરી નાખ્યો છે. એ નિર્ણયાનુસાર હરિભદ્રનો જીવનકાળ લગભગ વિ. સં. ૭૫૭થી ૮૨૭ સુધીનો અંકાય છે.

હરિભદ્રે નાની ઉંમરથી વિદ્યાભ્યાસ કયાં અને કોની પાસે કર્યો એવો કોઈ નિર્દેશ છે જ નહિ, પણ એમ લાગે છે કે તેઓ જન્મે બ્રાહ્મણ હતા અને બ્રાહ્મણપરંપરામાં યજ્ઞોપવીત સમયથી જ વિદ્યાભ્યાસનો પ્રારંભ મુખ્ય કર્તવ્ય લેખાતું. તેમણે પોતાનો વિદ્યાભ્યાસ પ્રાચીન બ્રાહ્મણ-પરંપરા પ્રમાણે સંસ્કૃત ભાષાથી શરૂ કરેલો. તેમણે કોઈ ને કોઈ બ્રાહ્મણ વિદ્યાગુરુઓ પાસેથી વ્યાકરણ, સાહિત્યદર્શન અને ધર્મશાસ્ત્ર અદિ સંસ્કૃતપ્રધાન વિદ્યાઓનું પાકે પાયે પરિશીલન કરેલું. સામાન્ય રીતે બનતું આવ્યું છે તેમ હરિભદ્રના જીવનમાં બન્યું. તે એ કે તેમને વિવિધ વિદ્યાઓ અને યૌવનના બળે અભિમાની દેખાય એવો સંકલ્પ કરવા પ્રેર્યા. તેમનો સંકલ્પ એ હતો કે "જેનું બોલ્યું હું ન સમજું તેનો શિષ્ય થાઉં." આ અભિમાન-સૂચક સંકલ્પે તેમને કોઈ જુદી જ દિશામાં ધકેલ્યા.

સાધ્વીના ધર્મપુત્ર

બન્યું એમ કે એકવાર તેઓ ચિતોડમાં રસ્તેથી પસાર થતા હતા. અને વચ્ચે ઉપાશ્રયમાંથી એક સાધ્વી દ્વારા બોલાતી ગાથા એમના કાને પડી. ગાથા પ્રાકૃત ભાષામાં અને પોતે પ્રાકૃત બિલકુલ જાણતા નહિ. ગાથા ટૂંકમાં પણ સંકેતપૂર્ણ હતી. પણ હરિભદ્ર મૂળે જિજ્ઞાસાની મૂર્તિ. એટલે તે સાધ્વી પાસે પહોંચ્યા અને તેનો અર્થ જાણવા ઇચ્છા દર્શાવી. સાધ્વીજીએ તેમનો પોતાના ગુરુ જિનદત્તસૂરિ સાથે પરિચય કરાવ્યો. સૂરિજીએ હરિભદ્રને સંતોષ થાય એ રીતે વાત કરી. છેવટે કહ્યું કે જો પ્રાકૃત શાસ્ત્ર અને જૈન પરંપરાનો પૂરેપૂરો અને પ્રામાણિક અભ્યાસ કરવો હોય તો તે માટે જૈનદીક્ષા ગ્રહણ કરવી આવશ્યક છે. હરિભદ્ર ઉત્કટ જિજ્ઞાસુ અને સ્વભાવે સરલ અને સ્વપ્રતિજ્ઞામાં દૃઢ. એટલે તેમણે સૂરિજી પાસે જૈનદીક્ષા સ્વીકારી અને સાથે જ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા પોતાને એ સાધ્વીજીના ધર્મપુત્ર તરીકે જાહેર કર્યા. સાધ્વીજીનું નામ યાકિની હતું. કોઇપણ પુરુષ પુરુષ પાસે જ દીક્ષા લે; એટલે જૈનદીક્ષા જિનદત્ત-

સૂરિ પાસે લીધી, પણ પેલી મહત્તરા યાકિની સાધ્વીનું ધર્મઋણ ચૂકવવા તેમણે પોતાને ધર્મતો યાકિની મહત્તરા સૂનુઃ તરીકે ઓળખાવવામાં ગૌરવ અનુભવ્યું.

વિદ્યાવિષયક બીજો યુગ

અહીંથી હરિભદ્રનો વિદ્યાવિષયક બીજો યુગ શરૂ થાય છે. તેઓ પ્રાપ્ય એટલી સંસ્કૃતપ્રધાન વિદ્યાઓમાં તો નિષ્ણાત હતા જ. પણ પાકૃત આદિ ઇતર ભાષા-પ્રધાન વિદ્યાઓથી છેક અપરિચિત હતા. જૈનદીક્ષા સ્વીકારી અને તેમણે પ્રાકૃત ભાષા તેમ જ તેમાં લખાયેલ અને સુલભ એવા જૈન પરંપરાના અનેકવિધ શાસ્ત્રોનું પારદર્શી અવગાહન કરી લીધું. એમણે પોતાના જીવનમાં બ્રાહ્મણ અને શ્રમણ પરંપરાની વિદ્યાઓને એકરસ કરી.

હરિભદ્રે પોતાના માતા, પિતા કે વંશ આદિનો કોઈ ઠેકાણે ઉલ્લેખ કર્યો નથી, જ્યારે તેઓએ પોતે પોતાની જાતને યાકિની મહત્તરાના પુત્રરૂપે અને તે મહાધર્મપુત્ર રૂપે ઓળખાવી ત્યારે એ તેમના ટૂંક વિશેષણમાંથી કોઈ વિશિષ્ટ અર્થ ફલિત થતો મને ભાસે છે. મારી દૃષ્ટિએ તે અર્થ એ છે કે અજ્ઞાત સમયથી જાત અને ધર્મગત મિથ્યા અભિનિવેશને લીધે બ્રાહ્મણ અને શ્રમણ પરંપરા વચ્ચે જે એક પ્રકારની ખાઈ ચાલી આવતી તે યાકિની મહત્તરાના પરિચય દ્વારા હરિભદ્રના જીવનમાં પુરાઈ.

'ભવવિરહ'

હરિભદ્રના ઉપનામ તરીકે બીજું એક વિશેષણ પ્રસિદ્ધ છે તે ભવવિરહ. એમણે પોતે જ પોતાની કેટલીક રચનાઓમાં 'ભવવિરહ'ના ઇચ્છનાર તરીકે પોતાને નિર્દેશ્યા છે. 'ભવવિરહ' શબ્દ પાછળ મુખ્યત્વે ત્રણ ઘટનાઓનો સંકેત છેઃ (૧) ધર્મ સ્વીકારનો પ્રસંગ (૨) શિષ્યોના વિયોગનો પ્રસંગ (૩) યાચકોને અપાતા આશીર્વાદનો અને તેમની દ્વારા બોલાતા જયજયકારનો પ્રસંગ. હરિભદ્ર મોક્ષ જ પસંદ કરતા હતા અને તેથી તેમણે પ્રવ્રજ્યા લેવાનું સ્વીકાર્યું અને જિનદત્તસૂરિ પાસે જૈની પ્રવ્રજ્યા લીધી તેથી તેમનો મુદ્રાલેખ 'ભવવિરહ' બની ગયો.

આચાર્ય હરિભદ્રનું સ્થાન

આચાર્ય હરિભદ્રના સમય સુધીમાં દેશનો એવો કોઈ ભાગ નજરે નથી પડતો કે જ્યાં દાર્શનિક અને યોગના વિચારોના નાના મોટા અખાડાઓ ન ચાલતા હોય. હરિભદ્રના પૂર્વવર્તી અને સમકાલીન એવા જૈન-જૈનેતર વિદ્વાનો થયેલા છે કે જેમની વિચારસૂક્ષ્મતા, વક્તવ્યની સ્પષ્ટતા અને બહુશ્રુત તાર્કિકતા એ હરિભદ્ર કરતાં પણ ચડી જાય. એવા જ વિશિષ્ટ વિદ્વાનોની સમર્થ કૃતિઓના અધ્યયન અને પરિશીલનને આધારે જ હરિભદ્રનું માનસિક આધ્યાત્મિક વ્યક્તિત્વ ઘડાયેલું છે. તેમ છતાં જ્યારે દર્શન અને યોગ પરંપરાના વિકાસમાં હરિભદ્રે શો ફાળો આપ્યો કે એમાં બીજા કોઈએ નહીં દાખવેલ એવી શી નવીનતા અર્પી એ કહેવું હોય ત્યારે તો હરિભદ્રના પૂર્વકાલીન આચાર્યોની દૃષ્ટિ અને હરિભદ્રની દૃષ્ટિની તુલના કરીએ તો જ કાંઈ યથાર્થ વિધાન કરી શકાય. આ દૃષ્ટિથી જ્યારે તુલના કરું છું ત્યારે અસંદિગ્ધપણે લાગે છે કે હરિભદ્રે જે ઉદાત્ત દૃષ્ટિ, અસામ્પ્રદાયિક વૃત્તિ અને નિર્ભય નમ્રતા પોતાની ચર્ચાઓમાં દાખવી છે, તેવી તેમના પૂર્વવર્તી કોઈ જૈન -જૈનેતર વિદ્વાને બતાવેલી ભાગ્યે જ દેખાય છે.

પાંચ ગુણો

હરિભદ્રે દર્શન અને યોગપરંપરામાં જે ફાળો આપ્યો છે કે એમાં જે નવીનતા આણવા પ્રયત્ન કર્યો છે તેની ભૂમિકા એમની ઉદાત્ત દૃષ્ટિ અને અસામ્પ્રદાયિક વૃત્તિમાં રહેલી છે. આ દૃષ્ટિ અને આ વૃત્તિ સંક્ષેપમાં પાંચ ગુણો દ્વારા પ્રગટ થાય છે. એ પાંચ ગુણો આ પ્રમાણે છેઃ એક સમત્વ. આધ્યાત્મિકતાનું પરમ લક્ષ્ય સમભાવ યા નિષ્પક્ષતા છે. બીજો ગુણ તે તુલના. હરિભદ્રે પરાપૂર્વથી ચાલી આવતી ખંડનમંડનની પરિપાટીમાં તુલનાદૃષ્ટિનો ઉમેરો કર્યો તે એમના પૂર્વવર્તી સમકાલીન કે ઉત્તરવર્તી ગ્રંથમાં હરિભદ્રની કક્ષા સુધી કોઈએ કરેલ દેખાતી નથી. સત્ય યા મતૈક્યની વધારેમાં વધારે નજીક પહોંચી શકાય એ હેતુથી એમણે પરવાદીનાં મંતવ્યોના હૃદયમાં વધારે ને વધારે ઊંડા ઊતરવા પ્રયત્ન કર્યો છે અને પોતાનાં મન્તવ્ય, પરિભાષાભેદ કે નિરૂપણ-ભેદ હોવા છતાં કોઈ રીતે સામ્ય ધરાવે છે તે એમણે સ્વપરમતની તુલના દ્વારા અનેક સ્થળે દર્શાવ્યું છે. પરમતની સમાલોચના કરતાં તેને અન્યાય ન થઈ જાય એવી પરભીરૂ વૃત્તિ એમણે એ તુલનામાં દાખવી છે, જેવી બીજા કોઈ વિદ્વાને ભાગ્યે જ દાખવેલી દેખાય છે.

બહુમાન વૃત્તિ

ત્રીજો ગુણ તે બહુમાનવૃત્તિ છે. અતીન્દ્રિય અને

શાસ્ત્રીય પરંપરાગત તત્ત્વોની સમાલોચના કરવામાં અનેક ભયસ્થાનો રહેલાં છે. એ ભયસ્થાનોને ઓળંગી કોઈ સમલોચના કરે ત્યારેય દરેક બાબતમાં પરંપરાનાં મંતવ્યો સાથે સર્વથા એકમત થઈ જવાનું કામ બહુ અઘરું છે. એવી સ્થિતિ દેખાય ત્યારેય હરિભદ્ર પરવાદી મન્તવ્યોથી જૂદા પડવા છતાં તેમના પ્રત્યે જે વિરલ બહુમાન અને આદર દર્શાવે છે તેને તેમણે આધ્યાત્મિક ક્ષેત્રમાં આણેલી એક વિરલ ભેટ ગણવી જોઈએ. સત્યસમર્થન અને આધ્યાત્મિકતાનો દાવો કરનાર કોઇ પણ જૈન જૈનેતર વિદ્વાને પોતાનાથી વિરુદ્ધ સમ્પ્રદાયના પ્રવર્તક કે વિદ્વાન પ્રત્યે હરિભદ્રે દર્શાવેલ છે તેવું બહુમાન દર્શાવ્યું હોય તો તે મારી જાણમાં નથી.

સ્વપરંપરાને નવી દૃષ્ટિ

ચોથો ગુણ તે સ્વપરંપરાને પણ તે નવી દૃષ્ટિ અને આપેલ નવી ભેટ છે. સામાન્ય રીતે દાર્શનિક વિદ્વાનો પોતાનું બધું વિચાર કે પાંડિત્યબળ પરંપરાની સમાલોચનામાં વાપરે છે અને પોતાની પરંપરાને કહેવા જેવાં સત્યો રફૂરે તોય તે પરંપરાની ખફગી વહોરવાનું જોખમ નથી ખેડતા અને તે બાબતમાં ચાલતું ચાલવા દેવાની વૃત્તિ સેવી પોતાની પરંપરાને ઊંચે આણવાનો કે એની ખરી ખામી બતાવવાનો કોઈ ભાગ્યે જ પ્રયત્ન કરે છે. જ્યારે હરિભદ્ર આ બાબતમાંય સાવ અનોખા છે. એમણે પરમતવાદીઓ કે પરંપરાઓ સાથેના વ્યવહારમાં જે તટસ્થ વૃત્તિ અને નિર્ભયતા દર્શાવી છે તેવી જ સ્વપરંપરા પ્રત્યે કેટલાક મુદ્દા રજૂ કરવામાં પણ દર્શાવી છે.

અંતર સાંધવાનો કિમિયો

પાંચમો ગુણ તે અંતર સાંધવાનો કિમિયો. સામાન્ય રીતે મોટા મોટા અને અસાધારણ વિદ્વાનો જ્યારે ચર્ચામાં ઊતરે છે કે કાંઈ લખે છે ત્યારે એમાં વિજિગીષા અને સ્વપરંપરાને શ્રેષ્ઠ સ્થાપવાની ભાવના મુખ્યપણે રહેલી હોવાથી સંપ્રદાય-સંપ્રદાય વચ્ચે અને એક જ સંપ્રદાયના વિવિધ ફાંટાઓ વચ્ચે બહુ મોટું માનસિક અંતર ઊભું થાય છે. એવા અન્તરને લીધે સામા પક્ષમાં રહેલી ગ્રહણ કરવા જેવી, ઉદાત્ત વસ્તુઓ પણ કોઈ ભાગ્યે જ ગ્રહણ કરે છે. એને લીધે પરિભાષાઓની શુષ્ક વ્યાખ્યા અને શાબ્દિક સાઠમારીના આવરણમાં સત્ય ગૂંગળાઈ જાય છે. આ સ્થિતિ હરિભદ્રના સૂક્ષ્મ અંતરચક્ષુએ નિહાળી; તેથી એમણે વિરલ ગણાય એવા પોતાના દર્શન અને યોગપરંપરાના ગ્રંથોમાં એવી શૈલી સ્વીકારી છે કે જૈન પરંપરાના મૌલિક ગણાય એવા સિદ્ધાંતો જૈનેતર સમજી શકે અને બૌદ્ધ કે વૈદિક પરંપરાનાં અનેક મંતવ્યો કે સિદ્ધાંતો જૈન પરંપરા પણ સમજી શકે. વિરોધી ગણાતા અને વિરોધ બોલતા આવેલા ભિન્ન ભિન્ન સંપ્રદાયો વચ્ચે બની શકે એટલું અંતર ઓછું કરવાનો યોગીગમ્ય માર્ગ હરિભદ્રે વિકસાવ્યો છે અને સૌ એકબીજામાંથી વિચાર આચાર મોકલે અને ગ્રહણ કરી શકે એવું દ્વાર ખુલ્લું કર્યું છે, જે સાચે જ વિરલ છે.

આ રીતે આચાર્ય હરિભદ્રે દાર્શનિક અને યોગ પરંપરામાં જે વિચાર અને વર્તનની નવી દિશા ઉઘાડી છે તે ખાસ કરીને આજના યુગના અસામ્પ્રદાયિક અને તુલનાત્મક ઐતિહાસિક અધ્યયનમાં ભારે ઉપકારક થઈ પડે તેવી છે.

બે દાર્શનિક ગ્રંથો

બીજા વ્યાખ્યાનમાં જે પાંચ ગુણવિશિષ્ટતાઓનું સૂચન કર્યું છે તેમાંથી પ્રથમના ત્રણ ગુણો હરિભદ્રના બે દાર્શનિક ગ્રંથોમાં બહુ જ સ્પષ્ટપણે વ્યક્ત થયેલા છે. એ બે ગ્રંથો પૈકી પ્રથમ છે ષડ્દર્શન સમુચ્ચય અને બીજો છે શાસ્ત્રવાર્તા સમુચ્ચય.

દર્શનનો ખરો ભાવ વસ્તુમાત્રના યથાર્થ સ્વરૂપનું અવગાહન યા તે માટે પ્રયત્ન કરવો તે છે. સત્યનું સ્વરૂપ નિઃસીમ અને અનેકવિધ છે. એક જ વ્યક્તિને પણ તે ઘણીવાર કાળક્રમે વિવિધરૂપે ભાસે છે. અનેક વ્યક્તિઓમાં પણ સત્ય, દેશ અને કાળભેદે જુદીજુદી રીતે આવિર્ભાવ પામે છે. તેથી કોઈ એક વ્યક્તિનું સત્યદર્શન પરિપૂર્ણ તેમ જ છેવટનું અને અન્ય વ્યક્તિને દેખાયેલ સત્યાંશથી સાવ નિરપેક્ષ હોઈ શકે નહિ. આથી કરીને સત્યની પૂર્ણ કળાની નજીક પહોંચવાનો રાજમાર્ગ તો એ છે કે દરેક સત્યજિજ્ઞાસુ ઇતર વ્યક્તિના દર્શનને આદર અને સહાનુભૂતિથી સમજવા પ્રયત્ન કરે.

અક્ષપાદ અને બાદરાયણ જેવાના સૂત્રગ્રંથોમાં પરમતની સમીક્ષા છે, પણ તે મૂળમાં કોઈ કટુક શબ્દ પણ નથી. પણ આ જ ગ્રંથોના વ્યાખ્યાતાઓ આગળ જતાં ખંડનમંડનના રસમાં એવા તણાયા કે તેઓ પ્રતિ-

વાદીને "પુરુષાપરુહ" "પ્રાકૃત" અને "મ્લેચ્છ" કે "બાહ્ય" જેવાં વિશેષણોથી નવાજવામાં ગૌરવ માનવા લાગ્યા. પ્રતિવાદીઓને તિરસ્કારવાની વૃત્તિની અસરથી બૌદ્ધો કે જૈનો પણ અલિપ્ત રહી ન શક્યા. આવું બ્રાહ્મણ–શ્રમણ પરંપરાનું ધાર્મિક વાતાવરણ ચોગમ વ્યાપેલું હતું, એમાં જ હરિભદ્રનો જન્મ અને ઉછેર. તેમણે જ્યારે શ્રમણદીક્ષા સ્વીકારી ત્યારે એ પરંપરામાં પણ તેમને એવું જ વાતાવરણ જોવા મળ્યું.

પણ હરિભદ્રનું અસલી કાઠું કોઈ જુદી જ ભાતનું હતુ. જાણે એમના મૂળગત સંસ્કારોમાં સમત્વમાધ્યસ્થ મુદ્રાલેખરૂપે જ ન હોય તેમ એ સંસ્કાર પરાપૂર્વથી ચાલ્યા આવતા હઠાગ્રહ અને મિથ્યાભિનિવેશના ચક્રને ભેદી બહાર આવ્યો અને એમની કદાચ પછીથી લખાયેલી, હમણાં કહી ગયો તે બે દર્શનકૃતિઓમાં સાકાર થયો.

ષડ્દર્શન સમુચ્ચય

"ષડ્દર્શન સમુચ્ચય"માં હરિભદ્રે પોતાની કૃતિમાં છ દર્શનોનું સાવ સાદી રીતે નિરૂપણ કર્યું છે. દરેક દર્શનના નિરૂપણમાં તે તે દર્શનને માન્ય એવા દેવતાની પણ સૂચના આપે છે.

હરિભદ્રે દર્શનોનું નિરૂપણ તે તે દર્શનને માન્ય એવા દેવ તથા પ્રમાણ–પ્રમેયરૂપ તત્ત્વોને લઈ કર્યું છે. પ્રદર્શન સમુચ્ચય નામની દાર્શનિક કૃતિ જૈનાચાર્ય રાજશેખરે પણ રચી છે, પણ હરિભદ્રનો નાનો ગ્રંથ રાજશેખરના વિસ્તૃત ગ્રંથ કરતાં વિશેષ અર્થપૂર્ણ લાગે છે. તે અર્થ એટલે કર્તાની ઉદાત્ત દૃષ્ટિ. ભારતીય દાર્શનિકોમાં હરિભદ્ર જ એક એવા છે જેણે ચાર્વાકને પણ ઇતર દર્શનોની પેઠે એક દર્શન તરીકે સ્વીકાર્યું છે. જ્યારે એમના જ અનુગામી રાજશેખર એટલું ઉદાત્તપણું દાખવી શક્યા નથી. હરિભદ્ર પ્રારંભમાં જ છ દર્શન નિરૂપવાની પ્રતિજ્ઞા કરે છે. એ છ દર્શનોનાં નામ આપે છે તેમાં ચાર્વાકનો નિર્દેશ નથી, પણ તે છએનું નિરૂપણ કર્યા પછી કહે છે કે ન્યાય અને વૈશેષિક એ બે દર્શનો જુદાં નથી એવું માનનારની દૃષ્ટિએ તો આસ્તિક દર્શનો પાંચ જ થયાં, તેથી કરેલ પ્રતિજ્ઞા પ્રમાણે છઠ્ઠું દર્શન નિરૂપવાનું પ્રાપ્ત થાય છે; તો એ નિરૂપણ ચાર્વાકને પણ દર્શન તરીકે લેખી પૂરું કરવું જોઈએ. આમ કહી તેઓ ચાર્વાક પ્રત્યે સમભાવ દાખવે છે. હરિભદ્ર પહેલાંથી જ સૈકાઓ થયા ચાર્વાક મત પ્રત્યે ભારતીય આત્મવાદી દર્શનોની અવગણનાપૂર્ણ દૃષ્ટિ રહેતી. એમ લાગે છે કે હરિભદ્રમાં આ અવગણના ન રહી. તેમણે તેમની મૂળ પ્રકૃતિ પ્રમાણે વિચાર્યું હોવું જોઈએ. જીવન અને જગત પ્રત્યે જોવા અને વિચારવાની વિવિધ ચડતી ઊતરતી કક્ષાઓ છે. એમાં ચાર્વાક મતને પણ સ્થાન છે. જેઓ માત્ર વર્તમાન જીવનને સન્મુખ રાખી વિચાર કરે અને જેઓ દૃશ્યમાન લોકની જ મુખ્યપણે વિચારણા કરે તેઓ માત્ર એ કારણે જ અવગણનાપાત્ર છે એમ ન કહી શકાય. તેથી જ તેમણે એના મતને પણ દર્શન કોટિમાં સ્થાન આપી પોતાની દૃષ્ટિની ઉદાત્તતા સૂચવી છે.

ગ્રંથોમાં બૌદ્ધ, નૈયાયિક આદિ દર્શનોનું સયુક્તિક અને ભારપૂર્વક ખંડન કર્યા છતાં જ્યારે ષડ્દર્શન સમુચ્ચય રચવા એ પ્રેરાયા ત્યારે તેમણે પોતાની પૂર્વકાલીન અભિનિવેશ વૃત્તિને બાજુએ મૂકી ક્રમ વિચાર્યો હોય એમ લાગે છે. જાણે કે તેમને એવું સૂચન ન કરવું હોય કે જે પરદર્શની અને પરવાદી છે તે પણ પોતાની ભૂમિકા અને સંસ્કાર પ્રમાણે વસ્તુતત્ત્વનું પ્રામાણિક નિરૂપણ કરે છે તો એમાં પર અને સ્વદર્શનના ચડતા-ઊતરતાપણાનો સવાલ કયાં છે ? આ દૃષ્ટિમાં જ સમત્વ અને તટસ્થતાનું બીજ છે.

હરિભદ્રના સમય સુધીમાં આસ્તિક નાસ્તિકપદનું સાંપ્રદાયિક વૃત્તિજન્ય અર્થગત રૂપાંતર દૃઢમૂલ થયેલું, તેમ છતાં હરિભદ્ર સાંપ્રદાયિકવૃત્તિને વશ ન થયા અને વેદ માને કે ન માને, જૈન શાસ્ત્ર માને કે બીજા શાસ્ત્ર માને, બ્રાહ્મણત્વની પ્રતિષ્ઠા કરે કે માનવમાત્રની, પણ જો એ આત્મા પુનર્જન્મ આદિ તત્ત્વોને માને તો તે આસ્તિક જ કહેવાય. હરિભદ્ર પોતાને સંમત ન હોય એવા મતોની પોતાની રીતે સમાલોચના કરે છે પણ એ સમાલોચનામાં તે તે મતના મુખ્ય પુરસ્કર્તાઓ કે આચાર્યોને તેઓ જરાય લાઘવ કે અવગણનાદૃષ્ટિથી નથી જોતા, ઊલટું તેઓ સ્વદર્શનના પુરસ્કર્તાઓ કે આચાર્યોને જે બહુમાનથી જુએ છે તે જ બહુમાનથી તેમને પણ જુએ છે. હરિભદ્રે પ્રતિપક્ષી પ્રત્યે જે ઊંડી બહુમાનવૃત્તિ દાખવી છે તેવી દાર્શનિક વર્તુલમાં બીજા કોઈ વિદ્વાને ઓછામાં ઓછું તેમના સમય સુધીમાં તો દાખવી દેખાતી જ નથી; તેથી હું સમજું છું કે એ એમની વિરલ સિદ્ધિ કહેવાય.

હરિભદ્રે ભૂતવાદી ચાર્વાકની સમીક્ષા કરી તેના ભૂતસ્વભાવવાદનું નિરાકરણ કર્યું છે અને પરલોક તેમ જ સુખદુઃખના વૈષમ્યનો ખુલાસો કરવા કર્મવાદ સ્થાપ્યો છે. એ જ રીતે તેમણે ચિત્તશક્તિ કે ચિત્તવાસનાને કર્મ તરીકે સ્વીકારનાર મીમાંસક અને બૌદ્ધમતનું પણ નિરાકરણ કરી જૈન દૃષ્ટિએ કર્મનું સ્વરૂપ સૂચવ્યું છે.

હરિભદ્ર બૌદ્ધ નહોતા છતાંય તે બૌદ્ધવાદોને અધિકાર-ભેદ તેનું યોગ્ય સ્થાન આપી એટલે સુધી કહે છે કે બુદ્ધ એ કોઈ અસાધારણ વ્યક્તિ નથી, તે એક મહાન મુનિ છે. આમ હોવાથી તેઓ જ્યારે અસત્યનો આભાસ કરાવે એવું પણ વચન ઉચ્ચારે ત્યારે તે એક સુવૈદ્યની પેઠે ખાસ પ્રયોજન વિના ન જ ઉચ્ચારે. હરિભદ્રની આ મહાનુભાવતા મારી દૃષ્ટિએ દર્શન પરંપરામાં એક વિરલ ફાળો છે.

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ

શ્રી ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા સ્મારક નિબંધ

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તરફથી સ્વ. ડાહ્યાભાઈ બાલાભાઈ કોરાના સ્મારક ફંડની યોજનાનુસાર 'પ્રભાવિક પુરુષો' (તીર્થંકર અને કેવળી સિવાય) ઉપર નિબંધો આવકારવામાં આવે છે (૧) નિબંધ ગુજરાતી, હિંદી અથવા અંગ્રેજી ભાષામાં ફુલસ્કેપ સાઈઝના કાગળ પર ૨૫૦ થી ૩૦૦ લીટી સુધીમાં સ્પષ્ટ અક્ષરે લખાયેલા હોવા જોઇએ. (૨) તે માટે 'પ્રભાવક ચરિત્ર' (આત્માનંદ સભા) શ્રી હેમચંદ્રસૂરિકૃત 'પરિશિષ્ટ પર્વ', 'શ્રી ભરહેસર બાહુબલી' (ભાષાંતર), શ્રી મોહનલાલ ચોકસીકૃત 'પ્રભાવિક પુરુષો' ભાગ–૪ મુખ્યત્વે આધારભૂત લેખાશે. (૩) નિબંધ તા. ૧૫, મે, ૧૯૫૯ સુધીમાં રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવા. (૪) નિબંધો બોર્ડની વ્યવસ્થાપક સમિતિએ નીમેલ સમિતિ દ્વારા તપાસવામાં આવશે અને તેનો નિર્ણય છેવટનો અને બંધનકર્તા ગણાશે. (૫) પ્રાપ્ત થયેલા સર્વ નિબંધના માલિકી વગેરેના હકક શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડના રહેશે અને યોગ્ય જણાશે તો જ છપાશે. (૬) શ્રેષ્ઠ નિબંધ લખનારને સમિતિના નિર્ણયાનુસાર અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ કુલ રૂા. ૧૫૦) દોઢસો રૂપિયા સુધીનાં ઇનામો (નિબંધ ઇનામને યોગ્ય હશે તો જ) વહેંચવામાં આવશે. (૭) નિબંધ લખનારે પોતાનું પૂરું નામ, ઠેકાણું, ગામ વગેરે નિબંધ સાથે જુદા કાગળ પર લખવા. નિબંધો—માનદ્ મંત્રી, શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ, ગોડીજી બિલ્ડીંગ, ૨૦, પાયધુની, કાલબાદેવી, મુંબઈ–૨ ના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

અક્ષત પૂજાનું ફળ

શ્રી નવીનચંદ્ર અ. દોશી

લહી અક્ષત સ્વચ્છ અખંડ ભલા,
જિન આગળ પૂંજ રચી ત્રણ આ
ત્રણ રત્ન ત્રિસંધ્ય સ્મરે જન જે,
નકી દેવપણું વળી મોક્ષ જ લે.

શ્રીપુર નગરના સીમાડા પર આવેલ બગીચામાં એક અત્યંત મનોહર જિનાલય હતું. ભગવાન ઋષભદેવની ભવ્ય મૂર્તિ એ મંદિરમાં પધરાવેલી હતી.

તે મંદિરની પાસે જ એક આંબાનું વિશાળ વૃક્ષ હતું. તે વૃક્ષ પર અનેક પક્ષીઓ માળો બાંધીને પોતાનું જીવન વીતાવતાં હતાં. તેમાં એક પોપટ અને મેનાનું યુગલ આનંદથી રહેતું હતું. મેનાએ એકવાર પોપટને કહ્યું : "સ્વામી, ઉત્તમ ડાંગરનું ડૂંડું લાવો તો આજે બહુ આનંદથી ભોજન જમીએ. મારા દોહદ પૂર્ણ કરવા એ તમારું કર્તવ્ય છે." પોપટે કહ્યું : "અહીંથી થોડે દૂર શ્રીદત્ત રાજાનું કમોદનું ખેતર છે, પણ ત્યાંથી ડાંગરનું ડૂંડું લાવવું એ કપરું કામ છે. જો રાજા ગૂનેગારને પકડે તો તેનું માથું જ લઈ લે છે; તેથી હે પ્રિયે, હું જારના દાણા લાવું છું તેના પર આજીવિકા ચલાવવામાં જ આપણું શ્રેય છે, જીભના સ્વાદ માટે પ્રાણનું બલિદાન કરવું પડે એવો સમય નોતરવાથી શો લાભ?"

પરંતુ મેનાને પોપટની વાત ગળે ઊતરી નહિ. તેણે કહ્યું: "સ્વામી, તમે કેવી નિર્બળ વાત કરો છો? જોખમ સામે ઝઝૂમવું એમાં ખરો પુરુષાર્થ છે. તમે આવી વાત કરી નાહિમ્મત થાઓ છો. મારા દોહદ પૂર્ણ કરવાનું તમારા સિવાય કોણ સ્વીકારે તેમ છે?"

આખરે મેનાના મનોબળને જીત મળી. રાજાના ખેતરમાંથી એક કમોદનું ડૂંડું પોપટે આણી આપ્યું. આ પ્રમાણે દરરોજ પોપટ એકેક ડૂંડું આણી આપે છે અને મેનાની ઉત્તમ આહારની અભિલાષા તૃપ્ત થાય છે. રાજાના ખેતરમાં પણ ક્ષેત્રપાલ ખૂબ સજાગ હતા; છતાં હંમેશનો ક્રમ થઈ જતાં પોપટને પણ છટકવાની કળા આવડી ગઈ.

એક દિવસ રાજા શ્રીદત્ત પોતાના ખેતરમાં આવીને જુએ છે તો ખેતરનો એક ખૂણો કેવળ ડૂંડાં વગરનાં રાડાંથી છવાયેલો તેના જોવામાં આવ્યો. તેણે ક્ષેત્રપાલને પૂછ્યું ત્યારે જણાયું કે એક પોપટ અહીં ડૂંડાં ચોરવાને હળી ગયો છે. જાળ નાખીને પોપટને જલદી પકડી લેવા રાજાએ હુકમ કર્યો. ક્ષેત્રપાલ પોપટને પકડીને રાજા સમક્ષ લઈ જાય છે તે વખતે મેના પણ તેની પાછળ પાછળ ઊડતી ગઈ.

સભામાં બેઠેલ રાજાએ તરત જ તલવાર લઈને પોપટને મારી નાખવાની તૈયારી કરી કે મેનાએ વચ્ચે આવીને રાજાને કહ્યું : "આમાં અપરાધ મારો છે, માટે મારા સ્વામીના પ્રાણ બચાવો અને મને મારી નાખો. તેમણે મારે ખાતર ડાંગરનું ડૂંડું આણીને પોતાના પ્રાણ જોખમમાં મૂક્યા છે."

મેનાની વાત સાંભળી રાજા ખૂબ વિસ્મય પામ્યો. તેણે હસીને કહ્યું : "પોપટ, તું ચતુર કહેવાય છે, તેમ છતાં તેં સ્ત્રીને ખાતર પ્રાણનું બલિદાન કેમ સ્વીકાર્યું એ મને સમજાતું નથી." પોપટ કંઈ બોલે તે પહેલાં જ મેનાએ તુરત જવાબ આપ્યો : "મહારાજ, એમાં અચરજ પામવા જેવું કશું જ નથી. તમે પણ રાણી શ્રીદેવી માટે પ્રાણ આપવા શું તૈયાર નહોતા થયા?" આ સાંભળી રાજા વધારે આશ્ચર્ય પામ્યો અને તેણે પૂછ્યું : "મેના, તને મારી છાનગી વાતની ખબર શી રીતે પડી?"

♤ ♤ ♤

રાજાના મનનું સમાધાન કરવા મેનાએ પૂર્વવૃત્તાન્ત કહી સંભળાવ્યો. તેણે કહ્યું : "પૃથ્વીનાથ, સાંભળો : તમારા આ નગરમાં એક તપસ્વિની રહેતી. તે મંત્રતંત્ર, કામણ અને વશીકરણ જાણતી હતી. તે તામસ દેવતાઓની ભક્ત હતી. તમારા અંતઃપુરમાં આવેલ રાણી શ્રીદેવી તે વખતે તમારા તરફથી લેશ પણ સન્માન પામતી નહોતી. આ તાપસી શ્રીદેવી રાણીના

મહેલમાં ગઈ. શ્રીદેવીએ તેની ખરા દિલથી પૂજાભક્તિ કરીને તેની પાસેથી એવો કોઈ ઉપાય માગ્યો કે જેથી તેના પર તમારી પ્રીતિ ઊતરે. આથી તાપસીએ રાણીને મંત્રસિદ્ધ ઔષધ આપવા માંડયું. ત્યારે રાણીએ કહ્યું : "રાજા મહેલમાં પણ આવતા નથી તો પછી રાજાને આ ઔષધિ આપવી ક્યાંથી શક્ય બને ?" આથી તે તાપસીએ રાણીને વિધિપૂર્વક સારા મુહૂર્તે એક મંત્ર આપ્યો. રાણીએ મંત્રજાપ કર્યા અને તે દિવસથી રાજા પણ તેના પર પ્રીતિવંત બન્યા.

રાણીને માત્ર એટલાથી સંતોષ ન થયો. તેણે પ્રેમ-પરીક્ષાનો ઉપાય યોજવાનું નક્કી કર્યું. તાપસીએ તેનો આવો નિર્ણય સાંભળી કહ્યું : "બેટી, ગભરાઈશ નહિ. એક ઔષધ સૂંઘવાથી તું જીવતી હોવા છતાં મરેલી જેવી જણાઈશ. બીજી ઔષધિથી હું તને સજીવન કરી દઈશ. રાજા જો તારે માટે પ્રાણ આપવા તૈયાર થાય તો સમજજે કે તેનો તારા પરનો સ્નેહ સાચો છે."

રાજાની સાથે પલંગ પર પોઢેલી રાણી શ્રીદેવીએ તાપસીએ આપેલ ઔષધ સૂંઘ્યું અને મધ્યરાત્રિએ રાણી બેભાન બની ગઈ; તેથી રાજભવનમાં હાહાકાર વર્તી રહ્યો. ઉત્તમોત્તમ વૈદ્યોને અને મંત્રજ્ઞોને તરતજ બોલાવવામાં આવ્યા અને જ્યારે સહુના પ્રયત્ન નિષ્ફળ ગયા ત્યારે રાજાએ જાહેર કર્યું કે પોતે પણ રાણી શ્રીદેવી સાથે અગ્નિપ્રવેશ કરવા માગે છે. પ્રજાએ વારવા છતાં રાજા પોતાના અનુમરણના નિશ્ચયમાં અડગ રહ્યા.

સ્મશાનયાત્રા શરૂ થઈ. ડાહ્યડીની સાથે જ્યારે મહારાજા અને જનસમુદાય સ્મશાન પર પહોંચ્યા ત્યારે તાપસીએ અગ્નિદાહ અટકાવ્યો. ડાહ્યડી છોડાવીને શ્રીદેવીને સંજીવની ઔષધિ સૂંઘાડી. રાણી તરત જ આળસ મરડીને બેઠી થઈ. રાજા અત્યંત પ્રસન્ન થયો.

તે તાપસી મરીને મેનારૂપે હું જન્મી. તેથી હે મહા-રાજા શ્રીદત્ત, મને તમારા જીવનની આવી માહિતી છે." રાજાએ પ્રસન્ન થઈને મેના પોપટને છોડી મૂક્યાં અને દરરોજ ચોખાની એક ઢગલી તેમને ભેટ તરીકે આપવા માટે તેણે ક્ષેત્રપાલને આજ્ઞા કરી.

♤ ♤ ♤

એક દિવસ જિનભવનમાં એક ચારણમુનિ પધાર્યા. તેમણે લોકોને ઉપદેશ આપ્યો કે નિયમિત રીતે વીતરાગ પરમાત્મા પાસે ભક્તિ વડે ચોખાના ત્રણ પૂંજ ધરવાથી જીવને દેવોનો વૈભવ અને અનુક્રમે પરમશાંતિરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે.

મેના અને પોપટે પણ આ ગુરુનો ઉપદેશ સાંભળી હંમેશ ભગવાન આદિનાથ સમક્ષ ત્રણ અક્ષતપૂંજ મૂકવા-નો નિયમ લીધો. આ મેનાએ બે ઈંડાં મૂક્યાં અને તે જ વૃક્ષ પરની તેની શોકયને પણ એક ઈંડું થયું. અદેખાઇથી તેણે તે ઈંડું પોતાના માળામાં મૂકી દીધું. તે શોકય મેના તરફડવા લાગી અને જમીન પર આળોટવા લાગી. આથી પોપટની માનીતી મેનાને પશ્ચાત્તાપ થયો અને તેણે ઈંડું પાછું તેના જ માળામાં મૂકી દીધું. શોકય મેનાએ ઊડતાં ઊડતાં ઈંડું નિહાળ્યું અને તે શાંત થઈ. પોપટને બે ઈંડાં હતાં તેમાંથી એક મેના અને એક પોપટ એમ બે સંતાન થયાં, તે પણ માબાપની સાથે ઋષભદેવ પ્રભુની અક્ષતપૂજા કરવા લાગ્યાં.

ઈંડાની ચોરીથી મેનાએ પાપકર્મ બાંધ્યું તે તેણે પશ્ચાત્તાપથી ક્ષીણ કર્યું પણ એક જન્મની પીડા ત તેને માટે લખાઇ ગઈ.

અનુક્રમે પોપટનું દંપતી અને તેનાં બે સંતાન કાળ કરીને સૌધર્મ દેવલોકમાં દેવ થઈને ઉત્પન્ન થયાં. ત્યાં તેઓ દેવનાં સુખ ભોગવવા લાગ્યાં. તેમણે અવધિજ્ઞાનથી જાણી લીધું કે પૂર્વજન્મમાં અક્ષત વડે જિનપૂજા કરવાનું પુણ્ય તેમને ફલદાયી નીવડયું છે.

♤ ♤ ♤

હવે આ પોપટનો જીવ દેવજન્મમાંથી ચવીને હેમપુર નગરમાં હેમપ્રભ નામે રાજા થયો. તે તાપસીનો જીવ ચવીને તેની જયસુંદરી નામે રાણીનો જીવ થયો. તે શોકય-મેનાનો જીવ પણ રતિ નામની તે રાજાની મુખ્ય રાણી તરીકે જીવન જીવવા લાગી. રાજા હેમપ્રભને પાંચસો રાણીઓ હતી તેમાં જયસુંદરી અને રતિ એ અગ્રમહિષીઓની પદવી ભોગવતી હતી.

એક વખત આ સુખશાંતિ ભોગવતા રાજકુટુંબમાં મોટી આફત આવી પડી. રાજાને ભયંકર રીતે દાહનો રોગ થયો. તેના શરીરમાં હંમેશ બળતરા રહેવા લાગી. એક રાત્રે રાજા જ્યારે પાછલી રાતે પાણી પીવા ઊઠ્યા ત્યારે તેણે પોતાની સામે એક રાક્ષસને ઊભો રહેલો જોયો. રાક્ષસે કહ્યું, "જો તારી કોઈપણ રાણી તારાં ઓવારણાં લઈને અગ્નિકુંડમાં વિધિપૂર્વક ઝંપલાવે તો

તારો રોગ જશે. નહિતર તારું મરણ થશે પરંતુ રોગ દૂર થશે નહિ." આમ જણાવીને રાક્ષસ તો અદૃશ્ય થઈ ગયો.

રાજા સવારમાં ઊઠીને વિચારે છે કે આ તે સ્વપ્ન અનુભવ્યું કે સત્ય? તેણે મંત્રીને આ વાત કરી. મંત્રીએ કહ્યું કે સ્ત્રીથી અને ધનથી પોતાનું રક્ષણ કરવું જોઈએ એવી રાજનીતિ છે. એટલે પાંચસો રાણીઓમાંથી એક રાણી જે મહારાજને ખાતર પ્રાણનું બલિદાન કરે તો એમાં કશું જ અનુચિત નથી. રાજાએ કહ્યું કે પોતાના પ્રાણની રક્ષા ખાતર અન્યના પ્રાણ જોખમમાં મૂકવા એ ઉત્તમ પુરુષોનો માર્ગ નથી. આમ રાજાએ તો રાણીઓ પ્રાણત્યાગ કરે એ વિચારને બિલકુલ અનુમોદના આપી નહિ.

હવે મંત્રીએ રાજાના હિતની ચિંતા કરતાં કરતાં નવો માર્ગ લીધો. તેણે બધીજ રાણીઓની એક સભા ભરી. રાક્ષસે કહેલ વૃત્તાંત જેવો તેમને જણાવ્યો તેવી બધીજ રાણીઓ મરણનો સ્વીકાર કરવા અશક્ત હોવાથી નીચું મુખ કરી ગઈ. પરંતુ મહારાણી રતિદેવીએ કહ્યું, "જો મારા પ્રાણથી મહારાજાનો જીવ બચાવી શકાતો હોય અને તેમને આરોગ્ય પ્રાપ્ત થતું હોય તો પછી અન્ય કોઈની પાસે કંઈ પણ યાચના કરવાની તમારે શી જરૂર છે?"

મહારાણી રતિદેવીના મહેલના ગોખ પાસે કુંડ ખોદાવા લાગ્યો. શુભ મુહૂર્તે રાણીને શણગારીને પૂજવામાં આવી. રાણીએ રાજાના ઓવારણાં લીધાં અને ગોખમાં બેસીને કહ્યું, 'જે કોઈ મારા સ્વામીને પીડા કરતું હોય તે મારા આ પ્રાણના બલિદાનથી શાંત થજો અને તેમને ક્ષેમ અને કલ્યાણ હોજો' રાણીએ ગોખમાંથી જેવો કૂદકો માર્યો કે તરત જ તે રાક્ષસે તેને વચ્ચેથી જ પોતાની ભુજાઓમાં ઝીલી લીધી. રાણીને એક સોનાના કમલ પર બેસાડી તે રાક્ષસદેવે કહ્યું, 'બેટા, તારી હિમ્મતથી હું સંતુષ્ટ થયો છું. તું તારું મનવાંછિત માગી લે જેથી મારા મનને સંતોષ થાય'. રાણીએ કહ્યું, 'જો તમે પ્રસન્ન થયા હો તો મારા સ્વામીને આરોગ્ય બક્ષો'. રાક્ષસદેવ 'તથાસ્તુ' કહીને અદૃશ્ય થઈ ગયો. રાજા હેમપ્રભને ખૂબ આનંદ થયો. તેણે પણ મહારાણીને વરદાન માગવા કહ્યું. રાણીએ કહ્યું કે "જરૂર પડશે ત્યારે વરદાન માગીશ, મારું વરદાન હાલ અનામત રહો."

રાજા હેમપ્રભના દિવસો બન્ને અગ્રમહિષીઓ અને બીજી રાણીઓ સાથે આનંદપૂર્વક પસાર થવા લાગ્યા. દૈવયોગે રાજા હેમપ્રભને ઘેર એક સાથે બે પુત્રોનો જન્મ થયો. રાણી જયસુંદરી અને રાણી રતિદેવી બન્નેને એક એક દેવકુમાર જેવો પુત્ર થયો. રાણી રતિદેવીને સંતાન થતાં નહોતાં તેથી તેણે એક વિચિત્ર માનતા કરી નાખેલી. તેણે કાલીદેવીની માનતા કરી હતી, "જો મને પુત્ર થાય તો હે ભગવતિ, હું તમને મારી શોક્ય જયસુંદરીનો પુત્ર બલિદાનમાં આપીશ." માનતા તો પૂર્ણ થઈ પણ તેનો અમલ કરવો સહેલો નહોતો. રાજપુત્રના ઘાતનો વિચાર પણ કરવો અનર્થકર હતો તો તેનો અમલ કઈ રીતે થઈ શકે?

રાણીએ પણ યુક્તિ ઘડી. તેણે રાજા પાસે અનામત રહેલ વરદાન પેટે પાંચ દિવસ જાતે રાજ કરવાનું માગી લીધું. રાણી રતિદેવી રાજ્ય કરવા લાગ્યાં. ત્રીજે દિવસે તેમણે જયસુંદરીનો પુત્ર મંગાવ્યો. રડતી જયસુંદરી પાસેથી પુત્ર ખૂંચવી લેવામાં આવ્યો. એ બાળકની પૂજા કરી તેને છાબમાં મૂકવામાં આવ્યો. છાબ એક દાસીના મસ્તક પર મૂકવામાં આવી અને અનેક દાસીઓની મંડળી સહિત રાણી રતિદેવી કાલીના મંદિર તરફ નીકળ્યાં.

હવે તે સમયે એક આકાશગામી વિદ્યાધરે આ છાબમાં મૂકેલ બાળકને જોયો. નિઃસંતાન હોવાથી તેણે બાળકને ઉઠાવી લીધો અને તેને સ્થાને વિદ્યાબળથી એક પ્રતીક બાળક મૂકી દીધું. તેણે તે બાળક પોતાની પ્રિયતમાને સોંપ્યો અને તેનું નામ વિદ્યારથ પાડ્યું.

રતિદેવીએ તો મંદિર પાસે આવી કાલીદેવીની પૂજા કરી અને જેમ વસ્ત્ર પછાડે તેમ તે પ્રતીકને જયસુંદરીનું બાળક માની શિલાતલ પર પછાડ્યું. દેવીને રૂધિરનું બલિદાન નૈવેદ્ય તરીકે ધરાવ્યું અને રાણી પોતાનું રાજકાજ કરવામાં પહેલાંની માફક લાગી ગયાં. આખી નગરીમાં શોકથી હાહાકાર છવાઈ ગયો. રાજા પણ શોક મગ્ન બન્યા, પણ કર્મના નિયમને આધારે ચાલતા જીવનપ્રવાહને કોણ અન્યથા કરી શકયું છે?

♣ ♣ ♣

રાજા હેમપ્રભનો કુમાર વિદ્યાધરને ઘેર વિદ્યાઓ ભણીને વિદ્યારથ નામે પ્રસિદ્ધ થયેલો છે. તે પોપટના બચ્ચાનો જીવ હતો. તેની બહેન શુકી હજી દેવનું જ આયુષ્ય ભોગવતી હતી. તે કુમાર અનેક વિદ્યાઓ ભણી

એકવાર આકાશ માર્ગે જતો હતો ત્યાં તેણે રાણી જય-સુંદરીને રાજમહેલની અગાશીમાં જોઈ. પૂર્વજન્મના અને આ જન્મના ઋણાનુબંધને કારણે તેણે તો રાણીને ઉપાડીને ઊડવા માંડયું. રાણી પણ તેના તરફ સ્નેહભરી દૃષ્ટિએ જોવા લાગી. લોકોમાં ખૂબ કોલાહલ થઈ ગયો. પણ આકાશગામી વિદ્યાધર પાસે પાદચારી રાજા હેમ-પ્રભ શૂરવીર હોવા છતાં લાચાર બન્યા. તેને તો ઘાવ પર ક્ષાર પડ્યા જેવું થયું. પુત્રનું મરણ થયું હતું તેના ઉપર આ પત્નીના અપહરણનો બનાવ બન્યો.

વિદ્યારથ રાણી જયસુંદરીને લઈ ને એક પર્વતની તળેટીમાં અરણ્યની નિકુંજમાં જલાશય પાસે ઊતર્યો. દેવના જન્મમાં રહેલ તેની બહેનને અવધિજ્ઞાનથી માલૂમ પડયું કે પોતાનો ભાઈ તેની માતાને જ પ્રિયતમા બનાવવા માગે છે ! તેણે તે જગાએ વૃક્ષ પર દેવમાયાથી એક વાનર અને વાનરી મૂક્યાં.

વાનર કહે છે, 'હે પ્રિયે, આ સર્વ–કામિક નામનું પડવાનું સ્થાન છે. અહીં જેવો સંકલ્પ કરીને દંપતી પડે છે તેવું સ્વરૂપ તેઓ પામે છે. તો આપણે વાનર મટીને આ વિદ્યાધરનો મનમાં સંકલ્પ કરવો છે જેથી હું તેના જેવો થાઉં, અને તું સુંદરી જેવી થવાનો સંકલ્પ કરજે. આપણે બન્ને ધ્યાન ધરીને એક સાથે ઊંડી ખીણમાં પડીશું કે તરત જ આપણાં રૂપો આમના જેવાં થઈ જશે."

વાનરીએ કહ્યું: "અરે ! આ અધમ વિદ્યાધર વિદ્યારથનું નામ લેવું પણ અકલ્યાણકર છે, તો પછી તેનું રૂપ પામવું તો કેમ જ સહેવાય? એ પોતાની માતાને જ પ્રિયતમા કરવાને માટે ઉપાડી લાવ્યો છે!"

આ સાંભળી વિદ્યારથને ભારે કૌતુક થયું. જયસુંદરી પણ આશ્ચર્ય પામી. બન્ને નજીક તપ કરી રહેલ એક મુનિ પાસે આવ્યાં. મુનિએ તેમનો પૂર્વજન્મનો અને આ જન્મનો વૃત્તાંત કહી સંભળાવ્યો, અને પૂર્વે પોપટના જન્મમાં કરેલ અક્ષતપૂજનના પુણ્યનું ફળ પ્રત્યક્ષ થયેલું વર્ણવી બતાવ્યું. વિદ્યારથ કુમાર તરત જ રાજા હેમપ્રભને મળ્યો. રાણીએ રાજાને બધી હકીકત જણાવી. રાજા અતિ આનંદ પામ્યો અને પુત્રની પુનઃ પ્રાપ્તિ થવાથી તેણે વધામણાનો ઉત્સવ કરાવ્યો. જ્ઞાની મુનિએ કહેલ વૃત્તાંત જાણીને રાજાના કુટુંબમાં સહુ જિનપૂજન કરવા લાગ્યાં. છેવટે રાજા, રાણી, કુમાર સહુ ચ્યવીને દેવગતિ પામ્યાં.

(વિજયચંદ કેવલીના રાસમાંથી)

卐

कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

पेट्रन 'अ' वर्ग	— —	रु. १००१	प्रदान कर
पेट्रन 'ब' वर्ग	— —	रु. ५०१	,,
आजीवन सभ्य 'अ' वर्ग		रु. २५१	,,
,, ,, 'ब' वर्ग		रु. १०१	,,

कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभागमें (खातामें) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

जैन युग

ग्राहक बनकर वार्षिक उपहार रु. २ (प्रतिमास ता. १ को प्रकट किया जाता है)

महावीर शासनकी विशेषताएँ

श्री अगरचंद नाहटा

भगवान महावीर का पवित्र शासन, अन्य सभी दर्शनों से महती विशेषता रखता है। महावीर प्रभुने अपनी अखंड एवं अनुपम साधना द्वारा केवलज्ञान प्राप्त कर विश्व के सामने जो नवीन आदर्श रखें, उनकी उपयोगिता विश्वशान्ति के लिए त्रिकालाबाधित है। उन्होंने विश्व कल्याण के लिए जो मार्ग निर्धारित किये वे इतने निर्भ्रांत एवं अटल सत्य हैं कि उनके बिना सम्पूर्ण आत्मविकास असंभव है।

वीर प्रभुने तत्कालीन परिस्थिति का, जिस निर्भीकता से सामना कर कायापलट कर दिया वह उनके जीवन की एक असाधारण विशेषता है। सर्वजनमान्य एवं सर्वत्र प्रचलित भ्रामक सिद्धान्तों एवं क्रियाकाण्डों का विरोध करना साधारण मनुष्य का कार्य नहीं; इसके लिए बहुत बड़े साहस एवं आत्मबल की आवश्यकता होती है। और वह आत्मबल भी महाकठिन साधना द्वारा हीं प्राप्त होता है। भगवान महावीर का साधक जीवन उसका विशिष्ट प्रतीक है। जिस प्रकार उनका जीवन, एक विशिष्ट साधक जीवन था उसी प्रकार उनका शासन भी महती विशेषता रखता है। इस विषय पर इस लघुलेख में संक्षेप से विचार किया जाता है।

वीर शासनद्वारा विश्वकल्याण का कितना घनिष्ठ संबंध है। तत्कालीन परिस्थिति में इस शासन ने क्या काम कर दिखाया ? यह भली भाँति तभी विदित होगा जब हम उस समय के वातावरण से, सम्यक् प्रकार से परिचित हो जायँ। अतः सर्व प्रथम तत्कालीन परिस्थिति का कुछ दिग्दर्शन करना आवश्यक हो जाता है।

जैन एवं बौद्ध प्राचीन ग्रंथों के अनुशीलन से ज्ञात होता है कि उस समय धर्म के एकमात्र ठेकेदार ब्राह्मण लोग थें, गुरूपद पर वे ही "सर्वे सर्वा" थें। उनकी आज्ञा राजाज्ञा से भी अधिक मूल्यवान समझी जाती थी, राजगुरू भी वे ही थे अतः उनका प्रभाव बहुत व्यापक था। सभी सामाजिक रीतिरस्में एवं धार्मिक क्रियाकांड उन्हीं के तत्त्वाधानमें होते थे, और इसलिए उनक जातीय अहंकार बहुत बढ़ गया था। वे अपने को सबसे उच्च मानते थे। शूद्रादि जातियों के धार्मिक एवं सामाजिक अधिकार प्रायः सभी छीन लिये गये थें, इतना ही नहीं, वे उनपर मनमाना अत्याचार भी करने लगे थे। यहीं दशा मूकपशुओंकी थी। उन्हें यज्ञयागादि में एसे मारा जाता था मानों उनमें प्राणही नहीं हो। और इसे महान धर्म समझा जाता था। "वेदविहितहिंसा" हिंसा नहीं मानी जाती थी।

इधर स्त्रीजाति के अधिकार भी छीनलिये थें। पुरुष लोग उनपर जो मनमाना अत्याचार करते थें वे उन्हें निर्जीवकी भांति सहन कर लेने पड़ते थें। उनकी कोई सुनाई नहीं थी। धार्मिक कार्यों में भी उनको उचित स्थान नही था अर्थात् स्त्री जाति बहुत कुछ पद-दलित सी थी।

यह तो हुई उच्च नीच जातीयवाद की बात, इसी प्रकार वर्णाश्रम वाद भी प्रधान माना जाता था। साधनाका मार्ग वर्णाश्रम के अनुसार ही होना आवश्यक समझा जाता था। इसके कारण सच्चे वैराग्यवान व्यक्तियों का भी तृतीयाश्रम के पूर्व सन्यासग्रहण उचित नहीं समझा जाता था।

इसी प्रकार शुष्क क्रियाकाण्डों का उस समय बहुत प्राबल्य था। यज्ञयागादि स्वर्ग के मुख्यसाधन माने जाते थें। एवं बाह्यशुद्धि की ओर अधिक ध्यान दिया जाता था। अन्तर शुद्धि की ओर से लोगों का लक्ष्य दिनों दिन हटता जा रहा था। स्थान स्थान पर तापस लोग तापसिक बाह्य कष्टमय क्रियाकाण्ड किया करते थे और जनसाधारण को उन पर काफी विश्वास था।

वेद ईश्वर कथित शास्त्र हैं, इस विश्वास के कारण वेदाज्ञा सबसे प्रधान मानी जाती थी। अन्य महर्षियों के मत गौण थे। और वैदिक क्रियाकाण्डों पर लोगों का बहुत अधिक विश्वास था। शास्त्र, संस्कृत भाषा में होने से साधारण जनता उनसे विशेष लाभ नहीं उठा सकती थी।

वेदादि पढ़ने के एकमात्र अधिकारी ब्राह्मण ही माने जाते थें।

ईश्वर एक विशिष्ट शक्ति है। संसार के सारे कार्य उसी के द्वारा परिचालित है। सुखदुःख व कर्मदाता ईश्वर ही है। विश्व की रचना भी ईश्वर ने ही की है। इत्यादि बातें विशेषरूप से सर्वजनमान्य थी। इसके कारण लोग स्वावलम्बी न होकर केवल ईश्वर के भरोसे बैठ रह कर आत्मोन्नति के सच्चे मार्गमें प्रयत्नशील नहीं थें। मुक्तिलाभ ईश्वर की कृपा पर ही माना जाता था। कल्याण पथमें 'विशेष' मनोयोग न देकर लोग ईश्वर की लम्बी लम्बी प्रार्थनाएँ करने में ही निमग्न थें। और प्रायः इसी में अपने कर्तव्य की इतिश्री समझते थें।

इस विकट परिस्थिति के कारण लोग बहुत अशान्ति भोग कर रहे थें। शूद्रादि तो अत्याचारों से ऊब गये थे। उनकी आत्मा शान्ति प्राप्ति के लिए व्याकुल हो उठी थी। वे शान्तिकी शोध में आतुर हो गये थे। भगवान महावीरने अशान्ति के कारणों पर बहुत मनन कर, शान्ति के वास्तविक पथका गंभीर अनुशीलन किया। उन्होंने पूर्व परिस्थिति का कायापलट किये बिना शान्ति लाभको असंभव समझ, अपने अनुभव सिद्धान्तों द्वारा क्रान्ति मचा दी।

उन्होंने जगत के वातावरण की कोई पर्वाह 'न' कर साहस के साथ अपने सिद्धान्तों का प्रचार किया। उनके द्वारा विश्वको एक नया प्रकाश मिला। महावीर के प्रति जनता का आकर्षण क्रमशः बढ़ता चला गया। फलतः लाखों व्यक्ति वीर शासन की पवित्र छत्र छाया में शान्ति लाभ करने लगे।

वीरशासन की विशेषताएँ

वीरशासन की सबसे बड़ी विशेषता "विश्वप्रेम" है। इस भावना द्वारा अहिंसाको धर्म में प्रधान स्थान मिला, सब प्राणीयोंको धार्मिक अधिकार एकसमान दिये गये। पापी से पापी और शूद्र एवं स्त्री जातिको मुक्तितक का अधिकार घोषित किया गया और कहा गया कि मोक्ष का दरवाजा सबके लिए खुला है। धर्म पवित्र वस्तु है। उसका जो पालन करेगा, वह जाति अथवा कर्म से चाहे कितनाही नीचा क्यों न हो, अवश्य पवित्र हो जायगा। साथ ही जातिवाद का जोरों से खंडन किया गया। उच्च और नीचता का सच्चा रहस्य प्रकट किया गया और उच्चता और नीचता के संबंध में जाति के बदले गुणोंको प्रधान स्थान दिया गया। सच्चा ब्राह्मण कौन है, इस की विशद व्याख्या की गई, जिसकी कुछ रूपरेखा जैनों के "उतराध्ययनसूत्र" एवं बौद्धों के "धम्मपद" में पाई जाती है। लोगों को यह सिद्धान्त बहुत संगत और सत्यप्रतीत हुआ। फलतः लोक समूह-झुण्ड के झुंड महावीर के उपदेशों को श्रवणकरने के लिए उमड़ पड़े। उन्होंने अपना वास्तविक व्यक्तित्व लाभ किया वीर शासन के दिव्य आलोक से चिरकालीन अज्ञानमय भ्रान्त धारणा विलीन हो गई। विश्वने एक नई शिक्षा प्राप्त की, जिसके कारण हजारों शूद्रों एवं लाखों स्त्रियोंने आत्मोद्धार किया। एक सदाचारी शूद्र निर्गुण ब्राह्मण से लाख गुणा उच्च है अर्थात् उच्च नीचका माप जातिसे न होकर, गुण सापेक्ष हैं। कहा भी है—

"गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः!"

धार्मिक अधिकारों में जिस प्रकार सबप्राणी समान हकदार हैं उसी प्रकार प्राणीमात्र सुखाकांक्षी हैं। सब जीने के इच्छुक हैं; मरण से सबको भय एवं कष्ट है, अतएव प्राणीमात्र पर दया रखना वीरशासनका मुख्य सिद्धान्त है। इसके द्वारा यज्ञयागादि में असंख्य मूक पशुओंका जो आयेदिन संहार हुआ करता था, वह सर्वथा रूक गया। लोगोंने इस सिद्धान्त की सचाई का अनुभव किया कि जिस प्रकार हमें कोई मारने को कहता है तो हमें उस कथन मात्र से कष्ट होता है उसी प्रकार हम किसी को सतायेंगे तो उसे अवश्य कष्ट होगा। परपीड़न में कभी धर्म हो ही नहीं सकता। मूक पशु चाहे मुखसे अपना दुःख व्यक्त न कर सकें पर उनकी चेष्टाओं द्वारा यह भलीभांति ज्ञात होता है कि मारने पर उन्हें भी हमारी भ्रान्ति कष्ट अवश्य होता है। इस निर्मल दया उपदेश का जनसाधारण पर बहुत गहरा प्रभाव पड़ा और ब्राह्मणों के लाख विरोध करनेपर भी यज्ञयागादि की हिंसा बन्द हो ही गई। इस सिद्धान्त से अनन्त जीवोंका रक्षण हुआ और असंख्य व्यक्तियोंका पाप से बचाव हुआ।

अहिंसा की व्याख्या वीर शासनमें जिस विशद रूप से पाई जाती है, किसी भी दर्शन में वैसी उपलब्ध नही है। विश्वशान्तिके लिए इसकी कितनी आवश्यकता है, यह भगवान महावीरने भली भाँति सिद्ध कर दिखाया। कठोर से कठोर हृदय भी कोमल हो गये और विश्वप्रेम की अखण्ड धारा चारों ओर प्रवाहित हो चली।

वीर शासन में वर्णाश्रमवाद को अनुपयुक्त घोषित किया गया। मनुष्य के जीवनका कोई भरोसा नहीं। हजारों प्राणी बाल्यकाल एवं यौवनावस्थामें मरण को प्राप्त हो जाते हैं। अतः आश्रमानुसार धर्मपालन उचित नहीं कहा जा सकता। एवं व्यक्तियों का विकास भी एक समान नहीं होता। किसी आत्माको अपने पूर्व संस्कारों एवं साधना के द्वारा बाल्यकालमें ही सहज वैराग्य हो जाता है। धर्म की ओर उसका विशेष झुकाव होता है। तब किसी को वृद्ध होनेपर भी वैराग्य नहीं होता। इस परिस्थिति में वैराग्यवान बालक को गृहस्थाश्रम पालनके लिए मजबूर करना अहितकर है और वैराग्यहीन वृद्धका संन्यासग्रहण भी बेकार है। अतः आश्रमव्यवस्था के बदले धर्मपालन, योग्यता पर निर्भर करना चाहिए। हाँ, योग्यता की परीक्षा में असावधानी करना उचित नहीं है।

इसी प्रकार ईश्वरवाद के बदले वीरशासनमें कर्मवाद पर जोर दिया है। जीव स्वयं कर्मका कर्ता है। और वह स्वभावानुसार स्वयं ही उसका फल भोगता है। ईश्वर शुद्ध बुद्ध है, उसे सांसारिक झंझटोंसे कोई मतलब नहीं। वह किसीको तारने में भी समर्थ नहीं। यदि लम्बी प्रार्थनासे ही मुक्ति मिल जाती तो संसारमें आज अनन्त जीव शायद ही मिलते। जीव अपने भले बुरे कर्म करने में स्वयं स्वतंत्र है। पौरूष के बिना मुक्तिलाभ संभव नहीं। अतः प्रत्येक प्राणीको अपना निजस्वरूप पहिचान कर अपने पैरों पर खडे होनेका अर्थात् स्वावलंबी बनकर आत्मोद्धार करनेका सतत प्रयत्न करना चाहिए। ईश्वर न तो सृष्टिरचयिता है और न कर्म फलदाता।

शुष्क क्रियाकांडों और बाह्य शुद्धिके स्थानपर वीर-शासनमें अन्तर शुद्धिपर विशेष लक्ष्य दिया गया है। अन्तर शुद्धि साध्य है, बाह्य शुद्धि उसका साधन मात्र है। अतः साध्यके लक्ष्य विना क्रिया फलवती नहीं होती। केवल 'जटा' बढ़ानेसे, राख लागानेसे नित्यस्नानकर लेनेसे व पंचाग्नि तप आदिसे सिद्धि नहीं मिल सकती। अतः क्रियाके साथ चित्तशुद्धि भावोंका होना नितान्त आवश्यक है।

वीर प्रभुने अपना उपदेश जनसाधारणकी भाषामें ही दिया; क्योंकि धर्म केवल पंडितोंकी संपत्ति नहीं, उसपर प्राणीमात्र का अधिकार है। यह भी वीरशासनकी एक महान विशेषता है। उसका लक्ष्य एक मात्र विश्वकल्याण का था। सूत्रकृतांग सूत्रसे स्पष्ट है कि भगवान महावीर के समयमें भी वर्तमान की भाँति अनेकों मतमतान्तर प्रचलित थे। इस कारण जनता बडे भ्रममें पडी थी कि किसका कहना सत्य एवं मानने योग्य है और किसका असत्य है? मत प्रवर्तकोंमें सर्वदा मुठभेड़ हुआ करती थी। एक दूसरे के प्रतिद्वन्द्वी शास्त्रार्थ चला करते थे। अपने अपने सिद्धान्तों पर प्रायः सब अडे हुए थे। सत्यकी जिज्ञासा मन्द पड गई थी। तब भगवान महावीर ने उन सबका समन्वय कर वास्तविक सत्यप्राप्ति के लिए "अनेकान्त" को अपने शासनमें विशिष्ट स्थान दिया, जिसके द्वारा सब मतों के विचारों को समभाव से तोला जा सके, पचाया जा सके, सत्य को प्राप्त किया जा सके। इस सिद्धान्त द्वारा लोगोंका बडा कल्याण हुआ। विचार उदार एवं विशाल हो गये, सत्य की जिज्ञासा पुनः प्रतिष्ठित हुई, सब वितंडावाद एवं कलह उपशान्त हो गये। और इस तरह वीरशासन का सर्वत्र जयजयकार होने लगा।

आज महावीर के उपदेशों का प्रचार होना आवश्यक है। विश्वकल्याण के लिए अहिंसा, अपरिग्रह एवं धर्म समन्वयादि की बहुत ही आवश्यकता है। जैन समाजने भी अब सर्वत्र एवं समस्त जगतमें महावीरके उपदेशों का प्रचार करना चाहिये।

卐

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

રજીસ્ટર્ડ ઓફીસ

૨૨, કેનાંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ
(પૂર્વ પાકિસ્તાન)

મીલ નં. ૨ બેલઘરીઆ
(કલકત્તા)

(१) मन्दिर १२ में भव्य जिनप्रतिमा



(२) मन्दिर १५ में गर्भगृहमें आसनस्थ जिनप्रतिमा

[जुओ लेख पा. २१

(३) मन्दिर २१ के दाँये कमरे में आसनस्थ जिनप्रतिमा

फोटो : डॉ. क्लाउस ब्रून]

(४) मन्दिर १२ के मंडप में आसनस्थ जिनप्रतिमा

[जुओ लेख पा. २१

मध्य देश के जैन तीर्थ

३ देवगढ़[1]

डा० क्लाउस ब्रून

अनु० श्री तिलक राज चोपड़ा

बहुधा देवगढ़ का स्मरण उसके छठी शताब्दी ईस्वी में बने विष्णु मन्दिर के कारण ही किया जाता है। यह मन्दिर गुप्तयुगीन कला का प्रतिनिधित्व करता है। वास्तव में गुप्तकला सदा से ही भारतीय कला की चरमपराकाष्ठा मानी जाती रही है, यहाँ तक कि इसके सम्मुख अन्य युगों की कला को उपेक्षाभाव से देखा जाता रहा है। भारतीय कला विकास के अन्य युगों की महत्ता को अभी हाल ही में ठीक प्रकार से समझा गया है और उनके विशिष्ट गुणों का मूल्याङ्कन किया जा सका है। यद्यपि यह कहा जा सकता है कि परवर्ती कला की विशेषताएँ कुछ अंशों तक बीज रूप में गुप्तयुगीन कला में वर्तमान हैं, यथा—क्रियाशीलता, विशेषणों की समृद्धि, मौलिक मुखसंघटना, शारीरिक गति-लावण्य, तथा सज्जा-तत्त्वों का अपूर्व सौन्दर्य। तथापि गुप्तकला में जहाँ ये विशेषताएँ एक सम्पूर्ण समन्वय का अङ्ग बन चुकी थीं, वहाँ बाद में वे एक दूसरे से स्वतन्त्र होकर मुक्त हो गईं। गुप्तकला के एकाकी निदर्शन में प्रायः हम उस युग की कला की सभी विशेषताएँ संघटित रूप में देख सकते हैं परंतु परवर्ती कला के किसी एक निदर्शन में हम उस युग की कला की मुख्य विशेषताएँ एक स्थान पर संघटित नहीं देख सकते। उदाहरणतः परवर्ती जैन कला में हम ऐसी प्रतिमाएँ पाते हैं जो एक ओर तो सज्जा-परिमार्जन की चामत्कारिक पराकाष्ठा को सूचित करती हैं, परन्तु दूसरी ओर प्रतिमाओं की मुख-संघटना कुछ एकरस है। अन्य प्रतिमाएँ बहुत-कुछ अपने मौलिक रूप में जिन की गंभीर समाहितचित्तता को तो सूचित करती हैं, परन्तु उनमें कोई विशेष सज्जागत बाह्य चमत्कार नहीं दिखाई पड़ता। देवगढ़ के जैन मन्दिरों में मुख्य रूप से भारतीय कला के विकास का यही उत्तर-कालीन स्तर अभिव्यंजित हुआ है। इन मन्दिरों की मूर्त्तिकला का विवेचन करने के पूर्व हमें इस स्थान का संक्षिप्त परिचय जान लेना चाहिए।

सभी जैन मन्दिर देवगढ़ के किले के उत्तरपूर्वी भाग में स्थित हैं। यह किला गाँव के पूर्व में अवस्थित पहाड़ी पर है। इस समय यहाँ लगभग तीस-चालीस मन्दिर हैं। जहाँ एक ओर यहाँ का मन्दिर नं. १२ उत्तरी भारत के आदिमध्यकालीन विशाल मन्दिरों में से एक है, वहीं दूसरी ओर यहाँ ऐसे छोटे-छोटे मन्दिर भी हैं, जिनके भीतर एक पुरुष सीधा खडा नहीं हो सकता। इस प्रकार आकार की दृष्टि से यहाँ के मन्दिरों में पर्याप्त विभेद पाया जाता है।

काल की दृष्टि से भी ये मन्दिर विभिन्न स्तरों का प्रतिनिधित्व करते हैं। यह स्पष्ट है कि इनका निर्माण एक ही व्यक्ति के जीवन-काल में संभव नहीं। अतः हमें इस स्थानीय दन्तकथा को अस्वीकार करना पड़ेगा कि इन सभी मन्दिरों की रचना देवपत और खेवपत नाम के दो भाइयों ने की थी। मन्दिर नं. १२ नवम-शताब्दी ईस्वी की रचना है, जबकि अन्य मन्दिरों में से अधिकांश बाद की शताब्दियों में निर्मित हुए। हम अनुमान कर सकते हैं कि इस स्थान के निर्माण-कार्य में कम-से-कम आधी सहस्राब्दी अवश्य लगी होगी।

यद्यपि प्रतिमाओं, स्तम्भों और भवनों के विभिन्न भागों पर लगभग तीन-चार सौ अभिलेख (जिनमें से अधिकांश बहुत संक्षिप्त है) उत्कीर्ण मिलते हैं, तथापि हम इनकी सहायता से इस तीर्थ के इतिहास की सन्तोषजनक व्याख्या नहीं कर सकते। अधिकांश लेखों में केवल दाता और उसके पूर्वजों अथवा परम्परागत गुरुओं की नामावली ही मिलती है। इनमें से एक महत्त्वपूर्ण अभिलेख मन्दिर नं. १२ के द्वारमण्डप के आधारस्तम्भों में से एक पर उत्कीर्ण मिलता है। इसमें इस स्तम्भ की स्थापना-तिथि ९१९ सं० दी गई है। यह स्पष्ट है कि एक स्तम्भ के रचनाकाल को जान लेने मात्र से ही कोई विशेष समस्या

---

१) यह लेख इस लेखमाला के अन्य लेखों से अपनी भाषा और शैली की दृष्टि से कुछ भिन्न है क्योंकि यह एक विशेष अवसर के लिये लिखा गया था॥

नहीं सुलझती, परन्तु इस लेख में जो कन्नौज के प्रतिहार-राजा भोज (लगभग ८४०–८९० ई०) का नामोल्लेख है वह इसे विशेष महत्त्व प्रदान करता है। वास्तव में देवगढ़ का यह अभिलेख राजा भोज के शासन-काल का निर्णय करने में विशेष सहायक हुआ है। मन्दिरों का इतिहास जानने के लिये एक अन्य अभिलेख इससे भी अधिक महत्त्व रखता है। यह अभिलेख मन्दिर नं. १२ के भीतरी द्वार की चौखट के बाँये भीतरी भाग पर उत्कीर्ण है। इसमें कहा गया है कि प्रस्तुत चौखट सं० १०५१ में स्थापित की गई थी। इस चौखट की रचना-शैली से यह स्पष्ट है कि यह मन्दिर की मूल-योजना का एक अंग नहीं थी, परन्तु एक पुरानी चौखट के स्थान पर बाद में इसकी स्थापना की गई। वर्तमान चौखट की रचना-शैली मन्दिर की रचना-शैली से कुछ नवीन है। अतः यह अनुमान किया जा सकता है कि मन्दिर वर्तमान चौखट से सौ-डेढ़ सौ वर्ष पुराना होगा। अर्थात् मन्दिर नं० १२ का निर्माण-कार्य कदाचित् नवम-शताब्दी के मध्य में सम्पन्न हुआ और इस प्रकार से यह उपर्युक्त स्तम्भ का समकालीन कहा जा सकता है।

वर्तमान मन्दिरों के साथ ही साथ कुछ पुराने मन्दिरों के भग्नावशेष भी मिलते हैं, जिनमें से कुछ तो इस प्रदेश में इधर-उधर बिखरे हुए हैं और कुछ का उपयोग वर्तमान मन्दिरों की रचना में कर लिया गया है। इन मन्दिरों की संख्या और स्थिति के विषय में कुछ अधिक जान सकना संभव नहीं। हम यह भी निश्चयपूर्वक नहीं कह सकते कि वर्तमान मन्दिरों में मिलने वाली सभी मूर्त्तियाँ आरंभ से ही इन्हीं स्थानों पर रखी हुई थीं या नहीं। कदाचित् इनमें से कुछ मूर्त्तियाँ पुराने मन्दिरों के भग्न हो जाने पर उनमें से अपने वर्तमान स्थान पर उठाकर लाई गई हैं। इन बिखरे हुए भग्नावशेषों की रचना शैली से यह स्पष्ट है कि इनमें से शायद ही कोई नवम-शताब्दी के पूर्व की रचना मानी जा सके।

मन्दिर नं. १२ में रखी हुई खड़े शांतिनाथ की महान् प्रतिमा (नं. १) ऊंचाई, समय और अपने कलात्मक गुणों के कारण इन स्मारकों में सबसे अधिक गौरवशालिनी है। इस जिन-मूर्त्ति के भामण्डल पर बने हुए सज्जा-तत्त्व तथा दक्षिण और वाम पार्श्व में स्थित दो चौंरीदारों की लावण्यपूर्ण भङ्गिमा आज भी गुप्तकला का स्मरण दिलाती हैं। मन्दिर नं. १५ के गर्भगृह में अवस्थित आसनस्थ जिन-प्रतिमा (नं. २) इससे सर्वथा भिन्न है। निस्सन्देह यह प्रतिमा भी गुप्तकाल की कलागत परम्पराओं पर आश्रित है, इसका स्पष्ट प्रमाण सारनाथ में अवस्थित गुप्तकाल की बुद्ध-प्रतिमा से इसकी समानता है। समय की दृष्टि से भी मन्दिर नं. १२ की खड़ी प्रतिमा (नवम शताब्दी) से यह अधिक भिन्न नहीं हो सकती। परन्तु दोनों प्रतिमाओं की तुलना करने पर यह बिल्कुल स्पष्ट हो जाता है कि कैसे गुप्तयुग के बाद कला की एकता का स्थान अपने आपको स्वतन्त्र रूप में अभिव्यक्ति प्रदान करने वाली प्रवृत्तियों की विविधता ने ले लिया।

निस्सन्देह दोनों प्रतिमाएँ आध्यात्मिकता और बाह्य संसार के प्रति उदासीनता का स्पष्ट भाव अभिव्यक्त करती हैं। परन्तु जहाँ खड़ी जिनप्रतिमा अधिक कठोर और निष्क्रिय है, वहाँ आसनस्थ जिन-प्रतिमा अधिक सजीव है; पहली भय का संचार कर देती है, दूसरी करुणा का मूर्त्तिमान् प्रवाह है; पहली संसार के प्रति स्पष्ट अवहेलना का भाव प्रकट करती है, दूसरी हर्षोत्फुल्ल और अनुप्राणित प्रतिमाओं से घिरी हुई है जिनकी उपस्थिति के प्रति वह रंचमात्र भी असहिष्णु नहीं।

परवर्ती मूर्तिकला में यह भेद और भी अधिक स्पष्ट है। मन्दिर नं. २१ के दाँये कमरे में आसनस्थ जिन-प्रतिमा (नं. ३) अपनी सज्जागत समृद्धि और केन्द्रस्थित तथा चारों ओर स्थित प्रतिमाओं के चित्ताकर्षक एकीकरण की दृष्टि से गुप्तकला की सफलताओं को भी पीछे छोड़ गई है। परन्तु यह केन्द्रस्थित जिन सम्पूर्ण चित्ररचना का एक ऐसा अविभाज्य अंग बन चुका है कि प्रधान प्रतिमा और गौण प्रतिमाओं अथवा केन्द्र और परिघ का स्पष्ट भेद कुछ धूमिल-सा पड़ गया है, यह धूमिलता उत्तर-कालीन मूर्त्तियों में और भी अधिक प्रखर हो गई है। पर इसप्रकार की मूर्त्तियों के मुखमण्डल की रचना में सामान्यतः कोई विशेष मौलिकता दिखाई नहीं पड़ती।

उपर्युक्त प्रतिमा उच्चकोटि की आलंकारिक शैली का प्रतिनिधि निदर्शन है। अब हम दूसरे वर्ग की प्रतिमाओं पर भी कुछ विचार कर लें, जिनमें सज्जागत तत्त्व या तो अलक्षणीय हैं या उनका एकान्त अभाव है। यहाँ वास्तव में कलाकार का मुख्य उद्देश्य मुखमण्डल को विशिष्ट रूप प्रदान करना रहा है, इस दिशा में उसने कुछ अभिनव प्रयोग भी किये हैं। उदाहरण के लिये हम मन्दिर नं. १२ के मण्डप में स्थित आसनस्थ जिन-प्रतिमा (नं. ४) को

ले सकते हैं। यहाँ सिर खूब चौड़ा है, स्थूल अधर काफी सटे हुए हैं, तथा अर्द्धनिमीलित नेत्र कुछ अधिक बाहर की ओर झुके हुए हैं। उठी हुई भ्रकुटियां दृढ़ता और आन्तरिक एकाग्रता के भाव को पुष्टि प्रदान करती हैं। यहाँ गौण प्रतिमाओं तथा सज्जागत तत्त्वों का प्रायः अभाव है। जबकि मन्दिर नं. २१ की प्रतिमा मन्दिर नं. १५ की आसनस्थ जिन-प्रतिमा की परम्परा को अक्षुण्ण बनाये हुए है, हम इस जिन-प्रतिमा को नं. १२ के गर्भगृह में स्थित खड़ी जिन-प्रतिमा से सम्बन्धित मान सकते हैं। आलंकारिक और अनालंकारिक मूर्त्तिकला के इस स्पष्ट अन्तर को हम देवगढ़ के जैन मन्दिरों में स्थित प्रायः सभी मूर्त्तियों में लक्षित कर सकते हैं।

हम इस संभावना से इन्कार नहीं कर सकते कि देवगढ़ में दो विभिन्न 'शैलियों' का समसामयिक प्रयोग किया जाता रहा हो। कला के इतिहास में विभिन्न शैलियों का सह-अस्तित्व एक परिचित घटना है। परंतु किसी अपरिपक्व निष्कर्ष से बचने के लिये मूर्त्तियों में प्राप्त होनेवाले भेदों की व्याख्या हम इस लेख में शैलियों के आधार पर नहीं वरन सज्जागत तत्त्वों अथवा मुख संघटना के स्वतंत्र महत्त्व से करना चाहते हैं।

इस छोटे-से लेख में देवगढ़ के समस्त स्मारकों का एक साधारण सर्वेक्षण भी संभव नहीं। वास्तव में इन पंक्तियों को लिखने का मेरा केवल यही प्रयोजन है कि जिस दृष्टिकोण से मैंने इन स्मारकों को देखा है उसका मैं यहाँ स्पष्ट निर्देश कर दूँ।

"मध्यमवर्गना उत्थानना मार्गो"

जैन युग ईनामी निबंध

श्री जैन श्वेताम्बर कॉन्फरन्सना "जैन युग" व्यवस्थापक मंडळ तरफथी "मध्यमवर्गना उत्थानना मार्गो" ए विषय उपर हिंदी, गुजराती अथवा अन्ग्रेजी भाषामां निबंधो आवकारवामां आवे छे. ते अंगेनी शरतो आ प्रमाणे छे :—

(१) निबंध फुलस्केप साइझना कागळ उपर एक बाजू चार हजार शब्दोमां चोख्खा अक्षरे लखायेला होवो जोईये.

(२) निबंधो ता. १५ मे, १९५९ सुधीमां रजीस्टर्ड पोस्टथी मोकली आपवा.

(३) निबंधो "जैन युग" व्यवस्थापक मंडळ द्वारा तपासवामां आवशे अने तेनो निर्णय छेवटनो अने लेखकने बंधनकर्ता गणाशे.

(४) प्राप्त थयेल निबंधोनी मालिकी वगेरेना सर्व हक्क श्री जैन श्वेताम्बर कॉन्फरन्सना "जैन युग" व्यवस्थापक मंडळना रहेशे.

(५) श्रेष्ठ निबंध लखनारने अनुक्रमे प्रथम, द्वितीय अने तृतीय रू. १५०), रू. १००) अने रू. ५०) इनामो आपवामां आवशे.

(६) निबंध लखनारे पोतानुं पूरुं नाम, ठेकाणुं, गाम वगेरे निबंध साथे जुदा कागळ उपर लखवां.

निबंधो नीचेना सरनामे मोकलवा :—

तंत्रीओ, जैन युग c/o श्री जैन श्वेताम्बर कॉन्फरन्स
गोडीजी बिल्डिंग, २०, पायधुनी, कालबादेवी, मुंबई २

Causes of Misery

One day when Mahavira was on a visit to Miyaggama, a blind beggar led by his friend with a staff went to listen to his discourse. Indrabhuti Gautama, the seniormost pupil of Mahavira, noticed his presence there and asked his Master if there lived a person more miserable than the blind man. Mahavira replied in the affirmative and directed Indrabhuti to the son of Miyadevi in Miyaggama.

When Indrabhuti reached the house of Miyadevi and expressed his desire to see her son, she presented her four sons to him. Indrabhuti, however, wanted to see her son Miyaputta whom she had been nursing in privacy, as the child was nothing but a lump of flesh with cavities at the places of sense-organs. She was surprised to know from Indrabhuti that Mahavira by his divine power was able to know her secret. She then led Indrabhuti to the place where Miyaputta was kept. She served food to the child, which it immediately devoured and digested. Indrabhuti then saw the child as if it had been in the hell. He then returned to his master and asked him who the boy was in his previous birth and as a result of what deeds he suffered the miseries of present life. Mahavira then gave the account of Miyaputta's previous life.

There lived in a small district town Vijayavadhamana, a district officer, Ikkai by name of King Dhanavati of Sayaduvara. This Ikkai had five hundred villages under his charge. He was impious and oppressed people under his charge in various ways, such as heavy taxes, threats of setting their houses on fire, robbing their houses and by such other dubious means. He could never be trusted by the people as he was always unreliable. Once he suffered from all the sixteen kinds of diseases, and sent on all available doctors for treatment. The doctors treated him with all kinds of medicines, but without any effect. After suffering miseries for a long time, he died and was born in hell. In the subsequent life, he was born as the son of Miyadevi, became deformed deaf and dumb, almost like a lump of flesh. This was the result of his misdeeds in his past life.

Nivagsutta.

ESSAY COMPETITION

WAYS AND MEANS OF UPLIFT OF THE MIDDLE STRATA OF SOCIETY

The Managing Committee of JAINYUG, the official monthly organ of Shri Jain Swetamber Conference invites essays in English, Gujarati and Hindi on **Ways and Means of the Uplift of the Middle Strata of Society.** The essays should be either legibly written or typewritten on fulscap size paper on one side and should not exceed four thousand words. There will be three prizes of Rs. 150, Rs. 100 and Rs. 50.

The last date of receiving the essays is 15th May, 1959

Shri Jain Swetamber Conference,
Godiji Building, 2nd floor,
2o, Pydhonie, Bombay 2.

J. R. Shah
S. L. Kothari
Editors, JAINYUG

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri G. D. Somani, M. P.

LIST OF BRANCHES

Agra	**Calcutta**	**Jodhpur**
Ahmedabad	Coimbatore	Jamnagar
Alwar	Dausa	Kotah
Bombay	**Delhi**	Kishangarh
1 Dadabhoy N. Road	Fatehpur	**Madras**
2 Kazi Sayed St. Mandvi	Gangapur	Nawalgarh
3 Kalbadevi Road	Hindaun	**Rajkot**
4 Dana Bunder	Indore	**Ratlam**
Bangalore	**Jaipur**	Sawaimadhapur
Bharatpur	1 Mansing Highway	Sikar
Bareilly	2 Chand Pole	Surajgarh
Bhilwara	3 Jauhari Bazar	Tirupur
Bisalpur	4 Secretariat	**Udaipur**
Beawar	Jhunjhunu	
Bikaner		

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager



आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी वाडी, गिरगांव, मुंबईमां श्रीमाणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथीप्रकट कर्युं.

तं त्री

सोहनलाल म. कोठारी
बी.ए.,बी.कॉम्. (लंदन), ए.सी.ए. (इंग्लंड)

जयंतीलाल र. शाह
बी.ए.,बी.कॉम्. (लंडन)

जून १९५९

मूल्य : २५ नये पैसे

श्री जैन श्वेताम्बर कॉनफरन्स का मुखपत्र

卐 जैनधर्म, तत्त्वज्ञान, साहित्य, कळा, स्थापत्य, इतिहास, जीवनचरित्र ने समाजप्रगतिने लगता विषयोनुं उत्तम मासिक 卐

जैन युग

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

: व्यवस्थापक मंडल :

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डी. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन)

दरेक १ली तारीखे प्रगट थाय छे. भारतमां वार्षिक लवाजम रूपये २) बे

आ पत्रमां प्रकट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.

★

અનુક્રમ : જૂન ૧૯૫૯

પૃષ્ઠ નં.

व्यवस्थित योजना नहीं करीએ तो—	१	
श्री જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ	४	કાર્યાલય પ્રવૃત્તિ નોંધ
સમાચાર સંકલન	५	
ચિત્રપરિચય	८	પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજ
મહાનુભાવ મરિચિ યાને ભગવાન મહાવીર પ્રભુનો ત્રીજો ભવ	११	પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ
એક પ્રાચીન ઉપદેશ-કાવ્ય	१६	પૂ. મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજી મહારાજ
પરમાત્મ પ્રાપ્તિનો ઉપાય	१९	"કુ. ચંદ્રરેખા"
નૈવેદ્યપૂજાનું ફળ	३१	શ્રી નવીનચંદ્ર અ. દોશી
વીરરાણી મૃગાવતી	२३	શ્રી રતિલાલ મફાભાઈ
सद्गुणोपासना	२९	श्री अमृतलाल काळीदास दोशी
Devadatta	30	Vivāgsūyam

★

श्री जैन श्वे० कॉन्फरन्स ऑफिस
गोडीजी बिल्डिंग, २०, पायधूनी,
कालबादेवी, मुंबई नं. २

चित्र नं. १



जगती उपरथी : शिखरना प्रारंभसुधीनुं दृश्य

चित्र नं. २



पोरबंदरथी लगभग ३२ माईल दूर, धूमली गाममां आवेलो आठसो वरसथी वधु पुराणो अतिभव्य अने विशाळकाय जिनप्रासाद

पोरबंदर पुरातत्त्वमंडळना सौजन्यथी,
हा. पू. मुनिश्री यशोविजयजी महाराज

[परिचय माटे जुओ पा.

चित्र नं. ३



रंगमंडपना कलात्मक अष्टकोण स्तंभो

चित्र नं. ४



ग्रासपट्टी, गजथर अने नरथरनुं शिल्प

पोरबंदर पुरातत्त्वमंडळना सौजन्यथी,
हा. पू. मुनिश्री यशोविजयजी महाराज

[परिचय माटे जुओ पा. ८

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ का મુખપત્ર

વર્ષ : જૂનું ૨૦, નવું ૨ ✠ વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૫ ✠ તા. ૧ જૂન ૧૯૫૯ ✠ અંક ૮

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो।
देवा वि तं नमस्संति जस्स धम्मे सया मणो॥ —દશવૈકાલિક સૂત્ર

અહિંસા, તપ અને સંયમરૂપ ધર્મ એ ઉત્તમમાં ઉત્તમ મંગલ છે. જેનું મન હંમેશાં (આ) ધર્મમાં રહે છે તેને દેવો પણ નમે છે.

卐

વ્યવસ્થિત યોજના નહીં કરીએ તો—

દેશ અને દુનિયાની પલટાતી પરિસ્થિતિ અને બદલાતી સમાજવ્યવસ્થાની પાછળ રાજકીય, આર્થિક તેમ જ બીજાં જબરાં પરિબળો કામ કરી રહ્યાં છે; કદાચ વધુ સાચી રીતે કહેવું હોય તો એમ જ કહી શકાય કે એ પરિબળો જ પરિસ્થિતિ અને સમાજ-વ્યવસ્થાના ફેરફારનાં જનક છે.

શીત કાળે સૌને ટાઢનો અનુભવ થાય અને ઉનાળે જેમ ગરમીનો અનુભવ થાય, એ જ રીતે આ ફેરફારોની અસર દેશના કે દુનિયાના બધાય માનવસમૂહો અને સમાજોને થયા વગર ન રહે. કેટલાકને એ ફેરફાર પોતાના પ્રગતિના માર્ગમાં પ્રેરણારૂપ અને સહાયતારૂપ બની જાય તો બીજા કેટલાકને, પોતાના જૂના વિચારોના ભારણને કારણે, એ અકળાવનારા અને આફતરૂપ લાગી જાય છે, એટલું જ. પણ એમાં એ ફેરફારનો શો વાંક ?

પણ કોઈને ગમે કે ન ગમે, કોઈને આશીર્વાદરૂપ લાગે કે આપત્તિરૂપ લાગે, છતાં જે નવા ફેરફારો હવે થયા વગર રહેવાના જ નથી, એની સામે લાચાર થઈને બેસી રહેવું કે એની સામે નિરર્થક બડબડાટ કર્યા કરવો એમાં શાણપણ નથી, સલામતી પણ નથી. ખરું શાણપણ તો પલટાતી પરિસ્થિતિને અનુરૂપ પલટો લઈને એ પરિસ્થિતિનો વધારેમાં વધારે લાભ ઉઠાવી લેવામાં છે; અને કદાચ આવું ચકોરપણું કે આવી હોંશિયારી દાખવવાની શક્તિ ન હોય તો પણ છેવટે આવતી મુશ્કેલીનો ચોક્કસ તાગ મેળવીને પાણી પહેલાં પાળ બાંધવા જેટલી સમયસૂચકતા અને દૂરંદેશી તેમ જ આવડત તો દેખાડવી જ જોઈએ. એટલુંય જો ન થઈ શકે તો સમજવું કે આપણે ઘેટાંના ટોળાંની જેમ અવ્યવસ્થિત રીતે જ રહેવા અને જીવવા માગીએ છીએ અને સુવ્યવસ્થિત સમાજરચનાની આપણી વાતો કેવળ પોપટના રામનામ જેવી અર્થ વગરની જ છે.

દુનિયામાં રાજકારણ ઉપર પણ જાતું જતું અર્થ-કારણનું વર્ચસ્વ અને દેશના અર્થતંત્રનું ઝડપથી બદલાઈ રહેલું માળખું આજે માનવીની જીવનનિર્વાહની રોજિંદી વ્યવસ્થા ઉપર ભારે અસર કરવા લાગ્યું છે. ગઈ કાલે જે આવક જીવનનિર્વાહ માટે પૂરતી જ નહીં પણ કંઈક બચત કરનારી લેખાતી હતી, એ આવક આજે એટલા ને એટલા જ જીવનનિર્વાહને માટે સાવ ઓછી લાગે છે. અને જીવનનિર્વાહ માટે પ્રાથમિક જરૂરિયાતરૂપ

લેખાય એવી ચીજ–વસ્તુઓના ભાવો હજી પણ વધારે ઊંચા જવાના છે, અને ચાલુ કમાણી એ ખર્ચને પહોંચી વળવામાં વધુ અશક્ત નીવડવાની છે, એવાં એંધાણ સ્પષ્ટ કળાઈ રહ્યાં છે.

સાવ નવો આકાર લઈ રહેલ આ પરિસ્થિતિની અસર જૈન સમાજ ઉપર ન થાય, એ ન બનવા જેવી વાત છે. અમને તો ઊલટું એમ લાગે છે કે, જૈનસમાજ અને એના જેવા બીજા ઊજળિયાત સમાજો-કે જ્યાં પરિશ્રમને લજ્જારૂપ અને એશઆરામને શોભારૂપ માનવામાં આવે છે, અને જ્યાં એકની કમાણી ઉપર અનેકના નિર્વાહનો બોજ પડ્યા કરે છે–એમના ઉપર આ નવી પરિસ્થિતિની વધુ માઠી અસર થવા લાગી છે, અને જો હજી પણ ચેતવામાં નહીં આવે તો એ માઠી અસરમાં વધારો જ થવાનો છે.

આ રીતે જ્યારે જૈન સમાજનું ચિંતાજનક ભાવી સ્પષ્ટપણે જોઈ કે સમજી શકાતું હોય ત્યારે દરેક સમાજ-હિતચિંતક અને દરેક દૂરદર્શી આગેવાનની એ ફરજ થઈ પડે છે કે એ સમાજને સાચો માર્ગ બતાવે અને અત્યારની સ્થિતિમાં સમાજનું સંગોપન અને સંવર્ધન કરવા માટે જે કર્તવ્ય અજવવાની જરૂર લાગે તેનો જાતે અમલ કરી બતાવીને સમાજને એ માર્ગે આગળ વધવાની હિંમત અને પ્રેરણા આપે.

અમારી સમજ પ્રમાણે, અત્યારના આર્થિક ઝંઝા-વાતની સામે ટકી રહેવા માટે બે બાબતોનો અમલ કરવાની ખાસ જરૂર છે. એક તો દરેક વ્યક્તિ અથવા દરેક કુટુંબે પોતાની આવકમાં નિયમિત રીતે કંઈક ને કંઈક વધારો થતો રહે એવા ઉપાયો યોજવા. અને બીજી બાબત એ કે પોતાના ઉપરનો આર્થિક બોજો ધીમે ધીમે ઓછો થતો જાય, એટલે કે પોતાનું જીવન અને પોતાનો વ્યવહાર ઓછા ખર્ચે નભી શકે, એવો નવો માર્ગ ગ્રહણ કરવો તે.

આ બન્ને બાબતોનો જરા વિગતે વિચાર કરીએ.

વ્યક્તિની કે કુટુંબની આવકમાં વધારો કરવાનો મુખ્ય અને સર્વજનસુલભ એકમાત્ર ઉપાય એ જ છે કે કુટુંબની દરેક વ્યક્તિ કંઈક ને કંઈક પણ ઉપાર્જન કરે, અને એક મુખ્ય વ્યક્તિને માથે ભારરૂપ બનીને જીવવાની જૂની ટેવને ભૂલી જાય, તેમ જ કુટુંબના અંગ તરીકે પોતાની પણ કોઈક તાત્કાલિક ફરજ છે જ એ નવો પાઠ જીવનમાં ઉતારે. અલબત્ત, આમાંથી સાવ નાનાં બાળકો, અતિવૃધ્ધો કે અશક્તોને તો બાકાતજ સમજવાં.

પણ વ્યક્તિઓ કે કુટુંબો આ રીતે અર્થોપાર્જનમાં ક્રિયાશીલ થાય એ માટે એ વ્યક્તિ કે કુટુંબે જેમ જાગ્રત થવાની જરૂર છે, તેમ આખા સમાજમાં એ ભાવનાને અનુરૂપ વાતાવરણ પેદા કરવાની પણ જરૂર છે; અને અમારી સમજ મુજબ, આવું વાતાવરણ પેદા કરવાની મુખ્ય જવાબદારી સમાજના અગ્રેસરોની છે. આપણે મોઢેથી બોલીએ છીએ, છતાં આપણા જીવનમાં શ્રમની પ્રતિષ્ઠા થવી હજી બાકી છે; અને શ્રમ તરફની આપણી જૂની સૂગ આપણાં અંતરમાં ઊંડે ઊંડે પણ હજી જીવતી હોય એમ લાગે છે. વધારે શરીરશ્રમ કરે તે નાનો અને ઓછો શરીરશ્રમ કરે તે મોટો. નાનામોટાપણાનું આ જૂનું મૂલ્યાંકન હજી પણ આપણા મનમાંથી દૂર થયું નથી; અને એ દૂર નહીં થાય ત્યાં સુધી એક રળે અને અનેક ખાય, અને કુટુંબના સ્તંભરૂપ એક માનવી ચાલ્યો જતાં આખું કુટુંબ એકદંડિયા મહેલની જેમ તારાજ થઈ જાય, એવી સાવ એકાંગી કુટુંબ વ્યવસ્થા અને સમાજવ્યવસ્થા દૂર થઈ શકવાની નથી; અને છેવટે અત્યારની સ્થિતિમાં ટકી રહેવું જ મુશ્કેલ બની જવાનું છે. એટલે શ્રમની શક્તિનું નવેસરથી મૂલ્યાંકન કરીને એનો મહિમા આખા સમાજને સમજાય એ રીતે વિચારકો અને અગ્રેસરોએ કામ કરી બતાવવું જોઈએ.

એટલું ખરું કે અત્યારે આપણે ત્યાં ઉદ્યોગગૃહો જેવી પ્રવૃત્તિઓ મારફત આ દિશામાં કંઈક ને કંઈક પ્રયત્નો થઈ રહ્યા છે; અને સમાજને એનો કેટલોક લાભ પણ મળે છે. અમે આવી પ્રવૃત્તિને જરૂર આવકારીએ છીએ અને એની પ્રશંસા પણ કરીએ છીએ. છતાં એટલું જણાવવાની રજા લઈએ છીએ કે અત્યારની જરૂરિયાતની સરખામણીમાં આ તો પાશેરામાં પહેલી પૂણી જેટલું પણ નથી.

એટલે આ માટે દેશના જુદા જુદા પ્રદેશોમાં જેની અસર પહોંચે એવી હવા પેદા કરવાની તેમજ એ હવાનો સમુચિત ઉપયોગ કરી શકાય એવી વ્યાપક અને વ્યવસ્થિત યોજના કરવાની જરૂર છે. જો આવી વ્યાપક અને વ્યવસ્થિત યોજના આપણે નહીં કરીએ તો આ દિશાના આપણા પ્રયત્નો પ્રશંસાપાત્ર હોવા છતાં, છેવટે એનું પરિણામ તપેલા તવા ઉપર પાણીનાં થોડાંક ટીપાં નાખવા કરતાં વધારે લાભદાયક નથી આવી શકવાનું, એ આપણે સમજી લઈએ. અને તો પછી સમાજને

વેરવિખેર થઈ જતો પણ આપણે નહીં રોકી શકીએ. તાકાત વગરનું કલેવર ભલા કેટલો વખત ટકી શકે ?

આ થઈ પહેલી વાત. હવે બીજી બાબતનો વિચાર કરીએ.

અત્યારના આર્થિક ઝંઝાવાતની સામે ટકી રહેવાનો બીજો ઉપાય તે અમે ઉપર સૂચવ્યું છે તેમ, આર્થિક બોજો ઓછો કરવો તે છે. આ બાબત પણ કુટુંબની આવકમાં વધારો કરવા જેટલી જ, અથવા કદાચ અમુક અંશે એના કરતાં પણ વધારે મહત્ત્વની છે.

ત્યારે વિચારવાનું એ રહે છે કે આ આર્થિક બોજો ઓછો કેવી રીતે થઈ શકે ?

પોતાના કે પોતાના કુટુંબના નિર્વાહ માટે તેમજ પોતાનાં બાળકોના પોષણ અને શિક્ષણ માટે જે ઓછામાં ઓછું ખર્ચ કરવું પડે એ તો કર્યા વગર ચાલે જ નહીં; એમાં ઘટાડો કરવાનું કરી શકાય પણ નહીં. અને અત્યારે જૈન સમાજના પોણાભાગની આર્થિક સ્થિતિ એવી થઈ ગઈ છે કે એ આવા અનિવાર્ય ખર્ચને પણ માંડમાંડ પહોંચી વળી શકે છે; એટલે એવાઓને માટે મોજશોખમાં પડીને કે જીવનની જરૂરિયાતોમાં વધારો કરીને ખર્ચને વધારી મૂકવાનો તો કોઈ સવાલ જ નથી. એટલે એ રીતે એમને ખર્ચ કમી કરવાની શિખામણ આપવાની ભાગ્યે જ જરૂર છે. અલબત્ત, જેઓ પોતાની કંઈક સારી આવકને જોઈને એશઆરામમાં પડી જાય છે કે નવી નવી સામગ્રી ભેગી કરવા તરફ આકર્ષાઈ જાય છે, તેઓ પોતાના ભાવીનો વિચાર કરીને એવા બિનજરૂરી ખર્ચાઓ કરતાં અટકે એ તો ઈષ્ટ જ છે; અને તેથી સરવાળે એમને પોતાને, એમના કુટુંબને અને સમાજને લાભ જ છે.

પણ આ આર્થિક બોજને દૂર કરવાનો કે ઓછો કરવાનો મુખ્ય ઉપાય તે આપણા સગપણ–લગ્નના સામાજિક રિવાજોને બને એટલા બિનખર્ચાળ બનાવવા એ છે.

આડંબર અને મોટાઈના ખોટા ખ્યાલથી ધીમે ધીમે આ રિવાજો એવા તો ખર્ચાળ બની ગયા છે કે છેવટે એ રિવાજોનો મૂળભૂત હેતુ જ ભુલાઈ ગયો, અને આડંબર અને ધામધૂમે જ મુખ્ય સ્થાન લઈ લીધું ! જાણે આત્મા ભુલાઈ ગયો અને કાયાનીજ આળપંપાળ વધી ગઈ !

લગ્નજીવનનો મુખ્ય હેતુ તો વ્યક્તિનું જીવન વ્યવસ્થિત અને અમુક અંશે સંયમિત બને, કુટુંબનું સંવર્ધન થતું રહે અને સૌનું પાલન-પોષણ સરળ રીતે થઈ શકે એ છે. પણ લગ્નની પાછળ ગજા ઉપરાંતનો ખર્ચ થવા લાગ્યો, અને એને પોતાની સંપત્તિનું પ્રદર્શન કરવાનું એક સાધન બનાવી દેવામાં કે માની લેવામાં આવ્યું, ત્યારથી એની અસર અવળી થવા માંડી; અને હવે તો એ સમાજને માટે અસ્તિ-નાસ્તિ જેવો વિકટ પ્રશ્ન બની ગયો.

લગ્નનો ઉત્સવ દેવાદાર બનાવવાનું નિમિત્ત બન્યો, કરિયાવર કલેશનો જનક બન્યો અને આડંબરની પાછળ બાળકોના પોષણ અને શિક્ષણની બરબાદી થઈ. ગણાવવા હોય તો ખર્ચાળ બની ગયેલ લગ્નના આવા તો અનેક ગેરલાભ ગણાવી શકાય. પણ હવે એ એટલા તો સ્પષ્ટપણે દેખાવા લાગ્યા છે કે એ માટે વધારે વિવેચન કરવાની જરૂર નથી.

ત્યારે આનો ઉપાય શો ?

આનો ઉપાય સ્પષ્ટ છે : લગ્નોત્સવ જેમ બને તેમ સાદાઈપૂર્વક અને બિનખર્ચાળ રીતે ઊજવવા જોઈએ. પણ આ ઉપાયના અમલનો આધાર પણ શ્રીમંતોના વલણ ઉપર જ છે. સમજુ વર્ગ જો આ દિશામાં પહેલ કરે તો જ બીજાને એનું અનુકરણ કરવાનું મન થાય; નહીં તો એનો અમલ થવો શક્ય નથી.

લગ્નના ખર્ચને ઓછું કરવા માટે અત્યારે અનેક વિચારો ચાલી રહ્યા છે. કેટલીક યોજનાઓ પણ ઘડાઈ રહી છે. અને સમૂહ લગ્નો યોજવા જેવી યોજનાઓ પણ લોકોનું ધ્યાન દોરી રહી છે. એકંદર રીતે આને એક શુભ ચિહ્ન લેખવું જોઈએ.

પરંતુ આમાં પણ જો એકસૂત્રતા સાધીને સુવ્યવસ્થિત યોજના નહીં કરવામાં આવે તો એથી આપણી મુશ્કેલીઓ ધાર્યા મુજબ ઓછી નહીં થઈ શકે; અને ઊલટું અવ્યવસ્થિત યોજના કયારેક કલેશ કે મતભેદની જનક બનશે એ વધારામાં.

આવું ન બને એ માટે દરેક બાબતમાં સુવ્યવસ્થિત યોજના તૈયાર કરીને એનો અમલ કરવો એ જ સાચો માર્ગ છે, એ કહેવાની જરૂર નથી.

આવો માર્ગ ગ્રહણ કરીને આપણે પાણી પહેલાં પાળ બાંધવાની શરૂઆત ક્યારે કરીશું ?

卐

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

શ્રી જબલપૂર કાંડ વિરોધ સભા

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, અ. ભા. દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર કમિટી, અ. ભા. શ્વે. સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ, શ્રી જૈન શ્વે. તેરાપંથી સભા અને શ્રી જબલપુર કાંડ અન્વેષક સમિતિના સંયુક્ત ઉપક્રમે મુંબઈના સમગ્ર જૈન સમાજની જાહેર વિરોધ સભા શુક્રવાર, તા. ૧ મે, ૧૯૫૯ ના રોજ સાહુ શ્રી શ્રેયાંશ-પ્રસાદજી જૈનના પ્રમુખપદે મળી હતી. (અહેવાલ સમાચાર સંકલન વિભાગમાં આપેલ છે.)

આજીવન સભાસદ

શ્રી ચંદુલાલ વીરચંદ હા. શ્રી રેવચંદ તુલજારામ શાહ, (નિપાણી) કૉન્ફરન્સના આજીવન સભાસદ થયા છે તે બદલ તેઓશ્રીનો આભાર માનીએ છીએ.

શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ (પ્રાઇઝ)

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ હસ્તકના શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ પ્રાઇઝ ફંડની યોજનાનુસાર છેલ્લી મેટ્રિક (એસ. એસ. સી.)ની પરીક્ષામાં **સંસ્કૃત** વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર શ્વે. મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીને, તેમ જ બીજી સ્કૉલરશિપ (પ્રાઇઝ) સૂરતના વતની અને કુલ્લે સૌથી વધુ માર્કસ મેળવનાર શ્વે. મૂર્તિપૂજક જૈનને અપાશે. પાસ થનાર વિદ્યાર્થીએ માર્કસ વગેરેનાં જરૂરી પ્રમાણપત્રો સાથે શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, ગોડીજી બિલ્ડીંગ, ૨૦, પાયધુની, મુંબઈ ૨ ના સરનામે **તા. ૩૦ જૂન ૧૯૫૯** સુધીમાં અરજી મોકલી આપવી.

શ્રી માણેકબા જૈન વિદ્યાર્થી પારિતોષક

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સને શ્રી મુંબઈ ચીમન છાત્ર મંડળ તરફથી સોંપાયેલ શ્રી માણેકબા જૈન વિદ્યાર્થી પારિતોષિક ફંડની યોજનાનુસાર તેના વ્યાજની રકમ મુંબઈ રાજ્યમાં એસ. એસ. સી. ની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થનારને આગળ અભ્યાસ ચાલુ રાખવા માટે ઈનામ આપવામાં આવશે. આ માટે માર્કસ વગેરેની સર્વ જરૂરી વિગતો પ્રમાણપત્ર સાથે **તા. ૩૦ જૂન ૧૯૫૯** સુધીમાં શ્રી, જૈન શ્વે. કૉન્ફરન્સ, ગોડીજી બિલ્ડીંગ, ૨૦. પાયધુની, મુંબઈ ૨ ના સરનામે અરજી કરવી.

શેઠ હેમચંદ ચત્રભુજ સ્કૉલરશિપ

શેઠ હેમચંદ ચત્રભુજ સ્કૉલરશિપ બી. એસ. સી.(ટેક) માં અભ્યાસ કરવા ઈચ્છતા શ્વે. મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી યા વિદ્યાર્થિનીને આપવામાં આવે છે. અરજીપત્રક સાથે નીચેની માહિતી મોકલવી જરૂરી છે.

(૧) મેટ્રીક (એસ. એસ. સી.) ફર્સ્ટ ઈયર સાયન્સ, ઈન્ટરમિડિયેટ સાયન્સ, બી. એસસી. (સબસીડીયરી) અને બી. એસસી. (ડિગ્રી) પરીક્ષાઓમાં મેળવેલ માર્કસની સર્ટિફાઈ કરેલ નકલો.

(૨) અરજી કરનારને અન્ય કોઈ સ્થળેથી મદદ યા લોન મળતી હોય અથવા મળવાની હોય તો તેની પૂરી વિગતો.

ઉપરની વિગતો અરજી સાથે **તા. ૩૦ જૂન ૧૯૫૯** સુધીમાં શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, ગોડીજી બિલ્ડીંગ, ૨૦, પાયધુની, મુંબઈ ૨ ના સરનામે મોકલી આપવી.

એસ. એસ. સી. સુધીના જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓને ફીની સહાય

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સના શ્રી શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ ફંડના શિક્ષણ વિભાગમાંથી એસ. એસ. સી. પર્યન્તના જે જૈન શ્વે. મૂ. પૂ. વિદ્યાર્થીઓને ફીની સહાયતાની જરૂર હોય તેમણે નીચેના સ્થળેથી વીસ નયા પૈસાની ટપાલ ટિકિટો મોકલી છાપેલ ફૉર્મ મંગાવી મોડામાં મોડા **તા. ૧૫ જૂન ૧૯૫૯** સુધીમાં સંપૂર્ણ વિગતો સાથે શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, ગોડીજી બિલ્ડીંગ, ૨૦, પાયધુની, કાલબાદેવી, મુંબઈ ૨ ના સરનામે અરજી કરવી.

મુંબઈના વિદ્યાર્થીઓ કાર્યાલયમાંથી બાર નયા પૈસા આપી બપોરના ૧ થી ૪ વચ્ચે અરજીપત્રક મેળવી શકશે.

ઉપર દર્શાવ્યાનુસારની ટપાલ ટિકિટ નહિ મોકલનારને અરજીપત્રક મોકલવામાં આવતાં નથી.

જુનાગઢ જૈન સ્ત્રી હુન્નર ઉદ્યોગશાળા

" શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ જુનાગઢ સમિતિ દ્વારા જુનાગઢમાં જૈન સ્ત્રી હુન્નર ઉદ્યોગશાળા ચલાવવામાં આવે છે. "

" આ સંસ્થા માટે સ્વ. સંઘપતિ ડૉ. પ્રભુદાસભાઈ ત્રિભોનદાસ તરફથી રૂા. ૯૫૦૦નું ટ્રસ્ટ કરવામાં આવેલ છે. સંવત્ ૨૦૧૪ માં આ સંસ્થાને શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ મુંબઈ તરફથી રૂા. ૬૮૦ની મદદ મળી છે. શ્રી સંઘ અને કૉન્ફરન્સની મદદથી આ સંસ્થાને સારા પાયા ઉપર મૂકવાની વિચારણા ચાલે છે. કૉન્ફરન્સની મદદ શરૂ થઈ તે પહેલાં ૫–૭ બ્હેનો લાભ લેતી હતી. અત્યારે કુલ ૨૯ બ્હેનો આ હુન્નર ઉદ્યોગશાળામાં શિવણનું કામ શીખે છે. વિશેષ સંચાઓ તેમજ અન્ય સાધનો મેળવી તેને વિકસાવવાની કાર્યવાહકો ભાવના સેવે છે. શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સની મદદ થી ચાલતી આવી સંસ્થાઓ સમાજને ઘણી ઉપયોગી છે તે નિઃશંક છે"– એ પ્રમાણેનો રિપોર્ટ જુનાગઢથી સંસ્થાના ઉપ–પ્રમુખ શ્રી વીરચંદ ગોવિંદજી શાહ પાઠવે છે.

બનારસ હિંદુ યુનિવર્સિટી જૈન ચેર

જૈન ચેરના પ્રૉ. શ્રી દલસુખભાઈ ડી. માલવણીઆ જણાવે છે કે 'હમણાં લેવાયેલી બનારસ યુનિવર્સિટીની પરીક્ષામાં જૈન દર્શનના આચાર્યના અંતિમ ખંડની પરીક્ષા બૌદ્ધભિક્ષુ શીલાચારે આપી છે. જૈન દર્શન શાસ્ત્રીના તૃતીય વર્ષમાં બે, દ્વિતીય વર્ષમાં એક અને પ્રથમ વર્ષમાં બે વિદ્યાર્થીઓ બેઠા છે.'

શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ

શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની શ્રી પ્રફુલ્લચંદ્ર બબલચંદ મોદી પુરુષવર્ગ અને શ્રી કાંતાબ્હેન બબલચંદ મોદી સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઈની તા. ૧૪–૧૨–૧૯૫૮ ના રોજ લેવામાં આવેલ ૫૧મી ઈનામી પરીક્ષાઓનું પરિણામ તા. ૨૦ મે ૧૯૫૯ ના રોજ જાહેર કરવામાં આવેલ છે તેની સંક્ષિપ્ત વિગત નીચે મુજબ છે:–

પુરુષ વિભાગ

ધોરણ	બેઠા	પાસ	ઈનામ
(૧) સંસ્કૃત વિશારદ	૧	૧	રૂા. ૫૦.૦૦
(૨) અધ્યાત્મ વિશારદ	૧	૧	રૂા. ૫૦.૦૦
(૩) કર્મ વિશારદ વિ.૨.	૧	૧	રૂા. ૫૦.૦૦
(૪) પુરુષ ધોરણ ૬	૧૦	૧૦	રૂા. ૫૦.૦૦
(૫) પુરુષ ધોરણ ૫	૨	૨	રૂા. ... ...
(૬) પુરુષ ધોરણ ૪	૧	૧	રૂા. ... ...
(૭) પુરુષ ધોરણ ૩	૩	૩	રૂા. ૪૫.૦૦
(૮) પુરુષ ધોરણ ૨	૧૧	૮	રૂા. ૬૦.૦૦
(૯) પુરુષ ધોરણ ૧	૫૬	૫૦	રૂા. ૭૫.૦૦
(૧૦) બાલ ધોરણ ૨	૧૯૫	૧૭૬	રૂા. ૧૮૮.૦૦
(૧૧) બાલ ધોરણ ૧	૬૩૯	૪૩૫	રૂા. ૨૯૮.૦૦
	૯૨૦	૬૮૮	૮૬૬.૦૦

સ્ત્રી વિભાગ

(૧) કર્મ વિશારદ ૬	૨	૨	રૂા. ૫૦.૦૦
(૨) સ્ત્રી ધોરણ ૮	૫	૫	રૂા. ૭૫.૦૦
(૩) સ્ત્રી ધોરણ ૭	૧૪	૧૪	રૂા. ૭૫.૦૦
(૪) સ્ત્રી ધોરણ ૬	૧૨	૧૦	રૂા. ૭૫.૦૦
(૫) સ્ત્રી ધોરણ ૫	૪	૩	રૂા. ૫૦.૦૦
(૬) સ્ત્રી ધોરણ ૪	૧૨	૧૧	રૂા. ૬૦.૦૦
(૭) સ્ત્રી ધોરણ ૩	૧૦	૧૦	રૂા. ૬૦.૦૦
(૮) સ્ત્રી ધોરણ ૨	૪૭	૩૬	રૂા. ૭૫.૦૦
(૯) સ્ત્રી ધોરણ ૧	૧૧૬	૯૮	રૂા. ૧૨૫.૦૦
(૧૦) કન્યા ધોરણ ૨	૨૧૦	૧૯૪	રૂા. ૨૧૧.૦૦
(૧૧) કન્યા ધોરણ ૧	૩૫૭	૩૦૨	રૂા. ૨૪૯.૯૯
	૭૮૯	૬૮૫	૧૧૦૫.૯૯

આ રીતે પુરુષ અને સ્ત્રી વિભાગમાં મળી કુલ ૧૭૦૯ ઉમેદવારો બેઠા હતા તે પૈકી ૧૩૭૩ પાસ થયા છે અને જૂદા જૂદા ૪૮ કેન્દ્રોમાં કુલ રૂા. ૧૯૭૧.૯૯ ના ઈનામો જાહેર કરવામાં આવેલ છે.

સ્વર્ગસ્થ આગેવાનો

અમદાવાદનિવાસી શેઠ શ્રી અમૃતલાલ કાલિદાસ જેઓએ કૉન્ફરન્સના ભૂતપૂર્વ રેસીડેન્ટ જનરલ સેક્રેટરી અને ૧૪મા અધિવેશનના સ્વાગતાધ્યક્ષ તરીકે કિંમતી સેવાઓ અર્પેલી હતી. તેઓશ્રીના તા. ૧૬–૫–૧૯૫૯ના રોજ થયેલ સ્વર્ગવાસની સખેદ નોંધ લઈએ છીએ.

કૉન્ફરન્સની સ્થાયી સમિતિના ઉત્સાહી સભ્ય શ્રી ચીમનલાલ દુર્લભજી શાહ મૂળીવાળાના અને સિતામહુ-નિવાસી શ્રી મોહનસિંહ નંદલાલ મહેતાના સ્વર્ગવાસ બદલ દુઃખ પ્રકટ કરીએ છીએ.

સ્વર્ગસ્થના આત્માને શાશ્વત શાંતિ ઇચ્છીએ છીએ.

સમાચાર સંકલન

અમેરિકામાં ભારતીય જૈન ડૉક્ટરનુ બહુમાન

"મેસેચ્યુસેટસ હાર્ટ એસોસિએશન" બોસ્ટન તરફથી ડૉ. જયશેખર મગનલાલ ઝવેરીને "હૃદયરોગ ઉપર સેલિસિલેઇટની અસર"ના અભ્યાસ તથા સંશોધન કાર્ય માટે સને ૧૯૫૯ની ડૉલર ૫૧૭૫ (લગભગ રૂા. પચીસ હજાર)ની ગ્રાન્ટ આપવાનું તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું છે. બાર ડૉક્ટરોમાં ડૉ. ઝવેરી એકલા જ હિન્દી છે જેમને આ વર્ષે આવી ઉચ્ચ શિષ્યવૃત્તિ મળી છે. તેંત્રીસ વર્ષની વયના ડૉ. ઝવેરી સ્વ. શ્રી. મગનલાલ જસરાજ ઝવેરીના પુત્ર છે. મુંબઈની ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરી સને ૧૯૫૨ માં મુંબઈ વિશ્વવિદ્યાલયની એમ. બી., બી. એસ ની ઉપાધી મેળવ્યા બાદ સને ૧૯૫૫માં વધુ અભ્યાસાર્થે તેઓ અમેરિકા ગયા. ત્યાં 'ઓહીઆ"ની વિખ્યાત "લેઈકવૂડ હૉસ્પીટલ"માં ત્રણ વર્ષ સુધી તેમણે 'ઈન્ટર્ન' તથા 'ચીફ મેડિકલ ઑફીસર' તરીકે બહુજ સફળતા-પૂર્વક કામગીરી કરી સારી ચાહના મેળવી. ગયે વર્ષે 'હાઉસ ઑફ ગુડ સેમેરિટન' (બોસ્ટન) સંસ્થાએ હૃદયરોગ ઉપર સંશોધન કાર્ય કરવા તેમને આમંત્ર્યા અને આજ હૉસ્પીટલમાં સંશોધનકાર્ય કરતાં ડૉ. ઝવેરીએ ઉપર મુજબ બહુમાન અને ઉચ્ચ શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરી છે.

શ્રી આત્માનંદ જૈન મહાસભા

શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબનું ઓગણીસમું અધિવેશન તા. ૨-૩ મે, ૧૯૫૯ ના રોજ લુધિયાણામાં શ્રી મેઘરાજ જૈનની અધ્યક્ષતામાં થતાં સમાજ સુધાર, ભૂદાન આંદોલન, જબલપુરમાં કાંડ, કાંગડાની જૈન મૂર્તિઓ અને જૈન સંગઠન અંગે નિર્ણયો થયા. તદુપરાંત દિલ્હીમાં શ્રી વલ્લભ સ્મારક સ્થાપવા અને બેકારી નિવારણ તેમજ મંદિરોની સુવ્યવસ્થાર્થે ઠરાવો થયા હતા. સ્વાગતાધ્યક્ષ તરીકે વિદ્યાસાગર જૈન હતા. પૂજ્ય મુનિરાજ શ્રી પ્રકાશ વિજયજી, સાધ્વીજી શ્રી ચરિત્રશ્રીજી, પુણ્યશ્રીજી, પુષ્પશ્રીજી આદિની ઉપસ્થિતિ પ્રેરણાદાયી નિવડી હતી.

શ્રી પૂર્વભારત જૈન સમ્મેલન

કલકત્તામાં તા. ૧૦–૧૧–૧૨ એપ્રિલ ૫૯ ના દિવસોએ શ્રી પુનમચંદજી રાંકાની અધ્યક્ષતામાં સમ્મેલનની બેઠક મળી હતી. ઉદ્‌ઘાટન વિધિ અ. ભા. કૉંગ્રેસ કમિટીના મહામંત્રી શ્રી તખ્તમલજી જૈન કરી. સ્વાગતાધ્યક્ષ તરીકે શ્રી મોહનલાલ લલ્લુચંદ શાહે સેવા અર્પી. સમ્મેલને કુલ ૭ ઠરાવો પસાર કર્યા. (૧) જૈન સમાજમાં સંગઠન અને પરસ્પર સહયોગવૃત્તિ (૨) જબલપૂર કાંડ અંગે (૩) આર્થિક સ્થિતિ-શ્રમની મહત્તા ઉપર ભાર (૪) સર્વ સંપ્રદાયોની પ્રાર્થનાના સંકલનાર્થે (૫) પરસ્પર રોટી-બેટી વ્યવહાર, સામુહિક વિવાહ, સાદાઈ આદિ શરૂ કરવા તેમજ પડદા (લાજ) ત્યાગ માટેની ભલામણ (૬) શ્રી મહાવીર જયંતિ, દીપાવલી અને સંવત્સરી સંયુક્તપણે ઉજવવા તેમજ (૭) શ્રી ભારત જૈન સમ્મેલનના ઠરાવો અંગેની કાર્યવાહી કરવા.

શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ

આ પરિષદનું નવમું અધિવેશન બોડેલીમાં તા. ૧૪–૧૫ મે; ૧૯૫૯ના રોજ શ્રી મોતીલાલ વીરચંદ શાહના પ્રમુખસ્થાને થયું હતું. સ્વાગતાધ્યક્ષ શ્રી કેશરીમલ હીરાચંદ હતા. અધિવેશને કુલ સાત ઠરાવો પસાર કર્યા. (૧) મધ્યમવર્ગ ઉત્કર્ષ (૨) બોડેલી કેન્દ્ર (૩) ધર્મપ્રચાર (૪) શ્રી મહાવીર જયંતિ (૫) સાહિત્ય-પ્રચાર (૬) સંગઠન અને (૭) પૈસા ફંડ અંગે અલિરાજપૂરવાળા શ્રી પન્નાલાલ લલ્લુભાઈએ ઉદ્‌ઘાટન કરી સંગઠન, પ્રચાર અને મધ્યમવર્ગ રાહતના કાર્યને અપનાવવા અપીલ કરી. પ્રમુખસ્થાનેથી શ્રી મોતીલાલ વીરચંદ શાહે કેટલાક દ્રવ્યવ્યય પ્રકારો તરફ લાલબત્તી દાખવી સંગઠન કરવા તેમજ સંકુચિત દૃષ્ટિ ત્યજી દઈ વિશાળ ભાવના કેળવવા વગેરે બાબતો તરફ સમાજનું ધ્યાન દોર્યું હતું. આ પ્રસંગે શ્રી પોપટલાલ રામચંદ્ર શાહે પણ સમાજની વર્તમાન સ્થિતિ રજૂ કરી. 'જૈનમ્ જયતિ શાસનમ્' ની દીપશિખા પ્રદિપ્ત કરવાના ઉપાયો વર્ણવ્યા હતા.

શ્રી જબલપુર કાંડ વિરોધ સભા

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, શ્રી અ. ભા. દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર કમિટી, શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ, શ્રી જબલપૂર કાંડ અન્વેષક કમિટી, શ્રી જૈન શ્વે. તેરાપંથી સભાના આશ્રયતળે મુંબઈના

સમગ્ર જૈનોની જાહેર સભા જબલપૂર, ખુડીચંદેરી, દેવગઢ તથા મધ્યપ્રદેશના અન્ય સ્થળોએ જૈનોના સાંસ્કૃતિક અને પુરાતત્ત્વના બહુમૂલ્ય ખજાના જેવી પ્રાચીન જૈન મૂર્તિઓ ભાંગવાના, શિરચ્છેદ કરવાના, આગમના અપ્રાપ્ય ગ્રંથો બાળવાના તથા જૈનોના ઘર તથા દુકાનો લુંટવાના કાંડનો વિરોધ કરવા તથા ન્યાય મેળવવા મધ્યસ્થ અને લાગતી વળગતી સરકારને આગ્રહપૂર્વકની વિનતિ કરવા વગેરે માટે શુક્રવાર, તા. ૧ લી મે ૧૯૫૯ ના રોજ હીરાબાગમાં સાહુ શ્રી શ્રેયાંશપ્રસાદજી જૈનના પ્રમુખસ્થાને મળી હતી.

જૈન શ્વે. કૉન્ફરન્સના મુખ્યમંત્રી શ્રી જયંતિલાલ રતનચંદ શાહે પત્રિકા રજૂ કરી સભાના ઉદ્દેશો સમજાવ્યા. શ્રી ચિમનલાલ ગોપાલદાસ વખારીઆએ જબલપૂરમાં તા. ૧૮–૧૯, ફેબ્રુઆરી ૧૯૫૯ના દિવસોએ જબલપૂરમાં સમાજવિરોધી તત્ત્વોએ, જે તોફાનો કર્યાં તેની વિગત આપી. જૈન સમાજ જેવી અહિંસાપ્રિય પ્રજાને જે નુકસાન થયું તેની ન્યાયી તપાસ કરવાની માંગણી કરી હતી. વિશ્વશાંતિ પ્રચારના યુગમાં આવા બનાવો થાય છે તે માટે દુઃખ વ્યક્ત કરી જૈન સમાજને સંગઠિત થવા અપીલ કરી હતી. શ્રી ખીમચંદ એમ. વોરાએ આફતના સમયે નિષ્ક્રિયતા છોડી આત્મનિરીક્ષણ કરવા તેમજ બળ કેળવવાની ભલામણ કરી. શ્રી મગનલાલ પી. દોશીએ ધર્મના નામે ભારતમાં જે કેટલાક આંદોલનો થયાં તેની વિગત રજૂ કરી કહ્યું કે જૈનોએ કોઈપણ સ્થળે કે સમયે આવી જાતના આક્રમણો કર્યાં નથી અને તેઓ સદા શાંતિપ્રિયતાને જ વર્યા છે. શ્રી રમણલાલ દલસુખભાઈ ઝૉકે જણાવ્યું કે આપણને રતલામ આદિ સ્થળે અન્યાય દૂર કરવા માટે ન્યાયાલય સુધી જઈએ છીએ તો પણ રક્ષણ મેળવી શકાતું નથી. પ્રજા કે શહેરી તરીકેના સામાન્ય હકકોથી પણ આપણને વંચિત રાખવામાં આવે છે એ શોચનીય છે.

શ્રી રતનચંદ ચુનીલાલ ઝવેરી, શ્રી. ચંદુલાલ કસ્તુરચંદ અને શ્રી નેમચંદ વકીલવાલાએ ઠરાવોનાં સમર્થનમાં પ્રવચન કર્યાં હતાં.

પ્રમુખસ્થાનેથી સાહુ શ્રી શ્રેયાંશપ્રસાદજી જૈને જણાવ્યું હતું કે જૈન સમાજ ઉપર થયેલા બીજા અત્યાચારો ભૂલાયા નથી ત્યાં આ જબલપૂર વ. સ્થલોએ જે અત્યાચાર થયેલા છે તેથી સમાજે જાગૃત થવાની જરૂર છે. રતલામની બાબત, સાહિત્ય અકાદમી દ્વારા પ્રકટ થયેલ પુસ્તકની બાબત અને આ પ્રકરણ આપણી કમજોરી બતાવે છે. ભારતની રાજનીતિ બધા ધર્મોને સમભાવે જોવાની છે ત્યાં આવાં કૃત્યો અંગે કંઈ થતું નથી એ ખરેખર શોચનીય લેખાય. જૈન સમાજે આવા સમયે સંગઠન કેળવી પોતાના હક્કો મેળવવા જોઈએ. આ વિરોધ સભામાં ત્રણ ઠરાવો પસાર થયા હતા.

વિદ્યાર્થિની જૈન સ્કોલરશિપ

માર્ચ, ૧૯૫૯ માં લેવાએલ સેકંડરી સ્કૂલ સર્ટિફીકેટની પરીક્ષામાં સૌથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કૉલેજમાં આગળ અભ્યાસ કરવાની કબુલાત આપનાર એક શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થિનીને "શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશિપ" આપવામાં આવશે. નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળીઆ ટૅંક રોડ, મુંબઈ–૨૬ ની ઓફીસેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૦ મી જુલાઈ ૧૯૫૯ છે.

શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગને સ્પર્શતા સમાચાર તા. ૨૦મી સુધીમાં દર મહિને નીચે જણાવેલ સરનામે મોકલવા નિમંત્રણ છે. આ સમાચાર ટૂંકા અને મુદ્દાસરના સ્પષ્ટ હસ્તાક્ષરમાં શાહીથી લખેલા હોવા જોઈએ. સમાચાર મોકલનારે પોતાનું પૂરું નામ, સરનામું જણાવવું જરૂરી છે.

તંત્રીઓ, "જૈનયુગ"
C/o શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ
ગોડીજી બિલ્ડીંગ; ૨૦, પાયધુની, મુંબઈ ૨

ધુમલી (પોરબંદર)ના રમણીય જિનપ્રાસાદનો

ચિત્રપરિચય

પૂ. મુનિ શ્રીયશોવિજયજી મહારાજ

દક્ષિણ સૌરાષ્ટ્રમાં સમુદ્રના કિનારે પોરબંદર શહેર વસેલું છે. ત્યાંથી ૩૨ માઈલ દૂર ધુમલી નામનું ગામ છે. કહે છે કે આ ગામ એક વખત પોરબંદરની રાજધાની રૂપે હતું. એ ગામની નજીકમાં આવેલા ખંડેર અવસ્થાને પામેલા દેવવિમાન જેવા ઉત્તુંગશિખર, મનોરમ કલા, અને ભવ્ય બાંધણી ધરાવતા જૈનમંદિરનાં છે. મંદિરની વિશાળતા અને એનું હસ્સેદાર શિલ્પ એના ભૂતકાળની ભવ્યતાની ઝાંખી કરાવે છે.

આ મંદિર અને તેના ભાગોનો ટૂંક પરિચય આપવા અગાઉ પ્રાસંગિક એક નોંધ આપવાની લાલચને રોકી શકતો નથી.

નોંધ

વીતરાગ તીર્થંકર દેવપ્રણીત શ્રી જિનશાસન એ એક વિશિષ્ટકોટિનું શાસન છે. અને તેથી જ તે લોકોત્તર શાસન તરીકે ઓળખાય છે. લોકોત્તર હોવાથી એનું બંધારણ પણ સુવ્યવસ્થિત, નક્કર અને અદ્વિતીય છે. કારણ કે તે ત્રૈકાલિક દૃષ્ટિના શ્રેયસ્કર યોગથી પરિપૂત બન્યું છે.

આ બંધારણ સાત વિભાગમાં વહેંચાએલું છે. (૧) જિનમૂર્તિ, (૨) જિનમંદિર, (૩) જ્ઞાન, (૪) સાધુ, (૫) સાધ્વી, (૬) શ્રાવક, (૭) શ્રાવિકા.

આ ક્રમમાં જિનમૂર્તિને આપેલું સહુથી અગ્રસ્થાન એજ એની મહત્તાને સૂચિત કરી જાય છે. આ મૂર્તિ આલંબનને શાસ્ત્રકારોએ પરમાલમ્બન શબ્દથી ઓળખાવ્યું છે. સાધકો આવી પરમાલમ્બન વસ્તુનું શાંતિ અને આનંદથી સેવન કરી શકે, એ માટે એનાં મંદિરો બાંધવાની જરૂરિયાત ઊભી થઈ; એટલે પૂર્વકાલીન દીર્ઘદૃષ્ટા મહર્ષિઓ, રાજર્ષિઓ, મન્ત્રીઓ અને સુશ્રાવકોએ, ભારતના મુખ્ય મુખ્ય અનેક પહાડો ઉપર લાખો–કરોડોના ખર્ચે વિશાળકાય જિનમંદિરો ઊભાં કર્યાં. અને બહુધા તે તીર્થો તરીકે પ્રસિદ્ધિમાં આવ્યાં. જૈન મૂર્તિપૂજક સંપ્રદાયના આ મહાન પ્રતીકો આજે વિશ્વને જૈનોની અનુપમ ભગવદ્ ભક્તિનો અનોખો ખ્યાલ આપી રહ્યાં છે.

ભૂતકાળના ઉદાર ચરિત કલાભક્ત નરવીરોએ તેવી રીતે ભગવદ્ ભક્તિ નિમિત્તે કલામય દેવ વિમાનો જેવાં વિશાળકાય, ગગનચુંબી અનેક મંદિરો સ્થળે સ્થળે બંધાવ્યાં હતાં. કાળાંતરે આસ્માની સુલતાનીના વાવાઝોડામાં ધરાશાયી બન્યાં, ધ્વસ્ત થયાં ને ખંડેરો બન્યા. એમાંના કેટલાંક આજે પણ પોતાની આત્મકથાને કહેવા ખંડેરો રૂપે ઊભાં રહ્યાં છે.

અહીંઆ એવા એક ખંડેર જિનમંદિરનો પરિચય આપું છું.

મંદિરનો પરિચય

યદ્યપિ સમગ્ર પ્રાસાદની સંપૂર્ણ અને પારદર્શક ખ્યાલ તો નજરે જોયા બાદ જ આપી શકાય, છતાં ચિત્રદર્શનથી શક્ય એટલો ખ્યાલ આપું છું.

આ પ્રાસાદ એક વિશિષ્ટ પ્રકારની સમૃદ્ધિ ધરાવતો છે. આ પ્રાસાદની ચિત્ર છબીઓ જોતાં તે બાવન દેવકુલિકાઓથી યુક્ત હતો એમ સ્પષ્ટ સમજાય છે. જો કે કમનસીબે આજે એકેય દેવકુલિકાનું અસ્તિત્વ નથી રહ્યું.

જે જગતી ઉપર મંદિર ઊભું છે. તેની લંબાઈ ૧૫૦ ફીટ અને પહોળાઈ ૧૦૨॥ ફીટ છે. અને ઊંચાઈ બાસી ૯॥ ફીટની છે. મંદિર પૂર્વાભિમુખ છે. જગતી મધ્યમકક્ષાની છે. અલબત્ત એ ભાગમાં નકસી નથી, પરંતુ વચ્ચે વચ્ચે ભિન્ન ભિન્ન દેવદેવીઓની મૂર્તિઓ યુક્ત ગોખલો બનાવી જગતીને કંઈક સુશોભિત બનાવવાનો પ્રયત્ન જરૂર કર્યો છે.

જગતી ઉપર ફરતી બાવન દેરીઓ હશે. આ જગતીના વચલા ભાગ ઉપર રમ્ય ભવ્યતાનો ખ્યાલ આપતો મુખ્ય પ્રાસાદ છે. (જૂઓ ચિત્રાંક ૧)

પ્રાસાદનો બાહ્ય પરિચય

આ પ્રાસાદ નાગરજાતિ ના પ્રકારનો લાગે છે. આની આધારભૂત પીઠ મહાપીઠ જાતિની છે. આમાં નીચેથી

ભીટ, જાડંબો, કર્ણિકા, છજ્જિકા બતાવીને પછી ગ્રાસપટ્ટી[1] બતાવી છે. પછી ખુરશિલા અને એના ઉપર થરો બતાવ્યા છે. અહીં બે થર જ ઉપસાવ્યા છે.

ગજથર[2] એટલે સન્મુખ ગતિમાન હાથીઓની કંદોરાની જેમ મંદિરની કટિને ફરતી હારમાળા માત્ર મૂલ ગર્ભગૃહને જ નહિ પરંતુ રંગમંડપ અને યાવત્ શણગાર ચોકી સુધી ફેલાએલ છે. આ એક વિશિષ્ટતા છે. આજ વિશિષ્ટતા આપણને કુંભારીયાજીના પ્રાસાદમાં જોવા મળે છે.

ગજથર ઉપર જ નરથર બતાવેલો છે એટલે કે ગતિમાન મનુષ્યની આકૃતિઓ, નૃત્ય અને ભિન્ન ભિન્ન ચેષ્ટા કરી રહેલા મનુષ્યોની હારમાળ બતાવી છે અને એનાં ઉપર મંડોવેર બતાવ્યો છે.

મંડોવરમાં બહુધા વિવિધ દેવીઓના સ્વરૂપવાળો સાદો કુમ્મો પછી સાદી કલશપટ્ટી પછી અંતરાલ, કેવલ, મંચિકા, બતાવી છે, જંઘા (જાંઘ), જંઘામાં ત્રણેય દિશાઓમાં ભદ્રયુક્ત ગવાક્ષો (ઝરૂખાઓ) બતાવ્યા છે. બાકીના ભાગોમાં વિભિન્ન મુદ્રાઓ દ્વારા અને એક, દ્વિ–ત્રિભંગો દ્વારા ઉધ્વાંસનસ્થ દેવીપ્રધાન સ્વરૂપો આકર્ષક રીતે કંડાર્યા છે.

ગવાક્ષમાં ક્યાંક ક્યાંક દંપતી–મિથુન યુગલો પણ કંડાર્યાં છે. ત્રણે છન્નની પીઠો તથા કેડાઓમાં રૂપકામો અને જે કરવાનું કોઈ ચોકકસ પ્રમાણ અદ્યાવધિ શિલ્પ-શાસ્ત્રોમાં નથી મલી શકયું (?) એવાં ભોગાસનો (?) પણ ચમકાવ્યાં છે. ગવાક્ષો નીચે મોટા પ્રમાણનાં હસ્તિ-યુગલો સ્થાપિત કર્યાં છે, એ ખાસ ધ્યાન ખેંચે તેવાં છે.

આ રૂપકામો ઉપર શિલ્પીઓએ ઉદ્‌ગમ (ભાષામાં ઉદુંબ્ર અથવા દોઢીઓ) તેનાપર મરણીનું શિલ્પ પછી શિરાવટ ને જતી કરીને કપોતાલી (કેવલ પછી મઝી પછી અન્તરાલ (અથવા પુષ્પકંઠ ભાષામાં અન્તરપટ્ટી) નું શિલ્પ અને તેના ઉપર છાદ્ય–છજું બતાવ્યું છે. તે ઉપર વિશાળ ઘેરાવાવાળું–સરખાં ઉપાંગવાળું સમદલ શિખર બતાવ્યું છે. એના રેખા અને પ્રતિભદ્ર ઉપર સર્વતોભદ્ર શૃંગો ચઢાવ્યા છે. શિખરના મોટા ભાગનો વિધ્વંસ થયો છે એટલે એનો વધુ પરિચય આપવાનો રહેતો નથી.

રંગમંડપ પરિચય

જિનપ્રાસાદના અગ્રભાગે સભામંડપ (રંગમંડપ) કક્ષાસનયુક્ત, ત્રણેય બાજુએ બલાણકો (ચોકીઓ) કરેલ છે. શિલ્પશાસ્ત્રમાં વર્ધમાન–સ્વસ્તિક આદિ આઠ પ્રકારના મંડપો પૈકી આને કયો મંડપ કહેવો ? તે મંડપ નષ્ટ થયો હોવાથી નક્કી કરી શકાય તેમ નથી. (જૂઓ ચિત્ર નં. ૨)

મંડપ ઉપર એક મજલો કર્યો છે. મંડપની લંબાઈ જોતાં આ મંદિર જ્યારે અખંડિત હશે ત્યારે કોઈ અદ્‌ભુત પ્રભાવ પાથરતું હશે. આવું જૈન મંદિર ગુજરાત માટે વિરલ ગણી શકાય !

સ્તંભપરિચય

સ્તંભો, ચિત્રમાં બે પ્રકારના દેખાય છે. ૧. કોરણીવાળા ૨. કોરણી વિનાના. કોલી મંડપ પાસેના સભામંડપના ધૂમટને ટેકવેલા આઠ સ્તંભો કોરણીવાળા છે ને બાકીના સાદા છે. (જૂઓ ચિત્ર નં. ૩)

આ મંદિરના સ્તંભો મદ્રક જાતિના છે અષ્ટાંશ-અષ્ટકોણ (અઠાંસ) ના છે. આ સ્તંભની કુમ્મિકાઓમાં દેવીઓનાં વિવિધ સ્વરૂપો આલેખેલાં છે. તેના ઉપર સ્તંભના પ્રધાન ભાગમાં કિન્નરો, ગંધર્વો, યક્ષો આદિનાં રૂપકામો, ભદ્રાસનસ્થ દેવીઓ, કમલપત્રો, ગ્રાસપટ્ટી આદિ કંડાર્યાં છે. આ સ્તંભો આબુ, મોઢેરા આદિ પ્રાચીન મંદિરોના સ્તંભોને મળતા છે.

આની ઉપર સીધું જ મરણી સહિત મેટાસરુ બનાવ્યું છે કારણ કે તોરણ (કમાન) ન હોવાથી કડાસરુ બતાવ્યું નથી.

નરદર્શક ચિત્ર

નંબરના ચિત્રમાં નીચે ગ્રાસપટ્ટી પછી ગજથર નો દેખાવ, ને પછી ગીત, ગાન, નૃત્ય આદિ ચેષ્ટાદર્શક નરથર સ્પષ્ટ દેખાય છે.

ભગ્નાવશેષ

પ્રસ્તુત મંદિરના મોટા ભાગના અવશેષો તો મંદિરની નજીકમાં ઢગલાબંધ પડ્યા છે. કેટલાક અવશેષોને ઉપાડી લોકોએ પોતપોતાના ઘરો અને મંદિરના દ્વારમાં

---

૧ એક જાતનું સિંહ મુખાકૃતિ જેવું જળચર પ્રાણી

૨ કોઈ કોઈ પ્રાસાદમાં અશ્વ હંસાદિક પ્રાણીઓના થરો પણ હોય છે, પણ આ પ્રાસાદમાં તો ગજ અને નર બેજ થરો છે.

આ પીઠ અને મંડોવરના જેવું જ શિલ્પ સરખાવવું હોય તો કુંભારીયાજી તીર્થના શ્રી નેમિનાથજીના પ્રાસાદ સાથે સરખાવી શકાય.

ઉપયોગમાં લીધા છે. એક કુંભારની મઢુલી ઉપર રહેલી ચિત્રપટ્ટી ઝાંખી હોવાના કારણે પ્રગટ કરી નથી. પરંતુ એ શિલ્પ ખાસ ધ્યાન ખેંચે તેવું છે. એ પટ્ટીમાં કલિકાલ કલ્પતરૂ ભગવાન પાર્શ્વમૂર્તિઓ છે.

સમગ્ર પ્રાસાદનું બીજું મહત્ત્વ એ છે કે આ પ્રાસાદ ભ્રમ યુક્ત છે એટલે અંદર પ્રદક્ષિણા છે. આવા ભ્રમયુક્ત પ્રાસાદો અત્યલ્પ પ્રમાણમાં છે. આ મંદિર લગભગ ૮૦૦ વરસથી વધુ પુરાણું લાગે છે.

સાંભળ્યું છે કે મંદિરની જગતીના પથ્થરોમાં મંદિરના ઘડવૈયાઓનાં નામો લખેલાં છે. આ એક નોંધપાત્ર ઘટના કહેવાય.

આ મંદિરનો ઉલ્લેખ સોળમા સૈકાની એક રાસમાળામાં જોવા મળે છે. એટલે એ વખતે પ્રસ્તુત મંદિર સારી સ્થિતિમાં હશેજ. પણ આજે તો તે મૂકપણે ભૂતકાળની ગૌરવગાથા ગાતું એકલું અટૂલું ઊભું છે.

અંતમાં શિલ્પ સ્થાપત્યના શ્રેષ્ઠ નમૂના તરીકે આ મંદિરને સુરક્ષિત બનાવવા માટે લાગતાવળગતાઓને પ્રયત્ન કરવાનો અનુરોધ કરું છું.

* ધુમલીના મંદિરની અને ફોટા માહિતી પોરબંદરનિવાસી પુરાતત્ત્વપ્રેમી શ્રી ત્રિભોવનદાસ ઓધવજીભાઈ હસ્તક મળેલ છે તે માટે આભારી છું.—મુનિશ્રી યશોવિજયજી.

卐

સમયસુંદરકૃત

ધનાની સઝાય

વીર જિણંદ સમોસર્યાજી, **રા**જગ્રહી ઉદ્યાન,
સમોસરણ સુરવર રચેજી, એહા ત્રિભુવનભાણ,
જગિ જીવન **વી**રજી કવણિ તમારો શીષ,
આપ તરે ઓર તારવે ઉગ્ર તપ ધરે નિશદિસ–જગિ૦ ૧

પ્રભુ આગમ સુણી કરીજી, હરખ્યો **શ્રે**ણિક રાય,
પ્રભુ પાયવંદન આવીયોજી, હય ગય રથ પરિવાર–જગિ૦ ૨

શ્રેણિક પ્રભુ દેશના સુણીજી, પ્રશ્ન કરે સુવિચાર,
ચઉદસહસ અણગારમાંજી, કવણ અધિક અણગાર જગિ. ૩

કાકંદી નગરી વસેજી, **ભ**દ્રા માત મલ્હાર
સંયમ રમણી આદરીજી, જાણી અથિર સંસાર–જગિ૦ ૪

છઠ તપ આંબલે પારણુંજી, ઉચિત લીએ આહાર
માયા મમતા પરહરીજી, દેહે દીએ આધાર જગિ૦ ૫

શીખ દુવર્દ્ધિ પાલે ભલીજી, શમદમ સંયમસાર,
તપ જપ પ્રમુખ ગુણે કરીજી, અધિક **ધ**નો અણગાર.
જગિ૦ ૬

ધનો નામ સુણી કરીજી; હરખ્યો **શ્રે**ણિક રાય,
ત્રણ પ્રદક્ષણા દેઈ કરીજી, વાંદે મુનિવર પાય.
જગિ૦ ૭

નવમે અંગે એહછેજી, **ધ**નાનો અધિકાર,
સોહમ સ્વામી ઉપદેશીયુંજી, જંબૂને હિતકાર.
જગિ૦ ૮

એહવા મુનિવર વાંદીએ, ચરણકમલ ચિત્ત લાય,
સમયસુંદર ભગતે ભણેજી, નિરૂપમ શિવસુખ થાય.
જગિ૦ ૯

卐

મહાનુભાવ મરિચિ

યા ને

ભગવાન મહાવીરપ્રભુનો ત્રીજો ભવ

પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

[શ્રી મહાવીર જન્મ કલ્યાણક અંકમાં શ્રમણ ભગવાન મહાવીરના મુખ્ય ૨૭ ભવો પૈકી નયસાર તરીકેના પ્રથમ ભવનું વર્ણન રજૂ થયું હતું. અહીં તે પછીના ભવનું વર્ણન પૂજ્યપાદ આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ રજૂ કરે છે. આ રીતે પૂજ્ય આચાર્યશ્રી શ્રમણ ભગવાન મહાવીરના જીવનનો પૂર્વાર્ધ પોતાની લાક્ષણિક શૈલીમાં રજૂ કરતા રહેશે. તંત્રીઓ, 'જૈન યુગ']

ગ્રામમુખી નયસારના ભવે અટવીના વિકટપ્રદેશમાં ઉત્તમમુનિવરનો સુયોગ ભગવાન શ્રી મહાવીર પ્રભુના આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું નિમિત્ત બનવા ઉપરાંત એ ઉત્તમ આત્માને મહાવીર બનવામાં મંગલાચરણરૂપ થયો. નયસારનું શેષજીવન આદર્શગૃહસ્થરૂપે સંપૂર્ણ થયું. આયુષ્ય પૂર્ણ થતાં આત્મા પુન્યપ્રકર્ષના યોગે સ્વર્ગલોકમાં ઉત્પન્ન થયો. સ્વર્ગીય આયુષ્ય પૂર્ણ થયા બાદ વર્તમાન અવસર્પિણીના પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી **ઋષભદેવ** પ્રભુના પુત્ર ચક્રવર્તી **ભરત** મહારાજાને ત્યાં **મરિચિકુમાર** નામે એ આત્માએ અવતાર ધારણ કર્યો. ભગવાન શ્રી મહાવીરદેવના, સમ્યક્ત્વ પ્રાપ્તિની અપેક્ષાએ ગણાતા, સ્થૂલ સત્તાવીશ ભવો પૈકી 'મરિચિ-કુમારનો' ભવ એ ત્રીજો ભવ હતો. શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના ભવો પૈકી અમુક ભવો ખાસ વિશિષ્ટ જીવન પ્રસંગોથી ભરપૂર છે. જ્યારે કેટલાક ભવો ખાસ વિશષ્ટ પ્રસંગો રહિત છે. નયસારનો ભવ, મરિચિનો ભવ, વિશ્વભૂતિમુનિનો ભવ, ત્રિપૃષ્ઠ વાસુદેવનો ભવ, પ્રિયમિત્ર ચક્રવર્તીનો ભવ, અને નન્દનમુનિનો ભવ, વગેરે ભવો વિવિધ જીવન પ્રસંગોથી સંકળાયેલા છે. એ પ્રત્યેક ભવોના જીવન પ્રસંગો અનેક રીતે બોધપ્રદ હોવાથી અહીં મરિચિકુમારના ભવનું જીવન આલેખવાનો પ્રયાસ કરવામાં આવે છે.

ભગવાન શ્રી ઋષભદેવજી પાસે મરિચિકુમારની દીક્ષા

મરિચિકુમાર ભરતમહારાજાને ત્યાં પુત્ર રૂપે અવતર્યા. બાલ્યવયમાં માતપિતા તરફથી સુંદર સંસ્કારો મળવા ઉપરાંત યોગ્ય વયે સર્વ કળાઓનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. આત્મામાં સમ્યગ્ દર્શનનું બીજ અને તજ્જન્યસંસ્કારોનું સ્થાન તો નયસારના ભવથીજ પ્રાપ્ત થયેલ હતું. જેના અંતરાત્મામાં એ ગુણનો પ્રકાશ અને તેને લાયક સંસ્કારોનું સ્થાન હોય તે આત્માને ધનદોલત તેમજ બાહ્યસુખવિષયક વિપુલ ભોગોપભોગની સામગ્રીમાં દિલનો પ્રેમ નથી પ્રાપ્ત થતો. એ ઉત્તમ મહાનુભાવોને મોક્ષ અને મોક્ષના સાધન-દેવ-ગુરૂ ધર્મ ઉપર વિશિષ્ટ અભિરુચિ હોય છે. જેને ભોગોપભોગની સામગ્રીમાં વધુ આનંદ આવતો હોય તે આત્મા મિથ્યાદૃષ્ટિ છે. અને જે આત્માને દેવ-ગુરૂ ધર્મ અર્થાત્ આત્મકલ્યાણની સાધન સામગ્રી પ્રમોદ પ્રગટાવનારી બને તો તે આત્મા સમ્યગ્દૃષ્ટિ છે.' આ વાત શાસ્ત્રપ્રસિદ્ધ છે. મરિચિ કુમારે યુવાનીના આંગણે પ્રવેશ કર્યો ત્યારે ભગવાન શ્રી ઋષભદેવજીને વિશ્વના ત્રૈકાલિક ભાવો જણાવનાર કેવલજ્ઞાન કેવલદર્શન પ્રગટ થઈ ચુકયું હતું. સંખ્યાતીત મુમુક્ષુ આત્માઓ એ પ્રભુની અમૃતમય ધર્મદેશના શ્રવણ કરી સંયમનાં પવિત્ર પંથે પ્રયાણ કરવા તૈયાર થઈ જતા હતા. મરિચિકુમાર પણ ભર યૌવનના પ્રારંભમાં એ પરમાત્માની ધર્મદેશના શ્રવણ કરવા માટે પહોંચી ગયા. આત્મામાં સંસ્કારનું બીજ તો વિદ્યમાન હતું. એમાં પ્રભુની ધર્મદેશના રૂપી નિર્મળ વારિપ્રવાહનું પોષણ મળ્યું. વૈરાગ્યના અંકુરો પ્રગટ થયા. અને ભરતમહારાજાની સંમતિ લેવા સાથે મરિચિકુમારે ભગવાન શ્રી ઋષભદેવજી પાસે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. શ્રી મરિચિકુમાર હવે મરિચિમુનિ બન્યા.

ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુના સમયમાં આત્માઓની સરલતા

ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુના સમયનો કાળ શ્રદ્ધા બળ ની સુવાસથી મઘમઘતો કાળ હતો. તર્ક કિંવા દલીલોનો તે સમયે સર્વથા અભાવ હતો એમ નહિં, પણ તર્ક કે દલીલની પાછળ આપ્ત પુરુષોના વચનોને વધુ પરિપકવ કરવાનું શ્રદ્ધા બળ જીવંત હતું જ્યારે આજે તર્ક તેમજ દલીલોની પાછળ બહુલતાએ તેથી વિપરીત મનોદશા હોય છે. ભગવાન શ્રી ઋષભદેવજીના સમયવર્તિ જીવોને 'જડ અને સરલ' તરીકે કહેવામાં આવ્યા છે. એ કથનનો પ્રધાન આશય જડ પદમાં નથી પણ સરલ પદમાં છે. શાસ્ત્રીય અભ્યાસ ઓછો હોય કે વધુ હોય, દલીલો કરવાની સ્ફુરણા અલ્પ પ્રમાણમાં હોય કે વધુ પ્રમાણમાં હોય. સમ્યગ્જ્ઞાનનો એ બાબતની સાથે મુખ્ય સંબંધ નથી. સમ્યગ્જ્ઞાનનો અને તે દ્વારા આત્માના ઉત્થાનનો સંબંધ સરલતા-ઋજુતાની સાથે છે. **જીવનમાં જેટલી સરલતા તેટલી જ્ઞાનની નિર્મળતા અને જ્ઞાનની જેટલી નિર્મળતા તેટલું આત્મકલ્યાણનું પ્રમાણ વધુ.** જુદા જુદા અનેક શાસ્ત્રોનું ઘણા શ્રમપૂર્વક અવગાહન કર્યું હોય, છતાં અંતઃકરણમાં ઋજુતાનું સ્થાન ન હોય તો એ શાસ્ત્રોનું અવગાહન કરવા દ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાનમાં નિર્મળતા નથી હોતી. બલ્કે મલિનતા હોય છે. **જ્ઞાનનું કાર્ય આત્મકલ્યાણના પવિત્ર માર્ગ ઉપર પ્રકાશ પાથરવાનું છે.** જો એ પ્રમાણે ન હોય તો તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન ન ગણાય. ભગવાન ઋષભદેવજીના સમયવર્તિ જીવોને જે જડ અને ઋજુ વર્ણવ્યા છે. તેનો અર્થ વાસ્તવિક રીતે એ સમજાય છે કે આજની જેમ જ્ઞાન વિજ્ઞાનનો વ્યવહારમાં ભલે વિકાસ ન હતો. પણ જેટલા પ્રમાણમાં જ્ઞાન-વિજ્ઞાન હતું તેટલા પ્રમાણમાં તે બહુલતાએ નિર્મળ હતું, શ્રદ્ધાની સૌરભથી વાસિત હતું અને સ્વ-પર કલ્યાણના પવિત્ર રાજમાર્ગ ઉપર પ્રકાશ પાથરનાર હતું. એ કારણે જ ભગવાન ઋષભદેવના શાસનમાં સકલ કર્મનો ક્ષય કરવા સાથે મોક્ષે જનારા આત્માઓની સંખ્યા શ્રી અજિતનાથથી લઈ ભગવાન મહાવીર સુધીના સર્વ તીર્થંકરોના શાસનવર્ત્તિ મોક્ષગામી જીવોની અપેક્ષાએ વધુ યાવત્ અસંખ્યગુણી સંખ્યા હતી.

મરિચિમુનિને ઉષ્ણ પરિષહનો પ્રસંગ અને નવીન વેષની કલ્પના

આવા આત્મકલ્યાણના અનુકૂલ સમયમાં મરિચિકુમારે પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી. જ્ઞાન-ધ્યાન સંયમ અને તપની આરાધનામાં એ મરિચિ મુનિવર એકતાન બની ગયા. પ્રભુની પવિત્રનિશ્રામાં અગિયાર અંગના પારંગત થયા. એક અવસરે ગ્રીષ્મઋતુના પ્રચંડ તાપમાં એક બાજુથી ખુલ્લા મસ્તકે સૂર્યના કિરણોનો ઉગ્ર તાપ બીજી બાજુ સંતપ્ત બનેલ ભૂમિ ઉપર ખુલ્લાપગે ચાલવાના પ્રસંગની વધુ પડતી ગરમી વગેરે કારણે મરિચિ મુનિવરનું ચિત્ત આકુલ વ્યાકુલ બન્યું. સંયમ ગ્રહણ કરતી વેળાએ કાયાની માયાને ફગાવી દેનાર મરિચિ મુનિવર અનંત કાળથી આત્માની પૂંઠે પડેલી એ કાયાની માયામાં ફસાયા. કર્મનિર્જરા માટેનો ઉષ્ણપરિષહનો પ્રસંગ એ મુનિવરને કર્મબંધનનું કારણ બન્યો. "આવા ઉષ્ણ પરિષહના આકરા સંતાપ દીર્ઘકાળ પર્યંત મારાથી કેમ સહન થાય! ક્યાં મારી સુકોમળ કાયા અને ક્યાં આ ઉગ્ર પરિષહોને સહન કરવા પણું! આવું કષ્ટમય ચારિત્ર પાળવું એ મારાથી અશક્ય છે. એકવાર ઘર છોડીને નીકળ્યા બાદ પાછા ઘેર જવું અને પુનઃગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો એ મારા જેવા કુલીન આત્મા માટે યોગ્ય નથી, અને કદાચ કુલીનતાને બાજુમાં મૂકી ઘેર જાઉં તો મારા સંસારપક્ષના પિતા ભરત મહારાજા મને સ્થાન આપે કે કેમ તે પણ શંકાસ્પદ છે. આવી વિષમ પરિસ્થિતિમાં મારે શું કરવું!"। મરિચિ મુનિ આ પ્રમાણે મુંઝવણમાં મુકાયા. ઘણુ વિચાર કરતાં તેમણે એક નવો માર્ગ નિશ્ચિત કર્યો. "શ્રમણનિર્ગ્રન્થો ત્રણદંડથી રહિત છે, હું તેવો નથી. માટે મને ત્રિદંડનું ચિહ્ન હો. સાધુઓ લગભગ મોહના આવરણથી રહિત હોય છે, હું તેવો નથી. માટે મને મસ્તક ઉપર છત્ર હો. સાધુઓ સદાય ખુલ્લા પગે ચાલનારા છે, મારામાં એ સહનશીલતા નથી માટે મને પગે પાવડી પહેરવાનું હો. સાધુઓ સ્નાનથી સર્વથા રહિત છે, મને પરિમિત જલ વડે સ્નાન હો. સાધુઓ વસ્ત્ર પાત્રની મૂર્ચ્છાથી રહિત છે, મંદકષાયવાળા છે, હું તેવો નથી માટે મને ભગવું વસ્ત્ર હો." આ પ્રમાણે મરિચિએ નવીન વેષ અને નવીન માર્ગનો નિર્ણય કર્યો. તેમજ તે માર્ગને અમલી પણ બનાવ્યો. પરંતુ શ્રદ્ધામાં તો પહેલાંનો જે ઉત્તમ મુનિમાર્ગ હતો તે માર્ગને જ

ટકાવી રાખ્યો. અગિયાર અંગનો અભ્યાસ અને અનુપમ દેશનાશક્તિથી જે કોઈ રાજપુત્ર વગેરે પ્રતિબોધ પામતા તે સર્વને સંયમ ગ્રહણ કરવા માટે પ્રભુ પાસેજ મોકલવાનું ચાલુ રાખ્યું.

મરિચિ આચારપતિત થયા, પણ શ્રદ્ધાથી પતિત થયા નથી

મરિચિના દીક્ષા ગ્રહણ કર્યા બાદ અમુક વર્ષો પછી બનેલા આ પ્રસંગે ઘણું ઘણું વિચારવા યોગ્ય છે. આપણે વધારે વિસ્તારથી નહીં પણ ટૂંકમાં આ પ્રસંગ બાબત થોડો વિચાર કરીએ તો તે અવસરોચિત છે. નયસારના ભવમાં પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શન મરિચિના ભવમાં હતું કે કેમ? અને હતું તો સંયમ ગ્રહણ કર્યા બાદ મરિચિ જેવા મુનિવરના આત્મામાં આવા કાયર અધ્યવસાયો કેમ પ્રગટ થયા? આ પ્રથમ પ્રશ્ન છે. એના સમાધાનમાં– નયસારના ભવમાં પ્રગટ થયેલ સમ્યક્ત્વ ત્યાર પછીના દેવલોકના ભવમાં અને યાવત્ મરિચિના ભવમાં દીક્ષાગ્રહણ થયા બાદ નવીન વેષની કલ્પના પર્યંત અવિચ્છિન્નપણે ટકયું હોય તો તે સંભવિત છે. કારણકે ક્ષયોપશમસમ્યક્ત્વનો વધુમાં વધુ છાસઠ સાગરોપમ સુધીનો શાસ્ત્રમાં જણાવેલ કાળ, ભરત મહારાજને ત્યાં જન્મ પ્રાપ્ત થયા છતાં ભોગોપભોગની વિપુલ સામગ્રીનો પરિત્યાગ કરીને ચારિત્રગ્રહણ કરવાનો અનુપમ પ્રસંગ, ચારિત્રગ્રહણ કર્યા બાદ જ્ઞાનધ્યાન-સંયમ અને તપની આરાધનામાં ઉજમાળપણું આ બધાય પ્રસંગો એ મહાનુભાવ મરિચિના આત્મમંદિરમાં સમ્યગ્દર્શનનો દિવ્ય પ્રકાશ હોવા માટેના પ્રબલ પુરાવાઓ છે. ઉષ્ણ પરિષહના પ્રસંગમાં સંયમની આચરણા પરત્વે મરિચિના દિલમાં શૈથિલ્ય આવ્યું છે. પણ સંયમની શ્રદ્ધામાં તો તે પ્રસંગ પર્યંત જરાય નબળાઈ નથી આવી. ચારિત્રમોહના ઉદયથી આચરણામાં શિથિલતા આવે એ સંભવિત છે. પરંતુ આત્મામાં સમ્યગ્દર્શન વિદ્યમાન હોય તો પરિણામમાં અર્થાત શ્રદ્ધામાં શિથિલતા આવવાનો સંભવ નથી. ચારિત્રમોહોદયના કારણે મરિચિમુનિ સંયમોચિત આચારમાંથી ભ્રષ્ટ થયા છે, પરંતુ અંતરમાં એક વાત હજુ સુધી તો નિર્ણય રૂપે બેઠી છે કે "મારી નબળાઈ કિંવા કાયરતાના કારણે હું એ સંયમમાર્ગને યથાર્થ નથી પાળી શકતો એ મારો પોતાનો દોષ છે. પણ મોક્ષપ્રાપ્તિ માટે પવિત્ર સંયમમાર્ગની આરાધના એ જ અનન્ય ઉપાય છે" આ મંતવ્યમાં કિંવા શ્રદ્ધામાં આપણા મરિચિ હજુ બરાબર સ્થિર છે. અને એ કારણે જ દેશના દ્વારા રાજકુમાર વગેરે પ્રતિબોધ પામે છે તેને પો .. ન બનાવતાં પ્રભુ પાસે અથવા પ્રભુના સાધુ.ા પા મોકલે છે. આ મનનીય બાબત, મરિચિમાં હજુ સુધી સમ્યગ્દર્શનનું અસ્તિત્વ હોવાનું સાબીત કરે છે, રિચિના આંતરપ્રદેશમાં સમ્યગ્દર્શનનો પ્રકાશ પણ ચ ન થઈ ગયો હોત તો સંયમમાર્ગ ઉપરથી શ્રદ્ધાનો ... અભાવ થઈ જાત, અને શ્રદ્ધાના અભાવે પ્રતિબોધ .ેલા રાજકુમાર વગેરે મુમુક્ષુ આત્માઓને પ્રભુ પાસે .. લેવા માટે મોકલવાનું ન બનત વળી 'મારા જેવા કુલીન આત્માને એક વાર ઘરબારનો પરિત્યાગ કર્યા બાદ પુનઃ ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરવો એ કોઈ રીતે ઉચિત નથી.' 'गृहे गमनं तु सर्वथा अनुचितं' આવા સદ્વિચારો કસોટીના ટાણે જે પ્રગટ થયા છે તે પણ શ્રદ્ધાબલ વિદ્યમાન હોવાનો પુરાવો છે.

શ્રદ્ધાથી-પરિણામથી પણ પતિત થનારની દુર્દશા

જે વ્યક્તિ આચારથી પતિત થવા સાથે શ્રદ્ધાથી પણ પતિત થાય છે તે આત્માની પરિસ્થિતિ ઘણી વિષમ બની જાય છે. આજના પ્રચલિત શબ્દોમાં કહીએ તો "વટલી બ્રાહ્મણી તરકડીમાંથી જાય" એના જેવી અત્યન્ત પામર મનોદશા હોય છે. શ્રદ્ધાથી પતિત થયેલાને પોતાની નબળાઈ તરફ દૃષ્ટિ નથી જતી, એને તો પરમપવિત્ર દીક્ષા-અથવા દીક્ષિત અવસ્થામાં વર્તતા શ્રમણ સંઘની નબળાઈઓ કિંવા ખામીઓ નજરે આવે છે. પોતાની નબળાઈ ને ઢાંકવાના બહાને એ શ્રદ્ધા-પતિત વ્યક્તિ ધર્મ અને ધર્મીવર્ગની એકધારી અવહેલના નિન્દા કરીને રાજી થાય છે, અને એ રીતે ધર્મ અને ધર્મીઓની નિન્દા કરવાદ્વારા તીવ્ર દર્શનમોહનીય કર્મ ઉપાર્જન કરી અનન્તકાળ પર્યંત એ આત્મા સંસારમાં પરિભ્રમણ કરવા સાથે દુરન્તદુઃખોને અનુભવે છે. જો કે મુમુક્ષુ આત્મા માટે આચારપતિતપણું કે શ્રદ્ધા-પરિણામથી પતિતપણું એમાંથી એકેય હિતકર નથી એમ છતાં આચાર પતિત આત્મા જો પરિણામથી-શ્રદ્ધાથી પતિત ન થાય તો તે આત્માને પુનઃ મૂળ આચારનો પવિત્ર માર્ગ પ્રાપ્ત થવામાં વિલંબ નથી લાગતો. પરન્તુ જો આચારપતિતપણાની સાથે આત્મપરિણામ શ્રદ્ધાથી પણ પતિત થઈ જાય તો એ આત્માને મૂલ માર્ગ પ્રાપ્ત થવો અત્યન્ત દુષ્કર બને છે.

હવે પછીના મરિચિના જીવનપ્રસંગોમાં કપિલના સમાગમનો પ્રસંગ અને તે અવસરે મરિચિએ ઉચ્ચારેલા "कविला इत्थंपि इहयंपि" (ત્યાં પ્રભુમાર્ગમાં ધર્મ છે અને મારા માર્ગમાં અહીં પણ ધર્મ છે) વગેરે શબ્દો અને તેની પાછળ આત્મમંદિરમાં પ્રગટેલા વિપરીત અધ્યવસાયોનો પ્રસંગ મરિચિના જીવનમાં શુદ્ધ માર્ગની શ્રદ્ધાથી પણ પતિત થવાનો પુરાવો છે જે બાબત આગળ આવવાની છે. પરંતુ કપિલનો સમાગમ થવા પહેલા તો મરિચિ અન્યવેષમાં રહીને પણ જે જાતનું જીવન જીવી રહ્યા છે તે અંગે વિચારણા કરતાં એમ અવશ્ય માનવું પડે છે કે આચારમાં પરિવર્તન થવા છતાં શ્રદ્ધામાં પરિવર્તન નથી થયું.

પ્રભુને ભરત મહારાજાનો પ્રશ્ન

મરિચિ ભગવા વેષમાં પણ પ્રભુની સાથે જ વિચરે છે અને ત્રિકરણયોગે એ પરમાત્માની ભક્તિ ઉપાસના કરે છે એક અવસરે ભગવાન શ્રી ઋષભદેવજીને ભરત મહારાજાએ પ્રશ્ન કર્યો કે હે પ્રભો! આપની પર્ષદામાં ભાવિ તીર્થંકર તરીકે થનાર કોઈ આત્મા છે? ભગવાન શ્રી ઋષભદેવજી સર્વજ્ઞ હતા. જીવ-અજીવ સર્વ દ્રવ્યોના ત્રૈકાલિક ભાવો જાણતા હતા. ભરત ચક્રીના પ્રશ્નસંબંધી ઉત્તરમાં ભગવાન બોલ્યા હે ભરત! તારો પુત્ર મરીચિ હાલમાં જે ત્રિદંડિક વેષમાં અમારી સાથે વિચરે છે તે આ ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીશીના ચોવીશમા વીર નામે તીર્થંકર થશે, એટલુંજ નહિ પણ આ ભરતક્ષેત્રમાં થનારા સર્વ વાસુદેવો પૈકી **ત્રિપૃષ્ઠ** નામના પ્રથમ વાસુદેવ થશે, ઉપરાંત-મહાવિદેહક્ષેત્રમાં મૂકા નગરીમાં **પ્રિયમિત્ર** નામે ચક્રવર્તી તરીકે પણ તારો આ મરિચિ પુત્ર અવતાર ધારણ કરશે. ભગવાન શ્રી ઋષભદેવજીના મુખેથી પોતાના પુત્ર મરિચિને ભવિષ્યમાં પ્રાપ્ત થનાર વાસુદેવ-ચક્રવર્તી અને તીર્થંકરની પદવીના લાભોની હકીકત શ્રવણ કરવાની ભરત ચક્રીને અત્યન્ત આનંદ થાય તે સ્વાભાવિક છે. એમાં પણ વાસુદેવ અને ચક્રવર્તીની પદવી કરતાં પરંપરાએ અનન્ત આત્માઓના કલ્યાણમાં કારણભૂત તીર્થંકરપદની પ્રાપ્તિસંબંધી હકીકત સાંભળતાં ભરત મહારાજાના અસંખ્ય આત્મપ્રદેશમાં નિરવધિ આનંદ થયો છે. ભરત મહારાજા સમ્યગ્દૃષ્ટિ અને તદ્ભવમાં મુક્તિગામી આત્મા હતા. સમ્યગ્દૃષ્ટિ કોઈ પણ આત્માના હૈયામાં પોતાના માટે તેમજ પોતાના પરિવાર વગેરે અન્ય કોઈ પણ જીવાત્મા માટે પૌદ્ગલિક સુખની પ્રાપ્તિમાં આનંદ ન હોય, પરંતુ સ્વપર કલ્યાણ સાધક ધર્મ સંબંધી સાધન સામગ્રીની પ્રાપ્તિ અંગે અત્યન્ત આનંદ થાય એ સહજ છે, તો પછી જે પદવી સમગ્ર વિશ્વના કલ્યાણમાં અસાધારણ કારણ છે એવું તીર્થંકરપદ પોતાના પુત્રને પ્રાપ્ત થવાનું શ્રવણ કરવા બાદ ભરત મહારાજાના આનંદમાં શું ખામી હોય!

ભરત ચક્રીનું મરિચિ પાસે ગમન અને વંદન

એ આનંદમાં અને આનંદમાં ભરત મહારાજા પ્રભુને પ્રણામ કરીને ઊભા થયા તેમજ જ્યાં મરિચિ હતા ત્યાં પહોંચ્યા, મરિચિને ત્રણ પ્રદક્ષિણા આપી વંદન કર્યું અને સાથેજ સ્પષ્ટતા કરી કે હું તમારા આ નવા ત્રિદંડિક વેષની અપેક્ષાએ તમોને વંદન કરતો નથી. પણ ભાવિકાલે આ ભરતક્ષેત્રમાં થનારા ચોવીશ તીર્થંકરો પૈકી વીરનામા ચોવીશમા તીર્થંકર થવાની યોગ્યતા તમારા આત્મામાં છે એ વાત સર્વજ્ઞ ભગવાન શ્રી ઋષભદેવજી પાસેથી જાણીને તમોને ભાવિ તીર્થંકર તરીકે વંદન કરું છું અને તમારા આત્માની વારંવાર અનુમોદના કરું છું. પ્રભુના કથન પ્રમાણે તમોને ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં ત્રણ ખંડનું ઐશ્વર્ય અને પ્રિયમિત્ર ચક્રવર્તીના ભવમાં ચૌદરત્ન-નવનિધાન સાથે છ ખંડના ઐશ્વર્યની પ્રાપ્તિ થવાની છે. પરંતુ તે અંગે મારું અનુમોદન કે અભિવંદન નથી. જે ભાવતીર્થના અવલંબનથી હજારો લાખો યાવત્ ગણનાતીત આત્માઓ ભવસાગરનો પાર પ્રાપ્ત કરી શકે છે તે તીર્થના પ્રવર્તક તીર્થંકર તમો ભવિષ્યમાં થનાર છો માટે તમોને મારું વારંવાર વંદન છે.

સમ્યગ્ દર્શન સંપન્ન આત્માની મનોભાવના

ભરતમહારાજા સમ્યગ્દૃષ્ટિ આત્મા હતા–"सम्यग्दर्शन पूतात्मा रमते न भवोदधौ" એ આપ્ત વાક્ય પ્રમાણે સમ્યગ્ દર્શન સંપન્ન આત્માઓ સંસારમાં રહે ખરા પણ રમે નહિ. રહેવું અને રમવું એમાં આભ-ધરતી જેટલું અંતર છે. આ કારણે સંસાર તેમ જ સાંસારિક સુખના ગમે તેટલાં વિપુલ સાધનો પ્રાપ્ત થાય છતાં એમાં એ ઉત્તમ આત્માને રમણતા ન હોય, એ ધન્ય આત્માઓને તો મુક્તિ અને તેનાં સાધનોની પ્રાપ્તિમાં જ આનન્દ હોય. એટલું જ નહિં પણ જે લિંગ, વેષ અથવા આચારો મુક્તિનું સાધન ન હોય તેને પણ એ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ

વંદન પ્રણામાદિ ન કરે. વંદન પ્રણામાદિ ન કરવામાં વ્યક્તિ તરફ વિરોધ નથી. પણ તેનો વિપરીત વેષ તેમજ વિપરીત આચારો તરફ વિરોધ છે. **'જે જેમ છે તેમાં તે પ્રમાણે માન્યતા કિંવા સદ્‌ભાવ તેનું નામ સમ્યગ્‌દર્શન, તેથી વિપરીત મન્તવ્ય તેનું નામ મિથ્યાદર્શન.'** સમ્યગ્‌દર્શન-મિથ્યાદર્શનની આ સંક્ષિપ્ત પણ યથાર્થ વ્યાખ્યા છે. આ વ્યાખ્યાના ભાવ પ્રમાણે મરિચિનો ત્રિદંડિક વેષ વગેરે કે જે વ્યવહાર દૃષ્ટિએ મોક્ષનું સાધન નથી તેના તરફ ભરતમહારાજાનો કેમ સદ્‌ભાવ હોઈ શકે ! બજારમાં કોઈ પણ ચીજ વસ્તુ ખરીદવા માટે જનાર પરીક્ષક મનુષ્ય બનાવટી વસ્તુને સ્વીકારવા જેમ તૈયાર નથી હોતો. એ પ્રમાણે આત્મ-કલ્યાણનો અભિલાષી આત્મકલ્યાણથી વિપરીત સાધ-નોને સ્વીકારવા કેમ તૈયાર થાય !

જૈન દર્શનની વિશાલતા સાથે વ્યવહારમર્યાદા

જૈન દર્શન એ સંકુચિત દર્શન નથી. એ દર્શનની ઉદારતા અવર્ણનીય છે. જૈન દર્શનમાં સ્વલિંગમાં અન્ય-લિંગમાં તેમ જ ગૃહિલિંગમાં પણ મુક્તિ સ્વીકારવામાં આવેલ છે, શરીરનો આકાર સ્ત્રીનો હોય (કૃત્રિમ) નપુંસકનો હોય કિંવા પુરુષનો હોય પણ શરીરના આકારમાં મુક્તિનો પ્રતિબંધ જૈન દર્શનમાં અમાન્ય છે. એમ છતાં વ્યવહારમાર્ગની વ્યવસ્થા તેમજ બાલવર્ગને માટે આત્મકલ્યાણના મગલ પ્રસંગોનું લક્ષ્ય રાખી બાહ્ય કે અંતરદૃષ્ટિએ જ્યાં જ્યાં મોક્ષના વિશુદ્ધમાર્ગથી વિપર્યાસ જણમાં આવે ત્યાં ત્યાં મન વાણી કાયાથી દૂર રહેવાની શાસ્ત્રકાર ભગવંતોની એટલીજ જોરદાર ભલામણ છે. આ બાબત ધ્યાનમાં રાખીને જ 'હું તમારા ત્રિદંડિક વેષને વંદન નથી કરતો પણ તમો ભાવિકાલે ચોવીશમા તીર્થંકર થનાર છો એ કારણે વંદન કરું છું' એમ ભરત મહારાજાએ મરિચિ પાસે સ્પષ્ટતા કરેલ છે.

(ચાલુ)

સમયસુંદર કૃત

ભૂદેવ પર સજ્ઝાય

રાગ કેદારો

ભૂદેવ ભાઈ ઘરિ આવિયારે, પ્રતિબોધવા મુનિરાયરે,
હાથે દેઇ ઘીનો પાતરોરે,
વીરા મુહને આઘેરો વોલાવરે. ૧

અર્ધ મંડિત નાગલારે, ખટકે મોરા હયડલા માંહિરે,
સાલે મોરા હયડલા માંહિરે,
નવલ પરણિત ગોરિ નાગલારે
નવયૌવન ગોરિ નાગલારે-અર્ધ૦ ૨

ધર્મ કહિ ગુરૂજી પાસે આવિયારે, ગુરૂજી પુછે દિક્ષાનો
કાંઇ ભાવરે,
લાજે નાકારો નવ કીયોરે, દિક્ષા લીધી ભાઇને પાસરે-
અર્ધ૦ ૩

ચંદ્રવદની મૃગલોયણીરે વલવલતી તે મુકી ઘરની નારરે,
ભૂદેવ ભાઇએ મુઝને ભોલવોરે હવે ટરસું કિસ્યા વિચારરે
અર્ધ૦ ૪

હા હા મુરખ મેં સું કરોરે, કાંઇ પડિઉં કષ્ટ જંજાલરે,
બાર વરસ ઇણિપરિ ઉગિયારે, હૈયે ધરતા નાગલાનો ધ્યાનરે.
અર્ધ૦ ૫

ભૂદેવ ભાંગે ચિત્તે આવિઉરે, અણઓળખ્યા પુછે વાટરે,
કોહો કિણિ દીઠી ગોરી નાગલારે, અમ વ્રત છોડવાને માટરે
અર્ધ૦ ૬

નારિ ભણે સુણો સાધુજીરે, વમ્યો કોઈ નવલીયે આહારરે,
હસ્તિ ચડી ખર કો નવ ચડેરે, ચેતો ચેતો ચતુર સુજાણરે.
અર્ધ૦ ૭

નાગલાએ નાહ સમઝાવીઓરે, વલી લીધો સંજમ ભારરે,
ભૂદેવ દેવલોક પામીઓરે, સમયસુંદર સુખકારરે,
અર્ધ૦ ૮

એક પ્રાચીન ઉપદેશ-કાવ્ય

પૂ. મુનિશ્રી મૃગેન્દ્રવિજયજી મહારાજ

સજ્ઝાય પદ જેણે આપણે ઉપદેશાત્મક કાવ્ય કહી શકીએ એવી એક આ પ્રકટ કૃતિ અહીં નીચે આપી છે. તેનો રચના કાળ પ્રાંતે પ્રશસ્તિમાં જણાવ્યા મુજબ વિ. સ. ૧૭૩૫ નો છે. શ્રીમદ્ વિનયવિજયજી મહારાજમાં કવિત્વ શક્તિ કેવી ઉચ્ચ કોટિની હતી. તેનો ખ્યાલ 'શાંતસુધારસ' (સંસ્કૃત પદ્યકાવ્ય). 'વિનય-વિલાસ' વગેરે જોતાં આવી જાય છે. પ્રસ્તુત કૃતિ પણ તેઓશ્રીની એક પ્રસાદી રૂપ પ્રાપ્ત થઈ છે. એવી બીજી પણ કૃતિઓ જ્ઞાનભંડારોમાં અપ્રકટ હોવાનો સંભવ છે.

સજ્ઝાયની શૈલી સંવાદાત્મક અને ગુજરાતીમાં છે. સમગ્ર કાવ્ય ૪૦ પદ્યોમાં છે. અને તેનું વિભાગીકરણ ચાર પ્રકારે કરી શકાય.

(અ) શરૂઆતના ત્રણ પદ્યોમાં મંગલાચરણ વિષયનો ટૂંકમાં નિર્દેશ છે.

(બ) તે પછીના મુખ્ય બે વિભાગો (ઢાલ) છે. પ્રથમમાં વૈષયિકી વૃત્તિ પોતાની પુષ્ટિમાં અનેક ઉદાહરણો આપી પોતાનો વિજય સિદ્ધ કરે છે.

(ક) વિભાગ બીજામાં શીયલ તરફથી કહેવામાં આવ્યું છે. આમાં પણ ઉપરની જેમ દૃષ્ટાંતોનો એટલો જ વપરાશ થયો છે. તેથી બંને પાત્રોનું કથિતવ્ય દાખલા દલીલોથી સભર બન્યું છે. આમાં આંતરે આંતરે ત્રોટક છંદ છે અને એકથી વધુ સ્થળે ગાથાની શરૂઆત અંતકડીથી કરાઈ છે. આ રીતે શબ્દોના અંકોડા મેળવવાથી કાવ્યમાં એક જાતની ચમત્કૃતિ પેદા થઈ છે. તે ઢાંકી રહી શકે તેમ નથી.

(ડ) અંતમાં પ્રશસ્તિ અને કલશ છે. તેમાં વિહારક્રમ, ગુરુપરંપરા, રચના સમય, સ્થાન નિર્દેશ. અને શુભકામના વગેરેનો ઉલ્લેખ છે.

અનુપ્રાસોનું ધ્યાન પૂરતું રખાયું છે અને તેનો પ્રયોગ સર્વત્ર કરાયો છે. આ વિશેષતઃ કાવ્યની ભાષાને ઓજસ્વી બનાવે છે. સાથે સાથે લોકપ્રિયતામાં પ્રબલ કારણભૂત પણ છે.

પ્રસ્તુત કૃતિ અર્વાચીન ભાષા-કાવ્યોમાં એક નવી જ ભાત પાડે છે. સજ્ઝાયની સમગ્ર ભાષા સરલ છતાં હૃદયસ્પર્શી છે

વાચક વર્ગ સ્વયમેવ તેનો અર્થ સમજી શકે તેમ હોઇ અહીં હું મૂળ કૃતિ જ આપું છું.

[શ્રી-શિયલ-વિષય-સંવાદ સજ્ઝાય]

(દુહા)

પહેલી પ્રણમું શારદા, વંદી સદ્ગુરુ પાય
વિષય-શીલ સંવાદ રસ, કહીશું સરસ સજ્ઝાય. ૧
શીયલે જગ જસ વિસ્તરે, શીયલે શિવ સુખ હોય
ઋદ્ધિ-સિદ્ધિ નવનિધિ દીપે, શીયલ સમો નહિ હોય. ૨
શીયલ તણા ગુણ સાંભળી, આરાધો નર-નાર
વિષય દોષ દૂરે તજે, જિમ પામો ભવવાર. ૩

ઢાલ-૧

(સિદ્ધારથનારે. નંદન-એ દેશી)

વિષય-પયંપે રે એક દિન શીયલને, શીલ ! તું મ કર ગુમાન
તું અતિ કાયર રહે નવ વાડશું. નિત્ય જાગૃત સાવધાન. ૧
તું ભય પામે રે નારી નિરખતાં, જેમ મૂષક મંજાર
ગીત ગાન રસ ભયથી તેં તજ્યા, ન કરે સરસ આહાર ૨
રહે ઉદાસી રે વાત-વિનોદથી, ન કરે તું શણગાર.
કથા-કવિત રસ સરસ ન સાંભળે શ્યો તેહનો અવતાર. ૩
આણ અમારીરે કો લોપે નહિ, નરવર સારે રે સેવ
અતુલા બળીપારે તે અમે જીતિયા, કુણ દાનવ કુણ દેવ. ૪
પાંચે પાડવ છઠ્ઠા કૃષ્ણાજી, જિમ જીત્યા ત્રણ ખંડ
પાંચે ઇન્દ્રિય છઠ્ઠું મન મલી, અમે જીતું રે બ્રહ્માંડ. ૫
રાંકતણી પેરે અમે બહુ રોળવ્યા, વાસુદેવ નર દેવ
દિન દિન ઉઠીરે જગ સહુ હલ ફળે, અમ કારણ નિતમેવ. ૬

કુંજર ઝૂરે રે આંધ્યો સાંકળે, કરિણી ભોગ રસેણ.
કાંટે વીંધ્યો રે જુઓ મચ્છ તરફડે, જીહ્વા સ્વાદ વસેન. ૭

નાગ ફણિધર પૂર્યો કરંડિયે, લુબ્ધો ઔષધિ ગંધ
દીપક દેખીરે દાઝે પતંગિયો, રૂપતણે રસ અંધ. ૮

નાદ સ્વાદે રે હરિણો વીંધિયો, ઈમ જગ જાણ અજાણ
અમે વિંધ્યા રે નરકે નાખતાં, અમને નાવે રે કાણ. ૯

મનડું મોટું રે સાહિબ અમ તણું. જેહની શક્તિ અનંત
પુર અંતેઉર ઘર ઘર તે ભમે, થાકે નહિ દૂરદંત. ૧૦

કોઈ ન દેખે રે જાતો—આવતો ક્ષણ ન કહે રે વિશ્રામ
જોગ જગાવે રે જોગી જુગતીશું, પણ એ નાવે રે હામ. ૧૧

અમે બનાવ્યો રે રતિરસ વાંછતો, રાજુલ શું રહનેમિ
છૂટી ન શક્યો રે આર્દ્રકુમાર વલી, બાંધ્યો તાંતણે પ્રેમ. ૧૨

ઇલાપુત્ર અમે નાચ નચાવીઓ અરણિક પડ્યો રે પાશ
નંદિષેણ પણ ભારી ચૂકવ્યો, વસીયો વેશ્યા આવાસ. ૧૩

દેખો નટાવી રે રૂપે મોહિયો, ભૂલ્યો આષાઢા ભૂતિ
નલ-દમયંતી રે સંયમ જે ગ્રહ્યો, તે લીધો અમે ધૂતી. ૧૪

ઢાલ–૨ જી

હવે શીયલ પયંપે, વિષય ! સુણો તુમે રાંક.
શ્યો ફોગટ ફૂલો એહ નહિ તુમ લોક.
એ મોહ વિડંબે, તેહના સહુ અપરાધ.
અમે મોહ ઉખેડી ટાળું સયલ વિરાધ. ૧૫

સયલ વિરાધ ટાલીને આણું ચંચળ નિજ મન હામ
પાંચે ઇન્દ્રિય પંથે ચલાવું તબ હોય વિષય વિરામ. ૧૬

ધન્ય શેઠ સુદર્શન. મન ઇંદ્રિય વશ કીધ,
ઉપસર્ગ સહીને વિજય પતાકા લીધ.
અભયા કપિલાયે કીધા કોડી વિલાસ.
પણ ધીર ધુરંધર અંશ ન પડીયો પાશ. ૧૭

પાશ ન પડીયો ધીર ધુરંધર પ્રગટયું પુન્ય વિશેષ
શૂળી ફીટી થયું સિંહાસન. એ મુજ મહિમા દેખ. ૧૮

જગ જ્યોતિ જગાવી. જંબૂ કુમારે જોય.
જોબન વય છાંડયા. કનક–કામિની દોય.
તસ્કર થંભાણા પ્રતિ બોધ્યા પણ તેહ
સવિ ભવજલ તરીયા, મુજ મહિમાયે એહ. ૧૯

મુજ મહિમાયે કાચે તાંતણે. ચાલણીયે જલ કાઢી
સતી સુભદ્રા જગ દેખંતા, ચંપા પોળ ઉઘાડી. ૨૦

સીતા સુકુલિણી, રામચંદ્રની રાણી
તસ ધીરજ કરંતા, અગનિ કીયો મેં પાણી
શ્રીમતીને પન્નગ, મેં કીધી ફૂલમાલ
વળી કલાવતીનાં, ઉતાર્યા મેં આળ. ૨૧

આળ ટળે મુજથી જુઓ ઈણે જગ, સ્થુલિભદ્ર લખ્યોધા
વેશ્યા મંદિર રહ્યા ચોમાસું મેં કોશ્યા પ્રતિબોધી ૨૨

તીર્થંકર ગણધર મુજને સહુ આરાધે.
જ્ઞાન-દર્શન ચરણ, મુજથી બહુ ગુણ વાધે.
હું ભવ્ય જીવને, મુક્તિમાંહિ પહોંચાડું
સુરનર વિદ્યાધર, સહુને પાય નમાડું. ૨૩

પાય નમાડું આ કલિયુગમાં કર તો ધીજ પતીજે
સાચ દેખાડું કષ્ટ નિવારું દેખી દુશ્મન છીજે. ૨૪

ઇમ શીયલ વચન સુણી વિષય થયા અનુકૂળ.
સાચે તે રાચે સ્નેહ ધર્મનું મૂળ.
જિન વાણી સુણવા કાન થયા સાવધાન
દેવ–ગુરુને નિરખી લોચન હુવા પ્રધાન. ૨૫

પરખી પરિમલ નિરમલ નાકે કુમુમ રચી જિન આંગી
જીહ્વા જાગી દુરમતિ ભાગી જિન ગુણ ગાવા લાગી. ૨૬

જિન–પૂજા કરતાં હાથ કૃતારથ કીધ.
જિન–યાત્રા કરતાં ચરણે નિજ ફળ લીધ.
તપ–જપ કિરિયા કરી કાયા ઘણુંય દીવાજે.
એમ પાંચે ઇન્દ્રિય આવ્યા ઉત્તમ કાજે. ૨૭

પાંચે ઇન્દ્રિય પુન્ય સંયોગે પામ્યા શુભ પરિણામ
ચંચળતા છોડી ગ્રહી થિરતા મન પણ આવ્યું હામ. ૨૮

ઇમ શીલ તણાં ગુણ પ્રહ ઊઠી નર–નાર
જે ભાવે ભણશે. તે તરશે સંસાર
શીયલે સુખ સંપદ શીયલે તનુ નીરોગ
શીયલે દુઃખ ભાંજે શીયલે સુખ સંજોગ. ૨૯

સુખ સંયોગ લહીયે સવિ શીલે. ઋદ્ધિ રહે ઘર માંહે
જગ જોતાં બીજો નહિ બાંધવ. શીલ સમોવડ ક્યાંહિ. ૩૦

(પ્રશસ્તિ :)

તપગચ્છ પતિ દીપે. શ્રી વિજય દેવ સૂર
તસ પાટે પ્રગટયા. વિજય પ્રભ ગુણ સૂર
આદેશ લહી તસ કીધો વિહાર ઉદ્દેશ.
અનુક્રમે આવ્યા. દીઠો માલવ દેશ. ૩૧

માલવ દેશે વિહાર કરતાં, તીરથ ઘણાં જુહાર્યા.
શીલ તણા ગુણ ભણતાં, (ગુણતાં) દુષ્કૃત દૂરે વાર્યા. ૩૨

શ્રી હીર વિજય સૂરિ, હુવા યુગ પરધાન.
અકબર પ્રતિબોધી, જિણે વાળ્યો જગવાન
તસ શિષ્ય રત્ન દોય, સોમ વિજય ઉવજ્ઝાય
વલી લઘુ તસ બાંધવ, કિરતી વિજય ઉવજ્ઝાય. ૩૩

વાચક કીર્તિવિજયનો સેવક, વિનય વિજય ઉવજ્ઝાય
શીલ તણા ગુણ સંભાળી, અહનિશ કરે સજ્ઝાય ૩૪

સત્તર પાંત્રીશે, રહી રાંદેર ચોમાસું
ઋષિ ભાણ વયણ લહી, કીધો સ્નેહ અભ્યાસ
કહ્યા શીયલ તણાં ગુણ, મેં નિજ મતિ અનુસાર
રયણાયર કેરો, પાર લહે કુણ તાસ? ૩૫

પાર લહે કુણ શીલ તણા ગુણ, પણ નિજ શક્તિ પ્રમાણ
શીલ તણા ગુણ ભાવે ભણતાં, લહીયે કોડી કલ્યાણ. ૩૬

—: કલશ :—

ઈમ ધર્મ મંદિર, સુગુણ સુંદર શીલ ગુણમેં વર્ણવ્યા
શ્રી દશમ અંગે ગુણ–પ્રસંગે ગણધરે તે સંસ્તવ્યા
એહ પુન્યથી મુજ સદા હોજ્યે, બોધિલાભ ભવોભવે
હું શીલ સોહગ સદા વાંછું, **વિનય** વલી વલી વિનવે. ૩૭

(એક અપ્રકટ હસ્તપ્રત ઉપરથી)

卐

સમયસુંદરકૃત

જિનસ્તવન

રાગ લલિત

જીવ જપે (૩) જિનવર અંતરજામી, ઋષભ અજિત સંભવ અભિનંદન,
સુમતિ પદ્મ પ્રભુ શિવગતિ ગામી. ૧ જિન.
સુપાસ ચંદ્ર પ્રભુ સુવિધ શીતલ શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ અનંત હિતકામી.
ધર્મ શાંતિ કુંથુ અરિ મલ્લિ મુનિસુવ્રત નમી નેમિ પાર્શ્વનાથ
મહાવીર સ્વામી. ૨ જિન.
ચોવીસ તીર્થંકર ત્રિભુવન દિનકર, નામ ગ્રહણ જાકે નવનિધિ પામી,
મનવાંછિત પૂરણ સુરતરૂ સમ પ્રણમત **સમય**સુંદર શિરનામી. ૩ જિન.

卐

પરમાત્મ પ્રીતિનો ઉપાય

"કુ. ચંદ્રરેખા"

ઋષભ જિણંદ શું પ્રીતડી રે
કેમ કીજે હો કહો ચતુર વિચાર,
પ્રભુજી જઈ અળગા વસ્યા રે
તિહાં કિણે નવિ હો હો વચન ઉચ્ચાર.
ઋષભ જિણંદ શું પ્રીતડી રે. (૧)

ભક્તજન પોતાના ચતુર મિત્રને પૂછે છે કે ભગવાન ઋષભદેવ પ્રત્યે પ્રીતિની જમાવટ કઈ રીતે થઈ શકે? મુશ્કેલી ઘણી છે. ભગવાન અળગા વસ્યા છે, મુક્ત થઇ ગયા છે, શાતા અને અશાતાના વંટોળથી પર છે. મોક્ષ પામેલું કોઈ વાણીનો વ્યવસાય કરતું નથી. તો વીતરાગ પરમાત્મા પ્રત્યે પ્રીતિ કેમ કરવી તેનો વિચાર ખરેખર કોઈ અલૌકિક ચતુરાઈ માગે છે. તેથી આમ ઊંડી વિચારણા આ અલૌકિક પ્રીતિના વિષયમાં કરવી પડે છે. વળી ભગવાન આનંદમય છે એટલે પ્રીતિની વ્યાકુળતાનો સ્પર્શ તેમને તો કોઈ રીતે થઈ શકે જ નહિ. અને રાગદ્વેષમાં ઘેરાયેલ આવા માનવીને પ્રીતિનો વિચાર આવ્યો છે તે પણ બડો ચમત્કાર છે.

કાગળ પણ પહોંચે નહીં રે
નવિ પહોંચે હો તિહાં કો પરધાન,
જે પહોંચે તે તુમ સમો રે
નવિ ભાખે રે કોઈનો વ્યવધાન.
ઋષભ જિણંદ શું પ્રીતડી રે. (૨)

પ્રીતિના કરનાર મનુષ્યોનાં વર્તન તપાસીએ તો હંમેશાં તેઓ પ્રીતિને પોષનારા ઉપાયો યોજે છે. તેઓ જમે છે અને જમાડે છે, સુખદુઃખની વાતો કહે છે અને સાંભળે છે, સંદેશા મોકલે છે અને મેળવે છે. પરમાત્મા ઋષભદેવનું સ્વરૂપ એવું નિર્મળ છે કે તેમાં ત્રિલોકના સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવો પ્રત્યક્ષ દેખાય છે. પણ સંદેશ દ્વારા એમનું સ્વરૂપ જાણવું અશક્ય છે. તેથી ત્યાં પત્ર પહોંચતો નથી. ત્યાં કોઈ સંદેશવાહક જતો નથી. અને જે આ સિદ્ધોની રાશિમાં પહોંચે છે તેની દશા વચનાતીત હોવાથી તે પરમાત્મસ્વરૂપ બની જાય છે. આથી તેને બીજાના સંદેશ કહેવાની સ્થિતિ જ રહેતી નથી. આમ દૂર વસેલ મારા પ્રિયતમ પરમાત્મા ઋષભદેવને મારે સંદેશો કઈ રીતે મોકલવો એ જ પ્રશ્ન મને ખૂબ મૂંઝવે છે.

પ્રીતિ કરે તે રાગિયાં રે
જિનવરજી હો તમે તો વીતરાગ,
પ્રીતડી જેહ અરાગીથી રે
મેળવવી તે હો લોકોત્તર માગ.
ઋષભ જિણંદ શું પ્રીતડી રે. (૩)

વળી મોટી મુશ્કેલી તો એ છે કે આર્તધ્યાન સેવનારા રાગી પુરુષો દુનિયામાં પ્રીતિ કરતા જણાય છે. ભગવાન તો પરમશુકલધ્યાનને પણ વટાવી જનારા કેવળજ્ઞાની અને રાગ વિનાના વીતરાગ તેમજ સ્વાત્માનંદમાં મગ્ન પવિત્ર પરમસમાધિ સુખના નિરંતર ધારક છે. એમને મારે મારું આ પ્રીતિનું દુઃખ કેમ સમજાવવું? હે ચતુર, મને લાગે છે આમાં કોઈક અલૌકિક રસ્તો અવશ્ય હોવો જોઈએ. કારણ કે પરમાત્માની પ્રીતિથી અનેક સંતો અને સાધ્વીઓ તરી ગયાં છે. તેથી આ પ્રીતિનું અસ્તિત્વ તો છે જ. માટે તમે મારું આટલું મિત્રકાર્ય કરો. મને પરમાત્માની પ્રીતિનો ઉપાય તેના રહસ્ય સહિત બતાવી દો.

પ્રીતિ અનાદિની વિખભરી રે
એ રીતે હો કરવા મુજ ભાવ.
કરવી નિરવિખ પ્રીતડી રે,
કિણ ભાંતે હો કહો બને બનાવ.
ઋષભ જિણંદશું પ્રીતડી રે. (૪)

મેં અનાદિ કાળથી જે પ્રીતિ કરી છે તે બધી વ્યાકુળતાના વિષથી ભરેલી છે. આ વિષની વેલના મૂળમાં રાગદ્વેષની ગાંઠ દેખાય છે. હવે મારે મારા મનોભાવોનું એ પ્રમાણે વહન કરાવવું છે કે જેથી મારી પ્રીતિની વૃત્તિમાંથી રાગદ્વેષનું ઝેર નીકળી જાય અને મારી ચિત્તની વ્યાકુળતા વિરમી જાય. તો હવે ભોજન, સંદેશકથન અને પત્રપ્રેષણ જ્યાં નિષ્ફળ નીવડ્યાં એવી

આ અચિંત્ય પ્રીતિના વિષયમાં કોઈ એવી રીતિ બતાવો કે જેથી મારો અને ઋષભદેવ સ્વામીનો પ્રીતિયોગ સધાય; મારી જનમ જનમની ખામી ટળી જાય; મારી અનાદિની રાગદ્વેષભરી વિષયુક્ત પ્રીતિનો પરિહાર કરી હું ઋષભદેવ પ્રભુને ચિત્તમાં ધરી શકું.

પ્રીતિ અનંતી પરથકી રે
જે તોડે રે તે જોડે એહ,
પરમપુરુષથી રાગિતા રે
એકત્વતા રે દાખી ગુણગેહ.
ઋષભજિણંદશું પ્રીતડી રે. (૫)

હવે ચતુર મિત્ર પરમાત્મપ્રીતિનો ઉપાય કહે છે. ચેતનથી ભિન્ન ઇંદ્રિયોનો વિષય બનનારા એવા પર–પદાર્થોમાં હે મિત્ર, તેં અનાદિ કાળથી અનંત પ્રીતિ કરી છે. એ અનંતપ્રીતિના પ્રવાહને તોડ્યા વિના આ વીતરાગપ્રભુની પ્રીતિનો યોગ શી રીતે થાય? હૃદયમાંથી આવી તુચ્છ પ્રીતિ કાઢી નાખો એટલે પ્રભુનો પ્રીતિયોગ સરળ થશે.

વિશ્વમાં પણ દેખાય છે કે કુશીલની સોબત છોડ્યા પછી જ સુશીલ માણસોની સોબત સાધી શકાય છે. માટે આ પરમપુરુષ પ્રત્યે પ્રીતિવંત બનો. તેમની સાથે ધ્યાનથી એકાકાર બનો. વળી આ એકાગ્રતા કેવી છે? અનંતકલ્યાણગુણોનું ઘર છે. માટે ઋષભદેવપ્રભુની પ્રીતિનો અતીંદ્રિય આનંદ મેળવવા તમે ઇંદ્રિયસુખોની ગાઢ પ્રીતિને પહેલાં તો તજી દો.

પ્રભુજીને અવલંબતા રે
નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ
દેવચંદ્રની સેવના હો
આપે મુજને અવિચળ સુખવાસ.
ઋષભ જિણંદશું પ્રીતડી રે (૬)

એ વાત પ્રખ્યાત છે કે તરતાં પણ ન આવડે એવા માણસો પણ મજબૂત વહાણ અને કુશળ કપ્તાનને નિમિત્તે અગાધ સમુદ્ર તરી જાય છે. પરમાત્માનું અવલંબન કરવાથી ભવસમુદ્રને તરી જવાય છે અને પોતે પ્રભુરુપ બની જવાય છે. અનંત ગુણોનો રાશિ નિર્મળ થઈને ઝળહળી ઊઠે છે.

ભગવાનની પ્રતિમાને સંયોગે આ જીવાત્માને પોતાની પ્રભુતા યાદ આવે છે; પોતાની કલ્યાણમય પ્રભુપ્રીતિના પરિપાકથી પરિણમતી અવસ્થાને તે પ્રગટ નિહાળે છે. તેનો આ ખોટો પ્રાણ પ્રભુ પ્રત્યે ઉલ્લાસ પામે છે; તે અનંત દુઃખનો અંત કરી પ્રભુપદ પામે છે અને શાશ્વત સુખને અનુભવે છે. આમ દેવચંદ્રજીએ બતાવેલી રીતિ અનુસરવાથી પૂર્ણ પદવીને પમાય છે, અને ઋષભદેવ પ્રભુનું હૃદય પ્રાપ્ત કરી શકાય છે. ત્યારે ભક્તજન ચતુરપુરુષ એવા પોતાના આત્મમિત્રને પૂછે છે કે તમે અનંતપ્રીતિ જે અનાદિથી પરદ્રવ્ય પ્રત્યે પ્રીતિ રહ્યાં કરે છે તેને તોડવા કહ્યું તે તો હું સમજ્યો, પણ પરમપુરુષ પ્રત્યેની પ્રીતિને તેની પ્રતિમા દ્વારા સાધવાને આપે જણાવ્યું અને તે સાલંબન ધ્યાનની રીતિને દેવચંદ્ર મુનિની ઉપાસના પદ્ધતિ કઈ રીતે કહી તે મને બરાબર ખ્યાલમાં આવ્યું નહિ.

આ માટે દેવચંદ્રજીનું આ સંબંધે અન્યત્ર કથન જોઈને આપણે રીતિ સમજવી ઘટે :

પ્રભુમુદ્રાને યોગ પ્રભુ પ્રભુતા લહે,
દ્રવ્યતણે સંયોગ સ્વસંપત્તિ ઓળખે.
ઓળખાણ, બહુમાનસહિત રુચિ પણ વધે,
રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે–

આમ પરમ ગીતાર્થ દેવચંદ્ર મુનિએ દેવોને માટે પણ ઉપાસનીય એવા ચંદ્રતુલ્ય શીતલ અને સુખદ ભગવંતની પ્રીતિની રીત ટૂંકમાં ભવ્યોના કલ્યાણ માટે અત્ર સુંદર રીતે દર્શાવી છે.

નૈવેદ્ય પૂજાનું ફળ

શ્રી નવીનચંદ્ર અ. દોશી

અભિમાન તજી, સુનિવેદ ધરે,
બહુ લાલચ તજવા યત્ન કરે,
નરનારી તરે જિનધ્યાનબળે,
જિનપૂજાથી સુર-સિદ્ધ બને.

પ્રાચીનકાળમાં ધન્યા નામે નગરીમાં, નગરીના પ્રવેશ-માર્ગની ઉપર એક મુનિ મહારાજ નિયમ ધારણ કરીને ધ્યાનસ્થ થઈને ઉભા રહ્યા. તે નગરના કેટલાક અનાર્યલોકો આ દૃઢચિત્તવાળા મુનિના મસ્તક ઉપર અપશુકનની બુદ્ધિએ નિર્દય રીતે પ્રહાર કરવા લાગ્યા. મુનિ તો મેરુની જેમ ધ્યાનમાં અચળ રહ્યા, અને અંતકૃત્ કેવળી બની મોક્ષે ગયા. પણ સંત પ્રત્યેના આવા ભયંકર ઉપસર્ગથી નગરદેવ કોપાયમાન થયો. તેણે નગર પર દેવશક્તિ વડે આફતોની પરંપરા ઉતારી, તે એટલે સુધી કે અનુક્રમે ધન્યા નગરી જનસંચાર વિનાની ઉજ્જડ બની ગઈ.

આ પછી નગરના રાજા સિંહધ્વજે તે દેવની આરાધના કરી. આથી દેવે પ્રસન્ન થઈને આજ્ઞા કરી કે અહીંથી દૂર બીજે સ્થળે નગરી વસાવો, ક્ષેમકુશળ થશે. એ નગરીનું નામ ક્ષેમપુરી પડ્યું અને અનુક્રમે તે વંશનો રાજા સૂરસેન ત્યાં રાજ કરવા લાગ્યો. હવે ઉજ્જડ ધન્યાનગરીને સીમાપ્રાંતે શૂન્ય અરણ્યમાં શ્રી ઋષભદેવ પ્રભુનું મંદિર હતું. તેનો નગરદેવતા આ જિનમંદિરમાં કોઈ દુષ્ટને પ્રવેશ થવા દેતો નહિ અને ક્યારેક તો સિંહનું રૂપ લઈને દ્વાર પાસે ઊભો રહેતો.

તે જિનભવનની પાસે ગરીબાઈથી બહુ જ પીડાયેલો એવો એક કણબી જુવાન ખેતી કરતો અને તે જમીન ઉજ્જડ હોવા છતાં તેણે દારિદ્રયને કારણે તજી નહોતી. તેની પત્ની ક્ષેમપુરીથી તેને માટે ભોજન લાવતી. તે બિચારો બહુ જ દરિદ્ર હોવાથી ઘી અને તેલ વગરનું ભોજન કરતો.

એક વાર કોઈ ચારણ મુનિ ઋષભદેવ સ્વામીના દર્શનાર્થે આકાશમાર્ગે તે મંદિરમાં આવ્યા અને પ્રભુની સ્તુતિ કરીને મંદિરની બહાર એક જગાએ બેઠા.

મુનિને જોવાથી ખેડૂત અત્યંત ખુશી થયો. મુનિ પાસે જઈ, વંદન કરી તેણે મુનિને પોતાની દરિદ્ર હાલત વર્ણવીને તેનું કારણ પૂછ્યું.

મુનિએ કહ્યું, 'તેં પૂર્વે માનવપણું પ્રાપ્ત કરવા છતાં પણ ભક્તિપૂર્વક વીતરાગ પરમાત્મા પાસે નૈવેદ્ય ધર્યું નથી તેમ આનંદપૂર્વક કોઈ મુનિ મહારાજને તેં કશું પણ દાન કર્યું નથી. તેથી તું માનવજન્મ પામવા છતાં પણ અત્યંત દરિદ્ર થયેલો છે.'

'કણબી યુવાને તે જ વખતે નિયમ ગ્રહણ કર્યો, "આવેલ ભોજનમાંથી એક પિંડ ભગવંતની પાસે ધર્યા પછી અને મુનિરાજનો યોગ મળે તો તેમને પવિત્ર અન્ન આપ્યા પછી જ મારે જમવું."

મુનિએ કહ્યું, 'લીધેલો નિયમ તારે દૃઢ રીતે નભાવવાનો છે. આ રીતે તું સુખેથી શાશ્વત સુખનું પાત્ર થઈશ.'

હવે આ ગરીબ કણબી દરરોજ પત્નીએ આણેલ ભોજનમાંથી ભગવંત પાસે નૈવેદ્યનો એક પિંડ ધરીને ભોજન કરવાનો નિયમ પાળવા લાગ્યો. એક દિવસ તે નૈવેદ્ય મૂકવા જતો હતો ત્યાં મંદિરના દ્વાર પાસે તેણે સિંહ જોયો. તેણે પણ વિચાર કર્યો કે આજ નૈવેદ્ય ધરતાં મારે પ્રાણબલિ કરવો પડે એમ છે પણ મારે નિયમ તો તજવો નથી જ એમ વિચારી તે તો મંદિર તરફ જવા લાગ્યો. તેના પર સંતુષ્ટ થયેલો સિંહ પણ પાછે પગે ઓસરવા લાગ્યો અને અદૃશ્ય થઈ ગયો. તે ભક્તિપૂર્વક નિવેદનો પિંડ પ્રભુ આગળ મૂકી જેવો ભોજન કરવા બેઠો કે ત્યાંના નગર-રક્ષકદેવે મુનિરૂપે તેને દર્શન દીધાં. તેણે ભોજનનો અડધો ભાગ મુનિને વહોરાવ્યો. તે પછી જમવાની તૈયારી કરે છે ત્યાં તેણે એક સ્થવિર મુનિને જોયા. તેણે પ્રેમથી બાકી રહેલ ભોજનનો અર્ધો ભાગ સ્થવિર મુનિને આપ્યો. અવશિષ્ટ ભોજન કરવા જતો હતો ત્યાં તેણે એક ક્ષુલ્લક (નાના) મુનિને જોયા. તેણે બાકી રહેલ સર્વ ભોજન તે મુનિને આપવાને માટે તૈયારી કરી અને

તેમને આહાર ગ્રહણ કરવા માટે વિનતિ કરી. આથી નગરદેવે પ્રસન્ન થઈ તેને દર્શન આપી વરદાન માગવા કહ્યું. તેણે માગ્યું 'મને અર્થની પ્રાપ્તિ થાઓ અને મારું દારિદ્રય નષ્ટ થાઓ.' દેવ 'તથાસ્તુ' કહી અદૃશ્ય થયો.

♤ ♤ ♤

રાજા સૂરસેનને અત્યંત સ્વરૂપવાન એવી વિષ્ણુશ્રી નામે કન્યા હતી. ધન્યાનગરીમાં ખૂબ ધામધૂમપૂર્વક સ્વયંવર રચવામાં આવ્યો. હવે આપણો જિનભક્ત યુવાન પણ આ સ્વયંવરમાં કૌતુકથી જોવાને આવ્યો. સ્વયંવર મંડપમાં નૃત્યગીત, યજ્ઞો અને મંગલ મંત્રજાપોની વચ્ચે એક ચમત્કાર બન્યો. રાજકન્યા વિષ્ણુશ્રીએ સમસ્ત ક્ષત્રિયકુમારોને તજીને એ દરિદ્ર કણબી ખેડૂતના ગળામાં વરમાળ આરોપી. બધા રાજાઓ વિસ્મય પામ્યા અને ક્રોધે પણ ભરાયા.

તેમણે રાજા સૂરસેનને કહ્યું કે કન્યાએ કરેલી પસંદગી રદ ગણીને ફરીને માત્ર ક્ષત્રિયોનોજ સ્વયંવર કરો. રાજા સૂરસેને આ વાત નામંજૂર કરી એટલે ખેડૂતને પકડી લેવાને રાજા ચંડસેને માણસોને મોકલ્યાં. પણ ખેડૂતમાં અધિષ્ઠિત દેવતાએ સિંહગર્જના કરી એટલે માણસો કંપીને પોતાના સ્વામીને શરણે આવ્યા. બધા રાજાઓએ એકત્ર થઈ ખેડૂતને પકડવા ધાર્યો પણ ખેડૂતે તો પોતાનું હળ ફેરવવા માંડયું. એ હળમાંથી સૌને દઝાડે અને આંજી નાખે તેવી અગ્નિજ્વાળાઓ નીકળવા લાગી. આખરે મહાપ્રતાપી રાજાઓ પણ આ બળભદ્રતુલ્ય ખેડૂતને નમ્યા અને તેમણે તેનું શરણ સ્વીકાર્યું.

કન્યાના કુળનાં માણસો આ બનાવથી ખુશખુશ થઈ ગયાં. સહુ રાજાઓની સમક્ષ વિષ્ણુશ્રીનાં ખેડૂતની સાથે લગ્ન કરવામાં આવ્યાં. કન્યાને ધનસંપત્તિ અને મહેલ કન્યાદાનમાં આપવામાં આવ્યા. ખેડૂતની પહેલાંની સ્ત્રી પણ ત્યાં સુખેથી રહેવા લાગી. ધન્યાનગરીના દેવે દર્શન દીધાં અને કહ્યું, 'હવે તું ધનાઢ્ય થયો. બીજું કાંઈપણ તારે માગવું હોય તો માગી લે.' હળવાળા ખેડૂતે કહ્યું, 'મારી ધન્યાનગરી વસતિવાળી કરો તો મને આનંદ થાય.' દેવે તે ધન્યાનગરી તરત જ અત્યંત મનોહર મકાનોવાળી પૂર્વથી પણ અધિક વૈભવવાળી બનાવી દીધી.

ખેડૂત રાજા બન્યો અને વિષ્ણુશ્રી તેમજ પોતાની પૂર્વની કણબણ પત્ની સાથે સુખેથી ધન્યાનગરીમાં રાજ્ય કરવા લાગ્યો. ધન્યાનગરી ધન, ધાન્ય, માનવ અને પશુઓથી ખૂબ સમૃદ્ધ બની.

અનુક્રમે તે નગરદેવતાનું આયુષ્ય પૂર્ણ થયું અને કર્મના ઋણાનુબંધને કારણે તે પણ ખેડૂત રાજાને ત્યાં રાણી વિષ્ણુશ્રીની કુક્ષિમાંપુત્રપણે જન્મ લીધો. તેનું કુમુદકુમાર નામ પાડવામાં આવ્યું. તે કુમાર યુવાન થયો એટલે ખેડૂતરાજાએ કુમુદનો રાજ્યાભિષેક કર્યો. પોતે પરમ શ્રાવકપણું પાળીને તે સૌધર્મ દેવલોકમાં દેવ થયો.

અવધિજ્ઞાનથી તેણે પૂર્વભવ જાણ્યો. તેથી તે પોતાના પુત્રને બોધ આપવા મધરાતે દરરોજ આવીને એક ગાથાથી બોધ આપવા લાગ્યો. એક દિવસ કુમુદરાજાએ પૂછ્યું ત્યારે ખેડૂતદેવે પ્રગટ થઈને કહ્યું, 'હું તારો પિતા છું. ધર્મના બળે, ભગવાન વીતરાગની નૈવેદ્યપૂજા કરવાથી હું પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો છું. તેથી તારે પણ જિનપૂજામાં અને ધર્મારાધનમાં પ્રમાદ કરવો નહિ.' આમ પુત્રને ધર્મમાં સ્થિર કરી દેવ સ્વસ્થાને ગયો. તે ખેડૂતનો જીવ સાતમે ભવે મોક્ષે જશે.

(વિજયચંદ કેવળીના રાસમાંથી)

વીરરાણી મૃગાવતી

શ્રી રતિલાલ મફાભાઈ

વસંતનો સમય હતો. મંદમંદ શીતલ પવનની લહેરીઓ વાતાવરણને સુમધુર બનાવી રહી હતી. પણ રાજમહેલમાં પલંગ પર આળોટતા મહારાજા શતાનિક પરંતપના દિલને તો એ વડવાનલના અગ્નિની જેમ બાળી રહી હતી. કોયલનો મધુર ટહુકાર પણ કાનમાં ઘણના ઘા પડતા હોય એવી વેદના પ્રગટાવતો હતો.

અતિસારના રોગથી મહારાજા પીડાતા હતા. વૈદોના ભારે પ્રયત્નો છતાં પણ રોગ કાબૂમાં નહોતો આવતો. મરણ આંખ સમીપે નાચી રહ્યું હતું. જીવનની આશા સહુએ છોડી દીધી હતી.

હતા તો એ વીરમર્દ. ચંપાના રાજા દધિવાહન પર ચડાઈ કરી એની ચંપાનો નાશ કર્યો હતો અને એનો સંપત્તિ વૈભવ ખેંચી લાવી પોતાની રાજધાની કૌશાંબીને એમણે સમૃદ્ધ બનાવી હતી. આથી આજથી ૨૫૦૦ વર્ષ પહેલાંના ભારતની સમૃદ્ધ નગરીઓમાં એની પણ ગણના થવા લાગી હતી.

તલવારથી વિજય મેળવવો, નિર્બળને કચડી નાખી એનો સંપત્તિ વૈભવ લૂંટી લાવવો અને એ રીતે પ્રદેશ વધારવો એ વિજેતા વીરોનો ધર્મ મનાતો.

આજે પણ જગતમાં હજુ એ જ નિયમ પ્રવર્તે છે. પણ વિશ્વના જાગેલા સબળ પ્રજામત આગળ હવે બળવાન કારણ રજૂ કરવું પડે છે. પણ એ કાળના રાજવીઓ નિરંકુશ સત્તાધીશો હતા. એથી સબળ હમેશાં નિર્બળને દબાવ્યા કરતો અને તલવારના જોરે રાજ્ય વધારવામાં ગૌરવ અનુભવતો. જે રાજ્ય વિસ્તરતું એની પ્રતિષ્ઠા જામતી, એનાં યશ ગૌરવ ગવાતાં અને ધર્મ કે ધર્મગુરુઓ પણ એને આશીર્વાદ આપતા.

કૌશાંબીને વિજયનો ગર્વ હતો, બળનો મદ હતો. અને સમૃદ્ધિનું અભિમાન હતું. સાથે રૂપરાણી મૃગાવતીના સૌંદર્યનું ગૌરવ પણ હતું. આથી કૌશાંબીની સમૃદ્ધિ અને મૃગાવતીના સૌંદર્યથી આકર્ષાઈ અવંતીના રાજા ચંડપ્રદ્યોતે કૌશાંબીની રાજલક્ષ્મીને અને સૌંદર્યવતી મૃગાવતીને પોતાની કરવા કૌશાંબી પર આક્રમણ કર્યું.

પરિણામે ખૂનખાર જંગ શરૂ થયો. એ યુદ્ધમાં મહાપરાક્રમી એવા રાજા શતાનિકે અપ્રતિમ વીરતા બતાવી. એણે સેનાને રસ્તામાં જ રોકવા પ્રયત્ન કર્યો. પણ તોફાને ચડેલા સાગરની જેમ ઊભરાઈ રહેલી ચંડની વિશાળ સેનાનો એ પરાભવ કરી શક્યો નહીં; એટલું જ નહીં, યુદ્ધ ચાલતું હતું તેવામાંજ એ બીમાર પડી ગયો એથી સેનાના એક ભાગને યુદ્ધના મેદાન પર ગોઠવી બીજા ભાગ સાથે એ કૌશાંબી પાછો ફર્યો. વૈદોએ એની પુષ્કળ સારવાર કરી પણ એને થયેલો અતિસારનો વ્યાધિ કોઈ મટાડી શકયું નહીં. એથી શત્રુને નગરમાં પ્રવેશતા અટકાવવા એણે કૌશાંબીનાં પ્રવેશદ્વારો બંધ કરાવ્યાં. નગરને ફરતી ખાઈઓમાં પાણી વહેવડાવ્યું તથા ખાઈ ઉપરનો પુલ પણ તોડી નંખાવ્યો. આમ છતાં કીડીઓની જેમ ઊભરાઈ રહેલા પ્રચંડ સૈન્ય સામે કૌશાંબીની રક્ષા થવી અશક્ય લાગતી હતી.

પોતાનીજ નજર સમક્ષ કૌશાંબીની આવી લાચાર પરિસ્થિતિ જોઈ એ વીરની છાતી બેસી ગઈ. ભય, ચિંતા, ગમગીની અને વેદનાથી એ આકુળ વ્યાકુળ થવા લાગ્યા. રાણી મૃગાવતી પર ચંડની કુદૃષ્ટિ હતી અને જેની પાછળથી ચંડપ્રદ્યોતની પુત્રી વાસવદત્તા સાથેની પ્રેમકથા 'સ્વપ્નવાસવદત્તા' નાટક રૂપે ભારતીય ઇતિહાસમાં મશહૂર બની છે, તેમજ જે મોટી ઉમરે વત્સરાજ ઉદયન તરીકે પ્રસિદ્ધ થયો છે એ એનો પુત્ર ઉદયન હજી બાળક હતો. એ વિચારથી એની હૃદયવ્યથા ઓર વધી રહી હતી. સાથે એનો વ્યાધિ પણ વધી રહ્યો હતો. વૈદોના પ્રયત્નો તો ચાલુજ હતા પણ જ્યારે રાજા શતાનિકના બચવાની કોઈ આશા ન રહી ત્યારે પોતાનો સૌભાગ્યસૂર્ય અસ્ત પામતો જોઈ રાણી મૃગાવતી રડી પડી.

આ વખતે જોકે સમગ્ર કાશાંબી ભયવ્યાકુળ હતું, સરદારો ઉદાસ હતા, રાજકુટુંબ અસહાયતાની લાગણીથી ચિંતિત હતું, પણ એ બધાંય કરતાં રાજાની હૃદય વ્યથાનો તો કોઈ પાર જ નહોતો. આથી વસંતન

મધુર વાયરા એને બાળી રહ્યા હતા. કોયલનો મીઠો મીઠો ટહુકાર એના મસ્તકને ભ્રમિત કરી નાખતો હતો. મર્દ જેવો એ મર્દવીર આથી પલંગમાં પડ્યો પડ્યો તરફડિયાં મારતો હતો. કારણ કે કૌશાંબીની આવી લાચાર દશાના મૂક સાક્ષી બનવા સિવાય એની પાસે કોઈ ઉપાય નહોતો; તેમ જ મૃગાવતીનાં આંસુ લૂછવાનું બળ પણ નહોતું. આશ્વાસનનો એક પણ શબ્દ એને સૂઝતો નહોતો. એથી એ ખૂબ મૂંઝાતો તરફડતો હતો. દેહ એનો વિલય પામી રહ્યો હતો. નાડીઓ તૂટી રહી હતી. મૃત્યુ સામે જ નાચતું હતું છતાં એનો જીવ જતો નહોતો.

પતિની આવી કરુણ લાચાર દશા જોઈ સમયજ્ઞ રાણી મૃગાવતીએ આંસુ લૂંછી નાખ્યાં. રાજાની વ્યાકુળતાએ એનામાં વીરત્વનો સંચાર કર્યો. એથી હિંમત રાખી, ધૈર્ય રાખી, મનને મજબૂત બનાવી વીર રાણીએ રાજાને આશ્વાસન આપ્યું ને પ્રતિજ્ઞા વ્યક્ત કરી કે 'સ્વામી' હું એક વીર પતિની વીર પત્ની છું. મારા શિયળની અને સમગ્ર કૌશાંબીની પ્રતિષ્ઠાની રક્ષા કેમ કરવી એ વીર ક્ષત્રિયાણીને શીખવાનું હોતું નથી. જ્યાં સુધી મૃગાવતી હૈયાત છે ત્યાં સુધી કોઈની પણ તાકાત નથી કે એ કૌશાંબીને પરાજિત કરી શકે કે બાળકુમાર ઉદયનનું અકલ્યાણ કરી શકે. માટે મહારાજ! આપ ભાવિની ચિંતા ન કરશો ને તમારું મૃત્યુ પણ ન બગાડશો.'

રાણી મૃગાવતીની આવી વીરત્વભરી પ્રતિજ્ઞા સાંભળી મરણ શય્યા પર પડેલા મહારાજાને કંઈક આશ્વાસન મળ્યું, છતાં અજંપામાંજ રાત એમણે પસાર કરી. બીજે દિવસ પ્રાતઃકાળે જ્યારે પૂર્વદિશામાં અરુણોદય થઇ રહ્યો હતો ત્યારે મૃગાવતીનો સૌભાગ્યસૂર્ય અસ્ત પામી ચૂક્યો હતો.

રાણી મૃગાવતી માથે વીજળી પડી, છતાં અજબ ધૈર્ય દાખવી એણે મનને કાબૂમાં રાખ્યું ને આંખમાંથી એક પણ આંસુ પાડ્યા વિના, મહારાજાની અંતિમ સંસ્કારક્રિયા પૂરી થયા પછી, એ યુદ્ધની વ્યવસ્થાના કાર્યમાં લાગી ગઈ. બીજી બાજુ જ્યારે ચંડપ્રદ્યોતે મહારાજા શતાનિકના મૃત્યુ સમાચાર સાંભળ્યા ત્યારે કામાગ્નિથી પીડાતા એણે માર્ગમાંથી પોતાનો કાંટો ગયાનો આનંદ અનુભવી ચતુરંગિણી સેનાસાથે કૌશાંબીને ઘેરો ઘાલ્યો અને સાથે મૃગાવતીને કહેવરાવ્યું કે "જે આપણા માર્ગમાંથી કાંટો નીકળી ગયો છે, તો હવે કૌશાંબીનો વિનાશ અટકાવવો હોય તો ઉજ્જયિનીના રાજમહેલોને શોભાવવા મને આવી મળો. અવંતી તમારું ભાવભર્યું સ્વાગત કરશે."

સમય જોઈ રાણી મૃગાવતીએ પણ ભળતોજ દાવ ખેલ્યો ને કહેવડાવ્યું કે "હું હવે તમારીજ છું, પણ તમારી ઇચ્છા પૂરી થવી એ તમારા હાથની વાત છે, અને તે એ કે, જો તમે કૌશાંબીને જીતવા નહીં પણ મને મેળવવાજ આવ્યા છો તો જ્યાં સુધી બાળક ઉદયનને રાજગાદીએ બેસાડી ઘટતી વ્યવસ્થા કરી, હું ફરજ મુક્ત ન થાઉં ત્યાં સુધી તમારે રાહ જોવી જોઈએ અને એ વ્યવસ્થા જલદી પૂરી થાય એ માટે તમારે મને પૂરતી મદદ પણ કરવી જોઈએ. આમ છતાં યુદ્ધના વાતાવરણમાં આમ થવું મને અશક્ય લાગે છે; એ માટે તો સંપૂર્ણ શાંતિ અને સુલેહ જોઈએ"

કામાંધ ચંડ રાણીની યુક્તિ સમજી શક્યો નહીં; રાણીના હૃદયને ઓળખી શક્યો નહીં. 'બળાત્કારથી સ્ત્રીઓનો પ્રેમ સંપાદન થઈ શકતો નથી'—એમ વિચારી એણે સૈન્ય દશદશ કોશ પાછું ખેંચી લીધું અને પોતે પોતાની રાજધાનીમાં પાછો ફર્યો. રાણી જલદી વ્યવસ્થા પૂરી કરી શકે એ માટે એણે જોઇતી મદદ પહોંચતી કરવાની વ્યવસ્થા પણ કરી આપી અને એ રીતે કૌશાંબીને મુક્ત શ્વાસ લેવાનો માર્ગ એણે મોકળો કરી આપ્યો.

રાણી મૃગાવતીએ પણ આ તકનો પૂરો લાભ ઉઠાવ્યો. ઉદયનને ગાદીએ બેસાડવા નમિત્તે એણે નગરીનો કોટ કિલ્લો મજબૂત કરાવ્યો; ખાઈ ઊંડી બનાવી. વર્ષો સુધી ચાલે એટલો અન્નસંગ્રહ એકઠો કર્યો, સાથે લશ્કરમાં પણ ભરતી કરી, તેમ જ બધા પ્રકારના યુદ્ધની તૈયારીઓ પણ કરી લીધી.

તૈયારીઓ પૂર્ણ થયે મહારાજાને કૌશાંબી આવવાનું કહેણ મોકલ્યું. અધીરો બનેલો રાજા જલદી કૌશાંબી પહોંચ્યો. પણ દરવાજા બંધ હોઈ બહાર પડાવ નાખી નગરમાં મંગળ પ્રવેશ કરવાની ઘડીની રાહ જોતો એ રોકાયો ને એણે રાણીને પોતાના આગમનની ખબર મોકલી.

પ્રત્યુત્તરમાં 'આવતી કાલે સવારે હું તમને પ્રાપ્ત થઈશ' એવો જવાબ મોકલવામાં આવ્યો. આ જવાબ સાંભળી ચંડની છાવણીમાં આનંદ મંગલ વર્તાઈ રહ્યો. આખી રાત ભેરી શરણાઈઓ વાગતી રહી. બીજી સવારે સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરી ચંડ હાથીએ

ચઢ્યો. એની હોંસનો આજે કોઈ પાર નહોતો; ફક્ત નગરના દરવાજા ખુલવાની જ એ રાહ જોઈ રહ્યો હતો.

ત્યાં તો કિલ્લા ઉપરથી સનનન કરતુંકને એક તીર છૂટયું; ને હાથી પર બેઠેલા રાજાનો મુગટ હવામાં ઊડી ગયો. આશ્ચર્યથી રાજાએ જોયું તો તીર સાથે એક પત્ર બાંધેલો નજરે પડ્યો.

પત્રમાં લખ્યું હતું કે "એક વીર સતીની કાયા પર ભ્રષ્ટ નજર કરનાર ઓ કામાંધ રાજા! પ્રતિષ્ઠાનો ખપ હોય તો હજુ સમજી જઈ જલદી પાછો ફર. બાકી કિલ્લાની દીવાલો સાથે તું ગમે તેટલાં માથા ફોડ્યા કરીશ તોય હવે તું કૌશાંબીનો પરાભવ કરી શકે તેમ નથી તે યાદ રાખજે."

ખસિયાણો પડી ગયેલો રાજા તે વેળા તો ચાલ્યો ગયો. સ્વરૂપવતી મૃગાવતી ભયંકર ચંડી જેવી એને લાગવા માંડી; પણ અંતરના વિકારનો પ્રેરાયેલો એ જ તૈયારી સાથે ફરી બીજે વર્ષે કૌશાંબી પર ચડી આવ્યો.

સેનાના ચાર ભાગ પાડી ચારે બાજુથી કૌશાંબી પર આક્રમણ કરવાની એણે વ્યૂહરચના ગોઠવી. પણ રાણી મૃગાવતીએ જુદા જુદા સમયે આવેલી ચંડની વિભક્ત સેનાનો એક પછી એક જોરદાર પ્રત્યાક્રમણ દ્વારા પરાભવ કર્યો ને ચંડની વ્યૂહ–રચનાને નિષ્ફળ બનાવી દીધી.

આ નિષ્ફળતાથી ક્રોધે ભરાઈ ચંડે વ્યૂહ બદલ્યો અને બધી જ ટુકડીઓને એકત્ર કરી પશ્ચિમ ભાગ તરફથી એકીસાથે જોરદાર આક્રમણ કરવાની તૈયારી કરવા માંડી. રાણી મૃગાવતી પણ ઘટતો જવાબ વાળવા તૈયારીઓ કરવા લાગી હતી, પણ ચંડની વિશાળ સેના સામે કૌશાંબીને ટકવું હવે અશક્ય હતું, જેથી એ ચિંતિત હતી. છતાં એક વીર નારીને શોભે એવી રીતે એ કૌશાંબીનું જતન કરવા પોતાનું ભવ્ય બલિદાન આપવા તૈયાર બની હતી.

બરાબર એ જ સમયે ભગવાન મહાવીર કૌશાંબી નજીકના એક ગામમાં પધાર્યા. ભગવાનના આગમનની વાત સાંભળી પ્રભુના દર્શનની અભિલાષી રાણી મૃગાવતી પ્રભુને વાંદવા અને આવેલી આપત્તિમાંથી બચવાનો કોઈ માર્ગ હોય તો તે પૂછવા તેમજ યુદ્ધનું ભાવિ જાણવા, નગરમાંથી ગુપચુપ થોડા વિશ્વાસુ અંગત માણસો લઈ નીકળી પડી.

પ્રભુને વાંદી એ પોતાના આસને બેઠી. પ્રાણી જાતને સુખ અને શાંતિ આપનારી પ્રભુની અમૃતધારા ત્યારે વહી રહી હતી. એથી વિનાશના ઉલ્કાપાત પર ઊભેલી રાણી મૃગાવતીને કંઈક શાંતિ મળી. પ્રભુના સાનિધ્યમાં એણે આજે જીવનની કંઈક નિરાંત અનુભવી પણ બીજી બાજુ, આવી પડેલી જવાબદારીનું એને પૂરું ભાન હતું. વળી એ જવાબદારી હવે ફગાવી શકાય તેમ પણ નહોતી. એ ફગાવવામાં તો હવે હીણપત અને શરમ ભરેલી પીછેહઠ પણ હતી. એથી આવી પડેલી જવાબદારી પૂર્ણ કરવામાં જ એને જીવનની મોકળાશ સમજાતી હતી. એથી યુદ્ધમાં વિજય મળે એવા આશીર્વાદની માગણી સાથે યુદ્ધનું ભાવિ જાણવાનો એણે પ્રભુને પ્રશ્ન પૂછ્યો.

ભગવાને કહ્યું : "જેમ મેઘનું પરિણામ વનસ્પતિ સર્જન છે. અગ્નિનું પરિણામ ભસ્મીભૂતતા છે, તેમ યુદ્ધનું પરિણામ સર્વનાશ વિના બીજું હોઈ જ શું શકે? એને એ વિનાશ કેવળ ભૌતિક વસ્તુઓનો જ નહીં પણ એ માનવતાનો પણ વિનાશ કરે છે.

"યુદ્ધનું રણશિંગુ ફૂંકાતાંજ માણસનો સંસ્કારી અને ડહાપણવાળા હોવાનો ઢોંગ ખુલ્લો થઈ જાય છે અને એ પશુની જેમ હેવાન બને છે. કાપાકાપી અને કત્લેઆમ એનો આનંદ બની જાય છે, સંહાર એ જ એનો જીવનમંત્ર બની રહે છે. પરિણામે દયા અને પ્રેમનું, આત્મીયતા અને સમભાવનું એનું હૃદય ઝરણું જ સુકાઈ જાય છે."

"વળી યુદ્ધના પરિણામે ગામડાંઓ રોળાઈ જાય છે. નગરો વેરાન ઉજ્જડ બને છે. હજારોનાં મૃત્યુ થાય છે. હજારો અપંગ બની જીવનભર આહ નાખ્યા કરે છે. આશાભરી નારી વિધવા બને છે. આમ આખા સમાજને એના છાંટા ઊડે છે. બાળકો પણ વડીલો કે વાલીઓનાં મૃત્યુથી ઓશિયાળાં બની જાય છે. તે પરિણામે દ્વેષ અને વૈર પોષી યુદ્ધખોર માનસ લઈ મોટાં થાય છે. આમ જ્યાં જુઓ ત્યાં દ્વેષ, ઇર્ષ્યા, આગ અને આંસુઓ ઉપરાંત કાવાદાવા અને યુક્તિ પ્રપંચોથી વાતાવરણ એવું બને છે કે માનવજીવન ઘોર નરક જેવું બની જાય છે,

ખરેખર યુદ્ધદેવતા એ નરકનોજ પિતા છે. નરક એટલે માનવતા પરના અત્યાચાર. જ્યાંસુધી માનવહૃદયમાં માનવતા રહે છે, ત્યાંસુધી એના હૃદયમાં સ્વર્ગ વસે છે, પણ જ્યારે એ માનવતા પર અત્યાચાર કરવો શરૂ કરે છે ત્યારે એનું પરિણામ દુઃખ, અશાંતિ અને અજંપા સિવાય બીજું હોઈ પણ શું શકે?"

"યુદ્ધ અર્થાત્ માનવતા પરના એ અત્યાચારને નામે વરમાળા લઈ ઊભેલી અપ્સરાની સ્વર્ગના દિવ્ય ભોગ પ્રાપ્ત થવાની તેમજ અક્ષયકીર્તિ કે કુળપ્રતિષ્ઠા પ્રાપ્ત થવાની લાલચને આશા આપી જેમને અંગત કશો જ સ્વાર્થ કે રસ નથી એવા લોકોનેય આપણે ઉસ્કેરી મૂકીએ છીએ."

"પણ એ યુદ્ધના કારણોમાં કોઈ ઊતરતું નથી. યુદ્ધના કારણોમાં જોઈશું તો અન્યાય, અત્યાચાર, આર્થિક અસમાનતા, પરિગ્રહ બુદ્ધિ, સત્તાની સાહમારી અને વિલાસ સુખની લાલસા જ મુખ્યત્વે જણાશે. દેહના સૌંદર્યની રક્ષા અને પ્રીતિ પણ એમાં ભાગ ભજવે છે."

"જ્યાં આવા દોષો મૂળમાં પડેલા છે ત્યાં વેરઝેર, ઇર્ષા, કાવાદાવા અને ખટપટને પોષણ મળે અને એની તીવ્રતા વધે, એનું તીવ્રરૂપ માનવતાની હિંસારૂપે પ્રગટી આવે એ કોઈ આશ્ચર્યકારી વાત નથી."

"સુખ શાંતિનો માર્ગ યુદ્ધમાં નથી પણ પ્રેમમાં છે. અને એ પ્રેમસમાનતા, ત્યાગ અને ભોગેચ્છા રહિત સાદાઈ વિના ક્યાંથી પ્રાપ્ત થાય? વિશ્વના દુઃખે દુઃખી થયેલા મહાકરૂણાળુ સંતો પરાપૂર્વથી આજ માર્ગ પ્રબોધતા આવ્યા છે અને એ સિવાય સુખનો બીજો માર્ગ પણ નથી."

ભગવાનનો ઉપદેશ સાંભળી મૃગાવતીનાં જ્ઞાનચક્ષુ ઊઘડી ગયાં. માનવ કેવા ઊંધા માર્ગે દોડી રહ્યો છે એનું એને ભાન થયું ને એને જાત પર વૈરાગ્ય આવ્યો. અને એથી એની ત્યાગ ભાવના પ્રદીપ્ત થઈ. પણ આદરેલું પૂરું કર્યા વિના છૂટકો ન હોતો; એટલે હવે એમાંથી છૂટવાનો કોઈ માર્ગ છે કે કેમ અને છે તો તે કયો, તે જણાવવા ભગવાનને મૃગાવતીએ વિનંતી કરી. ભગવાને કહ્યું: "હિંસાને ભયંકર હિંસા નિર્મૂળ કરી શકે છે; યુદ્ધને જોરદાર પ્રત્યાક્રમણ કચડી નાખે છે."

"પણ એથી માણસ જે રીતે નીચે ઊતરી જાય છે એથી એ અશાંતિ, અજંપો અને માનસિક વ્યથા જ ભોગવ્યા કરે છે. એથી હિંસાને નિર્મૂળ કરવાનો ખરો ઉપાય પ્રતિહિંસામાં નથી પણ અહિંસામાં છે. હિંસાને અહિંસાથી, વૈરને પ્રેમથી, ભોગને ત્યાગથી, સત્તાને સેવાથી, આસક્તિને વૈરાગ્યથી અને ભયને નિર્ભયતાથી જીતી શકાય છે. સાચી જીતનો એક માત્ર આજ માર્ગ છે. આમ છતાં કદાચ તું સત્તા વૈભવને છોડી શકતી ન હો, સૌંદર્યનું બલિદાન આપી શકતી ન હો, તોપણ તારે એનામાં રહેલા વિષને તો દૂર કરવુંજ રહ્યું, તો જ તું એ બધી આપત્તિઓને તરી જવાનું બળ મેળવી શકીશ."

"એ વિષ દૂર કરવાનો માર્ગ એ છે કે બાહ્યસત્તા વૈભવ હોવા છતાં એની પાછળ જે અભિમાન, સત્તાશોખ અને આસક્તિ રહેલાં હોય છે, એને સ્થળે નિરભિમાનતા, સરલતા, નમ્રતા, સેવા અને ત્યાગ-વૈરાગ્યમય બુદ્ધિ જેવા ગુણો પેદા થવા જોઈએ. એ ગુણો પેદા થતાંજ વિરોધનું કારણ દૂર થવાથી વિરોધીનું મોઢું બળ તૂટી જાય છે અને પછી તો નિર્ભયતા, જે અહિંસા અને પ્રેમનુંજ એક રૂપ છે, એથી ભયને જીતી શકાય છે."

"જે નિર્ભય છે, વીર છે, જેનામાં અતૂટ આત્મવિશ્વાસ છે, એને વિરાટ ભૌતિક શક્તિવાળો માણસ, જે મૂળે તો ભયભીત માણસ છે, એ જીતી શકતો નથી. એના પર આક્રમણ કરવાની એ હિંમતજ કરી શકતો નથી. જોકે સંસારનો ત્યાગ કરી ચાલી નીકળવું એ પ્રથમ માર્ગ કઠણ હોવા છતાં સરળ છે; જ્યારે આત્મવિશ્વાસના બળે શસ્ત્રોનો ત્યાગ કરી નિર્ભય બની રહેવું એ આ બીજો માર્ગ સરલ લાગવા છતાં કઠિનતર છે. પણ જે વીર આત્મવિશ્વાસના બળે નિર્ભય બની દુશ્મનની સામે ઊભો રહે છે, એજ છેવટે સાચો વિજયી બને છે-જે વિજયમાં કોઈનેય જય કે પરાજયની લાગણી અનુભવવી પડતી નથી. એથી આજની પરિસ્થિતિમાં તારા માટે તો શસ્ત્રત્યાગપૂર્વક નિર્ભય બની અડગ રહેવાનો જ એક માત્ર માર્ગ છે અને એ ખૂબ આત્મવિશ્વાસ પણ માગી લે છે. જો કે એનો પ્રયોગ અભિનવ છે. પણ એ સિવાય તારે માટે બીજો ઉપાય જ નથી. કારણ કે આજ ને આજ રાજ્યની બધી જવાબદારી ફગાવી દઈ, ચાલી નીકળવું એ તારાથી બની શકે તેમ નથી તેમજ એનું પરિણામ કદાચ વિપરીત પણ આવે."

ભગવાનનો એક એક શબ્દ મૃગાવતી ધ્યાનથી પી રહી હતી, એ શબ્દોએ એના હૃદયમાં વિચારનું મંથન પેદા કર્યું એથી ફરી પ્રભુની ઉપદેશધારા ઝીલવાની ઉત્કંઠાથી વિદાય થતાં પહેલાં એણે પ્રભુને કૌશાંબી પધારવાની વિનંતી કરી.

પ્રભુની વાણીએ રાણીના દિલમાં નવી આશા-નવો ઉત્સાહ પ્રગટાવ્યો હતો. પણ પ્રભુએ દર્શાવેલો માર્ગ ભવ્ય અને વીરત્વ ભર્યો હોવા છતાં કઠણ અને જોખમી હતો; વળી એ એકપક્ષી બલિદાનનો પણ હતો. એથી એણે

એ સંબંધે આખી રાત્રિ મંથનમાં જ ગાળી. બીજે દિવસે મંત્રીઓ–સરદારો તથા નાગરિકો સાથે આ બાબત મસલત પણ ચલાવી. છેવટે જ્યાં 'યુદ્ધનું પરિણામ સર્વનાશમાં જ દેખાય છે તો પછી આ નવીન પ્રયોગ શા માટે ન કરવો? અને એમાં જ પરાજય થશે તોય ગૌરવ વધશે અને જય મળશે તો તો ગૌરવ અને પ્રતિષ્ઠા બન્ને મળેલાં જ છે,' એવા વિચારથી છેવટે યુદ્ધનો–પ્રતિકારનો વિચાર માંડી વાળી નિર્ભયતાનો શસ્ત્રસંન્યાસનો માર્ગ સ્વીકારવાનો નિર્ણય લેવામાં આવ્યો. જનતાએ પણ એ વિચારને વધાવી લઈ ભારે હિંમત બતાવી. અધૂરામાં પૂરું એજ દિવસે સાંજના સમયે દક્ષિણ તરફના બહારના એક પરામાં ભગવાન મહાવીર પધાર્યાના સમાચાર જાણી એ વિચારને પ્રોત્સાહન મળ્યું.

નવા દિવસનું પ્રભાત ઊગ્યું. દક્ષિણ બાજુએથી એકી સાથે જોરદાર આક્રમણ કરવાની ચંડે આજે ભારે તૈયારી કરી હતી. સાથે સામેથી જોરદાર પ્રત્યાક્રમણની પણ એણે કલ્પના બાંધી હતી. એથી સવારથી જ રણ-ભેરીઓ ફૂંકાવા લાગી. રણશિંગડાં વાગવાં શરૂ થયાં. કોઈ ઘોડાના તંગ ખેંચતા હતા તો કોઈ તલવારની ધાર તપાસી શસ્ત્રસજ્જ બની રહ્યા હતા. ફક્ત મહારાજા ચંડના આદેશનીજ રાહ જોવાની હતી. પણ ત્યાં તો સહુના આશ્ચર્ય વચ્ચે કૌશાંબીનો પૂર્વ તરફનો વિરાટ દરવાજો ઉઘડ્યો અને નિઃશસ્ત્ર સાદા ગણવેષમાં સજ્જ થયેલી ચતુરંગિણી સેના બહાર ધસી આવી. સાથેભિન્નભિન્ન વર્ગના લોકો—સ્ત્રી-પુરુષ બાળક-વૃદ્ધો સર્વે–હજારોની સંખ્યામાં 'ભગવાન મહાવીરનો જય'ના ગગનભેદી અવાજો સાથે પ્રચંડ રેલની માફક નિર્ભયપણે ભગવાનના ઉતારા ભણી રેલાવા લાગ્યાં. એક ઊંચા શ્વેત અશ્વપર માનવતાની મૂર્તિ સમી શોભતી વીર રાણી મૃગાવતી એ બધાને દોરતી મોખરે ચાલતી હતી. ભયને એણે ખંખેરી નાખ્યો હતો. યુદ્ધની ભીષ-ણતા અને તેનાં દુષ્પરિણામોની કલ્પનાથી એ ધ્રૂજી ઊઠી હતી. એથી બતાવેલી નિઃશસ્ત્ર—નિર્ભયતાએ આજે એના વદન કમળ પર કોઈ દૈવી તેજની આભા ચળકી રહી હતી. એના દેહના અણુએ અણુમાંથી આજે સાચું વીરત્વ ટપકી રહ્યું હતું, જાણે કે સાક્ષાત્ વીરત્વની મૂર્તિ. એની આંખોમાં કોઈ ઓર ચમક હતી. મુખ પર પ્રભાવ હતો અને સમગ્ર વાતાવરણમાં નિર્ભયતા—નીડરતાનો જોશ પેદા કરનારો અંતરનો ઊંડો આત્મ-વિશ્વાસ હતો. એ આત્મવિશ્વાસે કૌશાંબીની સમગ્ર જનતા પણ નિર્ભય બની બહાર ધસી આવી હતી જાણે કે કૌશાંબી બહાર કોઈ યુદ્ધનું વાતાવરણ જ ન હોય!

જ્યે કે બહાર દક્ષિણ તરફ રણભેરીઓ વાગતી હતી. યુદ્ધની નોબતો ગડગડતી હતી. પણ એને તો ભગવાન મહાવીરના આગમનનો જયઘોષ માની લેવામાં આવ્યો હતો. કૌશાંબીનો માનવમહેરામણ પૂર્વ તરફથી વળાંક લઈ નિર્ભયપણે દક્ષિણ તરફ વહેવા લાગ્યો. ન તો હતી કોઈને સેના તરફ જોવાની દરકાર કે નહોતો એનો ભય. સમગ્ર જનતા ચંડની પડખેથી ભગવાનના ઉતારા તરફ જઈ રહી હતી; છતાં ચંડની કૌશાંબી કે જનતા પર આક્રમણ કરવાની હિંમત જ ન ચાલી. ઊલટું કૌશાંબીની સેના અને જનતાને દોરતી તેજોમૂર્તિ મૃગાવતીને જોઈ ચંડ અને ચંડની સેનાના વીર અગ્રણીઓ આભા જ બની ગયા; કારણ કે એમની કલ્પના બહારનો આ વ્યૂહ હોઈ શું કરવું એ એ ઝટ સમજી જ ન શક્યા. પરિણામે પોતે પ્રચંડ પરાજય અનુભવી રહ્યા હોય એવી ભોંઠપ અને તેજોભંગની લાગણીથી ચંડ લજ્જિત બની ગયો. વળી સ્ત્રી બાળકો સહિત નિઃશસ્ત્ર જનતાપર આક્રમણ કરવાનું એ વીરને શોભે તેમ પણ નહોતું–આથી હતાશ થઈ, રહી સહી પોતાની પ્રતિષ્ઠા ટકાવી રાખવા ખાતર, ઝડપથી ભગવાન મહાવીરના દર્શન કરવાને યુદ્ધ તહ-કૂબીનો ધ્વજ ફરકતો કરી દેવાની એણે સેનાપતિને આજ્ઞા કરી.

ૐ ૐ ૐ

ભગવાન મહાવીરના મુખેથી વહેતી જ્ઞાનગંગામ કૌશાંબીની સમગ્ર જનતા આજે નાહી રહી હતી. જીવનની ધન્ય પળોમાં કોણ આવ્યું ને કોણ ગયું એનું પણ કોઈને ભાન નહોતું. મહાવીર ભક્ત રાજા ચંડપ્રદ્યોત પણ પોતાના અંગત રસાલા સાથે ત્યાં આવ્યા વિના રહી શક્યો નહોતો.

ભગવાને સમય જોઈ યુદ્ધ, યુદ્ધનાં કારણો અને એમાંથી સર્જાતાં વિનાશનાં પરિણામોનો ખ્યાલ આપી સત્તા વૈભવ અને સૌંદર્યપિપાસુ વૃત્તિના ત્યાગનો મહિમા સમજાવ્યો ને સાચું સુખ એના ભોગમાં નહીં પણ એના ત્યાગમાં જ છે એમ પોતાના અનુભવના આધારે કહી બતાવી ત્યાગની મજા માણવાનો જનતાને અનુરોધ કર્યો.

ભગવાનની વૈરાગ્ય યુક્ત વાણી સાંભળી ઘણા યુવક-યુવતીઓએ ત્યાંજ માતાપિતાની અનુમતિ લઈ પ્રવ્રજ્યા સ્વીકારી લીધી.

રાણી મૃગાવતીએ પણ ઊભા થઈ પર્ષદાને સંબોધતાં જણાવ્યું કે 'માતા-પિતાની અનુમતિ લઈ પ્રવ્રજ્યા લેવાની પરિપાટી છે પણ મારાં માતાપિતા હયાત ન હોઈ મારા સાધર્મી બંધુ મહારાજા ચંડપ્રદ્યોત એ મારું પિતૃત્વ સ્વીકારી મને અનુમતિ આપે તો હું પણ પ્રવ્રજ્યા લેવા તૈયાર છું. અને પછી રાજા ચંડ પાસે જઈ એમને વંદન કરી પોતે જણાવ્યું કે 'પિતાજી! તમારી આ પુત્રીને ભગવાન પાસે પ્રવ્રજ્યા લેવાની અનુમતિ આપો.'

મૃગાવતીને એક બાજુ મોહદૃષ્ટિ અને બીજી બાજુ વૈરવૃત્તિથી જોનારા મહારાજા ચંડ પર અપત્યભાવના આ શબ્દોએ કામણ કર્યું. એનામાં રહેલો પુત્રીપ્રેમ ઉપર આવ્યો. સાથે પ્રભુના સાંનિધ્યને કારણે એ એક પ્રભાવ તળે પણ હતો, જેથી તેણે રાણી મૃગાવતીને 'બેટી' કહી સંબોધી અને ભગવાન પાસે પ્રવ્રજ્યા લેવાની અનુમતિ પણ આપી દીધી. મહાપરાક્રમી અને ગર્વિષ્ઠ હોવા છતાં પ્રેમમાં નિષ્ફળ અને વિજયમાં નિરાશ થયેલા મહારાજાએ પણ મૃગાવતી પર આ રીતે વિજય મેળવ્યાનો સંતોષ ગર્વ અનુભવ્યો. કારણકે માનસ શાસ્ત્રીય નિયમાનુસાર મોહ પરાજિત વૃત્તિએ છેવટે પ્રેમ સંપાદન કર્યાનો જય મેળવ્યો હતો તેમ જ વૈરવૃત્તિએ પણ એનું વંદન ઝીલ્યાનો વિજય અનુભવ્યો હતો.

એ અનુમતિનો સ્વીકાર કરી રાણીએ પ્રભુને શરણે જતાં ચંડને વિનંતી કરી કે "હે પિતાજી! જેટલા સ્નેહથી તમે મને અનુમતિ આપી છે તેટલા જ સ્નેહથી તમારી પુત્રીના પુત્રની હવે તમારા પૌત્ર બનેલ ઉદયનની અને કૌશાંબીની રક્ષા કરવાની પણ જવાબદારી તમને સોંપતી જાઉ છું. મને આશા છે કે એનો સ્વીકાર કરી તમે મને મારા સંયમધર્મમાં નિશ્ચિંત બનાવશો."

આમ રાણી મૃગાવતીને મેળવવા આવેલા રાજા ચંડે પોતાને હાથે જ મૃગાવતીને ભગવાનને શરણે સોંપી દીધી. બદલામાં ઉદયન અને કૌશાંબીના રક્ષણની જવાબદારી પણ માથે લેવી પડી. પણ પ્રેમના સર્જાયેલા વાતાવરણમાં એ મહાન જવાબદારી પણ સૌરભ ભર્યાં પુષ્પ સમી બની ગઈ, જેથી એ વીરપુરુષે એ જવાબદારી પૂર્ણપણે અદા કરી બતાવી હતી.

આ નિર્ભયતાના-પ્રેમના અભિનવ પ્રયોગે એ કાળમાં જે અદ્‌ભુત ચમત્કાર સર્જ્યો હતો એનાજ પરિણામે નિરાધાર ઉદયન પાછળથી વત્સરાજ ઉદયન તરીકે ભારતીય ઇતિહાસમાં મશહૂર બની શક્યો છે, નહિ તો ચંડના હાથે કૌશાંબી સાથે એ પણ કાળનો કોળિયોજ બની જાત. ધન્ય છે રાણી મૃગાવતીને કે જે અહિંસા-પ્રેમના વીરત્વભર્યા અભિનવ પ્રયોગ દ્વારા ઉદયન અને કૌશાંબીનું તો રક્ષણ કરતી ગઈ સાથો સાથ ભિક્ષુણી બની પોતાનું પણ આત્મકલ્યાણ સાધતી ગઈ. મહારાણી મૃગાવતી એટલે વીરત્વની મૂર્તિ. સંયમ હો કે સાધના, વ્યવહાર હો કે ધર્મ, રણક્ષેત્ર હો કે રાણીવાસ-એના સમગ્ર જીવનમાં-એના એકેએક કાર્યમાં વીરત્વ જ નીતરતું જણાય છે.

એ વીરત્વને કારણેજ પતિના મૃત્યુ સમયે નથી એ કે આંસુ પાડતી કે નથી કૌશાંબી પર આક્રમણ થવા છતાંએ ગભરાતી. જેટલા શૌર્યથી એ શસ્ત્ર ધારણ કરી શત્રુને પરાજિત કરે છે, એટલાજ શૌર્યથી શસ્ત્ર સંન્યાસ કરવા છતાં પણ શત્રુને ગભરાવી મૂકે છે. પોતાનીજ ભાણેજ અને જેને એણે સાચવેલી એ ચંદનબાલા પાસે દીક્ષા લેવામાં કે એની આજ્ઞામાં રહેવામાં પણ અચકાતી નથી. એજ વીરત્વને કારણે ચંદનબાલાએ આપેલા ઠપકાથી ઘવાયેલી સ્વમાનવૃત્તિ પર પણ એ વિજય મેળવી લે છે. એટલું જ નહીં સકલ ભિક્ષુણી સંઘમાં પ્રથમ કૈવલ્યપદ પ્રાપ્ત કરવાનો પણ એજ વિજય— વિક્રમ નોંધાવે છે. સકલ ભિક્ષુણી સંઘની અધિષ્ઠાત્રી એવી પોતાની ગુરુણી ચંદનબાલા એના નિમિત્તેજ એની પછી એ કૈવલ્યપદને વરી હતી. આવું હતું એ વીર રાણીનું ધર્મવીરત્વ, જેનું નામ આજે પણ હરેક જૈન કુળમાં સવાર સાંજ આદરપૂર્વક ગવાય છે. કોટિશઃ વંદન હો એ ધર્મ-શૌર્ય મૂર્તિ મૃગાવતીને.

卐

सद्गुणोपासना

श्री अमृतलाल कालीदास दोशी, बी. ए.

सद्गुणों के उपासक को सद्गुणों में ही तृप्ति मिलती है, इसलिये दूसरों से मान-प्रतिष्ठा प्राप्त करने की वह कभी इच्छा नहीं रखता। सद्गुण हमारा स्वभाव बन गया कि नहीं उसे परखने की यह महत्त्व पूर्ण निशानी है। अपने सद्गुणों के विषय में कुछ विशेषता प्रतीत होना और उसके द्वारा अहंकार होना, तथा इसी कारण से दूसरों को तुच्छ मानना ये सब क्षुद्र मनोवृत्तियां है, और कभी भी पतनका कारण बनती है।

सामाजिक जीवन क्षुद्र विकारमय और स्वार्थपरायण न हो और पारमार्थिक जीवन पुरुषार्थ-हीन एवं ज्ञान-हीन न हो तो हम प्रवृत्ति और निवृत्ति दोनों में विवेकशुद्ध तथा पुरुषार्थयुक्त जीवन व्यतीत करने का लाभ ले सकते हैं।

जीवन के किसी भी उदात्त ध्येय के बिना हमारा आयुष्य यूं ही बीत रहा है, वह अत्यन्त दुःखद है।

धार्मिक जीवन का क्रमशः विकास हो इसके लिये जिन शासन में मार्गानुसारिता, व्यवहारशुद्धि, सम्यक्त्वधर्म या सत्यासत्य विवेक, देशविरति-अथवा श्रावकधर्म और सर्वविरति किंवा साधु धर्म ये चार भूमिकायें बताई हैं। ये भूमिकायें उत्तरोत्तर शुद्ध हैं, अतः प्राकृत जीवन की अपेक्षा मार्गानुसारिता उच्च है, मार्गानुसारिता से बढकर सम्यक्त्व धर्म है, सम्यक्त्वधर्म से देशविरति उच्च कोटि की है और देशविरति से सर्वविरति अधिक उच्च है। दूसरे शब्दों में कहा जाय तो साधु जीवनके योग्य होने के लिये देशविरति का पूर्ण पालन आवश्यक है और देशविरति के योग्य होने के लिये न्याय से द्रव्योपार्जन आदि ३५ गुणोंका पालन आवश्यक है। इस विकासक्रम को लक्ष्य में रखकर हम धार्मिक जीवनकी किस भूमिका पर खडे हैं यह परखना कठिन नहीं।

भारत जैसे धर्म प्रधान देश में युद्ध के बाद जो नैतिक पतन हुआ है उसे शीघ्र सुधारने की आवश्यकता है और उसके लिये **'सर्वोदय-समाज'** **'व्यवहार-शुद्धिमंडळ'** अथवा **'अणुव्रती संघ'** जैसी जो योजनायें प्रयोग में आई हैं वे अपने संघ के लक्ष्य में लेनेयोग्य हैं।

मार्ग में अनुसरण करते हुए मानव के हृदय में जब सत्यकी जिज्ञासा, सत्यका प्रेम और सत्य का आग्रह प्रकट होता है तब उसको सम्यक्त्व की स्पर्शना होती है और वह देव, गुरु और धर्म के स्वरूप का चिन्तन करने लगता है। उनमें जो देव, जो गुरु और जो धर्म दोषरहित लगता है उसे स्वीकृत करता है। अपने तत्त्वज्ञानियों के अभिप्रायानुसार 'अर्हत्' ये शुद्ध देव हैं। 'निर्ग्रंथ मुनि' ये शुद्ध गुरु हैं, और सर्वज्ञों द्वारा समझाया तत्त्व, ये शुद्ध धर्म है। इन देव, गुरु और धर्म की अनन्य मन से उपासना करने से सम्यक्त्व में स्थिरता आती है और देशविरति अथवा श्रावकधर्म के पालन की योग्यता प्रकट होती है।

देशविरति धर्म में गृहस्थ को आदर्श नागरिक बनाने की योजना निहित है वह सब विशालरूप से प्रकाश में लानें की आवश्यकता है तथा उसके प्रचार के लिये उचित परिश्रम करने की जरूरत है। खेत अच्छी तरह से जोता गया हो तो उसमें बोये हुए बीज भली प्रकार से उगते हैं वैसे ही गृहस्थ-जीवन उत्तम प्रकार का हो तो उनही में से होनेवाले साधु भी उत्तम कोटि के हों यह अनुभवसिद्ध है।

सर्वविरति धर्म एक प्रकार की उत्कृष्ट योगसाधना है जिसका आश्रय लेकर असंख्य अनंत आत्माओंने मुक्ति प्राप्त करने का अपना ध्येय सिद्ध किया है। वैभव और विलास के इस युग में ऐसी उत्कृष्ट योगसाधना की स्वीकृति कोई हँसी खेल नहीं, अतः जिन आत्माओंने इस योगसाधना को स्वीकार किया है, उन्हें मैं विनय, भक्ति और बहुमानपूर्वक वन्दना करता हूं।

योगसाधकों का यह वर्ग यदि सविशेष उन्नति प्राप्त करे तो प्रभु श्रीमहावीर के शासन का समग्र विश्वमें उद्योत फैले जिसे देखने के लिये लाखों आत्माएं तरस रही हैं।

सर्वविरति धर्म का पालन करनेवालों का मुख्य कर्तव्य संयम, ज्ञान और धर्म-ध्यान की उपासना है, अतएव उसका अधिकाधिक समय इन तीनों तत्त्वों की साधना में ही जाना चाहिये। संयम की साधना का सादा और सीधा अर्थ यह है कि मन, वचन तथा काया पर विजय प्राप्त करना, यह ध्येय सिद्ध हो इसी हेतु संसार का त्याग होता है, महाव्रत ग्रहण किये जाते हैं और गुरुकुलवास किया जाता है। ये बात लक्ष्य से बाहर नहीं होना चाहिये।

(प्रवचन में से)

DEVADATTĀ

Once upon a time there lived in the town of Rohidda a householder Datta and his wife Kanhasiri. They had a beautiful daughter named Devadattā. When this girl Devadattā was playing with a golden ball nearby her place, she was seen by the King Vesamandatta who asked his men to enquire whose daughter she was. On getting this information, the King proposed to Datta that he should give her in marriage to his son, Pusadatta, which Datta accepted gladly. The marriage was celebrated with great pomp. In the course of time, Pusanandi succeeded to the throne of his father. He was devoted to his mother so much that he would not take food or drink before his mother had taken it. Devadattā did not like this and one night she killed her mother-in-law, by means of a red hot iron bar. When the King came to know it, he ordered that Queen Devadattā should be impaled publicly after cutting off her ears and nose. Indrabhuti saw her in that plight, and asked his master Mahāvira who she was and what she did in her past life to deserve such punishment.

Thereupon Mahāvira said: There lived in the town of Supaittha a King Sihasena. He was married to five hundred princesses by his father, but used to love only one Queen named Samā. The mothers of the remaining four hundred and ninety nine Queens conspired and decided to kill Samā by some means. The plot was however soon discovered by the King, who then ordered to put all these ladies and their daughters in one palace and set it on fire one night. As a result of this wicked act, King Sihasena was born in the sixth hell and after that, was born as Devadattā. As a result of this wicked act, she had to suffer this severe punishment.

—Vivāgūsuyam

SORIYADATTA

There lived in Soriyapura, a fisherman Samuddadatta by name, and his wife Samuddadattā. They had no son, but by the favour of Yakṣa Soriyadatta, they got one whom they named Soriyadatta. This boy succeeded his father as the chief fisherman of the place and used to catch fish from the river Yamuna. His business was to sell the fish to the public. He himself enjoyed the various dishes of fish. Once a fish bone got into his throat which nobody was able to take out. Soriyadatta suffered terribly on account of this, when Indrabhuti happened to see him in that plight. He asked Mahāvira the reason for his sufferings, whereupon Mahāvira said:

There lived in Nandipura a King named Mitta. He had under his Siriyā employed several hunters and fishermen to catch various kinds of fish, animals and birds from various places, and he used to sell them and their meat to the public. As a result of these wicked acts, he was born as fisherman Soriyadatta and suffered miseries.

—Vivāgusūyam

卐

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

રજીસ્ટર્ડ ઓફીસ

૨૨, કેનાંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ (પૂર્વ પાકિસ્તાન)	મીલ નં. ૨ બેલઘરીઆ (કલકત્તા)



"Diamond"

PURE GOLD BARS

OF

MANILAL CHIMANLAL & CO.

AVAILABLE IN 5, 1, 1/2 & 1/4 TOLA

WE BUY OLD GOLD AND SILVER ORNAMENTS AND OTHER ARTICLES

MANILAL CHIMANLAL & CO.

188, SHROFF BAZAR, BOMBAY 2

PHONE: 20898

GRAM: "KAKAJI"

સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

NATIONAL REFINERY NR BOMBAY

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન એસોસિએશન લિ. મુંબઈ-૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લેબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
એન્ડ એસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. તાર : ARGOR

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri G. D. Somani, M. P.

LIST OF BRANCHES

Agra
Ahmedabad
Alwar
Bombay
1 Dadabhoy N. Road
2 Kazi Sayed St. Mandvi
3 Kalbadevi Road
4 Dana Bunder
Bangalore
Bharatpur
Bareilly
Bhilwara
Bisalpur
Beawar
Bikaner

Calcutta
Coimbatore
Dausa
Delhi
Fatehpur
Gangapur
Hindaun
Indore
Jaipur
1 Mansing Highway
2 Chand Pole
3 Jauhari Bazar
4 Secretariat
Jhunjhunu

Jodhpur
Jamnagar
Kotah
Kishangarh
Madras
Nawalgarh
Rajkot
Ratlam
Sawaimadhapur
Sikar
Surajgarh
Tirupur
Udaipur

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager

आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी वाडी, गिरगांव, मुंबईमां श्रीमाणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथीप्रकट कर्युं.

तं त्री

सोहनलाल म. कोठारी
बी.ए.,बी.कॉम्. (लंडन), ए.सी.ए. (इंग्लंड)
जयंतीलाल र. शाह
बी.ए.,बी.कॉम्. (लंडन)

जुलाई १९५९

मूल्य : २५ नये पैसे

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

卐 जैनधर्म, तत्त्वज्ञान, साहित्य, कळा, स्थापत्य, इतिहास, जीवनचरित्र ने समाजप्रगतिने लगता विषयोनुं उत्तम मासिक 卐

जैन युग

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

: व्यवस्थापक मंडल :

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डी. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन)

दरेक १ली तारीखे प्रगट थाय छे. भारतमां वार्षिक लवाजम रूपीआ २) बे

आ पत्रमां प्रकट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.

★

અનુક્રમ : જુલાઈ ૧૯૫૯

	પૃષ્ઠ નં.	
કૉન્ફરન્સનું પ્રચારકાર્ય	૧	
શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ	૫	કાર્યાલય પ્રવૃત્તિ નોંધ
સમાચાર સંકલન	૬	
દક્ષિણમાં કૉન્ફરન્સ પ્રચારકાર્ય	૭	
મહાનુભાવ મરિચિ યાને ભગવાન મહાવીર પ્રભુનો ત્રીજો ભવ	૧૫	પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ
કારણ અને કર્તા	૨૦	"કુ. ચંદ્રરેખા"
બ્રહ્મચર્ય : ખંડન તથા મંડન	૨૨	ડૉ. બિપિનચંદ્ર હી. કાપડીઆ, એમ.એ., પીએચ.ડી.
નવા સંશોધનો—પ્રાચીન ગ્રન્થોમાં	૨૫	ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, એમ.એ., પીએચ.ડી.
ગંધપૂજાનું ફળ	૨૮	શ્રી નવીનચંદ્ર અ. દોશી
Glory of Jainism	30	Shri Chimanlal J. Shah, M. A.

★

श्री जैन श्वे० कॉन्फरन्स ऑफिस
गोडीजी बिल्डिंग, २०, पायधूनी,
कालबादेवी, मुंबई नं. २

विश्वविख्यात कीर्तिस्तंभ अने कलामय कोतरणीभरी दीवालोवाळुं जैन मंदिर(चितोड)

कॉपीराईट : आर्किओलॉजिकल डिपार्टमेन्ट ऑफ इंडिया]



खजूराहोना अेक जिनप्रासादनी बहारनी दीवाल उपरनी कलामय शिल्पकृति

[कॉपीराईट : आर्किओलॉजिकल डिपार्टमेंट ऑफ इंडिया]

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ का મુખપત્ર

વર્ષ : જૂનું ૨૦, નવું ૨ ✠ વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૫ ✠ તા. ૧ જુલાઈ ૧૯૫૯ ✠ અંક ૯

खेयन्नअे से कुसले महेसी
अणंतनाणी च अणंतदंसी
जसंसिणो चक्खुपहे ठियस्स
जाणामि धम्मं च धिइं च पेहि ॥

નિપુણ, કુશળ અને મહર્ષિ એવા મહાવીર અનંતજ્ઞાની અને અનંતદર્શની છે. આપણી સામે રહેલા એ યશસ્વી મહાવીરના ધર્મ અને ધૈર્યને જાણો અને વિચારો. —સૂયગડાંગસૂત્ર

卐

કૉન્ફરન્સનું પ્રચારકાર્ય

કૉન્ફરન્સ તરફથી જોઈએ તેટલા પ્રમાણમાં પ્રચારકાર્ય કરવામાં આવતું નથી, એવી વાત કોઈ કોઈ વાર સાંભળવામાં આવે છે; એટલે અહીં એ સંબંધી થોડોક વિચાર કરવો ઉચિત લાગે છે.

એક સમય એવો હતો કે જ્યારે કૉન્ફરન્સના પગારદાર ઉપદેશકો કે પ્રચારકો દેશમાં જુદે જુદે ઠેકાણે ફરીને કૉન્ફરન્સના ઉદ્દેશો સમજાવતાં હતા, કૉન્ફરન્સના કાર્યનો પ્રચાર કરતા હતા અને સમાજસુધારાની વાતો પ્રત્યે સમાજનું ધ્યાન દોરતા હતા; ઉપરાંત, કૉન્ફરન્સના ચાહનારાઓ અને સમાજસુધારાને માનનારાઓ તેમજ સમાજને પ્રગતિશીલ બનાવવાની મનોકામના સેવનારાઓનો પણ એક સારો એવો વર્ગ હતો કે જે એક યા બીજે રૂપે કૉન્ફરન્સના કાર્ય અને સંદેશાનો પ્રચાર કરવા પ્રયત્ન કરતો હતો; અને એમાં પોતાના સમય અને શક્તિનો ભોગ આપવામાં આનંદ માનતો હતો, એટલું જ નહીં, એમ કરવું એ પોતાની ફરજ પણ લેખતો હતો.

આપણે કબૂલ કરવું જોઈએ કે અત્યારે સ્થિતિ બહુ બદલાઈ ગઈ છે; અને આ દૃષ્ટિએ, અને આ રીતે, કૉન્ફરન્સના કાર્યનો પ્રચાર નથી થઈ શકતો અથવા બહુ ઓછો થાય છે.

આમ થવાનું કારણ શું ?

પહેલી વાત તો એ છે કે પગારદાર પ્રચારકો કે ઉપદેશકોનો યુગ જ જાણે આથમી ગયો છે. હવે એક બાજુ જેમ જનસમૂહને એવા ઉપદેશો સાંભળવા ગમતા નથી, તેમ બીજી બાજુ બુદ્ધિશાળી અને સ્વમાનશીલ માણસોને પણ પગાર લઈને ઉપદેશક તરીકે ઠેરઠેર ફરવું અને લોકોને ઉપદેશ આપ્યા કરવો, એ ધંધો રુચતો નથી: કેટલાકને તો એમ કરવામાં परोपदेशे पाण्डित्यं પોતે કંઈ કરવું નહી અને લોકોને શિખામણ આપ્યા કરવી–એવું પણ લાગે છે, અને એમાં શરમ પણ ઉપજે છે.

પચીસ ત્રીસ વર્ષ પહેલાં એક સમય એવો હતો કે જ્યારે દેશમાં ઠેર ઠેર દેશના દૂરદૂરના ખૂણા સુધી ખ્રિસ્તી ધર્મના પગારદાર પ્રચારકો પહોંચી જતા, અને ભારે જેહાદ, નિષ્ઠા અને પ્રામાણિકતાપૂર્વક પોતાના ધર્મનો પ્રચાર કરતા, અને અભણ, ગરીબ અને દુઃખી સામાન્ય જનસમૂહ પાસે પહોંચી જઈને એમને ખ્રિસ્તી ધર્મની

દીક્ષા લેવા અને ધર્માંતર કરી મહાત્મા ઈસુને શરણે જવા સમજાવતા, (આ ધર્મના આવા પ્રચારકો તો આજે પણ કંઈ સાવ બંધ થઈ ગયા નથી; એમનું એ ધર્માંતરનું કાર્ય થોડે ઝાઝે અંશે અત્યારે પણ પ્રચ્છન્ન રૂપે ચાલી જ રહ્યું છે.)

બીજી બાજુ આર્યસમાજના પ્રચારકો પણ એટલી જ ઉત્કટતા, નિષ્ઠા અને આગ્રહપૂર્વક હિંદુધર્મનો ઉદ્ધાર કરવા દેશના ખૂણેખૂણામાં સેંકડોની સંખ્યામાં ફરતા હતા; અને મહર્ષિ દયાનંદનો ધર્મસુધારણાનો સંદેશો વેગપૂર્વક ફેલાવતા હતા. જોતજોતામાં આર્યસમાજનો આખા દેશમાં વિસ્તાર થયો અને એના અનુયાયીઓ લાખોની સંખ્યામાં બની ગયા, એમાં એના સંસ્થાપક મહર્ષિના તો સમગ્ર પ્રાણ જ રેડાયા હતા; પણ એ ઉપરાંત એના કાર્યકરો અને પંડિતોનો પણ ખૂબ નોંધપાત્ર ફાળો હતો. અને એના પગારદાર કે બિનપગારદાર પ્રચારકો અને ઉપદેશકોનો પણ એમાં કંઈ નાનોસૂનો ફાળો ન હતો.

પગારદાર (કે બિનપગારદાર) પ્રચારકો અને ઉપદેશકો રાખીને પોતાના ધર્મ, પંથ ,કે મતનો ફેલાવો કરવાના આ પ્રયોગની અસર દેશના ઇતર ધર્મો અને વર્ગો ઉપર પણ ખૂબ થઈ એમ કહેવું જોઈએ. પ્રાર્થનાસમાજ, બ્રાહ્મોસમાજ, થિયોસોફી વગેરે અર્વાચીન ધર્મસમાજોએ પણ થોડે ઘણે અંશે મત પ્રચારના આ માર્ગનું અનુસરણ કર્યું હતું.

પછી તો પ્રચારકાર્યના આ પ્રકારને લોકોએ એટલી હદે અપનાવી લીધો કે સંસાર સુધારાનું, સમાજસુધારણાનું કે સમાજસેવાનું કામ કરતી આપણી જાહેર સંસ્થાઓનું આવા પ્રચારકો અને ઉપદેશકો એક અંગ જ બની ગયા. અને આવી કોઈ પણ સંસ્થાના પ્રચારક કે ઉપદેશક હોવું એ લાંચ્છનભર્યું નહીં પણ ગૌરવભર્યું લેખાતું; અને એવા માણસોને જનતા પણ આદર અને બહુમાનની નજરે જોતી; એમનું સન્માન પણ કરતી.

પ્રચારકો ઉપદેશકો રાખવાની આવી વ્યાપક અસરથી આપણી કૉન્ફરન્સ પણ કેમ કરી અલિપ્ત રહી શકે? એની સ્થાપના પછીના ત્રણ-ચાર દાયકા સુધી તો એણે પણ આ માર્ગનું કંઈક ને કંઈક અનુસરણ કર્યું; અને એ રીતે પોતાના કાર્ય અને સંદેશનો જૈન સમાજમાં પ્રચાર કરવાનો પ્રયત્ન કર્યો.

પણ એમ લાગે છે કે, દેશમાં ગાંધીજીની અસર જેમ જેમ વ્યાપક બનતી ગઈ, અને ગાંધીયુગની વિશિષ્ટ હવા દેશનાં ચોમેર ફેલાતી ગઈ તેમ તેમ આ કાર્યમાં ઓટ આવતી ગઈ; અને છેવટે 'જે વાતનું આપણે પોતે આચરણ ન કરતા હોઈએ એનો ઉપદેશ બીજાને કેમ આપી શકાય?' એવી આપનિરીક્ષણની મનોવૃત્તિ જનતામાં ફેલાતી ગઈ. બીજી બાજુ જાણે આવી મનોવૃત્તિનો જ પડઘો હોય એમ સામાન્ય જનસમૂહ પણ એમ વિચારતો અને માનતો થઈ ગયો કે 'જે વ્યક્તિ સ્વયં આચરણ ન કરે અને કેવળ બીજાને ઉપદેશ કરવા આવે એવા ઉપદેશક કે પ્રચારકની 'પોથીમાંનાં રીંગણાં' જેવી શિખામણ સાંભળવાથી પણ શું લાભ?

આમ પૈસા ખરચીને પ્રચારકો રાખવાની પ્રથા ઓછી થતી ગઈ; અને અત્યારે તો લગભગ એ નામશેષ જ બની ગઈ છે.

આ જ વાતનો જરા બીજી (આર્થિક) રીતે વિચાર કરીએ તોપણ એમ લાગે છે કે જે થયું છે તે સારું થયું છે. અત્યારે પગાર, ભાડાં, ભથ્થાં વગેરેનું ખર્ચ એટલું વધી ગયું છે, અને એ ખર્ચના પ્રમાણમાં સમાજસેવાની કાર્યને વરેલી જાહેરસેવાની મોટા ભાગની સંસ્થાઓની આવક એવી ઓછી થઈ ગઈ છે કે, હવે આવા પગારદાર પ્રચારકો રાખવાનું આવી સંસ્થાને ભાગ્યે જ પાલવે. અને કોઈ સંસ્થા આવું મોટું ખર્ચ ઉઠાવે તોપણ જનતા કે સમાજ એનો લાભ કેટલો ઉઠાવે અથવા એને એથી લાભ કેટલો થાય, એ તો વળી બીજી વાત થઈ.

એટલે, અત્યારના સમયમાં કૉન્ફરન્સ આવા પ્રચારકોને રોકીને એમની મારફત પોતાના કાર્યનો પ્રચાર ન કરતી હોય તો એમાં એનો લેશ પણ દોષ કાઢી ન શકાય. હવે આવા પ્રચારની દિશા જ સાવ બંધ થઈ ગઈ સમજવી.

તો પછી કૉન્ફરન્સના પ્રચારકાર્યનો ભાર એના આગેવાનો, કાર્યકરો અને ચાહકો ઉપર આવી પડે છે. પણ આ રીતે કૉન્ફરન્સના કાર્યનો પ્રચાર થાય, એવી ઝાઝી શકયતા અત્યારની પરિસ્થિતિમાં નથી દેખાતી. સમાજકલ્યાણવાંચ્છુ મોટા કે નાના દરેક આગેવાનને કે કાર્યકરને મનમાં તો એમ રહે જ કે કૉન્ફરન્સના કાર્યનો પ્રચાર કેમ થાય, એમાં વેગ કેમ આવે અને એ વિશેષ શક્તિશાળી કેવી રીતે બને?

પણ મનમાં ભાવના હોવી એક વાત છે. અને એ ભાવનાને અનુરૂપ અમલી કાર્ય કરી બતાવવું એ બીજી વાત છે. અલબત્ત, કશું જ ન હોય એના કરતાં ભાવના કે લાગણી હોય એ બહુ સારું છે; એટલું પણ બીજ હશે તો અનુકૂળતા આવતાં એમાંથી અંકુર ઊગશે અને એ રીતે કામ આગળ વધશે એટલે ભાવનાનું પણ અમુક અંશે મહત્ત્વ તો છે જ.

તો પછી સવાલ થાય છે કે જો આવી ભાવના જીવતી હોય તો એનો અમલ કેમ થતો નથી? આનો જવાબ બહુ સ્પષ્ટ છે, અને તે અત્યારના વાતાવરણમાંથી જ મળી રહે છે.

અત્યારે મોટી-નાની બધી વ્યક્તિઓને પોતાની અંગત અને બીજી ઉપાધિઓ એટલી બધી વળગેલી છે કે એમાંથી એનાથી ઊંચા જ અવાતું નથી; અને એનાં લગભગ સમગ્ર શક્તિ અને સમય એ ઉપાધિઓની વિચારણામાં કે એના નિવારણમાં જ ખરચાઈ જાય છે. પરિણામે એ પોતાની ખૂબ ખૂબ ઇચ્છા અને ભાવના હોવા છતાં સમાજસેવાના જાહેર કાર્યમાં ભાગ લઈ શકતા નથી. દેશનું અને દુનિયાનું રાજદ્વારી વાતાવરણ પણ એવું અતિગતિશીલ બની ગયું છે કે રોજના રોજ કંઈક ને કંઈક પણ એવું બન્યા વગર નથી રહેતું કે જેની ઉપેક્ષા કરી શકાય. નવા નવા કાયદાઓ પણ કંઈ કેટલા બનવા લાગ્યા છે, અને તે પણ કોઈ ગુનેગારોને માટે નહીં પણ વેપાર, ઉદ્યોગ, નોકરી અને કેળવણીને લઈ ને, કે એનાથી પણ માણસનું મન મોકળું બની શકતું નથી. આવાં અનેક કારણોસર માણસનું જાહેર-જીવન જાણે જોખમાઈ ગયું છે.

ત્યારે વળી બીજી બાજુ કંઈક એવો પણ આભાસ થાય છે કે જાણે દેશનું જાહેરજીવન આગળ વધી રહ્યું છે. આ વાત અમુક અંશે સાચી છે, છતાં જે જાતની સમાજસેવા અને લોકસેવાની અત્યારે જરૂર છે, એ દિશાનું જાહેરજીવન તો લગભગ બંધ જેવું થતું લાગે છે. અને જાહેરજીવનમાં અત્યારે જે જુવાળ દેખાય છે તે તો કેવળ રાજદ્વારી તખ્તા ઉપરનું નાટક માત્ર જ છે; અને એ એવું તો વેગ પકડતું જાય છે કે એ જ બીજા પ્રકારના જાહેરજીવનને વેરવિખેર બનાવી દે છે, અથવા રૂંધી નાખે છે.

જ્યારે એક બાજુ જાહેરસેવાની સંસ્થાના પ્રચાર-કાર્યમાં આવી શિથિલતા આવતી જાય છે, અને ભાવના-શીલ કાર્યકરો પણ એ માટે જોઈ તો પૂરતો ભોગ નથી આપી શકતા ત્યારે બીજી બાજુ પરિસ્થિતિ એવી વિચિત્ર અને વિલક્ષણ સર્જાતી આવે છે કે કૉન્ફરન્સ જેવી સમાજસેવાના કાર્યને વરેલી સંસ્થાની સેવાની વધારેમાં વધારે જરૂર છે; એવી સંસ્થાને ખૂબ ખૂબ પ્રાણવાન અને શક્તિશાળી બનાવવાની જરૂર છે; એવી સંસ્થાઓના કાર્યના પ્રચારને વેગવાન બનાવવાની જરૂર છે.

આમ જાણે ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ છે. આ સ્થિતિનો ઉકેલ કેવી રીતે લાવવો? અને કૉન્ફરન્સ જેવી સંસ્થાના પ્રચારકાર્યને સારી રીતે આગળ કેમ વધારવું?

આનો જવાબ શોધવા જરા આપણે બીજી રીતે વિચારણા કરવી પડશે.

આ કોયડાનો ઉકેલ લોકશાહી રાજ્યતંત્ર સફળ કેવી રીતે થઈ શકે, એના અભ્યાસમાંથી મળી શકે એમ છે.

લોકશાહી રાજ્યતંત્ર એટલે લોકોની ઇચ્છા મુજબ અને લોકોની શક્તિથી ચાલતું રાજ્યતંત્ર. આખા રાજ્યનું બધા લોકો ભેગા થઈ ને સંચાલન કરે એ વાત વ્યવહારુ નથી, એટલે એમાં પ્રજાના પ્રતિનિધિઓને ચૂંટવાની પ્રથા દાખલ થઈ: અને પ્રજાના એ પ્રતિનિધિઓ, પ્રજાને નામે, પ્રજાને માટે; કેવળ નિઃસ્વાર્થવૃત્તિ અને સેવાપરાયણતાથી રાજ્યનું સંચાલન કરે. અને એ પ્રતિનિધિઓ ત્યારે જ સાચા લેખાય જ્યારે એ પોતાને મળેલા અધિકારને સત્તારૂપે નહીં પણ જવાબદારી રૂપે જ પિછાને અને પ્રજા પોતાના પ્રતિનિધિઓને ચૂંટ્યા પછી જો રાજ્યતંત્ર પ્રત્યે ઉદાસીન, ઉપેક્ષાવૃત્તિવાળી કે આળસુ બની જાય તો સરવાળે રાજાશાહી અને લોકશાહી વચ્ચે અંતર ન રહે, અને પોતે નક્કી કરેલા પ્રતિનિધિઓ છેવટે ધાર્યું કામ ન કરી શકે. એટલે જેને માટે રાજ્યતંત્ર ચલાવવાનું હોય છે એ પ્રજાએ સતત જાગ્રત અને કર્તવ્યપરાયણ રહેવું એ જ લોકશાહીને સફળ બનાવવાનો એકમાત્ર માર્ગ છે.

જે વાત લોકશાહીની સફળતા માટે સાચી છે એ જ

વાત હવે આજે કૉન્ફરન્સ જેવી જાહેરસેવાની સંસ્થા માટે સાચી છે. એનો અર્થ એ કે કૉન્ફરન્સના પ્રચારકાર્યને વેગવાન બનાવવાની કે કૉન્ફરન્સને શક્તિશાળી બનાવવાની બધી જવાબદારી અમુક આગેવાનો કે કાર્યકરો ઉપર લાદી લેવામાં આવે એ બરાબર નથી. હવે તો સમાજના બધાં, અથવા કહો મોટાભાગનાં, ભાઈબહેનોએ કૉન્ફરન્સના પ્રચાર માટે અને એને પ્રાણવાન બનાવવા માટે પોતપોતાની શક્તિનો અને સમયનો ભોગ આપવો પડશે. જનતાની સેવાનું કાર્ય જનશક્તિથી જ થઈ શકવાનું છે; આગેવાનો કે કાર્યકરો તો એના અંગરૂપ કે નિમિત્તરૂપ જ બની શકવાના છે.

સમયની જ એ માંગ છે કે આગેવાનોને બધી જવાબદારી ભળાવી દઈ ને નહીં પણ આગેવાનોને સક્રિય સાથ આપીને જ જનતા કે સમાજ પોતાનાં યોગ–ક્ષેત્ર જાળવી શકશે. એટલે હવે પછી કૉન્ફરન્સના પ્રચારકાર્ય જવાબદારી કોઈ પગારદાર પ્રચારકો કે અમુક આગેવાનો કે કાર્યકરોને જ માથે ન નાખી શકાય; આખો સમાજ ઉપાડે તો જ પાર પડી શકે એવી આ જવાબદારી છે. સમાજ એ રીતે વિચારે અને કૉન્ફરન્સને પ્રાણવાન બનાવવા એ પ્રકારનું પ્રચારકાર્ય ઉપાડી લે. ઝાઝા હાથ કામે લાગશે તો જ કામ રળિયામણું થઈ શકવાનું છે— એ જ આ કથનનો સાર છે.

卐

कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

पेट्रन 'अ' वर्ग	रु. १००१	प्रदान कर
पेट्रन 'ब' वर्ग	रु. ५०१	,,
आजीवन सभ्य 'अ' वर्ग	रु. २५१	,,
,, ,, 'ब' वर्ग	रु. १०१	,,

कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभागमें (खातामें) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

जैन युग

ग्राहक बनकर वार्षिक उपहार रु. २ (प्रतिमास ता. १ को प्रकट किया जाता है)

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

દક્ષિણમાં પ્રચારાર્થે પ્રવાસ

કૉન્ફરન્સના પ્રચારાર્થે પ્રમુખ શ્રી મોહનલાલ લલ્લુચંદ શાહના નેતૃત્વ હેઠળ શ્રી કુલચંદ શામજી (ઉપપ્રમુખ); અગ્રગણ્ય કાર્યકર શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી અને શ્રી માણેકલાલ ડી. મોદી (એસિ. સેક્રેટરી) ના એક પ્રતિનિધિ મંડળે મદ્રાસ, કોઈમ્બતૂર, કુન્નુર, ઊટી, કોચીન અને બેંગ્લોર તેર દિવસ સુધી પ્રવાસ કરી જે પ્રચાર કરેલ છે તેની ટુંક વિગત અન્યત્ર આપવામાં આવી છે.

આ પ્રવાસથી દક્ષિણમાં લોકજાગૃતિ અને કૉન્ફરન્સ પ્રત્યે સારી મમતા ઉત્પન્ન થઈ છે. કૉન્ફરન્સના કાર્યવાહકો પણ એ પ્રદેશના જનસમુદાયના નિકટ સંપર્કમાં આવતાં અનેક પ્રશ્નોની નિખાલસ દીલે વિચારણા કરવાનું શક્ય બન્યું. જૈન જનતા ખૂબ જાગૃત છે અને સમાજના એક એક પ્રશ્નો અંગે નૂતન વિચારશ્રેણીને તેઓ અપનાવી રહ્યા છે તે પણ જાણી શકાયું. કૉન્ફરન્સને પુષ્ટ બનાવવા માટે તેઓએ આ સંસ્થા પ્રત્યે જે અનહદ પ્રેમ દાખવેલ તે જૂદા જૂદા સ્થળે નોંધાયેલ સભ્યો દ્વારા સ્પષ્ટ તરી આવે તેમ છે.

આ પ્રવાસમાં મદ્રાસ, કોચીન અને બેંગ્લોરમાં શ્રી લાલચંદજી ઢઢ્ઢાએ ઉત્સાહપૂર્વક જે સહકાર આપેલ છે તે અવર્ણનીય છે. કૉન્ફરન્સ પ્રત્યે તેઓ અપૂર્વ પ્રેમ ધરાવે છે અને માતૃસંસ્થાની પ્રવૃત્તિ સર્વદિશાએ કેમ પ્રસરે તે જોવાની તેમની ભાવના છે. મદ્રાસમાં પ્રથમથીજ પૂર્વભૂમિકારૂપે સર્વ ગોઠવણો કરી પાંચ દિવસ સુધી પ્રતિનિધિમંડળના કાર્યને સફળ બનાવવામાં તેમનો મહાન અને યશસ્વી ફાળો છે. તેમની સાથે શ્રી મેલાપચંદજી ઢઢ્ઢા, શ્રી મોહનચંદજી ઢઢ્ઢા, શ્રી ચીમનલાલ રિખવચંદજી કોઠારી, શ્રી મોહનલાલજી ડી. ટોલીઆ, શ્રી નેમીચંદજી ઝાબક, શ્રી મોહનલાલજી બી. પંજા, શ્રી જીવણચંદ સમદડીઆ, શ્રી કેશરીમલજી સંઘવી, શ્રી માણેકચંદજી બેતાલા, શ્રી હિંમતલાલ શેઠ અને બીજા અનેક સેવાભાવી બંધુઓએ મદ્રાસમાં જે સહકાર આપેલ છે તે અભિનંદનપાત્ર છે.

કુન્નુરમાં રાયબહાદુર શ્રી બાલચંદજી બછાવત અને શ્રી અનોપચંદજી ઝાબક, કોચીનમાં શ્રી આણંદજી માલશીભાઈ, શ્રી મેઘજીભાઈ માલશીભાઈ, શ્રી અમૃતલાલભાઈ લાલન; બેંગલોરમાં શ્રી મોહનચંદજી ઢઢ્ઢા, શ્રી કાંતિલાલ હરિચંદ શાહ, શ્રી સુરજમલજી મેઘરાજજી, શ્રી રવિલાલભાઈ શાહ, શ્રી દેવીચંદજી મિશરીમલજી, શ્રી થાનપલજી, શ્રી મધરાજજી, વગેરેએ પણ કૉન્ફરન્સના કાર્યને પુષ્ટ બનાવવા કિંમતી સેવાઓ અર્પી છે તે ખાસ ઉલ્લેખનીય છે.

મદ્રાસમાં ૧૩૨; કુન્નુરમાં ૪; કોચીનમાં ૧૩ અને બેંગ્લોરમાં ૨૫ મળી કુલ ૧૭૪ નવા સભ્યો (પેટ્રન અને આજીવન સભ્ય) નોંધાયા છે જેની રકમ લગભગ રૂા. છવ્વીસ હજાર થાય છે.

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ આ પ્રવાસમાં જોડાઈ સંસ્થાના કાર્યને જે પ્રોત્સાહન અને સહકાર આપેલ છે તે સ્તુત્ય છે.

" છાત્રાલયો અને છાત્રવૃતિ "

બધાં છાત્રાલયો અને છાત્રવૃતિ આપતી સંસ્થાઓ અંગે માહિતી રજૂ કરતું આ પુસ્તક ચાલુ માસમાં પ્રગટ થઈ જશે. અમદાવાદમાં થતા આ પુસ્તકના મુદ્રણકાર્યમાં અણધાર્યો વિલંબ થતાં આ પુસ્તક સમયસર જાહેરમાં મૂકવાનું અશક્ય બનેલ છે. પુસ્તકની કિંમત ૫૦ નવા પૈસા (પોસ્ટેજ અલગ) રાખવામાં આવેલ છે.

'જૈન યુગ'ના ગ્રાહકબંધુઓને :

નવેમ્બર, ૧૯૫૮ થી 'જૈન યુગ'ના દ્વિતીય વર્ષની શરૂઆત થએલ છે. જે ગ્રાહકબંધુઓએ બીજા વર્ષના લવાજમના બે રૂપીઆ હજુ સુધી ન મોકલ્યા હોય તેમને તુરત મોકલી આપવા ખાસ વિનંતી છે.

સમાચાર સંકલન

મદ્રાસ

મદ્રાસના જૈન સમાજ તરફથી શિક્ષણ, આરોગ્ય અને અહિંસા પ્રચારાદિની પ્રવૃત્તિઓ માટે પ્રતિવર્ષે લગભગ નવ લાખ રૂપિયા ખર્ચાય છે.

કોમી ઝનૂન વિષે શ્રી નહેરૂ

મધ્યપ્રદેશમાં તાજેતરમાં થયેલા કોમી તોફાનો અંગે શ્રી નહેરૂએ દુઃખ અને ખેદ વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે જબલપુરમાં કેટલાક હિંદુઓ તેમના કોમી ઝનૂનની લાગણીથી પ્રેરાઈ જૈન મૂર્તિઓ તોડી નાંખે એ તો ભારે આશ્ચર્યજનક કહેવાય. આ તો જંગલીપણાની હદ કહેવાય. મક્કમ હાથે આ જંગલીપણાને દાબી દેવાની જરૂર છે.

ભોંયણી તીર્થ યાત્રાળુ વેરો

ભોંયણીમાં શ્રી મલ્લિનાથ પ્રભુ જિનાલય છે. તીર્થ-સ્થળ હોવાના કારણે હજારો જૈનો પ્રતિવર્ષ યાત્રાર્થે ત્યાં જાય છે. તાજેતરમાં ત્યાંની ગ્રામપંચાયતે કાર્તક, મહા અને ચૈત્રના મેળાના દિવસોએ યાત્રાઓ ઉપર ૩ થી ૧૨ વર્ષ સુધીની ઉમરના બાળકો માટે ૧૨ નવા પૈસા તથા બાર વર્ષની ઉપરના માટે ૨૫ નયા પૈસા કર નાંખવાની તા. ૯-૬-૧૯૫૯ના રોજ જે જાહેરાત કરી છે તેથી સમગ્ર જૈન સમાજમાં વિરોધની લાગણી પ્રકટ થઈ છે.

કોઈમ્બતૂરમાં જૈન પાઠશાળા

આચાર્ય શ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી કોઈમ્બતૂરમાં જૈન પાઠશાળા શરુ કરવામાં આવી છે અને તે માટે પ્રતિવર્ષે રૂા. પાંચ હજારના ખર્ચની યોજના થઈ છે.

અસામયિક નિધન

પં. મહેન્દ્રકુમાર જૈન, એમ. એ., પી.એચ.ડી. ન બનારસમાં ૪૭ વર્ષની વયે તા. ૨૦-૫-૧૯૫૯ના રોજ થયેલ સ્વર્ગવાસથી જૈન સમાજને એક પ્રખર વિદ્વાનની ખોટ પડી છે.

જૈન પ્રાર્થના સંકલન

જૈન સમાજના સર્વ સંપ્રદાયોની પ્રચલિત સંસ્કૃત, પ્રાકૃત, હિંદી અથવા અન્ય ભારતીય ભાષાઓની પ્રાર્થનાઓ સંકલન કરી પ્રસિદ્ધ કરવાનું ભારતીય જ્ઞાનપીઠ (અલીપૂરપાર્ક પેલેસ, કલકત્તા) એ નિર્ણય કરેલ છે. સર્વ સંપ્રદાયોને તે પ્રકારની સાધન સામગ્રી પાઠવવા તેઓ સૂચવે છે.

બેંગ્લોરમાં યુવક સંમેલન

બેંગલોરમાં મારવાડી યુવક સંમેલનની બેઠક શ્રી મોહનચંદજી દઢ્ઢાના પ્રમુખપદે તાજેતરમાં મળી હતી, જેમાં સમાજોત્થાનની વિશાળ દૃષ્ટિથી વિચારણા થઈ હતી.

અભિનંદન

મુંબઈ યુનિવર્સિટીની બેચેલર ઓફ એન્જીનિયરિંગની પરીક્ષામાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના બે વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થએલ છે. શ્રી. રમેશચંદ્ર પ્રેમચંદ શાહ ઇલેકટ્રીકલ વિભાગમાં અને શ્રી દીનેશ સૂરજમલ શાહ મીકેનિકલ વિભાગમાં પ્રથમ આવેલ છે. બન્ને વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી આ પ્રાવિણ્ય માટે પારિતોષિક મળેલ છે.

શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગને સ્પર્શતા સમાચાર તા. ૨૦મી સુધીમાં દર મહિને નીચે જણાવેલ સરનામે મોકલવા નિમંત્રણ છે. આ સમાચાર ટૂંકા અને મુદ્દાસરના સ્પષ્ટ હસ્તાક્ષરમાં શાહીથી લખેલા હોવા જોઈએ. સમાચાર મોકલનારે પોતાનું પૂરું નામ, સરનામું જણાવવું જરૂરી છે.

તંત્રીઓ, "જૈનયુગ"
C/o શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ
ગોડીજી બિલ્ડીંગ; ૨૦, પાયધુની, મુંબઈ ૨

દક્ષિણમાં કૉન્ફરન્સ પ્રચારકાર્ય

કૉન્ફરન્સના પ્રચારાર્થે શ્રી મોહનલાલ લલ્લુચંદ શાહ (પ્રમુખ), શ્રી ફુલચંદ શામજી (ઉપ-પ્રમુખ), શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી (પૂર્વ મંત્રી), અને શ્રી માણેકલાલ ડી. મોદી (એસિ. સેક્રેટરી) નું પ્રતિનિધિ મંડળ મદ્રાસ, કોઈમ્બતૂર કુન્નુર, ઉટાકામંડ, કોચીન અને બેંગલોર તા. ૩૦-૫-૧૯૫૯થી તા. ૧૨-૬-૧૯૫૯ ના દિવસો દરમ્યાન પ્રવાસ કરી આવેલ તે પ્રસંગે સમાજ અને ધર્મને સ્પર્શતી વિવિધ કાર્યવાહીના પ્રતિબિંબ નિમ્નવૃત્તાંતથી જણાશે.

મદ્રાસમાં ભવ્ય સ્વાગત

મદ્રાસના હવાઈમથક ઉપર શનિવાર તા. ૩૦-૫-૧૯૫૯ ના રોજ સવારના શેઠ લાલચંદજી ઢઢ્ઢાના નેતૃત્વમાં મદ્રાસના અનેક પ્રતિષ્ઠિત જૈન આગેવાનોએ ઉપસ્થિત થઈ પ્રતિનિધિમંડળનું ભાવભીનું સ્વાગત કર્યું. અને ત્યાંથી શ્રી લાલચંદજી ઢઢ્ઢાના નિવાસસ્થાને પહોંચ્યા, જ્યાં લગભગ એક કલાકમાં અનેક ગૃહસ્થોએ પધારી પ્રમુખશ્રીની સાથે કૉન્ફરન્સ અંગે વિચારવિનિમય કરવાની તક લીધી. બાદ પૂજ્યપાદ શ્રી યશોભદ્રવિજયજી મહારાજ સાહેબના દર્શનાર્થે સૌ ગયા હતા, જ્યાં પૂજ્ય મુનિશ્રી સાથે ધર્મ અને સમાજોત્થાનની કેટલીક બાબતો પ્રેમપૂર્વક વિચારવામાં આવી. પૂજ્ય મુનિશ્રીએ શાંતિપૂર્વક એકાગ્રચિત્તે તે સાંભળી માર્ગદર્શન કરાવ્યું. એ આખો દિવસ અનેક નાના મોટા કાર્યકરોએ પ્રતિનિધિમંડળની મુલાકાત લઈ કૉન્ફરન્સ પ્રત્યે મમતા દાખવી હતી.

જૈનો જાહેર સભા

શ્રી સાધારણભુવન (મિન્ટ સ્ટ્રીટ)માં રાત્રે (૩૦–૫–૧૯૫૯) જૈનોની જાહેરસભા શ્રી શિવચંદજી ઝાલકના પ્રમુખપદે મળી. પ્રારંભમાં પાઠશાળાના બાળકોએ સુરમ્ય સરોદે સ્તુતિ અને સ્વાગત ગીત રજૂ કર્યા બાદ શ્રી ચીમનલાલ રિખવચંદ કોઠારીએ સંઘ તરફથી સ્વાગત કરી સહકારની ભાવના વિકસાવવા જણાવ્યું હતું.

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ જણાવ્યું હતું કે ધર્મ કે તીર્થંકર પ્રભુની વાત આવે ત્યારે જૈન સમાજ એકીસાથે સંગઠિતપણે કાર્ય કરી રહેલ છે છતાં તેમાં સાંપ્રદાયિકતા નથી. કૉન્ફરન્સના સ્થાપક રાજસ્થાનના જ ગૃહસ્થ સ્વનામધન્ય શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા હતા. તેઓએ સમાજની એકસો વર્ષ અગાઉની સ્થિતિ દીર્ઘદર્શિપણે વિચારી આ મહાસભાની સ્થાપના કરી હતી. આજના રાજતંત્રમાં આવી પ્રતિનિધિત્વ ધરાવનારી સંસ્થાની ઘણી જ જરૂર છે. સમાજવાદ તરફ પ્રયાણ કરતા વેપારી જગતને ટકાવવા, આબુ–રાણકપૂર–કુંભારીયાજી કે જેસલમેરની સ્થાપત્યકળાને ટકાવવા, જગડુશા, ભામાશા, વસ્તુપાળ–તેજપાળ આદિની ગૌરવગાથા સાચવવા અને પૂર્વજોના રમણીય અને રળિયામણા ઇતિહાસને ઉજ્જવળ રાખવા જૈન સમાજે સંગઠિત થવાની પળ આવી લાગી છે. સમાજ સમક્ષ અનેક વિકટ પ્રશ્નો પડ્યા છે જેના ઉકેલ માટે માર્ગદર્શન કરાવવા કૉન્ફરન્સ જેવી સંસ્થાજ આ યુગમાં શક્તિમાન લેખાશે. બે ચાર દિવસની ઉજાણી ભપકાભેર કરવા કરતાં સમાજના ચિરસ્થાયી ઉદ્ધાપન માટે સાતે ક્ષેત્રને અને ખાસ કરીને શ્રાવક–શ્રાવિકા ક્ષેત્રને પોષણ આપવાની અને દેશ કાળને ઓળખી સંગઠિત રીતે પ્રવૃત્તિ કરવાની કૉન્ફરન્સની હાકલને વિના વિલંબે ઝીલી લેવી જોઈએ. દાનની રકમ કરતાં ભાવનાની અને વિવેક બુદ્ધિની કિંમત વધારે છે અને તેથી આપણી સાહિત્ય સમૃદ્ધિને વિકસાવી જ્ઞાનપિપાસુને તે પહોંચાડવાની યોજના થવી ઘટે.

શ્રી ફુલચંદ શામજીએ જણાવ્યું કે મદ્રાસ સંઘની ઉત્સાહ, પ્રેમ, સહકાર અને સંગઠનની ભાવના વિરલ નજરે ચઢશે. કૉન્ફરન્સનો સંદેશો સહકાર અને સંગઠન સાથે સમાજ રક્ષણાર્થે છે. પ્રજાસત્તાક રાજ્યમાં સંગઠન હોય તોજ અવાજ સંભળાય. કૉન્ફરન્સે અનેક રચનાત્મક કાર્યો કર્યા છે. આજે સમાજ, ધર્મ, દેવમંદિર, સાહિત્ય, સ્થાપત્ય, કળા, શિક્ષણ અને આર્થિક બાબતોને લગતા અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે જેના ઉકેલ માટે કૉન્ફરન્સને મજબૂત બનાવવાની જરૂર છે. જો તેમ નહિં કરવામાં આવે તો આપણી વેપારી કોમ તરીકેની હસ્તી ભયમાંજ છે એમ કહું તો ખોટું નથી. મધ્યમવર્ગ તો મુંગા મોંઢે ઘણું સહન કરી રહેલ છે. તેના ઉત્થાન માટે જૈન સમાજે શક્તિશાળી બની પ્રવૃત્તિ હાથ ધરવી પડશે.

પ્રમુખશ્રી મોહનલાલ લલ્લુચંદ શાહે જણાવ્યું કે શ્રી સંઘના દર્શન અને નમનની તક જીવનમાં કવચિત જ પ્રાપ્ત થાય છે. મદ્રાસમાં બધા વિભાગો વચ્ચે જે સંપ અને સંગઠન જોવાય છે તે ખરેખર અભિનંદનીય જ નહિં પણ સમાજ માટે ગૌરવ લેવા જેવી બીના છે. જૈનો વ્યક્તિની પૂજા નથી કરતા–ગુણની પૂજામાં તેઓ માને છે. જ્ઞાનપૂર્વકની ક્રિયાને આચરણ કરનાર યાવત મોક્ષ સુખ પ્રાપ્ત કરી શકે. તે અંગેની વિચારણા જૈન ધર્મમાં સૂક્ષ્મ રીતે દર્શાવેલી છે અને તેથી મનુષ્યજીવન પ્રાપ્ત કરનાર તેને અનુસરે તો આ ભવ અને પરભવ બન્ને સાર્થક કરી શકે. શક્તિ વિના ક્ષમા ગુણ નકામું લેખાય છે. સૌના જીવનમાં ધર્મ છે પણ તે પ્રકટ કરવાની આવશ્યકતા રહેલી છે. સહિષ્ણુતાના અભાવે ભાઈ-ભાઈ, સમાજ સમાજ વચ્ચે ઈર્ષા અને દ્વેષ વધે છે. જીવન સંસ્કાર અને ચારિત્ર બળથી દીપે છે. યુગ પલટાયેલ છે. સ્થિતિસ્થાપકતા આજે ન ચાલે. વિનય ધર્મના મૂલમાં છે. દેશના રાજકારણ અને વહીવટમાં સૌએ ભાગ લેવાની અનિવાર્ય આવશ્યકતા છે. તે વેપાર રોજગાર અને જીવનના દરેક દરેક કામમાં શુદ્ધ ચરિત્રના દર્શન કરાવો. નાના ગૃહઉદ્યોગો માટે સરકાર એંશી ટકા સુધીની મદદ આપે છે તે દિશામાં જૈન સમાજ જેવી વેપારી કોમે પ્રવૃત્તિ હાથ ધરવી ઘટે. તેઓશ્રીએ ઉમેર્યું હતું કે કોઈપણ સંસ્થા કે વ્યક્તિ તેની પાછળના પીઠબળથી જ શોભે. એ માટે વ્યવસ્થિત કાર્ય કરતી સંસ્થાની જરૂર રહે–તે કોન્ફરન્સ આપણી પાસે છે. સમાજના આર્થિક–સામાજિક અને રાજનૈતિક કાર્યો માટે લોકશાહી પદ્ધતિએ કામ કરનાર બંધારણપૂર્વકની આ સંસ્થાને આપના સહકારની જરૂર છે. આ સંસ્થામાં સર્વે શ્વે. મૂર્તિ. જૈનોને એકજ વ્યાસપીઠ ઉપર સ્થાન છે. તેમાં સૌએ ભાગ લઈ પ્રગતિ સાધવી જોઈએ. કોઈની ક્ષતિ થતી હોય તો તે બતાવી સુધારવા પ્રયત્નો કરવા જોઈએ. શ્રી શ્રાવક શ્રાવિકા ઉત્કર્ષ અને મેમ્બરશિપની યોજનાનો ઉલ્લેખ કરી તેઓશ્રીએ સંગઠિત થઈ કોન્ફરન્સને સબળ બનાવવા અપીલ કરી હતી.

બાદ શ્રી લાલચંદજી ઢઢ્ઢાએ જણાંવ્યું હતું કે આપણી સમક્ષ સમાજની વર્ણવવામાં આવેલ પરિસ્થિતિ એ ખુલ્લા દિલની વાતસ્વરૂપ છે. આપણાં કુટુમ્બ, સમાજ, દેશ કે ધર્મને આગળ લાવવા માટે એક બીજા પ્રત્યે શ્રદ્ધા અને માનની દૃષ્ટિ રાખવી જોઈએ તે મદ્રાસમાં છે. અહીં જનહિતની દૃષ્ટિએ કાર્યો થાય છે તેથી પ્રેમ અને શાંતિ દેખાય છે. તેવીજ રીતે સર્વત્ર સેવાના સદ્‌ભાવ ખીલવવાથી સમાજ મજબૂત બનશે. કોન્ફરન્સ જૈનોની મહાસંસ્થા છે તેને તન, મન, ધનથી સહાયતા આપવી જોઈએ. જૈનો તો દયા અને દાનના ગુણો જન્મથી જ સાથે લાવ્યા છે. તેથી જૈનો ઉચ્ચ સ્થાને બિરાજેલા છે પણ સંગઠનના અભાવે આપણી બરી સંખ્યા પણ જણી શકાતી નથી. ત્યાગ અને સમર્પણની ભાવના કેળવવામાં આવશે તો અખિલ ભારતની આ સંસ્થા કોઈ જૂદા સ્વરૂપે હશે. મદ્રાસમાં પ્રાંતિક શાખા રાખી કાર્ય કરવું જોઈએ. શ્રી ઢઢ્ઢાસાહેબે સૌને કોન્ફરન્સના સભ્ય થવા માટે વિજ્ઞપ્તિ કરી હતી.

છેવટે પ્રમુખસ્થાનેથી શ્રી શિવચંદજી ઝાબકે નીચે પ્રમાણેનું વક્તવ્ય કર્યું હતું :—

" श्री मद्रास जैन संघ के लिये अत्यंत हर्ष का विषय है कि श्री जैन श्वेतांम्बर कॉन्फरन्स के पदाधिकारी आज हमारे बीच उपस्थित हैं और स्थानीय संघ को उनके स्वागत करने का सौभाग्य हुआ है। मद्रास जैन श्री संघ की ओर से तथा अपनी ओर से मैं हमारे आदरणीय अतिथियों का हार्दिक स्वागत करता हूं।

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स के प्रतिनिधियों के द्वारा दक्षिण भारत का दौरा काफी समय पहले होने की संभावना थी परंतु कारणवश नहीं हो सका। मद्रास शहर दक्षीण भारत का एक प्रमुख नगर है। इसी शहर में करीब १० हजार जैनी भाई–बहिन बसते हैं। इसी प्रकार हैद्राबाद, मैसूर, बेंगलोर, कोचीन आदि शहरों में भी काफी संख्या में जैन जनता अपना व्यापार–पेशा करती है और यह अत्यंत ही उचित है कि अपनी समाज की एक प्रमुख संस्था के प्रतिनिधि इन प्रांतों में बसी हुई जनता से सम्पर्क स्थापित करें और उनकी समस्याओं को सोचें।

मुझे यह कहते हुए अत्यंत हर्ष है कि मद्रास जैन संघ सामाजिक एवं धार्मिक प्रवृत्तियों में समयानुसार एवं शक्तिअनुसार अपना कर्ज निभा रहा है। यहाँ समाज की ओर से विद्यार्थीयों के अध्ययन हेतु, बिमारों के उपचारार्थ स्कूलो, छात्रालय, कॉलेज, औषधालयो, प्रसुतिगृह इत्यादि चल रहे हैं। धार्मिक प्रवृत्ति हेतु उपाश्रय, मंदिर, स्थानक, आदि का भी अच्छा प्रबंध हैं। मुझे विश्वास है कि हमारे अतिथि महोदय, इन संस्थाओं का निरीक्षण कर संतुष्ट होंगे।

सज्जनों ! भारत में जैन धर्म का अच्छा प्रभुत्व रहा है और जैनियों ने हर क्षेत्र में अपना उत्तरदायित्व निभाया है। आज भी जैनी किसी भी तरह किसी भी क्षेत्र में पीछे नहीं है। परंतु आजकी राजनैतिक, आर्थिक एवं सामाजिक परिस्थितियों के कारण जैन समाज के सामने भी कई ऐसे प्रश्न हैं जिन पर हमारे नेताओं को विचार करने की आवश्यकता है। आज जीवन के प्रत्येक क्षेत्र में राजनीति का विशेष संबंध है और प्रत्येक पहलू पर राजनैतिक दृष्टि से भी देखना आवश्यक होगा। अपनी समाज के कई नेता राजनैतिक क्षेत्र में काफी भाग लेते आये हैं और अपना स्थान रखते है परंतु अफसोस है कि समाज की आवाज इस क्षेत्र में संतोषजनक नहीं रही है। आज की परिस्थितियों में व्यापार की प्रथा और स्थिति पर गंभीर विचार करना आवश्यक है। समाज के मध्यम वर्ग की स्थिति पर, समाज के छात्रों की शिक्षा द्वारा औद्योगिक शिक्षा पर ठोस विचार करना जरूरी है। जैन समाज के तीर्थों एवं पुण्यभूमियों के उचित संरक्षण पर विचार होना चाहिये। हमारे अतिथि महोदय, कॉन्फरन्स के पदाधिकारियों से आशा रखते हैं कि वे समाज के आवश्यक प्रश्नों पर समाज का उचित मार्गदर्शन करेंगे। स्थानीय जैन समाज ने स्थानीय जैन जनता की परिस्थितियों को ध्यान में रखते हुये शक्तिनुसार इनमे से कुछ समस्याओं को हल करने का प्रयास किया है और कर रही है, आशा है आप सहमत होंगे अगर मैं कहूं कि मद्रास प्रदेश की प्रगति से अच्छी नहीं तो पीछे तो नहीं रही है।

आदरणीय अतिथिगण ! आप अपना समय समाज की सेवाओं के लिये, हर प्रकार की असुविधाओं का सामना करते हुये, दे रहे है; समाज के सौभाग्य की बात है। मद्रास की इस गरम मोसम में आपको काफी असुविधा होगी परंतु हमें विश्वास है कि मद्रास की जैन समाज की प्रगति देख आपको प्रसन्नता भी होगी।

मैं एक बार फिर से मद्रास जैन संघ की ओर से आपका हार्दिक स्वागत करता हूँ।"

छेवटे आभार विधि करी अपूर्व उत्साह वच्चे सभा विसर्जन थई हती.

સ્વાગતાર્થે ભવ્ય સમારોહ

કૉન્ફરન્સના પ્રતિનિધિમંડળના સત્કારાર્થે રવિવાર, તા. ૩૧ મે ૧૯૫૯ ના રોજ સાંજના વુડલેન્ડ હોટલમાં લગભગ ૮૦૦ આમંત્રિત ગૃહસ્થોની ટી પાર્ટી મદ્રાસમાં યોજવામાં આવી હતી. શ્રી મોહનલાલજી ચોરડીઆ પ્રમુખસ્થાને હતા.

પ્રારંભમાં શ્રી લાલચંદજી ઢઢ્ઢાએ જણાવ્યું કે મેડતા-ફલોધીમાં ૫૭ વર્ષ પૂર્વે સ્થાપિત થયેલ કૉન્ફરન્સે સમાજની કિંમતી સેવાઓ સ્વ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની ઉપસ્થિતિએ કૉન્ફરન્સને નવપલ્લવિત કરી. તેઓશ્રીની પ્રેરણાથી મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મારવાડ અને અને પંજાબ આદિ પ્રદેશોમાં અનેક ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સ્થાપિત થઈ છે અને તેઓશ્રીની ભાવના જૈનોના ચારે વિભાગોને એકતાની સાંકળથી બાંધવાની હતી જે માટે યોજાએલી સભામાં પ્રમુખ તરીકે મેં પણ યથાશક્તિ અને મતિ માર્ગદર્શન કરાવેલ. જે એકતાની ચાહના હતી તે કદાચ ન થઈ હોય પણ પહેલાં કરતાં આપણા વિભાગો વચ્ચે પ્રેમ અને સંપની લાગણી તો જરૂર વધી છે તે શુભ ચિન્હ છે. ફિરકાબાજી અનાદિ કાળથી ચાલી આવે છે. જૈન સંઘને એક અને અવિભાજ્ય સંઘ રૂપે જ વર્તતા રહેવાનું છે અને મદ્રાસ તેના નમૂનારૂપ છે. અનુકરણીય પણ છે. સંગઠનથી શક્તિ વધે છે. આજે તો આપણી ગણના પણ આપણે કરી શકયા નથી એ શોચનીય ગણાય. મદ્રાસમાં સૌરાષ્ટ્ર, ગુજરાત, બડી મારવાડ, કચ્છ, મેવાડ કે બીજા પ્રદેશના ભાઈઓ સાથે હળી મળી જે આનંદ પ્રાપ્ત થાય છે તે અવર્ણનીય છે. અહિની જૈન જનતાએ આ પ્રદેશના વિકાસમાં અનેકરીતે ફાળો આપેલ છે. જૈન સમાજદ્વારા શ્રી જૈન મેડિકલ રિલીફ સોસાઈટી હસ્તક આઠ દવાખાના અને પ્રસૂતિગૃહ ચાલે છે. એજ્યુકેશન સોસાઈટી, દયા સદન, આદિ બીજી પારમાર્થિક સંસ્થાઓની કાર્યવાહી પણ ઉલ્લેખનીય છે ગુજરાતી સમાજ દ્વારા પણ દવાખાનું વગેરે નાની મોટી પ્રવૃતિ ચલાવવામાં આવે છે. એ રીતે જૈન સમાજે અહિંના વિકાસમાં સુંદર ફાળો નોંધાવેલ છે છતાં વ્યાપારી કોમ હોવાથી અમારી ધારણા પ્રમાણે કામ થઈ શકતું નથી. અહિંની જૈન જનતામાં ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા છે અને સમાજને સંગઠિત બનાવવાની તમન્ના છે. કૉન્ફરન્સની આગામી બેઠક કલકત્તામાં થવાની છે તે આવકારદાયક છે. નાણાની સાથે બૌદ્ધિક સેવા સંસ્થાને વધુ મજબૂત બનાવશે. આ સંસ્થા આપણી છે અને આપણે તેનાં છીએ એ ભાવના પ્રદિપ્ત કરી

રચનાત્મક માગ આગળ વળો. કૉન્ફરન્સ રચનાત્મક કાર્યો તરફજ લક્ષ આપે છે જેનાં દૃષ્ટાંતસ્વરૂપ શ્રાવક-શ્રાવિકા ઉત્કર્ષ યોજના, જેસલમેર જ્ઞાનભંડાર સંરક્ષણ આદિના કાર્યો છે. અનેકાન્તવાદ આજની વિજ્ઞાનની શોધથી કંઈ જૂદી વસ્તુ નથી. મૂળમાં એકજ છે. આ બધી વસ્તુઓના ઉદ્ધાર અને પ્રચાર માટે કૉન્ફરન્સની સ્થિતિ સુદૃઢ કરવી જરૂરી છે. 'જૈનયુગ'– જેવા સુંદર મુખપત્રને અપનાવો. મદ્રાસમાં સંપ છે અને કાર્યકરો છે અને જો કૉન્ફરન્સની શાખા દ્વારા સમાજોત્થાનનું પુણ્ય કાર્ય થાય એવી ભૂમિકા રચાય તો આનંદજનક લેખાશે

કૉન્ફરન્સના પ્રમુખ શ્રી મોહનલાલ લલ્લુચંદ શાહે જણાવ્યું કે આજના સન્માન સમારંભ માટે શ્રી સંઘના અમો આભારી છીએ. શ્રી ઢઢ્ઢા સાહેબે કૉન્ફરન્સની કાર્યવાહી વિષે સુંદર પ્રકાશ પાડેલ છે. એટલું જ નહિં પણ મદ્રાસની પરિસ્થિતિ સંપ-સંગઠન અને પરોપકારમય સંસ્થાઓના સંચાલનાદિ વિષે જે કહ્યું છે તે ખરેખર ગૌરવ લેવા જેવી બીના છે. બીજા પ્રાંતોવાળા તે ઉપરથી અનુકરણ કરે તો આપણા અનેક પ્રશ્નો સહેલાઈથી ઉકેલાઈ જાય. આ પ્રાંતમાં કમાણી કરવા આવેલા આપણા બંધુઓએ એ પ્રાંતના ઉદ્ધાર અને વિકાસ માટે જે રીતે શક્તિ અને સંપત્તિનો વ્યય કરેલ છે તેથી ઘણા લાભો થયા છે. જૈનો સંકુચિતવૃત્તિ ધરાવતા નથી, તેઓ એકબીજાના સુખદુઃખમાં ભાગ લઈ રહ્યા છે અને ભાઈબંધ કોમો વચ્ચે પ્રેમની સુવાસ પ્રસરાવી રહ્યા છે અને તે અત્રે નજરે ચઢે છે. અલ્પ સંખ્યાવાળા સમાજે બીજા સમાજ સાથે મિત્રતા રાખવી ઈષ્ટ છે.

દેશમાં પ્રજાસત્તાક રાજ્ય છે. બધા સ્વતંત્ર ગણાય છે. બધાને રાષ્ટ્રપતિ કે મહામાત્ય થવા અધિકાર છે, તે માટે શું કરવું જોઈએ? વેપારી કોમને હમેશાં રાજ્યની સાથે સહકારની જરૂર પડે ત્યારે સંગઠન હોવું જોઈએ. સરકાર ઉપર પ્રભાવ પાડવા સંગઠન તો જોઈએ જ કે જેથી આપણી વ્યાજબી વાત પણ ન સંભળાય તેવું ન બને. આજે છ કરોડ માણસો વ્યાપારીઓ છે. સીધી અથવા આડકતરી રીતે સંગઠનના અભાવે જે પ્રભાવ જોઈએ તે પાડી શકવાનું અશક્ય બનેલ છે. સરદાર વલ્લભભાઈ વ્યાપારી વિભાગના પ્રશ્નો સમજતા હતા અને તેથી તેઓ નેતા હતા. આજે સાચી વાત પણ સંભળાતી નથી તેથી વ્યવસ્થિત કાર્ય પદ્ધતિ અખત્યાર કરવી જોઈએ. માત્ર સરકારની ટીકા કરવાથી કંઈ સરસે નહિં. આપણે પણ વેપારી પદ્ધતિ સુધારવી પડશે. નફો કરવાનો હક્ક છે પણ ગેરરીતિ કરવાનો નહિં. વેપારીઓએ જનતાનો પ્રેમ જીતવો પડશે. નફાખોરીથી દૂર રહેવું જોઈશે. દેશને, તેની પ્રજાને વેપારીઓ દરેકેદરેક રીતે ઉપયોગી થઈ પડે તે વિચારી પવિત્ર માર્ગે જવાનું રાખીશું તોજ પાર્લામેન્ટ કે અન્યત્ર પ્રભાવ પડશે. સામનો કરવા કરતાં પ્રભાવ પાડવા માટેના ઉપાયો શોધી લેવા જોઈએ. વ્યાપાર કેમ થાય અને મધ્યમ-વર્ગ માટે શું કરવું એ પ્રશ્નો ખૂબ વિચારો. રાજ્યની સદ્ધરતા માટે મધ્યમવર્ગ કરોડરજ્જુ સમાન છે. પશ્ચિમના બીજા દેશોમાં નાના નાના ઉદ્યોગોની સંયુક્ત રીતે શરૂઆત કરી જનતા આગળ વધી છે તેવીજ રીતે આપણા ભારતવર્ષમાં કરવું જોઈએ. ભારતવર્ષમાં અનેક શક્તિઓ અને સાધનો છુપાયેલા પડ્યાં છે તે શોધી કાઢવાં જોઈશે.

કૉન્ફરન્સ આપણી મહાસંસ્થા છે તેમાં મતભેદ હોઈ શકે પણ મનભેદ ન હોવો જોઈએ. સુખી ભાઈઓએ બધાને સાથે રાખી ચાલવું અને મધ્યમ-વર્ગ માટે માન કેળવવાની ભાવના રાખવી પડશે. જૈન ધર્મના અપરિગ્રહ અને અનેકાન્તવાદના સિદ્ધાન્તો જગતને આદર્શ અને ગ્રાહ્ય બન્યા છે. આજે 'જૈનમ્ જયતિ શાસનમ્' ની સુંદર તક સાંપડી છે તે સમયે એકજ ધ્વજ નીચે એકત્ર થઈ કૉન્ફરન્સ દ્વારા અભ્યુદયના માર્ગે સંચરવા તેઓશ્રીએ અપીલ કરી હતી.

પ્રમુખ શ્રી માહનલાલજી ચોરડીઆએ ભાષણ કરતાં કહ્યું કે જૈન સમાજની ઇમારત સંઘના ઉપર જ ટકી શકે. એકતા હશે તો ઉન્નતિ સમીપ છે. ભારતવર્ષે એકતા નહિ હોવાના કારણે ૧૫૦ વર્ષ સુધી કયા પ્રકારની સ્થિતિ સહન કરી? વેપારી વર્ગે નાના પાયા ઉપર ઉદ્યોગો શરૂ કરવા જોઈએ. અહિં મદ્રાસના જૈન સમાજે શરૂ કરેલા કાર્યોથી જે લાભ અત્યારે મળી રહેલ છે તેનાં કરતાં ત્રીજી પેઢીએ ખરા લાભો દેખાશે. અહિના સમાજ પાસે પૈસાની સાથે દાનજાતરૂપી મૂડી છે. રાજ્ય અને દેશની નીતિ સૂક્ષ્મપણે પિછાણી સંગઠિત થઈ શિક્ષણ પ્રચાર તરફ વળો. આજે મદ્રાસમાં ટેકનિકલ કૉલેજની જરૂર છે. જૈન સમાજ તેની પહેલ

કરી શકે. કૉન્ફરન્સના આવા પ્રયાસથી આ માટે ઉપદેશ અપાશે તો જરૂર સુંદર પરિણામ આવશે.

બાદ શ્રી કુલચંદ શામજીએ જૈનોના સંગઠન અંગેના સર્વસામાન્ય પ્રશ્નો ઉકેલવાની અપીલ કરી હતી અને મદ્રાસ શ્રી સંઘ તેમજ શ્રી દલ્લાજી, શ્રી ચિમનલાલજી કોઠારી, અને બીજી કાર્યકર્તાઓનો હાર્દિક આભાર માન્યો હતો.

શ્રી ખુશાલચંદજી ધારીવાલે મદ્રાસ વિષે કેટલીક બાબતો નિર્દેશ કરી જૈન ઉદ્યોગપતિઓને જૈનોને નોકરીએ કે વ્યવસાયમાં જોડવા વિનંતિ કરી હતી. અને કૉન્ફરન્સના કાર્યકરો સમગ્ર ભારતમાં પ્રવાસ કરી જાગ્રતી લાવશે એવી આશા વ્યક્ત કરી હતી. પ્રેરણાજનક વાતાવરણ વચ્ચે સત્કારસમારંભ પૂરો થયો હતો.

કોઈમ્બતૂરમાં સભા

પ્રતિનિધિ મંડળ ગુરૂવાર, તા. ૪ જૂન ૧૯૫૯ના રોજ કોઈમ્બતૂર પહોંચતાં સ્ટેશન ઉપર મેસર્સ ટી. વી. બ્રધર્સ વાળા શેઠ શ્રી અભેચંદ વંદ્રાવનભાઈ આદિ આગેવાનોએ ઉપસ્થિત થઈ ભાવભીનું સ્વાગત કર્યું. ત્યારબાદ પૂજ્યપાદ આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મહારાજના દર્શન કરી તેઓશ્રી સાથે કૉન્ફરન્સ અંગે કેટલીક વિચારણા કરી હતી. તેઓશ્રીએ સંસ્થાના અભ્યુદય માટે ઘણા ઉચ્ચ વિચારો દર્શાવી સ્વર્ગસ્થ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ઉપદેશામૃતથી સિંચન થયેલ આ મહાસંસ્થાને વેગ આપવા કિંમતી સૂચનો કર્યા હતાં.

રાત્રીના ઉપાશ્રયમાં સભા યોજવામાં આવી હતી, જે વખતે શ્રી મોહનલાલ લલ્લુભાઈ શાહ, શ્રી કુલચંદ શામજી અને શ્રી મોહનલાલ ચોકસીએ કૉન્ફરન્સની શ્રી શ્રાવક શ્રાવિકા ક્ષેત્રની યોજના રજુ કરી ઉદ્યોગ કેન્દ્ર ખોલી સમાજના ભાઈબ્હેનોને સ્વાશ્રય અને સ્વાવલંબનના માર્ગે લઈ જવા જણાવ્યું હતું. કૉન્ફરન્સના ટુંક પરિચયની પુસ્તકો અને "જૈનયુગ" વિતીર્ણ થતાં તે અંગે ઉપસ્થિત સમુદાયે પરિચય મેળવતાં આનંદ થયો. કૉન્ફરન્સના સભ્યો બનાવવા વગેરે માટે ઘટતી સૂચના કરવામાં આવી હતી.

કુન્નુરમાં સભા

કોઈમ્બતૂરથી ગુરુવાર, તા. ૫-૬-૧૯૫૯ ના રોજ કુન્નુર પહોંચતાં ત્યાંના આગેવાન કાર્યકર રાયબહાદૂર શ્રી. બાલચંદજી બછાવત, શ્રી અનોપચંદજી ઝાબક અને બીજા કાર્યકરોએ સારો સત્કાર આપ્યો.

રા. બ. શ્રી. બાલચંદજી બછાવત કુન્નુર અને ઉટીમાં શ્રી. શાંતિવિજયજી ગર્લ્સ્ હાઈસ્કૂલનું સંચાલન કરે છે. તેઓશ્રીના ધર્મપત્ની સૌ. ભાણીબાઈના આર્થિક ટેકાથી આ સ્કૂલની શરૂઆત સને ૧૯૪૩માં કરવામાં આવી જેમાં અત્યારે આશરે ૨૫૦૦ બાળિકાઓ જાતન્યાતના ભેદભાવ વગર શિક્ષણ મેળવી રહી છે. શ્રી શાંતિવિજય એજ્યુકેશનલ ટ્રસ્ટ હિંદુ સ્કૂલ એસોશીએશન (રજીસ્ટર્ડ સોસાયટી) દ્વારા સંચાલિત આ સ્કૂલોની વ્યવસ્થા, શિક્ષણ પ્રબન્ધ અને શિસ્ત પ્રશંસનીય છે. શ્રી. બાલચંદજી, શ્રી. એમ. વી. પશુપતિ અયાર (સેક્રેટરી) અને મિસ લલિતા ચારી (પ્રિન્સિપાલ) ની વિનંતિથી પ્રતિનિધિ મંડળના સત્કારાર્થે કુન્નુરની ઉપરોક્ત શાળામાં બપોરે વ્યાયામ, ભજન આદિના વિવિધ કાર્યક્રમની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રમુખ શ્રી મોહનલાલ લ. શાહે જણાવ્યું કે આજની બાળા ભવિષ્યની માતા છે જેમાં સરોજિની નાયડુ, વિજયાલક્ષ્મી કે ઈંદિરા ગાંધી થવાની શક્તિઓ રહેલી છે. માતા સંતાનોમાં ધર્મ અને સંસ્કૃતિ આરોપણ કરી દેશને આગળ લાવે છે. તેથી તેઓના શિક્ષણાર્થે અપાયેલ પ્રશંસનીય દાન ગણાય. ગુરૂભક્તિની ભાવના તેમાં સમાયેલ હોવાથી તે વધુ પ્રશસ્ત લેખાય. સ્કૂલના પ્રિન્સિપાલે પ્રતિનિધિમંડળનો આભાર માની પુષ્પહાર અર્પણ કર્યા હતા.

રાત્રે કુન્નુરના જૈનોની સભામાં પ્રમુખ શ્રી મોહનલાલ લ. શાહે સંસ્થાના ઉત્થાન માટે જનસંપર્ક વધારવા ઉપર ભાર મૂકી કૉન્ફરન્સના જૂદા જૂદા ઉદ્દેશોની સમજણ આપી હતી. અખંડ સંઘબળની સાથે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ને પિછાણી સમાજે પ્રવૃત્તિ આદરવાની સૂચના કરી. તેઓશ્રીએ કૉન્ફરન્સની સમિતિ ગામેગામ સ્થપાય એવી વિનંતિ કરી. પરિણામે જૂદા જૂદા ગૃહસ્થોએ કૉન્ફરન્સ અને સમાજ સાથે સંકળાયેલા વિવિધ પ્રશ્નોની માહિતી મેળવી હર્ષ પ્રદર્શિત કર્યો. આ પ્રસંગે ચાર આજીવન સભ્યો નોંધાયા હતા.

ઊટીમાં સભા

ઉટીના જૈન સંઘ તરફથી શુક્રવાર તા. ૫-૬-૧૯૫૯ના રોજ સાંજના ૪-૩૦ વાગે પ્રતિનિધિમંડળના આવકારાર્થે સભા યોજવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રમુખ શ્રી મોહનલાલ લ. શાહે કૉન્ફરન્સના ઉદ્દેશોની વિવિધપ્રકારે છણાવટ કરી આ યુગમાં તેની આવશ્યકતા દર્શાવી હતી. રતલામ, જબલપૂર કે અન્યત્ર બનતા બનાવો રજૂ કરી આવા આક્રમણોના પ્રતિકાર માટે સંગઠિત થવા જણાવ્યું. મધ્યમવર્ગના ઉત્કર્ષ માટેની કૉન્ફરન્સની યોજના વિસ્તૃતપણે સમજાવી તેને અપનાવવા વિનંતિ કરી. વેપારી કોમ તરીકે આપણી ફરજ સમજી નીતિના માર્ગે ગમન કરવા તેમજ પરસ્પર સહકાર અને સદ્‌ભાવ કેળવી 'જીવો અને જીવવા દો' ના સિદ્ધાંતને અપનાવવા અપીલ કરી હતી. શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસીએ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રને સબળ બનાવવાની કૉન્ફરન્સની યોજનાના મૂલ્યની સમજણ આપી હતી. વેપારીઓએ સમય-કામના ઑધાણ પારખી નવા વેપાર અને લાઈનોમાં જોડાવવા નમ્ર સૂચન કર્યું. શ્રી કુલચંદ શામજીએ દેવ-ગુરૂ-ધર્મને સંપૂર્ણ વફાદાર રહી સંઘબળ વધારવા તેમજ સદૈવ પોતાના પગ ઉપર ઉભા રહેવા માટેની શક્તિ કેળવવા જણાવ્યું હતું. ઉપસ્થિત સમુદાયે કૉન્ફરન્સની યોજના આવકારી હતી.

કોચીનમાં સ્વાગત

પ્રતિનિધિમંડળ શનિવાર, તા. ૬ જૂન ૧૯૫૯ ના રોજ કોચીન પહોંચતા સ્ટેશન ઉપર શ્રી ઝવેરલાલ આણંદજી માલશી અને શ્રી ઢઢ્ઢા સાહેબના પ્રતિનિધિએ સ્વાગત કર્યું. રવિવાર, તા. ૭ જૂન ૧૯૫૯ના રોજ ઉપાશ્રયમાં જૈનોની સભા યોજવામાં આવી હતી, જે પ્રસંગે જનસમુદાય સારી સંખ્યામાં હાજર રહ્યો હતો. પ્રમુખ સ્થાન શ્રી લાલચંદજી ઢઢ્ઢાને આપવામાં આવ્યું હતું. અગ્રેસર શ્રી આણંદજીભાઈ માલશીએ પ્રતિનિધિમંડળના સત્કાર સ્વરૂપ શ્રી સંઘ તરફથી હાર અર્પણ કર્યા હતા.

સભાના પ્રારંભમાં શ્રી અમૃતલાલભાઈ લાલને જણાવ્યું કે કૉન્ફરન્સના પ્રતિનિધિમંડળે કોચીન જેવા દૂર પ્રદેશમાં પધારવા જે કૃપા કરી તે હર્ષનો વિષય ગણાય. ૫૯ વર્ષથી અખંડપણે સમાજસેવા કરતી આ સંસ્થાને પણ રાજદ્વારી સંસ્થાની જેમ ભરતીઓટમાં પસાર થવું પડ્યું છે છતાં તેને ટકાવી રાખવામાં સમાજે જે ઉત્સાહ અને ઉદારપણ દાખવેલ છે તે સમાજના અભ્યુદયની નિશાની રૂપ ગણાય. આ પ્રદેશમાં વિપુલ પ્રમાણમાં જૈનો વસતા હતા. અહિંની જૂદી જૂદી ભાષાઓમાં લખાયેલા જૈન ગ્રન્થો અને સ્થાપત્યકળાના નમૂનાઓ એ વાતની સાક્ષી પૂરે છે. મુંડમીદ્રી, કલીકટ, આલેપી, તીરપૂર, મૈસૂર અને મદ્રાસ આસપાસ પ્રાપ્ત થતા સ્થાપત્ય ઉપરથી જૈનો આ પ્રદેશમાં અગ્રસ્થાન ભોગવતા હતા હતા એ સિદ્ધ થઈ શકે. આ ગૌરવભરી હકીકત હોવા છતાં વ્યાપારમાં નિમગ્ન રહેલા સમાજ તરફથી તેના વિકાસ કે પ્રકાશ માટે જોઈએ તે પ્રમાણમાં ફાળો અપાયેલ નથી તેથી આવા અનેક કાર્યો માટે કૉન્ફરન્સ જેવી સંસ્થાની ઉત્સાહભર્યો સાથ હોવો જોઈએ. કૉન્ફરન્સ શિક્ષણ પ્રચાર, સંગઠન વધારવા તેમજ મધ્યમવર્ગના ઉત્થાન માટે જે રચનાત્મક કાર્ય કરી રહી છે તે અનુમોદનીય છે. ભારતની સંસ્કૃતિને ઉજ્જવળ બનાવવા જૈનોએ મહાન ફાળો અર્પેલ છે અને અહિંસા કે પંચશીલના સૂત્રના મૂળમાં જૈન સિદ્ધાંતોજ રહેલા છે તેને કૉન્ફરન્સ દ્વારા વધુમાં વધુ પ્રચારમાં મૂકવાની આપણી ફરજ છે. વ્યક્તિગત યુગ આથમ્યો છે. સંગઠન યુગ ઝળહળી રહેલ છે. જૈન સમાજને સર્વ પ્રકારે સમૃદ્ધ બનાવવા સૌએ રૂઢિબદ્ધ થવું પડશે અને સ્વશક્તિ અનુસાર તન મન ધનની કુરબાની આપવી જોઈશે. તેમાં વિઘ્નો આવે તો ડરવા જેવું નથી. કૉન્ફરન્સ જેવી સંસ્થા આપણી પાસે છે. એકબાજુ ઉદ્દામવાદી યુવકો જોવાય છે. જ્યારે બીજી બાજુ કીર્તિલોભી સ્થિતિસ્થાપક વર્ગ નજરે ચઢે છે. યુવકો ક્રાંતિ માંગે છે. પણ વાસ્તવિકમાં જુનું એટલે બધું ખરાબ તો નથી જ. તેવી જ રીતે નવું પણ બધું અપનાવવા જેવું નથી. આ દૃષ્ટિકોણ બરોબર સમજી બહુ મોડું થાય તે પહેલાં રાષ્ટ્રના અને સમાજના નવનિર્માણ કાર્યમાં આપણે સૌએ સક્રિય ફાળો આપવા તૈયાર થવું જોઈએ.

પ્રમુખસ્થાનેથી શ્રી લાલચંદજી ઢઢ્ઢાએ જણાવ્યું કે કૉન્ફરન્સ સમગ્ર જૈન સમાજની સંસ્થા હોઈ તેના વિકાસની જવાબદારી પણ સમાજની છે. સમાજહિતને અનુલક્ષી આ સંસ્થા એકતાની હાકલ કરે છે. આપણે સંગઠિત હશું તો જ ધર્મ-સમાજ અને આત્માના શ્રેયના કાર્યમાં સફળ થઈશું. દ્રવ્ય વિના કોઈ કામ ન થઈ શકે. કૉન્ફરન્સે સભાસદો માટેની યોજના કરી છે તેને અપનાવી તેની પાછળ સર્વ સ્થળોના સંઘો અને આગેવાનોનું પીઠબળ છે એ બતાવી આપવું જોઈએ. તેઓ એ કૉન્ફરન્સની "જૈન યુગ" પ્રકાશનની પ્રવૃત્તિ અંગે પ્રશંસાના પુષ્પો વેરી તેનાં ગ્રાહકો કાયમી સ્વરૂપે બનાવવા સૂચના કરી હતી.

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ જણાવ્યું કે 'જૈનો'ના 'શાહ' ભારતના એક છેડાથી બીજા છેડા સુધી એક સમયે પ્રભુત્વ ભોગવતા હતા. દેશકાળના નકશા બદલાતા હોવાથી સમયાનુકૂલ ફેરફારો કરવા વિના ચાલે તેમ નથી. તેઓએ વસ્તુપાલ તેજપાલ–ચામુંડરાય–શ્રમણબેલગોળા–ઓરીસા આદિની ગૌરવ-ગાથા વર્ણવી સમાજવાદને બરોબર ઓળખવા તેમ જ ઉગતિ પ્રજાને જ્ઞાનનો વારસો આપવા વિનંતિ કરી હતી. વધુમાં શ્રી ચોકસીએ ઉમેર્યું કે વેપારી સમાજ રાજકીય તેમજ સામાજિક દૃષ્ટિએ યુગને ઓળખી ભાઈ–બહેનો રાજકીય ક્ષેત્રમાં દાખલ થાય અને સંગઠિત થઈ ઉદ્યોગો સ્થાપવાની દિશામાં વળે એ ઇષ્ટ છે. કૉન્ફરન્સના નવસર્જન માટે સભ્યો બનવા, સ્વામીભાઈઓને સહાયરૂપ નિવડવા, દેશના પ્રજાજનો સાથે ભ્રાતૃભાવ કેળવવા, શિક્ષણ પ્રચાર કરવા આદિ રચનાત્મક કાર્યો સ્થાનિક સમિતિ દ્વારા કરવાની સૂચના કરી હતી.

પ્રમુખશ્રી મોહનલાલ લલ્લુચંદ શાહે પ્રતિનિધિ-મંડળના સત્કાર બદલ હાર્દિક આભાર માની જણાવ્યું કે આજની 'સોશીઆલિસ્ટીક પેટર્ન ઑફ સોસાઈટી'માં જૈન સમાજ કેમ 'ફિટ' થઈ શકે તે વિચારવાની જરૂર છે. હવે માત્ર વ્યાપારમાં જ લક્ષ આપવાથી કામ નહિ સરે. રાષ્ટ્ર અને જગતના વિધવિધ ક્ષેત્રોની પ્રગતિ નિહાળી આપણા સમાજે દિશા ફેરવવા જરૂર છે. જૈનધર્મ માનવધર્મ મનાય છે. આજે કેટલાક સ્થળે રૂઢીચુસ્તતાને જીવનધર્મ માની લેવામાં આવે છે. વિવેક-પૂર્વક બધી બાબતો વિચારવાથી જ આગળ વધી શકાય. ગાંધીજીની અહિંસાએ જે ચમત્કારો કર્યા તે "અહિંસા"–જૈન ધર્મનીજ ને? જનતાના સહકાર અને સદ્‌ભાવની સૌને પ્રત્યેક ક્ષણે આજે જરૂર છે.

છેવટે પ્રમુખશ્રી લાલચંદજી ઢઢ્ઢાના ઉપસંહાર બાદ સારી સંખ્યામાં સભ્યો નોંધાયા હતા.

બેંગ્લોરમાં સભા

બેંગ્લોરમાં મંગળવાર, તા. ૯–૬–૧૯૫૯ની રાત્રે ઉપાશ્રયમાં જૈનોની જાહેરસભા મળી હતી. શ્રી ઇંદ્રમલજી કોઠારીએ કૉન્ફરન્સના પ્રતિનિધિમંડળને ભાવભીનો આવકાર આપી આ સંસ્થાદ્વારા સમાજશ્રેયના અનેક કાર્યો પાર પાડી શકાય છે તેમ જણાવ્યું હતું. શ્રી મોહનચંદજી ઢઢ્ઢાએ કૉન્ફરન્સની પ્રવૃત્તિ દરેક દરેક શહેર કે ગામમાં શરુ કરવા અનુરોધ કર્યો. બાદ પ્રમુખશ્રી મોહનલાલ લલ્લુચંદ શાહે સમાજની વર્તમાન પરિસ્થિતિ અંગેના વિચારો રજૂ કરતાં સંગઠન, રાજકીય વાતાવરણ સાથે વેપાર સંબન્ધ, સાહિત્ય પ્રચાર, તીર્થરક્ષા આદિ દિશામાં કૉન્ફરન્સ દ્વારા શું કરી શકાય તેનો ચિતાર આપી અહિંસા ધર્મના પ્રચારાર્થે કમર કસવાની અપીલ કરી હતી. શ્રી ફુલચંદ શામજીએ ફાલના અધિવેશનથી અત્યાર સુધીની કૉન્ફરન્સની કાર્યવાહી રજૂ કરી સહકાર માટે વિનંતિ કરી હતી. શ્રી મોહનલાલ ચોકસીએ જૈન ધર્મ અને ગ્રંથોના પ્રચાર માટેની યોજના રજૂ કરી તેનો ફેલાવો કરવા જણાવ્યું. સાથે સાથે દાનની દિશા બદલવા સૂચવ્યું. મોડી રાત્રે શ્રી ઇંદ્રમલજીના ઉપસંહાર સાથે સભા વિસર્જન થઈ. સભામાં કૉન્ફરન્સના સભ્યો નોંધવાની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી.

卐

જૈનો! જાગો, આપણા બીજા બંધુઓની જે દશા થઈ છે, તેવી કાલે આપણી નહીં થાય તેની શી ખાત્રી છે? માટે મોડું થાય તે પહેલાં ચેતો! આપણામાંથી કુસંપ, અસહકાર નાબુદ કરો! અને મારાથી મારી કોમની, સમાજની કેટલી અને કેવી રીતે સેવા બની શકે તેનો વિચાર કરવા મંડી જાવ અને પછી, દશ વર્ષ પ્રભુ જીવતા રાખે તો પરિણામ જૂઓ. જો જૈન સમાજના ઉદ્ધારની સાથે, ધર્મની ઉન્નતિ ચાહતા હો તો, ઉપર કહ્યા પ્રમાણે વેરઝેર છોડી દઈ એક એકની સાથે ખભેખભો લગાડીને કામે લાગી જાઓ! એટલું ચોક્કસ યાદ રાખજો કે, જો ધર્મની ઉન્નતિ ચાહતા હો, સમાજનાં ગૌરવમાં માનતા હો તો જરૂર સમાજને જીવતો રાખવા પ્રયત્ન કરો.

શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સના ચૌદમા અધિવેશનના સ્વાગત પ્રમુખસ્થાનેની

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

: રજીસ્ટર્ડ ઑફીસ :

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ	મીલ નં. ૨ બેલઘરીઆ
(પૂર્વ પાકિસ્તાન)	(કલકત્તા)

મહાનુભાવ મરિચિ

યા ને

ભગવાન મહાવીર પ્રભુનો ત્રીજો ભવ

પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

[શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના સત્તાવીશ ભવો પૈકી નયસારના ભવમાં અટવી પ્રદેશમાં થયેલા મુનિ-સમાગમના કારણે પ્રભુના આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, નયસારનું આયુષ્ય પૂર્ણ થતાં જીવનમાં કરેલા સુકૃતના પ્રભાવે ભગવાન મહાવીરનો આત્મા બીજા ભવમાં સ્વર્ગલોકમાં ઉત્પન્ન થયો. સ્વર્ગલોકનું આયુષ્ય પૂર્ણ થયા બાદ ત્રીજા ભવે શ્રી ઋષભદેવજીના પુત્ર ભરતચક્રવર્તીને ત્યાં મરિચિકુમાર તરીકે પ્રભુના આત્માએ અવતાર ધારણ કર્યો. પ્રભુની ધર્મદેશના-શ્રવણ કર્યા બાદ વૈરાગ્યવાસિત બની ભરયૌવનમાં સંયમ-ગ્રહણ કર્યું અને વર્ષો સુધી જ્ઞાન-ધ્યાન સંયમની આરાધના સાથે અગિયાર અંગના જાણકાર બન્યા. એક અવસરે ગ્રીષ્મઋતુના પ્રચંડતાપમાં ઉષ્ણપરીષહનો પ્રસંગ પ્રાપ્ત થતાં શરીર ઉપર મોહ જાગ્યો અને મૂલ સંયમમાર્ગનો પરિત્યાગ કરી ત્રિદંડિક-પરિવ્રાજક વેષને સ્વીકાર્યો છતાં શ્રદ્ધામાં મૂલ સંયમ માર્ગનું સ્થાન હોવાથી પોતાની પાસે આવનાર અનેક રાજકુમારોને પ્રતિબોધ આપી શુદ્ધ સંયમ માર્ગના આરાધક બનાવવાનું ચાલુ રાખ્યું. એક અવસરે ભરતચક્રીએ ભગવાન શ્રી ઋષભદેવજીને પૂછ્યું કે "આપની આ પર્ષદામાં કોઈ ભાવિ તીર્થંકર થનાર આત્મા છે?" ભગવાને ભરતને જવાબ આપ્યો કે 'તારો પુત્ર મરિચિ જે વર્તમાનમાં ત્રિદંડિક-પરિવ્રાજક બન્યો છે તે આ ભરતક્ષેત્રમાં વીર નામે ચોવીશમો તીર્થંકર થશે ઉપરાંત પ્રિયમિત્ર, ચક્રવર્તી અને ત્રિપૃષ્ઠ નામે પ્રથમ વાસુદેવ પણ થશે.' પ્રભુ પાસેથી આ હકીકત શ્રવણ કરી મરિચિ પાસે ભરતમહારાજા પહોંચ્યા અને મરિચિને ત્રણ પ્રદક્ષિણા આપી વંદન નમસ્કાર કરી હું તમારા ત્રિદંડિકપણાને વંદન નથી કરતો પણ ભાવિકાળે તમો આ ભરત ક્ષેત્રમાં ચોવીશમાં તીર્થંકર થવાના છો એ કારણે તમોને વંદન કરું છું. આ પ્રમાણે સ્પષ્ટીકરણ કર્યું.— હવે આગળ વાંચો]

ભરતચક્રવર્તીએ ત્રિદંડિકના વેષમાં વર્તતા મરિચિને વંદન કર્યું, સાથે સાથે એ સ્પષ્ટતા પણ કરી કે હું તમારા ત્રિદંડિક વેષને વંદન કરતો નથી. પરંતુ તમો વર્તમાન અવસર્પિણીમાં આ ભરતક્ષેત્રમાં વીર નામે ચોવીશમા તીર્થંકર થવાના છો એ કારણે તમોને વંદન કરું છું. આ પ્રમાણે વંદન કરવા પછી વંદનના હેતુની સ્પષ્ટતા કરીને મરિચિને પ્રાપ્ત થનાર તીર્થંકર પદની વારંવાર અનુ-મોદન કરતા ભરત મહારાજા પોતાના સ્થાને ગયા.

મરિચિએ કરેલો કુલમદ

ભરતમહારાજા પાસેથી મરિચિએ પોતાને ભાવિકાળે પ્રાપ્ત થનારા ઉત્તમ લાભોની હકીકત શ્રવણ કર્યા બાદ ત્રિદંડિક મરિચિના મનોમંદિરમાં અહંભાવનું તોફાન શરૂ થયું. " હું વાસુદેવ થવાનો, હું ચક્રવર્તી થવાનો અને હું તીર્થંકર પણ થવાનો. ખરેખર ! મારા જેવો બીજો મહાન આત્મા આ જગતમાં કોણ છે ! તીર્થંકરમાં પહેલો નંબર મારા દાદાનો, ચક્રવર્તીઓમાં પ્રથમ સ્થાન મારા પિતાનું અને વાસુદેવોમાં પ્રથમ નંબર મારો. અહો ! મારું કુલ કેટલું ઉત્તમ છે ? "

आद्योऽहं वासुदेवानां पिता मे चक्रवर्तीनाम् ।
पितामहो जिनेन्द्राणां ममाहो ! उत्तमं कुलम् ॥

આવા અહંભાવના વાક્યો વારંવાર બોલવા લાગ્યા. એટલું જ નહીં પરંતુ એ અહંભાવભર્યા વાક્યો પુનઃ પુનઃ ઉચ્ચારવા સાથે ઉંચા થઈ વારંવાર નાચવા કૂદવાનું શરૂ કરી દીધું. હૈયામાં પોતાની મહત્તા માટે એકસરખી અહંભાવભરી વિચારધારા, તેને લાયક વચનોનું વારંવાર ઉચ્ચારણ અને કાયાની નાચવા-કૂદવાની પ્રવૃત્તિ. આમ મન વાણી કાયાના વ્યાપારો એક સાથે કુલના અભિમાનની ટોચે પહોંચ્યા.

વર્તમાનકાળે અહંભાવનું પ્રાબલ્ય

જીવનમાં કોઈપણ પ્રશસ્તભાવની પ્રાપ્તિ થવાનો યોગ બને ત્યારે ઉત્તમ આત્માઓ આમ્રફળોથી ભરેલા આમ્રવૃક્ષની માફક વિનમ્ર બને પણ અભિમાનને અંતરમાં સ્થાન ન આપે. પરંતુ એવા ઉત્તમ આત્માઓ અતિ અલ્પસંખ્યામાં હોય છે. આજની પરિસ્થિતિ તરફ દૃષ્ટિ કરવામાં આવે તો નહિં જેવા વિશિષ્ટ ભાવોની પ્રાપ્તિ પાછળ અહંભાવ પરાકાષ્ઠાએ પહોંચી ગયેલો જોવાય છે. પુન્યયોગે સંપત્તિનો સુયોગ થયા પછી જીવનમાં નિરભિમાનપણું સાદાઈ અને વિનમ્રભાવને ધારણ કરનારા કેટલા? અને માથું ઊંચું રાખી અક્કડ બનીને રહેનારા કેટલા? તે તે વિષયનો અભ્યાસ કરવા પછી કોઈ વિષયપરત્વે વધુ બુદ્ધિમત્તા પ્રાપ્ત થયા બાદ અન્ય વિદ્વાનો તરફ અને તેમની વિચારધારાઓ તરફ સદ્‌ભાવ અને સમન્વયદૃષ્ટિ રાખનારની સંખ્યા કેટલી? તેમ જ એકાદ વિષયમાં ડીગ્રી મળવા બાદ પ્રભુતામાં મોટાઈમાં મસ્ત બનીને. 'હું કહું તે જ બરાબર છે' એ પ્રમાણે પોતાની બુદ્ધિના અહંભાવનું પ્રદર્શન કરાવનારા કેટલા? કોઈ સંઘ-સંસ્થા કે સોસાયટીના પ્રમુખ, સેક્રેટરી અથવા મંત્રીનો માનદ અધિકાર મળ્યા બાદ નિષ્કામ-ભાવે તન-મન-ધનની સેવાનો ભોગ આપનારાની સંખ્યા કેટલી? જ્યારે પ્રાપ્ત થયેલા એ અધિકારની પાછળ અભિમાનને ધારણ કરી અધિકારનો દુરુપયોગ કરનારા કેટલા? આ બાબત આજે વિચારક અને વિવેકી વર્ગથી અજ્ઞાત નથી.

અહંભાવથી થતું નુકસાન

'કોઈ પણ અધિકાર અથવા ઉત્તમલાભ પ્રાપ્ત થવા જેટલો દુર્લભ નથી તેનાથી તે અધિકાર વગેરેને પચાવવો અત્યન્ત દુર્લભ છે.' આજના આપણા જીવનમાં વાત-વાતમાં અહંભાવ કેટલો વ્યાપક બન્યો છે; અને એ કારણે રાષ્ટ્રમાં, સમાજમાં, ધર્મસંઘમાં કે ઘર-ઘરમાં કેટલું સંઘર્ષણ પ્રગટ થયું છે? એ આપણી નજર સામે છે. વાચક શિરોમણિ ભગવાન ઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિગ્રન્થમાં કહ્યું છે કે–

श्रुत-शील-विनयसन्दूषणस्य, धर्मार्थ-कामविघ्नस्य ।
मानस्य कोऽवकाशं, मुहूर्त्तमपि पंडितो दद्यात् ॥

"શ્રુતજ્ઞાન-શીલ અને વિનયાદિ સદ્‌ગુણોને જે અત્યન્ત દૂષિત કરનાર છે, ધર્મ-અર્થ અને કામ પુરુષાર્થ માટે જે મહાવિઘ્ન રૂપ છે એવા અભિમાનને કયો સુજ્ઞ મનુષ્ય મુહૂર્ત એ ઘડી જેટલો સમય પણ પોતાના મનોમંદિરમાં સ્થાન આપે?" મરિચિના ચિત્તમાં પોતાને થયેલા અને થનારા ઉત્તમ લાભો પરત્વે કુલમદ વધુ પ્રમાણમાં શરૂ થયો. શાસ્ત્રોનું એ કથન છે કે–" જે વ્યક્તિ પોતાને પ્રાપ્ત થયેલા કોઈપણ પ્રકારના ઉત્તમભાવો અંગે મદમાં આવે તો તે આત્માને ભાવિકાળે તે શક્તિ સંબંધી હલકું સ્થાન પ્રાપ્ત થાય છે." મરિચિએ વધુ પ્રમાણમાં કુલનો મદ કરવાથી ઉગ્રભાવે નીચગોત્ર કર્મનો બંધ કર્યો. જેના પરિણામે મરિચિના ભવ પછી ભગવાન મહાવીરના આત્માને જ્યારે જ્યારે મનુષ્યપણું મળ્યું ત્યારે ત્યારે અમુક ભવો પર્યંત યાચકવૃત્તિના કારણે જેની ગણતરી ઉચ્ચ કુળમાં નથી તેવું બ્રાહ્મણનું કુલ પ્રાપ્ત થયું. યાવત્ યત્કિંચિત્ અવશિષ્ટ રહેલા એ કર્મના કારણે સત્તાવીશમા મહાવીરના ભવમાં પ્રથમ દેવાનન્દા બ્રાહ્મણીની કુક્ષિમાં અવતરવા સાથે બ્યાશી દિવસ સુધી ત્યાં રહેવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

ઉચ્ચ અને નીચગોત્ર અંગે શાસ્ત્રીય વિચાર

ઉચ્ચગોત્ર અને નીચગોત્રના વિભાગો આજના નથી પણ અનાદિ છે. શુભાશુભ કર્મના વિભાગમાં એ બન્ને કર્મોનું સ્થાન છે. એ બન્ને કર્મના બન્ધહેતુ પણ તત્ત્વાર્થ વગેરે સૂત્રગ્રન્થોમાં સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવ્યા છે. જેનું જીવન ઉદાર વૃત્તિવાળું અને કોઈપણ વ્યક્તિના વાસ્તવિક ગુણની અનુમોદનામાં પરાયણ છે તે આત્મા ઉચ્ચગોત્રનો બંધ કરે છે. જ્યારે જેના જીવનમાં ક્ષુદ્રતા છે, આપબડાઈ કરવા સાથે બીજાનાં દૂષણો જોવાની હલકી વૃત્તિ છે તે આત્માઓ નીચગોત્રનો બંધ કરે છે. જ્યાં જન્મ થાય ત્યાં સુંદર સંસ્કારોના વાતાવરણની પ્રાપ્તિ થાય એ ઉચ્ચગોત્રનું ફળ છે અને જ્યાં જન્મ થાય ત્યાં સુંદર સંસ્કારોના સ્થાને હિંસા અસત્ય-ચોરી અનીતિ તેમ જ યાચનવૃત્તિ વગેરે વિપરીત સંસ્કારોનું વાતાવરણ પ્રાપ્ત થાય તે નીચગોત્રનું ફળ છે. **નીચગોત્રના ફળ સ્વરૂપે શૂદ્રકુળોમાં જેનો જન્મ થયો હોય તેવા માનવ સમુદાય તરફ અનાદર ઉપેક્ષા વૃત્તિ કે તિરસ્કાર કરવો એ જેમ યોગ્ય નથી તેજ પ્રમાણે પોતાની ભૂતકાળની વિપરીત પ્રવૃત્તિજન્ય કર્મદોષના કારણે તે વર્ગને જે શિક્ષા મળી છે અર્થાત ધર્મક્ષેત્ર તથા સમાજ ક્ષેત્રની અમુક વ્યવહાર મર્યાદામાં અનધિકાર પ્રાપ્ત થયો છે તેમાં છુટછાટ કરવી તે પણ યોગ્ય નથી.** વ્યાપારી બજારોમાં દેવાળું કાઢનાર હવે પછી પોતાના નામે વ્યાપાર કરવાનો અધિકાર જેમ ગુમાવે છે તે જ પ્રમાણે ધર્મ તેમ જ સમાજની

નીતિ-રીતિ સંબંધી મર્યાદાઓનો ભંગ કરનાર માનવ ધાર્મિક તેમજ સામાજિક અધિકારોને પોતાની વિપરીત પ્રવૃત્તિના કારણે ગુમાવે છે. આવા સંજોગોમાં અસ્પૃશ્યતા નિવારણ, હરિજન-પ્રવેશ વગેરે પ્રવૃત્તિ કેટલી વ્યાજબી તેમ જ લાભ-હાનિવાળી છે. એ બાબત ઘણી વિચારણીય છે.

જીવનમાં પ્રકાશ અને અંધકારનું દ્વન્દ્વ

ભગવાન શ્રી ઋષભદેવજીની હયાતી દરમ્યાન મરિચિ પ્રભુની સાથે જ ગ્રામાનુગ્રામ વિચારતા હતા. પ્રભુના નિર્વાણ પછી પણ પ્રભુના સાધુઓ સાથે જ વિહાર કરવાની પ્રવૃત્તિ મરિચિએ ચાલુ રાખી હતી. એટલું જ નહિ પરંતુ પોતાની ધર્મદેશના શક્તિથી જે કોઈ રાજકુમારો વગેરે પ્રતિબોધ પામતા તે સર્વને જ પ્રથમની માફક પ્રભુના સાધુઓ પાસે મોકલી તેમના શિષ્યો બનાવવા સાથે શુદ્ધ સંયમ માર્ગની આરાધના માટે પ્રેરણા કરતા હતા. આત્માની અમુક અવસ્થા એવી છે કે જે અવસ્થામાં આત્મામાં કેવળ અંધકાર ભર્યો હોય છે, પ્રકાશનું એકાદ કિરણ પણ પ્રગટ થયેલ નથી હોતું. અમુક અવસ્થા આત્માની એવી હોય છે કે જે અવસ્થામાં આત્મા સંપૂર્ણ પ્રકાશથી ભરપૂર હોય છે, અંધકારનું નામનિશાન નથી હોતું. જ્યારે અમુક અવસ્થા એવી હોય છે કે જે અવસ્થામાં આત્મામાં અંધકાર અને પ્રકાશ ઉભયનું સ્થાન હોય છે. મરિચિના જીવનની પણ પ્રકાશ અને અંધકારના દ્વન્દ્વ ભરી એવી જ પરિસ્થિતિ છે. ભરતચક્રવર્તીને ત્યાં જન્મ થવા છતાં પ્રભુની ધર્મદેશના શ્રવણ કરવા પછી આત્મા વૈરાગ્ય રંગથી રંગાઈ જવો અને ભોગોપભોગની વિપુલ સામગ્રીનો પરિત્યાગ કરી સંયમનો સ્વીકાર કરવો એ અવસ્થા આત્માના પ્રકાશની છે. એના એ જ મરિચિને ગ્રીષ્મઋતુમાં ઉષ્ણ પરિષહનો પ્રસંગ પ્રાપ્ત થતાં ગ્રહણ કરેલા સંયમમાં શૈથિલ્ય પ્રાપ્ત થવું અને ત્રિદંડિક વેષની કલ્પના કરવી એ અવસ્થા આત્માના અંધકારની છે. સંયમમાર્ગમાં પોતાની શિથિલતા છતાં શુદ્ધ સંયમમાર્ગની શ્રદ્ધા અને પ્રતિબોધ પામનાર ક્ષત્રિય કુમારોને પ્રભુ તેમજ પ્રભુના સાધુઓ પાસે નિર્મળ ચારિત્રની આરાધના માટે મોકલવાની પ્રવૃત્તિ એ મરિચિના આત્મમંદિરમાં વર્તતા પ્રકાશનું પ્રતીક છે. જ્યારે ભરત મહારાજા પાસેથી પોતાને ભાવિકાલે પ્રાપ્ત થનાર તીર્થંકર ચક્રવર્તી તેમ જ વાસુદેવની ઉત્તમ પદવી એવી હકીકત શ્રવણ કરતાં કુલનો મદ કરવો એ મરિચિના આત્મા માટે અંધકારનું ચિહ્ન છે. મરિચિ માટે જ આમ બન્યું છે એમ નથી. પરંતુ કોઈપણ આત્મા અનાદિકાલના અંધકારમાંથી જ્યારે પ્રાથમિક પ્રકાશમાં આવે છે અર્થાત્ અનાદિમિથ્યાદૃષ્ટિ આત્મા પહેલીવાર સમ્યગદર્શન પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ જ્યાં સુધી ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ ન કરે ત્યાં સુધી તે વ્યક્તિના આત્મમંદિરમાં અંધકાર અને પ્રકાશ ઉભયનું સ્થાન હોય છે. કોઈવાર પ્રકાશનું જોર હોય તો કોઈવાર અંધકારનું જોર હોય છે. એમ અંધકાર અને પ્રકાશનું દ્વન્દ્વ ચાલ્યા કરે છે. આત્મામાં અપ્રમતદશા જ્યાં સુધી પ્રાપ્ત ન થઈ હોય ત્યાં સુધી તે નિમિત્તવાસી છે અનુકૂલ-વાતાવરણ દેવ-ગુરૂ-ધર્મની આરાધના-સત્સંગ વિદ્યમાન હોય તો આત્મામાં પ્રકાશના પુંજનું સ્થાન હોય છે. પ્રતિકૂલ વાતાવરણ હોય તો અંધકારનું સ્થાન પ્રગટ થાય છે. વીતરાગ સ્તોત્રમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિ ભગવંતે એમ ભાવ ભર્યા અક્ષરો ઉચ્ચાર્યા છે કે—

क्षणं सक्तः क्षणमुक्त : क्षणं क्रुद्धः क्षणं क्षमी ॥
मोहाद्यै : क्रीडयेवाहं कारितः कपिचापलम् ॥

(ભાવાર્થ—હે ભગવન્ ક્ષણવારમાં સંસારમાં મન ખુંચેલું હોય છે. ક્ષણવારમાં સંસારના પ્રલોભનોથી મન મુક્ત દશા અનુભવે છે. ક્ષણવારમાં મન ક્રોધી બની જાય છે. વળી ક્ષણવારમાં મન ક્ષમાધર્મસંપન્ન બને છે. હે ભગવન્! મોહ વગેરે અંતરંગ શત્રુઓએ મારા આત્માની કિંવા મનની મર્કટ જેવી ચપલતા કરી દીધી છે). આત્માની આવી ચપલ પરિસ્થિતિ છતાં એક વાત નિશ્ચિત છે કે જે મહાનુભાવના આત્મમંદિરમાં આત્માના જ્ઞાનપ્રકાશનું સાચું કિરણ એકવાર પણ પ્રગટ થયું હોય, વચ્ચે વચ્ચે ભલે અંધકારનાં આવરણ આવે, પરંતુ આખર તે આત્મા અર્ધપુદ્ગલ પરાવર્તમાં સંપૂર્ણ-પ્રકાશમય બની મુક્તિમંદિરનો અધિકારી અવશ્ય બને છે.

મરિચિના શરીરમાં બીમારી

એક અવસરે મરિચિના શરીરમાં અશાતાવેદનીયના કારણે બીમારી શરૂ થઈ. મરિચિ ભગવાન ઋષભદેવજીના સાધુઓ સાથે જ વિચરે છે. મરિચિને બીમારીનો પ્રસંગ પ્રાપ્ત થતાં સંયમીજીવનના કારણે મરિચિની જે રીતે સેવાચાકરી કરવી જોઈએ તે પ્રમાણે સંયમી સાધુઓ સેવાચાકરી નથી કરતા. સાધુઓ સામાન્ય સાધુઓ ન હતા. ભગવાન ઋષભદેવ પ્રભુના સાધુઓ હતા. અલ્પસંસારી–નિકટમુક્તિગામિ સાધુઓ હતા.

તેવા ગુણવંત સાધુઓના દિલમાં અનુકંપા–દયાનું સ્થાન અનુપમ હતું. મરિચિ માટે એ સાધુઓના દિલમાં ભાવદયાનું ઝરણું અસ્ખલિતપણે ચાલુ હતું. એમ છતાં વિરતિવંત–સંયમી સાધુઓ અસંયમી–અવિરતિવંત ગૃહસ્થોની માંદગીના પ્રસંગે સીધી રીતે સેવાચાકરીની પ્રવૃત્તિમાં ન જોડાય. પોતાના સંયમધર્મની મર્યાદા સચવાય તે પ્રમાણે ઉપદેશદ્વારા ગૃહસ્થો મારફત સેવા–ચાકરીની વ્યવસ્થા માટે ખ્યાલ આપે. સીધી તે અસંયમીની સેવા–ચાકરી કરવામાં અસંયમનું પોષણ અને પરિણામે પોતાના સંયમમાં શૈથિલ્ય આવે. એ હેતુ એ જ આપ્તમહર્ષિઓએ गिहिणो वेयावडियं न कुज्जा (સાધુઓ ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરે) વગેરે નિયમો અને મર્યાદાઓનું પ્રતિપાદન કરેલું છે. આવા પ્રસંગે સાધુઓના દિલમાં દયા કે અનુકંપાનો અભાવ છે એવી અનુચિત કલ્પના કરવાની કશી જરૂર નથી. સાધુધર્મના આચારવિચારો ભિન્ન છે. શ્રાવકધર્મ (ગૃહસ્થધર્મ)ના આચારવિચારો ઘણા ભિન્ન છે. શ્રાવકધર્મમાં દ્રવ્યદયા–ભાવદયા–ઉભયની પ્રધાનતા છે. જ્યારે સાધુધર્મમાં ભાવદયાની પ્રધાનતાપૂર્વક દ્રવ્યદયા છે. છ્યે કાયના અર્થાત્ વિશ્વના સર્વજીવાત્માઓને અભયદાન દેવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરનાર મુમુક્ષુ મુનિવરના મનોમંદિરમાં દયા–અનુકંપા ન હોય એ બને જ કેમ! 'ગૃહસ્થાશ્રમમાં જીવનની જરૂરિયાતની અનુકૂલતા માટે સાધુઓ કેમ ધ્યાન આપતા નથી?' આવા પ્રકારના પ્રશ્નો આજે પૂછવામાં આવે છે પરંતુ શ્રદ્ધાસંપન્ન પુન્યવંત શ્રાવકો પોતાના સાધર્મિકબંધુઓ કે માનવબંધુઓના જીવનવ્યવહારની અનુકૂલતા માટે સદાય જાગૃત રહી પોતાની ફરજ બજાવતા હોય તો આ પ્રશ્નનો પ્રસંગ ઉપસ્થિત જ ન થાય. સાધુઓ શાસ્ત્રોક્ત મર્યાદાને સાચવીને ઉત્તમ શ્રાવકોને પોતાના કર્ત્તવ્યનું ભાન કરાવે અને એ સાધુઓએ આપેલા માર્ગદર્શન પ્રમાણે શ્રાવકો સદાય કર્ત્તવ્ય પરાયણ રહે. આ પરિસ્થિતિ જો સર્જાય તો બધું જ વ્યવસ્થિત બને.

મરિચિને માંદગી પ્રસંગે થયેલી શિષ્ય કરવાની ઇચ્છા

મરિચિ બીમાર હતા. સાધુઓ તેની વૈયાવચ્ચ સેવા–ચાકરી તેના અસંયમીપણાના કારણે નથી કરતા. એટલે મરિચિના દિલમાં વિચાર જાગે છે કે "પારકા એ પારકા, પોતાના એ પોતાના, આજ સુધી આ સાધુઓની સાથેજ હું રહું છું. તેમજ મારા ઉપદેશથી જે કોઈ મહાનુભાવો પ્રતિબોધ પામી સંયમગ્રહણ કરવા ઉજમાળ બને છે તે બધાયને તેમની પાસે દીક્ષા ગ્રહણ કરવા મોકલું છું. પણ મારી વર્તમાન બીમારીમાં આટલા વિશાળ સમુદાયમાંથી મને કોઈ ઉપયોગમાં નથી આવતા. એમાં એ સાધુપુરૂષોનો દોષ નથી. તે સાધુઓ તો મારા માટે સદાય ભાવદયાની ભાવના રાખી રહ્યા છે. હું પ્રથમ ગ્રહણ કરેલા શુદ્ધસંયમ માર્ગમાં ટકી રહ્યો હોત તો એ ગુણવંત સાધુઓ મારી વૈયાવચ્ચ કરવામાં જરાય ખામી ન રાખત. વળી. હું અસંયમી એ સાધુ-મુનિવરો સંયમી, એ સંયમી ગુણવંત આત્માઓ પાસે મારાથી વૈયાવચ્ચ કરાવાય પણ કેમ? હવે ભવિષ્યમાં મારી પાસે આવનારા ક્ષત્રિય વગેરે કુમારો પૈકી મારા ઉપદેશ શ્રવણ કરીને મારો શિષ્ય થવાની કોઈ ઇચ્છા કરશે તો હું એને મારો શિષ્ય બનાવીશ." મરિચિના દિલમાં બીમારી પ્રસંગે ઉપરના વિચારો પ્રગટ થયેલા હતા. પરંતુ બીમારી દૂર થઈ અને શરીર અનુક્રમે નીરોગી થયા બાદ જે કોઈ મુમુક્ષુ આત્માઓ પોતાની પાસે આવે છે તેમજ અસરકારક ઉપદેશની ધારાથી પ્રતિબોધ પામે છે. તે સર્વને પૂર્વવત્ પ્રભુના સાધુઓ પાસે સંયમગ્રહણ કરવા મોકલે છે. અને પ્રભુના સાધુઓ સાથે સાથે વિચરે છે.

મરિચિ પાસે કપિલનું આગમન

એક અવસરે **કપિલ** નામે રાજકુમાર મરિચિ પાસે આવી પહોંચ્યો. મરિચિએ હંમેશના નિયમ પ્રમાણે શુદ્ધ સંયમમાર્ગનો ઉપદેશ આપ્યો. તેમજ ઉપદેશથી પ્રતિબોધ પામતાં સંયમ ગ્રહણ કરવા માટે પ્રભુના ગુણવંત સાધુઓ પાસે જવાની પ્રેરણા કરી. મરિચિ પાસે આજ સુધીમાં સંખ્યાબંધ મુમુક્ષુ આત્માઓ આવી ગયા. તે દરેકને શુદ્ધમાર્ગની ધર્મદેશના આપી. પ્રતિબોધ પામ્યા બાદ પ્રભુ તેમજ પ્રભુના સાધુઓ પાસે જઈ પવિત્ર સંયમ-ગ્રહણ કરી આત્મકલ્યાણના પુનિતપંથે પ્રયાણ કરી એ સર્વમુમુક્ષુ આત્માઓએ મરિચિની પ્રેરણાનો અમલ કર્યો. પરંતુ છેલ્લો આવેલો કપિલ રાજકુમાર મરિચિની પ્રેરણાનો અમલ કરવા તૈયાર ન થયો. એ રાજકુમાર કપિલે તો સામેથી પ્રશ્ન કર્યો. 'મને પ્રભુના સાધુઓ પાસે શા માટે મોકલો છો?' મરિચિએ તુરત ઉત્તર આપ્યા કે 'સાધુઓ ત્રણ દંડથી રહિત છે, હું તેવો નથી, સાધુઓ મસ્તકે છત્ર તથા પગે પાવડી ધારણ કરતા નથી, હું છત્ર તથા પાવડીને ધારણ કરનાર છું. આમ પોતે કલ્પેલા નવીન ધર્મનું કપિલ પાસે સ્વરૂપ રજૂ કર્યું.

આ પ્રમાણે સ્વરૂપ રજૂ કર્યું ત્યાં સુધી મરિચિના અંતઃકરણમાં એક જ ભાવના હોવાનું અનુમાન કરી શકાય છે કે મારી નબળાઈના કારણે હું પોતે મૂળ માર્ગની આરાધના ન કરી શકું. પણ બીજા કોઈ આત્માને શુદ્ધ માર્ગની આરાધનાથી વંચિત રહેવામાં હું પોતે શા માટે નિમિત્ત બનું! બીમારીના પ્રસંગે શિષ્ય કરવાની ભાવના થયા બાદ જે અંતરમાં આ નિર્મળ પ્રકાશનો અભાવ હોય તો નિરોગી થયા બાદ જે જે કોઈ મુમુક્ષુઓ પોતાની પાસે આવ્યા અને પ્રતિબોધ કરીને પ્રભુના સાધુઓ પાસે મોકલ્યા તેમજ કપિલને પણ એજ શુદ્ધ સનાતન સંયમ માર્ગે જવાની ભલામણ કરી તે ભલામણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત ન થાય. શુદ્ધ સંયમ માર્ગના આચાર-વિચારોનું તેમજ પોતાના વર્તમાન ત્રિદંડિક માર્ગના આચાર-વિચારોનું કપિલ પાસે સ્પષ્ટીકરણ કરવાનો મરિચિનો આશય પણ ઘણો ઉત્તમ હતો. કપિલને પાછળથી એમ બોલવાનો સહજ પણ પ્રસંગ ન આવે કે પહેલેથી મારી પાસે શુદ્ધ-અશુદ્ધ માર્ગનું સ્પષ્ટીકરણ કેમ ન કર્યું! મરિચિના અંતરમાં શુદ્ધ સંયમ માર્ગ માટે કેટલો વિશિષ્ટ શ્રદ્ધાનો સદ્‌ભાવ હશે? તેનુ અનુમાન કરવા માટે આ પ્રસંગ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

મરિચિનું સૂત્ર વિરૂદ્ધ પ્રતિપાદન

અહીં સુધી તો મરિચિના મનોમંદિરમાં શ્રદ્ધાનો દીપક સતેજ હતો. પણ કપિલની પાસે પોતાના માર્ગનું તેમજ શુદ્ધ સંયમ માર્ગનું સ્પષ્ટીકરણ થયા બાદ કપિલે પુનઃ મરિચિને પ્રશ્ન કર્યો કે—તમો કહો છો તે બધું બરાબર–પણ શું પ્રભુના સાધુઓના સંયમ માર્ગમાં ધર્મ છે અને તમારા ત્રિદંડિક માર્ગમાં ધર્મ નથી? કપિલે જ્યાં આ પ્રશ્ન કર્યો ત્યાં મરિચિ મૂંઝવણમાં દાખલ થયા. શુદ્ધધર્મનું સ્થાન પ્રભુના સાધુઓ પાસે છે. પોતાના ત્રિદંડિક ધર્મમાં મોક્ષના કારણભૂત ધર્મનું સ્થાન નથી. એ વાત શ્રદ્ધામાં હોવા છતાં જો હું મારા ત્રિદંડિક માર્ગમાં ધર્મનો સર્વથા અભાવ છે એમ જણાવીશ તો મારી કિંમત શું? આમ અંતઃકરણમાં માનદશાએ શ્રદ્ધાના સતેજ દીપકને બુઝાવી નાંખ્યો. એ શ્રદ્ધાનો દીપ બુઝાઈ જતાં આત્મમંદિરમાં અંધકાર પ્રવેશ્યો અને મરિચિના મુખમાંથી શબ્દો નીકળ્યા કે 'कविला इत्थंपि इहयंपि' 'કપિલ! સાધુના માર્ગમાં પણ ધર્મ છે. અને મારા માર્ગમાં પણ ધર્મ છે.'

માનસિક કસોટી પ્રસંગે મરિચિનું શૈથિલ્ય

કોઈપણ શ્રદ્ધાસંપન્ન તેમજ ધર્મપરાયણ આત્માને કસોટીનો પ્રસંગ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તો પોતાની શ્રદ્ધા તેમજ ધર્મપ્રવૃત્તિમાં વિક્ષેપ થવાનો પ્રસંગ પ્રાપ્ત નથી થતો. પણ જ્યારે કસોટીનો પ્રસંગ આવે અને તેમાં પણ કાયાની કસોટી કરતાં માનસિક કસોટીનો અવસર આવે ત્યારે જ શ્રદ્ધાબલનો ટકાવ વ્યવસ્થિત રહેવો ઘણો મુશ્કેલ બને છે. કાયાની કસોટીમાંથી પસાર થવું સહેલું છે પણ માનસિક કસોટીમાંથી પસાર થવું ઘણું કઠણ છે. 'પ્રભુના સાધુઓ પાસે ધર્મ છે અને તમારી પાસે શું ધર્મ નથી' કપિલનો આ પ્રશ્ન મરિચિ માટે આકરી કસોટી રૂપ બન્યો. મરિચિના દિલમાં માનહાનિનો પ્રશ્ન ખડો થયો. શ્રદ્ધાના બલ કરતાં માનહાનિના પ્રસંગનું બલ વધી ગયું. પ્રકાશના સ્થાને અંધકારે સ્થાન જમાવ્યું અને ભાવિ અનિષ્ટ પરિણામનો વિચાર ન કરતાં. 'હે કપિલ! સાધુઓ પાસે જૈન ધર્મ છે તેમ મારા માર્ગમાં પણ છે; એ સૂત્રવિરૂદ્ધ વાક્યનું ઉચ્ચારણ કર્યું જેના કારણે મરિચિએ તે અવસરે દીર્ઘસંસાર ઉપાર્જન કર્યો. રાજપુત્ર કપિલ બહુલકર્મા અને ધર્મ-પરાઙ્મુખ આત્મા હતો. મરિચિ પાસે કપિલે દીક્ષા કારણ કરી. ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુએ સ્થાપેલા શાસનમાં આ કપિલથી પ્રથમ મિથ્યાધર્મનો પ્રારંભ થયો. સાંખ્યદર્શનની ઉત્પત્તિ થઈ.

મરિચિનું સ્વર્ગગમન

શાસ્ત્રોમાં સૂત્રવિરૂદ્ધ પ્રરૂપણાનું પાપ ઘણું ભયંકર ગણ્યું છે. આનંદઘનજી જેવા સમર્થ યોગી પુરૂષે પણ ઉચ્ચાર્યું છે કે–"પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહિ કોઈ જગસૂત્ર સરિખો" સૂત્ર વિરૂદ્ધ પ્રવૃત્તિ કરનાર પ્રાયઃ પોતાના આત્માનું જ અહિત કરે છે પણ સૂત્ર વિરૂદ્ધ પ્રતિપાદન કરનાર પોતાનું તેમજ અનેક આત્માઓનું અહિત કરે છે. સૂત્રવિરૂદ્ધ પ્રવૃત્તિ ચારિત્રમોહના ઉદયથી થાય છે. જ્યારે સૂત્રવિરૂદ્ધ પ્રતિપાદન દર્શનમોહના ઉદયથી થાય છે. આજના વિષમકાળમાં સૂત્રવિરૂદ્ધ પ્રતિપાદન કરવાની પ્રવૃત્તિ જાણતાં અજાણતાં પણ ન થઈ જાય તે માટે મુમુક્ષુ આત્માઓએ ઘણું સાવચેત રહેવાની જરૂર છે. શુદ્ધ પ્રરૂપકપણું એ મહાન્ ધર્મ છે. ઉત્સૂત્ર પ્રરૂપણા એ મહાન્ અધર્મ છે. પોતાના જીવન દરમ્યાન લાગેલાં દૂષણોની આલોચના કર્યા સિવાય મરિચિ પોતાનું શેષ આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગલોકના અધિકારી બન્યા.

(અહીં મરિચિનો પ્રસંગ પૂર્ણ થાય છે. આગામી અંકમાં નવો પ્રસંગ રજૂ થશે.)

કારણ અને કર્તા

કુ. 'ચંદ્રરેખા'

જ્ઞાનાદિક ગુણસંપદા રે તુજ અનંત અપાર,
તે સાંભળતાં ઊપની રે રુચિ તેણે પાર ઉતાર,
અજિત જિન, તારજો રે તારજો દીનદયાળ (૧)

ભક્તજન આ ચોવીશીમાં થયેલા બીજા તીર્થંકર અજિતનાથ સ્વામીની સ્તવના કરે છે. તેમને દીનભાવે પોતાનો ઉદ્ધાર કરવાને તે વીનવે છે. ભગવાનને અનંત-જ્ઞાન, અનંતદર્શન, પરમચારિત્ર, અવ્યાબાધતા પ્રમુખ અનેક ગુણોની સંપત્તિ છે તે અનંત છે, નિસ્સીમ છે અને નિર્મળ છે. હે પ્રભુ! તારું સ્વરૂપ છે એ મારું પણ ધ્યેય છે તેથી એ ગુણોમાં મને રુચિ થઈ છે તે દર્શાવે છે કે હું પણ તારા સ્વરૂપને પહોંચવાને લાયક તો છું.

જે જે કારણ જેહનું રે સામગ્રી સંયોગ
મળતાં કારણ નીપજે રે કર્તાતણે પ્રયોગ
અજિત૦ (૨)

કાર્યનું કારણ તથા સામગ્રીનો સંયોગ મળતાં કાર્ય નીપજે. જેમ ઘટરૂપ કાર્ય તેને દંડ, ચક્ર, ચીવર નિમિત્ત-કારણ તથા મૃતિકા ઉપાદાન કારણ છે, અને કુંભકાર કાર્યનો કર્તા છે. કાર્ય પર દ્રવ્યમાં થાય છે એનો કર્તા પણ કાર્યથી ભિન્ન હોય છે. પણ જે કાર્ય સ્વદ્રવ્યમાં થાય છે તેનો કર્તા પણ અભિન્ન અર્થાત આત્મા જાતે જ હોય છે.

હવે આત્મા કર્તા અને સકલધર્મવ્યક્તિ રૂપ જે સિદ્ધતા તે કાર્ય. અરિહંતદેવ, નિર્ગંથગુરુ અને દયાદિ ધર્મ તે નિમિત્ત કારણ મળ્યાં અને કર્મભૂમિમાં સુકુલમાં જન્મ, અખંડ શરીર અને અતુચ્છ બુદ્ધિ તેને સામગ્રી કહીએ.

માટે મારું મોક્ષરૂપ કાર્ય તેના નિમિત્ત કારણ પ્રભુ તમે છો. પરંતુ કારણ મળ્યા છતાં કર્તા પ્રયોગ, સાધનાનો વ્યાપાર ન કરે તો કાર્ય નીપજે નહિ. કારણ જે અરિહંતનું અવલંબન પામવા છતાં આત્માને સાધન-પરિણતિ થયા વિના, અનેક જીવ હજી સંસારમાં ભમતા દીસે છે. તેથી કર્તા અર્થાત આત્મા પોતે જે મોક્ષ-સાધનરૂપ પ્રયોગ એટલે વ્યાપાર કરે તો કાર્ય નીપજે.

કાર્યસિદ્ધિ કર્તા વસુ રે લહિ કારણ સંયોગ,
નિજપદ કારક પ્રભુમળ્યારે હો એ નિમિત્તહ ભોગ
અજિત૦ (૩)

કાર્યસિદ્ધિ કર્તાને હાથ છે. કર્તા દંડથી ચક્રસહાયે ઘટ ઉપજાવી શકે છે, અને તે જ દંડથી જો પ્રહાર કરે તો ઘટને ભાંગી પણ શકે છે. કાર્યસિદ્ધિમાં નિમિત્ત કારણનો સંયોગ મળ્યે કાર્ય નીપજે એ પદ્ધતિ છે. અહીં મોક્ષ-પદના કારક પરમાત્મા પુષ્ટ અવલંબનરૂપ નિમિત્ત મળ્યા છે તેથી નિમિત્ત મળવાનો ખૂબ આનંદ થાય છે. એટલે સાધક ઉલ્લાસનું વેદન કરે છે.

અજકુલગત કેસરી લહે રે, નિજપદ સિંહ નિહાલ
તિમ પ્રભુભક્તે ભવિ લહે રે આતમશક્તિ સંભાળ
અજિત૦ (૪)

કોઈ સિંહ બકરાના ટોળામાં ઊછરી પોતાને બકરું માનવા લાગે છે. હવે કોઇ બીજો સિંહ ત્રાડ નાખે છે ત્યારે બકરાં નાસી જાય છે પણ પોતાને બકરું માનનાર સિંહ નવો અનુભવ કરે છે. સિંહના આકારને પોતાના આકાર તરીકે જુએ છે અને વિચારે છે કે એનું અને મારું તુલ્યપણું દીસે છે. આ પછી તે નિર્ભય થાય છે.

તેમ ભવ્યજન ભગવાનનું અને પોતાનું તુલ્યપણું વિચારીને અંતરમાં રહેલી અખૂટ સંપત્તિને ઓળખીને તેની શોધ અને રક્ષાના વ્યાપારમાં મશગૂલ બને છે.

કારણપદ કર્તા પણે રે કરી આરોપ અભેદ,
નિજપદઅર્થી પ્રભુ થકી રે કરે અનેક ઉમેદ,
અજિત૦ (૫)

અહીં કોઈ પૂછે કે ભગવાન અજિતનાથ તો મોક્ષ આપવાના થોડા છે કે તમે તેની પાસે મોક્ષ માગો છો? નિમિત્તકારણનો અહીં કર્તાપણે આરોપ કરેલો છે. તેથી ભવ્ય એવો મોક્ષાર્થી અરિહંત પાસે નિમિત્ત-

કારણમાં ઉપાદાનની શ્રેષ્ઠતા આરોપીને સમ્યક્ત્વાદિ ગુણોની યાચના કરે છે.

અથવા પરમાતમ પ્રભુ રે પરમાનંદ સ્વરૂપ,
સ્યાદ્વાદ સત્તારસી રે અમલ અખંડ અનૂપ,
અજિત૦ (૬)

હવે જે નિમિત્ત પામીને ઉપાદાન સમરે, પલટણ પામે, તે રીત કહે છે. પરમાત્મા તો નિર્બંધ. નિર્મલ અને સર્વશ્રેષ્ઠ છે. હવે આવા પરમાનંદવાળા પ્રભુને યાદ કરી ભક્તને પોતાનું શુદ્ધ સ્વરૂપ યાદ આવે છે. આમ જે તત્ત્વની યાદ પોતાની પામરતાને દેખાડવા છતાં પ્રભુતાને સંભારી આપે તે દેવતત્ત્વનું આલંબન સદૈવ કર્તવ્ય છે.

આરોપિત સુખભ્રમ ટળ્યોરે, ભાસ્યો અવ્યાબાધ
સમર્યો અભિલાષીપણો રે કર્તા સાધન સાધ્ય
અજિત૦ (૭)

પ્રભુની સહજાનંદતા વિચારતાં, અનાદિ કાળથી ઈંદ્રિયસુખને વિષે મારી ભ્રાંત સુખબુદ્ધિ હતી તે આજ પ્રભુદર્શન કરતાં ટળી ગઈ. અવ્યાબાધ આત્મિક આનંદ એ મને હવે સુખરૂપ ભાસ્યો.

આમ હવે નિજાનંદનું અભિલાષીપણું જીવ વીસરી ગયેલો તે તેના ખ્યાલમાં આવી ગયું. તેને શાંતિના નિષ્કલંક, નિર્મળ અને સહજ સુખની અભિલાષા જાગી ઊઠી.

જ્યારે આત્મા વિષયાભિલાષી હતો ત્યારે તદનુકૂળ કારણોનો કર્તા હતો. હવે સ્વાત્માનંદનો અભિલાષી થયો તેથી અજિતનાથ પ્રભુએ પૂર્વે કરેલાં તેવાં નિર્મળ સાધનોનો આ જીવ કર્તા થયો.

ગ્રાહકતા સ્વામિત્વતારે
વ્યાપક ભોકતા ભાવ
કારણતા કારજ દશારે
સકલ ગ્રહ્યું નિજભાવ
અજિત૦ (૮)

આટલા કાળ સુધી જીવને વિષયસુખની ગ્રાહકતા હતી, તેને ભૂલ અને ભ્રમને કારણે દેહ, સ્ત્રી, મકાન, ધન, ધાન્ય, સ્નેહી અને રસાલામાં સ્વામિત્વબુદ્ધિ હતી. હવે અજિતનાથ પ્રભુના અનંત નિર્મલ ગુણો છે એવું ભાન થયું તેથી ગ્રાહકપણું અને ધણીપણું બન્ને આત્માના સ્વગુણ પ્રત્યે વળી ગયેલાં છે.

આઠ કર્મોમાં વ્યાપી, ભૂલથી તદ્રૂપતા કેળવી આ જીવ તે કર્મોનું ઉપાદાન કારણ બની તેમને ભોગવતો, હવે તે જીવ આત્માનંદ મધ્યે કે તેના સાધનમધ્યે વ્યાપક થયો અને તેમનું ઉપાદાન કારણ બન્યો, હવે તે આશ્રવબંધનો કર્તા મટવા માંડ્યો અને સંવરનિર્જરાનો કર્તા થવા માંડ્યો.

આમ કારણભાવ અને કાર્યભાવ એ બધું નિજ-ભાવમાં સમાઈ ગયું છે.

શ્રદ્ધા ભાસન રમણતા રે દાનાદિક પરિણામ,
સકલ થયાં સત્તા રસી રે જિનવર દરિસણ પામ
અજિત૦ (૯)

જીવ આજના દિવસ સુધી તો શ્રદ્ધા અર્થાત પ્રતી-તિવાળું ગૌરવ જ્ઞાન, અને તલ્લીનપણું પ્રાયે કરી વિષય સુખમાં હતું. પુણ્યના ઉદયને તે મીઠા અને સુખદાયી સમજતો હતો. પણ હવે પ્રભુનું દર્શન પામીને, શ્રદ્ધા ભાસવું અને લીન થવું એ બધી પ્રવૃત્તિ સ્વતત્ત્વ સંમુખ થઈ. દાન, લાભ, વીર્ય, ભોગ અને ઉપભોગ જે પૌદ્ગલિક રંગે રંગેલાં જ જણાતાં તે હવે માત્ર સ્વાત્માના સહજા-નંદમાં જણાવા લાગ્યાં અને સ્વસત્તાના રસિયાં થયાં અર્થાત પોતાના તત્ત્વની સન્મુખ થયાં.

તેણે નિર્યામક માહણો રે વૈદ્ય ગોપ આધાર
દેવચંદ્ર સુખસાગરુ રે ભાવ ધર્મ દાતાર
અજિત૦ (૧૦)

આમ પ્રભુ સંસારસમુદ્રમાંથી તારનાર નિર્યામક એટલે કપ્તાન છે, ભાવરોગ ટાળનાર વૈદ્ય છે, રક્ષા કરનાર હોવાથી ગોપ છે, અહિંસાના ધારક હોવાથી માહણ છે, અને ભાવધર્મના દેનાર હોવાથી દેવચંદ્ર મુનિએ જણાવ્યા પ્રમાણે વીતરાગપ્રભુ સુખના સાગર છે.

卐

બ્રહ્મચર્ય : ખંડન તથા મંડન

ડૉ. બિપિનચંદ્ર હી. કાપડીઆ, એમ. એ., પીએચ. ડી.

જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મરૂપી ત્રિવેણીથી ભારતભૂમિ પલ્લવિત છે તથા પાંગરી રહી છે. આ ત્રણે સંસ્કૃતિથી ભારતે દુનિયામાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ત્રણે ધર્મો પરસ્પરથી પ્રભાવિત થયા છે. જૈન ધર્મ ત્યાગપ્રધાન છે, નિવૃત્તિ પરાયણ છે; બૌદ્ધ ધર્મ તથા જૈન ધર્મે શ્રમણ સંસ્કૃતિને પાળી તથા પોષી છે; ત્યારે હિંદુધર્મ ભોગ પરાયણ, ક્રિયાપ્રધાન રહ્યો. ત્રણે ધર્મોમાં બ્રહ્મચર્યને વિવિધ દૃષ્ટિબિન્દુઓથી નિરૂપવામાં આવ્યું છે.

જૈન ધર્મમાં થયેલા ચોવીસ તીર્થંકરોમાં ભગવાન આદિનાથ કે ઋષભદેવ પ્રથમ તીર્થંકર છે, તેવીસમા પાર્શ્વનાથ અને ચોવીસમા મહાવીરસ્વામી. ભગવાન મહાવીરસ્વામીના સમયમાં પાંચ મહાવ્રતો કે પાંચ યામોને સ્થાન મળ્યું. ભગવાન પાર્શ્વનાથના સમયમાં ચતુર્યામ કે ચાર યામો હતા. જૈન પરંપરામાં ચાર અને પાંચ યામોના ઘણા ઉલ્લેખો મળે છે. સ્થાનાંગમાં ઉલ્લેખ છે કે બાવીસ તીર્થંકરોના સમયમાં ચાર યામો પ્રરૂપવામાં આવ્યા છે. આ ચાર યામોમાં બ્રહ્મચર્યને સ્થાન નથી અપાયું. શ્રમણ ભગવાન મહાવીરે એક યામ વધારી પંચયામિક ધર્મનો ઉપદેશ કર્યો. પાર્શ્વનાથના શિષ્ય કેશીકુમારને આથી નવાઈ લાગી. ફરતા ફરતા કેશીકુમાર શ્રમણ ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય, દ્વાદશાંગના જાણકાર, અનેક શિષ્યોના આચાર્ય શ્રમણ ગૌતમને સાવત્થી નગરીના ઉદ્યાનમાં મળ્યા અને શંકાનું નિવારણ કર્યું. ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં ચાર યામોનો (મહાવ્રતો) પ્રચાર હતો. વિશેષમાં જાણવા મળે છે કે આચારાંગ સૂત્રમાં ત્રણ યામો કહેલા છે (जामा तिन्नि उदाहिया।). ટીકામાં લખ્યું છે. કેઃ प्राणातिपातः मृषावादःपरिग्रहश्च । अदत्तादान मैथुनयोः परिग्रह एवान्तर्भावात् त्रयग्रहणम् । આ ઉપરથી એમ ફલિત થાય છે કે ત્રણ યામોની પરંપરા જૈન મત સંમત હોઈ શકે. જૈન પરંપરામાં હિંસાનો ત્યાગ, અસત્યનો ત્યાગ અને પરિગ્રહનો ત્યાગ એમ ત્રણ જ યામો હતા. કાલાનુક્રમે ચૌર્યનો ત્યાગ ઉમેરાયો, ત્રણ યામના ચાર યામો થયા, અને શ્રમણ ભગવાન મહાવીરે કામાચારના ત્યાગરૂપ યામનો ઉમેરો કરી ચાર યામોના પાંચ યામો કર્યા. ત્રણ કે ચાર યામો જે સમયે પ્રચલિત હશે ત્યારે પણ પાંચે યામોનું પાલન તો થતું કારણ કે પરિગ્રહની અંદર ચૌર્ય અને બ્રહ્મચર્યનો સમાવેશ કરી લેવામાં આવતો હોવો જોઈએ. ભગવાન પાર્શ્વનાથની પરંપરા પર્યંત તો કામાચારનો ત્યાગ પરિગ્રહના ત્યાગમાં આવી જતો પરંતુ જ્યારે જુદા વિધાનના અભાવે શ્રમણસંપ્રદાયમાં બ્રહ્મચર્યને અનુલક્ષીને શિથિલતા પ્રવેશી ત્યારે ભગવાન મહાવીરે પરિગ્રહમાં સમાવિષ્ટ થયેલા બ્રહ્મચર્યવ્રતને જુદું પાડ્યું અને ચારના પાંચ યામ કે મહાવ્રત બનાવ્યા, પંચયામિક ધર્મનો ઉપદેશ કર્યો. આ અંગે જે વિરોધ પાર્શ્વનાથની પરંપરાના શિષ્યોમાં થયો, ખૂબ ઊહાપોહ થયો, જેનો ઉલ્લેખ ઉત્તરાધ્યયનસૂત્રના કેશીગોતમીય નામના તેવીસમા અધ્યયનમાં સવિસ્તર થયો છે.

હિન્દુ ધર્મમાં પણ અખંડ કે નૈષ્ઠિક બ્રહ્મચર્યને મહત્ત્વનું સ્થાન અપાયેલું છે. ઈન્દ્રનું સિંહાસન ડગવા માંડે ત્યારે રંભાદિ અપ્સરાઓનો કાફલો મોકલી ઈન્દ્ર પોતાનું સ્થાન દૃઢ કરે છે. દૃષ્ટાંત તરીકે વિશ્વામિત્રના તપોભંગ માટે મેનકા મોકલવામાં આવી હતી.

બ્રહ્મચર્ય વ્રત માટે આત્મબળ સ્ત્રી તથા પુરુષ બંને સમાન રીતે અભિવ્યક્ત કરી શકે છે એવું મન્તવ્ય બૌદ્ધ તથા જૈન શાસનમાં ઉપલબ્ધ થાય છે. વિશુદ્ધ બ્રહ્મચર્યના નખશિખ પાલનથી જૈન પરંપરામાં સોળ મહાસતીના નામ પ્રત્યેક જૈન ઘરમાં આબાલવૃદ્ધ જાણે છે. પ્રભાતે તેઓનો ઉલ્લેખ કરે છે, તેઓનું સ્મરણ કરે છે અને તેઓના સ્મરણને પરમ પવિત્ર તથા પરમ મંગળ માની પોતાને ધન્ય માને છે. જૈન પરંપરામાં ઉત્કૃષ્ટ સતી થયેલી મહાસતીઓના અભિધાન આ પ્રમાણે છેઃ—

સુલસા, ચંદનબાળા, મનોરમા, મદનરેખા, દમયંતી, નર્મદા, સુંદરી, સીતા, નંદા, ભદ્રા, સુભદ્રા, રાજીમતી, ઋષિદત્તા, પદ્માવતી, અંજના, શ્રીદેવી, જ્યેષ્ઠા, સુજ્યેષ્ઠા, મૃગાવતી, પ્રભાવતી, ચેલ્લણા, બ્રાહ્મી, સુંદરી, રુકિમણી, રેવતી, કુન્તી, શિવા, જયંતી, દેવકી, દ્રૌપદી, ધારિણી,

કલાવતી, પુષ્પચૂલા, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુસીમા, જંબુમતી, સત્યભામા, યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેના, વેના અને રેના.

વૈદિક હિન્દુ પરંપરાની જેમ જૈન પરંપરામાં બ્રહ્મચારી અને બ્રહ્મચારિણીએ બ્રહ્મચર્યમાં શૈથિલ્ય બતાવ્યું હોય તેવાં ઉદાહરણો પણ ઉપલબ્ધ થાય છે. પરંતુ, બ્રહ્મચર્ય-વ્રતમાં અદ્‌ભુત સ્થૈર્ય બતાવી તેને મંડિત કે અલંકૃત કર્યું હોય તેવાં વધુ આકર્ષક દૃષ્ટાન્તો પણ છે. આવી વ્યક્તિઓ માત્ર ત્યાગી જ નહીં પણ ગૃહસ્થાશ્રમમાં રહેલી વ્યક્તિઓ પણ છે :–ભિક્ષુ નન્દિષેણ કામરાગને પરવશ થઈ બ્રહ્મચર્યને તિલાંજલિ આપી બાર વર્ષ પર્યંત ભોગજીવન સ્વીકારે છે. આવો જ બીજો દાખલો આષાઢભૂતિ નામના મુનિનો છે. આર્દ્રકુમાર બ્રહ્મચર્યમાંથી ચ્યુત થઈ ૨૪ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહે છે અને પહેલા બેની જેમ દ્વિગુણિત બળથી બ્રહ્મચર્યમાં રત થઈ તેને મંડિત કરે છે.

જૈન પરંપરામાં શ્રી ભગવાન ઋષભદેવનો યુગ યુગલિયાનો માનવામાં આવે છે. તે સમયે યુગલિયા—પુત્ર તથા પુત્રી બંને સાથે જન્મતાં. માતા આવા યુગલિયાને જન્મ આપતી. આ સહોદર મોટાં થતાં વરવધૂ બનતાં. તે સમયની પ્રચલિત રૂઢિ પ્રમાણે ભગવાન ઋષભદેવે સગી બહેન સુમંગળા સાથે પાણિગ્રહણ કર્યું હતું. ભગવાને સુનંદા, જે પતિના મૃત્યુથી એકલવાયી અને અનાથ હતી તેની જોડે પણ લગ્ન કર્યું હતું. શું ભાઈ-બેન પરણે તેવો રિવાજ હોઈ શકે ? યુગલિયાનો યુગ આ પ્રશ્નનું નિરાકરણ કરે છે. ઋગ્વેદમાં યમ અને યમીનો સંવાદ દસમા મંડળના દસમા સૂક્તમાં આવે છે. અહીં યમી પોતાના ભાઈ યમને દેહસંબંધ બાંધવા સમજાવે છે. યમ અડગ રહે છે. બહેનની માગણીને નકારે છે. શું આ ઉપરથી ભાઈ–બેનના લગ્નનો નિષેધ માની લેવો ? કે આ રિવાજનો મૃત્યુઘંટ સૂચવાય છે ? યુગલિયાના યુગમાં આ રિવાજ તથા ઋગ્વેદમાં તેની ગર્હણા જોવા મળે છે. યુગલિયાના યુગ માટે સમય નિર્ણય કરવો ઘણું કપરું છે. કારણ કે ભગવાન મહાવીર તથા પાર્શ્વનાથ ઐતિહાસિક પુરુષો હતા તે નિર્વિવાદ છે. ભગવાન નેમિનાથ પણ ઐતિહાસિક પુરુષ હતા એવું વિદ્વાનો માનતા થયા છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવનો જે સમય જૈનપરંપરા પ્રમાણે બતાવાય છે તે વૈજ્ઞાનિક જમા-નામાં લોકોને પ્રતીતિકર તથા રુચિકર નથી. મુસલમાનોમાં પણ નિકટના સગાં જેવાં કે મામા–ફોઈનાં સંતાનોના લગ્નનો રિવાજ જોવા મળે છે. ઋષભદેવે ધર્મનું ચક્ર પ્રવર્તન કર્યું. સામાજિક, ધાર્મિક, આર્થિક નીતિનિયમો ઘડ્યા. લગ્નને સંસ્થા બનાવી મર્યાદિત કરી. અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરે બ્રહ્મચર્યનું મહત્ત્વ વધાર્યું.

ઉપર આપણે જેમ બ્રહ્મચર્યના ખંડનની વાતો જોઈ તેમ હવે મંડનનાં દૃષ્ટાન્તો તરફ વળીએ. શ્રમણ ભગવાન મહાવીરના પટ્ટ શિષ્ય શ્રી સુધર્મા પાસેથી જૈનાગમોને પ્રાપ્ત કરનાર તરીકે સુપ્રસિદ્ધ થયેલ શ્રી જંબૂસ્વામીએ પરણવાના દિને જ આઠ સ્ત્રીઓને ત્યજીને તારુણ્યમાં બ્રહ્મચર્ય સ્વીકાર્યું એમ નોંધ કરાયેલી છે. નન્દમંત્રી સકટાળના પુત્ર સ્થૂલભદ્રે કોશા નામની વેશ્યાના પ્રલો-ભક હાવભાવાદિ અને રસપૂર્ણ ભોજન તરફ આંખ આડા કાન કરી, તેના ઘેરે જ એકાન્તવાસ છતાં બ્રહ્મ-ચર્યમાં સ્થિર રહી, ઉલટું કોશા વેશ્યાને પાકી બ્રહ્મચા-રિણી બનાવી. જૈનોની શ્વેતામ્બર પરંપરા પ્રમાણે પરમ પૂજ્ય તીર્થંકરોમાં સ્થાનાપન્ન થયેલા મલ્લિનાથ સ્ત્રી હતાં. શ્રી મલ્લિનાથે કૌમારાવસ્થામાં જ પોતાની ઉપર આસક્ત થઈ પરણવા આવેલા છ રાજકુમારોને ધાર્મિક સદુપદેશ આપી વિરક્ત બનાવ્યા, બ્રહ્મચર્ય અંગીકાર કરાવડાવ્યું, પોતાના અનુયાયી બનાવી ગુરુપદ માટે પોતાની યોગ્યતા પ્રસ્થાપિત કરી એ વાત જૈનોમાં અત્યંત પ્રચલિત છે. બાવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથે પોતાને માટે વધ્ય પશુઓનો આર્તનાદ સાંભળી લગ્નની ચોરીમાં ફેરા ફર્યા પહેલાં જ બ્રહ્મચર્ય ધારણ કર્યું તે હકીકત સુવિદિત છે. આ પ્રમાણે ફેરા ફર્યા પહેલાં ત્યજાયેલી અને પછીથી સાધ્વી થયેલી રાજિમ-તીએ ગિરનારની ગુફામાં એકાન્તને લીધે તેના સૌન્દર્ય-માં આસક્ત થઈ બ્રહ્મચર્યમાંથી સ્ખલન પામતા પૂર્વા-શ્રમના દિયર રથનેમિને બ્રહ્મચર્યમાં સ્થિરતા ધારણ કરવા જે મર્મભેદી સદુપદેશ આપ્યો તે જાણીતો છે. રાજિમતીએ આ પ્રમાણે સ્ત્રી જાતિ ઉપર ચાંચલ્ય અને અબલાત્વનો જે આરોપ મુકાય છે તેમાંથી પોતાની જાતને સુંદર રીતે ઉગારી લીધી છે એટલું જ નહીં પણ બ્રહ્મચર્યના વિશિષ્ટ સાધકોમાં અગ્રગણ્ય સ્થાન મેળવ્યું છે. જે સાંભળતાં તથા વાંચતાં અદ્‌ભુત ઉત્સાહ પ્રગટે છે. આવી જ રીતે બ્રહ્મચારિણી શ્રાવિકા થયા બાદ કોશા વેશ્યાએ પોતાને ત્યાં આવેલા અને મનના ચંચળ બનેલા શ્રી સ્થૂલભદ્રસ્વામીના એક ગુરુભાઈ ને સ્થિર કર્યાની વાત પરિશિષ્ટ પર્વમાં નોંધાયેલી છે. બ્રહ્મચર્ય વ્રતને મંડિત કરનારાઓમાં અતિ ઉજ્જ્વળ ઉદાહરણ વિજય શેઠ

અને વિજ્યા શેઠાણીનું છે. પરણ્યા પહેલાં દરેકે શુક્લ તથા કૃષ્ણ પક્ષમાં બ્રહ્મચર્ય પાળવાની જુદી જુદી પ્રતિજ્ઞા લીધી હતી. આ બંને દંપતી પરણ્યા ત્યારથી જ એકશયનશાયી હોવા છતાં પણ લીધેલી પ્રતિજ્ઞાને આખી જિંદગી સુધી પ્રસન્નતાપૂર્વક તથા અડગ રીતે ધારણ કરે છે જેને લીધે સ્મરણીય બની ગયાં. વિજ્ય શેઠ તથા વિજ્યા શેઠાણીની દૃઢતા બૌદ્ધ પરંપરામાં થઈ ગયેલ ભિક્ષુ મહાકાસ્યપ અને ભિક્ષુણી ભદ્રકપિલાની સમાન કક્ષાએ છે. ઉપર્યુક્ત જે હકીકત નોંધી છે તેના જેવાં અનેક આખ્યાનો જૈન સાહિત્યમાં નોંધાયેલાં છે. આવા દાખલાઓમાં, બ્રહ્મચર્યમાંથી ચલાયમાન પુરુષને સ્ત્રી દ્વારા દૃઢ કરાયાના ઉલ્લેખો છે પણ ચલિત થતી સ્ત્રીને પુરુષ દ્વારા દૃઢ કરાયાના ઉજ્જવળ ઉદાહરણો તદ્દન નહિવત્ છે.

હિંદુ પરંપરામાં પણ શ્રી શંકરાચાર્ય, મીરાંબાઇ, તુલસીદાસ, રામકૃષ્ણ પરમહંસ, અરવિંદ ઘોષ, સ્વામી વિવેકાનન્દ જેવી વિભૂતિઓ ગણનાપાત્ર છે.

ઉપર્યુક્ત બે પરંપરાની જેમ બૌદ્ધ સાહિત્ય પણ આવાં દૃષ્ટાન્તોથી સમલંકૃત થયેલું છે. ભગવાન ગૌતમ બુદ્ધનું મહાભિનિષ્ક્રમણ આ દિશામાં ભરાયેલું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. જૈનોનાં ૪૫ આગમોની જેમ બૌદ્ધોનું શ્રદ્ધેય સાહિત્ય તે ત્રિપિટકો છે. સુત્તપિટક, વિનયપિટક અને અભિધમ્મપિટક ત્રણ ત્રિપિટકો છે. સુત્તપિટકમાં થેરીગાથા અંતર્ગત થયેલી છે. થેરી એટલે જ્ઞાનથી વૃદ્ધ થયેલી. ગાથા એટલે ગીત. તેઓનું ગીત તે થેરીગાથા.

આ થેરીગાથામાં અવળે માર્ગે જઈ રહેલા ભિક્ષુઓને સન્માર્ગે લાવવાનું કામ કેટલીક થેરીઓએ કર્યું છે. અગણિત સ્ત્રી કે જેણે સંઘમાં પ્રવેશ મેળવ્યો છે તેમાંની ૭૩ થેરીઓનું લખાણ આપણને ઉપલબ્ધ છે. આ બધું એક સરખું નથી. કેટલાકમાં એક શ્લોક છે, કેટલાકમાં બે, કેટલાકમાં ત્રણ શ્લોકો હોય છે, કેટલાક વળી લાંબા પણ હોય છે. આ થેરીઓ સમાજના વિભિન્ન સ્તરોમાંથી આવેલી છે. કેટલીક રાજાના પ્રાસાદોમાંથી, કેટલીક ગણિકાઓમાંથી તથા કેટલીક અંત્યજોમાંથી પણ આવેલી છે. આ થેરીની વય પણ એકસરખી નથી. કેટલીક કુંવારી છે, કેટલીક વિધવા છે અને કેટલીક વૃદ્ધ પણ છે.

આ ગાથાઓમાંથી ૭૫ શ્લોકવાળી ગાથા સુમેધાએ રચેલી છે. તે ક્રૌન્ચના રાજાની પટરાણીની દીકરી હતી. તે મન્તવતીમાં જન્મી હતી. વરણવતીનો રાજા અનિકર્ત તેનું પાણિગ્રહણ કરવા માંગતો હતો. જાતે સુસજ્જ થઈ વરવા આવ્યો પણ સુમેધાએ તેની માગણીનો અસ્વીકાર કર્યો અને અસિધારાવ્રત જેવું સાધ્વીનું જીવન સ્વેચ્છાએ સ્વીકાર્યું.

૪૬ ગાથામાં ઇષીદત્તિ અથવા ઇષીદત્તિએ પોતાનો વૃત્તાન્ત વર્ણવ્યો છે. બોધિ નામની ભિક્ષુણીએ ઇષીદત્તિને તે શા માટે ભિક્ષુણી બની એવો પ્રશ્ન પૂછ્યો. ઇષીદત્તિએ જણાવ્યું કે હું મારા માતાપિતાની એકની એક દીકરી હતી. મારું લગ્ન થયું. મારા પતિની નિષ્ઠાથી સેવા કરતી હતી છતાં પણ મારો ત્યાગ કર્યો. બીજી વાર મારું લગ્ન કરાયું. બીજા પતિએ પણ મને ત્યજી. એક વાર એક ભિક્ષુ મારે ત્યાં ભિક્ષા માંગવા આવ્યો. મારા પિતાના જણાવ્યા પ્રમાણે તેણે ગૃહસ્થ બની મારો સ્વીકાર કર્યો. ફરીથી ભિક્ષુ થવું છે તેવું જણાવી પંદર દિવસ પછી તેણે પણ મારો ત્યાગ કર્યો. તેથી મેં આ સંઘમાં પ્રવેશ કર્યા છે.

શુભા નામની બીજી ભિક્ષુણીએ પોતા પ્રત્યે આકર્ષાયેલા ભિક્ષુને પોતાની આંખ આપી બ્રહ્મચર્યવ્રતને ખંડિત થવા દીધું ન હતું.

વેશ્યાઓ કે જેઓએ આ વ્રત અંગીકાર કર્યું છે તેમાંની મહત્ત્વની સ્ત્રીઓના નામો આ પ્રમાણે છેઃ— અંબાપાલી, અર્ધકેશી, પદ્મવતી, વિમલા.

ઉપર્યુક્ત વિવેચન પરથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે ભારતવર્ષને ગૌરવ આપનારી ત્રણે ધાર્મિક પરંપરામાં બ્રહ્મચર્યને દીપાવી સુશોભિત કરનારા આદર્શ મહાનુભાવો અમર બની ગયા છે. આ કોટિમાં સ્ત્રીઓને પણ સ્થાન મળ્યું છે. તેઓની યશોગાથાને અક્ષરદેહ આપી તેઓના ક્ષર દેહો અક્ષર–અમર બન્યા છે.

卐

નવાં સંશોધનો – પ્રાચીન ગ્રન્થોમાં

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ., પીએચ. ડી.

સાહિત્ય એ જીવનનો આવિષ્કાર છે. કોઈ પણ યુગના જીવનનું દર્શન એ યુગના સાહિત્યમાંથી થાય છે— અથવા કહો કે થવું જોઈએ. આ રીતે ભૂતકાળનું દર્શન આપણને પ્રાચીન સાહિત્યમાંથી થાય છે. ભૂતકાળ એ અતીત અર્થાત્ વીતી ગયેલો હોવા છતાં, વર્તમાન સાથે એને સીધો સંબંધ છે; વર્તમાન એ મહદંશે ભૂતકાળનો વારસો છે. આથી જ ઇતિહાસના અભ્યાસને અગત્ય આપવામાં આવે છે તથા પ્રાચીન ગ્રન્થોના સંશોધન અને અધ્યયનનું સાહિત્યિક, સાંસ્કૃતિક અને ભાષાકીય મહત્ત્વ ગણવામાં આવે છે. કેવળ શુદ્ધ સાહિત્ય, ભાષા અને સંસ્કૃતિનો ઇતિહાસ, ભૂતકાળ સાથે વર્તમાનનું અનુસંધાન આદિ અનેક રીતે આ અભ્યાસ રસપ્રદ હોય છે. એમાં યે ગુજરાતની પ્રાચીન હસ્તપ્રતોની સંપત્તિ અત્યંત વિપુલ હોઈ ત્યાં તો આ પ્રકારના અનેકવિધ કાર્યને સવિશેષ અવકાશ છે. તાજેતરમાં થયેલાં અને થઈ રહેલાં, પ્રાચીન ગ્રન્થો વિષેનાં કેટલાંક સંશોધનો પરત્વે આ દૃષ્ટિએ અહીં થોડીક વાત કરીશ, અને તેમાં વિવિધ વિષયોના અને જુદા જુદા સમયના, પસંદ કરેલા ગ્રન્થો વિષે કેટલુંક કહીશ.

સોમેશ્વર કવિના સંસ્કૃત 'ઉલ્લાઘરાઘવ' નાટકનું પ્રકાશન વડોદરાના પ્રાચ્યવિદ્યા મન્દિર તરફથી ટૂંક સમયમાં થશે. સોમેશ્વર કવિ ઈસવી સનના તેરમા સૈકામાં થઈ ગયો. ગુજરાતના ચૌલુક્ય રાજાઓનો એ વંશપરંપરાગત પુરોહિત હતો તથા સાહિત્યપ્રિય અને કલાપ્રેમી મંત્રી વસ્તુપાલનો પ્રિય મિત્ર હતો. તત્કાલીન રાજ્યવહીવટની દોરવણીમાં પણ એનો સારો હિસ્સો હતો. આ નાટક ઉપરાંત, સોમેશ્વરે 'કીર્તિકૌમુદી' અને 'સુરથોત્સવ' જેવાં મહાકાવ્યો, 'રામશતક' જેવાં સ્તોત્રો, 'કર્ણામૃતપ્રપા' જેવો સુભાષિતસંગ્રહ તથા આબુ અને ગિરનાર ઉપરનાં મન્દિરોમાં શિલાલેખોરૂપે કોતરાયેલાં સંસ્કૃત પ્રશસ્તિકાવ્યો લખ્યાં છે. 'ઉલ્લાઘ-રાઘવ' એ આઠ અંકનું સંસ્કૃત નાટક છે અને એમાં રામાયણની કથાનું નાટકરૂપે નિરૂપણ છે. સોમેશ્વરે પોતાના પુત્ર ભલ્લશર્માની પ્રાર્થનાથી આ નાટક રચ્યું હતું એમ તે પોતે જ કહે છે :

तदङ्गजः स्वाङ्गजभल्लशर्मप्रयुक्तया प्रार्थनया प्रणुन्नः ।
चकार सोमेश्वरदेवनामा रामायणं नाटकरूपमेतत् ॥

વળી નોંધપાત્ર વસ્તુ એ છે કે દ્વારકાના જગતમન્દિર-માં પ્રબોધિની એકાદશીના પવિત્ર દિવસે આ સંસ્કૃત નાટક ભજવાયું હતું એમ સોમેશ્વરદેવ પોતે જ નાટકની પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરે છે. ચૌલુક્યયુગીન ગુજરાતમાં સંખ્યાબંધ સંસ્કૃત નાટકો રચાયાં હતાં, એટલું જ નહિ પણ અણહિલવાડ પાટણ અને બીજાં મુખ્ય નગરોમાં પર્વદિવસોમાં કે ઉત્સવપ્રસંગોએ એ ભજવાતાં હતાં અને લોકો ઉત્સાહપૂર્વક એ જોવા માટે જતાં હતાં. આ રીતે જનસમુદાય સમક્ષ નાટકો ભજવવાની પરંપરા ગુજરાતમાં ઓછામાં ઓછું, પંદરમા સૈકા સુધી તો ચાલુ રહી જ હતી. ગંગાધર કવિનું ઐતિહાસિક સંસ્કૃત નાટક 'ગંગદાસ પ્રતાપવિલાસ' ઈ. સ. ૧૪૪૯ ના અરસામાં ચાંપાનેરમાં મહાકાલીના મન્દિરના પટાંગણમાં ભજવાયું હતું.

'ઉલ્લાઘરાઘવ'નો શબ્દાર્થ થાય છે 'ઉલ્લાસયુક્ત રામ.' આ 'ઉલ્લાઘરાઘવ'ની રચના સોમેશ્વરે ઈસવી સનની નવમી સદી પૂર્વે થયેલા મુરારિ કવિના સપ્તાંકી નાટક 'અનર્ઘરાઘવ'ના નમૂના ઉપર કરી હોય એમ જણાય છે. મુરારિનું 'અનર્ઘરાઘવ' નાટક એક કાળે સંસ્કૃત સાહિત્યમાં ઘણું લોકપ્રિય હતું અને એના ઉપર સંખ્યાબંધ ટીકાઓ રચાયેલી મળે છે. એ નાટક પણ રામચરિત વિષેનું છે. જેમનાં નામને અંતે 'રાઘવ' શબ્દ આવતો હોય એવી, રામચરિતવિષયક નાટકોની એક શ્રેણી સંસ્કૃત સાહિત્યમાં છે. માયુરાજનું 'ઉદાત્ત રાઘવ' નાશ પામી ગયું છે, પણ જયદેવનું 'પ્રસન્ન-રાઘવ' અને ભાસ્કર કવિનું 'ઉન્મત્તરાઘવ' આજે વિદ્યમાન છે. એ જ શ્રેણિમાં ગુજરાતના કવિ સોમેશ્વરનું 'ઉલ્લાઘરાઘવ' પણ આવે.

સાંસ્કૃતિક અને સાહિત્યિક ઇતિહાસ તથા શબ્દકોશ-શાસ્ત્રની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વના બીજા એક જૂના ગુજરાતી ગ્રન્થની હવે વાત કરું. એ ગ્રંથ છે 'વર્ણક-સમુચ્ચય'. મૂળ કૃતિઓનો માત્ર પાઠ આપતો એનો પહેલો ભાગ કેટલાક સમય પહેલાં પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલામાં પ્રકટ થયો હતો, જ્યારે આ રચનાઓનું સાંસ્કૃતિક અધ્યયન તથા વિવિધ વિષયોની શબ્દસૂચિઓ આપતો બીજો ભાગ તુરતમાં પ્રસિદ્ધ થશે.

'વર્ણક-સમુચ્ચય'ની વાત કરીએ ત્યારે સૌ પહેલ;

પ્રશ્ન એ થશે કે 'વર્ણક' એટલે શું? જૂના ગુજરાતી સાહિત્યમાં ગદ્યના જે વિવિધ પ્રકારો મળે છે તેમાં 'વર્ણક' એક વિશિષ્ટ પ્રકાર છે. 'વર્ણક' એટલે કોઈ પણ વિષયના વર્ણનની, પરંપરાથી લગભગ નિશ્ચિત થયેલી એક ઘાટી. અક્ષરના, રૂપના, માત્રાના અને લયના બંધનથી મુક્ત, છતાં પદ્યમાં લેવાતી બધી છૂટ ભોગવતા પદ્યાનુકારી પ્રાસયુક્ત ગદ્યમાં, જે ગદ્ય 'બોલી' નામે ઓળખાય છે તેમાં, ઘણુંખરું વર્ણકોની રચના થયેલી હોય છે. પરંતુ એમાં વચ્ચે વચ્ચે સંસ્કૃત વર્ણકો અથવા જેને એકંદરે સંસ્કૃત ગણવો જોઈએ એવો મિશ્રભાષામય ભાગ પણ આવે છે. આ સંસ્કૃત અંશ વ્યાકરણમાન્ય પ્રશિષ્ટ સંસ્કૃતમાં નહિ, પણ પ્રાકૃત અને લોકભાષાના પ્રયોગોથી તરબોળ થયેલી સંસ્કૃત, જેને સાધારણ રીતે 'જૈન સંસ્કૃત' નામથી ઓળખવામાં આવે છે, પણ જર્મન વિદ્વાન ડૉ. હર્ટલે જેને Vernacular Sanskrit—'લોકભાષામય સંસ્કૃત' એવું અર્થવાહક નામ આપ્યું હતું એવી સંસ્કૃતમાં રચાયેલો છે. કથાકારો અને પ્રવચનકારો શ્રોતાઓના મનોરંજન અને ઉદ્બોધન અર્થે આવા વર્ણકોનો ઉપયોગ કરતા હશે. જુદા જુદા વર્ણકોમાં જે સમાન અથવા સમાન જેવો અંશ મળે છે તે ઉપરથી ચોક્કસ જણાય છે કે એ વર્ણકો પરંપરાથી ઊતરી આવ્યા છે. પ્રાચીન ભારતીય સાહિત્યપ્રણાલીમાં—સંસ્કૃત, પાકૃત તેમ જ પાલિમાં—વર્ણકની પરિપાટીનાં મૂળ શોધી શકાય એમ છે. પ્રાકૃતમાં તે વણ્ણઓ કહેવાય છે, અને બધા જૈન આગમગ્રન્થોમાં નગર, ચૈત્ય આદિનાં વર્ણનો આ સમાન પરંપરાગત ઘાટિમાં છે—તે એટલે સુધી કે બધાં જ વર્ણનો વિસ્તૃતરૂપે માત્ર 'ઔપપાતિક સૂત્ર' નામે આગમમાં આવે છે, અને બીજાં આગમોમાંનાં તે તે વિષયોનાં વર્ણનો શબ્દશઃ 'ઔપપાતિક સૂત્ર' પ્રમાણે સમજી લેવાનાં હોય છે, અને એ માટે તે તે સ્થળે વણ્ણઓ એટલો નિર્દેશ માત્ર જ હોય છે. કંઈક આ પ્રકારની વર્ણનપદ્ધતિને પાલિ સાહિત્યમાં 'પેય્યાલ' કહેવામાં આવે છે. પ્રાચ્યવિદ્યા મન્દિરના ત્રૈમાસિકમાં હમણાં છપાતી વર્ણકપદ્ધતિની બે રચનાઓ—'ગીર્વાણપદમંજરી' અને 'ગીર્વાણવાક્‌મંજરી' સંસ્કૃતમાં હોવા છતાં સમયદૃષ્ટિએ પ્રાદેશિક ભાષાઓની સમકાલીન છે. વર્ણકોની સાહિત્યસામગ્રી અને નિરૂપણરીતિ સાથે સરખાવી શકાય એવી, જૂની ગુજરાતી સાહિત્યની મુખ્ય ગદ્યકૃતિ, સં. ૧૪૭૮ માં માણિક્યસુન્દરસૂરિએ રચેલી ગદ્યકથા 'પૃથ્વીચંદ્રચરિત્ર' છે. અન્ય ભારતીય ભાષાઓની પ્રકાશિત રચનાઓમાં, જૂની મૈથિલી ભાષામાં અનુમાને ચૌદમા સૈકામાં જ્યોતિરીશ્વર કવિશેખરે રચેલો ગ્રન્થ 'વર્ણ-રત્નાકર' અદલોઅદલ વર્ણક-પદ્ધતિએ છે. જૂની ગુજરાતી અને જૂની મૈથિલીના એક વિશિષ્ટ સાહિત્યપ્રકારમાં આટલા અંતર્ગત સામ્યનાં કારણો હજી શોધનો વિષય છે.

વર્ણકોનો આ સાહિત્યપ્રકાર એની આગવી નિરૂપણ-રીતિ અને કથનપદ્ધતિ ઉપરાંત એમાં નિરૂપિત વિષયોને કારણે, મધ્યકાલીન ગુજરાતનાં વસ્ત્રો, અલંકારો, ભોજનસામગ્રી, શસ્ત્રાસ્ત્રો, વ્યવસાયો અને ભૌતિક સંસ્કૃતિનાં બીજાં અનેક પાસાંઓના અભ્યાસ માટે વિરલ અગત્યની સામગ્રી પૂરી પાડે છે. આવા અનેક વિષયો સાથે સંબદ્ધ શબ્દોની એમાંથી પ્રાપ્ત થતી સૂચિઓ ભાષાના ઇતિહાસ અને શબ્દકોશના સંકલન માટે પણ ઘણી મહત્ત્વની છે.

પ્રાચીન ભારતના સાંસ્કૃતિક ઇતિહાસ માટે ખૂબ ઉપયોગી એક પ્રાકૃત ગ્રન્થની વાત હવે હું કરીશ. એ ગ્રન્થ છે 'અંગવિજ્જા', જેનું સંસ્કૃતરૂપ 'અંગવિદ્યા' એવું આપી શકાય. રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદના અધ્યક્ષપદે સ્થપાયેલી 'પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી'નું એ પ્રથમ પ્રકાશન છે અને પ્રાકૃત ભાષાસાહિત્યના આજીવન અભ્યાસી મુનિશ્રી પુણ્યવિજયજીએ એનું સંપાદન કરેલું છે. 'અંગવિજ્જા' એ નિમિત્તશાસ્ત્રનો ગ્રન્થ છે અને જૈન આગમસાહિત્યનાં 'પ્રકીર્ણકો'માંનો એક ગણાય છે. સંપાદકના મત પ્રમાણે, અર્ધમાગધી ભાષાની અસરવાળી મહારાષ્ટ્રી પ્રાકૃતમાં ગ્રન્થ રચાયેલો છે. એની સર્વપ્રથમ સંકલના કુશાન યુગમાં થઈ હોય અને ત્યાર પછી ગુપ્ત યુગમાં એનું ફરી વાર સંપાદન થયું હોય એમ માનવામાં આવે છે. નાનામોટા ૬૦ અધ્યાયોમાં 'અંગવિજ્જા' વહેંચાયેલ છે. કેટલાક અધ્યાયો પદ્યમાં અને કેટલાક ગદ્યમાં છે. એમાં વર્ણવાયેલાં નિમિત્તોના આઠ ભાગ પાડેલા છે—અંગ, સ્વર, લક્ષણ, વ્યંજન, સ્વપ્ન, ચિહ્ન, ભૌમ અને અંતરીક્ષ. આજના સમયમાં નિમિત્તોની વાત બાજુએ મૂકીએ તો પણ, જે યુગોમાં 'અંગવિજ્જા'ની રચના અને સંકલના થઈ એ યુગની અનેકવિધ સામાજિક અને સાંસ્કૃતિક સામગ્રીથી તે ભરપૂર છે. સ્થાપત્ય, રાચરચીલું, ખાનપાન, પાત્રો, પોશાક, સિક્કાઓ આદિ ઉપરાંત તત્કાલીન લોકસમાજમાં પૂજિત દેવદેવીઓનાં

નામ, જુદા જુદા રાજ્યાધિકારીઓની પદવીઓ, વેપારીઓ, કલાધરો, અને કારીગરોની વિવિધ શ્રેણિઓ ઉપર અને તે દ્વારા ઈસવી સનની પહેલી ચાર-પાંચ શતાબ્દીઓ દરમિયાન ઉત્તર ભારતની રાજકીય, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિ ઉપર પણ તે મોટો પ્રકાશ પાડે છે. વચ્ચેના સમયમાં 'અંગવિજ્જા'નું પહનપાહન વિરલ હતું; તે કારણે એની ખાસ કરીને પ્રાચીન હસ્તપ્રતો ભાષાવૈજ્ઞાનિક અભ્યાસ માટે બહુ ઉપયોગી છે. ભારતીય સાહિત્યની, પ્રમાણમાં કંઈક અવગણાયેલી શાખાનું 'અંગવિજ્જા'એ મૂલ્યવાન પ્રકાશન છે.

પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીનાં બે અગત્યનાં પ્રકાશનો, જે ટૂંક સમયમાં બહાર પડનાર છે તે—વિમલસૂરિકૃત 'પઉમચરિય' અને શીલાચાર્યકૃત 'મહાપુરિસચરિય.' આ બન્નેય બૃહદ્ પ્રાકૃત ગ્રન્થો છે અને એ બન્નેયનાં સંપાદન મુનિ શ્રીપુણ્યવિજયજીએ કરેલાં છે. 'પઉમચરિય'નું સંસ્કૃત રૂપાન્તર થાય 'પદ્મચરિત.' 'પદ્મ' એટલે રામ અર્થાત્ એમાં જૈન પરંપરા અનુસાર રામચરિત અથવા રામાયણની કથા આપેલી છે. એની રચનાશૈલી અને ભાષાસ્વરૂપ ઉપરથી, એના પ્રથમ સંપાદક, જર્મન વિદ્વાન ડૉ. હર્મન યાકોબી એ ગ્રન્થને ચોથા-પાંચમા સૈકા કરતાં જૂનો ગણતા નથી.

શીલાચાર્યકૃત 'મહાપુરિસચરિય' દશ હજાર શ્લોક-પ્રમાણનો પ્રાકૃત ગ્રન્થ છે. સં. ૯૨૫માં એની રચના થઈ. એમાં ચોપન મહાપુરુષોનાં ચરિત્ર આપેલાં હોવાથી તે 'ચઉપન્ન મહાપુરિસચરિય' તરીકે પણ ઓળખાય છે, અને લગભગ અઢીસો વર્ષ બાદ હેમચંદ્રે સંસ્કૃત શ્લોકોમાં પુરાણપદ્ધતિએ રચેલા 'ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર'નું વસ્તુ ઘણે અંશે એમાંથી લેવાયેલું જણાય છે. આ શીલાચાર્ય અને વનરાજના ગુરુ તરીકે પ્રસિદ્ધ શીલગુણસૂરિ કે શીલાંકસૂરિ એક જ છે એવી એક પરંપરા છે.

છેલ્લે એક મહત્ત્વના સંસ્કૃત ગ્રંથ વિષે હું વાત કરીશ. એ ગ્રન્થ છે 'વિષ્ણુધર્મોત્તર પુરાણ'નો ત્રીજો ખંડ. એનું શાસ્ત્રીય સંપાદન ડૉ. પ્રિયબાલા શાહે કર્યું છે અને એનું પ્રકાશન થોડાક માસ પહેલાં જ ગાયકવાડ પ્રાચ્ય ગ્રન્થમાલાના ૧૩૦ મા પુષ્પ તરીકે થયું છે. સંપાદક વિદુષીએ આ ખંડનો રચનાકાળ ઈ. સ. ૪૫૦ અને ૬૫૦ ની વચ્ચે નિશ્ચિત કર્યો છે. અર્થાત્ ભારતના ઇતિહાસમાં સુવર્ણયુગ તરીકે ઓળખાતા ગુપ્તયુગની આ કૃતિ છે. અનેક પુરાણો અને ઉપ-પુરાણોમાં નગરરચના, સ્થાપત્ય, શિલ્પ ચિત્ર, સંગીત, નૃત્ય આદિ કલાઓ વિષેનું નિરૂપણ જોવામાં આવે છે, પણ લલિતકલાઓનું જેવું વિસ્તૃત અને વ્યવસ્થિત નિરૂપણ 'વિષ્ણુધર્મોત્તર'માં છે તેવું બીજા એક પણ પુરાણમાં નથી. આ નિરૂપણ 'વિષ્ણુધર્મોત્તર'ના ત્રીજા ખંડમાં છે, અને એટલા ખાતર માત્ર એ ખંડનું સંપાદન કરવામાં આવ્યું છે. પ્રાચીન ભારતની કલાઓમાં પ્રયોજાયેલ અનેક મુદ્રાઓ અને પ્રતીકો ઉપર તે પ્રકાશ પાડે છે; અને પ્રાચીન કલાઓની પ્રણાલિકાઓ અને પરંપરાઓને સમજવા માટે પ્રમાણભૂત સાધનરૂપ બની રહે છે. ચિત્રકલાને લગતો એમાંનો વિભાગ, જે 'ચિત્રસૂત્ર' તરીકે ઓળખાય છે, એનાં અંગ્રેજી તેમ જ ગુજરાતી ભાષાન્તરો પણ આ પહેલાં થયેલાં છે.

'વિષ્ણુધર્મોત્તર'ના આ ત્રીજા ખંડમાં કયા વિષયો ચર્ચાયા છે એ ટૂંકમાં જોઈ એ. એમાં સંસ્કૃત અને પ્રાકૃત વ્યાકરણ, શબ્દકોશ, છંદઃશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, કંઠસંગીત અને વાદ્યસંગીતની ચર્ચા છે. 'નૃત્તસૂત્ર'માં નૃત્ય વિષે અને 'ચિત્રસૂત્ર'માં ચિત્ર વિષે શાસ્ત્રીય નિરૂપણ છે. એ પછી 'પ્રતિમાલક્ષણમ્' નામે વિભાગમાં જુદા જુદા દેવોનાં 'રૂપ' અર્થાત્ આકૃતિનું નિર્માણ કેવી રીતે કરવું એ વિષે શિલ્પીઓ અને ચિત્રકારોને સૂચનાઓ છે. એમાં 'સ્તૂપ' અથવા સ્તૂપ કેવી રીતે નિર્માણ કરવો એનું પણ વિધાન છે. છેલ્લે 'પ્રાસાદલક્ષણમ્' એ વિભાગમાં દેવમન્દિરોના નિર્માણ માટે સ્થપતિઓને અનેક રીતે ઉપયોગી એવી બાબતો ચર્ચવામાં આવી છે, તથા પ્રાસાદો બાંધવા માટે જરૂરી લાકડું, પથ્થર, ઈંટ વગેરે સામગ્રીની પરીક્ષા કેવી રીતે કરવી એ જણાવ્યું છે તથા 'વજ્રલેપ' કેવી રીતે તૈયાર કરવો એ સૂચવ્યું છે. 'વજ્રલેપ' એટલે ઈંટ, પથ્થર વગેરેને વજ્રની જેમ ચોંટી જનારો, સિમેન્ટ જેવો પદાર્થ છે. મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિ પણ એ વિભાગમાં વર્ણવેલી છે. પ્રાચીન ભારતની વિવિધ કલાઓના અભ્યાસ માટે અદ્વિતીય મહત્ત્વના, 'વિષ્ણુધર્મોત્તર'ના તૃતીય ખંડમાં નિરૂપિત વિષયોનું ડૉ. પ્રિયબાલાનું ઐતિહાસિક અને વિવેચનાત્મક અધ્યયન અને સંસ્કૃત શબ્દસૂચિઓ હવે પછી ગાયકવાડ પ્રાચ્યમાળાના એક અલગ ગ્રંથરૂપે પ્રસિદ્ધ થશે.

પ્રાચીન ગ્રન્થો પરત્વે કેટલાંક નવાં સંશોધનોનો આ ટૂંક પરિચય, એ પ્રકારની વિદ્યાપ્રવૃત્તિની અનેકવિધ અગત્યનો અછડતો ખ્યાલ આપશે.

(આકાશવાણીના સૌજન્યથી)

ગંધ પૂજાનું ફળ

શ્રી નવીનચંદ્ર અ. દોશી

જિનનો ગુણગંધ ભરી હૃદયે,
જન દ્રવ્ય સુગંધથી પૂજન કરે,
તેને લાભ સુશાંતિ સદાય વરે.
તેનાં પાતક સઘળાંયે દૂર ખરે.

ભારતવર્ષમાં વૈતાઢ્ય પર્વતના દક્ષિણ ભાગમાં ગજપુર નામે વિદ્યાધરોનું નગર હતું. ત્યાં જયસૂર નામે વિદ્યાધર રાજા હતો. તે રાજાને શુભમતિ નામે રાણી હતી. બીજે વખતે રાણીના ગર્ભમાં ત્રીજા દેવલોકમાંથી ચવીને એક સમ્યગ્‌દૃષ્ટિ દેવતા સંક્રમ્યો, રાણીને મનમાં દોહદ થયો.

" સુગંધી દ્રવ્યો વડે હું જિનેંદ્રોનું અર્ચન કરું "

રાજા અને રાણી વિમાનમાં બેસીને અષ્ટાપદ પર્વત પર પૂજન કરવાને નીકળ્યાં. રસ્તામાં રાણીને પાણીની તરસ લાગી તેથી વિમાન એક જંગલમાં ઝરણા પાસે ઊતર્યું. રાણીએ રાજાને પૂછ્યું, ' હે સ્વામી, આ સુગંધી વનસ્પતિઓના પ્રદેશમાં પણ આ અણગમતી દુર્ગંધ ક્યાંથી આવે છે? ' રાજા જયસૂરે કહ્યું, ' પ્રિયે, મહાતપસ્વી મુનિ લાંબા કાળથી ધ્યાનમાં સ્થિર છે, તેમણે શરીરની સંભાળ લીધી નથી, તેથી તે શરીરમાંથી આવતી ગંધ તને અસહ્ય લાગે છે. ચાલો આપણે એ મુનિવરને વંદન કરીને માનવજન્મને ધન્ય બનાવીએ! '

રાણીએ વંદન કર્યા પછી પોતાના પતિને મુનિના દેહને જળવડે પખાણવાનો આગ્રહ કર્યો તેથી તેમણે મુનિના દેહનો મેલ દૂર કરી તેના ઉપર સુગંધી પદાર્થોનો લેપ કર્યો. રાજા જયસૂર અને રાણી શુભમતિ પછી અષ્ટાપદ તીર્થ પર જઈને સુગંધી ચૂર્ણ વડે ભગવાનની અર્ચના કરવા લાગ્યાં.

અહીં સુગંધી દ્રવ્યના આકર્ષણ વડે વનના ભમરાઓ વનસ્પતિ મૂકીને મુનિના દેહમાં છિદ્રો કરવા લાગ્યા. મુનિનો દેહ ચાળણીની માફક છિદ્રયુક્ત થયો. વિદ્યાધર અને વિદ્યાધરી બન્ને પાછાં વળ્યાં ત્યારે તેમને મુનિની આવી અવસ્થા જોઈ રાણીને પોતાના અવિચારી સેવાકૃત્ય માટે પશ્ચાતાપ થયો. ત્યાં તો મુનિને લોકાલોકને પ્રકાશનારું એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ મહોત્સવ કર્યો. રાજરાણીએ મુનિ પાસે પોતાના અપરાધની ક્ષમા માગી. મુનિએ કહ્યું ' મુનિની દુર્ગંછા કરવાનું તારું પાપ તેં પશ્ચાત્તાપથી શોષવી નાખ્યું છે છતાં એક ભવમાં કંઈક ભોગવવાનું બાકી રહી ગયેલ છે. '

રાજા અને રાણીએ પોતાના પુત્ર વિદ્યાધર કલ્યાણને ગાદી આપીને દીક્ષા ગ્રહણ કરી બન્ને ઉત્તમ મુનિનો આચાર પાળીને દેવદેવીપણે સૌધર્મકલ્પમાં ઉત્પન્ન થયાં.

હવે રાણી શુભમતિનું દેવી તરીકેનું આયુષ્ય ટૂંકું હોવાથી તે ભારતવર્ષમાં હસ્તિનાપુરના રાજા જિતશત્રુને ત્યાં અતિશય સ્વરૂપવાન એવી પુત્રી તરીકે જન્મી. યૌવનાવસ્થામાં તે કન્યાનો સ્વયંવર રચવામાં આવ્યો. મોટા મોટા વિદ્યાધરો અને કિન્નરોને છોડીને રાજકુમારી મદનાવલીએ શિવપુરના રાજા સિંહધ્વજને સ્વામી તરીકે પસંદ કર્યા.

સિંહધ્વજ અને મદનાવલીનો વખત પરસ્પર પ્રીતિના સુખમાં ઝડપથી પસાર થવા લાગ્યો. મુનિની પૂર્વભવમાં કરેલી દુગંછાને કારણે રાણી મદનાવલીને કર્મોદયને લીધે દેહમાંથી એવી દુઃસહ દુર્ગંધ છૂટવા લાગી કે લોકોને તેની પાસે ઉભા રહેલું અસહ્ય બની ગયું. વૈદ્યો પણ આ કર્મરોગ સામે લાચાર થયા. રાજાએ દૂર અરણ્યમાં એક મહેલ બંધાવીને કેટલાક રસાલા સાથે રાણીને ત્યાં રાખી.

રાણી પોતાનું આવું અસહ્ય તિરસ્કારમય જીવન બહુ જ શાંત રીતે પૂર્વનો પાપકર્મનો ઉદય માનીને સહન કરવા લાગી. એક વાર રાણી પોતાના મનને કર્મવિચારની ભાવનાથી સાંત્વના આપતી હતી ત્યાં અરણ્યના મહેલમાં એક ચમત્કાર બન્યો.

રાણીના મહેલમાં એક પોપટ અને મેના દાખલ થયાં અને સ્તંભના વળાંકનો આશ્રય લઈને ત્યાં જ બેઠાં. રાણી જ્યારે ઊંઘવાની તૈયારી કરવા માટે પંચપરમેષ્ઠિનું સ્મરણ કરે છે ત્યારે પક્ષિણી કહે છે, ' હે સ્વામી, કોઈ કથા કહો તો રાતની ઠંડી વીસરી શકાય,

પોપટ કહે, 'હું તને એક મનોહર પરંતુ કલ્પિત કથા કહું છું.' પક્ષિણી બોલી, 'મને સત્ય કથા જ કહો જેથી સત્ય જાણવાનો સંતોષ થાય અને મનોરંજન પણ થાય.'

પોપટે તો રાણી શુભમતિ અને વિદ્યાધર રાજા જયસૂરની કથા વિસ્તારીને કહી. રાણી મદનાવલીને આ સાંભળીને પોતાનો પૂર્વજન્મ યાદ આવ્યો. પક્ષિણીએ પૂછ્યું કે તે શુભમતિ હાલ ક્યાં જન્મી છે. પોપટે કહ્યું, 'તારી સામે જ આ પલંગ પર બેઠેલી દુર્ગંધયુક્ત શરીરવાળી, મુનિઘૃણાનું ફળ ભોગવતી આ રાજરાણી મદનાવલી છે.' પક્ષિણીએ કહ્યું, 'સ્વામી, આ રાણીનું દુઃખ દૂર કરવાનો કોઈ ઉપાય કહો.' પોપટે કહ્યું, 'ઉપાય સરળ છે. જો સાત દિવસ સુધી સુગંધી દ્રવ્યો લઈ ને આ રાણી વીતરાગ પ્રતિમાનું પૂજન કરે તો તેનો રોગ જરૂર શાંત થાય."

રાણીએ તો આવી વધામણી સાંભળી તેથી તેનું અડધું દુઃખ ત્યાંને ત્યાં ઓછું થઈ ગયું. તેને અસહ્ય દુર્ગંધની અવસ્થામાં પણ આરોગ્યની આશા ઉત્પન્ન થવાથી ખૂબ હર્ષ ઉત્પન્ન થયો. પણ પક્ષિયુગલ રાણી જોતી હતી ત્યાં જ અદૃશ્ય થઈ ગયું.

રાણીએ ઉત્તમ સુગંધદ્રવ્યોના ચૂર્ણ વડે વીતરાગ પરમાત્માની પ્રતિમાઓની પૂજા શરૂ કરી. જેમ મંત્રના બળથી પિશાચ શાંત થાય તેમ રાણીનો રોગ પૂજનના ક્રમ પ્રમાણે અનુક્રમે સાત દિવસે તદ્દન શાંત થઈ ગયો. રસાલામાંના પુરૂષોએ તરતજ જઈને રાજાને આ શુભ સમાચાર આપ્યા. રાજાએ તરતજ રાણીને ધામધૂમથી નગરમાં દાખલ કરી અને ફરીને રાજરાણી પ્રીતિપૂર્વક રહેવા લાગ્યાં.

શિવપુર નગરના ઉદ્યાનમાં આજે અમિતતેજ નામના ધર્માચાર્ય પધાર્યા છે. તેમને કેવળજ્ઞાન વર્યું છે તેથી દૂરદૂરથી આ મુનિનું દર્શન કરવા માટે લોકો આવે છે. રાજા સિંહધ્વજ અને રાણી મદનાવલી પણ સર્વજ્ઞ મુનિ અમિતતેજના દર્શને આવ્યાં.

રાણીએ મુનિને પૂછ્યું, 'પ્રભો, મને પોપટ રૂપે રોગનો ઉપાય દર્શાવનાર કોણ હતું?' મુનિ અમિતતેજ બોલ્યા, 'ભદ્રે, એ તારો પૂર્વજન્મનો સ્વામી વિદ્યાધર જયસૂરનો જીવ જે હાલમાં સૌધર્મકલ્પમાં દેવ છે તે તારા પરની પ્રીતિને કારણે શુકયુગલરૂપે તને ઉપદ્રવ-મુક્ત કરવા આવેલો.'

રાણીએ સર્વજ્ઞનાં વચન સાંભળ્યાં તેથી તેને સંસાર-ભ્રમણના ભય વિશે ગભરામણ થઈ. તેથી તેણે મહારાજા સિંહધ્વજની ઇચ્છા બરાબર નહોતી છતાંયે ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

સાધ્વી મદનાવલી હંમેશાં ધ્યાનમાં સ્થિર રહીને આત્માનંદમાં મગ્ન રહે છે. હવે પૂર્વજન્મનો મદનાવલી નો પતિ વિદ્યાધરને ત્યાં જનમ્યો છે. યુવાન થયો છે. વિમાનમાં બેસી પરણવા જતો હતો ત્યાં તેણે રસ્તામાં સાધ્વીને જોઈ. પૂર્વસંસ્કારને કારણે તેણે સાધ્વી પાસે ભોગપ્રાર્થના કરી, તપ છોડીને પોતાની અર્ધાંગિની બનવા તેણે મદનાવલીને બહુ સમજાવી. મદનાવલી સાધ્વી અચળ રહ્યાં. તેથી અનુકૂળ ઉપસર્ગો સહન કરતાં તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ મહોત્સવ કર્યો. વિદ્યાધર મૃગાંક પણ પૂર્વજન્મનો વૃત્તાંત જાણી કેવળીને વંદન કરી પોતાને સ્થાને ગયો. આમ રાણી શુભમતિ પ્રભુપૂજનના પુન્યના પ્રભાવે અનુક્રમે અનંત દુઃખનો અંત કરીને શાશ્વત સુખને પામ્યાં.

(વિજયચંદ કેવલીના રાસમાંથી)

卐

Glory of Jainism

Shri Chimanlal J. Shah, M.A.

Of all Indological studies, Jainism has been particularly unfortunate in that the little that is done for it stands in vivid contrast with the vast undone.

We shall not attempt to relate here, neither shall we venture to sketch in outline, the mighty developments of the dogmas, the institutions and the doctrines of this great religion. Ours will be an attempt to follow the fortunes of a people, stout and sturdy, great and glorious, both in making a history for themselves and for their religion, and to estimate, in however tentative and fragmentary a fashion, the intrinsic worth of their contribution, particularly to the rich and fruitful cultural stream of India.

"The history of ancient India," says a modern historian, "is a history of thirty centuries of human culture and progress. It divides itself into several distinct periods, each of which, for a length of several centuries, will compare with the entire history of many a great people."[1] In these "thirty centuries of human culture and progress", the Jaina contribution is a solid synthesis of many-sided developments in art, architecture, religion, morals and sciences; but the most important achievement of the Jaina thought is its ideal of *Ahiṁsā*—non-violence—towards which, as the Jainas believe, the present world is slowly, though imperceptibly, moving. It was regarded as the goal of all the highest practical and theoretical activities, and it indicated the point of unity amidst all the diversities which the complex growth had inhabited by different peoples produced.

It is really difficult, nay, impossible to fix a particular date for the origin of Jainism. To the Jainas, Jainism has been revealed again and again in every one of the endless succeeding periods of the world by innumerable Tīrthaṅkaras. Of the present age the first Tīrthaṅkara was Ṛṣbha and the last two were Pārśva and Mahāvīra. Nevertheless, modern research has brought us at least to that stage, wherein we can boldly proclaim all these worn-out theories about Jainism being a latter off-shoot of Buddhism or Brahmanism as gross ignorance or, to repeat, as erroneous misstatements. On the other hand, we have progressed a step further, and it would be considered a historical fallacy to say that Jainism originated with Mahāvīra. This is because it is now a recognised fact that Pārśva, the twenty-third Tīrthaṅkara of the Jainas, is a historical person, and Mahāvīra like any other Jaina enjoyed no better position than of a reformer in a galaxy of the Tīrthaṅkaras of the Jainas.

Coming to the reformed Jaina Church of Mahāvīra or Jainism as such, it spread slowly among the poor and the lowly, for it was then a strong protest against caste privileges. It was a religion of equality of man. Mahāvīra's righteous soul rebelled against the unrighteous distinction between man and man, and his benevolent heart hankered after a means to help the humble, the oppressed and the lowly. The Brāhmaṇa and Śūdra, the high and the low, were the same in his eyes. All could equally effect their salvation by a holy life, and he invited all persons to embrace his catholic religion of love. It spread slowly—as Christianity spread in Europe in the early days—until Śreṇika, Kūnika, Chandragupta, Samprati, Khāravela, and others embraced Jainism during the first few glorious centuries of Hindu rule in India.

If by atheism we understand the

1. Dutt, *Ancient India*, p. 1.

belief that there is no eternal supreme God, Creator and Lord of all things, Jainism is atheistic. The Jainas flatly deny such a Supreme God, but believe in the eternity of existence, universality of life, immutability of the Law of *Karma*, and supreme intelligence as the means of self-liberation.

The other characteristic feature of Jainism is the doctrine of *syādvāda* or *anekāntavāda*. This unique feature of Jaina philosophy has been considered as the outstanding contribution of the Jainas to Indian logic. "The doctrine of *Nayas* or standpoints is a peculiar feature of the Jaina logic".[2] It is common with all religions to insist upon and provide for perfect knowledge. Every religion tries to teach man to go beyond the phenomenon. Jainism does the same, and with this difference, that it does not recognise the real from a restricted point of view. No better example of the clarity, subtlety and profundity of the Jaina intellect could be given.

Regarding the literary contribution of the Jainas, it would take a fairly big volume to give a history of all that they have contributed to the treasures of Indian literature. They have developed at all times a rich literary activity. They have contributed their full share to the religious, ethical, poetical and scientific literature of ancient India. All the species are respected in it, not only those which have an immediate bearing on the canonical writings—that is to say, the dogmatic, the moral, the polemic and the apologetic—but also history and legend, epic and romance and lastly sciences, such as astronomy, and above all sciences like astrology and divination.

In the realm of art, the elaborately carved friezes in the cave temples and dwellings on the Udayagiri and Khaṇḍagiri Hills, the richly decorated *Āyāgapaṭas* and *Toraṇas* of the Mathurā find, the beautiful free-standing pillars on the mountain masses of Girnār and Śatruñjaya, the admirable architecture of the Jaina temples of Mount Abu and elsewhere, and the pictorial remains evolved under the austere influence of Jainism are sufficient to evoke the interest of any student of Indian history. They combine in them the Triune Entity of Indian art—a sublime union of the purely decorative, the realistic and the purely spiritual. In the words of Dr. Guerinot, "The Hindu art owes to them a great number of its most remarkable monuments. In the domain of architecture, they have reached a degree of perfection which leaves them without a rival."[3]

In conclusion, if *Ahiṁsā* may be generalised as the fundamental ethical virtue of Jainism, *Syādvāda* may be described as the central and unique feature of Jaina metaphysics, and the explicit denial of the possibility of a perfect being from all eternity with the message of "Man! thou art thine own friend", as the centre round which circles the Jaina ritual. All this combined with the ideal of *Ahiṁsā* teaches :

> He prayeth well, who loveth well
> Both man and bird and beast
> He prayeth best who loveth best
> All things both great and small.
>
> —*Coleridge*

and that is why a Jaina always says :

> खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
> मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ ॥
>
> "I forgive all souls; let all souls forgive me. I am on friendly terms with all; I have no enmity with anybody."

2. Radhakrishnan, *Indian Philosophy*, p. 298.

3. Guerinot, *La Religion Djaina*, p. 297.



સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

NATIONAL REFINERY
NR
BOMBAY

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન એસોસિએશન લિ. મુંબઈ – ૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લેબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
એન્ડ એસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ – ૩. તાર : ARGOR

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri G. D. Somani, M. P.

LIST OF BRANCHES

Agra
Ahmedabad
Alwar
Bombay
1 Dadabhoy N. Road
2 Kazi Sayed St. Mandvi
3 Kalbadevi Road
4 Dana Bunder
Bangalore
Bharatpur
Bareilly
Bhilwara
Bisalpur
Beawar
Bikaner

Calcutta
Coimbatore
Dausa
Delhi
Fatehpur
Gangapur
Hindaun
Indore
Jaipur
1 Mansing Highway
2 Chand Pole
3 Jauhari Bazar
4 Secretariat
Jhunjhunu

Jodhpur
Jamnagar
Kotah
Kishangarh
Madras
Nawalgarh
Rajkot
Ratlam
Sawaimadhapur
Sikar
Surajgarh
Tirupur
Udaipur

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager

Q WHAT MAKES A VOILE BEAUTIFUL?

A - its design



Shree Ram Voiles

HAVE THE BEAUTIFUL DESIGNS YOU PREFER

Shrimtex

SHREE RAM MILLS
Limited Bombay 13

SRM-2-S

आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी बाडी, गिरगांव, मुंबईमां श्री माणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथी प्रकट कर्युं.

कॉन्फरन्स का मुखपत्र

श्री जैन श्वेताम्बर

जैन युग

ऑगस्ट १९५२

मूल्य : २५ नये पैसे

तं श्री

सोहनलाल म. कोठारी
बी.ए., बी.कॉम्. (लंडन), ए.सी.ए. (इंग्लंड)

जयंतीलाल र. शाह
बी.ए., बी.कॉम्. (लंडन)

卐 જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કળા, સ્થાપત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયોનું ઉત્તમ માસિક 卐

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ का મુખપત્ર

દરેક ૧લી તારીખે પ્રગટ થાય છે.

: व्यवस्थापक मंडल :

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डी. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन)

भारतमां वार्षिक लवाजम रूपीआ २) बे

आ पत्रमां प्रकट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.

★

અનુક્રમ : ઑગષ્ટ ૧૯૫૯

	પૃષ્ઠ નં.	
સમાજ રક્ષાના ઉપાયો	૧	
શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ	૫	કાર્યાલય પ્રવૃત્તિ નોંધ
સમાચાર સંકલન	૮	
ચક્રવર્તી ભરત મહારાજાનો એક અનુપમ જીવન પ્રસંગ	૯	પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ
આનંદની સાધના	૧૩	" કુ. ચંદ્રરેખા "
સંતના શબ્દો	૧૫	પ્રોફે. ઇન્દ્ર. અનુ : શ્રી ગુલાબચંદ જૈન
પૂષ્પપૂજાનું ફળ	૧૯	શ્રી નવીનચંદ્ર અ. દોશી
શ્રેષ્ઠી વિશાહદત્ત	૨૧	શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
મથુરાના આયાગપટ્ટના સમયની જાણીતી ચાણસ્માની ભવ્ય મૂર્તિ અને જયપૂરની કમનીયમૂર્તિ	૨૭	ચિત્રપરિચયકાર પૂ. શ્રી યશોવિજયજી મહારાજ
મૂડસ્થલ મહાતીર્થ	૩૦	શ્રી સોભાગ્યચંદ્ર સિંગી
SAMSARA : A MAN IN THE WELL	૩૨	Shri Haribhadrasuri

★

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ કાર્યાલય
ગોડીજી બિલ્ડિંગ, ૨૦, પાયધૂની,
કાલબાદેવી, મુંબઈ નં. ૨



भगवान पार्श्वनाथ जिनप्रासाद–खजूराहो

कॉपीराईट : आर्किओलोजिकल डिपार्टमेंट ऑफ इंडिया]

चित्र नं. १

चाणस्माना जिनमंदिरना पार्श्वनाथ भगवान

पू. श्री यशोविजयजी महाराजना संग्रहमांथी]



चित्र नं. २

जयपुरमां घीवाळा रस्ता उपर आवेला

पंचायत मंदिरनी कमनीय मूर्ति

[चित्रपरिचय पा. २७-२९

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ का મુખપત્ર

વર્ષ : જૂનું ૨૦, નવું ૨ ✠ વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૫ ✠ તા. ૧ ઑગસ્ટ ૧૯૫૯ ✠ અંક ૧૦

उत्तम : क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिंचन्यब्रह्मचर्याणि धर्म : ॥

ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો ઉત્તમ ધર્મ છે.

—તત્ત્વાર્થસૂત્ર

卐

સમાજરક્ષાના ઉપાયો

અહીં અમારે જે કહેવી છે, તે છે તો સમાજસેવાની જ વાત; પણ હવે એ વાત માત્ર સેવાની જ નથી રહી પણ સમાજની રક્ષા જેટલી મહત્ત્વની અને તાકીદની બની ગઈ છે.

સેવામાં તો કંઈક થાય, કંઈક ન થાય તો પણ ચાલે; અને સેવા કરવાની ભાવનાવાળા, પોતાની ઇચ્છા અને શક્તિની મર્યાદામાં રહીને, જે કંઈ નિઃસ્વાર્થ ભાવે કરી છૂટે, એટલાથી સમાજે સંતોષ માનવો પડે. પણ જ્યારે સેવાને બદલે રક્ષાનો વિચાર થતો હોય ત્યારે તો, રાષ્ટ્રની રક્ષાની જેમ, સમાજની રક્ષા માટે પણ જે જે કરવું આવશ્યક અને અનિવાર્ય લાગે, તે તે ગમે તેમ કરીને કરવું જ ઘટે; અને એ કરવામાં જેટલી કચાશ કે ખામી રહે એટલે અંશે સમાજનું રક્ષણ જોખમાયા વગર ન રહે; એટલે અંશે સમાજ વિશૃંખલ બને!

સેવા અને રક્ષાની વચ્ચે આ મહત્ત્વનો તફાવત છે; અને તેથી જૈન સમાજની અત્યારની પરિસ્થિતિનો વિચાર કરતાં સેવાને બદલે રક્ષા શબ્દનો પ્રયોગ કરવાનું અમે મુનાસિબ માન્યું છે. અમે ઇચ્છીએ છીએ કે સમાજ આ તફાવતને સમજે.

માનવીને જો કે સામાજિક પ્રાણી—એટલે કે સમાજમાં કે સમૂહમાં જીવનાર પ્રાણી—તરીકે ઓળખાવવામાં આવેલ છે; આમ છતાં ઇતિહાસયુગ પહેલાંના ઘણા પ્રાચીન કાળમાં માનવીમાં સમૂહજીવનની લાગણી ભાગ્યે જ પ્રવર્તતી હતી; અને પોતાના ભાગ્યની સામે કે પોતાની જાત ઉપર આવી પડતી મુસીબતોની સામે મોટે ભાગે માનવી પોતે જ એકલો ઝઝમતો; અને એમાં બીજાઓએ ભાગીદાર બનવું જોઈએ કે બીજાઓએ મદદે દોડી આવવું જોઈએ, એવી આશા કે અપેક્ષાથી પણ એ પર હતો. પરિણામે માનવજીવન એ એક રીતે વ્યક્તિગત જીવન બની રહેતું, જેના માથે પડી હોય એ જ ભોગવે એવો ન્યાય પ્રવર્તી રહેતો, અને પોતાને મળેલા જીવનથી કેવી કેવી સિદ્ધિઓ હાંસલ કરી શકાય છે એનો માનવીને કોઈ ખ્યાલ જ ન આવતો. જન્મવું, આપમેળે જિવાય એ રીતે જીવવું અને વખત પાકયે પાંદડું ખરી પડે એમ દુનિયામાંથી વિદાય થઈ જવું—લગભગ આવી અણવિકસિત દશા જ ત્યારે માનવી અનુભવતો હતો. આવો પણ એક યુગ હતો, અને એ યુગમાં પલટો આવતાં યુગોના યુગો વીતી ગયા.

જેમ જેમ માનવીના મન ઉપર પોતાની વ્યક્તિગત, માનવનિર્મિત અને કુદરતે સર્જેલી મુસીબતોની ભીંસ વધતી ગઈ, અસહ્ય બનતી ગઈ, અને એકલે હાથે એની સામે ઝઝૂમીને ટકી રહેવાનું કે એનું નિવારણ કરવાનું એને પોતાના ગજા બહારનું કે અશક્ય લાગતું ગયું તેમ તેમ એના મનમાં સાથીઓના, સહકારીઓના, સહાયકોના અને છેવટે સમૂહજીવનના વિચારોનો જન્મ થતો ગયો હોય એમ લાગે છે. એ મનોમંથનની પ્રક્રિયા પણ પેઢીઓ સુધી ચાલુ રહી અને છેવટે સમૂહજીવન એ જ માનવ-જીવનનો મુખ્ય માર્ગ બની ગયો. સમૂહજીવનની આ ભાવનાના વિકાસે જ, સમય જતાં, માનવીને સામાજિક પ્રાણી તરીકે ઓળખાવ્યો હોય તો ના નહીં.

સમૂહ જીવનની ભાવનાનો જેમ જેમ વિકાસ થતો ગયો, તેમ તેમ, એક યા બીજે નિમિત્તે માનવીઓના નાના મોટા સમૂહો, જૂથો, સંઘો કે સમાજો રચાતા ગયા. આગળ જતાં જ્ઞાતિઓ અને નાનાં-મોટાં રાજ્યોની રચનાની પાછળ પણ મુખ્યત્વે સમૂહ જીવનની ભાવના કે ઝંખનાએ જ પ્રેરક બળ તરીકે કામ કર્યું હોવું જોઈએ. આમ છતાં વર્ણવ્યવસ્થાને આના એક અપવાદ તરીકે લેખી શકાય એમ છે. વર્ણવ્યવસ્થા મૂળે તો સમાજ-જીવન સુચારુ રીતે ચાલી શકે એવી કાર્યવહેંચણી અને કાર્યવ્યવસ્થા માટે જ નિર્માણ થઈ હતી. પણ વખત જતાં એમાં એવી તો વિકૃતિ પ્રવેશી ગઇ કે એ સમાજ-જીવનને સુવ્યવસ્થિત અને સંગઠિત બનાવવાને બદલે માનવસમૂહોમાં ભેદભાવનું સર્જન કરનારી નીવડી! એણે ઊંચ–નીચપણાના વિઘાતક બળોને જન્મ આપીને સંગઠિત માનવજીવનને જાણે જીર્ણશીર્ણ બનાવી દીધું; દુઃખી દુઃખી બનાવી દીધું!

વળી, જૂથરચના કે સંઘરચનાની આ પ્રક્રિયા અત્યારે હવે બંધ પડી ગઈ છે કે અટકી પડી છે, એમ પણ કહી શકાય એમ નથી; અત્યારે પણ એ, ભલે જુદા રૂપે પણ, ચાલુ જ છે. આ યુગમાં પણ જુદા જુદા દેશોમાં જુદાં જુદાં સમાન હિતો ધરાવતા માનવીઓ પોતાના સંઘો કે મંડળો રચે જ છે. વેપારી મંડળો, ઉદ્યોગપતિ મંડળો, ગુમાસ્તા મંડળો, શિક્ષક–અધ્યાપક મંડળો, મજૂર મંડળો, ખેડૂત મંડળો વગેરે આનાં જ ઉદાહરણો છે. કદાચ એમ જ કહી શકાય જૂથભાવના કે સમૂહભાવનાનો વિકાસ અત્યારે જેટલો થવા લાગ્યો છે એટલો પહેલાં ભાગ્યે જ થયો હતો. ભવિષ્યનો ઈતિહાસકાર કદાચ આ યુગને સમૂહભાવનાના વિકાસની ચરમ કોટિના યુગ તરીકે પણ ઓળખાવવા પ્રેરાય તો ના નહીં. મોટા મોટા રાષ્ટ્રોના ધોરણે પણ અત્યારે આ જ ભાવનાને વેગ અપાઈ રહ્યો છે, એમ લાગ્યા વગર નથી રહેતું. અને તેથી સમૂહભાવના એ આ યુગનું એક વિશિષ્ટ લક્ષણ બની ગયું હોય એમ લાગે છે.

અહીં આ બધું આટલા વિસ્તારથી કહેવાનો અર્થ એ છે કે આવી પડતી દરેક જાતની મુશ્કેલીઓનો સફળતાપૂર્વક સામનો કરવાને માટે અને માનવજીવનનો વ્યક્તિગત અને સામૂહિક વિકાસ થાય એ માટે જુદા જુદા માર્ગો શોધવા માટે અને જુદા જુદા ઉપાયો અજમાવવા માટે જ માનવજૂથો કે માનવસમાજોની રચના કરવામાં આવી હતી—કરવામાં આવે છે; અને એમ કરવામાં જ એ જૂથો કે સમાજોની ઉપયોગિતા અને ચરિતાર્થતા રહેલી છે, સમૂહજીવનને માટે જુદા જુદા નિયમો અને રીત–રિવાજોની રચનાની પાછળ પણ એક માત્ર એ જ ઉદ્દેશ હતો કે માનવીનું સમૂહજીવન કેવી રીતે વ્યવસ્થિત, સંગઠિત અને સરળ બને, અને વ્યક્તિગત રીતે પ્રત્યેક માનવી કેવી રીતે સુખી બને અને શાંતિ પૂર્વક પોતાનું જીવન વિતાવે.

એટલે કોઈપણ નિયમ, રીત–રિવાજ કે રૂઢિની ઉપયોગિતા ત્યાં લગી જ સમજવી ઘટે કે જ્યાં લગી એ તેને માનવસમાજને અને સાથોસાથ તે સમાજના પ્રત્યેક માનવીને વિકાસને માર્ગે દોરે કે વિકાસની તક પૂરી પાડે. જે ક્ષણે એ આવું કામ કરવાની શક્તિ ગુમાવી બેસે અને વ્યક્તિ અને સમાજ બન્નેને માટે ભારરૂપ બની જાય ત્યારે એ બકરાના ગળાનાં આંચળની જેમ તદ્દન નિરુપયોગી જ નહીં, બોજ અને ઉપાધિરૂપ પણ બની જાય છે.

કયા નિયમો, કયા રીતરિવાજો અને કઈ રૂઢિઓ વ્યક્તિ અને સમાજને માટે નિરુપયોગી અને કેવળ ભારરૂપ બની ગયેલ છે, એ જાણવાનું અને એ જાણીને એને દૂર કરવાની હિંમત દાખવવાનું કામ સમાજના દૂરદર્શી આગેવાનો અને ધુરંધરોનું છે. એમ કરવામાં જ એમની આગેવાનીની શોભા અને સફળતા છે. પણ સવાલ એ થાય છે કે આવી હિંમત અને આવી દૂરદર્શિતા દેખાડી શકે એવા આગેવાનો આપણે ત્યાં છે કેટલા? સૌને ચાલુ ચીલે ચાલવામાં જ સાર લાગે છે;

અને ઘર કરી ગયેલી રૂઢિઓ બલારૂપ બની ગઈ હોવા છતાં એની સામે થવાનું કામ મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવું આકરું થઈ પડે છે. પરિણામે સમાજ-રક્ષાનો પ્રશ્ન જે રીતે મક્કમતાપૂર્વક હાથ ધરાવો જોઈએ એ રીતે હાથ ધરી શકાતો નથી, અને સમાજની સ્થિતિ દિનપ્રતિદિન વધુને વધુ રગશિયા ગાડા જેવી કે ગળિયા બળદ જેવી થતી જાય છે!

અમને પોતાને તો ચોક્કસ લાગે છે કે જૈન સમાજની રક્ષાનો પ્રશ્ન અત્યારે એવા નાજુક તબક્કે પહોંચ્યો છે કે હવે સમાજસેવાની વાતો કર્યે, સમાજસેવાની દૃષ્ટિએ થોડી ઘણી દોડધામ કે પ્રવૃત્તિ કર્યે, મોટમોટા ઠરાવો કે પ્રવચનો કર્યે, અથવા તો લાંબીલાંબી અને તર્કશુષ્ક ચર્ચાવિચારણા કર્યે આપણું કામ સરવાનું નથી. ઠરાવો, ચર્ચાઓ અને પ્રવચનો આપણે પેટ ભરીને કરી ચૂકયા છીએ; ભાવનાથી, શોખથી કે સાચી સેવાવૃત્તિથી સેવા-પ્રવૃત્તિને પણ આપણે ઠીકઠીક આદરી ચૂકયા છીએ. સખાવતો અને બીજી પ્રવૃત્તિઓ કરવામાં પણ આપણે કશી ખામી રહેવા દીધી નથી; અને છતાં અત્યારે આપણો સમાજ હસ્તી-નાબૂદીના કે જીવસટોસટના સવાલમાં અટવાઈ ગયો છે, એ એક હકીકત છે. કોનો વ્યવહાર સચવાશે અને કોની આબરૂ ટકી રહેશે એ જ મોટો કોયડો થઈ ગયો છે અને આમ થવાનાં બીજાં ગમે તે અનેક કારણો હોય, પણ એનું મુખ્ય કારણ તો અત્યારે વધી ગયેલી આર્થિક સંકડામણ જ છે, એમાં જરાય શક નથી.

એટલે સમાજરક્ષાના ઉપાય તરીકે સૌથી પહેલી વાત તો આ આર્થિક સંકડામણમાંથી સમાજને કેવી રીતે બચાવી લેવો અને એ સંકડામણ છતાં આપણા વ્યવહારો અને સંબંધોને કેવી રીતે જાળવી રાખવા, એનો માર્ગ શોધી કાઢવો એ જ છે.

આ માટે પહેલું સત્ય તો એ ધ્યાનમાં લેવાની જરૂર છે કે નિયમો, રીત-રિવાજો અને રૂઢિઓ એ સમાજને માટે છે; નહીં કે સમાજ એ બધાંને માટે. એટલે જે જે રૂઢિઓ કે રિવાજો સમાજને માટે આશીર્વાદરૂપ બનવાને બદલે હવે શાપરૂપ બની ગયા હોય એને શોધી શોધીને વિના વિલંબે દૂર કરવા જોઈએ. સમાજ એ પણ એક જાતનું શરીર છે; અને તેથી શરીર ઉપર લદાયેલો બિનજરૂરી બોજો ઓછો થાય તો જ શરીર નિરાકુળ-પણે ગતિ કરી શકે, એ કહેવાની જરૂર ન હોય.

આ તો થઈ અનાવશ્યક બોજો દૂર કરવાની વાત. પણ કેવળ આવા નકારાત્મક પગલાથી સમાજની રક્ષા થઈ જશે એમ રખે આપણે માની લઈએ! એ માટે તો નકારાત્મકની સાથોસાથ વિધાયક પગલાં ભરવાની પણ એટલી જ જરૂર છે. કદાચ એમ પણ કહી શકાય કે જો વિધાયક એટલે કે રચનાત્મક પગલાં મક્કમતાપૂર્વક ભરવામાં આવે તો નિષેધાત્મક પગલાં ભરવા માટે અર્થાત્ જે વસ્તુઓને દૂર કરવાની જરૂર હોય તે દૂર કરવા માટે વિશેષ મથામણ ભાગ્યે જ કરવી પડે.

આ વિધાયક પગલાં સંબંધી થોડોક વિચાર કરીએ.

આ વાતનો વિચાર કરતાં સૌથી પહેલું ધ્યાન વ્યાવહારિક શિક્ષણ તરફ જાય છે. જેમને જન્મથી સહજ રીતે હૈયાઉકલતની શક્તિ મળી હોય કે જેઓ આપમેળે કોઈ પણ ધંધામાં પાવરધા બની જવાની કુદરતી શક્તિ ધરાવતા હોય અથવા તો જેમને વેપાર, ઉદ્યોગ કે સંપત્તિનો પૈત્રિક વારસો મળ્યો હોય એમને અપવાદરૂપ લેખીને બાકીના લગભગ આખા સમાજે વ્યાવહારિક શિક્ષણની કોઈક ને કોઈક શાખામાં એવી નિપુણતા મેળવવી જ જોઈએ કે જેથી એ પોતાનું અને પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરી શકે અને પોતાનાં સંતાનોને સારી રીતે શિક્ષણ આપી શકે.

સમાજના છોકરા-છોકરીઓને આવા શિક્ષણ માટેની જરૂરી આર્થિક જોગવાઈ કરી આપવા પ્રયત્ન કરતી ટલીક સંસ્થાઓ આપણે ત્યાં છે, અને એમાં સમયે સમયે વધારો પણ થતો રહે છે, એ આનંદ અને સંતોષની વાત છે. આમ છતાં અત્યારની ખૂબ વધી ગયેલી જરૂરિયાતોના પ્રમાણમાં આ જોગવાઈ બહુ જ અપૂરતી છે, અને ઘણાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને અભ્યાસ માટે ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે, એ પણ એટલું જ સાચું છે. એટલે અમે ઇચ્છીએ છીએ કે સમાજના આગેવાનો, શ્રીમંતો અને આપણી મુખ્ય મુખ્ય સંસ્થાઓનું ધ્યાન આ અતિ મહત્ત્વની બાબત તરફ જાય, અને આપણો દાનનો પ્રવાહ આ પ્રદેશ તરફ સાથોસાથ વધારે વેગથી વહેતો થાય.

બીજી વાત છે, સમાજમાં લાંબા વખતથી ઘર કરી ગયેલી કામ કે મહેનત પ્રત્યેની સૂગનું નિવારણ થાય એવું પ્રેરક વાતાવરણ ઊભું કરીને જાતમહેનત અને શ્રમની પ્રતિષ્ઠા વધારવાની. એક રળે અને પાંચ ખાય, અને એ એકના ચાલ્યા જવાથી આખું કુટુંબ, એકદંડિયા મહેલની

જેમ, વેરવિખેર થઈ જાય–લાંબા વખતથી આવી નકલી રીતે જીવવા તરફ વળી ગયેલી મધ્યમવર્ગની આ તાસીરને હવે તરત જ ફેરવવી જોઈએ. આ માટેનો ઉત્તમ ઉપાય ઉદ્યોગગૃહો, પરિશ્રમાલયો જેવી નવરાઓ પાસેથી કામ લઈને એમને દામ આપી શકે એવી સંસ્થાઓ સ્થાપવી એ છે.

સદ્‌ભાગ્યે આ દિશા તરફ આપણું ધ્યાન તો ઠીકઠીક ગયું છે, પણ એ માટેના આપણા પ્રયત્નો "પાશેરામાં પહેલી પૂણી" જેવા પણ ભાગ્યે જ છે. સમાજમાં આને અનુરૂપ વાતાવરણ સરજાતું જાય છે, એ સારું છે; પણ એની ગતિ કીડી જેવી એવી તો ધીમી છે કે ફરી ક્યારે એ અટકી પડે અને ફરી પાછી હતી એવી ને એવી સ્થિતિ ક્યારે સર્જાઈ જાય એવો ભય સતત રહ્યા કરે છે.

આ માટે જેટલી પૈસાની અને અનુકૂળ વાતાવરણ ઊભું કરવાની જરૂર છે, તેટલી જ ઊંડી સૂઝ અને એ કાર્યમાં શક્તિને કેન્દ્રિત કરવાની જરૂર છે. આ માટે લાગણીથી કે શોખ તરીકે ફુરસદના વખતે અમુક કામ કરી છૂટે એવા કાર્યકરોથી હવે કામ નહીં ચાલે; એ માટે તો હવે એ કામમાં પૂરેપૂરા ખૂંચી જાય એવા ભેખધારી કાર્યકરો જ જોઈશે.

વળી, જેઓ ઉંમરને કારણે તદ્દન અશક્ત હોય, બિમારીને કારણે કંઈ કરી શકે એવા ન હોય તેમ જ જેઓ કામ કરી ન શકે એટલા અપંગ હોય એમના જીવનનિર્વાહનો સવાલ પણ સમાજરક્ષાનો જ સવાલ લેખાવો જોઈએ, અને એ માટે પણ કંઈક નક્કર અને કાયમી જોગવાઈ થવી જોઈએ.

તેમ જ અત્યારે જો સાચા અર્થમાં સમાજનું રક્ષણ કરવું હશે તો રાજદ્વારી ક્ષેત્રે પણ આપણે આપણી તેજસ્વિતા અને ઉપયોગિતા સાબિત કરવી પડશે; અને આનો મુખ્ય ઉપાય પણ એવા બાહોશ કાર્યકરોને તૈયાર કરવા એ જ છે; અને એ કાર્ય પણ ઉચ્ચ કોટીના શિક્ષણ વગર સાધ્ય બની શકે એમ નથી.

આ રીતે અત્યારે સમાજની રક્ષા માટે ઉપર જણાવ્યા તે તેમ જ એવા જ બીજા અનેક ઉપાયો આપણે સત્વર હાથ ધરવા પડશે; પણ આવાં કાર્યો વ્યક્તિઓ દ્વારા નહીં પણ શક્તિશાળી સંસ્થાઓ દ્વારા જ યોગ્ય રીતે થઈ શકે એ કહેવાની જરૂર ન હોય. આનો અર્થ એ થયો કે જો આપણે સમાજની રક્ષા કરવી હોય તો આપણી કૉન્ફરન્સને અને બીજી સંસ્થાઓને વધારે કાર્યક્ષમ અને વધારે શક્તિશાળી બનાવવી જોઈએ. આપણે એ દિશામાં દત્તચિત્ત બનીએ એ જ અભ્યર્થના.



મથુરા શિલ્પ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

મુરબ્બી અને આજીવન સભાસદો

કૉન્ફરન્સના પ્રતિનિધિ મંડળના જુન-જુલાઈ ૧૯૫૯ દરમ્યાન દક્ષિણ પ્રદેશના પ્રવાસ સમયે નોંધાયેલ સભ્યો પૈકી મદ્રાસ, કોચીન, કન્નુર અને બેંગ્લોરના નીચેના જે સભ્યોની રકમ પ્રાપ્ત થઈ છે તે આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

મદ્રાસ અને કોચીનની રકમ શ્રી એસ. લાલચંદજી ઢઢ્ઢાએ, બેંગ્લોરની શ્રી મોહનચંદજી ઢઢ્ઢાએ અને કન્નુરની શ્રી લાલચંદજી અનોપચંદજી એન્ડ કંપનીએ વસૂલ લઈ સંસ્થાને મોકલવા માટે જે મહેનત લીધી છે તે સ્તુત્ય અને અનુકરણીય છે.

મદ્રાસના સભ્યો :—

પેટ્રન સભ્ય 'બ' વર્ગ રૂા. ૫૦૧.

(૧) શ્રી તારાજી માંગીલાલજી, (૨) શ્રી જેઠાજી મનીરામજી, (૩) મે. રૂપચંદ છબીલદાસ એન્ડ સન્સ. (૪) ધી મૈસૂર પ્રીમીઅર મેટલ ફેક્ટરી-મદ્રાસ, (૫) ધી જૈન મેટલ રોલિંગ મિલ્સ. કુલ રૂા. ૨૫૦૫·૦૦.

આજીવન સભ્ય 'અ' વર્ગ રૂા. ૨૫૧.

(૧) શ્રી મોતિચંદજી શીવરાજજી, (૨) મે. જે. હજારીમલજી એન્ડ કું. (૩) શ્રી હરખચંદજી મીશરીમલજી, (૪) શ્રી હીરાજી વનીચંદજી, (૫) શ્રી રીખબદાસજી છગનરાજજી, (૬) શ્રી કુઆજી માંગીલાલજી, (૭) શ્રી કસ્તુરચંદજી તેજરાજજી, (૮) શ્રી શીવરાજજી મંગલાલજી, (૯) શ્રી કુંદનમલજી મીશરીમલજી, (૧૦) મે. ગોમરાજજી એન્ડ સન્સ, (૧૧) મે. જેઠમલજી જ્ઞાનમલજી એન્ડ કું. (૧૨) શ્રી રીખબદાસજી ભૂરામલજી (૧૩) શ્રી મુલચંદજી દેવીચંદજી (૧૪) શ્રી ભુરામલજી ભભૂતમલજી, (૧૫) શ્રી વનેચંદજી ફોજમલજી, (૧૬) શ્રી જેઠમલજી સુકનરાજજી, (૧૭) શ્રી જગરૂપજી વનેચંદજી, (૧૮) શ્રી સીવદાનમલજી ખીમચંદજી, (૧૯) શ્રી સીરદારમલજી કેસરીમલજી, (૨૦) શ્રી ધનાલાલજી મંગલાલજી, (૨૧) શ્રી સીરદારમલજી સેશમલજી (૨૨) શ્રી રતનચંદજી કપુરચંદજી, (૨૩) શ્રી ભગાજી સોહનરાજજી, (૨૪) શ્રી હજારીમલજી પુખરાજજી, (૨૫) શ્રી ગોમરાજજી ફતેચંદજી, (૨૬) શ્રી અમરચંદજી સોભાગચંદજી, (૨૭) મે. કામદાર બ્રધર્સ, (૨૮) મે. પી. બી. શાહ (પ્રાઈ વેટ) લિ. કુલ રૂા. ૭૦૨૮/-

આજીવન સભ્ય 'બ' વર્ગ રૂા. ૨૦૧

(૧) શ્રી મીશરીમલજી કેશાજી, (૨) શ્રી કુલચંદજી સુમેરમલજી, (૩) શ્રી કપુરચંદજી દાનાજી, (૪) શ્રી મુલતાનમલજી મીશરીમલજી, (૫) શ્રી કુલચંદજી ચંપાલાલજી, (૬) શ્રી ભગરાજજી મીશ્રીમલજી, (૭) શ્રી કાનજી છગનરાજજી, (૮) શ્રી મુલચંદજી આસુરામજી, (૯) શ્રી હરકચંદજી સમરથમલજી (૧૦) શ્રી હસ્તીમલજી માંગીલાલજી, (૧૧) શ્રી વજીનજી આસુલાલજી, (૧૨) શ્રી તારાચંદજી ભુતાજી, (૧૩) શ્રી ભભૂતમલજી માંગીલાલજી, (૧૪) શ્રી તીલોકચંદજી ભુતાજી, (૧૫) શ્રી રણછોડમલજી ખુમચંદજી, (૧૬) શ્રી નાથુમલજી મોહનલાલજી, (૧૭) શ્રી ફોજમલજી મુલચંદજી, (૧૮) શ્રી નૈનમલજી નથમલજી, (૧૯) શ્રી રીખબદાસજી મદાજી, (૨૦) શ્રી બદાજી જસરાજજી, (૨૧) શ્રી મુનીલાલજી મુલતાનમલજી, (૨૨) શ્રી માનમલજી મીસરીમલજી, (૨૩) શ્રી હસ્તીમલજી છગનરાજજી, (૨૪) શ્રી મીસરીમલજી મુલતાનમલજી, (૨૫) શ્રી સંકરજી મુલચંદજી, (૨૬) મે. ભભૂતમલજી તેજરાજી એન્ડ કું. (૨૭) શ્રી મગાજી અચલદાસજી, (૨૮) શ્રી સાગરમલજી મોહનલાલજી, (૨૯) મે. માંગીલાલજી એન્ડ કું. (૩૦) શ્રી ત્રીકમજી મોતીજી, (૩૧) શ્રી ભાણુમલજી સોહનમલજી, (૩૨) મે. એસ. એસ. મહેતા એન્ડ કું. (૩૩) શ્રી મનરૂપજી લક્ષ્મીચંદજી, (૩૪) શ્રી. કુલચંદજી ગુલાબચંદજી, (૩૫) શ્રી ભગવાનજી પુખરાજજી, (૩૬) શ્રી ભાણાજી પનાલાલજી, (૩૭) શ્રી તારાચંદજી બછરાજજી, (૩૮)

શ્રી ફોઝમલજી રીખબદાસજી, (૩૯) શ્રી ત્રીલોકચંદજી વાલાજી, (૪૦) શ્રી મુલચંદજી મીઠાલાલજી, (૪૧) શ્રી સંકરલાલજી રામચંદજી, (૪૨) શ્રી મગાજી સીરેમલજી, (૪૩) શ્રી નેમાજી જ્ઞાનમલજી, (૪૪) શ્રી સીરેમલજી જેઠમલજી, (૪૫) શ્રી ભૂતાજી ભગવાનચંદજી, (૪૬) શ્રી સોબાજી શેષમલજી, (૪૭) શ્રી હુકમાજી અચલચંદજી, (૪૮) શ્રી રીખબદાસજી અમૃતલાલજી, (૪૯) શ્રી વીરાજી માણેકચંદજી, (૫૦) મે. એસ. દેવીચંદજી એન્ડ કું. (૫૧) શ્રી ચંદનમલજી ગુમાનમલજી, (૫૨) શ્રી ભીમરાજજી રિખવદાસજી. (૫૩) શ્રી સોકલાજી સાંતીલાલજી, (૫૪) મે. સૌરાષ્ટ્ર સાયકલ ઈમ્પોર્ટીંગ કું. (૫૫) ધી સરસ્વતી સાયકલ ઈમ્પોર્ટીંગ કું. (૫૬) શ્રી કેશવલાલ મણીલાલ એન્ડ બ્રધર્સ, (૫૭) ધી બોમ્બે હાર્ડવેર સિન્ડીકેટ (૫૮) મે. ભવાનજી એન્ડ કું. (૫૯) શ્રી માણેકલાલ ત્રીકમલાલ વોરા, (૬૦) શ્રી જયન્તિલાલ હરખચંદ શાહ, (૬૧) મે. સુરાણી બ્રધર્સ એન્ડ કું. (૬૨) શ્રી શાહ હીરાલાલ વીકમસી, (૬૩) શ્રી દેવીચંદ એમ. શાહ, (૬૪) મે. હીરાલાલ એન્ડ કું. (૬૫) શ્રી શાહ ટીમ્બર ટ્રેડીંગ કું. (૬૬) શ્રી ચીમનલાલ મોહનલાલ હેકડ (૬૭) મે. યુ. મણીલાલ એન્ડ કું. (૬૮) ધી બોમ્બે મલાયન ટ્રેડર્સ, (૬૯) શ્રી વાડીલાલ ચુનીલાલ મહેતા, (૭૦) શ્રી હરકચંદજી રૂપચંદજી, (૭૧) શ્રી હઝારીમલજી રૂપચંદજી, (૭૨) મે. એ. આર. બ્રધર્સ, (૭૩) શ્રી શાંતિલાલ પી. મહેતા, (૭૪) મે. મનોહરમલ શાંતિલાલ નહાર. કુલ રૂા. ૭૪૭૪/–

કોચીનના સભ્યો :—

આજીવન સભ્ય 'અ' વર્ગ રૂ. ૨૫૧.

(૧) શ્રી આણંદજી માલસીભાઈ

આજીવન સભ્ય 'બ' વર્ગ રૂા. ૧૦૧. કુલ રૂ. ૨૫૧ · ૦૦.

(૧) મે. ગોરધનભાઈ હાથીભાઈની કું. (૨) ધી જયભારત સાયકલ એન્ડ મોટર કું. (૩) મે. શાહ એન્ડ કું. (૪) મે. ઢઢ્ઢા એન્ડ કું. (કેરલા), (૫) મે. મેઘજી માલશી લિ. (૬) શ્રી ભાણજીભાઈ જેવત ખોના (૭) શ્રી ઉમરસી જેવત ખોના, (૮) શ્રી નેણસી દેવસી કાથાવાલા, (૯) શ્રી વસનજી લખમશી, (૧૦) ધી રપાઈસીઝ ટ્રેડીંગ ડિપો, (૧૧) શ્રી ગોવીંદજી પદમસી, (૧૨) શ્રી મેઘજી વેલજી. કુલ રૂા. ૧૨૧૨/–

બેંગલોરના સભ્યો

આજીવન સભ્ય 'બ' વર્ગ રૂા. ૧૦૧.

(૧) શાહ દેવીચંદજી મિશરીમલજી. (૨) શાહ સુરજમલ મગરાજજી (૩) શાહ ભાનીરામજી પુખરાજજી (૪) શાહ વી. અમીચંદજી (૫) શાહ માનમલજી રાજજી (૬) શાહ દેવીચંદજી પનાજી (૭) શાહ ભૂરમલજી કુલચંદજી (૮) શાહ ગણેશમલજી દીપચંદજી (૯) શાહ રાજમલજી હસ્તીમલજી (૧૦) શાહ મિશરીમલજી ભભૂતમલજી (૧૧) શાહ દેવીચંદજી જેઠમલજી (૧૨) શા. મિસરીમલજી છગનરાજજી (૧૩) શાહ ચંદનમલજી જુગરાજજી (૧૪) શાહ મોહનલાલજી મીઠાલાલજી (૧૫) શાહ મિશરીમલજી વછરાજજી (૧૬) મે. ઢઢ્ઢા એન્ડ કંપની (મૈસૂર) (૧૭) મે. જગત પિકચર્સ (૧૮) મે. હંસા પિકચર્સ (૧૯) શ્રી બાબુલાલ હીરાલાલ (૨૦) મે. રાજલક્ષ્મી પિકચર્સ (૨૧) શ્રી રજનીકાંત એન્ડ બ્રધર્સ (૨૨) શ્રી એમ. આર. પારેખ (૨૩) ધી સીનીઅર સાઈકિલ ઈમ્પોર્ટીંગ કું. (૨૪) મે. સ્વસ્તિક ડ્રેસ મેન્યુફેકચરિંગ કું. (૨૫) મે. ફતહેચંદ એન્ડ કું. (૨૬) મે. એસ. હસ્તીમલ કંપની કુલ રૂા. ૨૬૨૬/–

કુન્નુરના સભ્યો

આજીવન સભ્ય 'અ' વર્ગ રૂા. ૨૫૧.

(૧) રાયબહાદુર શેઠ સી. બાલચંદજી બછાવત (૨) શેઠ જે. અનોપચંદજી ઝાબક. કુલ રૂા. ૫૦૨/–

આજીવન સભ્ય 'બ' વર્ગ રૂા. ૧૦૧.

(૧) શેઠ એસ. જોગરાજજી પારેખ (૨) મે. જેઠમલ એન્ડ કું. કુન્નુરના કુલ રૂા. ૨૦૨/–

ભોંયણી યાત્રાવેરા અંગે વિરોધ સભા

"જે રાષ્ટ્રે ધર્મ અને સંસ્કૃતિના પાયા ઉપર ઉજ્જવળ કીર્તિની ઇમારત ચણી છે તેમાં યાત્રાળુવેરો અઘટિત અને પ્રજા માટે અપમા જનક લેખાય"— આ પ્રમાણેના ઉદ્‌ગારો ભોંયણી તીર્થ યાત્રાળુવેરાના વિરોધાર્થે જૈન શ્વે. કોન્ફરન્સ આદિ સંસ્થાઓએ યોજેલ જૈનોની જાહેરસભાના પ્રમુખસ્થાનેથી શ્રી કુલચંદ શામજીએ વ્યકત કર્યા હતા.

શ્રી ભોંયણીની ગ્રામ પંચાયતે તા. ૯–૬–૧૯૫૯ ની જાહેરાત દ્વારા કાર્તક શુદ ૩ થી કાર્તક વદ ૧; મહા શુદ ૭ થી મહાશુદ ૧૨; અને ચૈત્ર શુદ ૧૩ થી ચૈત્ર વદ ૧

ના મેળાના દિવસોએ યાત્રાળુઓ ઉપર યાત્રાળુ કર લેવા જે ઠરાવ કરેલ છે તેથી મુંબઈના જૈન સમાજમાં આઘાત અને રોષની લાગણી પ્રસરી છે. તેનાં પ્રતિબિંબ જૈનોની જાહેર સભા (૨–૭–૫૯) માં સ્પષ્ટ થયા હતા. સભામાં શ્રી નવીનચંદ્ર ભોગીલાલ ઝવેરીએ જૈનોના આ મહાન અને ચમત્કારિક તીર્થસ્થળની યાત્રાર્થે જનાર પાસેથી આવો વેરો લેવામાં આવે તે આત્મોન્નતિ બાધક હોઈ સર્વ શક્તિ ફોરવી રદ કરાવવા જણાવ્યું. શ્રી જગજીવન શિવલાલ શાહે કાયદેસર રીતે પગલાં લઈ ધર્મકાર્યમાં થતા હસ્તક્ષેપને તુરત અટકાવવા સૂચના કરી. શ્રી. લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહે આવા કર અંગેની પરિસ્થિતિનો ઝિણવટથી અભ્યાસ કરી અનેક જૈન તીર્થસ્થળોને તેનાંથી બચાવવાના સ્થાયી પગલા લેવા કહ્યું. શ્રી હરિશ્ચંદ્રે સમ્મેતશિખરતીર્થ ઉપરના એક પ્રસંગની યાદ આપી જૈનો આ કાર્ય માટે પ્રતિજ્ઞા લે એની પ્રેરણા કરી. શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ જણાવ્યું કે ધાર્મિક અને આધ્યાત્મિક ઉન્નતિના સાધનોમાં અવરોધ-અવગડરુપ યાત્રાવેરો કોઈ સહન કરી શકે જ નહીં. સુષુપ્ત સમાજને જાગૃત કરવાની જવાબદારી કૉન્ફરન્સની છે. યુવકવર્ગ તૈયાર છે અને જરૂર પડે સત્યાગ્રહ સુધી જઈ શકાય પણ વેરો ન જ જોઈએ. શ્રી સારાભાઈ એન. શાહે આવા પ્રશ્નોના ઉકેલ માટે વ્યવહારુ માર્ગ શોધવાની હિમાયત કરી હતી.

શ્રી કુલચંદ શામજીએ પ્રમુખસ્થાનેથી ગ્રામપંચાયતના આ ઠરાવનો સખત વિરોધ ઠેરઠેર કરવાની જરૂર ઉપર ભાર મૂકી યાત્રાવેરાથી થતી હાડમારી અને અપમાનજનક પરિસ્થિતિ જોતાં તે રદ થવો જ જોઈએ એમ કહ્યું. પ્રભુના ધામમાં ભક્તિ અર્થે જનારને સગવડતાને બદલે અગવડતા તો ન જ મળવી જોઈએ. આ પ્રશ્ન અંગે જરાએ નરમાશ બતાવી ન શકાય એમ જણાવી વિરોધદર્શક ઠરાવ રજૂ કર્યો હતો, જે સર્વાનુમતે પસાર થયો હતો.

ભોંયણી યાત્રાવેરાનો વિરોધ ભારતના અન્ય સ્થળોએથી પણ થયેલ છે.

છાત્રાલય અને છાત્રવૃત્તિઓ

જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજનાં છાત્રાલયો અને છાત્રવૃત્તિ આપતી સંસ્થાઓનો સમૂચ્ચય પરિચય આપતી "છાત્રાલયો અને છાત્રવૃત્તિઓ" નામક ડેમી સાઇઝના ૯૬ પૃષ્ઠની પુસ્તિકા કૉન્ફરન્સે પ્રગટ કરી છે. આ માહિતીપૂર્ણ પુસ્તિકાનું સંપાદન સાહિત્યવારિધિ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે કરેલ છે. આ પુસ્તિકાની કિંમત પ્રચારાર્થે ૫૦ નયા પૈસા (ટપાલ દ્વારા ૬૪ નયા પૈસા) રાખવામાં આવી છે.

વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને માર્ગદર્શક થઈ પડે તે હેતુથી કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિએ તા. ૩૦–૧૦–૧૯૫૯ના રોજ દસ સભ્યોની સાહિત્યપ્રચાર સમિતિ નીમી, જેના મંત્રી તરીકે શ્રી ધીરજલાલ ટોકરશી શાહની નિમણૂક કરવામાં આવી. મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન, મહારાષ્ટ્ર વગેરે વિભાગના ૬૩ છાત્રાલયો અને ૧૬ છાત્રવૃત્તિ આપતી સંસ્થાઓની માહિતી પદ્ધતિસર સંકલિત કરી આ પુસ્તિકામાં કરવામાં આવી છે.

આ પ્રકાશન કાર્ય અંગે વખતો વખત માર્ગદર્શન આપવા માટે સાહિત્ય પ્રચાર સમિતિના સભ્યોનો અને પ્રકાશન અંગેના પ્રચાર, સંપાદન, મુદ્રણ વગેરેની જવાબદારી ઉત્સાહભેર ઉપાડવા માટે શ્રી ધીરજલાલ ટોકરશી શાહનો કૉન્ફરન્સ ખાસ આભાર માને છે.

શ્રી માણેકબા જૈન વિદ્યાર્થી પારિતોષિક

એસ. એસ. સી. પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર શ્રી કીશોરચંદ્ર શામજી છેડા (માટુંગા પ્રીમીઅર સ્કુલ)ને રૂા. ૬૦] નું આ પારિતોષિક આપવા નક્કી કરેલ છે. શ્રી. કીશોરચંદ્રે ૧૯૫૯ની એસ. એસ. સી. પરીક્ષામાં ૬૪૮/૮૦૦ માર્કસ પ્રાપ્ત કરેલ છે.

શેઠ કકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ

૧૯૫૯ની એસ. એસ. સી. પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી વધુ માર્કસ મેળવનાર શ્વે. મૂ. જૈન વિદ્યાર્થીને આ ઈનામ અપાય છે. તે અનુસાર આ વર્ષે રૂા. ૩૦નું આ ઈનામ કુ. મીનાક્ષી વસંતલાલ મહેતાને મળે છે. કુ. મીનાક્ષીએ છેલ્લી એસ. એસ. સી. પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૯૨/૧૦૦ માર્કસ મેળવેલ છે. શ્રી શકુંતલા કાન્તિલાલ ઈ. જૈન ગર્લ્સ હાઇસ્કુલના આ બેન વિદ્યાર્થિની હતાં.

વિનંતિ

કૉન્ફરન્સની સ્થાયી સમિતિના ચૂંટાએલ દરેક સભ્યોએ વાર્ષિક રૂા. ૫) પાંચ ફીના ભરવાનું આવશ્યક છે. જે સભ્યોએ ગત તેમજ ચાલુ વર્ષની વાર્ષિક ફી મોકલી આપી ન હોય તેમને મોકલી આપવા પુનઃ ખાસ વિનંતિ છે.

'જૈન યુગ'ના ગ્રાહક બંધુઓને :

જે ગ્રાહકબંધુઓએ લવાજમ હજી ન મોકલ્યું હોય તેમને તુરત મોકલી આપવા ખાસ વિનંતિ છે.

સ મા ચા ર સં ક લ ન

અભ્યાસ અંગે સહાય

શ્રી મહાવીર જૈન વિદ્યાલય સંચાલિત શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કૉલરશિપ ફંડમાંથી માધ્યમિક શિક્ષણ માટે રૂા.૭૬૮, ઉચ્ચ અભ્યાસ માટે શ્રી સારાભાઈ મગનભાઈ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ફંડમાંથી રૂા. ૨૧૫૦, શ્રી ખેડા જૈન વિદ્યાર્થી ઉચ્ચ અભ્યાસ લોન સ્કૉલરશિપ ફંડમાંથી રૂ. ૪૩૦૦, અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી ઉચ્ચ અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને રૂા. ૭૫૫૦, અને બહાર રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂા. ૭૦૦૦ મંજૂર કરવામાં આવેલા છે. આ રીતે ૧૯૫૯–૬૦ના એક વર્ષ માટે રૂા. ૨૧,૭૬૮ શ્રી મહાવીર જૈન વિદ્યાલયે અભ્યાસ માટે સહાય મંજૂર કરી છે.

શ્રી પાટણ જૈન મંડળ તરફથી પરદેશના વિશિષ્ટ અભ્યાસ માટે રૂા. ૫૦૦૦ અને ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ૧૦૪૨૬ મંજૂર કરવામાં આવેલ છે.

વિદ્યાર્થિની સ્કૉલરશિપ

જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગની વિદ્યાર્થિનીઓમાં એસ. એસ. સી. પરીક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી અપાતી રૂા. ૨૨૫ની શ્રી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થિની સ્કૉલરશિપ કુ. મીનાક્ષી વસંતલાલ મહેતાને આપવામાં આવી છે. કુ. મીનાક્ષી શ્રી શકુંતલા કાન્તિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ હાઈસ્કુલ (મુંબઇ)ની વિદ્યાર્થિની હતાં અને છેલ્લી એસ.એસ.સી. પરીક્ષામાં ૫૧૭/૭૦૦ ગુણ પ્રાપ્ત કરેલ છે.

અભિનંદન

'જન્મભૂમિ' પંચાગના ગણિત વિભાગના વિદ્વાન સંપાદક શ્રી અમૃતલાલ લક્ષ્મીચંદ શાહને 'ગણિતાલંકાર'ની પદવી આપી કાશી વિદ્વદસભા તરફથી બહુમાન કરવામાં આવેલ છે.

ઈનામ

શ્રી કનૈયાલાલ ડી. ભણસાળી (પાલણપુર)ને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઑફ ઇંડિયા તરફથી ત્રણ લાખ એજન્ટોમાં વીમાનું કામ વધુ કરવા બદલ રૂા. ૧૦૦ ઈનામ અપાયેલ છે.

સુરત જૈન ધર્મશાળા

શ્રી રૂપચંદ લલ્લુભાઈ ઝવેરી જૈન શ્વે. ધર્મશાળા (ગોપીપુરા–સુરત) જૈન શ્વે. યાત્રાળુઓ માટે ખુલ્લી મૂકવામાં આવી છે.

નવાડીસા વિદ્યાર્થીગૃહ

શ્રી માણેકલાલ હીરાલાલની સખાવત અને અન્ય ગૃહસ્થોની મદદથી નવાડિસામાં જૈન વિદ્યાર્થીગૃહ ખુલ્લું મુકાયેલ છે.

શોકજનક અવસાન

સુરતના જાણીતા અગ્રેસર શ્રી બાબુભાઈ ફકીરચંદ ઝવેરીનું તા. ૧૪–૭–૧૯૫૯ ના રોજ પાલીતાણામાં અને સેવાભાવી ડૉક્ટર ટી. કે. વોરાનું તા. ૧૩–૭–૧૯૫૯ ના રોજ મુંબઈમાં થયેલાં દુઃખજનક અવસાનની સખેદ નોંધ લઈએ છીએ. બન્નેએ સમાજની ઉપયોગી સેવાઓ બજાવી મધુર સુવાસ પ્રસરાવી છે. કૉન્ફરન્સની પ્રવૃત્તિને તેઓ ખાસ પોષનાર હતા.

સુરતના વતનીને પ્રાઇઝ

સને ૧૯૫૯ની એસ. એસ. સી. પરીક્ષા પસાર કરનાર સુરતના વતની વિદ્યાર્થીને કૉન્ફરન્સ તરફથી પ્રેમચંદ સ્કૉ. પ્રાઇઝ આપવા માટે અરજીઓ આવકારવામાં આવે છે. સ્કૂલ, માર્કસ્ વગેરેની વિગતો સાથે તા. ૨૦ ઑગસ્ટ ૧૯૫૯ સુધી અરજીઓ સ્વીકારાશે. અરજી "શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ, ગોડીજી બિલ્ડિંગ, કાલબાદેવી–મુંબઈ ૨"ના સરનામે કરવી.

શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગને સ્પર્શતા સમાચાર તા. ૨૦મી સુધીમાં દર મહિને નીચે જણાવેલ સરનામે મોકલવા નિમંત્રણ છે. આ સમાચાર ટૂંકા અને મુદ્દાસરના સ્પષ્ટ હસ્તાક્ષરમાં શાહીથી લખેલા હોવા જોઈએ. સમાચાર મોકલનારે પોતાનું પૂરું નામ, સરનામું જણાવવું જરૂરી છે.

તંત્રીઓ, "જૈનયુગ"
C/o શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ
ગોડીજી બિલ્ડીંગ; ૨૦, પાયધુની, મુંબઈ ૨

ચક્રવર્તી ભરતમહારાજાનો એક અનુપમ જીવનપ્રસંગ

પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુ કેવલજ્ઞાન પ્રાપ્ત થયા બાદ ગ્રામાનુગ્રામ વિહાર કરતા એક અવસરે અષ્ટાપદ પર્વત ઉપર પધાર્યા. ભરત અને બાહુબલી સિવાય ભગવાન શ્રી ઋષભદેવજીના અઠ્ઠાણુ પુત્રોએ પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરેલ હતી. તે અઠ્ઠાણુ ભાઈઓ પણ પ્રભુ અષ્ટાપદજી ઉપર પધાર્યા ત્યારે સાથે હતા. ભગવાન ઋષભદેવજીને જે દિવસે કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયેલી તે જ દિવસે ભરતમહારાજાને આયુદ્ધશાળામાં ચક્રવર્તીના મુખ્ય ચિહ્ન તરીકે દેવાધિષ્ઠિત ચક્રરત્નની ઉત્પત્તિ થયેલી. ચક્રરત્ન ઉત્પન્ન થયા બાદ અમુક સમય પછી પોતાના અઠ્ઠાણુ નાના બંધુઓ કે જેમને ભરતક્ષેત્રના જુદા જુદા દેશોના રાજાઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા તે સર્વને પોતાની આજ્ઞા શિરોમાન્ય કરવાનું ભરત મહારાજાએ કહેણ મોકલ્યું. તેમ જ આજ્ઞા શિરોમાન્ય કરવાની કબૂલાત ન હોય તો યુદ્ધ માટે આમંત્રણ આપ્યું. 'ચક્રવર્તી તરીકે ભરત ક્ષેત્રના છયે ખંડોનું સંપૂર્ણ ઐશ્વર્ય હવે મારી પાસે હોવું જોઈએ.' આ આશયથી ભરત મહારાજા જુદા જુદા દેશોના રાજવી તરીકે નિયુક્ત થયેલા પોતાના બંધુઓને ઉપર મુજબ સંદેશો મોકલે તે સ્વાભાવિક હતું.

ભરતના અઠ્ઠાણુ ભાઈઓની પ્રભુ પાસે દીક્ષા

ભરત મહારાજાનું પૂર્વોક્ત કહેણ પ્રાપ્ત થયા બાદ અઠ્ઠાણુ બાંધવોએ સંગઠિત બનીને નિર્ણય કર્યો કે "વડીલબંધુની આજ્ઞાનો સીધેસીધો સ્વીકાર કરવો કે વડીલ બંધુની સાથે રણસંગ્રામ કરવો? એ બાબત માટે આપણે બધાએ ભગવાન શ્રી ઋષભદેવપ્રભુ પાસે જવું અને એ આપણા ભગવાન જે પ્રમાણે આપણને માર્ગદર્શન આપે તે પ્રમાણે વર્તવું." આ નિર્ણય અનુસાર અઠ્ઠાણુ બાંધવો પ્રભુ પાસે પહોંચ્યા અને ભરતજીની આજ્ઞા સ્વીકારી લેવી કે યુદ્ધ કરવું? એ બાબત યોગ્ય માર્ગદર્શન આપવા માટે પ્રભુને વિનંતિ કરી. ભગવાન શ્રી ઋષભદેવજીએ ન આજ્ઞા સ્વીકારવાની સલાહ આપી કે ન યુદ્ધ કરવાની સંમતિ આપી. પરંતુ સંસારની અસારતા, સંપત્તિની ચપલતા, જીવનની ક્ષણભંગુરતા અને કુટુંબીઓની સ્વાર્થપરાયણતા વગેરે બાબતોના અનુપમ વિવેચન સાથે માનવજીવનની સફળતા માટે એવો વૈરાગ્ય ભરપૂર અમૃતથી પણ અધિક મધુર ઉપદેશ આપ્યો કે પ્રભુ પાસે માર્ગદર્શન મેળવવા આવેલા તદ્ભવમુક્તિગામી અઠ્ઠાણુ બાંધવોએ ત્યાંને ત્યાંજ દીક્ષા ગ્રહણ કરી અને આત્મકલ્યાણમાં એકતાન બની ગયા. ત્યાર બાદ એ અઠ્ઠાણુ બંધુઓના સર્વ રાજ્યોનું આધિપત્ય ભરત ચક્રવર્તીને પ્રાપ્ત થયું.

બંધુઓની દીક્ષા બાદ ભરતજીના ચિત્તની વિચારણા

ભરતમહારાજા પણ તદ્ભવે મુક્તિગામી આત્મા હતા. "આજ્ઞા શિરોમાન્ય કરો અથવા યુદ્ધ માટે તૈયાર થાઓ" આવા મારા કહેણથી એ અઠ્ઠાણુ બંધુઓએ ભયગ્રસ્ત બનવાના કારણે રાજ્ય વગેરે સર્વનો પરિત્યાગ કરીને પ્રભુ પાસે ચાલ્યા ગયાનું અને ચારિત્ર ગ્રહણ કર્યાનું ભરતજીને અનુમાન થયું. સાચા વૈરાગ્યરંગથી રંગાઈને ચારિત્ર ગ્રહણ કર્યું હોય તો તો મારા એ અઠ્ઠાણુ બંધુઓ મારે પરમવંદનીય છે. પરંતુ મારા ભયથી ત્રાસીને જો ચારિત્ર ગ્રહણ કર્યું હોય તો મારા માટે એ બાબત અતિ દુઃખદાયી છે. એટલુંજ નહિ પરંતુ ભગવાન શ્રી ઋષભદેવ

["મહાનુભાવ મરિચિ યાને ભગવાન મહાવીર પ્રભુનો ત્રીજો ભવ" શીર્ષકવાળો પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનો લેખ છેલ્લા અંકમાં પ્રગટ થયો હતો. પૂજ્યપાદ આચાર્યશ્રી પૂના તરફ વિહારમાં હોઈ પછીના પ્રસંગો દર્શાવતો લેખ અમે પ્રગટ કરી શકયા નથી. પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ પૂનામાં હોઈ શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના ભવો દર્શાવતી લેખમાળાના બીજા માહિતીપૂર્ણ અને રસપ્રદ લેખો આગામી અંકથી નિયમિત પ્રગટ થશે. –તંત્રીઓ, જૈન યુગ.]

પ્રભુ સાથે એ મારા બંધુઓ વિહાર કરતા કરતા જ્યારે નજીકમાં પધારશે, ત્યારે મારા દરેક બંધુઓને પોતાનું રાજ્ય પાછું સ્વીકારી લેવા વિનંતિ કરીશ અને મારા અંતઃકરણને નિઃશલ્ય બનાવીશ. આ પ્રમાણે ભરતચક્રીએ ચિત્તમાં નિર્ણય કર્યો.

પ્રભુ પાસે ભરતજીનું આગમન અને બંધુઓને વિજ્ઞપ્તિ

પ્રારંભમાં જણાવ્યા મુજબ અઠ્ઠાણુ બંધુઓ સાથે ભગવાન ઋષભદેવ પ્રભુ અષ્ટાપદજી ઉપર પધાર્યાના ભરતજીને જ્યાં સમાચાર મળ્યા એટલે તુરત ભગવંતને વંદન કરવા તેમ જ સર્વ બંધુઓને તેમનાં રાજ્યો પાછાં સ્વીકારી લેવાની વિનંતિ કરવા ભરતમહારાજા પ્રભુ પાસે પહોંચ્યા. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપવાપૂર્વક વંદન નમસ્કાર કરીને સાધુ અવસ્થામાં પોતાના અઠ્ઠાણુ બાંધવોને પણ વંદન નમસ્કાર કરવા સાથે વિનંતિ કરી કે "તમો દરેક બંધુઓનાં રાજ્યો પુનઃ સ્વીકારી લેવાની મારી નમ્ર વિનંતિ છે. મેં તમો સર્વને આજ્ઞા શિરોમાન્ય કરવાનું અથવા તેમ ઇચ્છા ન હોય તો યુદ્ધ કરવા માટે તૈયાર થવાનું જે કહેણ મોકલેલું, તે મારાં કહેણથી ભયગ્રસ્ત બનીને સંયમ લેવાનું કાંઈ પ્રયોજન નથી. ભગવાનનો જેવો હું પુત્ર છું તેવા તમો પણ પુત્રો છો અને પ્રભુએ પોતેજ દીક્ષા ગ્રહણ કરવા પહેલાં તમોને જુદા જુદા દેશોનું આધિપત્ય સમર્પણ કરેલું છે. તમારું એ આધિપત્ય છીનવી લેવાનો મારો કોઈ અધિકાર નથી. ચક્રરત્નની ઉત્પત્તિ થયા બાદ ચક્રવર્તી તરીકેના અધિકાર અંગે તે અવસરે કહેણ મોકલતાં મોકલાઈ ગયું પણ હવે એ બાબત મનમાં રાખવાની કશી જરૂર નથી. મારા હૈયામાં બંધુસ્નેહ ભર્યો છે અને એ બંધુસ્નેહના કારણે જ ખરા અંતઃકરણથી રાજ્યને પાછું ગ્રહણ કરવાની તમો સર્વ બંધુઓને વિનંતિ કરું છું. સંયમની આરાધના એ જ આત્મકલ્યાણનો સાચો રાહ છે. અંતે એ સંયમની આરાધના સિવાય કોઈ પણ આત્માનો ઉદ્ધાર નથી એ હું અવશ્ય માનું છું. તમો મારા બંધુઓએ સાચા વૈરાગ્યરંગથી રંગાઈને સંયમનો પવિત્ર પંથ સ્વીકારેલ હોય તો તો તે માટે ત્રિકરણયોગે મારી અનુમોદના છે. પરંતુ મારા ભયથી ત્રાસીને જો સંયમ માર્ગ ગ્રહણ કરેલ હોય તો મારા તરફનો હવે પછી લવલેશ ભય રાખવાની તમારે જરૂર નથી. તમારાં રાજ્યો તમો પુનઃ સ્વીકારો અને નિર્ભયપણે પ્રજાનું પાલન કરો, એ મારી વિજ્ઞપ્તિ છે."

અઠ્ઠાણુ બંધુઓએ ભરતજીની વિનંતિનો આપેલ જવાબ

ભરતમહારાજાની વિનંતિ શ્રવણ કરીને અઠ્ઠાણુ બાંધવોએ તેમને જવાબ આપ્યો કે "હે ભરત! તમારા ભયથી ત્રાસીને અમે આ પવિત્ર માર્ગ સ્વીકારેલ નથી. પરંતુ સાચા વૈરાગ્ય સાથે અંતરના ઉત્સાહથી અમે આ ઉત્તમ માર્ગ સ્વીકારેલ છે. તમોએ દૂત મારફત આજ્ઞા સ્વીકારવાનું અથવા યુદ્ધની તૈયારી કરવાનું કહેણ અમારા ઉપર મોકલાવ્યા બાદ અમો સર્વે બંધુઓએ પ્રભુ પાસે જઈને એ બાબતમાં માર્ગદર્શન મેળવવાનો નિર્ણય કર્યો. એ નિર્ણય મુજબ અમો ભગવાન પાસે આવ્યા. ભગવાન તો સર્વજ્ઞ હોવાથી અમે શા માટે તેમની પાસે આવ્યા છીએ એ બાબત જાણતા હતા. છતાં અમોએ પ્રભુને પ્રદક્ષિણા, વંદન, પ્રણામ વગેરે કરી તમારા કહેણનો અમલ કરવો કે શું કરવું તે અંગે માર્ગદર્શન આપવાની વિનંતિ કરી. તે અવસરે કરુણાનિધાન વિશ્વબંધુ આપણા એ ભગવાને અમોને સંસારની અસારતા અને જીવનનું ક્ષણભંગુરપણું વગેરે અમૃતથી પણ અધિક મીઠી વાણી વડે સમજાવ્યું. સાથે સાથે જીવનને ધન્ય બનાવવા–સંયમમાર્ગનો સ્વીકાર કરવાનો ઉપદેશ આપ્યો. ભરતજી! પ્રભુના એ મંગલમય ઉપદેશનું શ્રવણ થતાં અમારા દિલમાંથી રાજ્યનો મોહ ઊતરી ગયો. આત્મકલ્યાણનો ભાવોલ્લાસ પ્રગટ થયો અને સાચા વૈરાગ્યરંગથી રંગાઈ તે જ અવસરે અમો અઠ્ઠાણુ ભાઈઓએ આ અષ્ટાપદજી ઉપર જ સંયમના પવિત્ર માર્ગનો સ્વીકાર કર્યો."

"હે ભરત બંધુ! ભલે તમો ગમે તે આશયથી અમોને પુનઃ રાજ્ય સ્વીકારવાની વિનંતિ કરવા આવ્યા હો પણ અમોને હવે રાજ્યનો, સ્ત્રી-પુત્રકુટુંબપરિવારનો યત્કિંચિત્ પણ મોહ નથી. એવા અથવા એથી પણ અધિક રાજ્યવૈભવનાં સાધનો તો આત્માને ભવચક્રમાં ભટકતાં અનેકવાર મળ્યાં–છતાં આ આત્માને તૃપ્તિ ન થઈ. એ રાજ્યવૈભવ વગેરેની મમતાએ જ આત્માને અનંતકાલપર્યંત સંસારમાં પરિભ્રમણ કરાવ્યું. અમારો પરમ ભાગ્યોદય જાગ્યો કે તમારું કહેણ આવ્યા બાદ અમોએ સ્વતંત્ર નિર્ણય ન કરતાં પ્રભુ પાસે આવી તેઓશ્રીના માર્ગદર્શન પ્રમાણે અમલ કરવાનો નિર્ણય કર્યો–જો અમોએ સ્વતંત્ર નિર્ણય કર્યો હોત તો આજે અમોને સંસારસાગરનો પાર કરનાર આ સંયમરૂપી જે ઉત્તમ પ્રવહણ મળ્યું છે તે ન મળત. હે બંધો! તમો સુખેથી

તમારા સ્થાને જાઓ. અમારે અને રાજ્યને હવે કશોય સંબંધ નથી."

ભરતજીના બંધુમુનિવરોની ભક્તિ કરવાની ભાવના

વૈરાગ્યરંગભર્યા સર્વ બંધુઓનાં વચનો શ્રવણ કરી ભરત મહારાજા એ અઠાણુ બંધુમુનિવરોના ચરણોમાં ઝૂકી પડ્યા–'ધન્ય છે તમારા આત્માને અને ધન્ય ધન્ય છે તમો બધાયની ઉત્તમ ભાવનાને ! હું ખરેખર અધન્ય છું કે ઉમ્મરમાં તમારા બધાયથી મોટો છતાં સંસારના કાદવમાં ખૂંચેલો પડ્યો છું.' આ પ્રમાણે ભરતજી એક બાજુથી સંયમી બંધુઓની અનુમોદના અને પોતાના આત્માની નિંદા કરવા લાગ્યા–સાથે સાથે અંતઃકરણમાં એ પવિત્ર મુનિવરોની ભક્તિ કરવાનો ભાવોલ્લાસ પ્રગટ થયો. આવા ઉત્તમ મુનિવરોની અશન–પાન–ખાદિમ અને સ્વાદિમથી ભક્તિ થાય તો મારું કલ્યાણ થઈ જાય–આ ભાવનાથી આહારાદિની સામગ્રીથી ભરેલાં પાંચસો ગાડાં ત્યાં મંગાવ્યા અને સાધુઓને લાભ આપવાની વિનંતિ કરી. સાધુ ભગવંતોએ જવાબ આપ્યો કે "હે ભરતજી ! તમો વિવેકી છો અને જાણો છો કે સાધુ મુનિવરોને તેમના નિમિત્તે તૈયાર થયેલો આધાકર્મી આહાર તેમજ સામે લાવેલો આહાર લેવો કલ્પતો નથી. આ આહાર નિર્દોષ નથી. માટે અમને ન કલ્પે." સાધુઓના આ ઉત્તરને શ્રવણ કરવા પછી ભક્તિભાવના કારણે ભરતજીનું મન જરા ખિન્ન તો થયું પરંતુ સંયમધર્મના જાણકાર હોવાથી એ ખિન્નતાને દૂર કરી પુનઃ એ પૂજ્ય મુનિવરોને વિનંતિ કરી કે આ આધાકર્મી તેમ જ સામે લાવેલો આહાર આપને ન કલ્પે તો આપ મારી નગરીમાં પધારો અને મને લાભ આપી કૃતાર્થ કરો. ભરતજીની પુનઃ વિનંતિ શ્રવણ કરી સાધુ ભગવંતોએ પ્રત્યુત્તર આપ્યો કે હે મહાનુભાવ ! તમારી ભાવના અતિ ઉત્તમ છે. તમારી વિનંતિ પ્રમાણે તમારી નગરીમાં આવવાની બાધા નથી. ક્ષેત્રસ્પર્શના હશે તો સુખેથી અવાશે. પણ સાધુ-સાધ્વીને રાજપિંડ (રાજાના ઘરની ગોચરી) ગ્રહણ કરવાનો નિષેધ છે. એટલે નગરીમાં આવવાનું થાય તો પણ તમારા આહારપાણી અમોને કલ્પી શકે તેમ નથી.

ભરત મહારાજ દુઃખનાં અતિરેકથી મૂર્છિત થયા

સાધુ મુનિવરોના મુખેથી આ જવાબ સાંભળી ભરત મહારાજાનું હૈયું દુઃખથી ભરાઈ ગયું ! દુઃખમાં ને દુઃખમાં ભરતજી બોલવા લાગ્યા કે હું કેવો અધન્ય કે રાજ્યગ્રહણ કરવાની વિનંતિનો સ્વીકાર તો ન થયો એ તો જાણે બરાબર. પણ આવા પવિત્ર ત્યાગી વૈરાગી મુનિભગવંતોની ગોચરી વગેરે ભક્તિના લાભથી હું સર્વથા વંચિત બન્યો. મારા જેવો બીજો કોણ દુર્ભાગી હશે ! આવા ગુણવંત સાધુઓની ભક્તિમાં જે મારી કોઈ પણ વસ્તુ ઉપયોગમાં ન આવતી હોય તો આ ચક્રવર્તીનો વૈભવ પણ મારે શું કામનો છે ! આમ શોકાર્ત બનેલા ભરતજી ભક્તિલાભથી વંચિત રહેવાના કારણે દુઃખના અતિરેકથી મૂર્છિત થઈ ભૂમિ ઉપર ઢળી પડ્યા. આજુબાજુના પરિચારકોએ શરૂ કરેલા શીતલ ઉપચારથી ભરતજીની મૂર્ચ્છા તો વળી–પરંતુ તેમના અંતઃકરણમાં ભરેલો દુઃખનો ઉભરો ઓછો ન થયો.

સૌધર્મેન્દ્રના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ જણાવેલો પાંચ પ્રકારનો અવગ્રહ

જે અવસરે આ પ્રસંગ બન્યો તે અવસરે સૌધર્મેન્દ્રની ત્યાં હાજરી હતી. ભરતજીના દુઃખના ઉભરાને શમાવવા માટે ઇન્દ્ર મહારાજાએ પ્રભુને પ્રશ્ન કર્યો કે હે ભગવંત ! અવગ્રહના પ્રકાર કેટલા અને સાધુમુનિરાજોને ગોચરી વહોરાવવી તે લાભ વધારે કે અવગ્રહનું દાન આપવામાં લાભ વધારે ? ઇન્દ્રે કરેલા પ્રશ્નના ઉત્તરમાં ભગવાન બોલ્યા કે હે ઇન્દ્ર, અવગ્રહ પાંચ પ્રકારનો છે. સૌધર્મેન્દ્રનો અવગ્રહ, ચક્રવર્તીનો અવગ્રહ, માંડલિક રાજાનો અવગ્રહ, સાગારિક (ગૃહસ્થ)નો અવગ્રહ અને સાધર્મિક (શ્રમણ ભગવંત)નો અવગ્રહ. હે ઇન્દ્ર ! જંબુદ્વીપના દક્ષિણાર્ધમાં વર્તમાનમાં જે સાધુ મુનિવરો વિચરે છે, તે તારા અવગ્રહથી અર્થાત્ તારી સંમતિથી વિચરે છે, ભરતક્ષેત્રના છ ખંડમાં જે સાધુ ભગવંતો વર્તમાનમાં વિચરે છે તેમાં તે ક્ષેત્રના ચક્રવર્તીનો અવગ્રહ છે અર્થાત્ ચક્રવર્તીની અનુમતિથી વિચરી શકે છે. જેમકે વર્તમાનમાં ભરત ચક્રવર્તીની અનુમતિ હોય તો જ સાધુઓ ભરતક્ષેત્રમાં વિચરવાના અધિકારી છે. કોઈ દેશ, ગામ કે નગરમાં તે દેશ વગેરેના અધિપતિ માંડલિક-રાજાનો અવગ્રહ છે. જે ગૃહસ્થની માલિકીના સ્થાનમાં સાધુ મુનિરાજ ઊતરે તે પ્રસંગે તે ગૃહસ્થ–સાગારિકનો અવગ્રહ છે. એટલે કે તે ગૃહસ્થની રજા મળે તો જ સાધુ તે સ્થાનનો ઉપયોગ કરી શકે છે. અને ઉપાશ્રય વગેરે સ્થાન વિશેષમાં અગાઉથી જે સાધુ બિરાજમાન

હોય તેમની અનુમતિથી નવા આવનાર સાધુને તે સ્થાનમાં ઉતરવું તે સાધર્મિક અવગ્રહ છે.

ભરતજીએ કરેલી અવગ્રહની ઉદઘોષણા

હે ઇન્દ્ર, સાધુઓની આહાર પાણીથી ભક્તિ કરવામાં જો કે ઘણો મોટો લાભ છે. પરંતુ સાધુઓને અવગ્રહનું દાન કરવાનો લાભ આહાર પાણીના લાભ કરતાં અનેકગણો વધી જાય છે સાધુઓને તે તે ક્ષેત્રમાં વિચરવાનો કે તે તે સ્થાનમાં વિશ્રામ કરવાનો જો અવગ્રહ ન મળે તો સાધુમુનિરાજોને સંયમધર્મની આરાધનામાં હરકોઈ પ્રકારે અગવડ આવ્યા કરે. સ્થાન સિવાય સાધુ ભગવંતો જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય, પ્રતિક્રમણ–પડિલેહણ–તેમ જ આહાર પાણી વગેરે ક્યાં કરે? માટે હે ઇન્દ્ર, આહાર પાણીની ભક્તિ કરતાં પણ અવગ્રહદાનનો લાભ વિશેષ છે. ભરતજીએ પ્રભુમુખેથી આ વચનામૃતોનું શ્રવણ કરી અંતઃકરણમાં વ્યાપેલો શોક દૂર કર્યો અને તુરત ઉદ્‌ઘોષણા કરી કે भयवं! अहंपि मारहे वासे साहुणो विहरमाणे अणुमण्णे ।। " હે ભગવંત, હું પણ આ ભરતક્ષેત્રમાં વિચરતા સર્વ સાધુઓને અવગ્રહ માટે અનુમતિ આપું છું. "

ભરત મહારાજની સાધર્મિક ભક્તિ

આ અવસરે ઇન્દ્ર મહારાજ ભરતજીને જણાવે છે કે– આ આહારપાણીનાં પાંચસો ગાડાં છે. આધાકર્મીપણું વગેરે દોષોના કારણે સાધુ મુનિરાજને તો એ આહાર કલ્પે તેમ નથી. પરંતુ સાધુઓની ભક્તિમાં જેમ લાભ છે તેમ સાધર્મિક બંધુઓની ભક્તિમાં પણ ઘણો ઘણો લાભ છે. માટે આ આહારપાણી વગેરેથી સાધર્મિક બંધુઓની ભક્તિનો લાભ લ્યો. ભરતજીએ પણ અતિ ઉલ્લાસિત ભાવે સાધર્મિક બંધુઓની ભક્તિમાં તે આહારપાણીનો ઉપયોગ કર્યો. એટલું જ નહિ પરંતુ ત્યારથી હંમેશાં મોટી સંખ્યામાં સાધર્મિક બંધુઓની ભક્તિ જીવન પર્યંત કરવાનું ચાલુ રાખ્યું. ભરતજીના આ જીવનપ્રસંગમાંથી ભવ્યાત્માઓને અનેક પ્રકારે બોધ પ્રાપ્ત થઈ શકે તેમ છે.



મથુરા શિલ્પ

આનંદની સાધના

કુ. 'ચંદ્રરેખા'

શ્રી સંભવ જિનરાજજી રે
તાહરું અકળ સ્વરૂપ, જિનવર પૂજને.
સ્વપરપ્રકાશક દિનમણિ રે
સમતારસનો ભૂપ જિનવર પૂજને.
પૂજને પૂજને રે ભવિક જિન પૂજને
હારે પ્રભુ પૂજ્યાં પરમાનંદ—જિન૦ (૧)

જિન એટલે રાગદ્વેષને જિતનાર, શ્રુતકેવલી, અવધિજ્ઞાની, મનઃપર્યાયજ્ઞાની અને સામાન્યકેવલી ભગવંતો. તેમાં તીર્થંકરપદ પ્રાપ્ત કરેલ હોવાથી સંભવનાથ પ્રભુ રાજા સમાન છે. તેથી તેમને ભક્તજન 'જિનરાજ' એવું પ્રીતિભક્તિયુક્ત સંબોધન કરે છે. તેમનું સ્વરૂપ અકળ છે એટલે રાગદ્વેષમાં મસ્ત માનવોને ન સમજાય તેવું છે. વિશ્વના સ્વરૂપ સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય છે. તેને આ કેવળજ્ઞાની સ્પષ્ટ રૂપે જાણે છે તેથી તે પરમાત્મા સ્વપરપ્રકાશક સૂર્ય છે.

યોગનું કહો કે યોગસિદ્ધિરૂપ ધર્મનું કહો, કે સર્વ શાસ્ત્રોનું રહસ્ય કહો તે સમતામાં સમાઈ જાય છે. રાગદ્વેષની વિષમતાને નષ્ટ કરનાર પરમાત્મા સમતારસના રાજા છે. એવા અરિહંતની હે ભવ્યો, તમે વારંવાર મનથી, વચનથી, કાયાથી, દ્રવ્યથી કે ભાવથી તમારી ભૂમિકા પ્રમાણે ઉત્સાહપૂર્વક પૂજા કરો. સરળ ભાવે કરેલી અલ્પ ભક્તિ પણ કાલક્રમે અનંત ફળ આપનારી નીવડશે.

વળી જે દેહમાં પ્રાપ્ત થયેલ ઇંદ્રિયોને અનુકૂળ ભાસતું એવું પુદ્‌ગલ યોગથી ઉપજેલું સુખ તેને ઉપચાર–સુખ કહીએ. તે પરમાનંદ ન કહેવાય. પરંતુ જે આત્માનું સહજ, અવિનાશી એવું અપ્રયાસી સ્વરૂપનું અવ્યાબાધ સુખ તેને પરમાનંદ કહીએ. તે પરમપ્રદપ્રાપ્ત એવા અરિહંત દેવ, તેમના આરાધન દ્વારા પ્રાપ્ત થાય છે.

જો કે અરિહંત દેવ કોઈ અન્ય જીવના અવ્યાબાધ આદિ ગુણોના કર્તા નથી. પરંતુ જે ભવ્યજીવ પોતાનું શુદ્ધ પારિણામિક સ્વરૂપ લક્ષમાં રાખી ભગવાનની પૂજા કરે તે અવશ્ય પોતાનું સ્વરૂપ પ્રગટ કરે. તેથી પરમાત્મા નિયત કારણ હોવાથી એમના અવલંબને સ્વરૂપ પ્રગટ થાય એમ સમજવું.

અવિસંવાદ નિમિત્ત છો રે
જગત જંતુ સુખ કાજ. જિન૦
હેતુ સત્ય બહુમાનથી રે
જિન સેવ્યાં શિવરાજ. જિન૦ (૨)

તમે વિસંવાદ અર્થાત્ વિપરીતપણું કે ચલિતપણું તે જેમાં સંભવતું નથી તેવા નિશ્ચયથી નિમિત્ત છો. જગતનાં પ્રાણીઓનું સુખકાર્ય સાધનાર છો. કાર્યથી ભિન્ન હોવા છતાં કર્તાનો વ્યાપાર થાય ત્યારે કાર્યસિદ્ધિનું સહાયક તેને નિમિત્ત કહીએ. પરમાત્મા પરમ સુખના અનિષ્ફળ નિમિત્ત છે તેથી હેતુ છે. સાચા બહુમાનથી એટલે ગૌરવથી એમનો આશ્રય લેતાં મોક્ષનું કલ્યાણ રાજ્ય પ્રાપ્ત થાય છે.

ઉપાદાન આતમ સહી રે
પુષ્ટાલંબન દેવ. જિન૦
ઉપાદાન કારણપણે રે
પ્રગટ કરે પ્રભુસેવ જિન૦ (૩)

હવે આત્મનિષ્પત્તિ વિશે ઉપાદાનકારણ મૂળ છે, તો પણ નિમિત્ત કારણ વિશેષ છે. જે કારણ કાર્યપણે અભેદે પરિણમે તેને ઉપાદાન કારણ જાણવું. જે કારણ કર્તાના વ્યાપારે કાર્યથી ભિન્ન હોવા છતાં કાર્ય નિપજાવવાનું સહકારી થાય તેને નિમિત્ત કારણ કહેવાય. પરંતુ અહીં એટલું જાણવાનું છે કે ઉપાદાન હોવું અને ઉપાદાનકારણ હોવું એક નથી. માટી એ ઘડાનું ઉપાદાન ખરી પણ કાર્યસિદ્ધિ વેળાના પર્યાયોમાં જ કારણાવસ્થાને તે ધારણ કરે છે. (જુઓ:વિશેષાવશ્યક–મતિજ્ઞાનાધિકાર)

અહીં પરમગીતાર્થ દેવચંદ્રગણિ કહે છે કે પ્રભુસેવા ઉપાદાનને (અર્થાત્ જીવાત્માને) મોક્ષના કારણરૂપે પ્રગટ કરે છે. કર્મનો અનાદિ રોગ ટાળવાને આગમ ઔષધથી જીવરોગીને જે મોક્ષઆરોગ્ય પ્રાપ્ત કરવાને

ઉત્સાહવંત કરે અને સમર્થ કરે એવા ભાવવૈદ્ય ભગવાન પુષ્ટાવલંબન છે, અમોઘ નિમિત્તકારણ છે.

કારજગુણ કારણપણે રે ,
કારણ કાર્ય અનૂપ. જિન૦
સકલ સિદ્ધતા તાહરી રે
માહરે સાધન રૂપ જિન૦ (૪)

અહીં પહેલા ચરણમાં ઉપાદાન કારણરૂપ પદ્ધતિ કહી છે. અને પછીના ચરણે નિમિત્ત કારણને આશરે કાર્યપદ્ધતિ કહી છે.

હવે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને શરીર, ઇંદ્રિય, વિષય અને કષાયરૂપ કાર્ય કરતાં અનંત કાળ ગયો. તેમાં ગુરૂપદેશના અવલંબનરૂપ અને શાંતરસની રુચિરૂપ જે ભાવના ભાવી અને ઉપશમશસ્ત્રથી મોહની મલિનતા ઘટાડી ત્રિપુંજ કર્યા તે ઉપાદાનનું કારણપણું કહીએ. સમ્યક્‌ત્વ પ્રગટ થયું તે કાર્ય કહીએ. તે પછી સમકિત કારણ થયું, અરિહંતસેવના અને આગમશ્રવણાદિ અન્ય નિમિત્ત સેવીને તત્ત્વશ્રદ્ધાન, તત્ત્વરમણ અને પરભાવ ત્યાગ રૂપ રત્નત્રયીનો ક્ષયોપશમ પ્રગટ્યો તે કાર્ય થયું. ફરીને તે જ ભૂમિકા ક્ષાયિક રત્નત્રયીનું કારણ થાય. આમ સિદ્ધતા પર્યંત કારણો કાર્યો બનીને આખરે પરમાત્મ-દશાનું અનુપમ કાર્ય સાધે.

હવે નિમિત્તદૃષ્ટિએ પ્રભુ, જે તારી સિદ્ધતા, નિર્મળતા અને અવ્યાબાધ સમાધિ છે, તે મારે તમારા જેવી સત્તા પ્રગટ કરવી તે કાર્ય છે તેમાં આપની પદવીનું સમસ્તરૂપે ચિંતન એ મારે મોક્ષનું કારણ છે.

એક વાર પ્રભુ-વંદના રે
આગમ રીતે થાય જિન૦
કારણસત્યે કાર્યની રે
સિદ્ધિ પ્રતીત કરાય જિન૦ (૫)

એક જ વાર જો સિદ્ધાંતની વિધિ મુજબ ચૈત્યવંદન થાય તો પરમાત્મ-અવલંબનને કારણે ઉપાદનકારણત્વ પામેલા મારા સાચા કારણરૂપ થયેલ આત્મામાં મોક્ષની સિદ્ધિ વિશ્વાસપૂર્વક જોઈ શકાય. આ કાર્ય ત્યારે બને કે જો માત્ર અનુષ્ઠાન વર્જીને ભગવાનનો વિરહ સાલે, ભગવાન અદ્‌ભુત ભાસે, પ્રભુનો માર્ગ આનંદપૂર્ણ આશ્ચર્યોની પરંપરા ઉપજાવનાર ભાસે અને પ્રભુ પર અપૂર્વ બહુમાન આવે.

એટલી વિધિએ વંદન કરતાં ઉપાદાન જે આત્મા તે ગુણાનુયાયી થયો, તો નિમિત્ત તથા ઉપાદાન બેઉ કારણ સાચાં મળ્યાં. અને તેથી કાર્ય પણ સાચું જ નીપજે.

પ્રભુપણે પ્રભુ ઓળખી રે
અમલ વિમલ ગુણગેહ જિન૦
સાધ્યદૃષ્ટિ સાધકપણે રે,
વંદે ધન્ય નર તેહ જિન૦ (૬)

અમલ એટલે રાગદ્વેષાદિ મળથી શૂન્ય, વિમલ એટલે ભાવની ઉજ્જવલતાના ધારક, વળી ગુણગેહ એટલે જ્ઞાનાદિ કલ્યાણ ગુણોના નિવાસ-રૂપ એવી રીતે પ્રભુનું જેવું રૂપ છે તેને બરાબર ઓળખી, એ જ રૂપ પોતાને માટે સાધ્ય છે એવી દૃષ્ટિ રાખી, પોતે બાધકભાવોથી શૂન્ય નહિ હોવાથી સાધક છે એ બિના સમજી, જે માનવો વીતરાગ પરમાત્માને વંદન કરે તે માનવને કૃતાર્થ અને ધન્ય સમજવા.

જન્મ કૃતારથ તેહનો રે
દિવસ સફલ પણ તાસ જિન૦
જગત શરણ જિન ચરણને રે
વંદે ધરીય ઉલ્લાસ જિન૦

તે માનવીનો જન્મ સફળ છે. જે દિવસે વિધિવંદના કરી તે દિવસ પણ સફળ છે. મોહે મૂંઝાતા, ભવાટવીમાં ફસાયેલા અને મિથ્યાત્વે લૂંટાતાને પરમ શરણરૂપ એવા વીતરાગપ્રભુને જે ઉત્સાહપૂર્વક વંદે તે ધન્ય છે.

નિજ સત્તા નિજ ભાવથી રે
ગુણ અનંતનું ઠાણ જિન૦
દેવચંદ્ર જિનરાજજી રે
શુદ્ધ સિદ્ધ સુખખાણ જિન૦ (૮)

નિજ ભાવથી એટલે પોતાના જ સ્વભાવથી. નિજ સત્તા એટલે હાલની સિદ્ધાવસ્થારૂપ સ્થિતિ તેને પ્રભુ પ્રાપ્ત થયા છે. તેઓ અનંત પુરુષાર્થ અને સમાધિમાર્ગ-ના અનંત પરાક્રમના પ્રતીક છે. તે દેવોમાં ચંદ્ર સમાન જિનરાજ કેવા છે? શુદ્ધ એટલે નિષ્કલંક, સિદ્ધ એટલે નિષ્પન્ન એવા ગુણોથી પ્રાપ્ત જે આત્મિક સુખ એટલે પરમ આનંદ, તેની ખાણ છે, તેના અખૂટ ભંડાર છે. પૂર્વે થયેલા ઋષિઓના પણ તે આધાર હતા અને ભવ્ય જીવની તેઓ અવંધ્ય આશા છે.

卐

સંતના શબ્દો

પ્રોફે. ઇંદ્ર, એમ. એ.

અનુ : શ્રી ગુલાબચંદ જૈન

"કોઇપણ સંતનો ઉપદેશ ન સાંભળજે...! તેમના શબ્દો કોઇપણ કાનમાં ન પડવા દેજે...મારી તને આજ છેલ્લી શિખામણ છે...એને ન ભૂલજે દીકરા...!" લોહક્ષુરે મૃત્યુશૈય્યા ઉપર પડ્યાં પડ્યાં પોતાના પુત્ર રૌહિણેયને કહ્યું.

"ભલે...બાપુ! આપનો જીવ શાંતિ પામતો હોય હોય તો હું તેમ કરીશ...!" રૌહિણેયે કહ્યું.

"હાશ...!" છેલ્લો શ્વાસ લોહક્ષુરનો નીકળ્યો અને તેનું પ્રાણપંખેરુ કાયાના પિંજરાને તોડીને ઊડી ગયું...!

લોહક્ષુર એટલે રાજગૃહની પાસે વૈભારગિરિ ઉપર રહેનાર એક ડાકુ...! વણજારોને લૂંટવી, સ્ત્રીઓનાં અપહરણ કરવાં કે લોકોને ત્રાસ આપવો એ એને મન રમત હતી...લોકો તેનું નામ સાંભળતાં થરથર કંપતાં! એ લોહક્ષુર મરણ પામ્યો પણ તેનો પુત્ર રૌહિણેય પોતાના બાપના પગલે ચાલીને એક સુપ્રસિદ્ધ ડાકુ બની ગયો. તેણે બાપની બધી વિદ્યા જાણી લીધી હતી. બાપ કરતાં દરેક વાતમાં તે સવાયો હતો પણ ઓછો નહીં...

બાપે મરતાં મરતાં તેને જે શિખામણ આપી હતી તે એણે હૃદયમાં ઉતારી હતી અને કદી પણ કોઈ સંતસમાગમ કે ભજનમાં તે ન જતો...!

એકવાર તે રાજગૃહ તરફ જતો હતો કે રસ્તામાં તેને ભગવાન મહાવીરના સમોવસરણ પાસેથી પસાર થવું પડ્યું. પોતાના નિયમ પ્રમાણે તેણે કાનોમાં આંગળીઓ નાખી દીધી અને ઝડપથી ચાલવું શરૂ કર્યું.

બરોબર સમોવસરણની બાજુમાંથી નીકળતાં જ તેના પગમાં કાંટો વાગ્યો. તે કાંટો કાઢવા જતાં તેને આંગળીઓ કાનમાંથી હટાવવી પડી અને નીચા નમવું પડ્યું. તે વખતે ભગવાન મહાવીરના મુખમાંથી નીકળેલ આ વાક્યો તેના કાને સંભળાયાં:—

"દેવોના પગ પૃથ્વીને અડતા નથી. તેમની પાંપણો નીચે પડતી નથી. તેમની ફૂલમાળાઓ કરમાતી નથી. તેમને પરસેવો વળતો નથી...!"

કાનમાં જાણે કોઈ એ કાંટા ભોંકયા હોય એવું રૌહિણેયને લાગ્યું. તેણે બાપને આપેલ વચન પ્રમાણે તે કોઈ પણ સંતનો એકેય શબ્દ સાંભળવા ઇચ્છતો ન હતો. પણ આજે તે લાચાર હતો...!

તેણે દિવસ ત્યાં પસાર કર્યો. રાતના તેણે ચોરી કરી અને માલ શહેરમાં જ કોઈકે ગુપ્ત સ્થળે છુપાવી દીધો. એ તેનો વર્ષો જૂનો કાયદો હતો. તે મુદ્દામાલ સાથે કદી તે જ વખતે બહાર ન નીકળતો. વાત જ્યારે વીસરાઈ જતી ત્યારે તે માલને પોતાની ગુફામાં લઈ જતો. એટલે ચોરીના દિવસે ખાલી હાથે હોઈને કોઈ તેને પૂછતું નહીં...!

પણ આજે તે નીકળ્યો કે તેને પહેરેદારોએ પકડી લીધો. રાજગૃહમાં છેલ્લા ઘણા દિવસોથી ચોરીઓ થતી હતી. આજે કોઈ શેઠને ત્યાં તો કાલે બીજાને ત્યાં. લોકોએ જઈને રાજાને ફરિયાદ કરી. રાજા શ્રેણિકે પોતાના ચોકીદારોને બોલાવીને ધમકાવ્યા ખરા. પણ તેઓ શું કરી શકે! ચોરી રોજ નવા પ્રકારે થતી હતી...! ચોર ક્યાંથી આવ્યો અને ક્યાં ગયો એની ખબર પડતી ન હતી.

અંતે શ્રેણિક રાજાએ પ્રધાનમંત્રી અભયકુમારને ચોરને પકડવાનું કામ સોંપ્યું. તેણે નગરના દરવાજે ગુપ્તચરો ગોઠવી દીધા અને કડક કાયદો કર્યો કે જે કોઈ અપરિચિત વ્યક્તિ નગરની બહાર જાય તેને પકડી લેવી.

એ પ્રમાણે અભયકુમાર પાસે રૌહિણેયને લાવવામાં આવ્યો. તેની પાસે કંઈ ન હતું અને મુદ્દામાલ વગર

ચોરીનો અપરાધ સાબિત થયા વગર કોઈને સજા કેવી રીતે કરી શકાય !

અભયકુમારે તેની પૂછપરછ શરુ કરી.

તેણે બતાવ્યું : " મારું નામ દુર્ગચંડ છે. હું શાલિ-ગ્રામનો રહેવાસી છું. ખેતી કરીને ગુજરાન ચલાવું છું. "

અભયકુમારને તેના ઉપર પાકો શક હતો પણ તેણે જ્યારે તપાસ કરાવી તો તેની વાતો સાચી નીકળી. અભયકુમારને તે વ્યક્તિ રસ્તામાં મળ્યો હતો અને તે જાણતો હતો કે ત્રણ દિવસ પહેલાં તે ગામે પાછો ફરવાનો ન હતો.

છતાં અભયકુમારે એક યુક્તિ કરી. તેણે રૌહિણેયને નજરકેદ રાખ્યો અને તેને જમણમાં એવી કોઈક વસ્તુ મેળવી ખવડાવી જેથી તે બેભાન થઈ ગયો. તેને એ જ સ્થિતિમાં એક સજ્જવેલા ખંડમાં પહોંચાડવામાં આવ્યો. તેની ચોમેર ગીત, સંગીત અને નૃત્યની વ્યવસ્થા હતી, સોળ સોળ શણગાર સજીને ષોડશીઓ મનોરંજક હાવ-ભાવ દેખાડવા ઊભી હતી. તેમને સૂચના આપવામાં આવી કે જ્યારે તે ભાનમાં આવે ત્યારે નૃત્ય, સંગીત અને ગીતનો કાર્યક્રમ પૂરજહારમાં ચાલુ કરવામાં આવે...!

રૌહિણેય ભાનમાં આવવા લાગ્યો... નૃત્ય, સંગીત અને ગીતનો કાર્યક્રમ જોશમાં ચાલવા લાગ્યો...વાદ્યોના ઝંકૃત સ્વરો...ઝાંઝરના ઝણઝણાટ અને સુંદરીઓના કોકિલ કંઠે નીકળતાં ગીતો...ઉપરાંત યૌવન અને હાવ-ભાવ ! રૌહિણેયને થયું કે પોતે ક્યાંક સ્વર્ગમાં તો આવી ચઢ્યો નથીને...!

અચાનક નૃત્ય બંધ થયું અને સુંદરીઓ ખિલખિલાટ હસતી હસતી તેની પાસે આવી...તેમણે કહ્યું :—

" પ્રાણનાથ ! અમારાં અહોભાગ્ય કે આપ મૃત્યુલોકને તજીને અહીં સ્વર્ગમાં આવ્યા છો. અમે ઘણા દિવસોથી આપની જ રાહ જોતી હતી. આ દિવ્ય સંપત્તિ અને આ અતુલ ઐશ્વર્યના આપ સ્વામી છો...અમે આપની દાસીઓ છીએ...આપની આજ્ઞા અમારા માટે સૌભાગ્ય છે...આ ભોગ વિલાસ આપના છે...આપ ઇચ્છાપૂર્વક સ્વર્ગનો આનંદ લ્યો...! "

સંગીત અને નૃત્યનો પ્રારંભ થયો...! રૌહિણેયને એવું લાગ્યું કે પોતે ખરેખર સ્વર્ગમાં આવી ચઢ્યો છે. હજુ કેફનો નશો હતો જ એમાં આ રૂપ-યૌવન અને નૃત્ય સંગીતની માદકતા...! રૌહિણેય પોતાની જાતને વીસરી ગયો...!

થોડી વાર પછી હાથમાં રત્નજડિત સુવર્ણયષ્ટિ લઈને સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરીને એક યુવક આવ્યો...! તેના મુખ ઉપર તેજ ચમકતું હતું...તેની પ્રભા પ્રસરતી હતી...તેની ગતિમાં ગંભીરતા હતી...! તેનો સંકેત મળતાં નૃત્યસંગીત બંધ થઈ ગયાં...!

યુવકે રૌહિણેયનું અભિવાદન કરતાં કહ્યું : " મહાનુ-ભાવ ! તમારું સ્વાગત કરું છું ! આ લોકના નિયમ પ્રમાણે અહીં આવનાર દરેક નવાગંતુકે પોતાના પૂર્વજન્મના સુકૃત્યો અને દુષ્કૃત્યોનો એકરાર કરવાનો હોય છે. શુદ્ધ હૃદયથી એકરાર કર્યા બાદ તે અહીંના નિવાસનો અધિકારી બને છે. સૌધર્મ દેવલોકના સ્વામી સૌધર્મેન્દ્રની આજ્ઞા થતાં હું અહીં આવ્યો છું. આપનો પૂર્વવૃત્તાંત સંભળાવો એટલી જ વિનંતિ છે ! "

રૌહિણેય તો ત્યાંનાં ઐશ્વર્ય અને વૈભવને જોઈને જ ડધાઈ ગયો હતો ! ત્યાં રહેવાની લાલસા તેના મનમાં પ્રબળ થઈ. ભલા આવું સ્વર્ગીય સુખ મૂકીને મૃત્યુ-લોકમાં શા માટે જવું ? તેણે પોતાનો વૃત્તાંત સંભળા-વવાનો નિશ્ચય કર્યો...!

એટલામાં તેની નજર ત્યાં ઊભેલ દેવ-યુવકના પગ ઉપર પડી. તેને ભગવાન મહાવીરનું વાક્ય યાદ આવ્યું. " દેવોના પગ પૃથ્વીને અડતા નથી...! " પણ આના પગ તો ધરતીને અડેલા છે...!

તેણે એની પાંપણો તરફ નજર કરી...તે ઉઘાડ-બંધ થતી હતી...તેને પ્રભુનું વાક્ય યાદ આવ્યું, " તેમની પાંપણો નીચે પડતી નથી...! " પણ આ સુંદરીઓ–દેવીઓ અંગે એ વાત નથી.

તેણે ફૂલમાળાઓ તરફ જોયું...તે કરમાયેલી જણાતી હતી...પ્રભુએ કહેલું કે " તેમની પુષ્પમાળાઓ કરમાતી નથી...! "

અને આ શું ? આ સુંદરીઓ, વાદ્યકારો બધાં પરસેવો કેમ લૂછે છે...? પ્રભુએ કહેલું : " તેમને પરસેવો વળતો નથી...! "

તે તરત ચેતી ગયો...! તેને ખ્યાલ આવ્યો કે પોતે

રાજકેદમાં હતો ત્યારે ખાવામાં કોઈ માદક વસ્તુના કારણે તે બેભાન થયો હશે અને ત્યાંથી અહીં...!

—અરે, આ અભયકુમારની કોઈ જાળ તો નહીં હોય ને! તેણે પોતાનો વૃત્તાંત એવી રીતે કહી સંભળાવ્યો કે પોતે ભલો પુરુષ ન હોય! પોતાનું નામ દુર્ગચંડ જ કહી બતાવ્યું અને શાલિગ્રામને ગામ કહી બતાવ્યું અને ધંધો ખેતીનો કહી બતાવ્યો!

અભયકુમારની ચાલ નકામી નીવડી. રૌહિણેય ઉપર કોઈ આરોપ સાબિત ન થતાં તેને છોડી મૂકવામાં આવ્યો...તે સીધો ત્યાંથી દોડ્યો...ભગવાન મહાવીર પાસે...તેમના સમોવસરણમાં...તેના મગજમાં એકજ વાત ભમતી હતી...

"ભૂલથી સાંભળેલ ચાર વાક્યોએ તેને આ લોકમાં સ્વર્ગના સુખનો સાક્ષાત્કાર કરાવ્યો હતો...તેને મૃત્યુથી બચાવી લીધેલ હતો...જો પૂરું વ્યાખ્યાન સાંભળે તો...!"

卐

સિદ્ધહૈમ વ્યાકરણ

ગુજરાતનો મહાન રાજા સિદ્ધરાજ જયસિંહ ગુજરાતના સર્વ રાજાઓમાં યશસ્વી ગણાય છે, એટલું જ નહીં પરંતુ તે એક વિદ્યાપ્રિય રાજવી હતો. તેની રાજ્યસભામાં દેશભરના વિદ્વાનો, પંડિતો અને કવિઓ આવતા હતા. એ જ સમયે માળવાની રાજધાની ઊજ્જયિની સાહિત્ય–વિદ્યા માટે ખૂબ જ પ્રસિદ્ધ હતી. મુંજ અને ભોજ જેવા વિદ્યાપ્રિય રાજવીઓએ પણ પોતાની રાજ્યસભાને મહાપંડિતો અને કવિઓથી ભરી દીધી હતી. સિદ્ધરાજ જેવા રાજવીને એવી જ ખ્યાતિ ગુજરાતમાં મેળવવી હતી. અને તેથી જ જ્યારે સિદ્ધરાજે વિ. સં. ૧૧૯૨માં માલવપતિ યશોવર્માને હરાવ્યો ત્યારે ત્યાંથી વિવિધ સાહિત્ય પણ પાટણ લઈ આવ્યો. આ સાહિત્ય-ભંડારમાં તેણે સહસા ભોજવ્યાકરણ જોયું. તરત જ તેને વિચાર આવ્યો, "આવું એક સ્વતંત્ર વ્યાકરણ ગુજરાતી વિદ્વાન પંડિત શામાટે ન રચી શકે?" સામાન્ય માનવીને નહીં પરંતુ એક રાજાને આ વિચાર થયો.

આ વિચાર તેણે બીજે દિવસે પોતાની રાજસભામાં મૂક્યો. સભાના તમામ પંડિતોની નજર તે સમયના પ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી. હેમચંદ્ર ઉપર પડી. "यशो मम, तव ख्यातिं पुण्यं च मुनिनायक"। સિદ્ધરાજની એ વિનંતીથી આચાર્યે વ્યાકરણ રચવાનું કાર્ય માથા પર લીધું. તે માટેની જરૂરી સામગ્રી પૂરી પાડવાનું પણ સિદ્ધરાજે કબૂલ કર્યું. તે અનુસાર તે સમયના પંડિતોના ધામ સમા કાશ્મીર જેવા પ્રદેશમાંથી તેમ જ અન્ય પ્રદેશોમાંથી જરૂરી સામગ્રી રાજા સિદ્ધરાજ જયસિંહે મંગાવી અને હેમચંદ્રાચાર્યને સુપ્રત કરી.

જટિલ પરિશ્રમ લઈ હેમચંદ્રાચાર્યે થોડાં વર્ષમાં સર્વાંગપૂર્ણ વ્યાકરણની રચના કરી તેને સિદ્ધહૈમ–સિદ્ધ = સિદ્ધરાજ અને હૈમ = હેમચંદ્ર–નામ આપી પોતાનું તેમજ ગુર્જર નરેશ સિદ્ધરાજનું નામ અમર કર્યું. અને એ રીતે વિપુલ સમૃદ્ધિવાન સાહિત્યનો પ્રવાહ ત્યારથી ગુજરાતમાં અવિચ્છિનપણે વહેતો શરૂ થયો. આજે પણ ગુજરાતમાં હેમચંદ્રાચાર્યનું વ્યાકરણ મહત્ત્વનું ગણાય છે.

—જૈન ધર્મ દર્શન

卐



સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન એસોસિએશન લિ. મુંબઈ-૨

તે મ ૭૪

ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લેબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
એન્ડ એસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. તાર : ARGOR

પુષ્પ પૂજાનું ફળ

શ્રી નવીનચંદ્ર અ. દોશી

લહી પુષ્પ સુવાસિત પૂજા કરે,
અરિહન્ત ચરણનું જે ધ્યાન ધરે,
તેનુ જીવનપુષ્પ સદા પમરે,
નકી તે જન મોક્ષનું ધામ વરે.

ભારતવર્ષની ઉત્તરમથુરા નગરીમાં, સુરદેવ નામે રાજાના રાજ્યમાં એક ધનપતિ નામે શેઠ હતો, શ્રીમાલા નામે તેને રૂપવતી પત્ની હતી. તેમને બે સંતાન હતાં. લીલાવતી નામે પુત્રી અને ગુણધર નામે નાનો પુત્ર.

કાલક્રમે શેઠની દીકરી લીલાવતી પરણીને દૂર દેશમાં સાસરે ગઈ. ત્યાં એક સમયે શોકયદ્વારા માલતીના પુષ્પવડે પૂજિત એવું એક જિનબિંબ તેના જોવામાં આવ્યું. શોકય તરફની અદેખાઈને કારણે અને અનાદિ મિથ્યાત્વના પ્રભાવે તેણે પોતાની દાસીને કહ્યું, "દાસી, આ માળાને ઉપાડી તું વાડીમાં ફેંકી દે, એને જોવાથી મારી આંખો બળે છે." દાસી ભગવાનના બિંબ પાસે ગઈ પણ ધર્મના પ્રભાવથી તેણે માળાની જગાએ ત્યાં એક કાળો નાગ ફૂંફાડા મારતો જોયો. લીલાવતીએ વારંવાર પુષ્પની માળા ઉપાડી લેવા દાસીને કહ્યું પણ દાસી પ્રાણભયને કારણે આ કાર્ય કરી શકી નહિ.

લીલાવતી પોતાની આજ્ઞાનો આવો અનાદર થતો જોઈને આશ્ચર્ય પામી, એટલું જ નહિ પણ ક્રોધથી તેણે જાતે જ દોડી જઈને પ્રભુની મૂર્તિ પરની પુષ્પમાળા ઊંચકી લીધી. પણ તેજ ક્ષણે એવો ચમત્કાર બન્યો કે લીલાવતીની અદેખાઈની ભાવના તો ઓગળી જ ગઈ. લીલાવતીના હાથમાંની તે માળાને સ્થાને એક સર્પ દેખાવા લાગ્યો હાથ પરથી ઊતરેજ નહિ. લીલાવતી ભયથી વ્યાકુળ થઈને આક્રંદ કરીને રડવા લાગી. તેની શોકય જિનમતિ ચીસ સાંભળીને પૂજાના ખંડમાં આવી. તેણે મહાકલ્યાણકારી નવકારમંત્રનું સ્મરણ કર્યું કે તરત જ નાગદેવતા લીલાવતીને છોડીને અદૃશ્ય થઈ ગયા.

થોડા દિવસ પછી એ મુનિમહારાજને લીલાવતીને જ ઘેર ગોચરી માટે પધાર્યા. મુનિવરોમાંથી વડા મુનિવરે લીલાવતીને કહ્યું, "બહેન, એક તમારા હિતની વાત જો તમે ધ્યાન દઈને સાંભળો તો કહું. નગરમાં એમ સાંભળ્યું હતું કે લીલાવતીએ તેની શોક્ય જિનમતિએ પૂજામાં મૂકેલી પુષ્પમાળાને દ્વેષથી પ્રભુની મૂર્તિ પરથી ઉઠાવી લીધી હતી. તમને ખબર હશે કે પ્રભુપૂજનમાં વિઘ્ન કરનાર અંતરાય કર્મ બાંધે છે. તમો દેવેંદ્રસૂરિના ૬ કર્મગ્રંથો ભણેલાં છો તેથી જાણો છો કે જિણપૂયાવિગ્ઘકરો બંધેઇ વિગ્ઘં (જિનપૂજામાં વિઘ્ન કરનાર અંતરાય કર્મનું ઉપાર્જન કરે છે). માટે કદી પણ દેવપૂજનકાર્યમાં વિઘ્ન કરવું નહિ."

લીલાવતી આ સાંભળીને કંપી ઊઠી. તેણે વડા મુનિવરને પૂછ્યું, 'મેં કરેલ અપરાધનું કોઈ નિવારણ બતાવો'. મુનિવરે કહ્યું 'બહેન, નિત્ય એક પુષ્પથી પણ પ્રભુની પૂજા કરવાનો નિયમ તમારે ઓછામાં ઓછા ૬ મહિના સુધી લેવો જોઈએ. આથી તમારો અપરાધ નિષ્ફળ બની જશે.' લીલાવતી આનંદ પામી અને નિત્ય જિનપૂજા કરવાનો તેણે નિયમ સ્વીકાર્યો.

લીલાવતી જ્યારે ઉત્તરમથુરામાં પિતાને ઘેર આવી ત્યારે પણ પોતાનો જિનભગવાનની પૂજા પુષ્પસહિત કરવાનો નિયમ ચાલુ રાખ્યો. તેનો ભાઈ ગુણધર પણ બહેનની સાથે તાજાં પુષ્પ લઈને પ્રભુમંદિરમાં જવા લાગ્યો અને પૂજન પણ કરવા લાગ્યો. આમ ભાઈ અને બહેન બન્ને વધતે ઉલ્લાસે વીતરાગ પરમાત્માની પૂજા કરતાં ભાવી દેવનું આયુષ્ય બાંધનાર બન્યાં. મૃત્યુના સમયે પણ સ્વાભાવિક રીતે તેમનું મન પોતાના આરાધ્યદેવ મુનિસુવ્રત સ્વામીનાં ચરણોમાં રહ્યું, તેથી ભાઈ અને બહેન બન્ને સૌધર્મ દેવલોકમાં દેવ બનીને ત્યાંનો દેવવૈભવ ભોગવવા લાગ્યાં.

હવે દેવાયુષ્ય પૂરું થયા પછી બહેન લીલાવતીનો જીવ

મગધદેશના સમ્રાટ રાજા જિતશત્રુની રાણી ધારિણીની કુક્ષિએ પુત્રી પણે ઉત્પન્ન થયો. કન્યા મોટી થઈ ત્યારે રાજા જિતશત્રુને કન્યાને માટે વર શોધવાની ચિંતા થવા લાગી. કન્યાનું નામ વિનયશ્રી હતું. હવે ભાઈ ગુણધર-કુમારનો જીવ ચંપાનગરીમાં કોશલ દેશમાં પદ્મરથ રાજાની રાણી પદ્માની કુક્ષિએ પુત્ર તરીકે અવતર્યો હતો. તે પણ યૌવનદશાએ પહોંચેલ હતો.

રાજા જિતશત્રુ સભામંડપમાં બેઠા છે. સભામાં અનેક દેશના રાજાઓના પ્રતિનિધિઓ મગધ સમ્રાટને સન્માનવાને માટે રોજ હાજરી આપે છે. રાજરાણી ધારિણીને પણ આજે કંઈક નવો વિચાર મનમાં સ્ફુર્યો છે તેથી કુમારી વિનયશ્રીને સોળ શણગાર સજાવીને તેણે તો સભામાં દરબાર શરૂ થવાને સમયે પિતાને અભિનંદન આપવા મોકલી દીધી. આજે નવા વર્ષનો પહેલો દિવસ હતો. રાજાએ પણ યૌવનવતી પુત્રીને જોઈ અને તેની સંબંધ યોજવાની ચિંતા તાજી થઈ.

તેણે નજીક બેઠેલી પોતાની પુત્રીને કહ્યું, 'બેટા, આ સભામાં બેઠેલા રાજપુત્રો અને ક્ષત્રિયોના આ સમુદાય પર દૃષ્ટિ કર અને તારું મન માને તેના ગળામાં પુષ્પ-માળા આરોપ." કુંવરીએ ક્ષત્રિયોના સમૂહ પર દૃષ્ટિ નાખી સત્વર પાછી ખેંચી લીધી. જે નયનને જ ન રુચે તેને માટે મનમાં પ્રફુલ્લતા ક્યાંથી થાય? રાજાએ કુંવરીને સભાના ક્ષત્રિયો પ્રત્યે વિરક્ત અર્થાત્ રાગ વિનાની સમજીને અનેક રાજપુત્રોનાં ચિત્રો મંગાવીને કુમારીની પાસે રજૂ કર્યાં. તે ચિત્રોમાં પદ્મરથ રાજાનો પુત્ર જયકુમાર હતો તે જોઈને રાજકુમારીનું મુખ અનુ-રાગથી લાલ થઈ ગયું, તરત જ રાજા જિતશત્રુએ પોતાના પ્રધાન સુબુદ્ધિને કહ્યું કે રાજપુત્રી વિનયશ્રીને જયકુમાર તરફ સ્વયંવરા કન્યા તરીકે લઈ જાઓ. તેઓએ સારું મુહૂર્ત જોઈ પ્રયાણ કર્યું અને કોશલ દેશમાં ચંપાનગરીમાં રાજા પદ્મરથને ત્યાં જઈને સુબુદ્ધિ પ્રધાને જયકુમારની સાથે મગધરાજપુત્રી વિનયશ્રીનું લગ્નવિધાન સિદ્ધ કર્યું.

પૂર્વજન્મના સ્નેહને કારણે, અને જિનભક્તિના પુણ્યને કારણે બન્ને પરસ્પર પ્રીતિથી ગૃહસ્થનાં કર્તવ્યો બજાવતાં વખત પસાર કરે છે. જિનપૂજા કરવાનો શુભસંસ્કાર તો તેમને પૂર્વે કરેલ પુણ્યને કારણે આ જન્મમાં દૃઢમૂળ થઈને પ્રાપ્ત થયો છે.

પ્રભુપૂજા કરવાના સંસ્કારને કારણે બને દરરોજ જિનપ્રાસાદમાં જાય છે અને મહામૂલ્ય પુષ્પોથી અને બહુ જ ઊંડી ભક્તિથી તીર્થંકરોનું પુષ્પાર્ચન કરે છે. એકવાર ચંપાનગરીમાં એક ધર્મઘોષાચાર્ય નામના કેવળ-જ્ઞાની મુનિવર પધાર્યા. નગરોદ્યાનમાં તેઓ ઊતર્યા અને જનસમુદાયને તેઓ ધર્મ રહસ્ય સમજાવવા લાગ્યા.

જયકુમાર અને વિનયશ્રી પણ મુનિવરના આગમન સમાચાર સાંભળીને એક દિવસ મુનિવરને વંદન કરવા પહોંચી ગયાં. મુનિવરે ધર્મલાભ આપીને કહ્યું, 'જયકુમાર, તમને કલ્યાણસંપત્તિ પ્રાપ્ત થાઓ અને ભદ્રે વિનયશ્રી, તારાં પણ જન્મમરણનો ક્ષય થાઓ!

તે બન્ને દંપતી હૃદયમાં વિચારવા લાગ્યાં, 'આ ભગવંત અમારાં નામ ક્યાંથી જાણે?' મુનિ પાસે ધર્મો-પદેશ સાંભળીને જયકુમારે પૂર્વજન્મ પૂછ્યો. મુનિએ કહ્યું 'તું એક વણિકનો પુત્ર ગુણધર હતો અને તારી બહેન લીલાવતીના અનુરાગને કારણે તને વીતરાગ પરમાત્માની પૂજા કરવાનો સંસ્કાર પડ્યો. એ પુણ્યના પ્રભાવથી તું દેવલોકમાં જન્મીને પછીથી હાલ રાજ્યસુખ અનુ-ભવે છે.'

જયકુમારે પૂછ્યું, 'મારી પૂર્વજન્મની સહોદરા બહેન હાલમાં ક્યાં છે?' મુનિવરે કહ્યું, 'તે પણ દેવલોકમાંથી ચ્યવીને હાલ તારી પત્ની વિનયશ્રી તરીકે અવતરી છે. આ ક્ષત્રિય દમ્પતી આ વાત સાંભળીને બહુ ઊંડા વિચારમાં પડી ગયાં. વિનયશ્રીએ તો તરત જ સાધ્વી થઈને ધર્મ આરાધના કરવાનો નિર્ણય લીધો. જયકુમારે પણ બાર પ્રકારનો શ્રાવકધર્મ કેવળજ્ઞાની મુનિવર પાસેથી સ્વીકાર્યો. વિનયશ્રી તે જ અવતારમાં વ્રતપાલન કરીને સમસ્ત દુઃખનો છેદ કરનાર કેવળજ્ઞાન પામીને મોક્ષે ગઈ અને જયકુમાર પણ બીજા ત્રણ જન્મ કર્યા પછી મોક્ષ પામશે.

(વિજયચંદ કેવલીના રાસમાંથી)

卐

શ્રેષ્ઠી વિશાહદત્ત

શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

અલકાપુરી સમી કોસંબી નગરી ભારે વૈભવશાળી નગરી હતી. એની સમૃદ્ધિ અને ધર્મભાવના આદર્શ લેખાતી. વેપારવણજ અને હુન્નરઉદ્યોગમાં પણ એ નગરી બહુ પંકાયેલી હતી.

એ નગરીમાં એક શ્રેષ્ઠી રહે. વિશાહદત્ત એમનું નામ. જેવા કર્મે શૂરા એવા જ ધર્મે પૂરા. એમની સંપત્તિ બહોળી, શાખ જબરી, અને દેશપરદેશમાં એમનો વેપાર ચાલ્યા કરે. જ્યાં જુઓ ત્યાં એમના નામે ફૂલ મુકાય. દેવદર્શન, ગુરુવિનય, શાસ્ત્રશ્રવણ અને ધર્મ-પાલનમાં પણ એ એટલા જ પાકા. બધું ચૂકે પણ ધર્મ તો વીસરે જ નહીં. ધર્મથી જ સૌ સારાં વાનાં થાય એવી એમની પાકી ધર્મશ્રદ્ધા. અહિંસા, પ્રાણીદયા અને પ્રભુવચન એ તો જાણે એમને પ્રાણથી પણ પ્યારાં. એ માટે એ હમેશાં જાગતા રહે.

જેવો શેઠનો વ્યાપાર-વ્યવહાર સારો ચાલતો એવો જ એમનો સંસાર-વ્યવહાર પણ સુખપૂર્વક ચાલ્યા કરતો. કુટુંબમાં, નાતમાં અને ગામમાં એમની આમન્યા પળાતી. પાંચમાં એમનું પૂછણું રહેતું, પંચમાં એમનું સ્થાન હતું. સૌ કોઈ શાણી સલાહ લેવા શેઠ વિશાહદત્તની પાસે આવતું.

કાળ કાળનું કામ કરતો હતો : એને મન તો કોણ સુખી અને કોણ દુ:ખી; કોણ ધનપતિ અને કોણ ધનહીન—બધા સરખા. એનું ચક્ર ફરે અને કોઈ કુબેર ભંડારી બની જાય તો કોઈ ભિખારીમાં ફેરવાઈ જાય! સમયના વારાફેરા તો હમેશાં આવા જ રહ્યા છે. ઊગ્યા તે આથમે, આથમ્યા તે ફરી ઊગે!

શ્રેષ્ઠી વિશાહદત્તનો વખત પલટાયો, અને સૂરજ આથમ્યે દિવસ આથમી જાય એમ એમનું ભાગ્ય આથમ્યું અને એમની લક્ષ્મી મોં ફેરવી ગઈ. ધનપતિ વિશાહદત્ત જોતજોતામાં ધનહીન બની ગયા!

લક્ષ્મી ગઈ તો ગઈ, પણ સાથે જાણે પ્રતિષ્ઠાને પણ ખેંચતી ગઈ. શેઠની ભરી ભરી રહેતી હવેલી હવે ખાલી ખાલી રહેવા લાગી : કોઈ રજોખજો લેણદાર આવે તો આવે, નહીં તો કોઈ કાગડોય ફરકે નહીં એવો સૂતકાર થઈ રહ્યો! શેઠ એના એ હતા, એમની અક્કલ; હોશિયારી, કુનેહ, કાબેલિયત અને ધર્મપરાયણતા પણ એની એ જ હતી; પણ લક્ષ્મીદેવી રિસાઈ ગયાં હતાં ને! ધનની પૂજારી દુનિયાએ ત્યાં ધન ન જોયું અને જાણે પોતાની પીઠ ફેરવી લીધી!

વિશાહદત્ત વિચારે છે : જ્યાં સ્વજનો છે, સ્નેહીજનો છે, જ્યાં પાંચમાં પ્રતિષ્ઠા મેળવી હતી અને જ્યાં સુખસાહેબી માણી છે, ત્યાં હવે ધનહીન બનીને રહેવું ઉચિત નથી. પરિશ્રમને માર્ગે ભાગ્યની અજમાયશ કરવાનું પણ અહીં ન ફાવે; લોકલાજ અને જૂની આબરૂ આડે આવે અને આપણો પુરુષાર્થ ઢીલો પડી જાય. સર્યું અત્યારે પોતાના વતનમાં વસવાથી! સંપત્તિ જ જો ચાલી ગઈ, તો પછી સુખસાહ્યબી અને કુટુંબકબીલો કેવો! ભલો પરદેશ અને ભલો આપણો પુરુષાર્થ!

શેઠે થોડો ઘણો પૈસા ભેગો કર્યો. એનાથી થોડીક કુટુંબની ગોઠવણ કરી અને થોડુંક કરિયાણું ખરીદ કર્યું. અને એક દિવસ એ પોતાના ખટિયા-પોટલાં લઈને ઊપડી ગયા પરદેશ તરફ.

વઈરાગર નગરની નામના ત્યારે ભારે હતી. જે ત્યાં જઈ મહેનત આદરે એના ઉપર લક્ષ્મીદેવી પ્રસન્ન થયા વિના ન રહે, એવી એની શાખ. અને જેવું એનું નામ એવા જ એના ગુણ; વઈરાગર નગર સાચે જ વજ્રાકર (હીરાની ખાણોવાળું) નગર હતું. એના સીમાડામાં હીરાની ઘણી ખાણો હતી. અનેક પુરુષાર્થી માનવીઓ ત્યાં જઈને હીરા ખોદવાના હુન્નરમાં પોતાના ભાગ્યની અજમાયશ કરતાં.

વિશાહદત્તે વઈરાગર નગર તરફ પ્રયાણ આદર્યું.

આશા એમના માર્ગમાં ઉત્સાહનાં ફૂલ વેરતી હતી.

: ૨ :

વખત મળે અને ઉત્સાહ લાગે ત્યારે પ્રવાસ; જરૂર જણાય ત્યારે ભોજન અને આરામ; રાત પડે ત્યારે

કોઈ ગામને ગોંદરે ધર્મનું ચિંતન કરતાં નિદ્રાઃ આ રીતે વિશાહદત્તનો પ્રવાસ ધીમે ધીમે આગળ વધતો હતો. ચાલતાં ચાલતાં એને કેટલાક સહપ્રવાસીઓનો મેળો થઈ ગયો.

એક દિવસની વાત છે. સૂર્ય મધ્યાહ્ન વટાવી ચૂક્યો હતો. ભોજનની વેળા વીતી ગઈ હતી. પેટનો અગ્નિ ઇંધનની રાહ જોઈ રહ્યો હતો. એક ગામને સીમાડે વિશાળ વૃક્ષની શીળી છાયામાં વિશાહદત્ત ખાવાની તૈયારી કરવા લાગ્યો. એના સાથીઓએ તો કયારનું પેટને ભાડું આપી દીધું હતું.

સામે ભોજનની સામગ્રી તૈયાર પડી હતી અને વિશાહદત્ત કોઈ ઊંડા વિચારમાં ઊતરી ગયો. એને થયું : કેવો આ પ્રવાસ અને કેવી આ ધનલોલુપતા! કેવળ ચાલ ચાલ જ કરવાનું! ન ઇષ્ટદેવનું પૂજન, ન ગુરુનું દર્શન, ન ધર્મનું પાલન! ન કોઈ સંતસાધુ કે અતિથિ-અભ્યાગતને ભિક્ષા આપવાની! વખત થાય અને પશુ-પંખીની પેઠે એકલા પેટ ભરી લેવાનું! આવા ને આવા રઝળપાટમાં કયાંક આ જિંદગી હારી ન બેસાય!

ખાવાનું ખાવાના ઠેકાણે પડ્યું રહ્યું અને વિશાહદત્ત જાણે પોતાના વિચારોને વાગોળવામાં જ રોકાઈ ગયો. ખાવું એને જાણે આજે હરામ થઈ પડ્યું. એ તો પૂતળા જેવો સ્તબ્ધ બનીને બેસી જ રહ્યો.

સહપ્રવાસીઓ તો જોઈ જ રહ્યા : અરે, આ વિશાહદત્તને આજે શું થયું છે? આજે એ કાં કંઈ ન ખાય કે ન કંઈ પીએ?

એની પાસે જઈને એમણે કારણ પૂછ્યું. બિચારો શું જવાબ દે? જિંદગી હારી જવાના વિચારે એની આંખોને આંસુભીની બનાવી દીધી. સાથીઓએ આશ્વાસન આપ્યું અને વારંવાર પૂછ્યું ત્યારે વિશાહદત્તે એમને પોતાના મનની વાત કરી.

સહપ્રવાસીઓ બોલ્યા : "ભાઈ, આ પ્રવાસ કંઈ થોડો જ આપણો આનંદ-પ્રવાસ છે? અને આપણે બે ટંક ખાઈએ છીએ એ કંઈ થોડું જ સ્વાદ માણવા કે મોજ ઉડાવવા ખાઈએ છીએ? આ તો ભાઈ, દેહને દાપું આપવાની જ વાત છે. માટે શાંત થાઓ અને થોડુંક ખાઈ લ્યો!"

વિશાહદત્તે જમી લીધું અને રાત પડતાં આરામથી ત્યાં જ ઊંઘી ગયો. બેસતો શિયાળો મધરાતે ટાઢ લાગવા લાગી એટલે એણે ઓઢવાનું લેવા માટે પોતાના સામાન તરફ હાથ લંબાવ્યો; પણ ત્યાં તો કશું જ હાથ ન લાગ્યું. જાગીને એણે આસપાસ જોયું તો ન મળે કરિયાણાનું પોટલું અને ન મળે પોતાનો સામાન! અને પેલા આશ્વાસન આપનાર સહપ્રવાસીઓ પણ કયાંયે અલોપ થઈ ગયા હતા! એ આશ્વાસન મોઘું પડી ગયું. દરિદ્રની રહીસહી બધી પૂંજી હરાઈ ગઈ; અને વિશાખદત્તને લલાટે ઉપર આભ અને નીચે ધરતી જેવી દરિદ્રતા આલેખાઈ ગઈ.

પણ હવે સહન કર્યે, હિંમત હાર્યે કે નિરાશ થયે ચાલે એમ ન હતું. એણે પોતાના મનને સાબદું કર્યું અને જેમ તેમ કરીને એ વઇરાગર નગર પહોંચી ગયો.

ત્યાં એણે હીરાની ખાણ ખોદાવવાનું કામ શરૂ કર્યું. હજુ ભાગ્યદેવને પ્રસન્ન થવાને વાર હતી. એટલે આખો દિવસ પૂરો શ્રમ કરવા છતાં એને માંડ પેટ પૂરતું મળી રહેતું.

પણ એનો આશાતંતુ ઢીલો ન પડ્યો.
એણે પોતાનો પુરુષાર્થ વણથંભ્યો ચાલુ રાખ્યો.

: ૩ :

વઇરાગર નગરની હીરાની ખાણોની નજીકમાં એક બાવાજી રહેતા. એમનું નામ દિવાકર. લોકો એમને યોગી તરીકે ઓળખતા. હીરાની પરખમાં અને ખાણોમાંથી હીરા શોધી કાઢવાની વિદ્યામાં એ યોગી નિપુણ લેખાતા. એ બાબતમાં ઘણા એમની સલાહ લેવા આવતા.

વિશાહદત્તને ધીમે ધીમે યોગી દિવાકરનો પરિચય થવા લાગ્યો. કયારેક કયારેક એ વિશાહદત્તના કામમાં વગર માગી સલાહ આપતા, તેથી એને યોગી તરફ ભાવ થતો ગયો.

વિશાહદત્તની નમ્રતા, વિનયશીલતા અને ધર્મપ્રિયતા જોઈને દિવાકરે એના તરફ વિશેષ લાગણી દર્શાવવા માંડી. ધીમે ધીમે બને વચ્ચે આત્મીયતાના તાણાવાણા વણાવા લાગ્યા. દિવસમાં એક વાર મળીને નિરાંતે વાતો ન કરે તો એકેને ચેન જ ન પડે!

એક દિવસ યોગી દિવાકરે લાગણીભીના સ્વરે શ્રેષ્ઠી વિશાહદત્તને કહ્યું : "મહાનુભાવ, હીરાની ખાણો ખોદાવતાં તમને જે ભારે મહેનત અને કષ્ટ ઉઠાવવાં પડે છે, તે હવે મારાથી જોઈ શકાતાં નથી. ગમે તેમ કરીને એનું નિવારણ કરવું જોઈએ."

વિશાહદત્તે વિનમ્ર બનીને કહ્યું : "યોગીરાજ, પણ જ્યાં ભાગ્ય જ એવું હોય ત્યાં માનવી બિચારો શું કરે?

ભાગ્ય જાગે ત્યાં લગી આપણે તો પુરુષાર્થ જ કરવો રહ્યો—કયારેક તો છેવટે નસીબ ઊઘડશે જ એવી દૃઢ આસ્થા રાખીને ! અને મહેનતથી કંટાળીએ તો કેમ કામ ચાલે ? સિંહ જેવો સિંહ પણ જો સૂઈ રહે તો એનું ભક્ષ્ય થોડું જ એના મોઢામાં આવીને પડે છે ? તો પછી અમે તો કોણ માત્ર ? છતાં આપની પાસે કોઈ બીજો માર્ગ હોય તો કૃપા કરીને બતાવો ! હું તૈયાર છું. ”

દિવાકરે વધુ લાગણી બતાવતાં કહ્યું. “ ભાઈ, એવો કંઈક ઉપાય મારી પાસે છે એટલે તો હું વાત કરું છું. તમારી નમ્રતા અને ભક્તિપરાયણતાએ મને પરવશ બનાવી દીધો છે. હું તમારા ઉપર ખૂબ પ્રસન્ન છું. મારી વિદ્યાસિદ્ધિ તમારા જેવા ધર્માત્માનું દુઃખ દૂર કરવામાં કામે નહીં લાગે તો પછી એનો ઉપયોગ પણ શું છે ? જરા સાંભળો, મારા ગુરુની કૃપાથી મને ધરણી-કલ્પ નામની વિદ્યા પ્રાપ્ત થઈ છે. અને એ વિદ્યાના પ્રતાપે કઈ ધરતીમાં શું ભર્યું છે, એ હસ્તામલકની જેમ સ્પષ્ટ જોઈ શકું છું. ”

જાણે પોતાના કથનની અસર માપતા હોય એમ દિવાકર વિશાહદત્તની સામે જોઈ રહ્યા. વિશાહદત્ત પણ મુગ્ધ બનીને એમની વાત સાંભળી રહ્યો.

યોગીએ પોતાની ચમત્કારી વાત આગળ ચલાવી. “ મારી એ વિદ્યાના બળે, અહીં રહ્યો રહ્યો હું દીવા જેવું સ્પષ્ટ જાણી શકું છું કે અહીંથી પૂર્વ દિશામાં, ત્રણ કોશ દૂર, કાત્યાયની ચંડિકા દેવીનું મંદિર આવેલું છે. એ મંદિરના આગળના ભાગમાં મોટો ધનભંડાર દટાયેલો પડ્યો છે—પૂરા પાંચ કરોડ સૌનૈયા જેટલો ! પૂજન-યજનથી એ દેવીને પ્રસન્ન કરીને એ ભંડાર તમને અપાવવા હું ઇચ્છું છું ! બોલો, તૈયાર છો ને ? ”

શ્રેષ્ઠી બિચારો તો ડધાઈ જ ગયો. ક્યાં અત્યારની “ આજ રળવું અને કાલ ખાવું ” જેવી દરિદ્રતા, અને ક્યાં જિંદગીમાં જેની કલ્પના પણ ન કરી હોય એવા પાંચ કરોડ સૌનૈયા ! એનું ગરીબ મન વાતને સાચી માનવાનો ઇન્કાર કરવા લાગ્યું. છતાં એનાથી પુછાઈ ગયું. “ ભલા યોગીરાજ, એ ધનભંડાર અત્યારસુધી આપે કેમ ત્યાં જ રહેવા દીધો ? એને આપે પોતે કેમ બહાર ન કાઢી લીધો ? ”

યોગીએ સ્મિત કરીને કહ્યું. “ મહાનુભાવ, તમારી શંકા સાચી છે, પણ એમ થવાનું પણ કારણ છે. જરા મારી વાત સાંભળો. ”

શ્રેષ્ઠી આશ્ચર્યમુગ્ધ બનીને સાંભળી રહ્યો. દિવાકરે પોતાની વાત કહેવા માંડી.

“ ગંગા નદીની પાસે આવેલ સરવણ નામનો નેસડો એ મારું મૂળ વતન. અમે વર્ણે બ્રાહ્મણ. મારા પિતાનું નામ જલણ વિપ્ર. યુવાવસ્થામાં જ મને અનેક વ્યસનો લાગેલાં. એ વ્યસનોએ મને ધરચોર બનાવ્યો. એક વાર પિતાજીએ ગુસ્સે થઈ મને ઘરમાંથી કાઢી મૂક્યો. મને તો ભાવતું હતું ને વૈદ્યે કહ્યા જેવું થયું. હવે મારા સ્વચ્છંદનો આરો ન રહ્યો.

“ રખડતો રખડતો હું સિરિપવ્વય નામે સ્થાને જઈ પહોંચ્યો. ત્યાં એક ગુફામાં એક યોગીને ધ્યાનમગ્ન જોઈને હું એમનાં ચરણોમાં બેસી ગયો. યોગી મારા ઉપર પ્રસન્ન થયા અને હું એમનો શિષ્ય બની ગયો. સમય જતાં મારા વિનય અને ભક્તિથી એ યોગી તુષ્ટમાન થયા અને મને એમની કેટલીક સિદ્ધિઓ શિખવાડવાની કૃપા કરી. આ ધરણીકલ્પ વિદ્યા પણ એ મહાગુરુની કૃપાનું જ ફળ છે. પણ એ વિદ્યા આપતી વખતે ગુરુજીએ ચેતવણી આપી કે આ વિદ્યાનો ઉપયોગ તારા સ્વાર્થને માટે કે કોઈ અધર્મી જીવ ઉપર ઉપકાર કરવા માટે કરવાનો નથી. એમ કરીશ તો તારી એ વિદ્યાલુપ્ત થઈ જશે. અવસરે યોગ્ય સુપાત્રને અર્થે જ એનો ઉપયોગ કરવો !’ ગુરુની શિખામણ મેં માથે ચડાવી. અને તેથી જ અત્યાર સુધી યોગ્ય પાત્રની રાહમાં મેં એ ધનભંડારની વાત કોઈને ન કરી. આજે તારા જેવું ધર્મી સુપાત્ર મળવાથી એ ધનભંડાર તને મળે એવી મને ભાવના થઈ આવી છે. ”

વિશાહદત્તને હવે કશું પૂછવાપણું ન રહ્યું. એનું મન તો જાણે કરોડો સોનૈયાઓના ઢગમાં આળોટવા લાગ્યું. સંપત્તિએ જન્માવેલ સુખસાહ્યબી અને વૈભવવિલાસની કંઈ કંઈ શાખાઓ ઉપર એનું મનમર્કટ કૂદાકૂદ કરી રહ્યું. ધન આવતું હોય તો ભલા કોને લોભ ન વળગે ? સોનું દેખી જે મુનિવર પણ ચળતા હોય તો આ તો ધનનો અર્થી ગૃહસ્થ માત્ર જ હતો ને !

એને થયું : ક્યારે વખત પાકે અને ક્યારે ધન મળે ? આવું આકડે મધ તો એણે કદી સ્વપ્નમાંય જોયું ન હતું. હવે વાર કેટલી ?

એ તો નત મસ્તકે યોગી દિવાકરની વાતનો સ્વીકાર કરી રહ્યો.

વાતનો બંધ વાળતાં દિવાકરે કહ્યું; 'સારા કામમાં સો વિઘન એટલે શુભ કામને જલદી પાર પાડ્યું જ સારું ! કાત્યાયની ચંડિકા દેવીને પ્રસન્ન કરવાની પૂજા સામગ્રી લઈ ને આજે મધ્ય રાત્રિએ જ આપણે એના મંદિર તરફ રવાના થઈ શું. તમે બધી સામગ્રી સાથે તૈયાર થઈ રહેજો, મારો સાદ સાંભળતાં જ આવી પહોંચજો.'

પછી દિવાકરે પૂજાપામાં શું શું લાવવું એ સમજાવ્યું અને એ પોતાને સ્થાને ગયા.

વિશાહદત્ત તો આજે હર્ષઘેલો થઈ ગયો હતો–એની સાત નહીં પણ સિત્તેર પેઢીનું દારિદ્ર આજે ફીટવાનું હતું જે ! એણે બધો પૂજાપો ઊંચી જાતનો ભેગો કરી લીધો–એમાં ખર્ચ કરવામાં જરાય લોભ ન કર્યો ! હવે તો કયારે વખત થાય અને કયારે ઊપડીએ, એની જ એને તાલાવેલી લાગી. એક એક ઘડી જાણે એક એક દિવસ જેવી લાંબી થઈ પડી ! વખત શેં વીતે ?

આજે તો એનું રોમ રોમ ધનના વિચારથી જ ઘેરાઈ ગયું હતું. ધનના લોભે એના વિવેકને પણ જાણે આવરી લીધો હતો. પોતે કેવો પૂજાપો ભેગો કર્યો હતો, એવા પૂજાપાનો અર્થ શો હતો, અને એનાથી થતી પૂજા કેવી થવાની હતી, એનું પણ એને ભાન ન હતું.

સૂરજ આથમ્યો, મધ્યરાત્રીનો વખત થવા આવ્યો, અને યોગી દિવાકર આવી પહોંચ્યા. વાતો કરતાં કરતાં બન્ને ચંડિકાના મંદિરે પહોંચી ગયા.

દિવાકરે વિશાહદત્તને કહ્યું. "હવે આપણો સમય થઈ ગયો છે. આપણે આપણું કામ જલદી પૂરું કરવું જોઈ એ. તમે અંદર જઈ ને દેવીકાત્યાયનીનું પૂજન કરો હું મંદિરના બારણા પાસે મંડપનું પૂજન કરીને આપણા કામની તૈયારી કરું છું."

યોગી બહાર રહ્યા અને વિશાહદત્ત મંદિરમાં પ્રવેશ્યો. પણ અંદરનું દૃશ્ય જોઈ ને શ્રેષ્ઠી તો સ્તબ્ધ જ થઈ ગયો. એનું અંતર જાણે જાગી ઊઠ્યું. એને થયું: કયાં સમગ્ર વિશ્વનું કલ્યાણ કરનારી સ્ત્રીશક્તિ દેવી અને કયાં પશુ અને નરનો બલિ લેનારી પ્રચંડ, ભયંકર, બીભત્સ આ કાત્યાયની ચંડિકા ?

એનું મન પોકારી રહ્યું : આવી હિંસક દેવીનું હું પૂજન કરું ? કયાં મારો દેવ ? કયાં મારા ગુરુ ? અને કયાં મારો ધર્મ ? અહિંસા, દયા અને કરુણાનો વ્રતધારી હું આજે ધનના લોભે આ શું કરવા તૈયાર થયો છું ? ધનના લોભે હું કાર્ય–અકાર્ય, ધર્મ–અધર્મ, અહિંસા–હિંસા એ બધું જ વીસરી ગયો ? ના, ના, આવું પાપનું ધન મારે ન ખપે ! સર્યું આવા ધનથી ! ભલો હું, અને ભલી મારી દરિદ્રતા !

અને એ દોડીને મંદિરની બહાર નીકળી ગયો, અને યોગી પાસે આવીને પોતાના મનની વાત એણે કહી સંભળાવી : "દિવાકરજી, તમે યોગી થઈ ને મને આવે માર્ગે લઈ આવ્યા ? આવો અધર્મ તમે મારે હાથે આચ-રાવવા ઇચ્છો છો ? પણ એમાં તમારો શો દોષ ? લોભિયા હોય ત્યાં ધુતારા ધૂતી જાય તો એમાં એનો શો વાંક કાઢવો ? મારા લોભે જ મને કુમતિ સુઝાડી અને કુમાર્ગે દોર્યો ! પાંચ કરોડ સોનૈયા કંઈ રસ્તામાં રઝળતા પડ્યા ન હોય એટલુંય હું ન સમજી શક્યો. લોભે મારી બુદ્ધિને જ બહેરી બનાવી દીધી હતી. પણ હવે મારા પ્રભુએ મને માર્ગ બતાવી દીધો છે. તમે તમારે માર્ગે જાઓ અને મને મારે માર્ગે જવા દો. આપણા માર્ગ હવે કાયમને માટે જુદા પડે છે."

પણ યોગી આવી વાતો માટે તૈયાર ન હતો. પોતાના શિકારને આમ છટકી જતો જોઈ ને એ રાતોપીળો થઈ ગયો.

મૂળ વાત આમ હતી. એ બાવાજી દિવાકરને કાત્યાયની ચંડિકા દેવીને એક નરબલિ ચઢાવવાની પ્રતિજ્ઞા હતી અને એમાં આ ભલો ભોળો શેઠ ભેટી ગયો. એટલે એ પોતાનું કામ પૂરું કર્યા વગર એને છોડે એમ ન હતો. આવો બત્રીશ લક્ષણો નર બીજે કયાં મળવાનો હતો ?

એણે આંખોને લાલચોળ કરીને અને ચહેરાને વિકરાળ બનાવીને બિહામણે સ્વરે વિશાહદત્તને કહ્યું : "એટમજી, પાંચ કરોડ સોનૈયા એમ રસ્તામાં થોડા પડ્યા હતા કે ચાલી નીકળ્યા 'તા ઉપાડી લેવા ? એ તો માથું આપે એ માલ જમે. હવે તો તમારું માથું વધેરીને કાત્યાયની ચંડિકાના ચરણોમાં મૂક્યે જ છૂટકો છે ! આ દુનિયાનાં તમારાં સોએ વર્ષ પૂરાં થઈ ગયાં સમજો ! ઇષ્ટ દેવનું ધ્યાન ધરીને તૈયાર થઈ જાઓ ! દેવી તમારા ભોગની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે. હવે વિલંબ ન કરો !"

વિશાહદત્ત સમજી ગયો કે મામલો જીવસટોસટનો છે, અને હવે આમાંથી બચવું મુશ્કેલ છે.

વિશાહદત્ત પોતાના કમોતની રાહ જોતો થંભી ગયો.

: ૪ :

વિશાહદત્તની મોતની પળો ગણાતી હતી.

યોગી દિવાકર પોતાની કામના પૂરી થવાના આનંદમાં ખડખડાટ અટ્ટ હાસ્ય કરી રહ્યો હતો : "મારી માતા ! આજે તારું ઋણ હું અદા કરી શકીશ. કેવો બત્રીશ લક્ષણો નર મળી ગયો ! માતા ! એ પણ તારી જ કૃપા ! હવે વિલંબ નહીં કરું મા !"

દિવાકરે ફરી અટ્ટહાસ્ય કર્યું એના પડ્યા આખા મંદિરમાં ગાજી રહ્યા. વીજળીના જેવી ચમકતી ધારદાર છરી એના હાથમાં તોળાઈ રહી : હમણાં વિશાહદત્તના દેહ ઉપર પડી અને હમણાં બધો ખેલ ખલાસ. વિશાહદત્તની આંખે અંધારાં આવવાં લાગ્યાં !

મોતને અને વિશાહદત્તને જાણે વેંતનું જ છેટું રહ્યું. આ છરી પડી કે પડશે. મંદિરમાં પણ જાણે સ્તબ્ધતા વ્યાપી રહી.

યોગીએ છરીને છેલ્લો વેગ આપવા હાથને સાબદો કર્યો. પણ અરે ! આ શું ? એ હાથ એમ જ કેમ તોળાઈ રહ્યો ? જરાય ચસકે કાં નહીં ?

યોગી અને શ્રેષ્ઠી બન્ને જોઈ રહ્યા : જોયું તો એક સૌમ્ય છતાં કદાવર પુરુષે યોગી દિવાકરની બધી બાજી ધૂળમાં મેળવી હતી.

યોગી શરમિંદો બનીને મોં ફેરવી ગયો.

શ્રેષ્ઠી વિશાહદત્ત એ નવા પુરુષના ચરણો વંદી રહ્યો : "પરોપકારી પુરુષ, આપ ?"

ધન નામના એ પુરુષે એટલું જ કહ્યું : "મહાનુભાવ ! મારા હાથે થયેલ મહાદોષના પારાંચિતક પ્રાયશ્ચિત્તનો એક અંશ આજે પૂરો થયો, એટલે અંશે હું કૃતકૃત્ય થયો. માર્ગ ભૂલેલો શ્રમણ આજે હું સાચા માર્ગે વળ્યો !"

વિશાહદત્તના નેત્રો એ પુરુષના ચરણોનો અભિષેક કરી રહ્યાં ! *

* 'કથારત્નકોશ' ને આધારે

卐

સંકલ્પની દૃઢતા

સાંકેતપુર નામના એક નગરમાં ચંદ્રાવતંસક નામનો રાજા રાજ્ય કરતો હતો. તે અતિ ધર્મપરાયણ, અને દૃઢસંકલ્પવાળો હતો.

એક વખત તે રાજા રાત્રે સામાયિક લઈને બેઠો હતો. તેણે દૂર રહેલા દીપકને જોયો. એથી તેણે અભિગ્રહ કર્યો, "જ્યાં સુધી આ દીપક બળે ત્યાં સુધી હું સામાયિકમાં રહીશ." દીપકમાં લગભગ એક પ્રહર બળે તેટલું તેલ હતું. હવે એ જ સમયે ત્યાં રાજાની દાસી આવી ચઢી. તેણે જોયું કે રાજા સામાયિકમાં બેઠા છે અને દીપકમાંનું તેલ પૂરું થવા આવ્યું છે. આથી તેણે વિચાર્યું કે જો દીપક ઓલવાઈ જશે તો રાજાના ધર્મધ્યાનમાં બાધ આવશે આથી રાજાને ધર્મધ્યાનમાં બાધ ન આવે તે હેતુથી તેણે દીપકને બળતો રાખવાનું વિચારી તેમાં વિશેષ તેલ પૂર્યું અને એ જ પ્રમાણે થોડી થોડી વારે છેક સવાર સુધી તેલ પૂરવાનું ચાલુ જ રાખ્યું, કારણ કે દાસીને રાજાના અભિગ્રહ–દૃઢ સંકલ્પની ખબર ન હતી અને તેલ પૂરવામાં તેનો આશય પણ શુભ હતો.

પરંતુ, રાજાનું શરીર આવો અતિ લાંબો પરિશ્રમ સહેવાને સમર્થ ન હોવાથી તૂટવા લાગ્યું. છતાં પણ તેણે દાસીને ઈશારા માત્રથી પણ તેલ પુરવાની ના કહી નહીં, અને પોતાનો દૃઢ સંકલ્પ પણ છોડ્યો નહીં.

પરિણામ એ આવ્યું કે સવાર થતાં જ રાજાનું અવસાન થયું. પરંતુ પોતે જે શુભ કર્મબંધન કર્યું હતું અને પોતાના દૃઢસંકલ્પને કારણે પોતાના વ્રતમાં જે સ્થિરતા રાખી હતી તેને પરિણામે તેણે પોતાના સર્વ અશુભ કર્મોનો ક્ષય કર્યો અને તેઓ શુભ ગતિમાં ગયા. આજે પણ દૃઢ સંકલ્પ કરનારાઓમાં ચંદ્રાવતંસક રાજાનું નામ અગ્રસ્થાને આવે છે.

— આચાર્ય હેમચંદ્રસૂરિ

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

: રજીસ્ટર્ડ ઓફીસ :

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા
અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી
પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ (પૂર્વ પાકિસ્તાન)	મીલ નં. ૨ બેલધરીઆ (કલકત્તા)

મથુરાના આયાગપટ્ટના સમયની જણાતી ચાણસ્માની ભવ્યમૂર્તિ
અને
જયપુરની કમનીયમૂર્તિ

પૂ. શ્રી યશોવિજયજી મહારાજ

ચિત્ર નં. ૧ નો પરિચય

અહીં નંબર ૧ વાળું ચિત્ર ઉત્તર ગુજરાતમાં આવેલા પાટણ પાસેના ચાણસ્મા ગામના ભવ્ય જિનમંદિરમાં આવેલા મૂળનાયક શ્રી. પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનનું છે. આ પ્રતિમાજી કેટલાં જૂનાં છે એનો સીધો પુરાવો મને મળ્યો નથી. પરંતુ આ મૂર્તિનું રમ્ય નાજુક અને જે રીતનું શિલ્પ છે એ જોતાં જ મથુરાના સુપ્રસિદ્ધ જૈન આયાગપટ ના કેન્દ્રમાં રહેલી મૂર્તિનું સહસા સ્મરણ થઈ આવે છે. પ્રસ્તુત મૂર્તિમાં બંને હસ્તોને જે રીતે વળાંક આપવામાં આવ્યો છે અને કોણીના ભાગોને જંઘાના લેવલથી બહાર કાઢવામાં આવ્યા છે એ જોતાં આ મૂર્તિ ઐતિહાસિક દૃષ્ટિએ બે હજાર વર્ષ પુરાણી કહી શકાય.

બે હજાર વર્ષ જૂની મૂર્તિ

આ મૂર્તિ 'ભૂખરા પથ્થર' થી ઓળખાતા પથ્થરની છે અને કંકાલીટીલાના મૂર્તિઓના પાષાણને મળતી છે. એ રીતે જોતાં અને વળી માલાધારીઓનું અસ્તિત્વ અને તેની મુદ્રા અને મૂર્તિનું અન્ય સમગ્ર શિલ્પ જોતાં પણ પ્રસ્તુત મૂર્તિને ઉપર જણાવ્યું તેટલી જૂની માનવામાં કોઈ વાંધો નથી.

પ્રતિષ્ઠા ક્યારે થઇ ?

ચાણસ્મા જેવા દૂર દૂરના સ્થળમાં મથુરા ટાઈપની મૂર્તિ ક્યાંથી આવી ? તેનો વિશ્વસનીય કે સત્તાવાર ઇતિહાસ જેવો જોઈએ તેવો જાણવા મળ્યો નથી. પણ બીજી રીતે આ મૂર્તિની પ્રાપ્ત વિષેની આખ્યાયિકા એક પદ્યમય રચનામાં જોવા મળી છે. એના કર્તા શ્રી ભાવરત્નાચાર્ય છે અને રચના સમય ૧૭૭૦ નો જણાવ્યો છે. એમણે આ મૂર્તિ ગુજરાતના ઇડર પાસેના ભારૂઆર ગામમાં એક શ્રાવકને પોતાના ઘરમાંથી જ જમીનમાંથી પ્રાપ્ત થયાનો ઉલ્લેખ કર્યો છે. ત્યાર બાદ તે મૂર્તિ ચાણસ્મામાં લાવવામાં આવી અને ત્યાં જ મંદિર બંધાવી વિ. સં. ૧૫૩૫માં પ્રતિષ્ઠા કરવામાં આવી.

પ્રતિમા શિલ્પનો પરિચય

આ પ્રતિમા પદ્માસનસ્થ છે, સપ્તફણાલંકૃત છે. બંને બાજુએ પારિપાર્શ્વિકો છે. આ પારિપાર્શ્વિકો ચામરધારીઓ હોય તેવું લાગે છે. આ મૂર્તિના ઉપરના ભાગે બંને બાજુએ માલાધારીઓ છે. આ મૂર્તિની નીચે ખાનું પાડીને બંને બાજુએ સિંહો મૂકીને સિંહાસનનો ખ્યાલ આપ્યો છે. વચમાં ધર્મચક્ર આપ્યું છે. તે સન્મુખ નથી પણ પ્રાચીન કાળમાં બહુધા જે રીતે કરાતું ને મુકાતું તે રીતે મૂકયું છે. એની નીચેના બીજા ખાનામાં અધિષ્ઠાયિકાદેવી તેની પારિપાર્શ્વિકાઓ સાથે દેખાય છે. અન્ય દેવગણ પણ છે.

ફોટોગ્રાફરે ફોટો લીધો ત્યારે મૂર્તિની નીચેના ભાગમાં કેસરના છાંટણાઓ હોવાથી ચિત્રનો નીચેનો ભાગ અસ્પષ્ટ આવ્યો છે.

ચાણસ્માના મળતા ઉલ્લેખો

ચાણસ્મા ગામનો ઉલ્લેખ જૈન ગ્રંથોમાં ચૌદમા સૈકામાં થયેલો જોવા મળે છે. વીશા શ્રીમાળી જ્ઞાતિની એક પ્રાચીન વંશાવળીમાં चाहणसामि वास्तव्यः આવો ઉલ્લેખ થયેલો છે.

વિ. સં. ૧૬૪૮ માં શ્રી લલિતપ્રભસૂરિજીએ રચેલી પાટણ ચૈત્યપરિપાટીમાં મંદિર અને મૂર્તિની સંખ્યાનો ઉલ્લેખ કરતાં નોંધ્યું છે કે :

ચાણસમઈ તે પૂજઈતુ ભટ્ટેવું શ્રી પાસ રે,
ચઉત્રીસ પડિમા નિરખતાં તું પુગી મનની આશ રે.

અઢારમા સૈકામાં ઉપા. શ્રી મેઘવિજયજીએ તીર્થમાળામાં નોંધ્યું છે, "ચાણસમો ધન એ ભટેવઉ ભગવાન" આમ જુદા જુદા ઉલ્લેખો મળે છે.

ચિત્ર નં. ૨ નો પરિચય

ચિત્ર નં. ૨નું શ્રી જિનબિંબ પહેલી જ નજરે દર્શકનાં દિલને ડોલાવી દે તેવું છે. આ પ્રતિમા અત્યાકર્ષક, નમણી, નાજુક અંગોપાંગ ધરાવતી, સપ્રમાણ ને એથી જ સુંદર સંસ્થાનવાળી કમનીય ને ભવ્ય છે. એની બેઠકનો હસ્સો જ કોઈ અનોખો છે. કુશળ શિલ્પીએ નિરાંતના સમયે ઘડી છે. ને વધુ કહું તો કલાકારે ખરેખર એમાં પ્રાણ પૂર્યા છે. કરનાર કરાવનાર[1] બંનેયને ધન્ય.

શિલ્પસમય

આ પ્રતિમા કેટલી પ્રાચીન છે ? તેનો કોઈ પુરાવો મારી પાસે નથી. પરંતુ પ્રતિમાની ગાદીમાં જે જાતનો કુડચલ (એક જાતનું કોતરકામ) બતાવ્યો છે ને કટિવસ્ત્ર (લંગોટ)ની અન્તિમ પાટલીને જે જાતની કરચલીઓ પાડી બતાવી છે, અને શીર્ષભાગ, કટિભાગ અને એકંદરે સમગ્ર શિલ્પ જોતાં આ પ્રતિમા—વર્તમાનમાં જેને સંપ્રતિ કાળની પ્રતિમા કહીએ છીએ તેજ ટાઈપની આ હોવાથી—ઘણી પ્રાચીન કાળની હોઈ શકે.

જો કે પ્રાચીન કાળની નકલો પણ ક્યારેક થઈ છે. અને એથી પ્રત્યક્ષ પ્રતિમા જોયા સિવાય ચોક્કસ નિર્ણય તો કંઈ ન જ આપી શકાય પરંતુ પ્રતિકૃતિ ઉપરથી ઉપરોક્ત સંભાવના કરી છે.

૧. આજકાલ અંજનશલાકાઓનાં કારણે અનેક નૂતન પ્રતિમાઓનું સર્જન થયું અને થઈ રહ્યું છે. પણ એના બહતર પાછળ એક વિશિષ્ટ દષ્ટિ જો રાખવામાં આવે તો એ સર્જન એક વિશિષ્ટ કોટિનું બની જાય. આજે તો બહુધા કારીગરોની બુદ્ધિ ઉપર જ બધું છોડી દેવામાં આવે છે તે યોગ્ય નથી.

વિશિષ્ટ પરિચય

આ મૂર્તિમાં કોડીની આંખો ચઢાવેલી નજરે પડે છે. આ પ્રથા પૂર્વ ને ઉત્તરમાં વિશેષ છે. દક્ષિણમાં પણ છે. પરંતુ પશ્ચિમમાં એટલે આપણા ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મારવાડ, મેવાડ વગેરે પ્રદેશમાં સમૃદ્ધ જૈનોના કારણે કે અન્ય કારણે કુંદનના ઉંચા કાચની બનાવેલી નવી બનાવટી[2] ઉપચક્ષુઓ મૂર્તિઓ ઉપર લગાડેલી હોય છે.

ત્યારપછી તુરતજ આપણું ધ્યાન મૂર્તિના બંને બાજુના ઉપરના (લશ્કરી સેનાપતિઓને જેમ હોય છે તેવા) ત્રણ ત્રણ મોગરાઓ ઉપર જાય છે. પરંતુ વસ્તુતઃ શ્રી ઋષભદેવ ભગવાનના મસ્તકની લટના એ સૂચક છે.

યદ્યપિ પ્રાચીન કાળથી લઈ આજ સુધીની પ્રાપ્ય શ્રી ઋષભદેવ કે શ્રી આદિનાથ પ્રભુની મૂર્તિઓ ઉપર કેશની લટ બનાવવાની પ્રથા ભિન્ન ભિન્ન રીતની જોવા જોવા મળે છે. પ્રાચીન કાળમાં ઠેઠ માથાથી સીધી બાજુ કે યાવત્ છાતી સુધી લાંબી લટો બતાવવાની પ્રથા હતી. પરંતુ છેલ્લા કેટલાક સૈકાથી તો બાજુ ઉપરજ લટસૂચક આકૃતિ ઉપસાવી બતાવવામાં આવે છે. અને આપણી એક પ્રાચીન પ્રથા–કે બધે ચિહ્ન હોય

૨. ભગવાનના ચક્ષુના ભાગ ઉપર જે ઉપચક્ષુઓ આજે ચોંટાડાય છે તેથી બહુધા પ્રતિમાજીની મૌલિક પ્રશાંતભવ્યતામાં ઉણપ આવી જાય છે. પાષાણમાં ચક્ષુનો મધ્યભાગ ઉપસાવેલો તો હોય છે અને તેની ઉપર કુન્દનના જે ઉપચક્ષુ ચઢાવતાં તે ચક્ષુથી વધુ પડતા બહાર આવી જાય છે. એટલે ચક્ષુઓ જે કુદરતી રીતના હોવાં જોઈએ તે અકુદરતી બની જાય છે. આંખનું સ્થાન હમેશાં બાડામાં જ હોવું જોઈએ. નહીં કે બહાર. ત્યારે વર્તમાનમાં લગાવતા ચક્ષુઓની બનાવટ જ એવી છે કે તે લગાવો એટલે પ્રાયઃ અભવ્યતા જ સર્જાય.

આ માટે ચક્ષુઓ એવી રીતે બનાવવા જોઈએ કે આંખના બાડામાં જ બરાબર ગોઠવાઈ જાય. એટલે પાછળથી બાડો હોય જે ઉપરનો કાચ લગભગ અર્ધ ગોળાકાર જેવો હોય. આ માટે જયપુરના એક જડિયાને વાત કરતાં એ પ્રમાણે બનાવી આપવાનું કહ્યું, મને આનંદ પણ થયો. પણ તે માંદો પડતાં દેશભેગો થઈ ગયો. કોઈ સંસ્થા કે વ્યક્તિ જો આ દિશામાં પ્રયત્ન કરે તો ઘણી મોટી સેવા કરી ગણાશે.

બીજું દુઃખ એ છે કે કયા માપની પ્રતિમાને કયા માપના ચક્ષુઓ લગાડવાં એનો વિચાર કે વિવેક ન હોવાના કારણે ઘણીએ સૌમ્ય અને ભવ્ય પ્રતિમાઓમાં અસૌમ્યતા અને અભવ્યતાનાં દર્શન થાય છે; એમાં સુધારો થવો ઘટે.

એટલે મૂર્તિશિલ્પવિજ્ઞ લાંછન[૩] જોયા વિના જ તુરતજ કહી દેશે કે 'આ મૂર્તિ ભગવાન શ્રી ઋષભદેવની છે' તેનું બરાબર પાલન થતું આવ્યું છે.

પણ સખેદ કહેવું પડે છે કે આ ૨૦ ને ૨૧ મી સદીમાં ભરાવાતી મૂર્તિઓમાં કયાંક કયાંક આ પ્રથાનો ભંગ થયેલો પણ જોવા મળ્યો છે.

આ લટ કરવાનું પ્રયોજન શું ?

ભગવાન શ્રી ઋષભદેવ આ યુગના પ્રારંભના આદિ જૈન તીર્થંકર છે. અને આ પ્રભુનો મહિમા પ્રાચીન કાળમાં એટલો વિસ્તારને પામ્યો હતો કે અજૈનોએ પણ એમને પોતાના અવતારમાં દાખલ કરી પોતાના ઉપાસ્ય ઈશ્વર તરીકે જાહેર કર્યા હતા.

આ ભગવાન, જ્યારે સંસારની મોહ–માયાનો સર્વથા ત્યાગ કરી ચારિત્ર–દીક્ષા લઈ રહ્યા હતા ત્યારે, જૈન સાધુ થવાના નિયમ મુજબ લોચ (એટલે દાઢી મૂછ અને મસ્તકના કેશ કાઢવાની ક્રિયા) કરી રહ્યા હતા. અતુલ પરાક્રમી ભગવાને મૂઠી વડે લોચ શરૂ કર્યો, એ વખતે સ્વર્ગલોકના ઈન્દ્ર પાસે હતા. ભગવાને મસ્તકના ૧/૬ ભાગના વાળનું લુંચન કર્યું એટલે શક્રેન્દ્રે વિનંતી કરી કે ભગવાન ! હવે આ થોડા વાળ રહેવા દો; કંચન જેવી આપની કાયા ઉપર તે અતિ સુંદર શોભે છે. મારી વિનંતીનો સ્વીકાર કરીને પણ આટલું રહેવા દો. ભગવાને આ વિનંતી સ્વીકારી અને અમુક કેશની લટો રાખી મૂકી. એ પ્રસંગને અનુસરીને કહો કે એની સ્મૃતિમાં કહો, શ્રી ઋષભદેવની પ્રતિમાઓમાં કેશલટો કે તેનું સ્મરણ કરાવે તેવું ચિહ્ન, ખભા ઉપર દાખલ કરવાની પ્રથા સેંકડો વર્ષથી ચાલી આવે છે.

૩. પ્રતિમાજીનું લાંછન દેખાતું ન હોય, ને પ્રસ્તુત ચિહ્નનું જ્ઞાન ન હોય, એના કારણે ઘણાએ જિનમંદિરોમાં શ્રી ઋષભદેવજીની પ્રતિમાને બીજા નામથી જ ઓળખાવેલી હોય છે.

મથુરા શિલ્પ

मुंडस्थल महातीर्थ

श्री. सौभाग्यचन्द्र सिंगी

आबू पर्वत के चारों ओर आधुनिक तीर्थों की इतनी भरमार है कि गांव गांव में मंदिर है परन्तु महत्व, महानता और पुरातत्व एवं प्राचीनता की दृष्टि से भी यह प्रदेश काफी आगे हैं। जीरावल, वामणवाडा, नांदीया, वसन्तगढ, आबू (देलवाडा) की पवित्र-भूमियों के नाम तो हर जैन-बन्धु की जबान पर अवश्य ही होंगें। लेकिन मुंडस्थल महातीर्थ की जानकारी लोगों को बहुत ही कम है जिसका विस्तृत इतिहास जितना रोचक है उतना ही ऐतिहासिक शोध-खोद का विषय बन गया है। क्या २५०० वर्ष पूर्व चरम-तीर्थंकर भगवान् महावीर इस स्थल पर पधारे थे ? यह एक बडी प्रश्नसूचक बात है।

आबूरोड रेलवे स्टेशन से करीबन ४॥ मील दूर मुंडस्थल महातीर्थ बसा हुआ हे। इसका आधुनिक नाम मुंगथला है। यह एक छोटासा गांव है जहां पर खेतीवाडी करने वाले लोग रहते हैं। आबू-मंडार की मेन रोड पर होने से आवागमन के साधन सम्पूर्ण है। आबूरोड स्टेशन पर यहां तक आने के लिये टैक्सी भी मिल सकती है।

पिछले ५० वर्षों से यह विशाल मंदिर बिल्कुल ही जिर्ण अवस्था में पडा हुआ था और भगवान की कोई भी प्रतिमाजी विगैरा न थी। विक्रम संवत् १९५४ में पूज्य श्री कांतिविजयजी महाराज के शिष्य श्री चतुरविजयजी मुंगथला पधारें तब यह मंदिर पूरे पूरा बना हुआ शिखर-बन्ध था। स्वर्गीय मुनि महाराज श्री जयन्तविजयजी महाराज सा० पधारे तब भी कुछ भाग अच्छा था परन्तु कुछ भाग गिर चुका था। उसके बाद तो दिवालें गिरने लगी और प्रकृति ने अपना कब्जा करना शुरू किया। बहुतसी झाडियाँ और पेड पौधे उग गये और लोगों ने वहां शौच आदि जाना शुरू किया। कितना पवित्र स्थल ! और क्या दुर्दशा !

इतिहास

ठीक ठीक तो नहीं कहा जा सकता कि मुंडस्थल के इस तीर्थ की स्थापना कब हुई परन्तु शास्त्रों में इसको "महातीर्थ" कहा गया है। स्वर्गीय मुनि महाराजश्री जयन्ति विजयजी महाराज सा० जो इतिहास की शोध में बडी रुचि रखते थे मुगंथला पधारे और मूल गंभारे के द्वार पर खडे खडे देख रहे थे कि उनका हाथ लगते है ही एक चुने का ढेफा गिरा और उसमें से एक अद्वितीय ऐतिहासिक सामग्री के रूप में एक निम्न शिलालेख पढने में आया:—

पूर्वछद्मस्थकालेऽर्बुद भुविः यमिन कुर्वतः सद्वि(सप्त)हारं त्रिंशे च वर्षे वहति भगवतो जन्मतः कारितास्ताः (सा)

श्री देवार्यस्य यस्योल्लसदुपलमयी पूर्णराजेन राज्ञा

श्री केशीसु (शिना) प्रतिष्ठाः स जयतिहि जिनस्तीर्थः मुंडस्थलस्तुः. (स्थः) ॥ सं (०) १४२५ संवात् श्री वीर जन्म३१...श्री देवा जारु. ० पू..... न कारितं ॥

इस लेख के आधारपर एक बडी ही जबरदस्त चर्चा चली। शास्त्रों और इतिहास के पन्नों पर सबकी दृष्टि गई और आखिर मेहनतका परिणाम यह निकाला कि आचार्य श्री महेन्द्रसूरि महाराज ने अष्टोतरी तीर्थमाला में १२ वीं शताब्दी में निम्न शब्द लिखे थे,

(अंचल गच्छ पंच प्रतिक्रमणा सूत्र पृष्ट ८९)

अब्बुयगिरिवर मूले, मुंडथले नंदीरुक्ख अहभागे
छडमत्थकालि वीरो, अचल सरीरो स्थियो पडिमं ॥
तो पुन्नराय नामा, कोई महप्पा जिणस्स भत्तीए
कारइ पडिमं वरिसे, सगतीसे, (३१) वीर जन्माओ ॥
किंचुणा अठारसवास सयाण य पवरतित्थस्स
तो मित्थघण समीरं, थणेमि मुंडस्थले वीरं ॥

क्या भगवान् महावीर अपने ३७ वें वर्ष में छद्मस्थ अवस्था में यहां पधारें ? क्या यह शिलालेख ऐसे ही लिखा गया है ? क्या इस प्रकार का स्पष्ट शिलालेख और किसी स्थान पर प्राप्त हुआ ? ये प्रश्न हरेक के दिमाग में आये बिना नहीं रह सकते ?

लेकिन इन सबको अलग रखे फिर भी एक बात तो साफ है कि मुंगथला या मुंडस्थल "महातीर्थ" भूतकाल में था और उसकी प्रतिष्ठा उच्च प्रकार की थी। ज्यों ज्यों मुसलमानों के आक्रमण इस भूमि पर होते गये यह स्थान भी चन्द्रावती की तरह उजड होता रहा। ठीक तो यह कहना होगा कि चन्द्रावती का प्रदेश मुंडस्थल स्थान को

अपने में समावेश कर लेता होगा। जहां पर यह मंदिर बना हुआ है वहां की नींवों का निरीक्षण करने बैठे तो पता चलेगा कि इस मंदिर का आहता बहुत विस्तृत था।

इस मंदिर में सबसे पुराना शिलालेख विक्रम संवत् १२९५ का मिला है उस समय इस मंदिर का जीर्णोद्धार कराया गया था। संवत् १४२५ के शिलालेखमें लिखा है कि इस मंदिर का जिर्णोद्धार फिरसे कराया गया तथा चौबीस बिंबो की प्रतिष्ठा व ध्वज महोत्सव हुआ। संवत् १५०१ में तपगच्छ के आचार्य लक्ष्मी सागरसूरि को वाचक पदवी यहांपर दी गई और सं. १९२२ में यहां १४५ जिन बिंब होने का वर्णन मिलता है। अतः यह तीर्थ प्राचीन व पवित्र है।

जब इसकी अति शोचनीय हालत पर पूज्य आचार्य श्री विजय नीतिसूरि महाराज की दृष्टि पडी तो उन्होंने इस तरफ ध्यान दिया परन्तु वे शीघ्र चल बसे। बाद सन् १९५२ में इतिहाज्ञ एवं विद्वान मुनि जिनविजयजीने प्रेरणा की कि इस पवित्र एवं ऐतिहासिक चीज का इस प्रकार ध्वंस न होना चाहिये तो इस भावभरी प्रेरणा को लेकर कुछ उत्साही व्यक्तियों ने इसके पुनरोद्धार का कार्य उठाया। सिरोही निवासी श्री अचलमल मोदी ने भगीरथ प्रयास का आश्वासन दिया। सेठ कल्याणजी परमानंदजी, आबू देलवाडा मंदिरों के व्यवस्थापकों ने गहरी दिलचस्पी ली। इस प्रकार के प्रयत्नों से आज मुंगथलामें फिर से एक ऐतिहासिक स्मृति का पुनःस्मरण करानेवाला मंदिर तैयार हो गया है। इस मंदिरमें सर्वप्रथम तो यह भावना रखी गई थी कि भगवान महावीर की सर्व धातु की काया-उत्सर्ग प्रतिमा विराजमान की जाय परंतु बादमें आबू-देलवाडा से मुंडस्थल की पुरानी दो प्रतिमायें लाई गई और काउसग-ध्यान की महावीर स्वामी की प्रतिमाजी मध्य में सिरोहीसे लाकर विराजमान की गई। वैशाख सुदि १० के दिन एकदम सादगी से इसका फिरसे प्रतिष्ठा महोत्सव किया गया है।

कौन कह सकता है कि इस पवित्र तीर्थ के पुनरोद्धार की तरफ यदि ध्यान न दिया गया होता तो वास्तवमें इतिहास की एक महान् चीज प्रकृति के क्रूर प्रहारों से ध्वंस होकर नष्ट न हो जाती ? इसकी खुदाई में सम्राट समुद्रगुप्त (गुप्त वंश) के समय के सिक्के और बहुत पुराने ढंग के संचित किये हुये परंतु काले पडे हुये चावल मिले। ये सब चीजें इस बात की पुष्टि करते हैं कि यह मंदिर काफी प्राचीन होगा



मूळनायक भगवान महावीर

और भगवान् महावीर के ३७ वरस में यहां पधारने की मान्यता को साधारण तौर से निकाला नहीं जा सकता। हमारे पूज्य मुनिवरों व आचार्यों ने जब उस चीजको शिलालेख का रुप दिया तो उसमें काफी तथ्य होंगें।

अभी अभी वहां पर पक्की सडक, धर्मशाला और सरकारी स्कूल की स्थापना हो चुकी है। इस स्थल के महत्त्व को कायम रखने का कार्य तो अब जैन समाज का है।

卐

Saṃsāra : A Man In The Well

Once an Ācārya named Amaragupta who had the supernatural knowledge Avadhi, visited the city of Rājapura. The King and the Prince Siṃha visited him. The Prince Siṃha then asked him to explain the nature of the world and its happiness and miseries and the nature of true Dharma.

Ācārya preached as follows :

"The Samsāra consists in fourfold ambulations viz. hell-life, lower animal life, human life and celestial life. As to happiness and miseries, happiness is meagre." He then related, for the explanation of happiness and miseries, the following parable:—

"A poor man lost his way in a dreadful forest, and was soon chased by a furious elephant, while in front, he was opposed by a dreadful demoness. To save himself, he fled towards a banyan tree but he could not climb it. Nearby, there was a well. He jumped in it and caught hold of the clump of reeds that grew on the side of the well. He perceived on the four sides of the well four serpents and at the bottom of the well a huge python. At the root of the clump, two black and white mice were gnawing. The elephant not finding his prey, shook the banyan tree so heavily that the bee-hive on it was disturbed. The bees flew and stung the man. But at the same time, the drops of honey fell on the face of the man. He licked them and was so much pleased that he forgot all about the dangers. The man is likened to a soul; the forest to Saṃsarā; the she-demon to the old age; the elephant to death; the banyan tree to Moksa; the well to human life; the four snakes to four principal passions; the clump of reeds to the length of human life; the white and black mice to the bright and dark halves of the month; the bees to diseases; the huge python to hell; the drops of honey to the happiness in the world."

Narrating this parable, the Ācārya advised the Prince to mind not this flicker of happiness but Dharma.

The King and the Prince Simha were much pleased and returned to their palace.

—SAMARĀICCA—KAHĀ
Haribhadrasūriji

कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

पेट्रन 'अ' वर्ग	— —	रु. १००१	प्रदान कर
पेट्रन 'ब' वर्ग	— —	रु. ५०१	,,
आजीवन सभ्य 'अ' वर्ग		रु. २५१	,,
,, ,, 'ब' वर्ग		रु. १०१	,,

कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभागमें (खातामें) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

जैन युग

ग्राहक बनकर वार्षिक उपहार रु. २ (प्रतिमास ता. १ को प्रकट किया जाता है)

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri G. D. Somani, M. P.

LIST OF BRANCHES

Agra
Ahmedabad
Alwar
Bombay
1 Dadabhoy N. Road
2 Kazi Sayed St. Mandvi
3 Kalbadevi Road
4 Dana Bunder
Bangalore
Bharatpur
Bareilly
Bhilwara
Bisalpur
Beawar
Bikaner
Calcutta
Coimbatore
Dausa
Delhi
Fatehpur
Gangapur
Hindaun
Indore
Jaipur
1 Mansing Highway
2 Chand Pole
3 Jauhari Bazar
4 Secretariat
Jhunjhunu
Jodhpur
Jamnagar
Kotah
Kishangarh
Madras
Nawalgarh
Rajkot
Ratlam
Sawaimadhapur
Sikar
Surajgarh
Tirupur
Udaipur

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager

आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी वाडी, गिरगांव, मुंबईमां श्री माणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथी प्रकट कर्युं.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

जैन प्रकाश

तंत्री

सोहनलाल म. कोठारी

बी.ए. (ऑनर्स), बी.कॉम्. (लंडन), ए.सी.ए. (इंग्लंड)

जयंतीलाल र. शाह

बी.ए., बी.कॉम्. (लंडन)

सप्टेम्बर १९५९

मूल्य : २५ नये पैसे

卐 જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કળા, સ્થાપત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયોનું ઉત્તમ માસિક 卐

जैन युग

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

: व्यवस्थापक मंडल :

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डी. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन)

दरेक १ली तारीखे प्रगट थाय छे. भारतमां वार्षिक लवाजम रूपीआ २) बे

आ पत्रमां प्रकट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.

★

અનુક્રમ : સપ્ટેમ્બર ૧૯૫૯

	પૃષ્ઠ નં.	
ધર્મ મંગલ	૧	
શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ	૫	કાર્યાલય પ્રવૃત્તિ નોંધ
સમાચાર સંકલન	૮	
મહાવીર-પ્રવચન	૧૦	
મહાનુભાવ મરિચિ અને ત્યાર પછીના ભવોની વિચારણા	૧૧	પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ
વિપાકસૂત્ર : એક પર્યાલોચના	૧૫	પ્રોફે. કેશવલાલ હિ૦ કામદાર
પ્રભુને મળવાની રીત	૧૯	"કુ. ચંદ્રરેખા"
મહાન દાનવીર નંદમણિયાર	૨૧	શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા
આદર્શ આતિથ્ય	૨૫	શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
મુક્તિના પંથે	૨૯	શ્રી કેશરીચંદ સેઠિયા અનુ : શ્રી ગુલાબચંદ જૈન
श्री हस्तीकुण्डी तीर्थ	३३	श्री. हजारीमल चंद्रभाण
आबू के परमार धारावर्षदेव का एक शिलालेख	३७	श्री. अचलमल मोदी
Jaina Stories in Stone in The Delvāḍa Temples, Mt. Ābu.	38	Dr. Umakant P. Shah, M. A., Ph. D.

★

श्री जैन श्वे. कॉन्फरन्स कार्यालय
गोडीजी बिल्डिंग, २०, पायधूनी,
कालबादेवी, मुंबई नं. २



कॉपीराईट : आर्किओलोजिकल डिपार्टमेंट ऑफ इंडिया]

अर्थसूचक बारीक सुंदर कोतरणी दर्शावता लुणवसहीना (देलवाडा) रंगमंडपना थांभला अने तोरण



कॉपीराईट : आर्किओलोजिकल डिपार्टमेंट ऑफ इंडिया]

विमळवसही (देलवाडा)ना रंगमंडपनी विश्वविख्यात कारीगीरीनुं अनुपम प्रतिक

जैन युग

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

વર્ષ : જૂનું ૨૦, નવું ૨ ✠ વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૫ ✠ તા. ૧ સપ્ટેમ્બર ૧૯૫૯ ✠ અંક ૧૧

वंदे वीरं तपोवीरं तपसा दुस्तपेन यः।
शुद्धं स्वं विदधे स्वर्णं स्वर्णकार इवग्निना॥

જેમ સોની અગ્નિ વડે સુવર્ણને શુદ્ધ બનાવે છે, તેમ જેમણે બહુ કઠિન એવાં તપ વડે પોતાના આત્માને શુદ્ધ બનાવ્યો એવા તપોવીર ભગવાન મહાવીરને હું નમું છું. —तिलकाचार्य : जीतकल्पवृत्ति

✠

ધર્મ મંગલ

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो।

આ પણ પિસ્તાલીસ આગમોમાંના ચાર મૂળસૂત્રોમાં દશવૈકાલિકસૂત્રનો સમાવેશ કરવામાં આવે છે. દશવૈકાલિકસૂત્રના રચયિતા આચાર્ય શ્રી શય્યંભવસૂરિજીએ એ ધર્મગ્રંથની પહેલી ગાથાના ઉપર આપેલ પૂર્વાર્ધમાં ધર્મની મહત્તા અને ધર્મનો માર્ગ, એ બન્નેનું સરળ છતાં ગંભીર અને મૂળગામી દર્શન કરાવ્યું છે : ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલરૂપ છે, એ થઈ ધર્મની મહત્તા; અને અહિંસા, સંયમ અને તપ, એ થયો ધર્મનો માર્ગ. મતલબ કે ધર્મના આ માર્ગે ચાલીને માનવી ઉત્કૃષ્ટ મંગલરૂપ ધર્મની જીવનમાં સ્થાપના–પ્રતિષ્ઠા કરી શકે છે.

માનવીની બધી પ્રવૃત્તિનો હેતુ કોઈ પણ રીતે પોતાનું ભલું, પોતાનું કલ્યાણ કે પોતાનું મંગલ કરવાનો જ હોય છે. અને એ માટે એ અનેક પ્રયત્નો કર્યા કરે છે. કયારેક એ પ્રયત્નો સાચી દિશાના હોય છે તો એનું પરિણામ ધાર્યા પ્રમાણે સારું આવે છે, અને કયારેક એમાં કંઈક એવી દિશાચૂક થયેલી હોય છે કે એનું પરિણામ ધાર્યા કરતાં જુદું અને કોઈક વાર તો ઊંધું સુધ્ધાં આવી જાય છે. એટલા જ માટે કોઈ પણ સારા કાર્યની સિદ્ધિનો ઉપાય, એ કાર્ય કેવી રીતે પાર પડે એની પૂરી પ્રક્રિયા જાણી લેવી, અને એ જાણ્યા પછી એનો અણીશુદ્ધ અમલ કરવો, એ જ છે. આપણા પારદર્શી શાસ્ત્રકારોએ આ જ વાત ज्ञानक्रियाभ्यां मोक्षः એ સૂત્ર દ્વારા પ્રતિપાદિત કરી છે.

આ રીતે જ્યારે ધર્મનો અને માનવજીવનનો વિચાર કરીએ છીએ ત્યારે, ધર્મ એ માનવજીવનનો અવિભાજ્ય અંશ તો લાગે જ છે; ઉપરાંત, માનવજીવનનો સાર પણ એ જ હોય એમ સ્વીકારવું પડે છે; અથવા તો ધર્મ એ જ સાચું માનવજીવન છે એમ માનવું પડે છે. આનો અર્થ એ થયો કે ધર્મ વગરનું માનવજીવન, એ પ્રાણ વગરના કલેવરની જેમ, અર્થ વગરનું બની જાય છે.

માનવજીવનને ઇતર જીવનથી જુદી પાડતી કે વિશિષ્ટ બનાવતી જે કેટલીક ભેદક રેખાઓ છે, એમાં ધર્મ મુખ્ય છે. જે પળે માનવીના જીવનમાંથી એ ભેદક રેખા ભૂંસાઈ જાય ત્યારે માનવ પ્રાણી અને ઇતર પ્રાણી વચ્ચેનો ભેદ પણ ભૂંસાઈ જાય; અને માનવીનું જીવન

કોઈ પશુના જીવન જેવું ધ્યેય વગરનું, વિકાસ વગરનું અને જડ જેવું બની જાય.

બધા ધર્મોનાં શાસ્ત્રોમાં, ઠેર ઠેર, માનવજીવનની શ્રેષ્ઠતાનું ગાન કરવામાં આવ્યું છે, અને માનવજીવનથી ચઢિયાતું બીજું કોઈ જીવન નથી એમ કહેવામાં આવ્યું છે. આત્મા કે ચૈતન્યશક્તિનો પરમોચ્ચ કોટીનો વિકાસ સાધવાની શક્યતા જે દેહ દ્વારા દર્શાવવામાં આવી છે તે છે માનવદેહ. આ માનવદેહને મેળવીને કંઈક આત્માઓ જીવનવિકાસની વિવિધ ઉચ્ચ કોટીએ પહોંચી શક્યા છે. આ વિકાસમાં જેમ અનેક ભૌતિક સિદ્ધિઓનો સમાવેશ થાય છે, તેમ અનેક આધ્યાત્મિક સિદ્ધિઓનો પણ સમાવેશ થાય છે.

ભૌતિક સિદ્ધિઓ હાંસલ કરવામાં માનવી કેટલી બધી સફળતા મેળવી શકે છે, એ વાત તો આજે વિજ્ઞાનની એકથી એક ચડી જાય એવી, અને ક્ષણભર તો આપણને ભારે અચંબામાં નાખી દે એવી અસંખ્ય શોધો ઉપરથી સહેજે સમજી શકાય એમ છે : જાણે એ એક એક શોધ માનવીની ભૌતિક સિદ્ધિને હસ્તગત કરવાની તાકાતની સાખ પૂરે છે. આ ભૌતિક સિદ્ધિઓ સરવાળે માનવજાતને સુખ-શાન્તિ આપવામાં કેટલે અંશે સફળ થાય છે, અને એ ભૌતિક સિદ્ધિઓ મેળવવાના પ્રમાણાતીત ઉત્સાહમાં કરવામાં આવતી, વિશ્વવ્યવસ્થાની આધારશિલારૂપ કુદરતનાં મૂળ તત્ત્વોની વધારે પડતી છેડતીનું પરિણામ છેવટે કેવું ખતરનાક આવશે, એ વળી બીજી વાત છે; અને અહીં એના ગુણદોષની વિચારણા ઉદ્દિષ્ટ નથી. અહીં તો માત્ર એટલું જ જાણવું બસ થઈ રહેશે કે માનવી પોતાની શક્તિના બળે ભારે જબરી ભૌતિક સિદ્ધિને મેળવી શકે છે, મેળવી શક્યો છે.

અને આધ્યાત્મિક સિદ્ધિનો વિચાર કરીએ તો અતિ પ્રાચીનમાં પ્રાચીન કાળથી લઈ ને તે છેક આપણા સમય સુધી જાણે એ માર્ગના પ્રવાસીઓની અખંડ કતાર જ લાગી ગઈ છે. કોઈક યુગમાં એ કેડી ઉપર ભારે ભીડ જામી ગયેલી દેખાય છે, અને જનસમાજમાં એ માર્ગે કોણ વધુ આગળ વધે છે, એની જાણે હોડ થતી હોય એમ લાગે છે; તો વળી કોઈક યુગ એવો પણ આવે છે, જ્યારે એ કેડીના પ્રવાસીઓના જૂથમાં ઘટાડો થઈ જતો લાગે છે. આમ ભલે અધ્યાત્મમાર્ગના સાધકોની ક્યારેક ભારે ભીડ જામતી હોય અને ક્યારેક એ ભીડમાં કંઈક ઓટનાં દર્શન થતાં હોય, છતાં એ માર્ગ અસ્ખલિત રીતે ચાલતો જ રહે છે એટલું એ તો ખરું જ.

તેમાંય ભારતવર્ષને તો ધર્મપ્રાણ દેશ લેખવામાં આવે છે, એટલે અહીં તો અજ્ઞાની, અલ્પજ્ઞાની કે અંધશ્રદ્ધાળુ લેખાતા સામાન્યમાં સામાન્ય જનસમૂહથી માંડીને તે જ્ઞાની, વિદ્વાન કે મહાજ્ઞાની લેખાતા જનસમૂહ સુધીનાં જુદાં જુદાં સ્તરોના માનવીઓ સુધી પણ કોઈ ને કોઈ પ્રકારે અધ્યાત્મમાર્ગનું અનુસરણ કરવાની તાલાવેલી જોવા મળે છે. બહુ વિગતોમાં કે બહુ ઝીણવટમાં ઊતર્યા વગર સામાન્ય અવલોકનને આધારે કહેવું હોય તો એમ પણ કહી શકાય કે દુનિયાના બધા દેશોની પ્રજાઓમાં એક યા બીજે રૂપે આ તાલાવેલી રહેલી છે. ભલે પછી એની કક્ષા અને એના આકારમાં ફેર હોય; એના મૂળભૂત હેતુમાં પણ કદાચ ફેર હોય.

અલબત્ત, અધ્યાત્મમાર્ગના સાધકોની કક્ષામાં, દરેકની શક્તિ, વૃત્તિ અને સાધનાની ઉત્કટતાના તફાવતને કારણે, એકસરખાપણું ન જ રહે એ સ્વાભાવિક છે : કોઈની સાધના સામાન્ય કોટીની હોય, કોઈની મધ્યમ કોટીની અને કોઈની ઉચ્ચ કોટીની. ઇતિહાસકાળ પૂર્વેના અતિપ્રાચીન કાળ જેટલે ન જઈ એ અને ઇતિહાસયુગનું જ અવલોકન કરીએ તો એમાં પણ એવી અનેક વ્યક્તિઓ સમયે સમયે થયેલી આપણને મળી જ આવે છે કે જેમણે પોતાની સાધનાનું તેલ પૂરીને આધ્યાત્મિક સાધનાની આ જ્યોતને સદા કાળ ઝળહળતી રાખી છે; અને સાથે સાથે પોતાના આત્માને પણ અજવાળ્યો છે.

એમાં અનેક ધર્મસ્થાપકો, ધર્મશાસ્ત્રોના રચયિતાઓ, મહાયોગીઓ, યોગીઓ અને સાધુસંતો જેવા અનેક નાના–મોટા સાધકોની એક અખંડ વણઝાર જાણે વણથંભી ચાલી જતી હોય અને માનવસમૂહોને જીવન-વિકાસના એ માર્ગે આગળ વધવાની હાકલ કરતી હોય અને પ્રેરણા આપતી હોય એમ લાગે છે. એ હાકલને અને પ્રેરણાને હૈયામાં ઝીલીને એ અધ્યાત્મ-માર્ગના પ્રવાસીઓના કાફલામાં જોડાઈ જવું એ જ માનવ-જીવનનું ઉચ્ચમાં ઉચ્ચ ધ્યેય હોઈ શકે; માનવજીવનને ચરિતાર્થ કરવાનો ઉપાય પણ એ જ છે.

આ અધ્યાત્મનો માર્ગ એ જ ધર્મનો માર્ગ; એ માર્ગે જ માનવી સાચો માનવી બને અને પોતાના જીવનની

દુર્લભતાનો લાભ મેળવી શકે. એ માર્ગને વીસરી જવો એ પોતાના ધ્યેયને અને પોતાની જાતને વીસરી જવા બરાબર છે. અને જે પોતાની જાતને જ વીસરી બેસે એનામાં પછી પોતાપણું જ ક્યાં રહે? પછી તો માનવ-દેહ નામમાત્રનો જ મળ્યો સમજવો; પછી તો, પેલા નીતિશાસ્ત્રકારે કહ્યું છે તેમ, માનવદેહધારી પશુ જ લેખાઈ જવાનું થાય! આમ ન બને એની બબરદારી પ્રત્યેક માનવીએ સતત રાખવી ઘટે.

ધર્મનું પાલન કેવી રીતે થઈ શકે, એનો બહુ જ સહેલો માર્ગ દશવૈકાલિક સૂત્રકારે બતાવ્યો છે : અહિંસાનું પાલન કરો, સંયમની સાધના કરો અને તપનું આરાધન કરો! ઉત્કૃષ્ટ મંગલરૂપ ધર્મને મેળવવાનો એ જ માર્ગ છે.

અહિંસાને પરમ ધર્મ લેખવામાં આવે છે, એ બહુ જ જાણીતી વાત છે. અહિંસાનો મૂળ શબ્દાર્થ કોઈની હિંસા ન કરવી, કોઈના પ્રાણ ન લેવા, એ છે. પણ ક્રમે ક્રમે અહિંસાના અર્થમાં એવો વિકાસ થયો કે કોઈના દિલને જરા સરખું દૂભવવામાં પણ હિંસાનો દોષ મનાવા લાગ્યો; અને એનો સર્વોચ્ચ વિકાસ તો ત્યારે થયો કે જ્યારે આપણા તીર્થનાયકે આપણને કોઈ પણ જીવની સાથે વૈરભાવ ન રાખતાં, નાના–મોટાનો ભેદ કર્યા સિવાય જ, સર્વ જીવો સાથે મૈત્રી બાંધવાનો આદેશ આપ્યો. અને મૈત્રીસંબંધ એ તો દુનિયાના બધાય સંબંધોમાં, સ્વેચ્છાએ પસંદ કરેલો, ઊંચામાં ઊંચો અને પવિત્રમાં પવિત્ર સંબંધ છે; અને એને સાચવી રાખવા માટે માનવીએ પોતાનું માથું એટલે કે પોતાનું સર્વસ્વ આપવા તૈયાર રહેવું પડે છે.

મિત્રને કાજે (સર્વ જીવોના ભલા માટે) પોતાનું સર્વસ્વ સમર્પણ કરવાની ભાવનામાં જ અહિંસાના વિધાયક કે રચનાત્મક પાસાનું દર્શન થાય છે, જે કરુણા અને મહાકરુણા રૂપે માનવજીવનમાં વ્યક્ત થાય છે. આનું આધ્યાત્મિક મૂલ્ય તો છે જ છે, પણ એ કરુણાનો વ્યવહારુ ઉપયોગ પણ બહુ મોટો છે. માણસ જો પોતાના જીવનનું અવલોકન કરે તોપણ એને આ વાત સહેલાઈથી સમજાય એવી છે. આપણને કોઈ ન દૂભવે કે ન હણે એટલામાત્રથી આપણું કામ ચાલતું નથી; જીવનમાં કોઈક સમય એવો પણ આવે છે, જ્યારે આપણું દુઃખ દૂર કરવામાં કોઈક આપણને સહાયક થાય, એમ પણ આપણે ઇચ્છીએ છીએ. અહીં જ કરુણાની જરૂર ઊભી થાય છે. પછી તો એમાં જનસેવાનાં અનેક કાર્યોનો સમાવેશ થઈ જઈને કરુણાના કાર્યક્ષેત્રનો વિસ્તાર વધી જાય છે. આ રીતે કોઈના દુઃખના જરા પણ નિમિત્ત ન બનવું એનું નામ અહિંસા; અને સર્વના દુઃખને દૂર કરવામાં બની શકે તેટલે વધુ અંશે નિમિત્ત બનવું એનું નામ કરુણા. અહિંસાનો આદર્શ જીવનમાં પૂરી રીતે આ બે માર્ગે ઊતરીને જીવનને સાચું ધર્મપરાયણ બનાવે છે.

પ્રેમ, સ્નેહ, વત્સલતા એ પણ અહિંસાના જ અંશ છે, અને એનો સાક્ષાત્કાર માનવીએ પોતાના ઘર, કુટુંબ, ગામ અને એ રીતે આગળ વધતાં વધતાં સમગ્ર માનવજાત અને છેવટે સમસ્ત જીવસમૂહને પોતાની સાથે એકરૂપ બનાવીને કરવાનો છે. જ્યાં અહિંસાની પ્રતિષ્ઠા થાય ત્યાંથી વેરભાવ સમૂળગો દૂર થઈ જાય; કેવળ પ્રેમભાવ જ પ્રગટ થાય.

પણ અહિંસાનો સાક્ષાત્કાર કેવળ એનો વિચાર કરવાથી ન થઈ શકે. એ માટે તો માણસે અનેક રીતે અનેક પ્રયત્નો કરવા પડે. આ પ્રયત્નોનાં મુખ્ય સાધનો તે સંયમ અને તપ. આ બેમાં તો અનેક બાબતો સમાઈ જાય છે.

સંયમ એટલે મન, વચન અને કાયાને અને ઇંદ્રિયોને કાબૂમાં લાવવાનો માર્ગ. મનની ચંચળતા અને ઇંદ્રિયોની વિષયવાસના એવી તો પ્રબળ હોય છે કે એને નાથવા માટે ભારે મથામણ કરવી પડે છે; અને છતાં એ કાબૂમાં આવે તો આવે, અને નહીં તો વર્ષોનું કર્યુંકારવ્યું પળવારમાં ધૂળમાં મેળવી દે! સંયમ વગરનું સ્વૈરવિહારી અને સ્વચ્છંદી જીવન તો પળે પળે હિંસાનું આચરણ જ કરતું હોય, એટલે પછી એ અહિંસાની સાધના ક્યાંથી કરી શકે?

એ જ રીતે આત્માના કુંદનને ક્લેશો અને કષાયોના મળોથી વિશુદ્ધ બનાવવાનો માર્ગ તે તપ, તિતિક્ષા અને પરિષહજયનો માર્ગ છે. જેમજેમ માનવી, સમજણપૂર્વક કષ્ટ સહન કરે અને તપસ્યા કરે તેમતેમ મનોબળ અને આત્મબળમાં અભિવૃદ્ધિ થતી જાય, અને તેથી છેવટે પોતાને નિમિત્તે કે કષાયોના આવેશને કારણે કોઈ પણ જીવને દુઃખ આપવાની વૃત્તિનું નિવારણ થઈને સૌનું કલ્યાણ થાય—એવી જ ધર્મની મંગલમય ભાવના વિલસી રહે.

ધર્મનો અહીં આટલી વિગતે વિચાર કરવાનું અમે એટલા માટે ઉચિત માન્યું છે કે અત્યારે પર્યુષણ મહાપર્વ ચાલી રહ્યાં છે; અને જે આત્માઓ સદાકાળ જાગ્રત રહીને ધર્મમાર્ગનું સતત અનુસરણ ન કરી શકતા હોય તેઓ છેવટે અમુક નિમિત્તને મેળવીને પણ ધર્મનો વિચાર અને એનું આચરણ કરે, એ માટે પર્વદિવસોની યોજના કરવામાં આવી છે. એટલે આ પવિત્ર દિવસોમાં આપણે આપણાથી બને તેટલા વધુમાં વધુ પ્રમાણમાં અહિંસા, સંયમ અને તપનું આરાધન કરીને આપણા જીવનને મંગલમય બનાવીએ.

આ મહાપર્વનો વિશિષ્ટ મહિમા ક્ષમાપનાને કારણે છે. મહાભારતકારે ધર્મની સ્થાપના (સ્થિરતા) કેવી રીતે થાય, એના જવાબમાં કહ્યું છે કે ક્ષમાથી ધર્મની સ્થાપના એટલે કે સ્થિરતા થાય છે.

ક્ષમાપના એ પોતાની અને બીજાની અનેક ભૂલોનું નિવારણ કરવાનો, સો દર્દોની એક દવા જેવો, અમોઘ ઉપાય છે. જે દોષનિવારણ કે ભૂલનિવારણ બીજા અનેક ઉપાયોથી શક્ય ન બને તે ક્ષમાપનાનો આશ્રય લેવાથી પળવારમાં સધાઈ શકે છે. ક્ષમા માગવી અને ક્ષમા આપવી એ તો અંતરને નમ્રતા અને ઉદારતાથી સુવાસિત બનાવવા જેવું છે. ક્ષમાને કાયરનું નહીં પણ વીરોનું આભૂષણ કહ્યું છે તે કંઈ અમસ્તું નથી કહ્યું.

આ પર્વનું સાચું આરાધન કરવા માટે આપણે ક્ષમાપનાનો માર્ગ અપનાવીએ, અને આપણી પોતાની કે બીજાની ભૂલ માટે ક્ષમાનું આદાન-પ્રદાન કરીને વૈરવિરોધને દૂર કરીએ. સંઘ અને સમાજમાં સંપ, દેશમાં એકતા અને વિશ્વમાં શાંતિ સ્થાપવાનો આ જ સાચો માર્ગ છે. એ માર્ગનું યથાર્થજ્ઞાન આપણને થાય, અને એ માર્ગે ચાલવાની શક્તિ આપણને મળે એવી આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ.

卐

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ

આગામી ધાર્મિક પરીક્ષાઓ

બોર્ડની શ્રી પ્રફુલચંદ બળલચંદ મોદી પુરુષવર્ગ અને શ્રી કાંતાબ્હેન બળલચંદ મોદી સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઈની આગામી ઇનામી પરીક્ષાઓ **રવિવાર તા. ૨૦ ડિસેમ્બર, ૧૯૫૯**ના રોજ બપોરના સ્ટાં. ટા. ૧ થી ૪ સુધીમાં સર્વે કેન્દ્રોમાં લેવામાં આવશે.

પરીક્ષાઓ આપવા માટેના ફોર્મ મોડામાં મોડા **તા. ૧૫મી નવેમ્બર ૧૯૫૯** સુધીમાં બોર્ડના કાર્યાલયમાં સ્વીકારાશે. ધાર્મિક પરીક્ષાના અભ્યાસક્રમ અને પ્રવેશપત્રક માટે તેર નયા પૈસાની ટપાલ ટિકિટ મોકલવી.

પુસ્તકો અંગે સૂચના

બોર્ડની ઉપરોક્ત ધાર્મિક પરીક્ષાઓના અભ્યાસક્રમમાંથી નીચે જણાવેલ પુસ્તકો કમી કરવામાં આવેલ છે :—

બાલ ધોરણ ૧ અને કન્યા ધોરણ ૧ : "ઋષભદેવ" પુરુષ ધોરણ ૩ : "ભગવાન મહાવીરના દશ ઉપાસકો" પુરુષ અને સ્ત્રી ધોરણ ૫ : "ન્યાયાવતાર" પુરુષ ધોરણ ૬ અને સ્ત્રી ધોરણ ૭ : "સમી સાંજનો ઉપદેશ" અને "શ્રી મહાવીર સ્વામીનો આચારધર્મ" સ્ત્રી ધોરણ ૬ : "અભિનવા પાહાવલિ" સ્ત્રી ધોરણ ૮ : (પ્રાકૃત વિષય) : "પ્રાકૃત પાઠાવલિ" અને "સંબોધસત્તરી"

શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ
ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે,
પાયધુની, પોસ્ટ માલબારહેવી, મુંબઈ ૨.

ચંદુલાલ વર્ધમાન શાહ
માનદ્ મંત્રી

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

કૉન્ફરન્સનું આગામી અધિવેશન

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનું આગામી અધિવેશન કલકત્તામાં મેળવવા માટે કાર્યાલય પ્રમુખશ્રી અને કાર્યવાહી સમિતિની કલકત્તાના સભ્યોના સંપર્કમાં છે. ટૂંક સમય પૂર્વે સંસ્થાના એક મુખ્ય મંત્રી કલકત્તા ગયા હતા, જે વખતે તેઓએ આ બાબતમાં પ્રમુખશ્રી મોહનલાલ લ. શાહ અને બીજા ભાઈઓ સાથે મંત્રણા કરી હતી.

આ અંગે કલકત્તાથી કૉન્ફરન્સની અ. ભા. સમિતિના સભ્ય શ્રી મોહનલાલ ગુલાબચંદ ઝવેરી નીચે મુજબ જણાવે છે :—

" શ્રી જૈન શ્વતામ્બર કૉન્ફરન્સનું ૨૧ મું અધિવેશન કલકત્તામાં બોલાવવા સંબંધમાં વિચાર કરી યોગ્ય કરવા માટે શ્રી મોહનલાલજી પારસન (કે જેઓ તુલાપટ્ટી જૈન દહેરાસરના મેનેજીંગ ટ્રસ્ટી છે) એમણે કલકત્તામાં વસતા બાલુચરસાથ, ઝવેરી સાથ, મારવાડીસાથ અને ગુજરાતીસાથના આગેવાનોની એક સભા રવિવાર, તા. ૨૩ ઑગસ્ટ ૧૯૫૯ ના રોજ બપોરના ૩ વાગે જૈન ભુવનના હૉલમાં બોલાવી હતી.

આ સભાનું પ્રમુખસ્થાન બાબુ રાજેન્દ્રસિંહજી સિંઘીને આપવામાં આવ્યું હતું. સભાએ સર્વાનુમતે અધિવેશન કલત્તામાં બોલાવવા અંગે નિર્ણય લીધો હતો અને કાર્યવાહી આગળ ધપાવવા માટે એક એડહૉક કમિટિ લગભગ ૬૧ ભાઈઓની બનાવી હતી. આ એડહૉક કમિટિના સેક્રેટરીઓ તરીકે શ્રી મોહનલાલજી પારસન અને શ્રી સોહનલાલજી કર્ણાવટની નિમણૂક કરવામાં આવી હતી. આ સમિતિની એક બેઠક પર્યુષણ પહેલાં મળશે અને સ્વાગત સમિતિની રચના કરવા બાબતું કરશે. "

મુરબ્બી અને આજીવન સભાસદો

દક્ષિણ પ્રદેશના પ્રવાસ દરમ્યાન નોંધાયેલ નીચેના વધુ સભ્યોની રકમ આભારસહિત સ્વીકારવામાં આવે છે :—

મદ્રાસના સભ્યો

પેટ્રન સભ્ય 'અ' વર્ગ રૂા. ૧૦૦૧

(૧) શ્રી ઢઢ્ઢા એન્ડ કંપની

આજીવન સભ્ય 'અ' વર્ગ રૂા. ૨૫૧

(૧) શ્રી કેશરીચંદજી મગનમલજી (૨) શ્રી દેવરાજજી માણેકચંદજી (૩) શ્રી ચિમનલાલ કોઠારી એન્ડ કંપની (૪) મેસર્સ સી. જે. શેઠ (૫) મેસર્સ જે. એમ. શેઠ (૬) મેસર્સ પોપ્યુલર સાઈકલ ઈમ્પોર્ટિંગ કંપની (૭) શ્રી સુખલાલજી જીવણચંદજી સમદડીઆ (૮) મેસર્સ મેટ્રોપૉલિટન સાઈકલ હાઉસ (૯) મેસર્સ બૉમ્બે સાઈકલ ઈમ્પોર્ટિંગ કંપની (૧૦) શ્રી પોપટલાલ ગોવરધનદાસ, કુલ રૂા. ૨૫૧૦]

આજીવન સભ્ય 'બ' વર્ગ રૂા. ૧૦૧

(૧) શ્રી પારસમલજી નહાર (૨) મેસર્સ મોતી ઍન્ડ કંપની (૩) મેસર્સ મદ્રાસ ડ્રગ સ્ટોર્સ (૪) શ્રી ગુલાબચંદજી મિલાપચંદજી કાનુગા (૫) શ્રી પાનમલજી શેઠીઆ (૬) શ્રી હીરાચંદજી રતનચંદજી નહાર (૭) શ્રી નેમીચંદજી ઝાબક (૮) મેસર્સ એફ. સંપત ઍન્ડ કંપની (૯) શ્રી જોરમલ માણિકલાલ શાહ (૧૦) શ્રી હિંમતમલજી દલીચંદજી શેઠ, કુલ રૂા. ૧૦૧૦]

ઉપરોક્ત રકમ વસૂલ લેવાના કાર્ય માટે શ્રી લાલચંદજી ઢઢ્ઢાએ જે ઉત્સાહ દાખવેલ છે તે બદલ તેઓનો આભાર માનીએ છીએ.

શ્રી જેસલમેર જ્ઞાનભંડાર સૂચિપત્ર ફંડ

શ્રી જેસલમેર જ્ઞાનભંડાર સૂચિપત્ર પ્રકાશન ફંડ ખાતે શ્રી મોતીશા જૈન દેરાસર (ભાયખલા) મુંબઈના રૂા.૨૫૧) અને શ્રી આદિનાથ જૈન શ્વેતામ્બર મંદિર–બેંગલોર તરફથી રૂા. ૧૦૦) પ્રાપ્ત થયા છે, તે બદલ ટ્રસ્ટી સાહેબોનો આભાર માનીએ છીએ. •

કૉન્ફરન્સ તરફથી કેન્દ્રોને સહાયતા

કૉન્ફરન્સ તરફથી શ્રી શ્રાવક–શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ ફંડની યોજનાના નિયમાધીન સંવત્ ૨૦૧૫ના વર્ષ માટે નીચેના કેન્દ્રોને સહાયતા મંજૂર કરવામાં આવી છે અને તેના પહેલા હપ્તાની રકમ તે તે કેન્દ્રોને ચેક દ્વારા મોકલી અપાઈ છે.

(૧) બોડેલી રૂા. ૩૦૦૦)–પૂરા અપાયા (૨) બારશી ટાઉન રૂા. ૧૦૦) પૂરા અપાયા (૩) મુંબઈ કૉન્ફરન્સ કેળવણી પ્રચાર સમિતિ રૂા. ૨૦૦૦) પૂરા અપાયા (૪) રાંધનપુર રૂા. ૧૨૦૦) (૫) અંબાલા રૂા. ૪૦૦૦) (૬) મહુવા રૂા. ૬૦૦) (૭) જુનાગઢ રૂા. ૭૦૦) (૮) ડભોઈ રૂા. ૧૦૦૦) (૯) દહેગામ રૂ. ૮૦૦) કુલ રૂપિયા ૧૩૪૦૦)

બીજી કેટલીક સમિતિઓ પાસેથી જરૂરી વિગતો આવી નથી તેમને તે મોકલી આપવા સૂચન કરવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓને શિક્ષણ અંગે સહાયતા

શ્રી શ્રાવક–શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ ફંડમાંથી સને ૧૯૫૯–૬૦ના વર્ષ માટે નીચેના ગામોના વિદ્યાર્થીઓને (ધોરણ ૫ થી ૧૧ સુધી માટે) શિક્ષણ અંગે સહાયતા મંજૂર કરવામાં આવી છે.

અનુક્રમ	સ્થળ	વિદ્યાર્થીસંખ્યા	મંજૂર કરેલ રકમ
૧	મુંબઈ	૨૨૬	૩૩૨૨.૦૦
૨	કટારીઆ	૩૪	૪૧૦.૦૦
૩	દહેગામ	૧૩	૨૧૧.૦૦
૪	પાલીતાણા	૧૧	૧૭૫.૦૦
૫	વિસનગર	૯	૧૫૮.૦૦
૬	પાદરા	૯	૧૨૫.૦૦
૭	આમોદ	૭	૧૦૫.૦૦
૮	નવસારી	૯	૧૬૬.૦૦
૯	પાલણપુર	૫	૯૦.૦૦
૧૦	ભાવનગર	૩	૫૦.૦૦
૧૧	રાજકોટ	૩	૪૩.૦૦
૧૨	વલ્લભીપુર	૨	૩૫.૦૦
૧૩	રાજપીપળા	૨	૩૦.૦૦
૧૪	સરભોણ	૨	૩૫.૦૦
૧૫	માલેગામ	૨	૩૫.૦૦
૧૬	કહોર •	૨	૩૩.૦૦
૧૭	યેવલા	૨	૩૫.૦૦
૧૮	જગાણા	૧	૨૦.૦૦
૧૯	પોરબંદર	૧	૨૦.૦૦
૨૦	સીસોદરા	૧	૨૦.૦૦
૨૧	લાકરોડ	૧	૨૦.૦૦
૨૨	લાડોલ	૧	૨૦.૦૦
૨૩	વ્યારા	૧	૨૦.૦૦
૨૪	મઢી	૧	૨૦.૦૦
૨૫	જુન્નર	૧	૨૦.૦૦
૨૬	નવાડીસા	૧	૨૦.૦૦
૨૭	કમરેજ	૨	૩૩.૦૦
૨૮	સુરત	૧	૧૮.૦૦
૨૯	કરચલીઆ	૧	૧૮.૦૦
૩૦	રાંદેર	૧	૧૮.૦૦
૩૧	મંદિર	૧	૧૫.૦૦
૩૨	વિંછિયા	૧	૧૫.૦૦
૩૩	હિંમતનગર	૧	૧૫.૦૦
૩૪	થાણા	૧	૧૫.૦૦
૩૫	ચિત્તલ	૧	૧૫.૦૦
૩૬	માણસા	૧	૧૫.૦૦
૩૭	કિશનગઢ	૧	૧૫.૦૦
૩૮	સાવરકુંડલા	૧	૧૫.૦૦
૩૯	સમોઉ	૧	૧૫.૦૦
૪૦	મીઠાપુર	૧	૧૦.૦૦
૪૧	મહેસાણા	૧	૧૦.૦૦
૪૨	કલોલ	૧	૧૦.૦૦
૪૩	ધોરાજી	૧	૧૫.૦૦
૪૪	વીરાર	૧	૧૦.૦૦
૪૫	ઉજ્જૈન	૧	૧૦.૦૦
૪૬	માંડળ	૧	૧૦.૦૦
૪૭	અમદાવાદ	૬	૯૫.૦૦
૪૮	કલકત્તા	૯	૨૫૦.૦૦
	કુલ	૩૮૬	૫૮૮૦.૦૦

અત્રે જણાવવાની જરૂર છે કે કૉન્ફરન્સની યોજનામાં મેટ્રિક પર્યન્તના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. કૉલેજમાં અભ્યાસ કરતા અનેક વિદ્યાર્થીઓને સહાયતાની જરૂર જણાતાં તેઓને કૉન્ફરન્સ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ "છાત્રાલયો અને છાત્રવૃત્તિઓ" નામક પુસ્તકમાંથી માર્ગદર્શન મેળવવાનું યોગ્ય થઈ પડશે.

જૈન તહેવારોની યાદી

મુંબઈ સરકારના એકઝામીનર ઑફ બુક્સ એન્ડ પબ્લીકેશન્સ તરફથી સને ૧૯૬૦ના જૈન તહેવારોની ચોક્કસ તારીખો અને દિવસ જણાવવા અંગે કૉન્ફરન્સને પત્ર મળતાં તે બાબતમાં પૂજ્ય મુનિવર્યો સાથે સંપર્ક સાધી કૉન્ફરન્સે ઘટતી માહિતી સરકારને લખી મોકલાવેલ છે.

ચૈત્યપરિપાટી માટે સગવડતા

પર્યુષણ પર્વાધિરાજ પછી પ્રાયઃ મુંબઈમાં બિરાજતા સર્વે પૂજ્ય મુનિવર્યો શ્રી સંઘ સાથે તેમ જ કેટલાક સંઘો-મંડળો-જ્ઞાતિ વ. એકત્રિત થઈ ચૈત્યપરિપાટીની યોજના કરે છે તે માટે સ્ટેટ ટ્રાંસપોર્ટ આદિને ઘટતી સગવડતા અગાઉથી રાખવા કૉન્ફરન્સે જણાવેલ છે.

એજ્યુકેશન બોર્ડ

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની શ્રી પ્રફુલ્લચંદ્ર બબલચંદ મોદી પુરુષવર્ગ અને શ્રી કાન્તાબેન બબલચંદ મોદી સ્ત્રી વર્ગ ધાર્મિક ઇનામી ધાર્મિક પરીક્ષા જુદાં જુદાં કેન્દ્રોમાં તા. ૨૦ ડિસેમ્બર, ૧૯૫૯ ને રવિવારે બપોરના ૧ થી ૪ વચ્ચે લેવામાં આવશે. આ પરીક્ષા માટેનાં અરજીપત્રક તા. ૧૫-૧૧-૧૯૫૯ સુધીમાં શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ, ગોડીજી બિલ્ડીંગ, ૨૦, પાયધુની, મુંબઈ ૨ ને સરનામે પહોંચાડવાં જરૂરી છે.

છાત્રાલયો અને છાત્રવૃત્તિઓ

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના છાત્રાલયો અને છાત્રવૃત્તિઓની વિગત પૂરી પાડતી પુસ્તિકાની કિંમત ૫૦ નયા પૈસા છે. વી. પી. થી આ પુસ્તિકા મોકલવા આગ્રહભર્યા પત્રો આવે છે, પણ તે ખર્ચની દૃષ્ટિએ વ્યવહારુ નથી. જે સંસ્થા કે વિદ્યાર્થીને આ ઉપયોગી માર્ગદર્શક પુસ્તિકાની જરૂરત હોય તેમણે ૬૪ નયા પૈસાની ટપાલ ટિકિટો મોકલવી અગર તો શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના કાર્યાલયમાંથી રૂબરૂમાં મેળવી લેવી.

સહકાર આપજો

શ્રી પર્યુષણપર્વાધિરાજના પવિત્ર દિવસોમાં કૉન્ફરન્સ નિભાવ ફંડ અને શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ ફંડને સમૃદ્ધ બનાવવા તેમ જ કૉન્ફરન્સના સભ્ય થવા ખાસ વિનંતી કરવામાં આવે છે. તદુપરાંત, સાહિત્ય પ્રકાશન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાની ખાસ જરૂર છે. સ્થાયી સમિતિના સભ્યો તેમ જ સંઘ-સંસ્થાઓએ પોતપોતાના ગામ, પ્રાંત કે પ્રદેશમાંથી વધુમાં વધુ સભ્યો નોંધી મોકલી આપવા. સૌના આ પ્રકારના સહકારથી અખિલ ભારતની આપણી આ મહાસભા સવિશેષ સમાજસેવા કરવા શક્તિમાન થશે.

卐

कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

पेट्रन 'अ' वर्ग	— —	रु. १००१	प्रदान कर
पेट्रन 'ब' वर्ग	— —	रु. ५०१	,,
आजीवन सभ्य 'अ' वर्ग		रु. २५१	,,
,, ,, 'ब' वर्ग		रु. १०१	,,

कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभागमें (खातामें) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

जैन युग

ग्राहक बनकर वार्षिक उपहार रु. २ (प्रतिमास ता. १ को प्रकट किया जाता है)

સ મા ચા ર સં ક લ ન

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

કેળવણી ક્ષેત્રમાં ઉત્તમ સેવા અર્પતી આ સંસ્થાની સ્થાપના ઈ. સ. ૧૯૧૫માં સ્વ. આચાર્ય શ્રીવિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી થઈ હતી. તેનો લાભ લઈ અનેક નવયુવાનોએ પોતાની કારકિર્દીને ઉજ્જવળ બનાવી છે અને વિવિધ ક્ષેત્રોમાં આગળ આવી પોતાની તેમ જ સંસ્થાની કીર્તિને વિભૂષિત કરી છે.

કેળવણીના ક્ષેત્રમાં માધ્યમિક શિક્ષણ માટેની મદદથી માંડી પરદેશમાં વિશિષ્ટ અભ્યાસ માટેની સહાય કરવા પ્રયત્ન કર્યો છે. એક દીપક બીજા દીપકને પ્રગટાવે તેમ એકમાંથી અનેક શાખાઓ–અમદાવાદ, વડોદરા, પુના–અસ્તિત્વમાં આવી છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રીઓએ પૂર્વવિદ્યાર્થીઓને સંબોધી એક વિજ્ઞપ્તિ બહાર પાડેલ છે, જેમાં જણાવવામાં આવેલ છે કે :—

" સંસ્થાએ જે કાંઈ સિદ્ધ કર્યું છે તે કરતાં તેણે હજુ જે કરવાનું બાકી છે તે વિશેષ મહત્ત્વનું છે. ગત સિદ્ધિઓના આનંદ કરતાં ભાવિ યોજનાઓના અમલની હાલ વિશેષ ચિંતા છે. તે અંગેનો વિચાર કરતાં અનેક ચિત્રો દૃષ્ટિ સમક્ષ તરવરી રહે છે. અમદાવાદમાં ખરીદેલ જમીન પર નવું અને સુંદર વિદ્યાર્થીગૃહ બાંધવાનું છે, વડોદરામાં વિદ્યાર્થીગૃહને વિશાળ બનાવવાનું છે તથા ત્યાં સભાગૃહ અને અતિથિગૃહનું નવું બાંધકામ કરવાનું છે. પુનાની વિશાળ જગા પર ઓછામાં ઓછો એક નવો બ્લોક બાંધી વધુ વિદ્યાર્થીઓ રાખી શકાય એવી વ્યવસ્થા કરવાની છે. પરદેશ અભ્યાસ અંગેની સહાય માટે સંગીન ભંડોળ એકઠું કરવાનું છે તેમજ દરેક શાખામાં અભ્યાસને લગતાં પુસ્તકો વસાવી સમૃદ્ધ પુસ્તકાલયો બનાવવાની તથા સાહિત્યપ્રકાશન અંગેની યોજનાઓનો અમલ કરવાનો છે. "

" ઉપર્યુક્ત જવાબદારીઓ અદા કરવા માટે સંસ્થાને ઓછામાં ઓછા પાંચ લાખ રૂપિયાની તાત્કાલિક જરૂર છે. આ ભંડોળ એકત્રિત કરવાનું કાર્ય સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ ધારે તો સહેલાઈથી કરી શકે એવી અમારી શ્રદ્ધા છે. સંસ્થામાં અભ્યાસ કરી ગયેલ લગભગ ૧૮૦૦ ઉપરાંતના ગ્રેજ્યુએટ અને અન્ડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓમાંથી તમારા જેવા ઘણા ભાઈઓ જીવનમાં સારી રીતે સ્થિર થયા છે, એટલું જ નહિ પણ સમાજમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરેલ છે. વળી સંસ્થાનો લાભ પામેલ વિદ્યાર્થી તેને મળેલ સહાયની ઉપયોગિતા ખૂબ સારી રીતે સમજી શકે એ સ્વાભાવિક છે; અને સંસ્થા તેમની પાસેથી સહકારની અપેક્ષા રાખે તે જરાપણ વધારે પડતી નથી...દરેક વિદ્યાર્થીબંધુ જો સંસ્થાને ઓછામાં ઓછા રૂા. ૫૦૦) રૂપિયા પાંચસો પોતે આપે અગર મેળવી આપે તો અમને ખાતરી છે કે પાંચ લાખ રૂપિયા તો શું પણ તેથીએ વધારે રકમ સંસ્થા માટે એકત્ર કરી શકાય. આ રીતે આ કાર્ય કોઈના ઉપર ખાસ બોજારૂપ થયા વગર સહેલાઈથી થઈ શકે એમ છે. "

૫. શ્રી પુણ્યવિજયજી મહારાજ

આવતા માસમાં મળનાર ગુજરાત સાહિત્ય પરિષદના ઇતિહાસ વિભાગના પ્રમુખ તરીકે આગમપ્રભાકર પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજની વરણી થઈ છે.

પં. સુખલાલજી

ઑક્ટોબર માસમાં મળનાર ગુજરાતી સાહિત્ય પરિષદના વિભાગીય પ્રમુખોમાં પં. સુખલાલજીની તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ તરીકે વરણી થએલ છે.

પ્રાચીન જૈન મૂર્તિઓ

અમદાવાદમાં ગીતામંદિર રોડ ઉપરની કો-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટીના બાંધકામ અંગેના ખોદકામ દરમિયાન તાજેતરમાં કેટલીક પ્રાચીન જૈન મૂર્તિઓ મળી આવી છે. આ મૂર્તિઓ પર "સંવત ૧૬૫૨, કાર્તિક શુદ ત્રીજ" દર્શાવવામાં આવેલ છે.

*

ધારાહાર (અલમોડા)માં હળ ચલાવતાં એક ખેડૂતને પોતાના ખેતરમાંથી શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની કલામય મૂર્તિ મળી છે. ૧૧મી સદીમાં આ સ્થળે એક જિનમંદિર હોવાનું મનાય છે.

*

બલાડ (બ્યાવર–રાજસ્થાન) ગામમાંથી મોટાસિંહ સવાઈસિંહ રાવતના મકાનમાંથી શ્રી આદિનાથપ્રભુ, શ્રી શ્રેયાંશનાથ પ્રભુ અને શ્રી શાંતિનાથ પ્રભુની આચાર્ય

શ્રી યશોદેવસૂજીએ પ્રતિષ્ઠિત કરાવેલ સંવત ૪૯૪ લગભગની પ્રતિમાઓ નીકળી છે.

ચતુર્થ અધિવેશન

શ્રી વીશા નીમા જૈન સમસ્ત જ્ઞાતિમંડળનું ચતુર્થ અધિવેશન શ્રી વાડીલાલ મનસુખરામ પારેખના પ્રમુખ-સ્થાને વેજલપુરમાં મળ્યું હતું, જેમાં લગ્નના ખર્ચ ઓછા કરવા તેમ જ કેળવણી પ્રચાર અંગે કાર્યવાહી થઈ હતી.

કરુણ અવસાન

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વડોદરા શાખામાં ઇન્ટરમીડિયેટ કૉલેજમાં પ્રેપરેટરી સાયન્સનો અભ્યાસ કરતા બનાસકાંઠા જિલ્લાના બસુ ગામના વિદ્યાર્થી શ્રી દીનેશચંદ્ર કાન્તિલાલ શાહ ગયા માસમાં કૉલેજ જતાં મોટર લોરીના કરુણ અકસ્માતમાં અવસાન પામેલ છે.

ઇનામી હરીફાઈ

ધાર્મિક જ્ઞાનના પ્રચારાર્થે શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ દ્વારા જુદી જુદી ત્રણ નિબંધ હરીફાઈ યોજવામાં આવેલ છે. આ હરીફાઈ અંગેની વિગત શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ, C/o શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, અમર નિવાસ, ન્યુ ચર્ની રોડ, મુંબઈ–૪ ને સરનામેથી મળશે.

હરીફાઈ સમારંભ

શ્રી જૈન ધાર્મિક શિક્ષણના ઉપક્રમે ગયા માસમાં પૂ. આચાર્ય શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજની નિશ્રામાં "સૂત્ર હરીફાઈ" અને "જીવનમાં ધર્મનું સ્થાન" એ વિષય વક્તૃત્વ હરીફાઈ યોજાઈ હતી.

ધાર્મિક શિક્ષણ આપવાનો પ્રશ્ન

શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક અને નૈતિક કેળવણી આપવાના પ્રશ્નોનો વિગતવાર અભ્યાસ કરી ભલામણ કરવા માટે ભારત સરકારે મુંબઈના શ્રી રાજ્યપાલ શ્રીપ્રકાશના પ્રમુખપદે ચાર સભ્યોની એક સમિતિ રચી છે.

હિંદુ ધાર્મિક ટ્રસ્ટો અંગે સમિતિ

લોકસભામાં કાયદા પ્રધાન શ્રી એ. કે. સેને જણાવ્યું છે કે હિંદુ ધાર્મિક ટ્રસ્ટોના વહીવટ અને નાણાંના ઉપયોગ અંગે તપાસ કરી યોગ્ય વહીવટ અને નાણાંના સદુપયોગ અંગેની ભલામણ કરવા સરકાર એક સમિતિ નીમવા ધારે છે.

એકતા સંમેલન

અખિલભારતના જૈનોની એકતા માટે તા. ૫–૮–૧૯૫૯ ના રોજ દિલ્હીના જૈનોની એક સભા શ્રી આનંદરાજ સુરાણાના પ્રમુખપદે મળી હતી. સભામાં ડિસેમ્બર ૧૯૫૯ થી ફેબ્રુઆરી ૧૯૬૦ પર્યન્તના સમયમાં દિલ્હીમાં જૈન સમાજના અગ્રેસરોની પરિષદ મેળવવા નિર્ણય કરેલ છે.

ક્ષમાપના (વિશ્વમૈત્રી) દિવસ

સંવત્સરી દિવસને વિશ્વમૈત્રી દિવસ તરીકે સંગઠિત રીતે ઊજવવા શ્રી ભારત જૈન મહામંડળના મંત્રીએ અપીલ કરી છે.

સ્વયંસેવક મંડળ સંચાલિત યાત્રા સ્પેશ્યલ

શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળે શ્રી પાવાપુરી સમ્મેતશિખરજી યાત્રા સ્પેશ્યલ લઈ જવાની યોજના કરી છે. તા. ૧૭–૧૦–૧૯૫૯ થી ૨૮–૧૧–૧૯૫૯ સુધીના ૪૫ દિવસના કાર્યક્રમમાં અનેક તીર્થસ્થળો અને સુપ્રસિદ્ધ શહેરોનો સમાવેશ અને યાત્રાળુઓની સેવાભાવથી સુંદર વ્યવસ્થા કરવામાં આવશે એમ પ્રચારમંત્રી શ્રી વરધીલાલ વમળશી શાહ અને શ્રી સેવંતીલાલ મણિલાલ જણાવે છે.

યુગપ્રધાન શ્રી જિનદત્તસૂરિજી સ્મૃતિ સમારોહ

અજમેરમાં યુગપ્રધાન શ્રી જિનદત્તસૂરીશ્વરજી મહા-રાજની સ્મૃતિ અંગે સમારોહ યોજાતાં પ્રમુખસ્થાનેથી શ્રી પ્રતાપમલજી શેઠીઆએ જૈન સમાજ અને ધર્મને સ્પર્શતા અનેક પ્રશ્નોની સમાલોચના કરી હતી.

ભારત જૈન મહામંડળ

ભારત જૈન મહામંડળના પ્રમુખ તરીકે શ્રી શાહુ શ્રેયાંશપ્રસાદન જૈનની વરણી કરવામાં આવી છે.

શ્રી મહાવીર જન્મકલ્યાણકની રજા

શ્રી મહાવીર જૈન સભા-માંડવલાદ્વારા શ્રી મહાવીર જન્મકલ્યાણકની જાહેર રજા મંજૂર કરાવવા ન્યુ દિલ્હી, હૈદ્રાબાદ, બેંગ્લોર, ભુવનેશ્વર, શિલોંગ અને લખનઉના હોમ મિનિસ્ટરને તાર કરવા સંઘો અને સંસ્થાઓને વિજ્ઞપ્તિ કરવામાં આવી છે.

અભિનંદન

શ્રી અનિલકુમાર ચંદુલાલ શાહ લંડન યુનિવર્સિટીની અર્થશાસ્ત્રની બી. એસસી. ની ડિગ્રી પ્રાપ્ત કરી ભારત પાછા ફર્યા છે.

卐

જ્ઞાન-ક્રિયા

હયं नाणं किया किंयाहीणं हवा अन्नाणओ किया।
पासंतो पंगुलो दड्ढो धावमाणो य अंधओ ॥

विशेषावश्यक सूत्र

જેમ દેખતો પાંગળો અને દોડતો આંધળો (એક બીજા છૂટા રહી) વળી ગયા, તેમ ક્રિયા વગરનું જ્ઞાન અને અજ્ઞાન વાળી ક્રિયા હત છે.

તપ

નો इहलोगट्ठयाए नो परलोगट्ठयाए ना कीर्तिवत्र सद्दमि लागट्ठयाए नत्रच्छ निज्जरट्ठायाए.

दशवैकालिक सूत्र अ. ४

આ લોકના સુખની ઇચ્છાથી નહિ, પરલોકના સુખની ઇચ્છાથી નહિ, કીર્ત્તિ મહત્તા કે પ્રશંસાની ઇચ્છાથી નહિ કિન્તુ કેવળ કર્મને નિર્જરવા માટે તપ કરવું જોઇએ.

मासे मासे उ जो बालो कुसग्गेणं तु भुंजइ।
न सो सुतक्खाय धम्मस कलं अग्घइ सोलसिं ॥

उत्तराध्ययन अ. ९ गा. ४४

બાળ-અજ્ઞાની જો માસખમણનું તપ કરી કુશાગ્ર-દાભડાની અણીથી ભોજન-પારણું કરે, તોપણ તે માણસ શાસ્ત્રસંમત સમ્યગ્જ્ઞાનયુક્ત ધર્મની સોળમી કળા-અંશની બરાબરી કરી શકે નહિ.

શરીર-આસક્તિ

जे केइ सरीरे सत्ता वण्णे रूवे य सव्वसो।
मणसा कायवक्केण सव्वे ते दुखसंभवा ॥

જેઓ કોઇ શરીરમાં, કે (તેના) વર્ણ રૂપમાં (રૂપ લાવણ્યમાં) સર્વથા મન વચન અને કાયાએ કરી આસક્ત થાય છે તેઓ સર્વે દુઃખમાં ઉતરે છે.

કષાય

कोहो य माणो य अणिग्गहिया।
गाया य लोभो य पवड्ढमाणा ॥
चंत्तारि एए कसिणा कसाया।
सिंचंति मूलाइं पुणभवस्स ॥

दश. अ. ८

ક્રોધ, અને માન અનિગ્રહિત-નિરંકુશ હોય, માયા અને લોભ વિશેષે કરી વૃદ્ધિંગત થતા હોય તો તે ચાર કષાય પુનર્જન્મના મૂળનું સિંચન કરે છે (અર્થાત્ જન્મમરણની વૃદ્ધિ કરે છે.)

कोहो पीइं पणासेइ माणो विणयनासणो।
माया मित्ताणि नासेइ लोभो सव्वविणासणो ॥

दश. अ. ८

ક્રોધ પ્રીતિનો વિનાશ કરે છે, માન વિનય-નમ્રતાનો નાશ કરનાર છે, માયા-કપટ મિત્રતાને-મિત્રોને નસાડે છે, લોભ સર્વ (ગુણોનો) વિનાશ કરનાર છે.

कोहं च माणं च तहेव मायं।
लोभं चउच्छं अझच्छ दोसा ॥
एयाणिवंता अरहा महेसी।
न कुव्वइ पाव न कारवेइ ॥

सुय. अ. ६

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર આધ્યાત્મિક દોષો છે, એને દૂર કરવામાં આવે તો અરહિંત અને મહર્ષિ (પદ મળે છે) અને ત્યારે પાપ કરવું કરાવવું બનતું નથી.

લેખાંક-૪

મહાનુભાવ મરિચિ અને ત્યારપછીના ભવોની વિચારણા

પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

[શ્રમણ ભગવાન મહાવીરપ્રભુના સ્થૂલ સત્તાવીશ ભવો પૈકી પ્રથમ નયસારનો ભવ, બીજો સૌધર્મકલ્પવાસી-દેવનો ભવ અને ત્રીજો મરિચિનો ભવ આ ત્રણેય ભવોના જીવનપ્રસંગો લેખાંક ૧-૨-૩માં યથોચિત વર્ણવાઈ ગયા છે. ચતુર્થભવથી હવે નિરૂપણનો પ્રારંભ થાય છે.]

મરિચિની હયાતીનો સમય એટલે આત્મકલ્યાણની વધુ અનુકૂળતાનો સમય

મરિચિના ભવમાં આયુષ્ય પૂર્ણ થયા બાદ ભગવાન મહાવીર પ્રભુનો આત્મા ચતુર્થભવે વૈમાનિક નિકાયના પંચમ બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયો છે. મરિચિની હયાતીનો સમય એટલે ભગવાન ઋષભદેવ પ્રભુના નિર્વાણની આસપાસનો સમય. આજના સમયની અપેક્ષાએ એ સમય આત્માના કલ્યાણ માટે ઘણો અનુકૂળ હતો. કાળ પરત્વે એ સમયના માનવોમાં કષાયોની મંદતા હતી, અનીતિ-અસત્ય તેમ જ હિંસાનું ઘણું અલ્પપણું હતું. એ સમયના માનવોમાં સરળતા-ભદ્રિકતા વગેરે ગુણો સ્વાભાવિક રીતે વિદ્યમાન હતા. આવા અનુકૂળ સંજોગોમાં મરિચિનો જન્મ થવા પછી ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુ પાસે ચારિત્ર ગ્રહણ, અગિયાર અંગનો શાસ્ત્રાભ્યાસ અને પ્રભુની પવિત્રનિશ્રામાં અમુક વર્ષો પર્યંત સંયમધર્મની આરાધનાનો સુભગ યોગ તેમને પ્રાપ્ત થયો હતો. ભગવાન શ્રી ઋષભદેવજીના નિર્વાણ બાદ અજિતનાથ ભગવંતે લગભગ પચાસ લાખ કોટી સાગરોપમ જેટલો કાળ એટલે અસંખ્ય વર્ષો પસાર થયા પછી ધર્મશાસનની સ્થાપના કરી, ત્યાં સુધી ભગવાન શ્રી ઋષભદેવજીનું ધર્મશાસન વિદ્યમાન હતું. એ ધર્મશાસનના અવલંબનથી અસંખ્ય આત્માઓ મુક્તિ-પદના અધિકારી બન્યા અને અસંખ્ય આત્માઓ એકાવતારી દેવ તરીકે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.

મરિચિ પંચમ દેવલોકમાં કેમ ઉત્પન્ન થયા ?

મરિચિ તો ખુદ ભગવાન ઋષભદેવજીના હસ્તદીક્ષિત હતા. અને અમુક વર્ષો સુધી પ્રથમ તીર્થંકરની છત્ર-છાયામાં સંયમની આરાધના ચાલુ હતી. એ સંજોગોમાં એમનો આત્મા તો અવશ્ય મુક્તિનો અધિકારી બનવો જોઈએ. એમ છતાં મરિચિ આયુષ્ય પૂર્ણ થયા બાદ પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા તેનું પ્રધાન કારણ કર્મસત્તાનું પ્રાબલ્ય હતું. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ વગેરે નિમિત્ત કારણની સામગ્રી ગમે તેટલી અનુકૂળ હોય પણ ક્ષાયિકભાવસ્વરૂપ ઉપાદાન કારણની જ્યાં સુધી અનુકૂળતા ન થાય ત્યાં સુધી આત્મા મુક્તિનો અધિકારી બની શકતો નથી. ઉષ્ણપરિષહના પ્રસંગે શરીરની મમતાના કારણે શુદ્ધસંયમધર્મનો પરિત્યાગ કરી પરિવ્રાજક-ત્રિદંડિક વેષને ધારણ કરવો, તીર્થંકરપદ-ચક્રવર્તીપદ તેમ જ વાસુદેવપદની પોતાને ભાવિકાળે પ્રાપ્તિ થવાની હકીકત ભરતજી પાસેથી જાણવામાં આવતાં ત્રિકરણયોગે કુળમદ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થવો અને કપિલ પાસે મોક્ષમાર્ગ વિરૂદ્ધ નિરૂપણ કરવાની સર્વથી વધુ અનર્થકારક પરિસ્થિતિ ઊભી થવી, એ બધી ઘટનાઓ મરિચિ માટે કર્મસત્તા અને મોહની પ્રબળતા અંગે સાક્ષીભૂત હતી.

જીવનવિશુદ્ધિ માટે આલોચના-પ્રતિક્રમણાદિના અત્યન્ત જરૂરિયાત

આત્મકલ્યાણનો પવિત્ર માર્ગ પ્રાપ્ત થયા બાદ સત્તામાં રહેલા મોહરાજાની પ્રબળતાના કારણે વિષય કષાયનું પ્રતિકૂળ વાતાવરણ મળતાં એ પવિત્ર માર્ગથી ઘણીવાર સ્ખલિત થઈ જવાય છે, એમાં આશ્ચર્ય નથી. આત્મકલ્યાણનો પવિત્ર માર્ગ પ્રાપ્ત થવો જેમ અતિ દુષ્કર છે, તેનાથી અધિક દુષ્કરતા પ્રાપ્ત થયેલા એ પવિત્ર-માર્ગમાં અસ્ખલિતપણે ટકી રહેવામાં છે. પરંતુ એ ઉત્તમ પરિસ્થિતિ કોઈ તદ્ભવ મુક્તિગામી અથવા એકાવતારી વગેરે નિકટ મુક્તિગામી આત્માઓને જ

પ્રાપ્ત થાય છે. સિવાય ઘણાખરા આત્માઓને તો ચારિત્ર જેવા ચારિત્રનો સ્વીકાર કર્યા બાદ પ્રમત્તદશાના યોગે આરોહ અવરોહનો ક્રમ એકભવ નહિ પરંતુ અનેક ભવો પર્યંત ચાલે છે, અને એ પ્રમાણે અનેક ભવો પર્યંત એ આરોહ–અવરોહનો ક્રમ ચાલ્યા બાદ એક ભવ એવો પ્રાપ્ત થાય છે કે તે ભવમાં એ ઉત્તમ આત્માને અપ્રમત્ત ભાવના કારણે કેવળ આરોહની અનુકૂળતા પ્રગટ થાય છે અને અંતે નિર્વાણપદનો તે અધિકારી બને છે. સમ્યગ્-દર્શનાદિ કોઈપણ ગુણ પ્રગટ થયા બાદ પ્રથમથી જ તે ગુણો અતિચાર વિનાના અર્થાત્ યત્કિંચિત પણ દૂષણ વિનાના નથી હોતા. ક્ષયોપશમ ભાવના ગુણમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારાદિનો સંભવ અવશ્ય રહેલો છે. બિલકુલ નિરતિચારપણું તો ક્ષાયિક ભાવે સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટ થાય ત્યારે જ પ્રાપ્ત થાય છે. ફક્ત વિશેષતા એટલી છે કે વ્રતાદિગ્રહણ કર્યા બાદ મુમુક્ષુ આત્મા ગ્રહણ કરેલાં વ્રતોમાં અતિચારાદિ ન લાગે તે માટે સદાય સાવધાન રહે, તેવા વાતાવરણથી દૂર રહે અને અખંડ ગુરુકુળવાસનો સ્વીકાર કરે. એમ છતાં પ્રમાદના કારણે અતિચારાદિ લાગે તો તેની આલોચના કરવાનું ન ચૂકે. પ્રભુના પવિત્ર શાસનમાં સવાર સાંજ તેમ જ પાક્ષિક-ચાતુર્માસિક અને વાર્ષિક (સંવત્સરી) પ્રતિ-ક્રમણની જે વ્યવસ્થા છે તે પોતાના વિશુદ્ધ જીવનમાં લાગેલા અતિચારોની આલોચના કિંવા પાપાચરણના પશ્ચાત્તાપ માટે જ છે. **આલોચના કિંવા પ્રતિક્રમણ એ અનુપમ આત્મનિરીક્ષણ છે. જો જાગૃતિપૂર્વક થાય તો જીવનશોધનનું એ અજબ સાધન છે.** વિશુદ્ધ જીવનના વ્યવહારમાં સ્ખલના ન થવા દેવી એ સર્વોત્તમ છતાં ઘણી મુશ્કેલ બાબત છે. આત્માની નબળાઈ અને પ્રતિકૂળ વાતાવરણના કારણે સ્ખલના કદાચ થઈ જાય તો તેટલા માત્રથી નાશીપાસ થવાની જરૂર નથી. સ્ખલના થવા બાદ સ્ખલનાનું સ્ખલનારૂપે ભાન થવું, અને એ પ્રમાણે ભાન થયા બાદ થયેલી સ્ખલનાઓ માટે આલોચના પ્રતિક્રમણાદિ પ્રાયશ્ચિત્તનો ઉપયોગ કરી લેવો તેમ જ જીવન વિશુદ્ધ બનાવવું એ પણ મુમુક્ષુ આત્મા માટે આત્મકલ્યાણનો જ માર્ગ મહાપુરુષોએ જણાવ્યો છે. જીવનમાં હંમેશાં ઉપર મુજબ આત્મ-નિરીક્ષણ ન થઈ શકે તો પખવાડિયે, ચાર મહિને, બાર મહિને છેવટે આયુષ્ય પૂર્ણ થવા પહેલાં તો આત્મ-નિરીક્ષણ સ્વરૂપ આલોચના થઈ જ જવી જોઈએ. ગ્રહણ કરેલાં વ્રતોમાં અતિચારાદિ લાગવા છતાં અંત:કરણની વિશુદ્ધિથી છેવટે અંતિમ સમયે પણ જો ભાગ્યવાન આત્મા આલોચના કરી લે તો તે આત્મા આરાધક ગણાય છે. અને ગ્રહણ કરેલાં વ્રતોમાં લાગેલા અતિચારાદિની અથવા વ્રતો ગ્રહણ કરવા સિવાય જીવનમાં સેવાયેલા અનાચારોની આલોચના-પશ્ચાત્તાપ-મિથ્યાદુષ્કૃત વગેરે પ્રાયશ્ચિતની પ્રવૃત્તિ જે કોઈ કરતો નથી તે આત્મા વિરાધક ગણાય છે.

મરિચિને અંતિમ સમયે આલોચનાનો અભાવ

મરિચિ માટે પણ આવા વિરાધક ભાવનો જ પ્રસંગ પ્રાપ્ત થયો છે. પરિવ્રાજક વેષનો સ્વીકાર, કુલમદ કરવાનો પ્રસંગ અને ઉત્સૂત્રપ્રરૂપણા વગેરે વિપરીત માર્ગની આચરણા થઈ ગયા બાદ પણ આયુષ્ય પૂર્ણ થવા પહેલાં જો એ વિપરીત પ્રવૃત્તિ માટે અંત:કરણમાં સાચી રીતે પશ્ચાત્તાપ થવાપૂર્વક આલોચનાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોત તો તો મરિચિનું જીવન પણ આરાધક ભાવનું અધિકારી બની જાત! પરંતુ મરિચિને મોહનું પ્રાબલ્ય હતું. એના કારણે ચારિત્રગ્રહણ કર્યા બાદ સંયમ અને શ્રદ્ધા બન્નેથી ભ્રષ્ટ થવાય તેવી ત્રિકરણયોગે પ્રવૃત્તિ થઈ. શુદ્ધ માર્ગમાંથી ખસી પરિવ્રાજકપણાનો સ્વીકાર એ સંયમભ્રષ્ટતા હતી. અને કપિલ પાસે ઉત્સૂત્રપ્રરૂપણા કરી તે શ્રદ્ધાથી ભ્રષ્ટતા હતી. એ ઉભય પ્રકારની શોચનીય પરિસ્થિતિ પ્રાપ્ત થવા બાદ અંતિમ સમયે અર્થાત્ આયુષ્ય પૂર્ણ થવા અગાઉ આલોચના કર્યા સિવાય જ મરિચિ પરલોકમાં પહોંચી ગયા એ અનાલોચના ઉભય ભ્રષ્ટતાથી પણ અધિક પ્રમાણમાં આત્માના અધ:પતનનું કારણ હતી. મરિચિ પંચમ બ્રહ્મદેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા એટલે આપણી વર્તમાન દૃષ્ટિએ પંચમ બ્રહ્મદેવલોકનું સ્થાન ઘણું ઊંચું લાગે–પણ મરિચિની હયાતીનો સમય–અને તેમાં પણ સંયમાદિની પ્રાપ્તિની અપેક્ષાએ એ સ્થાન ઘણું નીચું હતું.

અંતરંગ વિકાસ ઉપર સ્થાનની ઉચ્ચતાનો આધાર છે.

એક વાર માની લઈએ કે બ્રહ્મદેવલોકનું સ્થાન ઊંચું હતું તો પણ તે બાહ્ય સુખની અપેક્ષાએ ઊંચું સમજવાનું, પરંતુ આધ્યાત્મિક-અંતરંગ જીવનની અપેક્ષાએ ઊંચું સ્થાન સમજવાનું નથી. એક મિથ્યાદૃષ્ટિ આત્મા બાહ્ય કષ્ટક્રિયાના કારણે પાંચમા દેવલોકથી પણ ઘણા ઊંચા ગણાતા નવમ ગ્રૈવેયકના સ્થાનમાં દેવ તરીકે ઉત્પન્ન થાય. જ્યારે બીજો આત્મા તપ-જપ-વ્રત-પચ્ચક્ખાણ વગેરેની

અલ્પતા કિંવા અભાવ છતાં સમ્યગ્દર્શનજન્ય શ્રદ્ધાના કારણે સૌધર્મ દેવલોક અર્થાત્ પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થાય. બાહ્ય સુખનાં સાધનોની અપેક્ષાએ ભલે નવમ ગ્રૈવેયકમાં ઉત્પન્ન થનાર મિથ્યાદૃષ્ટિ જીવનું સ્થાન ઊંચું ગણાય પરંતુ અંતરંગ-આધ્યાત્મિક દૃષ્ટિએ તો પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થનાર સમ્યગ્દૃષ્ટિનું સ્થાન જ ઉચ્ચ કક્ષાનું ગણાય છે. નવમી ગ્રૈવેયકમાં ઉત્પન્ન થયેલો દેવ એકત્રીસ સાગરોપમ પર્યંત પૌદ્ગલિક સુખો ભોગવે છે, પણ આયુષ્યની મર્યાદા પૂર્ણ થયે એ આત્માને સંસારમાં ચિરકાલ પર્યંત દુરંત દુઃખો ભોગવવાનું મિથ્યાદર્શનના પ્રભાવે ચાલુ રહેવાનું છે. જ્યારે સૌધર્મ દેવલોકમાં પૌદ્ગલિક સુખોનું પ્રમાણ નવમી ગ્રૈવેયકની અપેક્ષાએ અલ્પ હોય છે, પરંતુ આયુષ્યની મર્યાદા પૂર્ણ થયા બાદ મનુષ્યાદિભવોમાં ઉત્પન્ન થઈ સમ્યગ્દર્શનના પ્રભાવે એ આત્મા અલ્પભવોમાં અનંત સુખનો ભોક્તા બનવાનો છે. **બાહ્ય સાધનો એ ક્ષણિક સુખના હેતુઓ છે, જ્યારે અંતરંગ વિકાસ એ ચિરસ્થાયી સુખનું સાધન છે.**

પ્રકાશમાંથી અંધકારમાં ગયા બાદ પુનઃ પ્રકાશ પ્રાપ્ત થવો મુશ્કેલ બને છે.

મરિચિ માટે પણ એ દેવલોકનું સ્થાન બાહ્ય સુખનું સાધન છે. પરિવ્રાજકપણાનો સ્વીકાર કર્યા બાદ પણ શ્રદ્ધાની આછી આછી પણ જ્યોત જે વિદ્યમાન હતી તે કપિલ પાસે ઉત્સૂત્રપ્રરૂપણાના પ્રસંગે સર્વથા બુઝાઈ ગઈ છે. દેવલોકમાં પણ એ આત્માને તે દિવ્ય જ્યોતિના અભાવે અંતરંગ દૃષ્ટિએ અંધકાર જ રહ્યો છે. એટલું જ નહિ પણ મરિચિના ભવમાં પ્રગટ થયેલો એ અંધકાર લગભગ દસ અગિયાર ભવો પર્યંત સતત ચાલુ રહ્યો છે. **અંધકારમાંથી પ્રકાશમાં આવવું જેમ અત્યંત મુશ્કેલ છે તેમ પ્રગટ થયેલો પ્રકાશ બુઝાઈ ગયા બાદ પુનઃ પ્રકાશ પ્રાપ્ત થવો તે પણ સહજ બનતું નથી.** અને એમાં પણ વિપરીત પ્રવૃત્તિ વધુ પડતા આવેશ કિંવા રસથી થયેલ હોય તો તે આત્માને પુનઃ સમ્યગ્દર્શનનો નિર્મળ પ્રકાશ ઘણા લાંબા ગાળે પ્રાપ્ત થાય છે.

આચારભ્રષ્ટતાથી ઉત્સૂત્રપ્રરૂપણા એ મોટું પાપ છે.

બીજી એક વાત આવા પ્રસંગે ખાસ ધ્યાનમાં લેવાની છે કે કોઈ પણ વ્યક્તિના જીવનમાં મોહોદયના કારણે આચારભ્રષ્ટતાનું પાપ થઈ જવું એ યદ્યપિ તેના આત્મા માટે હિતાવહ નથી. એમ છતાં તે આચારભ્રષ્ટતાથી તે વ્યક્તિનું જ અહિત થાય છે. પરંતુ એ આચાર-ભ્રષ્ટતાના પાપની પરંપરા ભાવિકાળે થનારા જીવોમાં દીર્ઘકાળપર્યંત પ્રાયઃ ચાલતી નથી. પણ ઉત્સૂત્ર પ્રરૂપણાના પાપની તો હજારો, લાખો યાવત્ અસંખ્ય વર્ષો પર્યંત અવિચ્છિન્ન પરંપરા ચાલે છે. અને એ વિરુદ્ધ માર્ગની અસંખ્ય વર્ષો પર્યંત ચાલતી અનિષ્ટ પરંપરાનું પાપ અમુક પ્રમાણમાં વિરુદ્ધ માર્ગપ્રવર્તક મૂળ વ્યક્તિને ફાળે જાય છે. મરિચિએ કપિલ પાસે ઉત્સૂત્રપ્રરૂપણા કરી અને આલોચનાદિ પ્રાયશ્ચિત કર્યા સિવાય આયુષ્ય પૂર્ણ થયે સ્વર્ગલોકમાં મરિચિ ઉત્પન્ન થયા, પરંતુ ત્યારબાદ કપિલે ઉપદેશ દ્વારા અનેક-શિષ્યસમુદાયને તૈયાર કર્યો. તે સર્વની પાસે પોતાના સિદ્ધાન્તો તેમ જ આચારો રજૂ કરી પોતાના મતને પુષ્ટ બનાવ્યો. એટલું જ નહિ પરંતુ કપિલ આયુષ્ય પૂર્ણ થયા બાદ પંચમ બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયો, ત્યાંથી પણ અવધિવિભંગજ્ઞાનના બળ વડે પૂર્વજન્મનું જ્ઞાન થતાં પોતાના પુષ્ટ કરેલા સાંખ્ય મતનો વધુ ને વધુ પ્રચાર કરવામાં પોતાની દિવ્યશક્તિનો ખૂબ ઉપયોગ કર્યો. **મતાગ્રહનું પાપ એટલું ભયંકર છે કે મતાગ્રહી આત્મા પોતાના આત્માનું તો અહિત કરે છે પણ અસંખ્ય વર્ષો પર્યંત ગણનાતીત આત્માઓને એ મતાગ્રહના પાપથી દુર્ગતિના અધિકારી બનાવે છે.**

ભગવાન મહાવીરના પાંચમા ભવથી પંદરમા ભવ સુધીની હકીકત.

બ્રહ્મદેવલોકનું આયુષ્ય પૂર્ણ થયા બાદ પંચમભવમાં કોલ્લાક નામના સન્નિવેશમાં મરિચિનો કિંવા ભગવાન મહાવીરનો આત્મા કૌશિક બ્રાહ્મણરૂપે મનુષ્યજન્મ પ્રાપ્ત કરે છે. પૂર્વજન્મના વિરાધક ભાવને કારણે જીવનમાં વિષયાસક્તિ, ધનની લોલુપતા અને પાપા-ચરણમાં નિર્ધ્વંસ પરિણામાદિ દુર્ગુણો પ્રગટ થાય છે. એ ભવમાં એ કૌશિક વિપ્રનું એંશી લાખ પૂર્વનું આયુષ્ય છે. આયુષ્યનો ઘણો ભાગ ઉપર જણાવ્યા પ્રમાણે દુરાચારમાં પસાર થાય છે. એ કૌશિક વિપ્ર આયુષ્યના છેલ્લા ભાગે ત્રિદંડિકપણાનો સ્વીકાર કરે છે છતાં જીવ-નનો મોટો ભાગ અધમ આચારમાં પસાર થયેલો હોવાથી ભગવાન મહાવીરના આત્માને આ પાંચમા ભવ પછી પશુ-પક્ષી વગેરે અનેક ક્ષુદ્ર ભવો કરવા પડે છે. સત્તાવીશ ભવોની ગણતરીમાં આ ક્ષુદ્ર ભવોની ગણના કરવામાં આવેલ નથી. આ અનેક ક્ષુદ્ર ભવોમાં પરિભ્રમણ દ્વારા અકામનિર્જરાના યોગે અશુભ કર્મ હળવું બનતાં પુનઃ છઠ્ઠા ભવમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે. થૂણાનગરીમાં વિપ્રકુળ-

માં ઉત્પત્તિ, પુષ્પમિત્ર નામ, બોંતેરલાખપૂર્વનું આયુષ્ય અને આયુષ્યના છેલ્લા ભાગમાં ત્રિદંડિકપણાનો સ્વીકાર કરી અંતે આયુષ્ય પૂર્ણ થતાં સાતમા ભવમાં સૌધર્મદેવલોક-માં મધ્યમ આયુષ્યવાળા દેવ તરીકે ભગવાન મહાવીર ઉત્પન્ન થાય છે. ત્યાર બાદ આઠમો ભવ ચૈત્યસન્નિવેશ નામનું સ્થાન, અગ્નિદ્યોત નામે વિપ્ર, ચોસઠલાખપૂર્વનું આયુષ્ય અને પ્રાન્તે ત્રિદંડિકપણું, નવમા ભવે ઈશાન દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળા દેવ, દશમો ભવ મન્દર સન્નિવેશ નામના સ્થાનમાં અગ્નિભૂતિવિપ્ર, છપ્પન લાખ પૂર્વનું આયુષ્ય અને આયુષ્યના છેલ્લા ભાગે ત્રિદંડિક ધર્મનો સ્વીકાર, અગિયારમા ભવે સનત્કુમાર દેવલોકમાં મધ્યમ આયુઃસ્થિતિ વાળા દેવ, બારમા ભવે શ્વેતામ્બિકા નગરીમાં ભારદ્વાજનામે વિપ્ર, ચુમ્માલીશલાખપૂર્વનું આયુષ્ય, આયુષ્યના પ્રાન્તભાગે ત્રિદંડિકપણાનો સ્વીકાર, તેરમા ભવે ચતુર્થમાહેન્દ્ર દેવલોકમાં મધ્યમ આયુઃસ્થિતિ-વાળા દેવ, ચૌદમા ભવે રાજગૃહ નગરમાં સ્થાવર નામે વિપ્ર, ચોત્રીશ લાખ પૂર્વનું આયુષ્ય તેમજ પ્રાન્તે ત્રિદંડિક વેષને ધારણ કરી, પંદરમા ભવે પંચમ બ્રહ્મદેવલોકમાં મધ્યમ આયુષ્યસ્થિતિવાળા દેવ તરીકે ભગવાન મહાવીર પ્રભુનો આત્મા અવતારને ધારણ કરે છે. અને બ્રહ્મદેવલોકમાં દેવભવનું આયુષ્ય પૂર્ણ થયા બાદ સોળમા ભવે રાજગૃહ નગરમાં વિશાખનન્દી રાજાના અનુજબંધુ વિશાખભૂતિ યુવરાજની રાણી ધારિણીની કુક્ષિથી વિશ્વભૂતિરાજકુમાર તરીકે જન્મ પ્રાપ્ત કરે છે.

એક જન્મની વધુ પડતી ભૂલની અનેક ભવો સુધી કારમી શિક્ષા

મરિચિના ભવમાં કરેલા કુલમદના કારણે બંધાયેલ નીચગોત્રના પ્રભાવે પંદરમા ભવ પર્યંત જ્યારે જ્યારે મનુષ્યપણું પામ્યા ત્યારે ભિક્ષાવૃત્તિના નિમિત્તે અપ્રશસ્ત ગણાતા બ્રાહ્મણકુળમાં જન્મ થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. ત્રિદંડિકવેષનો સ્વીકાર અને ઉન્માર્ગદેશના–જન્ય દર્શન મોહનીય કર્મના કારણે અસંખ્ય વર્ષો પર્યંત ભગવંત મહાવીરનો આત્મા સમ્યગ્દર્શન અને તેના અનન્ય સાધન સુદેવ, સુગુરુ અને સુધર્મથી વંચિત રહેવા ઉપરાંત દરેક મનુષ્યના ભવમાં મોક્ષની પ્રાપ્તિમાં પ્રતિબંધક આચાર-વિચારોથી યુક્ત ત્રિદંડિકપણું પામ્યા. **જીવનમાં સંજોગવશાત ધર્મની આરાધના કદાચ અલ્પ પ્રમાણમાં થાય અથવા ન પણ થાય તો તેટલા માત્રથી આત્માનું વધુ પ્રમાણમાં અહિત થતું નથી. પરંતુ શુદ્ધધર્મ માર્ગથી વિપરીત-શ્રદ્ધા અને ઉન્માર્ગ દેશનાનું આવેશભર્યું** સ્થાન આવી જાય તો મરિચિના આત્માની માફક અસંખ્ય કાળ પર્યંત આત્મકલ્યાણના અનુકૂળ સાધનોથી તે આત્માને વંચિત રહેવું પડે છે. ભગવંત મહાવીર પ્રભુના સત્તાવીશ સ્થૂલ ભવો પૈકી પંદર ભવો અને તેમાંના જીવનપ્રસંગોને અનુસરતું વિવેચન અહીં પૂર્ણ થાય છે. સોળમા ભવનો વૃત્તાંત હવે પછીના પાંચમા લેખાંકમાં રજૂ કરવામાં આવશે.



વિપાકસૂત્ર : એક પર્યાલોચના

પ્રોફે. કેશવલાલ હિં. કામદાર, એમ. એ.

વિપાકસૂત્ર જૈન આગમનું અગિયારમું અંગ છે. શુભઅશુભ કર્મોના ફળભૂત વેદનાના વિપાકનું વર્ણન તેમાં અપાયેલું છે. આ સૂત્ર 'કર્મવિપાકદશા'ને નામે પણ ઓળખાય છે. આ સૂત્રના બે વિભાગો છે : પ્રથમ શ્રુતસ્કંધ, અને દ્વિતીય શ્રુતસ્કંધ, જે દરેકમાં દસ દસ અધ્યયનો છે. પ્રથમ શ્રુતસ્કંધ દુઃખવિપાકનો છે, જ્યારે દ્વિતીય શ્રુતસ્કંધ સુખવિપાકનો છે. દુઃખવિપાકના પ્રથમ શ્રુતસ્કંધનાં અધ્યયનો વિષયભૂત જીવ-આત્માના પૂર્વ-પશ્ચિમ ભવભવાંતરોને વર્ણવતાં વિસ્તારથી આપવામાં આવ્યાં છે, જ્યારે બીજા સુખવિપાક શ્રુતસ્કંધનાં અધ્યયનો ટૂંકાં આપવામાં આવ્યાં છે—જાણે કે દુઃખવિપાક વિષે પાઠક વિશેષ જાણે તો સારું એવો સૂત્રકારનો ખાસ ઇરાદો હોય નહિ! જંબૂસ્વામીએ મહાવીર પ્રભુના પાંચમા ગણધર સુધર્માસ્વામીને મહાવીરે ઉપદેશેલી વસ્તુ વિષે પ્રશ્નો કરેલા, તેના ઉત્તરરૂપે આ સૂત્ર તૈયાર કરાયેલું છે. અભયદેવસૂરિએ આ સૂત્ર ઉપર સંસ્કૃત ટીકા ટૂંકામાં આપેલી છે. વિક્રમ સંવત્ ૧૫૮૨માં જંબૂ નિવાસી શ્રીમાળી અરિસિંહ રાણાએ અગિયાર અંગોની પ્રતો લખાવી હતી, તેમાં એક વિપાકસૂત્રની પ્રત છે. Indian Antiquary ના સત્તરમા અને વીસમા ગ્રંથોમાં આ સૂત્ર ઉપર થોડીક વિવેચના કરવામાં આવી છે. મૂળ અર્ધમાગધી પાઠ, છાયા, સંસ્કૃત ટીકા, હિન્દી-ગુજરાતી અનુવાદો સહિત, સ્થાનકવાસી મુનિ શ્રી ઘાસીલાલજી મહારાજની સંપાદિત બીજી આવૃત્તિ ટૂંક સમયમાં, રાજકોટથી પ્રસિદ્ધિ પામશે.

વિપાકસૂત્રમાં અનેક ઐતિહાસિક, ભાષાશાસ્ત્રીય, સામાજિક હકીકતો ગૂંથી લેવામાં આવી છે. જૈન વિદ્યાના, પ્રાચીન ભારતી વિદ્યાના અભ્યાસ માટે તેની સૂક્ષ્મ તપાસ આવશ્યક છે. મારી સમજ પ્રમાણે આવી સૂક્ષ્મ તપાસ હજુ થઈ નથી.

આખું વિપાકસૂત્ર ગદ્યાત્મક છે. આચારાંગ, ઉત્તરાધ્યયન વગેરે સૂત્રોની ભાષાની અપેક્ષાએ તેની ભાષા મોડા યુગની ભાષા કહી શકાય. આ સૂત્રના ગદ્યમાં કોઈ લાંબો સમાસ આવતો નથી. આ દૃષ્ટિએ એ ઉવવાઈ-સૂત્રથી જુદું પડે છે.

વિપાકસૂત્ર કેવળ વર્ણનાત્મક સૂત્ર છે. તેમાં જૈન-દર્શનની કોઈ ફિલસૂફી આવતી નથી. જૈનદર્શનના કોઈ ખાસ આચાર-વિચાર પણ તેમાં આવતા નથી. તેની રચના જૈનભદ્ર લોકના હિત ખાતર કરવામાં આવી હોય એમ જણાય છે.

મહાવીરસ્વામી જે જે ગ્રામ-નગરીઓમાં વિચર્યા હતા, તે ગ્રામ-નગરીઓ, તેના ક્ષત્રિય રાજ્યકર્તાઓ, યુવરાજો, યુવરાજ્ઞીઓ, ગ્રામનગર અધિષ્ઠાતા યક્ષોનાં આયતનો, ઉદ્યાનો, સાર્થવાહો, ગણિકાઓ, ગાથાપતિઓ, ચોર લોકો, ચોરપલ્લીઓ, કૂટાગારો, ગોમંડપો, વૈદ્યો, રોગો, ઔષધિઓ, શાંતિહોમની ક્રિયાઓ, યક્ષપૂજા વગેરેનાં વર્ણનો અહીં આવે છે. અલબત્ત, ગ્રામ-નગરીઓનાં, ઉદ્યાનોનાં, રાજરાણીઓનાં અને યક્ષમંદિરોનાં વર્ણનો પરંપરા પ્રમાણે માની લેવાં એમ નિર્દેશક-વર્ણક શબ્દના પ્રયોગથી દરેક અધ્યયનમાં કહેવામાં આવ્યું છે, એ ખરું છે. આપણે અત્યારે એમ તો ન માની શકીએ કે તે વખતનાં બધાં વર્ણનો એક-સરખાં જ હશે. એ પરિપાટી તો વ્યાખ્યાતા અને શ્રોતાજન, બંનેની સગવડ સાચવવા માટે અને વ્યાખ્યાનોને રસભર કરવા માટે, ઇરાદાપૂર્વક અવધારવામાં આવેલી હતી. આ વિવેચનાના પ્રસંગે એક બીજાને સાવચેતીનો સૂર મૂકવાની જરૂર રહે છે : અધ્યયનોના વિષયભૂત જીવ-આત્માઓ ક્રોડાક્રોડી સાગરોપમનાં નારકી કે દેવલોકી આયુષ્યો ભોગવી, મનુષ્ય, તિર્યંચ વગેરે ભવો હસ્તિનાપુર, વારાણસી વગેરે નગરીઓમાં કે વૈતાઢ્ય પર્વત ઉપર કે ગંગાતટ ઉપર કરે અને એ નગરીઓ, પર્વતો, નદીઓ મહાવીરના સમયમાં હોય તેમ આટલા કલ્પનાતીત કાળે પણ અસ્તિત્વમાં રહી શકી હોય, તે વાત આપણે અત્યારે

અંધશ્રદ્ધાળુપણાના આરોપને વહોરી લઈએ તો જ માની શકીએ. છતાં, જે જે ઐતિહાસિક, સામાજિક, ભાષાકીય તત્ત્વો આ સૂત્રમાં મળી શકે છે, તેનો કંઈક સવિસ્તર ઊહાપોહ કરવાની જરૂર તો રહે છે જ.

મહાવીરસ્વામી જે ગ્રામ-નગરીઓમાં ગૌતમસ્વામી સાથે વિચર્યા હતા તેનાં નામો આ પ્રમાણે છે:— મૃગાગ્રામ, વાણિજ્યગ્રામ, પુરિમતાલનગર, શોભાંજની, કૌશાંબી, મથુરા, પાટલીખંડ, શૌર્યપુર, રોહિતક, વર્ધમાનપુર, રાજગૃહ, હસ્તિશીર્ષ, વૃષભપુર, વીરપુર, વિજયપુર, સૌગન્ધિકાનગરી, માધ્યમિકાનગરી, કનકપુર, મહાપુર, સુઘોષ, ચંપા, સાકેત.

જે ગ્રામ-નગરીઓ વિષયભૂત જીવ-આત્માઓના પૂર્વ કે પશ્ચિમ ભવો સાથે સંકળાયેલી છે તેનાં નામો આ પ્રમાણે છે:—શતદ્વાર, હસ્તિનાપુર, ઇન્દ્રપુર, છગલપુર, સુપ્રતિષ્ઠપુર, વારાણસી, સર્વતોભદ્ર, સિંહપુર, વિજયપુર, નંદીપુર, ગંગપુર, પુંડરીકિણી (મહાવિદેહ ક્ષેત્રમાં), ઇષુકાર, મહાઘોષ, ચિકિત્સિકા, મણિપુર. આ નામોમાં વારાણસી, હસ્તિનાપુર, મૃગાગ્રામ, સાકેત, કૌશાંબી, રાજગૃહ, વાણિજ્યગ્રામ, મથુરા, માધ્યમિકા, ચંપા, વૈતાઢ્યપર્વત, ગંગાનદી, યમુનાનદી, એ ઇતિહાસપ્રસિદ્ધ નામો છે; અને એમાંનાં ઘણાંખરાં તો ગૌતમબુદ્ધના વિહારજીવનની સાથે સંકળાયેલાં છે. બીજાં સૂત્રોમાં જે બીજાં નામો આવે છે તે બધાંનું સંકલન કરવામાં આવે તો મહાવીરસ્વામીનાં વિહાર-ભૂમિનાં સ્થળોનો આપણને યોગ્ય ખ્યાલ આવી શકે. અહીં કોઈ કોઈ નામો વિચારણા માંગે છે; વર્ધમાનપુરી વઢવાણ તો ન જ હોઈ શકે! પાટલીખંડ મૌર્યસમયના પાટલીપુત્રનું પુરોગામી નગર તો નહિ હોય? મથુરા, વાણારસી તો બૌદ્ધ, જૈન, બ્રાહ્મણ સંસ્કૃતિઓનાં પવિત્ર તીર્થધામો હતાં. શૌર્યપુરનું પણ તેમ જ સમજવું જોઈએ. પ્રવચનસારની વિદ્વત્તાભરી પ્રસ્તાવનામાં પ્રો. ઉપાધ્યે કહે છે તેમ, આ સમસ્ત પ્રદેશ એ સમયે આત્મવિદ્યાનાં મંથનોથી અપૂર્વ પ્રકારે ગૂંજી રહ્યો હતો. એ બધાં મંથનોની પાર્શ્વભૂમિકા ભારતી સંસ્કૃતિની વિવિધતામાં અને સાથે જ તેના અનન્ય સમન્વયમાં રહેલી હતી.

વર્ણકોની પરંપરાનો સ્વીકાર કરીએ તો બધાં ગ્રામ-નગરો સમૃદ્ધ, ગગનચુંબી ઇમારતોવાળાં હતાં; પણ એ તો માત્ર વર્ણકો છે. તેમની સાર્થકતા વ્યાખ્યાનો પૂરતી જ કહી શકાય; છતાં રાજગૃહ, કૌશાંબી, સાકેત વગેરે નગરીઓને આ વર્ણકો અમુક અંશે લાગુ પાડી શકાય. નગરી શતદ્વારનો સંબંધ કોઈ બંદર સાથે જોડી શકાય.

મહાવીરનાં સમવસરણો જે ગ્રામ-નગરોમાં થતાં હતાં તેમનાં ઉદ્યાનોનાં નામો સૂત્રમાં આપવામાં આવ્યાં છે. આ નામો ખરેખર અર્થસૂચક છે. મેઘદૂતમાં કાલિદાસે અલકાપુરીના ઉદ્યાનનું નામ આપેલું છે. આ નામો આ પ્રમાણે છે: ચંદનપાદપક, દૂતીપલાશ અમોઘદર્શન, દેવરમણ, ચંદ્રોત્તર, ભંડીર, વનખંડ, વિજયવર્ધમાન, પૃથ્વી-અવતંસક, પુષ્પકરંડક, સ્તૂપ-કરંડક, મનોરમ, રક્તશોક, પૂર્ણભદ્ર, ઉત્તરકુરુ, નન્દનવન, નીલાશોક, શ્વેતાશોક, સહસ્રવન. દરેક ઉદ્યાન સાથે યક્ષનું આયતન સંકળાયેલું હતું. એ યક્ષોનાં નામો આ રહ્યાં: સુધર્મા, અમોઘદર્શી, અમોઘ, શ્વેતભદ્ર, મણિભદ્ર, સુદર્શન, ઉદુંબર, શૌર્ય, ધરણ, કૃતવનમાલ, ધન્ય, વીરસેન, અશોક, સુકાલ, વીરભદ્ર, સરક્તપાલ, પૂર્ણભદ્ર, પાર્શ્વમિત્ર, ઉદુમ્બર.

ગ્રામનગરો, રાજ્ઞરાણીઓ, ઉદ્યાનો, યક્ષો, યક્ષોનાં ચૈત્યો, એમને માટે standard વર્ણકો જૈન આગમમાં મળી આવે છે. ઉવવાઈ–ઔપપાતિક-સૂત્રનાં વર્ણકો તેવાં વર્ણકો ગણાય છે. ઉપર કહેવાયું છે તેમ, આ ઉપયોગિતા-સાર્થકતા વ્યાખ્યાનો માટે હતી. ઉવવાઈ-સૂત્રમાં તો મહાવીરસ્વામીના ખુદ દેહનું ભવ્ય અને સવિસ્તર વર્ણન વાંચી શકાય છે. કોઈ પણ સંસ્કૃત ગદ્ય-પદ્ય સાહિત્યમાં આવું વર્ણન નહિ આવતું હોય. આ વર્ણકની એક ખૂબી હું જોઈ શક્યો છું: તેમાં મહાવીરનાં વસ્ત્રોનું કોઈ પણ વર્ણન મળતું નથી—જાણે કે શ્વેતાંબરી સૂત્રકારોએ અ-ચેલક મહાવીરના ભવ્ય દેહને જ કલ્પનાગત કર્યો હોય નહિ! કોઈ કોઈ અપભ્રંશ સાહિત્યમાં આવાં સવિસ્તર વર્ણનો વાંચવામાં આવે છે.

બુદ્ધ-મહાવીરના સમયમાં અને, શિલ્પનું પૃથક્કરણ કરતાં, ત્યાર પછી વર્ષો સુધી યક્ષોની પૂજા થતી હતી. શ્રી ઉમાકાન્ત શાહના મંતવ્યનો સ્વીકાર કરીએ તો આ યક્ષપૂજાથી જૈનોની મૂર્તિપૂજા ઊતરી આવેલી! આ યક્ષ-દેવતાઓની માન્યતા(માનતા)ઓ મનાતી. તેમનું અર્ચન થતું. એવી એક યક્ષપૂજાનું વર્ણન વિપાકસૂત્રમાં મળે છે. પ્રથમ શ્રુતસ્કન્ધ દુઃખવિપાકવિભાગમાં પાટલીખંડ નગરીના વનખંડ ઉદ્યાનના ઉદુમ્બર યક્ષની

પુત્રેષ્ટિ માટેની માનતા તે નગરીના સાગરદત્ત સાર્થવાહની ભાર્યા ગંગદત્તાએ માનેલી હતી. એ ગંગદત્તા સાર્થવાહિની ઉદુંબરદત્ત યક્ષના ચૈત્યમાં તેની પ્રતિમાની પૂજા કરે છે, અને પ્રતિજ્ઞા લે છે કે જો પુત્ર થશે તો તેનું નામ ઉદુંબરદત્ત પાડવામાં આવશે. થયું પણ તેમ જ.

મહાવીરસ્વામીનાં વિહારસ્થળોના અને બીજાં ગ્રામ-નગરોનાં રાજા-રાણીઓ, યુવરાજો, યુવરાજ્ઞીઓ, પુરોહિતો, ચોર લોકો, વૈદ્યો, સાર્થવાહો, ગાથાપતિઓ વગેરેનાં નામો આ પ્રમાણે છે : વિજય અને મૃગાદેવી, મિત્ર અને શ્રીદેવી, મહાબલ, મહાચંદ્ર, તેમનો અમાત્ય સુષેણ, શતાનીક અને મૃગાદેવી, યુવરાજ ઉદયન અને યુવરાજ્ઞી પદ્માવતી, તેમનો પુરોહિત સોમદત્ત અને સોમદત્તની ભાર્યા વસુમતી, તેમનો પુત્ર બૃહસ્પતિદત્ત, રાજા સુદામન્ અને રાણી બંધુશ્રી, તથા તેમનો કુમાર નંદીષેણ, અમાત્ય સુબન્ધુ અને આલંકારિક, રાજહજ્જમ ચિત્ર, સિદ્ધાર્થ રાજા, સાગરદત્ત સાર્થવાહ, તેની ભાર્યા ગંગદત્તા, તેમનો પુત્ર ઉદુંબરદત્ત, શૌર્યદત્ત રાજા, સમુદ્રદત્ત મચ્છીમાર, ભાર્યા સમુદ્રદત્તા, તેમનો પુત્ર શૌર્યદત્ત (જે નામ શૌર્યપુરીના યક્ષ શૌર્યના નામ ઉપરથી પાડેલું જણાય છે), વૈશ્રમણ રાજા, શ્રીદેવી રાણી, કુમાર પુષ્પનન્દી, એમનો ગાથાપતિ દત્ત તેની ભાર્યા કૃષ્ણશ્રી, તેમની પુત્રી દેવદત્તા, વિજયમિત્ર રાજા, ધનદેવ સાર્થવાહ, પ્રિયંગુ સાર્થવાહિની, તેમની પુત્રી અંજૂદેવી, અદીનશત્રુ રાજા, ધારિણી રાણી, સુબાહુ કુમાર, યુવરાજ્ઞી પુષ્પચૂલા, સુમુખ ગાથાપતિ, ધનપતિ રાજા, સરસ્વતીદેવી રાણી, ભદ્રનન્દી યુવરાજ, શ્રીદેવી યુવરાજ્ઞી, વીરકૃષ્ણમિત્ર રાજા, શ્રીદેવી રાણી, સુજાત યુવરાજ અને બલશ્રી યુવરાજ્ઞી, વૃષભદત્ત ગાથાપતિ, વાસવદત્ત રાજા, સુકૃષ્ણા રાણી, સુવાસવકુમાર, મહાચંદ્ર યુવરાજ, અર્હદ્દત્તા યુવરાજ્ઞી, જિનદાસકુમાર, પ્રિયચંદ્ર રાજા, સુભદ્રા રાણી, વૈશ્રવણ કુમાર અને શ્રીદેવી યુવરાજ્ઞી, બલરાજા, સુભદ્રા રાણી, મહાબલ કુમાર, રક્તવતી યુવરાજ્ઞી, નાગદત્ત ગાથાપતિ, અર્જુન રાજા, દત્તવતી રાણી, ભદ્રનન્દી કુમાર, શ્રીદેવી યુવરાજ્ઞી, દત્તરાજા, દત્તવતી રાણી, મહાચંદ્ર યુવરાજ અને શ્રીકાન્તા યુવરાજ્ઞી, મિત્રનન્દી રાજા, શ્રીકાન્તા રાણી, વરદત્ત કુમાર અને વીરસેના યુવરાજ્ઞી, વિમલવાહન રાજા વગેરે.

રાજા-રાણીઓ, યુવરાજો-યુવરાજ્ઞીઓ, સાર્થવાહો, સાર્થવાહિનીઓ વગેરે મહાવીરનાં સમકાલીન છે. સુબાહુ, જાતક, ભદ્રનન્દી, મહાચન્દ્ર વગેરે યુવરાજોએ મહાવીર પાસે દીક્ષા લીધેલી. મહાવીર ગૌતમપૃચ્છાના ઉત્તરમાં આ દીક્ષિત અંતેવાસીઓના પૂર્વભવો એક ભવ પૂર્વના જ કહે છે, એટલે તેમનાં ગ્રામ-નગરો મહાવીરનાં સમકાલીન જ સમજવાં જોઈએ.

આ અધ્યયનોના રાજાઓ વિષે થોડુંક લખવું જોઈએ. ચંપાનગરીના ક્ષત્રિય રાજાઓના નિર્દેશો આવે છે. હવે ચંપામાં તો એ સમયે કોણિક–અજાતશત્રુનું રાજ્ય હતું. એક જ રાજધાનીમાં ઐશ્વર્ય ભોગવતા બે રાજાઓ તો હોઈ શકે નહિ. આપણે સહજ વિચાર કરીએ તો બીજું સ્પષ્ટીકરણ તુરત તરી આવશે. મહાવીરના સમયમાં મધ્ય પ્રદેશ, મગધ વગેરે પ્રદેશોમાં ગણરાજ્યો હતાં અને તેમના પ્રમુખો ક્ષત્રિય રાજાઓ હતા; જોકે સૂત્ર-સાહિત્યમાં આ બધા ક્ષત્રિય રાજાઓને સમર્થ રાજાઓ તરીકે વર્ણવામાં આવ્યા છે.

વિપાકસૂત્રમાં નિર્નય નામનો પુરિમતાલ નગરનો ઈંડાનો વેપારી, ધન્વંતરી નામનો વૈદ્ય, છન્નિક કસાઈ, ચિત્ર હજ્જમ, મહાનસિક રસોઇયો વગેરેના ઉલ્લેખો છે. સાર્થવાહો વહાણો લઈ લવણ સમુદ્રમાં જાય છે, જ્યાં તેમનો નાશ થાય છે. ઉજ્ઝિત નામના બીજા અધ્યયનમાં ગણિકાકુળનો ઉલ્લેખ આવે છે, જ્યાં પ્રિયસેન નપુંસકનો જન્મ થાય છે, જે પ્રિયસેન નપુંસક દરબારીઓ, પૌરજનો વગેરેને અનેક વિદ્યાપ્રયોગોથી, મંત્રપ્રયોગો, ઉડ્ડયનો, નિહ્નવન એટલે અદૃશ્યકરણ, પ્રસ્રવણ, વિષપ્રયોગો વગેરે દ્વારા ખુશ કરે છે.

વિપાકસૂત્રમાં વાણિજ્ય-ગ્રામની કામધ્વજા ગણિકાનું રસિક વર્ણન મળે છે. આ ગણિકા પાંચસો ગણિકાઓનું સ્વામિત્વ ધરાવતી હતી. તેના વાહનનું નામ કર્ણીરથ હતું. એવી જ પૃથ્વી-શ્રી નામની અને સુદર્શના નામની (શોભાંજની નગરીની) બીજી ગણિકાઓના ઉલ્લેખો મળે છે.

મહેશ્વરદત્ત નામનો રાજપુરોહિત સર્વતોભદ્રનગરના જિતશત્રુ રાજાના રાજ્યની આબાદી માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર યુવકોનાં ગ્રહશાંતિહોમમાં બલિદાન આપતો હતો. દુર્યોધન ચારકપાલક–જેલરના ભયંકર અધર્મોનાં વર્ણન અહીં આવે છે. નંદીષેણ જેવા યુવરાજે વૃદ્ધ બાપની ગાદી લેવા માટે રાજહજ્જમ ચિત્રને સાધ્યો હતો, જે માટે વૃદ્ધ મથુરાનરેશ શ્રીદામે ભયંકર દેહાંતદંડ આપ્યો હતો. મોટા ગુનેગારોને ભયંકર વ્યથાઓ આપ્યા બાદ દેહાંતદંડ આપવામાં આવતા હતા, અને શૂળી ઉપર લટકાવતાં અગાઉ તેની આસપાસ ચતુરંગી સેનાને ખડી રાખવામાં આવતી હતી. એ સમયે રાજ-

પુરુષો ઘોષણા કરતા કે જે પ્રજાજનો આવા ગુનાઓ કરશે તેમની, સજા પામતા અધમ માનવીઓના જેવી વલે થશે. હસ્તિનાપુરમાં આવેલા ગોમંડપ-પાંજરાપોળનું વર્ણન આપણી પાંચસો વર્ષ જૂની પાંજરાપોળની વ્યવસ્થાને અનુકરણીય થવી જોઈએ. પુરિમતાલ નગરીના વાયવ્ય કોણમાં આવેલી ચૌર-પલ્લિકા પાંચસો ચોર-સૈનિકોથી રક્ષિત હતી, અને તે એક સુરક્ષિત કિલ્લાનું કામ કરતી હતી. એ ચૌર-પલ્લિકાનો સ્વામી ચૌર-અધિપતિ વિજય હતો, અને તે શાલાટવી કહેવાતી હતી. અધર્મી અધિકારીઓના નાનાવિધ જુલમોનું વર્ણન અનુભવસિદ્ધ જણાશે. આ લોકો ગામોને ભાંગતા, લોકોને દંડતા, નિર્દોષ જનતાને કેદ કરતા અને પાન્થ-મુસાફરોને લૂંટી લેતા. શાલાટવીના વિજય ચોરના સૈન્યને ખુદ રાજ્ય-સેનાપતિ દંડ હરાવી શકતો નથી, એટલે તેમને ફસાવવામાં આવે છે અને કૂટાગારમાં ઘેરી લઈ મારી નાંખવામાં આવે છે. કૂટાગારોમાં એ લોકો આવે તે માટે કરમોક્ષ વગેરેની લાલચો તેમને આપવામાં આવે છે. ત્યાં રાજપુરુષો પ્રવેશ નહિ કરી શકે. તેમને મફત નાટકો બતાવવામાં આવશે. ઐતિહાસિક ઉદયન યુવરાજની ભાર્યા પદ્માવતી બદચાલની હતી. નન્દીપુરના મિત્ર રાજાનો મહાનસિક રસોઇયો રાજા માટે ભયંકર હત્યાઓ કરતો હતો. જ્ઞાતાસૂત્રમાં મત્સ્યના પ્રકારો બતાવ્યા છે તેવા પ્રકારો વિપાકસૂત્રમાં પણ બતાવવામાં આવ્યા છે. માછલાં પકડવાની જાળના અનેક પ્રકારો હતા. રોહિતક નગરનો યુવરાજ—પછી રાજવી-પુષ્પનંદી માવડીઓ થઈ જતાં દેવદત્તાએ અને બીજી રાણીઓએ રાજમાતા શ્યામાને મારી નાંખવાનો પ્રપંચ કર્યો. તે પકડાઈ જતાં ખુદ રાણીને ભયંકર દેહાંતદંડ આપવામાં આવે છે. મૃગાગ્રામની ક્ષત્રિયાણી મૃગાદેવીએ ભસ્મરોગથી પીડાતા રાજકુમાર મૃગાપુત્રને ભૂમિગૃહ–ભોંયરામાં રાખ્યો હતો, જ્યાં મહાવીરસ્વામીના વચન અનુસાર ગૌતમ-સ્વામી નાકે કપડું રાખી પ્રવેશ કરે છે, અને કાષ્ઠ-શકટિકા—લાકડાની ગાડીમાં રાખવામાં આવેલા ખોરાકને ખાતા અને પછી લોહી-પરુ રૂપે તેને વમી નાંખતા અને તે જ લોહી-પરુને વળી ખાઈ જતા કુમાર મૃગાપુત્રને નિહાળે છે. જેનાં છોકરાં ઊછરતાં નહિ તે સ્ત્રી જાતિ નિન્દુકા કહેવાતી હતી. દોહલ ઉપજવો તે સામાન્ય હકીકત ગણાતી. મુખ્ય રાણી સાથે સેંકડો બવાસણો-ગુલામડીઓ તરીકે રાજમહેલમાં પ્રવેશ પામતી. પાંચ ધાત્રીઓનાં નામો આવે છે. રાજમહેલો નગરોની વચ્ચોવચ્ચ હતા. મહોત્સવમાં ઇન્દ્ર-મહોત્સવનો નિર્દેશ મૃગાપુત્રીય અધ્યયનમાં થએલો છે. સોળ રોગો :—ભગંદર, ખરજવું, હરસ, અંધાપો, શિરોવેદના, અરુચિ, કર્ણવેદના, મગજનો રોગ, ઉદરરોગ, કોઢ, જળંદર, ભસ્મરોગ વગેરે જણાવવામાં આવ્યા છે અને તેમના ઉપાયો દર્શાવવામાં આવ્યા છે. અષ્ટાંગી આયુર્વેદનો નિર્દેશ જોવામાં આવે છે—જેમ કે કૌમારભૃત્ય, શાલાક્ય, શલ્ય-ઉદ્ધાર, કાયચિકિત્સા, વિષ-વિદ્યા, ભૂત-વિદ્યા, વાજીકરણ, રસાયણ, વમન, કવલગ્રાહ, વિશલ્યી-કરણ, છેદન, અવપીડન વગેરે ઉપાયો શૌર્યદત્ત મચ્છી-મારના ગળામાં પેસી ગયેલા મત્સ્યકંટકને કાઢવા માટે અજમાવવામાં આવે છે.

ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ વિપાક-સૂત્રનું અધ્યયન ખાસ ઉપયોગી છે. હવ્વ (હવે), પિટ્ઠઓ (પીઠ), ભક્તપાનગૃહ, ઉક્કોટ(લાંચ), લંછ (ચોર વિશેષ), પચ્ચર (હરિતકવચ), વરત્ર (કાથાનું દોરડું), તુપ્પ (ઘી), ચર્ચર (ચાબુક), ચુલ્લ-પિતૃક (ચુલતભાઉ–પિતરાઈ), ધૂયા (દીકરી), દત્તભૃતિભક્ત (દાડીઓ), પંથિકાપટિકા (ટોપલી), પ્રાભૃત (ભેટણું), છાગલિક (કસાઈ), એલક (મેંઢું), મેરગ (તાડી), સીહુ (ગોળનો દારૂ), ઉષ્ટ્રિકા (નાંદ-કોઠી), ચિંચ (આંબલી), છિબ્બાડ (ચામડાનું દોરડું), કણુંગર (લંગર), એકાર્થિકા (નાવડી), અને છેવટે ઉત્કુટિક (ઉકરડો) એ અર્થસૂચક પ્રયોગો છે.

અનુત્તર ઔપપાતિક સૂત્રની વિવેચના વખતે મેં કહ્યું હતું તેમ, આવા પ્રયોગો ગૂજરાત-રાજસ્થાનના અપભ્રંશોની છાયા સૂચવે છે. એક સ્થળે રાષ્ટ્રકૂટ પ્રયોગ થયો છે.

એક છેલ્લી નોંધ ખાસ કરવી જોઈએ : પ્રથમ વિભાગ દુઃખવિપાકના વિષયભૂત જીવ-આત્માઓ પૂર્વ ભવના ભયંકર પાપ-આત્માઓ હતા. છતાં તેઓ માટે ગૌતમ-પૃચ્છાના ઉત્તરોમાં મહાવીરસ્વામીએ મોક્ષસિદ્ધિ દર્શાવી છે. આ ઉત્તર અર્થસૂચક છે. પ્રથમ વિભાગમાં વર્ણવેલી દુઃખયાતનાઓના અનુભવ બાદ તેમનામાંથી કોઈ જીવ-આત્માનું સ્થાન નિગોદમાં બતાવવામાં આવ્યું નથી. એ બધા જીવો ભવ્ય જીવો હતા, એવો વિપાકસૂત્રનો બોધ છે.

ટૂંકામાં, પ્રથમ કહ્યું હતું તેમ, શ્વેતાંબરી જૈન આગમ સાહિત્યના અધ્યયનની દિશા બદલવાની ખાસ જરૂર છે.

卐

પ્રભુને મળવાની રીત

ફુ. 'ચંદ્રરેખા'

કયું જાણું કયું બની આવશે
અભિનંદન રસરીતિ હો મિત,
પુદ્‌ગલ અનુભવ ત્યાગથી
કરવી જસુ પરતીત હો મિત—કયું...(૧)

કોઈ ભવ્ય જીવને વીતરાગદેવની સાથે એકત્વપણે મળવાનું મન થયું. પણ પ્રભુને મળવાની શક્તિ પોતામાં પ્રગટપણે નથી દેખાતી તેથી તે વિચારે છે કે વિશુદ્ધ એવા દેવતત્ત્વને શી રીતે મળી શકાય? અભિનંદન પ્રભુને મળવા માટે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના અનુકૂળ પ્રતિકૂળ અનુભવો તરફથી વૃત્તિ દૂર કરી એટલે પ્રભુ મળ્યાની પ્રતીતિ થાય. આમ ભવ્ય પોતે જ સ્વાત્માને પૂછે છે અને ઉત્તર પણ ખાતે જ આપે છે.

પરમાતમ પરમેસરુ, વસ્તુગતે તે અલિપ્ત હો મિત,
દ્રવ્યે દ્રવ્ય મલે નહીં, ભાવે તે અન્ય-અવ્યાપ્ત હો મિત.
—કયું૰...(૨)

પ્રભુએ અન્નમય કોષનું, શરીરનું અભિમાન છાંડ્યું છે, અને અંતરાત્મપણું—સાધકપણું પૂરું પસાર કર્યું છે અને અશરીરી થયા છે તેથી તેઓ સિદ્ધ પરમાત્મા છે, ઊંચા ઐશ્વર્યના ધામ છે. સાચું વિચારીએ તો એટલે કે વસ્તુગતે પ્રભુ વિશ્વથી અળગા અથવા અલિપ્ત છે. દ્રવ્યનો એક સર્વસામાન્ય ગુણ છે અગુરુલઘુત્વ. જે શક્તિના નિમિત્તથી એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ ન થાય અને દ્રવ્યનો એકગુણ બીજારૂપે ન થાય તે સ્વમાં અવસ્થિત રહેવાની દ્રવ્યની તેમ જ ગુણની શક્તિને અગુરુલઘુત્વ ગુણ કહેવાય. આ પ્રમાણે વીતરાગ એવા અભિનંદન પ્રભુનું વિશુદ્ધ જીવદ્રવ્ય સાધકના અશુદ્ધ જીવદ્રવ્ય સાથે કયારેય એકરૂપ થાય એ સંભવ જ નથી. પરમાત્માનો ભાવ પણ અન્ય જડચેતનથી અળગો છે તે તો પરમશાંતિરૂપ નિર્મળ જ્ઞાનદર્શનચારિત્ર છે. તેનો સાધકના જીવદ્રવ્ય સાથે મેળ કેમ કરીને સંભવે?

શુદ્ધ સ્વરૂપ સનાતનો, નિર્મલ જે નિઃસંગ હો મિત,
આત્મવિભૂતેં પરિણમ્યો, ન કરે તે પરસંગ હો મિત.
કયું...(૩)

વળી વીતરાગ પ્રભુના ગુણ વિચારું; તેઓ શુદ્ધ એટલે સર્વ દોષોથી મુક્ત છે; સ્વરૂપ એમનું સનાતન એટલે નિત્ય, કાયમ ટકી રહેનારું છે; મલિનતા વગરના અને આસક્તિ વગરના એવા મારા પ્રીતમ આત્માની અદ્‌ભુત શક્તિઓને સંપૂર્ણ રીતે પ્રગટ કરી ચૂકેલા ઉત્તમ દીપ સમાન છે. જીવદ્રવ્ય સ્વભાવે પરદ્રવ્ય પર આસક્તિ રાખનાર નથી, પરંતુ વિકારભાવે એ પરસંગી—અન્ય દ્રવ્ય પર આસક્ત બનેલ છે. તેથી સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્ર્યમાં પરિણમી જેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે એવા પ્રભુ રાગમય પ્રીતિ ધરાવે નહિ. 'તો પછી પ્રભુ, તમને મળ્યા વિના મને સુખ કેમ થશે?' એમ સાધકના મનમાં ગડમથલ થાય છે.

પણ જાણું આગમબલે, મિલવું તુમ પ્રભુસાથ હો મિત,
પ્રભુ તો સ્વસંપત્તિમયી શુદ્ધ સ્વરૂપનો નાથ હો મિત.
કયું...(૪)

પરંતુ તેનો મિત્ર કહે છે કે ગુરુમુખથી પૂર્વકાળના સર્વજ્ઞ ઋષિઓની વાણી મેં સાંભળી છે, તે આગમ વચનના બળથી હું જાણું છું કે હે ભવ્યજીવ, વીતરાગ પ્રભુ સાથે આપણને મળવાનું તો અવશ્ય છે. જેને ગરજ હોય તે મળે. એટલે પોતાની જ્ઞાનાદિ સંપદાને પ્રગટ કરવાને રુચિવંત જીવ પ્રભુને મળે. પ્રભુને તો પ્રગટ થયેલી પોતાની પરમોત્કૃષ્ટ આનંદમય સંપત્તિનું સ્વામીપણું છે એટલે તે કોઈને મળવાને આવે નહિ.

પર—પરિણામિકતા અછે, જે તુજ પુદ્‌ગલયોગ હો મિત,
જડ ચલ જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત.
કયું...(૫)

હવે કોઈ પૂછશે કે સર્વ દ્રવ્યમાં અન્ય દ્રવ્ય સાથે ભળી જવાની તો શક્તિ નથી જ, તો હવે સાધકે

પ્રભુને કેવી રીતે મળવું? તો પરમયોગી દેવચંદ્રજી કહે છે કે અનાદિ અતીતકાળથી ભાઈ, તારું શાંત—સ્વભાવમય ચૈતન્યમૂર્તિનું આત્મિક સુખ આવરાઈ ગયું છે. ભોગધર્મ જે તારો ક્ષયોપશમીભાવ છે તે કંઈક તો ન છૂટકે ભોગવવો જોઈએ, પરંતુ સ્વરૂપની તૃષા વિના જે પરદ્રવ્યોના ભોગમાં તું રાચે છે એ તારી પરપરિણતિ અથવા સ્વાતંત્ર્ય-હાનિ છે. આથી તું ભોક્તા પરનો, કર્તા પરનો, દૃષ્ટા પરનો અને તારું રમણ પણ પરદ્રવ્યને વિશે દેખાય છે. હવે કોઈ પૂછે કે શુદ્ધ દ્રવ્યધર્મી તે પરરૂપ કેમ થાય? ભાઈ, પુદ્‌ગલ તરફ દૃષ્ટિ કરીને પોતાની વૈભાવિકશક્તિના નિમિત્તે જીવમાં અશુદ્ધિની વિલક્ષણતા અનાદિકાળથી જણાય છે. તેથી જડ એટલે અચેતન અને ચલ એટલે નાશવંત એવી જગતની એંઠ આ પુદ્‌ગલરચના તેને અનુભવી તારે રાચવું ન ઘટે, અને શાંતિને શોધવા માટે તરસ્યા થવું જોઈએ. હંસ જેમ મોઢામાં માછલી પકડતો નથી તેમ હે ચેતન, તારે માટે આ પુદ્‌ગલાનંદીપણું ઘટતું નથી.

શુદ્ધનિમિત્તી પ્રભુ ગ્રહો, કરી અશુદ્ધ પર હેય હો મિત,
આતમાલંબી ગુણલયી, સહુ સાધકનો ધ્યેય હો મિત.
કયું...(૬)

માટે અશુદ્ધિનું કારણ જે પરદ્રવ્યમાંથી તૃપ્તિ મેળવવાની તૃષ્ણા તેને હે ભવ્ય, તું હેય એટલે છોડવા યોગ્ય સમજ. અને ભાઈ, તું શુદ્ધતાનું નિમિત્ત એવા જે અરિહંત તેનું અવલંબન કરનાર બન. આત્માનો આશ્રય કરનાર અને ક્ષમા, નિર્લોભતા, સરળતા, મૃદુતા, નમ્રતા, સત્ય, તપ, સંયમ, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય જેવા ગુણોમાં રાચનાર સાધકને તો ધ્યાન માટે કોઈ આદર્શ હોય તો એ વીતરાગ પરમાત્મા સ્વયં કે પછી તેમનું પ્રતીક છે.

જેમ જેમ જિન અવલંબને વધે સધે એકતાન હો મિત,
તેમ તેમ આતમાલંબની લહે સ્વરૂપ નિદાન હો મિત.
કયું...(૭)

તેમ કરતાં સાધક જે આપણો જીવ તે જિનવર દેવની તત્ત્વપ્રભુતા, સાચી સમૃદ્ધિ તેને નજરમાં રાખી તેમાં એકતાનતા વધારતો જાય અને સ્વ-સ્વરૂપને સાધતો જાય તેમ તેમ નક્કી તે પોતાનો સ્વાભાવિક શાંતરસનો સુખાસ્વાદ કરતો જાય છે. આ રીતે પોતાના હૃદયમાં રહેલ પરમાત્મસ્વરૂપને તે મળે છે.

સ્વસ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત,
રમે ભોગવે આતમા, રત્નત્રયી ગુણવૃંદ હો મિત.
કયું...(૮)

જ્યારે આત્મા સ્વરૂપમાં એકાગ્ર થાય છે ત્યારે સ્વતંત્ર અને અવ્યાબાધ આનંદને અનુભવે છે, પછી તે આત્મા પોતાનાં સમ્યગ્ એટલે હિતકર એવાં દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં રાચે છે અને પોતાના જ કલ્યાણગુણોને અનુભવે છે.

અભિનંદન અવલંબને પરમાનંદ વિલાસ હો મિત,
દેવચંદ્ર પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત.
કયું...(૯)

અભિનંદન ભગવાનનું અવલંબન કરવાથી નિર્મળ આનંદની સ્ફુરણા થાય છે, શરત એટલી કે પ્રભુની સેવના કરેલી ત્યારે ગણાય કે જ્યારે આ અનુભવ મેળવવા માટે વારંવાર જૂની પૌદ્‌ગલિક સુખશૈલિના ત્યાગનો અભ્યાસ કરવામાં આવે. આમ પ્રભુને પામવાની રીતિ ટૂંકમાં ઇંદ્રિયોનો અને મનનો વિષયાનંદમાંથી નિરોધ કરી તેમને પ્રભુગુણ ચિંતનમાં જોડવાં અને તે પ્રભુના ધ્યાનમાં એકાગ્ર થવું. આ ઉપાય વિશે ઉદ્યમવંત બનો, સાચેસાચ ભવ્યો, તમને પ્રિયતમ પરમાત્મા અભિનંદનનો મેળાપ તમારા અંતરમાં જ થશે. તમે જાતે જ અભિનંદન સ્વામીને તેમ જ સકલ અરિહંતસિદ્ધોને તેમના દ્રવ્યોથી અને ગુણોથી આવરણરહિતપણે નિહાળશો. હાલ તો આ પુદ્‌ગલપ્રીતિના છંદનું આવરણ તમે જાગૃત બનીને તોડી નાખો.

મહાન દાનવીર નંદમણિયાર

શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

રાજગૃહીના શહેરીજનોનો ઉત્સાહ અને આનંદ અવર્ણનીય હતો. દૂરદૂરનાં શહેરો અને ગામડાંઓમાંથી હજારો લોકો આવેલા હતા. નંદમણિયારની આરસ-પહાણની સુંદર પ્રતિમાની ઉદ્‌ઘાટનક્રિયાનો ભવ્ય ઉત્સવ આજે ઉજવાતો હતો.

નંદમણિયાર રાજગૃહીનો એક પ્રતિષ્ઠિત રિદ્ધિસિદ્ધિ-વાળો બહુ ધનાઢ્ય વેપારી હતો. વૈભારગિરિ પહાડની નજીકમાં લોકોના કલ્યાણ અર્થે લાખો રૂપિયાનો ખર્ચ કરી તેણે એક ભવ્ય પુષ્કરિણી તૈયાર કરાવી હતી. તાપમાં મુસાફરી કરતાં મુસાફરો માટે તે પુષ્કરિણી આશીર્વાદ સમાન હતી. તેની ચારે બાજુ અનેક જાતના પુષ્પોથી સુગંધિત એવા બગીચાઓ કરાવવામાં આવ્યા હતા. પુષ્કરિણીના ઉત્તર ભાગમાં એક ભવ્ય ચિત્રશાળા તૈયાર કરવામાં આવી હતી. તેની દીવાલોપર આકર્ષક અને મોહક એવાં અનેક ચિત્રો ચીતરવામાં આવ્યાં હતાં. દેશવિદેશનાં જાતજાતના માટી અને લાકડાંનાં રમકડાંઓ, પશુઓ, જનાવરો તેંમજ એવી પુષ્કળ વસ્તુઓને ચિત્રશાળામાં વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવી હતી.

દક્ષિણ ભાગમાં નૃત્ય સભાનો મોટો હૉલ તૈયાર કરવામાં આવ્યો હતો. ત્યાં કુશળ નટો તેમજ અનેક-જાતનાં વાજિંત્રો રાખવામાં આવ્યાં હતાં. શ્રમથી કંટાળેલા મુસાફરો ત્યાં આવે અને ઘડી બે ઘડી સંગીત સાંભળે કે તેઓનો થાક દૂર થઈ જતો.

પૂર્વ ભાગમાં એક મોટી ભોજનશાળાની વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રમિત મુસાફરોને ત્યાં તેમની ઇચ્છા પ્રમાણે ભોજન મળતું, અને તે માટે ત્યાં અનેક કુશળ રસોઈયાઓ રોકવામાં આવ્યા હતા. મુસાફરોને જે વસ્તુઓ ખાવાની ઇચ્છા થતી, તે વસ્તુઓ ત્યાં તરત જ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવતી હતી. પુષ્કરિણીના પશ્ચિમ ભાગમાં એક સુંદર આરોગ્યભવન બંધાવવામાં આવ્યું હતું. રોગી લોકોના માટે ત્યાં તમામ જાતની સગવડો રાખવામાં આવી હતી. હોશિયાર અને અનુભવી ચિકિત્સકો ઉત્તમોત્તમ દવાઓ આપી દરદીઓના રોગો દૂર કરતા.

આવી સુંદર પુષ્કરિણી તૈયાર કરવામાં નંદમણિયારે ધન ખર્ચવામાં જરાએ ઊણપ રાખી ન હતી. આ પુષ્કરિણીના કારણે તેનું નામ રાજગૃહી તેમજ આજુબાજુના પ્રદેશમાં એક મહાન દાનવીર તરીકે પ્રખ્યાત થઈ ગયું હતું. નંદમણિયારે પોતાની આરસની એક ભવ્ય પ્રતિમા ચિત્રસભાના હૉલમાં મૂકવા માટે તૈયાર કરાવી હતી. પરદેશના પ્રવીણ કલાકારોની દેખરેખ નીચે એ પ્રતિમા તૈયાર કરાવવામાં આવી હતી. પ્રતિમાની બંને બાજુએ દેવલોકની અપ્સરાઓ હાથમાં ફૂલની માળાઓ લઈ કેમ જાણે નંદમણિયારને આરોપવા ઉભી રહી હોય તેવી ભવ્ય રચના કરવામાં આવી હતી. પ્રતિમાની રચના અને ભાવો એવા સુંદર અને આકર્ષક રીતે કરવામાં આવ્યાં હતાં કે જોનારને પ્રથમ દૃષ્ટિએ એમ જ લાગે કે નંદમણિયારનો જીવ મૃત્યુ પછી દેવલોકમાં આવી અપ્સરાઓ સાથે મોજમજા ભોગવશે.

કમનસીબે આ પ્રતિમાની સ્થાપના થાય તે પહેલાં જ નંદમણિયાર ગંભીર માંદગીમાં સપડાયા, અને તમામ ઉપચારો કરવા છતાં મૃત્યુ પામ્યા. મરણ વખતે પોતાની પ્રતિમા ચિત્રસભામાં સ્થાપન ન થઈ તેનું તેને અત્યંત દુઃખ હતું. છેલ્લા શ્વાસોચ્છવાસ લેતી વખતે તેના ચિત્તમાં તો પેલી પુષ્કરિણી જ રમી રહી હતી. પુષ્કરિણી જોઈને લોકો મોટા અવાજે 'ધન્ય નંદમણિયાર! ધન્ય નંદ-મણિયાર!' એમ બોલતા હતા, અને આ અવાજના પડ-ઘાઓ તેના કાનમાં મૃત્યુ વખતે પણ વાગતા રહ્યા હતા.

આવા એક મહાન દાનવીર અને પ્રતિષ્ઠિત વ્યક્તિની પ્રતિમાના ઉદ્‌ઘાટન વખતે લોકોનો ઉત્સાહ અપાર હોય તે સ્વાભાવિક છે.

:૨:

એ જ સમયની આસપાસ ભગવાન મહાવીર રાજ-ગૃહીનગરી બહાર ગુણશિલક ચૈત્યમાં પધારેલા હતા.

રાજગૃહીના રાજવી શ્રેણિક પોતાના મોટા પરિવાર સાથે ભગવાન મહાવીરને વાંદવા જતા હતા. રસ્તામાં ઘોડાના પગ નીચે એક દેડકો કચડાઈ ગયો અને તેના આંતરડાં બહાર નીકળી ગયાં. શ્રેણિકે ભગવાન મહાવીરને વંદન કરી મરણ પામેલા પેલા દેડકાની વાત કરી અને પૂછ્યું : 'ભગવંત ! એ દેડકો આ તરફ શા માટે આવતો હશે ? અને મરણ બાદ તેની શી ગતિ થઈ હશે ?'

ભગવાને જવાબ આપતાં કહ્યું; 'હે શ્રેણિક ! મમત્વ-બુદ્ધિથી જીવની કેવી વિચિત્ર ગતિ થાય છે, તેમ જ કીર્તિ-પ્રતિષ્ઠા-પ્રસિદ્ધિ-માન-પૂજા કે લોકૈષણા અર્થે આસક્તિ-પૂર્વક કરાયેલાં કર્મોનાં કેવાં માઠાં પરિણામ આવે છે, તે હકીકત આ દેડકાના જીવન પરથી સમજી શકાય છે. નંદમણિયારના મરણ વખતે તેનું મન તેણે બંધાવેલ પુષ્કરિણીમાં આસક્ત હતું, અને પરિણામે મૃત્યુ બાદ તેનો જીવ ત્યાં જ એક દેડકા તરીકે જન્મ્યો.'

'થોડા દિવસો પહેલાં પુષ્કરિણીની ચિત્રસભાના હૉલમાં નંદમણિયારની પ્રતિમાના ઉદ્‌ઘાટન વખતે લોકો તેની ખૂબખૂબ પ્રશંસા કરતાં બોલતા હતા કે : 'ધન્ય છે નંદમણિયારને ! ધન્ય છે નંદમણિયારની ઉદારતાને !' પુષ્કરિણી માંહે પેલા દેડકાએ આ શબ્દો સાંભળ્યા, અને તેને યાદ આવ્યું કે પૂર્વે પણ ક્યાંક આવા જ શબ્દો તેણે સાંભળ્યા છે. વિચાર કરતાં કરતાં તેને પોતાની પૂર્વજન્મની અવસ્થાનું સ્મરણ થયું, અને તેને લાગ્યું કે મારી પાસે સ્વીકારેલી શ્રમણોપાસકની મર્યાદામાં શિથિલ થઈ મૃત્યુ વખતે પુષ્કરિણીમાં થયેલી આસક્તિના કારણે તે દેડકાની દશાને પામ્યો છે. આ વાત તેને સમજાઈ, એટલે તે ભારે પશ્ચાત્તાપ કરવા લાગ્યો, અને પોતાની બુદ્ધિપૂર્વક શ્રમણો-પાસકની મર્યાદા સ્વીકારી જીવન સુધી એ જન્મમાં પણ તેણે સંયમ પાળવાનો દૃઢ સંકલ્પ કર્યો. એ સંકલ્પ પછી, પાણીમાં રહેલાં નાનાં જીવડાંને મારવાનું તેણે બંધ કરી દીધું, અને કોઈપણ જીવજંતુને તે પોતે ત્રાસરૂપ ન થાય તેની કાળજી રાખવા લાગ્યો. પછી તો બે બે દિવસના એકાંતરે તે ઉપવાસ કરવા લાગ્યો, અને માત્ર પાણી વાપરતો જેમાં પણ કોઈ જંતુ ન આવે તેની સવિશેષ કાળજી રાખવા લાગ્યો.

'હે શ્રેણિક !' ભગવાને કહ્યું : 'હમણાં જ તે દેડકાએ પુષ્કરિણીમાં નાહવા આવેલા લોકો પાસેથી સાંભળ્યું કે ગુણશિલક ચૈત્યમાં હું આવેલો છું, અને તેથી મારા દર્શન અર્થે એ આ તરફ આવતો હતો. એ જ દેડકો ઘોડાના પગ નીચે સખત રીતે દબાતાં તેના આંતરડાં બહાર નીકળી ગયાં અને તેજ સ્થળે તે સમભાવમાં રહી પોતાની ભાષામાં બોલ્યો કે : સર્વ વીતરાગ પુરુષોને તથા મારા ધર્માચાર્ય શ્રમણ ભગવાન મહાવીરને મારા નમસ્કાર હો. શ્રમણોપાસકની મર્યાદા અનુસારનો ત્યાગ તો તેણે સ્વીકાર્યોજ હતો, પણ મૃત્યુ પહેલાં તેણે નિશ્ચય કર્યો કે : હું કદાચ વધારે જીવું તો પણ તમામ પ્રકારના ભોજનનો તેમ જ આ દેહની મૂર્છાનો સંપૂર્ણ ત્યાગ કરું છું. તે દેડકો એવા સંકલ્પપૂર્વક તે ઠેકાણે અવસાન પામ્યો, અને સમભાવ અનાસક્તિ અને સંયમના કારણે સૌધર્મકલ્પના દર્દુરાવતંસક નામના વિમાનમાં રહેનારા દર્દુર, તેજસ્વી દેવ તરીકે ઉત્પન્ન થયો છે.'

:૩:

આસક્તિપૂર્વકના દાનથી જીવની કેવી અધોગતિ થાય છે, તેમ જ જીવનમાં ત્યાગ-તપ-સંયમ-સમભાવના પાલનથી જીવની કેવી ઉર્ધ્વગતિ થાય છે, તે જેમ ભગવાન મહાવીરે નંદમણિયારની કથા પરથી સમજાવ્યું છે, તેમ દાન કઈ રીતે સ્વીકારવું તેની પણ એક સરસ કથા બૌદ્ધ સાહિત્યમાં જોવામાં આવે છે.

ભગવાન બુદ્ધ એક વખત વૈશાલિમાં તેના શિષ્ય આનંદની સાથે ભિક્ષા અર્થે ફરતા હતા. વૈશાલિના પ્રસિદ્ધ શ્રેષ્ઠીઓએ જાતજાતના અને ભાતભાતના સુંદર સ્વાદિષ્ટ પકવાનો, મિષ્ટ મધુરાં ફળો, મુલાયમ રેશમી વસ્ત્રો, તેમ જ હીરા-મોતી-માણેકના થાળો ભગવાન બુદ્ધને ચરણે ધર્યા, પણ તેમાંથી કોઈની ભિક્ષા સ્વીકાર્યા સિવાય ભગવાન બુદ્ધ આગળ અને આગળ ચાલ્યા.

થોડે દૂર ગયા પછી, ગરીબ લોકોના નિવાસ નજીક આવતાં, એક ઝૂંપડીમાંથી જીર્ણ અને મેલાં કપડાં પહેરેલો એક માનવ પોતાના હાથમાં અર્ધ ખવાઈ ગયેલા દાડમ સાથે બહાર નીકળ્યો અને ભગવાનને ચરણે તે દાડમ મૂકી દાન તરીકે સ્વીકારવા વિનંતી કરી. ભગવાને એક ક્ષણ પેલા માનવીનાં કરુણ અને દયામય ચક્ષુઓ તરફ જોયું અને તત્કાળ અર્ધ દાડમનો સ્વીકાર કર્યો. ભગવાન વૈશાલિના રાજમહાલયની નજીક આવ્યા, અને વૈશાલિની મહારાણીએ સુંદર મોતીની માળાઓ અને હીરાના હારો સહિત સોનાનો થાળ તેમને ચરણે ધર્યો, પણ ભગવાને તેનો અસ્વીકાર કર્યો. ભગવાન વળી આગળ વધ્યા, ત્યાં એક મોટા વૃક્ષની ઓથેથી પોતાનું જીર્ણ થયેલું અર્ધવસ્ત્ર અર્પતો એક યુવાન નારીનો

લંબાવેલો હાથ દેખાયો અને સંભળાયું : 'ભગવાન! આ રંકની આટલી ભિક્ષા શું નહીં સ્વીકારશો?' સૌની અનુનયની વચ્ચે ભગવાને તે વસ્ત્રનો સ્વીકાર કર્યો.

ભિક્ષાના સ્વીકાર-અસ્વીકારનું આ રહસ્ય આનંદને ન સમજાતાં તેણે આ બાબતમાં ભગવાનને પૂછયું. ભગવાન બુદ્ધે દાન અને ભિક્ષાનું રહસ્ય સમજાવતાં આનંદને કહ્યું : 'આનંદ! ભિક્ષા અને દાનનું રહસ્ય સમજવા જેવું છે. દાન સ્વીકારનારે દાન લેતાં પહેલાં એ ઉપર વિવેકબુદ્ધિ વાપરી એની પાત્રતાનો વિચાર કરવો જોઈએ. જેની પાસે વગર પરિશ્રમે અગર અન્યના ભોગે થોડું કે વધારે એકઠું થયું છે, તે નૈતિક ધોરણે દાનને લાયક નથી. દાન દેનાર દોષિત ભલે ન માને, પણ સ્વીકાર કરનારે એનું પૃથક્કરણ કરવું જ જોઈએ.' ભગવાને આનંદને સમજાવતાં આગળ કહ્યું : 'અઢળક દોલતનો મોટો ભાગ પોતાના આનંદપ્રમોદ અને વૈભવ વિલાસ માટે સાચવી રાખી બાકીનાનું દાન કરવું એ દાનમાં શ્રેષ્ઠતા નથી. પરિશ્રમ અને નીતિથી રળેલી એક કોડીની કિંમત, અનીતિ અને અન્યાયના માર્ગે મેળવેલા કરોડો રૂપિયાથી પણ વધુ આંકવી જોઈએ.'

'પેલા ગરીબ માણસ પાસે તેની ક્ષુધા શમાવવા માત્ર અર્ધદાડમ હતું, જ્યારે જીર્ણ થયેલ વસ્ત્રથી પોતાનું અંગ ઢાંકવા સિવાય બીજું કોઈપણ વસ્ત્ર પાસે ન હોવા છતાં પેલી સ્ત્રીએ એ વસ્તુનું દાન કર્યું. આ દાનની પાછળ સર્વસ્વના સમર્પણની વાત હતી. જે દાનમાં આપત્તિ સહી લઈને આત્મત્યાગ કરવાની વિશુદ્ધ ભાવના છે તે જ દાન ઉત્કૃષ્ટ કોટિનાં છે. દાનમાં અપાતી વસ્તુના મૂલ્ય પર દાનની શ્રેષ્ઠતાનો આધાર નથી, દાનની શ્રેષ્ઠતાનો આધાર તો દાન કરનારની ત્યાગશક્તિ અને તેની વિશુદ્ધ ભાવના પર અવલંબે છે. પેલા ગરીબ માનવ અને વસ્ત્રરહિત થયેલી પેલી સ્ત્રીના દાનની પાછળ કોઈ ભાવ, ઇચ્છા, તૃષ્ણા કે વાંચ્છના ન હતાં, પણ માત્ર એક જ ભાવના રહેલી હતી. એ ભાવના– સર્વસ્વના સમર્પણની. જે સર્વસ્વનો ત્યાગ કરી શકે છે, તે જ દાનના સાચા અધિકારી છે, સર્વસ્વના ત્યાગ સિવાય શ્રેષ્ઠ દાન કરી શકાતાં નથી.' ભગવાનના ઉપદેશથી આનંદ દાનનું સાચું રહસ્ય સમજ્યો.

જૈન સાહિત્યમાં પણ આવા અપૂર્વ ત્યાગની એક કથા બહુ જાણીતી છે. આ અપૂર્વ ત્યાગીનું નામ સંગમક હતું. રાજગૃહીની પાસે આવેલા શાલી ગામના એક અત્યંત ગરીબ ધન્યા નામની ગોવાળણનો તે એકનો એક પુત્ર હતો. આ બાળક સિવાય બાકીનો બધો વંશ ઉચ્છેદ પામ્યો હતો. સંગમક નગરજનોના ઢોરો ચારતો. એક ઉજાણીના પ્રસંગે ગામમાં ઘેર ઘેર ખીરનું ભોજન થયું. સંગમકે પણ માતાની પાસે ખીર ખાવાની હઠ કરી. માતા ગરીબ હતી અને ઘરમાં દૂધ ચોખા અને સાકરના સાંસા હતા. પુત્ર રડવા લાગ્યો એટલે માતાનું હૃદય ભરાઈ આવ્યું અને તે પણ રડવા લાગી. આજુબાજુના પાડોશીઓએ આ જાણ્યું, એટલે ખીર બનાવવા દૂધ વગેરે પદાર્થો આપી ગયા, અને માતાએ હોંશથી પુત્ર માટે ખીર તૈયાર કરી. એક થાળીમાં ગરમ ખીર સંગમકને પીરસી તે પાણી ભરવા ગઈ. સંગમક આતુરતાથી ખીર ઠંડી થવાની રાહ જોતો બેઠો હતો, તેવામાં એક મહિનાના ઉપવાસી એક મુનિરાજ પારણા માટે ભિક્ષા માંગતા ત્યાં આવ્યા. મુનિરાજને જોઈ સંગમકના હૃદયમાં આનંદ આનંદ છવાઈ રહ્યો, અને અતિભક્તિપૂર્વક થાળીમાંની બધી ખીર મુનિરાજના પાત્રામાં વહોરાવી દીધી. આ સંગમક મરણ પામી રાજગૃહનગરમાં ગોભદ્ર શેઠને ત્યાં પુત્ર તરીકે જન્મ્યો. આ પુત્ર એજ શાલિભદ્ર. 'શાલિભદ્રની રિદ્ધિ હોજ્યો' એમ દિવાળી વખતે ચોપડા પૂજનમાં લખાય છે ખરું, પણ પૂર્વ જન્મના તેના અપૂર્વ ત્યાગ વિષે લોકોને જાણવાની પડી નથી. દરેક ક્રિયાનું ફળ તો મળે છે જ, પણ ફળની આશા વગર ચિત્તશુદ્ધિનું ધ્યેય નજર સમક્ષ રાખી બધી ક્રિયાઓ કરવામાં આવે તો તેથી આત્માની ઉન્નતિ થાય છે.

માનપત્ર મેળવવાની ઇચ્છાએ કે આરસપહાણની તકતીમાં નામ મુકાવવાની લાલચે, અગર પુતળાં મુકાવવા કે દેવલોકમાં જઈ વૈભવ પ્રાપ્ત કરવાની લાલચે, દાન કરનારાઓ માટે નંદમણિયારની કથા જેમ સમજવા જેવી છે, તેમ આપણી અનેક સંસ્થાઓના વહીવટ કરનારાઓ માટે દાન સ્વીકારવાની બાબતમાં ભગવાન બુદ્ધનો ઉપદેશ પણ ખ્યાલમાં રાખવા જેવો છે.

શ્રી. શંકરાચાર્યે એક સુંદર વાક્ય કહ્યું છે : चित्तस्य शुद्धये कर्म न तु वस्तूपलब्धये. અર્થાત્ શુભ કર્મો વસ્તુની પ્રાપ્તિ માટે નથી, પણ શુભ કર્મો ચિત્તની શુદ્ધિ માટે છે.

卐

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

: રજીસ્ટર્ડ ઑફીસ :

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ (પૂર્વ પાકિસ્તાન)	મીલ નં. ૨ બેલધરીઆ (કલકત્તા)

આદર્શ આતિથ્ય

શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

ભગવાન મહાવીરના શ્રમણસંઘનાં એક વૃદ્ધ ભિક્ષુણી : યાકિની એમનું નામ.

અરિહંતના ધર્મની પરમ ઉપાસિકા એ સાધ્વી ભારે ધર્મપરાયણ : રાતદિવસ અપ્રમત્તભાવે રહે અને જ્ઞાનધ્યાન અને ધર્મપાલનમાં એ પોતાની સંયમયાત્રાને આગળ વધારે. આળસ કે ઇંદ્રિયોની લાલસાને એ પાસે પણ ફૂકવા ન દે.

ભિક્ષુણી સંઘની એ નાયિકા. જેમ એ પોતે સદા જાગ્રત રહે અને સૌ સાધ્વીઓને પણ અપ્રમત્ત રહેવા પ્રેરે. સૌ એમની આજ્ઞામાં રહે; અને ધર્મધ્યાનમાં નિરત રહે. મહત્તરા એમનું બિરુદ.

આ સાધ્વીનાં તપ, ત્યાગ, સંયમ, તિતિક્ષા અને ધર્મબોધે એક દિવસ ભારે કામ કર્યું : ચિત્રકૂટના સર્વ-વિદ્યામાં પારંગત મહાપંડિત અને રાજપુરોહિત બ્રાહ્મણ હરિભદ્રે કૃતજ્ઞભાવે સાધ્વી યાકિનીના ધર્મપુત્ર બનવામાં આનંદ અને ગૌરવ અનુભવ્યાં. અને એમણે જ્ઞાન અને ચારિત્રની સાધના માટે ત્યાગનો માર્ગ સ્વીકારવાનો નિશ્ચય કર્યો.

ત્યાગનો સંકલ્પ કરીને હરિભદ્રે જાણે પોતાની વિદ્યાનો બધો ગર્વ ગાળી નાખ્યો. એક ઉત્સુક જિજ્ઞાસુ બની એ, સાધ્વી યાકિનીના પ્રેર્યા, આચાર્ય જિનદત્ત-સૂરિની પાસે આવીને, બાળકની જેમ ઊભા રહ્યા.

અને એક બાળકના જેવી જ સરળતાથી એમણે ગુરુને પ્રશ્ન કર્યો : "સૂરિવર ! ધર્મ એટલે શું? અને એનું ફળ શું ?"

ગુરુએ કહ્યું : "મહાનુભાવ, ધર્મ બે પ્રકારનો છે: સકામધર્મ અને નિષ્કામધર્મ; અને એનું ફળ પણ બે પ્રકારનું થાય છે. સકામધર્મનું ફળ ભોગવિલાસની સામગ્રી, સ્વર્ગની પ્રાપ્તિ, સંપત્તિનો લાભ વગેરે. આનાથી સંસારનાં સુખો તો મળે, પણ સંસાર ટૂંકો ન થાય : મોક્ષ એટલો દૂર જાય ! અને નિષ્કામધર્મ (અનાસક્તિ) નું ફળ એક જ, અને તે ભવવિરહ ! ભવવિરહ એટલે સંસારનો વિરહ, મોક્ષની પ્રાપ્તિ મહાનુભાવ, યથારુચિ યથાશક્તિ ધર્મમાર્ગનું ગ્રહણ કરો !"

હરિભદ્રે વિનમ્રભાવે કહ્યું : "ગુરુવર્ય, મને તો ભવ-વિરહ જ ખપે ! મને એવા ધર્મનું દાન કરો !"

ગુરુ પણ આવા સુયોગ્ય પંડિત શિષ્યને મેળવીને અતિ આહ્લાદિત થયા. આ શિષ્યમાં એમને શાસન-પ્રભાવકનાં, શાસનની પ્રભાવનાનાં અને ધર્મના ગૌરવનાં દર્શન થયાં.

અને આંગણે આવેલા હેત-પ્રીતભર્યા અતિથિને માનવી જે આનંદ અને ઉલ્લાસથી ભોજન પીરસે એવા જ આહ્લાદપૂર્વક ગુરુજીએ પંડિત હરિભદ્રને શ્રમણ-ધર્મની દીક્ષા આપી.

તે દિવસે દ્વિજ હરિભદ્રનો જાણે બીજો અપૂર્વ દ્વિજસંસ્કાર થયો; અને ચિત્રકૂટના નગરજનોએ જોયું કે જન્મે બ્રાહ્મણ હરિભદ્ર સંસારનો ત્યાગ કરીને જીવનની સાધના માટે શ્રમણપણું અંગીકાર કરી ભિક્ષુક બનીને ઘરથી સદાને માટે ચાલી નીકળ્યા.

સૌ લોકો એમના આ વિરલ ત્યાગને અભિવંદી રહ્યા, અભિનંદી રહ્યા !

ઇતિહાસ સાખ પૂરે છે કે એક ભિક્ષુણીના આ ધર્મ-પુત્રે અનેક શાસ્ત્રોની રચના કરીને પોતાની આ ધર્મ-માતાને અમર બનાવી દીધી. હરિભદ્ર થોડાં વર્ષોમાં આચાર્ય બનીને ભિક્ષુસંઘના નાયક બની ગયા.

× × ×

સમય વહ્યો જાય છે.

હરિભદ્રસૂરિજીની જ્ઞાનસાધના અને જીવનસાધના ઉત્તરોત્તર વિકાસ સાધી રહી છે.

ભલભલા જ્ઞાનીનું દિલ ડોલાવે એવા ધર્મગ્રંથો રચાતા જાય છે. એ ધર્મગ્રન્થોમાં શ્રમણ જીવનનાં સાર સમાં સમતા અને ગુણગ્રાહકતાનાં અમી ઊભરાય છે. જે સારું તે મારું; જે સાચું તે મારું: એ સિવાય મારે બીજું કશું જ ન ખપે : એ એમનો ધર્મબોધ, એ એમનો આત્મબોધ.

એ ધર્મબોધને આરે એ પોતાના અંતરને નિર્મળ કરે છે; પોતાના આત્માને ઊજળો બનાવે છે.

અને એમની જીવનસાધના પણ ભલભલાનું મન મોહી લે એવી કામણગારી છે : શું એ ત્યાગ, શું એ જાગૃતિ, અને શું એ નિરીહતા. અનાસક્તિ તો એમના પગલે પગલે કળાય. માનવીને હોંશે હોંશે નમન કરીને ચરણસ્પર્શ કરવાનું મન થાય એવું હૃદયસ્પર્શી એ ચારિત્ર્ય.

જાણે હાલતું ચાલતું પતિતપાવન કોઈ મહાતીર્થ જ જોઈ લો.

સૂરિજીના ધર્મોપદેશે કંઈક ભોળા માનવીઓને ધર્મભક્ત બનાવી દીધાં; કંઈકનું અધમોનો ઉદ્ધાર કર્યો અને કંઈક જિજ્ઞાસુઓની જિજ્ઞાસાને સંતોષીને એમને ધર્મને માર્ગે પ્રેર્યા.

એમણે સૈકાઓથી રૂંધાયેલા લોકસેવાના માર્ગને મોકળો કર્યો: લોકસેવાને આત્મવિકાસના એક સોપાનનું ગૌરવ અર્પ્યું અને એ રીતે ધર્મમાર્ગમાં લોકસેવાની પ્રતિષ્ઠા કરી.

સૂરિજીના જીવન અને કવનમાંથી પ્રેરણા મેળવીને અનેક ભાવિક જનો ધર્મનું અને લોકસેવાનું અનુસરણ કરવા લાગ્યા. ધર્મની જાણે એ વખતે લહાણ થવા લાગી.

સૂરિજીના ઉપાસકોમાં એક લલ્લિગ નામે શ્રાવક. જેવો એને ધર્મ ઉપર પ્રેમ એવી જ એને ગુરુ ઉપર આસ્થા. ગુરુવચનને એ સદા શિરોધાર્ય કરે અને ગુરુની સેવા માટે સદા તત્પર રહે.

એની સ્થિતિ સાવ સામાન્ય : આજે રળે અને કાલે ખાય એવી! અને કયારેક તો દરિદ્રતા એવી ઉગ્રરૂપે દેખાય કે અન્નને અને દાંતને વેર જેવું થઈ જાય! કુટુંબનું પોષણ કેવી રીતે કરવું અને સંસારનો વ્યવહાર કેવી રીતે નભાવવો એની તો એને ચોવીસે કલાક ચિંતા રહ્યા કરે. બિચારો દિવસ આખો મહેનત કર્યા કરે, અને પોતાનો અને કુટુંબનો નિર્વાહ કરવા માટે ભારે પરિશ્રમ ઉઠાવ્યા કરે.

કોઈ કહેશે અમુક કામ કરવાથી લાભ મળશે તો લલ્લિગ તૈયાર. વળી કોઈ કહેશે કે આ વેપાર કરવામાં ઘણો ફાયદો થવાનો, તો એ પાછો પોતાની બધી શક્તિ એની પાછળ લગાવી દે. પણ ભાગ્ય જ્યાં ચાર ડગલાં આગળ ને આગળ જ હોય ત્યાં એની એક પણ કારી ન ફાવે.

આમ ભારે ભીંસ વચ્ચે એનું જીવન ચાલતું; છતાં એની ધર્મશ્રદ્ધા, ગુરુભક્તિ અને પુરુષાર્થની ટેવમાં જરાય ઓછપ ન આવી. ઊલટું, જેમ જેમ ભાગ્ય અવળું થતું લાગતું તેમ તેમ, એમાં જાણે ભરતી આવતી. અને નિરાશ કે ભગ્નાશ થયા વગર જ એ પોતાના પ્રયાસો ચાલુ રાખતો.

વળી, એની સ્થિતિ ભલે દરિદ્ર હતી, પણ એનું દિલ દરિદ્ર ન હતું; એ તો દરિયા જેવું વિશાળ હતું; અને એમાં તો એને કંઈ કંઈ મનોરથો જાગતા; અને એના મનને તો ક્યાંના ક્યાં ઊડવાના કોડ ઊઠતા.

આમ ને આમ કાળ વહેતો રહ્યો.

પણ એક વખત એની શ્રદ્ધા, ભક્તિ અને પુરુષાર્થ-પરાયણતા સફળ થઈ, અને એના ભાગ્યનું પાંદડું ફરવા લાગ્યું.

ધીરે ધીરે લલ્લિગનો વેપાર જામવા લાગ્યો.

ધીમે ધીમે લક્ષ્મીદેવીની પ્રસન્નતા વધવા લાગી.

અને એક કાળ એવો આવ્યો કે લલ્લિગની મોટા શ્રીમંત તરીકે અને મોટા વેપારી તરીકે સર્વત્ર ખ્યાતિ પ્રસરી ગઈ.

છતાં લલ્લિગનું મન ધર્મભાવનાથી કે પુરુષાર્થથી વિમુખ ન થયું. એ તરફ તો એનું મન એવો ને એવો આદર ધરાવતું રહ્યું.

હવે તો એને થતું કે સેવેલા મનોરથોને હું કેવી રીતે સફળ કરું?

ધન હતું અને મનોરથો પણ હતા.

ધીમે ધીમે એ ધનનો પ્રવાહ સત્કાર્યો તરફ વાળવા લાગ્યો.

× × ×

લલ્લિગે સાંભળેલું કે ધર્મપુસ્તકો લખાવવાં એ પુણ્યનું કાર્ય છે. એને થયું : એ માર્ગે મારી લક્ષ્મીને સાર્થક કાં ન કરું?

અને એના ગુરુ હરિભદ્રસૂરિજી તો ભારે વિદ્વાન અને પ્રખર શાસ્ત્રવેત્તા તેમ જ સમર્થ શાસ્ત્રકાર હતા. એમનો ઘણો સમય તો શાસ્ત્રોનું સર્જન કરવામાં જ જતો.

લલ્લિગે હરિભદ્રસૂરિના શાસ્ત્રસર્જનના કાર્યમાં મોકળા મને દ્રવ્ય ખર્ચવા માંડ્યું. એમાં જેમ વધુ દ્રવ્યનો સદુપયોગ થાય એમ એ પોતાની જાતને અને પોતાની લક્ષ્મીને કૃતાર્થ માનવા લાગ્યો.

એને થતું : તીર્થંકરના અભાવમાં એમની વાણી જ આપણને ધર્મનો સાચો રાહ બતાવે છે. એટલે એનું જતન કરવું અને એનું સર્જન કરાવવું એ પ્રત્યેક શ્રમણોપાસકનો ધર્મ લેખાય.

આ રીતે લલ્લિગની ભાવના ઊંચી ને ઊંચી વધતી જતી હતી. એક બાજુ ધનની વૃદ્ધિ થતી તો બીજી બાજુ નવાં નવાં સત્કાર્યો કરવા તરફ એનું મન દોડવા લાગતું.

એક વેળા એને ખબર પડી: શાસ્ત્રસર્જનના કાર્યમાં આચાર્ય મહારાજને દિવસનો સમય ઓછો પડે છે. અને એ માટે રાત્રિનો ઉપયોગ કર્યા વગર ધાર્યું કામ પાર પાડવું શક્ય નથી. પણ પંચમહાવ્રતના ધારી સૂરિજી રાત્રિના વખતે પ્રકાશનો ઉપયોગ પણ કેવી રીતે કરી શકે?

આ વાત લલ્લિગના મનમાં રાતદિવસ ચિંતાનો વિષય બનીને બેઠી. એને થયું : કોઈક એવો ઉપાય મળી આવે, અને સૂરિજીને માટે ઉપાશ્રયમાં નિર્દોષ પ્રકાશની વ્યવસ્થા હું કરી શકું! ભલે ને એમાં ગમે તેટલું ખર્ચ થાય.

એકવાર લલ્લિગના જાણવામાં આવ્યું કે અમુક પ્રકારનું રત્ન રાત્રે દીપકની જેમ પ્રકાશ આપી શકે છે.

પછી તો વાર જ શી હતી? અને વિચાર પણ વધારે ક્યાં કરવાનો હતો? કામ થતું હોય તો પૈસા તો મોંમાંગ્યા તૈયાર હતા.

અને એક દિવસ લલ્લિગે એ મહામૂલું રત્ન લાવીને ગુરુમહારાજની સેવામાં ધરી દીધું. એથી ઉપાશ્રયનો ખૂણો, દીપકના પ્રકાશની જેમ, ઝળહળી ઊઠ્યો અને એ પ્રકાશમાં હરિભદ્રસૂરિજીનું શાસ્ત્રરચનાનું કામ વેગપૂર્વક ચાલવા લાગ્યું.

લલ્લિગને પોતાનું જીવન કૃતાર્થ થયું લાગ્યું.

બહુમૂલા રત્નના પ્રકાશની જેમ લલ્લિગની ભાવનાનો પ્રકાશ સર્વત્ર પ્રસરી રહ્યો.

લલ્લિગની ભાવનાને લોકો પ્રશંસી રહ્યા.

× × ×

આચાર્ય હરિભદ્રસૂરિની ધર્મદેશના જાણે સૂતેલા આત્માઓને ઢંઢોળીને જાગૃત કરતી હતી. એમની શાસ્ત્રવાણી કઈક સંતપ્ત આત્માઓને શાંતિનો માર્ગ બતાવતી; સમભાવને માર્ગે પ્રેરતી.

લલ્લિગની ભાવનામાં તો ઉત્તરોત્તર ભરતી જ આવતી રહી. એ તો એટલું જ વિચારતો: આ સંજોગો અને આ સંપત્તિ મળી છે, તો એનો જેટલો લહાવો લેવાય એટલો લઈ લેવો. આવા ધર્મ અને આવા સદ્‌ગુરુનો સંજોગ વારેવારે મળતો નથી.

એક વેળા સૂરિજી પાસેથી એણે આતિથ્યનો મહિમા સાંભળ્યો, અને એનું મન એ માર્ગે દોડવા લાગ્યું.

ધીરે ધીરે એનું રસોડું પહોળું થતું ગયું. એને તો જેટલા વધુ અતિથિ આવે એટલો વધુ આનંદ થવા લાગ્યો. સંપત્તિ તો હતી જ, એમાં ભાવનાનો વેગ ભળ્યો. પછી તો શી ખામી રહે?

પણ હવે તો આટલા અતિથિથી પણ લલ્લિગને સંતોષ ન થતો. એનું મન તો વધુ ને વધુ માટે ઝંખ્યા કરતું.

એક વેળા એને થયું : ભોજનવેળાએ આપણે જમીએ અને ગામનું કોઈ પણ માનવી ભોજન વગર રહે તો એનો દોષ આપણે શિરે આવે. ગુરુમહારાજે સમજાવ્યા પ્રમાણે તો છતી શક્તિએ કામ ન કરવાથી, આપણને વીર્યાતિચાર જ લાગે ને?

અને એણે ભોજનવેળાએ ગામના અને પરગામથી આવતા સૌ કોઈ અતિથિઓ, અભ્યાગતો અને સાધુ-સંતો માટે પોતાના ઘરના દરવાજા ઉઘાડા મૂકી દીધા.

પણ પછી તો આ પણ એને ઓછું લાગ્યું હોય એમ ભોજનવેળાએ દાંડી પીટવામાં આવતી; અને સૌ કોઈને ભોજનને માટે આમંત્રવામાં આવતા. ગામને પાદરથી કોઈ પણ માનવી ભૂખ્યો ન જાય, એ જાણે શ્રમણોપાસક લલ્લિગનું જીવનવ્રત બની ગયું. પોતાના ગુરુ ગોચરી પામે અને બીજા કોઈ ભૂખ્યા રહે તો એ બરાબર ન લેખાય.

લલ્લિગના મકાને ભોજનવેળાએ દરરોજ સેંકડો માનવીઓ ભેગાં થવા લાગ્યાં. લલ્લિગનું આંગણું જાણે અતિથિગૃહ જ બની ગયું. સૌને ત્યાં સમાનભાવે, આદરમાન સાથે, ભોજન મળતું.

ભોજન કરીને તૃપ્ત થયેલા માણસો લલ્લિગને દુવા દેતા કે એને આશીર્વાદ દેતા તો લલ્લિગ નમ્રતાપૂર્વક કહેતો કે આ બધો પ્રતાપ ગુરુની કૃપાનો અને એમના ધર્મબોધનો છે.

અને જમનારાઓ ગુરુ હરિભદ્રની પાસે જઈને "ઘણું જીવો ભવવિરહસૂરિ" એવો જયજયકાર ઉચ્ચરતા. જવાબમાં સૂરિજી પણ 'તમને ભવવિરહનો લાભ થાઓ!' એવા આશીર્વાદ આપતા.

ભાવિક લલ્લિગનાં નેત્રો આ દૃશ્ય જોઈને આંસુભીનાં બનતાં.

સૌ કોઈ લલ્લિગના આ આદર્શ આતિથ્યને પ્રશંસી રહેતાં, નમન કરતાં.

卐

સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન એસોસિએશન લિ. મુંબઈ-૨

તેમજ

ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લેબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ ન. ૭
ફોન ન. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
એન્ડ એસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. તાર : ARGOR

મુક્તિ ના પંથે

શ્રી કેશરીચંદ સેઠિયા

અનુ : શ્રી ગુલાબચંદ જૈન

રાજગૃહી નગરીના પનઘટ ઉપર પાણી ભરનારી નારીઓએ કેટલાક સોદાગરોને ઉદાસ મને બેઠેલા જોયા. તેઓ મગધના રહેવાસી હોય એવું જણાતું ન હતું. નગરની શેઠાણી ભદ્રાદેવીની દાસીઓ પણ ત્યાં પાણી ભરવા આવી હતી. તેમણે પણ એ સોદાગરોને જોયા. દાસીઓએ પરસ્પરમાં વાત કરી અને નક્કી કર્યું કે, "જાણીએ તો ખરાં કે એ ક્યાંના છે અને આમ શા માટે ઉદાસ બેઠા છે?"

એકે પૂછ્યું : "મગધના જણાતા નથી."

"હા...!" એટલો જ ટૂંકો જવાબ મળ્યો.

"પરદેશથી આવો છો? ક્યાંના છો...?"

"હું...નેપાળ અમારો દેશ!" સોદાગરોએ કહ્યું.

"અહીં આવીને કંઈક નિરાશા થઈ લાગે છે. ઉદાસ શા માટે જણાઓ છો?"

નિરાશાપૂર્ણ શબ્દોમાં એક સોદાગરે કહ્યું : "શું થાય! મોટી આશા લઈને નેપાળથી અહીં આવ્યા હતા! પણ ફેરો ફોગટનો પડ્યો!"

"કેમ વળી શું માલ લઈને આવ્યા હતા?"

"રત્નકંબલ! મહારાજા શ્રેણિકે પણ એકેય ન ખરીદ્યું, પછી કોની આશા રાખીએ? આ તો દૂરથી ડુંગર રળિયામણા...એના જેવી વાત થઈ!"

દાસીઓએ કહ્યું ; "બસ એટલી જ વાત છે? ચાલો અમારી સાથે. અમારાં શેઠાણીને પસંદ પડ્યા તો એક શું પણ તમારાં બધાંય રત્નકંબલો ખરીદી લેશે!"

"હેં...!" આશ્ચર્યથી ડોળા ફાટી જતાં હોય એમ સોદાગરે કહ્યું.

"હા...પણ અમારી બક્ષિસ શું?" દાસીઓએ આંખો મચકાવતાં કહ્યું.

"સોદો થઈ જવા દો. અમે જેમ રાજી થઈશું તેમ તમને પણ રાજી કરીશું." નિરાશ સોદાગરોએ પરાણે હસતાં હસતાં કહ્યું.

સોદાગરો દાસીઓની પછવાડે ચાલી નીકળ્યા.

[૨]

"કંબલો તો સારાં છે, પણ તમારી પાસે ફક્ત સોળ જ છે!" ભદ્રા શેઠાણીએ રત્નકંબલો જોતાં જોતાં કહ્યું.

"કેમ...?" સોદાગરોએ પૂછ્યું. તેમને થયું કે કદાચ ન લેવા માટેનું કોઈ બહાનું શેઠાણી કરે છે.

"મારે તો બત્રીશ વહુઓ છે...સોળને દઉં અને સોળને ન દઉં તો તેઓ રિસાઈ જાય ને!" ભદ્રા શેઠાણીએ કહ્યું.

સોદાગરોના ચહેરા ઉપર આશ્ચર્ય અને પછી નિરાશાની લહેરો પથરાઈ ગઈ. તેમને થયું કે કાં તો આ શેઠાણીને ખરીદવું નથી, કાં તેમની પાસે કંબલો ઓછાં થતાં હોવાથી આ સોદો નહીં પતે, એટલે વીલે મોઢે પાછા વળવું પડશે.

તેમણે તદ્દન નિરાશ સ્વરે કહ્યું : "શેઠાણી! અમારી પાસે તો વધારે નથી તેમ જ ફરી ફરીને આવાં રત્નકંબલો મળશે પણ નહીં. અમારું કમભાગ્ય કે આપને પસંદ પડ્યાં છે તો અમારી પાસે પૂરાં નથી!"

"તમારે નિરાશ થવાની જરૂર નથી. આ રાખ્યાં સોળ રત્નકંબલો, અને બોલો એનો શું ભાવ થાય છે?"

સોદાગરોએ ભાવ નક્કી કર્યો અને ભદ્રા શેઠાણીએ ખજાનામાંથી સોનૈયા મંગાવીને ચૂકવી દીધા.

સોદાગરોનાં વદન ઉપર પ્રસન્નતા છવાઈ ગઈ. દાસીઓએ કહ્યું : "અમારું ઇનામ?"

"તમે જે માંગો તે!"

"જે તમને મળ્યું છે તે બધું આપી દેશો?"

"જરૂર...તમારો વહેવાર જોઈને તે પણ ઓછું છે! તમે ન હોત તો આ કંબલો ક્યાં વેચાત?"

"ઠીક, ઠીક...હવે વધુ બકવાટ ન કરો! બીજી વાર આવો તો માલ પૂરો લાવજો...! અમને અમારાં શેઠાણી બધી રીતે પૂરે છે. તમારા પુરસ્કારની અમને જરૂર પણ નથી."

દાસીઓ એટલું કહીને ભવનમાં ગઈ, અને સોદાગરો રસ્તે પડ્યા. ભદ્રા શેઠાણીએ કંબલના બબ્બે ચીર કરીને એક એક વહુને આપી આવવા દાસીઓને કહ્યું...!

[૩]

સવારનો સમય છે. મગધની મહારાણી ઝરૂખામાં બેઠી બેઠી દાતણ કરે છે કે તેની નજર નીચે ઝાડુ કાઢતી મહેતરાણી ઉપર પડી. તેણે જોયું કે તે રત્નકંબલ ઓઢીને ઝાડુ કાઢતી હતી.

"આ રત્નકંબલ!" રાણીએ વિચાર્યું અને તેને યાદ આવ્યું કે મહારાજા શ્રેણિકે આ રત્નકંબલ ખરીદવાની અશક્તિ દર્શાવી હતી. નેપાળનો એ રત્નકંબલ, રાણીને ઇચ્છા હતી ઓઢવાની પણ રાજાએ ના પાડી હતી. આજે તે એક મહેતરાણી ઓઢીને ફરતી હતી—અરે ઝાડુ કાઢતી હતી.

તેણે મહેતરાણીને તેડાવી. મહેતરાણીને થયું કે જરૂર કાંઈ વાંક થયો હશે! તેણે પાસે આવીને વળી વળીને નમન કરતાં કહ્યું: "જી, મહારાણીજી! મને વળી કેમ યાદ કરી?"

રાણીએ તેને પેલા રત્નકંબલ અંગે પૂછ્યું.

મહેતરાણીના જીવમાં જીવ આવ્યો. તેણીએ કહ્યું: "આ તો ભદ્રા શેઠાણીની વહુઓએ મને આપ્યા છે."

એમ કહી તેણે બધી વાત કરી...

ગઈ કાલે જ્યારે તે ભદ્રા શેઠાણીનું સ્નાનાગાર સાફ કરવા ગઈ હતી ત્યાં બત્રીશ એવાં કંબલોના ટુકડા પડ્યા હતા. તેથી તેણે સાદ કરીને પૂછ્યું કે, "અહીં રત્નનાં ચીર પડ્યાં છે. શું કરવું છે?"

જવાબ મળ્યો કે: લઈ જા ઘરે...!

મહેતરાણીને એટલી હિંમત ન હતી. તેણે ધીમે ધીમે હિંમત કેળવી બધાં કંબલનાં ચીર ઉપાડ્યાં. તેણે બધી વાતનો પત્તો મેળવ્યો કે એક દિવસ પહેલાં ભદ્રા શેઠાણીએ પોતાની વહુઓ માટે એ કંબલ લીધેલાં. પણ સોળ હોવાથી દરેકના બબ્બે ચીર કરીને એક એક વહુ પાસે મોકલાવ્યાં. વહુઓએ તેનાથી પતિના પગ લૂછ્યા અને સ્નાનાગારની કચરાગલીમાં નાંખી દીધા...

"રાણીજી...ઈ વાત છે."

રાણી સાંભળીને અવાક્ થઈ ગઈ! તેને થયું કે મારા કરતાં નસીબદાર તો આ મહેતરાણી છે, કે મને એક કંબલ ન મળ્યું અને આને બત્રીશ પ્રાપ્ત થયાં છે. તેના મનમાં આવેશ આવ્યો: "ધિક્કાર છે મારા મહારાણીપદને..."

તેણે ગુસ્સામાં ગળામાંથી મુક્તાહાર કાઢીને મહેતરાણીને આપ્યો: "આ હું તને બક્ષિસમાં આપું છું."

મહેતરાણી તો પોતાના ભાગ્ય ઉપર અવાક્ થઇ ગઈ! સવારે રત્નકંબલો—અત્યારે મુક્તાહાર! તે આવેશમાં આવેલી મહારાણીને જતી જોઈ રહી... ખરેખર નસીબ આડે પાંદડું ક્યારે હટે છે તે કોઈ પણ કહી શકતું નથી.

[૪]

"રાણી...રાણી...રાણી...!"

"મને રાણી કહીને ન બોલાવો...મારું અપમાન ન કરો!" રાણીએ ગુસ્સામાં કાંપતાં કાંપતાં કહ્યું.

મહારાજા શ્રેણિકને ખબર પડી કે મહારાણી તો આજે વાળ વિખેરી, અલંકારો ઉતારી કોપભવનમાં ગઈ છે ત્યારે તેઓ દોડતા દોડતા રાણીને મનાવવા આવ્યા. બહુ જ આગ્રહ કરતાં રાણીએ ઉપર પ્રમાણે કહ્યું.

"હું...અને વળી મારી પ્રિયતમાનું અપમાન કરી શકું...! મને તો કંઈ પણ સમજાતું નથી કે મારાથી એવો શો અપરાધ થયો છે કે તમે આમ આજે રિસાઇ ગયા છો! કહો તો ખરાં કે વાત શી છે?"

"વાત શું છે? મગધના મહારાજા પોતાની પટરાણી માટે નેપાળનું એક રત્નકંબલ ખરીદી ન શકે—એમાં સંકોચ અનુભવે અને તેના નગરની ભદ્રા શેઠાણીઓ પગ લૂછવા માટે કંબલ ખરીદી શકે! મહારાજ! હવે તો હું પોતાને મગધની રાણી કહેતાંયે શરમાઉં છું."

"પગ લૂછવા માટે રત્નકંબલ! હેં...!" મગધરાજે વિસ્મિત થતાં કહ્યું.

"એટલું જ નહીં, એકવાર લૂછ્યા બાદ તે કંબલો નકામાં થયાં એટલે આપના મહેલની મહેતરાણીને ભેટ સ્વરૂપ મળ્યાં છે...એક નહીં બત્રીશ ડુકડાઓ!"

મહારાજા શ્રેણિકના આશ્ચર્યનો અવધિ ન રહ્યો. તેમણે ગંભીરતાથી કહ્યું: "રાણી...તમે કોઈ સ્વપ્ન તો જોયું નથી ને...!"

"ના...સગી આંખે જોયું! અને ભદ્રા શેઠાણી રત્ન-કંબલો આપે તો મગધની રાણીએ મુક્તાહાર તો આપવો જોઈએ. એટલે મેં તેને તે ભેટ આપ્યો છે!"

મગધરાજને વિશ્વાસ ન બેઠો. પણ મહારાણીની વાત ઉપર અવિશ્વાસ પણ કઈ રીતે કરી શકાય! તેમણે કહ્યું: "મહારાણી, મારા રાજ્યમાં આવા શ્રીમંતો પણ પડ્યાં છે તે હું જાણતો ન હતો. આ ઘટના અંગે હું જાતે તપાસ કરવા અબઘડી જાઉં છું."

મગધરાજ શ્રેણિકે બહાર જઈને પોતાના પ્રહરી-ઓને આજ્ઞા આપતાં કહ્યું: "જલદી બહાર જવાની સવારી તૈયાર કરાવો!"

"જેવી દેવની આજ્ઞા!" પ્રહરી નમન કરીને ગયો.

થોડીવાર પછી શ્રેણિક રાજાની સવારી રાજમાર્ગ ઉપરથી પસાર થતી થતી ભદ્રા શેઠાણીના ઘર આગળ આવીને ઉભી રહી.

રાજા શ્રેણિક પોતાના...આંગણે પધાર્યા છે એ જાણીને ભદ્રા શેઠાણીના આનંદનો પાર ન રહ્યો. તે સામે પગલે શ્રેણિક રાજાને મળવા ગઈ અને લળી લળીને પ્રણામ કરતાં કહ્યું: "મહારાજે આજે આ ગરીબની ઝૂંપડીને પાવન કરી છે, તે મારાં અહોભાગ્ય છે!"

શ્રેણિક રાજાએ કહ્યું: "મારે કુમાર શાલિભદ્રને મળવું છે...!"

ભદ્રાએ નમી નમીને પ્રણામ કરતાં કહ્યું: "તો એમાં મહારાજે શા માટે કષ્ટ વહોર્યું! આપની આજ્ઞા મળતાં હું જાતે જ કુમારને આપના દરબારમાં મોકલી આપત! આપ અહીં વિરાજો...હું કુમારને તેડી આવું છું." ભદ્રા શેઠાણીએ રાજાને સિંહાસન ઉપર બેસવાનો આગ્રહ કર્યો.

"કુમારને કષ્ટ આપવાની જરૂર નથી. હું જાતે જ આવું છું. ક્યાં છે?" શ્રેણિકરાજાને ભવન જોવાની ઇચ્છા હતી.

"ઉપર છે...!" ભદ્રા શેઠાણીએ કહ્યું: "આમ... આ તરફ મહારાજ પધારો...!"

ભદ્રા શેઠાણી સાથે શ્રેણિકરાજા પહેલી ભોંયે આવ્યા. ભવનની કારીગરી જોઈને રાજાને આશ્ચર્ય થયું. પહેલી ભોંયે આવ્યા બાદ તેણે પૂછ્યું: "કેમ, કુમાર કઈ તરફ છે?"

"મહારાજ! આ ભોંય તો નોકર-ચાકરો માટે છે!" ભદ્રા શેઠાણીએ કહ્યું.

મગધરાજને આશ્ચર્ય થયું કે જેના નોકર-ચાકરો આવા કિંમતી અને આલિશાન ભવનમાં રહેતા હોય તો તે પોતે કેવા ભવનમાં રહેતો હશે? એટલામાં બીજી ભોંય આવી અને રાજાએ પૂછ્યું: "અહીં કુમાર રહે છે ને?"

"નહીં મહારાજ! આ તો દાસીઓનું ભવન છે!" ભદ્રાએ કહ્યું. રાજાને સહેજ ભોંઠપ લાગી. ત્રીજી ભોંય આવી અને રાજાએ જાણ્યું કે એ તો મુનિઓ માટેની છે.

ચોથી ભોંય આવતાં મહારાજા શ્રેણિકનું મગજ ચક્કર ખાવા લાગ્યું. સામે જમીન છે કે પાણી, એ નક્કી ન કરી શક્યા! રાજા દ્વિધામાં પડી ગયા. કોઈને પૂછે તો નાનમ લાગે. આગળ વધવું કે કેમ...રાજાથી આગળ તો કોઈ જઈ શકે નહીં! તરત તેમણે પોતાની તર્જની-માંથી વીંટી સરકાવીને જમીન ઉપર નાંખી. તે ખણખણી ઊઠી...આગળ વધવામાં વાંધો નથી, જમીન છે...એમ કહેતી ન હોય!

મહારાજાએ નીચા નમીને વીંટી ઉપાડવાનો ઉપક્રમ કર્યો. પણ તે ન મળી શકી...! આસપાસ દૃષ્ટિ ફેરવી પણ વીંટી ન દેખાઈ.

તરત ભદ્રા શેઠાણીએ પોતાના ભંડારીને ઇશારો કર્યો. એક ક્ષણ બાદ થાળ ભરીને વીંટીઓ આવી ગઈ.

ભંડારીએ નમ્રતાપૂર્વક કહ્યું: "મહારાજ! આ બધી વીંટીઓ આપની જ છે!"

શ્રેણિકે કહ્યું: "અરે...હું તો આંગણાની પરીક્ષા કરતો હતો. ખરેખર સુંદર છે."

ખરેખર તો શ્રેણિક રાજા શરમાઈ ગયા હતા. તેમણે કહ્યું: "હું હવે વધારે ઉપર નહીં ચઢી શકું! વાંધો ન હોય તો કુમારને અહીં બોલાવી લો!"

ભદ્રાએ કહ્યું: "જેવી આપની ઇચ્છા!"

તેણે નીચેથી બૂમ પાડી: "દીકરા...નીચે આવ તો! તારા આંગણે નાથ આવ્યા છે!"

ઉપરથી જવાબ મળ્યો : "ખરીદીને ભંડારમાં નાખી દે ને મા ! હું કદી ખરીદી કરતો નથી. તને ગમે તો ભંડારીને કહીને લઈ લે ! મને પૂછવાની શી જરૂર છે ?"

રાજા શ્રેણિક તો સાંભળીને દિંગ થઈ ગયા. ભદ્રાને થયું કે કયાંક આડુંઅવળું ન થઈ જાય. તે તરત જ જોરથી બોલી : "દીકરા, આ કોઈ સાર્થવાહ નથી; આપણા પોતાના નાથ છે. આજે આપણે આંગણે આવ્યા છે. દીકરા, તને જોવા માટે !"

"નાથ...! શું મારા પણ કોઈ નાથ છે ? આ તે કેવી વિચિત્ર વાતં છે ? આટલા દિવસ સુધી તે કયાં હતા ?" આશ્ચર્યચકિત શાલિભદ્રે કહ્યું અને તે ધીમાં ડગલાં ભરતો નીચે આવ્યો.

મહારાજા શ્રેણિકે સામે જોઈને તેને આલિંગન આપ્યું. ઉપરથી નીચે આવવાના શ્રમના કારણે શાલિભદ્રને થાક જણાતો હતો. તેમનું કોમળ શરીર કુમળાઈ ગયું હતું. મહારાજા શ્રેણિકે તેને મળ્યાનો આનંદ વ્યક્ત કર્યો. ભદ્રા શેઠાણી આજે શ્રેણિકને પોતાને ત્યાં આવેલા જોઈને ધન્ય થઈ. તેણે શાલિભદ્રને કહ્યું : "પુત્ર, આ જ આપણી નગરીના રાજા શ્રેણિક છે; આપણા બધાના નાથ છે."

શાલિભદ્રે તેમને પ્રણામ કર્યા. શ્રેણિકે આશીર્વાદ આપ્યા અને ત્યાંથી વિદાય થયા...બંનેના હૃદયમાં આકુળતા હતી...શ્રેણિકને થતું હતું કે તેનાથી પણ વધુ સમૃદ્ધ અને સંપન્ન કોઈ દેવાંશી નગરજન તેના નગરમાં છે...એની ઋદ્ધિ-સંપત્તિ આગળ તેને મગધનું રાજ્ય ઝાંખું લાગવા માંડયું...

શાલિભદ્રને થતું હતું કે આજ સુધી તે પોતાનો જ નાથ હતો...પણ આજે તેને ભાન થયું કે તેનો પણ કોઈ નાથ છે અને તેની આજ્ઞામાં તેને રહેવું પડે છે... એ તેના માટે અસહ્ય હતું...

તે ચિંતનયુક્ત મુદ્રા સાથે પોતાના ભવનમાં ચઢ્યા... ભદ્રા શેઠાણીએ તેને જતો જોયેલો...તે શ્રેણિકને વળાવવા ગયેલી...કારણ કે કયાંક રાજાને ખોટું લાગે તો.....!

શ્રેણિકને વળાવીને તે પાછી ઉપર આવી ત્યારે તેણે શાલિભદ્રને સાદ દીધો : "દીકરા ! આ તને શું થયું...!"

શાલિભદ્રે જવાબ ન આપ્યો. તેના મનમાં દ્વંદ્વ ચાલતું હતું કે શું એવી પણ કોઈ વસ્તુ છે, જેનાથી તેના ઉપર કોઈ નાથનો અંકુશ ન હોય...! પોતે કયાંથી અહીં આવી ચઢ્યો હતો...તેનું દ્વંદ્વ ચાલતું રહ્યું...તેના આંતરચક્ષુઓ ખુલ્લાં થયાં...ગયા જન્મની તસ્વીરો નજર આગળ તરવરવા લાગી...એક કઠિયારો...એક મુનિ...જમવાનું ટાણું...રાંધેલી ખીર...ભાગ પાડેલી ખીર પણ મુનિને વહોરાવી દીધી...અને તેના ફળસ્વરૂપે આ ઋદ્ધિ સિદ્ધિને તે વર્યો હતો...એ જ મુક્તિનો પંથ હતો...જ્યાં કોઈની ગુલામી નહોતી...કોઈનો અંકુશ ન હતો...મુક્ત આત્માની મુક્તિનો ઉજ્જવળ માર્ગ હતો...

ઊંડી નિદ્રામાંથી જાગૃત થઈને બોલતો હોય તેમ શાલિભદ્રે કહ્યું : "મા...મને મળી ગયો છે એ મુક્તિનો પંથ...સંયમનો માર્ગ...!"

"શું બોલે છે દીકરા...!"

"હા મા...એ જ સાચો માર્ગ છે...જ્યાં કોઈ નાથ નથી, કોઈનો અંકુશ નથી...હું એ જ ત્યાગ માર્ગે જઈશ...એ જ મુક્તિનો પંથ છે...!"

ભદ્રા શેઠાણી અવાક્ થઈને જોઈ રહ્યાં...મુક્તિને પંથે જવા માટે શાલિભદ્રને ન સમૃદ્ધિ કે સંપત્તિ રોકી શકી કે ન બત્રીશ સુંદરીઓ અટકાવી શકી.....

श्री हस्तीकुण्डी तीर्थ

श्री हजारीमल चंद्रभाण

हस्तीकुण्डी (राष्ट्रकुट) तीर्थ श्री राता महावीर स्वामी तीर्थ के नाम से प्रसिद्ध है। यह महातीर्थ बिजापुर ग्राम से २ मील की दूरी पर स्थित है। बिजापुर एरिनपुरा रोड स्टेशन से ८ मील दूर है। आनेवाले यात्रियों के लिए वहाँ पर मोटरगाड़ी आदि के सर्वसाधन उपलब्ध हैं। यह महातीर्थ गोडवाड पंचतीर्थी श्री रानकपुर के दक्षिण और पूर्व के मध्य में स्थित है। राणकपुर से हथुंडी १६ मील है।

"श्री पार्श्वनाथ भगवान की परम्परा का इतिहास" (पूर्वार्ध) में इतिहासप्रेमी मुनिश्री ज्ञानसुन्दरजी महाराज ने दिया है। वे पृष्ठ ८०६ पर लिखते हैं कि विक्रम संवत् ३७० में श्री पार्श्वनाथ भगवान् के ३० वें पाट पर आचार्य महाराज श्री सिद्धिसूरिजी हुए। इन्होंने हथुंडी नगर के श्रेष्ठि गोत्र के वीरदेव को उपदेश देकर वहाँ श्री महावीर भगवान का मंदिर बनाकर प्रतिष्ठा करवाई। तदन्तर समय समय पर भिन्न भिन्न आचार्य महाराजाओं-ने इस हथुंडी नगर में मनुष्य एवं पशु कल्याण आदि के अनेक कार्य करवाये। उन महात्माओं के नाम इस प्रकार हैं—

पृष्ठ	विक्रम	नाम
८०६	३७०	श्री सिद्धिसूरिजी महाराज
१०२१	५५८	,, कक्क सूरिजी ,,
१०४२	६०१	,, देवगुप्त सूरिजी ,,
१०४५	६१२	,, सिद्ध सूरिजी ,,
१०४५	६२३	,, ,, ,, ,,
१०४५	६३१	,, ,, ,, ,,
१०८०	६६०	,, कक्क सूरिजी ,,
११५२	७७८	,, ,, ,, ,,
१३६६	८६२	,, ,, ,, ,,
१३८६	९५२	,, ,, ,, ,,
१५०१	९८८	सर्वश्री देव सूरिजी ,,

एक बार राजा राव जगमाल शिकार करके आ रहे थे। उस समय आचार्य महाराज श्रीसर्व देवगुप्त सूरि ने राजा राव जगमाल को देखा। दूसरे दिन राजसभा में उन्होंने उपदेश दिया कि बेचारे निराधार केवल तृण भक्षण करने वाले पशु-प्राणियों का रक्षण करना आपका परम कर्तव्य है, जिसके बदले उनका भक्षण करने को तैयार हुए हो। क्षत्रिय जैसी वीर जाति का यह धर्म नहीं है। जैन तीर्थंकरों ने क्षत्रिय वीर कुल में अवतार लेकर अहिंसा का खूब जोरों से उपदेश दिया था। राजा जगमाल और प्रजा आदि ने इस उपदेश को सुनकर जैन धर्म स्वीकार कर लिया।

'प्राचीन जैन स्मारक' नामक ग्रंथ में पृष्ठ १६ पर लिखा है कि हस्तीकुण्डी गच्छ के जैनाचार्य की नामावली स्थान आदि एक शिलालेख पर कोतरा हुआ है। उसे जोधपुर के मुन्शी देवीप्रसादजी ले गये थे। यह हस्ती-कुण्डी (राष्ट्रकुट) राठोडों की राजधानी थी। उसमें बहुत से जैन थे। जोधपुर के इतिहास में लिखा है कि राठोडों की उत्पत्ति का स्थान हथुंडी (हस्तीकुण्डी) अथवा कन्नोज में मिलता हैं। इतिहास प्राचीन जैन लेख संग्रह द्वितीय विभाग के पृष्ठ १७५ से १८५ तक देखने से इसका पता लग जायेगा।

मुनि श्री जिनविजयजी महाराज उसमें अपनी प्रस्तावना में लिखते हैं "इस संग्रहमें ५५६ जिन मंदिर के शिलालेख हैं। उसमें अहमदाबाद से राजस्थान के कुल मंदिरों का समावेश होता है। इन शिलालेखों मे प्रथम नम्बर का शिलालेख नम्बर ३१८ का है। यह हथुंडी तीर्थ राता महावीरजी से मिला हुआ है। इस हस्तीकुण्डी विराट नगरी में अनेक महान जैनाचार्यों ने महान कार्य किया है। जिनके नाम निम्नलिखित हैं:— (१) बलिभद्राचार्य, (२) वासुदेवाचार्य, (३) सूर्याचार्य, (४) शान्तिभद्राचार्य, (५) यशोभद्राचार्य, (६) केशरसूरि संतति के पांच आचार्य हैं।

उपरोक्त आचार्यों के प्रतिबोध से अनेक भूपतियों ने जैन धर्म स्वीकार कर अपनी उदार भावना का परिचय

देते हुए शासन और तीर्थ के रक्षणार्थ राजकीय शासन-पत्र लिखकर दिये। उन मारवाड के नगरपतियों के नाम इस प्रकार हैं :—

(१) विदग्ध राजा, (२) दुर्लभ राजा, (३) सामतसिंह, (४) महेन्द्र राजा, (५) धरणीवराह राजा, (६) हरीवर्म राजा, (७) ममट राजा, (८) धवल राजा, (९) मुज राजा,

उपरोक्त महाराजाओं ने जो शासनपत्र लिखकर दिये वे प्राचीन लेखसंग्रह में इस प्रकार हैं—

लेख नं.	पृष्ठ	विक्रम संवत्	गाथा
३१८	१७५	१०५३	४०
३१९	१८१	९९६	२१
३२०	१८३	१३३५	५
३२१	१८४	१३४५	५
३२२	१८५	१२९९	१
३२३	१८५	१३४६	१

उपरोक्त उद्धार का परिचय शासन पत्र महान् नरेशों की ओर से अपने आप तृतीय भाग में से एक हिस्सा आचार्यों को धर्म के प्रचार एवं द्वितीय हिस्सा आचार्यों को धर्म के रक्षणार्थ अर्पण किया हुआ था। इस विशाल कार्य अर्हन्त चैत्य का प्रथम जीर्णोद्धार ९९६ में हुआ। इस विशाल कार्य अर्हन्त चैत्य का प्रथम जीर्णोद्धार विदग्ध राजा ने करवाया था एवं दर्थस्व ने शरीर भार सुवर्ण अर्पित किया था। और शासनपत्रों में लिखा है कि जहांतक पर्वत, पृथ्वी, सूर्य, चन्द्र, गंगा, सरस्वती कायम है, वहां तक यह शासनपत्र कायम रहेगा। विक्रम संवत् १०५३ माघ सुदी १३ को सूरिजी ने प्रथम तीर्थंकर की प्रतिष्ठा करवा कर स्थापना करवाई।

विक्रम संवत् १२९९ चैत्र सुदी ११ शुक्रवार को शिष्य पूर्णचंद्र उपाध्याय द्वारा उपदेश देकर शिखरो कारखानों का गोखलों पर लेख है।

विक्रम संवत् १३२५ फागण सुदी ८ को मुनि महाराज शीलविजयजी, आचार्य महाराज बलभद्र सूरि, वासुदेव सूरि हथुंडी गच्छ से पाट परम्परानुसार आचार्यों के हाथ से श्री ऋषभदेव प्रभु की मूर्ति की प्रतिष्ठा उदयपुर के समीप में बाबुला नाम के गांव में हुई।

उपरोक्त शिलालेख व शासनपत्र आज भी यहाँ श्री राता महावीर प्रभु के मंदिर के दीवालों में तथा स्तम्भों पर कुतरे हुए हैं। उनमें से एक शिलालेख नं. ३१८ ३१९ वि. सं. ९९६, १०५३ का इस जिनालय में प्रवेश करते 'मूलद्वार' में बाएँ हाथ की ओर एक ताक पर शिलाखण्ड कर कुतरा हुआ था। वह लेख वहाँ से वि. सं. १९५२ में उखाड कर जोधपुर ले गये वहाँ से उसे अजमेर म्युजियम में ले गये हैं जो वहाँ अब भी मौजूद है।

उपरोक्त शिलालेख की एपीग्रोफीका इण्डिया के १० वें भाग में (पृष्ठ १७–२०) पण्डित रामकरण द्वारा प्रगट किये हैं। इसके पूर्व गवेषणा करनेवाले (कोलहोर्न) तथा (केप्टन बर्ट) थे।

तदुपरांत इस देवालय में से तीन शिलाखण्ड और उपलब्ध हुए थे जो निम्नलिखित हैं।

शिलाखण्ड नं. ७ संवत् १०११ ज्येष्ठ वदी पंचमी श्री शान्तिभद्राचार्य भाण्डपोड्यं महिर सुत्रधार वामक शुभहस्तेन करितों सैवदिने श्री यशोभद्राचार्याणां सुरिपद प्रतिष्ठेति।

शिला नं. ८ सं. १०४८ वैशाख वदी ४ श्री शान्ति-भद्राचार्य गोष्ट्या माण्डपोड्य कारितः

शिलाखण्ड नं. ९ सं. ११२२ मार्गशीर्ष शुक्ल १३ पासनाग शिष्येण सुपण हस्तिना बलिभद्र (वासुदेवसूरी) ना इत्यादि।

रास में भी लिखा है हस्तिकुण्डी एहवु अभिधान स्थापिउ गच्छपति प्रगट प्रधान; महावीर केरईप्रसादी, वाजई भृणगल नादि।

शीलाविजयजी स्वकृत तीर्थमाला मे लिखते हैं:— 'रातावीरे पुरी मनसी आस'।

जिनतिलक सूरि अपनी तीर्थमाला में जिन जिन ग्रामों में महावीर के देवालय के उपस्थिति का वर्णन करते हैं उसमें हस्तीकुण्डी का नामोल्लेख किया है।

श्री अचलगच्छीय मोटी पट्टावली में लिखा है कि वि. सं. १२०८ को आचार्य महाराज श्री जयसिंहसूरिजी अपने गुरु महाराज की आज्ञा से अपने शिष्य परिवार के साथ विचरते विचरते इस हथुंडी (हस्तिकुण्डी) नगर में पधारे। राठोड क्षत्रिय वंशी अनंतसिंह नाम का राजा राज्य करता था वह पूर्व कर्म के उदय से जलोदर नाम के भयंकर रोग से दुखी हो रहा था। इस समाचार के महा प्रभावक आचार्य महाराज श्री को मालूम होने पर और भविष्य में लाभ होना समझकर रोग निवारण के लिए

आचार्य श्री ने प्रासुक जल मँगवा कर उस जल को मंत्रित कर महारानी को दिया और आचार्य महाराज श्री ने रानी को कहा कि यह प्रासुक जल राजा के शरीर को लगाने से राजा का कष्ट दूर हो जायगा। इसी तरह से राजा अनंतसिंह का रोग दूर हो गया और शरीर में शांति आ गई। फिर राजा रानी अपने परिवार सहित आचार्य श्री को वंदन करने आये।

राजा रानी ने वंदन करके आचार्य देव को विनंती के साथ कहा कि आजसे हम अपने परिवार के साथ जैन धर्म स्वीकार करते हैं। साथ में समिकत मूल श्रावक के बारह व्रत गुरु महाराज से अंगीकार किए। फिर गुरु महाराज के उपदेश से हथुंडी श्री संघ ने अनंतसिंह को ओसवाल जाति में मिला दिया। इस राजा के वंशज हथुंडी या राठोड गोत्र नाम के ओसवाल जैनों के नाम से आज कई नगरियों में विचरते हुए हैं।

अनंतसिंह राजा ने गुरु महाराज के उपदेश से इस हस्तीकुण्डी नगर में श्री महावीर प्रभु का एक मनोहर जिन प्रासाद करवाया। अनंतसिंह राजा के अति आग्रह से जयसिंह सूरिजी महाराज का चतुर्मास सं. १२०८ में इसी हथुन्डी नगरी में हुआ।

इस भारत भूमि के प्राणीमात्र के कल्याण के लिए जैनाचार्य ने अनेक कार्य किए हैं। पूर्व इतिहास गच्छ-पट्टावली आदि पढ़नेसे वह सब ज्ञात होता है। इस प्राचीन हथुन्डी तीर्थ के भव्य मंदिरजी में ५८ इंच की रक्त वर्ण की बड़ी प्रभावशाली प्रतिमाजी विराजमान हैं।

यहाँ पर कई प्रांतों से जैनजैनेतर भाई यात्रा करने के लिए आते हैं। चैत्र सुदी १३ को बड़े उत्साहपूर्वक मेला होता है। उस समय हजारों की संख्या में लोग प्रभु भक्ति का लाभ उठाते है। यह तीर्थ अत्यधिक जीर्ण होने से श्री बीजापुर संघ के ट्रस्टियों (वहिवटकर्ता) की भावना जीर्णोद्धार करवानेकी हुई। और उस पर बीजापुर निवासियों ने बम्बई में एक जीर्णोद्धार कमेटी की स्थापना कर फंड इकट्ठा करवाने की शुरुआत कर वि. सं. २००१ में मंदिरजी का जीर्णोद्धार का कार्य शुरु करवाया। बाद वि. सं. २००६ में मूल मंदिरजी का जीर्णोद्धार का कार्य पूर्ण हुआ।

जहेह सीहो व मिअं गहाय, मच्चू नरं नेइ हु अंतकाले।
न तस्स माया व पिया भाया, कालंमि तम्मंसहरा भवंति॥
न तस्स दुक्खं विभयंति नाईओ, न मित्तवग्गा न सुया न बंधवा।
एक्को सयं पच्चणुहोइ दुक्खं, कत्तारमेव अणुजाइ कम्मं॥

जिस प्रकार मृगको सिंह ले जाता है उस समय उसे कोइ बचा सकता नहीं है इसी प्रकार मानव को मृत्यु जब सचमुच देहके अंतकालके समीप ले जाती है, उस समय उसके माता-पिता, भाई-बहन, स्वजन पुत्र और मित्र कोई उसे बचा नहीं सकते और न उसके दुःखको बांट सकते हैं। किंतु एक मरनेवाला जीव स्वयं दुःख भोगता हैं क्योंकि कर्म (सदैव) कर्ताका ही अनुसरण करता है।

* * *

सुखी रहे सब जीव जगतके, कोई कभी नहीं घबरावे।
वैर-पाप-अभिमान छोड़ जग, नित्य नये मंगल गावे॥

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स

पर्युषणपर्व प्रसंगे

जैन समाजने नम्र अपील

समग्र श्वेताम्बर मूर्तिपूजक जैन समाजनी प्रतिनिधि स्वरूप कॉन्फरन्सना ५६ वर्षना इतिहासना पृष्ठे धार्मिक अने व्यावहारिक शिक्षणप्रचार, तीर्थरक्षा, मंदिरोद्धार, ज्ञानभंडारोद्धार, साहित्यप्रकाशन तेम ज राजकीय अने आर्थिक दृष्टिए जैन समाजने उच्च कक्षाए लई जवानां अनेक उपयोगी अने संगीन कार्योथी समृद्ध छे. जैन समाजना सर्वदेशीय क्षेत्रमां तेनुं स्थान अजोड अने अनेरुं छे. एनुं सर्व कार्य रचनात्मक शैलीए प्रजाशासनवादना धोरणे चाले छे. आ रीते समग्र जैनो वती संयुक्त रीते सर्व क्षेत्रोमां अवाज रजू करनार आपणा समाजनी आ कॉन्फरन्स मुख्य संस्था छे.

रचनात्मक कार्य

मुंबईमां कलकत्तानिवासी **श्री मोहनलाल लल्लुचंद शाहना** प्रमुखस्थाने मळेल वीसमा अधिवेशनना निर्णयानुसार कॉन्फरन्सनी सर्व शक्तिओ संगठनने मजबूत बनाववा, समाजमां स्वाश्रय अने स्वावलंबनी भावना जागृत करी श्रावक-श्राविका वर्गने उन्नत बनाववा, साहित्य प्रकाशन अने प्रचार करवा तेम ज राजद्वारी अने अन्य क्षेत्रोमां समाजने आगळ धपाववा वगेरे वगेरेनां अनेक नानां मोटां कार्यो हाथ धरवामां आव्यां छे. तदुपरांत शिक्षण अने आजिविका तेम ज श्री संघने स्पर्शतां बीजां अनेक कार्यो हाथ धरवा योग्य अने अगत्यनां जणायां छे, जे माटे समय समय पर योग्य कार्यवाही थाय छे.

कॉन्फरन्स तरफथी श्री श्रावक श्राविका क्षेत्र उत्कर्ष फंडनी योजनानुसार भारतवर्षनां जुदा जुदा स्थळोए स्थपायेलां औद्योगिक अने शिक्षण विषयक केन्द्रोने वार्षिक रु. ३० थी ४० हजारनी ग्रांट अपाय छे. दर वर्षे मेट्रिक सुधीना विद्यार्थी-ओने शिक्षण सहायता रूप रु. ७०००) लगभग कार्यालय द्वारा आपवामां आवे छे. जैन साहित्यना प्रचारार्थे प्रतिमास "जैनयुग" प्रगट थाय छे. तदुपरांत विद्यार्थीओने मार्गदर्शक "छात्रालयो अने छात्रवृत्ति" पुस्तिका हालमां प्रगट करवामां आवी छे. जेसलमेर ज्ञानभंडार सूचिपत्र तथा 'जैन रिलीजिअन ॲन्ड लिटरेचर' नामक पुस्तक प्रेसमां छे.

सहकारनी आवश्यकता

आ अने आवां सर्वे कार्योने सफळतापूर्वक पार पाडवा माटे कॉन्फरन्सनुं निभाव फंड समृद्ध होवुं जोईए ए निर्विवाद वस्तु छे. ए खातामां पंदर हजार उपरांतनो तोटो छे. विशेषमां उपरोक्त कार्यो हाथ धरवा माटे पण नाणां जोईए. आ सर्व दृष्टिए कॉन्फरन्सनी कार्यवाही समितिए "**कॉन्फरन्स निभाव फंड**" एकत्र करवानी शरूआत करी छे. अने तेमां यथाशक्ति सौने पोतानो फाळो अर्पवा नम्र विनंती छे. श्री पर्युषण पर्वाधिराजना पवित्र दिवसोमां नीचेना कोईपण वर्गमां सभ्य थवा विनंती छे.

रू. १००१) अथवा रू. ५०१) आपी **मुरब्बी वर्ग अ अने ब**

रू. २५१) अथवा रू. २०१) आपी **आजीवन वर्ग अ अने ब**

कोईपण १८ वर्षनी उम्मरनी व्यक्ति वार्षिक एक रूपियो आपी कॉन्फरन्सना सामान्य सभासद तरीके जोडाई शके छे. "टीपे टीपे सरोवर भराय"—ए उक्ति अनुसार समाजे उदारतापूर्वक कॉन्फरन्सना निभाव फंडमां पीतानो फाळो नोंधाववो घटे. कॉन्फरन्सनी प्रवृत्तिनी प्रगति तेना संगीन आर्थिक बळ उपर अवलंबे छे अने तेथी सौने पोतपोताना गाम-प्रांत के प्रदेशमांथी वधुमां वधु सभ्यो नोंधी कॉन्फरन्स कार्यालयमां फीनी रकम साथे मोकली आपवा विनंती छे. सौना आ प्रकारना सहकारथी अखिल भारतनी आपणी आ महासभा प्राणवान बनी सविशेष समाजसेवा करवा शक्तिमान थशे जेनो सुयश श्री संघने चरणे हशे।

गोडीजी बील्डिंग; २०, पायधुनी
पोस्ट कालबादेवी,
मुंबई नं. २

मोहनलाल मदनसिंह कोठारी
जयंतीलाल रतनचंद शाह
चीफ सेक्रेटरीज

मोहनलाल लल्लुचंद शाह
प्रमुख
फुलचंद शामजी
उपप्रमुख

आबू के परमार धारावर्षदेव का एक शिलालेख

श्री अचलमल मोदी

भारतीय दर्शन में वृक्ष को अति पवित्र माना गया है। महात्मा बुद्ध 'को बोधिसत्त्व' वृक्ष के तले ही प्राप्त हुआ था। जैन तीर्थंकरों के दीक्षामहोत्सव वृक्ष के नीचे ही होते थे। हिंदुओं में भी देवी देवताओंका वास मानकर उनकी खूब पूजा की जाती है। पृथ्वी, वायु, जल और अग्नि की भांति वृक्ष भी विश्व के लिये परमावयश्क हैं। परन्तु इसका यह अर्थ कदापि भी नहिं कि हम उनका उपयोग स्वेच्छापूर्वक व निर्दयता से करें। जैसी हमारी आत्मा है वैसी ही वनस्पतियों की भी हैं यदि एसा समझकर ही हम किसी कार्य को सम्पन्न करें तब ही हमारा विकास संभव है–हमारी सफलता निश्चित है अथवा वह विनाश होगा। वनस्पति ही हमारे लिये कल्पवृक्ष या कामधेनु है यदि उनके साथ न्याय बरता जाय–हम उनका आदर करें।

क्षोभ है कि द्वितीय महायुद्ध में हमारी वन सम्पदा बुरी तरह नष्ट हो गई। राज्य ने धन बटोरने के हेतु कोयला बनाने और इंधन निर्यात के ठेके दे दिये और फल यह हुआ कि सूखे वृक्षों के साथ निर्दोष नीले वनों-का भी सफाया हो गया। इंधन, घास और वर्षा का वर्तमान अभाव इसीका परिणाम है। वनस्पति के अभाव में उजाड़ हो रहा है–हमारे सूखे नजर आते हैं। पर्वतों की वह मनोरमा छटा अब सहज दृष्टिगोचर नहीं है।

भारतीय अर्बुदाचल पर्वत को एक पवित्र तीर्थ मानते हैं। इसके प्रांगणमें अनेक पवित्र स्थल और देवालय है। प्रतिवर्ष लाखों यात्री अनेक दर्शनार्थ आते हैं। मंत्री विमलशाह और वस्तुपाल तेजपाल ने करोडो रुपये की लागत से भव्य जिनालय बना इस संसार का एक आकर्षक स्थान बना दिया, जो विश्व के हर भाग के पर्यटनों का आकर्षक केन्द्र बना हुआ है। परंतु, किसी समय हरे भरे और रमणीय लगने वाले अर्बुदाचल की सुन्दरता और आकर्षक छटा शनैः शनैः लोप हो रही है।

राजाओं के समय में पवित्र स्थलों के प्रांगण से वृक्षों को काटने की सख्त मनाई थी। राजा लोग अमारी उद्घोषणा कर अन्य जीवों की भांति वृक्षों को भी अभयदान देते थे। अर्बुदाचल के वशिष्टाश्रम की वाड़ी के वृक्षों को अभयदान देने का प्रमाण आज भी एक शिलालेख दे रहा है। यह लेख आबू के राजा परमार धारावर्ष देव का है जो अंतिम हिंदु सम्राट पृथ्वीराज के समकालीन थे। वे बड़े धीर, वीर, दानी और प्रतापी थे। आबू पर मंदाकिनी पर स्थित इनकी मूर्ति और तीन भैंसे आज भी उनके शौर्य और पराक्रम की पुष्टि कर रहे हैं। कहा जाता है कि वे एक बाण में तीन भैंसों को वेध सकते थे।

वे उक्त लेख में आदेश देते हैं कि फिलिणी ग्राम में वशिष्टाश्रम की वाडी के वृक्षो को कोई न डंसे-एसा करनेवाला दंडनीय और गधे का पुत्र होगा। यह शिलालेख ३ × ९" का है। शिला के मस्तक पर तीन वलयाकारमें गुभज का आकार है और लेख के नीचे गर्दन की आकृति है। यह लेख आबूरोड मंडार जाने वाली सड़क पर आबूरोड़ से छः मील पश्चिम की और मधुआजी के बाहार लगा हुआ है। फिरलिणी ग्राम का आज पता नहिं है लेकिन आबू के शिलालेखों में इसका वर्णन मिलता है। इससे पता चलता है कि १३वीं शताब्दीमें यह ग्राम विद्यमान था। लेख देवनागिरी लिपी में उस समय की प्रचलित भाषा में इस प्रकार है।

ॐ॥ संवत १२४५ भाद्रपद शुदि १ बुध॥ अध्येह चंद्रा (२) वत्यां माडलिक सुर शंभुः धराव देवर्षाः निभयह (३) त्यअक्षराणि लिखापयाति यथा श्री वसिष्टाश्रमें फलि (४) णिग्रामें मठे भयःको पितद्वय पुत्रों भवति तेन श्री वशि (५) श्रम फ़िलिणी ग्राम वाटिकांया वसंति खुमानराया (६) चंपका, फणसा, चाराकर, सुग, फडु नाग अशोका बकुल (७) नारंगी धांधल प्रिय शतपत्रिका प्रभूति वृक्षाणां वीजाव (८) निकृष्ट गंडकानि वृक्षाणां जातुवृधिशु प्रति वर्ष वावापा (९) नियानिर्धर्णीया सिंचाई डशन कुर्वति तदा भद्रा (१०) पुत्राः स्वान, गर्दभ चाडलवंत गणकेः निग्रहणीयथा (११) दंडनीयत्वातस्य माता गर्द भाड्यं द्रष्टव्यः।

Jaina Stories In Stone
in
The Delvāḍa Temples, Mt. Ābu.

Dr. **Umakant P. Shah,** M. A., Ph. D.

Scenes from the life of Buddha, especially the Great Renunciation, as well as from Jātaka stories, are represented in numerous reliefs from Gandhāra, Bharhut, Sāñchī, Mathurā, Amarāvatī, Nāgārjunikoṇḍā and elsewhere in India. But little is known of similar representations from the lives of the Jaina Tīrthaṅkaras.

Fortunately, a large number of reliefs in the ceilings of the Jaina temples at Delvāḍa, Mt. Ābu, especially in the temples built by Vimala Sāha and Tejahpāla, and in a group of temples at Kumbhāriā, near Ābu, preserve for us beautifully carved representations depicting main events from the lives of different Tīrthaṅkaras like Chandraprabha, Munisuvrata, Śāntinātha, Neminātha, Pārśvanātha, Mahāvīra, as also from those of great men like Krishṇa, Bharata and Bāhubali, or from the stories of monks like Ārdrakumāra and others.

The different scenes are called *Bhāvas* by the late Muni Shri Jayantavijayaji at whose instance they have been given numbers, inscribed below each of them, for reference of visitors and scholars.

One such important Bhāva represented in the Vimala Vasahī as well as the Lūṇavasahī at Delvāḍa, Mt. Ābu, is the story of the Great Renunciation by Neminātha, the cousin brother of Krishṇa according to Jaina Purāṇas. This scene, in the Lūṇavasahī, built by minister Tejahpāla in 1240 A.D., is, in the words of Dr. Sankalia, 'perhaps more poignant in the swiftness and contrasts of its scenes than the gradual world weariness of Buddha'. This ceiling plaque in front of cell no. 11, is numbered as Bhāva 22; in temple built by Vimala Sāha in C. 1031 A.D., the story of Neminātha is found in Bhāva 16, ceiling plaque in front of cell 10.

Prince Ariṣṭanemi of Śauripura was the son of king Samudravijaya, a scion of the Yādava family and son of King Andhaka-Vṛshṇi. Krishṇa was the son of Vasudeva, the youngest brother of Samudravijaya. Krishṇa killed king Jarāsandha of Magadha and made Dvārikā his capital city. Nemikumāra, or Ariṣṭanemi was both brave and strong but was, from his boyhood, averse to worldly pleasures and had no desire to marry.

Once upon a time Neminātha entered the armoury of Krishṇa and out of fun lifted up with ease the famous heavy mace of Krishṇa, tried the Śārṅga-bow, turned round for a number of times the mighty Sudarśana-Chakra, and blew hard the famous conch of Krishṇa, the Pāñchajanya Śaṅkha. This alarmed Krishṇa since no other person had ever

dared to perform these feats. Running into the *āyudhaśālā*, he was surprised to find Nemi playing with such mighty weapons. A trial of strength was suggested. Whoever was unable to bend the outstretched hand of the other was to be declared as defeated. Nemi could easily defeat his cousin brother.

Once Samudravijaya asked Krishṇa to persuade Nemikumāra to agree to a marriage proposal. Krishṇa took Nemi for water-sport, along with his own queens. The queens requested Nemi to marry. Nemi merely smiled. Silence was taken as half-consent and Krishṇa immediately arranged the marriage of Neminātha with Rājīmati, the charming worthy princess of King Ugrasena. All arrangements were completed and the bride-groom's procession started for going to the bridal pavilion, with Neminātha decked in rich clothes and ornaments, and preceded by musicians and an army drawn up in rank and file.

On his way he saw a number of crying animals, kept in a big enclosure. Overcome with pity, Nemikumāra inquired of his charioteer about the purpose for which they were so tied and enclosed. The charioteer replied that the animals were lucky since at the wedding of Nemikumāra they were to be slaughtered and furnished as food to the groom's party. Alarmed at the thought of large-scale slaughter (*himsā*) imminent on his own account, Prince Nemikumāra ordered his charioteer to turn back at once. The compassionate prince decided to renounce immediately all worldly pleasures.

Everyone, including gods, coming to know of this resolution, gathered together to celebrate and witness this Great Renunciation. Thus surrounded, sitting in a palanquin, Ariṣṭanemi went to Mount Raivataka (modern Girnār) and plucking his pair in five handfuls, turned a Jaina monk.

The story is represented in three concentric bands in the Vimala Vasahī, the innermost circle showing the water-sports of Krishṇa's queens in a reservoir full of water.

On a larger scale, the story, with the exception of the water-sports and the trial of strength between Nemi and Krishṇa, is represented in seven panels or sections in the ceiling plaque of Lūṇavasahī referred to before. Here the artist's "chisel has carved minute details with fullness, vividness and a rare clarity". Every scene stands out in bold relief and even the enclosure with meek animals is not without its appeal to the heart of the modern visitor. The marriage procession with miniature figures of crowds and animals have been chiselled out with rare skill and dexterity.

Of a similar nature, but on a grander scale, is carved the famous story of Bharata Chakravarti, the world conquerer and his brother Bāhubali. The latter refused to acknowledge the overlordship of his brother whereupon different types of duels ensued in all of which Bharata was defeated. But at the end, Bāhubali got disgusted with the ways of the world and its evanescent pleasures. He turned a monk. Like Vālmīki, the author of the Rāmāyaṇa, he practised such rigorous austerities that ant-hills grew around him, creepers wound around his legs and snakes sported over them, but the great sage remained unperturbed and steadfast in meditation for full one year. In spite of these austerities, Supreme Knowledge did not dawn upon Bāhu-

bali, whereupon his two sisters Brāhmī and Sundarī came and requested him to give up his subtle egoism which obstructed the way to final emancipation and beatitude. Bāhubali decided to go and pay his respects to his brother Bharata. But as soon as he started walking, the Supreme Knowledge dawned and Bāhubali became free from all bondages. Bharata himself later turned a Jaina monk and finally obtained mokṣa.

The interesting story, full of life and action, is vividly represented in the dome of the big porch in front of the Raṅgamaṇḍapa of the temple built by Vimala Sāha. Each scene in the story is labelled originally, the labels being inscribed in Devanāgarī characters of the age. One really marvels at the way in which the whole story is gradually narrated with selected scenes beautifully and minutely carved in soft white marble which has become so malleable under the artists' chisel.

The same temple contains, in Bhāva no. 10, the story of monk Ārdrakumāra, who imparted right knowledge to an elephant.

In Bhāva no. 15, in front of cell no. 9 in Vimala Vasahī, are represented in relief, the five *Kalyāṇakas* or the chief auspicious events in the life of a Tīrthaṅkara. Both in Buddhism and Jainism, there are a few chief events in the life of a Buddha or a Jina which are especially remembered and represented in reliefs. These events, called *Kalyāṇakas* by the Jainas, relate to Descent from heaven's (*Chyavana*), birth (*Janma*), renunciation (*Dīkṣā*), attainment of Supreme Knowledge (*Jñāna*) and leaving of the earthly body (*Nirvāṇa*). Each of these events is celebrated by gods and goddesses with proper festivities, music, dancing, prayers etc. They are the subjects of numerous miniature paintings on palm-leaf and paper in works like the Kalpa-sūtra. They are also represented in the different plaques depicting the lives of different Tīrthaṅkaras at Ābu and Kumbhāriā. They can be better appreciated by a personal visit or from a study of good photo-reproductions.

The artists abridged and narrated, even on a small stone relief, the famous stories of Aśvāvabodha and the Śakunikavihāra of Broach in small plaques preserved at Lūṇavasahī, Delvāḍa and at Kumbhāriā. The story of a Ceylonese Princess coming to pay her respects to the sacred Jaina shrine at Broach is depicted very vividly indeed, in the panel depicting the story of Śakunikāvihāra.

Two small panels on beams, in Bhāva no. 12, Lūṇavasahī, representing Krishṇa's life in Gokula have met with universal appreciation as beautiful specimens of the stone-cutter's art of the age.

In these panels, the stepped pyramidal roofs of two storied building to the left of the gateway, with a figure looking out of the window in each storey and the massive towers (*aṭṭā*-laka) of the gate, capped by barrel-vaulted roofs, may be noted. One of the wings of the doorway is pushed open by a figure who, in the words of Dr. Kramrisch, "seems to stand for ever. Pointed angularity of limbs, or else concave curves thin the plastic context and bring about a linear composition as clear as possible".*

* Radio Talk, AIR, Bombay. By the kind permission of AIR, Bombay.

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri G. D. Somani, M. P.

LIST OF BRANCHES

Agra
Ahmedabad
Alwar
Bombay
1 Dadabhoy N. Road
2 Kazi Sayed St. Mandvi
3 Kalbadevi Road
4 Dana Bunder
Bangalore
Bharatpur
Bareilly
Bhilwara
Bisalpur
Beawar
Bikaner
Calcutta
Coimbatore
Dausa
Delhi
Fatehpur
Gangapur
Hindaun
Indore
Jaipur
1 Mansing Highway
2 Chand Pole
3 Jauhari Bazar
4 Secretariat
Jhunjhunu
Jodhpur
Jamnagar
Kotah
Kishangarh
Madras
Nawalgarh
Rajkot
Ratlam
Sawaimadhapur
Sikar
Surajgarh
Tirupur
Udaipur

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager



आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी बाडी, गिरगांव, मुंबईमां श्री माणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथी प्रकट कर्युं.

श्री श्वेताम्बर कोलफरन्स

जैन युग

तंत्री

सोहनलाल म. कोठारी
बी.ए., बी.कॉम्. (लंडन), ए.सी.ए. (इंग्लंड)

जयंतीलाल र. शाह
बी.ए., बी.कॉम्. (लंडन)

ऑक्टोबर १९५९ मूल्य : २५ नये पैसे

* જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કળા, સ્થાપત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયોનું ઉત્તમ માસિક *

जैन युग

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

: व्यवस्थापक मंडल :

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डी. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन)

दरेक १ली तारीखे प्रगट थाय छे. भारतमां वार्षिक लवाजम रूपीआ २) बे

आ पत्रमां प्रकट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.

卐

અનુક્રમ : ઑકટોબર ૧૯૫૯

	પૃષ્ઠ નં.	
પલટાતો સમાજ અને આપણે	૧	
શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ	૫	કાર્યાલય પ્રવૃત્તિ નોંધ
શ્રમણભગવાન મહાવીર પ્રભુનો સોળમો ભવ		
વિશ્વભૂતિ મહારાજ	૬	પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ
પ્રાકૃત અને જૈન અધ્યયનની પ્રગતિ	૧૧	ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા. એમ. એ., પીએચ. ડી.
અદ્વિતીય આશ્ચર્ય	૧૮	કુ. 'ચંદ્રરેખા'
અબોલ પ્રતિબોધ	૨૧	શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
महावीर स्तुति	२५	श्री अगरचंद नाहटा
Rational Religion	27	Shri G. C. Dhariwal

卐

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ કાર્યાલય
ગોડીજી બિલ્ડિંગ, ૨૦, પાયધૂની,
કાલબાદેવી, મુંબઈ નં. ૨



Life of Neminātha–Luṇavasahī, Delwādā, Mt. Abu

Copyright : Archaeological Survey of India]



Five Chief Events In The Life Of A Jina-Vimala Vasahi, Bhāva 15, in front of Cell 9



Kriśna's life in Gokul – Luṇavasahi

Copyright : Archaeological Survey of India]



Upper Part Lower Part

Story of Aśvābodha & Śakunikāvihāra
(Lūṇavasahi – Mt. Abu)

Photo : Dr. Umakant P. Shah]

જૈન યુગ

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

વર્ષ : જૂનું ૨૦, નવું ૨ ✠ વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૫ ✠ તા. ૧ ઑક્ટોબર ૧૯૫૯ ✠ અંક ૧૨

भोगे रोगभयं, कुले च्युतिभयं, वित्ते नृपालाद्भयं,
मौने दैन्यभयं, बले रिपुभयं, रूपे जराया भयम्।
शास्त्रे वादभयं, गुणे खलभयं, काये कृतान्ताद्भयं,
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां, वैराग्यमेवाभयम् ॥

ભોગોને વિષે રોગોત્પત્તિનો, કુલને વિષે ભ્રષ્ટ થવાનો, પૈસાને અંગે રાજાનો, મૌનમાં દીનતાનો, બલમાં શત્રુગણનો, રૂપને વિષે વૃદ્ધાવસ્થાનો, શાસ્ત્રનિપુણતાને વિષે વાદવિવાદનો, ગુણને વિષે દુર્જન પુરુષોનો, દેહને અંગે યમરાજાનો; એ પ્રમાણે પૃથ્વીપીઠને વિશે મનુષ્યોને સર્વ વસ્તુ ભયવાળી છે. અભય—ભયરહિત હોય તો તે એકમાત્ર વૈરાગ્ય—અધ્યાત્મ રસ છે.

—વૈરાગ્યશતક

✠

પલટાતો યુગ અને આપણે

મહાન સમ્રાટ નેપોલિયન, પોતાની સામ્રાજ્યક્ષુધાને સંતોષવા, યુદ્ધે નીકળ્યો હતો; અને એની શરી સેના એક પછી એક યુદ્ધમાં વિજયી બનતી આગળ વધતી હતી. એ યુદ્ધમાં કંઈકિ પ્રદેશો વેરાન બની ગયા હતા. એવા જ એક વેરાન પ્રદેશમાં એક દરબારગઢ આવેલો હતો. દાવાનળ સમા યુદ્ધથી પોતાનો જીવ બચાવવા એનો રાજા અને એના બધા નોકરચાકરો નાસી છૂટ્યા હતા. મોટો મહેલ જાણે વેરાન બનીને એકલો ઊભો ઊભો આંસુ સારતો હતો.

ત્યાંથી કોઈ વટેમાર્ગુ પસાર થતો અને એ તરફ નજર નાખતો તો એને એ મહેલ અને એ ગઢ સાવ નિર્જન લાગતા; અરે, ચકલાને ય એ તરફ ફરકવાનું મન ન થતું. પણ એ ગઢની પાછળ એક દ્વાર હતું; અને ત્યાં એક વૃદ્ધ સંત્રી હમેશાં પહેરો ભર્યા કરતો; અને જાણે અંદર રાજાસાહેબ રહેતા હોય એમ નિરંતર આંટા માર્યા કરતો, અને સમયે સમયે આલબેલ પણ પોકારતો. આટલો મોટો ઉપદ્રવ, સર્વનાશ કરીને ચાલ્યો ગયો હતો, એનું તો એને કશું ભાન-સાન જ નહોતું. એ તો પૂરી વફાદારીથી પોતાની નોકરી બજાવ્યે જતો અને કોઈ માનવી કે પશુ મહેલમાં ન પેસી જાય એની ખબરદારી રાખ્યા કરતો. બિચારો વૃદ્ધ સંત્રી!

એક દિવસની વાત છે. કુતૂહલનો પ્રેર્યો કોઈ વટેમાર્ગુ એ દરબારગઢની આસપાસ નિરીક્ષણ કરવા પહોંચી ગયો. ફરતો ફરતો એ પેલા પાછલા દ્વારે જઈ પહોંચ્યો. એણે ભારે અજાયબી વચ્ચે ત્યાં જોયું કે એક વૃદ્ધ સંત્રી, ખભે બંદૂક મૂકીને, આમ તેમ ફરાફર કરતો પહેરો ભરી રહ્યો છે! આવો વેરાન બનેલો ગઢ અને એમાં આવો સંત્રી! પ્રવાસીનું કુતૂહલ ઔર વધી ગયું.

એ પેલા સંત્રી તરફ આગળ વધ્યો અને ગઢના દ્વાર પાસે પહોંચી ગયો. ત્યાં તો પેલા સંત્રીએ એને

'ખબરદાર' કહીને પડકાર્યો અને એ પોતાની બંદૂક સજ્જ કરીને એની સામે આવીને ટટાર ખડો થયો. એણે પ્રવાસીને રોકાઈ જવાનો હુકમ કર્યો અને એની સામે ડોળા વિકાસીને એ જોઈ રહ્યો. પળવાર તો પેલો પ્રવાસી પણ શેહ ખાઈ ગયો અને એના મનમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યો : 'માર્યા!'

એટલામાં પેલા સંત્રીએ એને ચેતવણી આપતાં કહ્યું : "ચુપ રહો! ગડબડ મત કરો! શોર મત મચાઓ! મહલમેં રાજાસાહેબ આરામ કર રહે હૈં! યહીં રુક જાઓ!" અને પળવારમાં એ વટેમાર્ગુને સમજાઈ ગયું કે આ ડોસાનું ખસી ગયું છે : ક્યાં આ વેરાન અને ખંડેર બનેલ રાજમહેલ અને ક્યાં રાજાસાહેબ! પછી તો એણે પેલા વૃદ્ધ સંત્રીને ખેલાઈ ગયેલ ભયંકર યુદ્ધની, એણે વેરેલા સર્વનાશની, દરબારગઢ ઉજ્જડ બન્યાની, રાજાસાહેબ અને બીજા ભાગી ગયાની અને એ વાતને મહિનાઓ વીતી ગયાની વાત સમજાવવા ઘણી ઘણી કોશિશ કરી; પણ વ્યર્થ! એ સંત્રી તો એની ધૂનમાં જ મસ્ત હતો—જાણે ભૂત વળગ્યું હોય એમ! છેવટે એણે એટલું જ કહ્યું : "હમકો તુમ ભુલા નહીં સકતે. રાજાબહાદુર અંદરહી હૈ. હમકો ઉલ્લુ મત બનાઓ!" અને બિચારો વટેમાર્ગુ! માથું ખંજવાળતો ચાલતો થયો. આટલા વિનાશ અને આટલા પરિવર્તન પછી પણ પોતાને દરબારગઢનો પહેરદાર માની રહેલો એ ઘરડો સંત્રી એનાથી ભૂલ્યો ભુલાતો ન હતો! કેવો દયામણો એ માનવી!

આ કથાપ્રસંગમાં આવતા એ વૃદ્ધ અને ધૂની સંત્રીની જડતા કે સ્થિતિસ્થાપકતા માટે એની નિન્દા કરવાની કે એનો ઉપહાસ કરવાની જરૂર નથી; વર્ષો સુધી એકધારું અને એક જ કામ કરવાથી જીવનમાં આવી જતી યાંત્રિકતા, ઘરેડ અને જરૂરતાને કારણે ઘણાનું જીવન પૂતળાં–માનવી જેવું બની જતું જોવામાં આવે છે. એટલે આમાંથી બોધ લેવો એ જ એનો ખરો ઉપયોગ છે.

અત્યારને તબક્કે આ બનાવ યાદ આવ્યાનું અને એને અહીં રજૂ કરવાનું ખાસ કારણ તો એ છે, કે ઘણીવાર આપણા પોતામાં, આપણી આસપાસની વ્યક્તિઓમાં અને મુખ્યત્વે કરીને કેટલાક સમાજોમાં અત્યારે પણ આવી જડતા અથવા પલટાતા યુગનાં પગલાં પારખવાની તત્પરતા કે દીર્ઘદૃષ્ટિનો અભાવ જોવા મળે છે; ત્યાં તો હજી પણ જાણે દાયકાઓ કે ક્યારેક તો સૈકાઓ પહેલાંનો સમય પ્રવર્તતો હોય એવું જોવામાં આવે છે. કાળ જાણે એમને કશી જ અસર કરતો નથી!

પણ, આપણે જાણીએ છીએ કે કાળબળે બાળક કુમાર થાય છે, કુમાર યુવાન થાય છે, યુવાન આધેડ થાય છે, આધેડ વૃદ્ધ થાય છે, અને વૃદ્ધ પુનર્જન્મ માટે પ્રયાણ કરી જાય છે. માનવીને ન તો યૌવન છોડવું ગમે કે ન ઘરડા થવું પસંદ પડે; છતાં એ વૃદ્ધ થાય જ અને મરવું તો કોઇને ગમતું જ નથી, છતાં કોઈને પણ મરણને શરણ ગયા વગર પણ ચાલતું જ નથી. બરાબર આ જ વાત વ્યક્તિ, સમાજ, ધર્મ, રાષ્ટ્ર અને દુનિયાને લાગુ પડે છે; અને એમાં પરિવર્તનની ધારા ચાલ્યા જ કરે છે; ક્યારેક એ પરિવર્તન આવકારદાયક થાય છે, તો ક્યારેક અનિષ્ટકારક: અને ક્યારેક એ વેગીલું હોય છે તો ક્યારેક વળી ધીમું. પણ એ તો જુદી વાત થઈ. મુખ્ય કહેવાનો મુદ્દો એ છે, કે આ બધામાં સતત પરિવર્તન ચાલ્યા જ કરે છે, અને એની સામે માનવી સદા સર્વદા જાગતો અને એને અનુરૂપ નવાનવા રૂઢિ અને નિયમોને ઘડતો, જૂનાનું પરિમાર્જન કરતો અને એનો અમલ કરતો હોવો જોઈએ. દર્દને અનુરૂપ દવા હોય તો જ એ કારગત નીવડી શકે!

આજે આપણા દેશમાં અને દુનિયામાં અનેક પ્રકારે કેવું જોરદાર પરિવર્તન, મહા ઝંઝાવાતની જેમ, પોતાનો પ્રસાર કરી રહ્યું છે તે માટે વિશેષ કહેવું કે સમજાવવું પડે એમ નથી. આમ છતાં એનો સાચો તાગ મેળવીને જીવન જીવવાની પ્રક્રિયાઓમાં આવશ્યક એવો ફેરફાર કરવાની જરૂર છે, એ વાત તરફ સૌનું ધ્યાન જાય એ જરૂરી છે.

આમ તો જાણે દુનિયાનો ખૂણેખૂણો અને એકેએક ક્ષેત્ર આ પરિવર્તનની અસરથી લેપાઈ ગયાં છે, અને લેપાઈ રહ્યાં છે. એ પરિવર્તનના એક પરિણામ રૂપે જૂનાં મૂલ્યો બદલાતાં જાય છે, અને નવાં મૂલ્યો સરજાતાં જાય છે; અથવા એ જૂનાં ઘરેડરૂપ બની ગયેલ મૂલ્યોના સ્થાને નવાં મૂલ્યોની પ્રતિષ્ઠા થવી જોઈએ એમ ઘણાંને ઉત્કટ રીતે લાગવા માંડ્યું છે.

પૈસાદાર જ મોટો. એ જૂના મૂલ્યાંકનમાં તો જાણે આજે ધરમૂળથી ફેરફાર થવા લાગ્યા છે. મોટામાં મોટો શ્રીમંત પણ જાહેરમાં પોતે એ રીતે ઓળખાવાનું ભાગ્યે જ પસંદ કરે છે; કદાચ એવું પણ હોય કે અત્યારની

પલટાયેલી દુનિયાની ભાવનામાં 'શ્રીમંત' કહેવાવું એ ગૌરવપ્રદ ન લેખાતું હોય. પૈસાનું મૂલ્ય સૌ પિછાણે છે, છતાં શ્રીમંતાઈના ફ્હારાથી સૌ દૂર રહેવા માગે છે.

આ જ રીતે વર્ણ, જ્ઞાતિ, જન્મ કે વારસાગત મોટાઈનો વિચાર પણ લગભગ જરીપુરાણો બની ગયો છે. અને 'ગાય વાળે તે ગોવાળ' ની જેમ જે 'મોટાં કામ કરે તે મોટો' એ વાત લોકસમૂહમાં દૃઢમૂલ બનતી જાય છે. એટલે ગૌરવશાળી વડવાઓને નામે આપણું વહાણ ઝાઝો વખત હંકારી શકીએ એવી સ્થિતિ હવે રહી નથી. એ માટે તો હવે આપણી જ શાખ ઊભી કરવી પડશે.

—અને મોટાં સામ્રાજ્યો અને રાજ્યોનાં રાજ્યો ઊથલી પડ્યાં, અને સમ્રાટો, મહારાજાઓ અને રાજાઓ કેવળ ઇતિહાસની કે ભૂતકાળની કથાઓ બની ગયા, એ તો આપણી નજરની સામેની જ ઘટના છે. 'રાજા વગરની ધરતી ન હોય' એ કહેવત જાણે ખોટી ઠરી છે; અને આજે તો અનેક દેશોમાં તે તે દેશની પ્રજાઓ જ રાજ્યતંત્રનું સુકાન સંભાળે છે. આ પરિવર્તન તો જાણે આખી દુનિયાની કાયાપલટ જેવું કે એના વહીવટના પુનર્જન્મ જેવું જ બની ગયું. દુનિયાએ કદી ભાગ્યે જ અનુભવી હોય એવી આ ઘટના. એનું પૂરેપૂરું મૂલ્ય સમજતાં હજી ઘણી વાર લાગે એ સંભવિત છે. પણ એની ઉપેક્ષા તો કેવળ અદૂરદર્શિતા જ લેખાય!

આ રીતે આખી દુનિયાના રાજકારણ અને અર્થ-કારણમાં જે પરિવર્તનનો વેગ જાગ્યો છે, તે દુનિયાની સૂરતમૂરત અને વ્યવસ્થામાં ધરમૂળથી ફેરફાર કર્યા વિના નથી રહેવાનો, એ નક્કી સમજવું.

વળી રાજકારણ અને અર્થકારણના આ વેગવાન પરિવર્તનને ક્યાંય વટાવી જાય એવી વિજ્ઞાનની નવી નવી શોધો રોજ-બ-રોજ થવા લાગી છે. જેમની પાસે વૈજ્ઞાનિક દૃષ્ટિ છે અને એ માટેનાં પૂરતાં સાધનો છે, તેઓ તો પોતાની સમગ્ર શક્તિ અને સંપત્તિ આ માર્ગે જ લગાવી રહ્યા છે. વળી રાજકીય અને આર્થિક સત્તા મેળવવાની હરીફાઈ ને લીધે આ શોધોમાં જે ઝડપ અને નવીનતા આવવા લાગી છે, તે જોતાં વિજ્ઞાનની આ ભૌતિક શોધોનો છેડો કેવો આવશે, એની તો કલ્પના પણ આવવી મુશ્કેલ છે. જે વાતનો આપણને વિચાર પણ ન આવ્યો હોય, અને જેની કલ્પના સરખી ન કરી હોય એવી વાતો આજે નક્કરરૂપે આપણી સામે ખડી થઈ જાય છે. ચંદ્ર અને ચંદ્રલોક અંગે આપણે કેવી કેવી કલ્પનાઓ ધરાવતા હતા! અને આજે તો આ ધરતી ઉપરની વસ્તુ માનવીએ ચંદ્ર ઉપર મોકલીને પોતાની વિશિષ્ટ શક્તિ બતાવી આપી છે, અને સૌને ચકિત બનાવી દીધા છે!

આવાં અનેક જાતનાં પરિવર્તનો ધોડાપૂરે આગળ વધી રહ્યાં છે; અને પોતાની અસર દુનિયાની વ્યવસ્થા અને એના માનવીઓ ઉપર અમુક રીતે પાડી રહ્યાં છે. એ સ્થિતિમાં જેઓ પેલા સંત્રીની જેમ બેખબર, ગાફેલ અને જડ રહેશે તેઓની દશા કેવી થશે તે સમજાવવાની જરૂર નથી. 'જાગે સો પાવે અને સોવે સો ખોવે' એ તો જમાનાજૂની વાત છે.

આજે સમાજમાં શ્રીમંતો વધારે શ્રીમંત થતા હોય એમ લાગે છે. પણ એ વાત ઝાઝો વખત ચાલી શકવાની નથી. અને ખરી વાત તો એ છે કે અત્યારે આપણા સમાજમાં જે ગરીબાઈ વ્યાપક રીતે પ્રસરી રહી છે તેનો બરાબર તાગ મેળવીને એના અનુસંધાનમાં આપણા રીત-રિવાજો અને આવકખર્ચનું નવનિર્માણ કરવાની જરૂર છે. જો આ બધાં પરિવર્તનોને ઝીલી શકે એવા નવા આધારો ઊભા કરીને આપણે સમાજનું સંગોપન અને સંવર્ધન કરવાનું ચૂકીશું તો કાળના મોટા પ્રવાહમાં ક્યાં ગરક થઈ જઈશું, આપણી સંસ્કૃતિ ક્યાં ખોવાઈ જશે અને આપણો ગૌરવશાળી ભૂતકાળ ક્યાં ખોવાઈ જશે એની તો કેવળ કલ્પના જ કરવી રહી.

કહે છે, કુંભકર્ણને જ્યારે ધારણ ચડતું ત્યારે નગારાં, ત્રંબાળાં અને ભેરી-શરણાઈના નાદો પણ એને જગાડ-વામાં ઓછા પડતા. આપણી પણ કંઈક આવી જ સ્થિતિ હોય એમ લાગે છે. દુનિયામાં ઝડપથી સર્જાતી નવી સ્થિતિમાં અબાધિત રીતે કેવી રીતે જીવવું, એ નવી પદ્ધતિ શોધી કાઢવાનો આપણે વિચારસરખો નથી કરતા. આપણું મન નવા વિચારોને ઝીલવા જાણે અશક્ત બની બેઠું છે.

પણ આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ અને જાગીએ કે ન જાગીએ—કાળ કોઈની વાટ જોવા થોભવાનો નથી; એ તો પોતાનું કામ કરીને રહેવાનો છે. એમાં કેવી રીતે ટકી રહેવું અને આપણા બહુમૂલા વારસાને કેવી રીતે જાળવી રાખવો, એ શોધી કાઢવાનું કામ આપણું છે.

રખે કોઈ માને, કે અમે આ કોઈ નવી કે સાવ નવતર વાત કરી છે. કાળનાં પરિબળોનું પૂરેપૂરું આકલન કરનાર આપણા દ્રષ્ટા આપ્ત પુરુષોએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને પારખીને ચાલવાની વાત કહી છે, એ જ આ વાત છે. અને એ શાસ્ત્રવાણીના અમલમાં જ આપણું અને સમગ્ર વિશ્વનું કલ્યાણ છે. વિશ્વકલ્યાણના એ માર્ગે ચાલવાની આપણને શક્તિ અને બુદ્ધિ મળે એ જ પ્રાર્થના !

卐 卐 卐

સૌ ઉદારતા દાખવે

આપણા દેશના અનેક વિભાગોમાં ભારે તારાજીનું સર્જન કરીને છેવટે મેઘરાજાએ અને તાપી નદીએ સુરત આસપાસના વિસ્તારમાં જે અવર્ણનીય તારાજી સર્જી છે. અને જે સેંકડો માનવીઓનો ભોગ લીધો છે, એ સૂતેલા આત્માની લાગણીને પણ કકળાવી મૂકે એવો છે. આ માટે વધુ કહેવા કે લખવાની નહીં પણ જેની પાસે જે સાધન હોય તેનું ઉદારતાપૂર્વક આ માનવ-સેવાના યજ્ઞમાં સમર્પણ કરવાની જ જરૂર છે. આમાં પાછળ કહેશે એની માણસાઈ લાજ્યા વગર નહીં રહે. અણીને વખતે માનવી, માનવીના કામમાં નહીં આવે તો એનું પોતાપણું શી રીતે રહેશે ?

卐 卐 卐

બીજા વર્ષને અંતે

"જૈનયુગ"નું પુનઃ પ્રકાશન શરૂ કરવામાં આવ્યું એને આ અંકે બે વર્ષ પૂરાં થાય છે. એ વખતે અમારે કંઈ વિશેષ કહેવાનું નથી; માત્ર બે જ વાત કહેવાની છે; પહેલી વાત છેઃ આ બે વર્ષ દરમિયાન અમને લેખ સામગ્રી મોકલીને સાથ આપનાર લેખકોનો અને બીજી રીતે યત્કિંચિત પણ સહાયતા આપનાર મિત્રોનો આભાર માનવાની; અને બીજી વાત છે : "જૈન યુગ" લાંબા સમય સુધી જૈન સંસ્કૃતિના એક નમૂનેદાર માસિક તરીકે પ્રગટ થઈ શકે એટલા પ્રમાણમાં ગ્રાહક સંખ્યા વધે અને એની આર્થિક સદ્ધરતા પણ વધે એ માટે ધ્યાન આપવા શ્રી સંઘને વિજ્ઞપ્તિ કરવાની.

卐

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ

આગામી ધાર્મિક પરીક્ષાઓ

બોર્ડની શ્રી પ્રફુલચંદ બબલચંદ મોદી પુરુષવર્ગ અને શ્રી કાંતાબ્હેન બબલચંદ મોદી સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઈની આગામી ઇનામી પરીક્ષાઓ **રવિવાર તા. ૨૦ ડિસેમ્બર, ૧૯૫૯**ના રોજ બપોરના સ્ટાં. ટા. ૧ થી ૪ સુધીમાં સર્વે કેન્દ્રોમાં લેવામાં આવશે.

પરીક્ષાઓ આપવા માટેના ફોર્મ મોડામાં મોડા **તા. ૧૫મી નવેમ્બર ૧૯૫૯** સુધીમાં બોર્ડના કાર્યાલયમાં સ્વીકારશે. ધાર્મિક પરીક્ષાના અભ્યાસક્રમ અને પ્રવેશપત્રક માટે તેર નયા પૈસાની ટપાલ ટિકિટ મોકલવી.

પુસ્તકો અંગે સૂચના

બોર્ડની ઉપરોક્ત ધાર્મિક પરીક્ષાઓના અભ્યાસક્રમમાંથી નીચે જણાવેલ પુસ્તકો કમી કરવામાં આવેલ છે :—

બાલ ધોરણ ૧ અને કન્યા ધોરણ ૧ : "ઋષભદેવ" પુરૂષ ધોરણ ૩ : "ભગવાન મહાવીરના દશ ઉપાસકો", પુરુષ અને સ્ત્રી ધોરણ ૫ : "ન્યાયાવતાર" પુરુષ ધોરણ ૬ અને સ્ત્રી ધોરણ ૭ : "સમી સાંજનો ઉપદેશ" અને "શ્રી મહાવીર સ્વામીનો આચારધર્મ" સ્ત્રી ધોરણ ૬ : "અભિનવા પાઠાવલિ" સ્ત્રી ધોરણ ૮ : (પ્રાકૃત વિષય) : "પ્રાકૃત પાઠાવલિ" અને "સંબોધસત્તરી"

શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ
ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે,
પાયધુની, પોસ્ટ કાલબાદેવી, મુંબઈ ૨

ચંદુલાલ વર્ધમાન શાહ
માનદ્ મંત્રી

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

કાર્યવાહી સમિતિની સભા

કાર્યવાહી સમિતિની મુલતવી રહેલી સભા ગુરુવાર, તા. ૨૪ સપ્ટેમ્બર ૧૯૫૯ના રોજ રાતનાં સ્ટાં. ટા. ૮ વાગે કૉન્ફરન્સ કાર્યાલયમાં શ્રી. મોતીલાલ વીરચંદ શાહના પ્રમુખસ્થાને મળી હતી. સભ્યો ઉપસ્થિત પાંચ.

આ સભામાં છેલ્લી બેઠકની મિનિટસ્ બહાલ રાખવામાં આવ્યા બાદ (૧) સંવત્ ૨૦૧૪ના વર્ષનો ઑડિટ થયેલ હિસાબ અને સરવૈયું રજૂ થતાં શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહની દરખાસ્ત અને શ્રી હજારીમલ ચંદ્રભાણના ટેકાથી તે સર્વાનુમતે પસાર કરવા ઠરાવવામાં આવ્યું. (૨) કૉન્ફરન્સની પ્રવૃત્તિ આદિ અંગે કેટલીક હકીકત મંત્રીએ રજૂ કરી આગામી અધિવેશન અંગે ચાલતી કાર્યવાહીનો સભ્યોને ખ્યાલ આપ્યો હતો. (૩) શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ શ્રાવક શ્રાવિકાક્ષેત્ર ઉત્કર્ષ મુંબઈ સમિતિ સંચાલિત ઉદ્યોગગૃહની ગ્રાન્ટ અંગે વિચારણા થતાં, એ બાબતમાં આજની કાર્યવાહી સમિતિ સંમત જણાયા છતાં તેનાં કાર્યક્ષેત્રની મર્યાદા કાર્યવાહી સમિતિની તા. ૩૦–૧૦–૧૯૫૮ની સભાના ઠરાવથી મર્યાદિત બની રહે છે એ મતલબનો ઠરાવ કર્યો હતો. (૪) બોડેલીની આસપાસના ગામોમાં પરમાર જૈન ભાઈઓને અતિવર્ષાના કારણે જે નુકસાન થયેલ છે તેનાં રાહત કાર્ય માટે રૂા. ૧૦૦૦) એક હજારની રકમ બોડેલી સમિતિને મંજૂર કરવા ઠરાવ્યું.

કૉન્ફરન્સના સભ્ય

પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબના સદુપદેશ અને પ્રેરણાથી કોઇમ્બતૂરમાં નીચેના પેટ્રન નોંધાયા. લવાજમના રૂા. ૧૦૦૧) આભારસહિત સ્વીકારીએ છીએ.

પેટ્રન 'અ' વર્ગ

મેસર્સ ત્રિભોવનદાસ વંદ્રાવન એન્ડ બ્રધર્સ, કોઇમ્બતૂર
પ્રતિનિધિ : શ્રી. કનકકુમાર અભેચંદભાઈ વંદ્રાવનદાસ

શાળાઓમાં ધાર્મિક શિક્ષણ

સ્કૂલોમાં કામકાજના સમય દરમ્યાન ધાર્મિક શિક્ષણ આપવામાં પીરીયડ રાખવાની વ્યવસ્થા કરવાની બાબતમાં મુંબઈ સરકારના શિક્ષણ પ્રધાન શ્રી. હિતેન્દ્રભાઇ દેસાઈને ડેપ્યુટેશનમાં મળી કૉન્ફરન્સે કેટલીક પ્રવૃત્તિ કરેલી છે. તદુપરાંત તાજેતરમાં કેન્દ્ર સરકારે મુંબઈના રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશના પ્રમુખપદે નૈતિક અને આધ્યાત્મિક શિક્ષણ સ્કૂલોમાં આપવા અંગે રિપોર્ટ કરવા સમિતિ નીમેલી હોઈ એ વિષે ઘટતી તજવીજ કરવા વગેરે માટે વિચાર વિનિમય કરી નિર્ણય લેવા એક સભા કૉન્ફરન્સ દ્વારા શ્રી જીવતલાલ પ્રતાપશીની ઑફિસમાં તા. ૧૯–૯–૧૯૫૯ના રોજ યોજવામાં આવી હતી. આ વિષયમાં રસ લેતા ગૃહસ્થોએ આ સભામાં ઉપરોક્ત બંને પ્રશ્નો અંગે વિધવિધ દૃષ્ટિબિંદુઓથી વિચારણા કરી કેટલાક આગેવાન કાર્યવાહક ગૃહસ્થોની એક સમિતિ મુંબઈની શાળાઓમાંથી એ પ્રશ્નને લગતી માહિતી એકત્ર કરવા નિયુક્ત કરી છે અને તે મારફતે માહિતી એકત્ર કરવાનું કાર્ય શરૂ કરવામાં આવેલ છે.

સામાન્ય સભાસદો

શ્રી પર્યુષણ પ્રસંગે કૉન્ફરન્સ તરફથી મોકલાયેલ અપીલના જવાબમાં નીચેના ગૃહસ્થોએ સામાન્ય સભાસદો બનાવી તેની રકમ સંસ્થાને મોકલી આપી છે તે બદલ આભાર માની અન્ય સભ્યો અને ગૃહસ્થોને પણ અનુકરણ કરવા વિનંતિ કરીએ છીએ.

(૧) શ્રી. કાલીદાસ હરજીવન, મુંબઈ દ્વારા, ૩૫ સભ્યો
(૨) બાબુલાલ ડાહ્યાચંદ, ચાણસ્મા દ્વારા ૨૨, શ્રી રતનચંદજી જૈન, લખનઉ દ્વારા ૧૬.

શ્રી હેમચંદ ચત્રભુજ છાત્રવૃત્તિ

આ વર્ષે બી. એસસી. (ટેક) માં અભ્યાસ કરતા શ્રી કિરણ નાનુભાઈ શાહને રૂા. ૧૦૦) ની છાત્રવૃત્તિ કૉન્ફરન્સ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

[લેખાંક ૫]

શ્રમણભગવાન મહાવીર પ્રભુનો સોળમો ભવ વિશ્વભૂતિ મુનિરાજ

પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

[શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના સત્તાવીશ ભવો પૈકી એકથી પંદર ભવોનું વર્ણન અગાઉના ચાર લેખોમાં આવી ગયું છે. આ પાંચમા લેખાંકમાં સોળમા ભવનું વર્ણન રજૂ થાય છે. — સંપાદક, 'જૈન યુગ']

ચાર ગતિનું સ્વરૂપ

ભગવાન મહાવીર પ્રભુનો આત્મા પંદરમા ભવમાં પંચમ બ્રહ્મદેવલોકે મધ્યમ સ્થિતિવાળા દેવ તરીકે ઉત્પન્ન થયેલો છે, જે વાત અગાઉ કહેવાઈ ગયેલ છે. દેવલોકમાં સામાન્ય રીતે પુન્યપ્રકૃતિની બહુલતાવાળા જીવો ઉત્પન્ન થઈ શકે છે. સંસાર, નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ચાર ગતિમાં વહેંચાયેલ છે. સર્વ સંસારી જીવાત્માઓનો આ ચાર ગતિમાં અન્તર્ભાવ થઈ જાય છે. પાપકર્મ કિંવા અશુભ કર્મના તીવ્ર દુઃખરૂપે ભોગવટો કરવાનું જે કોઇ સ્થાન તેનું નામ નરકગતિ છે. પુન્યકર્મ અથવા શુભ કર્મનો વિશિષ્ટ સુખરૂપે ભોગવટો કરવાનું જે કોઈ સ્થાન તેનું નામ દેવગતિ છે. અધિક અંશે પાપ અને અલ્પ અંશે પુન્યનો ભોગવટો કરવાનું જે કોઈ સ્થાન તે તિર્યંચગતિ છે અને અલ્પાધિકપણે અથવા સમભાગે પુન્ય-પાપ બંને ભોગવવાનું જે કોઈ સ્થાન તે મનુષ્યગતિ છે. પુન્ય અને પાપના અનેક પેટાવિભાગો તેમ જ તેમાં પણ તીવ્રતા-મંદતાના કારણે ફળમાં પણ અનેક વિભાગો દૃષ્ટિગોચર થાય છે. મનુષ્યપણું દરેક મનુષ્યમાં સમાન છતાં સુખ-દુઃખની પરિસ્થિતિમાં સમાનતા એકાંતે નથી હોતી તેનું મુખ્ય કારણ પુન્ય-પુન્યમાં અને પાપ-પાપમાં વિવિધ પ્રકારની તરતમતા છે. પ્રત્યેક જીવની પ્રવૃત્તિ અને પરિણતિ એક સરખી નથી પણ ભિન્ન ભિન્ન પ્રકારની છે એટલે શુભ-અશુભ કર્મમાં અને તેના ફળસ્વરૂપે સુખ-દુઃખમાં પણ તરતમતા ઊભી થાય છે. સ્વર્ગલોક અથવા દેવલોકમાં વર્તતા સર્વ દેવો સામાન્ય રીતે પુન્ય-પ્રકૃતિના ઉદયવાળા હોય છે. એમ છતાં પુન્ય-પુન્યમાં અનેક પ્રકારની વિવિધતા હોવાના કારણે ભુવનપતિ-વ્યંતર જ્યોતિષી અને વૈમાનિક તેમ જ તે દરેકમાં પણ પુનઃ અનેક પ્રકારના પેટા વિભાગો છે. ચારેય વિભાગમાં વૈમાનિક દેવોનું સ્થાન ઉચ્ચ કોટિનું છે. વૈમાનિક નિકાયમાં પણ બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર એમ ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ કોટિનાં સ્થાનો છે. શ્રમણ ભગવાન પ્રભુનો આત્મા વૈમાનિક નિકાયના બાર દેવલોક પૈકી પંચમ બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયેલ છે.

સોળમા ભવે વિશ્વભૂતિ રાજકુમાર

પંચમ દેવલોકમાં ઉત્પન્ન થયા બાદ નિશ્ચિત થયેલ આયુષ્ય ત્યાં સંપૂર્ણપણે ભોગવી ભગવાનનો આત્મા સોળમા ભવમાં આ ભરતક્ષેત્રના રાજગૃહ નગરમાં વિશ્વનન્દી રાજાના અનુજબંધુ વિશાખભૂતિ યુવરાજના રાણી ધારિણીના કુક્ષિથી પુત્રરૂપે અવતરે છે. 'વિશ્વ-ભૂતિ કુમાર' એવું એ પુત્રનું નામ સ્થાપન કરવામાં આવે છે. મરિચિના ભવ પછીના બાર ભવોમાં એકાંતરે સ્વર્ગ-લોક અને મનુષ્ય લોકમાં ભગવાન મહાવીરના આત્માએ જન્મને ધારણ કરેલ છે. પરંતુ એ દરેક મનુષ્યના ભવોમાં અગાઉ જણાવી ગયા પ્રમાણે બ્રાહ્મણ કુળમાં જન્મ અને પ્રાન્તે ત્રિદંડિકપણાની પ્રાપ્તિનું પ્રાધાન્ય રહ્યું છે. સોળમા ભવથી તેનો પલટો થાય છે. ભિક્ષાવૃત્તિપ્રધાન બ્રાહ્મણ કુલના સ્થાને સોળમા ભવે પ્રભુના આત્માને ક્ષત્રિય અને તેમાં પણ રાજકુળ પ્રાપ્ત થાય છે.

કર્મોદયમાં સાન્તરપણું

મરિચિના ભવમાં ઉપાર્જન કરેલું અને ત્યારપછીના ભવોમાં પુષ્ટ થયેલ નીચ ગોત્ર કર્મ, સંપૂર્ણ તથા ભોગ-

વાઈને ક્ષીણ થઈ જવાના કારણે ભગવંતનો આત્મા રાજકુલમાં ઉત્પન્ન થયો છે એમ માનવાની જરૂર નથી. પરંતુ કર્મના બંધમાં જેમ સાન્તરબંધ-નિરંતરબંધના વિભાગો છે તે પ્રમાણે કર્મના ઉદયમાં પણ સાન્તર ઉદય-નિરન્તર ઉદય (ધ્રુવોદય-અધ્રુવોદય) એવા વિભાગો છે. અને તેમાં પણ પરાવર્તમાન કર્મપ્રકૃતિઓ તો અવશ્ય સાન્તર ઉદયવાળી (અધ્રુવોદયી) જ હોય છે. શાતા વેદનીય, અશાતા વેદનીય, ઉચ્ચ ગોત્ર, નીચ ગોત્ર, વગેરે કર્મપ્રકૃતિઓ પરાવર્તમાન પ્રકૃતિઓ છે. શાતા-અશાતા પરસ્પર વિરુદ્ધ છે. ઉચ્ચ-નીચ ગોત્ર પણ પરસ્પર વિરુદ્ધ છે. પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળી કર્મ પ્રકૃતિઓ અવશ્ય પરાવર્તમાન હોય છે. એ પ્રકૃતિઓનો એક સાથે બંધ થતો નથી તેમ જ એક સાથે ઉદય પણ પ્રવર્તતો નથી. શાતા વેદનીય અને ઉચ્ચ ગોત્રનો બંધ અથવા ઉદય ચાલે ત્યારે અશાતા વેદનીય તેમ જ નીચ ગોત્રનો બંધ અથવા ઉદય પ્રવર્તતા નથી. આવા કારણે નીચ ગોત્ર એ સાંતર ઉદયવાળું અર્થાત્ અધ્રુવોદયી છે. મરિચિના ભવથી પંદરમા ભવ સુધી જ્યારે જ્યારે મનુષ્ય લોકમાં ભિક્ષાવૃત્તિપ્રધાન બ્રાહ્મણ કુળમાં પ્રભુના આત્માનો જન્મ થયો છે ત્યારે ત્યારે નીચ ગોત્રનો ઉદય પ્રવર્તે છે. પરંતુ વચ્ચે વચ્ચે દેવલોકમાં જ્યારે જ્યારે દેવ તરીકે ભગવંતનો આત્મા ઉત્પન્ન થયેલ છે ત્યારે ત્યારે નીચ ગોત્રના સ્થાને ઉચ્ચ ગોત્રનો ઉદય માનવો એ સુસંગત છે. એ જ પ્રમાણે સોળમા વિશ્વ-ભૂતિના ભવમાં પણ ઉચ્ચ ગોત્રનો ઉદય સમજવાનો છે. સાથે સાથે સત્તામાં નીચ ગોત્ર બેઠું છે તે પણ ધ્યાનમાં રાખવાનું છે.

વિશ્વભૂતિની ઉદ્યાનક્રીડા અને યુદ્ધ માટે પ્રયાણ

વિશ્વભૂતિકુમારે અનુક્રમે યૌવનવયમાં પ્રવેશ કર્યો. યોગ્ય રાજકન્યા સાથે વિશ્વભૂતિનું પાણિગ્રહણ થયું. એક અવસરે વિશ્વભૂતિ યુવરાજ પોતાના અંતઃપુર સાથે એ રાજગૃહ નગરના પુષ્પકરંડક ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા. પાછળથી તેમના કાકાનો કુંવર એટલે વિશ્વનન્દીના પુત્ર વિશાખાનંદી પણ ક્રીડા કરવા માટે તે ઉદ્યાન પાસે આવ્યો. પરંતુ ઉદ્યાનની અંદર વિશ્વભૂતિ કુમાર પોતાના અંતઃપુર સાથે ક્રીડા કરતા હોવાના ખબર મળતાં વિશાખાનંદીને અનિચ્છાએ બહાર રહેવું પડ્યું. દરમિયાન વિશાખાનન્દીની માતા રાણી પ્રિયંગુની દાસીઓ પુષ્પો લેવા માટે ઉદ્યાન પાસે આવી. તે દાસી-ઓને પણ વિશ્વભૂતિ ઉદ્યાનમાં હોવાના કારણે પુષ્પો લીધા સિવાય પાછું જવું પડ્યું. દાસીઓ પાસેથી રાણી પ્રિયંગુને હકીકત જાણવામાં આવતાં 'અરે! હું રાજાની રાણી, મારો પુત્ર વિશાખાનન્દી પાટવીકુંવર, એમ છતાં વિશ્વભૂતિની ઉદ્યાનક્રીડાના કારણે મારા એ પાટવીકુંવરને ઉદ્યાનની બહાર રહેવું પડે, તેમ જ મારી દાસીઓને પુષ્પો લીધા સિવાય પાછું આવવું પડે, એમાં મારી જબ્બર માનહાનિ છે' આવા વિચારોમાં ને વિચારોમાં રોષે ચઢેલાં રાણી રોષભવનમાં પહોંચી ગયાં. રાજા વિશ્વનન્દીને આ હકીકત જાણવામાં આવતાં વિશ્વ-ભૂતિને ઉદ્યાનમાંથી ખસેડવા અને વિશાખાનન્દી તેમજ તેની તેની માતા પ્રિયંગુરાણીને પ્રસન્ન કરવા રણસંગ્રા-મનો સાચી રીતે પ્રસંગ ન હોવા છતાં કપટકળા વડે રણયાત્રાની ભેરી વગડાવી અને જાહેર કર્યું કે 'આપણા તાબાનો પુરુષસિંહ નામનો સામંત ઉદ્ધત બની ગયો છે, પ્રજાને અનેક રીતે ત્રાસ આપે છે માટે એની સાથે રણસંગ્રામ કરવા હું જાઉં છું' ઉદ્યાનક્રીડામાં આનંદ કરતા વિશ્વભૂતિને આ સમાચાર પ્રાપ્ત થતાં સરલ સ્વભાવવાળા વિશ્વભૂતિએ રાજાને વિનંતિ કરી કે 'એવા સામાન્ય સામંત સામે આપ જેવા સમર્થ રાજવીને યુદ્ધ માટે જવાનું કાંઈ પ્રયોજન નથી. હું પોતે ત્યાં જવા તૈયાર છું. અને આપના આશીર્વાદથી શીઘ્રપણે તેને તાબામાં લઈ આપના ચરણમાં આવી પહોંચીશ.' વિશ્વભૂતિનાં વિનમ્ર વચનો શ્રવણ કરી રાજાએ તેમને અનુમતિ આપી. વિશ્વભૂતિએ પણ સૈન્યના પરિવાર સાથે પુરુષસિંહ સામંતને વશ કરવા તે તરફ પ્રયાણ કર્યું.

રાજાના પ્રપંચની જાણ થતાં વિશ્વભૂતિને વૈરાગ્યપ્રાપ્તિ અને ચારિત્રનો સ્વીકાર

વિશ્વભૂતિ રવાના થયા બાદ વિશાખાનન્દીએ પુષ્પ-કરંડક ઉદ્યાનમાં ક્રીડા માટે પરિવાર સહિત પ્રવેશ કર્યો. અને આનન્દ-કલ્લોલમાં મગ્ન બન્યો. વિશ્વભૂતિ પુરુષસિંહ સામંત પાસે પહોંચતાં તેમના તરફથી આજ્ઞાના ઉલ્લંઘનની વાત અસત્ય જાણવામાં આવી. પરસ્પર શિષ્ટાચાર પૂર્ણ થયે વિશ્વભૂતિ ત્યાંથી પાછા ફર્યા. માર્ગમાં પુષ્પકરંડક ઉદ્યાન પાસે આવતાં ઉદ્યાનના નાકે વિશાખાનન્દીના દ્વારપાલ તરફથી જાણવામાં આવ્યું કે 'વિશાખાનન્દી પોતાના પરિવાર સાથે ઉદ્યાનમાં આનંદ ક્રીડા કરી રહેલ છે.' વિશ્વભૂતિ બલવાન હોવા

સાથે બુદ્ધિમાન પણ હતા. પોતાને આ ઉદ્યાનમાંથી ખસેડી વિશાખાનંદીને આનંદ ક્રીડા માટે ઉદ્યાનમાં પ્રવેશ કરવાની તક આપવાના કારણે જ પુરુષસિંહ સામંતની સાથે રણસંગ્રામનું ઓઠું રાજાએ ઊભું કર્યાનું ચતુર વિશ્વભૂતિ બરાબર સમજી ગયા, અને વિશાખાનન્દી ઉપર તેમજ તેના પિતા ઉપર વિશ્વભૂતિને રોષ પણ ઉત્પન્ન થયો. રોષમાં ને રોષમાં પાસેના કોઠાના ઝાડ ઉપર એવો જોરથી મુષ્ટિપ્રહાર કર્યો કે ઝાડ ઉપર વર્તતાં ઘણાખરાં કોઠાનાં ફળ તુરત નીચે પડી ગયા. વૃક્ષ ઉપર મુષ્ટિપ્રહાર કરવા વડે કોઠાનાં ફળો ટપોટપ નીચે પડતાં વિશ્વભૂતિએ વિશાખાનન્દીના દ્વારપાલને સ્પષ્ટ સંભળાવ્યું કે "કુલમર્યાદાનો ગુણ તથા વડીલો તરફની ભક્તિ મારા અંતઃકરણમાં ન હોત તો મુષ્ટિપ્રહાર વડે કોઠાનાં ફળ જેમ નીચે પાડી નાંખ્યાં તે પ્રમાણે તમો બધાય વિશાખાનન્દીના પરિવારનાં મસ્તકો હમણાં ધડથી નીચે પાડી દેત.' એ પ્રમાણે વિશાખાનન્દીના દ્વારપાલને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું. અને ચિત્તમાં વિચાર કરવા લાગ્યા કે 'હું જ્યારે આટલી સરલતા અને વડીલો પ્રત્યે ભક્તિભાવ રાખું છું ત્યારે વડીલો મારી સાથે કપટબાજી રમે છે. ખરેખર ! સંસાર આવો કૂડ-કપટથી જ ભરેલો છે. વિષય-ભોગનું સુખ ક્ષણિક અને પરિણામે અતિ દુઃખદાયી છે. આવા સંસારમાં રહેવું અને આત્માને અધોગતિનો અધિકારી બનાવવો તે અપેક્ષાએ અનેક પ્રકારની ખટપટ અને કાવાદાવાથી ભરેલા આ સંસારની મોહમાયાને તિલાંજલી આપી આત્મકલ્યાણના પવિત્ર પંથે પ્રયાણ કરવું એ મારા માટે અત્યન્ત હિતાવહ છે." આ પ્રમાણે વૈરાગ્યવાસિત બનવા સાથે ચારિત્રગ્રહણનો નિર્ણય કરી પોતાના ઘેર માત-પિતા પાસે ન જતાં સીધે સીધા તે પ્રદેશમાં વિચરતા સ્થવિરમહર્ષિ **શ્રી સંભૂતિ મુનિવર** પાસે વિશ્વભૂતિ પહોંચી ગયા અને અતિ ઉલ્લાસપૂર્વક ચારિત્ર ગ્રહણ કર્યું. વિશ્વભૂતિ રાજકુમાર હવે વિશ્વવંદ્ય વિશ્વભૂતિ મુનિવર થયા. વિશાખાનન્દીના પિતા વિશ્વનન્દીને પાછળથી આ બાબતની જાણ થતાં, રાજા વિશ્વનંદી પોતાના અનુજ બંધુને સાથે લઈ વિશ્વભૂતિ મુનિવર પાસે આવ્યા. પોતાનાથી થયેલ અપરાધની વારંવાર ક્ષમા માંગી અને દીક્ષા છોડી પુનઃ ઘેર આવી રાજ્ય સ્વીકારવા માટે ઘણો ઘણો આગ્રહ કર્યો. પરંતુ વિશ્વભૂતિ મુનિ એ પ્રલોભનમાં ન મૂંઝાયા, પોતાના સંયમમાં મક્કમ રહ્યા. અને પરમકૃપાળુ ગુરુની શુભ-નિશ્રામાં રહી જ્ઞાન-ધ્યાન સાથે છઠ્ઠ-અઠ્ઠમ, વગેરે તપશ્ચર્યામાં ઝૂકી પડ્યા. 'છઠ્ઠ-અઠ્ઠમથી આગળ ચાર-પાંચ યાવત્ પક્ષ-ક્ષપણ (પંદર ઉપવાસ) અને માસ ક્ષપણ (ત્રીસ ઉપવાસ)ની તપસ્યા સુધી ઉત્તરોત્તર વધતા ગયા. તપસ્યાથી શરીર અતિકૃશ બની ગયું. ગુરુદેવની આજ્ઞા પ્રાપ્ત કરી કાયાની વધુ કસોટી કરવા માટે એકાકી વિહારનું અવલંબન લઈ વિશ્વભૂતિ મુનિ સંયમ ગુણમાં પ્રતિદિન વધુને વધુ ઉજ્જમાળ બનવા લાગ્યા.

સંયમમાર્ગનો સ્વીકાર થયા બાદ તેમાં સ્થિરતા પ્રાપ્ત થવી તે પરમ સૌભાગ્ય છે.

વર્તમાન ભવની અપેક્ષાએ અતીત કાળના ભવોમાં જે આત્માએ એકવાર પણ ભાવચારિત્રની સ્પર્શના કરી હોય, અને અમુક સમય બાદ મોહોદયના કારણે એ આત્મા સંયમથી કદાચ ભ્રષ્ટ થયેલ હોય; એમ છતાં જેટલો સમય ભાવચારિત્ર આપ્યું છે અને આત્માને સંસ્કારી બનાવ્યો છે, તેને સંસ્કારો ભાવિકાળે કોઈવાર સુંદર લાભ આપે છે. આ હકીકતની પ્રતીતિ માટે વિશ્વભૂતિ મુનિનો પ્રસંગ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. **સંયમ ગ્રહણ કર્યા બાદ સંયમમાંથી ભ્રષ્ટ ન થવાય. વસ્તુતઃ એ સર્વોત્તમ માર્ગ છે. છતાં અનંત કાળથી જમા થયેલી મોહનીય કર્મની પ્રબળ સત્તાના કારણે તેવા તેવા સંજોગોમાં સંયમી આત્મામાં પણ કદાચિત શિથિલતા નબળાઈ આવી જાય છે અને સંયમના શિખરે પહોંચવા પ્રસ્થાન કરનાર આત્મા અધવચ્ચેથી જ નીચે સરકી પડે છે.** 'સંયમગ્રહણ કર્યા બાદ સંયમમાંથી ભ્રષ્ટ થવું તે અપેક્ષાએ સંયમનો સ્વીકાર ન કરવો એ વધુ ઉત્તમ છે' આવાં વાક્યો આપણા સમાજમાં ઘણી વાર ઉચ્ચારાય છે. પરંતુ આવાં વાક્યો ઉચ્ચારવામાં ઘણો ઉપયોગ રાખવાની જરૂર છે. આવી કોઈપણ બાબતમાં એકાન્ત કથન કરવું એ જૈન દૃષ્ટિએ વ્યાજબી નથી. કોઈપણ સંયમી આત્મા સંયોગવશાત્ સંયમમાં શિથિલ બને તે અવસરે સાપેક્ષદૃષ્ટિ હૃદય સમક્ષ રાખી તેને સંયમમાં સ્થિર કરવાના આશયથી ઉપરનું વાક્ય બોલે તો તે બરાબર છે. પરંતુ બોલનાર વ્યક્તિના અંતઃકરણમાં સંયમ તેમ જ સંયમી પ્રત્યે જોઈએ તેવો સદ્ભાવ ન હોય એ પરિસ્થિતિમાં કોઈ સાધુ પુરુષને સંયમ માર્ગથી પરિચ્યુત થયેલા જોઈ 'સંયમગ્રહણ કર્યા બાદ સંયમથી ભ્રષ્ટ થવું એના કરતાં સંયમ ન લેવો એ શું ખોટું?' આવાં વાક્યો અપ્રશસ્તભાવે ઉચ્ચારાય તો ઉચ્ચારનાર માટે એ વાક્યો અહિત કરનારાં છે. **સંયમ જેવો અતિપવિત્ર માર્ગ પ્રાપ્ત થવો એ**

જેટલી સૌભાગ્યની વાત છે તેથી પણ અધિક સૌભાગ્યની વાત, એ અતિપવિત્ર સંયમમાર્ગમાં અસ્ખલિતપણે ટકી રહેવામાં છે. એ વાત નિઃસંશય છે. એમ છતાં અનંત ભૂતકાળમાં આત્માએ અનન્તીવાર અવળો પુરુષાર્થ કરવા વડે કંચન-કામિની અને કાયાની માયાના જે વિપરીત સંસ્કારો આત્મા ઉપર ઊભા કર્યા છે અને જે વિપરીત સંસ્કારોની ઊલટી અસર હજુ અલ્પાધિકતયા ઊંડે ઊંડે આત્મા ઉપર વિદ્યમાન છે એવા આત્માને અનુકૂલ-પ્રતિકૂલ પરીષહોના પ્રસંગમાં વિપરીત સંસ્કારોની ઊંડાણમાં રહેલી અસર કોઈવાર પ્રગટ થાય તો સંયમના દિવ્યપ્રકાશ ઉપર અમુક સમય પર્યંત અંધકારની છાયા પોતાનું સામ્રાજ્ય ચલાવે છે.

ક્ષયોપશમ ભાવના ગુણમાં ચલ-વિચલ અવસ્થા

મોહનીય કર્મના એકાન્તે જ્યાં સુધી ઔદયિક ભાવ અનાદિ કાળથી વર્તતો હોય ત્યાં સુધીમાં આત્મા સદાય અંધકારમાં છે. એ મોહનીય કર્મમાં દર્શન (મિથ્યાત્વ) મોહનો સર્વ પ્રથમ જ્યારે ઉપશમ અથવા ક્ષયોપશમ થાય ત્યારે દૃષ્ટિપર્યાયમાં જે કેવળ અંધકાર હતો તેમાં અનુપમ પ્રકાશ પ્રગટ થાય છે. પરંતુ એ પ્રકાશ ઉપશમ-ભાવનો અથવા ક્ષયોપશમભાવનો હોવાથી કાયમ માટે ટકતો નથી. ઉપશમ ભાવનો પ્રકાશ વધુમાં વધુ એક અન્તર્મુહૂર્ત પર્યંત અને ક્ષયોપશમ ભાવનો પ્રકાશ વધુમાં વધુ અસંખ્ય કાળ પર્યંત ટકે છે. અને તે અસંખ્ય કાળ પણ કોઈક વિશિષ્ટ આત્મા માટે હોય છે. બહુલતાએ તો થોડા થોડા સમયના અંતરે પ્રકાશ અને અંધકારનું પરાવર્તન ચાલ્યા કરે છે. તેમાં પણ શરૂઆતમાં પ્રકાશનો કાળ અલ્પ અને અંધકારનો કાળ વધુ હોય છે. કોઈ પણ ગુણ ક્ષાયિક ભાવને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે ગુણમાં ચલ-વિચલ પરિસ્થિતિ હોવાનો અવશ્ય સંભવ છે. એમ છતાં અનાદિથી સતતપણે મોહનીય કર્મના એકાન્તે ઔદયિક ભાવમાંથી ફક્ત એક વાર પણ ઉપશમ ભાવ અથવા ક્ષયોપશમ ભાવનો જે સમ્યક્‌દર્શન ગુણનો પ્રકાશ પ્રગટ થઈ ગયો હોય, તો પુનઃઅંધકાર પ્રાપ્ત થઈ ગયા બાદ પણ યોગ્ય અવસરે તે આત્માને પ્રકાશ પ્રગટ થયા સિવાય રહેતો નથી. દેવ-દર્શન-પૂજન, વગેરે મંગલમય ધર્માચરણ કરનાર કોઈ પણ મહાનુભાવને નિરન્તર પ્રકાશનું સ્થાન પ્રાપ્ત થાય એવું પ્રાયઃ નથી બનતું એમ છતાં આત્મા યોગ્ય હોય અને સુવિહિત ધર્માનુષ્ઠાન હોય તો નિરન્તર ધર્માચરણ કરનાર મહાનુભાવને કોઈક ક્ષણ તો એવી પ્રાપ્ત થઈ જાય છે, કે જે ક્ષણે પ્રગટ થયેલો અંતરંગ પ્રકાશ આજ સુધીના અનંત ભૂતકાળના જીવનમાં કોઈ પણ વાર અનુભવગોચર ન થયો હોય-અને એક વાર પણ એ પ્રકાશનું કિરણ પ્રગટ થઈ ગયું તો ઓછા-વધુ કાળે છેવટ અપાર્ધ પુદ્‌ગલ પરાવર્ત કાળમાં તો પુનઃ તેના આત્મમંદિરમાં એ અનુપમ પ્રકાશ પ્રગટ થવા સાથે તે મહાનુભાવ અવશ્ય મુક્તિના અધિકારી બની જાય છે.

મરિચિના ભવમાં પાળેલા સંયમના સંસ્કારોનો પ્રભાવ

ભગવાન મહાવીર પ્રભુનો આત્મા સોળમા ભવે વિશ્વભૂતિ રાજકુમાર થયો. ભોગવિલાસની હરકોઈ પ્રકારે સામગ્રી પ્રાપ્ત થઈ. એમ છતાં વિશ્વનંદી રાજાની કપટ જાળ જ્યાં જાણવામાં આવી ત્યાં આત્મા જાગૃત બની ગયો. અને કૂડકપટથી ભરેલા સંસાર ઉપરથી વિરક્ત ભાવ પ્રગટ થયો. કારણ કે મરિચિના ભવમાં ભગવાન શ્રી ઋષભદેવજી પાસે ચારિત્ર ગ્રહણ કર્યા બાદ વર્ષો સુધી શ્રદ્ધાપૂર્વક ચારિત્ર પાલન કરીને આત્માને ઉત્તમ સંસ્કારથી વાસિત બનાવ્યો હતો. મોહોદયના કારણે મરિચિ પોતાના પાછલા જીવનમાં સંયમથી પરિચ્યુત થયા અને એ ઉત્તમ સંસ્કારો ઉપર બાર બાર ભવ પર્યંત પડદો ટકી રહ્યો. પરંતુ વિશ્વભૂતિના ભવમાં નિમિત્ત મળવાની સાથે એ પડદો દૂર થઈ ગયો અને ઊંડે ઊંડે રહેલા સંસ્કારોની જ્યોત પુનઃ સતેજ બની ગઈ. એ પ્રભાવ મરિચિના ભવમાં વર્ષો સુધી પાળેલા સંયમજન્ય સંસ્કારોનો છે.

વિશ્વભૂતિ મુનિએ કરેલ નિયાણું, આયુષ્યની સમાપ્તિ અને સત્તરમા ભવે મહાશુક્ર દેવલોક

ઉગ્ર તપસ્વી વિશ્વભૂતિ મુનિવર માસ ક્ષપણની તપસ્યાના પારણે મથુરા નગરીમાં ભિક્ષા માટે એક અવસરે પધાર્યા. બરાબર તે જ અવસરે વિશાખાનન્દી પણ મથુરા-નગરીના રાજાની કન્યા સાથે પાણિગ્રહણ કરવા માટે ત્યાં આવેલો હતો. ગોચરી માટે નીકળેલા વિશ્વભૂતિ મુનિવર ફરતા ફરતા ભવિતવ્યતાના યોગે વિશાખાનન્દીની છાવણી પાસે થઈને નીકળતાં વિશાખાનન્દીના માણસોએ તીવ્ર તપવડે અતિકૃશ થઈ ગયેલા મુનિવરને જોયા. અને હાંસીપૂર્વક 'આ વિશ્વભૂતિ કુમાર જાય-કુમાર જાય' એમ બોલવા લાગ્યા. એવામાં વિશાખા-નન્દી પણ ત્યાં આવી પહોંચ્યો અને વિશ્વભૂતિ મુનિને

જોઈ ભૂતકાળનો પ્રસંગ યાદ આવતાં તેમના ઉપર તેને રોષ ઉત્પન્ન થયો. દરમિયાન રસ્તામાં ચાલી જતી ગાયની હડફેટમાં આવતાં, વિશ્વભૂતિ મુનિ તપવડે શરીર કૃશ થયેલ હોવાના કારણે, ભૂમિ ઉપર પડી ગયા. વિશ્વભૂતિને જોતાં વિશાખાનન્દીના દિલમાં રોષ તો પ્રગટ થયેલો જ હતો. એમાં ગાયની હડફેટથી મુનિરાજ ભૂમિ ઉપર પડી જતાં વિશાખાનન્દીના દિલમાં વધુ આનંદ થયો અને તેણે મજાકમાં કહ્યું કે 'મુનિરાજ! ગૃહસ્થાશ્રમમાં મુષ્ટિના પ્રહારવડે કોઠાનાં ફળો વૃક્ષ ઉપરથી નીચે પાડી નાખવાનું તમારું બળ ક્યાં ગયું? ગાયની હડફેટમાં આવી જવાના સામાન્ય પ્રસંગ માત્રથી ભૂમિ ઉપર પટકાઈ પડવા જેવી નિર્માલ્ય દશા કેમ થઈ ગઈ!' મજાકમાં કહેવાયેલા વિશાખાનન્દીના વચનોથી મુનિવર વિશ્વભૂતિ ક્ષમા ધર્મને ચૂકી ક્રોધના આવેશમાં આવી ગયા. ક્રોધના આવેશની પાછળ માનદશા પણ પ્રગટ થઈ અને માનદશાજન્ય અહંભાવના કારણે હજુ પણ મારામાં પહેલાંનાં જેવું જ બળ છે, તપસ્યાવડે ભલે મારી કાયા કૃશ થઈ ગઈ, પરંતુ હું નિર્બળ નથી બન્યો, એમ વિચારી વિશાખાનન્દીને એ પરિસ્થિતિથી માહિતગાર કરવા જે ગાયની હડફેટમાં આવતાં પોતે ભૂમિ ઉપર પટકાઈ ગયા હતા તે ગાયનાં શિંગડાં બે હાથ વડે મજબૂત રીતે પકડી આકાશમાં જોરથી ગાયને ઉછાળી. એટલેથી જ ન અટક્યા, પરંતુ સાથે સાથે પોતાની મજાક કરનાર વિશાખાનન્દી ઉપર ઉત્પન્ન થયેલા વધુ પડતા રોષના કારણે તે જ અવસરે નિયાણું કર્યુ કે–'સંયમગ્રહણ કર્યા બાદ આજ સુધી કરેલી મારી તીવ્ર તપશ્ચર્યાના ફળમાં મને હવે પછીના ભવમાં એવું કાયિક બળ પ્રાપ્ત થાઓ કે મારી હાંસી કરનાર આ વિશાખાનન્દીને ઠેકાણે કરી શકું.' પરિણામની આ મલિન ધારા પ્રગટ થયા પછી લગભગ એક ક્રોડ વર્ષ પર્યંત વિશ્વભૂતિ સાધુવેશમાં રહ્યા. પરંતુ તેટલા લાંબા કાળ દરમિયાન અને છેવટ આયુષ્યની પૂર્ણાહુતિ પ્રસંગે પણ પોતાની હદ ઉપરાંતની પૂર્વોક્ત મલિન પરિણતિનો પશ્ચાત્તાપ ન થયો. અને આલોચના કર્યા સિવાય આયુષ્ય પૂર્ણ કરી **સત્તરમા ભવે સાતમા શુક્ર દેવલોકમાં** મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પન્ન થયા.



પ્રાકૃત અને જૈન અધ્યયનની પ્રગતિ

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ., પીએચ. ડી.

[ઓરિસાના પાટનગર ભુવનેશ્વર ખાતે તા. ૨, ૩, ૪, ઑક્ટોબર ૧૯૫૯ના દિવસોમાં મળેલ ' અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદ' (ઑલ ઇન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સ)ના વીસમા અધિવેશનના પ્રાકૃત અને જૈન ધર્મ વિભાગના પ્રમુખસ્થાનેથી પ્રો. ભોગીલાલ સાંડેસરાએ ' પ્રોગ્રેસ ઑફ પ્રાકૃત એન્ડ જૈન સ્ટડીઝ ' એ શીર્ષક નીચે વિસ્તૃત અંગ્રેજી વ્યાખ્યાન આપ્યું હતું. એ વિદ્વતાભર્યા વ્યાખ્યાનનો ગુજરાતી અનુવાદ અહીં અમે ક્રમશઃ છાપીએ છીએ અને અમને વિશ્વાસ છે કે ' જૈન યુગ'ના વાચકોને એમાં રસ પડશે.—સંપાદક ' જૈન યુગ ']

મારા કાર્યસાથીઓ અને મિત્રો !

ઐતિહાસિક ભુવનેશ્વર નગરમાં મળતા ' અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદ 'ના આ વીસમા અધિવેશનના પ્રાકૃત અને જૈન ધર્મ વિભાગના પ્રમુખ તરીકે મારી ચૂંટણી કરવા માટે પરિષદના કાર્યવાહક મંડળનો હું હાર્દિક આભાર માનું છું. મારી મર્યાદાઓનો મને ખ્યાલ હોઈ આ સન્માન હું સંકોચપૂર્વક સ્વીકારું છું, અને વિભાગનું સંચાલન કરવામાં આપ મને પૂરો સહકાર આપશો એવી આશા રાખું છું.

અધ્યયન અને સંશોધનની આ શાખાનાં ઘણાં અંગોની ચર્ચા મારા પુરોગામીઓએ કરી છે. પણ અત્યારે મારા મનમાં મુખ્યત્વે ઘોળાઈ રહેલા કેટલાક મુદ્દાઓ વિશેની વિચારણા જ અહીં રજૂ કરવાનું અને તે પરત્વે આ ક્ષેત્રમાં કામ કરતા બીજા વિદ્વાનો સાથે વિચારોની આપલે કરવાનું મેં યોગ્ય ધાર્યું છે. આ ઉપરાંત, ડિસેમ્બર ૧૯૫૭માં છેલ્લી પરિષદ દિલ્હીમાં મળી ત્યાર પછીનાં આશરે ૭ વર્ષમાં આ ક્ષેત્રમાં થયેલા કામની સંક્ષિપ્ત સમાલોચના પણ હું કરીશ.

વિભાગના મુખ્ય કામ ઉપર આવતાં પહેલાં કેટલાક વિદ્વાનોના અવસાનનો હું ઉલ્લેખ કરીશ અને તેમને મારી શ્રદ્ધાંજલિ આપીશ. એમના અવસાનને પરિણામે જ્ઞાનની પ્રસ્તુત શાખાને ભારે ખોટ પડી છે.

માત્ર ૪૭ વર્ષની વયે થયેલા ડૉ. મહેન્દ્રકુમાર શાસ્ત્રીના ઓચિંતા અવસાનની નોંધ લેતાં મને ઘણો ખેદ થાય છે. એમનું પ્રારંભિક જીવન ભારે મુશ્કેલીઓ અને સંઘર્ષમાં પસાર થયું હતું, પણ સાથે જ નમૂનેદાર દૃઢતાથી તેમણે ભારતીય દર્શન અને ખાસ કરીને, જૈન દર્શનનું અધ્યયન અને સંશોધનકાર્ય ચાલુ રાખ્યું હતું. ન્યાયના તેઓ પ્રકાંડ પંડિત હતા, અને ' ન્યાયકુમુદચંદ્ર' 'પ્રમેયકમલ માર્તંડ', 'ન્યાયવિનિશ્ચય ટીકા,' 'સિદ્ધિવિનિશ્ચય ટીકા' અને બીજા અનેક કઠિન ગ્રન્થોનાં સંપાદન તેમણે કર્યાં હતાં. ' ન્યાયવિનિશ્ચય ' અને 'સિદ્ધિવિનિશ્ચય' બંનેય ગ્રન્થોના પાઠ કેટલીયે સદીઓથી લુપ્ત થઈ ગયેલા હતા, પણ એ મહેન્દ્રકુમારે ટીકાઓ આદિમાંથી ઉદ્ધરણો એકત્ર કરીને એ બંનેય ગ્રન્થોનું સમર્થ રીતે પુનર્ઘટન કર્યું છે. સને ૧૯૪૭ થી તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં બૌદ્ધ દર્શન શીખવતા હતા. થોડા સમય પહેલાં જ તેઓ વારાણસી સંસ્કૃત યુનિવર્સિટીમાં, જૈન ફિલસૂફી અને પ્રાકૃતના પ્રૉફેસર તથા એ વિષયના અધ્યક્ષ તરીકે નિમાયા હતા. પરંતુ આજીવન પરિશ્રમનાં સુફળ પોતે ભોગવી શકે તથા શાન્ત અને ચિન્તામુક્ત જીવન ગાળી શકે ત્યાર પહેલાં તો દૈવે એમને ખેંચી લીધા. ભારતીય વિદ્યા અને તેમાંયે ખાસ કરીને જૈન વિદ્યાએ એમના જવાથી એક તેજસ્વી વિદ્વાન, પ્રેમલ અધ્યાપક અને અવિશ્રાન્ત સંશોધક ગુમાવ્યો છે.

સુપ્રસિદ્ધ કલાકોવિદ અને ભારતીય કલાના સંશોધક શ્રી. નાનાલાલ ચમનલાલ મહેતાને પણ આપણે અંજલિ આપીએ છીએ. પશ્ચિમ ભારતની જૈન ચિત્રકલા જે કેટલીક વાર ગુજરાતના ચિત્રકલા સંપ્રદાય તરીકે પણ ઉચિત રીતે જ ઓળખાય છે એને પ્રથમ વાર બહાર લાવનાર તથા એનો વ્યવસ્થિત અભ્યાસ કરનાર અગ્રગામી તેઓ હતા. શ્રી. મહેતા ઉચ્ચ ઓહ્દો ધરાવનાર આઈ. સી. એસ. અમલદાર હતા. પણ અત્યંત કાર્યગ્રસ્ત

વહીવટી કામગીરીમાંથી આ વિષયનો ગંભીર અભ્યાસ અને સંશોધન કરવાનો સમય તેઓ મેળવી લેતા હતા. પંદરમા શતકના ગુજરાતી ફાગુ-કાવ્ય 'વસંત વિલાસ'નાં હસ્તલિખિત ઓળિયામાંનાં ચિત્રો વિષે વિખ્યાત કલા-સામયિક 'રૂપમ્'માં તેમણે સને ૧૯૨૫માં લખેલો વિસ્તૃત લેખ ભારતીય કલાના ઇતિહાસ પરત્વેનાં તેમનાં મહત્ત્વનાં પ્રદાનોમાંનો એક હતો. એ પછી એમનો ગૌરવગ્રન્થ, 'સ્ટડિઝ ઇન ઇન્ડિઅન પેઇન્ટિંગ,' પ્રકટ થયો. 'ભારતીય ચિત્રકલા' (હિન્દી) અને 'કોન્ટ્રિબ્યુશન ઑફ ઇસ્લામ ટુ ઇન્ડિયન કલ્ચર' એ પુસ્તકો પણ તેમણે લખ્યાં હતાં. સને ૧૯૩૩માં વડોદરામાં મળેલાં, અખિલ ભારત પ્રાચ્ય વિદ્યાપરિષદના સાતમા અધિવેશનનું પ્રમુખસ્થાન તેમણે લીધું હતું, અને એ સ્થાનેથી માહિતી-પૂર્ણ અને વિચારપ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. થોડા સમય પહેલાં જ, ૧૯૫૬માં વડોદરા યુનિવર્સિટીના આમંત્રણથી શ્રી. મહેતાએ ભારતીય કલા વિશે ત્રણ વ્યાખ્યાનો આપ્યાં હતાં, અને તેમાં ભારતીય કલાની મૂળભૂત ભાવનાઓ વિષે તથા ગુજરાત અને રાજસ્થાનમાં ચિત્રકલાના ઇતિહાસ વિષે પ્રમાણભૂત ચર્ચા કરી હતી. શ્રી. મહેતાના સંખ્યાબંધ લેખો 'જૈન સાહિત્ય સંશોધક 'વસંત,' 'પ્રસ્થાન', 'અખંડ આનંદ' આદિ શિષ્ટ ગુજરાતી સામયિકોમાં પણ પ્રસિદ્ધ થયેલા છે. જૂનાં ચિત્રોનો ઉત્તમ સંગ્રહ શ્રી. મહેતા પાસે હતો, અને એમનાં લખાણો ન થયાં હોત તો પશ્ચિમ ભારતનાં સાંસારિક અને જૈન ચિત્રોનો અભ્યાસ પ્રમાણમાં ઘણો મોડો શરૂ થયો હોત. શ્રી. નાનાલાલ મહેતાના અવસાનથી આપણે ભારતીય કલાનો એક ધુરંધર ગુમાવ્યો છે. એમની ખોટ ઘણા લાંબા સમય સુધી સાલશે.

આ સારસ્વતોના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ!

* * *

ભારતીય વિદ્યાના વિષયમાં પ્રાકૃતોનો અભ્યાસ એ પ્રમાણમાં અવગણાયેલું ક્ષેત્ર છે. સંસ્કૃત નાટકોમાં સંવાદો પ્રાકૃતમાં હોય છે, પણ હજીયે એ સંવાદો ઘણુંખરું સંસ્કૃત છાયા દ્વારા જ ભણવામાં આવે છે. અશોકના શિલાલેખો એ પ્રાકૃતના પ્રાચીનતમ ઉપલબ્ધ લિખિત નમૂનાઓ છે, અને ભારતના ઇતિહાસમાં તેમનું મહત્ત્વ સર્વસ્વીકૃત છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું આવિષ્કરણ ત્રણ સાહિત્યિક માધ્યમો—સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત-દ્વારા થયું હતું. આ ત્રણેયનું, ઓછામાં ઓછું, કામ પૂરતું જ્ઞાન તો ભારતના સાંસ્કારિક વારસાને મૂળ સાધનો દ્વારા સમજવાને માટે આવશ્યક છે. યુરોપમાં 'સંસ્કૃતની શોધ' તુલનાત્મક ભાષાશાસ્ત્રના ઉદ્‌ગમ માટે મુખ્યત્વે કારણભૂત હતી, અને ભારતીય વિદ્યા સિવાયનાં બીજાં કેટલાંક ક્ષેત્રોમાં પણ એની ઉપ-યોગિતાનો સ્વીકાર થયો હતો. હીનયાન બૌદ્ધધર્મ એશિયાના ઘણા દેશોનો ધર્મ છે, અને હીનયાનનું બધું પ્રાચીન સાહિત્ય જેમાં રચાયેલું છે તે પાલિ ભાષા તરફ યુરોપીય વિદ્વાનોનું પ્રથમ ધ્યાન ખેંચાયું હતું. પાલિ ટેક્સ્ટ સોસાયટીની લંડનમાં સ્થાપના થઈ, અને તેણે લગભગ બધા જ મહત્ત્વના પાલિ ગ્રન્થોની રોમન લિપિમાં વાચનાઓ તૈયાર કરી, કે જે ગ્રન્થો અગાઉ માત્ર સિંહાલી, બર્મી કે થાઈ લિપિમાં જ મળતા હતા. આ પ્રકાશનોએ પાલિ અને બૌદ્ધધર્મના અભ્યાસને ભારે વેગ આપ્યો.

પ્રાકૃત અને જૈન ધર્મ માટે આવું બન્યું નહોતું. એક એવો પણ સમય હતો કે જ્યારે જૈન ધર્મને, બૌદ્ધ ધર્મની એક શાખા ગણવામાં આવતો હતો, અને તે એ બંને વચ્ચેની કેટલીક સમાનતાઓને કારણે! ડૉ. વેબર પહેલા જ યુરોપીય વિદ્વાન હતા, જેમણે એક સુદીર્ઘ જર્મન લેખમાં જૈન આગમ સાહિત્યનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. એ લેખનો અંગ્રેજી અનુવાદ પાછળથી 'ઇન્ડિયન એન્ટિક્વેરી' (પુ. ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧)માં પ્રસિદ્ધ થયો હતો. ડૉ. યાકોબીએ મૂળ 'કલ્પસૂત્ર'ની વાચના (લીપઝીગ, ૧૮૭૯)ની પ્રસ્તાવનામાં તથા 'સેક્રેડ બુક્સ ઑફ ધ ઇસ્ટ' એ ગ્રન્થમાળાના બે ગ્રન્થો (૨૨ અને ૪૫)માં પ્રકટ થયેલ કેટલાક આગમગ્રન્થોના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવનાઓમાં નિશ્ચિતપણે બતાવ્યું છે, કે જૈન ધર્મ અને દર્શનનું સ્વતંત્ર સ્થાન કેવી રીતે છે અહીં મારો આશય પ્રાકૃત અને જૈન અધ્યયનનો ઇતિહાસ આપવાનો નથી, પણ હું એટલું જ બતાવવા ઇચ્છું છું કે આવા કેટલાક અગ્રગામીઓનાં સંશોધનો અને પ્રકાશનો પછી મૂલ સાધનોને આધારે થતા ભારતીય વિદ્યાના અધ્યયનમાં પ્રાકૃતનો પણ આવશ્યક રૂપે સ્વીકાર થયો. બેએક વર્ષ પહેલાં જ યુરોપ, યુનાઈટેડ સ્ટેટ્સ અને જાપાનમાં ભારતીય વિદ્યાનાં કેન્દ્રોની મુલાકાત લેવાની તક મને મળી હતી અને સર્વત્ર એ જોઈને આનંદ થયો હતો કે વિદ્યાર્થીને પાલિ અને

પ્રાકૃતનું કામ પૂરતું જ્ઞાન ન હોય ત્યાં સુધી એને સંસ્કૃતમાં પણ યોગ્ય વ્યુત્પત્તિ ધરાવતો ગણવામાં આવતો નથી. વસ્તુતઃ એમ જ હોવું જોઈએ. પણ આપણો દેશ કે જે આ ત્રણે ભાષાઓનું તથા એ ત્રણેયને પોષણ આપનાર સંસ્કૃતિનું વતન છે ત્યાં પરિસ્થિતિ સાવ ઊલટી છે! વિધિની વિચિત્રતા છે કે પ્રાકૃત અથવા લોકભાષાને હલકી ગણવામાં આવતી અને એ વલણ આજ સુધી ચાલુ રહ્યું છે! પ્રાકૃતમાં રચાયેલાં જૈન આગમો ઉપરનું પ્રાચીનતમ ટીકાસાહિત્ય—નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિ—પણ પ્રાકૃતમાં છે. પરંતુ આઠમા સૈકાથી માંડીને સંસ્કૃત તરફનું વલણ સ્પષ્ટ રીતે દેખાય છે અને આગમો ઉપરની સંસ્કૃત ટીકાઓ (હરિભદ્રસૂરિ જેવાની) મળવા માંડે છે. ત્યાર સુધીમાં જૈનોએ વિદ્વાનોની ભાષા તરીકે સંસ્કૃતનો સ્વીકાર કર્યો હતો તેથી આમ બન્યું હતું અને સંસ્કૃત તથા પ્રાકૃતના આ બે પ્રવાહોનો સંગમ બંને માટે લાભદાયક બન્યો હતો. હાલકૃત 'ગાથા સપ્તશતી' જેવા, પ્રાકૃતમાં રચાયેલા સાંસારિક મુક્તકસંગ્રહ ઉપર એટલી બધી સંસ્કૃત ટીકાઓ છે કે જેટલી કોઈ પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યગ્રન્થ ઉપર પણ ભાગ્યે હશે. સાહિત્યશાસ્ત્રના પ્રત્યેક અભ્યાસીને સુવિદિત છે કે અલંકાર શાસ્ત્રના સંસ્કૃત લેખકો 'ગાથા સપ્તશતી' અને એ પ્રકારના પ્રાકૃત સાહિત્યમાંથી ઉદાહરણ તરીકે ગાથાઓ વારંવાર ટાંકે છે. પરન્તુ અર્વાચીન ભારતમાં સંસ્કૃતનો અનુસ્નાતક વિદ્યાર્થી પણ 'મૃચ્છકટિક' જેવું નાટક (જે ત્રણ ચતુર્થાંશ પ્રાકૃત છે) સંસ્કૃત છાયાની સહાયથી વાંચતો હોય અને આલંકારિકોએ ઉદ્ધૃત કરેલાં પ્રાકૃત મુક્તકોનું રસદર્શન સંસ્કૃત છાયા દ્વારા કરતો હોય એ કેટલું વિચિત્ર લાગે છે! બિનધાર્મિક સાહિત્યમાં સંસ્કૃત અને પ્રાકૃતના સાથે થતા પ્રયોગને કારણે એ બંનેને લગભગ એક ગણવામાં આવતાં હતાં એ સ્પષ્ટ છે. પરંતુ બ્રાહ્મણો કે જેઓ ભારતમાં પરંપરાગત વિદ્યાના વારસદારો છે તેઓ પછીના સમયમાં તો પ્રાકૃત પ્રત્યે સાવ ઉદાસીન થઈ ગયા, અને એમાંના કેટલાકને મન પ્રાકૃત, વધુમાં વધુ, એક નાસ્તિક સંપ્રદાયની ભાષા હતી. સમય વીતતો ગયો તેમ પ્રાકૃતનું ખેડાણ જૈનોમાં પણ ઓછું થતું ગયું; છેલ્લા કેટલાક દશકામાં આ પરિસ્થિતિમાં સુધારો થતો જણાય છે, છતાં જૈન સાધુઓમાંયે સંસ્કૃત સાહિત્યની વિવિધ શાખાઓમાં વ્યુત્પન્ન હોય એવી વ્યક્તિઓને મુકાબલે આગમ ગ્રન્થોની ભાષામાં નિપુણ હોય એવી વ્યક્તિઓનું પ્રમાણ અલ્પ છે. આ બધી વસ્તુઓએ યુનિવર્સિટીઓમાં પ્રાકૃત અધ્યયનના સ્થાન ઉપર અસર કરી છે, કે જે યુનિવર્સિટીઓ સ્વતંત્ર ભારતમાં આપણા સાંસ્કારિક વારસાના સંશોધન અને અનુસંધાનનાં મુખ્ય કેન્દ્રો છે. ભારતની સર્વ યુનિવર્સિટીઓમાં પ્રાકૃત અને જૈન ધર્મ વિષે જે કામ થયું હોય કે થતું હોય તે વિષેની માહિતી એકત્ર કરવાનો પ્રયત્ન મેં કર્યો હતો, અને હું કહી શકું છું કે ધણીખરી યુનિવર્સિટીઓમાં આ વિષે કશું કામ ચાલતું નથી. થોડાંક કેન્દ્રોને બાદ કરીએ તો આ મહત્ત્વની વિદ્યાશાખાના શિક્ષણ માટે પણ સંતોષકારક વ્યવસ્થા નથી. આ પરિસ્થિતિમાં જલદી સુધારો થવો જોઈએ.

પ્રાકૃતના અભ્યાસનો પ્રશ્ન, એ કેવળ એક ધાર્મિક ભાષાના અભ્યાસ તરીકે નહિ વિચારાવો જોઈએ. પ્રાકૃત લોક સમુદાયની ભાષા હતી, અને માટે મહાવીરે એમાં ઉપદેશ આપવાનું પસંદ કર્યું હતું, અને તેથી જૈનોનું આગમ સાહિત્ય પ્રાકૃતમાં છે. જૈન અને બૌદ્ધ બંને પરંપરાઓમાં લોકસમુદાયની ભાષાનું વિશિષ્ટ મહત્ત્વ સ્વીકારવામાં આવેલું છે. જૈન માન્યતા અનુસાર, તીર્થંકરની દેશના દરેકને પોતપોતાની ભાષામાં સમજાય છે. વિખ્યાત તાર્કિક સિદ્ધસેન દિવાકર, જેઓ પૂર્વાશ્રમમાં પ્રકાંડ બ્રાહ્મણ વિદ્વાન હતા તેઓ આગમોનો સંસ્કૃત અનુવાદ કરવા ઇચ્છતા હતા, પણ એ બદલ જૈન સંઘે એમને શિક્ષા કરી હતી. બુદ્ધના એક વિદ્વાન શિષ્યે પણ પોતાના ગુરુના ઉપદેશોને સંસ્કૃતમાં ઉતારવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, પણ બુદ્ધે એને તેમ કરતાં અટકાવ્યો હતો અને સર્વ લોકો સ્વભાષામાં જ પોતાના ઉપદેશો સમજે એમ પોતે ઇચ્છે છે એમ જણાવ્યું હતું. આ બધા ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે પ્રાકૃત અને પાલિ એ સૌ પહેલાં તો, લોકોની ભાષાઓ હતી, અને નહિ કે થોડાક માણસો જ જેનું ખેડાણ કરતા હોય એવી ધાર્મિક કે વિદ્વાનોની ભાષાઓ.

પ્રાકૃત એ જૈન આગમોની ભાષા હોવા છતાં તેણે પોતાના આખાયે ઇતિહાસ દરમિયાન બિનસાંપ્રદાયિક લાક્ષણિકતા જાળવી રાખી છે. આનંદલક્ષી કથાઓનો વિશાળ ભંડાર—પૈશાચી પ્રાકૃતમાં રચાયેલી ગુણાઢ્યની 'બૃહત્કથા,' જેની પ્રશંસા બાણ, સુબંધુ અને દંડી જેવા પ્રાચીન લેખકોએ તથા તુલનાઓ પાછળના હેમચન્દ્ર અને સોમેશ્વર જેવા લેખકોએ પણ કરી છે તે, સદીઓ

પહેલાં લુપ્ત થઈ ગઈ હોવા છતાં, સંઘદાસ અને ધર્મસેનકૃત 'વસુદેવ-હિંડી' જેવા પ્રાકૃત રૂપાન્તર દ્વારા તથા બુધસ્વામી, સોમદેવ અને ક્ષેમેન્દ્રકૃત સંસ્કૃત સંક્ષેપોદ્વારા હજી વિદ્યમાન છે. આ લુપ્ત 'બૃહત્કથા' એમાંથી વસ્તુ થઈને રચાયેલાં બહુસંખ્ય સંસ્કૃત કાવ્ય-નાટકો રૂપે તથા આધુનિક ભારતમાં પ્રચલિત લોક-કથાઓ રૂપે હજી જીવંત છે. મુક્તકસંગ્રહ 'ગાથા-સપ્તશતી'નો મેં હમણાંજ ઉલ્લેખ કર્યો છે. પછીના સમયમાં પ્રાકૃત પણ, સંસ્કૃતની જેમ, પ્રશિષ્ટ સાહિત્ય ભાષા બની, અને તેના સર્વ સ્વીકૃત સાહિત્યિક સ્વરૂપ મહારાષ્ટ્રી પ્રાકૃતમાં (જે 'પ્રકૃષ્ટ પ્રાકૃત' તરીકે ઓળ-ખાય છે તેમાં) સંસ્કૃત સાહિત્ય પરંપરા અનુસાર મહાકાવ્યો પણ રચાયાં છે. વાક્પતિરાજકૃત 'ગઉડવહો' અને પ્રવરસેનકૃત 'સેતુબંધ' આ પ્રકારની રચનાઓનાં બે પ્રતિનિધિરૂપ ઉદાહરણો છે. સંસ્કૃત નાટ્યશાસ્ત્રે જેનો સ્વીકાર કર્યો છે એવો કેવળ પ્રાકૃતમાં રચાયેલો નાટકનો એક પ્રકાર છે, જેને 'સટ્ટક' નામે ઓળખવામાં આવે છે; રાજશેખરકૃત 'કર્પૂરમંજરી', નયચન્દ્રકૃત 'રંભામંજરી,' રુદ્રદાસકૃત 'ચંદ્રલેખા,' ધનસ્યામકૃત 'આનંદસુન્દરી,' ઇત્યાદિ આ સાહિત્યસ્વરૂપના કેટલાક જાણીતા નમૂનાઓ છે. પ્રાકૃતમાં રચાયેલું બિનસાંપ્ર-દાયિક સાહિત્ય ઠીક પ્રમાણમાં મળે છે. ચંડ, હૃષીકેશ, ત્રિવિક્રમ, શ્રુતસાગર, સમંતભદ્ર, શુભચન્દ્ર અને હેમચન્દ્ર એમણે રચેલાં વ્યાકરણો સિવાય બધાં જ મુખ્ય પ્રાકૃત વ્યાકરણો જૈનેતર લેખકોની રચનાઓ છે. આ તજ્જ્ઞોનું સંમેલન છે અને અહીં પ્રાકૃત સાહિત્યની રૂપરેખા આપવાનો મારો ઇરાદો નથી, પરંતુ આ થોડાંક ઉદાહરણોથી એ વસ્તુ સ્પષ્ટ થશે કે જૈન આગમો આર્ષ પ્રાકૃતમાં રચાયાં હતાં, તો પણ પ્રાકૃતના બીજા અનેક પ્રકારોનો વિનિયોગ ઉચ્ચ ગુણવત્તાવાળું અનેકવિધ સાહિત્ય રચવામાં થયો હતો. પ્રાકૃતમાં રચાયેલી આ સાહિત્યકૃતિઓ પ્રશિષ્ટ સંસ્કૃત ગ્રન્થો જેટલી જ સન્માનપાત્ર ગણાતી હતી; એટલા જ ઉત્સાહથી એ કૃતિઓનો અભ્યાસ થતો હતો અને તે ઉપર ટીકાટિપ્પણો રચાતાં હતાં. સંસ્કૃત મુક્તકોના એક વિખ્યાત સંગ્રહ-ગોવર્ધનાચાર્યકૃત 'આર્યાસપ્તશતી'ની રચના 'ગાથાસપ્તશતી'ની પ્રેરણાથી અને લગભગ એના અનુકરણરૂપે થઈ હતી.

આટલી વાત તો પ્રાકૃતનું બિનસાંપ્રદાયિક સ્વરૂપ બતાવવા માટે પણ બીજા એક કારણે અર્વાચીન કાળમાં પ્રાકૃતનું વિશિષ્ટ મહત્ત્વ છે. બધી જ નવી ભારતીય આર્ય ભાષાઓ સંસ્કૃતમાંથી પ્રાકૃત અને એના ઉત્તરકાલીન સ્વરૂપ અપભ્રંશદ્વારા ઊતરી આવેલી છે. નવ્ય ભારતીય આર્ય ભાષાઓમાં મોટા ભાગના તદ્ભવ શબ્દોના રૂપ અથવા અર્થનો ઇતિહાસ પ્રાકૃત અને અપભ્રંશની સહાય વિના ભાગ્યે સમજી શકાય એમ છે. એમાંના ઘણા શબ્દો તો માત્ર પ્રાકૃતમાં મળે છે અને એની કેટલીક વ્યાકરણગત લાક્ષણિકતાઓ પ્રાકૃતની મદદથી જ સમજાવી શકાય છે. કોઈપણ નવ્ય ભારતીય આર્ય ભાષાનું ઐતિહાસિક અધ્યયન પ્રાકૃતના સમ્યક્ જ્ઞાન વિના હાથ ધરાય એમ નથી, અને આ અર્વાચીન ભાષાઓના કોઈપણ વિદ્યાર્થી માટે પ્રાકૃતનું ચલાવ પૂરતું જ્ઞાન આવશ્યક છે. સંસ્કૃત, પ્રાકૃત અને જૂના ગુજરાતી ગ્રન્થોનું સંપાદન અને અનુવાદ કરનાર એક વ્યક્તિ તરીકે હું એ વસ્તુ ઉપર અવશ્ય ભાર મૂકું કે સંસ્કૃતનો અભ્યાસ પ્રાકૃત વિના અધૂરો છે, પણ નવ્ય ભારતીય આર્ય ભાષાઓનો-ખાસ કરીને તેમનાં જૂનાં સ્વરૂપોનો-અભ્યાસ તો પ્રાકૃતની પૂરતી જાણકારી વિના હાસ્યાસ્પદ છે.

પ્રાકૃત જેવી પ્રાચીન ભાષા અને તેના સાહિત્યના અધ્યયન-સંશોધનની પ્રગતિનો મુખ્ય આધાર જૂના ગ્રંથોની વાચનાઓ તથા તે સાથે સંબંધ ધરાવતી અભ્યાસસામગ્રી ઉપર છે એ કહેવાની ભાગ્યે જરૂર હોય. પાલિની વાત કરીએ તો, આખું ત્રિપિટક એક નિશ્ચિત યોજના અનુસાર પાલિ ટેક્સ્ટ સોસાયટીએ પ્રસિદ્ધ કર્યું છે. લગભગ આખુંયે જૈન આગમ અથવા વધારે ચોક્કસ રીતે કહીએ તો, શ્વેતામ્બર અથવા અર્ધમાગધી આગમ ભારતમાં એક કરતાં વધારે વાચનાઓમાં પ્રકટ થઈ ગયું છે, તો પણ શાસ્ત્રીય રીતે સંપાદિત થયેલી, સમીક્ષિત વાચનાઓની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. ઘણા પ્રાકૃત ગ્રંથો કોઈ ખાસ યોજના વિના, અવ્યવસ્થિત રૂપે બહાર પડેલા છે. ભારતમાં કે ભારત બહાર વિદ્વાનોને તે સહેલાઈથી ઉપલબ્ધ નહોતા. પ્રાકૃત અને જૈન અધ્યયનની પ્રગતિમાં આ મોટું વિઘ્ન હતું.

પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીની સ્થાપનાનો વિચાર ઓછામાં ઓછો અર્ધી સદી જેટલો જૂનો છે. અર્વાચીન કાળમાં પ્રાકૃત ભાષાઓના સર્વોચ્ચ વિદ્વાન ડૉ. પીશલે

ઠેઠ ઇ. સ. ૧૯૦૩ માં જૈન ટેક્સ્ટ સોસાયટી સ્થાપવાનું વિચાર્યું હતું અને એ વિચાર ટૂંક સમયમાં જ મૂર્તરૂપ પામી શકશે એવો તેમનો ખ્યાલ હતો પણ એ બની શક્યું નહિ. એ પછી બત્રીસ વર્ષ બાદ, ૧૯૩૫ માં મ્હૈસુર ખાતે મળેલા અખિલ ભારત પ્રાચ્ય વિદ્યા પરિષદના આઠમા અધિવેશનના પ્રાકૃત વિભાગના પ્રમુખ સ્થાનેથી ડૉ. પી. એલ. વૈદ્યે આ મુદ્દા ઉપર ભાર મૂકતાં કહ્યું હતું, "આ કાર્ય માટે અર્થાત જૈન આગમના શાસ્ત્રીય સંપાદન માટે પાલિ ટેક્સ્ટ સોસાયટીના ધોરણે એક સંસ્થાની સ્થાપના ટૂંક સમયમાં કરવી પડશે અને એ સંસ્થાને આર્થિક સહાયની ખાતરી જૈન સમાજે આપવી જોઈશે. આ જ પરિષદની સને ૧૯૩૭માં ત્રિવેન્દ્રમ્ ખાતે મળેલી નવમી બેઠકના પ્રાકૃત વિભાગના પ્રમુખ સ્થાનેથી ડૉ. એન. પી. ચક્રવર્તીએ જણાવ્યું હતું, "પાલિ ટેક્સ્ટ સોસાયટીના ધોરણે મહત્ત્વના જૈન ગ્રન્થોનું સંપાદન એક નિશ્ચિત યોજનાનુસાર શાસ્ત્રીય રીતે હાથ ધરવા માટે એક સંસ્થાની સ્થાપના થવી જોઇએ એવું જે સૂચન આ વિભાગના મારા પુરોગામી પ્રમુખ ડૉ. પી. એલ. વૈદ્યે કર્યું હતું તેને હાર્દિક ટેકો આપ્યા વિના હું રહી શકતો નથી. આ દિશામાં વિરાટ કાર્ય થઈ શકે એમ છે. સંખ્યાબંધ આગમેતર ગ્રન્થો હજી સંપાદનની રાહ જોઈ રહ્યા છે તેમની વાત ન કરીએ તો પણ ઘણા આગમગ્રન્થોની શાસ્ત્રીય વાચનાઓ પણ એક મોટી જરૂરિયાત છે."

આ બધાં સૂચનો આખરે સફળ થયાં છે, અને સને ૧૯૫૩માં ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના આશ્રય નીચે પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીની સ્થાપના થઈ છે એ ભારે સંતોષની વાત છે. પ્રાકૃત અધ્યયનના ઇતિહાસમાં નિઃશંક રીતે આ એક શકવર્તી ઘટના છે. ભારતમાં પ્રાકૃત અને જૈન અધ્યયનના શ્રદ્ધેય ધુરંધર મુનિશ્રી પુણ્યવિજયજી જેમણે આખું જીવન પ્રાચીન ગ્રન્થભંડારોના સંશોધન અને સંગોપનમાં તથા સંખ્યાબંધ પુરાતન ગ્રન્થોના શાસ્ત્રીય સંપાદનમાં ગાળ્યું છે તેમનો સંપૂર્ણ સહકાર મેળવવાને આ સોસાયટી ભાગ્યશાળી થઈ છે. સોસાયટીના મંત્રીઓ ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલ અને શ્રી દલસુખ માલવણિયાએ યોગ્ય રીતે જ કહ્યું છે, "સાધુસહજ શિસ્ત અને ઉચ્ચ સંશોધનાત્મક બુદ્ધિ શક્તિને લીધે પ્રાકૃત ગ્રન્થ સંશોધનના ક્ષેત્રના એક વિરાટ કાર્યને એકલે હાથે ઉપાડવાને તેઓ (મુનિશ્રી પુણ્યવિજયજી) સમર્થ બન્યા છે." વાસ્તવિક રીતે જોઈએ તો પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીના કાર્યનો આરંભ જ મુનિશ્રી પુણ્યવિજયજીએ કર્યો હતો. તેમણે પોતાના ગુરુ સ્વ.મુનિશ્રી ચતુરવિજયજીની સાથે 'વસુદેવ-હિંડી' અને 'બૃહત્ કલ્પસૂત્ર' જેવા સંખ્યાબંધ મહત્ત્વના પ્રાકૃત ગ્રન્થોનું સંપાદન કર્યું હતું, અને હસ્તલિખિત જ્ઞાનભંડારો માટે ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણમાં આશરે પંદર વર્ષ પહેલાં આગમોના પ્રકાશન માટે જિનાગમ પ્રકાશિની સંસદ નામે સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થાના તેમજ મુંબઈની જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના ઉપક્રમે મુનિશ્રી પુણ્યવિજયજી અને તેમના મદદનીશોએ ભારતના ભાગલા પછીના અત્યંત અનિશ્ચિત સમયમાં રાજસ્થાનના સરહદી નગર જેસલમેરમાં (જે પણ એના પ્રાચીન ગ્રંથભંડારો માટે એટલું જ પ્રસિદ્ધ છે) આશરે બે વર્ષ ગાળ્યાં હતાં. ત્યાં એમણે પુષ્કળ સામગ્રી એકત્ર કરી, હસ્તપ્રતોની તુલના અને મેળવણી કરી તથા બધી જ મહત્ત્વની પ્રતોની માઇક્રોફિલ્મ નકલો કરાવી. એક જૈન સાધુ તરીકે આ લાંબાં અંતરોએ એમણે ખુલ્લે પગે ચાલીને પ્રવાસ કરવાનો હતો એ ખ્યાલમાં રાખીએ ત્યારે એમનાં ધીરજ, ખંત અને ચીવટની કંઈક કલ્પના આવશે. અમને વિશ્વાસ છે કે સરકાર, જાહેર સંસ્થાઓ અને સખાવતી સજ્જનો તરફથી સોસાયટીને ઉદાર આર્થિક સહાય મળશે તથા મુનિશ્રી પુણ્યવિજયજીના શક્તિશાળી અને પ્રેરણાદાયક નેતૃત્વ તેમ જ સક્રિય કામગીરી દ્વારા આગમની સમીક્ષિત વાચનાનું પોતાનું ધ્યેય એક નિશ્ચિત ધોરણ પ્રમાણે સોસાયટી પાર પાડી શકશે. આ સોસાયટીના ઉપક્રમે શકુનશાસ્ત્ર અને ભવિષ્યકથનનો સાંસ્કૃતિક દૃષ્ટિએ બહુ રસપ્રદ ગ્રન્થ 'અંગવિજ્જા' સને ૧૯૫૭માં પ્રકટ થયો છે. અને મારા પુરોગામી શ્રી. દલસુખ માલવણિયાએ તેની નોંધ લીધી હતી. આવા કઠિન અને વિશાળ ગ્રન્થની આવી ઉત્તમ વાચના પહેલા જ પ્રકાશન તરીકે પ્રકટ થાય છે તે સોસાયટી માટે પણ ખરેખર એક શુભ શકુન છે.

પ્રાકૃત અધ્યયનનું વધતું મહત્ત્વ સ્વીકારાયાનાં બીજું પણ ચિહ્નો છે. ભૌગોલિક દૃષ્ટિએ જે પ્રાચીન મગધ છે, જ્યાં બુદ્ધ અને મહાવીર ઉપદેશ આપતા હતા તથા મૌર્યો અને ગુપ્તોના વિશાળ સામ્રાજ્યનો જે કેન્દ્રીય પ્રદેશ હતો એવા બિહાર પ્રાંતની સરકારે થોડા સમય

પહેલાં જ ભારતીય વિદ્યાનાં જુદાં જુદાં અંગોના સંશોધન માટે ત્રણ સંસ્થાઓ સ્થાપી છે–સંસ્કૃત વિદ્યાના પરંપરાગત કેન્દ્ર મૈથિલ પ્રદેશમાં દરભંગા ખાતે સંસ્કૃતના સંશોધન માટેની સંસ્થા, પ્રાચીન બૌદ્ધ વિદ્યાપીઠ માટે વિખ્યાત નાલંદા ખાતે પાલિ અને બૌદ્ધ અધ્યયન માટેની સંસ્થા; અને ત્રીજી પ્રાકૃત, જૈન શાસ્ત્રો અને અહિંસા વિષયક સંશોધન માટેની સંસ્થા, જે અત્યારે મુઝફ્ફરપુર ખાતે કામ કરે છે, પણ મહાવીરના જન્મસ્થાન વૈશાલીમાં (બાસુકુંડ અથવા બસાઢ ગામમાં) યોગ્ય સમયે કામ કરતી થશે. આ ત્રીજી સંસ્થા, જે સામાન્ય રીતે વૈશાલી ઇન્સ્ટિટ્યૂટ નામે ઓળખાય છે તે સને ૧૯૫૫ માં સ્થપાઈ હતી, અને ડૉ. હીરાલાલ જૈન જેવા શક્તિશાળી અને પ્રસિદ્ધ વિદ્વાનની નિમણૂક એના ડિરેક્ટર તરીકે થઈ છે. તેમણે પોતાનું કામ ઉત્સાહપૂર્વક શરૂ કર્યું છે, અને આપણે વાજબી રીતે આશા રાખીએ કે જૈન ફિલસૂફી, પ્રાકૃત ભાષા અને સાહિત્ય તથા અહિંસા વિષયક અભ્યાસ અને અર્થવિમર્શનમાં આ સંસ્થા સારો ફાળો આપશે.

શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ પોતાના પિતાના સ્મરણમાં આપેલા ઉદાર દાનથી સને ૧૯૫૭માં અમદાવાદ ખાતે ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની સ્થાપના એ પણ એક અગત્યની ઘટના છે. આ નવી સંસ્થા મુનિશ્રી પુણ્યવિજયજીની પ્રેરણાથી સ્થપાઈ છે. સમસ્ત પશ્ચિમ ભારતનાં ગ્રામનગરોમાં વેરાયેલા પ્રાચીન જ્ઞાન ભંડારો સહિત જુદે જુદે સ્થળેથી હસ્તપ્રતો એકત્ર કરવાનો તથા વિદ્વાનોને તે સુલભ બનાવવાનો આ સંસ્થાનો એક ઉદ્દેશ છે. વિશેષતઃ પ્રાકૃત અને જૈન ધર્મ સહિત ભારતીય વિદ્યાનાં વિવિધ અંગો પરત્વે સંશોધનની આ યોજના કરવાનો પણ તેનો આશય છે. એની પ્રમુખ યોજનાઓ પૈકીની એક, મેકડૉનલ અને કીથની 'વેદિક ઇન્ડેક્સ' તથા મલાલસેકરકૃત 'પાલિ પ્રોપર નેઇમ્સ' જેવા કંઈક ધોરણે તમામ ટીકાચૂર્ણિઓ સમેત સમગ્ર જૈન આગમ સાહિત્યની સાંસ્કૃતિક સૂચિ ('કલ્ચરલ ઇન્ડેક્સ') તૈયાર કરાવવાની છે. આ ઘણું મોટું કામ છે, પણ સાંસ્કૃતિક તેમ જ ભાષાકીય દૃષ્ટિએ એકસરખા મહત્ત્વનું છે. નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ અને ટીકાઓ સહિત સમસ્ત આગમ સાહિત્યનું ગ્રન્થમાન સાત લાખ શ્લોક કરતાં ઓછું નથી, અને ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિનાં આ સાધનોનો ઉપયોગ, અત્યાર સુધી લગભગ નહિવત થયો છે. અમદાવાદ ખાતે ગુજરાત વિદ્યાસભાના અનુસ્નાતક વિભાગમાં (પાછળથી શેઠ ભોળાભાઈ જેસિંગભાઈ વિદ્યાભવન) સને ૧૯૪૩ થી ૧૯૫૧ સુધીના આઠેક વર્ષ હું અર્ધમાગધી અને ગુજરાતીનો પ્રોફેસર હતો ત્યારે આ જ યોજના પાછળ મેં ઘણો સમય આપ્યો હતો, અને એને પરિણામે સેંકડો કાર્ડ તૈયાર કર્યાં હતાં. પણ સમય જતાં લાગ્યું કે આ કામ એક વ્યક્તિ દ્વારા એક જીવનમાં તૈયાર થઈ શકે એના કરતાં ઘણું મોટું છે. આવી કાર્યયોજનાનાં તમામ અંગોને અગાઉથી પૂરતો વિચાર કર્યા બાદ નિશ્ચિત સમયક્રમ પ્રમાણે તે પાર પાડવા માટે એક વિદ્યા વિભાગમાં સંખ્યાબંધ નિષ્ણાતો કામ કરતા હોવા જોઈએ. મારે મારા કામની યોજનામાં ફેરફાર કરવો પડ્યો, અને થયેલા કામના એક મર્યાદિત ભાગનો ઉપયોગ કરીને રચાયેલો મારો ગ્રન્થ 'જૈન આગમ સાહિત્યમાં ગુજરાત' વિદ્યાસભાએ સને ૧૯૫૨માં પ્રકટ કર્યો. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની એક શાખા મુખ્યત્વે આ કામ પાછળ રોકાયેલી રહેશે અને મેં એકત્ર કરેલી સામગ્રી તેને ઉપયોગી થશે, એથી મને ખૂબ આનંદ થાય છે. જૈન અને બૌદ્ધ શાસ્ત્રો તેમ જ ભારતીય દર્શનમાં નિપુણ શ્રી. દલસુખ માલવણિયા જેવા યુવાન પણ પકવ વિદ્વાનની નિમણૂક આ સંસ્થાના ડિરેક્ટર તરીકે થઈ છે; અને આ વિશિષ્ટ સંશોધન કાર્યમાં સંસ્થાની ઝડપી પ્રગતિ થાય અને તેને પરિણામે ભારતીય વિદ્યાનાં અનેક પાસાં ઉપર નવીન પ્રકાશ પડે એવી આશા આપણે રાખીએ.

ભગવાન મહાવીરની જન્મભૂમિમાં બિહાર સરકારે જૈન અધ્યયન માટેનું કેન્દ્ર સ્થાપ્યું એ સમુચિત છે. જૈન ધર્મનો ઉદ્‌ભવ બિહારમાં થયો હતો પણ સમય જતાં અને સૌથી વધારે પ્રભાવ પશ્ચિમ ભારતમાં ફેલાયો. જૈન આગમની સંકલના માટેની બીજી પરિષદ વીરનિર્વાણ પછી નવમી સદીમાં સૌરાષ્ટ્રમાં વલભીમાં આર્ય નાગાર્જુનની અધ્યક્ષતામાં મળી હતી, અને લગભગ એ જ સમયે એ પ્રકારની પરિષદ આર્ય સ્કન્દિલની અધ્યક્ષતામાં મથુરામાં મળી હતી. એ પછી વીર નિર્વાણ સંવત ૯૮૦ (અથવા ૯૯૩) માં અર્થાત ઈ. સ. ૪૫૪ (અથવા ૪૬૭) માં વળી એક પરિષદ 'નંદિસૂત્ર'ના કર્તા ગણાતા દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં વલ્લભીમાં મળી હતી, અને સર્વ આગમો એ પરિષદના ઉપક્રમે

પ્રથમ વાર લખી લેવામાં આવ્યાં હતાં. જૈન ઇતિહાસમાં આ એક મહાન ઘટના છે, અને આ પ્રકારની પરિષદોના સ્થાન તરીકે વલભીને પસંદ કરવામાં આવ્યું એ ઘણું સૂચક છે. આ છેલ્લી સંકલના પછી આગમો ઉપરનું લગભગ બધું જ ટીકાસાહિત્ય પશ્ચિમ ભારતમાં રચાયું છે. 'નવાંગીવૃત્તિકાર' તરીકે પ્રખ્યાત અને આગમોના સર્વશ્રેષ્ઠ ટીકાકાર આચાર્ય અભયદેવસૂરિએ (ઈ. સ. નો ૧૧ મો સૈકો) પોતાની ટીકાઓની રચના દ્રોણાચાર્ય પ્રમુખ પંડિત પરિષદની સહાયથી ગુજરાતના તત્કાલીન પાટનગર અણહિલવાડ પાટણમાં કરી હતી, અને એ કાર્ય પરંપરા એક અથવા બીજી રીતે ગુજરાતમાં લગભગ આજ સુધી ચાલુ રહી છે. આગમોનાં અધ્યયન, સંશોધન અને અર્થદર્શનની મહત્ત્વની યોજનાઓ એ કાર્ય માટે મૌલિક સાધનસામગ્રીથી સમૃદ્ધ એવા આ પ્રદેશમાં હાથ ધરાય એ ઐતિહાસિક દૃષ્ટિએ પણ સમુચિત છે.

[ક્રમશઃ]



અદ્વિતીય આશ્ચર્ય

કુ. 'ચંદ્રરેખા'

અહો શ્રી સુમતિ જિન, શુદ્ધતા તાહરી,
સ્વગુણ પર્યાય પરિણામરામી.
નિત્યતા એકતા અસ્તિતા ધતરયુત,
ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી (૧) અહો શ્રી૦

હે સ્વામી સુમતિનાથ પ્રભુ, તમારા જીવનની નિર્મળતા, શુદ્ધતા અદ્‌ભુત છે ! તમે પોતાના ગુણો જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, નિત્યત્વ, પ્રદેશત્વ, પ્રમેયત્વ અને અગુરુલઘુત્વ, વગેરે જે દ્રવ્યના સહભાવી ધર્મો છે તેમાં અને તે ગુણોની ક્રમભાવી જે અવસ્થાઓ, જેને શાસ્ત્રમાં પર્યાયો કહેવામાં આવે છે તેમાં રમી રહ્યા છો. આનંદસ્વરૂપપણે વર્તી રહ્યા છો. નિત્યતા અને અનિત્યતા, એકતા અને અનેકતા તેમજ સત્તાના વિષયમાં અસ્તિતા અને નાસ્તિતાથી સહિત સપ્તભંગીથી તમારું સ્વરૂપ સમન્વય તેવું છે. તમારા ગુણપર્યાય તે તમારા ભોગ્ય, તેના તમે ભોગી છો. છતાંયે પરપર્યાય જે પુદ્‌ગલના વર્ણ, ગંધ, રસ અને રૂપ અથવા તો શબ્દ તેની તમે કામના કરતા નથી તેથી અકામ છો, આમ સ્વગુણોના સ્વામી છો.

ઊપજે વ્યય લહે તહવિ તેહવો રહે,
ગુણપ્રમુખ બહુલતા તહવિ પિંડી.
આતમભાવે રહે અપરતા નવિ ગ્રહે,
લોકપ્રદેશમિત પણ અખંડી. (૨) અહો શ્રી૦

આઠે કર્મોએ આવરેલા હતા અને હાલમાં જે સંપૂર્ણપણે પ્રકાશે છે તેવા આપના જ્ઞાન ગુણ, દર્શન ગુણ, આનંદ ગુણ, સમ્યક્‌ત્વ ગુણ, ચારિત્ર ગુણ, અવ્યાબાધ ગુણ, અરૂપી ગુણ, અગુરુલઘુ ગુણ, દાન ગુણ, લાભ ગુણ, વીર્ય ગુણ, ભોગ ગુણ અને ઉપભોગ ગુણ વગેરે અનંત ગુણો છે, છતાં તેમનું અસ્તિત્વ એક આત્મરૂપ છે. તેમાં દરેક સમયે નવી નવી તે સમયની અનુભૂતિ છે. છતાં દ્રવ્યથી તમે એક જ આત્મસ્વરૂપ રહો છો, અન્યપણું મુદ્‌ગલ પામતા નથી. તમારા ચેતન પદાર્થના આત્મપ્રદેશો લોકાકાશના પ્રદેશો જેટલા અસંખ્ય છે છતાં તમે સંયોગ પામેલું દ્રવ્ય નથી તેથી અખંડ અને અવિનાશી છો. આ બધું સામાન્યજનને આશ્ચર્ય ઉપજાવનારું છે. (અહીં અગુરુલઘુત્વ એટલે સર્વજીવનું તુલ્યપણું. ગોત્રકર્મ ઉચ્ચનીચપણું પ્રગટાવી આ ગુણને આવરે છે).

કાર્યકારણપણે પ્રણમે તેવો ધ્રુવ,
કાર્ય ભેદે કરે પણ અભેદી.
કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે
સકલ વેત્તા થકો પણ અવેદી. (૩) અહો શ્રી૦

પ્રભુ, તમારું દ્રવ્ય અવસ્થારૂપ કાર્યમાં પરિણમે છે. અહીં જૈનસિદ્ધાંતની કૂંચી સમજવા જેવી છે. જો દ્રવ્ય પરિણામી ન હોય તો એને સુખનો, દુઃખનો કે સિદ્ધિના આનંદનો અનુભવ થઈ શકે નહિ. બીજું સાંખ્યવેદાન્ત જીવને અપરિણામી નિત્ય માને છે. તે જીવ આનંદમય હોય તોયે તેને પરિણામ વિના આનંદની સ્ફુરણા ક્યાંથી હોઈ શકે? હવે પરમાત્મા પ્રત્યેક ક્ષણે પોતાની અવસ્થાને વેદે છે તે છતાં પરમાત્મા એ અવસ્થા જેટલા મર્યાદિત થતા નથી. અવસ્થાઓ અથવા તો પર્યાયો અનેક છે, પરમાત્મા પોતે એક છે. દેવચંદ્રજી જણાવે છે કે છ દ્રવ્યોમાં, જીવદ્રવ્ય સ્વતંત્રપણે કર્તૃત્વ ધરાવનારું દ્રવ્ય છે. તર્કશાસ્ત્રના હિસાબે જે સ્વતંત્રપણે અને જાગૃતપણે કાર્ય કરે તેને કર્તા કહીએ. આવું કર્તાપણું માત્ર ચેતનમાં છે. પણ, તે પણ કોઈ નવીનતા ઉત્પન્ન કરી પરિણમતો નથી. પોતાનો જે સ્વભાવ છે તેના જ્ઞાન વડે તે સર્વજ્ઞતાનો આનંદ અનુભવે છે છતાં તે ભગવાન સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ જેવા ધર્મને ઓળંગી ચૂકેલા છે. આ પણ પ્રભુનો સ્વરૂપ–વિષયક ચમત્કાર છે.

શુદ્ધતા બુદ્ધતા દેવપરમાત્મતા,
સહજ નિજભાવ ભોગી અયોગી.
સ્વપર-ઉપયોગી તાદાત્મ્યસત્તારસી,
શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી. (૪) અહો શ્રી૦

હે પરમાત્મા, તમારી નિર્મળતા અને તમારી જાગૃતિ પરિપૂર્ણ છે. તમે દેવોનાયે દેવ એવા પરમાત્મા છો. તમે પોતાના જ્ઞાનાનંદનો સહજભાવ તેને અનુભવનારા છો. આપને મન, વચન અને શરીરની પ્રવૃત્તિ જેને આગમમાં 'યોગ' કહેવાય છે તે નથી તેથી આપ અયોગી છો. તમારો ઉપયોગ કહેતાં બોધવ્યાપાર તો સ્વદ્રવ્ય, પરદ્રવ્ય બંને વિષયોમાં પ્રવર્તે છે. પરંતુ તમે તમારા પરમદિવ્ય-જીવનના જ આસ્વાદક છો. તમારી બધી શક્તિઓ સહજ રીતે નિર્મળ હોવાથી પ્રગટ છે. તમારે તેં શક્તિ-ઓને કૃતાર્થ કરવા કોઈ જાતનો પ્રયોગ કહેતાં પ્રયાસ કરવો પડતો નથી. આમ આપનું પરમદિવ્ય જીવન તે આશ્ચર્યોની પરંપરા ઉપજાવનારું છે.

વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામિકી,
એટલે કોઈ પ્રભુતા ન પામે.
કરે, જાણે, રમે, અનુભવે તે પ્રભુ,
તત્ત્વસ્વામિત્વ શુચિ તત્ત્વધામે (૫) અહો શ્રી૦

સત્તાની દૃષ્ટિએ, યોગ્યતાની દૃષ્ટિએ કે સામર્થ્યની દૃષ્ટિએ સહુ જીવો પરિણામિક એટલે પરમગુણોના ધારક છે. પણ એટલા માત્રથી એ પ્રભુ થઈ જતા નથી. એમણે પ્રભુતા પ્રગટ કરી નથી. જેના ગુણ પ્રગટ થયા તેને પૂજ્ય જાણવા ઘટે. આ સંબંધે પરમશ્રુતધર ઉપાધ્યાયજી યશોવિજયજીએ કહ્યું છે :

જે જે અંશે રે નિરુપાધિકપણું
તે તે કહીએ રે ધર્મ,
સમ્યગ્દૃષ્ટિ રે ગુણઠાણા થકી,
જાવ લહે શિવ શર્મ.

આથી જે વસ્તુના નિર્મળ પવિત્ર મૂળધર્મ અર્થાત તત્ત્વના ધણી થાય છે. આ જ મૂળધર્મ એ ધામ કહેતાં સિદ્ધપણાનું ઘર છે. તેમાં જે જ્ઞાનાદિ ગુણોને વિશે જાણીને સહજ પ્રવર્તે, તેને અનુભવે અને તેમાં તદ્રૂપ રહે તે ભગવાન છે. આવી અદ્‌ભુત સંપત્તિનો નાથ એ મારો માલિક સુમતિજિન છે.

જીવ નવિ પુગ્ગલી, નૈવ પુગ્ગલ કદા,
પુગ્ગલાધાર નાહીં તાસ રંગી.
પરતણો ઈશ નહીં અપર ઐશ્વર્યતા,
વસ્તુધર્મે કદા ન પરસંગી. (૬) અહો શ્રી૦

ભગવાન મહાવીરની તીર્થંકરનામકર્મની પ્રકૃતિના ઉદયથી શિશુત્વમાં જ અંગુષ્ઠના વજનથી મેરુ પર્વત ચલાયમાન થયેલો. આમલકી ક્રીડામાં દેવતાને, તેણે પિશાચરૂપ ધારણ કર્યું હોવા છતાં પ્રભુએ મુષ્ટિ પ્રહારથી પરાસ્ત કર્યો. આ પરથી કેટલાક બાળ જીવો તીર્થંકરના શારીરિક બળને ચેતનનું સ્વાભાવિક બળ માનવાની ભૂલ કરે છે.

પરંતુ જૈન સિદ્ધાંત જેમના મુખમાંથી પ્રગટ થયો છે તેવા ધર્મચક્રપ્રવર્તક ઋષિઓ કહે છે કે પરમાર્થ દૃષ્ટિએ કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કાર્ય કરી દેવાને સમર્થ નથી. જીવ શરીરાશ્રિત હોય તેવો ઉપલક અનુભવ જણાવાથી જીવ પુદ્‌ગલમય છે કે પુદ્‌ગલદ્રવ્યના ધર્મો ધરાવે છે એમ ન સમજવું. વળી જીવ છે તો જ પુદ્‌ગલ છે એમ સમજનાર કેવલેશ્વરવાદી પણ વિશુદ્ધ સત્યને જાણતો નથી. જીવ અન્ય દ્રવ્યનો ધણી નથી. તેનું ઐશ્વર્ય તેના પોતાના જ દ્રવ્યમાં રહેલું છે. આમ વસ્તુધર્મ કે પરમાર્થનો વિચાર કરતાં તે પરદ્રવ્ય પર પ્રીતિ કે આશ્રય રાખનાર તત્ત્વ નથી.

તો પછી આ સંસારની સમસ્યાનું નિરાકરણ ક્યાં થયું? જીવમાં અનાદિકાલીન આવરણ છે, તે આવરણને દૃઢ કરનાર એક વૈભાવિક શક્તિ છે. તેના નિમિત્તે આ જીવ પુદ્‌ગલાનંદી થઈ, પુદ્‌ગલના કાર્મણ, તૈજસ દેહને ટકાવે છે અને ઔદારિક, વૈક્રિય અને ક્વચિત પુણ્યોદયે આહરક શરીર ઉપજાવે છે. આમ તેનો અને પુદ્‌ગલનો એકક્ષેત્રાવગાહ થયો છે. પણ સ્વધર્મના આસ્વાદનના વિરહમાં જ આ પુદ્‌ગલધર્મી-પણું ચાલે છે. પરંતુ પરમાર્થે- જીવનો અને પુદ્‌ગલનો શો સંબંધ? એટલે કોઈપણ વખતે જીવ પુદ્‌ગલરૂપ થતો ન હોવાથી તે ક્યારેય અન્યાસક્ત નથી. તેથી મારા ઇષ્ટ દેવ સુમતિનાથ પ્રભુ પુદ્‌ગલના રાગી કઈ રીતે હોય? તેઓ તો સર્વપુદ્‌ગલાતીત છે. તેથી તો મોહના ક્ષયથી જે ભવ્યો હૃદયમાં પ્રભુને અનુભવે છે તેઓ પણ વચનથી તે અનુભવનું વર્ણન કરી, અન્ય પુદ્‌ગલપ્રીતિવંત જીવને તે સમજાવી શકતા નથી.

સંગ્રહે નહીં, આપે નહીં પર ભણી,
નવિ કરે આદરે ન પર રાખે.
શુદ્ધ સ્યાદ્‌વાદ નિજભાવ ભોગી જિકે
તેહ પરભાવને કેમ ચાખે (૭) અહો શ્રી૦

પ્રભુ પરવસ્તુને મમત્વભાવે સંધરે નહીં, બીજા કાઈને તે આપે નહિ વળી પરવસ્તુને સ્વપરિગ્રહ બુદ્ધિએ રાખે કહેતાં બચાવે પણ નહિ. સ્યાદ્વાદ એટલે અનંતધર્માત્મક, નિજભાવ એટલે પોતાની ભૂમિકા તેના જે ભોગી પ્રભુ છે તેઓ રાગદ્વેષ કે પુદ્ગલના શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ તેને કઈ રીતે આસ્વાદે? તેઓ અનંત–આનંદમય સ્વરૂપના જ ભોક્તા છે.

તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી,
ઊપજે રુચિ તણે તત્ત્વ ઈહે,
તત્ત્વરંગી થયો, દોષથી ઉભગ્યો,
દોષત્યાગે ઢળે તત્ત્વલીહે. (૮) અહો શ્રી૦

હવે સાધનધર્મ કહે છે : હે પ્રભો, તમારી શુદ્ધતાનું જ્યારે ભાસન થાય અર્થાત જ્ઞાન થાય ત્યારે બહુ આશ્ચર્ય ઊપજે. પછી તેવા સ્વરૂપની રુચિ અને તે માટે ઈહા એટલે પ્રવૃત્તિ ઊપજે. પછી તે મુમુક્ષુ જીવ વિચારે કે મારી પ્રભુતા કઈ રીતે પ્રગટ કરવી? આ જીવ હવે તત્ત્વચિંતનમાં કાળ પસાર કરે. તે પછી તે તત્ત્વમાં પ્રીતિવંત અર્થાત સમ્યગ્દૃષ્ટિ થાય. અને અઢારે પાપ-સ્થાનકોથી વિરક્ત થાય. ઉભગે એટલે નિવર્તે અને ઢળે કહેતાં રુચિપૂર્વક વળે. લીહે કહેતાં માર્ગે. એટલે જીવ વૈરાગ્ય પામીને તત્ત્વ સંશોધનરૂપ ધ્યાનધારાને આરાધે. પણ શરત એટલી કે જિનભક્તિનું સાધન સ્વીકારે તો જ આ પરમ રમણીય ભૂમિકાઓ તેને મળી શકે.

શુદ્ધમાર્ગે વધ્યો, સાધ્યસાધન સધ્યો,
સ્વામિપ્રતિછંદે સત્તા આરાધે.
આત્મનિષ્પત્તિ તેમ સાધના નવિ ટકે
વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે. (૯) અહો શ્રી૦

ભગવાનના શુદ્ધમાર્ગમાં જીવ આગળ વધ્યો અને સાધ્ય અથવા કાર્ય નિપજાવવા સાધનોનું અવલંબન કરવા લાગ્યો. તે પ્રભુએ આચરેલ અને ઉપદેશેલ માર્ગનું અનુકરણ કરીને સ્વસત્તારૂપ મોક્ષલક્ષ્મીને પ્રસન્ન કરે છે. પણ જેવી આત્મભાવની સિદ્ધિ થાય છે તેવા કારણભાવો કાર્યપણે પરિણમીને નિવૃત્ત થાય છે. કારણ–ભાવ એટલે સાધના. ઉત્સર્ગ રીતે એટલે નિરપ-વાદપણે આત્મા પોતાની સમાધિ જ્યારે પામે છે તેમાં બાધકભાવ બિલકુલ ન હોવાથી સાધનાને હવે શો અવકાશ રહે?

માહરી શુદ્ધ સત્તાતણી પૂર્ણતા
તેહનો હેતુ પ્રભુ તુંહી સાચો,
દેવચંદ્રે સ્તવ્યો, મુનિગણે અનુભવ્યો
તત્ત્વભક્તે ભવિક સકલ રાચો—
(૧૦) અહો શ્રી૦

હે ભવ્યો, તમે તત્ત્વભક્તિ કરીને અર્થાત સ્વસ્વરૂપ આરાધીને આનંદ પામો. શ્રી દેવચંદ્રમુનિ સ્તુતિ કરતાં કહે છેઃ 'પ્રભુ, તમને મુનિઓ હૃદયકમળમાં અનુભવે છે, હું તમારી સ્તુતિરૂપે કહું છું કે મારી પરિપૂર્ણ નિર્મળતા જે નિર્વાણ તેનો અમોઘ ઉપાય પ્રભુ, તારું ચિંતન છે.



અબોલ પ્રતિબોધ

શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

પુંડરીકિણી નગરી ધન અને ધર્મનું ધામ લેખાતી.

ત્યાં વેપારીઓ અનેક વસતા. એની બજારોમાં બધી ચીજો મળતી. દેવમંદિરો અને ધર્માગારો પણ ત્યાં અનેક હતાં અને કર્મશૂર માનવીઓનો પણ ત્યાં કોઈ તોટો ન હતો.

એ નગરીનો રાજા પુંડરીક જેવો ન્યાયી તેવો જ ધર્મમાં તત્પર. કોઈનું અણહક્કનું એને ખપે નહીં; અને કોઈને અણહકકનું ખાવા દે નહીં. સમજદાર અને શાણો પણ એવો કે કજિયાને ઊગતાં જ ડામી દે; અને ભારે કટોકટીના વખતે પણ મનને સ્વસ્થ રાખે અને ક્રોધને તો કરવા જ ન દે. પ્રજા એને ધર્માત્મા તરીકે આદરમાન દેતી અને એની છાયામાં સુખશાંતિનો અનુભવ કરતી.

રાજાના નાના ભાઈનું નામ કંડરીક. એ પણ મોટાભાઈનું પડખું શોભાવે એવો. ભાઈની આજ્ઞા થાય તો માથું ફૂલ કરવા પણ તૈયાર થઈ જાય. એનેય ધર્મ ઉપર ભારે પ્રેમ.

રાજા પુંડરીક તો ભારે દૂરદર્શી. નાના ભાઈનું હેત એ પારખતો હતો, અને રાજકારણમાં રાજસત્તા માટે ખેલાતા કાવાદાવા પણ એ જાણતો હતો: કયારે કોને કેવો સત્તાલોભ જાગી ઊઠે, અને એ માટે એ શુંનું શું કરી બેસે એ કેમ કહેવાય? એટલે એણે ભારે ડહાપણ દાખવ્યું : પોતાને ત્યાં પારણે પુત્ર ઝૂલે અને એ રાજ્યનો ઉત્તરાધિકારી બને, એની રાહ જોયા વગર, રાજા પુંડરીકે પોતાના નાના ભાઈ કંડરીકને જ યુવરાજ પદ આપી દીધું.

ભારે ધામધૂમ સાથે કંડરીકના યુવરાજ પદનો અભિષેક ઉત્સવ ઊજવવામાં આવ્યો.

પ્રજામાં પુંડરીક રાજાની વાહવાહ બોલાઈ રહી. એના નિર્મોહીપણાને સહુ અભિનંદી રહ્યા.

અને યુવરાજ કંડરીક? આમે એને મોટા ભાઈ ઉપર ભારે ભાવ હતો; તે દિવસથી તો જાણે એ મોટાભાઈનો દાસ જ બની ગયો; અને પડછાયાની જેમ એના પગલે પગલાને અનુસરવા લાગ્યો--જાણે એનો અંગરક્ષક જ ન હોય?

આવો શાણો રાજા અને આવો ભલો યુવરાજ; પછી પ્રજાને શું દુઃખ હોય?

આમ ને આમ કેટલાંક વર્ષ વીતી ગયાં.

એક દિવસની વાત છે: નગરના ઉદ્યાનમાં કોઈ જ્ઞાની ગુરુ પધાર્યા હતા. એમનો ધર્મોપદેશ જાણે અંતરનાં દ્વાર ઉઘાડીને આત્માને જગાડી દેતો. એ ઉપદેશ રાજા પુંડરીકના અંતરમાં વસી ગયો.

મધ્યરાત્રનો સમય હતો. રાજા પોતાના શયનાગારમાં પલંગ પર સૂતા હતા. જાણે વગર બોલ્યે વાસનાને જગાવી દે એવાં શૃંગાર ચિત્રો ચારેકોર શોભી રહ્યાં હતાં. માદક સુગંધીથી આખુંય વાતાવરણ ભરાઈ ગયું હતું. પણ આજે એમને વિલાસ, આરામ કે ઊંઘ હરામ બની ગયાં હતાં.

વિચારમગ્ન રાજાજી પલંગ ઉપરથી બેઠા થયા, અને આંટા મારવા લાગ્યા; જાણે પાંજરે પુરાયેલો કેસરી બેચેન બનીને ઘૂમાઘૂમ કરતો હતો. રાણી તો જોઇ જ રહી: આજે એમને આ શું થયું હતું?

રાજાજી વિચારતા હતા: રાજ્ય અને વૈભવ ઘણાં વર્ષ ભોગવ્યાં; અને છતાંય જીવને તૃપ્તિ કયાં થાય છે? અને તૃપ્તિ કયારે થશે એનું પણ શું કહેવાય? તો સર્યું અતૃપ્તિના ઊંડા સાગરમાં ડૂબકી લગાવવાથી હવે તો એનો ત્યાગ જ કરવો ઘટે. ધર્મને પણ અવસર આપવો જ ઘટેને? અને યુવરાજ કંડરીક પણ હવે કયાં નાનો છે? હવે ભલે એ રાજ્યશ્રી ભોગવતો.

રાજા પુંડરીકનું મન સ્વસ્થ થયું, અને બાકીની રાત્રી એમણે સુખપૂર્વક નિર્ગમન કરી.

સવારે યુવરાજ કંડરીક આવ્યો.

રાજા પુંડરીકે પોતાની વાત કરતાં એને કહ્યું : "ભાઈ કંડરીક, હવે આ રાજ્યની ધુરા તું વહન કર અને મને ધર્મની ધુરા વહેવાની અનુમતિ આપ. મેં રાજ્ય અને ભોગ ઘણાં વર્ષ ભોગવ્યાં. છેવટે તો ધર્મનું શરણ એ જ સાચું શરણ ગણાય. મારું મન હવે સંસારના ત્યાગને માટે ઝંખી રહ્યું છે."

બંધુભક્ત કંડરીક તો સાંભળી જ રહ્યો : ભાઈ વગરનું ઘર કે જીવન એ કલ્પી જ શકતો ન હતો. એની આંખોના ખૂણા સ્નેહનાં આંસુથી આર્દ્ર બની ગયા. પણ એ કશું બોલી ન શક્યો.

ફરી પુંડરીકે કહ્યું : "ભાઈ, આમાં નવું પણ શું છે? નાના આવે અને મોટા જાય, એ તો દુનિયાનો નિયમ છે. સૌએ પોતપોતાનો સમય થતાં સ્થાન ખાલી કરવું જ રહ્યું : કોઈ સમજીને પહેલેથી એ સ્થાન ખાલી કરીને આત્માની શોધમાં જાય; કોઈની પાસે યમરાજ એ સ્થાન પરાણે ખાલી કરાવે! તો ભાઈ, મારો સમય હવે પૂરો થયો; મારે હવે જવું જ જોઈએ. એમાં ઉદાસ થવાનું નહીં પણ ઉત્સવ કરવાનો હોય! આ તો આત્માને અમરતાને પંથે લઈ જવાની અગમચેતી."

હવે કંડરીકથી ન રહેવાયું. એ પણ કંઈ ત્યાગમાં ઊતરે એવો ન હતો કે રાજ્યની લાલચે મોટા ભાઈને જવા દેવા તૈયાર થાય. એ પણ જીવનને ભોગના નહીં પણ કર્તવ્યના સાધન તરીકે જ મૂલવતો.

એણે નમ્રતાપૂર્વક કહ્યું : "વડીલ બંધુ, આપના વિના મારે મન રાજ્ય અને આ મહેલ નિઃસાર છે. પ્રાણ ગયા પછી કાયાને શું કરવી? આપ મારા અને સમસ્ત રાજ્યના આત્મા છો. આપ જાઓ અને અમે રહીએ, એ ન બને. જ્યાં આપ ત્યાં અમે! કાયા અને છાયા કદી જુદી ન થાય અને જે રાજ્ય હવે આપને અપ્રીતિકર બન્યું, એના ઉપર પ્રીતિ રાખવાથી પણ શું?"

રાજા પુંડરીકે જરા મક્કમતા દર્શાવતાં કહ્યું : "પણ કંડરીક ક્યારેક તો આપણે છૂટા પડવાનું જ છે ને? તો પછી સમજીને જળકમળનો બોધ જીવનમાં કાં ન ઉતારવો? સંસાર છોડીશું, છતાં કંઈ સંગ થોડો જ છૂટવાનો છે? પણ એમાંય જેટલી અલિપ્તતા સાધી એટલી આપણી. અને આ કંઈ થોડું પરલોકગમન છે કે આપણે નહીં જ મળી શકીએ? આ તો માત્ર પાણી પહેલાં પાળ બાંધવાની જ વાત છે."

કંડરીકનું મન જાગી ગયું હોય એમ એણે તરત જ જવાબ આપ્યો : "તો પછી, એવી પાળ બાંધવાની મને જ અનુમતિ કેમ ન આપો? આવું ઉત્તમ કાર્ય હું શા માટે ન કરું? અને આપના નાના ભાઈ તરીકે મને ગમે તે કામ કરવાનો મારો હક્ક આજે ભોગવવા દો!"

રાજા પુંડરીક પળવાર સાંભળી રહ્યા. એમણે કંડરીકને સમજાવવા કહેવા માંડ્યું :

"પણ, તું તો હજી....."

પણ યુવરાજ કંડરીકે વચમાંથી વાક્ય ઉપાડી લીધું : "ભાઈ, કાળ દેવતાએ કંઈ લખત નથી કરી આપ્યું કે મોટા પહેલાં જશે, અને નાના પાછળ રહેશે. કંઈક વૃદ્ધો રહી જાય છે, અને કંઈક યુવાનો પરલોક પહોંચી જાય છે. તો મને મારી પ્રિયવસ્તુ મેળવવા દો!"

પછી તો કંડરીકના વિચારે જાણે હઠનું રૂપ લીધું. બંને ભાઈઓ જાણે હોડમાં ઊતર્યા.

પણ એ હોડ ઈર્ષ્યાની નહીં, પ્રેમની હતી.

એ કલહ રાજ્ય પ્રાપ્તિનો નહીં, રાજ્ય ત્યાગનો હતો.

પણ છેવટે નાના ભાઈની વાતનો વિજય થયો : આવા લાડકવાયા અને આવા હેતાળ ભાઈની વાત શે ટાળી શકાય? પ્રેમના આ આવેગને કેમ કરી રોકી શકાય? પુંડરીકે રાજા બનીને રહેવાનું કબૂલ કર્યું અને ભારે મહોત્સવપૂર્વક એને ગુરુને ચરણે સોંપ્યો.

તે દિવસે નાનો ભાઇ કંડરીક મુનિવેશ ધારીને મોટા-ભાઈથી પણ મોટો બની ગયો; એમનો પણ વંદનીય બની ગયો. તે દિવસે રાજા નંદીવર્ધન અને મહાવીર વર્ધમાનના બંધુ પ્રેમનાં જનતાને ફરી દર્શન થયાં.

પુંડરીકિણી નગરી મુનિ કંડરીકના વિરલ ત્યાગને અભિનંદી રહી, અભિવંદી રહી!

* * *

કર્મશૂર યુવરાજ કંડરીક હવે ધર્મશૂર મુનિ બની ગયા.

એમની સંયમ યાત્રા અખંડપણે ચાલવા લાગી. જરા પણ પ્રમાદ ન સેવાઈ જાય એ માટે એ ભારંડ પક્ષીની જેમ, સતત જાગૃત રહેતા. સ્વાધ્યાય અને ધ્યાન તરફ મનને વાળવાનો, અને એમ કરીને ચંચળ મનને

ત્યાગના માર્ગે સ્થિર કરવાનો એ હંમેશાં પ્રયત્ન કરતા રહેતા. વળી પોતાના જીવનને સેવાપરાયણ કરવાના હેતુથી એ મુનિસંઘની સેવા માટે સદા તૈયાર રહેતા. વૃદ્ધ, અશક્ત કે બીમાર મુનિવરોની સેવામાં એ જાણે પોતાની જાતને જ વીસરી જતા.

સમય જતાં, ધીમેધીમે, એમનું મન તપ તરફ વિશેષ વળવા લાગ્યું. પછી તો એ તપની એમને એવી તો લગની લાગી ગઈ કે જાણે તપ વગરનો દિવસ એમને અલૂણો જ લાગતો. અને તપ કરવા છતાંયે એમનું મન શાંત અને સ્વસ્થ રાખી શકતા. સમતા સચવાય તો જ તપ કર્યું લેખે લાગે, એ વાત જાણે એમના અંતરમાં બરાબર વસી ગઈ હતી.

આ રીતે તપને માર્ગે કંડરીક મુનિ પોતાના જીવનને વિશુદ્ધ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા.

સાથી મુનિવરોમાં અને સંઘમાં પણ પછી તો કંડરીક મુનિના તપસ્વીપણાની અનુમોદના થવા લાગી અને એમના તપોમય માર્ગ તરફ અન્ય મુનિવરોને પણ વિશેષ આકર્ષણ થવા લાગ્યું.

મુનિની તપઃસાધના આગળ વધી રહી છે.

મુનિ પોતે આત્માના કુંદનને ધમી ધમી વિશુદ્ધ કરવાના પુરુષાર્થનો આનંદ અનુભવી રહ્યા છે.

તપની અને તપસ્વીઓની જાણે ત્યાં પરંપરા લાગી ગઈ છે.

મુનિ કંડરીક અને તપસ્યા; જાણે એકબીજાનાં અંગરૂપ બની ગયાં છે. મુનિનું નામ લેતાં તપઃસાધનાનું સ્મરણ થઈ આવે; તપનું નામ લેતાં મુનિ કંડરીકનું દર્શન થવા લાગે.

મુનિ પણ આકરાં આકરાં તપોની આરાધના કરતાં જાણે થાક નહીં પણ આનંદ અનુભવી રહ્યા છે.

હવે તો એમણે બે બે ઉપવાસ અને પારણું; એ પ્રમાણેની ઉગ્ર તપસ્યા શરૂ કરી. અને આવી આકરી તપસ્યાના પારણામાં પણ બને તેટલો રુક્ષ આહાર જ એ લેતા. પોતાની રસવૃત્તિનું નિયંત્રણ કરવા જાણે એમને વિશેષ પુરુષાર્થ કરવો પડતો.

આવી આકરી તપસ્યા પણ લાંબો વખત ચાલતી રહી.

પણ, એક બાજુ આવી ઉત્કટ તપસ્યા અને બીજી બાજુ રસ–કસ વગરનો સાવ નીરસ અને રુક્ષ આહાર; છેવટે શરીર એનો ભાર ન ઝીલી શકયું; એના આતાપે જાણે કાયાને શિથિલ બનાવી દીધી. છતાં મુનિએ તો દેહની વાત સાંભળ્યા વગર જ પોતાની તપસ્યા ચાલુ રાખી અને જેમ શરીર ના પાડવા માંડયું તેમ, જાણે બળજબરીથી કામ લેવાતું હોય એમ, એમણે એને તપસ્યાની ભઠ્ઠીમાં વિશેષ તપાવવા માંડયું, આહારની નીરસતા અને રુક્ષતા પણ ચાલુ જ રહી.

પણ, છેવટે કાયા વધુ ઝીક ન ઝીલી શકી. એણે જાણે પોતાનો ધર્મ બજાવવાનો નિશ્ચય કર્યો. તપ જીતે કે કાયા, એ જ જાણે હોડ મંડાઈ ગઈ.

આટલી ઉગ્ર આતાપનાના પરિણામે મુનિના આખા શરીરની ચામડી ખુજલીના રોગથી લિપ્ત બની ગઈ. દાહ પણ એટલો થાય, અને ખંજવાળ પણ એટલી જ આવે : આખો વખત ખંજવાળ્યાં કરે છતાં ખંજવાળ મટે નહીં; અને શરીરમાં વધારે દાહ થવા લાગે.

અંતે કાયા અસમર્થ બની ગઈ અને મુનિને તપનો માર્ગ ત્યજવો પડ્યો. કાયાએ આ રીતે પોતાનો વિજય મેળવ્યો. કદાચ બહુ તાણતાં તૂટી જાય એવી તપની સ્થિતિ થઈ.

હવે તો આ રોગના ઉપચાર જ કરવા રહ્યા.

કુશળ વૈદ્યોની શોધ ચાલી.

ફરતી ફરતી આ વાત પુંડરીકના કાને પહોંચે ગઈ.

ભાઈના વ્યાધિના સમાચારથી રાજા પુંડરીક બહુ ચિંતિત બની ગયા.

એમણે ગુરુને વિનંતી કરી : "સૂરિજી, આપ મુનિ કંડરીકને મારી યાનશાળામાં વાસ કરવાની અનુમતિ આપો તો એમનો યોગ્ય ઉપચાર કરાવી શકાય. ઉપચારની સાથે પથ્યની પણ એટલીજ જરૂર છે. અને ગ્રામાનુગ્રામ વિચરવામાં એ મળવું મુશ્કેલ છે."

અન્ય નગરજનોએ પણ ખૂબ લાગણીપૂર્વક વિનંતી કરી.

સૂરિજીએ વિનંતી માન્ય રાખી; અને મુનિ કંડરીક ત્યાં રોકાઈ ગયા.

* * *

કુશળ વૈદ્યોને તેડવામાં આવ્યા.

વૈદ્યોએ આવીને રોગનું નિદાન કર્યું : "અતિ તપસ્યા અને રુક્ષ આહારનું આ પરિણામ છે. એટલે સ્નિગ્ધ ભોજન, શીત ઔષધ અને તૈલાભ્યંગ જરૂરી છે. રોગ અસાધ્ય નથી; દુઃસાધ્ય જરૂર છે. પણ યોગ્ય પથ્ય અને ઉપચારથી કાબૂમાં આવી જશે."

સેવા કરનાર સ્વયં ભૂપતિ, અને સેવા લેનાર ભૂપતિના સગા ભાઈ; અને નગરજનો પણ ખૂબ ભક્તિપરાયણ, એટલે પછી શી વાતની કમીના રહે? મુનિ કંડરીકને તો "મોસાળે જમણ અને મા પીરસણે" જેવી લીલાલહેર થઈ ગઈ.

ઊંચાં ઊંચાં ઔષધ અપાવા લાગ્યાં.

ભાવતાં સ્નિગ્ધ અને સ્વાદુ ભોજનો મળવા લાગ્યાં.

મર્દનકારો લક્ષપાક જેવા તૈલનું મર્દન કરવા લાગ્યા.

ભક્તિ કરનારાઓ ખડા પગે તૈયાર રહેવા લાગ્યા.

જાણે એમ લાગ્યું મુનિ કંડરીક અત્યારે યુવરાજ જ બની ગયા છે!!

આવા ઉપચાર, આવાં પથ્ય સ્વાદુ ભોજન; આવી પરિચર્યા : પછી તો કેવળ દૈવ વાંકું હોય તો જ રોગ ન મટે! ધીમે ધીમે મુનિ કંડરીકની કાયા સાજી થવા લાગી.

સાપ કાંચળી ઉતારે એમ એ જૂની ચામડી વિદાય થવા લાગી.

હવે તો લૂખી ચામડી ઉપર સ્નિગ્ધતાની આભા પ્રસરવા લાગી.

અને છેવટે શ્યામ બની ગયેલો દેહ જાણે સુવર્ણ વર્ણો બની ગયો.

ખંજવાળ અને દાહ તો હવે કેવળ ભૂતકાળની વાત બની ગઈ. મુનિ કંડરીકનું ચિત્ત પણ પ્રસન્ન રહેવા લાગ્યું. વૈદ્યોએ પણ કહી દીધું કે કાયા હવે પૂર્ણ નિર્મળ બની ગઈ છે.

હવે તો સંયમયાત્રાનાં વ્રતો-અને નિયમો પાળવાનો આરંભ કરવો જ જોઈએ અને સેવેલ દોષનું પ્રાયશ્ચિત્ત પણ લેવું જોઈએ. અને એ માટે વિનાવિલંબે ગુરુજીની સેવામાં પહોંચી જવું જોઈએ.

પણ હવે ઇંદ્રિયોને ખાન-પાનનો રસ લાગી ગયો હતો; કાયાને સેવાની રઢ લાગી ગઈ હતી, અને જીભ તો ભારે સ્વાદીલી બની ગઈ હતી. એટલે મુનિ કંડરીકને ત્યાંથી વિચરવાનું મન જ થતું ન હતું. અસંયમી મન જાણે કહેતું હતું : આવું સુખ બીજે ક્યાં મળવાનું છે?

રાજા પુંડરીક ભારે વિચક્ષણ પુરુષ હતા. એ કંડરીક મુનિના મનની શિથિલતા પામી ગયા. પણ એમણે મુનિને ઉપાલંભ કે ઉપદેશ ન આપતાં નવો જ માર્ગ લેવાનો વિચાર કર્યો.

એમણે વિચાર્યું : જો એક વાર મુનિ અમારી સામે શિથિલ થઈ ગયા તો વાત વણસી જવાની અને એમની સંયમયાત્રા અટકી જવાની અને અમારા કુળને ભારે કલંક લાગી જવાનું! એટલે એમને મોટા બનાવીને જ સાચે માર્ગે લાવવા ઘટે.

એટલે એક દિવસ પ્રાતઃકાળે મુનિ કંડરીક પાસે પહોંચીને ભાવપૂર્વક વંદન કરીને રાજા પુંડરીક કહ્યું : "મુનિવર! અમે સંસારી અને આપ ત્યાગી, અમારો રાગ છોડ્યો છૂટતો નથી; અને આપ કેવા વૈરાગી છો કે સદા જળકમળની જેમ અલિપ્ત રહો છો અને મોહમાયામાં પડ્યા વગર સૂરિજીની પાસે જવા તૈયાર થયા છો."

મુનિ કંડરીકે વિચાર્યું; "રાજવી અમારા માટે કેવા ઉત્તમ વિચાર સેવે છે? એમને જો અમારી આસક્તિ અને શિથિલતાની ખબર પડે તો એમને કેટલો સંતાપ થાય? માટે હવે સંયમયાત્રામાં સ્થિર થઈને અન્યત્ર વિહરવું જ અમને ઉચિત છે."

અને બીજે દિવસે પ્રાતઃકાળે જ મુનિ કંડરીક પોતાના ગુરુની નિશ્રામાં હાજર થયા. વિહાર કરી ગયા.

રાજા પુંડરીકના અબોલ પ્રતિબોધે જાણે કામણ કર્યું.

રાજા પોતાના બાંધવને સંયમમાં સ્થિર કર્યાનો આનંદ અનુભવી રહ્યા.

એ વેળા દૂરદૂરથી કોઈ મધુરસ્વરે બોલી રહ્યું હતું :

ગો વાળે તે ગોવાળ
લાકડી ધાર્યે શું વળે?
જે પાળે તેનો ધર્મ
બાલી વેશે ના વળે! *

* 'કથાકોષ પ્રકરણ'ને આધારે

卐

गोशालक के शब्दों में

महावीर-स्तुति

श्री अगरचंद नाहटा

भारतीय महापुरुषों में भगवान महावीर का एक महान साधक के रूप में विशिष्ट स्थान हैं। वैसे तो जैनधर्म की परम्परा बहुत प्राचीन काल से चली आ रही है। पर वर्तमान में जो भी जैन तत्त्वज्ञान और आचार संबन्धी विवरण मिलता है, वह भगवान महावीर की ही देन है। यद्यपि सिद्धकोटी के प्राप्त पुरुषों के विचारों में समानता होने के नाते सभी तीर्थंकरों का उपदेश एक समान ही माना जाता है, क्योंकि सभी का लक्ष और गंतव्य स्थान निर्वाण एक ही है। फिर भी अपने अपने समय की आवश्यकता और स्थिति के अनुकूल ही उपदेश होता है। मूल सिद्धान्त चाहे एक ही हों पर उनका निरूपण अलग अलग व्यक्तियों द्वारा होने पर भाषा, शैली, किसी वचन की मुख्यता व गौणता का अन्तर रहेगा ही। भगवान महावीर के पूर्ववर्ती भगवान पार्श्वनाथ के आचारादि में जो अंतर था वह हमें केशी-गौतम संवाद द्वारा विदित होता है। दोनों तीर्थंकरों के साधुओं का जब एकीकरण हुआ तो अवश्य ही आचारों में कुछ परिवर्तन या लेनदेन हुई होगी। जिन-कल्प और स्थविर-कल्प से ही आगे चलकर दिगम्बर और श्वेताम्बर—दो सम्प्रदाय हो गए।

भगवान महावीर के समय में उन्हीं के दो शिष्यों ने उन्हीं के सामने अपने को सर्वज्ञ या केवली घोषित किया और अपना मत अलग चलाया। उनमें पहला था गोशालक। जो भगवान महावीर की छद्मस्थ अवस्था याने साधनाकाल के समय शिष्य बना था। नियतिवाद को लेकर उसने अपना मत चलाया, जो आजीवक सम्प्रदायक के नाम से प्रसिद्ध हुआ। सम्राट् अशोक और उसके कई शताब्दियों बाद तक भी इस सम्प्रदाय का प्रभाव रहा, जिसका प्रमाण हम प्राप्त प्राचीन अभिलेखों मे पाते हैं। भगवती सूत्र में गोशालक के भगवान महावीर के शिष्य होने और फिर अपने को सर्वज्ञ घोषित वाद-विवाद करने के लिए अपने तथा मृत्यु एवं भवान्तर तक का उल्लेख मिलता है। भगवान महावीर का एक प्रधान श्रावक सद्दालपुत्त पहले गोशालक का अनुयायी था फिर भगवान महावीर का उपदेश सुनकर उनका अनुयायी हो गया। गोशालक को जब उसके इस धर्म परिवर्तन की सूचना मिली तो वह पोलासपूर में सद्दालपुत्त के पास आया और जब उसने गोशालक का पूर्ववत् आदर नहीं किया, तो उसने सद्दालपुत्त को अपने अनुकूल बनाने के लिए भगवान पहावीर के गुणों की प्रशंसा उसके सामने ही की। चाहे उसने वह प्रशंसा सच्चे हृदय से नहीं की हो; पर भनवान महावीर के गुणों की बहुत ही यथार्थ स्तुति उसके कथन में पाई जाती है।

सबसे पहले गोशालक ने सद्दालपुत्त के सामने भगवान महावीर का प्रसंग इस प्रकार छेड़ा—

हे देवानुप्रिय! महाब्राह्मण यहाँ आये थे?

सद्दालपुत्त—महाब्राह्मण कौन?

गो०—श्रमण भगवान महावीर।

स०—भगवान महावीर महाब्राह्मण कैसे? श्रमण भगवान को किस कारण महाब्राह्मण कहते हो?

गो०—भगवान महावीर ज्ञान दर्शन के धारक हैं, जगत्पूजित हैं और सच्चे कर्मयोगी हैं। इसलिये वे 'महाब्राह्मण' हैं।

क्या महागोप यहाँ आये हैं?

स०—महागोप कौन?

गो०—श्रमण भगवान महावीर।

स०—देवानुप्रिय! भगवान महावीर को महागोप कैसे कहते हो?

गो०—इस संसार रूपी घोर अटवी में भटकते, टकराते और नष्ट होते संसारी प्राणियों का धर्मदण्ड से गोपन करते हैं और मोक्ष रूप बाड़े में सकुशल पहुँचाते हैं, इसी कारण भगवान महावीर महागोप हैं।

क्या महाधर्मकथी यहां आये थे?

स०—महाधर्मकथी कौन?

गो०—श्रमण भगवान महावीर।

स०—देवानुप्रिय! भगवान महावीर को महाधर्मकथी किस कारण कहते हो?

गो०—सद्दालपुत्त ! इस असीम संसार मे भटकते, टकराते, वास्तविक मार्गको छोडकर उन्मार्ग पर चलते अज्ञानी जीवों को धर्म तत्त्व का उपदेश देकर धर्ममार्ग पर चलाते हैं, इस वास्ते श्रमण भगवान महावीर महाधर्मकथी हैं। क्या महानिर्यामक यहां आये थे ?

स०—महानिर्यामक कौन ?

गो०—श्रमण भगवान महावीर।

स०—देवानुप्रिय ! भगवान महावीर को महानिर्यामक किस लिए कहते हो ?

गो०—इस संसार रूपी अथाह समुद्र में डूबते हुए जीवों को धर्म स्वरूप नाव में बिठलाकर अपने हाथ से उन्हें पार लगाते हैं अतः भगवान महावीर महानिर्यामक हैं।

स०—देवानुप्रिय ! तुम ऐसे चतुर, ऐसे नयवादी, एसे उपदेशक और ऐसे विज्ञान के ज्ञाता हो तो क्या मेरे धर्माचार्य, धर्मोपदेशक श्रमण भगवान महावीर के साथ विवाद कर सकते हो ?

गो०—नहीं, मैं ऐसा करने में समर्थ नहीं हूँ।

स०—क्यों, मेरे धर्माचार्य के साथ विवाद करने में तुम समर्थ क्यों नहीं ?

गो०—सद्दालपुत्त ! जैसे कोई युवा मल्ल पुरुष बकरे, मेंढे, सूअर आदि पशु या कूकड़, तीतर, बतक आदि पक्षी को पाँव, पूँछ, पंख जहाँ कहीं से पकड़ता है; वैसे ही श्रमण भगवान महावीर भी हेतु, युक्ति, प्रश्न और उत्तर में जहाँ जहाँ मुझे पकड़ते हैं वहाँ वहाँ निरुत्तर करके ही छोड़ते हैं। इसलिए मैं तुम्हारे धर्माचार्य के साथ विवाद करने में समर्थ नहीं हूँ।

स०—देवानुप्रिय ! तुम मेरे धर्माचार्य, धर्मोपदेशक श्रमण भगवान महावीर के सद्गुणों की वास्तविक प्रशंसा करते हो। इसलिए मै तुम्हें पीठ फलक आदि के लिए निमंत्रण देता हूँ, न कि धर्म या तप समझ कर। मेरी भाण्डशाला में जाओ और जो उपकरण चाहिए लेकर रहो।

['श्रमण भगवान महावीर' पुस्तक से]

एक विरोधी व्यक्ति द्वारा किसी व्यक्ति का सच्चा गुणगान वास्तव में बड़ा महत्व रखता है। वास्तव में सराहनीय वही है जिसकी प्रशंसा विरोधी को भी करनी पड़े।

भगवान महावीर का दूसरा विरोधी शिष्य उन्हीं का जामाता जमालि नामक था। एक साधारण सिद्धान्त को लेकर उसने अपना अलग मत चलाया, पर वह उसके बाद चल नहीं सका। भगवान महावीर की पुत्री और जमालि की गृहस्थ-अवस्था की पत्नी प्रियदर्शना को किस प्रकार भगवान महावीर के एक श्रावक ढंक ने युक्ति द्वारा सद्बोध दिया, उसका वर्णन भी उपासक दशांग सूत्र में मिलता है। उससे बोध पाकर प्रियदर्शना और जमालि के अनेक अनुयायी साधु पुनः भगवान महावीर के संघ में सम्मलित हो गए।

कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

पेट्रन 'अ' वर्ग	रु. १००१	प्रदान कर
पेट्रन 'ब' वर्ग	रु. ५०१	,,
आजीवन सभ्य 'अ' वर्ग	रु. २५१	,,
,, ,, 'ब' वर्ग	रु. १०१	,,

कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभागमें (खातामें) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

जैन युग

ग्राहक बनकर वार्षिक उपहार रु. २ (प्रतिमास ता. १ को प्रकट किया जाता है)

RATIONAL RELIGION

Shri G. C. Dhariwal

A living being, be it a man or a beast, a bird or a plant is composed of two substances, soul and matter. Death means the separation of the two. Body is matter and is visible to eyes while the soul is invisible. Matter has got properties known to science. All these properties exist in the matter composing the dead bodies. Soul is non-matter and therefore its properties cannot be known or investigated in the laboratories. But there are ways and means by which we can investigate the properties of soul.

In the first instance let us see what is the difference between the living and the dead. We find that the living have got consciousness while the dead do not have it. When a living being dies, consciousness goes away. Moreover, the scientists have not found any consciousness in any particle of matter. Thus consciousness is one of the properties of soul. Consciousness includes intellect, knowledge, discrimination, judgement etc. Now look at this from another point of view. From the beginning of time, man has been making new discoveries and inventions in all fields pertaining to matter or soul. It has broken matter into atoms and electrons and studied its properties and has put that knowledge to various uses and this quest for more and more knowledge will continue till eternity. There have also been people who have dedicated their lives to researches in the domain of soul—Tirthankaras, prophets, Rishis, Acharya etc.

This quest shows that knowledge is the quality of soul. In its worldly environments, that quality lies suppressed and the soul tries to assert itself to regain that quality, hence the quest for knowledge. The field of knowledge is so vast that the human race has not been able to acquire full knowledge. It may be, that the soul imprisoned in the body does not know its true goal or the correct method to reach that goal. Nevertheless its quest for more and more knowledge shows that it is one of its inherent properties.

You lock a man or even a child in a room; he will resent it and will like to come out. You chain a dog; it will try to break away from the chain and free itself. A dead dog or a dead man would not mind any restriction. Thus every living being wants freedom. What has man not done to gain that freedom, be that the individual freedom or the social or the political freedom. Man has asserted "Freedom is my birth right" and has sacrificed every thing to preserve or to gain that freedom. Even now, throughout the world, nations are struggling to gain political and social freedom, freedom from despots and dictators. Men have formed Governments. i. e. given up part of their freedom for the common good, but there also the principle is 'that Government is best which governs least'. This shows that freedom is also a property of the soul and it is struggling to regain it. It may be that man does not know the full implications of that freedom or the real means to attain it, but his very urge for freedom shows that it is soul's inherent property.

Every man and for the matter of fact, every living being wants happiness and peace. We can understand this better in the case of human beings. All actions of a man are guided by this sole motive. No man acts with a view to get misery. Man's aim is always to get happiness. Whether a man acts as a saint or a scoundrel, his aim is to gain happiness. Is it not peculiar that men act in contrary ways for the same aim ? The reason is that they are not clear in their minds what constitutes happiness and what are the correct means to get it. Nevertheless it shows that happiness is a property of the soul and all living beings aspire to get it.

No living being wants to die. Even birds and insects have instincts to save themselves from harm and death. Man has always been trying to conquer illhealth, disease, accidents etc. which lead to death and to conquer death itself. Look at the medical and surgical researches. They all go to show that man does not want to die. Why ? Because immortality is also a basic property to soul.

We thus find that knowledge, freedom, happiness and immortality are the inherent properties of soul. We can in the same way investigate other basic properties. Basic properties of substance are constant. They cannot vary from unit to unit. A number of sample of pure gold will all possess the same property. Their colour, touch, feel, specific gravity will be the same. If a sample is different from a standard sample it shows that it contains some alloy, i. e. foreign matter or impurities. All souls must similarly have constant properties. No two pure souls can differ from one another. If they differ, they can do so only if they have got some foreign matter mixed up with with them, they are then not pure.

We see in the world that even among mankind different degrees of happiness and misery, intellect and stupidity, health and sickness etc., i. e. the intellect qualities of soul are found in different degrees. We also see that animal kingdom and the plant kingdom possess the good qualities in a lesser degree. This means that the embodied souls have got different proportions of foreign matter, attached to them and the less the quantity of foreign matter, the purer the inherent qualities of soul, i. e. the inhernt qualities of soul are covered by foreign matter in different degree in different souls.

The natural aim of a living being can only be to remove the foreign matter and attain Purity. The activities and actions of living being show that the soul – a living being – is exerting to that end to get rid of all foreign matter and to attain the Pure State. But owing to the influence of foreign matter, the embodied soul does not know the right way. It is, so to say, groping in the dark and follows the path of trial and error. There have been souls in the past, who have been successful in their experiments fully or almost fully and they have shown the path for other. But every body is not capable of taking advantage of the results of their experiments. But people do take advantage in different degrees according to their capacities. Those who have no faith in those experiments and their results, naturally get no advantage. Others who have got faith, get benefit to the extent of the strength of their faith and conviction. Even though some have faith, they are incapable of acting upto it and so do not get the full advantage. Even man, the most intellectual among living beings, has got certain weakness, due to the bondage of foreign matter to his soul which does not allow him to act even according to his faith. People know that

to get intoxicated is bad and yet we find people becoming repeatedly mad with intoxicants. The same applies to other acts.

The whole universe is governed by definite laws, the laws of nature. There are laws which concern matter, similarly there are laws which concern the soul. Modern science is busy with the former and has neglected soul. It has enabled man to send satelites thousands of miles away from Earth even to the Moon. It has enabled man to break atom. It has shown man what a tremendous energy is released by breaking an atom and man's researches in the domain of matter continue. There have been men who have made researches in the domain of soul of which we have mentioned above. They have also shown that soul and its combination with matter and also its dis-association are also governed by certain definite laws of nature. They have also discovered the infinite Power of Soul. This science concerning soul is called Religion. It is a pity that modern man has been neglecting this most important branch of knowledge, which shows him the way to happiness during this life and next and the orthdox have degraded it to a mass of superstition and rituals, having no bearing with the purification of the soul and have even made it a means to exploit the ignorant masses. Religion has thus lost its appeal in modern times.

Matter is indestructible, it only changes forms. So is soul indestructible and it only changes its form. Both are governed by certain definite laws. Religion deals with laws relating to soul. In accordance with these laws soul assumes the form of a human being, which is comparatively in a higher stage of the purification or evolution of soul, or it assumes the forms of an animal or a plant or other lower forms. If for no other reason, at least to make us strive for higher evolution of soul or to make us cautious against the greater degradation of soul, we may assume the higher stage of Heaven and the lowest stage of Hell. Thus we may divide the living beings or the embodied souls under four categories, viz. Heavenly, Human, Subhuman and Hellish according to the degree of evolution of soul. When soul has evolved to perfection, i. e. got rid of matter, it can no longer remain in a body (which is matter) but becomes emancipated, perfect, possessing its inherent qualities unalloyed. That is the stage of Godhood, Parmatman, Nirvana or Moksha.

We have said that the embodied soul is groping in the dark and follows the path of trial and error. He runs after happiness and in this he clashes against the happiness of others and a conflict starts and instead of happiness, a vicious circle starts creating an atmosphere of callousness. No one can be happy in an atmosphere of callousness. Sometimes he takes to intoxicants to forget misery but thereby he does not get rid of it. Adoption of this method makes matter worse and all people know what happens when a person becomes addicted to drinks. Again some times he comes under the influence of anger, pride, deceipt, avarice and the like and thereby loses the balance of mind and the power of judgement and discrimination. This means the basic property of soul viz. knowledge and consciousness becomes blurred and soul gathers more of foreign matter which is against the desired end. Moreover in the practical world we see these things create enemies and a chain of reactions starts making everybody unhappy. Thus in his pursuit of happiness. he gets unhappiness. Then

what is his guide ? We see in this world that one man runs after luxuries, while the other sacrifices his wealth, his power and his everything, the aim of both is happiness. One practices continence and the other adultery, the ultimate aim being the same. But contrary acts cannot bring the same result. The question arises, which is the right way and what is the guide. Religion was always believed to be the guide and the Seers ordained certain rules for the purpose. These were the moral laws or rules of morality. Different seers made different rules for different categories of people. Some said the 'Fear of God was the beginning of wisdom'.

Some described the joys of heaven and the good things for the man in this world as the reward for good deeds and the torture in hell as the punishment for evil deeds. All these proverbs and rules based on these sayings kept men on the right path. But today the faith in God and the seers and their sayings has gone. Nodody believes in the reward of Heaven or the punishment of hell. In the mad pursuit of supposed happiness, he disdains religion and says 'a bird in hand is worth two in the bush'. Why should I restrain myself from doing any act which gives me pleasure simply because somebody says it will lead to disaster. The talk about soul, its evolution or degradation, about God and Religion is regarded as all nonsense. Happiness is regarded as consisting of the ever rising standard of living even of the rich. This needs money. Money has to be obtained by establishing colossal industries and exploiting the undeveloped world by forcing the products of these industries on them. Competition starts among the various manufacturing countries to produce cheaper goods by exploiting labour and to capture markets by threat or force of arms. Wars start and spread ruin and then wars start to prevent wars and the world is rushing to its doom. Mad rush of materialism has thrown to the winds all standards of morality and decency. Corruption and crimes are increasing in the world. Neither capitalism nor socialism or communism can stop this rot.

The only way to stop this rot is to change the trend of human thought. Matter should not monopolise human thought. The existence of soul and its inherent qualities must be accepted. The reasons why those qualities get corroded must be studied, how the corrosion can be minimised or avoided and got rid of must be found out. Man must be taught to act on the principles so established.

It must not be thought that all this talk about soul and religion concerns only the life after death, that the preaching for purification of soul is only for Nirvana or Moksha or Godhood. Moksha is the ultimate aim or the Ideal. In reaching that stage, a soul has to pass through different stages of purity or evolution and at every stage, he feels and enjoys more and more of the inherent qualities. If we look to mankind, some are more fortunate than others because of higher evolution of soul. But in the flush of fortune if they forget the truth and attract impurities to their soul by their actions not only the evolution stops but degradation also sets in. A human being must therefore never neglect this alertness and always keep the ideal before himself. Only if man wakes up to this reality, the world can be saved from the doom that is threatening it.

卐



સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન ઍસોસિએશન લિ. મુંબઈ – ૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લૅબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ ન. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
ઍન્ડ ઍસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ – ૩. તાર : ARGOR

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

: રજીસ્ટર્ડ ઓફીસ :

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા
અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી
પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ	મીલ નં. ૨ બેલઘરીઆ
(પૂર્વ પાકિસ્તાન)	(કલકત્તા)

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri G. D. Somani, M. P.

: LIST OF BRANCHES :

Agra
Ahmedabad
Alwar
Bombay
1 Dadabhoy N. Road
2 Kazi Sayed St. Mandvi
3 Kalbadevi Road
4 Dana Bunder
Bangalore
Bharatpur
Bareilly
Bhilwara
Bisalpur
Beawar
Bikaner
Calcutta
Coimbatore
Dausa
Delhi
Fatehpur
Gangapur
Hindaun
Indore
Jaipur
1 Mansing Highway
2 Chand Pole
3 Jauhari Bazar
4 Secretariat
Jhunjhunu
Jodhpur
Jamnagar
Kotah
Kishangarh
Madras
Nawalgarh
Rajkot
Ratlam
Sawaimadhapur
Sikar
Surajgarh
Tirupur
Udaipur

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager

Q WHAT MAKES A VOILE BEAUTIFUL?

A - its design





Shree Ram Voiles

HAVE THE BEAUTIFUL DESIGNS YOU PREFER

Shrimtex

SHREE RAM MILLS
Limited Bombay 13

IRM-2-5

आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी बाडी, गिरगांव, मुंबईमां श्री माणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथी प्रकट कर्युं.

श्री जैन श्वेताम्बर कान्फरन्स का मुखपत्र

जैन युग

सं श्री

सोहनलाल म. कोठारी
बी.ए.,बी.कॉम्. (लंडन), ए.सी.ए. (इंग्लंड)

जयंतीलाल र. शाह
बी.ए.,बी.कॉम्. (लंडन)

नवेम्बर १९५९ मूल्य : २५ नये पैसे

: व्यवस्थापक मंडल :

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डी. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह (तंत्री)
बी. ए., बी. कॉम. (लंडन)

* जैनधर्म, तत्त्वज्ञान, साहित्य, कळा, स्थापत्य, इतिहास,
जीवनचरित्र ने समाजप्रगतिने लगता विषयोनुं उत्तम मासिक *

जैन युग

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

दरेक १लो तारीखे प्रगट थाय छे.

भारतमां वार्षिक लवाजम रूपीआ २) बे

卐

अनुक्रम : नवेम्बर १९५९

	पृष्ठ नं.	
	१	જૈન યુગનું ત્રીજું વર્ષ
કાર્યાલય નોંધ	૩	શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ
	૫	સમાચાર સંકલન
પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ	૭	શ્રમણભગવાન મહાવીર પ્રભુનો અઢાર ભવમો ત્રિપૃષ્ટ-વાસુદેવ
પૂ. મુનિ શ્રીપુણ્યવિજયજી મહારાજ	૧૧	જ્ઞાનભંડારોની સમૃદ્ધિ
ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ., પીએચ. ડી.	૨૧	પ્રાકૃત અને જૈન અધ્યયનની પ્રગતિ
કુ. 'ચંદ્રરેખા'	૨૮	અનન્ય અવલંબ
શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ	૩૦	ધર્મશુદ્ધિનો પ્રયોગ
श्री. र. मिश्र	३५	वंचनाकी प्रगति यह मानवजीवनकी अधोगति है
Dr. Umakant P. Shah, M. A., Ph. D.	37	Jaina Stories in Stone at Abu and Kumbharia

卐

આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે લેખના લેખકો જ સર્વ રીતે જોખમદાર રહેશે.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ કાર્યાલય
ગોડીજી બિલ્ડિંગ, ૨૦, પાયધૂની,
કાલબાદેવી, મુંબઈ નં. ૨



Fig. 1 A NATIVITY SCENE—BIRTH OF KRISHNA (?)
LŪṆAVASAHI, Mt. ABU.

Photo : Dr. Umakant P. Shah]

[See p. 37 for description



FIG. 5 LIFE OF ŚANTINATHA WITH SAMAVAṢARANA
REPRESENTED IN THE CENTRE, JAIN TEMPLE, KUMBHĀRIA.

Copyright : Dr. Umakant P. Shah]

[See p. 39 for description

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ का મુખપત્ર

વર્ષ : જૂનું ૨૨, નવું ૩ ✠ વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૬ ✠ તા. ૧ નવેમ્બર ૧૯૫૯ ✠ અંક ૧

न वि मारिअइ न वि चोरिअइ, परदारह संगु निवारिअइ ।
थोवाह वि थोवं दाअइ, वसणि दुगु दुगु जाइयइ ॥

ન કોઈને મારીએ, ન કશું ચોરીએ, પરદારાનો સંગ નિવારીએ; થોડામાંથી પણ થોડું દીજીએ,—(એમ) સંસારદુઃખ ઝટ ઓછું કીજીએ.

—સિદ્ધસેન પ્રબંધ

卐

"જૈન યુગ"નું ત્રીજું વર્ષ

"જૈન યુગ"ના ત્રીજા વર્ષનો આરંભ આ અંકથી થાય છે, તે પ્રસંગે અમે અમારો હર્ષ વ્યક્ત કરીએ છીએ.

"જૈન યુગ"નું પુનઃપ્રકાશન એ અમારે માટે આનંદનો અને ગૌરવનો વિષય છે. પણ સાથે સાથે એને સર્વાંગસંપૂર્ણ, અને અત્યારના સમયની માગણી પ્રમાણે એને જૈનસંસ્કૃતિનું સાચું સંદેશવાહક બનાવવાને માટે હજી આપણે ઘણું ઘણું કરવાનું બાકી છે, એ વાત પણ અત્રે ભૂલી શકાય એમ નથી.

આજે વિદ્યાનાં નવાં નવાં ક્ષેત્રોનું જે રીતે ખેડાણ થઈ રહ્યું છે, અને જ્ઞાન અને વિજ્ઞાનના ક્ષેત્રે માનવીની જિજ્ઞાસા નવે નવે રૂપે જે ઝડપથી આગળ વધી રહી છે, તે જોતાં જૈન સાહિત્યના પ્રચાર કે પ્રસાર માટે આપણે જે કરવું જોઈએ, એમાં તો આપણે પાશેરામાં પહેલી પૂણી જેટલું પણ નથી કરી શક્યા, એમ કબૂલ કર્યા વગર ચાલે એમ નથી.

આજે તો જૈનસંસ્કૃતિ અને જૈનસાહિત્ય માટે એવો સરસ સમય આવ્યો છે કે જો આપણે થોડો પણ સાચો પ્રયત્ન કરીએ તો એનું અનેકગણું ફળ આપણને તરત જ મળી શકે. "જૈન યુગ"ની ઉમેદ છે કે એ જૈન સમાજની સેવા કરવાની સાથે સાથે જૈનસંસ્કૃતિની સેવામાં પણ પોતાનો વિનમ્ર ફાળો આપે.

અમે, ત્રીજા વર્ષના આરંભ સમયે "જૈન યુગ"ના લેખકો, ગ્રાહકો, વાચકો, સહાયકો અને શુભેચ્છકોનો હાર્દિક આભાર માનીએ છીએ; અને અમારી આવી ઉમેદને સફળ કરવામાં આખા સંઘનો અમને પૂર્ણ સહકાર પ્રાપ્ત થાઓ, અને "જૈન યુગ" જૈનસંસ્કૃતિનું એક નમૂનેદાર સંદેશવાહક બનો, એવી પ્રાર્થના કરીએ છીએ.

નવા વર્ષના આરંભ સમયે

વિક્રમનું સં. ૨૦૧૫નું વર્ષ આખા ભારત દેશમાં ઠેરઠેર અપાર તારાજી વેરીને વિદાય થયું છે. માત્ર ગણ્યાગાંઠ્યા પ્રદેશોને બાદ કરતાં દેશના લગભગ મોટા ભાગના પ્રદેશો ઉપર અતિવૃષ્ટિ અને નદીઓનાં પૂરે ભારે આફત વર્ષાવી છે. અને આ આફતના કારણે ઠેરઠેર જે પારાવાર નુકસાન થયું છે તેની પૂર્તિ તો ન માલૂમ ક્યારે પૂરી થશે, એ કહેવું મુશ્કેલ છે.

એટલું સારું થયું કે આ માટે આપણી બધી સરકારો પણ ઠીકઠીક જાગ્રત બની હતી અને આપણી સામાજિક કે રાષ્ટ્રીય સંસ્થાઓએ પણ પ્રશંસાપાત્ર ચેતના દાખવી હતી; તેમ જ પ્રજા અને પ્રજાના આગેવાનો પણ સત્વર કામે લાગી ગયા હતા. આ બધી તાત્કાલિક અને ઝડપી મદદને કારણે જ આ મહાસંકટ અતિ અલ્પાંશે પણ એમાં સપડાયેલા જનસમૂહને માટે સહ્ય બની શકયું હતું; અને સાથે સાથે એમને પ્રાથમિક જરૂરિયાત રૂપ કેટલીક રાહત પણ પહોંચાડી શકાઈ હતી.

આફતના કારમા ઓળા પથરાવા અને દેખાવા લાગે છે ત્યારે માનવીના અંતરમાં એકતા અને સહકારની ભાવના આપોઆપ પ્રગટી નીકળે છે અને અંદરઅંદરના નજીવા અને નમાલા મતભેદોને માનવી આઘા હડસેલી મૂકે છે, એ વાતનો આ વર્ષે આપણને અને આખા દેશને ઠીકઠીક અનુભવ મળ્યો છે, એમ કહી શકાય.

પણ દુઃખ દેખાય ત્યાં એકરૂપ થઈને સહકાર સાધીએ અને દુઃખ દૂર થાય કે સુખના દિવસો દેખાવા લાગે કે પાછા અનેકરૂપ બની જઈને લડવા-ઝઘડવા માંડીએ કે મતભેદોના વાવંટોળમાં અટવાઈ જઈને મૂળ ધ્યેયને ભૂલી જઈએ, એવી ચંચળવૃત્તિ કોઈ રીતે ઇચ્છવા જેવી નથી. જો આપણે રાષ્ટ્રરૂપે અને સમાજરૂપે સાચે જ જીવવું હોય અને આપણી જાતને એક ખમીરદાર પ્રજા કે સમાજ તરીકે પુરવાર કરી આપવી હોય તો સુખ કે દુઃખથી ભરેલા દિવસોની ખેવના કર્યા વગર જ આપણે એકતા અને સહકારની ભાવના સાધતા શીખવું જોઈશે.

જો એકતા અને સહકારને માટે દુઃખ કે સંકટની જ નિરંતર જરૂર રહેલી હોય તો એ એકતા અને સહકાર કેવળ પત્તાંના કે રેતીના મહેલના જેવાં નકલી જ બની રહેવાનાં; અને અણીને વખતે આપણને દગો દઈ બેસવાનાં.

ભારતવર્ષે એના ભૂતકાળમાં તો આવા અનેક માઠા પ્રસંગોનો ધરાઈ ધરાઈને અનુભવ કર્યો છે અને એનાં માઠાં પરિણામ છેક અત્યારસુધી પણ આપણે ભોગવી રહ્યા છીએ, કે જ્યારે છતાં સાધનો, છતી શક્તિ, છતી ભાવના અને છતી સંપત્તિએ કેવળ એકતા અને સહકારની ભાવનાના અભાવે આપણો દેશ પરદેશીઓના હાથે અનેકવાર લૂંટાયો અને એમના બંધનમાં સુદ્ધાં પડ્યો. સાથે સાથે આપણા દેશના ધર્મો અને સમાજો પણ વેરવિખેર અને હતપ્રાણ જેવા બની ગયા હતા. આ બધું દુષ્પરિણામ મુખ્યત્વે એકતા અને સહકારના અભાવને કારણે જ ઉત્પન્ન થયું હતું.

એટલે દેશને માથે આ વર્ષે જે અપાર આફત વરસી અને એમાં આપણાં લાખો ભાઈ-બહેનોએ જે અવર્ણનીય નુકસાન અને દુઃખ ઉઠાવ્યું એને માટે તો જેટલું દુઃખ લગાડીએ અને જેટલી દિલગીરી અને સહાનુભૂતિ દાખવીએ તેટલી ઓછી છે. પણ આવા મોટા દુઃખદ પ્રસંગે કેવળ લાગણી કે ભાવના બતાવીને સંતોષ માની લઈએ કે થોડીઘણી મદદ માટે હાથ લંબાવીને તૃપ્ત થઈ જઈએ એટલું બસ નથી. આમાંથી કાયમી એકતા અને સહકારની ભાવનાને આપણા જીવનમાં આત્મસાત કરીને વણી લેવાનો સંકલ્પ કરીએ અને અંદરઅંદરના કલેશો કે મતભેદોને દૂર કરીએ, એ જ બોધપાઠ લેવા જેવો છે. અસારમાંથી સારનું ગ્રહણ કરી લેવાનું નીતિવેત્તાઓએ જે ઉદ્બોધન કર્યું છે એનું આ જ રહસ્ય છે.

વળી ૨૦૧૫ની સાલમાં અતિવૃષ્ટિની જે આફત વરસી ગઈ તેટલા માત્રથી એનાં દુષ્પરિણામોની પૂર્ણાહુતિ થવાની નથી. એનાં ખરેખરાં માઠાં પરિણામો પાકને માટે કેવાં આવે છે, અને આ વર્ષમાં આપણે દુષ્કાળનો સામનો કેવો કરવો પડે છે, એ ઉપરથી જ આજથી શરૂ થતું વિ. સં. ૨૦૧૬નું વર્ષ દેશને માટે કેવું સાબિત થવાનું છે, એ નક્કી કરી શકાશે. અને એનું પૂરું ચિત્ર ઊપસતાં તો હજુ ઠીક ઠીક સમય લાગશે.

એટલે અત્યારે તો વીતેલા વર્ષમાં વેઠવી પડેલી મુશ્કેલીઓ અને આવતું વર્ષ કેવું નીવડશે એની ચિંતા : કાળ દેવતાની ચક્કીનાં આ બે પડોની વચ્ચે આપણે ભીંસાઈ કે પિસાઈ રહ્યા છીએ એવે સમયે આપણા નવીન વર્ષનો આરંભ થાય છે; ત્યારે વીતેલા વર્ષને શુભેચ્છા દાખવી મધુર સ્મરણો સાથે વિદાય આપવાની અને ઉત્સાહપૂર્વક નવા વર્ષમાં મંગળ વધામણાં કરવાની પ્રજામાં હોંશ ન હોય તો એમાં પ્રજાનો દોષ કાઢી ન શકાય.

વળી જેમની પાસે સંપત્તિના ગંજ ખડકાયેલા પડ્યા છે એમને તો અન્ન, વસ્ત્ર, આવાસ કે જીવનની અનિવાર્ય જરૂરિયાતરૂપ વસ્તુઓ થોડીક મોંઘી થાય કે સસ્તી થાય, એની કશી જ ચિંતા કે પરવા કરવાપણું છે જ નહીં. પણ જેઓ સાવ સાધારણ સ્થિતિના છે, જેઓ

આજે રળે અને કાલે ખાય એવી આકાશવૃત્તિમાં જીવી રહ્યા છે, જેઓ ગરીબ છે અને જેઓની પાસે આવકનું કશું સાધન ન હોઈ કોઈની દયા ઉપર જ જેમને જીવવાનું છે એમની હાલત મોંઘવારીમાં જરાપણ વધારો થઈ જતાં કેવી મુશ્કેલીભરી, કેવી દયનીય અને કેવી ચિંતાભરી થઈ જવાની છે, એ તો જેને અનુભવ થયો હોય તે જ જાણે. એટલે અત્યારે તો એ જ વિચારવા જેવું છે.

પણ અત્યારે તો જાણે આ વાર્તા અંત વગરની હોય એમ જ લાગી જાય છે. અને એનો ઉકેલ ક્યારે લાધશે અને સામાન્ય અને ગરીબ વર્ગ ક્યારે રાહતનો અનુભવ કરશે એ કહેવું મુશ્કેલ છે. આશાનો કોઈ તંતુ નજરે પડતો નથી.

આમ છતાં આપણે એટલી આશા ન ગુમાવીએ કે દુઃખના દિવસો પણ કંઈ અમરફળ ખાઈને નથી આવતા. રાત્રિની જેમ એ પણ ક્યારેક દૂર થઈ જશે, અને આપણાં બધાં ભાઈ–ભગિનીઓ સુખના દિવસોનો મધુર આનંદ માણવા ભાગ્યશાળી થશે, અને ફરી પાછો સર્વત્ર સુખના સૂર્યનો પ્રકાશ પ્રસરી રહેશે.

સાથે સાથે આપણે એ પણ સમજી રાખીએ કે કેવળ શુભેચ્છા અને અભિનંદનની આપલે કરીને જ સંતુષ્ટ બની રહેવાને બદલે દૃઢ સંકલ્પશક્તિ કેળવીને આપણે પુરુષાર્થી બનીશું અને માળાના જુદા જુદા મણકાઓને એક સ્થાને નાથી રાખનાર દોરાની જેમ એકતા અને સહકારની ભાવનાને સજીવન કરીશું તો આપણું ભાવિ અવશ્ય ઉજ્જવળ બનશે. અને તો પછી કોઈ પણ મુસીબત આપણી શક્તિને અને આપણી રાષ્ટ્રભક્તિને પડકારરૂપ નહીં જ બની શકે.

અમને તો ચોક્કસ લાગે છે કે એકતા અને સહકારની ભાવના, એ જ આજના યુગની સૌથી મોટી જરૂરિયાત છે. નવીન વર્ષનાં વધામણાં કરતી વેળાએ એ ભાવનાનું મુખ્ય તત્ત્વ પિછાનવું અને એને જીવનમાં વણી લેવાનો સંકલ્પ કરવો, એ જ નવીન વર્ષને મુબારક બનાવવાનો કીમિયો છે.

અમારા વાચકોને અને સૌને નવીન વર્ષનાં અમારાં અભિનંદન અને નવીન વર્ષની અમારી શુભેચ્છા.

સૌ સુખી થાઓ, કોઈ પણ દુઃખી ન થાઓ અને સર્વનો ઉદય થાઓ; એ જ આજના શુભદિનની પવિત્ર પ્રાર્થના !

卐

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

કાર્યવાહી સમિતિની સભા

કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની સભા, મુંબઈમાં બુધવાર તા. ૨૧ ઑક્ટોબર ૧૯૫૯ના રોજ બપોરના ૪–૩૦ વાગે કૉન્ફરન્સ કાર્યાલયમાં શ્રી. મોહનલાલ લલ્લુચંદ શાહના પ્રમુખસ્થાને મળી હતી. સાત સભ્યો હાજર હતા. તે સમયે નીચે પ્રમાણે કાર્ય કરવામાં આવ્યું હતું :—

(૧) છેલ્લી બેઠકની મિનિટ્સ રજૂ થતાં તે બહાલ રાખવામાં આવી હતી. (૨) કૉન્ફરન્સનું આગામી અધિવેશન કલકત્તામાં મેળવવા અંગેની સર્વ હકીકત ઉપર સંપૂર્ણ વિચારણા કર્યા બાદ, આ અંગે કલકત્તામાં જે પ્રયાસો થયા તે બદલ આભાર વ્યક્ત કરી શ્રી આત્માનંદ જૈન મહાસભા–પંજાબ–અંબાલાના મહામંત્રી શ્રી. બાબુરામજી જૈન (ઝીરા)ના તાર અને પત્રાદિ ઉપરથી આગામી અધિવેશન માર્ચ, ૧૯૬૦માં પંજાબમાં ભરવા માટેનું આમંત્રણ સહર્ષ સ્વીકારી તે અંગેની ઘટતી સર્વ વ્યવસ્થા કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું. (૩) સંવત ૨૦૧૫નો હિસાબ તપાસવા વિ. માટે મેસર્સ બી. એમ. મહેતાની કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની રૂા. ૧૫૦)ના ઑનોરેરિયમથી ઑડિટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

તદુપરાંત સૂરતમાં જળસંકટથી ઉપસ્થિત થયેલ મુશ્કેલીમાં જૈનોના રાહતકાર્ય માટે શ્રી દેશાઈ પોળ જૈન પેઢી (સૂરત)ને રૂપિયા એક હજારની રકમ કૉન્ફરન્સ

તરફથી અપાઈ તે શ્રી શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ ફંડ ખાતે ઉધારવાની બહાલી અપાઈ હતી. બાદ બીજાં કેટલાંક કારોબારી કાર્ય અંગે સભાએ વિચારણા કરી હતી.

'જૈન યુગ' વ્યવસ્થાપક મંડળ

જૈન યુગ વ્યવસ્થાપક મંડળની સભા તા. ૨૧-૧૦-૧૯૫૯ના રોજ શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહના પ્રમુખપદે કૉન્ફરન્સ કાર્યાલયમાં મળી હતી; જે વખતે જૈનયુગના સંચાલનાદિ અંગે કેટલીક મહત્વની વિચારણા કરવામાં આવી હતી.

સામાન્ય સભાસદો

શ્રી પર્યુષણ પ્રસંગેની અપીલના પ્રત્યુત્તરમાં નીચે પ્રમાણેના ગૃહસ્થોએ જે સામાન્ય સભાસદો બનાવી સંસ્થાને તેની રકમ મોકલી આપેલી છે તે બદલ આભાર માનીએ છીએ.

અગાઉ નોંધાયેલ સભ્યો ૭૩, (૧) શ્રી. દીપચંદ રામચંદ વખારીઆ, બારશી ટાઉન દ્વારા ૯૧ (૨) શ્રી. મનુભાઈ કે. શાહ. દહેગામ દ્વારા ૬૦. (૩) શ્રી. જયંતિલાલ કાલિદાસ મહેતા, પાલણપુર દ્વારા ૨૦, (૪) શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી, મુંબઈ દ્વારા ૧૧, (૫) શ્રી રાયચંદ હરચંદ શાહ, વલસાડ દ્વારા ૨૦ અને (૬) શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ અંબાલા દ્વારા ૮૭; કુલ ૩૬૨.

સ્થાયી સમિતિના સભ્યો અને 'જૈન યુગ'

કૉન્ફરન્સની અખિલ ભારત સ્થાયી સમિતિના સભ્યોએ બંધારણાનુસાર પ્રતિવર્ષ રૂા. ૫) પાંચનું લવાજમ મોડામાં મોડા મહા વદ ૭) સુધીમાં આપવાનું હોય છે. એ બાબતમાં કૉન્ફરન્સ તરફથી પત્ર અને 'જૈન યુગ' દ્વારા વખતોવખત સૂચનાઓ અપાયા છતાં કેટલાય સભ્યોનું લવાજમ પ્રાપ્ત થયેલ નથી. તે સભ્યોને 'જૈન યુગ'ના ગ્રાહક થવા માટે પણ અનેક વખતે વિનંતી થયેલી છે. આ પ્રમાણે બંધારણાનુસાર લવાજમ નહિ મોકલનાર અને/અથવા 'જૈન યુગ'ના ગ્રાહક ન થનારને અયોક્કસ સમય પર્યન્ત 'જૈન યુગ' મોકલી શકાય તેવી પરિસ્થિતિ નથી અને તેથી આ અંકથી તેઓને મોકલવાનું સખેદ બંધ કરવામાં આવેલ છે.

સ્વ. શ્રી. વીરચંદ પાનાચંદ શાહ.

"જીવનની સાર્થકતાનો સરવાળો લોકવાણીમાં સમાયેલ છે, મન-વચન અને કાયાના યોગથી સધાયેલ સત્કાર્યોની સુવાસ જગતમાં પ્રસરે છે અને તેને આપણા જીવનમાં ઉતારીએ તો જ સદ્‌ગતને ખરી અંજલિ અર્પી ગણાય"—એ પ્રમાણેના ઉદ્‌ગારો શ્રી. રમણલાલ દલસુખભાઈ શ્રૉફે પ્રમુખપદેથી જાહેર શોકસભામાં ઉચ્ચાર્યા હતા.

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ આદિ વીસ જાહેર સંસ્થાઓના ઉપક્રમે શ્રી વીરચંદ પાનાચંદ શાહના મુંબઈમાં તા. ૧૧-૧૦-૧૯૫૯ના રોજ થયેલ સ્વર્ગવાસ બદલ શોક પ્રદર્શિત કરવા શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રૉફના પ્રમુખપદે, શનિવાર તા. ૨૪-૧૦-૧૯૫૯ના રોજ જાહેર સભા યોજાતાં કૉન્ફરન્સના મુખ્ય મંત્રી શ્રી જયંતીલાલ રતનચંદ શાહે સદ્‌ગતને એક વીર યોદ્ધા તરીકે અંજલિ અર્પી હતી. શ્રી. ચીનુભાઈ લાલભાઈ શેઠે શ્રી. વીરચંદભાઈનો કૉન્ફરન્સ અને બાલાશ્રમાદિ જૈન સમાજની અનેક સંસ્થાઓ સાથેનો વર્ષો પર્યન્તનો સંબંધ અને સેવાનો ખ્યાલ આપ્યો હતો. શ્રી. ભાઈચંદ શાહે જણાવ્યું, કે શ્રી. વીરચંદભાઈના જીવનમાં સાહસિકતા, નીડરતા અને દુરંદેશિતાનાં દર્શન થતા હતા. શ્રી. કેશરીચંદ જેસંગલાલ શાહે વર્ષો પૂર્વેની દાંડી કૂચ, રાજકોટ સત્યાગ્રહ અને મુંબઈની કૉંગ્રેસની લડતમાં સ્વર્ગસ્થે ભજવેલ ભાગની યાદ આપી હતી. બાદ ૭ નવકાર ગણી શોકદર્શક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. શ્રી. ચંદુલાલ ટી. શાહ અને શ્રી. દીપચંદ મ. શાહના પ્રવચન બાદ સભા પૂર્ણ થઈ હતી.

આગામી ધાર્મિક પરીક્ષાઓ

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડની શ્રી. પ્રફુલચંદ બબલચંદ મોદી પુરુષવર્ગ અને શ્રી. કાંતાબેન બબલચંદ મોદી સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઈની ઇનામી પરીક્ષાઓ રવિવાર તા. ૨૦ ડિસેંબર ૧૯૫૯ના રોજ બપોરના ૧ થી ૪ સુધીમાં જુદાં જુદાં કેન્દ્રોમાં લેવાશે.

આ પરીક્ષાઓ માટેના પ્રવેશપત્રો મોડામાં મોડા તા. ૧૫મી નવેમ્બર ૧૯૫૯ સુધીમાં બોર્ડના કાર્યાલયમાં (શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ, C/o શ્રી. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, ગોડીજી બિલ્ડિંગ. બીજે માળે, ૨૦, પાયધુની. પોસ્ટ કાલબાદેવી, મુંબઈ ૨) સ્વીકારાશે.

ક્ષમાયાચના

અનિવાર્ય કારણોને લીધે આ અંક મોડો તૈયાર થયો છે, જે માટે ક્ષમા યાચીએ છીએ.

—તંત્રીઓ, "જૈન યુગ"

卐

સમાચાર સંકલન

ગૌરવપ્રદ વરણી

સને ૧૯૬૨માં મળનાર ઑલ ઇન્ડિયા ઑરિયેન્ટલ કૉન્ફરન્સ (અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ)ના એકવીસમા અધિવેશન માટેના વિભાગીય પ્રમુખોની ચૂંટણી ગયા માસમાં ભુવનેશ્વરમાં થઈ; જેમાં 'પ્રાકૃત અને જૈનધર્મ' વિભાગના પ્રમુખ તરીકે પૂ શ્રી. પુણ્યવિજયજી મહારાજ અને 'ધર્મ અને તત્ત્વજ્ઞાન' વિભાગના પ્રમુખ તરીકે શ્રી. પં. સુખલાલજીની વરણી થઈ છે. કલા અને ટેકનિકલ સાયન્સ વિભાગના પ્રમુખ તરીકે પ્રાચીન જૈન કલા અને સ્થાપત્યના નિષ્ણાત ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ ચૂંટાયા છે.

યુવાન ચિત્રકાર

શ્રી. શાંતિલાલ શાહ દોઢ વર્ષના યુરોપના અભ્યાસ-પ્રવાસેથી તાજેતરમાં પાછા ફર્યા છે. શ્રી. શાહે ઇટલી, જર્મની, હૉલેન્ડ, ફ્રાન્સ, સ્પેઇન, ઇંગ્લાંડ, સ્કૉટલાંડ, વગેરે દેશોની મુલાકાત લઈ ત્યાંની કલા પ્રવૃત્તિનો અભ્યાસ કર્યો છે. પૅરિસ, રોમ, મ્યુનિચ, હેગ, એમસ્ટરડામ અને લંડનમાં તેમની કલાકૃતિઓનાં પ્રદર્શનો યોજાયાં હતાં. આ પ્રવાસ પહેલાં ભારત સરકારની શિષ્યવૃત્તિથી મદ્રાસની શિલ્પશાળામાં શ્રી. શાહે બે વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો હતો. મદ્રાસ, કલકત્તા અને કોલમ્બોમાં ભરાયેલ તેમનાં ચિત્રોનાં પ્રદર્શનોથી પ્રભાવિત થઈને, પશ્ચિમ જર્મની અને હૉલેન્ડની સરકારે કલાભ્યાસ માટે શિષ્યવૃત્તિઓ આપી હતી. બે માસ અગાઉ તેમનાં સુનંદાં ચિત્રો અને 'એચિંગ્સ'નું પ્રદર્શન લંડનમાં ભારત એલચી શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે ખુલ્લું મૂકયું હતું. ભારતીય ચિત્રકલાના વિવિધ નમૂનાઓ રજૂ કરતા ગુજરાતી સાહિત્ય પરિષદના વીસમા સંમેલનના કલાપ્રદર્શનમાં શ્રી શાંતિલાલ શાહના ચિત્રો ખાસ ધ્યાન ખેંચતાં હતાં.

શ્રી દલસુખભાઈ માલવણિયા

શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને તેમના કુટુંબીજનોની સહાયથી બે વર્ષ પૂર્વે શરૂ થયેલ શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના મુખ્ય સંચાલક (ડાયરેક્ટર) તરીકે શ્રી. દલસુખભાઈ માલવણિયાની નિમણૂક થયેલ છે. શ્રી. દલસુખભાઈ માલવણિયા હાલ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જૈનદર્શનના અધ્યાપક છે.

ઉદાર સખાવત

અમદાવાદમાં જુદીજુદી કૉલેજોનું સંચાલન કરતી 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી'ને શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ રૂા. ૧,૮૫,૦૦૦ ભેટ આપેલ છે. આ રીતે એજ્યુકેશન સોસાયટીને અત્યારસુધીમાં શેઠ શ્રી કસ્તુરભાઈ તરફથી છત્રીસ લાખ રૂપિયાની ઉદાર સખાવત મળેલ છે. તે ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીને શેઠશ્રી કસ્તુરભાઈએ અગાઉ બાર લાખ રૂપિયા અર્પણ કર્યા હતા.

શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગને સ્પર્શતા સમાચાર તા. ૨૦મી સુધીમાં દર મહિને નીચે જણાવેલ સરનામે મોકલવા નિમંત્રણ છે. આ સમાચાર ટૂંકા અને મુદ્દાસરના સ્પષ્ટ હસ્તાક્ષરમાં શાહીથી લખેલા હોવા જોઈએ. સમાચાર મોકલનારે પોતાનું પૂરું નામ, સરનામું જણાવવું જરૂરી છે.

તંત્રીઓ, "જૈનયુગ"
C/o શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ
ગોડીજી બિલ્ડીંગ; ૨૦, પાયધુની, મુંબઈ ૨



'Diamond'

PURE GOLD BARS

OF

MANILAL CHIMANLAL & CO.

AVAILABLE IN 5, 1, 1/2 & 1/4 TOLA

WE BUY OLD GOLD AND SILVER ORNAMENTS AND OTHER ARTICLES.

MANILAL CHIMANLAL & CO.

188, SHROFF BAZAR, BOMBAY 2

PHONE: 20898

GRAM: "KAKALJI"

સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

NATIONAL REFINERY NR BOMBAY

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન એસોસિએશન લિ. મુંબઈ – ૨

તેમજ

ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લેબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ ન. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
ઍન્ડ ઍસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ – ૩. તાર : ARGOR

શ્રમણ ભગવાન મહાવીરપ્રભુનો અઢારમો ભવ ત્રિપૃષ્ઠ-વાસુદેવ

પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

[અહીં શ્રમણ ભગવાન મહાવીરનો સોળમો 'વિશ્વભૂતિ મુનિ' નો ભવ વર્ણવાયો છે. હવે તે પછીના ભવોનું અને તેમાં પણ મુખ્યત્વે અઢારમા– 'ત્રિપૃષ્ઠ વાસુદેવ' ના ભવનું આ લેખમાં મુખ્યત્વે આલેખન શરૂ કરવામાં આવે છે.—સંપાદક, 'જૈનયુગ']

વિશ્વભૂતિના જીવનમાં અવનવા રંગો

વિશ્વભૂતિનો ભવ ગૃહસ્થાશ્રમ તેમજ સાધુજીવનની અપેક્ષાએ અવનવા રંગથી ભરેલો હતો. રાજકુલમાં રાજકુમાર તરીકે જન્મ, અદ્‌ભુત શારીરિકબલ, વડીલોના પક્ષપાતી જીવનની જાણ થતાં મનોમંદિરમાં વૈરાગ્યનો ઉદ્‌ભવ અને ચારિત્રગ્રહણ, સંયમી જીવનમાં જ્ઞાન-ધ્યાન સાથે માસક્ષમણ-માસક્ષમણ જેવી ઉગ્ર તપશ્ચર્યા, મથુરામાં પારણા પ્રસંગે ગોચરી માટે જતાં ગાયની હડફેટથી ભૂમિ ઉપર પડી જવાના અવસરે વિશાખનન્દીએ કરેલો ઉપહાસ, એ ઉપહાસે જન્માવેલ વિશાખનન્દી ઉપર વૈરવૃત્તિ અને ભવાંતરમાં બદલો લેવા માટે કરેલ નિયાણું, છેવટે આલોચના કર્યા સિવાય આયુષ્યની પૂર્ણાહૂતિ તેમ જ સાતમા શુક્ર દેવલોકમાં મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પત્તિ આ પ્રમાણે સોળમો ભવ વિશુદ્ધ અને સંક્લિષ્ટ પરિણામો તેવી જ શુભ-અશુભપ્રવૃત્તિના ચિત્રવિચિત્ર ભાવોથી ભરપુર હતો.

જીવોના બે પ્રકાર–ક્ષપિત કર્માંશ અને ગુણિત કર્માંશ

જે જીવાત્માઓને આજ સુધીમાં એકવાર પણ સમ્યક્‌દર્શનજન્ય આત્મજ્ઞાન અને તે પહેલાની ભૂમિકાઓ પ્રાપ્ત થયેલ નથી, તેવા આત્માઓને તો હજી વિકાસક્રમનો પ્રારંભ જ થયો નથી. તે આત્માઓ તો હજુ અજ્ઞાનના ઘોર અંધકારમાં અટવાઈ રહેલા હોય છે. ચરમપુદ્‌ગલ પરાવર્ત ક્રિયાની અભિરુચિ, માર્ગાનુસારિતા જિનવાણીનું શ્રવણ કરવા માટે અંતરનો પ્રેમ અને તેના ફળ સ્વરૂપે કષાઓની મંદતા થવા સાથે સમ્યક્‌દર્શન ગુણની પ્રાપ્તિ, આ બધી સંસારી જીવાત્માના વિકાસક્રમની પ્રાથમિક અવસ્થાઓ છે. એકવાર આત્માનો વિકાસ શરૂ થયા બાદ અમુક જીવાત્માઓ એવા પણ હોય છે, કે જેનો ક્રમશઃ ઉત્તરોત્તર વિકાસ ચાલુ રહે છે. વિકાસનો પ્રારંભ થયા બાદ પ્રાયઃ તેમાં અવરોધ આવતો નથી અને એવું પણ બને છે કે જે ભવમાં સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ તે જ ભવમાં ભાવ ચારિત્ર. ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ અને કેવળજ્ઞાન સાથે મોક્ષ પણ હાજર થાય છે. પણ આવી ઉત્તમ પરિસ્થિતિવાળા જીવો ઘણી અલ્પ સંખ્યામાં હોય છે. શાસ્ત્ર-સિદ્ધાન્તોમાં બે પ્રકારના સંસારી જીવો વર્ણવ્યા છે. અમુક જીવો ક્ષપિતકર્માંશ વાળા હોય છે. જ્યારે અમુક જીવો ગુણિતકર્માંશ વાળા હોય છે.

આત્માનો આરોહ-અવરોહ અને ભવ્ય-અભવ્ય જીવો

ગમે તે જીવયોનિમાં ઉત્પન્ન થયા બાદ સ્વાભાવિક રીતે જે આત્માઓને અન્ય જીવોની અપેક્ષાએ ઓછામાં ઓછું કર્મબંધન અને વધુ પ્રમાણમાં કર્મનિર્જરાનો પ્રસંગ મળતો હોય એવા આત્માઓને ક્ષપિતકર્માંશ કહ્યા છે. અને જે આત્માઓ જે જે જીવાયોનિમાં ઉત્પન્ન થાય ત્યાં વધુ–વધુ કર્મબંધન કરવા સાથે ઓછામાં ઓછી કર્મનિર્જરા કરનારા હોય તેવા આત્માઓને ગુણિતકર્માંશ તરીકે સંબોધ્યા છે. આ બે પ્રકારના સંસારી જીવોમાં જે આત્માઓ ક્ષપિતકર્માંશ હોય છે તે આત્માઓનો એકવાર ગુણસ્થાનકની ભૂમિકા ઉપર આરોહ થયા બાદ પ્રાયઃ અવરોહ થવાનો સંભવ અલ્પ પ્રમાણમાં હોય છે પરંતુ જે આત્માઓ ગુણિતકર્માંશ હોય છે તેઓને પ્રાથમિક આરોહ પ્રાપ્ત થવો એ જેમ અત્યંત મુશ્કેલ છે, તે પ્રમાણે એકવાર આરોહ થયા બાદ આરોહમાં ને આરોહમાં જ ટકી રહેવું તે તો અત્યન્ત મુશ્કેલ છે. માતા મારુદેવા સરખા કોઈક જ ભવ્ય આત્માઓ પ્રથમ કક્ષામાં છે જ્યારે ભવ્યાત્માઓનો

મોટો સમુદાય બીજા નંબરની કક્ષામાં હોય છે. અભવ્ય આત્માઓ માટે તો આરોહ કિંવા વિકાસનું સ્થાન જ નથી. એ અભવ્ય જીવો ભલે એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય, મનુષ્ય થાય કે તિર્યંચ થાય. દેવનો અવતાર પામે કે નારક તરીકે ઉત્પન્ન થાય પરંતુ અંતરંગ દૃષ્ટિએ તે આત્માનો કોઈપણ કાળે વિકાસ થયો નથી અને ભાવિ કાળે થવાનો પણ નથી. અને એ કારણે જ તેમને અભવ્ય ગણવામાં આવ્યા છે. જીવત્વ અને અજીવત્વ જેમ અનાદિ પારિણામિક ભાવો છે તે પ્રમાણે ભવ્યત્વ અને અભવ્યત્વ એ પણ અનાદિ પારિણામિક ભાવ છે. જીવ તે ત્રણેય કાળમાં જીવ જ છે, અજીવ એ ત્રણેય કાળમાં જેમ અજીવ જ છે તેમ ભવ્ય કોઈપણ કાળે અભવ્ય ન થાય અને અભવ્ય કોઈ કાળે ભવ્ય ન થાય. જૈન દર્શનનો આ સનાતન સિદ્ધાંત છે.

ગુણસ્થાનકોમાં આરોહ-અવરોહ

નયસારના ભવમાં ભગવાન મહાવીર દેવના આત્માને સમ્યક્‌દર્શન પ્રાપ્ત થયા પછી મરિચિનો ભવ વિશ્વભૂતિ મુનિનો ભવ વગેરે ભવોમાં આત્માના વિકાસક્રમની અપેક્ષાએ આરોહ-અવરોહની પરિસ્થિતિ ચાલુ રહેલ છે. એક બાજુથી રાજ્યવૈભવનો પરિત્યાગ કરવા સાથે સંયમનો સ્વીકાર અને ઉગ્રતપોમય જીવનમાં કેવો ઉચ્ચ કક્ષાનો આત્માનો વિકાસ, એ જ સંયમીજીવનમાં જરા પોતાના ઉપહાસનો પ્રસંગ પ્રાપ્ત થતાં અહંભાવના કારણે નિયાણું બાંધવા જેવી ક્યાં એકદમ અધોગામી આત્માના અવરોહની દશા ! कत्थइ बलियं कम्मं, कत्थइ बलिओ आया. 'કોઈવાર કર્મસત્તા બલવાન બને છે, અને કોઈવાર આત્મસત્તા બલવાન બને છે' એ શાસ્ત્રીય વાક્યોનો આવા આરોહ-અવરોહ ભર્યા જીવનપ્રસંગથી સ્પષ્ટ ખ્યાલ આવે છે. સાતમા ગુણસ્થાનથી ઉપરના સર્વ ગુણસ્થાનોમાં ક્ષપકશ્રેણિની અપેક્ષાએ આત્મા માટે કેવળ આરોહની જ અવસ્થા હોય છે. અભવ્ય અને દુર્ભવ્ય તેમ જ જાતિભવ્યો માટે સદાય અવરોહની પ્રાયઃ અવસ્થા હોય છે. અને આસન્નભવ્યને પ્રથમ ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાન સુધી-અપેક્ષાએ સાતમા ગુણસ્થાન સુધી આરોહ-અવરોહ એમ ઉભય પ્રકારની પ્રાયઃ અવસ્થા હોય છે.

દ્રવ્યપાપ અને ભાવપાપના વિચારણા

વિશ્વભૂતિમુનિ આયુષ્યપૂર્ણ થયે, વૈમાનિક નિકાયના બાર દેવલોક પૈકી સાતમા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા અને દેવલોકમાં દેવભવનું આયુષ્ય પૂર્ણ થયા બાદ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં પોતનપુર નગરના પ્રજાપતિ-રાજાની મૃગાવતી રાણીની કુક્ષિથી, ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે તેમનો જન્મ થયો. વિશ્વભૂતિ મુનિના ભવમાં ભગવાન મહાવીર પ્રભુના આત્માએ જે નિયાણું કરેલ હતું, કે "મારા ચારિત્રપર્યાયમાં મેં જે કાંઈ તપશ્ચર્યા વગેરે ધર્મારાધન કરેલ છે તેના ફલ તરીકે મારા દિલમાં એક જ અભિલાષા છે, કે હવે પછી પ્રાપ્ત થનારા મનુષ્યભવમાં હું અત્યન્ત બલવાન બનું અને એ બલવડે વિશાખ-નન્દીના ઉપહાસનો બદલો લઈ શકું." ધર્મ જો ધર્મબુદ્ધિથી થાય તો તો એ ધર્મ અનન્તરપણે કે પરંપરાપણે આત્માને મોક્ષે પહોંચાડે છે. પરંતુ એ જ ધર્મ, ધર્મબુદ્ધિને બદલે ધન-દોલત-શારીરિક બલ, વગેરે ભૌતિક સુખની બુદ્ધિથી જ થાય, અથવા ધર્મપ્રવૃત્તિ કર્યા બાદ તેના ફલ તરીકે એકાંતે ભૌતિક સુખની જ ભાવના જો પ્રગટે તો અમુક સમય સુધી એકવાર ભૌતિક સુખની પ્રાપ્તિ તો આરાધેલા ધર્મના પ્રભાવે અવશ્ય થઈ જાય છે પરંતુ પરિણામે એ ભૌતિક સુખની પાછળ આત્માનું ઉભય પ્રકારે અધઃપતન થાય છે. વિશ્વભૂતિ મુનિના ભવમાં કરેલી સંયમ અને તપોધર્મની જે આરાધના આત્માને અલ્પ સમયમાં અનન્તનું પ્રભુત્વ પ્રાપ્ત કરાવનારી હતી તે આરાધનાની પાછળ તેવા પ્રકારની ભવિતવ્યતાના યોગે એકાન્ત ભૌતિક સુખની અભિલાષાથી ભરપુર નિયાણાની વૃત્તિ પ્રગટ થતા મોહનું પ્રાબલ્ય ખૂબ વૃદ્ધિ પામ્યું. અઢાર પાપસ્થાનકો પૈકી પ્રથમના હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, વગેરે પાંચ દ્રવ્યો પાપો છે. પણ ત્યાર પછીના ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, વગેરે પાપસ્થાનકોમાં ભાવપાપની પ્રધાનતા છે-જીવનમાં જેટલું દ્રવ્યપાપનું જોર તેટલા પ્રમાણમાં અઘાતી કર્મની અશુભ પ્રકૃતિઓ (પાપ-પ્રકૃતિઓ) નો આત્માને બંધ થાય. અને જેટલું રાગ દ્વેષ-વૈરવૃત્તિ, વગેરે ભાવપાપનું પ્રાબલ્ય તેટલા પ્રમાણમાં મોહનીય, વગેરે ઘાતીકર્મનો તીવ્ર બંધ થાય અને તેના ફળ સ્વરૂપે ભાવિકાળે આત્મા-નું અધઃપતન થતું જાય. જીવનમાં નિયાણાની વૃત્તિ પ્રગટ થવી એ પણ એક પ્રકારનું પ્રબલ ભાવપાપ છે. નિયાણું કરવા પહેલા અને નિયાણું કર્યા બાદ વિશ્વભૂતિ-મુનિ પંચમહાવ્રતધારી હોવાથી હિંસા-અસત્ય-વગેરે દ્રવ્યપાપનો તેમના જીવનમાં લગભગ અભાવ છે, અને તેના કારણે દ્રવ્યપુન્યનું જોર હોવાથી સત્તરમા ભવે

સાતમું સ્વર્ગલોક અને અઢારમા ભવે ત્રિપૃષ્ઠ વાસુદેવનો ભવ પ્રાપ્ત કરે છે. જીવનમાં જેટલો જેટલો દ્રવ્યપાપનો ત્યાગ તેટલો તેટલો દ્રવ્યધર્મ અને તેના ફલસ્વરૂપે પુન્યોદયના કારણે સ્વર્ગાદિ બાહ્ય સુખની પ્રાપ્તિ થાય તે જ પ્રમાણે જીવનમાં જેટલા અંશે ભાવપાપનો ત્યાગ તેટલે અંશે ભાવ ધર્મ અને તેના પ્રભાવે આત્માને સમ્યક્‌દર્શન, વગેરે અભ્યન્તર ગુણોની અનુકૂલતા પ્રગટ થાય છે.

ત્રિષષ્ટિ શલાકા પુરુષો

અઢીદ્વિપમાં ૫ ભરત, ૫ ઐરવ્રત અને ૫ મહાવિદેહ એમ કર્મભૂમિના ક્ષેત્રો ૧૫ છે. એ પંદર કર્મભૂમિઓ પૈકી પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં તીર્થંકર ચક્રવર્તી વગેરે શલાકા પુરુષોનો વિરહકાળ નથી. પરંતુ પાંચ ભરત અને પાંચ ઐરવ્રત ક્ષેત્રોમાં કાળચક્રનું પરિવર્તન હોવાના કારણે તીર્થંકર ચક્રવર્તી વગેરે ઉત્તમ પુરુષોનો સદાય સદ્ભાવ નથી હોતો. અવસર્પિણીમાં તૃતીય આરાના પર્યન્ત ભાગથી ચતુર્થ આરાના પર્યન્ત ભાગ સુધીમાં અને ઉત્સર્પિણીમાં તૃતિય આરાના પ્રારંભથી ચતુર્થ આરાના પ્રારંભ પછી અમુક કાળ સુધીમાં ચોવીશ તીર્થંકરો, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બલદેવ એમ ત્રેસઠ શલાકા પુરુષો શાસ્ત્રોક્ત મર્યાદા પ્રમાણે અવશ્ય થાય છે.

તીર્થંકરો અને ચક્રવર્તીઓ

તેમાં તીર્થંકર ભગવંતો ધર્મતીર્થના પ્રવર્ત્તક મહાગોપ-મહાનિર્યામક, મહા માહણ મહા સાર્થવાહ યાવત્ ધર્મ-ચક્રવર્તી હોય છે. તીર્થંકરે પ્રવર્તાવેલા ધર્મતીર્થના આલંબનથી અસંખ્ય આત્માઓ મુક્તિસુખના અધિકારી બને છે. તીર્થંકર ભગવંતો પોતે પણ આયુષ્ય પૂર્ણ થયે નિર્વાણપદ પ્રાપ્ત કરે છે. અશોકવૃક્ષ વગેરે અષ્ટ મહા-પ્રતિહાર્યો, વગેરે બાહ્ય અભ્યંતર ઐશ્વર્ય એ તીર્થંકર દેવો સિવાય કોઈ ને પણ સંભવતું નથી. અને એ કારણે જ એ ભગવંતો ધર્મદેવ ગણવામાં આવ્યા છે. ચક્રવર્તીઓ માનવગણના ઇન્દ્ર અથવા નરદેવ તરીકે ગણાય છે. છ ખંડનું ઐશ્વર્ય તેમને પ્રાપ્ત થયેલ હોય છે. બત્રીશ હજાર મુકુટબદ્ધ રાજાઓ ચક્રવર્તીની આજ્ઞાને આધીન હોય છે. ચૌદ રત્ન અને નવવિધાનની પુન્યોદયથી તેમને પ્રાપ્તિ થાય છે. હજારો યક્ષદેવો ચક્રવર્તીની સેવામાં હાજર રહે છે. આ અપૂર્વ વૈભવ પ્રાપ્ત થયા પછી—જે ચક્રવર્તીઓ વૈરાગ્યવાસિત બની ચારિત્ર ગ્રહણ કરે છે તે મહાનુભાવો મોક્ષ અથવા સ્વર્ગલોકને પ્રાપ્ત કરે છે, પણ-જે ચક્રવર્તીઓ પાપાનુબંધી પુન્યોદયવાળા હોવાથી વિષયકષાયની તીવ્રતાના કારણે વૈરાગ્ય રંગથી વંચિત રહે છે. તે ચક્રવર્તીઓ આયુષ્ય પૂર્ણ કરી નરક ગતિના અધિકારી થાય છે. આ અવસર્પિણી કાળે ભરત ક્ષેત્રમાં થયેલા ભરત વગેરે બાર ચક્રવર્તીઓમાંથી આઠ મોક્ષે ગયા છે. બે સ્વર્ગલોકમાં ગયા છે અને સુભૂમ તથા બ્રહ્મદત્ત બંને ચક્રવર્તીઓ સાતમી નરકે પહોંચ્યા છે.

વાસુદેવો તથા પ્રતિવાસુદેવો અને બલદેવો

વાસુદેવો નિશ્ચિતપણે પૂર્વભવમાં નિયાણું કરીને જ વાસુદેવપણું પ્રાપ્ત કરે છે. અને વાસુદેવપણામાં અનેક દુષ્કર્મો કરવા દ્વારા નરકગતિમાં જ જાય છે. વાસુદેવોને નરકગતિ સિવાય બીજી ગતિનો અભાવ હોય છે. પ્રતિવાસુદેવ અનેક રણસંગ્રામો વગેરે કરીને ત્રણ ખંડનું સામ્રાજ્ય ભેગું કરે. દરમિયાન વાસુદેવનો તે પ્રદેશમાં જન્મ થાય. યોગ્ય વયે વાસુદેવ પ્રતિવાસુદેવનો વધ કરી તેના ત્રિખંડ સામ્રાજ્યનો ભોક્તા બને. સોળ હજાર સામંતરાજાઓ તેની આજ્ઞાને શિરોમાન્ય કરનારા હોય, સાત રત્નની પણ તેમને પ્રાપ્તિ થાય. તે કાળના માનવી-ઓમાં સર્વથી વધુ કાયબલ તેમને વર્તતું હોય અને બધી ભોગોપભોગની સામગ્રી પાછળ મસ્ત બની અનેક પ્રકારના પાપાચરણો સેવી નરકમાં ચાલ્યા જાય. વાસુદેવો માટે શાસ્ત્રકથન આ પ્રમાણે છે. પ્રતિ વાસુદેવ અને વાસુદેવ બંને પરસ્પર પૂર્વ જન્મના અવશ્ય વૈરી હોય છે. પ્રતિ વાસુદેવ પોતાની શક્તિથી વર્ષો પર્યંત અનેક-પ્રકારની જહેમત ઉઠાવી ત્રણખંડનું ઐશ્વર્ય ભેગું કરે. પણ પોતાને એ ઐશ્વર્યનો ભોગવટો કરવાનો સમય આવે તે પહેલાં જ યૌવનવયે પહોંચેલા વાસુદેવ ગમે તે કારણે પ્રતિવાસુદેવ સાથે રણસંગ્રામ કરી, તેના ચક્રવડે તેનો શિરચ્છેદ કરી, પ્રતિવાસુદેવને યમસદનનો અતિથિ બનાવે. અને રૌદ્રધ્યાનમાં પરવશ બનેલો પ્રતિવાસુદેવ નરકગતિમાં ચાલ્યો જાય. બલદેવ અને વસુદેવ બંને સગા ભાઈ હોય. બંનેના પિતા એક પણ માતાઓ જુદીજુદી હોય, એમ છતાં બંને-ભાઇઓમાં અનન્ય સ્નેહસંબંધ વર્તતો હોય. એકબીજા, એકબીજા વિના રહી ન શકે. એટલી પરસ્પર પ્રીતિ હોય પરંતુ બંનેના અંતરંગજીવનમાં આભ-જમીનનું અંતર હોય છે. વાસુદેવનું જીવન જેટલું પાપમાં પરાયણ હોય બલદેવનું જીવન તેટલુંજ ધર્મપરાયણ હોય એટલું જ નહિ પણ અવસરે બલદેવનો આત્મા વૈરાગ્યરંગથી રંગાય-દીક્ષા ગ્રહણ કરે. જ્ઞાન-ધ્યાન-અને સંયમ-તપની આરાધના કરી સકલકર્મનો ક્ષય

કરવા દ્વારા મોક્ષે જાય અથવા છેવટ વૈમાનિક નિકાયમાં સ્વર્ગલોકના અધિકારી થાય. પાંચ ભરત અને પાંચ ઐરવ્રત ક્ષેત્રોમાં પ્રત્યેક અવસર્પિણી તથા ઉત્સર્પિણી દરમિયાન ઉપર જણાવ્યા પ્રમાણે ત્રેશઠ શલાકા પુરુષો થાય. એ ત્રેશઠ શલાકા પુરુષો પૈકી ચોવીશ તીર્થંકર દેવો તો નિશ્ચિતપણે તે જ ભવમાં મુક્તિગામી હોય છે બાકીના બાર ચક્રવર્તીઓ, નવ વાસુદેવો, નવ પ્રતિવાસુદેવો અને નવ બલદેવો પૈકી ઉપર જણાવ્યા મુજબ કોઈ મુક્તિમાં, કોઈ સ્વર્ગમાં અને કોઈ નરકમાં જાય છે. એમ છતાં સ્વર્ગ અને નરકમાં જનારા એ આત્માઓ અમુક ભવો બાદ છેવટે તો અવશ્ય મોક્ષગામી જ હોય છે.

પુત્રીના સાથેજ પિતાએ કરેલ ગાંધર્વલગ્ન

ભગવાન મહાવીર પ્રભુનો આત્મા-સત્તરમા ભવે શુક્ર દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી આ ભરતમાં પોતનપુરના નગરના રાજા પ્રજાપતિની રાણી મૃગાવતીની કુક્ષિથી પુત્ર તરીકે જન્મ પામ્યા; પુત્રનો આત્મા માતાની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયો ત્યારે માતાને સાત મહાસ્વપ્નો આવ્યા હતા. અરિહંત અથવા ચક્રવર્તીની માતા ચૌદ મહાસ્વપ્નને જોઈને જેમ જાગૃત થાય છે તેમ વાસુદેવના માતા સાત મહાસ્વપ્નને જોઈને જાગે છે. પોતનપુરના રાજાને બે રાણીઓ હતી. એકનું નામ ભદ્રા, અને બીજીનું નામ મૃગાવતી. ભદ્રા એ વિશિષ્ટ રાજકુલની કન્યા હતી અને રાજા પ્રજાપતિ સાથે યોગ્ય સમયે પાણિગ્રહણ થયા બાદ સંસાર સુખ ભોગવતા એક પુત્ર અને પુત્રીનો અનુક્રમે રાણી ભદ્રાએ જન્મ આપ્યો હતો. પુત્રનું નામ અચલકુમાર હતું. અને તે બલદેવ તરીકે જન્મ્યા હતા. તેમજ પુત્રીનું નામ મૃગાવતી હતું અને તેનું ભવિષ્યમાં પોતાના જ પિતા સાથે ગાંધર્વ લગ્ન થતાં એક વખતની પુત્રી પુત્રી પછીના સમયમાં રાજાની રાણી બની હતી. પ્રસંગ એવો બન્યો, કે પુત્રી મૃગાવતી યૌવનના આંગણામાં પ્રવેશ કરતાં તેના સર્વ અંગો સંપૂર્ણ કલાએ ખીલી ઊઠ્યા. રાજકુલમાં જન્મ, રૂપ-લાવણ્યની સુંદર સંપત્તિ અને યૌવનના કારણે અંગોપાંગોના વિકાસ તરફ દૃષ્ટિ જતાં કોઈ વધુ પડતા પાપોદયે રાજાના હૈયામાં વિકારી વૃત્તિ પ્રગટ થઈ. પણ પુત્રીસાથે પાણિગ્રહણનો પ્રસંગ બને શી રીતે? આ વિચારણાએ રાજાને મુંઝવણમાં મુક્યા. બુદ્ધિનો દુરૂપયોગ પણ થાય અને સદુપયોગ પણ થાય. રાજાએ બુદ્ધિનો દુરૂપયોગ કરવાનું નક્કી કરી એક અવસરે રાજસભામાં હાજર રહેલા મંત્રીઓ, સામંતો તેમજ પ્રજાજનોને સંબોધીને પ્રશ્ન કર્યો કે-" "રાજ્ય મહેલમાં જે રત્નની ઉત્પત્તિ થાય તેની માલિકી કોની?" રાજાના કથનમાં ક્યાં કપટ રહેલું છે?. તે સરલ આશયવાળા મંત્રીઓ વગેરે ન સમજી શક્યા અને બધાય એક સાથે બોલી ઊઠ્યા કે—'એમાં પુછવાનું શું હોય! રાજ્યમહેલમાં ઉત્પન્ન થયેલ રત્નની માલિકી રાજાજીની જ હોય'. મંત્રીઓ વગેરેને કપટ-કલાથી વચનબદ્ધ કરીને સર્વકોઈને ઘૃણા ઊપજે તેવું પુત્રી સાથે ગાંધર્વ લગ્નનું રાજાએ તુરત અઘટિત કાર્ય કર્યું. રાજાનું મુખ્યનામ તો રિપુ પ્રતિશત્રુ હતું. પણ પોતાનીજ પુત્રી સાથે આવું અઘટિત કાર્ય થતાં નગરજનોએ પોતાનીજ પુત્રી રૂપી પ્રજાના પતિ બનવાના કારણે પ્રજાપતિ એવું નામ સ્થાપન કર્યું. અને એ મૃગાવતીની સાથે સાંસારિક સુખ ભોગવતા રાજા પ્રજાપતિને ત્યાં આપણા શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો આત્મા ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે ઉત્પન્ન થયા. કર્મની કેવી અકળ ગતિ છે? મોહ મહારાજાની કેવી અજબ લીલાઓ છે? તે માટે આવા પ્રસંગો એ પ્રત્યક્ષ પ્રમાણો છે. [ક્રમશઃ]

જ્ઞાનભંડારોની સમૃદ્ધિ *

પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ

॥ जयन्तु वीतरागाः ॥

માનનીય વિદ્વાન સજ્જનો ! વિદુષી માતાઓ અને બહેનો !

આપ સૌએ મને જે સ્થાનેથી બોલવાની ફરજ પાડી છે તે સ્થાનેથી ઘણા વિદ્વાનોએ આપણને ઘણી ઘણી રીતે માર્ગદર્શન આપ્યું છે. એટલે મારા વક્તવ્યમાં પુનરુક્તિ આવે કે કાંઈ નવીન સૂચન ન જણાય તો આપ સૌ ક્ષન્તવ્ય ગણશો. આપ સૌએ મને જે સ્થાનેથી બોલવા ઊભો કર્યો છે, એ સ્થાન ઘણી જવાબદારીવાળું છે એનો મને સંપૂર્ણ ખ્યાલ છે, એથી આવા જવાબદારી-ભર્યા સ્થાનેથી બોલવામાં એક રીતે ખરા સ્વરૂપમાં ક્ષોભ થાય એ સ્વાભાવિક છે. એમ છતાં આપ સૌએ વિશ્વાસપૂર્વક મારા ઉપર જે જવાબદારી મૂકી છે તે માટે યોગ્ય કરવા હું જરૂર યથાશક્તિ પ્રયત્ન કરીશ.

સામાન્ય રીતે વિભાગીય પ્રમુખ છેલ્લા આધવેશનથી ચાલુ અધિવેશન દરમિયાન બહાર પડેલી તે તે વિષયની નવીન કૃતિઓનું સિંહાવલોકન કરે છે; પરંતુ મેં આને બદલે મારા અધ્યયનના વિશિષ્ટ વિષયની રજૂઆત કરવાનું પસંદ કર્યું છે અને એની અંદર યથાવકાશ આવી કેટલીક કૃતિઓનો દૃષ્ટાન્ત રૂપે ઉલ્લેખ કરવા ધાર્યું છે.

સાહિત્યસંશોધન અને જ્ઞાનભંડારોનું અવલોકન એ મારું મુખ્ય કાર્યક્ષેત્ર છે. આ કાર્ય હું, મારા પૂજ્ય ગુરુ શ્રી ચતુરવિજયજી મહારાજ અને દાદાગુરુ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજશ્રીજીની છાયામાં લગભગ મારી સત્તર વર્ષની વયથી કરતો આવ્યો છું. મારા પૂજ્ય ગુરુ-દાદાગુરુઓની દૃષ્ટિ વ્યાપક હતી, એટલે એ પૂજ્ય ગુરુયુગલના એ ગુણના વારસાનો અંશ મને બાળપણથી મળ્યો હોઈ, મેં મારા ગ્રંથસંશોધન અંગે જ્ઞાનભંડારોના અવલોકનને પરિણામે મને જે સ્ફુરણા થઈ છે તેને આપ સૌ સમક્ષ રજૂ કરું છું.

હું જૈન સાધુ હોઈ, જ્ઞાનભંડારોનું અવલોકન કરતાં મારું ધ્યાન મુખ્યત્વે જૈન કૃતિઓ તરફ જાય એ તદ્દન સ્વાભાવિક છે. આમ છતાં મારા અવલોકનમાં આવતી જૈનેતર નાની કે મોટી કોઈ કૃતિ તરફ મેં કદીયે ઉપેક્ષા સેવી નથી.

આજ સુધી મેં જે જ્ઞાનભંડારો જોયા છે તેમાંથી કેટલાક જ્ઞાનભંડારોને બાદ કરીને બાકીના જોયેલા બધાય જ્ઞાનભંડારો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન જ્ઞાનભંડારો જ છે. એટલે આપ સૌ સમક્ષ મારા વક્તવ્યમાં હું જે રજૂઆત કરીશ તે બધી મુખ્યત્વે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ કે જૈન મુનિવરોના અધિકારમાં રહેલા જ્ઞાનસંગ્રહોને લક્ષીને જ કરીશ. એમ છતાં આપ સૌ ખાતરી રાખશો કે આ રજૂઆત એકદેશીય નહિ જ હોય. એનું કારણ એ છે કે શ્વેતાંબર-મૂર્તિપૂજક જૈનાચાર્યો અને જૈન મુનિઓએ ઉપદેશ દ્વારા જે જ્ઞાનભંડારો ઊભા કર્યા-કરાવ્યા છે તેમાં તેમણે માત્ર પ્રાકૃત-સંસ્કૃતાદિ જૈન કૃતિઓ જ નહિ, પણ સર્વ ભાષા અને સર્વ વિષયની જૈન-જૈનેતર કૃતિઓનો સંગ્રહ કર્યો-કરાવ્યો છે. આ જ કારણને લીધે જૈન જ્ઞાનભંડારો ભારતીય અને વિદેશીય વિદ્વાનોના અધ્યયનનું કેન્દ્ર બની શક્યા છે. આપ સૌને જાણીને આનંદ થશે, કે આપણા દેશમાં અને પશ્ચિમના દેશોમાં જે અનેક વિષયોને લગતું સાહિત્ય પ્રસિદ્ધ થયું છે તેમાંના સંખ્યાબંધ ગ્રંથોની પ્રાચીન અને મૌલિક હસ્તપ્રતિઓ જૈન જ્ઞાનભંડારોમાંથી જ ઉપલબ્ધ થઈ છે. આજે ભારતમાં આટલા અને આ દૃષ્ટિએ વ્યાપક અને સમૃદ્ધ આવા જ્ઞાનભંડારો બીજે ક્યાંય જોવા નહિ મળે.

પાટણ, ખંભાત, જેસલમેર, આદિના અતિપ્રાચીન જ્ઞાનસંગ્રહો તો જગપ્રસિદ્ધ છે જ, પરંતુ તે ઉપરાંત ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મારવાડ, મેવાડ, પંજાબ, ઉત્તર

* વીસમું ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન ઑક્ટોબર, ૧૯૫૯માં અમદાવાદમાં મળ્યું તે પ્રસંગનું ઇતિહાસ-પુરાતત્વ વિભાગના પ્રમુખ પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજનું પ્રવચન.

પ્રદેશ, દક્ષિણ, આદિ દેશોનાં અનેક નગર અને ગામોમાં જૈન શ્રીસંઘ અને જૈન મુનિઓના અધિકારમાં જે જ્ઞાનભંડારો છે તેમાં આપ સૌની કલ્પનામાં ય ન આવે તેવું અને તેટલું વિશાળ જૈન-જૈનેતર વિવિધ વિષયોને લગતું સાહિત્ય વિદ્યમાન છે, જેને આપણે સમગ્રપણે જાણતા પણ નથી. જેમ જેમ આ જ્ઞાનભંડારોનું અવ-ગાહન કરવામાં આવે છે તેમ તેમ એમાંથી અનેક વિષયોને લગતી નવી નવી કૃતિઓ પ્રાપ્ત થતી જ જાય છે. આપણે આપણા આ જ્ઞાનકોશોનું નિરીક્ષણ અને તેની વિશ્વસ્ત યાદીઓ હજુ સુધી કરી શકયા નથી. અહીં એટલું ઉમેરું કે માત્ર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં જે જ્ઞાનસંગ્રહો આજે વિદ્યમાન છે તેમાંની ગ્રંથસંખ્યા મારી ગણતરી પ્રમાણે ઓછામાં ઓછી મૂકું તો પણ એ પાંચથી સાત લાખ જેટલી હશે, કદાચ એનાથી અધિક પણ થાય. આ સંખ્યામાં પ્રાચ્ય વિદ્યામંદિર–વડોદરા, ગુજરાત વિદ્યાસભા–અમદાવાદ, ફાર્બસ સભા–મુંબઈ, ભા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર–અમદાવાદ, ઇત્યાદિ જાહેર વિદ્યાસંસ્થાઓના ગ્રન્થસંગ્રહો ઉમેરીએ તો આ સંખ્યા એનાથી પણ વધી જાય. આ સર્વ જ્ઞાનભંડારોનું અવલોકન અને જેની પ્રામાણિક યાદીઓ ન થઈ હોય તેને તૈયાર કરવાનું કામ આપણે ધારી લઈએ તેવું સરળ નથી; તેમ છતાં આ કાર્ય કરવું એ આજના યુગ માટે અતિ આવશ્યક છે અને અતિ રસપ્રદ પણ છે. આ કાર્ય પાછળ ખર્ચ ઘણું થાય એમાં લેશ પણ શંકા નથી અને એ ખર્ચ આપનારા દાતાઓ મળી આવે એમાંય લેશ પણ શંકા નથી; પરંતુ આપણને સ્ફૂર્તિશાળી કાર્યકર્તાઓ મળે કે કેમ, જેઓ ગણતરીનાં વર્ષોમાં જ આ કાર્ય પૂરું કરી નાખે? સદ્‌ગત શ્રીયુત સી. ડી. દલાલે (ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ) સદ્‌ગત મહારાજા શ્રી સયાજીરાવ–વડોદરાની આજ્ઞાથી પાટણ અને જેસલમેરના જ્ઞાનભંડારોનું અવલોકન કરી એના જે વિસ્તૃત રિપોર્ટ્સ તૈયાર કર્યા છે, તે માટે તેમણે ત્રણ ચાર મહિનાથી વધારે સમય લીધો નહોતો. ગોકળગાયની ગતિએ તો આવાં કામો વર્ષોના અંતે પણ પાર ન પડે. આજના ગુજરાતીએ આવાં કાર્યો કરવા માટે સ્ફૂર્તિ મેળવવી પડશે અને મેળવવી જ જોઈએ.

ઉપર જે જ્ઞાનભંડારોની હકીકત નોંધવામાં આવી છે તેમાંના અનેકવિષયક ગ્રંથો, એઓની પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓમાં જે હકીકતો, વસ્તુઓ અને સામગ્રી સમાયેલી છે તેનું પૃથક્કરણ કરવામાં આવે તો ગુજરાતી ભાષામાં સમૃદ્ધ સાહિત્યનો ઉમેરો થાય. જેમ આજ સુધીમાં હિંદી ભાષામાં વિવિધ વિષયોનું ખેડાણ અને એને લગતો વિશાળ સાહિત્યરાશિ પ્રકાશ પામ્યો છે અને દિન-પ્રતિદિન મોટા પ્રમાણમાં પ્રસિદ્ધ થતો જાય છે, તે જ રીતે ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવા માટે આપણે વિદ્યાનાં નવાં નવાં ક્ષેત્રોની ઉપાસના અને અધ્યયન કરવાં પડશે. એ સિવાય સમૃદ્ધ ગુજરાતી ભાષાને જીવંત રાખવાનો બીજો એક પણ ઉપાય નથી. એક જમાનામાં પ્રભુત્વ ભોગવતી, આજના રાજસ્થાનના પ્રદેશને આવરી લેતી ભાષાનું સ્થાન આજે હિંદી ભાષાએ લીધું છે તેનું કારણ એ જ છે, કે એ ભાષા આજના યુગનું વિશિષ્ટ સાહિત્ય સર્જી શકી નથી. એટલું જ નહિ, પણ આજની રાજસ્થાની પ્રજાએ પણ સાહિત્યિક ભાષા તરીકે હિંદીને અપનાવી લીધી છે; જ્યારે ગુજરાતી ભાષા આજે એવી કક્ષાએ છે જેને આપણે પૂર્ણ અને સમૃદ્ધ ભાષા તરીકે ઓળખી—ઓળખાવી શકીએ. આ પરિસ્થિતિમાં આપણી ગુજરાતી ભાષાના વ્યક્તિત્વને સવિશેષ ખીલવવા માટે આપણે વિવિધ વિષયોનું અધ્યયન કરવા-પૂર્વક તેઓને મૌલિક રીતે આપણી ગુજરાતી ભાષામાં ઉતારવા જોઈએ અને ગુજરાતી ભાષા બોલતી પ્રજાએ આવા વિષયોમાં જીવંત રસ કેળવવો જોઈએ.

આપ સૌના ધ્યાનમાં રહે કે આપણા જ્ઞાનભંડારોમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, આદિ ભાષાઓનું જે જૈન-જૈનેતર વિપુલ સાહિત્ય વિદ્યમાન છે તેમાં આપણી પ્રાચીન ભાષાઓના કોશોને સમૃદ્ધ કરવાને લગતી ઘણી જ પર્યાપ્ત સામગ્રી છે. આપ સૌના ખ્યાલમાં આવે માટે 'પ્રાકૃત ટેકસ્ટ સોસાયટી–દિલ્હી' તરફથી પ્રસિદ્ધ થયેલ અંગવિજ્જા નામનો ગ્રંથ એનાં પરિશિષ્ટો અને પ્રસ્તાવનાઓ જોવા ભલામણ છે. આ ગ્રંથમાં પ્રાકૃત, સંસ્કૃત કોશોને સમૃદ્ધ બનાવવા માટેની ઘણી સામગ્રી છે. સંસ્કૃત–પ્રાકૃત કોશોના પુનઃનિર્માતાઓએ આ ગ્રંથ અને આવા દરેક ગ્રંથને, માત્ર એનાં પરિશિષ્ટો જોઈ સંતોષ ન માનતાં સમગ્રભાવે જોવા જ પડશે. જૈન આગમ ગ્રંથો અને એના ઉપરના વ્યાખ્યારૂપ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા, આદિ ગ્રંથોમાં ઉપર્યુક્ત સંસ્કૃત–પ્રાકૃત કોશોને લગતી સામગ્રી ઉપરાંત દેશી કોશકારોએ દેશી તરીકે નહિ સ્વીકારેલા અથવા એમની મર્યાદા બહાર હોઈ ઉપેક્ષિત ગણેલા दुइक्का = सं. वेक्किका બેકી (ટટ્ટીની હાજત), सुप्पइत्तिया = સૂની ડગલી, अड्डुत्तिय =

આડતિયા, ढंखरय = ઢેખાળા, क्षेत्रिका = ખેતી, वहोलिया = વહેળા–વહોળા, बोब्बड = બોબડો, लेसुरुंडयतरु = ગૂંદાનું ઝાડ, पारणेत्त = પાનેતર, चहुट्ट=ચોંટયું, अणाली=અનાડી, ઠગવિદ્યા, રસોઈ, खासडय, भरवसय = ભરોસો, આદિ જેવા સેંકડો દેશી શબ્દો વિદ્યમાન છે, જેઓનું પ્રાકૃત દેશી કોશોની દૃષ્ટિએ મહત્ત્વ હોવા ઉપરાંત આ શબ્દોની આપણી ભાષા, સંસ્કૃતિ અને ઐતિહાસિક દૃષ્ટિએ પણ ઉપયોગિતા છે. આચાર્ય શ્રી હેમચંદ્રે એમની 'દેશીનામમાલા'માં ઘણા દેશી શબ્દો વિશે ટીકામાં આવી નોંધ કરી છે.

અપભ્રંશ ભાષા કે જે આપણી ગુજરાતી ભાષાની જનની છે, તેના કોશ માટેની સામગ્રી આ જ્ઞાનભંડારોમાં ઓછી નથી. આચાર્ય શ્રી.હરિભદ્રસૂરિકૃત अरिट्ठनेमिचरिउ, સાધારણ કવિકૃત विलासवईकहा, धाहिलकविकृत पउमसिरिचरिउ અને તદુપરાંત દેવેન્દ્રસૂરિકૃત उत्तराध्ययनसूत्रवृत्ति, कुमारपालप्रतिबोध, उपदेशमालादोघट्टीवृत्ति, मूलशुद्धिप्रकरणवृत्ति, आख्यानकमणिकोशवृत्ति, भवभावनाप्रकरणस्वोपज्ञवृत्ति, આદિમાં આવતી અનેક કથાઓ, એ અપભ્રંશ કોશનાં સાધનો છે. આ સિવાય આ જ્ઞાનભંડારોમાં અપભ્રંશ ભાષામાં અને અપભ્રંશપ્રધાન ગુજરાતી કે રાજસ્થાની ભાષામાં રચાયેલી નાની નાની કૃતિઓ પણ સેંકડોની સંખ્યામાં વિદ્યમાન છે તે પણ આ કોશ માટે ઉપયોગી છે. આટલી વાત શ્વેતાંબર આચાર્યની કૃતિઓને લગતી થઈ. પરંતુ દિગંબર આચાર્યકૃત અપભ્રંશ કૃતિઓ તો સંખ્યામાં અને પ્રમાણમાં ઘણી અને ઘણી મોટી છે, જે પૈકી કેટલીક કૃતિઓ શ્વેતાંબર જ્ઞાનસંગ્રહોમાં વર્તમાન છે. એમ છતાં દિગંબર જ્ઞાનભંડારોમાં વિપુલ પ્રમાણમાં રહેલા દિગંબર આચાર્યકૃત મહાકાય ગ્રંથોનો આ કોશ માટે ઉપયોગ કરવો એ અતિમહત્ત્વની વાત છે. બંગાળી લિપિમાં મુદ્રિત 'बौद्धगान ओ दोहा' જેવી બૌદ્ધ અને અન્ય ભારતીય વિદ્વાનોની જે કૃતિઓ ઉપલબ્ધ હોય તેને વીસરવી જોઈએ નહિ.

આ પછી આપણે આપણી ગુજરાતી કે રાજસ્થાની ભાષા આદિના કોશ તરફ આવીએ તો આપણા આ જ્ઞાનભંડારોમાં એ કોશોને લગતી ભરપૂર સામગ્રી પડેલી છે. અર્થાત્ આપ સૌ કલ્પી પણ ન શકો તેટલી મોટી સંખ્યામાં જૈન આગમો, કર્મસાહિત્ય, ઔપદેશિક અને કથાગ્રંથો, કાતંત્ર-સિદ્ધહેમ-સારસ્વત, આદિ જેવાં વ્યાકરણો, રઘુવંશ, આદિ મહાકાવ્યો, વાગ્ભટાલંકાર, વિદગ્ધમુખમંડન, આદિ ગ્રંથો, રત્નપરીક્ષાશાસ્ત્ર, વૈદ્યક, જ્યોતિષ, ગણિત, આદિ અનેક વિષયના ગ્રંથો ઉપર વિક્રમની પંદરમી-સોળમી-સત્તરમી શતાબ્દીમાં રચાયેલા બાલાવબોધો અને સ્તબકોની પ્રાચીન અને લગભગ એ જ સમયે લખાયેલી હસ્તપ્રતિઓ સેંકડોની સંખ્યામાં વિદ્યમાન છે, જે આપણા ગુજરાતી, રાજસ્થાની આદિ ભાષાના પ્રામાણિક કોશો તૈયાર કરવા માટે ઘણી ઉપયોગી છે. આ સામગ્રી કેટલા વિપુલ પ્રમાણમાં છે એનો આપ સૌને ખ્યાલ આપવા માટે મારા આ ભાષણના અંતે પરિશિષ્ટરૂપે પાટણના જ્ઞાનભંડારો અને લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર-અમદાવાદને ઉપહૃત કરેલા મારા વિશાળ જ્ઞાનસંગ્રહ આદિમાંથી તારવીને તૈયાર કરેલી એક યાદી* આપવામાં આવી છે. આ યાદી જોવાથી આપ સૌના ખ્યાલમાં આવશે, કે આપણા પ્રાચીન સંગ્રહોમાં આપણી વિવિધ ભાષાઓના કોશો માટે કેટલી વિપુલ સામગ્રી ભરી પડી છે. આપણા પ્રાચીન ગુજરાતી કોશની દિશામાં આંશિક કાર્ય આપણા ઘણા ગુજરાતી વિદ્વાનોએ કર્યું છે. ડૉ. સાંડેસરાએ મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય તરફથી સંચાલિત પ્રાચીન ગૂર્જર ગ્રંથમાલામાં સંપાદિત કરેલા રાસ, ફાગુ, વર્ણકસમુચ્ચય આદિ ગ્રંથોમાં કોશકારને ઉપયોગી શબ્દકોશો આપ્યા છે. છેલ્લા છેલ્લા એમણે વર્ણકસમુચ્ચયનો બીજો ભાગ સંપાદિત કરી ઘણી સામગ્રી પૂરી પાડી છે. આ જ રીતે ભાઈ શ્રી. મધુસૂદન મોદી, શ્રી. કે. કા. શાસ્ત્રી, શ્રી. કે. બી. વ્યાસ, ડૉ. હરિવલ્લભ ભાયાણી, મુનિશ્રી. અભયસાગરજી, ભાઈ શ્રી. રમણલાલ શાહ, ડૉ. બિપિનચંદ્ર ઝવેરી, આદિએ પણ આ દિશામાં પોતાનો હિસ્સો નોંધાવ્યો છે.

સાથે સાથે અહીં એ પણ ઉમેરું કે આપણા ગ્રંથ-સંગ્રહોમાં સંગૃહીત થયેલા ગ્રંથોના અંતમાં લખાયેલી ગ્રંથકાર અને ગ્રંથલેખકોની પ્રશસ્તિઓમાં તેમજ જ્યોતિષ, ગણિત, આદિ ગ્રંથોમાં સવત કે સંખ્યા જણાવવા માટે શબ્દાંકો, અર્થાત્ ચંદ્ર એટલે એક, હસ્ત એટલે બે, અગ્નિ એટલે ત્રણ, ગોસ્તન એટલે ચાર, બાણ એટલે પાંચ, આદિ શબ્દાંકો આપ્યા છે; એ શબ્દાંકોનો કોશ થાય એ પણ અતિ જરૂરી છે. આજ સુધીમાં જોયેલા જ્ઞાનભંડારોમાંની હાથપોથીઓ આદિ ઉપરથી આવો એક સંગ્રહ મેં કર્યો છે, જેને વ્યવસ્થિત કરી યથાસમય આપ સૌ સમક્ષ રજૂ કરવા ધારણા છે.

આપણા જ્ઞાનભંડારોમાં ગુજરાતી, રાજસ્થાની કે મિશ્રભાષાનું કવિતારૂપ જે સાહિત્ય વિદ્યમાન છે, તેની

વિવિધતા અને વિશેષતા જાણવા માટેના જે સંકેતો છે, તે આપણે જાણવા જેવા અને નોંધવા જેવા છે. સામાન્ય રીતે આપણી લોકભાષાની દૃષ્ટિએ કૃતિઓમાં આટલી બધી વિવિધતા હોવાનો ખ્યાલ બહુ ઓછાઓને હશે. જૈન કવિઓ આદિએ આ ક્ષેત્રમાં જે વિવિધતા આણી છે તેનાં નામોનો નિર્દેશ માત્ર અહીં કરવામાં આવે છે—૧. સંધિ, રાસ, ચતુષ્પદી-ચઉપઈ-ચુપઈ-ચુપદી-ચોપઈ, પ્રબંધ, પવાડુ, આખ્યાન-કથા. ૨. પરિપાટી, ધવલ-ધોળ, વિવાહલો, સલોકો, હમચી-હમચડી, નીસાણી, ગગ્ગરનીસાણી, ચંદ્રાઉલાં, સુખડી, ફૂલડાં, ચરી, ગીતા, રાજગીતા, ભ્રમરગીતા, બ્રહ્મગીતા, લુઅરી, વેલી, ગુંહલી, હાલરડું, નિશાલગરણું, જમણિયાં-ભોજનિયાં, હરિઆલી-હીઆલી, ગરબા. ૩. ફાગ, વસંત, હોરી, ધમાલ = ધમાર, ચર્ચરી, નવરસો, રાગમાળા, બારમાસા. ૪. ચૈત્યવંદન, સ્તવન, સ્તોત્ર, સ્તુતિ-થુઈ-થોય, ચોવીસી, વીસી, વિજ્ઞપ્તિકા-વિનતિ, ગીત, ભજન, લાવણી, છંદ, પૂજા, દેવવંદન, આરતી-મંગળદીવો. ૫. સજ્ઝાય, ઢાળ, ઢાળિયાં, ચોઢાળિયાં, છઢાળિયાં, બારઢાળિયાં, ચારમાલ, ચોક, બારભાવના. ૬. પદ, કવિત, સવૈયા, છપ્પય-છપ્પા, કુંડળિયા, એકવીસા, દોહા-દુહા-દોધક-દુગ્ધવ્રત. આમાંનાં મધ્યકાલીન પદ્ય સ્વરૂપોનું નિરૂપણ ડૉ. મંજુલાલ ર. મજમુદારે 'ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો (પદ્ય વિભાગ)' તથા ડૉ. ચંદ્રકાંત મહેતાએ 'મધ્યકાળના સાહિત્ય પ્રકારો' એ નામના ગ્રંથમાં કર્યું છે. સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથો ઉપર અનુવાદરૂપે જે ગદ્ય સાહિત્ય રચાયું છે તેને એના પ્રકારો મુજબ સ્તબક-સ્તિણુક, ટબો, બાલાવબોધ, બોધ, વાર્ત્તિક, વચનિકા, અવચૂરી, આદિ નામોથી ઓળખવામાં આવે છે.

ઉપર ગુજરાતી આદિ ભાષાના સાહિત્યની વિવિધતાનો નિર્દેશ કર્યા પછી સાથે સાથે આપણા જ્ઞાનભંડારો સંસ્કૃત, પ્રાકૃત, આદિ ભાષાનો જે ગ્રંથરાશિ છે તે ઉપરની વ્યાખ્યાઓનાં જે ભિન્ન ભિન્ન નામો અને સંકેતો છે તે પણ જાણવા જેવા છે :—૧. નિર્યુક્તિ, ભાષ્ય, મહાભાષ્ય-બૃહદ્ભાષ્ય, સંગ્રહણી. ૨. ચૂર્ણિ-વિશેષચૂર્ણિ. ૩. વૃત્તિ, ટીકા, વ્યાખ્યા, વિવરણ, વિવૃતિ, લઘુવૃત્તિ, બૃહદ્વૃત્તિ, ન્યાસ, દુંઢિકા. ૪. દીપક, દીપિકા, પ્રદીપિકા, પંજિકા, અવચૂરી-અવચૂર્ણિ. ૫. ટિપ્પનક, વિષમપદપર્યાય, દુર્ગપદપ્રબોધ, દુર્ગપદવિવૃતિ, પદ-ભંજિકા. ૬. ટિપ્પણી, પર્યાય. ૭. બીજક. આ વિવિધ વ્યાખ્યાઓ જેના ઉપર રચાયેલી છે તેને મૂળ, મૂળસૂત્ર, મૂલગ્રંથ, આદિ નામથી ઓળખવામાં આવે છે.

આ પછી લેખનની પદ્ધતિને લઈ આપણી હાથપોથીઓને અંગે જે સંકેતો છે તેમજ એની સાથે સંબંધ ધરાવતાં લેખન આદિ સાધનોનાં ઘણાં નામો, સંકેતો અને શબ્દો છે જે આપણા કોઈ કોશમાં મોટે ભાગે નહિ મળે; જેવા કે—શૂદ્ધ, પંચપાઠ, ત્રિપાઠ, દ્વિપાઠ, રિક્તલિપિચિત્ર, ચિત્રપૃષ્ઠિકા, ફૂંડી, હાંસિયો, ચોરઅંક, મોરપગલું કે હંસપગલું, ગ્રંથાગ્રંથ, પ્રતિ, આદર્શ, પાઠભેદ-પાઠાન્તર-વાચનાન્તર, ઓળિઉં-ફાંટિઉં, કાઢાં-બરું, વતરણાં, જુજવળ, પ્રાકાર, કંબિકા, આંકણી, ગ્રંથિ, પાટી, પાઠાં, ચાબરચંગી-ચાબખીચંગી, ઝલમલ, વીંટાંમણ-રૂમાલ, કલમદાન, સાપડો-ચાપડો, ઇત્યાદિ.

અહીં જે વિવિધ નામો આપવામાં આવ્યાં છે તેના અર્થો કે વિસ્તૃત સમજ આપવાનું આ સ્થાન નથી. પરંતુ આ ઉપરથી એ ખ્યાલ આવશે કે આપણા વિશાળ જ્ઞાનભંડારોનું અવલોકન કરનારે એને લગતી વિશિષ્ટ પરિભાષા અને સંકેતોનું ઊંડું જ્ઞાન મેળવવું જોઈએ; તો જ આપણા જ્ઞાનભંડારોની યાદીઓ, સૂચિઓ કે ટીપો, એનું અવગાહન અને પૃથક્કરણ વ્યવસ્થિત બનશે.

આપણી પ્રાચીન બ્રાહ્મી અથવા વર્તમાન દેવનાગરી, ગુજરાતી, આદિ લિપિઓનો વિકાસ કેમ થયો અને એમાંથી ક્રમે ક્રમે આજની આપણી લિપિઓનાં વિવિધ રૂપો કેમ સર્જાયાં—એ જાણવા માટે આ જ્ઞાનભંડારો-માંની જુદા જુદા પ્રદેશોના લેખકોને હાથે સૈકાવાર જુદા જુદા મરોડ અને આકાર-પ્રકારમાં લખાયેલી પ્રતિઓ ઘણી જ ઉપયોગી છે. મેં જોયેલા પ્રાચીન જ્ઞાનભંડારોમાં મોટે ભાગે બારમા સૈકાના પ્રારંભથી લઈને આજ સુધીની સૈકાવાર અને દશકાવાર લખાયેલી હાથપ્રતો જ વિદ્યમાન છે. પરંતુ જેસલમેરના કિલ્લામાં રહેલા ખરતરગચ્છીય યુગપ્રધાન આચાર્ય શ્રીજિનભદ્રસૂરિના જ્ઞાનભંડારમાં બારમા સૈકાના પ્રારંભથી લખાયેલી પ્રતિઓ ઉપરાંત, લિપિના આકાર-પ્રકારને આધારે આપણે જેને પ્રાચીન માની શકીએ તેવી લિપિમાં લખાયેલી, આચાર્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિરચિત વિશેષાવશ્યકમહાભાષ્યની તાડપત્રીય પ્રતિ છે. આ પ્રતિના અંતમાં લેખનનો કોઈ નિશ્ચિત સમય નથી, એમ છતાં એની લિપિ જોતાં એ પ્રતિ વિક્રમના દશમા

સૈકા પછીની નથી જ નથી. પાટણ, ખંભાત, જેસલમેર, આદિના ગ્રંથસંગ્રહોમાં રહેલી આ બધી પ્રાચીન-અર્વાચીન હસ્તપ્રતિઓ આપણી ભારતીય બ્રાહ્મી લિપિમાંથી દેવનાગરી લિપિ સુધીના ક્રમિક વિકાસના અભ્યાસ માટે ઘણી જ ઉપયોગી છે. મને લાગે છે કે આપણા જ્ઞાનસંગ્રહોમાં રહેલી જુદા જુદા લેખકોને હાથે જુદા જુદા મરોડમાં લખાયેલી પ્રાચીન–અર્વાચીન પ્રતિઓના સૈકાવાર ફોટોગ્રાફ્સ લઈ લિપિમાલાનું એક આલબમ બનાવવામાં આવે અને કોઈ આર્ટિસ્ટ પાસે એમની વર્ણમાલાનાં રૂપાન્તરોના શતાબ્દીના ક્રમથી ચાર્ટ્સ તૈયાર કરાવવામાં આવે તો ભારતીય વિદ્યાર્થીઓ માટે આજની વ્યાપક દેવનાગરી, ગુજરાતી, વગેરે લિપિઓના ક્રમિક વિકાસના ઊંડા અભ્યાસ માટેની અતિમહત્ત્વની સામગ્રી તૈયાર થાય. મારી વિનંતી છે, કે પ્રાચ્ય વિદ્યા મંદિર–વડોદરા, લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર–અમદાવાદ જેવી ગુજરાતની પ્રમુખ સંસ્થાઓ આ કાર્યને જરૂર ધ્યાનમાં લે.

આપણા જ્ઞાનભંડારોમાંની વ્યાપક સામગ્રીનું વ્યાપક દૃષ્ટિએ અવગાહન કર્યા પછી મને એક વાત સૂચવવી યોગ્ય લાગે છે, કે આજના વિદ્વાનોએ વૈદિક અને બૌદ્ધ સાહિત્યના અધ્યયન અને અવગાહન દ્વારા ઘણું ઘણું સંશોધન કરી અનેક વિષયો ઉપર પ્રકાશ પાડ્યો છે. એ જ રીતે ભારતીય સંસ્કૃતિના મહત્ત્વના અંગ તરીકે સ્વીકારેલી જૈન સંસ્કૃતિના સાહિત્યનું અધ્યયન અને અવલોકન કરવું એટલું જ આવશ્યક અને પૂરક છે. જૈન આગમો અને એના ઉપરના ઉપરના નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ-વૃત્તિ, આદિ વ્યાખ્યા ગ્રંથો, દાર્શનિક સાહિત્ય, કથાસાહિત્ય આદિમાં ભારતીય વ્યાપક સંસ્કૃતિને સમૃદ્ધ કરવા માટેની કલ્પનાતીત વિપુલ સામગ્રી વર્તમાન છે; જેનો કંઈક ખ્યાલ આવે એ માટે અમે ગુરુ-શિષ્યે એટલે કે—મારા પૂજ્ય ગુરુવર શ્રી ચતુરવિજયજી મહારાજ અને મેં સંપાદિત કરેલા બૃહત્કલ્પ ગ્રંથ અને વસુદેવહિંડી તથા અંગવિક્રમ ગ્રન્થનાં પરિશિષ્ટો જોવા ભલામણ કરું છું.

બૃહત્કલ્પ ગ્રંથમાં આપણા ભારતની પ્રાદેશિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક આદિ અનેક વિષયોને લગતી માહિતી છે. આપણા ગુજરાત, સૌરાષ્ટ્ર. કચ્છ દેશનાં આનંદપુર (વડનગર), કચ્છ દેશ, દીવબંદર, દ્વારિકા, ભૃગુકચ્છ, સોપારક, પ્રભાસ, પ્રાચીનવાહ, અર્બુદ, ઉજ્જયંત, ભૂતતડાગ, બનાસા (બનાસ નદી), સરસ્વતી નદી વગેરે વિગતો આમાં છે. પ્રાચીન યુગમાં આપણા ગામ, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ આદિની રચના, તેના આકારો અને એની આસપાસ રક્ષણ માટે કરાતા પથ્થર, ઈંટ, માટી, ધૂળ, ખપાટિયાં આદિના પ્રકાર, વાડ વગેરે કેવાં હતાં તેની હકીકત પણ આ ગ્રન્થમાં મળી આવે છે. પ્રાચીન યુગમાં આપણે ત્યાં કઈ કઈ જાતનાં નાણાં-મુદ્રા-સિક્કાઓનું ચલણ હતું એનાં કાકિણી, કેતર, કેવડિયા, નેલક, દીનાર, દ્રમ્મ, સાભરક આદિ નામો, એનું પ્રમાણ અને એ જ્યાં ચાલતાં તે સ્થળોનો ઉલ્લેખ પણ આમાં મળે છે. તીર્થસ્થાનો, ઉત્સવો, જમણ આદિ વિશેના ઉલ્લેખો પણ નજરે પડે છે. પણિતશાલા, ભાંડશાલા, કર્મશાલા, પચનશાલા, વ્યાધરણશાલા આદિ શાલાઓ, કુત્રિકાપણ (વિશ્વવસ્તુ ભંડાર), આપણાં વસ્ત્રના પ્રકારો, મદ્યના પ્રકારો, વિષના પ્રકારો યંત્રો, આદિ અગણિત વિષયોની માહિતી આમાં છે. તીર્થસ્થાનો, ઉત્સવો, જમણ આદિની યાદી પણ આમાં છે. આ ઉપરાંત મૌર્યવંશીય અશોક-સંપ્રતિ, શાલિવાહન, મુરુંડરાજ, આદિ રાજાઓ, આર્યસુહસ્તિ, કાલિકાચાર્ય, લાટાચાર્ય, સિદ્ધસેનસૂરિ. પાદલિપ્ત આદિ આચાર્યોની હકીકત પણ આ ગ્રંથમાં છે.

વસુદેવહિંડી, જેની રચના અનુમાને વિક્રમના પાંચમા સૈકાની આસપાસમાં થયાનો સંભવ છે, તેમાં ભગવદ્ગીતા, પોરાગમ (પાકશાસ્ત્ર) અને અર્થશાસ્ત્ર; આ ત્રણ મહત્ત્વના ગ્રંથોનો ઉલ્લેખ છે. અત્થસત્થે ય ભણિયં એમ કહીને નોંધેલો, "વિસેસેણ માયાએ સત્થેણ ય હંતવ્વો અપ્પણો વિવડ્ઢમાણો સત્તુ त्ति।" આ ઉલ્લેખ પ્રાકૃતમાં છે. એ ઉપરથી તેમ જ આ આશય સાથે સામ્ય ધરાવતું કોઈ સૂત્ર કૌટિલીય અર્થશાસ્ત્રમાં મળતું ન હોવાથી આપણે એ માનવું જ રહ્યું, કે આપણે ત્યાં પ્રાચીન કાળમાં કૌટિલીય અર્થશાસ્ત્ર ઉપરાંત પ્રાકૃત-ભાષામાં રચાયેલું 'અર્થશાસ્ત્ર' પણ હતું. આવો જ એક બીજો પ્રાકૃત ઉલ્લેખ, આચાર્ય શ્રીઅભયદેવસૂરિકૃત નવાંગીવૃત્તિ આદિ ગ્રંથોનું સંશોધન કરનાર શ્રીદ્રોણાચાર્ય-વિરચિત ઓઘનિર્યુક્તિ વૃત્તિમાં પણ આવે છે, જે પ્રાકૃત ભાષામાં કોઈ બીજું 'અર્થશાસ્ત્ર' હોવાની માન્યતાને દૃઢ કરે છે. આ ગ્રંથના ત્રીજા ગંધર્વદત્તા લંભકમાં ચારુદત્તની વેપાર માટેની મુસાફરીનું વર્ણન છે. તેમાં અજપથ, શંકુપથ, પક્ષિપથ આદિ જેવા માર્ગો આવે છે, જેનું વિસ્તૃત વર્ણન સૂત્રકૃતાંગસૂત્રન

અગિયારમા અધ્યયનમાં તે તે માર્ગોનું એના સ્થળનિર્દેશ સાથે વર્ણન છે. ચારુદત્તની આ મુસાફરીનું વર્ણન ઘણું રસપૂર્ણ છે, જે જાણવા ઇચ્છનારે વસુદેવહિંડી ગ્રંથ અથવા ડૉ. સાંડેસરાએ કરેલું એનું ભાષાંતર જોવું જોઈએ. આ કથા-ગ્રંથ હિંદી–મુસાફરીને લગતો હોઈ એમાં જુદી જુદી ઘણી જાતની માહિતી છે.

અંગવિજ્જા ગ્રંથ સાંસ્કૃતિક દૃષ્ટિએ ઘણો જ મહત્ત્વનો છે. આ ગ્રંથ માનવઅંગોની વિવિધ ચેષ્ટાઓ અને ક્રિયાઓને આધારે ભૂત-ભવિષ્ય-વર્તમાન પ્રશ્નાદિ અંગે ફલાદેશ કરતો હોઈ એમાં માનવ અંગોનું સેંકડો રીતે સૂક્ષ્મ વિભાજન અને વર્ણન કરવામાં આવ્યું છે, એટલે અંગશાસ્ત્રના જ્ઞાતાઓની દૃષ્ટિએ આ ગ્રંથ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત માનવોની પલાંઠી વાળવી, બેસવું, ઊઠવું, જવું, ઊભા રહેવું, નીકળવું, પડવું, સૂવું, પ્રશ્ન કરવો, નમન કરવું, રોવું, હસવું, શોક કરવો, આક્રંદ કરવું આદિ વિવિધ ક્રિયાઓના પ્રકારો દર્શાવેલા છે. અર્થાત્ પલાંઠીના બાવીસ, બેસવાના બત્રીસ, ઊભા રહેવાના અઠ્ઠાવીસ ઇત્યાદિ પ્રકારો બતાવેલા છે. મનુષ્યજાતિ સાથે સંબંધ ધરાવતા ગોત્ર, નામ, સગપણ, રતિવિલાસ, વેપાર, ગામ, નગર, પ્રાકાર, ઘર, શાલા, જલયાન, સ્થલયાન, વાહન, શયન, આસન, ભાજન, ભોજન, પેય, વસ્ત્ર, આભૂષણ, અલંકાર, તૈલ, ઉત્સવ, રોગ, સિક્કાઓ આદિ વિશે વિભાગશઃ વિસ્તૃત ઉલ્લેખો છે, જે આપણને કેટલીયે નહિ જાણેલી વિગતો સ્પષ્ટ રીતે પૂરી પાડે છે. દા. ત. સિક્કાઓમાં खत्तपक सिक्कानुं नाम आवे छे ते आज सुधी बीजे क्यांय जोवामां नथी आव्युं. आयागपटमां वपरायेलो आयाग शब्द आ ग्रंथमां मळी आवे छे. तिर्यञ्जाति साथे संबंध धरावता पशु-पक्षी-सूक्ष्म जीवजंतु अने वृक्ष-लता-गुल्म-फल-धान्य, आदि वनस्पतिना विविध प्रकारो अने नामो पूरां पाडे छे. प्राचीन काळमां आपणे त्यां प्राणीशास्त्रीओ अने वनस्पतिशास्त्रीओ आ विशेनुं केवुं ज्ञान धरावता हता–એ આપણને આથી જાણવા મળે છે. પ્રજ્ઞાપનોપાંગ સૂત્રમાં પણ આ વિષયને લગતી ઘણી જ માહિતી છે.

અહીં ઉદાહરણ તરીકે ત્રણ ગ્રંથોમાંની વિગતો નોંધવામાં આવી છે. આ જ રીતે પ્રત્યેક જૈન આગમમાંથી આપણને અનેક વિષયને લગતી વિવિધ સામગ્રી મળી આવશે. જૈનકથા સાહિત્ય આપણા ચાલુ જીવન-વ્યવહાર સાથે સંબંધ ધરાવતી અનેક વસ્તુઓ પૂરી પાડે છે. તે તે યુગની પ્રજાની સાંસ્કૃતિક સંપત્તિ શી હતી, રીત-રિવાજો કેવા હતા, જીવનસરણી કેવી હતી, તે તે યુગની પ્રાદેશિક વ્યવસ્થાઓ, રાજ્યવ્યવસ્થાઓ, લોકવ્યવસ્થાઓ કેવી હતી, એની માહિતી આપણને આમાંથી મળી આવે છે. આપણે ત્યાં પ્રાચીન કાળમાં જન્મોત્સવ, વિવાહોત્સવ, આદિ વિશે શી શી રીત હતી, વિવાહિત વરકન્યા, ઘરનો વહીવટ સ્વીકારતા પુત્રો, રાજ્યારોહણ કરતા રાજપુત્રો અને પ્રજા, આચાર્યપદ સ્વીકારતા આચાર્યો અને મુનિગણ આ સર્વને માટે શિક્ષાના પ્રકારો શા હતા, વગેરે ઘણું ઘણું મળી આવે છે. આજની આપણી પ્રજાના જીવનઘડતર માટેની ઘણી સામગ્રી આ કથા-સાહિત્યમાં વર્તમાન છે, જેનું સાંસ્કૃતિક દૃષ્ટિએ અધ્યયન કરી નવીન દૃષ્ટિએ આલેખવામાં આવે તો પ્રજાજીવનના ઘડતર માટેની વિશિષ્ટ સામગ્રી તૈયાર થાય.

ઉપર જણાવ્યું તેમ આપણા કથાસાહિત્યમાં રહેલી સાંસ્કૃતિક સામગ્રીની જેમ એમાં પ્રસંગે પ્રસંગે નોંધાયેલી ઐતિહાસિક સામગ્રી પણ આપણું લક્ષ ખેંચે છે. જૈન આગમો ઉપરના પ્રાચીન નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ, આદિ ગ્રંથોમાં ઐતિહાસિક સામગ્રી વિપુલ પ્રમાણમાં હોવા છતાં આપણા વિદ્વાનોમાંના મોટા ભાગના વિદ્વાનોએ ઐતિહાસિક પ્રશ્નોની છણાવટ કરતાં ઘણી વાર પ્રાચીન સામગ્રીને બદલે આચાર્ય શ્રી હેમચંદ્રના परिशिष्टपर्व અને પ્રબંધસંગ્રહ, આદિનો જ ઉપયોગ કર્યો છે. પરંતુ આચાર્ય શ્રી હેમચંદ્રે એમના परिशिष्टपर्वમાં જે સામગ્રી એકઠી કરી છે તેનું મૂળ સ્થાન ઉપર જણાવેલ જૈન આગમો ઉપરના વ્યાખ્યાગ્રંથો જ છે. આચાર્ય શ્રી હેમચંદ્રને परिशिष्टपर्व રચવાની કલ્પના સંભવતઃ ભદ્રેશ્વર-સૂરિકૃત કહાવલી ગ્રંથને આધારે સ્ફુરી હશે એમ લાગે છે. આ ગ્રન્થ આચાર્ય શ્રીશીલાંકકૃત चउपन्नमहापुरिसचरियं પછીનો અને અનુમાને અગિયારમા સૈકાની રચનારૂપ છે. એના અંતમાં આચાર્ય શ્રી ભદ્રેશ્વરે પરિશિષ્ટ તરીકે યાકિનીમહત્તરાસૂનુભવવિરહાંક આચાર્ય શ્રીહરિભદ્રસૂરિ સુધીના ઇતિવૃત્તનો સંગ્રહ કર્યો છે, જે ઐતિહાસિક દૃષ્ટિએ બહુ જ મહત્ત્વનો છે. આપ સૌને જાણીને આનંદ થશે કે આચાર્ય શ્રી શીલાંકકૃત चउपन्नमहापुरिसचरियंનું સંપાદન 'પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી' વતી પાટણના વતની ભાઈ શ્રી અમૃતલાલ મોહનલાલ પંડિત કરી રહ્યા છે. એ આખો ગ્રંથ બે એક મહિનામાં પ્રસિદ્ધ થઈ જશે અને

कहावली ગ્રન્થ કે જે પ્રાકૃત અને ચોવીસ હજાર શ્લોક પ્રમાણ મહાકાય ગ્રન્થ છે તેના મુદ્રણની શરૂઆત 'પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી' તરફથી બે ત્રણ મહિનામાં જ થશે. આશા છે, આ આખો ગ્રન્થ એકાદ વર્ષમાં તૈયાર કરી અમે આપની સેવામાં હાજર કરીશું.

આ સિવાય આપણા ભંડારોમાં અપ્રસિદ્ધ ઐતિહાસિક સામગ્રી ઘણી છે. આચાર્ય મલ્લવાદી, શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રીપાદલિપ્તસૂરિ, આદિના પ્રાકૃત પ્રબંધો અદ્યાવધિ અપ્રગટ જ છે. મહાકવિ શ્રી રામચંદ્રકૃત कुमारविहारशतकप्रशस्ति જેવું જ એક બીજું પ્રશસ્તિકાવ્ય મળી આવ્યું છે, જે ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું જ મહત્ત્વનું છે. ઐતિહાસિક સામગ્રીપૂર્ણ પ્રાચીન મંદિરો અને ઉપાશ્રયોની પ્રશસ્તિઓ પણ હજુ કેટલીયે અપ્રસિદ્ધ જ છે.

આપણા વિશાળ જ્ઞાનભંડારોમાંના સાહિત્યમાં રહેલી સાંસ્કૃતિક ઐતિહાસિક, આદિ સામગ્રીનો ટૂંક નિર્દેશ કર્યા પછી હસ્તલિખિત ગ્રન્થોના અંતમાં રહેલી પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓને આપણે વીસરવી જોઈએ નહિ. મોટા મોટા રાજાઓ, અમાત્ય, આદિની તેમ જ કેટલાંક મોટાં મોટાં ગામ–નગરદેશ, આદિ વિશેની માહિતી આપણને અમુક પ્રબંધ ગ્રન્થાદિમાંથી મળી રહેશે, કિન્તુ આપણા ઇતિહાસના ઘડતરમાં અતિ ઉપયોગી વિશાળ સામગ્રી તો આપણી આ પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓમાં જ ભરી પડી છે. નાનાંમોટાં ગામ–નગરો–દેશો તથા ત્યાંના રાજાઓ, અમાત્યો, તેમની ટંકશાળાઓ, લશ્કરી સામગ્રી, શાહુકારો, કુલો, જ્ઞાતિઓ, કુટુંબો સાથે સંબંધ રાખતી ઘણી ઘણી હકીકતો આપણને આ પ્રશસ્તિ આદિમાંથી પ્રાપ્ત થશે.

વડગચ્છીય આચાર્ય શ્રી હરિભદ્રસૂરિકૃત अरिट्ठनेमिचरिउ–અપભ્રંશની પ્રશસ્તિમાં ગ્રન્થકારે વિમલમંત્રીના વંશનું વર્ણન કરતાં ચાપોત્કટ અને ચૌલુક્ય રાજાઓની વિગત આપી છે, તેમાં લશ્કરી સામગ્રી અને ટંકશાળ, આદિ વિશેની હકીકત નોંધી છે, જ્યારે આજે આપણને ચાવડા અને સોલંકી રાજાઓના સિક્કાઓ એકાએક મળતા નથી. ભાઈ શ્રી. અમૃત વસંત પંડ્યાને કેટલાક સિક્કાઓ મળ્યા છે જેના પર જયસિંહદેવનું નામ વંચાય છે. પરંતુ આ રાજા ચૌલુક્ય નરેશ સિદ્ધરાજ જયસિંહદેવ હોવાની પૂરી ખાતરી થઈ નથી. ટંકશાળના અસ્તિત્વ વિશેનો આ ઉલ્લેખ ચૌલુક્ય રાજાઓના સિક્કાઓ વિશે વધુ જિજ્ઞાસા પ્રગટાવે છે.

આ પછી લખનાર લખાવનારની પ્રશસ્તિને લગતી કેટલીક પુષ્પિકાઓ વિશે વિચારીએ :

૧. જેસલમેરના કિલ્લાના જ્ઞાનભંડારમાં ક્રમાંક ૨૩૨ માં, વિ. સં. ૧૨૪૦માં લખાયેલી મલધારી શ્રી હેમચંદ્ર-વિરચિત भवभावनाप्रकरण स्वोपज्ञवृत्तिसहनी તાડપત્રીય પ્રતિ છે, જે વડોદરા પાસેના પાદરાના શ્રેષ્ઠી આમ્ર-પ્રસાદની પુત્રી અને वासप्पय (વાસદ)ના પાલપ્રસાદની પત્ની હતી તેણે લખાવેલી હોઈ પાદરા અને વાસદને લગતી કેટલીક હકીકત આ પ્રશસ્તિમાં છે. (જુઓ પરિશિષ્ટોલ્લેખ)*

૨. ખંભાત—શ્રી શાંતિનાથના તાડપત્રીય ભંડારમાં ક્રમાંક ૨૧૪માં, વિ. સં. ૧૨૧૨માં લખેલી શ્રી શાંતિસૂરિ-કૃત પ્રાકૃત પૃથ્વીચંદ્રચરિત્રની તાડપત્રીય પ્રતિના અંતની પુષ્પિકામાં लाटदेशमंडले मही-दमुनयोरन्तराले આ પ્રમાણે મહી નદી અને દમણના વચલા પ્રદેશને 'લાટદેશ' તરીકે જણાવ્યો છે. આ જ પુષ્પિકામાં ત્યાંનો સૂબો વોસરિ હતો, તેમ જ મહારાજા શ્રી કુમારપાલના નામોલ્લેખ સાથે कर्णाटकरायमानमर्दनकरं, सपादलक्षराष्ट्र-वनदहनदावानलं, मालवे राष्ट्रे निजाज्ञया संस्थापनकरं, ઇત્યાદિ વિશેષણોનો જે ઉલ્લેખ છે, તે ઉપરથી ગુર્જરેશ્વરોની રાજ્યસીમા ક્યાં સુધી પથરાયેલી હતી તે પણ જાણવા મળે છે. એ પુષ્પિકામાં આવતાં મદણસિંહનયર અને અણેર, એ બે ક્યાં આવ્યાં અને આજે તેમનું શું નામ છે–હશે, એ પ્રાચીન-અર્વાચીન ભૂગોળના નિષ્ણા-તોએ શોધવાનું છે.

૩. જેસલમેર કિલ્લામાં પંચાશક પ્રકરણ સટીકની તાડપત્રીય પ્રતિના અંતની પુષ્પિકામાં सप्तोत्तरसूर्यशते १२०७ विक्रम संवत्सरे त्वजयमेरौ। पल्लीभङ्गेत्रुटितं पुस्तकमिदमग्रहीत् तदनु ॥ અર્થાત્ "વિ. સં. ૧૨૦૭માં ગમે તે કારણે પાલીનગર ભાંગ્યા પછી ખંડિત થયેલા પુસ્તકને અજમેરમાં લીધું-ખરીદ્યું" આમ જણાવ્યું છે તે ઉપરથી વિ. સં. ૧૨૦૭માં મારવાડનું પાલીનગર ભાંગ્યું હતું—એ જણાય છે.

૪. જેસલમેરમાં વિ. સં. ૧૨૦૦માં લખાયેલી સાંખ્યસપ્તતિકા–ગૌડપાદભાષ્યની પ્રતિ છે, જે સિદ્ધપુરમાં લખાયેલી છે. તેમાં ત્યાંના મૂલનારાયણદેવીય મઠનો ઉલ્લેખ છે. આ પ્રમાણે હસ્તલિખિત ગ્રન્થોના અંતમાં લખનાર-લખાવનારાઓની પુષ્પિકાઓમાં ઘણી જ

સામગ્રી પ્રાપ્ત છે, જેનું અધ્યયન અને પૃથક્કરણ અનેક રીતે ઉપયોગી છે.

અહીં એક વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે, કે જૈનાચાર્યોએ રચેલા અને લખાવેલા ગ્રંથોની પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓમાં એમણે ઘણી ઘણી બાબતોના ઉલ્લેખો કરી ઐતિહાસિક સામગ્રીનો ખૂબ જ સંચય કર્યો છે. પ્રાચીન કાળથી જ જૈનાચાર્યોની આ એક દૃષ્ટિ હતી. એ જ કારણ છે કે સાંપ્રદાયિક દૃષ્ટિ રાખવા છતાં એમનાં લખાણોમાં અનેક રીતે ઉપયોગી બને તેવી સામગ્રીઓ અનાયાસે જ આવી છે. આપણા ગુજરાતના ઇતિહાસની સાધનસામગ્રીમાંથી પણ જો જૈન ગ્રંથો, પ્રબંધો, શિલાલેખો, રાસાઓ આદિ બહુમૂલ્ય સાધનોને બાદ કરવામાં આવે તો ગુજરાતના ઇતિહાસની કડીઓ સાંધવાનું કામ દુર્ઘટ જ નહિ, અશક્ય જ બની જાય.

ઇતિહાસની સામગ્રીમાં ગ્રંથસ્થ સાહિત્ય મોટી સામગ્રી પૂરી પાડે છે, તેમ છતાં ઉત્કીર્ણ લેખો અર્થાત્ શિલાલેખ, તામ્રપત્ર, સિક્કાઓ આદિમાંથી મળતી માહિતી પણ ઇતિહાસ માટે ઘણી ઉપયોગી છે. જે દ્વારા કેટલીકવાર ઉપલબ્ધ સાહિત્યિક વિગતોની તુલના અને ચકાસણી કરવાનો અવસર પણ મળે છે.

આ ઉપરાંત પાટણ, અમરેલી, કામરેજ, આકોટા, વડનગર આદિ સ્થાનોમાંથી અન્વેષણ અને ઉત્ખનન દ્વારા પ્રાપ્ત થતા ઇમારતો, શિલ્પકૃતિઓ, વાસણો, આયુધો, સિક્કાઓ, દેહાવશેષો આદિ પુરાતન અવશેષો દ્વારા ઐતિહાસિક કાળના સાંસ્કૃતિક ઇતિહાસને પરીક્ષક અને પૂરક એવી સામગ્રી મળી છે. ખાસ કરી લોથલ, રોઝડી, સોમનાથ આદિમાંથી પ્રાગૈતિહાસિક અને આદ્ય-ઐતિહાસિક કાળની સંસ્કૃતિ વિશે ઘણી ઉપયોગી માહિતી મળી રહેશે.

આજ સુધીમાં આપણા ગુજરાતના આંશિક ઇતિહાસ વિશે ફાર્બસ, પં. ભગવાનલાલ ઇંદ્રજી, શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી, શ્રી. રસિકલાલ છો. પરીખ, પ્રૉ. કોમિસરિયેટ, શ્રી. રત્નમણિરાવ, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી આદિએ ઘણા જ મહત્ત્વના પ્રયત્નો કર્યા છે. ગુજરાત વિદ્યાસભાએ 'પુરાણોમાં ગુજરાત' (ભૌગોલિક ખંડ) અને 'જૈન આગમ સાહિત્યમાં ગુજરાત' જેવા આકરગ્રન્થ તૈયાર કરાવી આ દિશામાં કેટલીક કીમતી સામગ્રી પૂરી પાડી છે. વળી 'વસ્તુપાલ અને એનું સાહિત્યમંડળ' જેવા કેટલાક મહાનિબંધો દ્વારા પણ કેટલીક અભ્યાસપૂર્ણ સામગ્રી તૈયાર થતી જાય છે. વડોદરાની સ્થળનામસંસદે પણ એક મહત્ત્વનું કાર્ય હાથ ધર્યું છે, તે પણ આપણા ઇતિહાસની પૂર્તિનું મહત્ત્વનું અંગ છે. આમ છતાં ઉપર જણાવેલાં સાધનસામગ્રી તેમ જ પ્રસિદ્ધઅપ્રસિદ્ધ સાહિત્યિક કૃતિઓનો વિગતે અભ્યાસ કરી એમાંથી ગુજરાતના સામાન્યતઃ રાજકીય અને વિશેષતઃ સાંસ્કૃતિક ઇતિહાસની માહિતી તારવવા પૂર્વક ગુજરાતનો સળંગ ઇતિહાસ તૈયાર થાય એ આજના ગુજરાત માટે જરૂરનું છે.

આપણી ભાષામાં મુદ્રા-સિક્કા, શિલ્પકળા, ચિત્રકળા, ભાષાઓ, કવિઓ, આદિ વિશેનું સાહિત્ય લગભગ નહિ જેવું છે. ચિત્રકળાના વિષયમાં ભાઈશ્રી. સારાભાઈ નવાબે આપણા ગુજરાતને મહત્ત્વના ગ્રન્થોનો સંગ્રહ પૂરો પાડ્યો છે એ આપણે વીસરી જતા નથી. ડૉ. મંજુલાલ મજમુદાર આદિએ પણ આ દિશામાં ઠીક ઠીક પ્રયત્ન કર્યો છે. એમ છતાં આ ક્ષેત્રમાં હજુ પણ કામ કરવાને ઘણો અવકાશ છે.

આપ સૌને લાગશે કે મારા ભાષણમાં આપણી ગુજરાતી તેમ જ બીજી અલભ્ય કૃતિઓ વિશે કેમ કાંઈ નિર્દેશ નથી કર્યો. આપ સૌને આ વિશે જણાવવાનું કે સદ્‌ગત ભાઈશ્રી મોહનલાલ દલીચંદ દેશાઈના 'ગુર્જર કાવ્યસંચય'ના ભાગો પ્રસિદ્ધ થયા પછી એ જ દિશામાં આગળ સક્રિય પ્રયત્ન કરી બીકાનેરનિવાસી શ્રીયુત અગરચંદ્રજી નાહટાએ શ્રીયુત દેશાઈના સંગ્રહમાં નહિ આવેલી નવીન કૃતિઓના સંગ્રહનો એક મોટો ભાગ તૈયાર કર્યો છે, અને જેને કોઈ પ્રસિદ્ધ કરનાર નહિ મળવાથી એ એમ ને એમ પડ્યો છે. આપણે આશા રાખીએ કે એ સંગ્રહ વહેલામાં વહેલો પ્રસિદ્ધ થાય. આ ભાગ ઉપરાંત પણ આપણા જ્ઞાનકોશોમાં હજુ પણ અજ્ઞાત શૃંગારમંજરી રાસ, આભાણરત્નાકર, આદિ જેવી ઢગલાબંધ કૃતિઓ છે, જેનો સંગ્રહ થવો આવશ્યક છે.

અંતમાં અપ્રાસંગિક છતાં, ગુજરાતી પ્રજા માટે જ નહિ, દરેક વિદ્વાન માટે ઉપયોગી અને મહત્ત્વની હોવાથી એક વાત રજૂ કરવી ઉચિત માનું છું કે આપણા આ શહેરમાં શેઠ શ્રી.કસ્તૂરભાઈ લાલભાઈ અને એમના કુટુંબીજનોના આંતર ઉત્સાહથી 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર' નામની સંસ્થા આજથી લગભગ બે વર્ષ પૂર્વે સ્થાપવામાં આવી છે. જેમાં માત્ર

ગુજરાત જ નહિ, કિન્તુ દેશ-પરદેશના વિદ્વાનો આવી સંશોધન અને અધ્યયન કરી શકે તેવી સામગ્રી એકત્ર કરવાનો સંકલ્પ છે. આ સંકલ્પના અનુસંધાનમાં આ વિદ્યામંદિરને આ વ્યાખ્યાતા તેમ જ આચાર્ય શ્રી વિજયદેવસૂરિજી, પં. શ્રી કીર્તિમુનિજી, ખેડા જૈન શ્રીસંઘ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી—અમદાવાદ આદિ તરફથી નાના-મોટા કીમતી સંગ્રહો ભેટ મળ્યા છે. તેમ જ એ ઉપરાંત વિદ્યામંદિરની કાર્યવાહક સમિતિની અનુમતિથી અને વિદ્યામંદિરને ખર્ચે લગભગ ત્રણ હજાર નવા કીમતી ગ્રંથો ખરીદ્યા છે, જેમાં કલ્પસૂત્રો, સંગ્રહણી, શ્રીચંદ્રચરિત્ર, કુમારસંભવમહાકાવ્ય, નરસિંહ મહેતાનું મામેરું, હસ્તિરોગ ચિકિત્સા, ઢોલામારુ, ગીતા, બાદશાહી-ચિત્રાવલી અને વિજ્ઞપ્તિપત્ર આદિ સચિત્ર ગ્રંથો પણ છે. સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય ઉપરાંત રાજસ્થાની, વ્રજભાષા, સંતવાણી અને ભક્તિસાહિત્ય પણ આમાં સમાય છે. જિનેન્દ્રબુદ્ધિન્યાસ, માધવીય-ધાતુવૃત્તિ, અણુભાષ્ય, દિગંબર આચાર્યકૃત માગધી–સંસ્કૃત, અપભ્રંશ ભાષાના મહત્ત્વના ગ્રંથો, દાર્શનિક સાહિત્ય, આદિની પ્રાચીન નકલો ખરીદવામાં આવી છે. વેદ, ઉપનિષદો, ભાગવત, રામાયણ અવતારચરિત, આદિ જેવા મહા કાવ્યગ્રંથો અને એ ઉપરાંત આયુર્વેદ, જ્યોતિષ, રત્નપરીક્ષા, વ્યાકરણ, કોષ, અલંકાર, છંદ, કાવ્ય, નાટક, આદિ ગ્રંથોનો સંગ્રહ પણ છે. આમાંના કેટલાક ગ્રંથો એવા પણ છે, કે જે તદ્દન અપૂર્વ જ છે. રમલ વિશે ગુરુમુખી લિપિમાં લખાયેલ ગ્રંથોનો મોટો સંગ્રહ પણ આમાં છે. વહીવંચાનાં ઓળિયાં અને કચ્છના રાવોના ઇતિહાસનો ચોપડો તેમ જ જકરનામા જેવી સામગ્રી પણ છે. સમયસુંદરોપાધ્યાયના હસ્તાક્ષરમાં લખાયેલી એમની પોતાની કૃતિઓ, સ્ત્રી કવિઓ કૃત અધિકમાસમાહાત્મ્ય જેવી રચનાઓ પણ છે. ગીતગોવિંદના અનુકરણરૂપ રામગીતગોવિંદ, કાન્હડદે પ્રબંધ, આદિની પ્રતિઓ પણ છે. આ ઉપરાંત કૃષ્ણભગવાનનાં દર્શન કરવા માટેની કાવડ, જ્યોતિષ માટે ઉપયોગી ચૂડીઓ, વગેરે સાધનો પણ છે.

આ વ્યાખ્યાતા તરફથી અને પાલણપુરના જૈન શ્રી સંઘ તરફથી મહત્ત્વની પ્રાચીન મૂર્તિઓનો એક સંગ્રહ પણ આ વિદ્યામંદિરને પ્રાપ્ત થયો છે.

આ વિદ્યામંદિરે સંશોધનને લગતી વિવિધ સામગ્રી, વિશાળ હસ્તલિખિત અને મુદ્રિત ગ્રન્થસંગ્રહ એકત્ર કરવાનું કામ અત્યારે હાથ ધરેલું છે. એ સાથે ડિસેમ્બર મહિનામાં આવનાર મુખ્ય સંચાલક ભાઈ શ્રી દલસુખ માલવણિયા અને અત્યારે વિદ્યામંદિરનું સંચાલન કરતા ઉપસંચાલકોએ મળીને જૈન આગમોના 'ઇન્ડેક્સ'નું કાર્ય કરવાનું છે. શેઠ શ્રી કસ્તૂરભાઈએ જ્યાં સુધી વિદ્યામંદિરનું પોતાનું મકાન તૈયાર ન થાય ત્યાં સુધી એને વાપરવા માટે પાનકોર નાકાનું પોતાનું મકાન ઉછીનું આપ્યું છે. ત્યાં રહીને સંસ્કૃતિ વિદ્યામંદિરને લગતું દરેક કાર્ય કરવામાં આવે છે.

આ પ્રમાણે આજે ગુજરાતમાં જુદી જુદી સંસ્થાઓ વિશિષ્ટ રીતે કાર્ય કર્યે જાય છે. આ સંસ્થાઓ પોત-પોતાની યોજનાઓ ઘડી, એક બીજી સંસ્થામાં કામ એવડાય નહિ એ રીતે કામ કર્યે જાય અને એ રીતે ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની વિવિધ શાખાઓને ઉત્તરોત્તર વધુ ઉન્નતિ તરફ લઈ જાય એ ભાવના સાથે આપે મને આપેલા માન માટે આભારની લાગણી વ્યક્ત કરી આ વ્યાખ્યાન પૂર્ણ કરું છું.

* પા. ૧૩ ઉપર યાદીના ઉલ્લેખ છે તે અત્રે પ્રગટ કરેલ નથી. —સંપાદક 'જૈનયુગ'

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

: રજીસ્ટર્ડ ઓફીસ :

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા
અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી
પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ (પૂર્વ પાકિસ્તાન)	મીલ નં. ૨ બેલઘરીઆ (કલકત્તા)

પ્રાકૃત અને જૈન અધ્યયનની પ્રગતિ

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ., પીએચ. ડી.

[ભુવનેશ્વર (ઓરિસા)માં ઑકટોબર, ૧૯૫૯માં મળેલ 'અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદ' (ઑલ ઇન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સ)ના વીસમા અધિવેશનના પ્રાકૃત અને જૈન ધર્મ વિભાગના પ્રમુખસ્થાનેથી ભાઈશ્રી ડૉ. સાંડેસરાએ 'પ્રોગ્રેસ ઑફ પ્રાકૃત એન્ડ જૈન સ્ટડીઝ' એ વિષય ઉપર અંગ્રેજીમાં મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. આ રસપ્રદ વ્યાખ્યાનને સર્વત્ર સારો સત્કાર મળતાં તેનો ગુજરાતી અનુવાદ 'જૈનયુગ'માં ક્રમશઃ પ્રગટ કરવા નિર્ણય કર્યો, જે અનુસાર 'જૈનયુગ'ના ઑકટોબરના અંકમાં પ્રારંભિક વિભાગ પ્રગટ કરેલ છે. તેના અનુસંધાનમાં બીજો થોડો ભાગ અત્રે રજૂ કરેલ છે. અનુવાદનો બાકીનો ભાગ ક્રમશઃ પ્રગટ થશે. — સંપાદક, "જૈનયુગ"]

વળી આ તબક્કે જ્ઞાનની પ્રસ્તુત શાખામાં બીજી બે સન્દર્ભગ્રન્થોની આવશ્યકતા વિષે હું થોડુંક કહીશ–એક 'જૈન સંસ્કૃત'નો શબ્દકોશ, અને બીજો, પ્રાકૃત ભાષાનો વિસ્તૃત શબ્દકોશ.

બૌદ્ધ સંસ્કૃત ગ્રન્થોની 'ગાથા સંસ્કૃત' જેને ડૉ. એજર્ટને 'બૌદ્ધ મિશ્ર સંસ્કૃત' ('બુદ્ધિસ્ટ હાઇબ્રિડ સંસ્કૃત') એવું નામ આપ્યું છે, એની જેમ પશ્ચિમ ભારતના–ખાસ કરીને જે પ્રદેશોમાં ગુજરાતી અને રાજસ્થાની ભાષાઓ બોલાય છે તે પ્રદેશોના મધ્યકાલીન જૈન લેખકોએ એક વિશિષ્ટ પ્રકારની મિશ્ર સંસ્કૃત ખિલવી હતી. જર્મન વિદ્વાન ડૉ. હર્ટલે એને 'લોકભાષામય સંસ્કૃત' ('વર્નાક્યુલર સંસ્કૃત') કહી છે, કેમકે એવા એક સાહિત્યિક માધ્યમનું એ ઉદાહરણ છે કે જેમાં સંસ્કૃત જાણે કે લોકભાષામય બની ગઈ છે! આચાર્ય હેમચંદ્રકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' જેવો જૈન પુરાણકથાનો આકરગ્રન્થ; જૈન કવિઓએ રચેલાં જુદા જુદા તીર્થંકરોનાં ચરિત્રો; ઈસવીસનના આઠમા અને અઢારમા સૈકા વચ્ચે રચાયેલી આગમગ્રન્થો ઉપરની સંસ્કૃત ટીકાઓ તેમજ પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં કાવ્યનાટકો ઉપર, એનું ઉત્સાહપૂર્વક અધ્યયન –અધ્યાપન કરનારા જૈન વિદ્વાનોએ લખેલી ટીકાઓ; ગદ્ય અને પદ્યમાં રચાયેલું વિપુલ કથાસાહિત્ય; 'પ્રબન્ધ' નામે ઓળખાતું ઐતિહાસિક અને અર્ધ–ઐતિહાસિક કથાસાહિત્ય; તેમજ જૈન ધર્મસિદ્ધાન્ત, વિશ્વવિદ્યા અને તે સંબંધ ધરાવતા વિષયના સંખ્યાબંધ ગ્રન્થો–આ 'જૈન સંસ્કૃત'માં રચાયેલા છે. વિરલ અને પ્રચારલુપ્ત શબ્દો તેમજ છાયારૂપો (Back-formations) એમાં પુષ્કળ આવે છે. કેટલીક વાર અતિ-સંસ્કૃત શબ્દો (Hyper Sanskritisms) પણ એમાં દેખાય છે. બોલાતી પ્રાદેશિક ભાષાઓમાંથી માત્ર શબ્દો જ નહિ, પણ એની વ્યાકરણ અને વાક્યરચનાની લાક્ષણિકતાઓ પણ બહુ સ્વાભાવિક રીતે આ સંસ્કૃતમાં દાખલ થઈ ગયેલી છે. પ્રાકૃતના તેમજ પ્રાદેશિક ભાષાના જૂના સ્વરૂપના થોડાક જ્ઞાન વિના એનો અર્થ બરાબર સમજવાનું અશક્ય નહિ તો મુશ્કેલ તો છે જ. સર્વે જૈન પારિભાષિક શબ્દો અહીં એમના સંસ્કૃત રૂપમાં દેખાય છે, અને આપણા ચાલુ સંસ્કૃત શબ્દકોશોને તદ્દન અજ્ઞાત એવા અર્થો વ્યક્ત કરે છે. આ વિષયના અભ્યાસના મહત્ત્વ પ્રત્યે સૌ પહેલું ધ્યાન દોરનાર વિદ્વાન ડૉ. મોરિસ બ્લૂમફિલ્ડ હતા. એને લગતો એમનો અભ્યાસ લેખ 'જૈન સંસ્કૃતનાં કેટલાંક અંગો' ('સમ આસપેક્ટ્સ ઑફ જૈન સંસ્કૃત') જર્મન વિદ્વાન યાકોબ વાકરનાગલને અર્પણ થયેલા અભિનન્દન ગ્રન્થ (પૃ. ૨૨૦–૨૩૦)માં ગટિંગન ખાતે સને ૧૯૨૩ માં પ્રકટ થયો હતો. ડૉ. હર્ટલે હાર્વર્ડ ઓરિયેન્ટલ સિરીઝમાં પ્રગટ થયેલી, પૂર્ણભદ્રકૃત પંચાખ્યાનની (ઈ. સ. ૧૧૯૯) પોતાની વાચનામાં (પૃ. ૨૯૧–૨૯૫) તથા ડૉ. એ. એન. ઉપાધ્યેએ સિંઘી જૈન સિરીઝમાં પ્રકટ થયેલ હરિષેણકૃત 'બૃહત્કથાકોશ'ના (ઈ. સ. નો ૧૦મો સૈકો) સંપાદનની પ્રસ્તાવનામાં (પૃ. ૧૦૧–૧૧૦) તે તે ગ્રન્થોમાંથી જૈન સંસ્કૃતના વિશિષ્ટ શબ્દોની સૂચિઓ આપી છે. શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઈએ શકવર્તી ગુજરાતી સન્દર્ભગ્રન્થ "જૈન ગુર્જર કવિઓ," ભાગ ૧ (પ્રસ્તાવના, પૃ. ૨૨૭–૨૩૪)માં મેરુતુંગાચાર્યકૃત)

'પ્રબન્ધચિંતામણિ' માંથી (ઈ. સ. ૧૩૦૫) વિશિષ્ટ શબ્દો અને પ્રયોગોની એક સૂચિ આપી છે, અને ભાષાનાં નોંધપાત્ર લક્ષણોની સંક્ષેપમાં ચર્ચા કરી છે. મેં અને પ્રાચ્ય વિદ્યામન્દિરના મારા એક કાર્યસાથી શ્રી. જયંત ઠાકરે 'જૈન સંસ્કૃતનું શબ્દકોશવિષયક અધ્યયન' ('લેક્સિકોગ્રાફિકલ સ્ટડીઝ ઇન જૈન સંસ્કૃત') એ નામની એક લેખમાળા શરૂ કરી છે; અને 'પ્રબન્ધચિંતામણિ' માંથી અકારાદિક્રમે ગોઠવેલા ૭૦૦ શબ્દોનો સંક્ષિપ્ત ટિપ્પણો સાથેનો એનો પહેલો હપ્તો 'જર્નલ ઑફ ધી ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ'ના ડિસેમ્બર ૧૯૫૮ના અંકમાં પ્રસિદ્ધ થયો છે, અને રાજશેખરસૂરિના 'પ્રબન્ધ-કોશ'ને (ઈ. સ. ૧૩૪૯) આધારે તૈયાર કરેલો આ પ્રકારનો શબ્દકોશ ટૂંક સમયમાં બહાર પડશે. વિવિધ પ્રકારના ગ્રન્થોને આધારે આવી બહુસંખ્ય સૂચિઓ તૈયાર થાય ત્યારે જ 'જૈન સંસ્કૃત'ના શબ્દકોશ માટે પૂરતી સામગ્રી એકત્ર થશે. સંસ્કૃત સાહિત્યનો એક મહત્ત્વનો હિસ્સો, જે પ્રાયઃ મધ્યકાલની બોલાતી સંસ્કૃતનો ઠીક ખ્યાલ આપે છે તેને સમુચિત રીતે સમજવા માટે આવા શબ્દકોશની અત્યંત આવશ્યકતા છે.

પં. હરગોવિન્દદાસ શેઠ કૃત 'પ્રાકૃત શબ્દમહાર્ણવ' (પ્રાકૃત-હિન્દી શબ્દકોશ) અને મુનિશ્રી રત્નચન્દ્રકૃત 'અર્ધમાગધી શબ્દકોશ' ઉપરાંત રૉયલ ક્વાર્ટો સાઈઝનાં કુલ ૯૨૦૦ પૃષ્ઠમાં છપાયેલો અને સાત દળદાર ગ્રન્થમાં વહેંચાયેલો 'અભિધાન રાજેન્દ્ર', આપણી પાસે છે, જેના પ્રણેતા આચાર્ય વિજયરાજેન્દ્રસૂરિના પવિત્ર સ્મરણમાં એ વર્ષ પહેલાં જ એક સ્મારક ગ્રન્થ બહાર પડેલો છે. આ મહાન કોશના સંકલન અને સંપાદનની વાત ન કરીએ તો યે, એનું મુદ્રણ પણ એક મહાભારત કાર્ય હતું, અને પ્રાકૃતના અભ્યાસીઓ આ મહાન સંદર્ભગ્રન્થ તૈયાર કરવા બદલ એ વિદ્વાન આચાર્યના સદાને માટે ઋણી રહેશે. પણ વિદ્યાર્થીની દૃષ્ટિએ આ કોશમાં એક ત્રૂટિ છે, અને તે એ કે કેટલીક વાર એક શબ્દની સમજૂતી આપવા માટે આખા ગ્રન્થો ઉધ્ધૃત કરવામાં આવ્યા છે, પણ અન્યથા સંદર્ભો એવી રીતે ટાંકવામાં આવ્યા નથી કે જેથી વિદ્યાર્થી તેને આધારે મૂળ સાધન શોધી શકે અને તેનો ઉપયોગ કરી શકે. પ્રાકૃતનો ભાવી શબ્દકોશ 'અભિધાન રાજેન્દ્ર' જેટલો વિસ્તૃત ભલે ન હોય, પણ મૂલ સન્દર્ભોનો ઉપયોગ કરનાર વિદ્યાર્થીની દૃષ્ટિએ પૂરેપૂરો કાર્યક્ષમ હોવો જોઈએ. પ્રાકૃતનાં તમામ સંપાદનોની સાથે શબ્દકોશશાસ્ત્રી તેમજ ઇતિહાસ અને સંસ્કૃતિના વિદ્યાર્થીને ઉપયોગી થાય એવી સંપૂર્ણ શબ્દસૂચિઓ હોવી જોઈએ. આપણે આશા રાખીએ કે પ્રાકૃત અને જૈન અધ્યયનના વિષયની આ એક મોટી જરૂરિયાત પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી યોગ્ય વિદ્વાનોના સહકારથી પૂરી કરે, અને પ્રાકૃત ભાષાના એવા એક કોશની સંકલના માટે ક્રમિક આયોજના કરે, જે શબ્દભંડોળની દૃષ્ટિએ બને એટલો સંપૂર્ણ હોય એટલું જ નહિ પણ પ્રાકૃત ભાષાઓ દ્વારા વ્યક્ત થયેલ વિચારો અને સંસ્કારિતાના વિકાસનો પણ ઠીક ઠીક ખ્યાલ આપે.

ભાગ્યે જ કહેવાની જરૂર હોય કે આ ત્રણે યોજનાઓનો જૈન આગમસાહિત્યની સાંસ્કૃતિક સૂચિ, 'જૈન સંસ્કૃત'નો શબ્દકોશ અને પ્રાકૃત શબ્દકોશનો–મુખ્ય ઉદ્દેશ વિભિન્ન હોવા છતાં એ ત્રણેય પરસ્પરની પૂરક છે અને એ ત્રણેય દ્વારા પ્રાચીન અને મધ્યકાલીન ભારતના સાંસ્કૃતિક, ભાષાકીય અને સાહિત્યિક ઇતિહાસ ઉપર પ્રકાશ પડશે.

છેલ્લે, જૈન જ્ઞાનભંડારો વિષે હું થોડુંક કહીશ. જૈન સાધુઓનાં પાંચ મહાવ્રતોમાંનું એક અપરિગ્રહ છે. ગ્રન્થો પણ પરિગ્રહ બની જાય એવો સંભવ હતો, આથી આગમના કેટલાક અંશોમાં સ્પષ્ટ કહેલું છે કે સાધુએ પુસ્તકનો પરિગ્રહ રાખવો નહિ, અને પુસ્તક લખવા માટે અથવા તેનો ઉપયોગ કરવા માટે પણ પ્રાયશ્ચિત્ત ઠરાવેલું છે. પરંતુ સમય જતાં ધાર્મિક સાહિત્ય વધતું ગયું તેમ તેમ એ બધું યાદ રાખવાનું મુશ્કેલ બનતું ગયું અને જ્ઞાનના અનિવાર્ય સાધન તરીકે પુસ્તકોનો સ્વીકાર કરવો પડ્યો, અને તે એટલે સુધી કે શ્રુતને વ્યવસ્થિત રીતે લિપિબદ્ધ કરવા માટે પરિષદ મળી તથા પુસ્તક લખાવવાં અને યોગ્ય સાધુ-સાધ્વીઓને દાનમાં આપવાં એ ધનનો સદ્વ્યય કરવા યોગ્ય સાત ક્ષેત્રો પૈકીનું એક ક્ષેત્ર ગણાયું. પૂર્વકાળમાં જૈન ધર્મ જ્યે કે પુસ્તક સમેત તમામ પરિગ્રહનો વિરોધી હતો, તો પણ કાળાન્તરે ભારતમાં એ એક જ એનો ધર્મ બન્યો, જેણે પુસ્તકોને તેમજ પુસ્તકાલયો અર્થાત્ જ્ઞાનભંડારોની સ્થાપના અને સંગોપનને અતિશય મહત્ત્વ આપ્યું. જ્ઞાનના પ્રત્યક્ષ રૂપ તરીકે પુસ્તકની પૂજા શરૂ થઈ, કાર્તિક શુકલ પંચમીને દિવસે એનો ઉત્સવ યોજાયો, જે જ્ઞાનપંચમી તરીકે ઓળખાય છે, અને એ ઉત્સવ પરત્વે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પ્રાદેશિક ભાષાઓમાં ગણનાપાત્ર કથા-સાહિત્ય વિકસ્યું. જૈનોના જ્ઞાનભંડારોના ઉદ્ભવ અને

વિકાસની આ ટૂંકી હકીકત છે. પાટણ, ખંભાત અને જેસલમેર જેવાં પ્રસિદ્ધ સ્થાનોની વાત ન કરીએ તો પણ ગુજરાત, રાજસ્થાન અને માળવામાં (જ્યાં શ્વેતાંબર જૈન ધર્મ પ્રબળ હતો અને હજી પણ છે) જૈનોની ઠીક ઠીક વસ્તીવાળું એક પણ ગ્રામનગર ભાગ્યે એવું હશે, જેની પાસે પોતાનો જ્ઞાનભંડાર ન હોય. આ ભંડારો સંઘના છે, અને કોઈ વ્યક્તિના નથી. યતિઓની વ્યક્તિગત માલિકીની ઘણી હસ્તપ્રતોની વાત ન કરીએ તો પણ, દેશના આ ભાગમાં જૈન ભંડારોમાં હસ્ત પ્રતોની સંખ્યા, તદ્દન આછી ગણત્રીએ પણ દસ લાખથી ઓછી નથી. ધ્યાનમાં રાખવાનું એ છે કે માત્ર જૈન ધાર્મિક ગ્રન્થોનાં આ પુસ્તકાલયો નથી, પણ જૈન વિદ્વાનોના ઉપયોગ માટેનાં સર્વસામાન્ય ગ્રન્થાલયો છે. કેટલાક અતિવિરલ જૈનેતર ગ્રન્થો જે પહેલાં કેવળ સાહિત્યિક ઉલ્લેખો દ્વારા જાણવામાં આવેલા હતા અથવા સાવ અજ્ઞાત હતા તે આ ભંડારમાંથી મળ્યા છે. સંસ્કૃત સાહિત્યશાસ્ત્રોનો એક અતિ મહત્વનો ગ્રન્થ, રાજશેખરકૃત 'કાવ્યમીમાંસા' 'રૂપકષટકમ્' શીર્ષક નીચે પ્રસિદ્ધ થયેલાં કવિ વત્સરાજનાં નાટકો, જેમાં સમવકાર, ઈહામૃગ અને ડિમ જેવા સંસ્કૃત એકાંકીના અતિવિરલ નમૂનાઓ છે; લોકાયત દર્શનનો એકમાત્ર ઉપલબ્ધ ગ્રન્થ, જયરાશિકૃત 'તત્ત્વોપપ્લવ'; બૌદ્ધ દર્શનના સૌથી મૂલ્યવાન ગ્રન્થો પૈકી એક, આચાર્ય શાન્તરક્ષિત અને એના શિષ્ય કમલશીલકૃત (તેઓ બંને નાલંદા વિદ્યાપીઠમાં અધ્યાપકો હતા) 'તત્ત્વસંગ્રહ'–ઇત્યાદિ આ વિધાનનાં કેટલાંક ઉદાહરણો છે. મહાન બૌદ્ધ તાર્કિક ધર્મકીર્તિકૃત 'પ્રમાણવાર્તિક' જે કે તિબેટમાંથી જાણવામાં આવેલું, પણ ભારતમાં એની હસ્તપ્રત આ ભંડારોમાં જ હતી. સાંખ્ય સૂત્રો ઉપરની બે નવી ટીકાઓ–'માઠરવૃત્તિ' થી ભિન્ન–તાજેતરમાં જેસલમેરથી મળી છે. સંસ્કૃત કાવ્યનાટકોની તેમજ સાહિત્યશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, આદિના ગ્રન્થોની પ્રાચીનતમ ઉપલબ્ધ પ્રતો આ ભંડારોમાં જ છે, એમ કહેવામાં મુદ્દલ અતિશયોક્તિ નથી. ગાયકવાડઝ ઓરિયેન્ટલ સિરીઝના પ્રથમ સામાન્ય સંપાદક તેમજ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ તેમજ ગુજરાતીના સમર્થ વિદ્વાન શ્રી. ચિમનલાલ દલાલે પાટણ અને જેસલમેરના ગ્રન્થભંડારો તપાસીને રજૂ કરેલા અહેવાલોને પરિણામે ભૂતપૂર્વ વડોદરા રાજ્યની સરકારે એ વિખ્યાત સિરીઝનો આરંભ કર્યો હતો તે આ સાહિત્યસમૃદ્ધિને કારણે. આ ગ્રન્થભંડારોની આયોજના, વ્યવસ્થા અને સંગોપનનો અભ્યાસ એ પ્રાચીન ભારતીય સંસ્કૃતિ કે જૈન અધ્યયન કે લાયબ્રેરી સાયન્સના કોઈ વિદ્યાર્થી માટે ખરેખર આકર્ષક વિષય થઈ પડશે. દિગંબરોમાં પણ જ્ઞાનભંડારોની આવી પદ્ધતિ હતી, પણ કદાચ તે આટલી સુવિકસિત નહોતી.

આધુનિક સમયમાં સાચી જરૂરિયાત તો આ પ્રાચીન વારસાનો ઉપયોગ કરવાની અને વિદ્વજ્જગતને એ સુલભ બનાવવાની છે શ્વેતાંબર સ્થાનકવાસી સંપ્રદાયના લોંકાગચ્છના મુખ્ય યતિશ્રી હેમચન્દ્રજીએ ગયા ફેબ્રુઆરી માસમાં જ સાત હજાર પ્રાચીન હસ્તપ્રતોની કીમતી ભેટ વડોદરા યુનિવર્સિટીના પ્રાચ્ય વિદ્યામન્દિરને આપી છે. આશરે અર્ધ શતાબ્દીની કાર્યશીલ સાહિત્યિક કારકીર્દિ દરમિયાન એકત્ર કરેલી લગભગ સાત હજાર હસ્તપ્રતોના પોતાના મૂલ્યવાન અંગત સંગ્રહની ભેટ મુનિશ્રી પુણ્યવિજયજીએ અમદાવાદમાં ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિરને આપી છે. આપણે આશા રાખીએ કે આ પ્રધાત વધારે વ્યાપક બને અને આપણી સંશોધન–સંસ્થાઓને આવી ભેટો વધુને વધુ પ્રમાણમાં પ્રાપ્ત થાય. સંઘ હસ્તકના જ્ઞાનભંડારો દાનમાં આપવાનું કદાચ શક્ય ન બને. પણ એ ભંડારોને થોડાંક મધ્યસ્થ સ્થાનોએ એકત્ર કરી શકાય, તથા યુનિવર્સિટીઓ, સંશોધનસંસ્થાઓ અને અન્ય તજ્જ્ઞોની સહાયથી એની યોગ્ય સૂચિઓ બનાવવા માટે તથા શાસ્ત્રીય સંગોપન માટે પૂરતી વ્યવસ્થા થઈ શકે. આ હસ્તપ્રતોની પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓ અત્યંત રસપ્રદ અને ઉપયોગી છે, કેમકે મધ્યકાલીન ઇતિહાસનાં અનેક પાસાં ઉપર તે પ્રકાશ પાડે છે તેમજ જુદા જુદા સંપ્રદાયો અને ગચ્છનો તથા જ્ઞાતિઓ અને કુટુંબોના ધાર્મિક–સામાજિક ઇતિહાસ માટે પુષ્કળ માહિતી પૂરી પાડે છે તથા સ્થળનામોના અભ્યાસ માટે કીમતી સામગ્રી રજૂ કરે છે. વિદ્યાના ઉત્કર્ષ માટે પોતાના પૂર્વજોએ કાળજી અને ઉત્સાહથી સાચવેલો અને સમૃદ્ધ કરેલો આ સાંસ્કારિક અને સાહિત્યિક વારસો વિદ્વાનોને સુલભ બનાવવામાં ચતુર અને દીર્ઘદર્શી જૈન સમાજ પાછો નહિ પડે એવી આશા આપણે રાખીએ.

આટલા પ્રાસ્તાવિક કથન પછી, આ પરિષદના વિભાગી પ્રમુખ પાસે સામાન્યતઃ અપેક્ષા રાખવામાં આવે છે તેમ, છેલ્લાં બે વર્ષ દરમિયાન પ્રાકૃત અને

જૈન ધર્મના વિષયમાં થયેલા કાર્યની સંક્ષિપ્ત સમાલોચના હું કરીશ. મારા પુરોગામી પ્રમુખે જે વિષે નોંધ નહિ કરી હોય એવા અગત્યના ગ્રન્થો અને લેખો એ વર્ષ પહેલાં પ્રકટ થયા હશે તો પણ એની હું અહીં નોંધ લઈશ.

સૌ પહેલાં તો આપણે આગમગ્રન્થોની વાચનાઓ લઈએ. પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીના પ્રથમ પ્રકાશન તરીકે બહાર પડેલ, 'અંગવિજ્જા'ના ઉત્તમ સંપાદનનો આ પહેલાં મેં ઉલ્લેખ કર્યો છે. બીજા કેટલાક આગમગ્રન્થોના સંપાદન અથવા પ્રકાશનનું કાર્ય સોસાયટી હમણાં કરી રહેલ છે. તાડપત્ર અને કાગળ ઉપર લખાયેલી પ્રાચીનતમ હસ્તપ્રતોને આધારે 'સૂત્રકૃતાંગસૂત્ર'નું, તે ઉપરની નિર્યુક્તિ અને ચૂર્ણિ સહિત, સંપાદન મુનિશ્રી પુણ્યવિજયજીએ કર્યું છે, અને એનો અર્ધ કરતાં વધારે ભાગ છપાઈ ગયો છે. 'દશવૈકાલિક સૂત્ર'નું અગસ્ત્યસિંહસૂરિકૃત ચૂર્ણિ સહિત સંપાદન પણ તેમણે કર્યું છે, અને એનો સારો એવો ભાગ છપાઈ ગયો છે. નવી જાણવામાં આવેલી આ ચૂર્ણિ રતલામ ખાતે આશરે પચીસ વર્ષ પહેલાં પ્રકટ થયેલી જિનદાસગણિ મહત્તરકૃત ચૂર્ણિથી (ઈ. સ. નો ૭ મો સૈકો) તદ્દન ભિન્ન છે. જેસલમેરથી મળેલી એની તાડપત્રીય પ્રત જે બારમા સૈકા આસપાસ લખાયેલી છે તે તથા એકાદ સૈકા પછી થયેલી એની જ તાડપત્રીય નકલને આધારે આ સંપાદન થયું છે. વલભીમાં જૈન શ્રુતની છેવટની વાચના થઈ ત્યાર પહેલાં અગસ્ત્યસિંહની ચૂર્ણિ રચાઈ હશે એમ સંપાદક વાજબી રીતે માને છે, કેમ કે આ ચૂર્ણિમાં સૂત્રના સેંકડો પાઠભેદો આપેલા છે, જ્યારે પ્રમાણમાં પ્રાચીન સંસ્કૃત ટીકાકાર હરિભદ્રસૂરિ (ઈ. સ. નો ૮ મો સૈકો) સ્પષ્ટ રીતે પાઠભેદોનો અભાવ સૂચવે છે. ચૂર્ણિમાંથી એ પણ જણાય છે કે એના લેખક સમક્ષ એક પ્રાચીનતર ટીકા–ઘણું કરીને પ્રાકૃતમાં જ લખાયેલી–હતી. ઉપર સૂચવ્યું તેમ, અગસ્ત્યસિંહ જો ઈ. સ. ના પાંચમા સૈકા પહેલાં થઈ ગયા હોય તો આ વસ્તુ સવિશેષ નોંધપાત્ર છે, કેમ કે આગમો ઉપરનું અતિ પ્રાચીન ટીકા સાહિત્ય જે મોટે ભાગે નષ્ટ થઈ ગયું છે એનો કંઈક ખ્યાલ તે ઉપરથી આવે છે.

બીજાં આગમોમાંથી નીચેના ગ્રન્થોની વાચનાઓ પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી તરફથી તૈયાર થઈ રહી છે એ જાહેર કરવાની સ્થિતિમાં હું છું–ચૂર્ણિ અને શીલાંકદેવની સંસ્કૃત ટીકા સહિત 'આચારાંગ સૂત્ર'; ચૂર્ણિ તથા હરિભદ્રસૂરિ અને મલયગિરિની સંસ્કૃત ટીકાઓ સહિત 'નન્દિ સૂત્ર'; ચૂર્ણિ તથા હરિભદ્રસૂરિ અને મલધારી હેમચન્દ્રની સંસ્કૃત ટીકાઓ સહિત 'અનુયોગદ્વાર સૂત્ર' તથા અભયદેવસૂરિની સંસ્કૃત ટીકા સહિત 'સમવાયાંગ સૂત્ર'. આ ઉપરાંત 'દશાશ્રુતસ્કન્ધ', 'બૃહત્કલ્પસૂત્ર' અને 'વ્યવહાર સૂત્ર' એ ત્રણ છેદ સૂત્રોની ચૂર્ણિ સહિત વાચનાઓ તૈયાર થઈ રહી છે, અને તેમાં સારી પ્રગતિ થઈ છે.

મુનિશ્રી માનવિજયજીએ દ્રોણાચાર્યની ટીકા સહિત 'ઓઘનિર્યુક્તિ'ની વાચના પ્રસિદ્ધ કરી છે (સૂરત, ૧૯૫૭). ખરેખર તો આગમોદય સમિતિની વાચનાનું (મહેસાણા સં. ૧૯૭૫) એ પુનર્મુદ્રણ છે, જે વાચના કેટલાંક વર્ષથી મળતી નહોતી. પરન્તુ પાંચ હસ્તપ્રતો સાથે એની નવેસરથી પાઠતુલના કરવામાં આવી છે.

ઉપાધ્યાય અમરમુનિ અને મુનિશ્રી કનૈયાલાલજીને હસ્તે તૈયાર થયેલી, નિર્યુક્તિ ભાષ્ય અને ચૂર્ણિ સહિત 'નિશીથસૂત્ર'ની વાચના (સન્મતિ જ્ઞાનપીઠ, આગ્રા, ભાગ ૧–૨, ૧૯૫૭; ભાગ ૩, ૧૯૫૮; ભાગ ૪ ટૂંક સમયમાં પ્રકટ થશે) ડૉ. શુબ્રિંગના 'મહાનિશીથ' તથા મુનિશ્રી ચતુરવિજયજી અને મુનિશ્રી પુણ્યવિજયજીએ ૭ ગ્રન્થોમાં તૈયાર કરેલ, ક્ષેમકીર્તિની સંસ્કૃત ટીકા સહિત 'બૃહત્કલ્પસૂત્ર'ના સંપાદન પછી, છેદસૂત્રોના અભ્યાસ અને પ્રકાશનમાં નોંધપાત્ર છે. આચાર્ય વિજયપ્રેમસૂરિએ 'નિશીથ ચૂર્ણિ'ની પાંચ ગ્રંથોમાં સાઇક્લોસ્ટાઇલ્ડ વાચના (૧૯૩૯–૪૦) મર્યાદિત ઉપયોગ માટે તૈયાર કરી હતી, અને આગમ સાહિત્યમાં મારા સંશોધનકાર્ય અંગે મેં એનો ઉપયોગ કર્યો હતો. પરંતુ જૈન શ્રમણસંઘના ઇતિહાસ તેમજ પ્રાચીન ભારતની સામાજિક પરિસ્થિતિના અભ્યાસ માટે સમાન અગત્યનો આ બૃહદ્ છેદગ્રન્થ પહેલી જ વાર છપાયો છે. ભાંડારકર ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, પૂના ખાતેના મુંબઈ સરકારના સંગ્રહમાંની પ્રમાણમાં આધુનિક ત્રણ હસ્તપ્રતોનો તેમજ સાઇક્લોસ્ટાઇલ્ડ વાચનાનો ઉપયોગ સંપાદકોએ કર્યો છે. આ પ્રાચીન ગ્રન્થની એક પણ તાડપત્રીય હસ્તપ્રતનો ઉપયોગ તેઓ કરી શક્યા નથી એ આશ્ચર્યજનક છે. પહેલા ભાગની હિન્દી પ્રસ્તાવનામાં (પૃ. ૬) તેમણે પોતે જ કહ્યું છે–"इतना कहना आवश्यक है कि यदि यह सम्पादनकार्य गुजरात या महाराष्ट्र प्रदेश के अहमदा-

बाद तथा पूना आदि नगरों में होता तो बहुत अच्छा होता। क्यों कि वहां ज्ञानभण्डारों में प्राचीन प्रतियों का संग्रह विपुल मात्रा में मिल जाता है। इधर उत्तर प्रदेश आदि में इस प्रकार का प्राचीन संग्रह नहीं हैं।" ઉપયોગમાં લીધેલી હસ્તપ્રતોમાંથી એક પણ પાઠાન્તર સંપાદકોએ નોંધ્યું નથી ! ગમે તેમ, પણ આવો મહત્ત્વનો ગ્રન્થ સુમુદ્રિત સ્વરૂપમાં, અનેક શબ્દસૂચિઓ સાથે ભારતીય વિદ્યાના અભ્યાસીઓને ઉપલબ્ધ થયો છે એ આનંદની વાત છે. આ પ્રકાશનનું સૌથી મહત્ત્વનું અંગ તે શ્રી. દલસુખ માલવણિયાની હિન્દી પ્રસ્તાવના છે, જેની નકલ છપાયા પહેલાં મને વાંચવા માટે મળી હતી. આ ગ્રંથના સમય તથા ગ્રંથકર્તા સાથે સંબંધ ધરાવતા તમામ ઐતિહાસિક પ્રશ્નો ઉપરાંત એમાં નિરૂપાયેલ ઉત્સર્ગો અને અપવાદોની શ્રી. માલવણિયાએ સમર્થ ચર્ચા કરી છે અને તત્કાલીન સમાજસ્થિતિના સન્દર્ભમાં એ સમજાવવાનો પ્રયાસ કર્યો છે. એમની પ્રસ્તાવના એ, ખરું જોતાં, 'નિશીથ સૂત્ર' વિષેનું એક નાનું પુસ્તક જ છે.

ગયા બે વર્ષમાં નીચેના આગમ ગ્રન્થો પણ પ્રસિદ્ધ થયા છે–'કલ્પસૂત્ર' (રાજકોટ, ૧૯૫૮), 'ઔપપાતિક સૂત્ર' (રાજકોટ, ૧૯૫૯), 'ઉત્તરાધ્યયન સૂત્ર' (રાજકોટ, ૧૯૫૯), 'આવશ્યક સૂત્ર' (૨જી આવૃત્તિ, રાજકોટ, ૧૯૫૮), 'અંતકૃદ્ દશા સૂત્ર' (૨જી આવૃત્તિ, રાજકોટ, ૧૯૫૮). અખિલ ભારત શ્વેતાંબર સ્થાનકવાસી જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિનાં આ પ્રકાશનો છે, અને એમાંના પ્રત્યેક ગ્રંથ સાથે એક અર્વાચીન સંસ્કૃત ટીકા તથા હિન્દી–ગુજરાતી ભાષાંતર છે. શૈલાના (મધ્ય પ્રદેશ) અખિલ ભારત સાધુમાર્ગી જૈન સંસ્કૃતિરક્ષક સંઘ તરફથી બીજાં કેટલાંક આગમો, હિન્દી ભાષાન્તર સહિત પ્રકટ થયાં છે. સ્પષ્ટ છે કે આગમોનાં પ્રકાશનો એક સાથે અનેક સ્થળેથી થઈ રહ્યાં છે, અને એમાંનું કેટલુંક કામ તો અવ્યવસ્થિત રીતે થઈ રહેલું છે. ધાર્મિક ભાવનાથી પ્રેરાયેલી આ પ્રવૃત્તિ પાછળ મોટી રકમોનો વ્યય પણ થતો હશે. આ જુદાં જુદાં મંડળો પોતાનાં સાધનો એકઠાં કરી શકે અને પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી જેવી સંશોધનસંસ્થાના સહકારમાં કામ કરી શકે તો સારું.

આગમ-અધ્યયનને લગતી બે ગુજરાતી પુસ્તિકાઓ પ્રકટ થઈ છે–શ્રી. રતિલાલ મફાભાઈ શાહકૃત 'ભગવાન મહાવીર અને માંસાહાર' (પાટણ, ૧૯૫૯) અને મુનિશ્રી ન્યાયવિજયજીકૃત 'ભગવાન મહાવીરનું ઔષધગ્રહણ' (પાટણ, ૧૯૫૯). ભગવાન મહાવીરે માંસભક્ષણ કર્યું હોવાના મતનો પ્રતિવાદ લેખકોએ કર્યો છે અને કેટલાંક આગમોમાં આવતા કુક્કુટ, કપોત, મજ્જાર આદિ શબ્દો, ટીકાકારોને અનુસરીને, વનસ્પતિઓના અર્થમાં તેમણે સમજાવ્યા છે.

આગમોને લગતા કેટલાક નોંધપાત્ર નિબંધો પ્રસિદ્ધ થયા છે. પ્રાકૃત અને જૈનધર્મના એક અગ્રગણ્ય વિદ્વાન ડૉ. એ. એન ઉપાધ્યેએ આગમોમાં અનુપ્રેક્ષાના તાત્ત્વિક તેમ જ આચારશાસ્ત્રીય અર્થની ચર્ચા કરી છે ('જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ', પુ. ૭, અંક ૧, સપ્ટેમ્બર ૧૯૫૮). પ્રાકૃત અને જૈન ધર્મના નામાંકિત યુરોપીય વિદ્વાન ડૉ. એલ. આલ્સડોર્ફે 'સૂત્રકૃતાંગ-સૂત્ર'ના પહેલા શ્રુતસ્કન્ધના ચોથા અધ્યયન 'ઇત્થી-પરિણ્ણા'નો સમીક્ષિત અભ્યાસ રજૂ કર્યો છે. ('ઇન્ડો-ઇરાનિયન જર્નલ', પુ. ૨, અંક ૪, ૧૯૫૮). ડૉ. આલ્સડોર્ફે આ કૃતિને, યોગ્ય રીતે જ, જૈન શ્રમણ-કવિતાના નમૂના તરીકે વર્ણવી છે, અને પાઠાન્તરો, અંગ્રેજી ભાષાન્તર અને મૂલ્યવાન નોંધો સાથે તેની વાચના તૈયાર કરી છે. એ જ વિદ્વાને બીજા એક લેખમાં ('બેલ્વલકર ફેલિસિટેશન વૉલ્યુમ', દિલ્હી, ૧૯૫૭) જાતક નં. ૪૯૮ અને 'ઉત્તરાધ્યયન સૂત્ર', અધ્યયન ૧૩માં મળતી ચિત્ત અને સંભૂતની કથાની વિગતવાર તુલના કરી છે, તથા એ જ કથાનો અભ્યાસ કરનાર લ્યુમન અને શાર્પેન્ટિઅર જેવા પુરોગામી વિદ્વાનોના કામમાં સુધારા સૂચવ્યા છે અથવા પૂર્તિ કરી છે. પ્રાચીન ભારતીય સાહિત્યના સાંસ્કૃતિક અધ્યયન માટે જાણીતા ડૉ. વાસુદેવશરણ અગ્રવાલે 'અંગવિદ્યા'માં ઉલ્લિખિત સિક્કાઓનો અભ્યાસ કર્યો છે ('ઉત્તર ભારતી', આગ્રા યુનિવર્સિટી, પુ. ૪, અંક ૧, ડિસેમ્બર ૧૯૫૭) અને આચાર્ય વિજયેન્દ્રસૂરિએ જૈન આગમમાં ઇન્દ્ર વિષે એક રસપ્રદ નિબંધ લખ્યો છે ('વિશ્વજ્યોતિ', પુ. ૭, અંક ૨, જાન્યુઆરી ૧૯૫૯). ડૉ. ઉમાકાન્ત શાહે પ્રાચીન જૈન સાહિત્યમાં સિક્કા વિષે માહિતીપૂર્ણ લેખ લખ્યો છે ('રાજેન્દ્રસૂરિ સ્મારક ગ્રંથ', ખુડાલા, ૧૯૫૭). મુનિશ્રી પુણ્યવિજયજીએ નષ્ટ આગમગ્રંથ 'પ્રથમાનુયોગ'ના પ્રશ્નનો અભ્યાસ કર્યો છે અને બતાવ્યું છે કે એ ગ્રંથની સંકલના કાલકાચાર્યે કરી હતી. 'પ્રથમાનુયોગ'-ના વસ્તુની રૂપરેખા પણ તેમણે આપી છે ('આચાર્ય

શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ', મુંબઈ, ૧૯૫૬). શ્રી. અગરચંદ નાહટાએ કાલગણનાની જૈન પદ્ધતિ વિષે લખ્યું છે તથા શ્રી. નરેન્દ્રકુમાર ભનાવતે 'ઉપાસકદશાંગ સૂત્ર'માંથી કેટલીક સામગ્રી રજૂ કરી છે('રાજેન્દ્રસૂરિ સ્મારક ગ્રન્થ', ખુડાલા, ૧૯૫૭).

દિગંબર આગમના ક્ષેત્રમાં, ભગવાન ભૂતબલિકૃત 'મહાબન્ધ'ના સાતમા ગ્રન્થ સાથે 'ષટ્ખંડાગમ'ના પ્રકાશનની સમાપ્તિ એ ઘણી મહત્ત્વની ઘટના છે. હિન્દી અનુવાદ સહિત આખું યે 'ષટ્ખંડાગમ' ૨૩ ગ્રન્થોમાં પૂર્ણ થયું છે. 'ધવલા' ટીકાનો પહેલો ગ્રન્થ ૧૯૩૯માં પ્રકટ થયો હતો, અને 'મહાબન્ધ'ના સાતમા ગ્રન્થ સાથે એનો સોળમો ગ્રન્થ હમણાં બહાર પડ્યો છે. એના સંપાદકો અને પ્રકાશકોને—ખાસ કરીને ડૉ. હીરાલાલ જૈનને આ સિદ્ધિ માટે અભિનંદન ઘટે છે. મુખ્ય સંપાદકને ઘણો સમય લેનારી બીજી અનેક કામગીરીઓ બજાવવાની હતી, તેમ છતાં આ વિપુલ સાહિત્યનું સમીક્ષિત સંપાદન, સુન્દર અનુવાદ સહિત, એ દસકામાં બહાર પડી શકયું એ ખરેખર આનંદની વાત છે. આ સાહિત્યનો વિવેચનાત્મક અભ્યાસ હવે શરૂ થવો જોઈએ. આ ગ્રન્થનો મુખ્ય વિષય કર્મ-સિદ્ધાન્ત છે, જે જૈન ફિલસૂફીનો આત્મા છે. આ રચનાઓમાં—પ્રાકૃત સૂત્રોમાં તથા એની ટીકાઓમાં એ વિષય અત્યંત સૂક્ષ્મતાપૂર્વક અશેષ રીતે ચર્ચાયો છે. દિગંબર તેમજ શ્વેતાંબર પરંપરાના બીજા અનેક ગ્રન્થોમાં કર્મસિદ્ધાન્તનાં વિવિધ પાસાંની ચર્ચા છે; આ સમગ્ર સાહિત્યનો ઐતિહાસિક અભ્યાસ થવો જોઈએ, જેથી કર્મ-સિદ્ધાન્તનો તથા એમાંથી નિષ્પન્ન થતી બીજી અનેક બાબતોનો વિકાસ સમજી શકાય.

ડૉ. એ. એન ઉપાધ્યે અને ડૉ. હીરાલાલ જૈન સંપાદિત અને પં. બાલચન્દ્રના હિન્દી ભાષાન્તર સહિત છપાયેલો 'જંબુદ્વીપ—પ્રજ્ઞપ્તિસંગ્રહ' (સોલાપુર, ૧૯૫૮) એ બીજી એક મહત્ત્વની કૃતિ છે. 'ત્રિલોક પ્રજ્ઞપ્તિ'ના ગણિત વિષે પ્રો. લક્ષ્મીચન્દ્ર જૈનનો વિસ્તૃત હિન્દી અભ્યાસલેખ એમાં છે. 'જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિસંગ્રહ' એ જૈન વિશ્વવિદ્યા વિષેનો ૨૪૯૯ પ્રાકૃત ગાથાઓમાં રચાયેલો ગ્રન્થ છે, અને તેની રચના ઘણું કરીને રાજસ્થાનમાં ઈ. સ. ના ૧૦મા અથવા ૧૧મા સૈકામાં થઈ હતી. 'ત્રિલોક પ્રજ્ઞપ્તિ' પછી તુરત જ આ ગ્રંથનું પ્રકાશન હાથ ધરાયું એ યોગ્ય છે. અર્ધમાગધી આગમમાં આ વિષયના 'સૂર્યપ્રજ્ઞપ્તિ', 'ચંદ્ર પ્રજ્ઞપ્તિ', 'જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ' અને 'જ્યોતિષ્ક-રંડક' એ ગ્રંથો છે તથા આગમેતર સાહિત્યમાં ઉપાધ્યાય વિજયવિજયકૃત 'લોકપ્રકાશ' આદિ છે. આ વિષયના શ્વેતાંબર તથા દિગંબર ગ્રન્થોનો તુલનાત્મક અભ્યાસ ઘણો રસપ્રદ થશે. 'ત્રિલોક પ્રજ્ઞપ્તિ'ના ગણિત વિષેનો ૧૧૦ પૃષ્ઠનો વિસ્તૃત નિબંધ આધુનિક ગણિતશાસ્ત્રના સન્દર્ભમાં પ્રાચીન ગણિતને તપાસવા અને મૂલવવાનો સમર્થ પ્રયાસ છે, અને એ પ્રકારનાં વધારે અધ્યયનો થવાં જોઈએ.

આગમેતર પ્રાકૃત સાહિત્યમાં પ્રમાણ તેમજ ગુણદૃષ્ટિએ સારું કામ થયું છે. રામચરિતવિષયક પ્રાચીન જૈનકૃતિ—વિમલસૂરિકૃત 'પઉમચરિય'નું શ્રી. શાંતિલાલ શાહે કરેલા હિન્દી અનુવાદ સહિત, મુદ્રણ પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીએ લગભગ પૂરું કર્યું છે. ડૉ. યાકોબીનું સંપાદન (ભાવનગર, ૧૯૧૪), જે લાંબા સમયથી મળતું નથી તેનું એ પુનર્મુદ્રણ છે, પણ એ વધુ હસ્તપ્રતો સાથે એનું કાળજીપૂર્વક પાઠસંતુલન કરવામાં આવેલું છે.

પ્રાચીનતમ ઉપલબ્ધ તાડપત્રીય પ્રતોને આધારે શીલાંકકૃત 'ચઉપ્પન્નમહાપુરિસચરિય'નું સમીક્ષિત સંપાદન પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીના ઉપક્રમે પં. અમૃતલાલ ભોજકે તૈયાર કર્યું છે. મૂલપાઠ અને પરિશિષ્ટો પૂરેપૂરાં છપાઈ ગયાં છે, અને આ વ્યાખ્યાન અપાય છે એ અરસામાં કદાચ એ પુસ્તક બહાર પડ્યું હશે. જૈન પુરાણકથાનો એ દળદાર ગ્રન્થ છે. અને એનું ગ્રન્થાગ્ર ૧૨૦૦૦ શ્લોકનું છે. સાધારણ રીતે માનવામાં આવે છે તેથી ઊલટું જ, 'આચારાંગ' અને 'સૂત્રકૃતાંગ' ઉપર ટીકાઓ લખનાર શીલાંકથી આ કૃતિના લેખક ભિન્ન છે. રચનાવર્ષ એમાં આપ્યું નથી, પણ જૈન ગ્રંથોની એક મધ્યકાલીન સૂચિ 'બૃહટ્ટિપનિકા' અનુસાર, એની રચના સં. ૯૨૫ (ઈ. સ. ૮૬૯)માં થઈ હતી. પ્રાકૃત કથાભાગની વચ્ચે એમાં અવારનવાર અપભ્રંશ પણ આવે છે. આ પ્રાકૃત ગ્રંથ વિષેના ડૉ. કલાઉઝ બ્રુનના જર્મન મહાનિબંધમાંથી (હેમ્બુર્ગ, ૧૯૫૪) કેટલાક પ્રસ્તુત ભાગોનો અંગ્રેજી અનુવાદ ડૉ. અરુણોદય જાનીએ કર્યો છે. અને તે આ સંપાદનમાં છપાય છે. મહાન મનીષી આચાર્ય હેમચંદ્રે જૈન પુરાણકથાનો પોતાનો આકર ગ્રન્થ 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' રચતાં ઉપયોગમાં લીધેલાં સાધનો પૈકી એક મહત્ત્વનો ગ્રંથ

'चउप्पन्नमहापुरिसचरिय'ना પ્રકાશનથી વિદ્વાનોને સુલભ થશે.

પ્રાકૃત ભાષામાં આ બધા, એક રીતે, પુરાણશૈલીના ગ્રંથો છે. પરંતુ પ્રાકૃત સાહિત્યમાં ધર્મકથાનું પણ અગત્યનું સ્થાન હતું. સૌથી મહત્ત્વની પ્રાકૃત ધર્મકથાઓ પૈકીની એક, ઉદ્યોતનસૂરિકૃત 'કુવલયમાલા'નું સંપાદન (સિંઘી જૈન ગ્રન્થમાલા, મુંબઈ, ૧૯૫૯) ડૉ. એ. એન. ઉપાધ્યેએ કર્યું છે, જેમને અનેક વિરલ પ્રાકૃત ગ્રંથો બહાર લાવવાનો યશ ઘટે છે. રાજસ્થાનમાં આવેલા જણાલિપુર (અર્વાચીન જાલોર)માં આ કથા ઈ. સ. ૭૭૮માં રચાઈ હતી; આચાર્ય જિનવિજયજી, જેમની કુશળ દોરવણી નીચે સિંઘી ગ્રંથમાલાએ પ્રાકૃત અને જૈન અધ્યયનની પ્રગતિમાં ઘણો મોટો ફાળો આપ્યો છે તેમણે ઠેઠ ૧૯૨૭માં આચાર્ય આનંદશંકર ધ્રુવના માસિક પત્ર 'વસંત'ના રજત મહોત્સવ નિમિત્તે બહાર પડેલ 'વસન્ત રજત મહોત્સવ સ્મારક ગ્રન્થ'માં 'કુવલયમાલા—આઠમા સૈકાની એક જૈન કથા' એ નામના લેખમાં આ કથાનો સૌ પ્રથમ વિસ્તૃત વિવેચનાત્મક પરિચય આપ્યો હતો. 'કુવલયમાલા'ના પ્રસ્તુત પહેલા ભાગમાં મૂળ પ્રાકૃત કથા અને વિવિધ પાઠાંતરો આવે છે. એનો બીજો ભાગ, જે હવે પછી પ્રસિદ્ધ થશે, એમાં આખીયે કથાની સંસ્કૃત છાયા, પ્રસ્તાવના, પરિશિષ્ટાદિ આવશે. ઈ. સ. ના નવમા સૈકા આસપાસ રચાયેલ ગુણપાલકૃત 'જંબુચરિત'નું સંપાદન શ્રી જિનવિજયજીએ કર્યું છે અને સિંઘી ગ્રન્થમાલામાં તે પ્રકટ થયું છે (મુંબઈ ૧૯૫૯).

સુદીર્ઘ કથાઓની જેમ જૈનોએ કથાકોશો પણ રચ્યા છે. જેમાં કાં તો ભારતીય સાહિત્યમાં પરાપૂર્વથી પ્રચલિત પદ્ધતિએ એક મુખ્ય કથામાં અનેક પેટા કથાઓ આવે છે અથવા જુદીજુદી કથાઓ પરસ્પરથી સ્વતંત્ર રીતે એક પછી એક આવે છે. નેમિચન્દ્રકૃત 'આખ્યાનકમણિ કોશ' જેના ઉપર આમ્રદેવની ટીકા (ઈ. સ. ૧૧૩૪) મળે છે તે ધર્મોપદેશ માટે રચાયેલો એક કથાગ્રન્થ છે, અને તેનું સંપાદન પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીના ઉપક્રમે, ખંભાતની એક તાડપત્રીય પ્રત અને વીજાપુર (ઉ. ગુજરાત) માંથી મળેલી એ જ પ્રતની કાગળની નકલને આધારે મુનિશ્રી પુણ્યવિજયજીએ કર્યું છે. એ લગભગ પૂરું છપાઈ ગયું છે. ૧૪૦૦૦ શ્લોક પ્રમાણની એ વિશાળ કૃતિ છે. નેમચન્દ્રની મૂળ રચના પ્રાકૃત ગાથાઓમાં છે, અને એની ટીકા મુખ્યત્વે પ્રાકૃતમાં હોવા છતાં તેમાં અવારનવાર સંસ્કૃત અને અપભ્રંશ કથાનકો પણ આવે છે.

ભદ્રેશ્વરસૂરિકૃત 'કથાવલિ' એક મહાકાય પ્રાકૃત કથાગ્રન્થ છે, અને સ્થવિરોના જીવનને લગતા એના ઐતિહાસિક ભાગનું સંપાદન ગાયકવાડઝ ઓરિએન્ટલ સિરીઝ માટે ડૉ. ઉમાકાન્ત શાહ કરે છે. 'કથાવલિ'ની રચના ઘણું કરીને ઈ. સ. ના નવમા સૈકામાં થઈ હતી, અને નિદાન એના ઐતિહાસિક ભાગની સામગ્રીનો ઉપયોગ આચાર્ય હેમચન્દ્રે પોતાના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'ના પરિશિષ્ટ રૂપે રચેલા 'પરિશિષ્ટ પર્વ' અથવા 'સ્થવિરાવલિ ચરિત'માં કર્યો હતો. 'હરિવંશ' જેમ 'મહાભારત'નું ખિલ અથવા પરિશિષ્ટ છે તેમ 'પરિશિષ્ટ પર્વ' એ 'ત્રિષષ્ટિ'નું પરિશિષ્ટ છે.

[ક્રમશઃ]

અનન્ય અવલંબન

કુ. 'ચંદ્રરેખા'

શ્રી પદ્મજિન, ગુણનિધિ રે લાલ,
જગતારક જગદીશ રે વાલેસર.
જિન ઉપગાર થકી લહે રે લાલ
ભવિજન સિદ્ધિ જગીશ રે વાલેસર
તુજ દરિસણ મુજ વાલહો રે લાલ (૧)

હવે અહીં પદ્મપ્રભ તીર્થંકર, ભવ્યનું અતીંદ્રિય સુખ તેનું નિમિત્ત કારણ, તેમની ભક્તજન યથાર્થ સ્તવના કરે છે. પ્રભુ અનંત કલ્યાણમય સ્વયંપ્રકાશ ગુણોના ભંડાર છે જગતના તારનાર છે, જગતના વડેરા છે, કારણ કે અવિદ્યાના આવરણમાંથી નીકળી તેમણે પૂર્વે જ શાશ્વતસ્થાન પ્રાપ્ત કરી લીધેલું છે. જિનદેવનો ઉપકાર અંતઃકરણમાં વિચારનારો જીવ મોક્ષરૂપ જગીશ અર્થાત સંપદાને અવશ્ય પામે છે.

તુજ દરિસણ મુજ વાલહો રે
દરિસણ શુદ્ધ પવિત્ત રે વાલેસર,
દરિસણ શબ્દનયે કરે રે લાલ,
સંગ્રહ એવંભૂતરે વાલેસર.
તુજ દરિસણ મુજ વાલહો રે લાલ (૨)

તારું દર્શન કહેતાં શાસન, ઉપાદન કારણપણે દર્શન કહેતાં સમ્યક્ત્વ, તે તત્ત્વરુચિરૂપ શુદ્ધ અને પવિત્ર છે. જીવદ્રવ્ય એટલે આપ, પોતાના નિર્મળ જ્ઞાનાનંદનો કર્તા છે, તેમાં પુદ્ગલના અનાદિ સંયોગને નિમિત્તે શાતા-અશાતાના વૈભાવિક અર્થાત વિકારી ભાવ જીવના અનુભવમાં આવે છે. આથી તેને પોતાનો નિર્મળ જ્ઞાતા–દૃષ્ટા–પણાનો ભાવ નજરમાં આવતો નથી અને તેથી આ જીવ શાતાનાં કારણોમાં રાગ કરે છે અને અશાતાનાં કારણોમાં દ્વેષ કરે છે. રાગનાં સંતાન માયા અને લોભ છે. માયા એ ઈષ્ટવિષયને પ્રાપ્ત કરવાની યુક્તિપ્રયુક્તિ છે. દ્વેષનાં સંતાન ક્રોધ અને માન છે બીજાને હીન ઠરાવવામાં આનંદ એમાં માનનો પ્રવાહ મુખ્યપણે વહે છે. આ કષાયોનાં ચાર સ્તરો આગમમાં જણાવેલાં છે તેમાં જીવ એકરૂપ થઈને ઇંદ્રિયતૃપ્તિનાં નિમિત્ત પરદ્રવ્યોને સ્વબુદ્ધિએ અને મમબુદ્ધિએ ગ્રહણ કરે છે.

બિચારાને ખબર નથી પડતી કે આ ઇચ્છાની ઉત્પત્તિ એ જ દુઃખ છે અને ઇચ્છાની તૃપ્તિમાં જે સુખ ભાસે છે તે દુઃખનું માત્ર હળવાપણું છે. શાંત, નિર્મળ અને અવિચલ આનંદ તો અરિહંતના આગમ પર શ્રદ્ધા રાખીને ઉદયજન્યભાવોની વચ્ચે પણ ભિન્નરૂપે પોતાનો શુદ્ધ શાંતિમય જ્ઞાનપ્રવાહ નિહાળવામાં છે. એવું જ્ઞાનભાન જીવને દર્શનમોહના ઉદયથી થઈ શકતું નથી. જે આત્માને સ્વરૂપરુચિરૂપ સ્વશાંતિનો નિર્ણય થયો તે જીવ મોહમલ્લનો મોટોમાં મોટો દુર્જય કિલ્લો નષ્ટ કરે છે. તેથી તે પરમપવિત્ર બને છે. તે જીવનાં ઉદયનાં સ્થાન આશ્રવનાં સ્થાન મટીને સંવરનાં સ્થાન બને છે.

તારું જે દર્શન એટલે દેખવું તે અંતરંગ અરિહંતના સ્વરૂપભાસન, આસ્વાદન સહિત પ્રભુતાનું અવલોકન તે શબ્દનયે પ્રભુનું દેખવું થયું. મનવચનકાયાના અપર યોગ સંવરી માત્ર નેત્ર અને મનને પ્રભુમાં એકાગ્ર કરવાં તે નૈગમનયે દર્શન થયું. વંદન, નમન, અર્ચન અને સ્તવન તેમજ આશાતનાવર્જનસહિત ઉપાસના તે વ્યવહારનયે પ્રભુદર્શન થયું હર્ષસહિત પ્રશસ્તરાગની મુખ્યતાએ સર્વ ઇંદ્રિયો વડે અને મન વડે પ્રભુને જુએ, અનુભવે તે ઋજુસૂત્રનયે દર્શન થયું. સકલઅરિહંતનો ભાવ અંતરંગમાં ભરવાનો ઉત્સાહ એ સંગ્રહનયે દર્શન થયું, અને આ પ્રકારે નિમિત્તકારણ મળતાં પોતાની જ્ઞાનજ્યોત અવશ્ય પ્રકાશે તે એવંભૂત નયથી દર્શન થશે.

બીજે વૃક્ષ અનંતતા રે લાલ,
પસરે ભૂ–જલ યોગ રે વાલેસર,
તિમ મુજ આતમ સંપદા રે લાલ,
પ્રગટે પ્રભુ સંયોગ રે વાલેસર,
તુજ દરિસણ મુજ વાલહો રે લાલ. (૩)

બીજમાં અનંતવૃક્ષો ઉત્પન્ન કરવાની શક્તિ છે.

બીજને ભૂ એટલે જમીન અને જલ એટલે પાણીનો સંયોગ મળે ત્યારે તે બીજ અંકુરો રૂપે પરિણમીને વૃદ્ધિ પામે છે. તેમ મારા આત્મામાં અનંત સામર્થ્ય, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, શક્તિરૂપે છે, પણ પ્રભુ તથા પ્રભુભક્તિના નિમિત્તથી જ્યારે મનના મર્કટને મોહનાં કારણોમાંથી ચૂકવીને શાંતિનાં કારણરૂપ ભક્તિમાં જોડીને વશ કરીએ ત્યારે આ શક્તિ પ્રગટ થઈ શકે છે.

જગતજંતુ કારજરુચિ રે લાલ
સાધે ઉદ્યમ ભાણ રે વાલેસર,
ચિદાનંદ સુવિલાસતા રે લાલ,
વાધે જિણવર ઝાણ રે વાલેસર—તુજ૦(૪)

જગતવાસી જીવો આહાર, વિષય, પરિગ્રહ, સુખરૂપ, માનેલા દ્રવ્યોની પ્રાપ્તિ અને દુઃખરૂપ માનેલ પરદ્રવ્યોના પરિહાર માટે રુચિવંત એટલે અભિલાષવંત છે. પરંતુ સૂર્યના તેજનું નિમિત્ત પામે ત્યારે તેઓ પોતાનો આજીવિકાનો વ્યવસાય કરી શકે છે. તે જ પ્રમાણે મારું જ્ઞાન અર્થાત્ ચિત્, તેનો આનંદ તે ચિદાનંદ તેમાં જે શુદ્ધપણે વિલાસ કહેતાં તલ્લીનતા એટલે આત્માનંદનો અનુભવ તે જિનવર કહેતાં તીર્થંકરની નિર્દોષ ઉપાસનાથી, તેમનું ધ્યાન ધરીને અંતરંગ અરિહંતમાં એ સ્વરૂપ પ્રતિબિંબિત થાય એવી સ્થિર ચિત્તવૃત્તિ કરવામાં આવે છે ત્યારે જીવને આત્માનંદનો પ્રકાશ પ્રાપ્ત થાય છે અને પ્રાપ્ત થયેલો પ્રકાશ નિરંતર વૃદ્ધિ પામે છે.

લબ્ધિ સિદ્ધ મંત્રાક્ષરે રે લાલ,
ઉપજે સાધક સંગ રે વાલેસર,
સહજ અધ્યાત્મ તત્ત્વતા રે લાલ
પ્રગટે તત્ત્વિ-રંગ રે વાલેસર.
તુજ દરિસણ મુજ વાલહો રે લાલ, (૫)

અહીં મંત્રવિદ્યાનો દાખલો આપી એ જ વસ્તુ કરીને સમજાવે છે. જેમ આકાશગમન વગેરે અદ્‌ભુત શક્તિઓ વિદ્યાશક્તિ મંત્રાક્ષરમાં છે, પણ તેઓ ઉત્તરસાધક મળે ત્યારે મંત્રવિદ્યા સિદ્ધ થાય અને ઇષ્ટ શક્તિ ઉત્પન્ન થાય, તે જ પ્રમાણે અધ્યાત્મપરિણતિરૂપ તત્ત્વજ્ઞાનપણું પ્રગટ પુરુષોત્તમને આલંબને એટલે તત્ત્વીનો રંગ અર્થાત્ આદર કરતાં પ્રગટ થઈ શકે છે.

લોહ ધાતુ કાંચન હુવે રે લાલ,
પારસ ફરસન પામીરે વાલેસર,
પ્રગટે અધ્યાતમદશા રે લાલ
વ્યક્તગુણી ગુણગ્રામ રે વાલેસર તુજ૦ (૬)

બીજું દૃષ્ટાંત કહે છે, લોખંડમાં સુવર્ણ બનવાની સત્તા છે તો પણ પારસમણિ રૂપ બાહ્ય નિમિત્તના સ્પર્શે તે સોનાપણું પામે છે, તેમ ભવ્યજીવ પણ જો કે સત્તારૂપે ભગવાન છે પણ વ્યક્ત એટલે કર્માવરણ રહિત/ગુણોના ધારક અરિહંતના ગુણગ્રામ કરતાં એટલે ગુણ સ્મરણ કરતાં એ ભગવાનપણું પ્રગટ થાય છે. જો કોઈ પૂછે કે નિમિત્ત વિના જ સિદ્ધપણું કેમ ન પામે? તેને ઉત્તર એ છે કે આત્મા અનાદિનો પુદ્‌ગલરૂપ પરનિમિત્ત પામીને બંધની પરંપરાના ચક્રમાં પ્રવર્તે છે. તે પુદ્‌ગલરૂપ પરનિમિત્ત મૂકે તો મુક્ત થાય. હવે અરિહંતરૂપ શુદ્ધ નિમિત્ત અવલંબ્યા વિના પોતાના અંતરમાં પોતાનું સ્વરૂપ પ્રતિબિંબિત થાય નહિ, અને સ્વરૂપના અવભાસ વિના પુદ્‌ગલનું નિમિત્ત છૂટે નહીં. આમ અરિહંતરૂપ શુદ્ધ નિમિત્તનું અવલંબન દિલ ખોલીને દીવો પેટાવવા માટે અને એ દીવાને અવિચલ રાખવા માટે અવશ્ય યોગ્ય છે.

આતમસિદ્ધિ કારજ ભણી રે લાલ,
સહજ નિયામક હેતુ રે વાલેસર,
નામાદિક જિનરાજનાં રે લાલ,
ભવસાગર મહાસેતુ રે વાલેસર, તુજ૦ (૭)

તે માટે આત્મસિદ્ધિ રૂપ જે કાર્ય તેને માટે સહજ એટલે અકૃત્રિમ, નિયામક એટલે નિશ્ચિત અને હેતુ એટલે કારણ તે વીતરાગદેવનું ધ્યાન છે; નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર નિક્ષેપો દ્વારા ચારા ભૂમિકાઓ ધ્યાનની થાય છે. એ ચારે નિક્ષેપથી, કરેલી ભક્તિ સિદ્ધિ અપાવે છે તેથી ભવસમુદ્ર ઓળંગવા માટે ભક્તિ મોટા પુલ સમાન છે.

સ્થંભન ઇંદ્રિયયોગનો રે લાલ,
રક્તવર્ણ ગુણરાય રે વાલેસર.
દેવચંદ્ર વૃંદે સ્તવ્યો રે લાલ,
આપ અવર્ણ અકાય રે વાલેસર તુજ (૮)

આમ રાતા દેહવર્ણવાળા આ પદ્મપ્રભ સ્વામીએ મારી ઇંદ્રિયોના અપર પ્રવૃત્તિયોગો થંભાવી દીધા છે. મારા વલ્લભ અનંત કલ્યાણ ગુણના રાજા છે. વળી દેવોના ચંદ્રો એટલે ઇંદ્રોના સમૂહે જેમની સ્તુતિ કરી છે તેવા મારા પ્રભુ વર્ણાદિ ઇંદ્રિયવિષય બનનારા ગુણોથી રહિત અને સ્થૂલ તેમ સૂક્ષ્મ (કાર્મણ) શરીર વિનાના છે, તેઓ મારું અનન્ય અવલંબન છે.

卐

ધર્મશુદ્ધિનો પ્રયોગ

શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

શું દેવમંદિર કે શું રાજપ્રાસાદ, શું હવેલી કે શું ઝૂંપડું અને શું ઘર કે શું આંગણું, ગમે તે સ્થાન હોય, પણ એને સાફ રાખવા રોજે રોજ સફાઈ કરવી જ પડે. એક દિવસ પણ સંઝવારી ન કાઢો તો તેટલો કચરો ભેગો થઈ જ જવાનો.

એ જ રીતે શું ધર્મમાર્ગ કે શું વ્યવહાર માર્ગ, શું વિદ્યાક્ષેત્ર કે શું વ્યાપારક્ષેત્ર અને શું સેવાવૃત્તિ, કે શું ત્યાગવૃત્તિ. જીવનનું ગમે તે ક્ષેત્ર લ્યો, એમાં વિચાર અને આચારની શુદ્ધિ માટે હમેશાં ખબરદારી રાખવી જ પડે; નહીં તો અજ્ઞાન, અંધશ્રદ્ધા, અહંકાર અને વહેમને કારણે કંઈક એવાં જાળાં-ઝાંખરાં જામી જવાનાં કે એ સાચનો માર્ગ ચૂકવી દેવાનાં; અને માનવી કંઈકને બદલે કંઈક મેળવવામાં લાગી જવાનો ! જરાક ચૂક્યા કે સુવર્ણને બદલે પિત્તળ અને રૌપ્ય ને બદલે કથીર આવી જ ગયું સમજો.

લોકજીવનમાં ધર્મને નામે હિંસાએ, ઊંચનીચપણાએ હુંસાતૂંસીએ, મારાતારાપણાએ કે વાડાબંધીએ જે ઘર કર્યું હતું એની સામે ભગવાન મહાવીરે સજ્જડ જેહાદ જગાવી હતી, અને જાણે આત્મસાધનાના ધર્મમાર્ગને બંધનમુક્ત કર્યો હતો. ભગવાન બુદ્ધે પણ આ દિશામાં પુરુષાર્થ કરવામાં કશી કમીના નહોતી રહેવા દીધી. સમગ્ર માનવજાતના ઉદ્ધારનો એ સુવર્ણયુગ હતો.

પણ સૌરભ પ્રસરાવતું પુષ્પ પણ જો એમ ને એમ રાખી મુકાય તો ગંધાઈ ઊઠ્યા વગર ન રહે. ધર્મમાર્ગમાં પણ આવા તબક્કા સમયે સમયે આવતા જ રહ્યા છે; અને એને વખતે કોઈક પુરુષાર્થી પુણ્ય પુરુષે એ માટે કમર કસવી પડે છે.

નવ-દસ સૈકા પહેલાંના આવા જ એક શિથિલાચારના યુગમાં આ કથાનો આરંભ થાય છે.

ગુર્જર રાષ્ટ્રમાં ચાવડા વંશનો અંત આવ્યો હતો અને ચૌલુક્ય વંશ (સોલંકી વંશ)ના પ્રથમ રાજવી તરીકે મૂલરાજ દેવે ગુર્જરદેશનું અધિનાયકપદ સંભાળ્યું હતું, એ વાતને પણ સાઠ ઉપરાંત વર્ષ વીતી ગયાં હતાં. અને પાટણની ગાદી ત્યારે, મૂળરાજદેવની ચોથી પેઢીએ, દુર્લભરાજ સંભાળતા હતા. વિ. સં. ૧૦૬૬ પછીનો એ સમય.

છેક વીર વનરાજથી આરંભીને જૈન શ્રમણો ગૂર્જરરાષ્ટ્રના ઘડતરમાં અને યોગક્ષેત્રમાં પોતાનો સાથ અને સહકાર આપતા રહ્યા હતા. શ્રમણોના આ રાષ્ટ્રસેવાના કાર્યે રાજ્યને અને રાજાઓને એમના પ્રત્યે ભક્તિશીલ બનાવ્યાં હતાં. અને સમય જતાં સિંહણના દૂધસમી આ ભક્તિને જીરવવામાં કેટલાક શ્રમણો કાચા સાબિત થયા; અને એમાંથી ચૈત્યવાસે જોર પકડ્યું.

આત્મશુદ્ધિ અને આત્મસાધના માટે રચવામાં આવેલાં વીતરાગનાં જિનમંદિરો શ્રમણોનાં વાસસ્થાનો બની ગયાં હતાં; અને એ માર્ગ ભૂલ્યા શ્રમણો રાજસિક વૃત્તિના ફંદામાં ફસાઈને હાયહાય, દેહની આળપંપાળ અને વાસનાપૂર્તિના માર્ગે વળી ગયા હતા. એમનું મન રાજા-મહારાજા જેવા વૈભવોમાં રાચતું થયું હતું.

અહિંસા, સંયમ, તપ, ત્યાગ અને તિતિક્ષાનો માર્ગ ભુલાઈ ગયો હતો, ભુલાતો થતો હતો, અને છતાં ધર્મના નાયકપણાનો ભારે આડંબર રચાતો હતો. ધર્મ ભુલાઈ ગયો હતો, છતાં ધર્મની જ દુહાઈ આપવામાં આવતી હતી.

જેમ પાટણમાં ચૈત્યવાસે આ સ્થિતિ સર્જી હતી, તેમ બીજાં બીજાં સ્થળોએ પણ એનો ચેપ લગાવ્યો હતો. મારવાડમાં કુર્ચપુર (કુચેરા)માં પણ આવી જ એક ચૈત્યવાસીઓની ગાદી હતી, અને તેના તે સમયના ગાદીપતિ શ્રી વર્ધમાનસૂરિ હતા. ચોર્યાશી જિનમંદિરો એમની નિશ્રામાં હતાં.

પણ વર્ધમાનસૂરિ તો આત્માર્થી પુરુષ. આ હાયહાય, આ પરિગ્રહ અને આ ભોગ-વૈભવ સાથે એમના મનનો મેળ ન બેઠો. ત્યાગીજીવનમાં આ બધું એમને કેવળ આળપંપાળરૂપ જ લાગ્યું.

એમને થયું : જો આ બધો વૈભવ માણવો હતો તો સંયમ માર્ગની પ્રતિજ્ઞા લેવાની શી જરૂર હતી? આ તો કેવળ આત્મવંચના અને પરવંચનાનો જ માર્ગ. ત્યાગ અને ભોગ એક સાથે ન ટકી શકે. ત્યાગ માટે તો ત્યાગ જ શોભે! અને જો ભોગ જ ખપતો હોય તો એનો માર્ગ નિરાળો છે.

અને એ સાવધ થઈ ગયા અને સર્પ જેમ પોતાની કાંચળી ઉતારીને નાસી છૂટે તેમ, તેઓ એ બધા વૈભવ અને પરિગ્રહને તિલાંજલી આપીને ચાલી નીકળ્યા; અને કઠોર સંયમસાધનામાં લાગી ગયા.

એમને એમ પણ થયું : હું તો આ અવળા માર્ગેથી ઊગરી ગયો, પણ એટલા માત્રથી ધર્મરક્ષાનું કાર્ય પૂરું થયું ન ગણાય. એ માટે તો આ અધઃપાતના મુખ્ય ધામ સમા પાટણમાં કંઈક પ્રવૃત્તિ ઉદ્ભાવાય તો જ ખરા કાર્યનો આરંભ થયો લેખાય.

પાટણમાં તો ત્યારે ચૈત્યવાસી શ્રમણોનું એટલું જોર અને વર્ચસ્વ હતું કે એમની મંજૂરી સિવાય કોઈ સુવિહિત સાધુને પણ નગરમાં ઉતારો ન મળતો! જાણે તેઓ આ કાર્યમાં એક પ્રકારનો, રાજસત્તા જેવો અધિકાર જ ભોગવતા થઈ ગયા હતા!

આ કિલ્લાને તોડવાનું કામ સરળ ન હતું. તેમ ધર્મ માર્ગને શુદ્ધ કરવા માટે એની સામે થયા વગર પણ ચાલે એમ ન હતું. પણ એવું કામ કરનારા કોઈ સમર્થ હાથ મળી જાય! પોતાની કાયા તો હવે વૃદ્ધાવસ્થા અને ઉગ્ર આત્મસાધનાને કારણે ડોલવા લાગી હતી.

આચાર્ય વર્ધમાનસૂરિ નિરંતર આ વાતની જ ચિંતા કર્યા કરતા.

અને કાળની ઘડીમાંની રેતી સર્યે જતી હતી.

△ △ △

માલવ પ્રદેશમાં રાજા ભોજના રાજ્યકાળનો એ સમય.

માલવાની રાજધાની ધારાનગરીમાં લક્ષ્મીપતિ નામે એક શ્રેષ્ઠી રહે. જેવો વ્યવહારદક્ષ એવો જ ધર્માત્મા. સાધુ-સંતો અને વિદ્વાનો-પંડિતોનો પરમ ભક્ત.

એક દિવસ શ્રીધર અને શ્રીપતિ નામે બે બ્રાહ્મણ યુવાનો શ્રેષ્ઠીને આંગણે જઈ ચડ્યા. બન્ને સગાભાઈ, વિદ્યા અને સંયમનું તેજ એમના મુખપર વિલસી રહેલું. ચૌદે વિદ્યામાં એ પારંગત; અને કોઈની સાથે વાદવિવાદમાં કદી પાછા પડે નહીં એવા કાબેલ અને સાથે સાથે પરગજુ પણ એવા જ. વિદ્યાનું મિથ્યા અભિમાન તો એમને સ્પર્શતું જ ન હતું.

શ્રેષ્ઠીને આ બન્ને યુવાન, વિદ્વાન બ્રાહ્મણપુત્રો ગમી ગયા; અને એમણે એમને રોકાઈ જવા આગ્રહ કર્યો.

એવામાં એક વાર આચાર્ય વર્ધમાનસૂરિ ધારાનગરીમાં આવી પહોંચ્યા. લક્ષ્મીપતિશ્રેષ્ઠીએ એમનું ખૂબ બહુમાન કર્યું અને પોતાને ત્યાં આવેલા બે વિદ્વાનોની વિદ્યાની અને સુશીલતાની ખૂબ પ્રશંસા કરી.

જ્ઞાની આચાર્યએ એ સાંભળીને જાણે કોઈ ભાવીના ઊંડા ભેદ ઉકેલતા હોય એમ વિચારમગ્ન બની ગયા. એમને આ બે પંડિતોમાં શાસનના સ્તંભોનાં જાણે દર્શન થયા.

બન્ને પંડિતો પણ જેમ વિદ્યાના ખપી હતા, તેમ આત્માના પણ આશક હતા. આચાર્યશ્રી સાથેની શાસ્ત્રવાર્તામાં શ્રમણોનો અહિંસાધર્મ એમના અંતરમાં વસી ગયો; અને બન્ને યુવાનો સદાને માટે વર્ધમાનસૂરિના ચરણે બેસી ગયા. ગુરુએ શ્રીધરનું નામ જિનેશ્વર અને શ્રીપતિનું નામ બુદ્ધિસાગર રાખ્યું.

વર્ધમાનસૂરિજીએ આ બન્ને શિષ્યોને કેટલોક વખત પોતાની પાસે રાખીને જ્ઞાન અને ચારિત્રના માર્ગમાં સ્થિર બનાવ્યા. મૂળે વિદ્યાવાન અને શીલસંપન્ન તો હતા; તેમાં આવી જ્ઞાની અને આત્મસાધક ગુરુનો યોગ મળી ગયો. પછી તો કહેવું જ શું? મોરનાં ઈંડાંને ચીતરવાની જરૂર નહીં, એવો જ ઘાટ બની ગયો.

આચાર્યનું મન જાણે સંતોષ અનુભવી રહ્યું : છેવટે ધર્મના ઉદ્ધારકો અને શિથિલતાના ઉચ્છેદકો મળી ગયા ખરા.

આચાર્યે જોયું કે કુંદન હવે સંપૂર્ણ શુદ્ધ બની ગયું છે. બન્ને શિષ્યો જેવા સંયમમાર્ગમાં જાગૃત છે તેમ પ્રવચનસેવાની પણ પૂરી ધગશ ધરાવે છે. સ્વ અને પરનું કલ્યાણ, એ જ એમનું જીવનધ્યેય બન્યું છે. એટલે યોગ્ય અવસર જોઈને સૂરિજીએ એ બન્ને શ્રમણોને સૂરિપદથી વિભૂષિત કર્યા.

ધીમે ધીમે આચાર્યે એમની આગળ પોતાનું અંતર ખોલવા માંડ્યું. શાસનના હિતાહિતની અનેક વાતો

એમને સમજાવી. ધર્મની રક્ષા કેવી રીતે થઈ શકે એ વાત પણ કરી જણાવી અને છેવટે ધર્મની નિર્મળ સરિતાને ચૈત્યવાસે સર્જેલી શ્રમણવર્ગની શિથિલતાના કીચડે કેવી પંકિલ બનાવી મૂકી છે એનું ચિત્ર પણ દોરી બતાવ્યું.

બન્ને શિષ્યોને એ સમજતાં વાર ન લાગી કે સાધુ જીવનમાં પ્રવેશી ગયેલાં આ દૂષણો સૂરિજીના મનને કેટલો સંતાપ પહોંચાડી રહ્યાં હતાં; અને એમના આત્મા-ને શાસનના ભાવી અંગે કેટલો ચિંતિત બનાવી રહ્યાં હતાં એટલે એ બન્ને પોતાના ગુરુની આજ્ઞા શિરોધાર્ય કરવા તૈયાર થઈ ગયા.

એક દિવસ વર્ધમાનસૂરિજીએ આજ્ઞા કરી; "મહાનુ-ભાવો, હવે તમે તૈયાર થઈ ગયા છો, અને શાસનની રક્ષાનું કામ આરંભવાનો તમારો સમય પાકી ગયો છે."

બન્ને શિષ્યો નતમસ્તકે ગુરુઆજ્ઞાની પ્રતીક્ષા કરી રહ્યા.

સૂરિજીએ આગળ કહ્યું, "પાટણ આજે શ્રમણોની શિથિલતાનું ધામ બન્યું છે, અને એના ચેપ અન્યત્ર વિસ્તારી રહ્યું છે. માટે તમે વિના વિલંબે પાટણ પહોંચી જાઓ, અને જે કષ્ટો વેઠવાં પડે અને જે પરીષહ સહન કરવા પડે એ વેઠીને પણ સંયમજીવનની સ્થાપના કરો. મારી આ જ તમને અંતિમ આજ્ઞા છે, એ જ મારી તમારે પાસેથી અંતિમ ઈચ્છા છે. ધર્મનો જય કરો અને પાપનો ક્ષય કરો."

શિષ્યોએ કહ્યું: "ઈષ્ટ અને પરિષહ સહન માટે તો આ જીવનનો સ્વીકાર કર્યો છે. આપની આજ્ઞા અમારે શિરોધાર્ય છે. આપની કૃપા અમને સાચના માર્ગે દોરો!" અને એક દિવસ ગુરુની આજ્ઞા લઈને જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિ પાટણને માર્ગે વિહરી ગયા."

વૃદ્ધ સૂરિજી એ બન્નેને લાગણીપૂર્વક નીરખી રહ્યા.

△ △ △

વસતી (ઉતારા)ની શોધમાં જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિ પાટણની શેરીએ શેરીએ ફરી રહ્યા છે; પણ કોઈ ઠેકાણે એમને આવકાર મળતો નથી. ચૈત્યવાસનો ગઢ જાણે એમને બધેથી જાકારો ભણી રહ્યો.

આત્માના ઊંડા ભેદ સમજવે એવું જ્ઞાન અને હંસની પાંખો જેવું શુભ્ર ચારિત્ર આજે જાણે પાટણમાં કોઈને ખપતું નથી; અને કોઈના મનને એ ભાવી જાય છે, તો એ ચૈત્યવાસની ધાકે પોતાના અંતરને ઉઘાડી શકતો નથી.

બન્ને આચાર્યો ઠેર ઠેર ફરતા જ રહ્યા, અને નગરના વિકૃત રંગઢંગનો તમાશો જોતા જ ગયા.

કોઈને પહેલે પગલે અવળાં ગણેશ મંડાયા જેવો લાગતો આ અનુભવ બન્ને શ્રમણોને ભારે લાભકારક બની ગયો. પોતાને કેવું કપરું અને કઠણ કામ પાર પાડવાનું છે એનો જાણે એમને બોધપાઠ મળી ગયો. ગુરુના અંતરતાપને એ વધુ સ્પષ્ટતાપૂર્વક સમજી શક્યા, અને પોતાના અંતરને વધુ સજ્જ બનાવી રહ્યા.

હજી પણ એ ફર્યા કરે છે, અને કામની કઠિનતા વધુને વધુ સમજતા થાય છે.

પણ જો આ કામ ગજવેલ જેવું કઠણ હતું તો એ ય કાંઈ કાચી માટીના ન હતા. એમના નિશ્ચયમાં અને એમની સંકલ્પશક્તિમાં સાત ગજવેલની કે વજ્રની તાકાત ભરી હતી. ગમે તેમ થાય, પણ એ પાટણમાંથી પીછેહઠનાં પગલાં ભરવાના ન હતા. કાયાનું ગમે તે થાય; કામ પાર પાડીને ગુરુઆજ્ઞાને ચરિતાર્થ કર્યે જ છૂટકો છે.

છેવટે એમને થયું: કોઈ સહૃદય વિદ્યાપ્રેમી મળી આવે એ આપણી વાત જરૂર સમજી શકશે અને આપણને આશ્રય પણ આપશે.

અને એમણે પાટણના પુરોહિત સોમેશ્વરના મકાનનો માર્ગ લીધો, અને થોડીવારમાં એના પ્રાંગણમાં આવીને ખડાથયા.

સોમેશ્વરે જોયું કે મધ્યાહ્નના આકરા તાપમાં એ શ્રમણો પોતાના આંગણે આવીને ખડા છે. ધરતી તપી રહી છે, સૂરજ તપી રહ્યો છે, અને અસહ્ય તાપને કારણે એમની કાયા પણ સંતપ્ત થઈ રહી છેઃ બન્ને પરસેવાથી રેબઝેબ બની ગયા છે.

એ ઉદાર બ્રાહ્મણે તરત જ બન્ને શ્રમણોને ભાવ-પૂર્વક આવકાર દીધો; અને એમની પાસેથી બધી વાત જાણીને પોતાને ત્યાં નિરાકુલપણે રહેવાની વિનંતી કરી.

વિદ્યાના પ્રેમી સોમેશ્વર દેવને એ સમજતાં વાર ન લાગે કે આ બન્ને શ્રમણો જેમ જીવનના સાધક છે એમ જ્ઞાનના પણ બળિયા છે. એ તો અંતરમાં આનંદ આનંદ અનુભવી રહ્યો.

એ જાણતો હતો કે ચૈત્યવાસીઓના નાયકની અનુ-મતિ વગર સુવિહિત સાધુને ઉતારો આપવો એ ગુનો

હતો. પણ આજે એનું અંતર આવા કોઈ વિચારને તાબે થવા તૈયાર ન હતું. આંગણે આવેલા અતિથિ તો દેવતા ગણાયઃ ધર્મશાસ્ત્રોની એ આજ્ઞા : તો પછી એમને જાકારો શી રીતે અપાય? અને તેમાંય આ તો જેવા જ્ઞાની તેવા જ સંયમી.

પછી તો એમણે ખૂબ વિદ્યાવાર્તા અને શાસ્ત્રચર્ચા કરી. બંને આચાર્યોએ પોતાની વાત સમજાવતાં કહ્યું કેઃ "મૂળ તો અમે વેદધર્મના ઉપાસક. પણ શ્રમણ ધર્મની અહિંસાથી આકર્ષાઈ ને અમે આ ધર્મનો ભેખ સ્વીકાર્યો છે."

પુરોહિત પણ ભારે સમજદાર અને ઉદાર. એણે કહ્યું, "સોનું તો ગમે ત્યાંથી પણ લઈ શકાય. એમાં મારા-તારાને સ્થાન ન હોય!"

પછી તો અન્ય વિદ્વાનોને પણ સોમેશ્વર દેવે પોતાને ત્યાં આમંત્ર્યા, અને બધાએ આ આચાર્યો સાથે ખૂબ જ્ઞાનગોષ્ઠી કરી. બન્ને શ્રમણોનાં જ્ઞાન, સરળતા, સહૃદયતા અને ધ્યેયનિષ્ઠાએ સૌના અંતર ઉપર ભારે અસર કરી. સૌનાં હૃદય ખૂબ સંતુષ્ટ થયાં, અને એક અનુપમ આહ્લાદ અનુભવી રહ્યાં. બ્રાહ્મણત્વ અને શ્રમણત્વની સરિતાઓનો જાણે ત્યાં સુભગ સંગમ થઈ ગયો. આમાં તો બ્રાહ્મણો ઉદાર કે શ્રમણો ઉદાર, એ કળવું જ મુશ્કેલ બની ગયું. જેના અંતરનાં દ્વાર ઊઘડ્યાં એ સૌ ઉદાર!

પણ એટલામાં તો ચૈત્યવાસીઓને ખબર પડી ગઈ કે એ સુવિહિત આચાર્યો પાટણમાં આવ્યા છે અને કોઈએ એમને ઉતારો નહીં આપવા છતાં, પુરોહિત સોમેશ્વર દેવે પોતાની આજ્ઞા કે અનુમતિ મેળવ્યા વગર એમને પોતાને ત્યાં ઉતારો આપ્યો છે!

એમને થયું આ તો અમારા અબાધિત અધિકારમાં હસ્તક્ષેપની વાત. આ કેવી રીતે ચલાવી લેવાય? અને આમ ચાલવા દેવાય તો તો ડોશી મરે એના ભય કરતાં જમ ઘર દેખી જાય એનો ભય એમને વધારે લાગ્યો! જે આજે આટલી વાત તરફ આંખ આડા કાન કરીએ તો ભવિષ્યમાં એ અનેક, દોષોને ઉત્પન્ન કરે, અને છેવટે અમારી સત્તા જ જોખમમાં મુકાઈ જાય. માટે રોગ અને શત્રુને તો ઊગતો જ ડામ્યો સારો!

અને સત્તાના મદ આગળ સાધુતાનો વિચાર તો એમના અંતરમાંથી ક્યારનોય સરી ગયો હતો, એટલે આવું પગલું ભરતાં અંતર ડંખવાનો તો કોઈ ભય જ ક્યાં હતો?

તાબડતોબ ચૈત્યવાસીઓના માણસો પુરોહિત સોમેશ્વરને ત્યાં પહોંચી ગયા, અને એમને ચેતવી રહ્યા : "પુરોહિતજી, આપ તો જાણો જ છો કે ચૈત્યવાસીઓની અનુમતિ વગર કોઈ પણ સુવિહિત શ્રમણને આશ્રય આપવો એ ગુનો છે. રાજ્યે અમને આપેલ આ અમારો અબાધિત અધિકાર છે; અને એનું ઉલ્લંઘન કરવાનો કોઈને અખત્યાર નથી."

સોમેશ્વર દેવ સ્વસ્થપણે સાંભળી રહ્યા. આવી વાતમાં જીભાજોડીમાં ઊતરવું એમને મુનાસીબ ન લાગ્યું.

આવનારાઓએ પોતાની વાત પૂરી કરતાં કહ્યું : "આપ તો સમજુ અને શાણા છો, એટલે આવો ગુનો કરવો આપને ન શોભે. આપ સત્વર એ શ્રમણોને આપને ત્યાંથી વિદાય કરી દો!"

પુરોહિતજીએ ટૂંકો જ જવાબ વાળ્યો : "આ વાતનો ન્યાય રાજ્ય કરશે. તમારે જે કહેવું હોય તે ત્યાં જઈને કહો."

ચૈત્યવાસીઓને માટે તો આ પ્રાણપ્રશ્ન હતો. જો થોડીક પણ ઢીલાશ દેખાડાય તો એનું પરિણામ ભવિષ્યમાં શું નું શું આવે! અને બધી સત્તા નામશેષ બની જાય.

એમણે રાજદરબારે ફરિયાદ કરી અને વનરાજ ચાવડાના સમયથી ચાલ્યા આવતા પોતાના અધિકારનું જતન કરવા રાજા દુર્લભરાજ પાસે માગણી કરી.

લોકોનાં મનમાં પણ કુતૂહલ જાગ્યું.

બીજે દિવસે ભરચક રાજસભામાં આ વાતનો વિચાર શરૂ થયો. પુરોહિત સોમેશ્વરે પોતાની વાત મૂકી; ચૈત્યવાસીઓએ જોરપૂર્વક પોતાની વાત રજૂ કરી.

સોમેશ્વર દેવે કહ્યું : "આવા સુવિહિત શ્રમણોને આખા નગરમાં ક્યાં સ્થાન ન મળ્યું અને તેઓ મારે આંગણે પધાર્યા. મેં શાસ્ત્રઆજ્ઞા અને ગુણગ્રાહકદૃષ્ટિએ એમને મારે ત્યાં ઉતારો આપ્યો. એટલામાં ચૈત્યવાસીઓના માણસો મારે ત્યાં આવીને બન્ને સુવિહિત શ્રમણોને વિદાય કરી દેવાનું કહેવા લાગ્યા. મેં એમની વાત ન સ્વીકારતા રાજ્ય પાસે ન્યાયની માગણી કરી. આમાં દોષ ક્યાં એ જ સમજવું મુશ્કેલ છે. અને છતાં આમાં કંઈ દોષ થતો ભાસતો હોય તો તે મારા અતિથિનો નહીં, પણ મારો પોતાનો સમજીને એની સજા મને કરવામાં આવે."

દુર્લભરાજ તો સાંભળી રહ્યા. આવી ઉચિત વાતમાં કોઈને દોષપાત્ર પણ કેમ ઠેરવી શકાય?

પરંતુ છેવટે આડે માર્ગે ફંટાયેલી ધર્મસત્તા આગળ રાજસત્તા લાચાર બની ગઈ; અને દુર્લભરાજ પોતાના પૂર્વજોથી ચાલી આવતી આ પરંપરાની સામે ફૈસલો આપવા અશક્ત દેખાયા.

છતાં એમણે એટલું જ કહ્યું કે "ગુણીજનોનું પૂજન એ તો રાજ્યનો ધર્મ છે; અને આવા શીલસંપન્ન પુરુષોથી નગરની શોભા વધે છે, રાજ્યનું કલ્યાણ થાય છે, અને જનસમૂહ ધર્મનો સાચો માર્ગ સમજી શકે છે."

પછી એમણે ચૈત્યવાસીઓને ઉદ્દેશીને કહ્યું: "આપના અધિકારમાં બાધા કરવા માટે નહીં, પણ અમારા ઉપરોધથી આ સુવિહિત શ્રમણો આપણા નગરમાં રહી શકે, એ વાત આપ કબૂલ કરો."

ચૈત્યવાસીઓ પણ શિથિલ મનના જ હતા. એમના મનમાં તાકાત કેટલી હોય? એમણે રાજાજીની ઇચ્છા વિરુદ્ધ પોતાની વાત વધારે દૃઢતાપૂર્વક રજૂ કરવામાં સાર ન જોયો. અને એમની વાતમાં વાજબીપણાનું બળ તો હતું જ નહીં. એટલે એમણે વધુ તાણવામાં સાર ન જોયો. સત્તાની આગળ શાણપણે નમતું જોખવામાં જ સાર માન્યો. બલહીન ચૈત્યવાસીઓ વધુ બલહીન સાબિત થયા.

બન્ને સુવિહિત શ્રમણોના પ્રયાસો સિદ્ધિની દિશામાં આગળ વધી રહ્યા.

પુરોહિત સોમેશ્વરદેવની દૃઢતા સફળ થઈ.

♤ ♤ ♤

પણ વાત આટલેથી પતે એવી ન હતી. મુખ્ય કામ તો હજી બાકી જ હતું. સુવિહિત સાધુઓનો પાટણ તરફનો વિહાર અને પાટણમાં નિવાસ મોકળો બને તો જ ધારેલું કાર્ય કંઈક પણ પાર પાડ્યું લેખાય. નહીં તો વ્યક્તિગત સિદ્ધિ તો શું કામ કરી શકે?

બન્ને આચાર્યોની આ મનોભાવના સોમેશ્વર દેવ સમજતા હતા. એટલે એમણે તરત જ વિજ્ઞપ્તિ કરી; "મહારાજ, આપે સુવિહિત શ્રમણોને રહેવાની અનુમતિ તો આપી એટલે હવે કૃપા કરી એમને માટે નિવાસભૂમિ પણ આપ જ આપો! સ્વતંત્ર નિવાસભૂમિ વગર આવા ઉત્તમ મુનિવરો નિશ્ચિંત અને નિરાકુલપણે ક્યાં વાસ કરી શકે?"

દુર્લભરાજ વાતનું વાજબીપણું તરત જ સમજી ગયા. અને ચૈત્યવાસીઓની હક્ક અને અધિકારની વાતોની પરવા કર્યા સિવાય એમણે ત્યાં આવી પહોંચેલા શૈવ આચાર્ય જ્ઞાનદેવને તરત જ વિજ્ઞપ્તિ કરી: "પ્રભો, મારે આપને આજે એક વિજ્ઞપ્તિ કરવાની છે. બે સુવિહિત શ્રમણો આપણા નગરમાં પધાર્યા છે, એમને ઊતરવાને માટે ઉપાશ્રય આપો!"

સૌ સ્તબ્ધ બનીને સાંભળી રહ્યા: જૈનાચાર્યોના નિવાસ માટે શૈવાચાર્યને વિજ્ઞપ્તિ?

પણ શૈવાચાર્યે તરત જ કહ્યું: "રાજન્, નિષ્પાપી ગુણીજનોની આપ અવશ્ય સેવા કરો. બધા ધર્મોના અને અમારા ઉપદેશનો એજ સાર છે. બાલભાવનો ત્યાગ કરી પરમ પદમાં સ્થિર થનાર શિવ એ જ જિન છે. દર્શનોમાં ભેદ રાખવો એ મિથ્યામતિનું લક્ષણ છે."

સભા આ ઉદારતા અને ગુણગ્રાહિતાને અભિનંદી રહી.

છેવટે શૈવાચાર્ય જ્ઞાનદેવજીએ કહ્યું, "બજારમાં (ચોખા બજારમાં) મધ્ય ભાગમાં રહેલી ત્રણ જણની માલિકીની જગ્યા પુરોહિત સોમેશ્વરજી પોતાની ઇચ્છાનુસાર ઉપાશ્રયને માટે લઈ શકે છે. એમાં આપણા કે સામા પક્ષ તરફથી જે કંઈ અંતરાય આવશે, એનું નિવારણ હું કરીશ."

ચૈત્યવાસીઓ બિચારા ચૂપ થઈ ગયા. એમને થયું મહારાજા દુર્લભરાજે એમની વાતને ભલે માન્ય રાખી, પણ એમના પગ તો ઉખાડી જ નાખ્યા હતા. ન માલૂમ આ પ્રક્રિયા હવે ક્યાં જઈને અટકશે અને આપણા અબાધિત અધિકારનું શું થશે?

પણ જ્યાં રાજા પોતે જ રહ્યો ત્યાં બીજું શું થઈ શકે? ધણીનો ધણી કોણ બની શકે?

રાજસભા તો શૈવાચાર્યની વાતને અને દુર્લભ રાજાની કુનેહને નતમસ્તકે માથે ચડાવવી રહી.

અને સૌના આશ્ચર્ય વચ્ચે પુરોહિત સોમેશ્વર દેવે જાહેર કર્યું: "આવા સુવિહિત શ્રમણોને રહેવા માટે હું બ્રાહ્મણ મારા પોતાના ખર્ચે ઉપાશ્રય કરાવી આપીશ."

તે દિવસથી ચૈત્યવાસના શુદ્ધિકરણનાં પગરણ મંડાઈ ગયાં; ગુરુ વર્ધમાનસૂરિજીની ભાવના સફળ થઈ; અને આચાર્ય જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિનો પુરુષાર્થ ચરિતાર્થ થયો.

અને તે દિવસે રાજા અને પ્રજા, બ્રહ્મ અને સમનો અને બ્રાહ્મણત્વ અને શ્રમણત્વનો સાચો અર્થ પામીને કૃતકૃત્ય થયાં!

卐

वंचनाकी प्रगति
यह मानवजीवनकी अधोगति है

श्री. र. मिश्र

वंचनाकी प्रगति यह मानव जीवन की अधोगति है। वंचनाको प्रवीणता कहना यह मानव जीवन का अपमान करना है। मानव जीवनकी सफलता या उत्कृष्टता उसकी बुद्धिमत्ता पर अवलंबित है। बुद्धिमान वही है जिसके कुलव्यवहार निर्दोष होनेके कारण ऐहिक या आमुष्मिक बन्धनके कारण नहीं बनते। बुद्धिमान मनुष्यका यह कर्तव्य नहीं है कि वह अपने व्यवहारोंको कलुषित रहने दे यह मानकर कि हमारी युक्ति दुर्गम है दूसरों के साथ वंचनाका प्रयोग करे। किसी की युक्ति दुर्बोध नहीं होती है। देश और काल निरवधिक पदार्थ हैं प्रकृतिके उदरमें बड़े बड़े बुद्धिमानोंका अस्तित्व संस्कार रूपसे विद्यमान है। ऐसा भी समय आता है कि वह दुर्बोधसे दुर्बोध विषयको सुबोध बना देता है आडम्बरका भण्डा फोड देता है वंचकको वंचक सिद्ध कर देता है उसकी कीर्तिको विपरीत रूपमें परिणत कर देता है। समयको भी पराधीनता ने अपना दास बनाया है उसको यह अधिकार नहीं है कि किसीके अनुरोधसे किसी पदार्थ के संकोच–विकासमें स्वतन्त्र रूपसे कारण बन सके—

किसीको यह सन्देह न होना चाहिए कि वंचना–प्रधान नीतिके अज्ञान दशामें व्यवहार–दशाकी दुर्गति होगी। वंचनाप्रधान नीतिके ज्ञानका नाम वंचना नहीं है। वंचकोंसे बचनेके लिए इस नीतिका ज्ञान आवश्यक है। वंचनाके प्रयोगसे इष्टको सिद्ध करना वंचना है। व्यवहारके अस्तव्यस्त होने जानेपर परमार्थका आश्रय लेना यह भी वंचनाही है।

वंचनासे सरलतासे कार्यकी सिद्धी होती है "सर्वैरुपायैः फलमेव साध्यम्" तो वंचनाकी प्रगति निन्द्य क्यों मानी जाय? इस प्रगल्भ सन्देहका उत्तर यह है कि वंचना की प्रगतिसे विश्वासका अस्तित्व नामशेष हो जाता है। प्रत्येक व्यक्तिको अन्यव्यक्ति वंचकही मालुम होने लगते हैं। पदे पदे सन्देहको स्थान मिलने लगता हैं। चिन्ताका साम्राज्य अजेयरूपसे वृद्धिंगत हो जाता है। प्राणी मात्र चिंतित होनेके कारण दुःखी बन जाते हैं उनके लिए सुख दुर्लभ हो जाता है। मानव जीवनका कर्तव्य सदाके लिए विस्मृत हो जाता है। अतः यह मान-नाकि वंचनासे सरलतासे कार्यकी सिद्धि होती है सर्वांशमें भूल है। जिसकी प्रबलतासे अपना स्वभाव अविश्वासु बने, माता पिता गुरु आचार्य पुत्र पत्नी आदिसे भी शंका बनी रहे, उस वंचनानीतिसे सुखकी आशा करना निजकी विक्षिप्तता बनता है। 'सर्वैरुपायैः' इस वचनका यह आशय है कि किसी या सर्ववैध उपायोंके द्वारा कार्यको सिद्ध करलेना चाहिए नकि अवैध नीतिसे। इस नीति वाक्यका लक्ष्य भी समष्टिहितके प्रश्नके उपस्थित होने पर कभी कभी वैधावैधका विचार विकट रूप धारण करता है––

प्राकृतिक सामग्रियोंके अधिक २ विकसित होने परभी आज जो प्राणि मात्र व्यग्रतामें पड़ें हैं, बडे बडे वैज्ञानिक अपने जीवनको राक्षसी बना रहे हैं, देव तुल्य दर्शनीय राजे महाराजे भयसे घरसे बाहर निकलने में डरते हैं, पण्डित महात्मा आदि धूर्त पाखण्डी कहे जाते हैं, पुत्रवत् पालनीय प्रजा भांतिभांतिके उपायोंसे निर्धन बनाई जाती है, पापी स्वार्थ के उद्देशसे शिष्यगण पारस्परिक निन्दा स्तुतिके प्रचारक बनाए जाते हैं, दलालोंकी सहायतापर प्रसिद्धि अवलम्बित है, सत्यानृतका ज्ञान अलभ्य हो रहा है। इन सब अनर्थों का कारण एक मात्र वंचनाकी वृद्धि है। यह भी वंचनाहीका फल है कि उद्देशके समान होनें परभी धार्मिक जनता परस्पर द्वेष भावसे वर्तती है, रागद्वेषके परिणामसे निश्चिन्त हो जाती है. तत्तद्दर्शनोंके विषयोंसे नितान्त अपरिचित, ग्रन्थोंके नाम मात्र से भी अज्ञात व्यक्ति दार्शनिक बनने का साहस करता है––

वंचना नाम है वशीकरण के उपायका। निजके भावोंको छिपादेना, दूसरों को अनुकुल बनाने के लिए उसके स्वभावसे परिचित होकर अपने स्वभावको भी अल्प समय के लिए तदनुकूल परिवर्त्तित करदेना और सिद्ध साधक भावसे अग्रेसर बनना इस व्यवहारका नाम है वशीकरणका उपाय।

वंचनाका मूल दूरगामी हो गया है सहसा इसका अभाव होना संभावनासे बाहर है. इसका सर्वथा अभावतो विसाध्य है तौभी इसके बढते वेगको स्थगित कर देना साध्य और समयसंगत है॥ मुझे विश्वास है कि जनता जीवनको सार्थक बनानेके उद्देश से देशान्तर से आई हुई उच्छृङ्खलताके दुष्परिणाम पर दृष्टिपात करने लगेली तो वंचनाका वेग स्थगित हो जायगा। प्रत्येक भारतवासीको यह जानने के लिए जागृत होना चाहिए कि भारतका स्वर्गीय जीवन दिनों दिन उछिन्न क्यों होता जाता है। अभय और सत्वसंशुद्धि इन दोनोंका साहचर्य नित्य है इस सिद्धान्तसे हम भारतवासी दूर क्यों होते जाते हैं? जहां वंचना रहती है वहां भय अवश्य रहता है अर्थात् भय और वंचना का साहचर्य भी नित्य है इस सिद्धान्तको क्यों नहीं सादर विपने विचार में हम स्थान देते हैं?

हिन्दु जनता आजमी संसारके सर्व जातीय जनतासे अधिक सुखी सुसन्तुष्ट है, उसका कारण यही है कि अन्य देशोंकी अपेक्षा यहां (भारतवर्षमें) वंचनाका वेग न्यून हैं। गरीब भारतवासी भी कुटुम्बी हैं, एक दूसरे से सात्त्विक हार्दिक साहानुभूतिकी समर्थक नीतिको पसन्द करते हैं। अन्य देशवाले श्रीमान् और सभ्य कहानेके मिथ्या सन्मान से विभूषित होने परभी अधिकांशमें कुटुम्बी नहीं हैं, उनका ग्राम्यव्यवहार वेश्याओंसे और भोजन-व्यवहार होटलोंसे निर्वहता है, ये विदेशी शास्त्री "पल्लवग्राहिपाण्डित्यं क्रयक्रीतं च मैथुनम्। भोज्नं च पराधीनं तिस्रः पुंसां विडम्बनाः" में ओप्रोत हो रहने परभी वंचनानीतिके समर्थनमें संलग्न हैं स्वयं क्लेशसागरमें पडे हैं दूसरों को पड़नेके लिए बाधित करते जाते हैं। भारतवासी जनसमुदाय विशेष कर जैन समुदायको सावधान कर देना आवश्यक है कि श्री मल्लीनाथजीके इतिहास पर विशेष रूपसे ध्यान दीजिए। उक्त तीर्थङ्कर प्रभुकी वंचनासे विशेष भयावह न होने परभी उनको स्त्री शरीर प्राप्त करने लिए बाधित कर दिया। स्त्री शरीर तीर्थङ्कर हो सकता है कि नहीं इस विचारवैषम्यको उपस्थित कर वह छोटी वंचना भी जैन जनतामें सिद्धान्त भेद उपस्थित करादी। अन्य भारतवासी समुदायों में भी मतभेद अवगत होते हैं उनमें भी कीसी न कीसी महा पुरुषकी वंचना ही हेतु है। वर्तमानकाल में भी जो जनता भावदुष्ट बन रही है इस अनर्थ में भी किसी न किसी अग्रगामी पुरुषकी या पुरुषोंकी वंचनाही कारण है। शुद्ध हृदय से दर्शाए गए विचारोंसे बना सिद्धन्तभेद केवल विद्वानों में रहता है वह पामरोंको नहीं विभक्त करता। इनको अलग करनेवाली केवल वंचना है अतः सप्रमाण कहा जा सकता है कि वंचना की प्रगति यह मानव जीवनकी अधोगति है।

कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

पेट्रन 'अ' वर्ग	रु. १००१	प्रदान कर
पेट्रन 'ब' वर्ग	रु. ५०१	,,
आजीवन सभ्य 'अ' वर्ग	रु. २५१	,,
,, ,, 'ब' वर्ग	रु. १०१	,,

कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभागमें (खातामें) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

जैन युग

ग्राहक बनकर वार्षिक उपहार रु. २ (प्रतिमास ता. १ को प्रकट किया जाता है)

JAINA STORIES IN STONE AT ABU AND KUMBHARIA*

Dr. Umakant P. Shah, M.A., Ph.D.

A ceiling near the Bhamatī to the left of the Raṅgamaṇḍapa of the Lūṇa-vasahī, Abu, contains an elaborate Nativity Scene. It may be the Nativity of Krishṇa as suggested by Muni Shri Jayantavijayajī (Holy Abu, p. 118) or it may be nativity of a Jina or any Śalākā-puruṣa. The whole relief is divided into four concentric squares. The innermost or the smallest square (Fig. 1) shows a Mother lying on a cot with a child by her side and attended upon by four females, two of whom hold fans, while another lady carries a cup or a bowl. Below the cot are placed, in a row, nine vessels which may be *vardhamānahas*, powder-boxes, or the nine *nidhis*. The three other squares show 4 gates in each of them ; in the space intervening bet-

(*Continued from Jaina Yuga, Sept. 1959)

Fig. 2 SCENE OF KRISHNA SUBDUING THE KĀLIYA SNAKE
VIMALA VASAHĪ, ABU

Photo : Dr. Umakant P. Shah]

ween two gates are elephants, trees, royal attendants, etc. The outermost square with royal attendants, horses etc., shows that the building is well-guarded. It is, therefore, not unlikely that the scene represents the birth of Krishṇa in prison, as sugegsted by Muni Shri Jayantavijayaji. But lying-in-rooms of any mother of a Prince or Jina would also be similarly well-protected.

Fig. 2 represents a slab from the ceiling opposite cell 29, Vimala Vasahī, Abu. In the central panel is a beautiful representation of Krishṇa subduing the Kālīya snake. In a circle in the centre is shown the great Kālīya-Nāga, with a half-human body and the tail arranged all around the circle in beautiful knots. On his shoulders stands Krishṇa, in a spirited posture, subduing the Nāga, who folds his hands in humble acknowledgment of the superior valour of Krishṇa. In the two side panels are shown figures Krishṇa lying on serpent Śeṣha, Krishṇa wrestling with Chāṇūra, and figures of Balabhadra and others playing with a ball.

The panel is a rare example of repre-



Fig. 3 CEILING IN COLONADE, VIMALA ŚAHA TEMPLE, ABU
[Copyright : Archaeological Survey of India]

sentation on stone of the Indian game with a ball (Geṇḍī-daḍo). Stylistically, the whole relief does not belong to the age of Vimala Śāha and the sculpture should be assigned to c. 13th century A.D.

Fig. 3 represents a theme which is very famous in Hindu Mythology. The scene of the slaying of the Daitya King Hiraṇyakaśyapa being killed by the Man-Lion incarnation of Vishṇu is carved in bold relief in the centre of a sixteen-petalled lotus. The sculpture is a remarkable specimen of art, probably of c. thirteenth century A.D. The four outer panels of the rectangular slab show mythological scenes; of these, one at least, can be identified as the story of the churning of the ocean by gods and demons (*amṛtamanthana*).

Fig. 4 is from the first ceiling of the Bhamatī in front of cell 12, Vimala Vasahī, and is labelled as Bhāva 19 by Muni Jayantavijayaji. The whole slab shows in the centre three concentric circular bands where in are represented the main events in the life of the sixteenth Tīrthaṅkara Śantināṭha, including a scene from his previous existence as King Megharatha when he weighed his body against a pigeon to save the latter's life. Scenes of Kalyāṇakas in this sculpture may be compared with those in the Bhāva No. 9 in the same temple.

In an earlier birth, the soul of Śāntināṭha was born as King Megharatha who possessed clairvoyant knowledge. Once a god, Surūpa by name, desired to test the steadfastness in the pracice of Dharma on the part of Megharatha. He, therefore, entered the body of a pigeon which was being pursued by a falcon, flew in the meditation hall of Magharatha with cries for help, and took shelter into the lap of the King, who was meditating there. Megharatha asked the bird not to worry at all and promised protection at any cost. The falcon, chasing, followed in and told the King that since it was dying of hunger, its bird of prey should be handed over. The king offered to satisfy its hunger with anything. The falcon insisted on having human flesh equal to the weight of the pigeon. The king instantly ordered for a balance, and, since a pious Jaina of his type would not injure any other being, he began cutting his own flesh and putting it on the scales. But the god in the pigeon's body kept on increasing in weight till ultimately the king decided to sacrifice his whole body and put himself in the scales. God Surūpa, convinced of Megharatha's steadfastness in Dharma, was pleased with him, and healing wounds of the kind and blessing him, went away to heavens (for further details in the life of Śāntinatha, see, Triṣaṣṭiśalākāpuruṣacaritra, parva 5).

A more elaborate relief sculpture representing the life of Śāntināṭha is however preserved in a big ceiling in a Jaina shrine at Kumbhāria (Fig. 5). The whole relief is divided into 4 sections, the innermost being a circle enclosed in a square. The circle is a circular representation of the *Samavasaraṇa* of Śāntināṭha. The different scenes in the different sections have inscribed labels. The second and third sections, for example, show the dīkṣā of Śāntināṭha, King Aśvasena and Queen Ayarā, the parents of this Jina, the dreams seen by the Queen Mother when Śāntināṭha descended in her womb from heaven, the Nativity of Śāntināṭha, Śāntināṭha as Chakravartin or World Conqueror and so on. The fourth section shows the Baladeva and Vāsu-

deva of this age and so on. The arrangement of these three sections is so beautifully done and the miniature figures of animals and beings are so nicely carved that the whole sculpture, can be said to be one of the best Jaina Jātaka-reliefs so far discovered. The sculpture probably dates from c. 12th century A.D.

(To be continued)



Fig. 4 LIFE OF ŚANTINATHA INCLUDING HIS PREVIOUS BIRTH
VIMALA VASAHĪ, ABU

[Photo : Dr. Umakant P. Shah]

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri G. D. Somani, M. P.

: LIST OF BRANCHES :

Agra
Ahmedabad
Alwar
Bombay
1 Dadabhoy N. Road
2 Kazi Sayed St. Mandvi
3 Kalbadevi Road
4 Dana Bunder
Bangalore
Bharatpur
Bareilly
Bhilwara
Bisalpur
Beawar
Bikaner

Calcutta
Coimbatore
Dausa
Delhi
Fatehpur
Gangapur
Hindaun
Indore
Jaipur
1 Mansing Highway
2 Chand Pole
3 Jauhari Bazar
4 Secretariat
Jhunjhunu

Jodhpur
Jamnagar
Kotah
Kishangarh
Madras
Nawalgarh
Rajkot
Ratlam
Sawaimadhapur
Sikar
Surajgarh
Tirupur
Udaipur

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager

Q WHAT MAKES A VOILE BEAUTIFUL?

A – its design





Shree Ram Voiles

HAVE THE BEAUTIFUL DESIGNS YOU PREFER

SHREE RAM MILLS
Limited Bombay 13

Shriram

आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी वाडी, गिरगांव, मुंबईमां श्री माणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबई थी प्रकट कर्युं.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

जैन युग

तंत्री

सोहनलाल म. कोठारी
बी.ए., बी.कॉम. (लंडन), ए.सी.ए. (इंग्लंड)

मयंतीलाल र. शाह
बी.ए., बी.कॉम. (लंडन)

डिसेम्बर १९५१

मूल्य : २५ नये पैसे

卐

: व्यवस्थापक मंडल :

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डा. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह
बी. ए., बी. कॉम. (लंडन)

卐

* जैनधर्म, तत्त्वज्ञान, साहित्य, कळा, स्थापत्य, इतिहास, जीवनचरित्र ने समाजप्रगतिने लगता विषयोनुं उत्तम मासिक *

जैन युग

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

दरेक १ली तारीखे प्रगट थाय छे.

भारतमां वार्षिक लवाजम रूपीआ २) बे

卐

अनुक्रम : डिसेम्बर १९५९

	५५ नं.		
	१		एकवीसमुं अधिवेशन
કાર્યાલય નોંધ	४		શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ
પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ	६		શ્રમણભગવાન મહાવીર પ્રભુનો અઢારમો ભવ-ત્રિપૃષ્ટ-વાસુદેવ
ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ., પીએચ. ડી.	९		પ્રાકૃત અને જૈન અધ્યયનની પ્રગતિ
શ્રી ગુલાબચંદ જૈન	१७		સાચું તીર્થ
શ્રી નવીનચંદ્ર અ. દોશી	२१		જલપૂજાનું ફળ
पू. आचार्य श्री विजययतिंद्रसूरीश्वरजी महाराज	२३		भगवान महावीर और उनका उपदेश
पू. मुनि श्री जयन्तविजय, मधुकर	२४		दीप जले.....
Dr. Umakant P. Shah, M. A., Ph. D.	25		Jaina Stories in Stone at Abu and Kumbharia

卐

आ पत्रमां प्रगट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स कार्यालय
गोडीजी बिल्डिंग, २०, पायधूनी,
कालबादेवी, मुंबई नं. २

Fig. 1 SCENES FROM THE LIFE OF MAHĀVĪRA
Fig. 2 JAIN TEMPLE, KUMBHĀRIA

Photo : Copyright : Dr. Umakant P. Shah]



SCENES FROM THE LIFE OF NEMINĀTHA
LŪṆAVASAHĪ, ABU

Copyright : Archaeological Survey of India]

જૈન યુગ

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ કા મુખપત્ર

વર્ષ : જૂનું ૨૨, નવું ૩ * વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૬ * તા. ૧ ડિસેમ્બર ૧૯૫૯ * અંક ૨

प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः
प्रियं कृत्वा मौनं सदसि कथनं चाप्युपकृतेः।
अनुत्सेको लक्ष्म्यां निरभिभवसारा परकथा
श्रुते चासन्तोषः कथमनभिजाते निवसति ॥

ગુપ્તપણે દાન આપવું, આંગણે આવેલાનો આદરસત્કાર કરવો, કોઈનું ભલું કરીને મૂગા રહેવું, આપણા ઉપરના કોઈના પણ ઉપકારનો જાહેરમાં ઋણસ્વીકાર કરવો, લક્ષ્મી મળવા છતાં નિરભિમાની બનવું, બીજાનું હલકું ન દેખાય એવી જ બીજાની વાત કરવી અને શાસ્ત્રશ્રવણમાં હમેશાં નવું નવું જાણવાની અસંતુષ્ટવૃત્તિ દાખવવી—આ બધા ગુણો જે કુળવાન ન હોય એમાં શી રીતે રહી શકે ?

卐

એ ક વી સ મું અ ધિ વે શ ન

આપણી કૉન્ફરન્સનું એકવીસમું અધિવેશન પંજાબમાં ભરવાનો નિર્ણય લેવાઈ ગયો છે; એ વાતની જાણ કૉન્ફરન્સના સભ્યોને અને જૈન સમાજને થઈ ચૂકી છે. આ નિર્ણય મુજબ આ અધિવેશન આવતા માર્ચ–એપ્રિલ મહિનામાં અનુકૂળ સમયે અને અનુકૂળ સ્થળે, પંજાબમાં ભરાશે.

આ સંબંધમાં વિશેષ નોંધપાત્ર બીના તો એ છે કે કૉન્ફરન્સનું અધિવેશન ભરવાનું આ નિમંત્રણ કોઈ એક શહેરના જૈન સંઘે નહીં, પણ આખા પંજાબના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ અને સમાજને એકસૂત્રે બાંધી રાખનાર અને સમયે સમયે પંજાબના જૈન સમાજને પ્રગતિને માર્ગે ચાલવામાં માર્ગદર્શન આપનાર શ્રી આત્માનંદ જૈન મહાસભા (પંજાબ) જેવી સંગઠિત, શક્તિશાળી અને સમાજસેવાની ધગશ ધરાવતી સંસ્થા તરફથી મળ્યું છે. એટલે કૉન્ફરન્સના આ અધિવેશનના યજમાન તરીકે પંજાબનો આખો જૈન સમાજ કામ કરવાનો છે, એ વિશેષ આનંદ ઉપજાવે એવી વાત છે.

જેઓના હૈયે સમાજનાં દુઃખી ભાઈ-બહેનોની ચિંતા હમેશાં વસેલી હતી, અને એ માટે જેઓ સદા કૉન્ફરન્સને શક્તિશાળી અને પગભર બનાવવાની પ્રેરણા આપ્યા કરતા હતા અને જેઓની કૃપાદૃષ્ટિ હંમેશને માટે મેળવવાને કૉન્ફરન્સ ભાગ્યશાળી થઈ હતી, તે સદ્‌ગત યુગવીર પૂજ્યપાદ આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની લાંબા વખતથી એ અભિલાષા હતી કે કૉન્ફરન્સનું અધિવેશન પંજાબમાં ભરવામાં આવે; કારણકે કૉન્ફરન્સનું આઠમું અધિવેશન છેક સને ૧૯૧૩ (સં. ૧૯૬૯) સાલમાં ભરવામાં આવ્યું હતું; અને એ વાતને આજે તો છેંતાલીસ જેટલાં વર્ષ થયાં, પણ પૂ આચાર્ય મહારાજની હયાતીમાં પણ એ વાતને બે વીશી જેટલાં વર્ષ તો થઈ જ ગયાં હતાં. આજે તેઓશ્રીની એ

અભિલાષા આ રીતે પૂરી થતી જોઈને અમને એક પ્રકારનો આત્મસંતોષ થાય છે.

આજે પોતાની આ અભિલાષાને સફળ થતી જોવાને પૂજ્ય આચાર્ય મહારાજ પોતે આપણી વચ્ચે હયાત નથી એનું અમને ખરેખર ઊંડું દુઃખ થાય છે. તેઓશ્રી તો જિંદગીની છેલ્લી પળ સુધી સમાજસેવાની અને જૈનોની એકતાની ભાવના સેવીને અને એ દિશામાં પોતાથી બનતો પ્રયત્ન કરીને પોતાની જાતને કૃતકૃત્ય કરી ગયા છે; એટલે એમના જેવા મહાપુરુષને જાઝી આશા-અપેક્ષા જેવું ન હોય એ સ્વાભાવિક છે; પણ જો અત્યારે તેઓ હયાત હોત તો એમનો આત્મા અવશ્ય ખૂબખૂબ રાજી થાત અને સંતોષ અનુભવત; એટલું જ નહીં, પણ આ અધિવેશનને સફળ બનાવવામાં એમની ઉપસ્થિતિ સાચેસાચ એક અદ્‌ભુત મંત્રશક્તિ જેવી પ્રેરક અને કાર્યકર સાબિત થાત.

આમ છતાં આપણે એટલી આશા જરૂર રાખી શકીએ કે એમણે લાંબા સમય સુધી આપણને સમાજ-સેવાની જે પ્રેરણા આપ્યા કરી છે એ પ્રેરણા આપણને એમની પુણ્યસ્મૃતિમાંથી નિરંતર, અને આ અધિવેશન મળી રહ્યું છે તે પ્રસંગે, વિશેષે કરીને અવશ્ય મળતી રહેશે.

કૉન્ફરન્સને પ્રગતિશીલ બનાવવાનો જ્યારે પણ વિચાર આવે છે ત્યારે સદ્‌ગત આચાર્ય મહારાજની સ્મૃતિ આપણને થઈ આવ્યા વગર રહેતી નથી. કૉન્ફરન્સના જીવન સાથે તેઓશ્રીનું જીવન એવી રીતે ખૂબ સંકળાયેલું હતું. તેમાંય જ્યારે એકવીસમું અધિ-વેશન તેઓના વિશેષ કર્તવ્યક્ષેત્રરૂપ વીરભૂમિ પંજાબમાં મળી રહ્યું છે ત્યારે તો એમનું આપણને સવિશેષ સ્મરણ થઈ આવે એ સ્વાભાવિક છે. અમે આ પ્રસંગે તેઓશ્રીના પવિત્ર આત્માને ભાવપૂર્વક વંદન કરીએ છીએ.

કૉન્ફરન્સનું આ અધિવેશન પંજાબમાં ભરવાના નિર્ણયથી પંજાબના જૈન સંઘમાં કેટલો આનંદ અને ઉત્સાહ વ્યાપી રહ્યો છે તે નીચેનાં લખાણો ઉપરથી સહેજે સમજી શકાશે.

આ સમાચારની પહેલવહેલી જાહેરાત દિવાળી પહેલાં, પંજાબની શ્રી આત્માનંદ જૈન મહાસભાના મુખપત્ર "વિજયાનંદ" માસિકના તા. ૧૬-૧૦-૧૯૫૯ના અંકમાં, મહાસભાના મંત્રી શ્રી પૃથ્વીરાજજી જૈન, એમ. એ. ના લેખથી કરવામાં આવી હતી. આ લેખમાં પંજાબના શ્રી સંઘને હર્ષના સમાચાર આપતાં ભાઈશ્રી પૃથ્વીરાજજી કહે છે કે :—

"'વિજયાનંદ'ના વાચકો અને પંજાબ શ્રી સંઘને એ જાણીને ભારે હર્ષ અને સંતોષ થશે કે અખિલ ભારતીય જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું આવતું અધિવેશન સને ૧૯૬૦ના માર્ચ-એપ્રિલમાં ભરવાનું નક્કી થઈ ગયું છે. સ્વ. ગુરુદેવ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીની અંતિમ ઉત્કટ અભિલાષા એ હતી કે કૉન્ફરન્સનું અધિવેશન પંજાબમાં ભરાય.....તેથી કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિએ એમની એ ભાવના ઉપર ફૂલ ચડાવીને પંજાબ શ્રી સંઘનું બહુમાન કર્યું છે; અમે એ માટે એમના આભારી છીએ.....નિમંત્રણનો સ્વીકાર થવાથી આપણા ઉપર જે કર્તવ્યનો ભાર આવી પડ્યો છે, એને પૂર્ણ કરવામાં આપણે ત્યારે જ સફળ થઈ શકીએ, જ્યારે પંજાબ શ્રી સંઘ સાથે જોડાયેલ ચતુર્વિધ શ્રી સંઘનો એકે એક સભ્ય 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' એ ન્યાયે પોતાનો સહકાર આપવાનો અત્યારથી જ નિશ્ચય કરે...તેથી અમે શ્રી સંઘનાં આબાલવૃદ્ધ બધાં ભાઈ-બહેનોને નમ્ર વિનંતી કરીએ છીએ કે તેઓ અત્યારથી જ પોતાની બુદ્ધિ અને શક્તિને આ અધિ-વેશનને સફળ બનાવવાના કામમાં લગાવી દે."

આ પછી આના જ અનુસંધાનમાં 'વિજયાનંદ'ના તાજેતરમાં પ્રગટ થયેલ તા. ૧૬-૧૧-૧૯૫૯ના અંકમાં ભાઈશ્રી પૃથ્વીરાજજી લખે છે કે "(કૉન્ફરન્સના અધિવેશનને સફળ બનાવવાની પ્રાથમિક વિચારણા કરવા માટે) શ્રી આત્માનંદ જૈન મહાસભાની કાર્યવાહક સમિતિની એક સભા તા. ૨૫-૧૦-૧૯૫૯ના રોજ પટ્ટીમાં પૂજ્ય મુનિશ્રી પ્રકાશવિજયજીની હાજરીમાં લાલા શ્રી મેંઘરાજજીના પ્રમુખપદે મળી હતી. આમાં વિચારવિનિમય કરવામાં સાથ આપવા માટે જીરા, અમૃતસર, જંડિયાલા, લુધિયાણા, હોશિયારપુર વગેરે સ્થાનોના કેટલાક ભાઈઓને પણ બોલાવવામાં આવ્યા હતા. પટ્ટીના આગેવાન કાર્યકરો પણ હાજર હતા. બધાના મનમાં આ અધિવેશનને સફળ બનાવવાનો ઘણો ઉત્સાહ છે. આમાં પ્રારંભિક કાર્યો અંગે કેટલાય મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા; અને સાથોસાથ આચાર્ય શ્રીવિજયસમુદ્રસૂરીશ્વરજીને વિનંતી કરવાનું નક્કી કરવામાં આવ્યું કે તેઓ સાધુ-સાધ્વીઓને પંજાબ તરફ વિહાર કરવાની પ્રેરણા આપે. સ્વાગત સમિતિએ

સ્વાગત સભ્યોના રૂા. ૧૦૧), ૫૧), ૩૧) અને ૧૧)ના એમ ચાર વર્ગો નક્કી કર્યા છે.....એ તો નક્કી સમજવું કે આપણે એક બહુ મોટી જવાબદારી માથે લીધી છે. આપણા પાસે વખત પણ ઓછો છે અને સાધનો પણ ભેગાં કરવાનાં છે. પ્રચારને માટે સેવાભાવી વ્યક્તિઓએ આગળ આવવું પડશે. સભામાં હાજર રહેલ કેટલાક ભાઈઓએ ડિસેમ્બર મહિનાથી સ્વાગત સમિતિના સભ્યો નોંધવા માટે પોતાની સેવાઓ આપવાનું વચન આપ્યું છે.....દિલ્હીમાં શ્રી સંઘના મુખ્ય કાર્યકર્તાઓ તથા સાધ્વી શીલવતીશ્રી અને વિદુષી મૃગાવતીશ્રી સાથે મારે વાતચીત થઈ. આગ્રામાં આચાર્યપ્રવર શ્રીવિજયસમુદ્ર-સૂરીશ્વરજી અને પૂ. ગણિશ્રી જનકવિજયજી સાથે મેં વિચાર-વિનિમય કર્યો. એમના મનમાં વહેલામાં વહેલી તકે પંજાબ પહોંચવાની ભાવના છે.....અને સમસ્ત સંઘોને પૂરો સાથ આપવાનો ફરી આગ્રહ કરીએ છીએ."

આ તો જાણે મહાસભાના મુખપત્રમાં અત્યારથી શરૂ થયેલ પ્રચારની વાત થઈ; પણ મહાસભાના કાર્યકર્તાઓને આટલેથી સંતોષ ન થતાં હિન્દી અને ઉર્દૂ લિપિમાં છપાયેલી મોટી પ્રચારપત્રિકાઓ પણ પ્રચારકાર્યને વેગવતું બનાવવા તૈયાર કરાવી છે. એમાંની પહેલી પત્રિકામાં જે કહેવામાં આવ્યું છે, તેથી પણ પંજાબના ભાઈઓમાં આને માટે કેટલો ઉત્સાહ વ્યાપેલો છે અને એ માટે અત્યારથી જ કેવા કાર્યરત થઈ જવા માગે છે એનો કંઈક ખ્યાલ મળી શકે એમ છે. આમાં કહેવામાં આવ્યું છે કે :—

"પંજાબના જૈન સમાજની એકમાત્ર પ્રતિનિધિ સંસ્થા શ્રી આત્માનંદ જૈન મહાસભાએ અખિલ ભારતીય જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું આગામી અધિવેશન પંજાબમાં ભરવાનું નિમંત્રણ આપ્યું હતું. આપને એ જાણીને આનંદ થશે કે કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિએ એનું આગામી અધિવેશન માર્ચ કે એપ્રિલમાં પંજાબમાં ભરવાનો નિશ્ચય કર્યો છે.....આ કામ માટે આપણે અત્યારથી જ કેડ બાંધીને તૈયાર થવું પડશે. પંજાબ જૈન સમાજને માટે ગૌરવરૂપ આ મહાન કાર્યને નિર્વિઘ્ને પૂરું પાડવાને માટે આર્થિક સહાય ઉપરાંત સેંકડો કાર્યકર્તાઓ અને ગણવેશધારી સ્વયંસેવકોની જરૂર પડશે...અમને એ જણાવતાં આનંદ થાય છે કે અંબાલા શ્રી સંઘે અધિવેશન પોતાને ત્યાં ભરવાનું નિમંત્રણ મહાસભાને મોકલી આપ્યું છે. લુધિયાણા શ્રી સંઘની કાર્યવાહક સમિતિએ પણ લુધિયાણા માટે નિમંત્રણ આપ્યું છે. અંબાલાની શ્રી આત્માનંદ જૈન કૉલેજ, આત્માનંદ જૈન હાઈસ્કૂલ, લુધિયાણાની શ્રી આત્મવલ્લભ વિદ્યાપીઠ, તેમ જ શેઠ ફૂલચંદભાઈ શામજી વગેરે બીજા મહાનુભાવોએ આ અધિવેશનને સફળ બનાવવા માટે પોતાની સેવાઓ મહાસભાને ચરણે ધરી દીધી છે."

ક્યાંક ક્યાંક મૂળ વાતની પુનરુક્તિ હોવા છતાં ઉપરના ત્રણે ફકરા અમે અહીં એટલા માટે આપવા ઉચિત માન્યા છે કે એ ઉપરથી પંજાબના ઉત્સાહ અને એની તત્પરતાનો આપણને કંઈક ખ્યાલ આવી શકે. આ ઉપરથી એટલું ચોક્કસ કહી શકાય કે આપણને યજમાન તરીકે એક સુવ્યવસ્થિત સંસ્થા મળી છે. અને તેથી પંજાબના જૈન સંઘની એકરૂપતા અને એકદિલીનો આપણને ઘણો લાભ મળવાનો.

પણ આ અધિવેશનને સંપૂર્ણ સફળ બનાવવા માટે માત્ર ભાવનાશીલ અને શક્તિશાળી યજમાન મળી રહે એટલું જ બસ નથી. સમાજને પ્રગતિને માર્ગે દોરવાનું ખરું કામ તો આપણા યજમાનો સાથે મળીને મહેમાનોએ કરી બતાવવાનું છે. અને એ કામ જ આ અધિવેશનને યશસ્વી, ઐતિહાસિક અને ચિરસ્મરણીય બનાવી શકવાનું છે.

એટલે કૉન્ફરન્સના બધા સભ્યોએ, ચાહકોએ અને સમાજે આ અધિવેશનને પૂર્ણ સફળતા મળે એ રીતે અત્યારથી જ કામે લાગવાની જરૂર છે એ વાત તરફ અમે સૌનું ભારપૂર્વક ધ્યાન દોરીએ છીએ.

જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ સમાજ સમક્ષ નવા નવા પ્રશ્નો અને નવી નવી પરિસ્થિતિઓ ઊભાં થતાં જાય છે. સમયને કારણે કે બીજા કોઈ પણ કારણે જન્મતી વિષમ પરિસ્થિતિમાં સમાજને ટકાવી રાખવા અને પ્રગતિશીલ કરવા માટે તો કૉન્ફરન્સ જેવી સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે; એટલે સમયની હાકલની સામે સમાજને જાગ્રત કરવામાં તેમજ એની પરિસ્થિતિને અનુરૂપ માર્ગદર્શન આપવામાં જ આવી સંસ્થાઓની ચરિતાર્થતા રહેલી છે અને એ માટે મોટામાં મોટી જરૂર સમાજને સંગઠિત બનાવવાની છે.

આ અધિવેશનને સંપૂર્ણ રીતે સફળ બનાવવા સૌ કોઈ અત્યારથી જ કામે લાગે એ જ અભ્યર્થના.

卐

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કાર્યાલય પ્રવૃતિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

"મધ્યમવર્ગ ઉત્થાનના માર્ગો"
અને
'જૈનયુગ' ઇનામી નિબંધ

"જૈનયુગ" વ્યવસ્થાપક મંડળ તરફથી 'મધ્યમવર્ગ ઉત્થાનના માર્ગો'–એ વિષય ઉપર ચોક્કસ નિયમાધીન હિંદી, ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં ઇનામી નિબંધ માંગવામાં આવ્યા હતા. પરિણામે ૨૫ વ્યક્તિઓ તરફથી આવેલા નિબંધો તપાસી નીચે પ્રમાણે પરિણામ જાહેર કરવામાં આવેલ છે :—

પ્રથમ ઇનામ રૂા. ૬૫૦)
શ્રી રજનીકાંત સુરેશ ગાંધી, વડોદરા

દ્વિતીય ઇનામ રૂા. ૧૦૦)
શ્રી રતિલાલ મફાભાઈ શાહ, માંડલ

તૃતીય ઇનામ રૂા. ૫૦)
શ્રી કુલચંદ હરિચંદ દોશી, પાલીતાણા

ભાગ લેનાર પૂજ્ય મુનિવર્ય અને ભાઈ-બહેનોનો આભાર માનીએ છીએ. વિજેતાઓને ઇનામની રકમ મોકલી આપવામાં આવી છે.

શ્રી ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા સ્મારક નિબંધ

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તરફથી સ્વ. શ્રી ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા સ્મારકની યોજનાનુસાર "પ્રભાવિક પુરુષો" (તીર્થંકર અને કેવળી સિવાય) એ વિષય ઉપર નિબંધો માંગવામાં આવ્યા હતા. કુલ ચાર નિબંધો બોર્ડને મળ્યા હતા જે (૧) શ્રી પ્રાણજીવનદાસ હ. ગાંધી (૨) શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈ શાહ (૩) શ્રી પ્રસન્નમુખભાઈ સુરચંદ્ર બદામી (૪) શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી અને (૫) શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરાની નિયુક્ત કરેલી સમિતિએ તપાસ્યા હતા. આ સમિતિના અભિપ્રાયાનુસાર આવેલા નિબંધો પ્રાયઃ નિયત કરેલા વિષય કે તેના નિયમોને ન્યાય આપનાર જણાયા નથી. અભ્યાસ કે વિષયવિવરણની દૃષ્ટિએ લેખકોએ કરેલ માત્ર પ્રયાસ સ્તુત્ય લેખી શકાય. સમગ્ર દૃષ્ટિએ વિચારણા પછી શ્રી હિમાચલાન્તેવાસી મુમુક્ષુ શ્રી ભવ્યાનંદવિજયજી મહારાજ (વ્યા. સાહિત્યરત્ન) તરફથી પ્રાપ્ત થયેલ નિબંધ પ્રથમ કક્ષાનો લેખી પુસ્તકો વહોરાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી શ્રાવક શ્રા. ઉ. ફંડ અને કેન્દ્ર સહાય

કૉન્ફરન્સની શ્રી શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ ફંડની યોજનાનુસાર સંવત્ ૨૦૧૫ના વર્ષની સહાયઅર્થે આવેલી માંગણીઓ વિચારી નીચે પ્રમાણેની રકમો કેન્દ્રોને મોકલવામાં આવી છે :—

(૧) વડોદરા રૂા. ૫૦૦) (૨) ઊંઝા રૂા. ૨૦૦)–બન્નેને આખા વર્ષના પૂરા.

(૩) બોરસદ રૂા. ૩૦૦) (૪) જંડિયાલાગુરૂ રૂા. ૫૦૦)–બન્નેને પ્રથમ હપ્તાના.

(૫) દહેગામ રૂા. ૪૦૦) (૬) જુનાગઢ રૂા. ૩૫૦)–બન્નેને બીજા હપ્તાના પૂરા.

બીજી સમિતિઓ પાસેથી અપૂર્ણ વિગત કે હિસાબ વગેરેના અભાવે બીજા હપ્તા વગેરેની રકમો મોકલી શકાઈ નથી. તેઓનું પત્રદ્વારા કૉન્ફરન્સે તે તરફ ખાસ લક્ષ ખેંચેલ છે.

સામાન્ય સભાસદો

શ્રી પર્યુષણપર્વ પ્રસંગેની વિજ્ઞપ્તિના જવાબમાં નીચે પ્રમાણેના સભ્યો નોંધાયા છે તે બદલ સંસ્થા આભારી છે.

અગાઉ નોંધાયેલા ૩૬૨ (૧) શ્રી બચુભાઈ દલપતભાઈ પરી, રાધનપુર દ્વારા ૬૦, (૨) ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ, મોરબી દ્વારા ૬૧, અને (૩) શ્રી ભીમજી દામજી શાહ, લાકડીઆ દ્વારા ૨૫, કુલ સભ્યો ૫૦૮.

સ્થાયી સમિતિના સભ્યો

કૉન્ફરન્સની અખિલ ભારત સ્થાયી સમિતિના મુંબઈ તથા જુદા જુદા વિભાગોના સભાસદોએ બંધારણ મુજબ પ્રતિવર્ષે રૂા. પાંચનું લવાજમ મોઢામાં મોકું મહા વદ ૦)) સુધીમાં આપવાનું હોય છે. આ અંગે સભ્યોને કૉન્ફરન્સ તરફથી યાદીપત્ર મોકલવામાં આવેલ છે તે તરફ લક્ષ ખેંચી બાકી રહેતા લવાજમની રકમ તુરત મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

જનયુગના ગ્રાહકોને

નવેમ્બર, ૧૯૫૯ થી જૈનયુગના ત્રીજા વર્ષનો આરંભ થાય છે. જે ગ્રાહકોના લવાજમની રકમ બાકી છે તેઓને કૉન્ફરન્સ કાર્યાલય તરફથી યાદીપત્ર પાઠવવામાં આવેલ છે. વી. પી. પી. કરવામાં ખર્ચ વધુ આવે છે. આશા છે કે ગ્રાહકો પોતાના લવાજમની રકમ મનીઑર્ડર અથવા અન્ય યોગ્ય રીતે મોકલી આપવા પ્રબન્ધ કરશે.

ધાર્મિક પરીક્ષાઓ

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની શ્રી પ્રફુલ્લચંદ્ર બબલચંદ મોદી પુરુષવર્ગ અને શ્રી કાંતાબેન બબલચંદ મોદી સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઈની ઈનામી પરીક્ષાઓ રવિવાર, તા. ૨૦ ડિસેમ્બર, ૧૯૫૯ના રોજ બપોરના ૧ થી ૪ સુધીમાં સર્વે કેન્દ્રોમાં લેવાશે.

"જૈન યુગ" વાર્તા હરીફાઈ

જૈન ઇતિહાસ, ધર્મ અને સંસ્કૃતિને સ્પર્શતી વાર્તાઓમાં ભાગ લેવા સર્વ વાર્તાકારને અમારું હાર્દિક નિમંત્રણ છે. આ પ્રકારની વાર્તા (૧) ગુજરાતીમાં જ લખેલી મૌલિક હોવા ઉપરાંત આજ સુધીમાં તે ક્યાંય પ્રસિદ્ધ કે મુદ્રિત થયેલ હોવી ન જોઈએ (૨) વાર્તાકારે પોતાનું નામ-સરનામું વાર્તા સાથે ન આપતાં જુદા કવરમાં કાર્યાલયની જાણ માટે વાર્તાના શીર્ષક સાથે પોતાનું પૂરું નામ અને સરનામું મોકલવું, જેથી પરીક્ષકો સમક્ષ કેવળ વાર્તાઓ જ નિર્ણય માટે મૂકી શકાય. (૩) વાર્તા વધુમાં વધુ ૩૫૦૦ શબ્દોથી વધારે લાંબી ન હોવી જોઈએ (૪) વાર્તા ફુલસ્કેપ સાઈઝના કાગળની એક બાજુએ હાંસિયો પાડીને શાહીથી સુવાચ્ય અને સ્વચ્છ રીતે લખાયેલ હોવી જોઈએ (૫) વાર્તાઓ સ્વીકારવાની છેલ્લી તા. ૩૧–૩–૧૯૬૦ છે, ત્યારપછી મળેલ વાર્તાઓ વાર્તા–હરીફાઈ માટે સ્વીકારાશે નહિ (૬) પરીક્ષક સમિતિ શ્રેષ્ઠતાનો ક્રમ નક્કી કરી રૂા. ૧૦૦), ૭૫) અને રૂા. ૫૦)નાં ત્રણ ઇનામો આપશે (૭) ઇનામને પાત્ર ઠરેલી વાર્તાઓને પ્રથમ પ્રસિદ્ધ કરવાનો, ભાષાંતર કરવાનો અથવા કાયમી રીતે ગ્રંથબદ્ધ કરવાનો અધિકાર જૈન શ્વે. કૉન્ફરન્સના મુખપત્ર "જૈન યુગ"ની કાર્યવાહક સમિતિને રહેશે. ઇનામી વાર્તાઓના લેખક પોતાના વાર્તાસંગ્રહમાં તે ઇનામી વાર્તાનો ઉપયોગ "જૈન યુગ"માં પ્રકટ થયા પછી કરી શકશે. હરીફાઈમાં પ્રવેશ પામેલ છતાં ઇનામ ન પામેલ વાર્તાઓની પણ પ્રથમ પ્રસિદ્ધિનો અધિકાર "જૈન યુગ"ની કાર્યવાહક સમિતિને રહેશે અને તે બદલ પુરસ્કાર આપવામાં આવશે. આ કક્ષાની પસંદ થયેલી વાર્તાઓ પાછી આપવામાં આવશે નહિ તેમજ લેખક તે વાર્તા બીજે છપાવી શકશે નહિ. (૮) વાર્તા હરીફાઈનું પરિણામ 'જૈન યુગ'ના જૂન ૧૯૬૦ના અંકમાં પ્રકટ કરવામાં આવશે. (૯) હરિફાઈ અંગે 'જૈન યુગ'ની કાર્યવાહક સમિતિએ નીમેલ પરીક્ષક સમિતિનો નિર્ણય છેવટનો અને બંધનકર્તા ગણાશે તથા તે અંગે કશા પત્રવ્યવહારમાં ઊતરવામાં નહિ આવે.

વાર્તા મોકલવાનું સરનામું :

તંત્રીઓ "જૈન યુગ"

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ,

ગોડીજી બિલ્ડીંગ, ૨૦, પાયધૂની, કાલબાદેવી, મુંબઈ ૨

શ્રમણ ભગવાન
મહાવીર પ્રભુનો અઢારમો ભવ
ત્રિપૃષ્ઠ વાસુદેવ

[લેખાંક ૭]

પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

સંસારીજીવોમાં સ્ત્રી-પુરુષ અને નપુંસકના વિભાગો

સંસારમાં વર્તતા પ્રત્યેક જીવાત્માઓ ચૈતન્યધર્મની અપેક્ષાએ સમાન હોવાથી એક પ્રકારના છે. ત્રસ અને સ્થાવરની અપેક્ષાએ બે પ્રકારે છે. અને સ્ત્રી, પુરુષ તથા નપુંસક (નરજાતિ-નારીજાતિ અને નાન્યતરજાતિ) ની અપેક્ષાએ ત્રણ પ્રકારના છે. સ્ત્રી, પુરુષ અને નપુંસકમાં લિંગ અને વેદની અપેક્ષાએ બે બે પ્રકાર છે. શરીરના અંગોપાંગો સ્ત્રીસંબંધી હોય તો તે સ્ત્રીલિંગ, શરીરના અવયવો પુરુષ યોગ્ય હોય તો તે પુરુષલિંગ, શરીરના અમુક અંગોપાંગો સ્ત્રીસંબંધી અને અમુક અંગોપાંગો પુરુષસંબંધી હોય તો તે નપુંસકલિંગ કહેવાય છે.પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિમાં જ્યાં સુધી ચૈતન્ય છે ત્યાંસુધી તે બધાય નપુંસકલિંગી છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય પણ પ્રત્યેક નપુંસકલિંગી છે. નરકમાં વર્તતા સર્વ નારકો નપુંસક છે. મનુષ્ય તેમજ પશુપક્ષી વગેરે તિર્યંચોમાં સ્ત્રી-પુરુષ અને નપુંસક ત્રણેય લિંગ હોય છે, તેમજ સ્વર્ગલોકમાં પુરુષ અને સ્ત્રી (દેવ-દેવી) એમ બે જ લિંગ છે પણ કોઈ નપુંસકલિંગી નથી. આ પ્રમાણે સર્વ સંસારી જીવોમાં શરીરની આકૃતિ કિંવા અંગોપાંગોની અપેક્ષાએ લિંગવ્યવસ્થા અનંત જ્ઞાનીઓએ વર્ણવી છે. વ્યવહારમાં પૃથ્વી કેવી, પાણી કેવું, પવન કેવો, કીડી કેવી, મંકોડો કેવો આમ અનેક રીતે તે તે જીવાત્માઓ માટે નરજાતિ-નારીજાતિ અને નાન્યતરજાતિ રૂપે ગુજરાતી વગેરે ભાષામાં શબ્દપ્રયોગો થાય છે, પરંતુ એ પ્રયોગો સ્થૂલ અથવા ઔપચારિક છે. વાસ્તવિક દૃષ્ટિએ સચેતન પૃથ્વી, પાણી વગેરે એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના સર્વ જીવાત્માઓ નપુંસક-નાન્યતર જાતિવાળા છે. અને તે કારણે જ અંગ્રેજી ભાષામાં તે પ્રાણીઓ માટે Her અને His નો પ્રયોગ ન કરતાં it નો પ્રયોગ કરવામાં આવે છે.

લિંગ અને વેદમાં તફાવત

શરીરની આકૃતિ એ ભિન્ન વસ્તુ છે, અને વાસના એ ભિન્ન વસ્તુ છે. શરીરની આકૃતિ અને વાસનાને ખાસ સંબંધ નથી. કર્મના મુખ્ય આઠ પ્રકારો પૈકી શરીરની આકૃતિ અથવા સ્ત્રી-પુરુષ નપુંસક યોગ્ય અંગોપાંગોની પ્રાપ્તિ નામ કર્મજન્ય અને વાસના અથવા વેદોદય મોહનીય કર્મજન્ય છે. મોહનીય કર્મના દર્શન મોહ અને ચારિત્રમોહ એ બે વિભાગો, પૈકી ચારિત્ર-મોહના પુનઃ બે વિભાગ છે. ૧ કષાય મોહ અને ૨ નોકષાય મોહ, એમાં નોકષાય મોહના નવ પ્રકારોમાં સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એમ ત્રણ પ્રકારો છે. જે કર્મોદયના કારણે વાસનાની ક્ષણિક નિવૃત્તિ માટે પુરુષ સંગની અભિલાષા જાગૃત થાય તે સ્ત્રીવેદ. જે કર્મોદયજન્ય વાસનાની નિવૃત્તિ માટે સ્ત્રી સંગની અભિલાષા થાય તે પુરુષવેદ, અને જે કર્મોદય-જન્ય તીવ્ર વાસનાની તૃપ્તિના કારણે સ્ત્રી-પુરુષ ઉભયના સંગની અભિલાષા થાય તે નપુંસકવેદ છે. પુરુષવેદજન્ય વાસના દેખાવમાં કોઈવાર મંદ અથવા

[લેખાંક છઠ્ઠામાં શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના સ્થૂલ સત્તાવીશ ભવો પૈકી અઢારમા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવનો પ્રારંભ થયેલો છે. ત્રિપૃષ્ઠ વાસુદેવનો જેમને ત્યાં જન્મ થયો છે તે રાજા પ્રજાપતિ અને રાણી મૃગાવતીના ગાંધર્વ લગ્નનો વિચિત્ર પ્રસંગ વર્ણવાયો છે. હવે ત્યાંથી આગળનો અધિકાર શરૂ થાય છે. — સંપાદક, 'જૈન યુગ']

કોઈવાર તીવ્ર હોય, પરંતુ તેનો કાળ અલ્પ હોય છે. સ્ત્રીવેદજન્ય વાસના પુરુષવેદની અપેક્ષાએ વધુ તીવ્ર અને તેનો કાળ વધુ હોય અર્થાત્ વાસનાની નિવૃત્તિ લાંબા કાળે થાય છે. તેમ જ નપુંસકવેદજન્ય વાસના અત્યન્ત તીવ્ર હોય છે. એને વાસનાની નિવૃત્તિ હોય નહિ. કદાચ નિવૃત્તિ જેવું ઉપલક દૃષ્ટિએ લાગે પણ અંતરંગ દૃષ્ટિએ તો વાસનાનો પ્રબળ અગ્નિ ભરેલો જ હોય. પુરુષવેદજન્ય વાસના ઘાસના ભડકા સમાન, સ્ત્રીવેદજન્ય વાસના છાણા અથવા બકરાની લીંડીના અગ્નિ સમાન અને નપુંસકવેદજન્ય વાસના નગરમાં લાગેલા પ્રચંડ અગ્નિ સમાન જ્ઞાનીઓએ શાસ્ત્રોમાં વર્ણવેલ છે.

લિંગમાં સ્ત્રી છતાં વેદમાં પુરુષવેદ વગેરે

શરીરના અંગોપાંગોનો આકાર પુરુષનો હોવા પછી તેને વાસનામાં પુરુષવેદ જ હોય એવો નિયમ નથી. આકૃતિમાં પુરુષ છતાં વાસનામાં પુરુષ-સ્ત્રી યાવત્ નપુંસકવેદજન્ય મંદ-તીવ્ર-તીવ્રતર વાસનાઓ હોય છે અને યાવત્ અવેદી અર્થાત્ સર્વથા વાસનારહિતપણું પણ પ્રાપ્ત થઈ શકે છે. એ જ પ્રમાણે શરીરની આકૃતિ સ્ત્રી તેમ જ નપુંસકની હોવા છતાં વાસનામાં પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદજન્ય મંદ-તીવ્ર-તીવ્રતરપણું હોય છે અને સ્ત્રી તથા કૃત્રિમ નપુંસક યોગ્ય શરીરનો આકાર હોવા છતાં સંપૂર્ણતયા નિર્વેદી-નિર્વિકારી થઈ તે આત્માઓ મુક્તિના અધિકારી પણ બની શકે છે. પુરુષવેદજન્યવાસના સર્વથી મંદ છે. સ્ત્રીવેદજન્યવાસના તેથી વધુ તીવ્ર છે અને નપુંસકવેદજન્ય વાસના અત્યન્ત તીવ્ર છે.

પાણિગ્રહણનો આદર્શ

લિંગ અને વેદ તેમજ વેદોદયજન્ય વાસનાની તીવ્રતા-મંદતાનું પ્રાસંગિક નિરૂપણ જે અહીં કરવામાં આવ્યું છે તેનું મુખ્ય કારણ ત્રિપૃષ્ઠ વાસુદેવના પિતા રાજા પ્રજાપતિનો પોતાની પુત્રી સાથે જ ગન્ધર્વ લગ્નનો વિચિત્ર પ્રસંગ છે. આવા પ્રસંગોમાં કોઈક અપવાદને બાદ કરતાં બહુલતાએ વાસનાની અત્યન્ત તીવ્રતા જ મોટો ભાગ ભજવનારી હોય છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચન્દ્રસૂરિ મહારાજ જેવા સમર્થ મહાપુરુષોએ રચેલા યોગશાસ્ત્ર વગેરે માન્યગ્રન્થોમાં માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો પૈકી ત્રીજા ગુણના વિવેચન પ્રસંગે कुलशीलसमैः सार्द्धं कृतोद्वाहोऽन्यगोत्रजैः આ અર્ધા શ્લોકદ્વારા થોડા શબ્દોમાં પણ પાણિગ્રહણ કોની સાથે કોનું કરવું? તેની સ્પષ્ટ વ્યવસ્થા જણાવેલ છે. પ્રાણિગ્રહણ કરનાર સ્ત્રી અને પુરુષ બન્નેના "કુળની સમાનતા તેમજ શીલ અર્થાત્ આચારધર્મની સમાનતા તથા બન્નેના ગોત્રનું ભિન્નભિન્નપણું" આટલી બાબત મુખ્યત્વે હોવાનું એ શ્લોકાર્ધમાં સ્પષ્ટ દિગ્દર્શન કરવામાં આવેલ છે. ગૃહસ્થાશ્રમમાં પાણિગ્રહણનો પ્રસંગ એ વાસનાના પોષણ દ્વારા આત્માને અધોગતિનો અધિકારી બનાવવાનો ક્ષુદ્ર પ્રસંગ નથી. પરંતુ સર્વોત્કૃષ્ટ માનવ જીવન પ્રાપ્ત થયા બાદ બાલ્યવયથી જીવનપર્યંત ત્રિકરણયોગે પવિત્ર બ્રહ્મચર્યનું પાલન જે મહાનુભાવ માટે અશક્ય હોય તે મહાનુભાવ પૂર્વોક્ત રીતે પાણિગ્રહણ કરવા દ્વારા જીવનમાં વધુને વધુ સંયમ રાખવા સાથે મર્યાદિત બ્રહ્મચર્યનું પાલન કરી શકે અને આત્માને ઉર્ધ્વગામી બનાવી શકે તે માટે છે. એ બધું ત્યારે જ બની શકે કે જ્યારે ત્રિકાલદર્શિ ઋષિ મુનિઓએ ફરમાવેલાં વચનામૃતો અમલમાં મૂકવામાં આવે. વર્તમાનકાળે તો સ્નેહલગ્ન, આંતરજ્ઞાતીયલગ્ન વગેરે મોહક શબ્દોના ઓઠા નીચે મહર્ષિઓનાં વચનામૃતોનો કેવો અનાદર થાય છે અને ભારતની પવિત્ર સંસ્કૃતિમાં કેટલું પરિવર્તન થયું છે! તે સુજ્ઞ મહાનુભાવોથી અજ્ઞાત નથી.

જાતિ અને કુળ ઉપર આત્માના ઉત્કર્ષનો આધાર

બીજી મુદ્દાની બાબત એ ધ્યાનમાં રાખવાની છે કે આત્માના અંતરંગ વિકાસનો પ્રાથમિક આધાર જાતિસંપન્નતા અને કુલસંપન્નતા છે. દીક્ષાગ્રહણ કરનાર મુમુક્ષુ આત્માના ગુણોનું વર્ણન કરવા પ્રસંગે શાસ્ત્રકાર ભગવાન હરિભદ્રસૂરિ મહારાજાએ જાતિસંપન્નતા કુલસંપન્નતા વગેરે ગુણોને પ્રથમ સ્થાન આપેલ છે. માતાના પક્ષને જાતિ અને પિતાના પક્ષને કુળ ગણવામાં આવે છે. એ બન્ને પક્ષની જેટલી વિશુદ્ધિ તેટલી તે માત પિતાના સંતાનને પોતાના ઉત્કર્ષ માટે વધુ અનુકૂળતા, અને તે ઉભય પક્ષની જેટલી વિકૃતિ તે માત-પિતાના સંતાનને પોતાના વિકાસ માટે તેટલી અનુકૂળતાનો અભાવ. આ વિષય પરત્વે આપણી ભારતીય સંસ્કૃતિના અનેક ગ્રંથોમાં સંખ્યાબંધ દૃષ્ટાન્તો મળી આવે છે.

ત્રિપૃષ્ઠવાસુદેવને પાપાનુબંધી પુણ્ય

ભગવાન મહાવીર પ્રભુ સકલ કર્મનો ક્ષય કરી મહાવીરના ભવમાં નિર્વાણપદ પામ્યા, તે પહેલાં કર્મોદયના કારણે ભગવંતના આત્માને જુદી જુદી ગતિમાં વિવિધ સ્થળે જન્મ ધારણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય એ બરાબર છે. એમ છતાં પોતાના પિતા સાથે પાણિગ્રહણ

કરનાર મૃગાવતીની કુક્ષિથી પ્રભુના આત્માનો જન્મ થવો એમાં પ્રભુના પુણ્યાનુબંધી પુણ્યનો અભાવ ગણવામાં આવે તો એ અવાસ્તવિક નથી. પિતાને પુત્રીના રૂપ લાવણ્ય ઉપર પોતાના પાપોદયથી તીવ્ર મોહ જાગ્યો, પણ પુત્રીમાં શીલ અને સદાચારના સંસ્કારોની મક્કમતા હોત તો પ્રાણના ભોગે એ સંસ્કારોનું સંરક્ષણ થાત. પરંતુ પિતાના અંતરમાં પુત્રી તરફ વિકારી મોહનું પ્રાબલ્ય અને પુત્રીના દિલમાં આર્યસંસ્કૃતિનું શૈથિલ્ય, એમ પિતા-પુત્રીની અપ્રશસ્ત પરિસ્થિતિ હોવાને કારણે ઉભય વ્યક્તિઓ વચ્ચે પાણિગ્રહણનો પ્રસંગ બન્યો. અને એવા સંસ્કારવિહોણા માત-પિતાને ત્યાં જન્મ લેનાર પુત્રના પુણ્યાનુબંધી પુણ્યની ન્યૂનતા કહેવાય તો તે શાસ્ત્રદૃષ્ટિએ યોગ્ય ગણાય. રાજરાજેશ્વરનું ઐશ્વર્ય માનવ જીવનમાં મળી જાય એટલા માત્રથી એ સાચું પુણ્ય (પુણ્યાનુબન્ધી પુણ્ય) નથી, પરંતુ એ ઐશ્વર્ય મળવા સાથે વિશુદ્ધ જાતિ અને કુળની પ્રાપ્તિ તેમજ આત્માનો ઉત્કર્ષ થાય તો જ એ વાસ્તવિક પુણ્ય કહી શકાય. વાસુદેવનો ભવ એ નિયાણાપૂર્વકનો જ હોય, અને નિયાણું એટલે પાપાનુબન્ધી પુણ્યનું જ કારણ ગણાય. આ સંજોગોમાં ભગવાન મહાવીર પ્રભુનો આત્મા પણ વિશ્વભૂતિના ભવમાં કરેલા નિયાણાના પ્રભાવે પિતા સાથે પાણિગ્રહણ કરનાર મૃગાવતી રાણીની કુક્ષિથી પુત્ર તરીકે ઉત્પન્ન થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી.

બલદેવ અચલકુમારને પુણ્યાનુબંધી પુણ્ય

ત્રિપૃષ્ઠકુમારના વડીલ બંધુનું નામ અચલકુમાર છે. અને તેમની માતાનું નામ ભદ્રા છે. ભદ્રા રાણી પણ પ્રજાપતિરાજાની જ અર્ધાંગના છતાં કુલીન બાળા છે. અને એવી કુલીન બાળાની કુક્ષિથી અચલકુમારનો જન્મ થવો એ એમના પુણ્યાનુબન્ધી પુણ્યનું પરિબળ છે. વાસુદેવ જેમ પાપાનુબન્ધી પુણ્યવાન્ આત્મા છે અને નરકગતિના અધિકારી હોય છે તેથી જ ઊલટું બલદેવ પુણ્યાનુબન્ધી પુણ્યના અધિકારી હોવા સાથે સ્વર્ગ અથવા મોક્ષના અધિકારી હોય છે. અંતરંગજીવન વાસુદેવ અને બલદેવનું પરસ્પર વિરુદ્ધ છતાં બાહ્યજીવનમાં એ બન્ને બાંધવ બેલડીનો પરસ્પર બંધુસ્નેહ અવર્ણનીય હોય છે. હરકોઈ કાર્યમાં પ્રાયઃ બન્ને બંધુઓ સાથે ભાગ લેનારા હોય છે અને અન્યોન્ય એવી પ્રીતિ હોય છે કે એક બીજા વિના રહી શકતા નથી. વાસુદેવનું જીવન પ્રતિવાસુદેવના જીવન સાથે ઘણું સંકળાયેલ હોય છે. પ્રતિવાસુદેવ ત્રણ ખંડનું ઐશ્વર્ય અનેક પ્રકારના પરિશ્રમ બાદ પ્રાપ્ત કરે, એ ઐશ્વર્યનો ઉપભોગ કરવાનો પ્રસંગ આવે ત્યાં તો વાસુદેવનો જન્મ થઈ ગયો હોય અને એ વાસુદેવ યૌવનના આંગણામાં પ્રવેશ કરવાની સાથે જ પોતાના અદ્‌ભુત પરાક્રમ વડે પ્રતિવાસુદેવનો શિરચ્છેદ કરીને તેમણે મેળવેલું ત્રિખંડ ઐશ્વર્ય પોતાને સ્વાધીન કરે. આ કારણે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવ નિરૂપણ પ્રસંગે તે કાળે વર્તતા પ્રતિવાસુદેવ અશ્વગ્રીવનો પણ સંક્ષિપ્ત વૃત્તાંત જાણવો જરૂરી છે. તે વૃત્તાંત હવે પછીના લેખમાં રજૂ કરવામાં આવશે.

[ક્રમશઃ]

कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

पेट्रन 'अ' वर्ग	— —	रु. १००१ प्रदान कर
पेट्रन 'ब' वर्ग	— —	रु. ५०१ ”
आजीवन सभ्य 'अ' वर्ग		रु. २५१ • ”
” ” 'ब' वर्ग		रु. १०१ ”

कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभागमें (खातामें) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

जैन युग

ग्राहक बनकर वार्षिक उपहार रु. २ (प्रतिमास ता. १ को प्रकट किया जाता है)

પ્રાકૃત અને જૈન અધ્યયનની પ્રગતિ*

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા,
એમ. એ., પીએચ. ડી.

ધર્મદાસગણિકૃત 'ઉપદેશમાલા' ઉપરની રત્નપ્રભસૂરિકૃત 'વિશેષ વૃત્તિ' જે 'દોઘટ્ટી વૃત્તિ' તરીકે પણ ઓળખાય છે (ઈ. સ. ૧૧૮૨) તેનું સંપાદન આચાર્ય શ્રી હેમસાગરસૂરિએ કર્યું છે (મુંબઈ, ૧૯૫૮). 'ઉપદેશમાલા' એ ૫૪૦ ગાથાનું પ્રાકૃત પ્રકરણ છે. એની ૧૨૦૦૦ શ્લોક પ્રમાણની આ વિસ્તૃત ટીકા પ્રાકૃત ગાથાઓનું વિવરણ સંસ્કૃતમાં આપે છે, પણ આગમોની ટીકાઓની જેમ, કથાઓ પ્રાકૃતમાં આપે છે. એમાં કેટલીક કથાઓ અપભ્રંશમાં પણ છે. સોમપ્રભાચાર્યકૃત 'કુમારપાલપ્રતિબોધ'ના અપભ્રંશ ભાગની બાબતમાં ડૉ. આલ્સડોર્ફે કર્યું છે તેમ (હેમ્બુર્ગ, ૧૯૫૮) એ અપભ્રંશ કથાઓનો સ્વતંત્ર અભ્યાસ થવાની જરૂર છે. 'દોઘટ્ટી વૃત્તિ'માં આવતું ૮૫૨ ગાથાનું પ્રાકૃત 'જંબુસ્વામિચરિત' એના સંપાદકે અલગ પોથીરૂપે પણ પ્રકટ કર્યું છે (મુંબઈ, ૧૯૫૭).

૨૧૨ ગાથાનું 'મૂલશુદ્ધિ પ્રકરણ,' આચાર્ય શ્રી હેમચન્દ્રના ગુરુ દેવચન્દ્રની ટીકા (ગ્રન્થાગ્ર ૧૩૦૦૦ શ્લોક) સહિત, પં. અમૃતલાલ ભોજકે સિંઘી ગ્રન્થમાલા માટે સંપાદિત કર્યું છે. સંખ્યાબંધ પ્રાકૃત કથાનકો ઉપરાંત આ ટીકામાં એક સળંગ અપભ્રંશ કાવ્ય 'સુલસકૂખ્ખાણુ' પણ છે.

પ્રાકૃત 'મણિપતિચરિત્ર'નાં બે રૂપાન્તરોનું સંપાદન ડૉ. આર વિલિયમ્સે કર્યું છે (રૉયલ એશિયાટિક સોસાયટી, લંડન, ૧૯૫૯). આ બન્ને વાચનાઓ તેમણે અંગ્રેજી અનુવાદ સાથે છાપી છે. એક, તો કોઈ અજ્ઞાત લેખકે ઈ. સ. ના આઠમા સૈકા આસપાસ રચેલું 'મણિપતિચરિત્ર,' જે આ કથાનું સૌથી જૂનું રૂપાન્તર છે; અને બીજું, (યાકિનીમહત્તરાસૂનુ હરિભદ્રસૂરિથી ભિન્ન) હરિભદ્રસૂરિએ ઈ. સ. ૧૧૧૬ માં રચેલું 'મણિપતિચરિત્ર.' સંપાદકે આ કથાને લગતી અઢાર જુદી જુદી કૃતિઓ નોંધી છે, જેમાંથી તેર કૃતિઓ ગુજરાતી છે. સંપાદકે પ્રસ્તાવના ઉપરાંત સંક્ષિપ્ત ટિપ્પણો, સુભાષિતોની સૂચિ, અને નોંધપાત્ર શબ્દોની સૂચિ–શક્ય હોય ત્યાં સંસ્કૃત છાયા સાથે–આપી છે.

'ગાથાસપ્તશતી' અને 'વજ્જાલગ્ગ' જેવા થોડાક સુભાષિતસંગ્રહો પ્રાકૃતમાં છે. ભાલિજ (ખેડા જિલ્લામાં આવેલ ભાલેજ) માં ઈ. સ. ૧૧૬૫ માં રચાયેલો એક નવો સુભાષિતકોશ–જિનેશ્વરસૂરિકૃત 'ગાથાકોશ' હમણાં જાણવામાં આવ્યો છે. વિવિધ વિષયની ૮૦૦ ગાથાઓનો એ આકર્ષક સંગ્રહ છે, અને હું તથા પં. અમૃતલાલ ભોજક ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝ માટે એનું સંપાદન કરીએ છીએ.

નિમિત્તશાસ્ત્રને લગતા એક પ્રાકૃત ગ્રન્થ 'જયપાહુડ' અથવા 'જયપાયડ'નું સંપાદન શ્રીજિનવિજયજીએ કર્યું છે, અને સિંઘી ગ્રન્થમાલામાં એનું પ્રકાશન થયું છે.

પ્રાકૃત વ્યાકરણ તેમજ પ્રાકૃત ભાષાના ઐતિહાસિક અધ્યયન પરત્વે કેટલાંક પ્રકાશનો થયાં છે. આપણા દેશના બે અગ્રગણ્ય ભાષા-વૈજ્ઞાનિકો ડૉ. સુનીતિકુમાર ચેટરજી અને ડૉ. સુકુમાર સેને 'મિડલ ઇન્ડો–આર્યન રીડર'ના બે ભાગ આપ્યા છે (કલકત્તા યુનિવર્સિટી, ૧૯૫૭), અને તે પ્રાકૃતના વિદ્યાર્થી માટે સાહિત્યિક તેમજ ભાષાવૈજ્ઞાનિક દૃષ્ટિએ ઘણા અગત્યના છે. પ્રાકૃતના સૌથી જૂના વૈયાકરણ વરરુચિકૃત 'પ્રાકૃત

---

* ['અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદ' (ઑલ ઇન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સ)ના વીસમા અધિવેશનના પ્રાકૃત અને જૈન ધર્મ વિભાગના પ્રમુખસ્થાનેથી વિદ્વાન સંશોધક ભાઈશ્રી ડૉ. સાંડેસરાએ 'પ્રોગ્રેસ ઑફ પ્રાકૃત એન્ડ જૈન સ્ટડીઝ' એ વિષય ઉપર અંગ્રેજીમાં મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. આ વિષયમાં કયા કયા વિદ્વાનોએ શું પ્રદાન કર્યું તેનું વ્યાપક દર્શન આ વ્યાખ્યાનમાં ડૉ. સાંડેસરાએ કરાવેલ છે. આ વ્યાખ્યાનનો ગુજરાતી અનુવાદ 'જૈનયુગ'માં ઑક્ટોબર અને નવેમ્બરમાં પ્રગટ થયેલ છે. તેના અનુસંધાનમાં ત્રીજો ભાગ અત્રે રજૂ કરેલ છે. અનુવાદનો બાકીનો બધો ભાગ આવતા જાન્યુઆરી માસના અંકમાં પ્રગટ થશે. — સંપાદક, "જૈનયુગ"]

પ્રકાશ'નું સદ્‌ગત પ્રિન્સિપાલ શ્રી. કમળાશંકર ત્રિવેદીએ કરેલું સંપાદન અને ભાષાન્તર એમના પુત્ર પ્રિન્સિપાલ અતિસુખશંકર ત્રિવેદીએ પ્રકટ કર્યું છે (નવસારી, ૧૯૫૭). પ્રાકૃત વ્યાકરણના આ પ્રાચીન ગ્રન્થના સંપાદક અને અનુવાદક એક વ્યુત્પન્ન વૈયાકરણ હતા, અને લક્ષ્મીધરકૃત 'ષડ્‌ભાષાચન્દ્રિકા', ભટ્ટિકૃત 'ભટ્ટિકાવ્ય', રામચન્દ્રકૃત 'પ્રક્રિયાકૌમુદી' અને કોણ્ડભટ્ટકૃત 'વૈયાકરણભૂષણ'ના બૉમ્બે સંસ્કૃત સિરીઝમાં પ્રસિદ્ધ થયેલાં એમનાં સંપાદનો જાણીતાં છે. 'પ્રાકૃત પ્રકાશ' ઉપરનું એમનું કામ શાસ્ત્રીય છે તથા ભાષાન્તર સ્પષ્ટ અને ચોકકસ છે.

પ્રાકૃત ભાષાઓને લગતા ડૉ. પિશલના શકવર્તી જર્મન ગ્રન્થ 'Grammatic der Prakrit Sprachen'નું (સ્ટ્રાસબુર્ગ, ૧૯૦૦) હિન્દી ભાષાન્તર ડૉ. હેમચન્દ્ર જોષીએ કર્યું છે. (પટણા, ૧૯૫૮). ડૉ. સુભદ્ર ઝાએ કરેલા એ જ ગ્રન્થના અંગ્રેજી ભાષાન્તરની (દિલ્હી, ૧૯૫૭) નોંધ મારા પુરોગામીએ લીધેલી છે. ડૉ. જોષી કહે છે કે એમનું હિન્દી ભાષાન્તર ઘણા સમય અગાઉ તૈયાર હતું, અને કેટલીક અનિવાર્ય મુશ્કેલીઓ નડી ન હોત તો અંગ્રેજી અનુવાદની પહેલાં તે પ્રકટ થયું હોત. આવા સન્દર્ભગ્રન્થો ભારતીય ભાષાઓમાં ઊતરે એ આવકારપાત્ર છે, પણ એ કોલમમાં છાપેલાં પંચાવન પાનાંનું શુદ્ધિપત્રક ખરેખર થકવનારું છે અને આ ગ્રન્થનો જ ઉપયોગ કરતાં વિદ્યાર્થીને રોકી દે એવો સંભવ છે. ડૉ. હરદેવ બાહરીનું હિન્દી પુસ્તક, 'પ્રાકૃત ઔર ઉસકા સાહિત્ય' (સરસ્વતી સહકાર, પ્રકાશનનું વર્ષ આપ્યું નથી) પ્રાકૃત ભાષાઓ અને સાહિત્યનો સંક્ષિપ્ત અને પ્રવાહી વૃત્તાન્ત એકસોચાળીસ પાનાંમાં આપે છે. પ્રત્યેક પ્રકરણને અંતે પ્રાકૃતના શિષ્ટ ગ્રન્થોમાંથી અવતરણો, હિન્દી અનુવાદ સહ, આપ્યાં છે એ સારું થયું છે. પણ આ અવતરણોમાં ઘણા મુદ્રણદોષો છે, જે પ્રારંભિક અભ્યાસીને મુશ્કેલીમાં મૂકે એવો સંભવ છે. લક્ષીકતોની રજૂઆતમાં પણ કેટલાક ગંભીર દોષો છે. ઉદાહરણ તરીકે, 'નયચક્ર' જેવા વિખ્યાત ન્યાયગ્રન્થને કથાસંગ્રહ કહેવામાં આવ્યો છે (પૃ. ૫૬), 'કુવલયમાલા'ને પણ કથાસંગ્રહ કહ્યો છે (પૃ. ૫૪) અને સૌથી આશ્ચર્યજનક એ છે કે 'ગાથાકોશ'નો પણ કથાસંગ્રહ તરીકે ઉલ્લેખ થયો છે (પૃ. ૫૬)! અહીં નોંધવું પ્રસ્તુત થશે કે બનારસ યુનિવર્સિટીનું જૈન સંસ્કૃતિ સંશોધક મંડળ પ્રાકૃત સાહિત્ય વિષેનો ડૉ. જગદીશચન્દ્ર જૈનનો એક વિસ્તૃત હિન્દી ગ્રન્થ હમણાં છાપે છે. ડૉ. પી. એલ. વૈદ્ય સંપાદિત હેમચંદ્રકૃત 'પ્રાકૃત વ્યાકરણ'ની નવી આવૃત્તિ હમણાં પ્રસિદ્ધ થઈ છે. (પૂના, ૧૯૫૯) અને પં. બેચરદાસ દોશીકૃત 'પ્રાકૃત માર્ગોપદેશિકા'ની પાંચમી આવૃત્તિ બહાર પડી છે (અમદાવાદ, ૧૯૫૮).

છંદઃશાસ્ત્રના વિષયમાં, ત્રણ ટીકાઓ સહિત 'પ્રાકૃત પિંગલ' પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીના ઉપક્રમે છપાય છે. એ ટીકાઓમાંથી એક તો તદ્દન નવી જાણવામાં આવેલી છે.

અશોક અને ખારવેલના શિલાલેખોને કારણે પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસમાં પ્રાકૃત લેખવિદ્યાનું ઘણું મહત્ત્વ છે. આપણી સમાલોચનાના સમય દરમિયાન ડૉ. રાધા ગોવિન્દ બસાકે અશોકના શિલાલેખોનું એક ઉત્તમ સંકલન આપ્યું છે (કલકત્તા, ૧૯૫૯). અશોકના નાનામોટા સર્વ લેખોનાં વિભિન્ન પ્રાદેશિક રૂપાન્તરો તેમણે આપ્યાં છે અને દરેક લેખના એક રૂપાન્તરની સંસ્કૃત છાયા તથા અંગ્રેજી ભાષાન્તર આપ્યાં છે. પ્રસ્તાવનામાં ડૉ. બસાકે અશોકના લેખો ભૌગોલિક દૃષ્ટિએ કયા વિભિન્ન પ્રદેશોમાં આવેલા છે તેની, અશોકના રાજ્યવહીવટની તથા તેના ધર્મની ચર્ચા કરી છે તેમજ અશોકના લેખોમાં રજૂ થયેલી બોલીઓનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન રજૂ કર્યું છે.

ભુવનેશ્વરથી માત્ર પાંચ માઈલ દૂર ઉદયગિરિ-ખંડગિરિ ઉપરની હાથીગુંફામાંનો ખારવેલનો લેખ (ઈ. સ. પૂર્વે ૧ લો સૈકો) ભારતીય ઇતિહાસનો એક અતિ મહત્ત્વનો દસ્તાવેજ છે, કેમકે ખારવેલના રાજ્યાભિષેક પછીની તેની તેર વર્ષની કારકિર્દીનો વિગતવાર કાલાનુક્રમિક વૃત્તાન્ત એમાં આપ્યો છે. આ લેખ લગભગ એક શતાબ્દી પહેલાં ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીએ શુદ્ધ રીતે વાંચ્યો હતો, અને ત્યાર પછી સંખ્યાબંધ વિશિષ્ટ પંડિતોએ–ભારતવાસીઓએ તેમજ યુરોપિયનોએ–સત્તર પંક્તિના આ પ્રાકૃત શિલાલેખની વાચના તૈયાર કરી છે તથા તેનો અર્થવિમર્શ કર્યો છે. ખારવેલ મહાન જૈન સમ્રાટ હતો અને આખા યે ઉત્તર ભારતમાં તેમ જ દક્ષિણ ભારતના પણ કેટલાક પ્રદેશોમાં એની આણ પ્રવર્તતી હતી. પરન્તુ એના સમય પછી લખાયેલા વિપુલ જૈન સાહિત્યમાં કયાંય ખારવેલનો ઉલ્લેખ નથી એનું શું કારણ? શું તે યાપનીય સંપ્રદાયનો હતો અથવા શ્વેતાંબરો તેમજ દિગંબરોથી જુદા પડતા બીજા કોઈ સંપ્રદાયનો હતો? ઓરિસામાં જૈન ધર્મનો

પ્રાચીન ઇતિહાસ, જેને વિષે આગમ સાહિત્યમાં ઘણા ઉલ્લેખો છે, તેની સાથે આ પ્રશ્નનો ગાઢ સંબંધ છે, અને ઓરિસાના પ્રાચીન ઇતિહાસ અને સાહિત્યમાં પ્રવીણ વિદ્વાનોએ એ વિષે કામ કરવું જોઈએ.

આધુનિક સમયમાં પણ કેટલાક જૈન સાધુઓ પ્રાકૃતમાં રચના કરે છે. મુનિશ્રી ન્યાયવિજયજીએ કેટલાંક વર્ષ પહેલાં પ્રગટ કરેલું તત્ત્વજ્ઞાનવિષયક કાવ્ય 'અધ્યાત્મ તત્ત્વાલોક' આ વાતનું એક ઉદાહરણ છે. તાજેતરમાં આચાર્ય શ્રીવિજયકસ્તુરસૂરિએ 'પ્રાકૃત વિજ્ઞાન કથા'ની (અમદાવાદ, સં. ૨૦૧૪) રચના કરી છે. પ્રાકૃતમાં નવી રચેલી ૫૮ ગદ્યકથાઓનો એ સંગ્રહ છે અને પ્રાકૃતના પ્રારંભિક અભ્યાસીઓને ઉપયોગી થાય તેમ છે. પ્રાકૃત સાહિત્યનું હાર્દ કર્તાએ એવું તો આત્મસાત્ કરેલું છે કે સ્પષ્ટ રીતે એમ કહેવામાં આવ્યું ન હોત તો આ આધુનિક રચનાઓ છે એમ વાચક ભાગ્યે જ માનત.

હવે, પ્રાકૃત અધ્યયનને લગતા કેટલાક અગત્યના નિબંધોનો હું ઉલ્લેખ કરું. ડૉ. વી. પિસાનીએ પ્રાકૃત અને પાલિ શબ્દોની વ્યુત્પત્તિની ચર્ચા કરી છે ('બૅલ્વલકર ફેલિસિટેશન વોલ્યુમ,' દિલ્હી, ૧૯૫૭). પ્રાકૃત શબ્દનો સંબંધ તેઓ સં. પ્રકૃતિ સાથે જોડે છે, અને પાલિમાષાની વ્યુત્પત્તિ પરિમાષા < પલિમાષામાંથી વૃદ્ધિ દ્વારા સાધે છે. એ જ ગ્રન્થમાં છપાયેલા બીજા એક નિબંધમાં ડૉ. હેલ્મુથ ફૉન ગ્લાસનાપે જૈન અને બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોની તુલના કરી છે અને તેઓ એવા નિર્ણય ઉપર આવ્યા છે કે પ્રાચીન બૌદ્ધ ધર્મના મુખ્ય સિદ્ધાંતો દૂર પૂર્વના મહાયાન દેશો કરતાં સિલોન, બ્રહ્મદેશ, સિયામ, લાઓસ અને કંબોડિયામાં અત્યારે પળાતા હીનયાનને વધારે મળતા આવે છે. ડૉ. ડી. સી. સરકારે અશોકના એરાગુડીના લેખો પ્રસિદ્ધ કર્યા છે (ઍપિગ્રાફિયા ઇન્ડિકા,' પુ. ૩૨, અંક ૧, ૧૯૫૯). ડૉ. એલ. એ. સ્વાઝ્ચાઈલ્ડે–ક્ક–વાળા કેટલાક મધ્ય ભારતીય આર્ય (**મ ભા આ,** પ્રાકૃત) શબ્દો ઉપર નોંધો લખી છે ('જર્નલ ઑફ ધી અમેરિકન ઓરિયેન્ટલ સોસાયટી,' પુ. ૭૭, અંક ૩, જુલાઈ–સપ્ટેમ્બર ૧૯૫૭) તથા પ્રાકૃત શબ્દ થક્ક ('થાકેલો')ની વ્યુત્પત્તિ અને અર્થવિકાસની લંબાણ ચર્ચા કરી છે ('ઇંડિયન લિંગ્વિસ્ટિક્સ', ટર્નર સિલ્વર જ્યુબિલી વોલ્યુમ, ૧૯૫૮). ડૉ. એફ. બી. જે. કુઇપરે 'કુવલયમાલા'માંના પૈશાચી પ્રાકૃતમાં રચાયેલા અંશ ઉપર વિવેચનાત્મક લેખ લખ્યો છે ('ઇન્ડો–ઇરાનિયન જર્નલ,' પુ. ૧, અંક ૧, ૧૯૫૭), અને તે ખાસ ધ્યાનપાત્ર એટલા માટે છે કે પૈશાચી પ્રાકૃતના સાહિત્યિક પ્રયોગના જૂજ નમૂના અત્યારે આપણી પાસે છે. મિ. કે. આર. નૉર્મને મધ્ય ભારતીય આર્યમાં સંપ્રસારણ ની પ્રક્રિયા વિષે લખ્યું છે ('જર્નલ ઑફ ધી રૉયલ એશિયાટિક સોસાયટી,' લંડન, ભાગ ૧–૨, ૧૯૫૮). ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલે એક નોંધમાં પુરસ–માણવ શબ્દનો એક વધુ ઉલ્લેખ રજૂ કર્યો છે, અને 'ગ્રહનક્ષત્રોની ગતિ જાણનાર નૈમિત્તિક' તરીકે એનું વાજબી અર્થઘટન કર્યુ છે ('જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ,' પુ. ૭, અંક ૧–૨, સપ્ટેમ્બર–ડિસેમ્બર, ૧૯૫૭) અને આચાર્ય શ્રીહેમચંદ્રકૃત 'પ્રાકૃત વ્યાકરણ,' ૧–૧ માં આવતા સઉંઅરિઅં શબ્દની વ્યુત્પત્તિની ચર્ચા ડૉ. એસ. એન. ઘોસાલે કરી છે ('જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ' પુ. ૭, અંક ૩, માર્ચ ૧૯૫૮). 'મૃચ્છકટિક' નાટકના પ્રાકૃત ભાગમાં બે વાર પ્રયોજાયેલા મલ્લક શબ્દનો સંપૂર્ણ અર્થવિમર્શ પ્રો. શિવપ્રસાદ ભટ્ટાચાર્યે કર્યો છે, અને અત્યાર સુધી અપાયેલા બધા અર્થોને બાજુએ મૂકી એ શબ્દનો 'એક ક્ષત્રિય જાતિ' એવો અર્થ આપવાનો તેમણે પ્રયાસ કર્યો છે ('જર્નલ ઑફ ધી ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ', પુ. ૮, અંક ૪, જુન ૧૯૫૯), શ્રી. દત્તાત્રેય બાલકૃષ્ણ ડિકળકરે શિલાલેખો દ્વારા જાણવામાં આવેલા સંસ્કૃત અને પ્રાકૃત કવિઓ વિષેની વિગતો વ્યવસ્થિત રીતે આપી છે ('જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, પુ. ૭, અંક ૧–૨, સપ્ટેમ્બર–ડિસેમ્બર ૧૯૫૭). દક્ષિણ ભારતમાં રચાયેલ, પ્રત્યભિજ્ઞા દર્શનને લગતા એક વિરલ પ્રાકૃત ગ્રન્થ–મહેશ્વરાનંદકૃત 'મહાર્થમંજરી' તથા તે ઉપરની સંસ્કૃત ટીકા, જેનું પ્રકાશન ટી. ગણપતિશાસ્ત્રીએ સને ૧૯૧૯માં કર્યું હતું તેના સાહિત્યિક અને દાર્શનિક મહત્ત્વ પ્રત્યે ડૉ. એ. એન. ઉપાધ્યેએ ધ્યાન દોર્યું છે ('બૅલ્વલકર ફેલિસિટેશન વૉલ્યૂમ', દિલ્હી, ૧૯૫૭). એ જ વિદ્વાને બીજા એક લેખમાં બતાવ્યું છે કે હરિભદ્રસૂરિકૃત કટાક્ષમય પ્રાકૃત કથાનક 'ધૂર્તાખ્યાન'ની રચના 'નિશીથ ચૂર્ણિ'માં સચવાયેલા એક પ્રાચીનતર 'ધૂર્તાખ્યાન'ને આધારે થયેલી છે ('આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ', મુંબઈ, ૧૯૫૬).

અપભ્રંશ ભાષા અને સાહિત્ય ના શાસ્ત્રીય અભ્યાસનો પ્રારંભ ડૉ. હર્મન યાકોબીએ ધનપાલકૃત 'ભવિસત્ત કહા' અને હરિભદ્રસૂરિકૃત 'સનત્કુમાર ચરિત'નાં સમીક્ષિત સંપાદનો દ્વારા કર્યો હતો. આ બન્ને સંપાદનો સાથેની ડૉ. યાકોબીની જર્મન પ્રસ્તાવનાઓનું અંગ્રેજી ભાષાન્તર ડૉ. એસ. એન. ઘોસલે કર્યું છે, અને 'જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ', પુ. ૨–૭, માર્ચ ૧૯૫૩–ડિસેમ્બર ૧૯૫૭માં તે ક્રમશઃ પ્રકટ થયું છે. નયનંદીકૃત 'સુદંસણા ચરિઉ', હરિદેવકૃત 'મયણ-પરાજયચરિઉ' અને (અપભ્રંશ, સંસ્કૃત, જૂની હિન્દી, જૂની ગુજરાતી અને જૂની મરાઠીમાં રચાયેલ) 'સુગંધ-દશમી કથા'ના સંગ્રહનું સંપાદન ડૉ. હીરાલાલ જૈને કર્યું છે અને એના પ્રકાશનની આપણે ઉત્સુકતાપૂર્વક રાહ જોઈએ છીએ. રામકથાવિષયક અપભ્રંશ મહા-કાવ્ય–સ્વયંભૂકૃત 'પઉમચરિઉ'નું (ઈ. સ. નો ૭ મો–૮ મો સૈકો) ત્રણ ગ્રન્થોમાં હિન્દી ભાષાન્તર શ્રી. દેવેન્દ્રકુમાર જૈને કર્યું છે (ભારતીય જ્ઞાનપીઠ, કાશી, ૧૯૫૭–૫૮). આ ભાષાન્તર મૂળ 'પઉમ-ચરિઉ'ના ડૉ. હરિવલ્લભ ભાયાણીએ કરેલા સંપાદન ઉપરથી થયું છે. આચાર્ય શ્રી હેમચન્દ્રના 'અપભ્રંશ વ્યાક-રણ'ની પુસ્તિકા, હિન્દી અનુવાદ સાથે, શ્રી. શાલિગ્રામ ઉપાધ્યાયે આપી છે (બનારસ, ૧૯૫૮). આચાર્ય હેમચન્દ્ર કે એમના અપભ્રંશ વ્યાકરણ વિષે (જે એમના પ્રાકૃત વ્યાકરણનો જ એક ભાગ છે) અથવા અપભ્રંશ ભાષા કે બીજા કોઈ પણ સંબંધ ધરાવતા પ્રશ્ન વિષે એક પંક્તિ પણ આ પુસ્તિકામાં લખવાની અનુવાદકને જરૂર જણાઈ નથી એ આશ્ચર્યજનક છે!

અપભ્રંશ ભાષાસાહિત્યના એક વ્યુત્પન્ન વિદ્વાન ડૉ. હરિવલ્લભ ભાયાણીએ અપભ્રંશ મહાકવિઓમાંના એક પ્રાચીન કવિ ચતુર્મુખ વિષે નિબંધ લખ્યો છે ('જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ' પુ. ૮, અંક ૩, જૂન, ૧૯૫૮). અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી વિષેની એક લેખમાળા તેમણે શરુ કરી છે; અને કેટલાક શબ્દોની વ્યુત્પત્તિચર્ચા કરતો એનો પહેલો હપ્તો છપાયો છે ('ભારતીય વિદ્યા' પુ. ૧૭, અંક ૩–૪; પ્રકટ થયું ૧૯૫૮ માં). અપભ્રંશ સાહિત્યના મુખ્ય પ્રવાહોની સંક્ષિપ્ત સમાલોચના પણ ડૉ. ભાયા-ણીએ કરી છે ('આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ'). વળી ધાર ખાતેથી મળેલો અને મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં સચવાયેલો એક શિલા-લેખ તેમણે પ્રકટ કર્યો છે, જેની ભાષા સામાન્યતઃ ઉત્તરકાલીન અપભ્રંશ કહી શકાય એવી છે. વિવિધ પ્રદેશોની છ વિવિધ બોલીઓમાં એ ગદ્યપદ્યમય રચના છે, અને ઘણું કરીને ઈ. સ. ના તેરમા શતકના પૂર્વાર્ધમાં તે લખાઈ લાગે છે ('ભારતીય વિદ્યા,' પુ. ૧૭, અંક ૩–૪, પ્રકટ થયું ૧૯૫૮ માં). ડૉ. કે. ડી. વ્રીસની અપભ્રંશવિષયક લેખમાળાનો ત્રીજો હપ્તો છપાયો છે ('જર્નલ ઓફ ધી અમેરિકન ઓરિયેન્ટલ સોસાયટી,' પુ. ૭૯, અંક ૧, જાન્યુઆરી–માર્ચ ૧૯૫૯). ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદીએ 'સંદેશરાસક'ના કેટલાક પાઠોની વિસ્તૃત અર્થ–ચર્ચા કરી છે ('નાગરી પ્રચારિણી પત્રિકા,' પુ. ૬૨, અંક ૧ અને ૪; પુ. ૬૩, અંક ૨) ડૉ. માતાપ્રસાદ ગુપ્તે બતાવ્યું છે કે 'પુરાતન પ્રબન્ધસંગ્રહ'માં ચંદકવિના 'પૃથ્વીરાજ રાસો'માંથી ઉદ્ધૃત થયેલાં ગણાતાં પદ્યો પૈકી ઓછામાં ઓછાં બે પદ્યો જલ્હ નામે કવિનાં છે, જેની છાપ એ પદ્યોને અંતે મળે છે. પાઠસંક્રમણના પુરાવાને આધારે ડૉ. ગુપ્તે અનુમાન કર્યું છે કે ચંદ કવિનો સમય વિ. સ. ૧૩૨૮ આસપાસ હશે; જલ્હ પણ ચંદ જેટલો જ જૂનો કવિ હોય એ સંભાવના સ્પષ્ટ છે ('ઇન્ડિયન લિંગ્વિસ્ટિક્સ,' પુ. ૧૭, જુન ૧૯૫૭, તારાપોરવાલા મેમોરિયલ વોલ્યુમ).

જૈનોએ સાહિત્યપ્રવૃત્તિનો આરંભ જ્યારે કે પ્રાકૃત દ્વારા કર્યો હતો, પણ સમય જતાં સંસ્કૃત સાહિત્યના, લલિત તેમજ શાસ્ત્રીય, બધા જ પ્રકારોમાં તેમણે સફળ રચનાઓ કરી. ડૉ. વિન્ટરનિટ્ઝના શબ્દો અહીં ઉતારીએ તો "ભારતીય સાહિત્યનો એક પણ પ્રદેશ એવો નથી, જેમાં જૈનોનું વિશિષ્ટ સ્થાન ન હોય. સૌથી વધારે તો તેમણે વિપુલ કથાસાહિત્ય સર્જ્યું છે; તેમણે મહાકાવ્યો અને સુદીર્ઘ કથાનકો લખ્યાં છે, નાટકો અને સ્તોત્રોની રચના કરી છે; કેટલીક વાર તેમણે સાદી લોકભાષામાં લેખન કર્યું છે, જ્યારે કેટલીયે વાર ઉચ્ચ સાહિત્યિક કાવ્યરચનાઓ દ્વારા અલંકૃત સંસ્કૃત કવિતાના સર્વોચ્ચ લેખકો સાથે સ્પર્ધા કરી છે, અને શાસ્ત્રીય વિષયોના પણ ઉત્તમ ગ્રન્થો આપ્યા છે" ('એ હિસ્ટરી ઑફ ઇંડિયન લિટરેચર,' પુ. ૨, પૃ. ૪૮૩).

પુરાણ–સાહિત્યમાં, રામકથા વર્ણવતું, આચાર્ય રવિ-ષેણનું 'પદ્મપુરાણ' (વિ. સં. ૭૩૩) પં. પન્નાલાલ

જૈને હિંદી અનુવાદ સાથે સંપાદિત કર્યું છે, અને પચીસ સર્ગનો એનો પહેલો ભાગ આ સમાલોચનનાં વર્ષો દરમિયાન પ્રકટ થયો છે (ભારતીય જ્ઞાનપીઠ, કાશી, ૧૯૫૮). કવિ હરિચંદ્રકૃત 'જીવનધરચમ્પૂ'નું સંપાદન પણ પં. પન્નાલાલે સંસ્કૃત ટીકા અને હિંદી અનુવાદ સાથે કર્યું છે (ભારતીય જ્ઞાનપીઠ, કાશી, ૧૯૫૮). જીવન્ધરનું અદ્‌ભુતરસિક કથાનક પ્રાચીન ભારતીય સાહિત્યમાં જાણીતું છે, અને એનાં અનેક રૂપાન્તરો મળે છે. આ કવિત્વમય ચમ્પૂ ટી. એસ. કુપ્પુસ્વામી શાસ્ત્રીએ સૌ પહેલાં ૧૯૦૬ માં પ્રકટ કર્યો હતો. ડૉ. એ. એન. ઉપાધ્યેની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના સાથેનું તેનું આ પુનઃ સંપાદન સુયોગ્ય રીતે થયું છે.

ધનપાલકૃત વિખ્યાત કથાગ્રંથ 'તિલકમંજરી'નો ત્રીજો ભાગ શાન્ત્યાચાર્યકૃત ટિપ્પણ અને આધુનિક કાળમાં સંસ્કૃતમાં વિપુલ સાહિત્યલેખન કરનાર આચાર્ય વિજયલાવણ્યસૂરિની વિસ્તૃત ટીકા સાથે બહાર પડ્યો છે (બોટાદ, વિ. સં. ૨૦૧૪). મુનિ શ્રીવિક્રમવિજયજીએ દયાવર્ધનગણિકૃત 'રત્નશેખર-રત્નવતી કથાનક'નું સંપાદન કર્યું છે (છાણી, ૧૯૫૭). આ સંસ્કૃત કથાનક એક પૂર્વકાલીન પ્રાકૃત કથાનકને આધારે રચાયેલું છે. એ જ વિદ્વાને અને મુનિશ્રી ભાસ્કરવિજયજીના સહકારથી વિનયચન્દ્રગણિકૃત 'મુનિસુવ્રતસ્વામિચરિત'નું સંપાદન કર્યું છે (છાણી, ૧૯૫૭).

અનેક સંસ્કૃત કાવ્ય નાટકો અને શાસ્ત્રીય ગ્રન્થો ઉપર જૈન લેખકોએ ટીકાઓ રચી છે, અને આવી ટીકાઓની લગભગ સંપૂર્ણ કહી શકાય એવી એક સૂચિ કેટલાંક વર્ષ પહેલાં શ્રી. અગરચંદ નાહટાએ આપી હતી (હિન્દી-ગુજરાતી 'ભારતીય વિદ્યા', પુ. ૨, અંક ૩, ઑક્ટોબર ૧૯૪૨). ભર્તૃહરિની 'શતકત્રયી' ઉપરની ધનસારગણિની ટીકાનું સુન્દર સંપાદન પ્રો. ડી. ડી. કોસંબીએ કર્યું છે (સિંઘી જૈન ગ્રન્થમાલા, મુંબઈ, ૧૯૫૯). મિ. વૉલ્ટર મૉરર 'મેઘદૂત' ઉપરની સુમતિવિજયની એક ટીકાનું સંપાદન હમણાં કરી રહ્યા છે. આ સુમતિવિજય ઘણું કરીને અઢારમાં સૈકામાં થઈ ગયા હોય એમ જણાય છે. અહીં એ ઉલ્લેખ કરું કે પ્રો. વેલણકરે પોતાના 'જિનરત્નકોશ'માં 'મેઘદૂત' ઉપરની અગિયાર જૈન ટીકાઓ વિષે નોંધ કરી છે.

શીલાંકના 'ચઉપ્પન્નમહાપુરિસચરિય'માં 'વિબુધાનંદ' નામે એકાંકી સંસ્કૃત નાટક આવે છે, અને સંપાદક એ નાટકને જુદી પુસ્તિકારૂપે પ્રકટ કરનાર છે. આચાર્ય શ્રીહેમચન્દ્રના શિષ્ય રામચન્દ્ર એક કુશળ નાટકકાર હતા, અને એમનાં ચાર નાટકો–'નલવિલાસ', 'કૌમુદી મિત્રાણંદ', 'સત્યહરિશ્ચન્દ્ર', અને 'નિર્ભયભીમવ્યાયોગ'–અત્યાર સુધીમાં છપાયાં છે. રામચન્દ્રનાં બીજાં બે નાટકો, એમના 'નાટ્યદર્પણ'માંના ઉલ્લેખો દ્વારા જ અત્યાર સુધી જાણવામાં હતાં તે તાજેતરમાં મળી આવ્યાં છે. એમાંનું એક 'રઘુવિલાસ' (જેની બે પાઠપરંપરાઓ મળે છે–એક સંક્ષિપ્ત અને બીજી વિસ્તૃત) અને બીજું, 'મલ્લિકામકરન્દ પ્રકરણ.' 'નલવિલાસ', જે ગાયકવાડ્ઝ ઓરિએન્ટલ સિરીઝ, નં. ૨૯ (વડોદરા, ૧૯૨૬) તરીકે છપાયું હતું અને નજદીકના ભવિષ્યમાં પુનર્મુદ્રિત થાય એવો સંભવ છે, એ સિવાયનાં પાંચે નાટકોનું સંપાદન મુનિ શ્રીપુણ્યવિજયજીએ કર્યું છે, અને રાજસ્થાન પુરાતન ગ્રન્થમાલામાં તે છપાય છે. આચાર્ય શ્રીહેમચન્દ્રના બીજા શિષ્ય દેવચન્દ્રકૃત 'ચન્દ્રલેખાવિજય પ્રકરણ' નાટક, જે રાજા કુમારપાલની (ઈ. સ. નો બારમો સૈકો) આજ્ઞાથી પાટણમાં ભજવાયું હતું, તેનું સંપાદન પણ મુનિ શ્રીપુણ્યવિજયજી ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝ માટે કરી રહ્યા છે. સપાદલક્ષના રાજા અર્ણોરાજ ઉપર કુમારપાલે મેળવેલો વિજય વર્ણવતું એ અર્ધ–ઐતિહાસિક નાટક છે.

રામચન્દ્રે અને ગુણચન્દ્રે (તેઓ પણ હેમચન્દ્રના શિષ્ય હતા) રચેલા નાટ્યશાસ્ત્રને લગતા પ્રમાણભૂત ગ્રન્થ 'નાટ્યદર્પણ'ની બીજી આવૃત્તિ તાજેતરમાં જ પ્રસિદ્ધ થઈ છે (ગાયકવાડ્ઝ ઓરિએન્ટલ સિરીઝ, નં. ૪૮, વડોદરા, ૧૯૫૯). એ આવૃત્તિ પં. લાલચંદ્ર ગાંધીએ તૈયાર કરી છે.

સ્તોત્ર-સાહિત્યમાં, વિનયહંસકૃત 'જિનસ્તોત્રકોશ' જેમાં ૫૮ સ્તોત્ર છે, તેનું સંપાદન મુનિ શ્રીચન્દ્રોદયવિજય અને મુનિ સૂર્યોદયવિજયે કર્યું છે (મુંબઈ, વિ. સં.૨૦૧૪). ભૂપાલ કવિકૃત 'જિનચતુર્વિંશિકાસ્તોત્ર'નું, આશાધરની ટીકા તેમજ હિન્દી ભાષાન્તર સમેત, સંપાદન પં. પન્નાલાલે આપ્યું છે (મુંબઈ, ૧૯૫૮). 'ભૂપાલસ્તોત્ર' તરીકે પણ ઓળખાતું આ લોકપ્રિય સ્તોત્ર છે, અને આ પહેલાં અનેકવાર છપાયું છે. ડૉ. એ. એન. ઉપાધ્યે અને પં. ફૂલચન્દ્રે સંપાદિત કરેલ 'જ્ઞાનપીઠ પૂજાંજલિ' એ સંસ્કૃત, પ્રાકૃત અને હિન્દી સ્તોત્રો–

ભક્તિકાવ્યોનો એક મોટો તેમજ ઉત્તમ સંગ્રહ છે (ભારતીય જ્ઞાનપીઠ, કાશી ૧૯૫૭). જયાનન્દસૂરિ (ઈ. સ. નો ૧૪ મો–૧૫ મો સૈકો) કૃત 'દેવાધિદેવ સ્તોત્ર' અથવા 'સાધારણ જિનસ્તોત્ર'નું, મેઘવિજય ઉપાધ્યાયની ટીકા સમેત, સંપાદન મુનિશ્રી રમણિક-વિજયજીએ કર્યું છે એ આખું છપાઈ ગયું છે, અને જૈન આત્માનંદ સભા, ભાવનગર તરફથી ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે. મુનિશ્રી ન્યાયવિજયજીકૃત પાંચ નવીન સ્તોત્રો નાની પુસ્તિકાઓ રૂપે આ સમાલોચનાનાં વર્ષો દરમિયાન પાટણ ખાતે પ્રકટ થયાં છે–'ભક્તગીતમ્,' 'કલ્યાણ ભાવના,' 'દીનાક્રન્દનમ્,' 'આત્મતત્ત્વપ્રકાશ' અને 'મહામાનવ મહાવીર' પ્રાચીન સ્તોત્રસાહિત્યની સાચી પરંપરામાં આ કૃતિઓ રચાયેલી છે, અને સંસ્કૃત કાવ્યબાની ઉપર કર્તા અસામાન્ય પ્રભુત્વ ધરાવે છે.

પ્રબન્ધસાહિત્યમાં રાજા કુમારપાલના જીવનને લગતી સાત ઐતિહાસિક અને અર્ધ-ઐતિહાસિક કૃતિઓનો સંગ્રહ–'કુમારપાલ ચરિત્રસંગ્રહ'–શ્રીજિનવિજયજીએ પ્રકટ કર્યો છે (સિંઘી જૈન ગ્રન્થમાલા, નં. ૪૧, મુંબઈ, ૧૯૫૬). એ જ પ્રૌઢ વિદ્વાને વિશિષ્ટ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા બીજા એક ગ્રન્થનું સંપાદન કર્યું છે. એ ગ્રન્થ તે જિનપાલકૃત 'ખરતર ગચ્છ બૃહદ્ ગુર્વા-વલિ સંગ્રહ.' એમાં અગિયારમીથી ચૌદમી સદી સુધીના ખરતર ગચ્છના આચાર્યોનો કાલાનુક્રમિક ઐતિહાસિક વૃત્તાંત આપ્યો છે, અને તે ઉપર શ્રી. અગરચંદ નાહટાની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના છે (સિંઘી જૈન ગ્રન્થમાલા, નં. ૪૨, મુંબઈ, ૧૯૫૬). જુદા જુદા ગચ્છોના આચાર્યોનો ઐતિહાસિક વૃત્તાંત આપતી પટ્ટાવલિઓનો સંગ્રહ 'પટ્ટાવલિ-સમુચ્ચય' તથા ગુજરાતના મહામાત્ય વસ્તુપાલ વિષેની સમકાલીન ઐતિહાસિક રચનાઓનો સંગ્રહ, એ બે ગ્રન્થો છપાઈ ગયા છે, અને ટૂંક સમયમાં તે સિંઘી ગ્રન્થમાલામાં પ્રસિદ્ધ થશે.

મલ્લવાદીનું 'નયચક્ર' એ જૈન ન્યાયના આધારભૂત મૂલ ગ્રન્થો પૈકી એક છે, અને તે ત્રુટિત સ્થિતિમાં ઉપલબ્ધ હોવા છતાં આ પહેલાં તેનાં બે વાર સંપાદનો થયાં છે. આમ છતાં વિષય અને ગ્રન્થનું મહત્ત્વ જોતાં જૈન અને બૌદ્ધ ન્યાયના તેમજ તિબેટનના વ્યુત્પન્ન વિદ્વાન મુનિશ્રી જંબુવિજયજીએ હાથ ધરેલા એના ત્રીજા સંપાદન માટે પૂરો અવકાશ હતો. મુનિશ્રી જંબુવિજયજીએ 'નયચક્ર'માં આવતાં પ્રાચીનતર દાર્શનિકોનાં સંખ્યાબંધ અવતરણોનો તિબેટન અનુવાદોની સહાયથી પુનરુદ્ધાર કર્યો છે, અને 'નયચક્ર'ની વધારે અધિકૃત વાચના તેઓ બહાર લાવશે એમાં શંકા નથી. આ ગ્રન્થનો મોટો ભાગ છપાઈ ગયો છે, અને જૈન આત્માનંદ સભા, ભાવનગર તરફથી તે ટૂંક સમયમાં પ્રકટ થશે. ડૉ. જિતેન્દ્ર જેટલીએ પોતાના પીએચ. ડી. ના મહાનિબંધ માટે શ્રીધરની 'ન્યાયકન્દલી' ઉપરના નરચન્દ્રસૂરિના ટિપ્પણનું સંપાદન કર્યું છે. શ્રીધરની 'ન્યાયકન્દલી' એ વૈશેષિક સૂત્રો ઉપરના પ્રશસ્તપાદના ભાષ્ય ઉપરની ટીકા છે. નરચન્દ્રસૂરિ મહામાત્ય વસ્તુપાલના માતૃપક્ષે કુલગુરુ હતા તથા વસ્તુપાલના સાહિત્યમંડળના એક અગ્રગણ્ય વિદ્વાન હતા. એમના 'ન્યાયકન્દલી ટિપ્પણ'ની ભૂમિકા રૂપે, જૈન લેખકોએ ન્યાય–વૈશેષિક સાહિત્યમાં આપેલા ફાળાની વિગતવાર સમાલોચના ડૉ. જેટલીએ કરી છે. ઉપાધ્યાય ક્ષમાકલ્યાણકૃત 'તર્કસંગ્રહ ફક્કિકા'નું સંપાદન પણ ડૉ. જેટલીએ કર્યું છે (રાજસ્થાન પુરાતન ગ્રન્થમાલા, નં. ૯, જયપુર, ૧૯૫૬). અન્નંભટ્ટકૃત 'તર્કસંગ્રહ' તથા તે ઉપરની 'દીપિકા'ની એ વિદ્વત્તાપૂર્ણ ટીકા છે, અને તેની રચના ઈ. સ. ૧૭૯૮માં થઈ હતી. અઢારમા સૈકામાં થઈ ગયેલા મહાન તાર્કિક અને ફિલસૂફ ઉપાધ્યાય યશોવિજયજીકૃત 'અનેકાન્તવ્યવસ્થા પ્રકરણ' ઉપર નવીન ટીકા આચાર્ય શ્રીવિજયલાવણ્યસૂરિએ રચી છે (બોટાદ, વિ. સં. ૨૦૧૪) તથા હરિભદ્રસૂરિકૃત 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' અને યશોવિજયજીકૃત 'સ્યાદ્વાદકલ્પલતા' ઉપર નવીન ટીકા આચાર્ય શ્રીઅમૃતસૂરિએ લખી છે (શિરપુર, ૧૯૫૮). યશોવિજયજીની 'સ્યાદ્વાદકલ્પલતા' એ 'શાસ્ત્રવાર્તા-સમુચ્ચય'નું વિવરણ છે એ નોંધવું અહીં પ્રસ્તુત થશે.

શ્રીધરસેનકૃત 'વિશ્વલોચનકોશ' અથવા 'મુક્તાવલિ' એ જૈન શબ્દકોશ છે. એની મુદ્રિત વાચનામાં (સંપાદક પં. નંદલાલ શર્મા, મુંબઈ, ૧૯૬૨) પ્રારંભિક ભાગ નથી, માત્ર નાનાર્થકાંડ છે. ન્યૂ દિલ્હીની ઇન્ટરનેશનલ એકેડેમી ઑફ ઇન્ડિયન કલ્ચરના ડૉ. લોકેશચન્દ્ર મને ખબર આપે છે કે આ કોશનું તિબેટન ભાષાન્તર મળ્યું છે, જેમાં પ્રારંભિક ભાગ છે. આ વિખ્યાત કોશની વધુ હસ્તપ્રતો માટે ભારતમાં તપાસ કરવી જોઈએ તથા તિબેટન ભાષાન્તર સાથે તુલના કરી એનું પ્રકાશન અખંડરૂપે કરવું જોઈએ. આ શોધ બતાવે છે કે માત્ર

બૌદ્ધ નહિ, જૈન ગ્રન્થોના અનુવાદ પણ તિબેટન ભાષામાં થયા હતા. 'જ્ઞાનસાર ગ્રન્થાવલિ'ના પુરોવચન (પૃ. ૧)માં પં. રાહુલ સાંકૃત્યાયને નોંધ્યું છે કે સો કરતાં વધારે અપભ્રંશ કૃતિઓ તિબેટન 'તાન્જુર'માં અનૂદિત થયેલી મળી છે. એમાંની ભાગ્યે જ કોઈ રચના ભારતમાં ઉપલબ્ધ હશે.

મલધાર ગચ્છીય રાજશેખરસૂરિના શિષ્ય સુધાકલશે રચેલો એકાક્ષરી શબ્દોનો કોશ 'એકાક્ષરનામમાલા' મુનિ શ્રીરમણિકવિજયજીએ સંપાદિત કર્યો છે, અને રાજસ્થાન પુરાતન ગ્રંથમાલા માટે તેઓએ તૈયાર કરેલ 'એકાક્ષરનામમાલા સંગ્રહ'માં તે છપાય છે. કલકત્તાની જૈન તેરાપંથી સભા બીજો એક કોશ–ધનંજયકૃત 'નિઘંટુ સમુચ્ચય' છપાવે છે. એનું સંપાદન ડો. અજિતરંજન ભટ્ટાચાર્યે કર્યું છે.

જ્યોતિષના વિષયમાં, વ્યુત્પન્ન જ્યોતિર્વિદ મુનિશ્રી વિકાસવિજયજી નરચન્દ્ર ઉપાધ્યાયકૃત 'જન્મસમુદ્ર'નું (ઈ. સ. ૧૧૭૮) તે ઉપરની સ્વોપજ્ઞ ટીકા 'બેડા' (અર્થાત્ 'હોડી') સમેત સંપાદન કરી રહ્યા છે. અહીં નોંધવું પ્રસ્તુત થશે કે આ નરચન્દ્રસિંહસૂરિના શિષ્ય છે, અને દેશપ્રભસૂરિના શિષ્ય તથા 'ન્યાયકન્દલીટિપ્પણ'-ના કર્તા નરચંદ્રથી તેઓ ભિન્ન છે.

જૈન યતિઓએ માત્ર જ્યોતિષમાં જ નહિ, આયુર્વેદમાં પણ ભારે પ્રવીણતા મેળવી હતી અને આ બન્ને વિષયો ઉપર ઘણું સાહિત્ય આપણને મળે છે. પરંતુ કેટલાક યતિઓએ સંગીતમાં પણ પ્રવીણતા પ્રાપ્ત કરી હતી એ નોંધપાત્ર છે. ઉપર્યુક્ત સુધાકલશે ઈ. સ. ૧૩૨૪માં 'સંગીતોપનિષત્' ગ્રંથ રચ્યો હતો, અને 'સંગીતોપનિષત્સાર' એ નામથી તેનો જ સંક્ષેપ ઈ. સ. ૧૩૫૦ માં કર્યો હતો. મૂલ ગ્રંથ તો અત્યારે ઉપલબ્ધ નથી, પણ તેના આ સંક્ષેપનું સંપાદન ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝ માટે ડો. ઉમાકાંત શાહ કરી રહ્યા છે. સંગીત વિષેના બીજા કેટલાક જૈન ગ્રન્થો પણ છે. મધ્યકાલીન ભારતમાં રાજદરબારોના સંપર્કને કારણે જૈન યતિઓ આ કલા પ્રત્યે આકર્ષાયા હોય એ તદ્દન સંભવિત છે.

સંસ્કૃત સાહિત્ય વિષેનાં એક બે અભ્યાસ પુસ્તકોનો હું ઉલ્લેખ કરીશ. "જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ" એ માહિતીપૂર્ણ ગુજરાતી ગ્રન્થ પ્રો. હીરાલાલ કાપડિયાએ લખ્યો છે (વડોદરા, ૧૯૫૬) અને એના પહેલા ભાગમાં વ્યાકરણ, કોશ, છંદઃશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર નાટ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, સંગીત, કામશાસ્ત્ર, ગણિત, જ્યોતિષ, શિલ્પસ્થાપત્ય, આયુર્વેદ, પાકશાસ્ત્ર, આદિ વિષયોને લગતા સાહિત્યનો પરિચય આપવામાં આવ્યો છે. આ ગ્રન્થના બીજા ભાગમાં ધાર્મિક સાહિત્યનો પરિચય અપાશે. 'લિટરરી સર્કલ ઑફ મહામાત્ય વસ્તુપાલ એન્ડ ઇટ્સ કોન્ટ્રિબ્યૂશન ટુ સંસ્કૃત લિટરેચર' એ મારા અંગ્રેજી પુસ્તકનું (ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૫૩) ગુજરાતી ભાષાન્તર તાજેતરમાં ગુજરાત વિદ્યાસભાએ પ્રસિદ્ધ કર્યું છે (અમદાવાદ, ૧૯૫૭) અને એ જ પુસ્તકનું હિન્દી ભાષાન્તર જૈન સંસ્કૃતિ સંશોધક મંડળ, બનારસ તરફથી ટૂંક સમયમાં બહાર પડશે.

જૈનોના સંસ્કૃત સાહિત્યને લગતા કેટલાક નોંધપાત્ર નિબંધોનો હવે ઉલ્લેખ કરું. સિદ્ધર્ષિકૃત 'ઉપમિતિ-ભવપ્રપંચ કથા'માં પ્રયોજાયેલી કેટલીક વહીવટી પરિભાષાની ચર્ચા ડૉ. દશરથ શર્માએ કરી છે. ('મરુભારતી', પુ. ૭, અંક ૨, જુલાઈ ૧૯૫૯). પ્રો. હીરાલાલ કાપડિયાએ સંસ્કૃત અને પ્રાકૃત કવિતામાં ગૂઢ ચિત્ર વિષે લખ્યું છે ('વિદ્યા', ગુજરાત યુનિવર્સિટીનું સંશોધન–સામયિક, પુ. ૨, અંક ૧, ૧૯૫૭) તેમ જ કવિકલ્પિત વસ્તુઓ પરત્વે જૈન લેખકોના ઉલ્લેખો એકત્ર કર્યા છે ('જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ', પુ. ૮, અંક ૧, સપ્ટેમ્બર ૧૯૫૮). સોમદેવસૂરિકૃત 'યશસ્તિલકચંપૂ'માંથી નોંધપાત્ર શબ્દોની સૂચિ ડૉ. ઈ. ડી. કુલકર્ણીએ આપી છે. ('બુલેટિન ઑફ ધી ડેક્કન કૉલેજ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ', પુ. ૧૮, જાન્યુઆરી ૧૯૫૭). 'વ્યક્તિવિવેક'ના કર્તા મહિમભટ્ટનું 'કાવ્યાનુશાસન'કાર આચાર્ય શ્રીહેમચન્દ્ર ઉપરનું ઋણ દર્શાવવાનો પ્રયાસ શ્રી. ત્રિલોકનાથ ઝાએ કર્યો છે ('જર્નલ ઑફ ધી બિહાર રિસર્ચ સોસાયટી', પુ. ૪૩, અંક ૧-૨, માર્ચ-જુન ૧૯૫૭). ડૉ. વી. એમ. કુલકર્ણીએ આચાર્ય શ્રીહેમચન્દ્રે વર્ણવેલ સીતા–રાવણ કથાનક વિષે લેખ આપ્યો છે. ('જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, પુ. ૭, અંક ૩, માર્ચ ૧૯૫૮) અને શ્રી. જયંત ડાકરે આચાર્ય શ્રીહેમચન્દ્રના 'દ્વયાશ્રય' મહાકાવ્યનું ઐતિહાસિક મહત્ત્વ દર્શાવ્યું છે ('આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ'). ભરૂચના રાજા શંખ ઉપર મહામાત્ય વસ્તુપાલનો વિજય વર્ણવતા,

કવિ હરિહરના પ્રથમ વાર જ જાણવામાં આવેલા ઐતિહાસિક નાટક 'શંખપરાજય વ્યાયોગ'નો પરિચય મેં કરાવ્યો છે (જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ,' પુ. ૭, અંક ૪, જુન ૧૯૫૮). મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓરિયેન્ટલ સિરીઝ માટે આ નાટકનું સંપાદન થઈ રહ્યું છે. આચાર્ય શ્રીહેમચન્દ્રના 'અનેકાર્થકોશ' ઉપરની મહેન્દ્રસૂરિની ટીકામાં આવતાં, શ્રીહર્ષકૃત 'નૈષધીયચરિત' મહાકાવ્યનાં અવતરણો વિષે ડૉ. અરુણોદય જનીએ નિબંધ લખ્યો છે ('જૈન યુગ', એપ્રિલ, ૧૯૫૯). મહેન્દ્રસૂરિ હેમચન્દ્રના શિષ્ય હતા, અને તેમણે આપેલાં આ અવતરણો 'નૈષધીયચરિત'ને લગતા સૌથી જૂના સાહિત્યિક ઉલ્લેખો રજૂ કરે છે એમાં શંકા નથી. પ્રાકૃતના ભાષાસાહિત્યના પ્રૌઢ જર્મન વિદ્વાન ડૉ. ડબ્લ્યુ શુબ્રિંગે જૈનોના સ્તોત્રસાહિત્ય વિષે મૂલ્યવાન નિબંધ લખ્યો છે. ('જ્ઞાનમુકતાવલિ', દિલ્હી, ૧૯૫૯). શેરગઢમાં મળેલો, સં. ૧૧૯૧નો એક જૈન શિલાલેખ ડૉ. ડી. સી. સરકારે પ્રસિદ્ધ કર્યો છે ('એપિગ્રાફિયા ઇન્ડિકા', પુ. ૩૧, અંક ૨, એપ્રિલ ૧૯૫૫; પ્રકટ થયું ૧૯૫૭). જૈન લેખો માટે ઉપયોગમાં લેવાયેલી સામગ્રી વિષે શ્રી દત્તાત્રેય બાલકૃષ્ણ કિરકળકરે લખ્યું છે ('આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ') અને જૈનોના પ્રાચીન લેખો વિષે સર્વસામાન્ય ચર્ચા કરતો નિબંધ પણ આપ્યો છે ('જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ', પુ. ૯, અંક ૧, સપ્ટેમ્બર ૧૯૫૯). સંસ્કૃત અને જૂની ગુજરાતીમાં રચાયેલી પિપ્પલ ગચ્છની એક ગુર્વાવલિ શ્રી ભંવરલાલ નાહટાએ પ્રકટ કરી છે ('આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ'). 'ભગવદ્ગીતા'ના અનુકરણરૂપે રચાયેલી, ઉપાધ્યાય મેઘવિજયકૃત 'અર્હદ્ગીતા' વિષે મુનિ શ્રીરમણિકવિજયજીએ નિબંધ લખ્યો છે અને ડૉ. ગુલાબચંદ ચૌધરીએ છન્દઃશાસ્ત્રમાં જૈનોના પ્રદાનનો પરિચય કરાવ્યો છે ('રાજેન્દ્રસૂરિ સ્મારક ગ્રન્થ'). શ્રી. અગરચંદ નાહટાએ ઉજ્જયિનીના શ્વેતાંબર કવિઓ વિષે નિબંધ લખ્યો છે ('વિક્રમ', પુ. ૩, અંક ૨, મે ૧૯૫૯).

[ક્રમશઃ]

卐

A BOOK JAIN WILL BE PROUD TO POSSESS

JAINA COMMUNITY

—a social survey

[जैन ज्ञातीका सामाजिक अवलोकन]

by VILAS ADINATH SANGAVE,
M. A., Ph. D.
Professor of Sociology,
Rajaram College, Kolhapur

The first comprehensive survey of social conditions that prevail in Jaina community, covering various aspects; its castes and sub-castes, sects and sub-sects, marriage and position of woman, philosophy and ethics, rites and rituals, and several customs and manners-documented by statistical data and revealing diagrams.

Pp, xx + 480 Rs. 25.00

Available at leading booksellers or direct from the Publishers

POPULAR BOOK DEPOT
LAMINGTON ROAD, BOMBAY 7

સા ચું તી ર્થ

શ્રી ગુલાબચંદ જૈન

તે કાળે કોશાંબી નગરીમાં કેવળી વિમળ મુનિનું પદાર્પણ થયું. કોશાંબી નગરીમાં આનંદનો ઉત્સાહ પ્રસરી ગયો. લોકોનાં ટોળેટોળાં દર્શન કરવા માટે ઉમટવા લાગ્યાં. તે લોકોમાં જિનદાસ નામનો શેઠ પણ હતો.

કેવળી મુનિનાં દર્શન કરીને તે હાથ જોડીને ઊભો રહ્યો. મુનિવરે પૂછ્યું : "વત્સ! કંઈ પૂછવું છે?"

"હા, ભગવાન!" જિનદાસે કહ્યું, "ગઈ કાલે રાતના મને એક અતિ વિચિત્ર સ્વપ્નું આવ્યું! તે જોઈને હું મારી જાતને ધન્ય માનવા લાગ્યો. પણ મને થાય છે કે શું એ સપનું ખરું પડશે?"

જિનદાસે ત્યાર પછી પોતાને જે સ્વપ્નું આવ્યું હતું તે કહી બતાવ્યું.....

"ગઈ કાલે રાતનો છેલ્લો પ્રહર હતો. પવન મંદ મંદ વાતો હતો. હું જાગવાની તૈયારી કરતો હતો કે મને સપનું આવ્યું.

મને થયું કે ચોરાશી હજાર તપસ્વી મુનિઓ વિહાર કરતા કરતા કોશાંબી નગરીમાં પધાર્યા છે. તેમને એક એક માસનાં ઉપવાસ છે. આજે તેમના પારણાનો દિવસ છે. બધા મારા ઘરે કોઈ વિશેષ પ્રભાવના કારણે પધાર્યા. હું આનંદમાં ફૂલ્યો ન સમાયો. બધાને મેં આહાર-પાણીનો લાભ આપ્યો. તેમનું માસખમણનું પારણું થયું અને તેઓ વિહાર કરીને અન્યત્ર ચાલ્યા ગયા.

એક તો ચોરાશી હજાર સાધુઓનાં દર્શનનો યોગ અનુપમ કહેવાય. તેમા પણ માસ ખમણનાં પારણાંનો લાભ મને મળે એના જેવો જીવનમાં બીજો કયાંથી લહાવો મળે? હું મારી જાતને ગદ્‌ગદ થઈને ધન્ય માનવા લાગ્યો."

આમ સ્વપ્નની વાત કરી જિનદાસ શેઠે કહ્યું : "પ્રભુ! આપ તો સર્વજ્ઞ છો, સર્વદર્શી છો! મને એમ થાય છે કે શું મારું એ સ્વપ્ન ખરું પડશે? અથવા તો એ કોઈ મારા પૂર્વભવની સ્મૃતિની અનુભૂતિ છે?"

વિમળ કેવળીએ કહ્યું : "જિનદાસ શેઠ! તમે જે સ્વપ્ન જોયું તે બરાબર છે. તમારું સ્વપ્ન શ્રાવસ્તી નગરીમાં જ ફળી શકે છે."

"કેવી રીતે, પ્રભો!" જિનદાસ શેઠે કહ્યું.

"આ નગરમાં જ ધનદાસ શેઠનો પુત્ર વિજય છે. તેની પત્નીનું નામ વિજયા છે. આ દંપતીનાં દર્શન કરો તો તમને ચોરાશી હજાર મુનિઓનાં માસ ખમણનાં પારણાનું ફળ મળશે!"

જિનદાસ શેઠ એ સાંભળીને આશ્ચર્ય પામ્યા! તેમને થયું કે કયાં ચોરાશી હજાર સંત અને કયાં એક સામાન્ય ગૃહસ્થ દંપતી!

તેમણે કહ્યું : "પ્રભો! પામર જીવો શંકાને પામે છે તો જ્ઞાનીઓએ શંકાનું નિવારણ કરવું જોઈએ. મને શંકા છે કે કયાં સાચાં તીર્થ સમાન મુનિવરો અને કયાં સામાન્ય દંપતી? તે છતાંયે આપ આ દંપતીને શા માટે આટલું મહત્ત્વ આપો છો?"

વિમળ કેવળીએ ત્યારે જિનદાસ શેઠની શંકાનું સમાધાન કરતાં આ પ્રમાણે વાત કરી :—

આ નગરીમાં ધનદાસ નામના શેઠ રહે છે. તેમને વિજય નામનો પુત્ર છે. નાનપણથી જ તે સ્વરૂપવાન હોવા સાથે ગુણવાન તેમજ આત્મકલ્યાણની ભાવનાથી ઓતપ્રોત રહેતો હતો.

મોટો થયો ત્યારે તે એકવાર વ્યાખ્યાન સાંભળવા ગયો. તે દિવસે વ્યાખ્યાનમાં બ્રહ્મચર્યનો વિષય ચર્ચાતો હતો. મુનિવરે બધાને ઉપદેશ આપતાં કહ્યું:

'...જે વ્યક્તિ બ્રહ્મચર્યનું પાલન કરે છે તેને દેવ, દાનવ અને માનવ ત્રણેય નમસ્કાર કરે છે અને શુદ્ધ બ્રહ્મચર્યના કારણે તેનું સ્થાન વંદનીય તીર્થ જેવું બને છે. કોઈ તીર્થ કરે કે તેનાં દર્શન કરે તો તે બરાબર છે!'

વિજયકુમારના મનમાં આ ઉપદેશની તીવ્ર અસર થઈ. જેમ જેમ બ્રહ્મચર્ય પાલનની કહેણાઈઓનું મુનિવર વર્ણન કરતા ગયા તેમ તેમ વિજયકુમારના મનમાં બ્રહ્મચર્ય પાલનનો ઉમંગ દૃઢ થતો ગયો.

વ્યાખ્યાન પૂરું થયું એટલે વિજયકુમાર મુનિવર પાસે ગયો. તેણે વંદણા કરીને કહ્યું : "પ્રભુ! આપે બ્રહ્મચર્યનો જે મહિમા બતાવ્યો છે તેથી મારા મનમાં સંયમ-ભાવ દૃઢ થયો છે. કેટલાક સમયથી હું પણ એમ જ વિચારું છું કે લગ્ન કરીને પણ બ્રહ્મચર્યનું પાલન કરી શકાય છે. આપે આજે મારા એ વિચારોને દૃઢતા આપી છે. શું શ્રાવકો માટે બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્ય બની શકે?"

મુનિવરે કહ્યું : "વત્સ! સાધુઓ માટે નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યનો આદર્શ છે. જીવનનો આદર્શ તો એ જ છે પણ શ્રાવકો માટે દેશચરિત્ર પાલન બતાવવામાં આવેલ છે. તે મુજબ શ્રાવક સ્વસ્ત્રીમાં સંતોષ રાખીને પક્ષમાં બીજ, પાંચમ, આઠમ, અગ્યારશ અને ચૌદશના બ્રહ્મચર્યનું પાલન કરે, અને એ મુજબ ઉત્તરોત્તર બ્રહ્મચર્ય-પાલનનો વિકાસ કરતો જાય તો તે પણ એક દિવસ સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરી શકે છે!"

વિજયકુમારે કહ્યું : "આપે મારા વિચારોને દૃઢતા આપી છે. સંસારમાં ઘણાં કારણોસર આજીવન સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન ન થઈ શકે તો પણ મારી ઇચ્છા છે કે આપ મને દરેક માસના કૃષ્ણ પક્ષમાં સંપૂર્ણ બ્રહ્મચર્યના પચ્ચખાણ આપો!"

મુનિવરે તેના ચઢતા ભાવો જોઈને તેને તે પ્રમાણે પચ્ચખાણ આપ્યા!

[૨]

કોશાંબી નગરીમાં લીલાધર નામના બીજા એક શેઠ રહેતા હતા. તેમને વિજયા નામની પુત્રી હતી. તે રૂપવતી, ગુણવતી તેમ જ સુશીલ હતી. નાનપણથી ધર્મના સંસ્કારો દૃઢ હોવાથી એક વાર વ્યાખ્યાનમાં બ્રહ્મચર્ય ઉપરનો વિષય સાંભળી તેણે શુકલ પક્ષમાં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી.

તેના સગા સંબંધીઓએ તેને ઘણી રીતે સમજાવી કે તે કન્યા છે; આવતી કાલે પરણશે, પછી તેના એ વ્રતનું પાલન નહીં થાય! તેણે તો એક જ વાત કરી કે જો મારામાં આત્મબળ હશે તો હું મારા પતિને સમજાવી શકીશ. નહીંતર આજન્મ કુંવારી રહીશ!"

લીલાધર શેઠને આ કારણે તેના માટે વર શોધવાની ઘણી ચિંતા થઈ પડી. છેવટે તેમના કાને ધર્મનિષ્ઠ વિજયકુમારની વાત આવી. તેમણે પોતાની કન્યાનું સગપણ એની સાથે નક્કી કર્યું અને બન્નેનાં લગ્ન ધામ-ધૂમથી થઈ ગયાં.

[૩]

પ્રથમ મિલનની રાત હતી.

વિજયકુમાર અને વિજયા બન્નેના મનમાં આનંદ હતો. તે છતાંયે બન્નેના મગજમાં એક વિચાર સતત રહેતો હતો કે બન્ને એક બીજાને પોતપોતાનાં વ્રતની જાણ કરી દે...!

વિજયાએ હિંમત કરીને કહ્યું : "નાથ! આપે મારી સાથે લગ્ન કરીને જીવનનાં અનેક સપનાંઓ સેવ્યાં હશે. એક પત્ની તરીકે મારું કર્તવ્ય છે કે હું તમને તેમાં સાથ આપું...પણ...!" તે જરાક અટકી!

"પ્રિયે...સંકોચ કરવાની કોઈ વાત નથી. આજની રાત તો આપણા માટે ખુલ્લા દિલે એક બીજાને સમજવા માટે છે! કોઈ વાતે મારાથી ડર કે સંકોચ રાખવાની જરૂર નથી!"

"સ્વામી! તમારા અંગે જેવું સાંભળ્યું હતું તેવું જ નીકળ્યું છે. મને એ સમજાતું નથી કે મારી જે વાત તમને કહીશ તે ક્યાં સુધી તમને ગમશે? પણ લગ્ન એટલે હું બે આત્માઓનું મિલન માનતી આવી છું. શારીરિક વાસના સંતોષવાનું સાધન માનતી નથી. એટલે એક વાર બ્રહ્મચર્ય ઉપર ઉપદેશ સાંભળી મેં મનોમન દરેક માસના શુકલ-પક્ષમાં સંપૂર્ણ બ્રહ્મચર્યનાં પાલનની પ્રતિજ્ઞા કરી છે...મારી એટલી જ વિનંતી છે કે આપ તેને બીજી રીતે નહીં લો!"

વિજયકુમાર એ સાંભળી રહ્યો...! તેના મનમાં આનંદ છવાઈ ગયો! પોતે પણ લગ્ન એટલે બે આત્માઓ એક બીજાની આત્મોન્નતિમાં પ્રેરક બને એમ માનતો હતો...પોતાને આવી સુશીલ પત્ની મળી છે તેથી તેના આનંદનો પાર ન રહ્યો...! તે આનંદ વિભોર થઈને ઊભો રહ્યો.

તેને ચૂપ ઊભેલો જોઈને વિજ્યાને કંઈક શંકા થતાં તેણે કહ્યું : "મને આશા લાગે છે કે તમે મારી એ પ્રતિજ્ઞાના પાલનમાં મદદ કરશો ! તમે ચૂપ કેમ થઈ ગયા...બોલો મદદ કરશો ને ?"

વિજ્યકુમારે પ્રેમભર્યા શબ્દોમાં કહ્યું : "દેવી ! હું તને દેવી જ કહીશ ! હું કેટલો સુભાગી છું કે મને મારા વિચારોને અનુકૂળ પત્નીરૂપે તું મળી છો. જગતમાં બ્રહ્મચર્યથી વધુ શ્રેષ્ઠ કોઈ વસ્તુ નથી. હું પણ એમ જ માનતો આવ્યો છું. યોગાનુયોગ તારી જેમ મેં કૃષ્ણ પક્ષમાં બ્રહ્મચર્ય પાલનની પ્રતિજ્ઞા લીધી છે...! આમ આપણને અનાયાસે સંપૂર્ણ બ્રહ્મચર્યના પાલનની તક મળી છે. આ આપણી પરીક્ષા છે...તારો મને સાથ મળ્યો છે એ કેટલા આનંદનો વિષય છે ?"

વિજ્યા પણ આનંદમાં ગરકાવ થઈને ઊભી રહી. થોડીવાર પછી તેને ખ્યાલ આવ્યો કે લગ્ન તરીકે તેની જવાબદારી પતિને મદદ આપવાની છે. પોતે બ્રહ્મચર્યનું પાલન કરે તેમાં કોઈ વાંધો ન હોઈ શકે પણ પોતાના ભોગે શા માટે પતિને નિર્વંશ રહેવા દેવો ?

તેણે કહ્યું : "પ્રાણનાથ ! આપને આપના વ્રત પાલનમાં હું જરાયે બાધક નહીં બનું; તે છતાંયે મને એમ લાગે છે કે મારા કારણે તમારે નિર્વંશ ન રહેવું જોઈએ...આપ ખુશીથી આ વાત માતા–પિતાને કહીને બીજી યોગ્ય કન્યા સાથે લગ્ન કરો અને બધાને શાંતિ આપો ! હું તમને વિશ્વાસ આપું છું કે હું મારી સખી અને તમને કદી અવરોધક બનીશ નહીં, તેમ જ તમારી બન્નેની સેવા કરીશ !"

વિજ્યકુમારે તેની નજરોમાં નજર નાખી ! એ નજરોમાં અજબ પ્રકારનો ભાવ હતો.

તેણે કહ્યું : "દેવી ! જો સ્ત્રી થઈને તું આટલી દૃઢ રહી શકે તો પછી પુરુષ થઈને મારે તો વધુ દૃઢ થવું જોઈએ ! આપણું દાંપત્ય જ ખરેખરું દાંપત્ય છે, જ્યાં આપણે એક બીજાના જીવનમાં ખરેખર પૂરક થઈને રહી શકીએ છીએ...કદાચ બીજાં લગ્ન કરું તો તારા જેવી પત્ની ક્યાંથી મળે ? પુત્ર થાય તો પણ એ સુપુત્ર થશે કે કુપુત્ર થશે તેની કોને ખબર છે...આ જગતમાં કોણ કોનું થઈને રહ્યું છે...? સંસાર તો કર્મચક્રનું પ્રતિબિંબ છે. અનાયાસે આપણને તક મળી છે તો આપણે સંસારસાગર પાર કરીએ...!"

"દેવ ! કોઈને ખબર તો પડશે જ !"

"આપણે કોઈને પણ આપણી પ્રતિજ્ઞાની જાણ નહીં કરીએ...આપણી પરીક્ષા આપણે બન્ને જ કરીશું !"

—અને બ્રહ્મચર્યની એથી મોટી કસોટી કઈ હોઈ શકે કે સતત એક બીજાના સાહચર્યમાં રહેવા છતાં યુવાન સ્ત્રી-પુરુષનું મન વાસના તરફ ન ઢળે !

વિજ્યકુમાર અને વિજ્યાના વ્રત પાલનમાં કેટલીયે બાધાઓ આવી...મા-બાપે વિજ્યકુમારને બીજાં લગ્ન કરવા માટે સમજાવ્યાં પણ વિજ્યકુમાર એકનો બે ન થયો. વિજ્યાને વાંઝણીનું લાંછન લાગ્યું...પણ તેનું મન ન ચળ્યું. કેટલીયે પરીક્ષાઓમાંથી બન્ને પસાર થયાં...

—આમ વાર્તા કહીને વિમળ મુનિએ કહ્યું : "એ દંપતી એ જ સાચું તીર્થ છે...ચોરાશી હજાર મુનિવરનાં દર્શન અને માસક્ષમણના પારણાનું પુણ્ય એમનાં દર્શનમાં છે...!"

[૪]

કોશાંબી નગરીમાં જ્યારે આ વાત ફેલાઈ ગઈ ત્યારે લોકોનાં ટોળેટોળાં દંપતીના દર્શને આવવા લાગ્યાં. વિજ્યકુમારનાં મા બાપને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેમણે પુત્ર અને પુત્રવધૂની માફી માંગતાં કહ્યું : "અજાણમાં અમારો જે અપરાધ થયો હોય તો માફી માંગીએ છીએ !"

"ના, એક રીતે આપ અમારા ઉપકારક છો. આપની પરીક્ષાના કારણે અમને વધારે દૃઢતા મળી હતી." બન્નેએ કહ્યું.

—વિજ્ય-વિજ્યાની પ્રતિજ્ઞાનો ઉત્તરાર્ધ હતો કે જ્યારે લોકોને આ વાતની જાણ થાય ત્યારે સંયમ અંગીકાર કરવો...!

જ્યારે તેમણે સંયમ અંગીકાર કર્યો ત્યારે હજારો કંઠે ઘોષ થયો અને તે આકાશમાં છવાઈ ગયા : "ધન્ય દંપતી...ધન્ય જીવન...ધન્ય તીર્થ !"

એ સાંભળવા માટે સ્વર્ગના દેવતાઓ પણ અંતરિક્ષમાં ઊભા હતા.

卐

આપની જ

મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

ચક્રવર્તી સન્સ એન્ડ કું.

: રજીસ્ટર્ડ ઓફીસ :

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા
અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી
પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ	મીલ નં. ૨ બેલઘરીઆ
(પૂર્વ પાકિસ્તાન)	(કલકત્તા)

જલપૂજાનું ફળ

શ્રી. નવીનચંદ્ર અ. દોશી

જિનભક્તિ ભરી નિજ અંતરમાં,
વહી લાવે ઘડો–જલ મંદિરમાં,
તેનું દાસ્ય પ્રભુમય ઉજ્જવલ છે;
એનું ભાગ્ય મનોરમ નિર્મલ છે.

જંબૂદ્વીપમાં દક્ષિણ ભાગમાં, ભારત નામે દેશમાં દેવોની નગરી જેવી મનોહર બ્રહ્મપુરી નામે નગરી હતી. ત્યાં સોમિલ નામે બ્રાહ્મણ રહેતો હતો. તે વેદો, ઉપવેદો અને વેદાંગોનાં ચૌદ શાસ્ત્રોમાં પારંગત હતો. તે રાજમાન્ય પુરોહિત હતો. તેને યજ્ઞમુખ નામે પુત્ર હતો. સોમા નામે બ્રાહ્મણી, તેની માતા બ્રાહ્મણની પ્રીતિપૂર્ણ એવી ગૃહિણી હતી. સોમલક્ષ્મી નામે સરલ-હૃદયા અને વિનીત એવી તે બ્રાહ્મણની પુત્રવધૂ હતી.

વખત જતાં તે બ્રાહ્મણ સોમિલ એકદા ઘેર આવ્યો કે તરત તેને માથામાં વેદના જણાવા લાગી. વેદનાની ચિકિત્સા કરવા માટે અનેક જાતના ઉપાયો કર્યા પણ વેદના તો તેવી ને તેવી ચાલુ રહી. વૈદોએ આ રોગ અસાધ્ય છે તેવું જાહેર કર્યું. એકાદ વર્ષ શિરો-વેદનાનું કષ્ટ વેઠવાથી સોમિલનું શરીર બહુ ક્ષીણ થઈ ગયું. તેણે પત્નીને અને પુત્ર તેમ જ પુત્રવધૂને પાસે બોલા-વીને કહ્યું, 'હું પરલોકગમન કરું છું. તમે આપણો કુલાચાર સાચવીને ઉજ્જવલ જીવનનો માર્ગ ચાલુ રાખશો એવી મારી શિખામણ છે.' બ્રાહ્મણનો સ્વર્ગવાસ થયો.

યજ્ઞમુખ બ્રાહ્મણે પિતાની ઉત્તરક્રિયા કરવા માંડી. બારમે દિવસે સાસુ સોમાએ પોતાની પુત્રવધૂને પ્રેમથી કહ્યું, 'બેટા સોમલક્ષ્મી, દ્વાદશીના દાન નિમિત્તે તમારા સસરાની ઉત્તર-ક્રિયા માટે પવિત્ર શરીરે જલ ભરી લાવો.'

સાસુના કહેવાથી સોમલક્ષ્મી ચોખ્ખાં વસ્ત્રો પહેરી ઘડો લઈ ને જળ ભરવાને નીકળી. જળનો ઘડો ભરીને પાછા ફરતાં તે એક જિનાલય પાસેથી જતી હતી ત્યાં તેના કાન પર એક મુનિમહારાજના ઉપદેશના શબ્દો પડ્યા, 'જે નરનારી ઉત્તમ જલથી ભરેલ ઘડો વીતરાગ પ્રભુનાં ચરણમાં લઈ આવે છે તે પોતાની ભક્તિના પ્રભાવે, ઉત્કૃષ્ટ પુણ્ય બાંધીને મનોહર ભોગસુખના અધિકારી થાય છે અને અંતમાં અવશ્ય જન્મમરણનાં ચક્રથી છૂટે છે.'

સંસ્કારી બ્રાહ્મણી સોમલક્ષ્મીના હૃદયમાં ચમકારો થયો. તેને મુનિવચન પર વિશ્વાસ બેઠો. તેણે પોતાની પાસેનો જલથી ભરેલ ઘડો જિનમંદિરમાં આપી દીધો. તેની કેટલીક સખીઓને આ વાત બિલકુલ ગમી નહિ. તેમણે જઈ ને તેની સાસુ સોમાને તરત જ આ વાત જણાવી દીધી. સોમાને પણ વાત સાંભળીને ક્રોધ ચઢ્યો. તે બોલી: 'જ્યારે તેણે જલનો ઘડો જિનને ધરાવ્યો તો પોતાનું માથું શા માટે ન ધરાવ્યું?" વળી તે રોષમાં બબડવા લાગી: 'એ દુષ્ટાને મારા ઘરમાં હવે પેસવા નહિ દઉં.' આમ ચિંતવી લાકડી લઈ તે ઘરનાં બારણા પાસે ઊભી રહી.

સોમલક્ષ્મી ત્યાં આવી અને ઘરમાં દાખલ થવા જતી હતી ત્યાં સોમાએ પોતાનો ક્રોધ ઠાલવ્યો, 'હે મૂર્ખી, અદ્યાપિ પિતૃઓનું તર્પણ કર્યું નથી, અગ્નિને આહુતિ આપી નથી અને વિપ્રોને કંઈ દાન દીધું નથી તે પૂર્વે તેં જળનો ઘડો જિનમંદિરમાં કેમ આપી દીધો? હે ઉદ્ધત, ઘડા વિના તને મારા ગૃહમાં પ્રવેશ નહિ મળે.'

આ સાંભળીને સોમલક્ષ્મી તરત જ ગામના કુંભારના નિવાસસ્થાને ગઈ. તેણે રોતાંરોતાં વિનંતિ કરી, 'ભાઈ મારું આ કંકણ લઈ ને મને એક અખંડ ઘડો આપ.' કુંભારે તેને રડતી જોઈ ને હકીકત પૂછી. વૃત્તાંત જાણીને તેણે કહ્યું, 'બહેન, તને ધન્ય છે. આ મનુષ્યજીવનમાં ભક્તિ જેવો મહામૂલો કોઈ પદાર્થ નથી. તું તારે માટે કોઈપણ ઘડો લઈ લે. બહેનનું કંકણ ભાઈ લઈ શકે નહિ. તું સુખેથી જલપૂર્ણ ઘટ લઈ જા અને તારી સાસુનો ક્રોધ શાંત કર.'

♤ ♤ ♤

સોમલક્ષ્મી પાણી ભરીને ઘડો ઘેર લઈ ગઈ. સોમાનો ક્રોધ શાંત થયો. તેણે પોતે ક્રોધ યાદ કરી પશ્ચાત્તાપ પણ કર્યો પણ ભક્તિદ્વેષને કારણે એક ભવમાં અનુભવવાનું પાપકર્મ તેને માટે બાકી રહી ગયું.

♤ ♤ ♤

કુંભકારનો જીવ ભગવાનની પૂજાની અનુમોદના કરવાને કારણે ઊંચા પ્રકારનું પુણ્ય ઉપાર્જીને મહાબલ નામનો રાજા થયો, સોમલક્ષ્મી તેને જ ઘેર કલ્યાણી નામે પુત્રી થઈ. રાણી વિજયાને સીમંતકાળમાં જિન-ભગવાનની સ્નાત્રપૂજા કરવાનો દોહદ થયો. સોનાના કળશ ભરીને, અષ્ટાહ્નિકા મહોત્સવ ઊજવીને જિન-ભક્તિની મોટી ઉજવણી કરી હંમેશ અત્યંત ભક્તિપૂર્વક સ્નાત્રપૂજા કરવામાં આવી. આવા કલ્યાણમય દોહદને કારણે પુત્રીનું નામ કલ્યાણી પાડવામાં આવ્યું. રાજાની નગરી અયોધ્યામાં આનંદ આનંદ છવાઈ ગયો.

એક દિવસે અયોધ્યા નગરની બહારના ઉપવનમાં આચાર્ય વિજયસેનસૂરિ અનેક શિષ્યોના સમુદાય સાથે પધાર્યા. નગરજનોની અવરજવર દરરોજ ઉદ્યા-નમાં થવા લાગી. વિજયસેનસૂરિ યોગમાર્ગની બહુ ઊંચી ભૂમિકાએ હતા. તેઓ અવધિજ્ઞાન અને મનઃ પર્યાય જ્ઞાન ધરાવતા હતા. લોકો મુનિની અમૃતવાણી સાંભળીને પોતાના જીવનવ્યવહારને ધન્ય બનાવતા હતા.

કેટલાક લોકો આચાર્યનો ઉપદેશ સાંભળી જુગાર, માંસ, મદ્ય, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રીછંદ, વગેરે વ્યસનોનો ત્યાગ કરતા હતા. કેટલાક જિન-પૂજનનો નિયમ ધારણ કરીને મિથ્યાત્વનો ત્યાગ કરવાનો અભ્યાસ કરતા હતા. કેટલાક ગૃહસ્થોનાં બાર વ્રતો અંગીકાર કરતા હતા. કેટલાક અભક્ષ્ય ત્યાગ, સામાયિક, રાત્રિભોજન ત્યાગ, સચિત્ત ત્યાગ, ઉદ્દિષ્ટ ત્યાગ, અનુમોદન ત્યાગ, વગેરે ગૃહસ્થોની પ્રતિમાઓ (ઉત્કૃષ્ટ ભૂમિકાઓ) આરાધવાનો સંકલ્પ સ્વીકારતા હતા. કેટલાક હળુકર્મી જીવો ગૃહસ્થવાસનો ત્યાગ કરી મુનિધર્મ અંગીકાર કરતા હતા. આમ અનેક ભવ્યોની વચ્ચે સૂર્યસમાન આચાર્ય કલ્યાણનો પ્રકાશ પાથરતા હતા. નગરી અયોધ્યા આજે પોતાને ધન્ય સમજી રહી હતી.

એક દિવસ રાજા મહાબલને પણ આચાર્યના દર્શને જવાના અભિલાષ થયા. તેણે પોતાના પરિચારકોને સજ્જ થવા માટે હુકમ આપ્યો. પટરાણી વિજયા અને રાજકુમારી કલ્યાણી પણ મુનિના દર્શન માટે ઉત્સુક હતાં, તેઓ રાજાના આ વિચારથી અત્યંત પ્રસન્ન થયાં.

રાજા મહાબલ પોતાની પુત્રી કલ્યાણી સાથે આચાર્ય વિજયસેનના દર્શને આવ્યા. સભા ખીચોખીચ ભરાયેલી હતી. ત્યાં એક મલિન અને ચીંથરેહાલ વસ્ત્રોવાળી ભિખારણ મુનિના ચરણોમાં નમી. તેના માથા પર એક ઘડા જેવડી મોટી રસોળી નીકળી હતી. તેણે મુનિને પ્રસ્તાવ મળતાં પૂછ્યું, ' પ્રભો, મેં પૂર્વે શું પાપ કર્યું છે, જેથી હું આ પ્રમાણે રોગી અને દરિદ્રી, મલિન અને તિરસ્કારપાત્ર જીવન ગાળું છું ? "

મુનિએ કહ્યું, ' પૂર્વજન્મમાં તું સોમા નામે બ્રાહ્મણી હતી. તારી પુત્રવધૂએ ભક્તિપૂર્વક શ્રાદ્ધ માટેનો જળકુંભ જિનમંદિરમાં આપી દીધો તે બાબત તેં ક્રોધ કર્યો. આથી ભક્તિનો દ્વેષ કરવાને કારણે તારે આવું ભારે દુઃખ અનુભવવું પડે છે. તેં પછી પશ્ચાત્તાપ કરેલો પણ એક જન્મ સુધી ભોગવવું પડે એવું કર્મ તેં ઉપાર્જ્યું. ' ભિખારણ ઊંડા વિચારમાં પડી ગઈ. તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે મુનિને કહ્યું: 'આપના પસાયે હું પૂર્વજન્મ યાદ કરી શકી છું. મારી પુત્રવધૂ સોમલક્ષ્મી હાલ ક્યાં છે તે મને જણાવશો તો કૃપા થશે. '

મુનિએ કહ્યું: 'તારી પાસે જ બેઠેલ મહારાજા મહાબલ છે તે નવો ઘડો આપનાર કુંભકારનો જીવ છે. તેમની પાસે જ બેઠેલી તેમની પુત્રી કલ્યાણી તે જ તારી પૂત્રવધૂ સોમલક્ષ્મી. '

તરત જ ભિખારણે કલ્યાણી પાસે આવીને પૂર્વ-જન્મના અપરાધ સંબંધે ક્ષમા માગી. કલ્યાણીએ તેના માથા પર હાથ મૂક્યો. તેનો તે માંસપિંડ કરમાવા લાગ્યો અને આ પછી તે અનુક્રમે ખરી પણ ગયો. ભિખારણને કલ્યાણીએ ખૂબ આશ્વાસન આપ્યું અને પિતાને વિનવી તેની આજીવિકા નક્કી કરાવી આપી. રાજા, રાજકુમારી અને ભિખારણે ઉપાસકનાં વ્રતો મુનિ પાસેથી સ્વીકાર્યાં અને જિનપૂજનનો નિયમ લીધો. અનુ-ક્રમે અલ્પ ભવો પછી તેઓ ત્રણે ભક્તિના પ્રભાવે મોક્ષ પદનાં અધિકારી થશે.

(વિજયચંદ કેવળીના રાસમાંથી)

卐

भगवान महावीर और उनका उपदेश

आचार्य श्रीमद् विजययतीन्द्रसूरीश्वरजी महाराज

आपत्ति से त्रसित मानव ही नहीं प्राणि मात्र का मानस क्रन्दित हो उठा। चारों ओर बलि और बलि, 'अग्नये स्वाहा' का महामंत्र व्याप्त हो चूका, जीव का जीवित आनन्द तमसावृत हो चूका। अंधकार से घिरा संसार यथेष्ट मार्ग से च्युत होने लगा। जातिवाद और वर्णवाद के भूतने विस्तृत मस्तिष्क को संकुचित होने को बाध्य कर दिया। चारों ओर से करुण चित्कार हो उठी।

एक दिव्य ज्योति जग उठी, मार्ग प्रशस्त कर दिया-क्रंदित प्राणि मात्र को शान्ति प्राप्त करने के लिये, जीवन आनन्द पर छाये गहरे तमसावृत को हटाने के लिये-उन्मार्ग से सन्मार्ग की सुखद सीडी पर समारूढ करने के लिये, जातिवाद के भूत को भगा कर संतुलन खोये मस्तिष्क को विकस्वर करने के लिये।

आज २५०० वर्ष पूर्व भारतीय पुण्य वसुंधरा पर क्षमामूर्ति–करुणावतार भगवान महावीरने तिमिराच्छन्न कल्याण पथ को पुनः आलोकित किया। विश्व के प्राणि मात्र के नाम सन्देश प्रसारित किया।

जीवन जो तुम दे न सको तो लेने का अधिकार नहीं।

तुमकों जिन्दा रहना है तो प्राणि मात्र को जिन्दा रख कर ही, ऐसा नहीं कि तुम्हारे स्वार्थ के लिये दूसरों को दर-दर के बना दो। पेट भरने का सभी को अधिकार है, पेटी भरने का नहीं। यदि ऐसा किया तो अनधिकार कहलायगा और उसका परिणाम भी तुम्हें ही भुगतना पडेगा। जिन्दगी प्राणिमात्र को प्रिय है और मृत्यु अप्रिय। 'जीवो जीवस्य जीवनम्' के गगनभेदी निनाद से गूंजित कर दिया था विश्व को प्रभुश्री महावीरने।

आज इतनी लम्बी अवधि के पश्चात भी प्रभु महावीर का संदेश वर्तमान समय की समस्यांओंको सुलझाने के लिये उतना ही श्रेयस्कर सिद्ध होगा जितना कि उस समय था।

आज शक्तिशाली राष्ट्र निर्बल को दबा कर अपने अधिनत्व में करना चाहता है। अपनी प्रभुसत्ता की एक से एक बढ कर संसार संहारक शस्त्रों का आविष्कार कर रहे हैं। आशा तृष्णा की ज्वाला को शान्त करने के लिये बलवान कमजोरों पर अपना अधिकार जमा रहे हैं। स्वार्थ की क्षुद्र भावना को ले कर अपने मूल्यवान समय को व्यर्थ में व्यतीत कर रहे हैं।

यह उन के ध्यान में अभी तक नहीं आया है कि जो कुछ भी प्राप्त करना है, तलवार से नहीं मुस्कान से प्राप्त करो। ऐसी शक्ति उत्पन्न कर दो कि जनता तुम्हारे चरणों में सर्वस्व ला कर समर्पित कर दे। अनिच्छा से कई निरपराधि प्राणियों की आत्मा को कष्ट–क्लेश पहुंचा कर प्राप्त किया, वास्तव में पाया नहीं गंवाया है। क्योंकि मानवता परिचायक सर्वोपरी सिद्धान्त का हनन कर के पाया है।

आज इस बात के लिये प्रत्येक व्यक्ति को सोचना है, समझना है, और समझ कर के उसी का अनुपालन करना है कि अपना हित किस प्रकार के आचरणों में निहित है, और किस के अनुपालन से अपनी यथेष्ठ साधना सरलता से सम्पन्न की जा सकती है।

भगवान महावीर कह गये मानव ही नहीं अपितु प्राणिमात्र के हित को लक्ष्य कर के कि जिन्दे रहो जिन्दे रख कर के। सुखी बनो सुखी बना के, पेटभर प्राप्त करो परन्तु दूसरों के जीवन बाग को शुष्क बना कर के नहीं, हाथ में क्षमा का खड्ग हरदम रख कर चलो।

भगवान कह गये परन्तु विद्यमान काल में भी विश्व की समस्याओं को सुलझा ने के लिये भगवान का दिया हुआ यह शान्ति शस्त्र है। यह शान्ति शस्त्र समस्याओं की गुत्थियों को सुलझाने के लिये निश्चित रूप से पर्याप्त है।

卐

दीप जलें....

मुनि जयन्तविजय, मधुकर

सद्ज्ञान के घर घर दीप जलें,
भूले राही राह चलें, सद्ज्ञान के०

टकराते मानव से मानव
क्रूत्य हैं करते जैसे दानव,
कैसे हो शान्तिमय जीवन
कैसे दुःख व द्वन्द टलें, सद्ज्ञान के०

भौतिकज्ञान है बढता जाये
आध्यात्मिक नहीं को अपनाये
मैत्रीयभाव कभी नहीं आये
जिस से सारे दुःख गल, सद्ज्ञान के०

आज हवा पश्चिम की जाती
पूर्व जगत के दिल बहलाती
सोचें तो वह दिल दहलाती
देश धर्म का प्रेम बढे, सद्ज्ञान के०

नेता होंगे आज के बालक
देश समाज की नैया चालक
सोच समज लो इन के पालक
इन को सच्चा ज्ञान मिले, सद्ज्ञान के०

सुशिक्षा की हो फुलवारी
उस की फैले सुगंध प्यारी
पुष्प उसी के हों मनहारी
मधुकर मन की चाह फले०

SCENES FROM THE LIFE OF MAHÂVÎRA, KUMBHÂRIA



Photo : Copyright : Author]

Fig. 3

JAINA STORIES IN STONE AT ABU AND KUMBHARIA *

Dr. Umakant P. Shah, M.A., Ph.D.

The temples at Kumbhāriā contain scenes from the lives of other Tīrthankaras like Mahāvīra and Pārśvanātha. The ceiling slab containing scenes from the life of Mahāvīra is a big rectangular slab, fairly well-preserved, and divided into several sections. Fig. 1 representing a part of two long panels shows, from right to left, the Nativity of Mahāvīra. The Queen Mother Triśalā is shown lying on a cot, with the newly born Mahāvīra on her side, and attended upon by two females. The standing goat-faced figure represents Hariṇegamishin, the commander of Indra, who is associated with child-birth. Really speaking he should not figure in this scene, because his job of transferring the foetus of Mahāvīra from the womb of Devānandā to that of Triśalā was accomplished sometime before the birth of Mahāvīra. Each scene in this relief bears a label inscribed below it in Devanāgarī characters of the age. Here the goat-faced god is called "*Haraṇagavesa Indra*".

To the right of this scene is a square

* Continued from Jaina Yuga, Sept. 1959, and November, 1959.

maṇḍapa with a canopy above, representing the royal throne, on which sit King Siddhārtha and his Queen Śrī Triśalā-devī. In front of them are shown, sitting in a row the royal infantry soldiers, labelled as *padātivarga*

The lower panel in Fig. 1 is equally interesting. Beginning from the right, the first two scenes represent the sufferings of Mahāvīra during the period in which he practised rigorous austerities before obtaining Kevalajñāna. Technically known as *upasargas,* these sufferings are calamities or hardships brought on the great sage by human beings or semi-divine beings and the saint remains steadfast and unruffled in meditation inspite of such obstructions to meditation such as fitting nails into the ears of Mahāvīra, the approach of a deadly poisonous snake and so on.

The next section in the same lower panel represents Chandanabālā and Dhanabhūti, Chandanabālā sitting in an apartment and Chandanabālā giving alms to Mahāvīra. Chandanabālā turned



UNIDENTIFIED SCENES FROM CEILING IN CORRIDOR
OF TEMPLE BUILT BY TEJAPĀLA, ABU

Copyright : Archaeological Survey of India]

out as one of the most famous female ascetics of the order of Mahāvīra.

Stylistically, the scenes are closely related to the miniature paintings in Jaina manuscripts of c. 13th century A. D. The long pointed noses, the squarish faces, etc. are especially noteworthy.

Fig. 2 represents two panels below the above panel, is only a part of the long relief slab depicting scenes from the life of Mahāvīra. Here are represented scenes of sufferings in different hells, the births as gods in different *vimānas*, and so on.

Fig. 3 represents further sections to the right of above figures 1 and 2 in the same relief slab. In the upper panel is Queen Triśalā sleeping on a cot and seeing the fourteen dreams, represented in a row in front, i. e. to her left in this panel. These dreams include figures of the elephant, the lion, the bull, the Śrī-devī, the Sun and the Moon, the fire, the ocean, and so on as described in the Kalpasūtra and other works dealing with lives of Tīrthankaras. The lower panels show Mahāvīra turning a monk by plucking off his hair, handing over the Devadūṣya cloth to a Brahmin, and further scenes of *upasargas* that he bravely faced and patiently endured.

Fig. 4 from the ceiling in front of cell 9 in the temple (Lūṇavasahī) built by Tejapāla at Abu is a beautiful specimen of a Jātaka relief slab which encompasses a large number of human and animal figures in small panels. The central circular portion represents the Samavasaraṇa of Neminātha with three circular fortifications (gaḍhas). On one side of the Samavasaraṇa are standing monks in a long row, on the other are sitting ladies with folded hands. On the right ends of the two central panels is shown a river with aquatic animals and ships. This may also be a part of the ocean near Dvārikā, also represented in the right end of the two lower panels. The warriors, dancers, drummers etc. in these two lowermost panels represent a procession in which Krishṇa possibly goes to pay his regards to Neminātha in the Samavasaraṇa. In the two uppermost panels at one end is the Mount Girnār with its Jaina shrines.

Fig. 5 is from a ceiling in front of the Cell 14 in the Lūṇavasahī, Abu. The story represented in these eight panels cannot be identified, in the lower two panels are possibly represented scenes from the life of a Chakravartin or World Conquerer, the third panel from below shows in the centre the goddess Lakṣmī, an elephant and a mythical horse, an auspicious garland, a vimāna, etc., which are amongst auspicious objects included in the Jaina lists of dreams. The stylised representation of trees, the beautiful miniature figures of dancers and musicians, the prancing horses, the fighting animals, the warriors in procession are some of the noteworthy features of this relief-slab.





'Diamond'

PURE GOLD BARS

OF

MANILAL CHIMANLAL & CO.

AVAILABLE IN 5, 1, 1/2 & 1/4 TOLA

WE BUY OLD GOLD AND SILVER ORNAMENTS AND OTHER ARTICLES.

MANILAL CHIMANLAL & CO.

188, SHROFF BAZAR, BOMBAY 2

PHONE: 20898

GRAM: "KAKALJI"

સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

NATIONAL REFINERY NR BOMBAY

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન એસોસિએશન લિ. મુંબઈ ૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લેબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ ન. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
એન્ડ એસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. તાર : ARGOR

THE BANK OF JAIPUR LIMITED

(Incorporated in Jaipur, Liability of Members Limited)

CAPITAL

Issued & Subscribed Capital	...	**Rs. 1,00,00,000**
Paid up Capital	... ...	**Rs. 50,00,000**
Reserve & other Funds	... ...	**Rs 25,00,000**

: Chairman :

Shri G. D. Somani, M. P.

: LIST OF BRANCHES :

Agra
Ahmedabad
Alwar
Bombay
1 Dadabhoy N. Road
2 Kazi Sayed St. Mandvi
3 Kalbadevi Road
4 Dana Bunder
Bangalore
Bharatpur
Bareilly
Bhilwara
Bisalpur
Beawar
Bikaner
Calcutta
Coimbatore
Dausa
Delhi
Fatehpur
Gangapur
Hindaun
Indore
Jaipur
1 Mansing Highway
2 Chand Pole
3 Jauhari Bazar
4 Secretariat
Jhunjhunu
Jodhpur
Jamnagar
Kotah
Kishangarh
Madras
Nawalgarh
Rajkot
Ratlam
Sawaimadhapur
Sikar
Surajgarh
Tirupur
Udaipur

H. K. Kothari
Agent
BOMBAY

S. L. Kothari
B. A., B. Com. (Lond.)
A. C. A. (England)
General Manager

आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी वाडी, गिरगांव, मुंबईमां श्री माणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथी प्रकट कर्युं.